॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# અક્ષરાનંદ સ્વામીની વાતો



સ્વામિનારાયણ સંપ્રદાયનું
સર્વોચ્ચ તીર્થ વડતાલ ધામ

વૃત્તપુર મહીમા કહ્યો ન જાય, કદિ મુખ શેષ સહસ્ત્ર કલ્પ ગાય;
વૃષસુતતણી મુખ્ય ગાદી જ્યાં છે, ત્રિભુવન તત્ત્વ અનેક તીર્થ ત્યાં છે.

- હરિ. ક. ૧, વિ. ૧૩

સુતા બેસતા સર્વે કાળ, વહાલો સંભારે છે વરતાલ,
જેમ ઘરને સંભારે પ્રવાસી, એમ વરતાલ ને અવિનાશી.

- ભક્ત ચિંતામણી

# સ.ગુ.બ્ર.શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**શ્રી હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ પ્રસંગે પ્રકાશિત**

# સ.ગુ.બ્ર.શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો

દક્ષિણ વિભાગ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીના સનાતન ધર્મ માર્તણ્ડ

**પ. પૂ. ધ. ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ની

આજ્ઞાથી

**॥ પ્રસિદ્ધ કર્તા ॥**

વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

**મુખ્ય કોઠારીશ્રી શા. સ્વા. શ્રી ધર્મપ્રિયદાસ (બાપુ સ્વામી)**

ગુ. સ. ગુ. પુ. સ્વામી શ્રી ધર્મસ્વરૂપદાસજી

સંસ્થાન-વડતાલ

**પ્રકાશક તથા સર્વ હક્ક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન-વડતાલ.

મુ.પો.વડતાલ. તા. નડીયાદ,

જી. ખેડા પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)

**પ્રકાશન તિથી :** સં. ૨૦૬૩, કારતક સુદ-૯ તા.૩૧-૧૦-૦૬

શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન-વડતાલ તથા
શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ - રાજકોટ આયોજીત
શ્રી હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ ઉપક્રમે

**આવૃત્તિ** : તૃતીય

**પ્રત** : ૩૦૦૦

**પડતર કિંમત** : રૂા. ૭૦ /-

**સૌજન્યને આભારી વેચાણ કિંમત** : રૂા. ૫૬ /-

**પ્રાપ્તિ સ્થાન :** શ્રી સ્વામિનારાયણ મંદિર
વડતાલ-૩૮૭૩૭૫.
તા. નડીયાદ, જી. ખેડા. (ગુજરાત)
ફોન : ૦૨૬૮ - ૨૫૮૯૭૨૮/૭૭૬

**મુદ્રક** : શ્રીજી આર્ટ, અમદાવાદ
ફોન : (૦૭૯)૩૨૯૨૮૨૯૯, ૯૮૭૯૬૦૬૬૮૬

# સમર્પણ

જેમણે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યસહિત, ભગવદભક્તિ કરી ઈન્દ્રિયોની અંતઃકરણની વૃત્તિઓને પરમાત્માના સ્વરૂપમાં રાખી મુમુક્ષુ નિર્વાસનિક થઈ માયાના બંધનોથી મુક્તિ પામી બ્રહ્મરૂપ થઈ પરમાત્માની સેવા પ્રાપ્ત કરી છે. તેવા સત્ય આદર્શ અને સિધ્ધાંતને પોતાના જીવનમાં ચરિતાર્થ કરી ભગવાનશ્રી સ્વામિનારરાયણના પ્રત્યક્ષ દર્શન કૃપા અને પ્રેરણા પ્રાપ્ત કરી છે તેવા **શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સિધ્ધ યોગી સમાન સ.ગુ.બ્રહ્મચારી સ્વામી માયાતીતાનંદજી હતા.**

જેમનો જન્મ વિ.સં.૧૯૩૨ના માગશર સુદી નોમ ગુરૂવાર નારોજ ધોલેરા પાસેના આંબલી ગામમાં થયો હતો. બ્રહ્મચારી થવા માટે બબ્બે ત્રણ ત્રણ વખત ધોલેરા જઈ રહ્યા હતા. વિ.સં.૧૯૪૪ ની સાલમાં પાર્ષદ તરીકે રહી વડતાલના પ્રતાપી આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ પાસેથી વિ.સં.૧૯૪૫ થી સાલમાં બ્રહ્મચારીની દિક્ષા ગ્રહણ કરી ત્યાગી થઈ સ.ગુ.બ્રહ્મચારી પતિતપાવનાનંદજી સાથે રહી શાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું. ગુરૂ અક્ષરધામ ગયા બાદ મોટા ગુરૂભાઈ બ્ર.લોકનાથાનંદજી પાસે ઝાઝુ કરીને રહ્યા.

સ.ગુ.બ્ર.માયાતીતાનંદજી ૧૨ ઉંમરની વર્ષે દીક્ષા લઈ ધોલેરામાં મદનમોહનજી મહારાજની સેવામાં રહેલા. એક દિવસ મંડળના બ્રહ્માચારીએ ઠાકોરજીને ગરમ ગરમ રસોઈનો થાળ ધર્યો. બ્ર.માયાતીતાનંદ સ્વામી બરાબર એ જ વખતે દર્શન કરવા ગયા. મદનમોહનજી મહારાજે દર્શન દઈ બ્રહ્મચારીને કહ્યું જો, ‘‘માયાતીત મારી આ જીભ દાઝી ગઈ છે. મારૂં મો દાઝી ગયું છે.’’ ત્યારથી બ્રહ્મચારી માયાતીતાનંદજીએ ઠાકોરજીના થાળની સેવા પોતે માથે લઈ પ્રીતિપૂર્વક થાળ પોતે કરીને જમાડતા. બીજા એક સમયે ઠાકોરજીએ ફરી વખત બ્ર.માયાતીતાનંદજીને દર્શન દઈને કહ્યું કે, ‘‘અમારી પૂજા કરતા બ્રહ્મચારી અમને વાઘા બહુ ફીટ પહેરાવે છે, પેટે કાપા પડી જાય છે, ખવાતું પણ નથી.’’ આ સાંભળી બ્ર.માયાતીતાનંદજી સ્વામી એ શણગાર ધરાવવાની સેવા પણ માથે લીધી. આવા હતા શ્રીજી મહારાજ સાથે બાલ્યકાળથી જ સાક્ષાત્કાર જેને વર્તતો તે બ્ર.માયાતીતાનંદજી સ્વામી.

ત્યાગી પંચવર્તમાન યુકત શ્રીજીમહારાજ ની સર્વોપરિ નિષ્ઠાવાળા ધર્મપાલિતાનંદજીજીને જાણે સ્વયં શ્રીહરિએ ખંભાત માટે મૂળજી બ્રહ્મચારીને ફરીથી ધામમાં મોકલ્યા હોય એમ કયારેક લાગતું. બ્ર.માયાતીતાનંદ સ્વામી નો મહિમા બંને દેશના આચાર્યશ્રીઓ અને તમામ સંતો રાખતા.બ્ર.માયાતીતાનંદજીએ સત્સંગમાં આવ્યા બાદ સળંગ વીસ વર્ષ સુધી ધોલેરા મંદિરની સેવા કરેલી ત્યાર બાદ સં.૧૯૭૦માં સુરત, ૧૯૭૫ માં વડતાલ, ૧૯૭૭ થી ૧૯૭૮ ખંભાત, તથા ઉમરેઠ, ઈસણાવ, પીપળાવ, સુણાવ,

પાળજ પેટલાદ વિગેરે ગામોમાં રહી દેવસેવા કરી હતી. સં.૧૯૮૨ માં ધોલેરા માં શત્વાર્ષિક મહોત્સવ પણ બ્ર.માયાતીતાનંદ સ્વામીના તપ ઐશ્વર્ય ગુણોથી ધામધૂમથી ઉજવાયેલો. સં.૧૯૮૪ માં ખંભાત મંદિરનું શત્વાર્ષિક પાટોત્સવ પણ બંને દેશના આચાર્યશ્રી, મહારાજશ્રીઓને ખંભાત તેડાવી ભવ્ય રીતે ઉજવ્યો હતો.

સ.ગુ. બ્ર.માયાતીતાનંદ સ્વામી પ્રત્યે સંપ્રદાયના ધુરંધર વિદ્વાન સદ્‌ગુરૂ શા.સ્વા.કૃષ્ણવલ્લભાચાર્યજી ને અનન્ય ભાવ હતો. તેઓએ સ્વરચિત પ્રશંસાના સંસ્કૃત શ્લોકોથી બ્રહ્મચારીની પ્રશંસા પણ કરેલી. ગઢપૂરના શાસ્ત્રી નારાયણચરણદાસજી ગઢપૂરના શા.સ્વા.ગોવિંદસ્વરૂપદાસજી જેવા વિદ્વાન સંતોએ પણ બ્ર.સ્વા.માયાતીતાનંદજીના સ્તવનોની રચના કરી કૃત કૃત્યતા અનુભવેલી.

વલ્લભકુળના બ્રહ્મચારીઓમાં બ્ર.માયાતીતાનંદ સ્વામી એક મહાન સમર્થ બ્રહ્મચારી હતા. તેઓશ્રી જયારે ''શ્રીહરિલીલાકલ્પતરૂ'' ની કથા કરતા ત્યારે કોઈપણ ભાવિક ભક્તજનને એઓની રસાળ, ચોટદાર શૈલીથી ઉભુ થવાનું મન ન થતું. વિ.સં.૨૦૧૨ વૈશાખ વદી-બીજ ના રોજ સ.ગુ.બ્ર.સ્વા.શ્રીજી મહારાજની ઈચ્છાથી ભગવાન શ્રીહરિની સાથે અનંતમુક્તો ધામ લઈ પધાર્યા બાદ ખંભાતમાં અક્ષરનિવાસી થયા હતા.

જેમનું સમગ્ર જીવન પરમ એકાંતિક અને મહાનિષ્કામી વૈરાગ્યવંત પૂર્ણ થયું છે. તે મહાન સદ્‌ગુરૂ બ્ર.સ્વા.માયાતીતાનંદજીને આ ''**સ.ગુ.બ્ર.સ્વામી અક્ષરાનંદજીની વાતો**'' ''**શ્રીહરિકૃષ્ણ મહારાજ મહોત્સવ**'' કારતક સુદ-૮ થી કારતક સુદ-૧૫(પૂનમ) તા.૩૦-૧૦-૨૦૦૬ થી તા.૫-૧૧-૨૦૦૬ થી કાર્તકી સમૈયો પ્રસંગે બ્ર.સ્વા.માયાતીતાનંદજીએ ભગવાન શ્રીસ્વામિનારાયણ ની મૂળ સંપ્રદાયની વિચારધારાની અનન્ય પુષ્ટિ કરી દેવમંદિરોની મહાન સેવા કર્યા બદલ સાદર સમર્પિત કરીએ છીએ.

લિ.
શા.સ્વા.નૌતમપ્રકાશદાસ, ગુ.સ્વા.વાસુદેવચરણદાસજી
ચેરમેનશ્રી, મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ,
શ્રીસ્વામિનારાયણ મંદિર, વડતાલ
તા.નડીયાદ જી.ખેડા

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

सनातन धर्मधुरंधर आचार्यश्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री
श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी
संस्थान : वडताल - पीन : ३८७ ३७५

આચાર્ય જા. ર. નં. ૫૦/૨૦૬૨ ॥ શ્રી હરિ ॥ તા.: ૧૬ - ૯ - ૦૬

## આજ્ઞા પત્ર

પ્રતિશ્રી,
શા.નૌત્તમપ્રકાશદાસજી
ચેરમેનશ્રી, વડતાલ સંસ્થાન
તથા
શા.સ્વા.સંતવલ્લભદાસજી શ્રી સ્વા. ના. ગુરૂકુલ-કંડારી

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણદેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજના ચરણકમળ સમીપથી લી. શ્રીલક્ષ્મીનારાયણદેવ ગાદીના પિઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના શુભાશિર્વાદપૂર્વક જયશ્રી સ્વામિનારાયણ વાંચશો.

સર્વાવતારી ભગવાનશ્રી સ્વામિનારાયણ ૫૦૦ પરમહંસો સાથે અસંખ્ય મુમુક્ષુ જીવાત્માઓના આત્યંતિક કલ્યાણ કરવા માટે આ પૃથ્વી ઉપર પધાર્યા હતા, અને મોક્ષનો માર્ગ યાવત્ ચંદ્રદિવાકરૌ શરૂ કર્યો હતો. શ્રીજી મહારાજે પ્રવર્તાવેલા આ સત્‌સંપ્રદાયની મોક્ષપ્રદ પ્રણાલિકાઓ સુદ્રઢપણે દીર્ઘકાળ પર્યન્ત અસ્ખલિત રહે અને અનેક જીવોનું શ્રેય-પ્રેય થાય એવા ઉત્કટ ધ્યેયથી સદ્.બ્ર.શ્રી અક્ષરાનંદજી સ્વામીએ તળપદીભાષામાં શ્રીહરિની દિવ્ય લીલાઓ અને ઉપદેશનો પ્રવાહ વહાવ્યો હતો.

આપણા સંપ્રદાયના દરેક અનુયાયીઓને ઉપયોગી આ ગ્રન્થ; શ્રીસ્વામિનારાયણ ભગવાનના રજતદ્વિશતાબ્દિ અને ભક્તચિંતામણિ શતામૃત પ્રસંગે શ્રીસ્વામિનારાયણ મંદિર, વડતાલ તથા શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ-રાજકોટ દ્વારા આયોજીત **''શ્રી હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ''** (વિક્રમ સંવત ૨૦૬૩ ના કારતક સુદ-૮ થી કારતક સુદ-૧૫) પ્રસંગે મૂળ વડતાલ સંસ્થાન દ્વારા પ્રકાશિત થઈ રહ્યો છે. ત્યારે અમે અત્યધિક આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ **"સ. બ્ર. સ્વા. અક્ષરાનંદજીની વાતો"** પુસ્તિકામાં સમાવિષ્ટ દિવ્ય લીલાચરિત્રોનું વાંચન, મનન, નિદીધ્યાસથી ગઢપુરપતિ ગોપીનાથજી મહારાજનો સર્વજનો ઉપર રાજીપો થાય તથા આ ગ્રન્થને પુનઃ પ્રકાશિત તૈયાર કરવામાં સતત કાર્ય કરનાર યુવાન ઉત્સાહી વિદ્વાન શા.સંતવલ્લભદાસજી (કંડારી-ગુરૂકુલ) વિગેરે સહયોગી સંતો ભક્તો ને વડતાલવાસી ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણમહારાજ તથા શ્રી લક્ષ્મીનારાયણદેવનો રાજીપો મળે તેવી તેમના ચરણોમાં અમારી પ્રાર્થના છે. આપ સદૈવ સત્સંગની સેવામાં તત્પર રહી સાહિત્યની સેવા કરો તેવા શુભાશિર્વાદ છે.

આચાર્ય મહારાજશ્રી

श्री निलकण्ठ ! हरिकृष्ण ! हरे ! दयालो, स्वामिन् ! परात्परवराक्षर धामवासिन् ॥
हरिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥

# પ્રસ્તાવના

શ્રી સ્વામિનારાયણ સમ્પ્રદાયના ઈતિહાસમાં ઉપલબ્ધ વાર્તા સાહિત્યમાં **''સદ્‌ગુરૂ બ્રહ્મચારી સ્વા. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો ''** અત્યંત લોકપ્રિય બની છે. સત્સંગ સમાજના ત્યાગીગૃહી વર્ગના તમામ જનોને હૃદયને સ્પર્શી છે. કારણકે, આ પુસ્તક માત્ર વાર્તાઓનો સંગ્રહ નથી પણ માનવમાત્ર જીવનને સ્પર્શતી ઘણી બધી બાબતો સમજવા માટે ઉમદા માર્ગદર્શન પુરૂ પાડતું એક સુંદર આધ્યાત્મિક પુસ્તક છે.

આપણા જીવનને માનસિક તંદુરસ્તી કેવી રીતે આપી શકીએ અથવા વધારે સારી રીતે કેવી રીતે જીવી શકાય, એવી સૂક્ષ્મ બાબતોની સચોટ - સરળ અને સુંદર રજુઆત આ વાતોમાં થઈ છે.

સદ્‌ગુરૂ બ્ર. અક્ષરાનંદ સ્વામીની આ વાર્તાગ્રન્થનું શ્રેય તેમની વિદ્વત્તાને નહીં પણ માતૃવત્સલ પ્રેમાળ પ્રકૃતિને ફાળે જાય છે. પેટિયું રળતા સામાન્ય જનો અને રાજા મહારાજાઓ કે સત્તાધીશોના દબદબાની વચ્ચે સ.ગુ.બ્ર. અક્ષરાનંદ જયારે આસન જમાવીને બેસી જતા અને અસ્ખલિત વાગ્ પ્રવાહ વહાવતા ત્યારે સૌને એક આત્મીય સ્વજનની લાગણી ઉભરાઈ આવતી.

**ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજની** નિષ્ઠાભરી ખૂમારી આપવા, નૈતિક - સામાજીક તંદુરસ્તી કેળવવા માટે સ્વામીશ્રી સદેવ પ્રવચનામૃતની વર્ષા કરતા રહેતા. શ્રીહરિચરિત્રામૃતની સાથે સાથે પ્રેરણાપીયુષની વર્ષાથી ભીંજાયેલા આ સુરભિત સોનલ પૃષ્ઠોરૂપી છાબડીમાં શબ્દસુમન - વાર્તાઓનો આ હાર - ગુચ્છ તૈયાર થયો છે, આજે એ પુષ્પગુચ્છ આપના કરકમળમાં અર્પતા આનંદ થાય છે. અમે આત્મવિશ્વાસથી કહી શકિએ છીએ કે, **આ ગ્રન્થ આપના પરિવારમાં પવિત્રતાની પરાગ પાથરશે. આ ગ્રન્થ તંદુરસ્ત સમાજ નિર્માણમાં ચોક્કસ મહત્વની ભૂમિકા અદા કરી શકશે,** એવી આશા સાથે વડતાલ ટેમ્પલ કમિટિ બોર્ડ ના ત્યાગી ગૃહી તમામ સભ્યો દ્વારા ''ભગવાનશ્રી સ્વામિનારાયણ રજત દ્વિશતાબ્દિ તથા શ્રીભક્તિચિંતામણિ શતામૃત'' પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન અને '' શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ - રાજકોટ દ્વારા આયોજીત **''શ્રી હરિકૃષ્ણ મહારાજ મહોત્સવના''** ઉપક્રમે પ્રકાશિત કરવાનો એક મહત્વનો નિર્ણય લેવાયો ત્યારે વડતાલ વાસી શ્રી લ.ના.દેવ પીઠાધીપતિ આચાર્ય મહારાજશ્રી રાકેશપ્રસાદજી મહારાજની આજ્ઞાથી વડતાલ ટેમ્બલ બોર્ડના ચેરમેન

શા.સ્વામીશ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામી ગુરૂ સ્વા. વાસુદેવચરણદાસજીએ આ દળદાર ગ્રંથનું પુનઃપ્રકાશન કરવાનું કઠિન કાર્ય ''શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ - કંડારી'' ને સોંપ્યું.

વડતાલ મંદિરના ચીફ એક્ઝિક્યુટીવ કોઠારી શા. સ્વામીશ્રી ધર્મપ્રિયદાસજી સ્વામી (બાપુ સ્વામી) ગુરૂ. સદ્ પુરાણીશ્રી ધર્મસ્વરૂપદાસજીનો આ સાહિત્ય પ્રકાશનના કાર્યમાં અમને સારો એવો સહકાર અને માર્ગદર્શન મળ્યું. તેમની આગવી સૂજ પ્રમાણે સદ્ શા.સ્વ. શ્રી ઘનશ્યામ પ્રકાશદાસજી (કંડારી - ગુરૂકુલ) ના નવયુવાન વિદ્વાન સંત શા.શ્રી સંતવલ્લભદાસજી તથા સંતશ્રી શ્યામવલ્લભદાસજી - ભજનવલ્લભદાસજી અને પાર્ષદ શ્રી મહાવ્રત ભગતે સાથે રહી શ્રી હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ પહેલા આ કાર્ય પુરૂ થાય તે સારૂ મુખ પૃષ્ઠ ડીઝાઈનીંગથી લઈ ટાઈપ સેટીંગ પ્રુફ સંશોધન વિગેરે કરેલ છે, જેની અહીં ખાસ નોંધ લઈને આભાર વ્યક્ત કરીએ તો અસ્થાને નહી ગણાય. આમ તો આ કાર્યમાં અમે નિમિત્ત બન્યા એજ અમારા સદ્‌ભાગ્ય ગણાય. બાકી કર્તા - હર્તા તો સ્વયં વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને લક્ષ્મીનારાયણ દેવ જ છે. તેમની અકારણ કરૂણાથી જ અમને આ સેવાની તક મળી છે.

અંતમાં ''*गच्छतः स्वमनं क्वापि भवत्यवे प्रमादतः*'' ન્યાયે કયાં. કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો આપ સુજ્ઞજનો ''*हंसो हि क्षीरमादत्ते*'' એ ન્યાયે સારગ્રહણ કરીને માનવ સહજ ક્ષતિઓને ક્ષમ્ય ગણશો.

આ આવૃત્તિમાં પ્રયાસ કરવા છતા પણ જે ક્ષતિઓ રહી ગઈ હોય તે અમારી છે અને જે કંઈ આપ સહુને સુરુચિકર લાગ્યું હોય તે સર્વે ઈષ્ટદેવશ્રી હરિકૃષ્ણ મહારાજની કૃપાનું ફળ છે.

સ.ગુ.અક્ષરાનંદસ્વામીની વાતો આ પુસ્તક છપાવવા માટે વડતાલના અ.નિ.સ.ગુ.શા.સ્વા.શ્રી કૃષ્ણજીવનદાસજી (મેતપુરવાળા) તથા મેતપુરના અ.નિ.પટેલ મંગળદાસ છગનલાલ મુખી - મેતપુરવાળાના સ્મરણાર્થે પ.ભ.પટેલ શ્રી વસંતલાલ મંગળદાસ મુખી, પટેલ અરવિંદભાઈ મંગળદાસ મુખી, પટેલ ભગવતીભાઈ વસંતલાલ, પટેલ જગદીશભાઈ વસંતલાલ, પટેલ હસમુખભાઈ મંગળદાસ, પટેલ ઘનશ્યામભાઈ મંગળદાસ તથા જયંતીલાલ વસંતલાલ મુખી પરિવાર હસ્તે : વડતાલના સ.ગુ.શા.શ્રીબાલકૃષ્ણદાસજી (મેતપુરવાળા) તથા સ્વા.શ્રીગોવિંદપ્રસાદદાસજી (મેતપુરવાળા) તરફથી સેવાનો યોગદાન આપવાથી સ.ગુ.અક્ષરાનંદસ્વામીની વાતો આ પુસ્તક પડતર કિંમતથી ઘણી ઓછી કિંમતે હરિભક્તોને પ્રાપ્ત થઈ શક્યું છે. તો દાતાશ્રીઓને વડતાલવિહારી હરિકૃષ્ણ મહારાજની ખૂબ કૃપા વરસે એવી પ્રાર્થના.

આ ગ્રન્થનું પુનઃપ્રકાશનનો ખર્ચ વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડના તા.૬-૯-૨૦૦૬ના ઠરાવ નં.૨૫ થી વડતાલ તાબાના શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીદાદા (સારંગપુર) મંદિરેથી કરવામાં આવેલ છે. આ ખર્ચ કરવાની મંજૂરી આપનાર સારંગપુર મંદિરના કોઠારી શ્રી શા.સ્વા.પ્રભુજીવનદાસજી તથા શા.સ્વા. ધર્મસ્વરૂપદાસજી તથા કોઠારી પાર્ષદ ભાસ્કર ભગતના પણ અમો આભારી છીએ.

વિ. સં. ૨૦૬૩ શ્રી હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ
કારતક સુદ-૮ થી કારતક સુદ-૧૫(પૂનમ)
કાર્તિકી સમૈયો-વડતાલ
તા. ૩૦-૧૦-૦૬ થી તા. ૫-૧૧-૦૬

એજ સત્સંગ કૃપાભિલાષી
વડતાલ ટેમ્પલ બોર્ડના સર્વ કમિટિ સભ્યોશ્રીઓ વતી
શા. નૌતમપ્રકાશદાસ - ચેરમેનશ્રી વડતાલ - સંસ્થાન
તથા શા. સંતવલ્લભદાસ વેદાંતાચાર્ય
શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ - કંડારી

# પૂર્વ આવૃત્તિનું નિવેદન

શ્રીમચ્છારદપૂર્ણચંદ્રવિલસત્સ્મેરાનનં શ્રીહરિમ્
તુંગે પીઠવરે સ્થિતં પરિવૃતં સદ્‌ભક્તવૃન્દૈર્યથા ।
તારાભિર્વિધુમચર્યમાનમુરુધાતૈશ્ચન્દનૈઃ કૌસુમૈ
હારૈઃ શેખરપંક્તિભિશ્ચ હૃદયે શુકલામ્બરં ચિન્તયે ॥ ૧ ॥

તારાઓથી વિટાયેલા ચંદ્રમાની પેઠે સદ્‌ભક્તોની સભા મધ્યે ઊંચા પલંગ ઉપર વિરાજમાન અને તે ભક્તોએ ચંદન પુષ્પહારને તોરાની પંક્તિઓ વડે અનેક પ્રકારે પૂજેલા અને શરદઋતુના ચંદ્રસમાન મંદ મંદ હાસ્યયુકત મુખારવિંદવાળા અને શ્વેત વસ્ત્રો ધારણ કરી રહેલા એવા જે શ્રીહરિ તેનું હું ધ્યાન કરું છું. ॥ ૧ ॥

આપણા સત્સંગમાં ઘણાં જ વાતોના પુસ્તકો છપાઈને બહાર પડયાં છે અને સૌ ત્યાગી તથા હરિજનોએ વાંચીને લાભ લીધો હશે પણ આ વાર્તાઓ સદ્‌ગુરૂ બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની શ્રીજીમહારાજની લીલારૂપે અમૃત ભરેલી છે. આ વાર્તા જેમ જેમ વાંચશું તેમ તેમ લીલારૂપી અમૃત પીવાને વધારે ઈચ્છા થશે. આ વાર્તામાં શ્રીજીમહારાજની મૂર્તિની સ્મૃતિ અખંડ રહેશે એવો રસ રહ્યો છે અને આમાં તો શ્રીજી મહારાજે કરેલી લીલા તેનું જ વર્ણન સદ્‌ગુરુના મુખ થકી સાંભળેલ તેનો જ સંગ્રહ છે આ વાર્તાઓમાં કોઈ કોઈ ગામની વાત ભેળી વાંચવામાં નહી આવે એવી રીતનો આ વાર્તાનો સંકેત છે. ગઢડાની દાદાખાચરના દરબારની લીલા તથા જે સંકલ્પ કરીને આવેલા ને તે સિદ્ધ કરેલા તથા જે જે હરિજને તથા કુસંગીએ આપેલી વસ્તુ લઈને તેને તેડવા પધારેલા તથા જડ વસ્તુમાં ચૈતન્ય મેલેલ તથા અભણ પાસે વેદ બોલાવ્યા તથા કારીયાણીની લીલા તથા સારંગપુરની લીલા તથા લોયા ગામનીલીલા તથા જીજાંવદરની લીલા તથા કારીયાણાની લીલા તથા અગત્રાઈની લીલા તથા માણાવદરની લીલા તથા પંચાળાની લીલા એવી દરેક ગામોની જુદી જુદી વાર્તાઓ વાંચનારાને વાત ગોતવી પડે તેમજ પરચુરણ ગામની વાતો તથા નિયમ નિશ્ચય તથા પક્ષની જુદી જુદી વાર્તા તથા ગોપાલનંદસ્વામીના ચમત્કારી વાર્તા તથા મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા મૂળજી બ્રહ્મચારી તથા સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદસ્વામીની વાર્તા એ આદિક સદ્‌ગુરુ વાર્તાઓ આ ચોપડીમાં દાખલ કરવામાં આવેલ છે તથા કેટલાક ગામની અમારા ગુરુ સ.બુ.બ્ર. ગદાધરાનદ સ્વામીએ પોતાના મુખે સૌને સમજાય તેવી સાદી અને સરળ ભાષામાં કહેલ તેનો પણ સમાવેશ કરેલ છે. જે વાંચવાથી આપને ખૂબ આનંદ આવશે.

આપનો સત્સંગ સેવક
સ.ગુ.બ્ર. સ્વામિ કૃષ્ણાનંદજી

## ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**શ્રીહરિં સકલસિદ્ધિદાયકં મંગલૈકનિલયં સતાંપતિમ્ ।**
**કાયવાગ્ હૃદયકૈરહં સદા તં નમામિ પિતરં દયાંબુધિમ્ ॥૧॥**
**હે સ્વામિન્ પુરૂષોત્તમાદ્ય સકલૈશ્વર્યાભિજુષ્ટ પ્રભો ।**
**સર્વાધીશ્વરસેવ્યપાદકમલ શ્રીબ્રહ્મધામાધિપ ॥**
**હે નારાયણ ભક્તિધર્મસુત હે શ્રીકૃષ્ણ હે શ્રીહરે ।**
**મહ્યં દેહિ ભવત્પદાબ્જયુગલે ભક્તિં સદૈકાન્તિકીમ્ ॥૨॥**

સમસ્ત સિદ્ધિઓના દાતા, મંગલમાત્રના એક નિવાસસ્થાન, સત્પુરુષોના પતિ અને દયાના ઉદધિરુપ પિતા શ્રીહરિને હું મન કર્મ વચને કરીને વંદન કરૂં છું. ॥૧॥

હે સ્વામિન્ ! હે પુરાણપુરુષોત્તમ ! હે સમગ્ર ઐશ્વર્યોથી પરિસેવિત ! હે મહાપ્રભો ! ઈશેશ્વરોએ પૂજવા યોગ્ય છે ચરણ કમળો જેનાં એવા હે બ્રહ્મધામના ધામી ! ભક્તિધર્મના પુત્ર ! હે નારાયણ ! હે શ્રીકૃષ્ણ ! હે હરે ! મને તમારા ચરણકમળયુગલમાં સર્વદા એકાંતિકી ભક્તિ આપો. ॥૨॥

**સ્વભક્તસ્ય સ્વધર્મેણ યુક્તસ્યાપૂર્ણકામતા ।**
**સ્વસ્ય માહાત્મ્યબોધેન નિરસ્તા ચાત્મનિષ્ઠયા ॥**
**યુક્તિયુગ્વચનૈર્યેન સ્વભક્તાનાં હિતેચ્છુના ।**
**ચિત્તે સ શ્રીહરિર્મેસ્તુ ભક્તિધર્મસુતોન્વહમ્ ॥**

ભક્તજનોનું હિત ઈચ્છનાર જે શ્રીહરિએ સ્વધર્મેયુક્ત ભક્તજનોમાં રહેતી અપૂર્ણકામતાનો, પોતાના સ્વરુપના માહાત્મ્ય જ્ઞાન અને આત્મનિષ્ઠાથી થતો નિરાસ અનેક યુક્તિપૂર્વક વાક્યોથી કહ્યો; તે ભક્તિધર્મના પુત્ર મારા ચિત્તમાં નિવાસ કરો.

**સ્મૃતિમાત્રેણ દુઃખાનિ પાપપુંજાનિ વૈ તથા ।**
**હરન્તિ યસ્ય નામાનિ તં વન્દે શ્રીહરિં ગુરૂમ્ ॥**

કેવલ સ્મૃતિમાત્રથી જ જેનાં નામો દુઃખ અને પાપના સમૂહોનો નાશ કરે છે તે જગદ્ગુરુ શ્રી હરિને હું વંદન કરું છું.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સ.ગુ.બ્ર.શ્રીઅક્ષરાનંદસ્વામીનું જન્મચરિત્ર

## પૂર્વાશ્રમ જન્મ તથા પિતાજીની હકીકત

આ પૂજ્યપુરુષનો જન્મ **સંવત્ ૧૯૦૧ ચૈત્ર સુદ ૯** ના રોજ **રોહીશાળા** ગામમાં થયો હતો. તેઓ જ્ઞાતે ઔદીચ્ય બ્રાહ્મણ હતા. તેમનું પૂર્વાશ્રમનું નામ **રામકૃષ્ણ** હતું. રામકૃષ્ણના પિતાનું નામ **બહેચર શર્મા** હતું. તે ભાવનગર સ્ટેટના રોહીશાળા ગામમાં રહેતા હતા. તેમની અટક ત્રિવેદી, સામવેદ, કૌથમીશાખા, સાવરણી ગોત્ર અને ત્રિપર્વ (ભાર્ગવ, સાવેતસ અને વૈતવ્ય) એમ હતું. બહેચરશર્મા જન્મસિદ્ધ મુમુક્ષુ અને સંતસેવાપરાયણ હતા. તેમને ત્રણ પુત્ર હતા. શંભુરામ, રામકૃષ્ણ અને દેવશંકર. આ ત્રણે પુત્ર ઉપર પિતાના સંસ્કારી જીવનની છાપ પડી હતી અને તેમાં ખાસ કરીને વચ્ચેટ પુત્ર રામકૃષ્ણ, જે પાછળથી **અક્ષરાનંદસ્વામીને** નામે પ્રસિદ્ધિ પામ્યા તેમના ઉપર પિતાજીના સત્સંગની છાપ સુરેખ પડી હતી. અને વિરક્ત અવસ્થામાં તેમણે ધારણ કરેલું અક્ષરાનંદ અભિધાન સાર્થક કરી બતાવ્યું.

## કેળવણી

જેમ અનેક પૂજ્ય પુરષોનાં જીવનચરિત્રમાં બને છે તેમ કેળવણી સંબંધે અક્ષરાનંદસ્વામીના જીવનમાં પણ બનેલું છે. સારાંશ કે શાળામાં તેમને જુજ કેળવણી મળી હતી. માતા-પિતાની હયાતીમાં તેમના જયેષ્ઠ તથા કનિષ્ઠ બંધુની માફક તેમણે ગામઠી શાળામાં ભણતર શરુ કરેલું ને ત્યાં વિરામ પામ્યું. તેમના હૃદય તથા બુદ્ધિનો વિકાસ શાળાના ભણતરથી નહીં પણ સત્સંગના પરિબળથી થયો હતો.

## સત્સંગનો યોગ

વળી તેમના ગામ રોહીશાળે સદ્‌ગુરુ ભાઈ આત્માનંદસ્વામીનું હરવખત આગમન થતું. અને તેમના સમાગમથી બાલ્યાવસ્થામાં હૃદયમાં ઝીલેલું સત્સંગનું પ્રતિબિંબ પ્રતિદિન વૃદ્ધિગત થતું ગયું. તેમના પિતા સંતસેવાપરાયણ દૃઢ નિશ્ચયવાળાં સત્સંગી હતા. અને તેમના જીવનક્રમથી રામકૃષ્ણના સત્સંગને અનુવર્તન પોષણ મળતું. રામકૃષ્ણના પિતાને બાળપણથી જ સત્સંગનો યોગ થયો.

બાળપણની હકીકત એવી છે કે કારીયાણીમાં શ્રીજીમહારાજે જ્યારે મહારુદ્ર કર્યો ત્યારે બહેચરશર્મા બાલ્યાવસ્થામાં રહેતા. તેમના પિતા મકનજી ત્રવાડી બાળક બહેચરશર્માને સાથે લઈને મહારુદ્રના દર્શન કરવા ગયા હતા. બન્ને પિતા-પુત્રને સદ્‌ગુરુ **બ્રહ્મચારી અખંડાનંદસ્વામીનો** મેળાપ થયો. અખંડાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં બહેચરશર્માના મામા થતા હતા. અને તે **શિવરામ જાની**ના નામથી ઓળખાતા હતા અને તેમનો નિવાસ શિયાણી ગામમાં હતો.

## ઉપવીત અને વર્તમાન

અખંડાનંદસ્વામીએ બાળક બહેચરશર્માને જોયા. તેમના શિર ઉપર બાળકેશ જોઈને તેમણે મકનજી ત્રવાડીને પૂછ્યું કે આ બાળકના બાલકેશ કેમ રખાવ્યા છે ? મકનજી ત્રવાડીએ કહ્યું કે 'બહુચરાજીની બાધા છે' આ ઉપરથી બ્રહ્મચારી અખંડાનંદસ્વામીએ શ્રીજીમહારાજના મહાત્મ્ય વિષે બોધક વચન કહ્યાં અને શ્રીજીમાં જ એક નિષ્ઠા રાખવાની સૂચના કરી. બહેચરશર્માના બાળકેશ તળાવને કાંઠે દેહરી પાસે ઉતરાવવા કહ્યું અને તેમની પ્રેરણાથી મકનજી ત્રવાડીએ પોતાના પુત્ર બહેચરના બાળકેશ ત્યાં ઉતરાવ્યાં. આ બનાવથી બહેચરશર્માના બાળહૃદયમાં શ્રીજીમહારાજની પ્રભુતા વિષે ઉંડી છાપ બેઠી અને તેનો વારસો તેમના પુત્ર રામકૃષ્ણને મળ્યો. તે બાલ્યાવસ્થામાં જ બહેચરશર્માએ શ્રીજીમહારાજના હાથે વર્તમાન ધારણ કર્યા અને શ્રીજીમહારાજે તે વખતે તેમના માથા ઉપર હાથ મુકીને આશીર્વાદ આપેલો હતો. આવા શ્રીજીમહારાજની કૃપાને પાત્ર થયેલા પિતાના પુત્ર સત્સંગી થાય એમાં નવાઈ નહીં. રામકૃષ્ણને આઠમે વરસે ઉપવીત ધારણ કરાવી અને પછી સદ્‌ગુરુ ભાઈ આત્માનંદસ્વામીએ વર્તમાન ધારણ કરાવ્યાં હતાં.

**સંવત્ ૧૯૧૬**માં શ્રીગઢપુરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની ધાતુની મૂર્તિ જ્યારે પધરાવી ત્યારે તેમના પિતા બહેચર ત્રવાડી સાથે રામકૃષ્ણ દર્શને આવેલા હતા. ત્યાં સદ્‌ગુરૂ બ્રહ્મચારી આનંદાનંદસ્વામીનાં દર્શનાર્થે પિતા પુત્ર ગયા, રામકૃષ્ણની મુખાકૃતિ પર શ્રીજીમહારાજની પ્રસાદીનું તેજ આ મહાત્મા પુરૂષે પારખી લીધું અને બહેચરશર્માને રામકૃષ્ણ વિષે હકીકત પૂછી. પોતાના પુત્રને શ્રીજીમહારાજની સેવામાં અર્પણ કરવાની બહેચરશર્માની ઉત્કટ ઈચ્છા હતી અને તે ઈચ્છા સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદસ્વામી પાસે તેમણે હૃદયપૂર્વક દર્શાવી. સદ્‌ગુરુની અનુમતિ મળતાં તેમણે રામકૃષ્ણને કપાળમાં કુંકુમનો ચંદ્રક કરીને હાથમાં શ્રીફળ આપી સ્વામીશ્રીના હાથમાં તેનો હાથ અર્પણ કર્યો, આ સમયે આનંદાનંદસ્વામીએ ભવિષ્ય ભાખ્યું કે, 'આ જીવ બહુ જ બળવાળો છે અને તે સત્સંગને ઘણું પોષણ આપશે.' આ ભવિષ્યવાણી અક્ષરે અક્ષર સત્ય નિવડી, કેમ કે આનંદસ્વામી પોતે ત્રિકાળદર્શી હતા અને જન્મસિદ્ધ હતા.

**સંવત ૧૯૨૦**માં સ્વામી શ્રી આનંદાનંદજીએ રામકૃષ્ણને આચાર્ય શ્રીભગવત્પ્રસાદજી મહારાજ પાસે વરતાલ જઈને ત્યાં બ્રહ્મચારીની દીક્ષા અપાવી અને **અક્ષરાનંદ** નામ ધારણ કરાવ્યું. અક્ષરાનંદજીને પછી સદ્‌ગુરૂ શુકસ્વામીએ નામ પૂછીને તેનો અર્થ કરી બતાવ્યો. અક્ષરાનંદે તે અર્થનું ચિંતવન કરી પોતાની જીવનકળાથી એ અભિધાન સાર્થક કરી બતાવ્યું છે.

સ્વામી આનંદાનંદજી પાસે રહીને અક્ષરાનંદજીએ સારસ્વતની દોઢવૃત્તિ અને

રઘુવંશના ત્રણ સર્ગ કર્યા હતા. અક્ષરાનંદની બુદ્ધિ ઘણી તીવ્ર અને સ્મરણશક્તિવાળી સતેજ હતી. પરંતુ અક્ષરાનંદજીનું ચિત્ત અભ્યાસ કરતાં આનંદબ્રહ્મચારીની સેવામાં વધારે લાગેલું હતું. તે ગુરૂએ જ્યારે તેમનું એવું વર્તન જોયું ત્યારે ભાવપૂર્વક તેમને કહ્યું કે "સેવાનું ફળ તને આ લોકમાં તથા પરલોકમાં જરૂર મળશે." આ આશીર્વાદથી તૃપ્ત થઈ અક્ષરાનંદસ્વામીએ ગુરૂની સેવામાં ચિત્ત લગાડ્યું અને અભ્યાસક્રમ બંધ પાડ્યો ને મન કર્મ વચનથી સ્વામીની સેવા કરી. ગુરૂસેવાના ફળ તરીકે અક્ષરાનંદજીને સરસ્વતીની પ્રસાદી પ્રાપ્ત થઈ. તેમની વાણી પ્રતિભાવાળી હતી અને અલૌકિક મીઠાશવાળી હતી અને જ્યારે તેઓ સભામાં પ્રભુની લીલા વર્ણન કરતા ત્યારે દાખલા, દલીલ અને હાસ્યરસથી શ્રોતાજનના હૃદયમાં સચોટ છાપ પાડી શકતા હતા. તેમની સંસ્કારી સુધામય વાણીથી તેમણે અનેક ત્યાગી ગૃહીને અક્ષરધામના અધિકારી બનાવ્યા છે. તેમની પ્રેરણાથી અનેક સેવકોએ શ્રીગોપીનાથજી મહારાજની સેવામાં તન મન અને ધન વાપર્યા છે. **સંવત્ ૧૯૬૭**ની સાલમાં **મહા સુદ ૫** ના રોજ સ્વામી અક્ષરાનંદજી **મુંબઈ**માં ધર્માદો ઉઘરાવવા માટે પધાર્યા હતા. ત્યાં સર્વે હરિજનો અને ખાસ કરીને શેઠ શ્રી કરમશીભાઈના ચિરંજીવી વસનજીભાઈ તથા કલ્યાણજીભાઈ તથા શેઠ લવજીભાઈ તથા ઉદ્ધવજીભાઈ વાલજી તથા શેઠ નરોત્તમદાસ દામોદરદાસ તથા શેઠ બાલુભાઈ ઈચ્છારામ તથા મિસ્ત્રી મૂળજી ગોવિંદ વિગેરે હરિભક્તોએ શ્રીગોપીનાથજી મહારાજનાં સોનાનાં સિંહાસન વગેરે ઘણી સેવા કરેલી. તે એ જ પ્રમાણે કરમશીભાઈનાં ધર્મપત્ની રત્નબાઈએ તથા તેમના પુત્રી લક્ષ્મીબાઈએ અક્ષરાનંદસ્વામીની સત્પ્રેરણાને આધીન રહીને ગઢપુરમાં કૃષ્ણબળદેવનું સુવર્ણનું સિંહાસન તૈયાર કરાવી આત્મકલ્યાણ પ્રાપ્ત કરેલું છે.

## અક્ષરધામ નિવાસ

ગામ **મલાડ**ના રહેવાસી શેઠ ડાહ્યાલાલ ભાઈલાલ સ્વામીના પરમ સેવક હતા. સ્વામીજીની ઈચ્છા ગોપીનાથજી મહારાજની નિષ્કામ સેવા કરવાની હતી એ ઈચ્છાને આધીન રહીને શેઠ ડાહ્યાલાલભાઈએ શ્રીગઢપુરમાં સત્સંગિજીવનની **૧૦૮** પારાયણો કરાવી હતી. તેમજ સુખશય્યાનો સુવર્ણનો છપ્પર પલંગ તથા ધર્મદેવનું સુવર્ણનું સિંહાસન (તે ભક્તે) તૈયાર કરાવી આપ્યું છે. અને સ્વામીનો આશીર્વાદ સારો મેળવ્યો છે. અને તે યજ્ઞમાં સ્વામીના કહેવા પ્રમાણે બીજી દેવસેવા તથા બ્રાહ્મણોને ભોજન તથા દક્ષિણા તથા વસ્ત્રદાન અપાવ્યાં હતાં. સ્વામીને બ્રાહ્મણ ઉપર તથા સાધુ ઉપર અત્યંત પ્રેમ હતો એવા પોતે દયાવાન હતા. દેશદેશાંતરમાં ફરીને સ્વામીએ હરિભક્તોનાં મન નિશ્ચળ બુદ્ધિવાળાં કરેલાં છે. સ્વામીની સત્સંગની ઉપદેશક કથાથી સુરતના હરિજનો બહુ મુગ્ધ બન્યા હતા અને તેમની પ્રેરણાથી ગોપીનાથજીમહારાજની સેવામાં તેઓ તત્પર રહેતા. સ્વામીશ્રીએ

ને તેમના પ્રેરિત દેશદેશાંતરના બીજા હરિભક્તોએ નાની મોટી જે જે દેવની સેવાઓ અર્પણ કરી છે તેનું વર્ણન થઈ શકે તેમ નથી. આવા સત્સંગના પુષ્ટિદાતા અને હરિજનોના આધારરૂપ **સંવત્ ૧૯૮૬** ના **જેઠ વદ ૬** મંગળવારના રોજ રાત્રીના આઠ વાગે હરિસ્મરણ કરતા તદ્દન સાવધ સ્થિતિમાં અક્ષરનિવાસી થયા છે. તે વખતે કેટલાક હરિજનને મહારાજનાં દર્શન થયાં હતાં. અક્ષરાનંદસ્વામીનો તેમણે કરેલા પ્રવચનરુપી અક્ષરદેહ અમર છે પરંતુ આપણી સત્સંગીઓ વચ્ચેથી તિરોધાન થવાથી હૃદયને જબરો આઘાત થયો છે. અને સત્સંગરૂપી સુવૃક્ષ તેમની સંભાળ વિના ગ્લાનિને પામ્યું છે. આવા સત્પુરુષના જવાથી સત્સંગમાં ઘણી ખામી જણાય છે. આ ધાર્મિક પુરુષે હરિજનોના હૃદય ઉપર પરિપૂર્ણ પ્રભુત્વ સ્થાપ્યું હતું અને હરિજનોની કુશંકાઓનું નિવારણ કરી સત્સંગને ખૂબ પુષ્ટિ આપી હતી. પોતે નૈષ્ઠિક બ્રહ્મચારી હોઈ નિષ્કામ બુદ્ધિથી પોતાના ઓજસ વડે સત્સંગનો પ્રચાર કેટલો બધો કર્યો હતો અને કેટલો દઢ બનાવ્યો હતો તે તેમના પ્રવચનનું ચિંતવન કરવાથી સ્પષ્ટ સમજાય છે. **ભાવનગર**ના દીવાનસાહેબ ત્રિભુવનદાસ કાળીદાસભાઈનાં સહકુટુંબે સ્વામીની પ્રેરણાથી ગઢપુરમાં પાટોત્સવમાં શ્રીગોપીનાથજી મહારાજની ઘણી જ સેવા કરી છે. તેમજ પોતે દીવાનસાહેબ સ્વામીના સમાગમનો લાભ લેવાને અર્થે અને શ્રીગોપીનાથજી મહારાજના દર્શનાર્થે શ્રીગઢપુરમાં સહકુટુંબ રહ્યા હતા. વળી સ્વામી અક્ષરનિવાસી થયા પછી તેરમાની રસોઈ તથા બ્રાહ્મણની ચોરાશી દીવાનસાહેબ તરફથી થઈ હતી. **ભાવનગર**ના પટેલ ગીરધર ઝીણાએ સ્વામીની પ્રેરણાથી શ્રીગઢપુરમાં ચાર વિષ્ણુયાગ એક સાથે કરાવ્યા હતા તથા દરબારમાં સત્સંગિજીવનનું પારાયણ કરાવ્યું હતું ને તેમણે પણ સ્વામીની પ્રેરણાથી શ્રીગોપીનાથજીમહારાજની ઘણી જ સારી સેવા કરી છે ને સ્વામીની પ્રસન્નતા સંપૂર્ણ મેળવી છે. ગામ **બોટાદ**ના રા.રા. શેઠજી હિંમતલાલભાઈ હરિલાલભાઈના સહકુટુંબે શ્રીગોપીનાથજી મહારાજના પાટોત્સવમાં સ્વામીની પ્રેરણાથી દેવસેવાનો લાભ ઘણો જ સારો લીધો છે. તેમજ બોટાદના તમામ હરિજનોએ દેવસેવા સ્વામીની પ્રેરણાથી કરીને સદ્ગુરુ બ્રહ્મચારી અક્ષરાનંદસ્વામીજીનો આશીર્વાદ લીધા છે. સ્વામીશ્રીએ ગોપીનાથજી મહારાજના પાટોત્સવમાં દરેક ગામોમાં ફરીને સૌ હરિજનોને સેવાનો લાભ આપ્યો છે. ગઢપુરમાં રા.રા. શેઠ મોહનલાલ મોતીચંદે સ્વામીની પ્રેરણાથી શ્રીગોપીનાથજીના પાટોત્સવમાં તન મન ને ધનથી સારી સેવાનો લાભ લીધો ને સદ્ગુરુ અક્ષરાનંદસ્વામીની પ્રસન્નતા મેળવી છે. તેમજ સ્વામી અક્ષરનિવાસી થયા પછી સ્વામીની પાછળ પોતે ઘણી જ સેવા બજાવી છે. ગાયોને ઘાસ નંખાવ્યા તથા પારેવાને જાર નંખાવી તથા ગરીબોને અન્નદાન આપ્યાં વિગેરે સેવા કરીને લાભ લીધો છે. આવા મહાત્મા પુરુષની સેવાનો જેણે લાભ લીધો છે તે તો કૃતાર્થ થઈ ગયા જાણવા.

# અનુક્રમણિકા


| પાનું | શ્રી સ્વામિનારાયણાય નમોનમઃ | વાર્તા |
|---|---|---|
| ૧ | ગઢપુરની લીલા | ૧૯૦ |
| ૭૭ | જે જે માણસ સંકલ્પ કરીને આવ્યા તે સત્ય કર્યા તે વાતો | ૨૯ |
| | જે જે શ્રીજી મહારાજ તથા સંતના ઉપયોગમાં આવ્યા તેમને | |
| ૮૯ | શ્રીજી મહારાજ તેડવા આવ્યા તે વાતો | ૧૭ |
| ૯૫ | શ્રીજી મહારાજે જડ વસ્તુમાં ચૈતન્ય મૂક્યું તે વાતો | ૪ |
| ૯૭ | શ્રીજી મહારાજે માગેલ વસ્તુ ન આપી તે વાતો | ૮ |
| ૧૦૩ | શ્રીજી મહારાજે અભણ પાસે વેદ બોલાવ્યા તે વાતો | ૫ |
| ૧૦૫ | શ્રીજી મહારાજે કોલ દીધા અને તેડવા આવ્યા તે વાતો | ૮ |
| ૧૦૮ | શ્રીજી મહારાજ તથા સંતનો પક્ષ રાખ્યો તે વાતો | ૧૯ |
| ૧૧૮ | નિશ્ચય સંબંધી વાતો | ૬૫ |
| ૧૪૬ | બીનસત્સંગી સામે દ્રઢ ટેક રાખી તે વાતો | ૭ |
| ૧૫૧ | જુદા-જુદા ગામની વાતો | ૮૦ |
| ૧૮૫ | શ્રીજી મહારાજે જેની જેની રક્ષા કરી તે વાતો | ૧૫ |
| ૧૯૩ | કારિયાણીની લીલા | ૩૫ |
| ૨૦૭ | સારંગપુરની લીલા | ૨૩ |
| ૨૧૫ | સુરાખાચરની વાતો તથા લોયાની લીલા | ૨૨ |
| ૨૨૪ | કરિયાણાની લીલા | ૧૦ |
| ૨૨૮ | અલૈયાખાચરની વાતો તથા ઝીંઝાવદરની લીલા | ૧૫ |
| ૨૩૪ | ગઢાળીના આંબા શેઠની વાતો | ૧૨ |
| ૨૩૯ | માણાવદરના મયારામ ભટ્ટની વાતો | ૯ |
| ૨૪૩ | પર્વતભાઈની વાતો તથા અગત્રાઈની લીલા | ૧૦ |
| ૨૪૭ | ચાનગઢના રણછોડ બ્રાહ્મણની વાતો | ૨ |
| ૨૪૮ | માંગરોળના આણંદજી સુતારની વાતો | ૯ |
| ૨૫૨ | જીણાભાઈની વાતો તથા પંચાળાની લીલા | ૯ |
| ૨૫૬ | જુદી-જુદી વાતો | ૧૧ |

| પાનું | શ્રી સ્વામિનારાયણાય નમોનમઃ | વાર્તા |
|---|---|---|
| ૨૯૦ | સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીના ચમત્કારની વાતો | ૧૫૨ |
| ૩૨૯ | સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીની વાતો | ૫૩ |
| ૩૫૧ | લીંબલીના પીતાંબરભાઈ લુવાણાની વાતો | ૦૧ |
| ૩૫૨ | હાટીના માળીયાના મુળજીભાઈ લુવાણા ની વાતો | ૦૧ |
| ૩૫૪ | સદગુરુ મોટા ગોવિંદાનંદસ્વામીની વાતો | ૦૩ |
| ૩૫૬ | સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામીની વાતો | ૩૦ |
| ૩૬૮ | સદ્‌ગુરુ મુળજી બ્રહ્મચારીની વાતો | ૩૨ |
| ૩૮૧ | સદ્‌ગુરુ આનંદાનંદ બ્રહ્મચારીની વાતો | ૫૧ |
| ૪૦૩ | સદ્‌ગુરુ સિદ્ધાનંદસ્વામીની વાતો | ૨૩ |
| ૪૧૦ | સદ્‌ગુરુ સચ્ચિદાનંદસ્વામીની વાતો | ૧૩ |
| ૪૧૪ | સદ્‌ગુરુ ભાયાત્માનંદસ્વામીની વાતો | ૧૪ |
| ૪૨૦ | સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીની વાતો | ૧૪ |
| ૪૨૫ | સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીની વાતો | ૩૦ |
| ૪૩૮ | આંબા ગામના દેવશીભગતની વાતો | ૮ |
| ૪૪૨ | લોકની બુદ્ધિ તથા જાડ્યતા ઉપર રમુજની વાતો | ૨૪૮ |
| | કુલ વાર્તાઓ : | ૧૨૮૭ |

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સદ્‌ગુરુ બ્ર.અક્ષરાનંદસ્વામીની વાતો

## ગઢપુરની લીલા

શ્રીસ્વામિનારાયણ દેવ સત્ય છે. શ્રી ગોપીનાથજી મહારાજ સત્ય છે. શ્રીહરિકૃષ્ણજી મહારાજ સત્ય છે. શ્રીગઢપુરને વિષે શ્રીજીમહારાજે કરેલી લીલા તથા દિવ્યચરિત્ર તથા જે જે ભક્તજનો જે જે સંકલ્પ કરીને આવેલા તે સિદ્ધ કરેલા તેનો દિવ્ય સંક્ષિપ્ત.

એક સમે શ્રીજીમહારાજે **ગઢપુર**માં વસંતપંચમીનો સમૈયો કર્યો અને સંત હરિભક્તો સાથે રંગે રમી લાભ લીધો. પછી શ્રીજીમહારાજ ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીયે પધારી ચાકળા ઉપર વિરાજમાન થયા હતા. તે સમે **ગોપાળાનંદસ્વામી**ના મનમાં સંકલ્પ થયો જે સૌ સંતે મહારાજ સાથે રંગે રમી લાભ લીધો પણ મારાથી લાભ લેવાણો નહીં. પછી રંગનું તપેલું ભર્યું હતું. તેમાંથી એક પીચકારી ભરીને પોતે મહારાજ પાછળ ઉભા રહ્યા અને મહારાજની છાતીમાં પીચકારી નાખું તો અપરાધ થાય એમ વિચાર કર્યો. પછી મહારાજના વાંસામાં પીચકારી નાખી. તે જોઈ મહારાજે પાછું વાળી જોયું એટલે ગોપાળાનંદસ્વામી હાથમાં પીચકારી લઈ બેઠા હતા. તે જોઈ મહારાજ હસ્યા જે, 'ઘરડી ગાયને પણ શુરાતન ચઢતું દેખાય છે.' એમ મહારાજે કહ્યું. એટલે સૌ રાજી થયા અને સખાસહિત નદીએ નાવા પધાર્યા. ॥૧॥

એક દિવસ શ્રીજીમહારાજ દરબારમાં ઘોડી ફેરવતા હતા. તે **બ્રહ્માનંદસ્વામી**એ માણસ મોકલ્યું જે, 'મહારાજ શું કરે છે ?' માણસે આવી જોયું, ત્યાં તો મહારાજ ઘોડી ફેરવતા હતા. તેણે જઈ બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, 'મહારાજ તો ઘોડી ફેરવે છે.' પછી બ્રહ્માનંદસ્વામી પાંચ સાત સાધુ સાથે લઈ અને કાઠીયાણીની પેઠે માથે ઓઢણું ઓઢી અને મોટો ઘુંમટો કાઢીને આગળ ચાલ્યા અને બીજા સાધુ પાછળ ચાલ્યા.

દરબારમાં જાતાં પાળે અટકાવ્યા જે, મહારાજ ઘોડી ફેરવે છે માટે નહી જવાય. સ્વામી કહે, ‘ઘોડી ફેરવતા હોય તો જાવા દે.’ પછી સ્વામી દરબારમાં ગયા અને મહારાજે ઘોડી ઉભી રાખી સ્વામીને કહ્યું જે, ‘ઠકરાણાં પાળાં કેમ પાળાં ?’’ સ્વામીએ કહ્યું જે, ‘ઘરનો ધણી ઘોડીએ ચડી ગયો છે નહીંતર ઘોડીયે ચઢીને આવત.’ તે સાંભળી મહારાજ કહે, ‘વેલ નહોતી ?’’ સ્વામી કહે, ‘વાવણીયા જુતી ગયા છે.’ મહારાજ કહે,‘‘ કાંઈ પાંસરું બોલો પાંસરું.’’ સ્વામી કહે, ‘આપ બહુ પાંસરું પુછતા હશો જેવો તમારો પ્રશ્ન તેવો અમારો ઉત્તર.’ એટલે મહારાજ ઘોડીયેથી હેઠા ઉતર્યા ને સ્વામીનો ઘુંમટો ખેંચી લીધો. તે પછી અક્ષરઓરડી પધાર્યા. ॥૨॥

એક દિવસ મહારાજે **મોટીબા**ને કહ્યું જે, ‘‘અમારે કાઠીને જમાડવા છે માટે બીરંજની રસોઈ કરો.’’ પછી બીરંજની રસોઈ કરાવી અને દરબારમાં ચોક વચ્ચે ઢોલીયા નખાવ્યા. અને એક-એક ઢોલીયા ઉપર ચાર ચાર જણને બેસાર્યા અને વચ્ચે બીરંજ તથા શાક વિગેરેના મોટા તાસ ભરીને મૂક્યા અને એક ઢોલીયા ઉપર શ્રીજીમહારાજ થાળ જમવા બેઠા અને કાઠીઓને મહારાજે આજ્ઞા કરી. જેથી સૌ કાઠી જમવા મંડ્યા અને જે ઢોલીયા ઉપર મહારાજ જમતા હતા ત્યાં **શેષજી મહારાજ**ની પ્રસાદી લેવા માટે આવ્યા. તે ઢોલીયા ઉપર પોતાનું મોઢું ઉંચું કરીને બેઠા. તે સમે મહારાજે જમીને એક ગ્રાસ બીરંજ શેષજીના મોઢામાં નાખ્યો અને જળ પીને શેષજીના મોઢામાં રેડ્યું. તે સમે કાઠી ખાવું પડ્યું મેલી તે નાગને જોવા મંડ્યા જે, ‘આવો નાગ ક્યાંથી આવ્યો?’ એમ સૌ એક બીજા વાતું કરવા મંડ્યા અને જમવું સૌનું બંધ રહ્યું. પછી શેષજી પ્રસાદી લઈ અદશ્ય થઈ ગયા. તે જોઈ કાઠી સૌ મહારાજને પૂછવા લાગ્યા જે, ‘મહારાજ ! આ કોણ હતું ?’ મહારાજ કહે, ‘શેષજી અમારી પ્રસાદી લેવા આવ્યા હતા. તે પ્રસાદી લઈને પાતાળમાં ગયા.’’ ॥૩॥

એક વખત શ્રીજીમહારાજ દરબારમાં સાંજને સમે કથા કરાવતા હતા. તે સમયે બાજરાનાં ડુંડા સૌ પાસે મહારાજ વીણાવતા હતા, તે સમે મહારાજ બોલ્યા જે, ‘‘અમારે લક્ષ્મીવાડીયે જવું છે.’’ તે સાંભળી **રતનભાઈ** તથા **મીયાંજીભાઈ** વાડીયે જઈ મહારાજની બેઠક કરી આવ્યા. પછી મહારાજની ઘોડી લાવ્યા એટલે મહારાજ સવાર થઈ વાડીયે પધાર્યા. તે ભેળા સંત તથા પાર્ષદ તથા હરિજન સૌ મહારાજ ભેળા વાડીયે ગયા અને પછી અહીંયા ડંડા તથા બાજરાની કડબ બધું પડ્યું મેલીને સૌ ગયા. પછી મહારાજ વાડીયે સભા ભરીને બોલ્યા જે, ‘‘ઘરના ધણી અહીયાં નહી હોય.’’ તે સાંભળી સુરાખાચર બોલ્યા જે,‘ મહારાજ ! ઘરનો ધણી કોણ ?’ મહારાજ કહે,

"તપાસી જુઓ." એટલે રતનજી તથા મીયાંજી બન્ને જણને સભામાં ભાળ્યા નહી ને પછી બન્ને જણે દરબારમાં આવી ડુંડા તથા કડબ નોખા પાડી સૌ સૌને ઠેકાણે નાખ્યા અને દરબાર વાળી સાફ કરીને પાથરણા પાથર્યા અને મહારાજનો ઢોલીયો તથા ગાદી તકિયો ખંખેરીને પાથરી મૂક્યો. પછી મહારાજ વાડીયેથી દરબારમાં પધાર્યા, પછી મહારાજે સુરાખાચરને કહ્યું જે, "જુઓ, આ ઘરના ધણી જે તમો સૌ મારી સાથે વાડીયે ચાલી નીકળ્યા અને રતનજી તથા મીંયાજીએ આ બધું ઠેકાણે પાડ્યું, માટે એનું નામ ઘરના ધણી કહેવાય." ।।૪।।

એક વખત શ્રીજીમહારાજ **અક્ષરઓરડી**માં વિરાજમાન હતા અને સીમમાંથી **ભીમભાઈ** દરબારમાં સીધું લેવા માટે આવ્યા હતા. તેણે દરબારમાં આવી બંદુકનો ભડાકો કર્યો. તે સાંભળી તાજણ ઘોડી થાણમાંથી બહાર નીસરી ગઈ. પછી મહારાજ અક્ષરઓરડીમાંથી દરબારમાં પધાર્યા અને પૂછ્યું જે, 'આ કોણે ભડાકો કર્યો ?" કોઈએ કહ્યું જે,'મહારાજ! ભીમભાઈએ ભડાકો કર્યો.' ને ભીમભાઈને મહારાજની બીક લાગી એટલે વાડામાં ખડના કુંદવામાં સંતાઈ ગયા હતા. મહારાજ કહે, "ક્યાં ગયો ભીમ ? બોલાવો મારી પાસે." તે સાંભળીને ભીમભાઈ આવીને મહારાજ પાસે હાથ જોડીને ઉભા રહ્યા. મહારાજ કહે, "ભીમ ! કેમ ભડાકો કર્યો ? આ હજાર રુપીયાની ઘોડી થાણમાંથી નીસરી ગઈ તે નથી જાણતો ?" ભીમભાઈ કહે, 'મહારાજ ! મારી બંદુક બંધાઈ જાય તેટલા માટે ભડાકો કર્યો.' મહારાજ કહે, "લાવ્ય તારી બંદુક." પછી મહારાજે હાથમાં બંદુક લઈ ઉગમણાબારના ઓરડાના પગથીયા ઉપર ઘા કર્યો એટલે ત્રણ કટકા થઈ ગયા. તે સમે બ્રહ્માનંદસ્વામી મહારાજ પાસે આવી ઉભા હતા. તે બોલ્યા જે : સાખી –

*"ભીમ ભડાકા કીન ઘોડીકે કાનમે, તબ ખીજે કરતાર આયે બહુ તાનમે,*
*લીન બંદુકડી હાથ પછાડી પાનમે, ભીમ નહી તેરા કામ ચલે જા રાનમે."*

મહારાજ કહે, "આવું હોય ત્યારે આવા કવિ પણ જોઈએ." ને પછી મહારાજે ભીમને કહ્યું જે, "તારે સીમમાં રહેવું. અહીં આવવું નહીં." ।।૫।।

એક વખત તાજણ ઘોડીની વછેરી માંદી થઈ હતી. પછી તેને ડામ દેવા માટે વૈદને બોલાવ્યો. વૈદે કહ્યું જે, 'ઘોડીને દોરડા બાંધી હેઠી પાડો પછી ડામ દઉં.' મહારાજ અક્ષરઓરડીમાંથી એક ખેસભર આવી ઉભા રહ્યા. મહારાજે પૂછ્યું કે, "શું કરો છો ?" સૌ કહે, 'મહારાજ ! આ વછેરીને ડાંમવી છે તે આડી પાડવી છે.'

મહારાજ કહે, ‘‘જાતવંત ઘોડીને આડી પડાય નહી. લાવો, અમારી ખુરસી’’. પછી પાર્ષદ ખુરસી લાવ્યા તે ઉપર મહારાજ વિરાજમાન થયા. પછી મહારાજ કહે, ‘‘હવે, માંડો ચોબા દેવા.’’ અને ઘોડીની વૃત્તિ શ્રીજીમહારાજે પોતામાં તાણી લીધી. એટલે મહારાજની મૂર્તિ સામી સ્થિર થઈ ઉભી રહી. પછી વૈદે જે ઠેકાણે રોગ હતો તે ઠેકાણે ચોબા દીધા. પછી મહારાજ બોલ્યા જે, ‘‘આવી જાતવંત ઘોડી પડે નહી.’’ તે જોઈ વૈદ બહુ જ આશ્ચર્ય પામ્યો અને પગે લાગ્યો. ॥૬॥

એક સમે શ્રીજીમહારાજ દરબારમાં વિરાજમાન હતા અને **પરમાનંદસ્વામી** મહારાજના દર્શને આવ્યા અને સ્વામીના શરીરે બહુ જ લુખસ થઈ હતી. તે જોઈ મહારાજ બોલ્યા જે, ‘‘મહાપુરુષ ! શરીરે શું થયું છે ?’’ સ્વામી કહે, ‘મહારાજ ! લુખસ થઈ છે.’ તે સાંભળી શ્રીજીમહારાજ **રઘુવીરજી મહારાજ**ના ઘેર પધાર્યા અને રઘુવીરજી મહારાજનું નામ લઈ બોલાવ્યા અને કહ્યું જે, ‘‘એક શેર ખીચડી કરો. તેમાં એક શેર ઘી સમાય તેવી કરો.’’ પછી ગાદીવાળાએ શેર ખીચડીમાં શેર ઘી નાખીને કરી અને રઘુવીરજી મહારાજ થાળીમાં લઈ શ્રીજીમહારાજ પાસે અક્ષરઓરડીમાં લાવ્યા પછી મહારાજ તેમાંથી બે ગ્રાસ જમ્યા અને પરમાનંદસ્વામીને મહારાજે કહ્યું જે, ‘મહાપુરુષ! લ્યો તેજાના.’’ પછી પરમાનંદસ્વામી થાળી લઈ મહારાજની પ્રસાદીની ખીચડી અક્ષરઓરડીનાં ફળીઆમાં બેસી બધી જમી ગયા પણ પાણી પીવાનું સાધન કાંઈ નહી. તેથી રાતે સુઈ રહ્યા અને રાતના બાર વાગ્યા એટલે પોતાને બહુ જ તૃષા લાગી તેથી મુળજી બ્રહ્મચારીને જગાડીને કહ્યું જે, ‘બ્રહ્મચારી ! મને પાણી પાઓ બહુ જ તૃષા લાગી છે.’ બ્રહ્મચારી કહે, ‘તેજાના ઉપર પાણી પીવાય નહી સૂઈ જાઓ છાનામાના.’ પછી સ્વામી દરબારમાં સૂઈ ગયા અને શ્રીજીમહારાજ સવારે ચાર વાગે દાતણ કરવા બેઠા અને દાતણ કરી કોગળા કરતા હતા ત્યાં પરમાનંદસ્વામીએ જઈ ખોબો ધર્યો ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, ‘વળી અત્યારે આવ્યો છે.’ મહારાજ કહે, ‘‘શું છે બ્રહ્મચારી ?’’ બ્રહ્મચારી કહે, ‘રાતે પાણી પીવા આવ્યો હતો ને વળી અત્યારે આવ્યો.’ મહારાજ કહે, ‘‘પાયું હતું કે નહીં ?’’ બ્રહ્મચારી કહે, ‘તેજાના ઉપર પાણી પીવાય ?’ મહારાજ કહે, ‘‘બ્રહ્મચારી ! તેજાનો શું ?’’ બ્રહ્મચારી કહે, ‘મારી બલા જાણે શું તેજાનો?’ પછી મહારાજને દાતણ કરતાં અડધી તાંબડી પાણી વધ્યું હતું તે પરમાનંદસ્વામીને પાયું. પછી મહારાજ બોલ્યા જે, ‘‘આને તેજાનાની ખબર નથી અને પાણી પીવાય કે ન પીવાય તે ખબર નથી.’’ એમ કહીને મહારાજે કહ્યું જે, ‘‘તૃષાએથી સાધુ મરત ને સ્વામીનું શરીર સોના જેવું રોગ રહિત થયું.’’ ॥૭॥

એક વખત **જોધો ભરવાડ** ગાયું દોહતો હતો અને કીર્તન બોલતો જે "કાનુડો રે કાનુડો રે" તે સમે મહારાજ અક્ષરઓરડીમાંથી દરબારમાં પધાર્યા અને પૂછ્યું જે, "કયો કાનુડો ?" ત્યારે જોધે દુધની સેડ્ય મહારાજ સામી ઉડાડી અને કહ્યું જે, 'ચાલ્યો જાય તે જ કાનુડો છે.' એમ કહીને મહારાજને તાંસળી ભરીને દૂધ આપ્યું ને કહ્યું જે, 'મહારાજ! આ દૂધ ગાળીને લાવ્યો છું. પાન કરો.' પછી મહારાજ દરબારમાં ઉભા ઉભા દૂધનું પાન કરીને અક્ષરઓરડીમાં પધાર્યા. ।।૮।।

શ્રીજીમહારાજ દરબારમાં વિરાજમાન હતા અને ગામ **રોઝકા**નો **કરણો ગઢવી** મહારાજના દર્શને આવ્યો હતો. તેની સાથે તેની માતુશ્રી પણ દર્શને આવેલા. તેને પોતે મારગમાં સમજાવેલા જે, 'મા ! સ્વામિનારાયણ ભગવાન છે. તે તને બોલાવે કે ન બોલાવે પણ કાંઈ બોલીશ નહી.' ડોશી કહે, 'બાપ ! દીકરા ! હું કાંઈ નહી બોલું.' પછી દરબારમાં આવી મહારાજને પગે લાગી તોપણ મહારાજે સામું જોયું નહી. ત્યારે ડોશી બોલી જે, 'તમે મારી વૃદ્ધતા સામું શેનાં જુઓ ? એમ ડોશી બોલી એટલે કરણો સભામાં બોલ્યો જે, 'ભુંકી ગધાડી ભુંકી ગધાડી. હું ગધાડીને સમજાવતો કે તું કાંઈ બોલીશ નહી,' પછી મહારાજ કહે, 'ખરો કરણો, તેની માને ગધાડી કહી." એમ હસીને બોલ્યા. ।।૯।।

એક ગામ **અવીધ્યાનો અવિચળ** કરીને હરિભક્ત તે **ગઢડે** મહારાજના દર્શને આવ્યો. મહારાજ સભા કરીને ઉગમણા બારના ઓરડે વિરાજમાન હતા. પછી દંડવત કરીને મહારાજને એક રૂપિયો ભેટ મેલી. એટલે મહારાજ પડખું ફરી ગયા પછી તે રૂપિયો લઈને ડાબે પડખે મૂક્યો. પાછા વળી મહારાજ આમ ફરીને બેઠા. પછી તેનો તે રૂપિયો વળી મહારાજ પાસે મેલ્યો. એમ પાંચ સાતવાર મહારાજ પાસે એકનો એક રૂપિયો મેલ્યો પણ મહારાજે સામું જોયું નહી ત્યારે અવિચળ બોલ્યો જે, 'મહારાજ ! રૂપિયા સામું કેમ જોતા નથી ? સો હાથ ખોદીયે તો પાણીને પાણો બે જ નીસરે પણ રૂપિયો નીસરે નહી એવો રૂપિયો મોંઘો છે.' મહારાજ કહે, "તારી પાસે રૂપિયાનો મહિમા કહેવરાવવો હતો." પછી મહારાજે રાજી થઈને તેની ભેટ લીધી. ।।૧૦।।

એક વખત **સાતપડાના ભગોભગત** કરીને કોળી હરિભક્ત હતા અને તે મહારાજના દર્શને અક્ષરઓરડીયે જતા હતા. તે વખતે પાર્ષદ આંબલી હેઠે ગાર ખુંદતા હતા. તેણે ભગાભગતને કહ્યું જે, 'ભગત ! ક્યાં જાઓ છો ?' ભગત કહે, 'મહારાજના દર્શને જાઉં છું.' પાર્ષદ કહે, 'ગારો ખુંદાવો, હમણા મહારાજ અહીં નીસરશે. પછી ભગાભગત ગાર ખુંદતા હતા અને મહારાજ એક પીતાંબર પહેરીને

ને એક ઓઢીને ચાખડીયું પહેરીને જમવા પધારતા હતા. તે વખતે પાર્ષદે કહ્યું જે, 'ભગાભગત ! મહારાજ જાય.' ભગત એકદમ ગારાળા હાથે દોડી મહારાજના ચરણાર્વિંદે વાઝ્યો. એટલે પાર્ષદ સૌ કહેવા મંડ્યા જે, 'ભગાભગત ! મહારાજના ચરણારર્વિંદ મેલી દ્યો.' ભગત વિચારમાં પડ્યો જે, 'ચરણારર્વિંદ એટલે શું.' તે સમે બ્રહ્માનંદસ્વામી આવ્યા અને બોલ્યા જે, 'એલા ભગલા મેલી દે મહારાજનો ટાંગો. ત્યારે ભગો ભગત કહે, 'લ્યો, સ્વામી ! 'ત્યારે ભગત સમજ્યા કે ચરણારર્વિંદ એટલે ટાંગો કહેવાય. પછી મહારાજ જમવા પધાર્યા ત્યારે લાડુબાઈએ પૂછ્યું જે, 'આવો કોણ પ્રેમી ભગત મળ્યો જે ગારે પુજા કરી.' મહારાજ કહે, 'એવાય ભગત મળે. પછી ઉનું પાણી લઈ મહારાજના ચરણારવિંદ ધોયા. પછી મહારાજ બાજોઠ ઉપર જમવા માટે વિરાજમાન થયા. ॥૧૧॥

એક વખત ભગોભગત મહારાજના દર્શને આવ્યા હતા અને તે સમયે મહારાજ દીશાએ ગયા હતા. ત્યારે પાર્ષદે કહ્યું જે, 'ભગાભગત ! મહારાજ દીશાએ ગયા છે માટે અહીંયા બેસો.' ભગોભગત હાથ જોડીને બોલ્યા જે 'મેં દીશાના દર્શન કર્યા નથી માટે મને જવા દ્યો.' પાર્ષદ કહે, ત્યાં જવાય નહી.' પછી મહારાજ દીશાએ જઈને આવ્યા એટલે ભગાભગતને ખબર પડી જે દીશા એટલે કળશે જવાનું. પછી ભગા ભગતે મહારાજના દર્શન કર્યા. ॥૧૨॥

એક સમે મહારાજ સંધ્યા આરતીમાં સંત ભેગા આરતી કરતા હતા અને બ્રહ્માનંદસ્વામી તથા સુરતના મુનિબાવો આથમણાબારની ઓરડીની જેરે ઊભા હતા અને સંત જ્યારે આરતી કરી રહ્યા ત્યારે મહારાજે મુનિબાવાને પૂછ્યુ જે, ''અહીંયાં કેમ ઊભા છો ?'' મુનિબાવો કહે, ''મહારાજ ! ગરમી બહોત થાતી હે તેથી અહીં ઉભો છું.' પછી મહારાજ સભામાં વિરાજમાન થયા ત્યારે સભામાં જઈ મુનિબાવો બેઠા. ॥૧૩॥

એક વખત સંત રાસ રમતા હતા ને મહારાજ પણ ભેળા રાસ રમતા હતા. તે સંત જ્યારે ગાતા ગાતા બેસી જાય ત્યારે મહારાજ ઉભા થાય અને સંત જ્યારે ઉભા થાય ત્યારે મહારાજ બેસી જાય. તે જોઈ મુનિબાવે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, 'મહારાજ ! આમ કેમ કરે છે ?' પછી સભા થઈ ત્યારે સ્વામીએ મહારાજને પૂછ્યું જે, 'મુનીબાવાને સંશય થયો છે જે ગરબી લેતા સંત ઉભા થાય ત્યારે તમે બેસતા હતા અને સંત બેસતા ત્યારે તમે ઊભા થાતા તે શું ?' મહારાજ કહે, ''કોઈને નરસિંહ મહેતાનું પદ આવડે છે ?'' ત્યારે મુક્તાનંદસ્વામી કહે, 'મહારાજ ! મને આવડે છે.'

મહારાજ કહે બોલો, ''છેલ્લું પદ.'' પછી મુક્તાનંદસ્વામી પદ બોલ્યા જે

*''બેઠા બેઠા ગાય ત્યારે હું ઉભા ઉભા સાંભળું*
અને
*ઉભલાંને ગાય ત્યારે નાચું કહે નરસૈયો તે પદ સાચું''*

મહારાજ કહે, ''જ્યારે તમે બેઠા બેઠા ગાતા હતા ત્યારે હું ઉભો ઉભો સાંભળતો હતો અને જ્યારે ઉભા ઉભા ગાતા હતા ત્યારે નાચતો હતો.'' પછી મુનિબાવો હાથ જોડીને મહારાજને પગે લાગ્યા જે, 'મહારાજ ! તમે ખરું કહ્યું.' ।।૧૪।।

એક વખત ચોમાસું હતું અને ઘેલા નદીમાં પાણી બે કાંઠે ચાલ્યું જતું હતું અને **એભલખાચર**ને સામે કાંઠે નીલકંઠ મહાદેવ છે તેના દર્શન કરવાનું નિયમ હતું. પણ સાંજ સુધી પાણી ઉતર્યું નહી એટલે એભલખાચરે શંકરના દર્શન કર્યા વગર ખાધું નહી. પછી સાંજ વખતે મોટીબા મહારાજ પાસે અક્ષરઓરડીમાં ગયાં અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મારા બાપુ જમ્યા નથી અને ડોલાં ખાય છે.' મહારાજ કહે, 'બોલાવો આહીં.'' પછી મહારાજ ઉગમણાબારના ઓરડાની ઓસરીયે વિરાજમાન થયા. અને એભલખાચરને બોલાવ્યા ને મહારાજે પૂછ્યું જે, ''એભલખાચર ! આજ કેમ નથી જમ્યા ?'' એભલખાચર કહે, 'મહારાજ ! શંકરના દર્શનનું નિયમ છે એટલે દર્શન કર્યા વગર જમાય નહી.' પછી મહારાજે આથમણાબારના ઓરડા તથા ઉગમણાબારના ઓરડા તથા ઉત્તરાદાબારના ઓરડા તથા દક્ષિણાદાબારના ઓરડામાં બધા ઓરડાની ઓસરીની કોરે સૌ શંકરના સ્વરુપ દેખાડ્યાં અને મહારાજે એભલખાચરને કહ્યું જે, 'એભલખાચર ! આમાં ક્યા તમારા ગુરુ? કરો દર્શન.'' એમ જ્યારે કહ્યું ત્યાં તો સૌ હાથમાં ડાક તથા ડમરુ લઈને વગાડતા હતા. તે જોઈ એભલખાચર વિચારમાં પડ્યા જે, 'આમાં મારા ગુરુ ક્યા ? સૌનાં સરખાં સ્વરૂપ છે.' પછી તે સૌ શિવના સ્વરૂપ સચ્ચિદાનંદસ્વામીમાં લીન થયા. ત્યારે એભલખાચરને એમ નિશ્ચય થયો જે મહારાજથી કોઈ મોટું નથી. માટે આજથી મહારાજનાં દર્શન કર્યા વગર જમવું નહી. ।।૧૫।।

એક વખત **બોટાદ**ના હરિજન સંતને રસોઈ દેવા આવ્યા હતા અને ખાંડના લાડુની રસોઈ હતી. પછી દરબારમાં સંતની પંક્તિ થઈ તે સમયે મહારાજ સૌને પીરસતા હતા. બોટાદના બ્રાહ્મણ લિંબડા નીચે દર્શન કરવા માટે ઉભા હતા તે મહારાજ સૌને પીરસતા એટલે બ્રાહ્મણ લાડવાની ગણતરી કરતા હતા જે, આ સંત આટલા લાડુ જમ્યા. એમ એક-બીજા વાતુ કરતા હતા. તે સમે મહારાજ બોલ્યા જે, 'બ્રાહ્મણો

! શું વાતો કરો છો ? આ તો અષ્ટ આવરણને ભેદી જાય તેવા છે.'' એટલે બ્રાહ્મણ સૌ હસવા મંડ્યા અને મહારાજે ખૂબ સંતોને જમાડી હાથ પગ ધોયા ને ઉતારે પધાર્યા. ॥૧૬॥

એક વખત **બોટાદના અદોશેઠ** ગઢડામાં રસોઈ દેવા આવ્યા હતા અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મારે મોતીયાની રસોઈ દેવી છે પણ પાર્ષદ નહી એકલા સંત જમે.' મહારાજ કહે, 'શેઠ ! મંદિરનું કામ ચાલે છે અને પાર્ષદની હા પાડો.'' શેઠ કહે, 'ના ! મહારાજ ! મારે એકલા સંતને જમાડવા છે.' પછી મહારાજે મોતીયાની રસોઈ કરાવી અને સંતની પંક્તિ દરબારમાં કરી. ત્યારે અદા શેઠે સંતને ખૂબ જમાડ્યા ને સંતને પિરસવા મહારાજને બે હાથ જોડીને વિનંતી કરી. પછી મહારાજે સંતને ખૂબ જમાડ્યા અને છેલ્લી બાકી પીરસ્યું ને સંતના પતર ભરી દીધા અને સંત ખૂબ જમીને તૃપ્ત થયા પછી જેટલી સંતની પ્રસાદી વધી હતી તેના બે તપેલાં મોટાં ભરાવ્યાં. પછી મહારાજે શેઠને કહ્યું જે, 'શેઠ ! આ વધ્યું તેનું શું કરવું ?'' શેઠ કહે, 'મહારાજ ! અમારે તો કામ ન આવે.' ત્યારે મહારાજ કહે જે, ''સાધુના હોય તે સાધુની પ્રસાદી ખાય.'' પછી મહારાજે પાર્ષદને આજ્ઞા કરી એટલે પાર્ષદ પોતાને ઉતારે તપેલાં ઉપાડી ગયા અને બે દિવસ સુધી જમ્યા. ॥૧૭॥

અહીંયા મંદિરનું કામ ચાલતું હતું અને **વેળાવદરનો રુડોભાઈ** રસોઈ દેવા આવ્યા હતા. તેને મહારાજે કહ્યું જે, ''રુડા ! તારું ધાર્યું કરવું છે કે મારું ?'' રુડોભાઈ કહે, 'મહારાજ ! તમારું ધાર્યું કરવું છે.'' મહારાજ કહે, ''કેટલા રૂપિયાની રસોઈ દેવી છે ?'' રુડોભાઈ કહે, 'મહારાજ ! સો રૂપિયા લાવ્યો છું.' મહારાજ કહે, 'પચાસના અડદ લાવ્ય અને પચાસના ઘઉં લાવ્ય. તે પહોંચે ત્યાં સુધી તારી રસોઈ.'' પછી પચાસના અડદ લાવ્યા ને પચાસ રૂપિયાના ઘઉં લાવ્યા ને મહારાજ પાસે ભેટ કર્યા. પછી મહારાજ બહુ રાજી થયા, પછી મહારાજે મળીને છાતીમાં ચરણારવિંદ દીધા. ॥૧૮॥

ગામ **કારીયાણી**ના હરિભક્ત રસોઈ દેવા આવ્યા હતા અને તેની સાથે એક બ્રાહ્મણ હતો. અને મંદિરનું કામ ચાલતું હતું. પછી હરિભક્તોએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! અમારે મોતીયા લાડવાને જલેબીની રસોઈ દેવી છે.' મહારાજ કહે, ''ભક્તો ! મંદિરનું કામ ચાલે છે એટલે કોઈ નવરા નથી અને ખાંડના લાડુની રસોઈ કરાવો.'' બ્રાહ્મણ કહે, 'ના, મહારાજ ! તમારે સંકલ્પમાત્રમાં રસોઈ થાય.' મહારાજ કહે, ''દેવ ! અત્યારે મોતીયા જલેબીની થાય તેમ નથી.'' તો પણ બ્રાહ્મણો તથા સૌ

હરિજનોએ માન્યું નહીં. ત્યાર પછી મહારાજે યુક્તિ કરીને સૌને સભામાં બોલાવ્યા. મહારાજ કહે, ''તમારી પાસે રૂપિયા હોય તે મારી ગાદી ઉપર મુકો.'' પછી રસોઈના રૂપિયા બધા મહારાજ પાસે મૂક્યા. પછી મહારાજ કહે, ''સૌ સૌના હોય તે લઈ લ્યો.'' પછી સૌએ પોતપોતાના રૂપિયા લઈ લીધા અને એક અડધો બાકી રહ્યો તેને જોઈ મહારાજ બોલ્યા જે, ''આ અડધો કોનો છે ?'' બ્રાહ્મણ કહે, 'મહારાજ ! મારો છે મહારાજ કહે, 'દેવ ! તમારો અર્ધો લઈ લ્યો.'' પછી મહારાજ હરિભક્તોને કહે, ''તમારે શું કરવું છે ?'' હરિભક્ત કહે, 'મહારાજ ! જેમ તમે રાજી થાઓ તેમ કરવું છે.' પછી મહારાજે ખાંડના લાડુની રસોઈ કરાવી અને બ્રાહ્મણને કહ્યું જે, 'તમે હવે મોતીયા જલેબીની રસોઈ કરાવો.'' પછી બ્રાહ્મણ શરમાઈ ગયો અને ખાંડના લાડુની રસોઈ કરાવીને મહારાજે સંતને જમાડ્યા. ॥૧૯॥

ગામ **બાંધણી**ના **દાજીભાઈ** રસોઈ દેવા આવ્યા હતા અને મહારાજે પૂછ્યું જે, 'હું કહું તેવું કરવું છે કે તમારું ધાર્યું કરવુ છે ?'' દાજીભાઈ કહે, 'મહારાજ ! તમે રાજી થાઓ તેમ કરવું છે.' મહારાજ કહે, 'કેટલા રૂપિયા છે ?'' દાજીભાઈ કહે, 'મહારાજ ! સવાસો રૂપિયા વાપરવા છે.' મહારાજ કહે, ''મંદિરનું કામ ચાલે છે તે અડધાના એટલે પચાસ રૂપિયાના અડદ લાવો અને પોણોસો રૂપિયાના ઘઉં લાવો.'' પછી તે પ્રમાણે લાવી મહારાજને ભેટ કરી અને મહારાજ બહુ જ રાજી થયા. એને મહારાજે કહ્યું જે, ''આ દાણો પહોંચે ત્યાં સુધી તમારી રસોઈ. પછી મહારાજને પગે લાગી પોતાને ગામ ગયા. ॥૨૦॥

એક વખત લાડુની રસોઈ હતી અને સંતની પંક્તિ કરાવી દરબારમાં શ્રીજીમહારાજ સંતને પીરસતા હતા. પછી છેલ્લી બાકી શ્રીજીમહારાજ સંતની પંક્તિમાં લાડુ ફેરવતા હતા. ત્યારે **સત્વાનંદસ્વામી** બોલ્યા જે, 'નહી, મહારાજ! હું માંદો છું.' મહારાજ કહે, ''બાવીશ લાડવા જમી ગયો અને કહે છે હું માંદો છું. તે સાજો હોય તો કેટલા જમે ?'' એમ કહી મહારાજ હસ્યા. ॥૨૧॥

એક વખત મોતીયા જલેબીની રસોઈ **મોટીબા**એ કરાવી હતી. અને સંતની પંક્તિ દરબારમાં જમવા બેઠી હતી અને મહારાજ મોતીયા જલેબી પીરસતા હતા. તે સમે રામાનંદસ્વામી સંતને વેષે આવી લીંબડા તળે ઉભા રહ્યા અને શ્રીજીમહારાજ મોતીયા જલેબીનો ટોપલો લઈ પીરસતા પીરસતા આવ્યા. તે વખતે મહારાજે હિંદુસ્તાની બોલીમાં રામાનંદસ્વામીને કહ્યું જે, ''લ્યો, મહાપુરુષ ! ચઈતા હે ?'' તુરત રામાનંદસ્વામીએ પોતા પાસે રૂમાલ હતો તે પાથર્યો અને મહારાજે મોતીયા

જલેબીનો ટોપલો ઠલવ્યો તે લઈ મહારાજને પગે લાગી ચાલતા થયા. તે સમે એક વાણીયો છોકરાને તેડીને દરબારમાં ઉભો હતો. તે મહારાજને ભાળીને વાણીયો છોકરાને કહે જે, 'રો માં, મહારાજ આવીને હમણા તને લાડવા આપશે.' મહારાજ કહે, 'લે મારો અંગુઠો.'' એમ કહી મહારાજે અંગુઠો દેખાડ્યો. મહારાજ કહે, ''હું મારા છોકરાને જમાડું છું તું તારા છોકરાને જમાડ'' ને એમ કહી મહારાજ ચાલ્યા ગયા અને વાણીયો શરમાઈ ચાલ્યો ગયો. ॥૨૨॥

એક વખત માલપુડાની રસોઈ હતી અને દરબારમાં સંતની પંક્તિમાં મહારાજ માલપુડા પીરસતા હતા. પછી **બ્રહ્માનંદસ્વામી**ને તાણ કરવા મંડ્યા ત્યારે બ્રહ્માનંદસ્વામી પોતાનું પતર પેટ આડું નાખીને આડા પડ્યા. પછી મહારાજે માલપુડાનો ખડકલ્લો લઈ સ્વામીના માથા ઉપર મેલ્યો. પછી સ્વામી માલપુડા પોતાના માથેથી એક હાથે લઈ જમવા મંડ્યા. તે જોઈ સૌ સંત હસવા મંડ્યા જે, જો ને સ્વામી કેવી રમુજ કરે છે ! ॥૨૩॥

એક વખત દુધપાકની રસોઈ હતી અને સંતની પંક્તિમાં મહારાજ દુધપાક પીરસતા હતા. પછી **બ્રહ્માનંદસ્વામી**ને મહારાજ તાણ કરવા મંડ્યા પણ સ્વામીએ દુધપાક લીધો નહી. પછી મહારાજે દુધની તાંબડી લઈ સ્વામીને માથે ધાર કરી. તે સમે સ્વામી કીર્તન બોલ્યા જે,

*'લઈ દહીં, દૂધના ગાડવારે, માથડે ઢોળે માવ,*
*ઘેલા થઈને ગોવાલીયારે, ખૂબ કરી ખ્યાલ.'*

એ કીર્તન સ્વામી જમતા જમતા બોલ્યા. પછી મહારાજ દૂધનું માટલું લેવા ગયા ત્યારે લાડુબાઈએ માટલાનો કાંઠો ઝાલ્યો અને બોલ્યા જે, કાંઈ ઢોળવા માટે નથી ભેગું કર્યું. પછી એક કાંઠો મહારાજના હાથમાં ને એક કાંઠો લાડુબાના હાથમાં એમ ખેંચાતાણ કરી એટલે માટલું ફુટી ગયું અને મહારાજ બીજું માટલું લઈ સંતને પીરસવા આવ્યા. તે લીલા બ્રહ્માનંદસ્વામીએ જોઈ અને કીર્તન કર્યું જે, *'એક સમે હરિ વનમાં, ઉભા વેણ વાયરે, લઈ મટુકી ગોપીકા, મહી વેચવાને જાયરે.'* ને તે પછી નામાચરણમાં સ્વામી બોલ્યા જે, એ લીલાની વાત બ્રહ્માનંદ જાણે રે. ॥૨૪॥

અહીંયાં ગોપીનાથજી મહારાજનું મંદિર ચણાતું હતું અને કડીયાના પગાર પણ ચડ્યા હતા અને મહારાજને મંદવાડ પણ હતો. તે સમે ગામ **ખોલડીયાદ**ના **રજપુત ખેંગાર ભક્ત** મહારાજના દર્શને આવ્યા અને મહારાજને અક્ષરઓરડીમાં દંડવત

કરી પગે લાગ્યા અને મહારાજે બધા સમાચાર પૂછ્યા. પછી મહારાજે કહ્યું જે, ‘‘ખેંગાર ભગત ! તમારો વહેવાર કેવો છે ?’’ ખેંગાર ભગત કહે, ‘મહારાજ ! મારો વહેવાર બહુ સારો છે. પછી મહારાજ લઘુશંકા કરવા પધાર્યા. તે સમે શુકસ્વામી અક્ષરઓરડીમાં પુસ્તક લખતા હતા, તેમને ખેંગાર ભક્તે પૂછ્યું જે, ‘સ્વામી ! મહારાજ મને ઘડીયે ઘડીયે પૂછે જે તમારા વહેવાર કેવા છે ? તે મહારાજને કાંઈ કામ છે ? સ્વામી કહે, ‘હા કડીયાનો પગાર ચઢ્યો છે તે દેવાને માટે રૂપિયા જોઈએ છીએ.’ ભગત કહે, ‘એમાં શું ?લ્યો, હું લઈને આવું અને રસોઈ દેવા હું અહીં આવ્યો છું.’ પછી શ્રીજીમહારાજ લઘુશંકા કરીને આવ્યા ત્યારે ખેંગાર ભગત બોલ્યા જે, ‘મહારાજ ! મારો વહેવાર બહુ સારો છે. કાંઈ સેવા હોય તો કહો. મહારાજ કહે, ‘‘ખેંગાર ભગત ! કડીયાના પગારના રૂપિયા ત્રણસો જોઈએ છીએ.’ ભગત કહે, ‘લ્યો, મહારાજ ! લાવી દઉં.’ એમ કહી લાધા ઠકકર પાસે ગયા અને કહ્યું જે, ‘મારે પાંચસો રૂપિયા જોઈએ છીએ.’ લાધા ઠાકર કહે, ‘હમણાં નાણાની ભીડ બહુ જ છે.’ પછી પોતે બજારમાં ચાલ્યા જતા હતા ત્યાં પોતાનો સગો ભાઈ ગરાસીયો દરબારની તીજોરીનો ઉપરી હતો. તે ભેળો થયો અને પૂછ્યું જે, ‘ખેંગાર ભગત ! તમે કેવા ?’ ભગત કહે, ‘હું મહારાજના દર્શને આવ્યો છું પણ મારે તમારા જેવાનું કામ છે ? પાંચસો રૂપિયા જોઈએ છે.’ ગરાસીયો કહે, ‘ચાલો, મારી સાથે આપું.’ પછી તીજોરીમાંથી રૂપિયા પાંચસો લઈ મહારાજ પાસે આવીને મૂક્યા અને મહારાજને કહ્યું જે, ‘આ ત્રણસો રૂપિયા તમારા કડીયાના પગારના અને સો રૂપિયા તમે માંદા છો તે તમારા ઔષધ માટે અને આ સો રૂપિયા સંતને રસોઈના.’ મહારાજ કહે, ‘ખેંગાર ભગત! આ તમે ત્રણસો રૂપિયા આપ્યા તે તમારી લાખો રસોઈ થઈ રહી. ભગત કહે, ‘નહી, મહારાજ ! સંતને લાડુ કરીને જમાડો.’ પછી લાડુ કરીને સંતની પંક્તિ દરબારમાં જમવા માટે કરી. તે સમે શ્રીજીમહારાજને ખુરશી નાખીને બિરાજમાન કર્યા અને મહારાજે મુક્તાનંદસ્વામીને સંતને પીરસવાની આજ્ઞા કરી. પછી સ્વામી સંતને પીરસી મહારાજ પાસે આવી બેઠા. તે સમે એક ચંદનનો મોટો વાટકો ભરીને લાવ્યા. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, ‘ખેંગારભાઈ! મહારાજ માંદા જેવા છે, તે ચંદન શરીરે વસમું લાગશે માટે ચરણારર્વિંદને અંગુઠે પુજા કરો.’ તે સાંભળી મહારાજ બોલ્યા જે, ‘‘સ્વામી ! આ ચંદન વસમા લાગે તેવા નથી. માટે આખા શરીરે ચંદન ચરચો.’’ પછી મહારાજે ચોફાળ ઓઢ્યો હતો તે કોરે મેલીને આખા શરીરે ચંદન ચરચાવ્યું અને ખેંગાર ભગતે આરતી ઉતારી. પછી મહારાજ બાથમાં ઘાલી ચંદન સોતા મળ્યા અને ખેંગાર ભગત ઉપર બહુ જ રાજી થયા. આ વાર્તા ખેંગાર ભગતે પંડે દરબાર વચ્ચે

ઉભા રહીને કરી હતી. ॥૨૫॥

ગામ **ઝીંઝુડાના આંબો શેઠ** ગઢપુર રસોઈ દેવા આવ્યા હતા, પણ પોતા પાસે રૂપિયા થોડા હતા તેથી લક્ષ્મીરામ દેરાશ્રીએ કહ્યું જે,' મને રસોઈમાં ભાગ આપો એટલે આપણે બન્ને જણ ભેળી રસોઈ કરાવીએ.' ત્યારે આંબો શેઠ બોલ્યા જે, 'તું મને અક્ષરધામનો ભાગ ન આપે, માટે હું એકલો રસોઈ કરાવીશ.' ત્યારે લક્ષ્મીરામ કહે, 'હું તમને લેખ કરી આપું જે, 'અક્ષરધામમાં ઉત્તમમાં ઉત્તમ ભાગ છે તે મોદી આંબાનો છે અને ઉતરતામાં ઉતરતો ભાગ દેરાશ્રી લક્ષ્મીરામ શંભુરામનો છે.' એમ લેખ કરી બન્ને જણે ભેગા થઈ રસોઈ આપી અને સાંજે સભા થઈ અને શ્રીજીમહારાજ ઢોલીયા ઉપર વિરાજમાન હતા. પછી મહારાજની આરતી ઉતારીને પુજા કરી અને સંતની પણ પુજા કરી. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! આ રસોઈ બહુ દાખડાની છે.' મહારાજ કહે, ''કેમ ?''સ્વામી કહે, ''આનો તો લેખ થયો છે.'' ત્યારે કોઈકે કહ્યું જે, ''આંબા શેઠ ! મરશો ત્યારે લેખ તો આહીંને અહીં રહેશે.'' પછી આંબો શેઠ વિચારમાં પડ્યા ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, ''આંબાભાઈ ! લેખ મહારાજના હાથમાં દ્યો, એટલે અક્ષરધામમાં પહોંચી રહ્યો. પછી લેખ લઈને શ્રીજીમહારાજના હાથમાં આપ્યો. મહારાજે કહ્યું જે, ''જાઓ, તમારો લેખ અક્ષરધામમાં પહોંચી રહ્યો. ॥૨૬॥

દક્ષિણાદાબારના ઓરડામાં દાણાની કોઠીયું ફેરવવી હતી. અને ગામ **ખોપાળાનો જેઠો માણીયો** કરીને કણબી હરિભક્ત હતો તે કોઠી ફેરવતો હતો. ત્યાં શ્રીજીમહારાજ પધાર્યા અને મહારાજે મુળજી બ્રહ્મચારીને કહ્યું જે, 'આને ખવરાવો.'' પછી બ્રહ્મચારીએ ચુરમાના મોટા ચાર લાડુ લાવીને આપ્યા. તે ઉભો ઉભો જમી ગયો ને પાછો કોઠી ફેરવવા મંડ્યો. ॥૨૭॥

ગોપીનાથજી મહારાજના મંદિરનો પાયો નાખવો હતો. પછી મહારાજે સૌ હરિભક્તોને સભા કરીને કહ્યું જે, ''મંદિર કરવું છે માટે સૌની શ્રદ્ધા પ્રમાણે સેવામાં ગાડું તથા બળદીયા વિગેરે આપવાના છે.'' પછી સૌ સૌની શ્રદ્ધા પ્રમાણે બોલ્યા અને ખોપાળા ગામના જેઠા માણીએ મહારાજને કહ્યું જે, ''મહારાજ ! ગાડુ બળદીયા ને હું. એ ત્રણે વાનાં મંદિર થાય ત્યાં સુધી કૃષ્ણાર્પણ.'' તે સાંભળી મહારાજ બહુ જ રાજી થયા. ॥૨૮॥

અને તે સભામાં ગામ **જમરાળાના જીવો દવે** બેઠા હતા. તેણે મહારાજને હાથ જોડીને કહ્યું જે, 'મહારાજ ! ગાડું બળદ ને ગંગારામ; એ ત્રણે જ્યાં સુધી મંદિર થાય

ત્યાં સુધી કૃષ્ણાર્પણ.' તે સાંભળી મહારાજ બહુ જ રાજી થયા ને જીવા દવેનો વાંસો થાબડી છાતીમાં ચરણારવિંદ આપ્યા. ॥૨૯॥

અને પછી દાદાખાચર બોલ્યા જે, 'મહારાજ ! મારે જેટલા જુત છે અને મારા જેટલા ભાગીયા છે તે સર્વે જ્યાં સુધી મંદિરનું કામ પુરું થાય ત્યાં સુધી તમારી સેવામાં કૃષ્ણાર્પણ છે.' પછી મહારાજે પ્રસન્ન થઈને કહ્યું જે, 'ધન્ય છે તમને.'' એમ સૌ સાંભળતાં શ્રીજીમહારાજે દાદાખાચરની પ્રશંસા કરી. ॥૩૦॥

અહીં મંદિરનું કામ ચાલતું હતું અને કડીયા મંદિર ઉપર કામ કરતા હતા અને **ધર્મસ્વરુપાનંદ બ્રહ્મચારી** નીચે બધો સુધારો કરતા હતા તે ઉઘાડે શરીરે હતા. તેથી તેમના શરીર ઉપર, ઉપરથી ચુનો પડેલ. તે સમે શ્રીજીમહારાજ કામ જોવા માટે પધાર્યા અને ધર્મસ્વરુપાનંદના વાંસા ઉપર ચુનો જોઈ મહારાજ બોલ્યા જે, ''ઋષીના વાંસા ઉપર ચુનો પડ્યો છે.'' એમ કહી મહારાજે પોતાના હાથેથી તેમના વાંસા ઉપરથી ચુનો ખંખેરી નાખ્યો. ॥૩૧॥

એક વખત ગામ **બોટાદના ભવાનભાઈ** ગઢડા મહારાજના દર્શને આવ્યા હતા. તે સમે મહારાજ જમીને ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીયે હાથમાં રૂમાલ લઈ ટેલતા હતા. ત્યાં આવી ભવાનભાઈ વિગેરે સૌ હરિજન મહારાજને દંડવત કરી પગે લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, 'કામદાર ! ચાલશો ?'' કામદાર કહે, 'હા મહારાજ! તમારી રજા લેવા માટે આવ્યો છું.' મહારાજ કહે, ''તમો વિદુરનીતિ તથા ધર્માખ્યાન; એ બે ગ્રંથ ભણજો.'' પછી કામદારે હાથ જોડીને કહ્યું જે, 'મહારાજ ! જેમ આપની આજ્ઞા છે તેમ કરીશ.' પછી મહારાજની રજા લઈ પોતાને ઘરે ગયા. ॥૩૨॥

અહીંયાં મંદિરનું કામ થતું હતું અને પથ્થરનાં ગાડાં આવ્યાં હતાં. તે સમે એક સંત માળા ફેરવવા બેઠા હતા અને મહારાજ ઉત્તરાદાબારના ઓરડાની ઓસરી ઉપર કડાનું દોરડું ઝાલીને ઉભા હતા. તે સમે મહારાજ બોલ્યા જે, ''મહાપુરુષ ! લાકડા શું તાણો છો લાકડાં ? પથ્થર ઉતરાવો પથ્થર'' પછી સંત માળા ફેરવવી પડી મૂકીને પથ્થર ઉતરાવવા ગયા. કેમ કે તે સમે શ્રીજીમહારાજ સેવાથી ઘણા જ પ્રસન્ન થતા હતા. ॥૩૩॥

એક વખત મહારાજે સભામાં સૌ સંતને પૂછ્યું જે, ''તમો કેટલી માળા ફેરવો છો ?'' કેટલાકે કહ્યું જે, 'મહારાજ ! હું પાંચસો ફેરવું છું, કોઈ કહે હું હજાર ફેરવું

છું. મહારાજ કહે, ‘‘શી રીતે ફેરવો છો ?’’ કેટલાકે કહ્યું કે, ‘મહારાજ ! માળા ફેરવવા માટે બેરખા રાખ્યા છે. પછી મહારાજે **મુક્તાનંદસ્વામી**ને કહ્યું જે, ‘‘સ્વામી ! તમો કેટલી માળા ફેરવો છો ?’’ સ્વામી કહે, ‘મહારાજ ! હું પચાસ માળા ફેરવું છું.’ મહારાજ કહે, ‘‘શી રીતે ?’’ સ્વામી કહે, ‘‘તમારા અંગ ધારીને.’’ તેમાં જો બીજો સંકલ્પ થાય તે માળા ખોટી પડે. મહારાજ કહે, ‘‘આની આગળ હજારે કાંઈ નહીં. ને પાંચસે એ કાંઈ નહીં.’’ પછી સૌ સંત સમજી ગયા કે, મહારાજના અંગ ધારીને માળા ફેરવવી. તે ઉપર મુક્તાનંદસ્વામીએ કિર્તન કર્યા છે જે

*‘‘ભજો ભાવ શું અખંડ જપ માળા રે,*
*માળા ટાળે છે મન કેરા ચાળા રે,*
*હરિનું એક એક અંગ ઉર ધારો રે’’* ॥૩૪॥

એક દિવસ **સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદજી** અક્ષરઓરડીમાં સવારમાં શ્રીજીમહારાજના દર્શને ગયા ત્યારે મહારાજે પૂછ્યું જે, ‘આનંદાનંદ બ્રહ્મચારી ? ક્યાંથી આવો છો ?’’ ત્યારે તેમણે કહ્યું જે, ‘‘સાધુની ધર્મશાળામાંથી આવું છું.’’ મહારાજ કહે, ‘‘મુક્તાનંદસ્વામીને બોલાવી લાવો.’’ પછી આનંદાનંદસ્વામી મુક્તાનંદસ્વામીને બોલાવવા ગયા. સ્વામીનો હાથ ઝાલી મુક્તાનંદસ્વામી અક્ષરઓરડીમાં આવ્યા. સ્વામીને ગાદી તકીયો નંખાવી આપ્યો પછી તે ઉપર બેઠા. પછી મહારાજે પૂછ્યું જે, ‘સ્વામી ! અમારે અનંત જીવનું કલ્યાણ કરવું તે શે થાય ?’’ સ્વામી કહે, ‘મહારાજ ! ભગવાન છો માટે તમે જાણો.’ ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘અમારાં ભાવે તથા કભાવે જે દર્શન કરશે તેનું કલ્યાણ થાશે.’’ પછી મહારાજ કહે, ‘‘દત્ત તથા કપીલ તથા રામ તથા કૃષ્ણ કોઈ રહ્યા નહી તો અમે ક્યાં સુધી રહીશું ? માટે તેના મળેલ હશે ને તેનું દર્શન કરશે તો તેનું કલ્યાણ. એમ કહી મહારાજ બોલ્યા જે, ‘‘નારદ, શુકજી, હનુમાનજી કોઈ રહ્યાં નહીં તો અમારા મળેલ કયાં સુધી રહેશે ? માટે તેના મળેલ હશે અને તેનું દર્શન કરશે તો તેનું કલ્યાણ.’’અમારા સત્સંગીને જમાડશે અને એનું અનાજ જમશે અને તેનાં દર્શન કરશે તેનું પણ કલ્યાણ. તેના ગોળાનું પાણી પીશે તો તેનું પણ કલ્યાણ થાશે એમ કહી મહારાજ બોલ્યા જે, ‘સ્વામી ! આ દરબાર ઉપર થઈને જનાવર ઉડીને જાશે તો તેનું કલ્યાણ થશે. પછી મહારાજ બોલ્યા જે, ‘સ્વામી ! આ બાવળીયે શું પુણ્ય કર્યા હશે ? કે નિત્ય તેનું દાતણ અમારા ઉપયોગમાં આવે છે ? વળી મહારાજ બોલ્યા જે, આ ગાયું તથા ભેંશુએ શાં પુણ્ય કર્યા હશે જે, તેનું દૂધ તથા દહીં તથા ઘી અમારા ઉપયોગમાં આવે છે ? એમ

કહી મહારાજ બોલ્યા જે, આ સર્વ પશુનું કલ્યાણ થાશે. એમ મહારાજે મુક્તાનંદસ્વામી પાસે અક્ષરઓરડીમાં વાત કરી. ॥૩૫॥

એક વખત સવારમાં માઘ માસમાં **શુકસ્વામી** ઘેલે નાહીને શ્રીજીમહારાજ પાસે અક્ષરઓરડીમાં આવ્યા. સ્વામીની અવસ્થા નાની. વળી ઠંડે પાણીયે નાહીને આવ્યા તેથી ટાઢ બહુ જ ચડી હતી. તે જોઈ મહારાજે દાદાખાચરને પૂછ્યું જે, ''દાદા! આ વળીયું શેણે જડી છે ?'' દાદાખાચર કહે, 'મહારાજ ! ખીલે જડી છે.'' મહારાજ કહે, ''આ વળીયું નીસરે નહી, નહીંતો વળીયું કાઢીને આ સાધુને તપાડું.'' વળી મહારાજ બોલ્યા જે, ''આ ખપાટ્યું નીસરે નહી, નહી તો આ સાધુ ને તપાડું.'' તે સાંભળી દાદાખાચર દરબારમાં આવ્યા ને સુતારને બોલાવી એક મોટું લાકડું જુનું પડ્યું હતું તેના કટકા કરાવી અને એક મોટો ગોળો ફોડી તેમાં લાકડાનો તાપ કરી પોતે હાથે ઉપાડી મહારાજ પાસે અક્ષરઓરડીમાં લાવ્યા. તે જોઈ મહારાજ બોલ્યા જે, ''દાદા ! તે શાથી જાણ્યું ?'' દાદાખાચર કહે, ''મહારાજ ! તમે કહેતા હતા જે, આ વળીયું નીસરે નહી, નહી તો સાધુને તપાડું.'' પછી શ્રીજીમહારાજ સગડીયે તાપવા બેઠા અને સદ્‌ગુરુ સૌ આવ્યા અને શ્રીજીમહારાજ દાદાખાચર ઉપર બહુ જ રાજી થયા. ॥૩૬॥

અને તે વખતે **પીઠવડીથી** હરિજન મહારાજના દર્શને આવ્યા હતા. તેમણે જાણ્યું જે, મહારાજ બળતણથી બહુ જ રાજી થાય છે માટે આપણે ઘેર જઈ બળતણનાં ગાડાં ભરી લાવીયે. પછી સૌ હરિજન મહારાજની રજા લઈ પીઠવડી ગયા અને ત્યાંથી લાકડાના પાંચ સાત ગાડાં ભરી ગઢડા આવ્યા અને દરબારમાં ગાડાં છોડ્યાં. તે જોઈ અક્ષરઓરડીમાં શ્રીજીમહારાજને કોઈકે ખબર કરી જે, મહારાજ ! લાકડાનાં ગાડાં આવ્યાં છે. મહારાજ કહે, ''શું વળીયું આવી ?'' વળી તે માણસે કહ્યું કે, 'ના મહારાજ ! લાકડાનાં ગાડાં આવ્યાં છે. મહારાજ કહે, ''શું વાંસડા આવ્યા છે ?'' તેણે કહ્યું, 'ના મહારાજ ! પીઠવડીથી લાકડાનાં ગાડાં આવ્યાં છે.' તે સાંભળી મહારાજ દરબારમાં પધાર્યા ને બહુ જ પ્રસન્ન થયા. પછી હરિજનને મહારાજ પોતાની સાથે અક્ષરઓરડીમાં લઈ ગયા અને મહારાજે કહ્યું જે, ''**ભગા ! મુળા ! માચા ! રુડા!** તમો મારી સારુ સોનાનાં કાંસા લાવ્યા.'' એમ કહી મહારાજ બાથમાં ઘાલી સૌને મળ્યા અને છાતીમાં ચરણાર્વિંદ આપ્યાં અને થાળ જમી સૌને પ્રસાદી આપી. તે સમે **સચ્ચિદાનંદસ્વામી** ઉગમણાબારના ઓરડાની ઓસરીયે બેઠા હતા. પછી હરિજન અક્ષરઓરડીમાંથી દરબારમાં આવ્યા ત્યારે સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે, 'ભકતો !

કાંઈ જાણ્યું ?' સર્વ હરિજન કહે, 'હા સ્વામી, મહારાજ ! અમારી ઉપર બહુ જ પ્રસન્ન થયા અને છાતીમાં ચરણાર્વિંદ આપ્યાં અને થાળ જમીને પ્રસાદી આપી.' ત્યારે સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે, 'તમને આટલું બધું કહ્યું પણ મને એમ કહે જે, 'આવ્ય સચ્ચિદાનંદ' એટલું જો કહે તો આકાશ ને પાતાળ બેઉ ભેગાં કરી દઉં.' ॥૩૭॥

એક વખત દરબારમાં ભાગવતની કથા વંચાતી હતી. તેમાં દશમસ્કંધ વંચાતો હતો. પછી તેમાં ગોપીયો તથા ગોપનું બહુ જ મહાત્મ્ય આવ્યું જે, ગોપીયો તથા ગોપે ભગવાનને ખરેખરા પ્રસન્ન કર્યા. ત્યારે લાડુબા બોલ્યાં જે, 'ગોપીયોનાં તથા ગોપનાં બહુ મોટાં ભાગ્ય.' એમ કહી રાત્રે પોતે સુઈ ગયાં. તે વખતે ગોપીયો આવી ચરણાર્વિંદ ચાંપવા મંડી. ત્યારે લાડુબા જાગ્યાં અને પૂછ્યું જે, 'તમે કોણ છે ?' ત્યારે તે બોલ્યાં જે, 'અમે ગોપીયું છીયે અને અમે તમારો મહીમા જાણીયે છીયે જે, તમને પુરુષોત્તમ મળ્યા છે.' એમ ગોપીઓએ કહ્યું એટલે લાડુબાને યથાર્થ મહિમા સમજાયો જે, સર્વ કારણના કારણ શ્રીજીમહારાજ છે. એવી પોતાને દ્રઢતા થઈ. ॥૩૮॥

એક વખત ભાગવતની કથા થતી હતી અને ત્યાં દુર્વાસા વ્રજમાં આવ્યા અને ભગવાને ગોપીયોને અન્નના થાળ ભરીને દુર્વાસાને જમાડવા મોકલી. પછી દુર્વાસા સર્વગોપીયોના થાળ જમી ગયા અને ઉપવાસી કહેવાણા. તે સાંભળી લાડુબા બોલ્યા જે, 'મહારાજ ! વ્યાસજીએ ઠીક ડીંગ માર્યા છે. બધા થાળ જમી ગયા ને ઉપવાસી કહેવાણા. તે સત્ય મનાય ?' ત્યારે મહારાજ કહે, 'લાડુબા ! તે વાત તમે અત્યારે નહીં માનો પણ કોઈક સમે દેખાડશું.'' એમ કહી મહારાજે કથાનો પ્રસંગ ચાલુ કર્યો. ॥૩૯॥

એક દિવસ શ્રીજીમહારાજ લાડુબાને ઓરડે જમવા પધાર્યા હતા. ત્યારે શ્રીજીમહારાજ પાસે લાડુબાએ જમવાનો થાળ મૂક્યો પણ પોતાના મનમાં ઘણા દિવસથી સંકલ્પ હતો જે, 'મારે મહારાજને પૂછવું છે.' પછી હાથ જોડીને વિનંતીપૂર્વક બોલ્યા જે, મહારાજ ! તમને કૃષ્ણાવતારમાં કો નવરાવતું ને કોણ જમાડતું ? તે સાંભળી મહારાજ બોલ્યા જે, 'લાડુબા ! હું તમારે ઘરે આટલા વર્ષથી રહ્યો ને તમે મારો મહિમા કાંઈ જાણયો નહી.'' એમ કહી મહારાજ હસ્યા. પછી લાડુબાને મહારાજે કહ્યું જે, 'હું સર્વ અવતારનો અવતારી છું અને ક્યારેય આ પૃથ્વી ઉપર આવ્યો નથી ને આવીશ નહી.'' તે સાંભળી લાડુબા હાથ જોડીને બોલ્યાં જે, ''મહારાજ તમે મારી ખોટ ઓળખાવી.'' ॥૪૦॥

અહીં ગોપીનાથજી મહારાજનું મંદિર ચણાતું હતું ને પથ્થર ચઢાવવા માટે કંપો

બાંધ્યો હતો. તે મોટો પથ્થર ચઢાવવા માટે સૌ દોર ખેંચતા હતા. તે પથ્થરનું વજન બહુ તેથી દોરડાની સરુ તુટવા માંડી. તે જોઈ મહારાજ બોલ્યા જે, ‘‘દોરડું તુટ્યું તુટ્યું’’ તે સાંભળી લાડુબા બોલ્યા જે, ‘મહારાજ ! મારા વાડામાં મોટો દોર પડ્યો છે માટે કોઈ પાર્ષદને મોકલો લઈ આવે.’’ તે શબ્દ સાંભળી તેમનાં એક કલુ કરીને સેવિકા હતાં. તે એકદમ વાડામાં દોડ્યાં ગયાં અને દોર લઈ કોઠીમાં નાખી ઢાંકણું ઢાંકી દીધું અને પછી આવી લાડુબાના પડખામાં બેસી ગયાં અને પાર્ષદ દોર લેવા વાડામાં ગયા પણ દોર ક્યાંય નજરે ચડ્યો નહી. અને પાર્ષદ પાછા આવ્યા ત્યારે મહારાજને કહ્યું જે, ‘મહારાજ ! ત્યાં દોર નથી.’ મહારાજ કહે, ‘અમે મોટીબા તથા લાડુબા પાસે એવા માણસ રાખ્યાં છે કે, એક દોરડું બગડવા દે નહી.’ તે સાંભળી કલુ બોલી જે, ‘હા, મહારાજ ! હમણાં હું કોઠીમાં નાખી આવી છું.’ તે સાંભળી લાડુબા બોલ્યાં જે, ‘રાંડ ! એમ શા માટે કર્યું ?’ કલુ કહે, ‘આપણું દોરડું તોડવા આપું ?’ લાડુબા કહે, ‘જા, રાંડ ! કાઢી દે.’ પછી કલુ એ કોઠીમાં ઉતરી દોર કાઢીને મહારાજને આપ્યો અને કંપે બાંધ્યો. ॥૪૧॥

એક વખત શ્રીજીમહારાજ સભામાં વિરાજમાન હતા ને ભાદરવા માસમાં શ્રાદ્ધપક્ષ ચાલતાં હતાં. પછી સૌ સાંભળતાં શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘‘તમો સૌ પોતપોતાના માતાપિતાનું શ્રાદ્ધ કરો છો અને અમારે કોઈનું શ્રાદ્ધ કરવું નહી ને ?’’ તે સાંભળી મોટીબા, લાડુબા, તથા દાદાખાચર; ત્રણે જણ હાથ જોડીને બોલ્યાં જે, ‘હે મહારાજ ! તમે કહો તેનું શ્રાદ્ધ કરીયે.’ મહારાજ કહે, ‘અમારાં માતાજીનું શ્રાદ્ધ કરવું છે.’ પછી નોમ આવી ત્યારે વીશ પચીશ મણ દૂધ ભેગું કર્યું અને તેનો દૂધપાક કરાવ્યો અને સંતો પાસે સાતપડી રોટલી કરાવી. પછી મહારાજ કહે, ‘શ્રાદ્ધમાં એક પવિત્ર બ્રાહ્મણ જમાડવો જોઈયે.’ પછી મહારાજ કહે, ‘‘પવિત્ર બ્રાહ્મણ કોણ હશે ?’’ પછી મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, ‘‘મુળજી બ્રહ્મચારી જેવો કોઈ પવિત્ર માણસ નથી.’’ પછી મહારાજે કહ્યું જે, ‘‘મુળજી બ્રહ્મચારી ! તમે પહેલા જમી લ્યો પછી મારે શ્રાદ્ધ નાખવું છે.’’ બ્રહ્મચારી કહે, ‘તમને જમાડ્યા વિના મારે જમાય નહિ.’ મહારાજ કહે, ‘‘આજે અમારાં માતાજીનું શ્રાદ્ધ છે માટે તમે જમો.’’ બ્રહ્મચારી કહે, ‘‘ઉગમણો સૂર્ય ઉગે છે પણ આથમણો ઉગે તો પણ તમને જમાડ્યા વગર નહિ જમું.’’ પછી મહારાજ પણ હઠ ઝાલીને બેઠા જે, ‘‘બ્રહ્મચારીને જમાડ્યા વગર શ્રાદ્ધ નહી નાખું.’’ અહીં દરબારમાં સંતની પંક્તિ જમવા માટે તૈયાર થઈ હતી અને દૂધપાકના તપેલાં તથા રોટલીના તાસડા ભરી મેલ્યાં હતા. પછી મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામીએ બ્રહ્મચારીને ખુબ સમજાવ્યા જે, ‘મહારાજ ! તમને જમાડ્યા

વગર છૂટકો નહીં કરે અને આ સંત બધા પાત્ર ઉપર બેઠા છે; માટે મહારાજ રાજી થાય તેમ કરો.'' પછી બ્રહ્મચારીએ તેમના સેવક વૈકુંઠબ્રહ્મચારીને કહ્યું જે, ''લાવ, વૈકુંઠીયા ! હું જમું.'' અમથા મહારાજ કેડ નહી મૂકે.' એમ કહી બે ગ્રાસ જમ્યા. પછી મહારાજ દૂધપાક તથા રોટલી પાત્રમાં ચોળીને હાથમાં થાળી લઈ અંતરવાસ છેડો નાખી ઉત્તરાદાબારના ઓરડા ઉપર વાશ નાખવા મંડ્યા. તે પ્રસાદી લેવા માટે દેવો બધા સમળીઓના સ્વરુપ ધારણ કરીને આવ્યા. તે મહારાજ જ્યાં ખોરડા ઉપર ઘા કરે ત્યાં અદ્ધરથી બધા પક્ષીઓ લઈ જાય. પછી સંતની પંક્તિ જ્યારે જમવા બેઠી ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું, 'કેમ, સ્વામી ! ઠીક ને ?' સ્વામી કહે, 'મહારાજ ! ગામમાં ચોરાશી કરે પણ એક બ્રાહ્મણ રહી જાય તો ચોરાશી કહેવાય નહી.' મહારાજ કહે, 'બ્રહ્મચારી જમાડ્યા. પાંચસે પરમહંસ જમાડ્યા. હવે કોણ બાકી છે ?' સ્વામી કહે, 'મહારાજ ! સચ્ચિદાનંદસ્વામીને ત્રણ દિવસ થયાં કાઢી મૂક્યાં છે. તે ઘેલાને સામે કાંઠે બેઠા છે.' મહારાજ કહે, 'બોલાવવા કોણ જાશે ?' તે સાંભળી માનજી લુલ્લા હતા તે એકદમ દોડ્યા અને નદીમાં જઈ છેટેથી બૂમ પાડી અને કહ્યું જે, 'હે સચ્ચિદાનંદસ્વામી ! તમોને મહારાજ બોલાવે છે.' તે સાંભળી એકદમ સચ્ચિદાનંદસ્વામી દરબારમાં આવ્યા અને મહારાજને બાથ લેવા દોડ્યા. પછી મહારાજે કહ્યું જે, ''અહીં બેસો'' પછી પંક્તિમાં જમવા બેઠા પણ પોતા પાસે કાંઈ પાત્ર નહીં. પછી મહારાજે એક તાંસ પડ્યો હતો તે સ્વામી પાસે મૂક્યો. પછી મહારાજે દૂધપાકના એક સાથે ત્રણ ડંકા ભરીને નાખ્યા અને એક ખડકલો રોટલીનો મેલ્યો. પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું કે, 'કેમ, સ્વામી હવે ?' સ્વામી કહે, 'મહારાજ ! હવે ચોરાશી પુરી થઈ રહી.' પછી સંતને ખૂબ દૂધપાક પૂરી તાણ કરી જમાડ્યા. ॥૪૨॥

દાદા ખાચરના ફૂઈ **સોમાબાઈ** કરીને હતાં. તે બહુ પ્રેમી ને બહુજ ભોળા જેવાં હતાં. પછી તેને રાજી કરવા માટે શ્રીજીમહારાજ મનુષ્ય ચરિત્ર કરતા. એક દિવસ સોમાબાઈ પોતાના ઘરમાં રોટલા મૂકવાનો માટીનો કોઠો હતો તેમાં રોટલા મૂકી અને ઘરના બારણાની સાંકળ દઈ પોતે ગામમાં કાંઈ કામ પ્રસંગે ગયા હતાં. પછી મહારાજ પછવાડેથી જઈ તેના ઓરડાના ઘરની સાંકળ ઉઘાડી કોઠામાં જે રોટલા પડ્યા હતા તેમાંથી થોડા થોડા જમી ગયા અને પછી કોઠો ઉઘાડો મૂકી એક ખુણે મહારાજ સંતાઈને ઉભા રહ્યા. તે સમે સોમાબાઈ ગામમાંથી આવ્યાં અને આવીને જુએ ત્યાં તો બધા રોટલા થોડા ખંડિત ભાળ્યા તે જોઈ સોમાબાઈ બોલ્યાં જે, 'મારો પીટ્યો મીંદડો, બધા રોટલા થોડા થોડા ખાઈ ગયો. કાલ આવે તો લાકડીયે મારું.' તે

સાંભળી મહારાજ બોલ્યા જે, ''સોમાબાઈ ! કોને ગાળ્યું દ્યો છો ?'' સોમાબાઈ કહે, 'પીટ્યો મીંદડો રોટલો ખાઈ ગયો.' મહારાજ કહે, ''સોમાબાઈ ! મીંદડો ક્યાં હતો ? તે તો અમો હતા.'' સોમાબાઈ કહે, 'અરે ! માડી મને કહેવું હતું ને ગાળું તો ન દેત, મેં તો મીંદડો જાણી ગાળો દીધી હતી.' એમ ઘણીકવાર મહારાજ તેમને રાજી કરતા હતા. ॥૪૩॥

એક દિવસ મહારાજે **સોમાબાઈ**ને કહ્યું જે, ''તમે સાધુને રસોઈ આપો.'' સોમાબાઈ કહે, 'મહારાજ ! શું રસોઈ આપું ?' મહારાજ કહે, ''દૂધપાક પુરીની રસોઈ આપો.'' સોમાબાઈ કહે, 'ઠીક, મહારાજ ! કાલે રસોઈ કરાવીશ.'' પછી દૂધ લેવા માંડવધાર ગયા. માંડવધારના રબારી બધા વીસામણના ભગત હતા. તેથી તેણે ના પાડી જે, 'અમે દૂધ નહી આપીએ.' સોમાબાઈ કહે, 'બમણા નાણાં લ્યો પણ દૂધ આપો.' રબારી કહે, 'ચારગણા આપો, પણ સ્વામિનારાયણને દૂધ નહી આપીયે.' પછી ગામમાંથી દૂધ ભેળું કરી રસોઈ આપી અને મહારાજને રાજી કર્યા. ॥૪૪॥

એક દિવસ **બ્રહ્માનંદસ્વામી** તથા **સુરાખાચરે** મહારાજને કહ્યું જે, 'મહારાજ ! સૌની પાસેથી રસોઈ લ્યો છો પણ તમે કયે દિવસ આપશો ?' મહારાજ કહે, 'બધી હું જ અપાવું છું ને ?' બ્રહ્માનંદસ્વામી તથા સુરાખાચરે કહ્યું, 'મહારાજ ! દૂધપાક પુરીની રસોઈ આપો.' મહારાજ કહે, ''મારે એક ઘરેથી દૂધ ભેળું કરી સંતને જમાડવા પણ મહીના પછી હમણા નહી.'' પછી પચીસ દિવસ થયા પણ મહારાજે વાત ઉચ્ચારી નહી. પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'મહારાજ ! મહીનો થવા આવ્યો પણ રસોઈ કયે દિવસ કરાવશો ?' પછી એક દિવસ આડો રહ્યો એટલે ગામ માંડવધારનો રબારી વઢીયાર જવા માટે તૈયાર થયો અને ઘરના માણસોને બોલાવીને કહ્યું જે, 'સ્વામિનારાયણવાળા દૂધ લેવા આવે તો આપશો નહી.' પછી મહારાજે વિચાર કર્યો જે, ''મારે તેની પાસેથી દૂધ લેવું.'' પછી મહારાજ તે રબારીનું રુપ ધારણ કરીને માંડવધાર રબારીને ઘરે ગયા. ત્યારે તે રબારીની ઘરવાળી બોલી, 'કેમ પાછા આવ્યા ? કહેતા હતા કે પંદર દિવસે આવીશ.' રબારી કહે, 'હું જતો હતો તે એક મોટો સર્પ સામો દોડ્યો આવતો હતો. તેને જોઈને હું લીંબડા ઉપર ચડી ગયો અને તે સર્પ લીંબડાને ફરતો આંટો ફરી ફેણ માંડી મારી સામો બેઠો. તે જો હું ઉતરું તો મને કરડે પછી મેં માનતા કરી જે, અહીંથી જો સર્પ ભાગી જાય તો સ્વામિનારાયણને દૂધપાકની રસોઈ આપીશ. પછી સર્પ ભાગી ગયો તે માટે તને હું કહેવા આવ્યો છું જે, આપણી ગાયોનું સાત આઠ મણ દૂધ થાય છે તે સવારમાં વહેલા દોહી તે દૂધ ગઢડા પહોંચાડજે.' બાઈ કહે, 'બહુ સારુ, ફીકર નહીં.' એમ વાતો કરે છે તે સાંભળી તે રબારીનો નાનો

ભાઈ આવ્યો અને બોલ્યો જે, 'શું બે જણાં વાતો કરો છો ભાભી ?' ત્યારે બાઈ કહે, 'તમારા ભાઈને કષ્ટ આવ્યું હતું તે માંડ જીવતા આવ્યા છે અને તેણે માનતા કરી છે જે, આપણી ગાયનું જેટલું દૂધ થાય તે સ્વામિનારાયણને પુગાડવું.' ત્યારે તેનો ભાઈ બોલ્યો જે, 'એમાં શું ? મારી ગાયોનું પણ ભેળું આપીશ.' પછી સવારમાં વેલી ગાયું દોહી અને દૂધના હાંડા સૌ ભરી દરબારમાં આવ્યા. તે જોઈ બ્રહ્માનંદસ્વામી તથા સુરાખાચર બોલ્યા; જે મહારાજે કોઈકમાં પ્રવેશ કરીને દૂધ મંગાવ્યું. મહારાજ કહે, 'દૂધ ઠાલવી લ્યો.'' પછી દૂધપાક કરી ઘઉંની રોટલી કરી સંતને જમાડ્યા અને થોડા દિવસ થયા એટલે તે રબારી વઢીયારમાંથી ગાયું લઈને આવ્યો અને બધું પૂછતાં કહ્યું જે, 'સ્વામિનારાયણને દૂધ નથી આપ્યું ને ?' બાઈ કહે, 'તમે કહી ગયા હતા ને દૂધ પૂગાડવાનું.' હું તો ના પાડી ગયો હતો ! બાઈ કહે, 'તમે જ કહેવા આવ્યા હતા.' પછી ઉપલી બધી વાત કહી દેખાડી. પછી તે રબારી કહે ચાલો, 'આપણે સ્વામિનારાયણને વઢવા જઈએ.' પછી ગઢડે આવી દરબારમાં મહારાજ સભામાં વિરાજમાન હતા ત્યાં દર્શન કર્યાં. અને મહારાજને કહેવા લાગ્યા જે, 'કેમ તમે અમારું દૂધ લીધું ?' મહારાજ કહે, 'તમે દેવા આવ્યા ત્યારે લીધું. અમે ક્યાં લેવા આવ્યા હતા ?'' પછી સૌ રબારીને શ્રીકૃષ્ણરુપે દર્શન દીધું ને વર્તમાન ધારી સત્સંગી થયા. તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા. ॥૪૫॥

ગઢડામાં શ્રીજીમહારાજ પાસે **દેવો** તથા **વીરો** કરીને બે ભગત રહેતા હતા. તે દિવસ બધો ખેતીનું કામ કરતા હતા અને તેનો ઉતારો **રામપ્રતાપજી** મહારાજને પડખે હતો અને રામપ્રતાપજી મહારાજ દોકડ વગાડી રાત બધી ગાવણું કરતા. એટલે દેવા તથા વીરાને ઊંઘ આવે નહી તેથી બેઉ જણે વિચાર કર્યો જે, 'રામપ્રતાપજીભાઈ ગાવણું કરતા આળસે તેમ કાંઈક કરીયે.' પછી બેઉ જણ રામપ્રતાપજીભાઈ પાસે જઈ પગે લાગ્યા અને ભાઈ ને કહ્યું જે, અમને મહારાજે કહેવા મોકલ્યા છે જે ગાવણું કરશો નહીં.' તે સાંભળી રામપ્રતાપજીભાઈ દોકડ બાંધી સૂઈ ગયા અને દેવો તથા વીરો સુખેથી સૂઈ ગયા. પછી સવારમાં ભાઈ સાબદા થઈ ચાલી નીકળ્યા. તેની ખબર મહારાજને કોઈએ કહી જે ભાઈ રીસાઈ ને ચાલ્યા ગયા છે. મહારાજે કહ્યું, ''કોઈએ કાંઈ કહ્યું હતું ?'' સૌ કહે, 'ના, મહારાજ ! અમે જાણતા નથી.' પછી મહારાજ કહે, ''પાછા વાળીયે.'' પછી મહારાજ માણકી ઘોડી ઉપર બેઠા અને **મુક્તાનંદસ્વામી**ને ગાડા ઉપર બેસાર્યા પછી સૌ ઉગામેડીયે ગયા. ત્યાં શ્રીજીમહારાજ ગામના પાદરના કુવે ઘોડી પાવા રહ્યા અને મુક્તાનંદસ્વામી ગામમાં ગયા. તે ભાઈ કણબીને ઘેર રસોઈ કરી જમીને વાંકીયાનું ગાડું કારીયાણી જતું હતું તેમાં બેઠા હતા. પછી

મુક્તાનંદસ્વામીએ સમજાવ્યા ને પાછા વાળ્યા. તે મહારાજે જોઈને ઘોડી પાછી વાળી ગઢપુર પધાર્યા અને મુક્તાનંદસ્વામી તથા ભાઈ એક ગાડામાં બેસી મહારાજની લીલાની વાતો કરતા કરતા ગઢપુર આવ્યા. પછી ભાઈ પોતાને ઉતારે ગયા અને મુક્તાનંદસ્વામી મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજ બોલ્યા જે, 'સ્વામી ! ભાઈ શા માટે રીસાણા હતા ?' સ્વામી કહે, 'મહારાજ ! મેં પૂછ્યું નથી.' મહારાજ કહે, "તે કોઈ સમાચાર લાવે ?" **પ્રેમાનંદસ્વામી** કહે, 'હા, મહારાજ ! હું લાવું. પછી..' પ્રેમાનંદ સ્વામી રાત્રે સતાર લઈ ગાવણું કરવા ગયા. તે એક કીર્તન જ્યાં બોલી રહ્યા. ત્યાં ભાઈ બેઠા થઈ પોતાના દોકડીયાં છોડી વગાડવા મંડ્યા. તે રાત બધી બેઉ જણે ગાવણું કર્યું અને સવારે ચાર વાગે ભાઈ રાજી થઈ પ્રેમાનંદ સ્વામીને મળ્યા અને કહ્યું જે, 'ઓર પ્રેમાનંદ માગ્ય.' સ્વામી કહે, 'કાલે તમે શા માટે રીસાણા હતા ?' પછી ભાઈ કહે, 'અમે અમારો દેશ છોડી કુટુંબ છોડી અહીં મહારાજના ગુણ ગાવા આવ્યા અને મહારાજે ગાવાની ના પાડી. એટલે અમે ચાલી નિસર્યા.' સ્વામી કહે, 'કોણે કહ્યું ?' ભાઈ કહે, 'દેવો તથા વીરો કહી ગયા જે, મહારાજે ગાવાની ના પાડી છે.' પછી સ્વામીએ મહારાજ પાસે આવી તે બધી વાત કરી. ત્યારે મહારાજ કહે, "બોલાવો દેવા તથા વીરાને અને ભાઈને અહીં બોલાવો." પછી ભાઈ દરબારમાં મહારાજ પાસે આવી ગાદી તકીયા ઉપર બેઠા. પછી મહારાજ બોલ્યા જે, "ભાઈ ! અમે જાણતા નથી ને કેમ દેવા તથા વીરા અમે તમને ના પાડી છે ?" દેવો તથા વીરો કહે, 'ના, મહારાજ ! તમે ના પાડી નથી પણ અમે દિવસ બધાના થાકેલા હોઈએ અને રાત બધી પડખે ભાઈ ગાવણું કરે તેથી ઊંઘ આવતી નહી. તેથી માંડ કરી બે દિવસથી સુખે ઊંઘીએ છીયે.' તે સાંભળી ભાઈ કોપાયમાન થયા જે, 'કાં તો દેવા વીરાને રાખો ને કાં તો મને રાખો.' પછી મહારાજે દેવા વીરાને છાની રીતે સમજાવ્યા જે માંડવધાર જતા રહો. પછી બેઉ જણ માંડવધાર ગયા. પછી બે ત્રણ દિવસ થયા એટલે ભાઈ ઘેલે નહાવા ગયા હતા. ત્યાં કોઈક પાપી માંછલા મારતા હતા તે જોઈ ભાઈના મનમાં વિચાર થયો જે, આ ભગવાનથી વિમુખ છે તે માટે પાપ કરે છે અને મેં દેવા વીરાને વિમુખ કરાવ્યા છે તે પણ આવું પાપ કરતા હશે ? પછી દરબારમાં આવી મહારાજને કહ્યું જે, 'મહારાજ ! દેવા તથા વીરાને બોલાવો.' પછી મહારાજ કહે, "ક્યાંઈ તે તો સાલેમાળમાં ઉતરી ગયા હશે." ભાઈ કહે, 'જ્યાં હોય ત્યાંથી બોલાવો.' ભાઈ કહે, 'હું નહાવા ગયો હતો ત્યાં કોઈ પાપી પાપ કરતા હતા અને દેવા વીરાને મેં વિમુખ કરાવ્યા છે તે પણ પાપ કરતા હશે માટે એને ઝટ બોલાવો.' પછી મહારાજે જનાર મનુષ્યને કહ્યું જે, 'બે ચાર દિવસ રોકાઈ પછી તેડીને આવજો.' પછી દેવો તથા વીરો

બન્ને જણ આવ્યા અને સભામાં ભાઈને દંડવત કરીને પગે લાગ્યા. ત્યારે ભાઈ બોલ્યા જે, 'અરે ! દેવા-વીરા ! ક્યાં ગયા હતા ?' ત્યારે બન્ને જણે કહ્યું કે, 'સાલેમાળ પર્વતમાં આઘા ઉતરી ગયા હતા.' પછી દેવે તથા વીરે રસોઈ આપી અને એક જોડ્ય ચરણાર્વિંદ ભાઈને આપ્યા અને ભાઈ રાજી થયા. ।।૪૬।।

હાલ **રાઘા વાવ** છે ત્યાં પ્રથમ બીડ હતું અને તેમાં ઈંગોરીયા તથા હરમાનાં ઝાડવાં હતાં. તે ખોદાવી શ્રીજીમહારાજે વાવેતર થાય તેવી જમીન કરાવી. પછી મહારાજે વિચાર કર્યો જે, 'અહીં એક વાવ કરાવી હોય તો સારું.' પછી દાદાખાચર તથા મોટીબા તથા લાડુબાને પૂછ્યું જે, 'આપણે એક વાવ કરાવવી છે?'' ત્રણે જણે કહ્યું જે, 'મહારાજ! તમે રાજી હોય તેમ કરાવવી.' પછી લાધા ઠકકરને મહારાજે બોલાવ્યા અને કહ્યું જે, ''આપણે ઉગામેડીને મારગે એક વાવ કરાવવી છે.'' લાધા ઠકકર કહે, 'મહારાજ ! અત્યારે દાડીયા મળતા નથી.' મહારાજ કહે, ''આપણા ચાળીસ પાર્ષદ છે તે બીજાનું કામ કરવા જાય છે તે વાવ્ય ખોદશે અને તેમને રોજનો એક-એક રૂપિયો આપવો અને ત્રણે વખત ખાવાનું આપવું.'' તે સાંભળી લાધા ઠકકરના મનમાં વિચાર થયો જે ''ઓય બાપલીયા, ત્રણ વખત ખાવાનું ને એક-એક રૂપિયો આપવો માટે આ તો રોજ સોસો રૂપિયાનું ખર્ચ થાશે.'' પછી મહારાજે બીજે દિવસે રાધાવાવે જઈ અને વાવની નિશાની કરી આપી. પછી બીજે દિવસે મહારાજ વરતાલ પધાર્યા અને પાછળથી પાર્ષદ વાવ ખોદવા મંડ્યા. તે થોડા દિવસમાં વાવ ખોદી રહ્યા તે જ ઠેકાણે મહારાજને કુવો કરાવવો હતો. તે ઠેકાણે નાળ કરી અને નાળને ઠેકાણે કુવો ખોદ્યો. પછી મહારાજ વરતાલથી ગઢડા પધાર્યા અને વાવ જોઈને દરબારમાં પધાર્યા અને સભામાં મહારાજે કહ્યું જે કોઈ પાર્ષદને બોલાવી લાવે. ત્યારે બેચર ચાવડે કહ્યું જે, 'હું બોલાવું,' મહારાજ કહે, ''દોડ્યા જઈને છેટેથી બૂમ મારજો જે સૌ બહાર નીકળો મહારાજ તમારી ઉપર રાજી થયા છે માટે તમને બોલાવે છે.'' તે સાંભળી સૌ પાર્ષદ બહાર નીસર્યા અને સૌ બહાર આવી ઊભા રહ્યા ને તેણે જેટલો કુવો ગાળ્યો હતો તેની ભેખડ પડીને તે કુવો બધો પૂરાઈ ગયો. પછી સૌ દરબારમાં મહારાજ પાસે આવ્યા. પછી મહારાજે સાતપડા ઘઉંના રોટલા કરાવ્યા અને પાર્ષદની પંક્તિ કરી ધારે ઘી ને ગોળ મહારાજે પીરસ્યું. પછી સૌ સભામાં મહારાજ પાસે આવીને બેઠા. પછી મહારાજે કહ્યું જે, ''તમારો ચાળીશનો કાળ આવી રહ્યો હતો એટલા માટે તમને સૌને બોલાવ્યા'' અને બેચર ચાવડાને મહારાજે લીંબડા હેઠે ઉભા રાખીને દહીં ને સાકરની તાંસળી ભરીને પાઈ. પછી બીજે દિવસ પાર્ષદે જઈ તમામ

કુવો ગાળી નાખ્યો. ।।૪૭।।

એક વખત મહારાજે ફૂલડોળનો સમૈયો કર્યો હતો. પછી મહારાજે સૌ સંતને રંગે રમવાની આજ્ઞા કરી ત્યાં એક તરફ **મહારાજ** તથા સખા અને એક તરફ **નિત્યાનંદસ્વામી** તથા **બ્રહ્માનંદસ્વામી** આદિક સંત. તેમાં એવો ઠરાવ બાંધેલ જે હારે તેનાં વસ્ત્ર ઉતારી લેવાં. પછી રમતાં રમતાં શ્રીજીમહારાજને સંતે હરાવ્યા અને નિત્યાનંદસ્વામીએ મહારાજના હાથમાંથી સોનાનાં કડાં કાઢી લીધાં અને મહારાજને સંતે રંગે રમાડી ખુબ અકળાવ્યા એટલે મહારાજ લીંબડે ઉપર ચડી ગયા અને સૌ બાઈઓ દર્શન કરવા માટે એક તરફ ઊભાં હતાં. પછી મહારાજને લિંબડેથી હેઠે ઉતારવા માટે મુળજી બ્રહ્મચારી ગયા અને બ્રહ્મચારીએ ડોસીયોને છેટે રહેવા માટે બૂમ પાડી પણ એક ડોશી બ્રહ્મચારીને જરા અડી ગઈ એટલે બ્રહ્મચારી બોલ્યા જે, 'આમે અડી ને આમે અડી.' એમ કહી બે હાથ પહોળા કરી બાઈઓ વચ્ચે માર્ગ કરી લિંબડાના થડમાં જઈ ઊભા રહ્યા અને મહારાજને કહ્યું જે, 'કૃપાનાથ ! મારા ખંધોળા ઉપર બેસો.' પછી મહારાજ બ્રહ્મચારીના ખંધોળા ઉપર બેસી લિંબડાથી હેઠે ઉતર્યા અને પરમહંસ તથા સખા સાથે ઘેલા નદીએ નહાવા પધાર્યા ને બ્રહ્મચારીએ બીજે દિવસે પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કર્યો. ।।૪૮।।

એક વખતે મહારાજે **કમળશી વાણીયા**ને કહ્યું જે, ''તને તાંબડી ટપતાં આવડે છે ?'' કમળશી કહે, 'હા.' પછી ત્રણ તાંબડી ઉપરાઉપર ચડાવી અને મહારાજે કહ્યું જે, 'લે, હું તાંબડી ઝાલી રાખું પડે નહીં.'' પછી મહારાજ તાંબડીયો ઝાલી નીચે બેઠા અને કમળશી દરબારમાં છેટે જઈને દોડ્યો ને જ્યાં તાંબડી ટપવા જાય ત્યાં મહારાજે તેને ધક્કો માર્યો તે પડી ગયો. તેથી શરમાણો ને ભોંય ઉપર બેસી ગયો ને મહારાજ અક્ષર ઓરડીમાં પધાર્યા. પછી કમળશી ઉઠીને તેને ઘરે ગયો. પછી ઘરે જઈને મહારાજ પાસે આવ્યો જે, 'મહારાજ ! મને વાગ્યું.' મહારાજ કહે, 'તને ટપતાં નથી આવડતું ને શા માટે તેં હા પાડી ?'' પછી કાઠી સૌ ઠેકડી કરવા મંડ્યા જે, 'ભણે વાણીયા ! તારી લાજ ગઈ.' એમ કહી સૌ હસવા મંડ્યા અને તેની ઘરવાળી તેને ઠપકો દેવા મંડી જે, 'તમને તાંબડીયું ટપતાં આવડે ? જે તમે તાંબડી ટપવા ગયા.' એમ શિખામણના વચનો કહેવા લાગી. ।।૪૯।।

એક સમે મહારાજ **કમળશી શેઠ** ઉપર બહુ રાજી થયા અને કહ્યું જે, ''વર માગ.'' ત્યારે કમળશી બોલ્યો જે, મહારાજ ! પાણીને લોટ બે દેજો.' મહારાજ કહે, ''તે તો તારા કરમમાં છે માટે બીજું સારું માગ્યે.'' તો પણ તેણે કહ્યું જે, 'ના,

મહારાજ ! મારે તે જ જોવે છે.' પછી મહારાજે તે વર આપ્યો કે, ''જા, તને લોટ પાણી મળશે.'' તે ત્રણ પેઢી સુધી રહ્યું. ॥૫૦॥

ગામ **વસો**ના **ગીરધરભાઈ પાટીદાર** તથા **સીંજીવાડા**ના **જગરુપ બારોટ** બન્ને જણ ગઢપુર મહારાજના દર્શન માટે આવ્યા. તેનું કારણ જે ગીરધરભાઈએ પોતાને રહેવા માટે હવેલી કરાવી હતી તે પોતાને એવો સંકલ્પ હતો જે શ્રીજીમહારાજ તથા સંતને પધરાવી વાસ્તુ કરાવવું. એવા સંકલ્પથી ગઢપુર આવ્યા હતા. પછી દરબારમાં આવી શ્રીજીમહારાજને દંડવત પ્રણામ કરી પગે લાગ્યા અને સભામાં ગીરધરભાઈ બોલ્યા જે, 'મહારાજ ! તમે મારે ઘેર શાના આવો ? તમે તો દાદાખાચરમાં બંધાઈ ગયા છો,' મહારાજ કહે, ''ગીરધરભાઈ ! તમારી છત મારે શા કામમાં આવે ? તમે કોઈ દિવસ મારા સંતને પાણી ગાળવા ગરણું પણ આપ્યું નથી અને મારા સંત ધજાયુંના ગરણાં કરે છે અને દાદાખાચર સર્વસ્વ મને અર્પણ કરીને બેઠા છે તેની ભેંશુનાં દૂધ તેની ગાયુંના દૂધ તથા દહીં તે મારા અર્થે તથા મારા સંતને અર્થે આપે છે.'' પછી ગીરધરભાઈ બહુ જ દીલગીર થઈ ગયા ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ ! ગીરધરભાઈ બહુ જ સારા હરિભક્ત છે અને તેમણે નવી હવેલી કરાવી છે. તેમાં તમને તથા સંતને પધરાવીને રસોઈ દેવી છે ને તમારી પૂજા કરવી છે. પછી તેઓ રહેવાને જશે.' પછી મહારાજ કહે, 'બહુ સારું, સ્વામી! ગીરધરભાઈને ત્યાં વસોમાં જઈ તેમને રાજી કરશું.' ॥૫૧॥

શ્રીજીમહારાજ **ગઢપુર**માં વિરાજમાન હતા અને **ભૂજથી ગંગારામ** વિગેરે મલ્લો મહારાજના દર્શને આવ્યા હતા. પછી મહારાજે ગંગારામ મલ્લ પાસે દરબારમાં મલ્લકુસ્તી કરાવી અને મહારાજે ગંગારામ મલ્લને મલ્લકુસ્તી શીખવાડી જે કોઈ કોઈના પેચમાં ન આવવું એમ મહારાજે તેને અંતર્યામીપણે વાર્તા કરી જે, ''ભૂજમાં એક પંજાબી મલ્લ આવશે અને તેની સાથે તમારે મલ્લયુદ્ધ કરવું પડશે અને તે દેવીનો ઉપાસક છે અને માંસાહારી છે અને નિત્ય અધમણ દૂધનો આહાર કરે છે અને તે ગળામાં એક માતાનો દોરો બાંધી રાખે છે માટે તમારી સાથે યુદ્ધ કરે ત્યારે તેના ગળાથી હાથ છોડાવી નાખજો અને તેનો ગળાનો દોરો ઝાલશો એટલે તે મૃત્યુ પામશે.'' પછી ગંગારામ ભૂજ ગયા અને તે મલ્લ ત્યાં આવેલ. પછી દરબારમાં તેની સાથે ગંગારામ મલ્લને યુદ્ધ કરવાનું આમંત્રણ આવ્યું. પછી ગંગારામ મલ્લ શ્રીજીમહારાજનું ધ્યાન કરીને તેની સાથે યુદ્ધ કરવા ગયા. પછી આખા શહેરનું માણસ જોવા માટે એકઠું થયું હતું. તે વખતે બન્ને જણ મલ્લયુદ્ધ કરતા કરતા પંજાબી મલ્લનો હાથ ગળાથી

છોડાવી નાખી ગંગારામ મલ્લે તેના ગળાનું દોરડું ઝાલીને તેને એક તરફ ફેંકી દીધો અને તે મૃત્યુને પામ્યો ને ગંગારામ મલ્લની જીત થઈ. પછી ભૂજના રાવે તેને જીવાઈ માટે વર્ષાસન બાંધી આપ્યું. ।।૫૨।।

એક વખત **ગઢપુર**માં શ્રીજીમહારાજ સંતની ધર્મશાળામાં પધાર્યા હતા અને ત્યાં સભા કરીને વિરાજમાન થયા પછી મહારાજ બોલ્યા જે, ''અહીંયાં રસોઈ બહુ જ અશુદ્ધ થાય છે માટે અમારે સંન્યાસી થવું છે.'' પછી મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને મહારાજે કહ્યું જે, ''અમારે અહીં રહેવું નથી.'' મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા સુરોખાચર બોલ્યા જે, 'મહારાજ ! જેવી તમારી મરજી,' મહારાજે પછી પોતાના વસ્ત્ર ઉતારી એક તરફ મૂક્યાં. પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ ! હવે તમારે ધાતુપાત્રને નહી અડાય.' માટે તુંબડું તથા પત્તર રાખવું જોશે. મહારાજ કહે, ''લાવો, તુંબડું તથા પત્તર.'' પછી સૌ સંતે લાવી મહારાજ પાસે મૂક્યાં અને નિષ્કુલાનંદસ્વામીએ વાંકી તુંબડી લઈ મહારાજ પાસે મૂકી. પછી મહારાજે વાંકી તુંબડી હાથમાં લીધી અને લુગડાની ઝોળી વાળી. તેમાં તુંબડી રાખી ખંભે ઝોળી ભરવી અને એક દંડ હાથમાં લીધો. પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ ! તુંબડી તો પાંસરી લ્યો.' મહારાજ કહે, 'વાંકી તુંબડીયે ક્યાં વાંકી ધાર થાય છે ?' પછી મહારાજના લુગડાં સુરાખાચરે ગાંઠે બાંધી લીધાં ને દરબારમાં ગયા અને મોટીબા તથા લાડુબાને વાત કરી જે, 'મહારાજ ! સંન્યાસી થઈ ગયા અને હવે ગામડામાં જશે.' તે સાંભળી લાડુબાએ સુરાખાચરને કહ્યું જે, 'અમોએ મહારાજનાં દર્શન બહુજ કર્યાં છે. પણ સંન્યાસી થયા તે દર્શન કર્યાં નથી. માટે મહારાજને કહો જે છેલ્લી વખત દર્શન આપતા જાય.' પછી સુરાખાચરે મહારાજને કહ્યું જે, 'મહારાજ ! દરબારમાં તો કોલાહલ થઈ રહ્યું છે જે મહારાજ સંન્યાસી થયા તે બહુજ સારું થયું. પણ એક વખત અમને દર્શન આપતા જાય.' પછી મહારાજ કહે, 'ચાલો, દર્શન દેવા જઈએ.'' પછી સંત તથા પાર્ષદ સહિત મહારાજ દરબારમાં પધાર્યા પછી મહારાજ વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીયે ચાકળો નાખી તે ઉપર વિરાજમાન થયા. પછી લાડુબાઈ બોલ્યાં જે, 'મહારાજ ! તમે સંન્યાસી થયા તે બહુજ સારું થયું તે હવે તમારે અગ્નિને અડાશે નહી અને અહીંયાં તો મોટીબા ને બે ચાર છોકરાં ને મારે બે ચાર છોકરાં તે અહીં ચોખ્ખું ક્યાંથી થાય ? અને બ્રાહ્મણીયું નાહી ધોહી ચોકા કરી તમારા સારુ તૈયાર રસોઈ કરીને બેઠી હશે.' એમ લાડુબા બોલ્યાં જે, 'રાતે છોકરાં ઝાડે ફરેલાં હશે. તે એક કોરે ઢાંકેલું હશે અને એક છોકરું ખોળામાં ઝાડે ફરેલું હશે તે લઈ રોટલા કરતી

હશે ને નાકમાંથી શેડા કાઢતી જતી હશે અને રોટલા કરતી હશે.' વગેરે ઘણી ઘણી અનાચારની વાતો કરી. તે સાંભળી મહારાજ બોલ્યા જે, "અરરર ! આવા ગોબરા ?" સુરોખાચર કહે, 'હા, મહારાજ ! ત્યાં તો એવું હોય.' તે વાત સાંભળી મહારાજને શંકા થઈ એટલે દંડ હાથમાં હતો. તે લીંબડા નીચે ઘા કરી નાખ્યો અને ભગવાં લૂગડાં જે પહેર્યા હતાં તે ફળીમાં ઉડાડી નાખ્યાં અને મહારાજ બોલ્યા જે, "લાવો, અમારાં લુગડાં પહેરવાં છે." પછી સુરોખાચર બોલ્યા જે, "લ્યો ! મહારાજ તૈયાર છે.' પછી મહારાજ પોતાના વસ્ત્ર પહેરી ઉતારે પધાર્યા. ॥૫૩॥

એક વખત મહારાજ **અક્ષરઓરડી**માં વિરાજમાન હતા અને કાંઈક કામ પ્રસંગ હશે, એટલે મહારાજે દાદાખાચરને સાદ કર્યો જે, "દાદો ક્યાં ?" એટલે દાદોખાચર પોતાની ડેલીયે હજામત કરાવતા હતા. તે મહારાજનો સાદ સાંભળીને દાદાખાચરે હજામને કહ્યું જે, 'રાખ્ય, હજામત કરવી ! ' મહારાજ બોલાવે છે.' પછી માથે લુગડું વીંટીને અક્ષરઓરડીએ આવ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, "દાદા ! ક્યાં હતો ?" દાદાખાચર કહે, 'મહારાજ ! હું હજામત કરાવતો હતો.' મહારાજ કહે, "હજામત કરાવી રહ્યો ?" ત્યારે કે, "ના, મહારાજ ! અડધી હજામત બાકી છે અને તમે સાદ કર્યો એટલે હું આવ્યો.' મહારાજ કહે, "જો ને અમારો કેટલો વિશ્વાસ છે હજામત પડતી મૂકીને આવ્યા." ॥૫૪॥

એક સમે મહારાજ **અક્ષરઓરડી**માં વિરાજમાન હતા અને દાદાખાચર ક્યાંક ગામ ગયા હતા. તે સમે દાદાખાચર ઉપર ભાવનગરથી હલ્લા આવી. તે જોઈ **સુરબાઈ** મહારાજ પાસે અક્ષરઓરડીમાં ગયાં અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! દાદો ઘરે નહી અને દરબાર ઉપર હલ્લા આવી છે." મહારાજ કહે, "સુરબાઈ ! કાંઈ ફીકર કરશો નહીં. હું એકલો હજારો જણાનો નાશ કરીશ." તે સાંભળી સુરબાઈ દરબારમાં આવ્યાં અને મહારાજ અક્ષરઓરડીમાંથી બખતર પહેરીને દરબારમાં આવ્યા. અને હાથમાં ઢાલ તથા તલવાર ધારણ કરી અને આવીને મહારાજે સુરબાઈને બોલાવ્યાં, મહારાજશ્રી કહે, "સુરબાઈ !" તે સાંભળી સુરબાઈએ મહારાજ સામું જોયું અને બોલ્યા જે, 'મહારાજ ! આ શું કર્યું ?' મહારાજ કહે, "તમે કહેતાં હતાં ને દાદો ઘરે નથી તે સાંભળી દાદાખાચરના ફઈ સોમાબાઈ હતાં તે પોતાને ઓઢવાનું વસ્ત્ર કેડે બાંધ્યું હતું અને હાથમાં સાંબેલું લીધું અને માથાના કેશ છુટા મૂક્યા અને કપાળમાં કંકુનો લેપ કર્યો અને મહારાજના પડખે આવીને ઉભાં રહ્યાં," તે જોઈ મહારાજ બોલ્યા જે, "આ શું ?" સોમાબાઈ કહે, "હું મહાકાળીનો અવતાર છું તે સર્વનો નાશ

કરું.'' પછી હલ્લા દાદાખાચરની ડેલીએ આવી અને બંદુકના અવાજ કરવા મંડ્યા. તેમાં જે મોટેરો જમાદાર હતો તેના દારુમાં દેવતા ઉડીને પડ્યો, એટલે તે જમાદાર ઉછળી ઉછળીને ઊંચો પડવા લાગ્યો. તે જોઈ બધી હલ્લા ભાગી ગઈ અને મહારાજ સુરબાઈ પાસે આવીને બોલ્યા જે, 'સુરબાઈ ! હલ્લાં બધી ભાગી ગઈ,'' સુરબાઈ કહે, ''મહારાજ ! તમારી આગળ કોનું ચાલે તેવું છે ?' એમ કહી પગે લાગ્યાં ને મહારાજ અક્ષર ઓરડીમાં પધાર્યા અને બખતર ઉતારી પોતાનાં શ્વેત વસ્ત્ર પહેર્યાં અને સોમાબાઈ પોતાને ઘરે ગયાં. એવી રીતે મહારાજે અસુરનો પરાજય કર્યો. ।।૫૫।।

એક વખત મહારાજ **લક્ષ્મીવાડીયે** પધાર્યા હતા અને ત્યાં વાડીમાં વૈતાક બહુજ સારાં થયાં હતાં. તે બે વૈતાક લાવી વાડીના રખવાળે મહારાજ પાસે મૂક્યાં. ત્યારે મહારાજ વૈતાક જોઈને બહુ જ રાજી થયા. પછી મહારાજ કહે, ''આ બે વૈતાક કોઈ દરબારમાં પહોંચાડે અને અમે આવીએ ત્યાં થાળ તૈયાર થાય,'' પછી બેચર ચાવડો કહે, 'લાવો, મહારાજ ! હું જાઉં.'' પછી વૈતાક લઈ બેચર ચાવડો દરબારમાં આવ્યા અને મોટીબાને કહ્યું જે, 'આ બે વૈતાકનો ઓળો કરો અને મહારાજ પધારે ત્યાં સુધીમાં થાળ તૈયાર કરો.' પછી મોટીબાએ વૈતાકનો ઓળો કરી બાજરીનો રોટલો સારો કરી અંદર ઘી ભર્યું. પછી મહારાજ વાડીયેથી દરબારમાં પધાર્યા અને થાળ જમીને બહુ જ રાજી થયા. ।।૫૬।।

દાદાખાચરને પરણાવવા માટે મહારાજે જાન જોડાવી અને **નાગાજણ રાવળ** કીર્તન બોલવા માંડ્યો જે *''નારી પીચાશા વાકિ મત કરો આશા'' બડેબડેકું વીગોયા વે...* તે સાંભળી મહારાજ બોલ્યા જે, ''માળા મૂરખ તું ને આ જ કીર્તન આવડે છે કે બીજા આવડે છે ? મેં માંડ માંડ દાદાને સમજાવીને ગાડીમાં બેસાર્યો અને તેં આ કીર્તન આદર્યાં. મહારાજ કહે, ''અત્યારે તું સીંધુ રાગના બોલ્ય'' પછી તે બીજા કીર્તન રસીક બોલવા માંડ્યો, ત્યારે મહારાજે સુરબાઈને કહ્યું જે, 'કેમ ? સુરબાઈ ! તમે રાજી થયાં ?'' સુરબાઈ કહે, 'મહારાજ ! મારો દાદો પ્રથમ પરણ્યો ત્યારે આખું ગામ જમાડ્યું હતું અને આમ મારો દાદો છાનો માનો ન પરણે.' પછી મહારાજે લખુ કંદોઈ વગેરે કંદોઈને બોલાવ્યા અને શીરો તથા ગાંઠીયા કરાવી આખા ગામને જમાડ્યું અને મહારાજ જાન વળાવીને પાછળ માલપરા ગામે ભેગા થયા. ।।૫૭।।

મહારાજ થાળ જમતા હતા ને **શુકમુનિ** આવ્યા પછી મહારાજ થાળ જમીને બોલ્યા જે, 'લ્યો, શુકમુનિ ! થાળ.'' તે વખતે મુળજી બ્રહ્મચારી મહારાજ પાસે બેઠા

હતા. તે શુકમુનિ થાળની પ્રસાદી લેવા ગયા એટલે બ્રહ્મચારીએ આંખ્યું તાણી ત્યારે શુકમુનિ છેટે જઈને ઉભા રહ્યા. ત્યારે મહારાજ કહે, ''શુકમુનિ ! થાળ લ્યોને,'' પણ શુકમુનિ કાંઈ બોલે નહિ. પછી મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, ''શુકમુનિને થાળ દ્યો.'' ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે,'' લ્યો, કૃપાનાથ ! પછી શુકમુનિ થાળની પ્રસાદી લઈને મુક્તાનંદસ્વામી પાસે ગયા. ॥૫૮॥

એક વખત **શુકસ્વામી** લખતા હતા અને નહાવાનું મોડું થઈ ગયું. ત્યારે શુકમુનિ વિચાર કરવા મંડ્યા જે, ''અત્યારે સંગાત મળશે નહી ને કોની સાથે નાહવા જઈશ ?'' પછી મહારાજ શુકમુનિ પાસે આવ્યા અને બોલ્યા જે, ''શુકમુનિ ! શું વિચાર કરો છો ? અમે ક્યારેક નાહ્યા વગર ખાઈ લેતા.'' પછી શુકમુનિ ઉઠીને ભંડારમાં જમી આવ્યા ને પછી મોડેથી નાહવા ગયા. ॥૫૯॥

શ્રીજીમહારાજ દરબારમાં સભા કરીને વિરાજમાન હતા અને ચોમાસું હતું ને વરસાદ બહુ જ વરસતો હતો. તે જોઈ **જસુબાઈ** મહારાજ પાસે આવીને બોલ્યા જે, 'મહારાજ ! મારી માંડ્ય પલળે છે.' તે સાંભળી મહારાજ એકદમ ઉઠ્યા અને નાજા જોગીયાને કહ્યું જે, 'નિસરણી લાવ્ય.'' પણ નિસરણી હાથ આવી નહી ત્યારે મહારાજ બોલ્યા જે, ''મારા ખંભા ઉપર પગ દઈને ચડ્ય.'' પછી નાજા જોગીયે નિસરણી લાવીને ચુવાક બંધ કર્યો. ॥૬૦॥

વળી ઘડીક થયું ત્યાં **પાંચુબાઈ** આવ્યા અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મારા કોઠા ઉપર ચૂવે છે.' તુરત મહારાજ પાંચુબાઈના ઓરડામાં પધાર્યા અને મહારાજે કહ્યું જે, ''આ કોઠો આડો પાડો.'' પાંચુબાઈ કહે, 'મહારાજ! કોઠાના પાયા ભાંગી જાય.' મહારાજ કહે, 'કોઠા હેઠે મોટો નાગ છે.'' પછી કોઠો આડો પાડ્યો એટલે મોટો નાગ નીકળ્યો ને મહારાજની પાછળ ચાલ્યો અને મહારાજ દરબારમાં પધાર્યા અને નાગ મહારાજની પાછળ દરબારમાં ગયો. મહારાજ કહે, ''એક મોટો ગોળો લાવો. તેમાં નાગને પુરો.'' પછી ગોળાને વાંકો પાડી નાગ પાસે મેલ્યો એટલે નાગ પોતાની મેળે ગોળામાં પેઠો. પછી મહારાજે ઢાંકણી ઢંકાવીને મોં બંધાવ્યું ને મહારાજ કહે, ''નારણધરાને માથે મોટું નહેરું છે ત્યાં મૂકી આવો.'' પછી પાર્ષદ ગોળો માથે ઉપાડીને મૂકી આવ્યા. તે જોઈ રામપ્રતાપજી મહારાજને સંશય થયો જે, 'ઘરે ચીભડી નીંદવા લઈ ગયા હતા ત્યારે ચીભડી ખેંચી કાઢતા અને અહીં કાઠીના ઘરની નોકરી કરે છે. જે સર્પ ઝલાવે છે. ચુવાક બંધ કરાવે છે વગેરે કાઠીનું કામ કરે છે.' પછી મહારાજ અંતર્યામીપણે બોલ્યા જે, ''સૌ સભા સાંભળો જે, કેટલાકને સંકલ્પ થતા

હશે જે કાઠીની નોકરી કરે છે અને ઘેર કાંઈ કામ કરતા નથી. પણ આ કાઠી નથી આ તો સર્વેદેવ છે તે દેવની નોકરી હું કરું છું.'' પછી રામપ્રતાપજી મહારાજ પોતાના મનમાં સમજ્યા જે, મહારાજે મારી ઉપર વાત કરી. ॥૬૧॥

મહારાજ **ગઢપુર**માં વિરાજમાન હતા અને ગામ **સરધારથી હશનભાઈ** તથા **નાથા**ને તેની માએ પોઠીયા ઉપર છાલકામાં બેસારી ગઢપુર લાવ્યાં અને દરબારમાં આવી છાલકું હેઠું ઉતાર્યું. તેમાંથી બન્ને ભાઈને બહાર કાઢ્યા. તે હશનભાઈ આઠવંકા હતા અને તેનો ભાઈ નાથો મુંગો હતો. તેને જોઈને બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, ''મૂંક કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્ । યત્કૃપા તમહં વન્દે પરમાનન્દ માધવમ્ ॥'' પછી મહારાજે હસનભાઈના બે પગ ઉપર પોતાના બે પગ દબાવીને ડોક ઝાલીને ખેંચ્યો અને પછી મહારાજે ધક્કો માર્યો એટલે ચાલવા શીખ્યા અને મહારાજે કાઠીયોને કહ્યું જે, ''એક ચકલી ઝાલીને નાથાનું મોં ફાડી અંદર ચકલી બોલાવો.'' પછી કાઠીએ ચકલી ઝાલીને નાથાનું મોંઢું ફાડીને અંદર ચકલી બોલાવી એટલે નાથો બોલવા શીખ્યો. પછી બન્ને ભાઈ વાડીયે સેવા કરવા મંડ્યા. ॥૬૨॥

એક વખત **હશનભાઈ** એકાદશી રહ્યા હતા અને સાંજ વખતે ભૂખ બહુ જ લાગી હતી. પછી મોટીબાને આવીને કહ્યું કે, 'બા ! મને ફરાળ આપો. મને બહુ જ ભૂખ લાગી છે.' ત્યારે મોટીબા કહે, 'આ કોઠીમાં ચણ્યા છે તે શેકીને ખા.' પછી ચણ્યાને થીબડીમાં નાખી ઉપર દેવતા મૂકયો અને વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીયે બેસીને ચણા શેકતા હતા. તે વખતે મહારાજ લક્ષ્મીવાડીથી દરબારમાં આવ્યા અને ચોપદાર છડી બોલ્યો એટલે હશનભાઈને મહારાજની બીક લાગી જે, 'મહારાજ ! ભાળશે તો મને ખીજશે.' એમ જાણી પોતે ભાગ્યા તે હાથમાંથી ચણ્યાની ઠીબડી પડી ગઈ ને ફળીમાં દેવતા તથા ચણા વેરાઈ ગયા અને મહારાજ દરબારમાં પધાર્યા પછી મહારાજે મોટીબાને પૂછ્યું જે, ''આ ચણ્યા કોણે ઢોળ્યા છે ?'' મોટી બા કહે, 'મહારાજ ! હશનો ભૂખ્યો થયો હતો. તે ફરાળ માટે ચણા શેકતો હતો તે આવ્યા એટલે ભાગી ગયો છે.' પછી મહારાજ કહે, ''બોલાવો હશનને.'' પછી વાડામાં હશનભાઈ સંતાણા હતા ત્યાંથી બોલાવ્યા અને મહારાજ પાસે હાથ જોડીને ઊભા રહ્યા તે થરથર શરીર ધ્રુજતું હતું. મહારાજ કહે, ''હશન ! કેમ ચણા ઢોળ્યા ?'' હશનભાઈ કહે, 'મહારાજ ! એકાદશી હું રહ્યો છું. તે ભૂખ્યો બહુ જ થયો છું. તે ફરાળ માટે ચણ્યા શેકતો હતો તે તમારા આવવાથી હું ભાગ્યો.' પછી મહારાજ કહે, ''જા એકટાણું કરજે.'' ॥૬૩॥

એક વખત **ગઢડામાં હશનભાઈ**એ તમાકુનો વેપાર કર્યો હતો. તેમાં પોતાને ખોટ જાય એમ જણાવ્યું એટલે **રામચંદ્ર** કરીને ગામ **રૂવાદ**ના બ્રાહ્મણ હતા તેને કહ્યું જે, 'આ તમાકુના વેપારમાં હાંસલ બહુ આવે તેમ છે માટે ગાડીયો ભરી સરધાર વેચવા જાઓ.' પછી ગાડા ભરી રામચંદ્રને હશનભાઈએ સરધાર મોકલ્યા અને મહારાજ સવારમાં નહાઈ ધોઈ પૂજા કરવા બેઠા. પછી મહારાજ કહે, ''રામચંદ્ર ક્યાં ?'' પછી કોઈએ કહ્યું જે, 'ભાંગ વેચવા મોકલ્યા,' મહારાજ કહે, ''અમારી પાસે વિષ્ણુસહસ્રનો પાઠ કરતા હતા અને તેને ત્યાં ક્યાં મોકલ્યા ? અને ગધાડાનો ભાર ગાય પાસે ક્યાં ઉપડાવ્યો ? માટે બે અસ્વાર જઈ પાછા વાળો.'' પછી બે અસ્વાર જઈ પાછા વાળી આવ્યા અને મહારાજે હશનભાઈને કહ્યું જે, 'લાભ રહે તોય તારે ને ખોટ્ય જાય તો તારે માથે.' **રામચંદ્ર** તથા **રત્નેશ્વર** તથા તેના માતુશ્રી ત્રણે જણ પોતાના ગામનો ત્યાગ કરી શ્રીજીમહારાજની સેવા માટે આવેલ હતા અને રામચંદ્ર શ્રીજીમહારાજ સવારમાં પૂજા કરવા બેસે ત્યારે વિષ્ણુસહસ્રનો પાઠ કરતા. પછી બન્ને ભાઈ બ્રહ્મચારી થયા. તે રામચંદ્રનું નામ **પુરુષોત્તમાનંદ** પાડ્યું અને **રત્નેશ્વર**નું નામ ગોવિંદાનંદ પાડ્યું હતું. ॥૬૪॥

હશનભાઈએ એક વખત ગઢપુરમાં વેપાર કર્યો હતો અને તેમાં ખોટ્ય જાય તેવું જણાયું. પછી શ્રીજીમહારાજે ગામમાં સાદ પડાવ્યો જે જેને હશન પાસે લેણું હોય તો સુખેથી લેશો પણ દાદાખાચરને ને હશનને કાંઈ લેવા દેવા નથી એવો સાદ પડાવ્યો. પછી હશનભાઈ વહેલા ઊઠીને ભાવનગર જતા રહ્યા અને વહાણમાં બેસી સુરત ઉતર્યા અને સુરતમાં ગોપાળાનંદસ્વામી હતા તેમના દર્શને ગયા. પછી ગોપાળાનંદસ્વામીએ પૂછ્યું, 'હશનભાઈ ! અહીં કેવા ?' હશનભાઈ કહે, 'ગઢપુરમાં શ્રીજીમહારાજે મારી લાજ લીધી.' સ્વામી કહે, 'હવે ક્યાં જાશો ?' હશનભાઈ કહે, મુંબઈ જઈશ અને ગવર્નરને મળીશ અને ગઢડા પરગણું ઈજારે લાવીશ અને ગઢડાની બજારમાં ઘોડાગાડીયે બેસીને જ્યારે નીકળું અને ગઢડાનું મહાજન મને સલામ ભરે ત્યારે મારી લાજ રહે. સ્વામી કહે, 'ગઢડામાં તારી લાજ જેણે લીધી તેને તમે શું જાણો છો ?' હશનભાઈ કહે, 'ભગવાન જાણું છું.' સ્વામી કહે, 'ગવર્નરનું અંતઃકરણ ફેરવી નાખશે તો તમે શું કરશો ?' પછી હશનભાઈ કહે, 'સ્વામી ! તમે કહો તેમ કરું ?' પછી સ્વામી વડતાલ તેડી ગયા અને ત્યાંના કોઠારી કર્યા. ॥૬૫॥

એક વખત **ગઢડામાં સ્વરુપાનંદસ્વામી**ના શરીરે તાવ બહુ જ આવ્યો અને શરીરમાં બળતરા બહુ જ થાતી હતી અને શ્રીજીમહારાજે મલીયાગર ચંદન ઘસાવી

પોતાના હાથે સ્વામીને ચરચ્યું તો પણ બળતરા મટી નહિ. પછી મહારાજ કહે, “સ્વામી ! આ દરબાર તથા ઓરડાનું તથા નળીયાનું ધ્યાન કરો.” પછી સ્વામીએ દરબારમાં શ્રીજીમહારાજ પાંચસો પરમહંસસહિત સભા કરીને બેઠા છે. એમ મહારાજની મૂર્તિ ધારી એટલે શરીરનો વ્યાધિ નાશ પામ્યો. તેનું કારણ મહારાજે દરબારનો મહિમા દેખાડ્યો અને સ્વરુપાનંદસ્વામીને આત્મનિષ્ઠાનું બળ વિશેષ હતું. તે એક સંતને તાવ આવ્યો હતો અને તે તાવના વ્યાધિમાં બહુ મૂંઝાતા હતા. પછી સ્વરુપાનંદસ્વામીએ તે સંતને કહ્યું, ‘મહાપુરુષ ! ક્યા બોલતે હો દેહ તો ખલકા હે’ તે પર શ્રીજીમહારાજે આ બધું દેખાડ્યું. ॥૬૬॥

શ્રીજીમહારાજ **અક્ષરઓરડી**માં વિરાજમાન હતા અને **મુક્તાનંદસ્વામી** મહારાજના દર્શને ગયા. પછી સ્વામીએ મહારાજને પૂછ્યું જે, ‘મહારાજ ! શાંતિ થાય તેવી વાત કરો.’ પછી મહારાજ ઘેરથી ચાલ્યા અને સાત વર્ષ વનમાં ફર્યા અને જે જે વનમાં ચરિત્ર કર્યાં તે સર્વે સ્વામીને કહી દેખાડ્યાં તો પણ સ્વામી કાંઈ સમજ્યા નહીં. પછી વળી બીજે દિવસે સ્વામી મહારાજના દર્શને ગયા અને મહારાજને પૂછ્યું જે, ‘મહારાજ ! શાંતિ થાય તેવી વાત કરો,’ મહારાજ કહે, “કાલે કરી હતી ને ?” તો પણ સ્વામી કાંઈ સમજ્યા નહી. પછી ત્રીજે દિવસે મહારાજના દર્શને ગયા ત્યારે મહારાજે કહ્યું જે, ‘સ્વામી ! ગુજરાતમાં ફરવા જાઓ.” પછી મહારાજે ગાડું જોડાવી દીધું એટલે સ્વામી ફરવા ચાલ્યા. પછી સૌ સદ્‌ગુરુ સ્વામીને વળાવવા ગયા. પછી રાધાવાવે જઈ સૌ સદ્‌ગુરુ સભા કરીને બેઠા અને મુક્તાનંદસ્વામીને ધાબળી પાથરીને તે ઉપર બેસાર્યા. પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, ‘સ્વામી ! તમને અચાનક મહારાજે ફરવાની આજ્ઞા કરી તે શું ?’ સ્વામી કહે, ‘હું ત્રણ દિવસ થયા મહારાજ પાસે જતો અને શાંતિ થયાની વાત પૂછતો એટલે મહારાજે ઉપર લખેલી વાત કહી. પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, ‘અહોહો ! આટલું બધું મહારાજને તમારી સાથે હેત અને હું જ્યારે પૂછું જે મહારાજ તમે વનમાં શાં શાં ચરિત્ર કર્યાં ? ત્યારે કહે જે હું ઘરેથી નીકળ્યો તે રામાનંદ સ્વામીને ભેગો થયો ને તમારી ઉપર બહુ જ હેત.’ પછી મુક્તાનંદ સ્વામી બહુ જ દિલગીર થઈ ગયા ને સૌ સંત પાછા ગઢડે આવ્યા અને મુક્તાનંદસ્વામી ચાલતા થયા. પછી નિત્યાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, ‘મહારાજ ! મુક્તાનંદસ્વામી ઉપર તમારે આટલું બધું હેત.’ પછી મહારાજ કહે, “સ્વામીને પાછા બોલાવો.” પછી બે સ્વારે જઈ સ્વામીને પાછા વાળ્યા. પછી સ્વામી ગઢપુર આવ્યા અને અક્ષરઓરડીમાં દર્શને ગયા ને પોતે કીર્તન કર્યું જે

*'ઠરવાનું ઠામ તમે મારું, બીજું સર્વે માયાનું એલારું રે'*
*ઠરવાનું ઠામ તમે મારું,*

તે કીર્તન સ્વામીએ કર્યાં. ॥૬૭॥

**ગઢપુરમાં ઈચ્છારામજી** મહારાજે દેહ ત્યાગ કર્યો અને વિમાનમાં બેસાર્યા. તે વખતે મહારાજે બ્રહ્માનંદસ્વામીને બોલાવ્યા ને મહારાજ કહે, ''કીર્તન બોલો *'લગાડી તેં પ્રીતિ લાલ રે પ્રીતલડી તેં તો લગાડી.'* તે કીર્તન બોલો'' પછી ત્યાં પણ તે કીર્તન બોલાવ્યું. પછી ઈચ્છારામજી મહારાજને દેન દેવા પધાર્યા. ત્યાં મહારાજ સભા કરીને વિરાજમાન થયા અને સ્વામીને કહ્યું ''લગાડી તેં પ્રીતિ લાલ રે'' તે કીર્તન બોલો પછી ત્યાં પણ તે કીર્તન બોલાવ્યું અને અગ્નિસંસ્કાર કરી દરબારમાં આવ્યા અને દરબારમાં સભા કરીને તે કીર્તન બોલાવ્યાં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''આ કીર્તનમાં જેવું કહ્યું છે તેવું ઈચ્છારામજીને મારી સાથે હેત હતું.'' ॥૬૮॥

એક વખત મહારાજ વાસુદેવનારાયણના ઓરડાના બારણા વચ્ચે ચાકળા ઉપર વિરાજમાન હતા અને એક સાકરના પાણીની તાંસળી ભરી અને એક લીંબડાની અંતરછાલના પાણીની તાંસળી ભરી. તે બેઉમાં આંગળી મહારાજ ફેરવતા હતા. પછી મુક્તાનંદસ્વામીને મહારાજે પૂછ્યું જે, ''સ્વામી ! સાકર સારી કે લીંબડો ? સ્વામી કહે ''મહારાજ ! સાકર સારી.'' મહારાજ કહે, ''જેને પંચ વિષયરુપી રોગ ટળી ગયો છે તેને સાકર સારી ને જેને પંચવિષયરુપી રોગ છે તેને લીંબડો સારો.'' તે ઉપર મહારાજે **નિષ્કુળાનંદસ્વામીનું ચોસઠ પદીનું** કીર્તન બોલાવ્યું જે *'કઠણ વચન કહું છું રે કડવા કાંકચ્યરુપ દરદીને ગોળી દઉં છું રે સુખ થાવા અનુપ'* તે કીર્તન મહારાજ બોલ્યા. ॥૬૯॥

એક વખત શ્રીજીમહારાજ વડતાલ પધાર્યા હતા અને અહીં **દાદાખાચર**ના ખળાં **જીવાખાચરે** રોકાવ્યાં હતાં અને મહારાજ વડતાલથી પધાર્યા પછી મહારાજે દાદાખાચરને પૂછ્યું જે, ''દાદા ! હજુ ખળાં કેમ પડ્યાં છે ?'' દાદોખાચર કહે, 'મહારાજ ! તમારી મરજી હશે.' મહારાજ કહે, ''મારી મરજી આવી હોય કે ? માગશર મહિના સુધી ખળાં તારાં પડ્યાં રહે ?'' દાદોખાચર કહે, 'હા, તમારી મરજી સિવાય કાંઈ થાય નહી.' એમ મહારાજને દાદાખાચર વાત કરે છે ત્યાં જીવોખાચર મહારાજને પગે લાગવા આવ્યા. પછી મહારાજે પૂછ્યું જે, ''જીવાખાચર ! ક્યાં જાઓ છો ?'' જીવોખાચર કહે, 'ભાવનગર ઘરકામે જાઉં છું.' મહારાજ કહે, ''તમે ઘરકામ

માટે જતા નથી તમે તો દાદાનું વાંકું બોલવા જાઓ છો.'' જીવોખાચર કહે, 'દાદો તો મારો દીકરો કહેવાય અને તેને હું વાંકું બોલું ?' મહારાજ કહે, ''તમે મને શું જાણો છો ?'' જીવોખાચર કહે, 'તમને હું ભગવાન જાણું છું.' મહારાજ કહે, ''તમે ભાવનગર જશો પણ રાજાનું અંતઃકરણ કોઈ ફેરવી નાખશે.'' પછી જીવોખાચર ભાવનગર ગયા અને વજેસિંહ દરબારને મળ્યા અને દરબારને કહ્યું જે, ''સ્વામિનારાયણ ગુજરાતમાંથી આવ્યા છે. તે સાથે બસો માણસ છે તે હુંબલો કરીને દાદાના ખળાં લઈ લેશે. માટે પચાશ પોલીસ મેલો તો તેમનાથી નામ લેવાય નહી.' તે સાંભળી દરબાર આકુળ વ્યાકુળ થઈ ગયા અને બોલ્યા જે, 'મેરુ દેસાઈને બોલાવ અને કાગળ ઝટ લખી આપ જે સ્વામિનારાયણ તો ભગવાન છે અને મારી ઉપર હુંબલો કરે. તો મારું ખોબલા જેટલું રાજ્ય જાય.' પછી દરબારે કાગળ લખી આપ્યો ને બે સ્વાર તૈયાર કર્યા અને સ્વારને કહ્યું જે, 'આ કાગળ સવારમાં સ્વામિનારાયણને પહોંચાડવો.' પછી સ્વાર બે ઉમરાળે આવ્યા અને ઉમરાળેથી બે સ્વાર ગઢપુર આવ્યા. અહીં મહારાજે રાત્રે લાધા ઠકરને તથા દાદાખાચરને બોલાવીને કહ્યું જે, 'સવારમાં આપણે ખળાં ભરવા જવાં છે તે વહેલો થાળ કરાવજો અને દાણા ભર્યાના બે માપ મંગાવો અને ખેડુને કહો એટલે સૌ તૈયાર થઈ રહે.' પછી લાધો ઠકર બોલ્યા જે, 'મહારાજ ! વીસ પોલીસ છે અને બીજા ચાળીશ સવારમાં મોકલશે તે માટે અહીંથી જીવોખાચર ગયા છે.' મહારાજ કહે, ''તારે ચિંતા નહી.'' પછી મહારાજ સવારે ચાર વાગે ઊઠી નહાઈ ધોઈ પૂજા કરી જમવા બેઠા અને મહારાજ કહે, ''દહીં લાવો. આજ મંગળીક કરવાં છે.'' પછી મહારાજ જમીને આથમણાબારના ઓરડાની ઓસરીયે થાંભલાને ઓઠીંગણ દઈને ચાકળા ઉપર વિરાજમાન થયા. તે વખતે ઉમરાળેથી બે સ્વાર આવ્યા અને મહારાજને પગે લાગી કાગળ આપ્યો. પછી મહારાજે લાધા ઠકરને કહ્યું જે, ''આ કાગળ વાંચો.'' પછી લાધા ઠકરે કાગળ વાંચી સંભળાવ્યો અને મહારાજ ખળાં ભરવા પધાર્યા. પછી જેવી જેને નીપજ હતી તે પ્રમાણે સૌના ખળામાં મહારાજે પરથારો મેલાવ્યો. આ વાત શ્રીજીમહારાજે વચનામૃતમાં લખી છે જે, ''**દાદાખાચરને થોડું જ આપત્કાળ જેવું આવ્યું હતું તો પણ જેનું અંતઃકરણ જેવું હતું તેવું સૌને જણાયું છે.**'' ॥૭૦॥

શ્રીજીમહારાજ ગુજરાતમાં પધાર્યા હતા અને અહીંયાં **દાદાખાચર** ને **એભલખાચર** સાથે કાંઈ બોલાચાલી થઈ તેથી દાદોખાચર તથા તેમની ચાર બહેનો રિસાઈને ચાલી નીકળ્યાં. તે રલીયાણાના માર્ગે જતાં તેમની ભેંશો ચરતી હતી ત્યાંથી એક સારી દુઝણી ભેંશ સાથે લીધી અને રલીયાણે જઈને રાત રહ્યા. અને ચાલતી

વખતે પટારામાંથી એંશી રૂપિયા લીધા હતા. પછી સાંજે ભરવાડે આવીને એભલખાચરને કહ્યું જે, 'દાદો આપણી ભેંશ લઈ ગયો.' તે સાંભળી એભલખાચર બોલ્યા જે, 'જા, આ પાડી મેલી આવ્ય. નહીંતર ભેંશ દોહવા નહીં દે અને છોરડાં દૂધ વિના શેમાં ખાશે ?' પછી ભરવાડ રાતે જઈ પાડી મેલી આવ્યો અને સવારે પાંચે જણ ગાડું જોડાવી ગામ ગોખલાણે ગયાં અને ત્યાં પાંચ પંદર દિવસ રહ્યા. પછી મહારાજ ગુજરાતમાંથી પધાર્યા અને મહારાજને ભાળી પાંચે જણ રડી પડ્યાં. પછી મહારાજે સમજાવીને શાંત પાડ્યાં પછી બીજે દિવસે મહારાજ બોલ્યા જે, ''અમે અહીંથી જાશું કેમકે અમો અહીં રહીયે તો મેમાન આવે. તેને શું ખવરાવીએ અને તમારી પાસે શું છે ?'' દાદોખાચર કહે, ''મહારાજ ! ચાલતી વખતે એંશી રૂપિયા લીધા છે તે ખાતાં ખાતાં બાર રૂપિયા રહ્યા છે.' મહારાજ કહે, ''અમારે કાઠી દર્શને આવે તેને દૂધ ચોખા ને સાકર ખવરાવવી જોઈએ.'' એમ મહારાજે કહ્યું પછી મહારાજ માટે થાળ કર્યો. તે મહારાજ જમવા બેઠા. તે વખતે એક દશ વર્ષની કન્યા હાથમાં રૂપાની થાળી તેમાં સવાસોં રૂપિયા અને તુલસીપત્ર અંદર નાખેલું તથા કંકુ અંદર નાંખેલું અને શ્રીજીમહારાજ જમતા હતા ત્યાં આવીને ઉભી રહી. તે જોઈ મોટીબા તથા લાડુબા એક બીજા સામું જોવા મંડ્યાં. ત્યારે મહારાજ બોલ્યા જે, ''શું જોવા મંડ્યા છો ?'' પછી લાડુબાએ તે બાઈના હાથમાંથી તે થાળી લઈ લીધી એટલે બાઈ અદશ્ય થઈ ગયાં. પછી મહારાજ કહે, ''આટલા રૂપિયા વાપરો. ત્યાં સુધીમાં હું ગઢપુર ભેગાં કરીશ.'' પછી મહારાજે સુરખાચરને કહ્યું જે, ''તમે ગઢપુર જાઓ ને એભલખાચરને સમજાવો.'' પછી સુરોખાચર ગોખલાણેથી સ્વાર થઈ ગઢપુર આવ્યા. અને ગામના પાદરથી ઘોડી દોડાવી દરબારમાં આવ્યા એટલે ઘોડી પરસેવે પલળી ગઈ અને પોતે પરસેવેથી પલળી ગયેલા. પછી એભલખાચરે સુરાખાચરને ઘોડીયેથી હેઠા ઉતાર્યા. તરત સુરાખાચરે પોક મેલી. એભલખાચર કહે, શું છે ?' સુરાખાચર કહે, 'માઠા સમાચાર સાંભળી લોયેથી એકદમ આવ્યો છું,' એભલખાચર કહે, 'શું ?' સુરોખાચર કહે, 'દાદાને કોઈએ મારી નાખ્યો,' તે સાંભળી એભલખાચર આકુળ વ્યાકુળ થઈ ગયા અને સુરાખાચરને કહ્યું જે, 'દાદાને ક્યાંકથી ગોતી લાવો.' સુરોખાચર કહે, 'ક્યાંથી લાવું ?' પછી સુરોખાચર ગઢપુરથી ચાલ્યા અને ગોખલણે આવ્યા. પછી દાદાખાચરને તથા ચારે બહેનોને લઈ ગઢપુર આવ્યા અને એભલખાચરે સુરાખાચરને કહ્યું જે, 'તમે મને જીવિતદાન આપ્યું' અને બીજે દિવસે મહારાજ પધાર્યા. ॥૭૧॥

એક વાર મહારાજ **ગઢપુર**થી રીસાઈને ચાલી નીકળ્યા અને અહીંયાં સર્વેએ અન્ન જળનો ત્યાગ કર્યો. પછી **બ્રહ્માનંદસ્વામી** તથા **સુરોખાચર** મહારાજને પછવાડે

શોધ કરવા ગયા. તે જતાં જતાં મહારાજ વેજીશીયાળ પધાર્યા ને ત્યાંના **સગરામ ભગત**ને મહારાજે કહ્યું જે, ‘‘મારે છાનું રહેવું છે.’’ પછી ત્યાંથી મહારાજ **કાનેતર** પધાર્યા અને ત્યાં **સાર્દુળ** તથા **સગરામ** કરીને બે ભગત હતા. તેને ત્યાં ગયા. મહારાજ કહે, ‘‘મને તમારા ઘરમાં સંતાડશો?’’ સગરામ કહે, ‘‘મારા ઘરમાં કાંઈ પટારો કે કબાટ નથી. પઁણ મારા ભાઈના ઘરમાં કોઠી છે.’ પછી મહારાજ વંડી ટપીને તેના ભાઈને ઘેર ગયા અને વંડી ટપતાં મહારાજની મોજડી પડી ગઈ. ત્યારે સાર્દુળ ભગત બોલ્યો જે, ‘મહારાજ બીજી મોજડી નાંખો નહીતર સ્વામીને કહી દઈશ.’ પછી મહારાજે બીજી મોજડી ઉડાડી નાંખી તેટલી વારમાં બ્રહ્માનંદસ્વામી તથા સુરોખાચર આવી પહોંચ્યા. પ્રથમ ગામ વેજીશીયાળ ગયા હતા અને ત્યાંના હરિભગતને કહ્યું, ‘અહીં મહારાજ પધાર્યા છે ?’ પછી તેણે કહ્યું, ‘મહારાજ તો કાનેતર પધાર્યા છે.’ પછી સ્વામી તથા સુરોખાચર કાનેતર ગામ આવ્યા અને સગરામભગતને કહ્યું જે, ‘તારે ઘરે મહારાજ આવ્યા છે ?’ સગરામ કહે, ‘મારે ત્યાં નથી.’ સ્વામી કહે, ‘તારા ઘરની જડતી લેવી પડશે.’ ભગત કહે, ‘આ ઘર રહ્યું. જોઈ લ્યો.’ મહારાજે સાર્દુળ ભગતને કહ્યું જે, ‘મને ક્યાંક સંતાડ્ય,’ સાર્દુળ કહે, ‘મહારાજ ! આ કોઠી છે. તેમાં બેસી જાઓ.’ પછી મહારાજ કચરાની કોઠીમાં પેઠા અને બ્રહ્માનંદસ્વામી તથા સુરોખાચર સાર્દુળને ત્યાં આવ્યા ને સાર્દુળને કહ્યું જે, ‘અહીં મહારાજ છે ?’ તે સાંભળી સાર્દુળ કહે, ‘અહીં મહારાજ નથી.’ સ્વામી કહે, ‘તારા ઘરની જડતી લેવી છે.’ પછી કોઠીમાં બાઈઓના નવાં લુગડાંની પોટકી બાંધી હતી. તે છોડીને મહારાજે એક ઓઢવાનું ઓઢ્યું અને એક પહેર્યું ને બાઈઓના વચ્ચે ચાલ્યા. તે સમે બ્રહ્માનંદસ્વામી તથા સુરોખાચર ફળીમાં ખાટલા ઉપર બેઠા હતા. પછી ત્રણે જણ ઘર બહાર એક બીજાના હાથ ઝાલીને નીસર્યા. તે જોઈ સ્વામી બોલ્યા જે, ‘આ બે તો તમારા બે ભાઈના ઘરના પણ આ ત્રીજી કોણ છે ?’ તે સાંભળી મહારાજ હસ્યા. પછી બ્રહ્માનંદ સ્વામી મહારાજને જોઈને ઉભા રાખી કીર્તન બોલ્યા જે,

*વાતલડી રહોને રાતલડી વાલા પુછું એક વાતલડી*
*મોરલડી સાટે મનમોહન દીધું વેલણ કોણે દાતલડી*
*પીતાંબર માટે મારા પ્રીતમ સાડી લાવ્યા નવી ભાતલડી*

પછી નામાચરણ સ્વામી બોલ્યા જે–

*જેને ઘરે રજની તમે જાગ્યા કોણ હતી તેની જાતલડી*
*બ્રહ્માનંદ કહે સંશય થયો નહી ધન્ય છે તમારી છાતલડી*

પછી મહારાજને લઈને ગઢપુર પધાર્યા અને સૌને શાંતિ થઈ. ||૭૨||

એક વખત મહારાજે **ગઢપુર**માં વસંતપંચમીનો સમૈયો કર્યો હતો અને દેશાંતરોના હરિભક્ત દર્શને આવ્યા હતા અને ગામ **સારંગપુર**ના **વાઘોખાચર** તથા **અમરોખાચર** બન્ને ભાઈયે ગઢપુર આવવા વિચાર કર્યો. પણ પોતાને વ્યવહારે દુર્બળ સ્થિતિ બહુ. તેથી બન્ને જણે વિચાર કર્યો જે, 'આપણે મહારાજને શું ભેટ લઈ જશું?' પછી વાઘોખાચર બોલ્યા જે, 'આપણે ગરીબ છીએ. તે ફૂલ નહી તો ફૂલની પાંખડી.' પછી બે જગન્નાથીના તાકા લઈ મહારાજને પહેરવાનાં વસ્ત્ર બધાં કરાવ્યાં અને એક તાકો મહારાજને માથે પાઘડી બંધાવવા લીધો. પછી બન્ને ભાઈ ગઢપુર આવ્યા અને દરબારમાં મહારાજ સભા કરીને વિરાજમાન હતા. પછી મહારાજે આજ્ઞા કરી જે, 'જે પૂજા કરવી હોય તે કરો.'' પછી દેશાંતરના હરિભક્તો ભારે ભારે પોશાક તથા દાગીના લાવ્યા હતા. તે મહારાજને પહેરાવ્યા. આ બે ભાઈયો વિચાર કરે છે જે, 'આપણે આની આગળ શું હિસાબમાં ?માટે કાંઈ ઉભા થવું નહી.' પછી મહારાજ બોલ્યા જે, 'વાઘાખાચર ! અમરાખાચર ! લાવો, તમારો પોશાક.' પછી બન્નેએ કહ્યું જે, 'આ તો મહારાજે માગી લીધુ.' પછી મહારાજની પાસે જઈ વસ્ત્રની પોટલી છોડી એટલે મહારાજ બોલ્યા જે, 'વાઘાખાચર ! અમરાખાચર ! તમે શે જાણ્યું જે અત્યારે અમારે રંગ ઉડાડવો છે તે શ્વેત વસ્ત્ર જોઈએ. પણ બીજો પોશાક પહેરીને રંગે રમાય નહી.' પછી મહારાજ તેમનો પોશાક પહેરી રંગે રમ્યા. અને ઘેલે નહાવા પધાર્યા ને તેમનાં વસ્ત્ર પાછાં વાઘાખાચર તથા અમરાખાચરને આપ્યાં. પછી રાતે બે ભાઈ સુતા હતા. ત્યાં કપાસની વરખડીઓના જીવ આવી બોલવા મંડ્યા જે, **'ધન્ય છે વાઘાખાચર! ધન્ય છે અમરાખાચર** ! તમે અમારા જીવનો મોક્ષ કર્યો.' વાઘોખાચર કહે, 'તમે કોણ છો ?' ત્યારે તે બોલ્યા જે, 'અમે તમોએ મહારાજને વસ્ત્ર પહેરાવ્યાં તે કપાસની વરખડીયુંના જીવ છીએ. તે અમે મહારાજના ધામમાં જાઈએ છીએ.' પછી સવારે ઉઠીને મહારાજના દર્શને આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, 'કેમ વાઘાખાચર! આજ રાતમાં શું દેખાણું ?'' વાઘાખાચરે બધી વાત સભામાં કહી દેખાડી. ||૭૩||

મહારાજને રંગે રમવું હતું અને અક્ષરઓરડીમાંથી દરબારમાં પધારતા હતા. અને પાછળથી **રઘુવીરજી મહારાજ** રંગનો ઘડો ભરીને લાવ્યા એટલે મહારાજે રઘુવીરજી મહારાજનો હાથ ઝાલ્યો. અને કહ્યું જે, 'નહી,રઘુવીર ! નહી, રઘુવીર ! રઘુવીરજી મહારાજ કહે, 'મહારાજ ! રંગ નાખીશ.' પછી રઘુવીરજી મહારાજે મહારાજની ઉપર રંગનો ઘડો ઢોળ્યો ને રંગના ભર્યા મહારાજ દરબારમાં પધાર્યા અને સંત તથા હરિજન મહારાજ સાથે રંગે રમવા મંડ્યા. તે રમતાં રમતાં દરબારમાં

રંગના ગારાનો કીચડ થયો અને ઓરડાનાં નળીયાં બધાં લાલચોળ થઈ ગયાં. એટલી રંગની પીચકારી સંતોએ મહારાજ ઉપર ચલાવી હતી. પછી મહારાજ સખાસહિત ઘેલા નદીએ નાહવા પધાર્યા. ॥૭૪॥

એકવાર મહારાજ ઉગમણાબારના ઓરડે સભા કરીને વિરાજમાન થયા હતા. પછી મહારાજ બોલ્યા જે, ''અમારે આત્મનિવેદી કરવા છે.'' ત્યારે **ઝીણાભાઈ** કહે, 'મહારાજ ! હું આત્મનિવેદી થાઉં.' ત્યારે મહારાજ કહે, ''તમારી રસોઈ કોણ કરશે ?'' ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, 'વાલકી રસોઈ કરશે.' મહારાજ કહે, ''વાલકી કોણ ?'' ત્યારે ઝીણોબાઈ કહે, 'મારી ગોલી છે તે રસોઈ કરશે.' ત્યારે મહારાજ કહે, ''વાલકી રસોઈ કરે ને તમે આત્મનિવેદી થાઓ ?'' પછી જસુબાઈએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મારે ભટવદર જાવું નથી અને જો ભટવદર જાઉં તો હાથે રસોઈ કરીને જમું.' પછી મહારાજ કહે, ''અમારે જેને આત્મનિવેદી કરવા હતા તે થયા.'' તેનું કારણ જે મહારાજને દાદાખાચરને આત્મનિવેદી કરવા હતા. ॥૭૫॥

ગઢપુરમાં મહારાજ નિત્ય સવારમાં ઉઠી એક મોરને ચણ્ય નીરતા. તે જુવારની ટોપલી ભરીને પોતે ઢગલી કરે એટલે તે મોર આવીને મહારાજની સન્મુખ જુવાર ચણવા મંડે અને કોઈક વખત મોર બોલે ત્યારે કોઈ કેશે, 'મહારાજ ! તમારો મોર બોલ્યો.' ત્યારે મહારાજ કહે જે, ''અમારો મોર બોલે તે અમે ઓળખીયે છીયે. તે અમારો મોર સત્સંગી છે. અને આતો કુસંગી મોર બોલે છે.'' એમ મહારાજ કહેતા. ॥૭૬॥

ઉગમણાબારના ઓરડે મહારાજ સભા કરીને વિરાજમાન હતા અને માથેથી ચકલી ઉડીને ગઈ એટલે મહારાજ ઝબકી ગયા. ત્યારે મુળજી બ્રહ્મચારી બોલ્યા જે, 'ઓય રાંડ ! ચકલી ! મારા ભગવાનને બીવરાવ્યા.' એમ કહી મહારાજને રાજી કર્યા. ॥૭૭॥

એક દિવસ મહારાજ રાતે ઢોલીયા ઉપર સુતા હતા અને મોટો કાનખજુરો નિકળ્યો. એટલે મહારાજ બોલ્યા જે, ''આ કરડે તો શું થાય ?'' ત્યારે સુરોખાચર બોલ્યા જે, 'મહારાજ ! તે કરડે તો સોજો ચડે.' પછી મહારાજ કહે, ''આપણો ઢોલીયો અહીંથી ઉપાડો.'' એમ મુળજી બ્રહ્મચારી પાસે ત્રણ વખત ઢોલીયો ફેરવાવ્યો. પછી બ્રહ્મચારીએ કહ્યું જે, 'મહારાજ ! તમે પોઢી જાઓ હું જાગું ને કાનખજુરાને નહી આવવા દઉં.' પછી મહારાજ પોઢી ગયા. ॥૭૮॥

વાસુદેવનારાયણના ઓરડા પાસે આથમણી ઓરડી છે. તેમાં **નારાયણજીભાઈ** પાસે ગોપીનાથજી મહારાજની પ્રતિમા કરાવતા હતા. અને બ્રહ્મચારી આનંદાનંદજીને તેમની સેવામાં રાખ્યા હતા ને મહારાજ દિવસમાં બે ચાર વખત નારણજીભાઈ પાસે જાય અને કહે જે, ‘‘જોજે હો ! કારીગરના ભાવ આવે નહી. જેવુ મારું મુખારવિંદ છે, જેવા મારા હાથ તથા પગ છે તેવી જ મૂર્તિ કરજો.’’ અને પોતાની નાસિકા કાગળથી ભરીને નારણજીભાઈને આપી અને કહ્યું જે, ‘‘આવી નાસિકા કરજો.’’ અને જ્યારે મૂર્તિ સંપૂર્ણ થઈ રહી ત્યારે મૂર્તિને પડખે પોતે સૂતાને કહ્યું જે, ‘‘હવે, બરોબર મારા જેવડી મૂર્તિ થઈ.’’ અને જ્યારે ગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા કરી ત્યારે બે કલાક સુધી તેમાં પોતે અદૃશ્ય થઈ ગયા અને પડખે ઉભા રહીને પોતાનો હાથ ગોપીનાથજી મહારાજને માથે મૂક્યો અને મહારાજે કહ્યું જે, ‘‘બરોબર મારા જેવડી મૂર્તિ થઈ અને પછી પોતે આરતી ઉતારી ગોપીનાથજી મહારાજમાં લીન થયા. તે એક ઘડી સુધી કોઈને દર્શન થયાં નહી. પછી બાર નિસર્યા ને તે પછી પોતે રાધાવાવ પધાર્યા. ॥૭૯॥

ગામ **બોટાદના કાના સોની** પાસે મુળજી બ્રહ્મચારીએ મહારાજના જળ પીવા આબખોરો રૂપાનો કરાવ્યો. પછી કાના સોનીએ અંદરથી દોઢ રૂપિયા ભાર રૂપું કાઢી તાંબું ભેળવ્યું. તેનુ કારણ જે, ‘મહારાજને ગઢપુર લોટી દેવા જઈશું ત્યારે થાળ કરાવશું અને ઘડામણ આપણે લેવું નથી.’ પછી લોટી લઈ ગઢપુર આવ્યા અને બ્રહ્મચારીને લોટી આપીને કહ્યું જે, ‘આજ મારો થાળ કરજો.’ પછી બ્રહ્મચારીએ થાળ કર્યો અને મહારાજ જમવા બેઠા. પછી કાનો સોની મહારાજ પાસે હાથ જોડીને બેઠો. પછી મહારાજને કહ્યું જે, ‘મહારાજ ! લોટી ઘાટમાં ને રુપમાં સારી થઈ છે ?’ મહારાજ કહે, ‘‘કાના ! લોટી તો સારી છે પણ દોઢ રૂપિયો નોખો નહોતો પાડવો. આમાં રહેવા દેવો તો.’’ કાનો સોની કહે, ‘મહારાજ ! હું ભૂલી ગયો. અમારો ધંધો તે મારાથી રહેવાણું નહી.’’ આ જીવ ભગવાનની ચોરી કરે તેવો છે. ॥૮૦॥

એક વખત મહારાજે **દાદાખાચર**ને અક્ષરઓરડીયે બોલાવ્યા અને કહ્યું જે, ‘‘તમારો ગરાસ તમારી બે બહેનોને લખી આપો.’’ દાદોખાચર કહે, ‘બહુ સારુ.’ મહારાજ બોલાવો લાધા ઠકરને.’ પછી બે બહેનોને ગરાસ લખી આપીને મહારાજને કહ્યું જે, ‘મહારાજ ! અમને ગાડું કરાવી આપો અમો બન્ને જણ કારીયાણી જઈએ.’ પછી મહારાજે ગાડું કરાવી આપ્યું એટલે દાદોખાચર તથા જસુબાઈ ગાડામાં બેસી ચાલી નીકળ્યાં. પછી મહારાજે મોટીબા તથા લાડુબાને બોલાવ્યાં અને કહ્યું જે, ‘‘ગરાસ તમને દાદાખાચરે લખી આપ્યો છે અને રાજકોટ તથા ભાવનગર જ્યાં બોલાવે ત્યાં બન્ને બહેનો જજો.’’ મોટીબા બોલ્યાં જે, ‘મહારાજ ! અમારે તમારી

મૂર્તિ વિના કાંઈ જોતું નથી.' મહારાજ કહે, "હવે કેમ કરશું ? બોલાવો દાદાખાચરને પાછા." પછી સ્વાર જઈ દાદાખાચરને પાછા વાળી આવ્યા અને મહારાજે કહ્યું જે, "દાદાખાચર ! કારીયાણી જઈને વસ્તાખાચરનાં ચાકર રહેતને. માટે અહીં રહો અને અહીં તમારી બહેનનું કામ કરો." પછી દાદોખાચર કહે, 'બહુ સારુ, મહારાજ ! જેમ તમે રાજી થાઓ તેમ કરું.' ॥૮૧॥

**મોટીબા** તથા **લાડુબા** લાલજીની પૂજા કરતા હતા. પછી તેમના બાપુ **એભલખાચરે** કહ્યું જે,'આજ નાનપણથી આ શું લઈ બેઠાં છો ? અને મારે ઘેર ઠાકોર દ્વારો હોય નહી. માટે લાલજી કોકને આપી દ્યો.' ત્યારે બેઉ બહેનો બોલ્યાં જે, 'આ મૂર્તિ મૂક્યા જેવી નથી.' પછી એભલખાચર કહે, એમ હોય તો મને કાંઈક પરચો આપો નહીંતર તમારા બન્ને બહેનોનાં માથાં કાપી લઉં.' પછી સાંજ વખતે દૂધનો કટોરો ભરી અંદર સાકર નાખી અને લાલજીની પ્રાર્થના કરીને કહ્યું; 'હે મહારાજ ! અમે તમારાં ખરાં ભક્ત હોઈએ તો અમારી પ્રતિજ્ઞા રાખજો.' પછી એભલખાચરને બોલાવ્યા અને સામા ઊભા રાખ્યા. પછી લાલજી મહારાજે દૂધ પીને કટોરાનો ઘા કર્યો. તે એભલખાચરના પગમાં વાગ્યો. પછી એભલખાચર બન્ને બહેનોને પગે લાગ્યા અને કહ્યું જે, 'તમે મારી દીકરીયું નથી. તમે તો દેવ છો. માટે સુખેથી લાલજીની પૂજા કરો.' ॥૮૨॥

ગઢપુરમાં એક સાંઢ હતો. તે એભલખાચરને છેટેથી ભાળી મારવા દોડતો અને એભલખાચરનો સાદ સાંભળી દોડીને મારવા આવતો. પછી મોટીબાએ મહારાજને વાત કરી જે, 'મહારાજ ! ગામમાં એક આખલો છે. તે મારા બાપુનો સાદ સાંભળીને મારવા દોડે છે. તેથી દરબાર બહાર નીસરી શકતા નથી.' પછી તે આખલો દરબારની ડેલીયે આવીને ઉભો હતો અને મહારાજ ત્યાં ગયા અને તે આખલાનાં બે શીંગડાં ઝાલી પાછે પગે માણેક ચોક સુધી લઈ ગયા. પછી તે આખલો એભલખાચરને ભાળે ત્યારે છેટે ભાગી જતો. ॥૮૩॥

એક વખત મહારાજ અક્ષર ઓરડીમાં વિરાજમાન હતા અને દાદાખાચરને ગાયુના વાછડા નથાવા હતા. પછી મહારાજ અક્ષરઓરડીમાંથી દરબારમાં પધાર્યા અને ખુરશી નાખી દરબારમાં બેઠા. અને કહ્યું જે, 'કોઈ વાછરડાને પાડશો નહિ.' તે એમને એમ મૂક્યા અને છત્રીશ વાછડા હતા. તે એક સાથે મહારાજે નથાવ્યા. ॥૮૪॥

એકવાર મહારાજ સખાસહિત વડતાલ જવા માટે તૈયાર થયા હતા અને મહારાજ માણકી ઘોડી ઉપર સ્વાર થયા અને બીજા સખા તથા પાર્ષદ સૌ સ્વાર ફરી ઉભા રહ્યા. પછી મહારાજ બોલ્યા જે, ''દાદો ક્યાં ?'' અને દાદો ખાચર ખંભે ખડીયો લઈ ઓસરીની કોરે ઉભા હતા. વળી ફરી મહારાજે પૂછ્યું જે, ''દાદો ક્યાં ?'' પછી દાદાખાચરના મામા ઘેલો ઘાઘલ બોલ્યા જે, 'મહારાજ ! દાદો શા ઉપર બેસે ?' મહારાજ કહે, ''દાદાને દશ ઘોડાં છે.'' ઘેલો ઘાઘલ કહે, 'જુઓ આ બધા પાર્ષદ ચઢીને ઉભા.' પછી દાદાખાચરની ઘોડી ઉપર ભીમડાભી ચડ્યા હતા. તેને મહારાજે હેઠા ઉતાર્યા પણ દાદાખાચર મોઢામાંથી બોલ્યા નહી જે, અમારી ઘોડી ઉપર પાર્ષદ ચડ્યા છે. પછી મહારાજે આજ્ઞા કરી. એટલે ઘોડી ઉપર બેસી સૌ સ્વાર ચાલતા થયા. ॥૮૫॥

**શ્રીજીમહારાજ** એક માસ સુધી રથ ઉપર બેસીને નારાયણ ધરે નહાવા પધારતા હતા. તે રથમાં **મુક્તાનંદસ્વામી** તથા **દાદાખાચર**ને બેસાડતા અને પોતે રથ હાંકતા એમ એક માસ સુધી નારાયણ ધરે નહાવા પધારતા ને ત્યાં ઘણીક લીલા કરી છે. ॥૮૬॥

એક વખત અન્નકોટનો સમૈયો આવ્યો. પછી મહારાજે મોટીબાને કહ્યું જે, ''અન્નકોટ કરાવો.'' પછી અન્નકૂટ કરાવીને વાસુદેવનારાયણના ઓરડામાં વાસુદેવનારાયણની આગળ અન્નકૂટ ધરાવ્યો. તે શ્રીજીમહારાજ દિવ્ય સ્વરુપ ધારણ કરીને જમ્યા. તે સૌ સંતને તથા હરિજનને પ્રત્યક્ષ દર્શન થયાં તે જોઈને સૌને આશ્ચર્ય થયું. ॥૮૭॥

એક વખત ગામ **ભેંસજાળના અંબારામ મહારાજ** ગઢપુરમાં **ભગવદાનંદસ્વામી** પાસે વિદ્યા અભ્યાસ કરતા હતા અને ગામમાં ભીક્ષાવૃત્તિ કરતા અને સુતારને ત્યાંથી બળતણ લાવતા. પછી સુતારોને એક દિવસ મહારાજ માટે થાળ કરવો હતો. તે આઠ જણાના થાળ હતા. પછી અંબારામ મહારાજને કહ્યું જે, 'અંબારામ મહારાજ ! આઠ ફૂલના હાર કરજો અને એક વાટકો ચંદન ઘસીને ઉતારજો.' પછી અંબારામ મહારાજે આઠ ફૂલના હાર વાડીયેથી ફૂલ વીણીને કર્યા અને ચંદન ઉતારીને વાટકો ભર્યો. પછી મહારાજ થાળ જમી રહ્યા કેડે સૌ સુતારે અક્ષરઓરડીમાં મહારાજની પૂજા કરી હાર પહેરાવ્યા. પછી અંબારામ મહારાજના મનમાં વિચાર થયો જે, 'હું કેવો દુર્ભાગી જે, આઠ હાર કર્યા ને નવમો હાર કર્યો હોત તો હું પૂજા કરત.' એમ વિચાર કરતા હતા એટલે એના મનનો સંકલ્પ જાણી મહારાજ બોલ્યા જે, 'લ્યો, દેવ ! શેરડી વાંસે

ઓરડા.'' એમ કહી મહારાજનાં ચરણારવિંદ પોતાને કપાળે લીધાં. તે અરધાં આંખ્યું ઉપર ને અરધાં પાઘડી ઉપર તે પાઘડી તથા મોઢું ચંદન ચંદન થઈ રહ્યું અને પછી પોતે મહારાજ સામા ઉભા રહીને કીર્તન બોલ્યા જે– *''અક્ષરભુવનમાં રે હરિ નીરખ્યા, જેને પરખવા હોય તેને પરખો, અક્ષરભુવનમાં રે''* એ કીર્તન આખું કરી મહારાજને સંભળાવ્યું અને મહારાજ બહુ રાજી થયા. ॥૮૮॥

એક વખત શ્રીજીમહારાજે શરીરે મંદવાડ ધારણ કર્યો હતો અને અક્ષરઓરડીમાં **નિષ્કુળાનંદસ્વામી** દર્શને ગયા. ત્યારે મહારાજ બોલ્યા જે, 'સ્વામી ! ગાડી કરો તો આપણે સાલેમાળ પર્વતમાં તપ કરવા જઈએ. સ્વામી કહે 'બહુ સારુ.' મહારાજ પછી સ્વામીએ લાકડાં ભેગાં કરીને દરબારમાં ગાડી કરવા બેઠા. તે વાતની **નિત્યાનંદસ્વામી**ને ખબર પડી એટલે નિત્યાનંદસ્વામી દરબારમાં આવ્યા અને સ્વામીને કહ્યું જે, 'શું કરો છો?' સ્વામી કહે, 'મહારાજને તપ કરવા જાવું છે તે ગાડી કરું છું.' નિત્યાનંદસ્વામી કહે, 'આસને જઈને બેસો.' પછી સ્વામી આસને ગયા અને નિત્યાનંદસ્વામી એક સાધુને મોકલી અક્ષરઓરડીમાં ખબર કઢાવી જે, 'મહારાજ ! શું કરે છે ?' સાધુએ આવીને કહ્યું જે, 'મહારાજ પોઢી ગયા છે.' પછી નિત્યાનંદસ્વામી ચાર સંત લઈ અક્ષરઓરડીમાં ગયા ને બેને પાંગત્યે બેસાર્યા અને પોતે મહારાજની પાસે બેઠા. પછી બે સંતે મહારાજનો ઢોલીયો તાણ્યો અને બીજા બે સંતે પાછો હડસેલ્યો. એમ બે ચાર વખત કર્યું એટલે મહારાજે મોઢા ઉપરથી વસ્ત્ર ઉઘાડીને જોયું અને કહ્યું જે, 'આ શું થાય છે ?' નિત્યાનંદસ્વામી બોલ્યા જે, 'સાલેમાળમાં ગાડી જાય છે તે રોદા આવે છે. એટલે ગાડી ઉંચાનીચી થાય છે.' મહારાજ ઊંચું જોઈને બોલ્યા જે, ''ગપાં શું મારો છો ? હું તો અક્ષરઓરડીમાં છું.'' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'તમે શું ગપાં મારો છો ? જે આવા માંદા છો ને તપ કરવા જાઓ છો ?' પછી મહારાજ કાંઈ બોલ્યા નહીં અને નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'તમે પધારો તો આ બધાને આધાર શો ?' પછી મહારાજ કહે, ''જેમ તમે રાજી થાશો તેમ કરશું.'' પછી નિત્યાનંદસ્વામી આસને ગયા. ॥૮૯॥

ગામ **પીપળાવ**ના **પ્રભાશંકરભાઈ** ગઢપુરમાં મહારાજના દર્શને આવ્યા હતા અને અક્ષરઓરડીને પછવાડે ઉતર્યા હતા. પછી રાતના બે વાગે ઉઠીને ભજન કરતા જે, 'હે દયાનિધિ ! હે દયાનિધિ ! એમ બોલતા હતા. તે સાંભળી મહારાજે માનસંગ પાળાને પૂછ્યું જે, 'આ કોણ બોલે છે ?'' માનસંગ કહે, 'તે તો ઓલ્યો પ્રભાશંકર બોલે છે. મહારાજ કહે, 'શું કહે છે ?' માનશંગ કહે, 'દયા નથી. દયા નથી. એમ

કહે છે પછી મહારાજ કહે, બોલાવો અહીં. પ્રભાશંકરભાઈને અક્ષરઓરડીમાં બોલાવ્યા અને મહારાજે પૂછ્યું જે, 'પ્રભાશંકર ! શું કહેતા હતા ?'' પ્રભાશંકર કહે, 'મહારાજ ! દયાનિધિ દયાનિધિ કરતો.' મહારાજને માનસંગ કહે, 'તે તો બ્રાહ્મણ બીહીનો પણ તમારે ક્યાં દયા છે ? અને જો દયા હોય તો આવી ટાઢ્યના સંત જ્યાં ત્યાં પડ્યા રહે છે માટે હું કહું છું કે દયા નથી.' મહારાજ કહે, ''સગડી કરી લાવ્ય. તાપીયે.'' પછી સગડી કરી મહારાજ પાસે લાવ્યા એટલે સૌ ભેળા થયા અને પછી મહારાજ બોલ્યા જે, 'આજ અમારે એક પ્રકરણ કરવું છે. જે એક ગોદડું આપે તેને એકવાર છાતીમાં ચરણારવિંદ આપવાં અને બે ગોદડાં આપે તેને બે વાર ચરણારવિંદ આપવાં.'' પછી દાદોખાચર બોલ્યા જે, 'મહારાજ ! મારાં સો ગોદડાં.' વસ્તોખાચર કહે, 'મારાં સો ગોદડાં.' સુરોખાચર કહે, 'મારાં સો ગોદડાં.' ને ગામના માણસને ખબર પડી ત્યારે ગામનાં માણસ પોતાની શ્રદ્ધા પ્રમાણે ગોદડાં લઈને આવ્યા. એક મેઘો સુતાર હતો તે ચોફાળ લઈને આવ્યો. તેણે ચોફાળ મહારાજને આપ્યો. પછી મહારાજે કહ્યું જે, ''તારે ગોદડું નથી ?'' મેઘો કહે, 'મહારાજ ! હું તો મારા મામાનો નોકર છું એટલે મારે નોકરને ગોદડું ક્યાંથી હોય ? માટે મારે ચોફાળ છે તે લઈને આવ્યો છું.' મહારાજ કહે, ''લાવ્ય, તારો ચોફાળ. હું ઓઢું.'' એમ કહી મહારાજે તેનો ચોફાળ ઓઢ્યો અને કહ્યું જે, ''તને સાથીને કોણ આપશે ? માટે પાછો લઈ જા.'' પછી તેને ચોફાળ મહારાજે પાછો આપ્યો. ॥૯૦॥

એક વખત શ્રીજીમહારાજ **અક્ષરઓરડી**માં રાત્રે પોઢી ગયા હતા અને શીયાળાની રાત હતી તેથી સગડી ઢોલીયા પાસે મેલી હતી અને મુળજી બ્રહ્મચારી તથા નાજા જોગીયા ઊંઘી ગયા હતા. અને ગોદડીનો છેડો સગડીમાં પડ્યો એટલે ગોદડી બળી ગઈ. પછી મહારાજ જાગ્યા અને નાજા જોગીયાને કહ્યું જે, ''ચાલો, આપણે જાતા રહીયે કેમકે ગોદડી બળી ગઈ એટલે આપણે શું જવાબ દેશું ?'' પછી નાજા જોગીયા કહે, 'મોટીબાને ખબર કરી આવીયે.' પછી નાજા જોગીયા દરબારમાં આવી મોટીબા તથા લાડુબાને વાત કરી જે, 'મહારાજને ઓઢવાની ગોદડી બળી ગઈ. તે સારુ મહારાજ કહે છે જે આપણે જાતા રહીયે.' પછી મોટીબા તથા લાડુબા બોલ્યા જે, 'મહારાજને કહેજો જે તમારો મેલ લઈને ગોદડી બળી ગઈ અને એવી ગોદડી અમારે એક એક બહેનને સો સો છે.' તે વખતે મહારાજે બાઈયોને દર્શનની બંધી કરી હતી. પછી નાજે જોગીયે મહારાજને વાત કરી એટલે મહારાજ બોલ્યા જે, ''આપણે એની ગોદડી બાળી તોપણ અભાવ લેતાં નથી. માટે બાઈયોને બોલાવો જે કમાડની તડ્યેથી દર્શન કરે.'' પછી નાજા જોગીયાં મોટીબા આદિક સૌ બાઈયોને બોલાવી

લાવ્યા અને કમાડની તડ્યેથી મહારાજનાં દર્શન કર્યા એટલે ગોદડી ઊંચી કરીને દેખાડી. ત્યારે મોટીબા તથા લાડુબા બોલ્યાં જે, 'મહારાજ ! ગોદડી બળી ગઈ. તે ખેર તમારો મેલ લઈને ગઈ. પછી મહારાજ કહે, ''આપણે તેમનાં ગોદડાં બાળીયે છીયે તોએ અભાવ નથી. માટે નાજાજોગીયા બારણું ઉઘાડો સૌ દર્શન કરે.'' પછી અક્ષરઓરડીનું બારણું ઉઘાડ્યું એટલે સૌએ દર્શન કર્યા અને નવી ગોદડીયું લાવી મહારાજને ભેટ કરી. ॥૯૧॥

મહારાજ નિત્યે દાતણ કરતા ત્યારે દાતણની ચીરયું કરી ફળીયામાં નાંખતા અને બે ચીરયું સવળી પડે ત્યારે મહારાજ બોલે જે, ''**લાડુબા** ! આજ બે ચીરું સવળી પડી છે. માટે મિષ્ટાન્ન જોઈએ.'' અને જ્યારે એક ચીરય સવળી પડે ત્યારે મહારાજ કહે કે, ''લાડુબા ! આજ અરધુ મિષ્ટાન્ન જોઈએ.'' એમ નિરંતર મહારાજ દાતણ કરી પોતાના ભક્તજનને સંભળાવતા. ॥૯૨॥

અગણોતેરા કાળમાં મહારાજ **અક્ષરઓરડી**માં ભંડક હતું. તેમાં છાના રહેતા. અને માથે જટા વધારી હતી અને પોતે પાણી પીવા માટે કચરાનો લોટકો રાખ્યો હતો. એટલે સૌને સૂચના આપતા જે આગળ દુકાળ પડવાનો છે માટે સૌ દોરાં વેચી તથા ઘરેણાં વેચી અનાજનો સંગ્રહ કરજો. અને મહારાજે ખીમા સુતારને કહ્યું જે, ''તારે કેટલાં ઘરબારાં છે ?'' ત્યારે ખીમો સુતાર કહે, ''મહારાજ ! બે છે.'' મહારાજ કહે, ''તેને વેચી દે.'' ત્યારે ખીમો સુતાર કહે, 'મહારાજ ! એક ઘરડું છે. તે કોઈ લે તેવું નથી અને એક સારું છે.' મહારાજ કહે, ''તેને વેચ ને અનાજ લે. એમ તેને મહારાજે રમુજમાં વાત કરી હતી. ॥૯૩॥

અક્ષરઓરડીના ભંડકમાં મહારાજને દાંત બંધાવવા હતા. પછી કારીગર સોનીને બોલાવી સોનાના વાળાથી મહારાજે દાંત બંધાવ્યા. તે સમે સદ્ગુરુ બ્રહ્મચારી આનંદાનંદજી મહારાજને કોગળા કરાવવા માટે પાણીનો લોટો લઈ ઉભા હતા. પછી મહારાજે દાંત બંધાવ્યા તે પછી મહારાજને કોગળા કરાવ્યા અને પછી મહારાજે રજા આપી. તે પોતાના આસને ગયા. ॥૯૪॥

એક સમે મહારાજ સભા કરીને વિરાજમાન હતા. મહારાજે એવું પ્રકરણ કર્યું હતું. ''જેને ડોલું આવે તેને સોપારીનો બેરખો કર્યો હતો તે મારતા તે બેરખો મહારાજને આપીને તડકામાં જઈ ઉભા રહેતા.'' પછી **બ્રહ્માનંદસ્વામી** સભામાં ડોલા ખાતા હતા તેને મહારાજે બેરખો માર્યો. મહારાજ કહે, ''તમે કેમ ડોલાં ખાતા હતા ?'' સ્વામી

કહે, 'હું કીર્તનની કડી ગોઠવતો હતો. હું ક્યાં ડોલાં ખાતો હતો ?' મહારાજ કહે, "કીર્તનની કડી ગોઠવતા હો તો બોલો કીર્તન." ત્યારે સ્વામી કહે, 'માંડો ઝીલવા પછી સ્વામી કીર્તન બોલ્યા જે–

*"તારે ચટકે રંગીલો છેડલો અલબેલા રે,*

*કાંઈ નવલ કસુંબી પાઘ રંગના રેલા રે"*

એ ચાર કીર્તન તત્કાળ કરીને બોલ્યા અને પોતાનું વચન સિદ્ધ કર્યું એવા શીઘ્ર કવિ હતા. ॥૯૫॥

બીજે દિવસે સભામાં **મુક્તાનંદસ્વામી**ને ડોલું આવ્યું એટલે મહારાજે સ્વામીને બેરખો માર્યો. તે બેરખો મહારાજને આપીને તડકે જઈને ઉભા રહ્યા. પછી ઘડીક થયું ત્યાં **મુળજી બ્રહ્મચારી** મહારાજના ઢોલીયા પાસે બેસીને ઊંઘતા હતા અને નાખોરાં બોલતાં હતાં. ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ ! મુક્તાનંદસ્વામીને બેરખો માર્યો અને મુળજી બ્રહ્મચારી પાડીની પેઠે નાખોરાં બોલાવે છે. તેને કેમ બેરખો મારતા નથી અને પક્ષપાત કરો છો ?' મહારાજ કહે, 'તે તો અમારી સેવામાં છે." સ્વામી કહે, 'ઊંઘમાં શી સેવા કરે છે ?' મહારાજ કહે, 'ઊંઘમાં અમારી સેવા કરે છે.' તોપણ સ્વામીએ માન્યું નહી. પછી મહારાજે બ્રહ્મચારીને બેરખો માર્યો એટલે એકદમ ઉઠીને મહારાજને ગાદલાં સુદ્ધાંત લઈ એકદમ નાઠા એટલે સૌ બોલવા મંડ્યા જે, "હં બ્રહ્મચારી ! હં બ્રહ્મચારી ! " બ્રહ્મચારી કહે, મેં જાણ્યું જે અગ્નિ થયો છે. તે મહારાજને લઈને જતો રહું.' ત્યારે મહારાજ કહે, "જુઓ, અમારી ઊંઘમાં સેવા કરે છે કે નહીં." ત્યારે સૌએ હા પાડી એવી પ્રીતિવાળા હતા. ॥૯૬॥

એક વખત **અક્ષરઓરડી**માં શ્રીજીમહારાજ વિરાજમાન હતા અને **બ્રહ્માનંદસ્વામી** દર્શને આવ્યા. ત્યારે મહારાજ કહે, "તમે કેવા સત્સંગી થયા છો ?" સ્વામી કહે, 'અમે ખરેખરા સત્સંગી થયા છીયે.' ત્યારે મહારાજ કહે, "અમે શું કરતા હતા તે કહો.' ત્યારે સ્વામી કહે, 'એવા સત્સંગી અમે નથી થયા.' ત્યારે મહારાજ કહે, "એવા અમારા સત્સંગી તો **પર્વતભાઈ** તથા **ગોરધનભાઈ** તથા **વશરામભાઈ** તથા **સચ્ચિદાનંદસ્વામી** તે છે તે અમને ત્રણે અવસ્થામાં દેખે છે." ॥૯૭॥

એક વખત અક્ષરઓરડીમાં શ્રીજીમહારાજ વિરાજમાન હતા અને **સોમલાખાચર** માથે લુગડું ઓઢીને ધ્યાન કરવા બેઠા હતા. ત્યારે સુરોખાચર બોલ્યા જે, 'કાણાસે

મોઢો ઢાંકેસ ? મોઢું ઢાંકીને તારે કોને જોવા છે ? આગળ બેઠા તેને જોવો ને.' પછી સોમલાખાચરે મોઢા ઉપરથી વસ્ત્ર લઈ મહારાજ સામું જોઈને બેઠા. ॥૯૮॥

મહારાજ નિરંતર **રઘુવીરજી મહારાજ**ને ત્યાં જમવા પધારતા હતા અને રઘુવીરજી મહારાજના ઘરનાં લાજ કાઢીને મહારાજને જમાડતાં હતાં. ત્યારે મહારાજ બોલ્યા જે, ''લાજ કાઢો છો ત્યારે ધ્યાન કોનાં કરશો ? હું કોઈનો સસરો નથી. હું તો સર્વનો બાપુ છું.'' એમ મહારાજ મર્મમાં બોલ્યા એટલે રઘુવીરજી મહારાજના ઘરનાં રાજી થયાં. ॥૯૯॥

અક્ષરઓરડીમાં મહારાજ વિરાજમાન હતા અને **સુરોખાચર** મહારાજના દર્શને ગયા અને અક્ષરઓરડીની પછવાડે માણકી ઘોડી બાંધી હતી. ત્યારે મહારાજ બોલ્યા જે, ''સુરાખાચર ! આ શું બાંધ્યું છે ?'' ત્યારે સુરોખાચર કહે, 'મહારાજ ! ઘોડી બાંધી છે.' ત્યારે મહારાજ કહે, ''ઘોડી નહી, ગરૂડ બાંધ્યો છે.'' સુરોખાચર કહે, 'ના, મહારાજ ! ઘોડી છે.' પછી સુરાખાચરે ઘોડી સામું જોયું એટલે ઘોડી પાંખુ ફફડાવવા મંડી. ત્યારે સુરાખાચર બોલ્યા જે, 'મહારાજ ! આ તો ગરૂડ દેખાય છે.' ॥૧૦૦॥

અક્ષરઓરડીમાં **મુક્તાનંદસ્વામી** તથા **બ્રહ્માનંદસ્વામી** શ્રીજીમહારાજના દર્શને ગયા અને મહારાજ થાળ જમીને હાથ લુઈને હાથમાં રૂમાલ લઈને વિરાજમાન હતા. પછી બ્રહ્માનંદ સ્વામીને મહારાજે કહ્યું જે, ''સ્વામી ! આ શું ત્યારે સ્વામી બોલ્યા જે, 'તે તો રૂમાલ છે.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''નહીં તરવાર છે.'' ત્યારે સ્વામી કહે, 'નહીં મહારાજ ! રૂમાલ છે.' ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, 'સ્વામી ! રૂમાલનું નામ મહારાજે તરવાર પાડ્યું છે. માટે તરવાર કહોને.' ત્યારે સ્વામી કહે, 'હું તો હોય તેવું કહું.' પછી મહારાજે રૂમાલ ઊંચો કર્યો એટલે તરવાર સ્વામીને દેખાણી. ॥૧૦૧॥

અક્ષર ઓરડીની ખડકીએ મહારાજને દાતણ કરવાનો ઓટો હતો. તે એક વખત કૂતરે ઝાડે કરીને બગાડ્યો હતો અને **રતનજી** તથા **મીંયાજી** નાવા ગયા હતા. અને જે મહારાજના દર્શને આવે તે બોલતા આવે જે, 'મહારાજને દાતણ કર્યાનો ઓટો કૂતરે બગાડ્યો છે.' પણ કોઈ સાફ કરે નહીં એમ જે આવે તે બોલ્યા કરે. પછી ઘડીક થયું એટલે રતનજી તથા મીંયાજી ઘેલેથી નાહીને આવ્યા. તેણે ઓટો બગાડેલ જોયો એટલે પોતાના વસ્ત્ર એક તરફ મૂકી ઓટો સાફ કરી લીપી નાખ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, ''હવે ઘરના ધણી આવ્યા જે બોલાહ મટ્યો જે ઘરનો ધણી હોય તેને ઘરની ફીકર હોય જે કાંઈ પડ્યું આખડ્યું બગડ્યું તેની ખબર રાખે. તેમ તમો

સૌ બોલતા હતા જે, મહારાજને દાતણ કર્યાનો ઓટો કૂતરે બગાડ્યો છે. પણ રતનજી તથા મીયાંજી આવ્યા. તેણે બોલાહ અળસાવ્યો. તે ઘરનો ધણી જાણવો.'' ॥૧૦૨॥

એક વખત મહારાજ ઉગમણાબારના ઓરડે લોઢાની સાંકળ ઝાલીને ઊભા હતા અને **પ્રાગજી દવે** મહારાજ પાસે ઊભા હતા. તે સમે **શેખજી** મહારાજના દર્શને આવ્યો તેને મહારાજે કહ્યું જે, ''તમારે કેટલી બીબી છે ?'' ત્યારે શેખજી કહે જે, 'મારે બે બીબી છે.' ત્યારે મહારાજ કહે, ''એક પ્રાગજી દવેને આપો.'' ત્યારે શેખજી કહે, 'બહુ સારુ. મહારાજ ! ત્યારે મહારાજે પ્રાગજી દવેને કહ્યું જે, 'કેમ દવે ! તમારે ખપશે ?' દવે કહે, 'મહારાજ ! રોટલા હું કરીશ પણ જેવું હોય તેવું ચાલશે.' પછી મહારાજ બોલ્યા જે, ''માલો ભણ્યો તોય ગધાડો ને ગધાડો રહ્યો. જે પોતે બ્રાહ્મણ છે અને તે મુસલમાન છે એની એ ખબર છે. એવી કામવાસના છે તે ભૂંડી છે તે નાતજાત જાણે નહીં.'' ॥૧૦૩॥

એક વખત મહારાજ **પાંચુબાઈ**ને ઓરડે પધાર્યા અને પાંચુબાઈ બેઠાં હતાં. પછી મહારાજે કહ્યું જે, ''પાંચુબાઈ! શું કરો છો ?'' પછી પાંચુબાઈ બોલ્યાં જે, 'મહારાજ ! માળા ફેરવું છું.' પછી મહારાજ બોલ્યા જે, ''અમે તમારા પડોશમાં રહેવા આવશું ?'' તે વાત લાડકીબાઈ ગામ મેઘપુરવાળાં તેમણે સાંભળી. એટલે વાસુદેવ નારાયણના ઓરડામાં જઈ રડવા લાગ્યાં. ત્યારે મોટીબાએ તથા લાડુબાએ પૂછ્યું જે, 'લાડકી ! શા માટે રડે છે ?' લાડકીબાઈ કહે, 'મહારાજ ! પૃથ્વી ઉપર નહીં રહે કેમકે ગોપીનાથજી મહારાજ પધરાવ્યા અને પાંચુબાઈ ને કહ્યું જે, અમે તમારા પડોશમાં રહેવા આવશું.' પછી મોટીબા તથા લાડુબા બોલ્યાં જે, 'તે વાત કદી હોય નહીં.' લાડકીબાઈ કહે, 'જરુર, મહારાજ ! ઉદાસ થયા છે માટે જરૂર ધામમાં પધારશે. ॥૧૦૪॥

ગઢડામાં **કરશન ભાવસાર** હતો. તે શરીરે માંદો બહુ હતો. પછી તેમના ભત્રીજા હકો ભાવસાર મહારાજ પાસે આવ્યા અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મારા કાકા બહુ જ માંદા છે. માટે જોવા પધારશો ?' મહારાજ કહે, ''હા, ચાલો.'' પછી કહે ભાવસારે આગળ જઈ ઢોલીયો પાથરી મેલ્યો અને પાથરણાં પાથર્યાં અને મહારાજ માટે સાકરને તાંસ ભરીને તૈયાર કર્યો અને મહારાજ તેને જોવા પધાર્યા. તેની ખડકીમાં મહારાજ પેઠા એટલે કરશન ભાવસારના હાથે લોઢાનું કડું પહેરાવ્યું હતું તે મહારાજે ભાળ્યું. તે જોઈ મહારાજ પાછા વળ્યા. સૌ કહે, 'કેમ? મહારાજ ! પાછા વળ્યા ?' મહારાજ કહે, ''એને અમારો ક્યાં વિશ્વાસ છે ? એને તો લોઢાના

કડાનો વિશ્વાસ છે.'' એમ કહી મહારાજ પાછા દરબારમાં પધાર્યા. ॥૧૦૫॥

મહારાજ સવારમાં ઊઠી દરબારમાં આંબલી નીચે ઓટા ઉપર બેસી દાતણ કરતા હતા અને **આનંદ બ્રહ્મચારી** તથા **વાસુદેવ બ્રહ્મચારી** બન્ને જણ ઝોળી માગવા નીકળ્યા હતા. ત્યારે મહારાજ કહે, ''ક્યાં જાઓ છો ?'' બન્ને જણ હાથ જોડી બોલ્યા જે, 'મહારાજ ! ઝોળી માગવા જાઈએ છીએ.' મહારાજ કહે, ''મને એક-એક પ્રશ્ન પુછો. પછી જાઓ. પછી આનંદ બ્રહ્મચારીએ પૂછ્યું તે સાંભળી મહારાજ બોલ્યા જે, ''આ મુળજી બ્રહ્મચારી જેવો થાશે જે સ્ત્રી ધનમાં લેવાશે નહીં.'' પછી વાસુદેવાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યું તે સાંભળી મહારાજે કહ્યું જે, ''આ શુકસ્વામી જેવો બુદ્ધિવાન થશે.'' એમ મહારાજે બેઉની પ્રશંસા કરી. પછી રજા આપી એટલે પગે લાગીને ચાલી નીકળ્યા. ॥૧૦૬॥

ગઢડામાં **દેવજી ગોસાળીયો** કરીને જીવાખાચરનો કારભારી હતો તે મહારાજ સામું જોતો નહીં. પછી એક દિવસ મહારાજે જીવાખાચરને કહ્યું જે, ''તમારો કારભારી મારી સામું જોતો નથી.'' ત્યારે જીવોખાચર બોલ્યો જે, 'મહારાજ ! આજ એને તમારાં દર્શન કરાવું.' પછી જીવોખાચર આગળથી જઈને તેની દુકાને બેઠા અને પાછળથી મહારાજ તથા પાર્ષદ તેની દુકાને પધાર્યા એટલે વાણીયો નીચું જોઈ ગયો. પછી મહારાજે તેનું માથું ઝાલી ઊંચું કર્યું ને મહારાજ બોલ્યા જે, ''વાણીયા ! અમે તમારું શું બગાડ્યું છે ? જે સામું નથી જાતો ?'' પછી વાણીયો કહે, 'મહારાજ ! હું ભૂલી ગયો ને હવેથી તમારાં દર્શન કરીને રોટલો જમીશ.' એમ મહારાજે પરાણે સત્સંગી કર્યો. ॥૧૦૭॥

અને તે વાણીયો-પ્રથમ શ્રીજીમહારાજ જીવાખાચરના દરબારમાં પધારતા ત્યારે પોતાના છોકરાને નીચું જોવરાવતો અને મહારાજ છેટા જાય એટલે છોકરાને આંગળી કરી દેખાડે જે, 'ચમચમ જોડા થાય.' તે રતનજી તથા મીયાજી તથા ભગુજી અને ટપક ટપક થાય તે પેલા, એમ તે વાણીયો મહારાજને પોતાના છોકરાને એવી રીતે બોલી દેખાડતો પણ મોઢેથી એમ ન બોલે જે, ચાખડીયો પહેરીને જાય તે સ્વામિનારાયણ છે.' એમ ન બોલે. ॥૧૦૮॥

ગઢપુરમાં ગોપીનાથજી મહારાજ પધરાવ્યા પછી **વજેસંગ દરબાર**ને કોઈ કુસંગીએ કહેલ જે, 'સ્વામિનારાયણે કોઠો કર્યો છે અને તેમાં શું મૂકેલ છે ?' પણ મહારાજે મંદિર કરાવીને ગોપીનાથજી દેવ પધરાવેલ. પછી તે જોવા સારુ ભાવનગરથી

વજેસિંહજી દરબાર આવ્યા. પછી તે દરબાર પ્રથમ શ્રીજીમહારાજના દર્શને આવ્યા પછી મહારાજ તથા દરબાર બન્ને ગોપીનાથજીના દર્શને ગયા. મહારાજ બારણાની આથમણી સાખે ઉભા રહ્યા અને દરબાર ઉગમણી તરફ ઉભા રહ્યા. પછી મહારાજ બોલ્યા જે, ''દરબાર ! જુઓ તમને કોઈ ભરમાવતું હશે કે સ્વામિનારાયણે કોઠો કર્યો છે પણ અમે તો ગોપીનાથજી મહારાજ દેવ પધરાવ્યા છે.'' તે સાંભળી દરબાર બોલ્યા જે, 'કોઈ પાજી પલાવ બોલતા હોય તે ભલે બોલે પણ મારા રાજ્યમાં ગોપીનાથજી દેવ પધરાવ્યા તે દિવસથી મારી ચડતી કળા છે.' પછી ગોપીનાથજી મહારાજની સેવામાં આનંદાનંદજી નામે બ્રહ્મચારી હતા તેમણે એક મોટો પતાસાનો થાળ મહારાજ આગળ મૂક્યો. પછી મહારાજે હાથ અડાડી દરબારને આપ્યો અને બ્રહ્મચારીએ બે હાર મહારાજને પહેરાવ્યા અને એક હાર દરબારને પહેરાવ્યો. પછી મહારાજે દરબારનો હાથ ઝાલીને મંદિરમાંથી ઉગમણે દરવાજે ગયા ત્યારે દરબાર કહે,'આમને આમ મહારાજ મારો હાથ ઝાલી રાખજો.' મહારાજ કહે, ''અમે તો ઝાલી રાખશું તમે નહીં મુકાવો તો.'' પછી મહારાજને પગે લાગી દરબાર પોતાને ઉતારે ગયા અને શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં પધાર્યા. ॥૧૦૯॥

એક વખત ચોમાસામાં વરસાદ થોડો થઈને આળસી ગયો ને મોલ સુકાવા માંડ્યા. પછી ગામ **પીઠવડી**ના **ભગો** તથા **મુળો** બે જણ ગઢપુર આવ્યા અને મહારાજને પૂછ્યું જે, 'મહારાજ ! વરસાદ ક્યારે થાશે ?' મહારાજ કહે, ''વરસાદના તો પૈસા બેસે છે. અમથો થાય નહીં.'' ત્યારે ભગે તથા મુળે કહ્યું કે, 'પૈસા લ્યો, પણ વરસાદ કરો. મહારાજ કહે, ''પાંચસો રૂપિયા હોય તો વરસાદ થાય.'' પછી પાંચસો રૂપિયા મહારાજ પાસે મૂક્યા. પછી મહારાજ કહે, ''શેત્રુજી ઉતરો. પછી ઉતરાશે નહીં.'' પછી મહારાજને પગે લાગી ચાલવા મંડ્યા. તે શેત્રુજી માંડ માંડ ઉતર્યા અને પીઠવડી પહોંચ્યા ત્યાં તો વરસાદ ઘણો જ થયો ને સૌ રાજી થયા. ॥૧૧૦॥

એકવાર દિવાળી આવી ત્યારે મહારાજે પૂછ્યું જે, ''આજ દીવાળીને દિવસે શું કરે ?'' ત્યારે સૌ કહે, ''મહારાજ! આજ તો વાલાં સગાં હોય તે ભેળા બેસીને લાપશી કરીને ખાય.' ત્યારે મહારાજ કહે, ''અમારે વાલામાં વાલા **રઘુવીરજી** છે તેને ઘેર દીવાળી કરીએ.'' પછી રઘુવીરજી મહારાજને ઘેર કંસાર કરાવ્યો અને સૌ સખાને લઈ મહારાજ જમવા પધાર્યા. પછી સખાની પંગતી કરીને શ્રીજીમહારાજ વચમાં જમવા બેઠા. પછી રઘુવીરજી મહારાજ ઘરમાંથી લાવતા જાય અને પીરસતા જાય અને મહારાજ સખાને તાણ કરી જમાડતા જાય. પછી રઘુવીરજી મહારાજના ઘરવાળે

પોતે બે જણ જમે તેટલો કંસાર રાખેલ અને મહારાજ જમતા જાય ને બોલે જે, “લાવો, રઘુવીર ! ”પછી બે જણ માટે રાખ્યું હતું તે લાવીને મહારાજ પાસે મૂક્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, “રાખો, રઘુવીર ! દિવાળી પુરી થઈ રહી.” ત્યારે રઘુવીરજી મહારાજ બોલ્યા જે, “મહારાજ ! ત્યાં પણ દિવાળી પુરી થઈ રહી છે કેમ જે ત્યાં પણ થઈ રહ્યું હતું.” ॥૧૧૧॥

ગામ **ભડલી**ના **ભાણખાચર**ને **દાદાખાચર**ની સાથે વેર હતું. તેણે કરીને મહારાજનો દ્વેષ બહુજ કરતો અને મહારાજને મારવાનો લાગ ગોત્યા કરતો. પછી એક દિવસ રાત્રીને વિષે વીશ પાળા લઈ મહારાજ રાધાવાવે પધાર્યા હતા. પછી મહારાજે વીશને કહ્યું જે, “આપણે રસોઈ કરવી છે તે દશ જણા ગામમાં સીધું લેવા જાઓ અને દશ જણા કપાસના ખેતરમાં ચીભડાં લેવા જાઓ અને અમારી સેવામાં એક **મોટાભાઈ** રહે.” પછી સહુ નોખા નોખા વેરાઈ ગયા અને ભડલીવાળો ભાણખાચર બરાબર લાગ સાધીને સો સ્વાર લઈને રાધાવાવે આવ્યો અને મહારાજે મોટી કાંટાની વાડ્ય કરાવી હતી અને તેની અંદર ગાડા ઉપર ઢોલીયા નંખાવીને વિરાજમાન હતા અને મોટાભાઈ પાસે બેઠા હતા. તે વખતે ભાણખાચરના સો સ્વારે આવીને ચારે કોર મહારાજને ઘેરી લીધા. પછી મહારાજે સાદ કર્યો જે, “મોટાભાઈ, એ ! મોટાભાઈ,” એમ કહ્યું ત્યાં ઘોડે ઘોડે મોટાભાઈ દેખાણા. તે સૌ સ્વારની ચોટલીયું મોટાભાઈના એક હાથમાં ને એક હાથમાં તરવાર લઈ ગળે અડાડેલી અને ચારે કોર કળાહોળ થઈ રહ્યો અને સૌ કાઠીયો સોગંદ ખાવા મંડ્યા જે, ‘અહીયાં કોઈ દિવસ આવીયે તો અમને આપા ગોરખાના સમ છે, આપા વિસામણના સમ છે અને કોઈકના માથાના ફેંટા પડ્યા રહ્યા અને કોઈકના હથીયાર પડી રહ્યાં. પછી મહારાજે ઢોલીયે બેઠા બેઠા કહ્યું જે, “મોટાભાઈ !” તે ભેળાજ સર્વ સ્વારોની ચોટલી મેલી દીધી અને સ્વારો જીવ લઈને નાઠા અને બોલ્યા જે,“ આ ઠેકાણે કોઈ દિવસ લાળી કરવો નહીં.” અહીંયા શોર બકોર સાંભળી ચીભડા લેવા ગયેલા પાળા એકદમ દોડી આવ્યા અને ગામમાં સીધું લેવા ગયેલ પાળા એકદમ દોડી આવ્યા. પછી મહારાજ કહે, “તમે ગયા તે ત્યાંને ત્યાં રહ્યા. અહીં ભાણખાચર અમને મારવા આવ્યો હતો તે મોટાભાઈએ જીવતા રાખ્યા.” મોટાભાઈ કહે, ‘હું શું કરું?” જ્યાં જોઉં ત્યાં હું જ દેખાતો.’ એમ મહારાજે મોટાભાઈ દ્વારા કાઠીયોનો પરાજય કર્યો. ॥૧૧૨॥

રાધાવાવ છે ત્યાં પ્રથમ બીડ હતું. તે બીડ કપાવીને મહારાજે જમીન ખેડાવી અને તેમાં તલ વવરાવ્યા. તે તલ બહુજ સારા થયા, તેને શેઢાડી કાપતી હતી. પછી

મહારાજ તલ જોવા ગયા. તલ જોઈને મહારાજ બોલ્યા જે, ‘‘અમારા કોણ બહારવટીયા છે ? જે અમારા તલ કાપે છે ?’’ મહારાજ કહે, ‘‘અમારા બહારવટીયાને ઝાલે તેને થાળ આપીયે.’’ ત્યારે **કરીમભાઈ** બોલ્યા જે, ‘હું કહું તેમ કરો તો હું ઝાલું.’ પછી મહારાજ કહે, ‘‘તારે શું જોવે ?’’ કરીમભાઈ કહે, ‘લખુ કંદોઈને કહો જે મને લસણની કળી નાંખીને ભજીયાં કરી આપે.’ પછી મહારાજે લખુ કંદોઈને બોલાવ્યા અને કહ્યું જે, ‘કરીમ ભગત કહે તે તેને કરી આપો.’ પછી લસણની આખી કળીયુંના ભજીયાં કરી આપ્યાં અને ગટકુડું ભરીને ખેતર લઈ ગયા પછી શેઢાડીનું ભોણ હતું ત્યાંથી ભજીયાં ભજીયાં વેરતા વેરતા છેટે જઈ એક કડબનો પુળો ઉભો કરી તે ઓથે જઈને બેઠા. પછી શેઢાડી તેના દરમાંથી બહાર નીકળી અને ભજીયાની ગંધે ગંધે ખાતી ખાતી જે ઠેકાણે કરીમભાઈ બેઠા હતા તે ઠેકાણે ગઈ એટલે કરીમભાઈએ પોતાનો ચોફાળ ઉપર નાખી ઢાંકી દીધી. પછી તેને ચોફાળમાં વીંટી દરબારમાં લાવ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘કેમ કરીમ લાવ્યો ’’? ત્યારે કરીમભાઈ કહે, ‘હા, મહારાજ ! તમારો ચોર પકડી લાવ્યો છું. મહારાજ કહે, ‘‘ક્યાં છે ?’’ ત્યારે કરીમભાઈ કહે, ‘આ મારી પાસે છે.’ મહારાજ કહે, ‘‘લાવ, અહીં.’ પછી તેણે ચોફાળમાંથી શેઢાડીને બહાર કાઢી એટલે પોતાના પીંછા ખરરર કરીને ઊંચાં કર્યા. પછી મહારાજ બોલ્યા જે, ‘આ તો મોર જેવા દેખાય છે.’’ પછી મહારાજ બોલ્યા જે, ‘‘અમે તારા કાળા તલ ક્યાં ચોર્યા છે ? તે અમારા તલ કાપે છે.’’ પછી તેને મહારાજે આજ્ઞા કરી જે, ‘‘આને નારાયણધરાને માથે મૂકી આવો.’’ પછી બે પાર્ષદ જઈ નારાયણધરાને માથે મૂકી આવ્યા. ॥૧૧૩॥

અને એક વખત જલેબી મોતીયાની રસોઈ ચાલતી હતી. તે લગભગ મહિનો દોઢ મહિના સુધી ચાલી. પછી દાદાખાચરનો ગોવાળ **બીજલ** તથા **જોઘો** કરીને હતા. તે નિરંતર મોતીયા જલેબી ખાઈખાઈને થાકી ગયા પછી મહારાજ સભામાં વિરાજમાન હતા ત્યાં આવીને બોલ્યા જે, મહારાજ ! આ તમારી લાકડી ને આ તમારો ધાબળો. અમે જલેબી ખાઈખાઈને થાકી ગયા, માટે અમે ભેંહુમાં નહીં જાઈએ. મહારાજ કહે, ‘‘શું હોય તો જાઓ ?’’ ત્યારે બેઉ ગોવાળ બોલ્યા જે, ‘‘અમારે તો એક-એક પાલીનો એક-એક રોટલો બાજરાનો જોવે અને ઉપર બબે મરચાં હોય તો ઢોર ચારવા જવું છે નહીંતર નથી જવું.’’ પછી મહારાજે મોટીબાને કહેવરાવ્યું જે, ‘આને એક-એક બાજરાનો મોટો રોટલો કરીને અપાવો.’’ પછી બેઉ જણાને તેના કહેવા પ્રમાણે બાજરાના રોટલા તથા મરચાં આપ્યાં એટલે ઢોર ચારવા ગયા. એમ મહારાજ દાદાખાચરના

વહેવારની પંડે ખબર રખાવતા હતા. ॥૧૧૪॥

એકાશીયો કાળ પડવાનો હતો અને **બીજલ** તથા **જોઘો ભરવાડ** ઢોરાં ચારવા ગયા હતા અને સમી સાંજમાં અષાઢી પાંચમની વીજળી થઈ. પછી જોધે આવી મહારાજને વાત કરી જે, ‘‘મહારાજ ! પાંચમની વીજળી થઈ ? મહારાજ કહે, ‘‘તારી મા વીજળી શું કરવાની છે ? વરસાદ કરવો તે મારા હાથમાં છે કે બીજાના ?’’એમ સૌ સાંભળતાં મહારાજે સભામાં કહ્યું અને એકાશીયો કાળ પડ્યો. ॥૧૧૫॥

એક વખત શ્રીજીમહારાજ દરબારમાં સભા કરીને વિરાજમાન હતા. તે સમે **સુરાખાચરે** આવી મહારાજને વાત કરી જે, ‘‘મહારાજ ! કેટલાક ગામનું નામ લીધેથી માણસને અનાજ ન મળે અને અનાજને બદલે જુતીયાં ખાવાં પડે.’ મહારાજ કહે, ‘‘એવું વળી ક્યું ગામ છે ?’’ પછી સુરોખાચર બોલ્યા જે, ‘મહારાજ ! આજ જીવાખાચરની ડેલીયે એક **ગઢવો** આવ્યો હતો. તેને જીવાખાચરે પૂછ્યું જે, ‘ગઢવા ! ક્યાંથી આવે છે ?’ ગઢવો કહે, ‘ભગતના ગામથી બાપુ આવું છું.’ જીવોખાચર કહે, ‘ગામનું નામ લે.’ ગઢવો કહે, ‘તે લીધા જેવું નથી. બાપુ !’ જીવોખાચર કહે, ‘મારે ઘરે અનાજનો સાદ પડે છે ને તું ભૂખ્યો રહીશ ?’ તોપણ ગઢવે નામ ન લીધું. પછી જીવાખાચરે બહુ આગ્રહ કર્યો ત્યારે ગઢવો બોલ્યો જે, ‘બાપુ ! હું સાયલા ગામથી આવું છું.’ તરત જ જીવાખાચરે તેના રસોયા માણસને બોલાવ્યો અને ભલામણ કરી જે, ‘આ ગઢવાને મેંદાના લોટની રોટલી ઘીમાં બોળીને દેજે અને ઉપર દૂધ ચોખા ને સાકર જમાડજે રસોયા માણસ કહે, ‘‘બહુ ,સારુ. બાપુ ! ફેર નહીં પડે.’’ પછી જીવોખાચર ડેલીએ જઈ સૂઈ રહ્યો અને ગઢવાને વિચાર થયો જે, ‘રસોઈને વાર છે એટલે હું ગામ જોવા જાઉં.’ ગઢવો ગામ જોવા ગયો તે જ વખતે બીજો ગઢવો આવી ડેલીયે બેઠો. તે વખતે તેમનો રસોયો **વાળંદ સાંગો** કરીને હતો તે બોલાવવા આવ્યો કે, ‘ગઢવો કયાં છે ! હાલ જમવા.’ તે સાંભળી ગઢવો બોલ્યો જે, ‘ભલે ! જીવાખાચર ! ભલે, ધાનના સાદ તારી ડેલીયે પડે છે અને તું ભુખ્યાનું મોઢું જો તેવો નથી.’ એમ વખાણ કરીને ગઢવો દરબારમાં જઈ જમી આવ્યો અને રસોયે દરબારના કહેવા પ્રમાણે ગઢવાને ખુબ જમાડ્યો. ગઢવો જમીને તુરત ચાલતો થયો અને પહેલો આવેલ ગઢવો ગામમાંથી આવી દરબારની ડેલીયે સુઈ ગયો. પછી ચાર વાગ્યા એટલે જીવા ખાચર નિદ્રામાંથી ઉઠી મોઢું ધોઈ પાણી પીને બેઠા. પછી ગઢવો પણ સામી ઓસરીયે બેઠો. પછી દરબારે પૂછ્યું કે, ‘કેમ છે ? ગઢવા ! ખૂબ જમ્યો ને ?’ ત્યારે ગઢવો બોલ્યો જે, ‘બાપુ ! હજુ પેટમાં ગલુડીયા બોલે છે. તે સાંભળી જીવોખાચર બોલ્યા, ‘ક્યાં

ગયો સાંગલા ?' સાંગલો તુરત દરબાર પાસે આવી ઉભો રહ્યો. તે અવસ્થાવાન હતો. તેને દરબારે પૂછ્યું જે,' કેમ ! સાંગલા ગઢવાને જમાડ્યો ને ?' સાંગલો કહે, 'બાપુ ! તમારા કહેવા પ્રમાણે મેંદાની રોટલી ઘીમાં બોળીને દૂધ ચોખા સાકર ઉપર જમાડ્યું.' તે સાંભળી ગઢવો બોલ્યો જે, ''તપાસ, તપાસ, તેં કોને જમાડ્યું ?' સાંગલો તુરત જ આંખ આડા હાથ કરી તે ગઢવાનું મોઢું જોવા મંડ્યો અને દરબારને કહ્યું જે, 'બાપુ ! પેલો દાઢીવાળો હતો.' તે સાંભળી દરબારને ક્રોધ ચડ્યો અને પોતાના પગમાંથી મોજડી કાઢી સાંગલા સામું ઘા કર્યો. તે સાંગલો વાંકો વળી ગયો અને ગઢવાના મોંઢા ઉપર મોજડી વાગી. ત્યારે ગઢવો બોલ્યો જે, 'હાશ, હવે, શુકન વાડે થયા. એટલે અનાજ મળશે.' તે સાંભળી મહારાજ બહુ જ હસ્યા. જે ''ગામના નામનો આટલો બધો પ્રતાપ જે મોજડી ખાય ત્યારે અનાજ મળે એવું નઠારું નામ કેવાય.'' ॥૧૧૬॥

શ્રીજીમહારાજ જીવાખાચરના દરબારમાંથી રાતે બાર વાગ્યે આ દરબારમાં પધારતા હતા અને રસ્તામાં એક રાંક રોતું હતું તે એમ બોલતું જે, 'જીવા ! મોક્ષ દે. મોક્ષ દે.' એમ કરતું પણ મહારાજ સાથે નાજા જોગીયા હતા તેને એમ સમજાણું જે, 'આ રાંક રોટલો માગે છે.' પછી મહારાજ તે રાંક પાસે ઉભા રહ્યા અને નાજા જોગીયા જીવુબા પાસેથી રાત્રીએ આવી એક રોટલો લઈ ગયા અને રાંકના હાથમાં આપ્યો. તે અડધો રોટલો ખાઈ ગયો અને પછી મૂર્છા આવી ગઈ. પછી મહારાજે તેની છાતી ઉપર ચરણારવિંદ મૂક્યું એટલે તે દેહ મૂકી ગયો. પછી મહારાજ જીવાખાચરની ડેલીયે પધાર્યા અને જીવાખાચરને કહ્યું જે, ''અમે અભડાણા. કેમકે આ રાંકને અમે અડ્યા.'' પછી મહારાજે નાજા જોગીયાને કહ્યું જે, ''રાંક રોટલો માગતો નહોતો પણ મોક્ષ માગતો હતો.'' પછી મહારાજ તથા નાજા જોગીયા પરબારા ઘેલે નહાવા પધાર્યા અને જીવાખાચરે માણસો મોકલી રાંકનો અગ્નિસંસ્કાર કરાવ્યો. તેનાં ભાગ્ય કેવાં મોટાં જે ભગવાનનો યોગ થયો. ॥૧૧૭॥

મહારાજ દાદાખાચરના દરબારમાં સભા કરી વિરાજમાન હતા અને જીવાખાચરના દરબારમાં એક બાઈએ દેહ મૂક્યો. તેને મહારાજ તેડવા પધાર્યા અને સૌને દિવ્યસ્વરુપના દર્શન થયાં અને પછી **સચ્ચિદાનંદસ્વામી**એ સભામાં સૌને કહ્યું જે, મહારાજ સભામાં અહીંયા દેખાય છે પણ અહીંયા નથી. પેલા દરબારમાં બાઈએ દેહ મૂક્યો તેને તેડવા પધાર્યા છે પણ હમણાં સૌ જોજો અજાણ્યા થઈ જાશે.' એટલામાં કોઈએ ખબર આપ્યા જે, 'પેલા દરબારમાં એક સાંખ્યયોગી બાઈયે દેહ મેલ્યો.' તે સાંભળી મહારાજ બોલ્યા જે, 'રામ! રામ! રામ!  રામ! બહુ ખોટું થયું.'' એમ

મહારાજે કહ્યું પછી સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે, 'હું કહું છું તે ખોટું ?' ॥૧૧૮॥

એક પાર્ષદ કાંઈક વાંકમાં આવ્યો હશે તેને મહારાજે રજા આપી. પછી તે મુક્તાનંદસ્વામી પાસે ગયા અને સ્વામીને કહ્યું જે, 'મને મહારાજે રજા આપી છે.' ત્યારે સ્વામી કહે, 'તું રઘુવીરજી મહારાજની સેવામાં રહે.' પછી તેણે રઘુવીરજી મહારાજ ને કહ્યું જે,' તમે મને તમારી સેવામાં રાખો.' પછી રઘુવીરજી મહારાજ શ્રીજીમહારાજ પાસે ગયા અને હાથ જોડીને કહ્યું જે, 'મહારાજ ! તમે રજા આપી છે તે પાળો મારી સેવામાં રહે છે.' મહારાજ કહે, ''રઘુવીર ! તમારી સેવામાં રહેતો હોય તો તેના સો ગુન્હા માફ.'' એમ શ્રીજીમહારાજે રઘુવીરજી મહારાજ ઉપર પ્રસન્નતા જણાવી. ॥૧૧૯॥

શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં વિરાજમાન હતા અને ગામ **શિંહોર**ના **જેઠો મોચીગોર** જાંબુડાની માટલી ભરી લાવ્યો. તે છોડી મહારાજ પાસે થાળમાં ઢગલો કર્યો. પછી જાંબુડા જળે ધોઈને મુળજી બ્રહ્મચારીએ મહારાજને આપ્યાં. પછી મહારાજ જાંબુડાં જમીને બોલ્યા જે, ''જેઠા ! આ જાંબુડાના મૂળ નદીના કાંઠે હોવા જોઈએ.'' ત્યારે જેઠો મોચીગોર બોલ્યો જે, 'નદીને કાંઠે જાંબુડો છે.' પછી મહારાજ જાંબુડા જમીને અક્ષરઓરડીના ઉગમણે ખૂણે વાવ્યો અને મહારાજના સ્નાન કરવાના જળથી તે જાંબુડો મોટો થયો ને તેનાં જાંબુડાં શ્રીજીમહારાજ જમ્યા. ॥૧૨૦॥

શ્રીગઢપુરમાં શ્રીજીમહારાજ વિરાજમાન હતા અને **કારીયાણીથી વસ્તોખાચર** મહારાજને તેડવા આવ્યા અને **પંચાળેથી જીણાભાઈ** તેડવા માટે આવ્યા અને **સારંગપુરથી જીવાખાચર** મહારાજને તેડવા માટે આવ્યા. પછી મહારાજે કારીયાણી જવાનો ઠરાવ કર્યો અને રસોયા સાધુને આગલે દિવસે કારીયાણી મોકલ્યા. પછી મહારાજ સવારમાં સાબદા થઈને ચાલ્યા. તે રસ્તે જતા જ્યાં પીપળીયાનો મારગ જુદો પડે છે ત્યાં ગયા. તે વખતે જીવોખાચર સાખી બોલ્યા જે–

*'ધીંગે દીધેલ ધાન, આડા ઓડા બાંધીને,*
*રાંકે રટેલ નહીં રામ, સમજાવે તને કોણ શામળા.'*

પછી મહારાજ બોલ્યા જે, 'જીવાખાચર ! શું બોલ્યા ?'' જીવાખાચર કહે, 'મહારાજ ! કાંઈ નહી.' મહારાજ કહે જે, ''બોલ્યા હો તે કહો.'' પછી જીવાખાચરે મહારાજને કહ્યું જે, 'મહારાજ ! અત્યારે વસ્તાખાચરના ઘરમાં લાખ રૂપિયા છે માટે તેને સૌ સારું લગાડે પણ ગરીબને કોણ સારું લગાડે ?'' પછી મહારાજ બોલ્યા જે,

''માણકી જ્યાં જાય ત્યાં આપણે જાવું.'' પછી માણકીની ડોક ઉપર સરક મૂકી એટલે માણકી પીપળીયાને મારગે ચાલી. ત્યારે મહારાજ કહે, ''સૌ ચાલો સારંગપુર.'' ત્યારે વસ્તાખાચર ઉગામેડીના મારગે ચાલી નીકળ્યા. જીવાખાચર બોલ્યા જે, 'મહારાજ ! પધારે ને તમે નહીં આવો તો મારે તમારી સાથે બોલવાનો વહેવાર નહીં રહે.' પછી મહારાજે વસ્તાખાચરને સમજાવીને સારંગપુર લીધા અને બે સ્વાર મોકલી રસોયાને કારીયાણાથી સારંગપુર બોલાવ્યા. ॥૧૨૧॥

ગઢપુરમાં **કાનો** કરી **પરજીયો સોની** રહેતો હતો. તે ગુંસાઈજીને લાવ્યો. પછી મહારાજે દાદાખાચરને કહ્યું જે, ''કાં તો કાનો સોની રહે ને કાં તો હું રહું.'' પછી દાદાખાચરે મહારાજને વિનંતી કરી કહ્યું જે, ''આજથી પાંચમે દહાડે ગઢડામાં રહે નહીં.' પછી તેમનામાં હશનભાઈ મુનીમ હતા. તેને દાદાખાચરે કહ્યું જે, 'કાનો સોની ગામમાંથી જાય તેમ કરો.' પછી એક વખત કાનો સોની ગામ ગયો હતો અને તેના દિકરા પાસે તેના ખત બધાં ફેરવી નખાવ્યાં અને લેણદારોને કહેવરાવ્યું, 'જેને લેવું હોય તે આવજો નહિ તો કાનો સોની દીવાળું કાઢે તેમ છે.' પછી લેણદાર સૌ આવ્યા અને કાના સોની પાસે દીવાળું કઢાવ્યું. અને કાનો સોની રાત રહીને બીજે ગામ જતો રહ્યો. ॥૧૨૨॥

મહારાજે ભક્તિબાગે નવી જમીન ખેડાવી વાઢ કરાવ્યો હતો. અને તે વાઢમાં શીયાળીયાં શેરડી બહુજ કાપતા હતા. પછી પાણતીયે આવી મહારાજને કહ્યું જે, 'મહારાજ ! વાઢ થયો છે સારો. પણ શીયાળીયાં શેરડી બહુજ કાપે છે.' પછી મહારાજે **સદાનંદ સ્વામી**ને કહ્યું જે, ''તમે વાઢનું રખવાળું કરવા જાઓ.'' પછી સદાનંદસ્વામી રાત્રે વાઢે ગયા ને શીયાળીયાં બધાને સમાધિ કરાવી દીધી અને શીયાળીયાંની વચ્ચે પોતે સુતા. પછી સવારે મહારાજ તથા દાદોખાચર વગેરે સખા ખબર કાઢવા પધાર્યા અને જ્યાં જાય ત્યાં તો ચારે કોર શીયાળીયાં સમાધિમાં પડેલ અને વચ્ચે સદાનંદસ્વામી સુતેલા. તે જોઈ મહારાજે જઈને સદાનંદસ્વામીને હાંક મારીને જગાડ્યા. સદાનંદસ્વામી જાગીને મહારાજને પગે લાગ્યા મહારાજ કહે, ''સદાનંદ ! આ શું કર્યું ?'' સદાનંદસ્વામી કહે, 'મહારાજ ! સૌને સમાધિ કરાવેલી છે. તે હું સુવું ત્યારે બધાએ સુવું ને હું જાગું ત્યારે સૌ જાગે.' પછી મહારાજે કહ્યું જે, ''સૌને જગાડો'' પછી સદાનંદસ્વામી કહે, 'ઉઠો, ઉઠો,'' પછી સૌ શીયાળીયાં સમાધિમાંથી જાગીને પોતપોતાની જાતિનો શબ્દ કરી ચાલ્યાં ગયાં. ॥૧૨૩॥

એક વખત રાત્રીને સમયે શ્રીજીમહારાજ ભણનારાની ખબર કાઢવા માટે પધાર્યા

ને મોટા ભણનારા બધા સૂઈ ગયા હતા અને ચાર જણ પંચસિદ્ધિનો અભ્યાસ કરતા હતા. તે સમયે મહારાજ ગુપ્ત રીતે જોઈને પાછા વળ્યા અને સવારે સભા કરીને મહારાજ બોલ્યા જે, ‘‘અમારે ચાર ભણનારા રહે અને બીજા સૌ ગુજરાતમાં જાય.’’ ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, ‘ચાર ભણનારા કોણ ?’ મહારાજ કહે, ‘‘એક બાલમુકુન્દાનંદસ્વામી, એક વિશુદ્ધાત્માનંદસ્વામી, એક આનંદાનંદબ્રહ્મચારી અને એક વાસુદેવાનંદબ્રહ્મચારી તે ચાર જણ રહે.’’ ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, ‘ભણનારાનો વાંક શું ?’ મહારાજ કહે, ‘‘સમી સાંજમાં સુઈ જાય ત્યારે ભણે ક્યારે ?’’ પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, ‘મહારાજ ! રાત્રીના બાર વાગ્યા સુધી અભ્યાસ કરશે ને પછી સુઈ જાશે.’ ત્યારે મહારાજ કહે, ‘‘એમ અભ્યાસ કરે તો રહે.’’ પછી નાના ચાર ભણનારે વિચાર કર્યો જે, ‘આપણે હવે મોટા ભણનારા ઉઠ્યા પછી બેસવું નહીં કેમકે આપણને પછી પાઠ નહીં આપે.’ પછી તે ચારે ભણનારા મોટા ભણનારાની અગાઉ આસને ચાલ્યા જાય. પછી બીજે દિવસે કેરીનું ગાડું મંગાવી ભણનારાને કેરીઓ વહેંચી આપી અને મહારાજ રાજી થયા. ॥૧૨૪॥

એક વખત શ્રીજીમહારાજ રાત્રીના વખતે જીવાખાચરના દરબારમાં પધારતા હતા. ત્યારે રસ્તામાં **હરજી ઠકર** દુકાનમાં બેસી નાણાંમેળ કરતા હતા અને મહારાજ કાળો ધાબળો ઓઢીને હરજી ઠકરની પછવાડે ઘણીક વાર ઉભા રહ્યા અને હરજી ઠકર નાણાંમેળ કરતા બોલતા જાતા કે, ‘એક પાણની એક પાણ, બે પાણની બે પાણ. ત્રણ પાણની ત્રણ પાણ, ચાર પાણની ચાર. પાણનો હોળાયો વિદ્યા આવી.’ એક એમ પાણો મેળવી નાણાંમેળ કરતા. ત્યારે શ્રીજીમહારાજ ઘણીક વાર ઉભા રહીને બોલ્યા જે, ‘‘હરજી ઠકર ! જેવી આમાં લગની લાગી છે તેવી જો આ મૂર્તિમાં લાગે તો કાંઈ વાંધો રહે નહીં.’’ પછી હરજી ઠકર મહારાજને પગે લાગીને બોલ્યા જે, ‘અહો ! મહારાજ ! તમો ક્યારના ઉભા છો ?’ મહારાજ કહે, ‘‘હરજી ઠકર ! હું ક્યારનો ઉભો છું.’’ ॥૧૨૫॥

એક સમયે રાત્રીને વિષે બે બાવા પરોક્ષના કીર્તન બોલતા હતા. તે મહારાજે અક્ષરઓરડીમાં સુતા સુતા સાંભળ્યાં. પછી ત્યાંથી મહારાજ ઉઠીને પુનમીયા કુવા ઉપર રાત બધી બેસી રહ્યા. પછી ચાર વાગે મુળજી બ્રહ્મચારી જાગ્યા અને ઢોલીયામાં જુવે તો મહારાજને દેખ્યા નહીં. પછી મહારાજને ખોળવા માટે બ્રહ્મચારી ચારે કોર ફરી વળ્યા અને જ્યાં કુવા પાસે ગયા ત્યાં તો મહારાજ કાળો ધાબળો ઓઢીને બેઠા હતા. પછી બ્રહ્મચારીએ કહ્યું જે, ‘મહારાજ! અહીં કેમ બેઠા છો ?’ મહારાજ કહે,

''પેલા બાવા સમી સાંજના કીર્તન બોલે છે. તે સાંભળવા આંહી આવ્યો છું.'' ॥૧૨૬॥

પાંચુબાની દીકરી **હીરુબાઈ** કરીને હતાં તે ચોકમાં રમતાં હતાં. તેને જોઈને મહારાજે હરજી ઠકરને કહ્યું જે, ''હરજી ઠકર ! પેલી છોડી રમે તે તમારી મા છે. તેણે અમારે અરથે થાળ કર્યા નથી. તે સારુ પાંચુબાને ત્યાં જન્મ લીધો છે. તે અમારા અરથે થાળ કરીને અક્ષરધામમાં જાશે.'' પછી તેણે મહારાજને અરથે થાળ કરી મહારાજને જમાડ્યા અને તે દેહ મેલી અક્ષરધામમાં ગયાં. પછી પાંચુબાઈ બહુજ શોક કરવા લાગ્યાં ત્યારે મહારાજે કહ્યું જે, ''તે ક્યાં તમારી હતી ! ''તે તો હરજી ઠકરની મા હતાં. તે અમને થાળ જમાડવા માટે આવ્યાં હતાં. તે થાળ જમાડીને અમારા ધામમાં ગયાં છે.'' ॥૧૨૭॥

એક સમે **ખેતાની** તથા **ભીમાની મા** દેહ મેલી ગયાં. તેને ગામની એક ઘાંચણ બાઈ હતી તેણે ભોંય સુવાડીને ઘેર આવી અને ખેતો દોડાદોડ શ્રીજીમહારાજ પાસે અક્ષરઓરડીમાં આવ્યો ને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મારી મા મરી જાય છે.' તે સાંભળી મહારાજ એક ખેસભર વંડામાં પધાર્યા. ત્યાં પેલી ઘાંચણ પોતાની ઘરની ખડકી બહાર ઉભી હતી. તે મહારાજને જોઈને બોલી જે, 'આ ચમચમ કરતો જાય છે તે શું શ્વાસ ઘાલશે ?' તે સાંભળી મહારાજ બોલ્યા જે, 'ડોશી! હું શ્વાસ નહીં ઘાલું ત્યારે તું ઘાલીશ.'' પછી મહારાજ વંડામાં પધાર્યા અને જાનબાઈ પાસે જઈને બોલ્યા જે, ''જાનબાઈ ! એ જાનબાઈ ! નાનાં છોકરાં છે ને ક્યાં જાય છે ?'' તે સાંભળી બાઈને તુરત આરામ આવ્યો ને સાજી થઈ. પછી તે ઘાંચણ પછવાડે જોવા માટે ગઈ હતી તે પણ આશ્ચર્ય પામી. મહારાજ કહેતા હતા જે, ''આ ખેતો તથા ભીમો બેઉ જણ પૂર્વે ઝાડવાં હતાં. તેને અમારો યોગ થયો એટલે સત્સંગમાં આવ્યા.'' ॥૧૨૮॥

ગામ **ત્રાપસ**ના શ્રીમાળી બ્રાહ્મણ **જાનબાઈ** કરીને હતાં. તે બાલ્યાવસ્થામાં પોતાના પતિનો ત્યાગ કરી ગઢપુર રહ્યા હતાં. તે સાંખ્યયોગીનો ધર્મ પાળતાં. પછી તેના સાસરા તરફના સંબંધી તેડવા માટે આવ્યા અને તે સૌ હરજી ઠકરને ત્યાં ઉતર્યા હતા. પછી મહારાજે પાકાં સીધાં અપાવી રસોઈ કરાવી અને તે બ્રાહ્મણો રસોઈ જમીને મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, ''અમારૂં માણસ અમને સ્વાધીન કરો.' પછી મહારાજે જાનબાઈને કહ્યું જે, 'તમે ઘેર જાઓ. પછી તે સાંભળી તે બાઈનું લોહી માંસ બળી ગયું અને કાળા ઠીકરા જેવી કાયા થઈ ગઈ. અને પોતાના મનમાં એમ થયું કે, 'મને ભગવાને જાકારો દીધો. માટે હવે મારૂં કોણ ધણી ?' પછી તે બાઈને

હરજી ઠકરને ઘેર લઈ ગયા અને ઘડીવાર થઈ એટલે દેહત્યાગ કરી દીધો. પછી બ્રાહ્મણ સૌ મહારાજ પાસે આવી વિનંતી કરવા લાગ્યા જે, 'મહારાજ! બાઈ તો દેહ મેલી ગઈ.' પછી મહારાજ હરજી ઠકરને ત્યાં પધાર્યા અને બાઈને ઓશીકે મહારાજ જઈને બેઠા અને બાઈની જમણી આંખ્ય મહારાજે ઉંચી કરીને બોલ્યા જે, "જાનબાઈ ! એ જાનબાઈ ! અમે તમારી ઉપર બહુજ રાજી થયા છીએ." પછી તે બાઈ દેહ મૂકી અક્ષરધામમાં ગયાં અને મહારાજે બ્રાહ્મણોને કહ્યું જે, "લ્યો, આ તમારૂં માણસ જીવ જ્યાંનો હતો ત્યાં ગયો અને આ દેહ તમારો છે તે લઈ જાઓ." ને મહારાજ દરબારમાં પધાર્યા. ॥૧૨૯॥

એક વખત મહારાજ લક્ષ્મીબાગમાં પધાર્યા હતા અને ઓટા ઉપર બેઠકે બેસીને બહુજ દીલગીર થયા અને નેત્રમાંથી જળ ચાલવા માંડ્યાં. તે જોઈ **સુરોખાચર** બોલ્યા જે, 'મહારાજ ! રડ્યા કેમ ?' મહારાજ કહે, "સુરાખાચર! તમારી પાછળ રોનારા તે રોવે મારી પાછળ કોણ રોવે ?" મહારાજ કહે, "તેથી મેં મારૂં રડી લીધું." પછી સુરોખાચર કહે, "મહારાજ ! અમારી પાછળ દાડા કરે.' મહારાજ કહે, "અમે મોટા મોટા વિષ્ણુયાગ કર્યા તે અમારો દાડો કર્યો." સુરાખાચર કહે, મહારાજ ! અમારી ઉપર દેરીઉં કરે.' ત્યારે મહારાજ કહે, "મેં ગોપીનાથજીનું મંદિર કર્યું છે તે દેરૂં કર્યું." સુરોખાચર કહે, 'અમારે તો પાળીયો બેસારે.' ત્યારે મહારાજ કહે, "ગોપીનાથજીને પધરાવ્યા છે તે અમારો પાળીયો પધરાવ્યો છે." એમ મહારાજે લક્ષ્મીવાડીમાં વાત કરી. ॥૧૩૦॥

મહારાજ લક્ષ્મીવાડીએ પધાર્યા હતા અને સાથે પાંચસો પરમહંસ હતા. પછી વાડીમાંથી મુળા ધોઈને લાવ્યા અને મહારાજ આગળ મોટો ગંજ કર્યો અને પાંચ મણ તલ સંત પાસે ધોવરાવીને લાવ્યા. પછી મહારાજે સૌ સંતને વહેંચી આપ્યા. ॥૧૩૧॥

બીજે દિવસ મહારાજ લક્ષ્મીવાડીએ પધાર્યા હતા અને સંત મુળા ધોઈને લાવ્યા. પછી મહારાજે ઉભા થઈને મુળા ઉડાડવા માંડ્યા. તે લેવાને માટે સર્વે સંત ઉભા થયા અને કેટલાક દેવ પણ વિમાનમાં બેસીને તે પ્રસાદી લેવા માટે આવ્યા હતા. અને મુક્તાનંદસ્વામી પણ તે પ્રસાદી માટે સભામાંથી ઊઠ્યા હતા. પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "આ મુળા અનંત જન્મના રોગ ટાળે તેવા છે." પછી સ્વામી કહે, 'હા, મહારાજ !' પછી સ્વામી પ્રસાદીનો મુળો જમ્યા. ॥૧૩૨॥

મહારાજ લક્ષ્મીવાડીએ બેઠક છે ત્યાં વિરાજમાન હતા અને લક્ષ્મીરામ

દેરાશ્રીએ જઈને મહારાજને વધામણી આપી જે, ''મહારાજ ! દાદાખાચરને ત્યાં દિકરાનો જન્મ થયો.'' તે સાંભળી મહારાજે પાંચસો રૂપિયાની ઉતરી પહેરી હતી તે લક્ષ્મીરામને આપી. ॥૧૩૩॥

મહારાજ ઉગમણાબારના ઓરડાની ઓસરીયે વિરાજમાન હતા ને કેરીયું જમતા હતા. ત્યાં બાવોખાચર આવીને મહારાજ પાસે ઉભા રહ્યા. તેને મહારાજે પ્રસાદીની કેરીયો આપી. એમ ઘણીક વાર કેરીની પ્રસાદી બાવાખાચરને જમાડતા. પછી બાવાખાચરની માતુશ્રી જસુબાઈએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! નાના છોકરાને બહુ કેરીયું જમાડો છો તે વાવળી થાશે.' મહારાજ કહે, ''જસુબાઈ ! બાવોખાચર કેરીયુંભર જ રહેશે.'' પછી તે મોટા થયા ત્યારે કેરીઓની વખતમાં બહુધા કરીને કેરીયો જમતા. ॥૧૩૪॥

મહારાજ જ્યારે ઢોલીયા ઉપર વિરાજમાન થતા ત્યારે બાવોખાચર મહારાજનો ઢોલીયો ઝાલીને ઉભા થાતા અને મહારાજ પોતાનું જમણું ચરણારવિંદ લાંબુ કરતા એટલે બાવોખાચર મહારાજના ચરણારવિંદનો અંગુઠો ધાવતા. અને મહારાજ જ્યારે અક્ષરઓરડીમાં પૂજા કરવા બેસતા ત્યારે બાવોખાચર મહારાજને પ્રદક્ષિણા ફરતા. ॥૧૩૫॥

શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં રાત્રીના સમયે વિરાજમાન હતા અને **શુકમુનિ** પાસે કાગળ લખાવતા હતા. પછી દીવો બુઝાઈ ગયો અને કાગળ લખવો અધુરો રહ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, 'શુકમુનિ ! લખોને. કેમ બેઠા ? ''શુકમુનિ કહે, 'દીવો ઓલાઈ ગયો શી રીતે લખાય ?' પછી મહારાજે પોતાનું જમણું ચરણારવિંદ ઢોલિયા ઉપર લાંબું કર્યું તે અંગુઠામાંથી દીવા જેટલો પ્રકાશ કર્યો ને શુકમુનિએ પત્ર પૂરો કર્યો પછી મહારાજે ચરણારવિંદ તાણી લીધું એટલે પ્રકાશ મટી ગયો. ॥૧૩૬॥

એક વખત **શુકમુનિ** અક્ષરઓરડીની ઓસરીમાં લખતા હતા. તે રાત બધી લખ્યું ને ચૌદ પાના સવાર થઈ ત્યાં લખ્યાં. પછી મહારાજે ઓરડીમાંથી આવી પાના હાથમાં લઈ જોયા વિના ફોડી નાંખ્યાં ને ફળીમાં નાંખી દીધાં તો પણ શુકમુનિ કાંઈ બોલ્યા નહીં. પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, 'શુકમુનિ ! તમને કાંઈ સંશય થયો નહીં જે, રાત બધી ઉજાગરો કરીને લખ્યું ને મહારાજે જોયા વિના પાનાં ફાડી નાંખ્યાં.' શુકમુનિ કહે, 'મારે મહારાજને રાજી કરવા હતા તે પાનાં ફાડીને રાજી થયા.' ॥૧૩૭॥

એક વખત **શુકમુનિ** લખતા હતા ને દિવસના દશ વાગી ગયા પણ પોતાને

નદીએ નહાવા જવું હતું પણ કોઈ સંઘાથ મળે નહીં. પછી મહારાજ આવીને બોલ્યા જે, ''શુકમુનિ ! શું વિચાર કરો છો ?''અમે ક્યારેક નાહ્યા વિના ખાઈ લેતા.'' પછી શુકમુનિ ભંડારે જઈને જમી આવ્યા. ॥૧૩૮॥

મહારાજ લક્ષ્મીવાડીએ પધારતા ત્યાં એક આંબો હતો. તે મહારાજ જ્યારે ઢોલીયા ઉપર વિરાજમાન થાય ત્યારે આંબાની ડાળો મહારાજના મસ્તક ઉપર અડે. તે જોઈ મહારાજ બોલતા જે, ''આ આંબો બહુજ ઉતાવળો થાય છે.'' અને મહારાજ કહેતા જે, ''**ડભાણીયો આંબો** ને **ડભાણીયો બળદ** અને **ડભાણના શુકમુનિ** તે ત્રણ જેવા મારે ઉપયોગમાં આવ્યા છે તેવું બીજું કોઈ આવ્યું નથી.'' અને મહારાજ કહેતા જે, ''આ શુકમુનિ મારા હાથ પગ છે અને મારો ઉછાળો છે.'' એમ શ્રીજીમહારાજ શુકમુનિની પ્રશંસા ઘણીક વાર કરતા હતા. ॥૧૩૯॥

ગઢપુરમાં એક ડોશી મહારાજનો થાળ કરતી. તે મહારાજને જમાડ્યા પહેલાં પોતે દરેક ચીજ ચાખતી પછી મહારાજે એક દિવસ દાદાખાચરને કહ્યું જે, ''દાદા ! તું મારી પ્રસાદી ખા અને હું પેલી ડોશીની પ્રસાદી ખાઉં.'' પછી મહારાજે કહ્યું જે, ''દાદા ! જા તે રાંડનું માથું કાપી નાંખ.'' પછી દાદાખાચરે પાંચ રૂપીયા આપી પગે લાગીને કહ્યું જે, 'માતાજી ! હમણાં બીજે ગામ જાઓ ને પાંચ દિવસ પછી આવજો.' પછી તે બાઈ માંડવધાર ગઈ અને દાદાખાચર મહારાજ પાસે આવી અક્ષરઓરડીમાં બેઠા. પછી મહારાજે પૂછ્યું, ''કેમ દાદા ! ડોશીનું માથું કાપ્યું ?'' પણ દાદોખાચર કાંઈ જવાબ દે નહીં. પછી મહારાજે બે ચાર વાર કહ્યું જે, ''કેમ દાદા ! બોલતો નથી ?'' પછી દાદોખાચર કહે, 'મહારાજ ! તમારૂં ભજન કરે તેનું માથું મારાથી કપાય ?' પછી મહારાજ બહુજ રાજી થયા અને દાદાખાચરને છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને કહ્યું જે, ''ખરો દાદો.'' ॥૧૪૦॥

શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં વિરાજમાન હતા ને **નારદજી** મહારાજના દર્શને આવ્યા. તે દિવ્યદેહ સોતાં આવ્યા. પછી મહારાજને આવી દંડવત કરી પગે લાગ્યા પણ પોતાને દેહની સ્મૃતિ નહીં કે હું કયે દેહે આવ્યો છું ? પછી મહારાજ બોલ્યા જે, ''નારદજી ! અમારે એક એક રુંવાડે કરોડ કરોડ સૂર્યની કાંતિ છે. તે અમે છુપાવી રાખી છે.'' પછી નારદજીને ખબર પડી જે, 'હું દિવ્ય દેહે આવ્યો છું.' પછી મહારાજને પગે લાગ્યા અને કહ્યું જે, 'મહારાજ! હું ભુલી ગયો.' ॥૧૪૧॥

એક વખત શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં ઉઘાડે મસ્તકે ઢોલીયા ઉપર

વિરાજમાન હતા અને પોતાની શીખા એક હાથે ઉંચી કરી હતી અને **શુકમુનિ** પાસે બેઠા બેઠા લખતા હતા. પછી મહારાજનો સંકલ્પ જાણી શુકમુનિએ હાથમાં કાતર લઈને મહારાજની શીખા કાપી લીધી. તે શીખા હાલ વડતાલ અક્ષરભુવનમાં કાષ્ઠની મૂર્તિના માથે છે, તે સોનાના વાળામાં બાંધેલી છે. ॥૧૪૨॥

મહારાજે **મુળજી બ્રહ્મચારી**ને કહ્યું જે, ''બ્રહ્મચારી ! હવે તો તમે વૃદ્ધ થયા માટે અમે નાના નાના બ્રહ્મચારી સેવામાં રાખશું.'' બ્રહ્મચારી કહે, 'મહારાજ ! બહુ સારું.' ॥૧૪૩॥

ગોપીનાથજી મહારાજના મંદિરનો પાયો નાંખવો હતો અને તેનું ખાત મુહૂર્ત કરાવવા પોતે બેઠા અને **રામચંદ્ર ભટ્ટ** પાસે ખાત મુહૂર્ત કરાવ્યું અને પછી મહારાજને વડતાલ પધારવું હતું તે રામચંદ્રને પૂછ્યું જે, ''અમારે કયે દિવસે વડતાલ જવાનું મુહૂર્ત છે ?'' તે રામચંદ્ર ભટ્ટે જ્યોતિષ જોઈને જણાવ્યું કે, 'મહારાજ ! આજે સારું મુહૂર્ત છે. પછી આઠ દિવસ પછી આવશે માટે જવા વિચાર હોય તો આજ પસ્તાનું કરો.' પછી મહારાજે રામચંદ્ર ભટ્ટને પોતાની પાઘડી આપી. રામચંદ્રે પાઘડી લઈને પોતાની ઘરની કોઠી ઉપર મુકી ને બીજે દિવસ મહારાજ વડતાલ પધાર્યા. પછી હશનભાઈએ રામચંદ્રને ઘેર જઈને કહ્યું જે, 'પાઘડી ક્યાં મેલી છે ?' રામચંદ્ર કહે, 'આ કોઠી ઉપર પડી.' પછી હશનભાઈ પાઘડી લઈને ચાલ્યા ગયા. તે પાઘડી જુનાગઢની સુખશૈય્યામાં છે. ॥૧૪૪॥

ગઢડા પાસે ગામ **રાજપીપળા**ની કોઈ એક **કણબણ બાઈ** હતી. તેના મનમાં એક શંકા રહેતી જે, 'સ્વામિનારાયણ બાઈયો ભેગા રહે છે તે ધર્મ શી રીતે રાખતા હશે ? તેની મારે પરીક્ષા કરવી છે.' તે પછી તે બાઈ ગઢપુર આવી અને ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીયે બેઠી અને મહારાજ તેને નિશ્ચય કરાવવા માટે ફળી વચ્ચે બાજોટ નાંખી ઉભા ઉભા સ્નાન કરવા મંડ્યા અને સ્નાન કરીને વસ્ત્ર બદલાવતી વખતે મહારાજે બાઈને દિવ્યસ્વરૂપે દર્શન આપ્યું. તે જોઈ બાઈ તુરતજ મહારાજના પગમાં પડીને પગે લાગી અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો.' ॥૧૪૫॥

એક વખત મહારાજ સભામાં વિરાજમાન હતા અને **શાળીગ્રામ સન્યાસી** મહારાજના દર્શને આવ્યા. તેને જોઈને મહારાજ કહે, ''લક્ષ્મીરામ ! આ શાળીગ્રામ સન્યાસીનો જન્મ કયા નક્ષત્રમાં છે ?'' લક્ષ્મીરામ કહે, 'મહારાજ ! અશ્વલેખામાં છે.' મહારાજ કહે, 'ચગી તો ચગી ને ફગી તો ફગી.'' એટલે લક્ષ્મીરામ કહે, 'હા,'

તે ભેળા શાળીગ્રામ સન્યાસી દંડ લઈને તેની પાછળ દોડ્યા તે લક્ષ્મીરામ રસોડામાં ગરી ગયા અને શાળીગ્રામ સન્યાસીએ રસોડામાં જઈને એક દંડ બરડામાં માર્યો અને કહ્યું જે, ‘મહારાજ ! મારી મશ્કરી કરે ને તું પણ ભેળો કરે છે ?’ પછી સભામાં આવી મહારાજને પગે લાગીને બેઠો. પછી મહારાજ કહે, ‘કેમ શાળીગ્રામ ? શાળીગ્રામ સન્યાસી કહે, ‘મહારાજ ! એક દંડ જઈને માર્યો હવે પછી તે બોલશે નહીં.’ ॥૧૪૬॥

ગઢપુરમાં એક **ખીમો** કરીને સુતાર હતો અને તે મહારાજને રાજી કરવા માટે કલિયુગના બાવાનો વેશ કરી સભામાં આવતો. તે પોતા જેવો ટીખળી માણસ હશે તેને રામકી કરતો. તેને માથે એક ઘોડીયું મેલતો અને અંદર એક બાળકને સુવડાવતો અને એક બાળકને પોતે કેડમાં તેડતો ને એકને ખંધોલે બેસાડતો અને અસલ બાવાનો વેશ કરીને સભામાં આવતો અને મહારાજને રાજી કરવા માટે બોલતો જે, ‘દેખ રંડી ! આ બધા કલિયુગકા ભેખ બેઠા હે.’ એમ મહારાજને ઘણીક વાર નવાજીને રાજી કરતો ને મહારાજ તેને રાજી થઈ પ્રસાદી આપતા. ॥૧૪૭॥

એક વખત **હસનભાઈ**એ વેપાર કર્યો હતો અને તેને ખોટ ગઈ. તે સમે ખીમો સુતાર મહારાજને પગે લાગવા આવ્યો ને તેની મૂછો બહુ મોટી હતી. એટલે મહારાજે તેની મૂછ તાણી. ત્યારે તે સભામાં બોલ્યા જે, *‘વાલે મારી મૂછડી તાણી, હસનો થયો ધુડધાણી, વાલે મારી મૂછડી તાણી.* મહારાજ કહે, “એ તારું કામ નથી તે તો બ્રહ્માનંદસ્વામીનું કામ છે.” ॥૧૪૮॥

મહારાજ આથમણે આરે ઘેલે નહાવા પધાર્યા હતા અને ત્યાં મહારાજ સ્નાન કરી રહ્યા. પછી વરસાદ વરસવા મંડ્યો. તે સાધુએ મહારાજને માથે લાકડીયોની છત્રી કરી. તેમાં લાકડીયોના ત્રણ ઠેબાં ચીંથરે કરીને બાંધ્યાં પણ ચોથું ઠેબું બાંધવા ચીંથરું મળે નહીં. તે સમે ગામ ‘રાજકોટનો ગરાસીયો ત્યાં ઊભો હતો. તેણે પોતાના અંગરખાની કસ તોડીને સાધુને આપી અને કહ્યું જે, ‘લ્યો ! બાંધો. ચોથું ઠેબું.’ તે જોઈ મહારાજ બોલ્યા જે, “આનું દ્રૌપદીના જેટલું તો પુન્ય થઈ રહ્યું.” ॥૧૪૯॥

મહારાજ **જીવાખાચર**ના દરબારમાં ઢોલીયા ઉપર વિરાજમાન હતા અને શેરડીનો સાંઠો સુધારતા હતા. તે સુધારતાં સુધારતા મહારાજની આંગળીયે છરી વાગી. પછી સૌ પાટો બાંધવા માટે ચીંથરું ગોતવા મંડ્યા. તે સમે જીવાખાચરે પોતાને માથે મોટું મીંડલ બાંધ્યું હતું તે ફાડીને મહારાજની આંગળીયે પાટો બાંધ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, “જીવાખાચર ! આ શું કર્યું ?” જીવોખાચર કહે, ‘મહારાજ !

તમારે અર્થે કામ ન આવે તો શા કામનું ?' ॥૧૫૦॥

એક સમે મહારાજ સભા કરી દરબારમાં વિરાજમાન હતા અને પાંચસો પરમહંસ તથા હરિજનની સભા ભરાઈને બેઠી હતી. તે સમે એક ગઢવો દરબારમાં આવ્યો અને સભા જોઈને બોલ્યો જે, 'અહોહો ! આ બધા સમાસે ક્યાં જે આખું જગત મુંડી નાંખ્યું ?' મહારાજ કહે, ''ગઢવા ! મારું ધામ તારા વાડા જેવડું નથી જે ચોમાસું હોય ને ઢોરાં બહાર રહે છે.' મહારાજ કહે, ''મારૂં ધામ તો અષ્ટાવરણ પાર છો.'' પછી ગઢવો મહારાજને હાથ જોડીને પગે લાગ્યો જે, 'મહારાજ ! તમે સત્ય કહો છો. મેં જાણ્યું જે મારા વાડા જેવડું હશે.' ॥૧૫૧॥

એક વખત મહારાજને બહાર જવાનું થયું હતું. પછી જીવાખાચરે પોતાના રહેવાના ઓરડામાં મહારાજને બહાર જવા માટે ખાડો કર્યો. તે જોઈ મહારાજ બોલ્યા જે, ''આ શું કર્યું ?'' **જીવોખાચર** કહે, 'મહારાજ ! તમારે અર્થે કામ ન આવે ત્યારે શા કામનું ?' મહારાજ કહે જે, ''આ બે વાત મારા જીવમાં સાંભરે છે.'' ॥૧૫૨॥

એક દિવસ મહારાજ સભા કરીને વિરાજમાન હતા તેવામાં એક ગઢવો આવ્યો. તે બાઈ ભાઈની સભા નોખી ભાળી બોલ્યો જે, 'અહોહો ! આ બ્રહ્મમાં કોણે ભેદ પાડ્યો ?' મહારાજ કહે, 'ગઢવા ! આ કોઈ નોખા બેસે તેવા નથી પણ હું એક સુગવાનો આવ્યો છું તે મારી સુગ સૌને ચડી ગઈ છે. નહીં તો તે કોઈ નોખા બેસે તેવા નથી.'' પછી ગઢવો મહારાજને પગે લાગીને ચાલ્યો ગયો. ॥૧૫૩॥

એક સમે **ધરમપુરથી કુશળકુંવરબાઈ**એ લીલી ડાંગર હાથે ફોલીને કોથળી ભરીને ચોખા ગઢપુર મોકલ્યા હતા અને મહારાજ આગળ સભામાં તે કોથળી મેલી. પછી મહારાજે કોથળીનું મોં છોડીને હાથમાં ચોખા લીધા અને સભામાં સૌને દેખાડ્યા જે, ''આ શું કહેવાય ?'' ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ ! ચોખા કહેવાય.' મહારાજ કહે, ''ઉપર ફોતરું હોય તો ?'' સ્વામી કહે, 'ડાંગર કહેવાય.' મહારાજ કહે, ''આ ચોખા જેવા થવાશે ત્યારે અક્ષરધામમાં જવાશે.'' એમ મહારાજે સભામાં વાત કરી. ॥૧૫૪॥

મહારાજ દરબારમાં સભા કરીને વિરાજમાન હતા અને કોઈએ આવી મહારાજને પૂછ્યું જે, 'મહારાજ ! તમે કંઠી કેમ પહેરતા નથી ? મહારાજ કહે, ''મારો કોઈ ગુરુ થાય તો હું કંઠી પહેરૂં.'' પછી તે બોલ્યા જે, ''મહારાજ! તમે તો

ભગવાન કહેવાઓ છો તો તમારો ગુરુ કોણ થાય ? સર્વના માતપિતા તમે છો.'' પછી મહારાજ તેની ઉપર રાજી થઈ ગયા કે બોલતાં ઠીક આવડ્યું. ||૧૫૫||

મહારાજ ગોપીનાથજી મહારાજનું મંદિર કરાવતા હતા ને ઉગમણે આરે સંત પથરા કાઢતા હતા અને મહારાજ ત્યાં પધાર્યા હતા પણ એક મોટો પથરો હતો. તેને સંત ભાંગતા પણ તેના કટકા થાય નહીં. તે સમે ગામ **કુંડલી**નો **લુવાર ભોજો** કરીને હતો. તે મહારાજના દર્શને આવ્યો પછી મહારાજને પગે લાગીને સંત જ્યાં પાણો ભાંગતા હતા ત્યાં આવ્યો ને કહ્યું જે, ''લાવો, મહારાજ ! મારા હાથમાં ઘણ.' પછી સંતના હાથમાંથી ઘણ લઈને પત્થરની સાંધ્યમાં છીણી ભરાવીને ઘણ ઊંચો ઉપાડી છીણી ઉપર માર્યો. તે પત્થરના બે કટકા થઈ ગયા. તે જોઈ મહારાજ બહુ જ પ્રસન્ન થયા ને ભોજાને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ||૧૫૬||

એક વખત મહારાજની ઘોડી માટે મોરડો ભરીને ગામ **કુંડલાના રાઠોડ** લાવ્યા હતા અને ચોકડાને ભરકડી નહોતી. તે ભોજા લુવાર કરીને લાવ્યા. પછી તે મહારાજને આપી. તે જોઈને મહારાજ બહુ જ રાજી થયા. ||૧૫૭||

એક વખત મહારાજ પાંચ સારા સંત તથા પાંચ હરિભક્ત લઈને બેઠા અને મહારાજે સૌને કહ્યું જે, ''અમે પૂછીયે ત્યારે જવાબ આપશો.'' પછી પાંચ જણા માળા લઈને મહારાજ સામે બેઠા. મહારાજ પૂછે જે, ''ફલાણા સાધુ કેવા ?'' ત્યારે સંત કહે, 'બહુ સારા.' તો મહારાજ માળાનો મણકો મેલે અને ફરી પૂછે જે, ''ફલાણા સંત કેવા ?'' સંત કહે જે, 'અમે માળા ફેરવીએ છીએ. એમ મહારાજ સૌની પરીક્ષા કરતા. ||૧૫૮||

એક વખત મહારાજ વાસુદેવનારાયણને ઓરડે બેઠા હતા અને જમતા જમતા ભાતમાં કપાસીયાનું મીંજ નીકળ્યું. તે જોઈ મહારાજ બોલ્યા જે, ''મોટીબા ! તમે અમારા થાળના ચોખા જોવાને યોગ્ય નહીં જે ભાતમાં કપાસીયાનું મીંજ આવ્યું અને તમારા સેવક અમારા થાળનું સીધું જોવે છે.'' પછી મોટીબાએ એવો નિયમ રાખ્યો જે, 'મહારાજના થાળનું સીધું પોતે જોવું.' ||૧૫૯||

એકવાર મહારાજે અક્ષરઓરડીમાં **દાદાખાચર**ને પૂછ્યું જે, ''દાદા ! તારે કેવા સંત સાથે હેત ?'' ત્યારે દાદોખાચર બોલ્યા જે, 'મહારાજ ! મારે ભજનાનંદસ્વામી સાથે હેત.' મહારાજ કહે, ''અમારી ભેળો રહ્યો છે ને બંધાણો જાતો ક્યાં?'' પછી મહારાજ કેટલાકને સારા સંતને તથા હરિજનને મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી

તથા બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી એવા મોટા સદ્‌ગુરુ સાથે હેત રાખવા ભલામણ કરતા. ॥૧૬૦॥

મહારાજ કહે જે, ''સેવા કરશે તેને ભજનાનંદસ્વામીની ગોળી ખાવી નહીં પડે કેમકે સેવાએ કરીને પૂર્વના પાપ પણ બળે છે.'' કેમકે સેવા તો **ઉકાખાચર**ની શ્રીજીમહારાજે વખાણી. ઉકાખાચરને શ્રીજીમહારાજ પૂછતા જે, ''તમે પૂજા કરો છો ?'' ત્યારે કહે જે, 'હા.' મહારાજ કહે, ''તમારે કેટલી મૂર્તિ છે ?'' ઉકાખાચર કહે કે, 'મહારાજ ! મારે પાંચસો મૂર્તિયો છે.' સવારમાં ત્રણ વાગે ઉઠી દરબારમાંથી વાળતા વાળતા ઠેઠ ખળખળીયા સુધી વાળી રસ્તો સાફ કરતા જે, 'મારા સાધુને કાંકરા વાગશે એમ જાણીને સેવા કરતા અને સાધુ લઘુશંકા કરતા તેનાં માટલાં ભરીને બહાર પાદર નાંખી આવતા અને પછી નહાઈ ધોઈને શ્રીજીમહારાજ પાસે પગે લાગવા આવતા. તે વાત શ્રીજીમહારાજે વચનામૃતમાં લખી છે જે, ''*ઉકાખાચરની પેઠે ટેલ સેવા કર્યાનું વ્યસન હોય તેને ગમે તેવી મલીન વાસના હોય તે બળી જાય.*''॥૧૬૧॥

અક્ષરઓરડીની પછવાડે પ્રથમ અપાસરો હતો. તે રાતમાં સંતે બારણું પાડીને સવારમાં દાદાગુરુને જારનો ટોપલો ભરીને સદાવ્રત દેવા બેસાર્યા. તે સવારમાં ગામનું મહાજન જોવા આવ્યું જે ,'સ્વામિનારાયણના સાધુએ આપણો અપાસરો પાડીને ત્યાં સદાવ્રત દેવા માંડ્યું.' તે સારૂં ગામમાં હડતાળ પાડી. પછી લાધા ઠક્કરને મહારાજે કહ્યું જે, 'તમે ભાવનગર જઈ વજેસિંહજી દરબારને મળો.' લાધો ઠક્કર તે દિવસ સ્વાર થઈ ભાવનગર ગયા. અહીંયાં મહાજને વિચાર કરી પાંચસો રૂપીયા એકઠા કર્યા અને ભાવનગર જવું એવો ઠરાવ કર્યો. પછી લાધા ઠાકરે ભાવનગર જઈ વજેસિંહ દરબારને કહ્યું જે, 'દાદોખાચર ઘેર નથી ને મહાજને હડતાળ પાડી છે અને સ્વામિનારાયણના સાધુ એક તરણાને પણ તોડે નહીં અને મહાજન કહે છે જે અમારો અપાસરો પાડી નાંખ્યો. જે ઠેકાણે દાદાખાચરનું ઘર હતું ત્યાં સ્વામિનારાયણે સદાવ્રત બંધાવ્યું છે. તે માટે મહાજને ગામમાં હડતાળ પાડી છે.' પછી ગઢડાથી મહાજન ભાવનગર ગયા અને દરબારને મળવા માટે ગયા ત્યારે દરબારે કહ્યું જે, 'આજ મારે અવકાશ નથી.' એમ ચાર પાંચ દિવસ સુધી મહાજનને દરબારે જવાબ આપ્યો નહીં અને ખરચી હતી તે બધી ખુટી ગઈ. પછી મહાજન સૌ દરબારને પગે લાગી ગુન્હો માફ માગી ગઢડે આવ્યા. ॥૧૬૨॥

**જીણાભાઈ**નો દીકરો **હઠીભાઈ** હતો. તે રમતાં રમતાં બજારમાં અપાસરાની

ઓસરીમાં જઈને થુંક્યો તેથી મહાજને ગામમાં હડતાળ પાડી. પછી શ્રીજીમહારાજને ખબર પડી એટલે મહારાજ અપાસરા પાસે જઈ ઉભા એટલામાં જહોરખ કરીને ગોરજી અપાસરામાં ઉભા હતા. તે મહારાજને ભાળી બહાર આવી મહારાજને પગે લાગ્યા અને કહ્યું જે, 'મહારાજ ! તમે અહીં ક્યાંથી ? અહીં શા માટે આવ્યા ?' મહારાજ કહે, ''આ તો છોકરૂં છે તે અજાણ્યે થુંક્યો હશે તેને માટે આટલું બધું તોફાન હોય ?'' જહોરખ કહે, 'મહારાજ ! અપરાધ ક્ષમા કરશો ને હમણાં હડતાળ ખોલાવું છું.' પછી મહારાજ દરબારમાં પધાર્યા. ॥૧૬૩॥

એક સમે મહારાજને વડતાલ પધારવું હતું અને **મોટીબા** વિગેરે સૌ કહે, 'મહારાજને ગઢડેથી જવા દેવા નહીં.' પછી મહારાજ ઘોડીએ સ્વાર થયા પછી માણકીની વૃત્તિ બાઈઓએ તાણી લીધી. તેથી માણકી ફરીફરીને વાસુદેવનારાયણના ઓરડા સામી ઉભી રહે. પછી મહારાજ કહે, ''આ ગઢડાના પાર્ષદ અમારી ઘોડાની વૃત્તિ ખેંચી લે છે એવા પ્રેમી છે.'' પછી મહારાજે મોટીબા વિગેરેને કહેવરાવ્યું જે, ''હવે તમે આજ્ઞા આપો એટલે વડતાલ જઈયે.'' પછી બાઈઓએ કહેવરાવ્યું જે, 'પાછા વહેલા ગઢપુર આવો તો રજા આપીએ.' પછી મહારાજ કહે, ''જાઓ, સમૈયો કરીને તુરત પાછા આવીશું.'' પછી મહારાજને રજા આપી એટલે મહારાજ વડતાલ પધાર્યા. ॥૧૬૪॥

એક વખત મહારાજ આથમણે આરે ઘેલામાં મોટો પત્થર છે ત્યાં સભા કરીને વિરાજમાન હતા. તે સમે **નિર્વિકારાનંદ** તથા **નિર્વિકલ્પાનંદ** બન્ને જણ સભામાં આવ્યા. અને તેને એવું માન હતું કે, 'મુક્તાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીની જોડે બેસવું.' પછી તેનું માન ટાળવા માટે શ્રીજીમહારાજે રોઝો ઘોડો શણગારીને મંગાવ્યો અને પોતાનાં વસ્ત્ર અલંકાર નિત્યાનંદસ્વામીને પહેરાવ્યાં ને રોઝા ઘોડા ઉપર બેસાર્યા અને માણકી ઘોડી ઉપર પોતે બેઠા. અને વાજતે ગાજતે દરબારમાં પધાર્યા તે જોઈને નિર્વિકારાનંદ તથા નિર્વિકલ્પાનંદ બન્ને ચાલ્યા ગયા. તે નિર્વિકલ્પાનંદ આમોદ ગામમાં જઈ દીનાનાથ ભટ્ટને મળ્યા અને નિર્વિકારાનંદ ડભોઈ ગામમાં મઠ બાંધી રહ્યા. ॥૧૬૫॥

ભગવાનાનંદસ્વામી કરીને એક ગવૈયા સંત હતા અને તેનું બીજું નામ **કીડીસખી** હતું અને પોતે ગાયનકળામાં બહુજ હોશિયાર હતા પણ પોતાને ગુણનું માન વિશેષ હતું. તે જ્યારે પ્રેમાનંદસ્વામી સભામાં ગાયન કરતા ત્યારે શ્રીજીમહારાજ તેમની

વારંવાર પ્રશંસા કરતા. આમને કોઈ દિવસ શ્રીજીમહારાજ વખાણતા નહીં. તેથી પોતાના મનમાં એમ રહેતું જે, 'હું તો મોટા રાજાને રંજન કરૂં તેવો છું પણ મહારાજની ગણતરીમાં નથી.' પછી તેનું માન ટાળવા માટે શ્રીજીમહારાજ એકવાર સભામાં બોલ્યા જે, 'કીડીસખીનો કાંઈ રાગ છે! જેવો અમારે મુળધારે રાગ છે તેવો રાગ છે.'' તે સાંભળીને તે સંત પોતાનો સરોદ લઈ સભામાંથી પરબારા ચાલી નીકળ્યા અને બોટાદ ગયા. ત્યાં ભગાશેઠને મળ્યા. ભગાશેઠે કહ્યું, 'સ્વામી ! એકલા કેમ ?' સ્વામી કહે, મારૂં અપમાન શ્રીજીમહારાજે સભામાં કર્યું જે, 'વાહ ! કીડી સખીનો રાગ વાહ ! જેવો અમારે મુળધારે રાગ છે તેવો રાગ છે.' પછી ભગાશેઠે બહુજ સમજાવ્યા જે, 'સ્વામી ! ધન્ય ઘડી ધન્ય ભાગ્ય ભગવાનના મુળધાર જેવો આપણો રાગ ક્યાંથી હોય ? આવો, હું તમને મેલવા આવું.' પછી સંતે કહ્યું, 'હું તો મોટા રાજાને રાજી કરૂં તેવો છું.' પછી તે સત્સંગ બહાર ગયા અને પથ્થરનો રોગ થયો અને પછી બહુ હેરાન થઈ દેહ મેલી ગયા. ॥૧૬૬॥

જીવાખાચરના કારજમાં ગામ **આંબરડીના જોગીદાસ ખુમાણ** કરીને કાઠી હતા. તે ગઢપુર આવ્યા હતા અને સભામાં મહારાજના દર્શને આવ્યા. પછી મહારાજે સભામાં તેને પૂછ્યું જે, 'જોગીદાસ ખુમાણ ! તમારે પરસ્ત્રી સામું જોવાય ત્યારે આંખમાં મીઠું ભરો છો તેનું કારણ શું ?' જોગીદાસ ખુમાણ કહે, 'મારી માએ મારું નામ જોગીદાસ ખુમાણ પાડ્યું છે તે હું જોગીઓનો દાસ કહેવાઉં તે મારાથી પરસ્ત્રી સામું કેમ જોવાય ? અને જોઉં તો મારા ગુરુ લાજે એટલે આંખમાં મીઠું ભરૂં છું. પછી મહારાજે સૌ સંતને કહ્યું જે, ''જુઓ, આને કેટલી બધી લાજ છે જે હું જોગીઓનો દાસ કહેવાઉં ? એમ લાજ રાખે તો ધર્મ પળે, નહિ તો ધર્મ પળે નહિ.'' ॥૧૬૭॥

જીવાખાચરના કારજમાં સૌ કાઠી ભેળા થયા હતા. પછી સૌ કાઠી મહારાજ પાસે આવ્યા અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! અમને મુક્તાનંદસ્વામીનાં દર્શન કરાવો.' પછી મહારાજ કહે, 'મુક્તાનંદસ્વામીનાં દર્શન કરવાં છે કે તેથી મોટા હોય તેનાં દર્શન કરવાં છે ?'' ત્યારે સૌ બોલ્યા જે, ''તેથી મોટા હોય તેનાં દર્શન કરાવો.' પછી **સિદ્ધાનંદસ્વામી** ઉગમણે આરે નદીમાં પત્થર કાઢતા હતા. ત્યાં શ્રીજીમહારાજ પધાર્યા અને કાઠીઓને કહ્યું જે, ''મારી મૂર્તિ રાખવી તેમાં આ મોટા છે અને લોકવહેવારે મુક્તાનંદસ્વામી મોટા છે.'' એમ મહારાજે કાઠીઓને કહ્યું એટલે કાઠી સૌ સિદ્ધાનંદસ્વામીને પગે લાગ્યા. ॥૧૬૮॥

એક વખત ઘણાક સંત માંદા થયા હતા. તેમાં કેટલાક સાજા માંદા હતા. તેથી

મહારાજે જાણ્યું જે, ‘‘આમાં કેટલાક માંદા છે ને કેટલાક સાજા છે. માટે સૌ એક સાથે ગણાય છે. માટે તેનો કાંઈક ઉપાય કરીએ.’’ પછી ભંડારીને બોલાવીને મહારાજે કહ્યું જે, ‘‘આજ મીઠું નાંખીને બાજરાના લોટની રાબ કરજો એટલે સૌ માંદા સંત પીવે.’’ પછી મહારાજે સૌ માંદાને બોલાવ્યા ને કહ્યું જે, ‘‘આ મીઠાની રાબ સૌ પીવો.’’ પછી કેટલાક બોલ્યા જે, ‘મહારાજ ! અમે તો સાજા છીએ.’ પછી માંદા સંતને બાજરાના લોટની રાબ પાઈને સાજા કર્યા. ॥૧૬૯॥

ગઢપુરમાં **રામપ્રતાપજી મહારાજે** કાઠીને પૂછ્યું જે, ‘‘તમે દુબળા કેમ ?’ ત્યારે કાઠી કહે, ‘તમારા ભાઈ એક એકાદશી લાવ્યા છે જે પંદર દિવસ થાય એટલે આવીને ઉભી રહે છે. તે ઉપવાસ કરવો પડે અને જ્યાં પાંચ દિવસ થાય ને કાંઈક સમો વળે ત્યાં ફડકો પડે જે આવી. તેણે કરીને સૂકાઈએ છીએ.’ એમ વાત કરે છે તેટલામાં માણસીયો કરીને કાઠી હતો તે જાણીને મોંઢે ફીણ આણીને પડ્યો. પછી ચાર જણ ઝોળીમાં નાંખીને મહારાજ પાસે લાવ્યા અને મહારાજને કહ્યું જે, ‘મહારાજ ! આ માણસીયો મરી જાય છે.’ મહારાજ કહે, ‘શું છે ?’ કાઠી કહે, ‘મહારાજ ! એકાદશી રહ્યો છે.’ એમ જ્યાં કહે છે ત્યાં ગામમાં છોકરૂં મરી ગયું તેની મરણપોક પડી. તે સાંભળી કાઠી બોલ્યા જે, ‘‘મહારાજ ! ઝટ કરો. આ એકાદશીએ એક તો લીધો અને માણસીયો મરી જાશે.’ પછી મહારાજ કહે, ‘‘જાઓ સૌ એકટાણું જમજો.’’ તે સાંભળી માણસીયો સુતો હતો તે બેઠો થઈ ખોંખારો કર્યો ને મહારાજને પગે લાગ્યો. મહારાજ કહે, ‘કેમ માણસીયા ?’ માણસીયો કહે, ‘મહારાજ ! હું તો ભૂખે મરી જાતો હતો તે હવે જીવતો થયો.’ ॥૧૭૦॥

મહારાજે **બ્રહ્માનંદસ્વામી**ને કહ્યું જે, ‘‘તમારા કીર્તનમાં તોછડાઈ બહુજ આવે અને મુક્તાનંદસ્વામીના કીર્તનમાં તોછડાઈ નહીં.’’ ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, ‘હા, મહારાજ ! મુક્તાનંદસ્વામીના કીર્તનમાં કાંઈ તોછડાઈ નહીં હોય.’ એમ કહી સ્વામી મુક્તાનંદસ્વામીના કીર્તનનું પદ બોલ્યા જે

*‘‘મુક્તાનંદ કહે મુરખ લોક પાધરા દીસે પાજી જો’’*

પછી બ્રહ્માનંદસ્વામી કહે, ‘જુઓ, મહારાજ આમાં કાંઈ છે તોછડાઈ ?’’ ॥૧૭૧॥

ગોપીનાથજી મહારાજ પધરાવ્યા પછી **દાદાખાચર**ને મહારાજે કહ્યું જે, ‘‘દાદા ! ગોપીનાથજી દેવ તો પધરાવ્યા પણ તેમને નિરંતર થાળ ધરવા માટે જોશે.’’ ત્યારે દાદાખાચર કહે, ‘મહારાજ ! જેમ તમે કહો તેમ કરું.’ પછી મહારાજ કહે, ‘હું કહું

તેટલી જમીન આપો.'' પછી શ્રીજીમહારાજ તથા દાદાખાચર તથા બીજા પાર્ષદ સાથે લઈ મહારાજ રાધાવાડીયે પધાર્યા અને અડતાળાના મારગેથી અણવાણે પગે ચાલ્યા. તે ફરતા ફરતા ઉગામેડીના મારગે આવીને ઉભા રહ્યા. પછી મહારાજે કહ્યું જે, ''દાદા ! આટલી જમીન આપ.'' પછી દાદાખાચરે બસો વિઘાં જમીન કૃષ્ણાર્પણ કરી. તે વખતે ગામ **સુંદરીયાણા**ના **પુંજો શેઠ** શ્રીજીમહારાજની સાથે હતા. તે મહારાજ અણવાણે પગે ચાલ્યા. તે પગલે પગલેથી ચરણરજ લીધી અને પછી મહારાજ દરબારમાં પધાર્યા ત્યારે લાડુબા બોલ્યાં જે, 'મહારાજ ! ક્યાં પધાર્યા હતા ?' મહારાજ કહે, ''દાદાખાચરે ગોપીનાથજીના થાળમાં બસો વિઘાં જમીન આપી.'' પછી લાડુબા બોલ્યાં જે, 'મહારાજ ! દાદાના ઢોર ક્યાં ચરશે ?' માટે બે માર્ગ વચ્ચે થોડીક જમીન દાદાખાચરને ખાતે રહેવા દ્યો.' પછી બે માર્ગ વચ્ચે ખુણો પડતર રાખ્યો તેમાં સ્ટેશન છે તે જગ્યા રખાવી. ॥૧૭૨॥

**અયોધ્યાપ્રસાદજી મહારાજ** અમદાવાદ જવા તૈયાર થયા. પછી મહારાજ સભામાં વિરાજમાન હતા. ત્યાં આવી દંડવત્ કરી મહારાજને પગે લાગ્યા અને બહુ જ દિલગીર થયા ને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! રઘુવીરજી મહારાજને તો વડતાલ ગામડીયું ગામ તે કાંઈ ફીકર નહીં પણ મારે તો અમદાવાદ જેવું શહેર તેમાં રહેવું અને મારી પાસે કાંઈ વિદ્યા નહીં તેમ દ્રવ્ય પણ નહીં.' પછી શ્રીજીમહારાજે સભા સામું જોયું. ત્યાં તો નિરંજન સ્વામીને મહારાજને દેખ્યા અને પોતા પાસે બોલાવ્યા અને અયોધ્યાપ્રસાદજી મહારાજને કહ્યું જે, 'લ્યો, આ તમને કામધેનુ આપું છું તેને જમાડીને જમજો અને તે કહે તેમ કરજો. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજને મહારાજ બાથમાં ઘાલીને મળ્યા અને વાંસો ઠપકારી મહારાજે કહ્યું જે, ''જાઓ, હું તમારી ભેળો છું.'' પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ અમદાવાદ પધાર્યા અને સ્વામીએ જેમ કહ્યું તેમ કર્યું. ॥૧૭૩॥

શ્રીજીમહારાજ જ્યારે સ્વધામ જવાને તૈયાર થયા ત્યારે **જીવુબા** તથા **લાડુબા** તથા **જસુબા** વિગેરેએ મહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, 'મહારાજ ! અમારે તમારાં દર્શનનું નિયમ છે. તે હવે કોનાં દર્શન કરીને જમીએ?'' પછી શ્રીજીમહારાજે કહ્યું જે, ''આ ગોપીનાથજી છે. તે મારું જ સ્વરૂપ છે માટે તેમનાં દર્શન કરીને જમજો.'' પછી મોટીબા તથા લાડુબા તથા જશુબા વિગેરે જ્યારે ગોપીનાથજી મહારાજને દર્શને આવે ત્યારે ગોપીનાથજી મહારાજને શ્રીજીમહારાજરુપે દેખતા પણ ત્રિભંગી મૂર્તિ ન દેખતાં. ॥૧૭૪॥

ગઢડામાં શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના ઓરડાની આગળના ફળીયામાં લીંમડાની છાયા નીચે સભા ભરી બેઠા હતા અને સભાનું કામ ચાલુ કર્યું હતું. એટલામાં ગામના જ હરિભક્ત નામે **ખીમા ઉર્ફે ખીમજી કલ્યાણ** જ્ઞાતે ગુર્જર સુતાર સભામાં આવ્યા અને પોતે એક નારીયેળની કાચલીમાંથી બનાવેલી કંઠી શ્રીજીમહારાજને અર્પણ કરી. તે કંઠી જોઈને શ્રીજીમહારાજ બહુ જ પ્રસન્ન થયા તેમજ બ્રહ્માનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, સર્વે હરિજન અને સંતો પણ તે જોઈને બહુ રાજી થયા. શ્રીજીમહારાજ તે કંઠી હાથમાં લીધી એમ બોલ્યા જે, "આવી જ પરંતુ સુખડની અથવા તુલસીની કંઠી પહેરવાનો રિવાજ આજથી આપણા સંપ્રદાયમાં શરૂ કરવો." અને સર્વે હરિજનોએ તે આજ્ઞા કબૂલ રાખી. પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને ખીમા સુતારને સુખડની અથવા તુલસીની કંઠીઓ બનાવવા આજ્ઞા કરી. પરંતુ પાસેના ગામોમાં અથવા શહેરોમાં સુખડનો અભાવ હોવાથી ખીમા સુતારે શ્રીજીમહારાજ પ્રત્યે વિનંતી કરી જે, "આસપાસ કોઈ ગામમાં કે શહેરમાં સુખડ મળવી શક્ય જણાતી નથી." પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "સુરતમાં સુખડ તમોને જોઈએ તેટલી મળી શકશે એટલે સુરતથી સુખડ લાવો." ખીમાભક્ત તુરત તૈયાર થયા અને પગરસ્તે ભાવનગર પહોંચ્યા અને ત્યાંથી વહાણમાં સુરત જવા રવાના થયા. તેમની સાથે એક બ્રાહ્મણ ભાવનગરથી તેજ વહાણમાં તેમની સાથે થયો. ખીમાભક્તની કમ્મરમાં પૈસાની વાંસળી હતી. તે તે બ્રાહ્મણની નજરે ચડી અને તે તેણે ધ્યાનમાં રાખી. બેઉ જણા વહાણમાં પ્રવાસ કરે છે અને રસ્તામાં રાત થઈ એટલે ખીમાભક્ત સ્વામિનારાયણના નામની ધૂન કરવા લાગ્યા. પેલો બ્રાહ્મણ આ ધૂન સાંભળી ચિડાણો અને કહેવા લાગ્યો કે, 'સ્વામિનારાયણ તે વળી કોણ છે ? અરે ! આ શું બડબડ કરી રહ્યા છો ?' આ સાંભળી ખીમાભક્તે ધીમા અવાજે નામસ્મરણ ચલાવવા માંડ્યું. પરંતુ તે પણ પેલા બ્રાહ્મણને સહન ન થયું અને ગુસ્સે થઈ બોલ્યો જે 'તારો સ્વામિનારાયણ ખરો હશે તો તને આજ રાતમાં બચાવશે." પરંતુ ખીમાભક્તે નામસ્મરણ ન છોડતાં તેનો જવાબ વાળ્યો, 'તમારાથી બને તે કરશો.' પછી રાતનાં અગ્યાર વાગ્યાનો સુમાર થતાં ખીમાભક્ત નિંદ્રાવશ થઈ ગયા; એટલે પેલા બ્રાહ્મણે અડદના દાણા તેમના ઉપર છાંટવાનો પ્રયત્ન શરુ કર્યો. કારણ કે તે બ્રાહ્મણ મ્લેચ્છ વિદ્યામાં સારું જ્ઞાન ધરાવતો હતો. અને તેનો તેને મનમાં બહુ જ ગર્વ હતો. અને આવા પ્રયોગથી ઘણાની પ્રાણ હત્યા તેણે કરી હતી. તેણે લગભગ અર્ધો શેર અડદના દાણા તેમના ઉપર છાંટ્યા અને હવે આ ડોસો ઠેકાણે થઈ ગયો હશે એમ માની સંતોષ કરી નિહાળતો બેઠો. ખીમાભક્ત પાંચેક કલાક ઉંઘ લીધા બાદ

જાગ્રત થયા અને નામસ્મરણ કરતા કરતા ઊઠીને પથારીમાં જુવે તો જ્યાં ત્યાં અડદ વેરાયેલા નજરે જોયા અને તે બાબત કંઈપણ ધ્યાનમાં ન લેતાં બધા અડદ ભેળા કરી એક રુમાલને છેડે બાંધી લઈ ખડીયામાં મૂકી દીધા. તે બધું જોઈ તે બ્રાહ્મણ મનમાં ભયભીત થયો અને વિચાર કરવા લાગ્યો કે 'આ રીતે મેં ઘણાના પ્રાણ લીધા છે અને આ ડોસો ઉભો થયો. આ એક અજબ જેવી વાત છે.' પછી બીજે દિવસે વહાણ સુરત બંદરે પહોંચ્યુ અને બેઉ જણ બંદર પર ઉતરી એક ધર્મશાળામાં ઉતર્યા. ખીમાભક્તે નહાઈ ધોઈ પૂજાપાઠ કરી રસોઈ કરી. તેમાં પોતાની પાસે રૂમાલમાં જે અડદ ભેગા કરી સાથે લીધા હતા તેની દાળ બનાવી. બધી રસોઈ તે બ્રાહ્મણના દેખતા જમ્યા એટલે પેલો બ્રાહ્મણ વધારે ગભરાયો અને મનમાં સમજ્યો કે આ ડોસલ મારા કરતા મ્લેચ્છ વિદ્યામાં બહુ જ વધારે પ્રવીણ હોવો જોઈએ. ખીમાભક્ત જમી રહ્યા પછી બ્રાહ્મણને બોલાવી કહ્યું કે, 'મારા સ્વામિનારાયણનો ચમત્કાર તને બતાવું.' એટલું સાંભળતાં પેલો બ્રાહ્મણ પગમાં પડ્યો અને મારી ભૂલ થઈ એમ કહી ક્ષમા યાચવા લાગ્યો. એટલે ખીમાભક્તે તેને કહ્યું કે આજથી કોઈપણ જીવની હિંસા હું નહિ કરું; એમ પાણી મૂક એટલે ક્ષમા જ છે. તે બ્રાહ્મણે ડોસલાની આજ્ઞા માન્ય કરી હાથમાં પાણી લઈને મૂક્યું જે, 'આજથી કોઈપણ જીવની હિંસા હું નહીં કરું.' પછી તે બ્રાહ્મણે ખીમાભક્તને પૂછ્યું જે, 'મને તમારા સ્વામિનારાયણ ક્યાં છે તે કહો; મારે તેમનાં દર્શન કરવાં છે.' બ્રાહ્મણની તીવ્ર જીજ્ઞાસા જોઈ તેને ખીમાભક્તે કહ્યું કે, 'કાઠિયાવાડમાં ગઢડા કરીને ગામ છે ત્યાં છે અને હું તેજ ગામનો વતની છું.' પછી સુખડનું વહાણ ભર્યા બાદ તે બ્રાહ્મણને શ્રીજીમહારાજ પાસે લઈ જઈને કહ્યું કે, 'આ અમારો સ્વામિનારાયણ પોતે જ છે.' આ પ્રમાણે પેલા બ્રાહ્મણને દર્શન કરાવ્યાં. પછી તે બ્રાહ્મણે બધી બનેલી હકીકત શ્રીજીમહારાજને કહી તેમની ક્ષમા માગવા લાગ્યો અને પોતાને શરણે સ્વીકાર કરી આશ્રિત કરી લેવા વારંવાર વિનવવા લાગ્યો. એટલે શ્રીજીમહારાજે કૃપા કરી પોતાનો આશ્રિત બનાવ્યો. પછી ખીમા સુતાર લાવેલી સુખડમાંથી કંઠીયો બનાવવા લાગ્યા અને શ્રીજીમહારાજે તે કંઠીયો બધા સત્સંગી બાઈ ભાઈઓને ગળામાં પહેરવાનો રિવાજ ત્યારથી ખીમા સુતારને હાથે ચાલુ કર્યો. ॥૧૭૫॥

ગઢપુરમાં એક સંતને બહુ તાવ આવ્યો હતો પછી તે સંત તાવને ગોદડીમાં મુકીને પોતે એક કોર જઈને બેઠા. તે વખતે શ્રીજીમહારાજે આવીને સંતને કહ્યું જે, "મહાપુરુષ ! આમ કેમ છેટે બેઠા ? એટલું તમારૂં પ્રારબ્ધ કોણ ભોગવશે ? માટે તમારૂં પ્રારબ્ધ તમે ભોગવી લ્યો." અને તે ગોદડું છેટે પડ્યું પડ્યું તરફડતું હતું. પછી

મહારાજે કહ્યું એટલે સંતે તે તાવને અંગીકાર કર્યો. ॥૧૭૬॥

એક વખતે ગઢપુરમાં મુક્તાનંદસ્વામીને કોઈક હરિભક્તે ડગલો આપ્યો હતો. પછી સ્વામીએ સભામાં કહ્યું જે, 'જેને ડગલો ન હોય તે મારી પાસેથી લઈ જજો.' પછી **નારણદાસ સમાધિવાળા** હતા તે પોતાનો જુનો ડગલો ઉકરડામાં સંતાડી આવ્યા. પછી કોઈક ભંડારીએ તે ઉકરડામાં દેવતા નાંખ્યો એટલે ડગલો માંહેથી સળગ્યો ને ધૂમાડા નિકળવા મંડ્યા. પછી સૌ લોક ભેળા થઈને તે ઉકરડો ફોળવા મંડ્યા ત્યાં તો માંહેથી ડગલો નિકળ્યો. તે જોઈને સૌ કહેવા લાગ્યા જે, 'આ કોનો ડગલો ? આ કોનો ડગલો ? 'પછી કોઈકે તે ડગલો ઓળખ્યો જે, આ તો નારણદાસજીનો ડગલો છે. પછી નારણદાસને બોલાવીને તે ડગલો તેમને પાછો આપ્યો. સમાધિવાળા હતા પણ ચાળાચુંથણા કહેવાણા. ॥૧૭૭॥

ગઢપુરમાં **સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદસ્વામી**ની આંખો બહુ દુઃખવા આવી હતી. પછી લીંબુ મંગાવીને માંહે વડાગરું મીઠું વટાવીને નાંખ્યું અને પછી આનંદાનંદ બ્રહ્મચારીને બોલાવીને વાસુદેવનારાયણના ઓરડે તે રસ સ્વામીની આંખોમાં નાંખ્યો અને બીજો દિવસ થયો એટલે આંખો દીવા જેવી સારી થઈ ગઈ અને પછી જીવનપર્યંત ક્યારેય પણ આંખો દુઃખવા આવી નહીં. ॥૧૭૮॥

શ્રીજીમહારાજે ગઢપુરમાં **રામશરણજી મહારાજ** તથા **હરિશરણજી મહારાજ**ને દરબારમાં જનોઈ દીધી હતી અને બેઉનાં નામ શ્રીજીમહારાજે રામશરણજી તથા હરિશરણજી પાડેલાં હતાં ને બન્નેના માથે હાથ મેલી મહારાજ રાજી થયા. ॥૧૭૯॥

ગઢપુરમાં મોટીબા હતાં. તેમને દર્શને **ગઢાલીનાં ભાવસારબાઈ રતનબાઈ** આવ્યાં હતાં. તેમને મોટીબાએ છેટેથી ભાળીને કહ્યું જે, 'રતન ! તું એટલે રહેજે, તારા પેટમાં દીકરો છે માટે મને અડીશ નહીં.' પછી પુરા માસ થયા ત્યારે તેમને દીકરો અવતર્યો. તે સવા મહીનાનો થયો ત્યારે તેને મોટીબાને પગે લગાડવા લાવ્યા. પછી મોટીબાએ તેને રૂમાલ આપીને "હરિ" એવું નામ પાડ્યું. ॥૧૮૦॥

ગામ **દાટમાનાં પાનબાઈ** કરીને બ્રાહ્મણબાઈ હતાં. તે ગઢપુર મોટીબાનાં દર્શને આવ્યાં ત્યારે મોટીબાએ કહ્યું જે, 'પાન ! તું એટલે રહેજે હો, તારા પેટમાં દીકરો છે.' પછી તેને પુરા માસ થયા એટલે દીકરાનો જન્મ થયો તેનું નામ "ઈશ્વર" પાડ્યું. ॥૧૮૧॥

ગામ **ઉમરાળા**ની શ્રીમાળી **બ્રાહ્મણબાઈ** હતાં. તે ગઢપુરમાં મોટીબાના દર્શને આવ્યાં. તેને મોટીબાએ કહ્યું જે, 'બાઈ ! તું એટલે રહેજે, તારા પેટમાં દીકરો છે.' પછી પૂરા માસ થયે તે બાઈને પુત્ર આવ્યો. તેનું નામ "જટાશંકર" પાડ્યું અને તે શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત થયા. ॥૧૮૨॥

ગઢપુરમાં ગોપીનાથજી મહારાજનું મંદિર ચણાતું હતું અને કડીયાના પગારના રૂપીયા ચઢ્યા હતા. પછી મહારાજે **લાડુબા**ને કહ્યું જે, "લાડુબા ! કડીયાના પગાર ચઢ્યા છે." પછી લાડુબા પોતાને પગમાં પહેરવાનાં સોનાનાં કડલાં હતાં. તે પટારો ઉઘાડી લાવીને મહારાજને આપ્યાં. અને મહારાજને કહ્યું જે, 'લ્યો, આ કડલાં અને કડીયાના પગાર ચુકાવો." એવો લાડુબાને શ્રીજીમહારાજનો વિશ્વાસ હતો. ॥૧૮૩॥

એક વખત **અમદાવાદ**ના **જિષ્ણુદાસ** કરીને ગવૈયા સાધુ ગઢપુર આવ્યા હતા. તેણે ગોપીનાથજી મહારાજના મંદિરની પછવાડે પ્રદક્ષિણામાં બેસીને ગાયનનો આલાપ કર્યો. તે સાંભળી બાવોખાચર બહુજ રાજી થયા અને સાધુને કહ્યું જે, 'સ્વામી ! માંગો તે આપું.' જિષ્ણુદાસજી કહે, 'શ્રીજીમહારાજ જે હાર પહેરતા તે હાર મને આપો.' તે હારમાં એક મોતી તથા એક પરવાળું હતું. તે હાર લેવાને માટે બાવોખાચર પોતાને ઘરે ગયા. ત્યારે લાડુબાએ કહ્યું જે, 'બાવા! પટારો ઉઘાડીને શું કરે છે ?' બાવોખાચર કહે, 'ફુઈ ! ગવૈયા સાધુએ ગાવણું કર્યું. તે સાંભળીને હું બહુજ રાજી થયો છું. તેમને આ હાર આપવો છે.' પછી લાડુબાએ કહ્યું જે, 'તું ગાંડો થા માં ગાંડો, આ હાર કાંઈ ગાવણાના આલાપમાં અપાય નહીં. આ તો જ્યારે અક્ષરપતિ પ્રકટપુરુષોત્તમ આ પૃથ્વી ઉપર પધાર્યા હોય અને મોટીબા ફુઈ જેવાં તથા રાજબાઈ ફુઈ જેવાં તથા મારા જેવાં સાથે આવ્યાં હોય અને તેમણે સેવાએ કરીને રાજી કર્યા હોય ત્યારે આ હાર મળે; અમથો આ હાર મળે તેવો નથી. પછી જ્યારે લાડુબા ધામમાં ગયાં ત્યાર પછી બીજીવાર તે ગવૈયા સાધુ આવીને બાવાખાચરને રાજી કરીને તે હાર તેઓ લઈ ગયા હતા. ॥૧૮૪॥

ગઢપુરમાં **રાજબાઈ** હતાં. તેમને પરણવું નહોતું પણ શ્રીજીમહારાજની આજ્ઞાથી તેમનાં લગ્ન કરવાં પડેલાં અને પરણીને પોતાના સાસરે ગયાં. પછી જ્યાં ઘરમાં જાય ત્યાં તો તેના પતિએ રાજબાઈનું સિંહના જેવું સ્વરૂપ ભાળ્યું. તે જોઈને તેમનો પતિ ચીસ નાંખીને પાછો ભાગ્યો. પછી રાજબાઈને રથમાં બેસાડીને પાછાં ગઢપુર મોકલ્યાં. તે રસ્તે આવતાં એક નદીમાં **મોટા અખંડાનંદસ્વામી**ને લોહીખંડ પેટબેસણું થયું હતું. તેમને છેટેથી જોઈને પૂછાવ્યુ જે, 'ઓલ્યું કોણ છે ?' પછી તે માણસ જોઈને આવીને

કહ્યું જે, 'એ તો મોટા અખંડાનંદસ્વામી છે ને તેમને લોહીખંડ પેટબેસણું થયું છે.' પછી રાજબાઈ બોલ્યાં જે, 'સંતને આ ગાડીમાં બેસાડો હું ચાલીને આવીશ.' પછી પોતાની રેશમી ગોદડીયું હતી તે પોતાના બેસવાના રથમાં પાથરી દઈને તેમાં સંતને સુવાડ્યા અને પોતે ગઢપુર સુધી ચાલીને આવ્યાં અને અહીંયાં આવ્યા પછી સંસારના સુખનો ત્યાગ કરીને શ્રીજીમહારાજનું અખંડ ધ્યાન હરિભક્તિ કરી. પોતાને એવો નિયમ હતો જે, 'વીશ હાથ પુરુષથી છેટે રહેતાં.' પછી એક દિવસ મુળજી બ્રહ્મચારી તેમના ઓરડાની ઓશરીની કોર ઉપર જઈ ઉભા રહ્યા. ત્યાં તો ઓરડામાંથી એક બાઈ દોડી આવી ને બોલી જે, 'બ્રહ્મચારી ! છેટે રહો. રાજબાઈને ઉપવાસ પડશે.' બ્રહ્મચારી કહે કે, 'રાજબાઈને ઉપવાસ પડે ત્યારે મારે ઉપવાસ ન પડે?' રાજબાઈ એક દિવસ ઉપવાસ કરે તો હું બે કરૂં. રાજબાઈ બે ઉપવાસ કરે તો હું ચાર ઉપવાસ કરૂં.' પછી રાજબાઈએ બ્રહ્મચારીને કહેવરાવ્યું જે, 'તમે જમજો ને હું પણ જમીશ.' તે વાતની મહારાજને ખબર પડી એટલે મહારાજ બોલ્યા જે, ''રાજબાઈને કોઈ જીતી શકે નહીં પણ બ્રહ્મચારીએ તેમને જીત્યાં.'' રાજબાઈએ જ્યારે દેહત્યાગ કર્યો ત્યારે શ્રીજીમહારાજ તેડવા પધાર્યા. તે વખતે દાદોખાચર ઘેર નહોતા એટલે રાજબાઈએ કહ્યું જે, 'મહારાજ દાદોખાચર ઘેર નથી. તે આવે ત્યાર પછી હું ધામમાં આવીશ. કેમકે મને દાદા વિના બીજો કોઈ અગ્નિ મુકે નહીં.' પછી તે વખતે શ્રીજીમહારાજ પાછા પધાર્યા ને દાદોખાચર જ્યારે ઘેર આવ્યા ત્યારે રાજબાઈને શ્રીજીમહારાજ ધામમાં તેડી ગયા ને દાદાખાચરે અગ્નિસંસ્કાર કર્યો. રાજબાઈએ જ્યારે દેહ મેલ્યો ત્યારે સૌને કહેલું જે મને સ્ત્રીઓ ઉપાડે. ॥૧૮૫॥

ગામ **કરિયાણામાં મીણબાઈ** હતાં. તેમણે ગઢપુરમાં દેહત્યાગ કર્યો અને તેમને દાદાખાચરને ખળખળીયે અગ્નિસંસ્કાર કરવા લઈ ગયા. પછી જ્યારે અગ્નિસંસ્કાર થઈ રહ્યો અને ટાઢી ડાર્યો. પછી જે ઠેકાણે અગ્નિસંસ્કાર કર્યો હતો ત્યાં એક ગાયે આવીને પોતાનું બધુ દૂધ સૂવ્યું ને પછી તે ગાય ઘેલામાં અદશ્ય થઈ ગઈ. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, 'આ મીણબાઈ હતાં તે ગંગાજીનો અવતાર હતાં.' એમ શ્રીજીમહારાજે સભામાં વાત કરી. ॥૧૮૬॥

ગઢપુરનાં **મોટીબા, કરિયાણાનાં મીણબાઈ, કુંડળના રાઈબાઈ** એ ત્રણે જણ જ્યારે શ્રીજીમહારાજ ઘેરથી વનમાં પધાર્યા ત્યારથી દેખતાં. અને સૌને કહેતાં જે, ભગવાન બાળસ્વરૂપે આવે છે. બ્રહ્મચારીના જેવો વેશ છે. એક ગોટકો સાથે છે તથા એક કમંડળુ સાથે છે તથા માથે પીળી બાબરી છે એવા વેશે ભગવાન તીર્થો કરતા

કરતા ચાલ્યા આવે છે.' એમ સૌને ભવિષ્યનું કહેતાં હતા. ॥૧૮૭॥

ગઢપુરમાં શ્રીજીમહારાજને દૂધ પાવાને માટે **લાડુબા** આવ્યાં. પછી મહારાજે દૂધનો વાટકો હાથમાં લીધો. દૂધમાં લસણનો દુર્ગંધ આવ્યો. તે જોઈ મહારાજ કહે કે, "મારે દૂધ પીવું નથી, કારણ કે આજ ભેંસે લસણ ખાધેલું છે." એમ કહી દૂધ પીધા વગર તે વાટકો પાછો મૂકી દીધો. પછી મહારાજ બોલ્યા જે, "અમને દૂધ જમાડવું હોય તો ભેંસને ઘેર રાખો અને તેને પાણી પણ અહીંથી સીંચીને પાવું અને ક્યાંઈ બહાર ભેંસને નીસરવા દેવી નહીં; એમ કરો તો હું તેનું દૂધ જમું," પછી સૌએ પ્રાર્થના કરી જે, 'તમારા કહેવા મુજબ ભેંસને ઘેર ને ઘેર રાખશું અને સીમમાં ચરવા પણ મોકલશું નહીં.' પછી એક દિવસ મોટીબા તથા લાડુબા વિગેરે સૌ **નાગડકે** જતાં હતાં અને મહારાજ પણ નાગડકે પધારતા હતા અને મહારાજને દૂધ પીવાની ભેંસ હતી તે તરતની વીયાણેલી હતી. તેની પાડીને રથમાં બેસાડી હતી અને ભેંસ પછવાડે છુટી ચાલી આવતી હતી અને તેઓ સૌએ બોટાદ સોંસરો રથને હાંક્યો અને ગાડીના રથનાં પડદા પણ પાડી નાંખ્યા હતા. પછી પાડી ન દેખાવાથી ભેંસ રથની પાછળ રણકતી રણકતી દોડી જાય. તે જોઈ બોટાદના સૌ લોક કહેવા લાગ્યા જે, 'જુઓ, આ ભેંસે સ્વામિનારાયણની પ્રસાદી ખાધી છે તેથી તે ભેંસ પણ ગાંડી થઈ ગઈ છે. માટે મનુષ્ય પ્રસાદી ખાય અને ગાંડા થાય તેમાં શી નવાઈ?' પછી મહારાજ લોયા અને બરવાળા વચ્ચે ગયા ત્યારે મહારાજે કહ્યું જે, 'મોટીબા ! ભૂખ લાગી છે.' પછી મોટીબાએ આખું દહીંનું ગોરસડું હતું. તે આખું દોણું મહારાજને આપ્યું. પછી મહારાજ ઘોડીના કાઠા ઉપર દોણું રાખીને તેમાંથી દહીં જમવા મંડ્યા. તે જોઈ સુરાખાચર વિગેરે સ્વારોને ખબર પડી જે, 'મહારાજ ગોરસ જમે છે, માટે ચાલો આપણે પ્રસાદી લઈએ.' એમ જાણીને સૌ સ્વારો મહારાજની આસપાસ ફરી વળ્યા અને મહારાજને કહ્યું જે, 'એકલા એકલા જમો છો તે અમને પ્રસાદી આપો.' પણ મહારાજે કહ્યું જે, "મારે કોઈને પ્રસાદી આપવી નથી." એમ જાણીને મહારાજે માણકી ઘોડીને વહેતી મૂકી એટલે મહારાજની પાછળ સૌ સ્વારોએ પણ પોતાનાં ઘોડાં વહેતાં મેલ્યાં. પછી જ્યાં સ્વારો ભેળા થયા. ત્યાં મહારાજે દોણું પૃથ્વી ઉપર પછાડ્યું તેથી મહારાજનાં વસ્ત્રો તથા પલાંણ વિગેરે ઘોડી દોડાવવાથી દહીં દહીં થઈ ગયાં હતાં. તે ભાદર નદીએ જઈને સ્નાન કરીને વસ્ત્ર તથા પલાંણ વિગેરે ધોવરાવ્યાં. ॥૧૮૮॥

**બોટાદમા ભગા શેઠ** માંદા હતા. તેમને જોવા સારુ મહારાજને ગઢપુરથી બોટાદ જવું હતું. પછી મહારાજને જીવાખાચરે કહ્યું જે, 'બે ઘડી ખમો તો હું પણ

આવું.' પછી મહારાજ સ્વાર થઈને જીવાખાચરની ડેલીએ પધાર્યા. તે વખતે જીવોખાચર ડેલીએ બેઠા હતા પણ સાબદા થયા નહોતા. પછી મહારાજે કહ્યું જે, 'જીવાખાચર ! તમારા મનમાં એમ છે જે ભગો શેઠ દેહ મેલી ગયા પણ મારો ભગો કાંઈ સાધારણ માણસ નથી તે દેહ મેલી જાય.'' એમ કહીને મહારાજ નાજા જોગીયાને સાથે લઈને ચાલી નીકળ્યા. તે ગામ જોટીંગડાને પાદર ગયા એટલે વરસાદ બહુ થયો. તેથી મહારાજનાં વસ્ત્ર તથા જરીયાની પલાંણ વિગેરે સૌ પલળી ગયાં. પછી નાજાજોગીયા બોલ્યા જે, થઈને પણ. પછી મહારાજ બોલ્યા જે, ''શું થઈ ? આવાં સો સો પલાંણ ભગા ઉપર ઘોળ્યાં.'' પછી મહારાજ એમને એમ ભીંને વસ્ત્રે બોટાદમાં ગોદડખાચરના દરબારમાં પધાર્યા. ત્યાં કોરાં વસ્ત્ર પહેરીને પછી ભગા શેઠને જોવા સારુ ગયા. પછી ભગા શેઠના ખાટલા પાસે ખુરશી નાંખી આપી. તે ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન થયા. પછી મહારાજે ભગાશેઠને સાદ કરીને બોલાવ્યા જે, ''ભગા ! એ ભગા !'' એમ ત્રણ વાર સાદ કરીને બોલાવ્યા એટલે ભગા શેઠે આંખ ઉઘાડીને મહારાજનાં દર્શન કર્યા. પછી મહારાજ કહે, ''ભગાશેઠને સાકરની રાબ કરીને પાઓ.'' પછી મહારાજે રાબ કરાવીને ભગાશેઠને પીવરાવી.'' પછી થોડા દિવસ થયા એટલે ભગાશેઠ સાજા થયા. ભગાશેઠના પિતા ભાઈચંદ શેઠ હતા. તે બહુ માંદા થયા તેમને જોવા સારું પણ શ્રીજીમહારાજ પધાર્યા. અને મહારાજને ખુરશી નાંખી આપી. તે ઉપર મહારાજ વિરાજમાન થયા. તે વખતે ભાઈચંદ શેઠ એક સાખી બોલ્યા જે–

*''નીચું નલીયેલ ખોરડું થાંભલીયે ઠા નહીં રહે આલીંગડા.''*

એ સાખી બોલ્યા પછી મહારાજ બોલ્યા જે, ''ભાઈચંદ શેઠ ! તમારા કરતાં ભગા સો ગણા સારા થશે.'' ત્યારે ભાઈચંદ શેઠ બોલ્યા જે, ''મહારાજ ! તમારું વચન ફળો.' ભાઈચંદ શેઠ સાખી બોલ્યા. તેનો ભાવ પોતે જણાવ્યો જે, 'હું ખોરડાના આડસરને ઠેકાણે છું. તે તો હવે ચાલ્યો અને ભગો શેઠ છે તે તો થાંભલીને ઠેકાણે છે માટે થાંભલી આડસર વગર રહી શકે નહિ.' ॥૧૮૯॥

ગઢપુરમાં એક વખત **પ્રાગજી દવે** કથા કરતા હતા અને લક્ષ્મીરામ દેરાશ્રીએ આવીને પ્રાગજી દવેને કહ્યું જે, 'દવેજી ! તમારે કેવા કેવા બ્રાહ્મણમાં સંબંધ થાય ?' પ્રાગજી દવે કહે, 'ભણે જેવા હોય તેવા ખરા.' લક્ષ્મીરામ કહે, 'પહેલા પચાસ રૂપિયા હોય તો કામ થાય.' તે વખતે દાદાખાચરે પ્રાગજી દવેની પૂજા કરીને પચાશ રૂપિયા મૂક્યા હતા. તે દવેજીએ લઈને લક્ષ્મીરામને આપ્યા અને ભલામણ કરવા મંડ્યા જે, 'મારા સસરાને કહેજો જે વર બહુ લાયક છે તથા બહુ રૂપાળા છે અને મહારાજ તેમને

બહુ સારી રીતે રાખે છે એમ મારા સસરા આગળ વખાણ કરજો.' પછી મહારાજ કહે, ''જુઓને, કેવો મૂરખ છે ?'' ઓલ્યો પચાસ રુપીયા લઈને ચાલ્યો ગયો. બે ત્રણ દિવસ પછી લક્ષ્મીરામ દેરાશ્રી સભામાં આવ્યા. પછી દવેને કહ્યું જે, 'ક્યાંઈ કન્યા મળી નહીં.' ॥૧૯૦॥

# જે જે માણસ સંકલ્પ કરીને આવ્યા તે સત્ય કર્યા તે વાતો

શ્રીગામ **લંગાળાના** આયર **ગોયો ભગત** તથા **દાનભગત** બે જણ પોતાના ઘેરથી ગોળનાં બે ભેલાં લઈને ગઢપુર મહારાજને દેવા માટે ચાલ્યા. તે રસ્તામાં આવતાં ગામ રાજપીંપળામાં રાત રહ્યા પણ પોતા પાસે ભાતું કાંઈ નહીં તેથી તે ગામમાં તેમનાં સંબંધી રહેતાં હતાં તેમને કહ્યું જે, 'આ બે ગોળના ભેલાં તમે રાખો અને અમને ભાતું કરી આપો.' પછી તેમના સંબંધીએ તેમને ભાતું કરી આપ્યું અને કહ્યું જે,' આ ભેલાં તમે સ્વામિનારાયણને આપજો.' પછી બન્ને ભાઈ ગઢપુરમાં આવ્યા અને ઉતારે ગોળનાં ભેલાં મૂકી મહારાજને દર્શને આવ્યા. પછી મહારાજે કહ્યું જે, ''ગોયા ભગત તથા દાનભગત ! તમારા સંબંધીએ તમને ભાતું કરી આપ્યું છે ને અમારી સારું ગોળનાં બે ભેલાં લાવ્યા છો તે ક્યારે લાવશો ? લાવોને.'' પછી બન્ને ભાઈઓએ ગોળનાં ભેલાં લાવી મહારાજ પાસે મેલ્યાં અને મહારાજને કહ્યું જે, ''મહારાજ ! અમને વર્તમાન ધરાવો. અમો આવો સંકલ્પ કરીને આવ્યા હતા.'' પછી મહારાજે વર્તમાન ધરાવ્યાં અને સત્સંગી થયા. ॥૧૯૧॥

ગામ **રેવાના ગોવિંદરામ ઉપાધ્યાય** બ્રાહ્મણ હતા. તેણે એવો સંકલ્પ કર્યો જે, 'હું ગઢપુર જાઉં અને મહારાજ મારી પાસેથી સોપારી માંગી લીયે તો ભગવાન ખરા.' પછી તે ગઢપુર આવ્યા અને દરબારમાં મહારાજને પગે લાગીને ઊભા રહ્યા. પછી મહારાજે કહ્યું જે, ''ગોવિંદરામ ! સોપારી ક્યાં સુધી ઝાલી રાખશો? લાવો, મેલોને અમારી પાસે.'' પછી ગોવિંદરામે સોપારી મહારાજ પાસે મૂકીને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મને વર્તમાન ધરાવો. તમે ભગવાન ખરા. હું એવો સંકલ્પ કરીને આવ્યો છું.' ॥૧૯૨॥

ગામ **વાવડીના વકોભાઈ** કરીને ગરાસીયા હતા. તે ગઢપુર આવવા માટે તૈયાર થયા અને ત્યાંનો બાવો ભગવાનગર કરીને હતો. તેને વકાભાઈએ કહ્યું જે, 'ભગવાનગર ! ગઢપુર આવીશ ?' ભગવાનગર કહે, 'આવું તો ખરો પણ હું ચાર ભેંસોની છાશ કરું છું તે સ્વામિનારાયણ ભગવાન છે. તે કરી દેખાડે તો આવું.' વકોભાઈ કહે, 'ચાલને સ્વામિનારાયણ ભગવાન છે. તે કરી દેખાડશે.' તેને લઈને પછી ગઢપુર આવ્યા અને મહારાજને પગે લાગવા ગયા. ત્યારે મહારાજ બોલ્યા જે,

'ભગવાનગરને લાવ્યા?'' ત્યારે વકોભાઈ કહે, 'હા, મહારાજ !' ત્યારે મહારાજ કહે, ''તે તો વેરાગી.'' વકોભાઈ કહે, 'હા ,મહારાજ ! તે તો વેરાગી.' મહારાજ કહે, ''એક તો ચાર વાગે ઊઠીને ચાર ભેંસોની છાશ કરે તે રાગ.'' એમ કહીને મહારાજે છાશ કરી દેખાડી અને બીજો રાગ મહારાજ કહે, ''ભેખ લીધો તે.'' એમ મહારાજે કહ્યું તે સાંભળી ભગવાનગર બોલ્યો જે, 'મહારાજ ! તમે ભગવાન ખરા. મેં સંકલ્પ કર્યો હતો જે, ભગવાન હોય તો મને છાશ કરી દેખાડે તો ભગવાન ખરા. માટે વર્તમાન ધરાવો.' પછી વર્તમાન ધારી પોતાને રહેવાનું જે ઘર હતું તે મંદિરમાં કૃષ્ણાર્પણ કર્યું. ॥૧૯૩॥

ગામ **સાતપડાના ભગોભગત** હતા તેણે એવો સંકલ્પ કર્યો જે, 'હું સ્વામિનારાયણના દર્શને જાઉં અને તેમની ડુંટી ઉપર રૂપિયો મેલવા દે તો ભગવાન ખરા.' પછી તે ગઢપુર આવ્યો અને સભાથી છેટે લીંમડા નીચે ઉભો રહ્યો. પછી શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન હતા તે આડે પડખે થયા. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, 'મહારાજ! કેમ આડે પડખે થયા ?' મહારાજે કહ્યું, ''ઓલ્યો ભગલો ક્યારનો ઉભો થઈ રહ્યો છે ! આવ, ભગા ! મેલ મારી ડુંટી ઉપર રૂપિયો.'' પછી ભગાભગતે આવી મહારાજની ડુંટી ઉપર રૂપિયો મેલ્યો. પછી મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમે ભગવાન ખરા. માટે મને વર્તમાન ધરાવો.' પછી વર્તમાન ધારી સત્સંગી થયો. ॥૧૯૪॥

ગામ **કુકડના ગરાસીયા ભગવાનસિંહ** તથા **હરિસિંહ** બન્ને જણે મનમાં સંકલ્પ કર્યો જે, 'આપણે ગઢપુર સ્વામિનારાયણના દર્શને જઈએ અને ડાબે પડખે બેસીએ અને ત્યાંથી ઉઠાડીને આપણને જમણે પડખે બેસાડે તો ભગવાન ખરા અને ચાલીએ ત્યારે ત્રીજે ડગલે ગુલાબનો હાર આપે તો ભગવાન ખરા.' પછી બંને ભાઈ અને સાથે એક ચારણ હતો. તેઓ ગઢપુર આવ્યા અને ગઢપુરમાં હરજી ઠક્કરને ઘેર ઉતર્યા. પછી દરબારમાં મહારાજને દર્શને ગયા. મહારાજને પગે લાગી ડાબે પડખે બેઠા. મહારાજ કહે, ''ભગવાનસિંહ ! હરિસિંહ ! તમારો માર્ગ તો જમણે પડખે રાખ્યો છે ને ડાબે પડખે કેમ બેઠા ?'' તે જોઈ ચારણના મનમાં એમ થયું જે, 'આ તો એક સંકલ્પ સિદ્ધ થયો અને જો બીજો સંકલ્પ સિદ્ધ થશે તો સત્સંગી થશે. મહારાજ પાસે અત્યારે હાર નથી ત્યારે ક્યાંથી લાવશે ?' પછી ચારણ બોલ્યો જે, 'બાપુ ! ચાલો ઉતારે.' પછી બન્ને ભાઈ મહારાજને પગે લાગીને ઉભા થયા અને જ્યાં ત્રીજું ડગલું ભર્યું ત્યાં તો મહારાજ બોલ્યા જે, 'લ્યો ,ભગવાનસિંહ ! હરિસિંહ ! આ હાર.'' તે

વખતે મહારાજના હાથમાં રૂમાલ હતો. તે રૂમાલનો ઘા કર્યો એટલે બે હાર થયા. તે બે ભાઈને પહેરાવ્યા. તે જોઈને મહારાજને કહ્યું જે, 'મહારાજ! અમને વર્તમાન ધરાવો. અમે આવો સંકલ્પ કરીને આવ્યા હતા.' ત્રીજો સંકલ્પ એવો હતો જે, 'ચાલીએ ત્યારે આપણને તાણ કરીને બે દિવસ રાખે તો ભગવાન ખરા.' પછી ચાલતી વખતે મહારાજની રજા લેવા ગયા ત્યારે મહારાજે કહ્યું જે, ''હમણાં બે દિવસ રોકાઓ ને મુક્તાનંદસ્વામીની વાતુ સાંભળો પછી જજો.'' તે જોઈ ચારણના મનમાં એમ થયું જે, 'આના બધા સંકલ્પ સિદ્ધ થયા માટે હું પણ સત્સંગી થાઉં.' પછી ચારણે મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મને વર્તમાન ધરાવો.' મહારાજ કહે, ''તારો જીવ આસુરી છે તે તારે વર્તમાન નહીં રહે.'' પછી ચારણ શરમાણો તે બેસી ગયો. ॥૧૯૫॥

**ઘોઘા બારા**ના ત્રણ બ્રાહ્મણ ગઢપુર આવ્યા અને ઘેલામાં નાહીને એવો વિચાર કર્યો જે, 'આપણે સ્વામિનારાયણને ન ભાળીએ અને તે આપણને ન ભાળે અને આપણી ત્રણેયની ડોકમાં ગુલાબના સરખા હાર હોય તો ભગવાન ખરા.' પછી તે ત્રણ આવી દરબારમાં આથમણાબારના ઓરડાની ઓસરીની કોર આગળ ઊભા રહ્યા. એક બીજાની ડોક સામું જોવા મંડ્યા એટલે ત્રણેયની ડોકમાં સરખા ગુલાબના હાર જોયા. પછી ત્રણે જણા આવીને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા અને મહારાજને કહ્યું જે, 'હે મહારાજ ! અમને વર્તમાન ધરાવો. અમે આવો સંકલ્પ કરીને આવ્યા હતા જે, સ્વામિનારાયણ ભગવાન હોય તો ત્રણેની ડોકમાં ગુલાબના સરખા હાર હોય.' પછી તે વર્તમાન ધારી સત્સંગી થયા ને પછી ઘરે ગયા. ॥૧૯૬॥

ગામ **પહવી**ના **હરજી** તથા **દેવજી** કરીને કુંભાર ભગત હતા. તે ગઢપુર મહારાજને દર્શને આવ્યા અને નદીમાં નાહીને બેઉ જણે સંકલ્પ કર્યો જે, સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે આપણે દર્શને જઈએ અને દેવજી કહે, 'મને સોટી મારે તો ભગવાન ખરા.' ત્યારે હરજી કહે, 'મારે શું સંકલ્પ કરવો ?'ત્યારે દેવજી કહે, 'તને છાતીમાં કંકુના પગલાં આપે તો ભગવાન ખરા.' પછી તે બન્ને જણ દરબારમાં આવ્યા. તે વખતે મહારાજ સભા કરી વિરાજમાન હતા. પછી મહારાજને જઈ પગે લાગ્યા. ત્યારે મહારાજે સોટી લઈને દેવજીને મારી. તે જોઈને દેવજી બોલ્યો, 'હાશ, ભગવાન ખરા.' અને હરજીને છાતીમાં કંકુનાં ચરણારવિંદ કરીને આપ્યાં. તે જોઈ હરજી બોલ્યો જે, 'હાસ,ભગવાન ખરા.' મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, 'મહારાજ ! આમ કેમ કર્યું ?' ત્યારે મહારાજે કહ્યું જે, ''બન્ને જણે આવો સંકલ્પ કર્યો હતો.'' પછી બન્ને જણા વર્તમાન ધારી સત્સંગી થયા ને ખરા ભક્ત થયા. ॥૧૯૭॥

ગામ **વિરમગામ**ના **દુર્લભરામ** ને **કામેશ્વર** એ બે બ્રાહ્મણ હતા. તે કાશીએ વિદ્યાભ્યાસ કરવા ગયા હતા. ત્યાં બાર વરસ સુધી વિદ્યાભ્યાસ કર્યો. પછી તેઓ દેશમાં આવ્યા ત્યારે પોતાના ગામમાં સાંભળ્યું જે, 'સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે અને તેમને કોઈ જીતી શકતું નથી.' બન્ને જણે વિચાર કર્યો જે, 'આપણે બાર વરસ સુધી કાશીએ ભણ્યા છીએ અને સ્વામિનારાયણને હઠાવીએ નહીં તો આપણી વિદ્યા શા કામની ?'એમ ધારી બન્ને જણ કાઠીયાવાડ તરફ આવ્યા. અમરેલીમાં તુલસી દવે કરીને તેમના સંબંધી હતા. તેમને પ્રથમ મળી આવ્યા. પછી વળતી વખત ગઢપુર આવ્યા અને ઘેલા નદીમાં સ્નાન કરવા માટે રોકાણા. એટલામાં ઘણાક સંતના દર્શન નદીમાં થયાં અને ઘણાક હરિજનો તેમના જોવામાં આવ્યા. પછી બન્ને જણાએ વિચાર કર્યો જે, 'આટલા બધા માણસમાં આપણે સ્વામિનારાયણને હઠાવી શકીશું નહીં અને સામું આપણું અપમાન થાશે પણ તે ભગવાન કહેવાય છે તો આપણે જે જે સંકલ્પ કરીને જઈએ છીએ તે સત્ય કરે તો ભગવાન ખરા.' પછી દુર્લભરામ કહે, 'મારે એવો સંકલ્પ છે જે હું સર્વ વિદ્યા ભણ્યો છું તે પૂછી જુએ અને આપણે જઈએ ત્યારે આપણને ગલેચો નાંખીને બેસાડે અને પાકાં સીધાં આપે તો ભગવાન ખરાં. ત્યારે કામેશ્વર કહે, 'મારે એવો સંકલ્પ છે જે ભૃગુઋષિએ છાતીમાં પાટુ માર્યુ છે તે ભૃગુલાંછન દેખાડે તો ભગવાન ખરા.' પછી બેઉ જણ નદીમાં એવો સંકલ્પ કરીને દરબારમાં આવ્યા અને લીંમડા નીચે ઊભા રહ્યા. પછી મહારાજ બોલ્યા જે, 'દુર્લભરામ ! કામેશ્વર ! ચાલ્યા આવો.'' પછી તે બેઉ મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજ કહે, ''આ તો ભણેલા વિદ્વાન બ્રાહ્મણો છે. માટે પાથરવા ગલેચો લાવી તેમને પાથરી આપો.'' પછી તે સભામાં બેઠા ત્યારે મહારાજ બોલ્યા જે, ''દુર્લભરામ ! કામેશ્વર ! તમે તો બાર વર્ષ સુધી કાશીએ અભ્યાસ કરી આવ્યા.'' પછી બેઉ જણે કહ્યું જે, 'હા, મહારાજ !' મહારાજ કહે, ''તમે અમરેલી જઈ તુલસી દવેને મળી આવ્યા ?'' ત્યારે બેઉ જણા, 'કહે, હા, મહારાજ.' મહારાજ કહે, ''દુર્લભરામ ! તમે કૌમુદી ભણ્યા છો અને તેની ત્રણ ટીકાઓ ભણ્યા છો.'' ત્યારે દુર્લભરામે કહ્યું, 'હા, મહારાજ;' પછી મહારાજે દાદાખાચરને કહ્યું જે, ''આ બન્ને જણાને પાકાં સીધાં આપજો.''મહારાજ કહે, ''કામેશ્વર ! જુઓને, મને નાનપણમાં કાંઈક વાગ્યું છે.'' એમ કહી લીલા કીનખાબની ડગલી પોતે પહેરી હતી. તેની કસ છોડીને પોતાની છાતી દેખાડી અને કહ્યું જે, ''જોને મને નાનપણમાં કાંઈક વાગ્યું છે.'' તે જોઈ બન્ને જણા ઉઠી મહારાજને પગે લાગ્યા અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! અમે ઉપરનો સંકલ્પ કરીને આવ્યા હતા. તે આપે સત્ય કર્યો. માટે અમને વર્તમાન ધરાવો. પછી રસોઈ જમશું.' પછી

મહારાજે વર્તમાન ધરાવ્યાં ને સત્સંગી થયા. ॥૧૯૮॥

ગામ **પીઠવજાળ**નો **ખીમો ડોબરીયો** કરીને કણબી હતો. તે ગઢપુર મહારાજના દર્શને આવ્યો અને તેની સાથે શેરડીના ત્રણ સાંઠા પડછા સહિત હતા. તે લઈને ઘેલામાં આવી એકવીસ કટકા કરી ગાંઠે બાંધ્યા અને પોતાના મનમાં સંકલ્પ કર્યો જે, 'શેરડીના આ કટકા માંગી લે તો ભગવાન ખરા.' પછી તે દરબારમાં આવી મહારાજને પગે લાગી ઉભો રહ્યો. પછી મહારાજે કહ્યું જે, 'ખીમા ! શેરડીના ત્રણ સાંઠા પડછા સહિત ઘેલા સુધી લાવ્યો છે અને ઘેલામાં ભાંગીને એકવીસ કટકા કર્યા છે તે ક્યાં સુધી ગાંઠે બાંધી રાખીશ ? લાવને મેલ્યને હેઠા.'' પછી તેણે એકવીસ કટકા મહારાજના ઢોલીયા ઉપર મૂક્યા અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મને વર્તમાન ધરાવો.' પછી તે વર્તમાનધારી સત્સંગી થયો. ॥૧૯૯॥

ગામ **નાવડાના હીરો શેઠ** પોતાના મનમાં એવો સંકલ્પ કરીને ગઢડા આવ્યા જે, 'ભગવાન હોય તો સોળે ચિહ્ન દેખાડે તો ભગવાન ખરા.' પછી તે ગઢપુર મહારાજના દર્શને આવ્યા અને મહારાજને પગે લાગી સભામાં બેઠા. પછી મહારાજ બોલ્યા જે, 'શેઠ ! ચિહ્ન જોઈને સત્સંગ કરવો છે કે એમ;' ને એમ ?'' શેઠ કહે, 'મહારાજ ! સોળ ચિહ્ન દેખાડો તો સારું.' પછી મહારાજે ચરણારવિંદ લાંબું કરીને સોળે ચિહ્ન દેખાડ્યાં. પછી હીરા શેઠને વર્તમાન ધરાવ્યાં અને તે સત્સંગી થઈને પોતાને ઘરે ગયા. ॥૨૦૦॥

ગામ **હળવદ**ના ચૌદ વેદીયા બ્રાહ્મણો પોતાના મનમાં એવો સંકલ્પ કરીને આવ્યા જે, 'આપણે સ્વામિનારાયણના દર્શને જઈએ અને સ્વામિનારાયણ આપણા ચૌદને વેદના મંત્રો નોખા નોખા બોલાવે તો ભગવાન ખરા.' તે વખતે મહારાજ ગામ મેથાણ હતા અને તળાવની પાળે સભા કરીને વિરાજમાન હતા. ત્યાં ચૌદ જણા આવીને મહારાજને પગે લાગ્યા. મહારાજ બોલ્યા જે, ''આ તો વેદીયા બ્રાહ્મણો છે.'' મહારાજે સભામાં તેમને સત્કાર કરીને બેસાડ્યા. પછી મહારાજ બોલ્યા જે, ''વેદ પુરુષો ! અમારા ધાર્યા બોલશો કે તમારા ધાર્યા ?'' પછી વેદીયા બ્રાહ્મણો બોલ્યા જે,'મહારાજ ! તમે કહો તે પ્રમાણે બોલીએ.' પછી મહારાજે ચૌદે જણાને જુદાં જુદાં નામ લઈને ચારે વેદના મંત્ર બોલાવ્યા. પછી ચૌદે વેદીયા ઉઠીઉઠીને મહારાજને પગે લાગ્યા અને વર્તમાન ધારી સત્સંગી થયા ને મહારાજને કહ્યું જે, 'અમો આવો સંકલ્પ કરીને આવ્યા હતા.' ॥૨૦૧॥

ગઢપુરમાં ગીરનારા ત્રણ બ્રાહ્મણ આવ્યા હતા. તેમણે વિચાર કર્યો જે, 'સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે જો આપણે જઈએ અને જો શ્લોક બોલીને વાતો કરે તો ભગવાન ખરા.' પછી તે બ્રાહ્મણ સભામાં આવીને બેઠા ત્યારે મહારાજ બોલ્યા જે, ''આ બ્રાહ્મણોને સત્સંગ થાતો હોય તો શ્લોક બોલીને વાતો કરીએ.'' પછી મહારાજે શ્લોક બોલીને વાતો કરી. તે સાંભળી તે બ્રાહ્મણો ઉઠીને મહારાજને પગે લાગ્યા અને વર્તમાન ધારી સત્સંગી થયા. ॥૨૦૨॥

ગામ **અમરેલી**ના **આમદ** તથા **મકન** કરીને બે ખોજા હતા તે ગઢડે આવ્યા. તેમની પાસે બગસરાની બે પછેડીઓ હતી. તેમાં એક રાતા છેડાની તથા બીજી કાળા છેડાની હતી. તે બન્ને જણાએ એવો સંકલ્પ કર્યો જે, 'આપણે પછેડીઓ લઈને સ્વામિનારાયણ પાસે જઈએ અને જો તે માંગી લે તો ભગવાન ખરા.' પછી બન્ને જણા પછેડીઓ લઈને દરબારમાં આવીને સભાથી છેટે લીંમડા નીચે ઉભા રહ્યા. તે વખતે શ્રીજીમહારાજ દરબારમાં સભા કરીને બેઠા હતા પછી બન્નેને જોઈને મહારાજ બોલ્યા જે, ''આમદ તથા મકન! તમો બન્ને જણા કાળા છેડાની તથા રાતા છેડાની પછેડીઓ લાવ્યા છો તે ક્યાં સુધી ગાંઠે બાંધી રાખશો ?લાવોને. મેલોને મારી પાસે.'' પછી બન્ને જણાએ બેય પછેડીઓ મહારાજને આપીને છેટેથી પગે લાગ્યા અને કહ્યું જે, 'મહારાજ ! તમે ભગવાન ખરા. અમો આવા સંકલ્પ કરીને આવ્યા હતા. માટે અમોને વર્તમાન ધરાવો.' પછી બન્ને જણા વર્તમાન ધારી સત્સંગી થયા ને ઘરે ગયા એમ કેટલાકના મનનાં સંકલ્પ શ્રીજીમહારાજ કહેતા હતા. ॥૨૦૩॥

**વડતાલ**માં ઉગમણી બેઠક છે ત્યાં શ્રીજીમહારાજ સભા કરીને વિરાજમાન હતા અને ગામ **વસો**ના **ચાર પાટીદાર** આવ્યા ને મહારાજના ચરણારવિંદ જોવા મંડ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, ''પાટીદારો ! શું જુવો છો ?' પાટીદાર કહે, 'મહારાજ ! ભગવાન હોય તો તેના પગમાં સોળ ચિન્હ હોય.' મહારાજ કહે, ''સોળ ચિન્હ હોય કે ન હોય પણ આ ચરણારવિંદની વિરાટબ્રહ્મ પચાસ વર્ષથી પ્રાર્થના કરતા હતા ત્યારે આ ચરણારવિંદ આ પૃથ્વી ઉપર આવ્યાં છે.'' એમ કહી મહારાજે ચરણારવિંદમાં સોળ ચિન્હ દેખાડ્યાં અને પછી તેઓ વર્તમાન ધારી સત્સંગી થયા ને મહારાજનો સર્વોપરી નિશ્ચય કરીને ઘરે ગયા. ॥૨૦૪॥

એક વખત મહારાજ જુનાગઢ પધાર્યા હતા અને ત્યાં **રૂપશંકર નાગર**ની મા **પાંચીબાઈ** કરીને હતાં. તેણે રાતે મનમાં એવો સંકલ્પ કર્યો જે, 'સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે દશે વાગે નોતરું દીધા વિના જમવા આવે તો ભગવાન ખરા;

અને નવું ઉનામણું, નવી ત્રાંબાકુંડી, નવું પીતાંબર માંગી લે તો ભગવાન ખરા.' અને હું કહું તેટલું જમે અને સો રૂપિયાનો વેઢ માંગી લે તો ભગવાન ખરા' પછી તેમને તેમની એક હેતવાળી બાઈને કહ્યું. પછી તે બાઈ કહે, 'ત્યારે મારે શું સંકલ્પ કરવો ?' તેણે કહ્યું જે, 'હું ખડકીનું કમાડ વાસીને દૂધનો લોટો ભરીને ઉભી રહું અને માંગીને પીએ તો ભગવાન ખરા.' પછી સવાર પડી એટલે મુળજી બ્રહ્મચારી તપેલીને કંટેવાળો કરવા મંડ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, ''આજ કંટેવાળો કરશો નહીં. આજ તો ગામમાં જમવા જવાનું છે.'' બ્રહ્મચારી કહે, 'મને કોઈ નોતરું દેવા આવ્યું નથી.' મહારાજ કહે, ''અમારે રાતનાં નોતરાં આવ્યાં છે.'' હંમેશા બ્રહ્મચારી આગળ ચાલતા હતા પણ તે દિવસે મહારાજ કહે, ''હું આગળ ચાલું. મેં ઘર ભાળ્યું છે.'' પછી પેલી ડોશી દૂધનો કળશીઓ ભરી અંદર સાકર નાંખી હાથમાં લઈને ખડકી વાસીને ઉભી હતી. તેની ખડકીએ જઈને મહારાજ કહે, ''ડોશી ! કમાડ ઉઘાડ, લાવ તારું દૂધ પીતો જાઉં.'' પછી તેની ખડકી ઉઘડાવીને દૂધ પીને મહારાજ ચાલ્યા. પછી પાંચી ડોશીને ઘેર જઈ મહારાજે કહ્યું જે, ''સાંકળ ઉઘાડો.'' ડોશીએ આવીને ઘરની સાંકળ ઉઘાડી. પછી મહારાજ ઢોલીયા ઉપર વિરાજમાન થયા. મહારાજ બોલ્યા જે, ''દશ વાગ્યા કે નહીં ? નવા ઉનામણામાં પાણી મેલ્યું છે કે નહીં ? નવી ત્રાંબાકુંડી લાવો અને પટારામાંથી નવું પીતાંબર લાવો.'' પછી મહારાજ બાજોઠ ઉપર નહાવા બેઠા અને નાહીને બીજા બાજોઠ ઉપર જમવા પધાર્યા. પછી થોડું જમીને મહારાજ આળસી ગયા. ત્યારે પાંચી ડોશી બોલ્યાં જે, 'જમોને મહારાજ' મહારાજ કહે, ''બધું જમીએ તો શું આપો ?'' પાંચી ડોશી કહે, 'મહારાજ ! અમે શું આપીએ ?' મહારાજ કહે, ''પટારામાં સો રૂપિયાનો વેઢ છે તે આપો તો જમીએ.'' પછી પટારો ઉઘાડી વેઢ લાવી મહારાજને પહેરાવ્યો એટલે મહારાજ બાઈએ જેટલો થાળ કર્યો હતો તે બધો જમી ગયા. પછી જમીને મહારાજને ઢોલીયા ઉપર પધરાવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, ''પાંચી ડોશી ! વર માંગો.'' ત્યારે બાઈ કહે, 'મારા ચાર દીકરા મરી ગયા છે તે તમારા ધામમાં જાય.' મહારાજ કહે, ''તારા ચાર શું તારી એકવીશ પેઢીનું કલ્યાણ કરીશ.'' એમ શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને પાંચી ડોશીને વર આપ્યો. ॥૨૦૫॥

ગામ **વેળાવદરમાં દેવજી** કરીને બ્રાહ્મણ હતો. તે ગઢપુર મહારાજનાં દર્શને આવ્યો. તેની પાસે માત્ર ચાર પૈસા મુડી હતી ને મનમાં એમ સંકલ્પ કરતો જે, 'હું મહારાજે શું ભેટ મુકીશ ? અને ચાર પૈસા મુકીશ તો ખાઈશ શું ?' પછી સભામાં તે આવીને મહારાજને પગે લાગ્યો અને મનમાં સંકલ્પ કર્યો જે, 'દીઠા દેવ ને પહોંચી

જાત્રા.' પછી તે ગામમાં જઈને બે પૈસાના રાતડીયાં લઈ આવ્યો અને પાછો સભામાં આવી ઉભો રહ્યો. ત્યારે મહારાજ કહે,"દેવજી! ગાંઠે શું બાંધ્યું છે ?" દેવજી કહે, 'મહારાજ ! આજે એકાદશી છે તે ફરાળ માટે રાતડીયાં લાવ્યો છું.' મહારાજ કહે, "મેલ્ય મારા પાસે." પછી મહારાજે રાતડીયાં લઈ બ્રહ્મચારીને બોલાવ્યા અને કહ્યું જે, "આ રાતડીયાનું શાક કરજો; આવાં રાતડીયાં અમે કોઈ દિવસ જમ્યા નથી અને દેવજીને ફરાળ કરાવજો તથા દેવજી રહે ત્યાં સુધી આપણે ચોકે જમાડજો." પછી પોતાના મનમાં દેવજીએ વિચાર કર્યો જે, 'જખ મારે બે પૈસાના રાતડીયામાં મહારાજ રાજી થયા અને ફરાળનું નક્કી થયું અને પાંચ દિવસ રહીશ ત્યાં સુધી જમવાનું નક્કી થયું અને બે પૈસા પાસે છે તેના દાળીયા લઈ ઘર ભેગા થઈ જાશું.' ॥૨૦૬॥

શ્રીજીમહારાજ **ડભાણ** પધાર્યા હતા ને શિયાળો હતો અને એક બાવો બેઠો બેઠો ટાઢે ઠરતો હતો. તેણે મહારાજને જોઈને એવો સંકલ્પ કર્યો જે, 'સ્વામિનારાયણ ભગવાન હોય તો કાળો ધાબળો ઓઢીને મને આપે તો ભગવાન ખરા.' પછી મહારાજે ભગુજીને કહ્યું જે, 'ભગુજી ! લાવોને આજ તો કાળો ધાબળો ઓઢીએ." પછી ધાબળો ઘડીક ઓઢીને મહારાજ બોલ્યા જે, "જુવોને પેલો બાવો ક્યારનો ટાઢે ઠરે છે માટે તેને આ ધાબળો આપો." પછી તે ધાબળો તે બાવાને આપ્યો એટલે તે બાવો આવીને મહારાજને પગે લાગ્યો જે, 'મહારાજ ! મેં મનમાં આવો સંકલ્પ કર્યો. તે આપે સિદ્ધ કર્યો.' પછી તે બાવો મહારાજની ઘણી પ્રાર્થના કરીને મહારાજનો આશ્રિત થયો. ॥૨૦૭॥

**કેલોદ** ગામમાં **પ્રભાતગર** કરીને અતિત બાવો હતો. તેણે એવો સંકલ્પ કર્યો જે, 'સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે. તે ગોદડી ઓઢીને મને આપે તો ભગવાન ખરા.' પછી મહારાજે ગોદડી ઓઢીને ભગુજીને કહ્યું જે,"આ ગોદડી પેલા બાવાને આપો." પછી તે પ્રભાતગર આવીને મહારાજને પગમાં પડ્યો અને મહારાજને કહ્યું કે,'હે મહારાજ ! મારા મનમાં આવો સંકલ્પ હતો તે તમે સિદ્ધ કર્યો. તમો તો સાક્ષાત્કાર ભગવાન છો. માટે મને તમારો આશ્રિત કરો.' પછી તે વર્તમાન ધારી સત્સંગી થયો. ॥૨૦૮॥

ગામ **ઝીંઝાવદર**માં **જીવો** કરીને વાણિયો હતો. તે પોતાની દુકાને બેઠો હતો. ત્યાં શ્રીજીમહારાજ ગામને પાદર થઈને નીકળ્યા ત્યારે લોક શ્રીજીમહારાજને દર્શને દોડ્યાં. ત્યારે જીવો શેઠ બોલ્યો જે,'શા માટે દોડ્યા જાઓ છો ? ભગવાન હોય તો મનની કળે. જો ભગવાન હશે તો હમણાં મારે પગથીયે આવીને ઉભા રહેશે.' પછી

શ્રીજીમહારાજે નદીમાં ઘોડાં ઉભાં રાખીને સુરાખાચરને કહ્યું જે, ''તમે સૌ આંહીં ઉભા રહો હું ગામમાં જઈ આવું.'' પછી શ્રીજીમહારાજ માણકી ઘોડી ઉપર બેસીને શેઠની હાટના પગથીયે આવી ઉભા રહ્યા. મહારાજે કહ્યું જે,''જીવા શેઠ! ઓ જીવા શેઠ! હવે તો બહાર નીકળ. હું અહીંયાં સુધી તો આવ્યો.'' પછી શેઠ દુકાનમાંથી બહાર આવીને મહારાજને પગે લાગ્યો અને બોલ્યો જે, 'ભગવાન હોય તો સૌના મનની કળે. એ તમોએ સત્ય કર્યું.' એમ દર્શન દઈને સ્વાર ભેગા થઈ ગયા. એમ કેટલાકના મનના સંકલ્પ સિદ્ધ કરીને શ્રીજીમહારાજે પોતાનાં આશ્રિત કર્યાં. ॥૨૦૯॥

ગામ **ચુડાના ચાર બ્રાહ્મણ** ગઢડે દર્શને આવ્યા. તેઓના મનમાં એવો સંકલ્પ હતો જે, 'આપણે ગઢડે દર્શને જઈએ અને સ્વામિનારાયણ સોળ ચિન્હ દેખાડે તો ભગવાન ખરા.' પછીથી ચારે બ્રાહ્મણ ગઢડે આવ્યા અને શ્રીજીમહારાજ ઉગમણા બારના ઓરડે સભા કરીને બેઠા હતા. મહારાજ કહે, ''પંડ્યા ! ચિન્હ જોઈને સત્સંગ કરવો છે કે એમ ને એમ?'' પંડ્યો કહે, 'ચિન્હ દેખાડો તો સારું.' પછી મહારાજે ચરણારવિંદ લાંબાં કરીને સોળે ચિન્હ દેખાડ્યાં. પછી વર્તમાન ધારી ચારે બ્રાહ્મણો સત્સંગી થયા. ॥૨૧૦॥

ગામ **સાયલાના પારેખ માણેકચંદ** તથા **લીંબડીના શેઠ તલકશી** ગામ **લોયે** દર્શને આવ્યા. તેઓના મનમાં એવો સંકલ્પ હતો જે, 'આપણે સ્વામિનારાયણ દર્શને જઈએ અને સુતરફેણીની પ્રસાદી આપે તો ભગવાન ખરા.' અને પછીથી બે જણા લોયે આવ્યા અને મહારાજને પગે લાગીને બેઠા. મહારાજ કહે, ''આ બે વાણીયાને સત્સંગ થાતો હોય તો લાવો સુતરફેણીની પ્રસાદી આપીએ.'' પછી મહારાજે બે જણાને સુતરફેણીની પ્રસાદી આપી. પછી બે જણા ઉઠીને મહારાજને પગે લાગ્યા અને કહ્યું જે, 'હે મહારાજ ! અમો આવો સંકલ્પ કરીને આવ્યા હતા. તે આપે સિદ્ધ કર્યો.' પછીથી બે જણા વર્તમાન ધારી સત્સંગી થયા. ॥૨૧૧॥

શ્રીજીમહારાજ વડતાલ પધારતા હતા અને ગામ **સુંદરીયાણા**ની સીમમાં નીસર્યા. ત્યાં **મુળો** કરીને પટેલ હતો. તેણે ત્રીસ દાડીયાં કપાસ વીણવાને કર્યા હતા. ત્યાં રસ્તે મહારાજને ભાળીને દાડીયાં સૌએ મુળા પટેલને કહ્યું જે, 'ભાભા ! અમને સ્વામિનારાયણનાં દર્શન કરવા સારૂ જવા ધ્યોને.'' પટેલ કહે, 'કાલાં વીણવા આવ્યા છો કે ખોટી થાવા આવ્યાં છો ? જો તમારી તાણ હશે તો એમની મેળે અહીં આવશે.' પછી શ્રીજીમહારાજ વાગડને રસ્તે સ્વારને ઉભા રાખીને માણકીને એકદમ વેલી મૂકી અને મુળા પટેલની પાસે આવીને કહ્યું જે, ''મુળા પટેલ ! એ મુળા પટેલ! વાગડનો

માર્ગ કયો ?'' મુળો પટેલ કહે, 'મહારાજ ! વાગડનો માર્ગ તો ઘોડાં ઉભાં છે તે છે પણ આ દાડીયાંને મેં ખાળીને રાખ્યાં હતાં જે ભગવાન હોય તો તમારી તાણ નહિ જાણે ? માટે મને વર્તમાન ધરાવો.' પછી ત્રીસ દાડીયાં અને એકત્રીસમો મુળો પટેલ તે સૌને વર્તમાન ધરાવ્યાં અને પછી મહારાજ સ્વાર ભેગા થઈ ગયા. ॥૨૧૨॥

ગુજરાતમાં એક બાઈ મઠના રોટલા કરતી હતી અને એક રોટલો બહુજ ફુલ્યો. તેને જોઈને તે બાઈ બોલી કે– ''ઓહો ! પૃથ્વી ઉપર ભગવાન ન મળે નહિતર આ રોટલો તેને જમાડું તેવો થયો છે.'' પછી તે બાઈ ભાત લઈને ખેતર જતી હતી. તેને શ્રીજીમહારાજ દિવ્ય સ્વરૂપે સ્વાર સહિત મળ્યા અને કહ્યું જે ''બાઈ ! અમારો રોટલો લાવ.'' બાઈ કહે, 'મહારાજ ! તમારો રોટલો આમાં કેવો ?' મહારાજ કહે, ''તું કહેતી હતી કે ભગવાન જમે એવો છે.'' પછી તે બાઈએ ભાત હેઠું ઉતારીને મહારાજને રોટલો આપવા માંડ્યો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એ રોટલાને અમે ઓળખીએ છીએ. તે રોટલો જરા દાઝેલો છે.'' પછી મહારાજે પોતાને હાથે તેની પાસેથી તે રોટલો લીધો. બાઈ કહે, 'મહારાજ ! વર્તમાન ધરાવો.' પછી તેની પાસે છાશની દોણી હતી. તેની પરાશે કરીને મહારાજે તેને વર્તમાન ધરાવ્યા. ॥૨૧૩॥

ગઢપુરમાં એક દિવસ **પ્રાગજી દવે** કથા કરતા હતા અને પરમહંસ તથા હરિજન સૌ સાંભળતા હતા. પછી મહારાજને રાજી કરવા સારૂ સુરોખાચર બોલ્યા જે, 'ભટજી ! બે કન્યાઓ છે. તે તમે કહો ત્યાં તમારો સંબંધ કરીએ.' તે સાંભળી પ્રાગજી દવે બોલ્યા જે, 'સાંભળો ! સાંભળો ! વેશવાળની વાર્તા થાય છે.' અને બોલ્યા જે, 'ભણે કૃપાનાથ પાસે તો આવા જ માણસો જોઈએ. કેમકે સુરોખાચર જેવા હોય તો કૃપાનાથની શોભા વધે.' એમ દવેજી વખાણ કરવા લાગ્યા. પછી સુરોખાચર કહે, 'એક જસદણમાં છે અને બીજી લાઠીમાં છે તે તમો કહો ત્યાં સગપણ કરીએ.' ભટજી કહે, 'ભલે, જ્યાં મોટું હોય ત્યાં કરો.' સુરોખાચર કહે, 'મોટી તો લાઠીમાં છે.' પછી તે કથાની સમાપ્તિ કરીને સાંજે ઘેર ગયા. પછી કોઈકે કહ્યું જે, 'જસદણમાં અને લાઠીમાં તો મોટી શૂળીઓ છે તે જે વાંકમાં આવે તેને શૂળીએ ચડાવી દે છે.' પછી પ્રાગજી દવે કહે, 'હવે, તો મારે કુવે પડીને મરવું છે.' પછી દિવસ આથમ્યા ટાણે તે કુવે પડવા ચાલ્યા તે જ્યાં કુવાને કાંઠે થાળામાં બેઠા બેઠા પગ ટટળાવે અને બોલ્યા જે, 'આવા મોટા વખંભર કુવામાં કેમ પડાય ?' ત્યાં મહારાજને ખબર પડી એટલે લક્ષ્મીરામને કહ્યું જે, ''પ્રાગજી દવે કુવે પડવા ગયો છે. માટે તેમને ગોતી આવો.'' પછી લક્ષ્મીરામે

છેટેથી બુમ પાડી. ત્યારે તે સાંભળી દવેજી બોલ્યા જે, 'હે લખીયા ! હું આંહીં બેઠો છું.' પછી લક્ષ્મીરામે પાસે જઈને કહ્યું જે, 'આંહીં શું કરો છો ? ચાલો, મહારાજ બોલાવે છે.' ભટજી કહે, 'લખીયા ! મારે કુવે પડવું છે પણ માંહે મોટો સર્પ દોટું કાઢે છે અને વળી કાંટા પડ્યા છે. તે આવા વખંભર કુવામાં શે પડાય ?' પછી ભટને તેડીને લક્ષ્મીરામ ગામમાં આવ્યા અને મહારાજને બધી વાત કહી સંભળાવી. ॥૨૧૪॥

ગામ **ચાનગઢ**ના **રણછોડજી** કરીને બ્રાહ્મણ હતા. તે ગઢપુર મહારાજના દર્શને આવ્યા અને તેમની પાસે નવ દોકડા અને એક કોરી હતી. તે અહીંયાં શ્રીગોપીનાથજી મહારાજના મંદિરનું કામ ચાલતું હતું. પછી તે મહારાજ પાસે પગે લાગીને ઉભા રહ્યો ને મનમાં એમ સંકલ્પ કર્યો જે, 'નવ દોકડા મહારાજ પાસે મેલીશ તો મહારાજ કહેશે જે નવ દોકડા જ મેલ્યા ? અને કોરી મેલીશ તો ખાઈશ શું ?' એમ વિચાર કરતાં કરતાં તે નવ દોકડા અને કોરી એ બધુંય મહારાજ પાસે મેલ્યું. પછી મહારાજે તે કોરી લઈને તે રણછોડજી મહારાજને પાછી આપી કહ્યું જે, 'લ્યો, આ કોરી. તમારા ભાતાની.'' અને નવ દોકડા લઈને મહારાજે હાથમાં ઉછાળ્યા અને મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, 'મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી ! આ બ્રાહ્મણના નિર્ગુણ દ્રવ્ય આવ્યા તેથી ગોપીનાથજીનું મંદિર પુરું થઈ રહ્યું.'' એમ કહી મહારાજ રાજી થયા. ॥૨૧૫॥

ગામ **ઉમરાળા**ના **શ્રીમાળી** બ્રાહ્મણ મોટા ભટ કરીને હતા. તે ગઢપુર મહારાજને દર્શને આવ્યા હતા અને અહીંયાં વાસુદેવનારાયણના ઓરડા ઉપર તે વખતે નળીયાં ચડાવતા હતા. ત્યાં મહારાજ નીંબતરુ નીચે ખુરશી નાંખીને વિરાજમાન હતા. તે વખતે તે બ્રાહ્મણ મહારાજને રાજી કરવા માટે દોડી દોડીને નળીયાંના ખડકલા આપતો હતો. પછી કોઈ સંતે આવીને કહ્યું જે, 'છોકરા ! પાછલે પડાળે ચાલો. ત્યાં માણસની તંગાસ છે.' પછી તે પાછલે પડાળે જઈ નળીયાંના ખડકલા આપતાં વિચાર કરવા લાગ્યો જે, 'પણે તો મહારાજ દેખતા હતા અને અહીંયાં કોણ દેખશે ?' એમ વિચાર કરે છે એટલામાં મહારાજ પાછલે પડાળ પધાર્યા અને મોટા ભટને મહારાજે કહ્યું જે, ''મોટા ! શું સંકલ્પ કરે છે ? હું તો આગલે પડાળે દેખતો હતો તેવો જ અહીં પાછલે પડાળે દેખું છું.'' તે સાંભળીને તે બ્રાહ્મણ ઘણું જ રાજી થયો અને દોડી દોડીને ઉમંગ ભેર નળીયાંના ખડકલા દેવા મંડ્યો. ॥૨૧૬॥

મહારાજશ્રી **દાદાખાચર**ને પરણાવવા સારૂ પધાર્યા અને વળતી વખતે ચાંદુને ગોરડકે પધાર્યા. ત્યાં **રામચાંદુ** કરી કાઠી હતા. તેણે મનમાં એમ સંકલ્પ કર્યો હતો

જે, 'સ્વામિનારાયણ મારે ઘેર પધારે તથા એંશી રૂપિયાનો વેઢ માગી લે તો ભગવાન ખરા.' પછી મહારાજ ગામને પાદર વિરાજમાન હતા. ત્યાં સૌ ગામનાં લોક મહારાજને દર્શને આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, ''રામચાંદુ! એંશી રૂપિયાનો વેઢ અહીંયાં લાવશો કે મારે તમારે ઘેર આવવું જોશે ?'' પછી રામચાંદુ કહે, 'મહારાજ ! ઘેર પધારો.' પછી મહારાજ તેને ઘેર પધાર્યા ત્યારે તેમણે એંશી રૂપિયાનો વેઢ આગળ ધર્યો. એમ મહારાજે તેનો સંકલ્પ સિદ્ધ કર્યો. ॥૨૧૭॥

મહારાજ તેને ઘેર પધાર્યા તે વખતે મહારાજે પોતાની મોજડીયું ઓસરીની કોરે પગથીયે ઉતારી હતી. તેનો ભાગીયો **કરશન કુંભાર** કરી હતો. તે ત્યાં બેઠો હતો ને કોસ ચોપડતો હતો. તેણે મહારાજની મોજડીયું ખંખેરીને તેલ ચોપડ્યું અને સવળી કરીને મેલી. પછી જ્યારે તેણે દેહ મેલ્યો ત્યારે તેને મહારાજ તેડવા આવ્યા. ત્યારે તેણે કહ્યું કે, 'સ્વામિનારાયણ તમે કેવા ?' ત્યારે મહારાજ કહે, ''તેં રામચાંદુને ઘેર મારી મોજડીયું સવળી કરીને મૂકી હતી તે સારૂ તને તેડવા આવ્યો છું તૈયાર થા.'' ॥૨૧૮॥

અને તે જ ગામમાં **લાડુબાઈ** કરીને એક કાઠીયાણી બાઈ હતી. તેના છોકરાને બળીયા નીકળ્યા હતા. તે વખતે તેણે સંકલ્પ કર્યો જે, 'મારા છોકરાને સારૂં થાય તો પાંચ રૂપિયા મહારાજની આગળ ભેટ મેલવા.' એવી માનતા કરી હતી. પછી તેણે મહારાજને માટે અઢી રૂપિયાનો થાળ કર્યો અને મહારાજને જમાડ્યા અને અઢી રૂપિયા મહારાજ આગળ ભેટ મૂકી. પછી મહારાજ બોલ્યા જે, ''ડોશી ! તેં માનતા કરી છે તે અઢી રૂપિયા બીજા લાવ્યને અને તું જાણજે થાળમાં વળે.'' પછી તેણે બીજા અઢી રૂપિયા લાવીને પાંચ રૂપિયા પુરા મહારાજ આગળ મૂક્યા. તે મહારાજે હાથોહાથ લીધા ને અંતે તેડવા પધાર્યા. ॥૨૧૯॥

# જે જે શ્રીજીમહારાજ તથા સંતના ઉપયોગમાં આવ્યા તેમને શ્રીજીમહારાજ તેડવા આવ્યા તે વાતો

ગામ **ભુજ**માં મહારાજ પધાર્યા હતા અને એક વાણીયે ખોટું નાળીયેર લાવીને મહારાજ આગળ મેલ્યું. પછી તેને મહારાજે હાથમાં લઈને ખખડાવ્યું અને વાણીયાને કહ્યું જે, ‘‘શેઠીયા ! આ તો ખોટું છે.’’ વાણીયો કહે, ‘મહારાજ ! મારૂં તો ખોટું છે પણ તમારૂં સાચું હોય તો મને અંતકાળે તેડવા આવજો.’ પછી તેણે જ્યારે દેહ મેલ્યો ત્યારે તેને મહારાજ હાથમાં નાળીયેર લઈને ખવડાવતા ખવડાવતા તેડવા પધાર્યા હતા ને કહ્યું જે, ‘‘શેઠીયા ! તૈયાર થા.’’ શેઠ કહે, ‘સ્વામિનારાયણ તમે કેવા ?’ મહારાજ કહે, ‘‘તું કહેતો હતો જે તમારૂં સાચું હોય તો આવજો તે સારૂં અમે આવ્યા છીએ.’’ એમ કહીને તેને મહારાજ ધામમાં તેડી ગયા. ॥૨૨૦॥

**કચ્છ**ના હરિજન ગઢપુર મહારાજને દર્શને આવતા હતા અને નગરના રાજ્યમાં ગોપ કરીને ગામ છે. તેના બગીચામાં ઉતર્યા હતા અને ત્યાં આંબાના ફળ સારાં ભાળી તે હરિભક્તોએ આંબાના રખવાળને કહ્યું જે, ‘‘બે કેરીઓ આપીશ ?’’ ત્યારે રખવાળ બોલ્યો જે, ‘આ કેરીઓ તમારા મોઢાં ખાય તેવી નથી. આ તો મોતીયું વાળો જામ ખાય તેવી છે.’ ત્યારે હરિભગત બોલ્યા જે, ‘અમારે સ્વામિનારાયણ ભગવાન સારૂં લઈ જવી છે.’ ત્યારે રખેવાળ કહે જે, ‘તો હું બે કેરીયું મારી વતી વધારે આપું.’ પછી તેણે બે સારી જોઈને કેરીઓ આપી. પછી તે હરિભક્તોએ ગઢપુર આવીને મહારાજને તે કેરીઓ આપી અને મહારાજ કેરીઓ જમીને બહુજ રાજી થયા પછી તે રખવાળે દેહ મેલ્યો ત્યારે તેને મહારાજ હાથમાં કેરીઓ લઈને તેડવા આવ્યા હતા ત્યારે તેણે કહ્યું જે, સ્વામિનારાયણ તમે કેવા ? ત્યારે મહારાજ કહે કે, દેખ તારી કેરીઓ. પછી તેને વિમાનમાં બેસાડીને ધામમાં તેડી ગયા. ॥૨૨૧॥

ગામ **આટકોટ**નો ભરવાડ હતો તે ગઢપુર આવ્યો હતો. અને ગોપીનાથજી મહારાજનાં દર્શન કરીને બહુ રાજી થયો અને મંદિરનો દરવાજો જોઈને સૌને કહેવા લાગ્યો જે, ‘આવો દરવાજો મેં ક્યાંઈ જોયો નથી.’ પછી તેણે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેને તેડવા પધાર્યા. ત્યારે તે ભગત બોલ્યો જે, ‘મહારાજ ! તમે કેવા ?’ મહારાજ કહે, ‘‘તું કહેતો હતો જે, સ્વામિનારાયણના મંદિરનો દરવાજો બહુ સારો છે. તે સારુ અમે તને તેડવા આવ્યા છીએ. પછી તેને વિમાનમાં બેસારીને ધામમાં તેડી ગયા. ॥૨૨૨॥

ગામ **કારીયાણીમાં વીરદાસ** કરીને કણબી ભગત હતા. અને તે ગામના પટેલ હતા. પછી તે નદીએ નહાવા ગયા હતા. ત્યાં ગામના કોઈ માણસે આવીને ખારાથી તેને વાસો ચોળીને નવરાવ્યા પછી વીરદાસ ભગત બોલ્યા જે, 'તું મને ભગત જાણીને નવરાવે છે કે પટેલ જાણીને ?' ત્યારે તે માણસે કહ્યું જે, 'તમને ભગત જાણીને નવરાવું છુ.' પછી તેણે દેહ મેલ્યો ત્યારે તેને મહારાજ તેડવા પધાર્યા. ત્યારે તે બોલ્યો જે, 'સ્વામિનારાયણ ! તમે કેવા ?' મહારાજ કહે, 'તેં વીરદાસ ભગતને શરીર ચોળીને નવરાવ્યા હતા તે સારુ તને તેડવા આવ્યા છીએ. માટે તૈયાર થા.'' પછી તેને વિમાનમાં બેસારીને ધામમાં તેડી ગયા. ॥૨૨૩॥

**ખોખરી** ગામમાં **કરશન બાંભણીયો** કરીને હરિભગત હતો. તેણે શેરડીના બે સાંઠા પડછા સોતાં લાવીને મહારાજને આપ્યા. પછી તેણે દેહ મેલ્યો ત્યારે મહારાજ માણકી ઘોડીયે ચડીને હાથમાં શેરડીના બે પડછા સોતા સાંઠા લઈને તેડવા પધાર્યા. મહારાજ કહે, ''કરશન ! તૈયાર થા અને જો આ તારા સાંઠા.'' પછી તેને વિમાનમાં બેસારીને ધામમાં તેડી ગયા. ॥૨૨૪॥

ગામ **આંબામાં નિત્યાનંદસ્વામી** પધાર્યા હતા. અને તેમને રાતના બાર વાગે દૂધ જોઈતું હતું પણ બીજે ક્યાંઈ દૂધ મલ્યું નહીં. પછી એક ભરવાડની બકરીને દોઈને દૂધ લાવ્યા. પછી તે બકરીએ જ્યારે દેહ મેલ્યો ત્યારે મહારાજ તે બકરીને તેડવા પધાર્યા. ત્યારે દેવશી ભગત લુવાર હતો. તે બોલ્યો જે, 'આ બકરીનું શું પુણ્ય ?' મહારાજ કહે, ''નિત્યાનંદસ્વામીને એનું દૂધ કામ આવ્યું હતું. તે પુણ્યે કરીને અમે તેને તેડવા આવ્યા છીએ.'' એમ પશુનું પણ કલ્યાણ કર્યું. ॥૨૨૫॥

ગઢપુરમાં **ઈચ્છારામજી મહારાજ** માંદા હતા. તેમને માટે હરડે જોઈતી હતી. તે એક વાણીયે આઠ આના લઈને હરડે આપી. પછી તે વાણીયે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેને તેડવા આવ્યા ત્યારે વાણીયો બોલ્યો જે, 'સ્વામિનારાયણ તમે કેવા ?' ત્યારે મહારાજ કહે કે, ''તેં ઈચ્છારામજી સારૂ હરડે આપી હતી.'' ત્યારે વાણીયો કહે, '' મેં આઠ આના લઈને આપી હતી.' ત્યારે મહારાજ કહે, ''બાર આના કેમ લીધા નહીં ? મારા ભાઈને આપી. તેને માટે તૈયાર થઈ જા.'' પછી વિમાનમાં બેસારી ધામમાં તેડી ગયા. ॥૨૨૬॥

ગઢપુરમાં મહારાજ શ્રીગોપીનાથજીમહારાજનું મંદિર કરાવતા હતા. પછી મહારાજ સભામાં બોલ્યા જે, 'કોઈ શેરનો પાણો નાંખે તેને અમારે તેડવા આવવું''

તે સમે સભામાં **અલીયાસ** કરીને એક જમાદાર બેઠો હતો. તે ઘેલામાંથી એક મણનો પાણો ઉપાડીને લાવ્યો અને મહારાજને કહ્યું જે, 'સ્વામિનારાયણ ! દેખો. આ હું એક પાણો મંદિરના પાયામાં નાંખું છું.' મહારાજ કહે, ''બહુ સારૂ.'' પછી તેણે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેને તેડવા પધાર્યા. ત્યારે અલીયાસ બોલ્યો જે, ''સ્વામિનારાયણ ! તમે કેવા ?'' ત્યારે મહારાજ કહે, ''તેં મંદિરના પાયામાં એક પાણો નાંખેલો છે. તે પુણ્યે કરીને તેડવા આવ્યા છીએ. માટે તૈયાર થઈ જાઓ.'' પછી તેને શ્રીજીમહારાજ ધામમાં તેડી ગયા. ॥૨૨૭॥

શ્રીજીમહારાજ સવારના પહોરમાં ગામ સોઢીને પાદર પધાર્યા ને તળાવને કાંઠે નહાવા સારુ ઉતારો કર્યો. ત્યારે મહારાજે સુરાખાચરને કહ્યું જે, ''સુરાખાચર ! બાવળીયાનાં દાતણ હોય તો અહીંયા કરીયે.'' તે સાંભળી સુરાખાચર ગામમાં ગયા અને એક તરકડી બેઠી હતી. તેને પુછ્યું જે, 'અહીંયાં બાવળનાં દાતણ મળશે ?' તે સાંભળીને તે બાઈ બોલી જે, 'એવો કોણ રસીયો છે ? જે આ ભાલમાં બાવળનું દાતણ માંગે છે.' સુરોખાચર કહે, 'ખુદા છે.' ત્યારે બાઈ કહે, 'જો ખુદા હોય તો હું આપું.' પછી તેણે એક બાવળીયો પાણી પાઈને દાતણ થાય તેવડો ઉછેરીને કર્યો હતો. તેને કાપી તે બાઈ સુરાખાચરની સાથે મહારાજને દાતણ દેવા આવી અને મહારાજને દાતણ દઈને બોલી જે, 'હે સ્વામિનારાયણ ! મને તેડવા આવજો.' મહારાજ કહે,''બહુ સારૂ.'' પછી તેણે દેહ મેલ્યો ત્યારે દાતણ લઈને મહારાજ તેને તેડવા પધાર્યા. બાઈ કહે, 'સ્વામિનારાયણ ! તમે કેવા ?' ત્યારે મહારાજ કહે, 'દેખ, તારૂં દાતણ.'' એમ કહીને વિમાનમાં બેસારીને ધામમાં તેડી ગયા. ॥૨૨૮॥

ગામ **બરવાળા**માં એક બાઈએ ત્રણ ત્રણ આના દાડી લઈને મંદિરમાં ગાર કરી હતી. પછી તેણે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેને તેડવા પધાર્યા. ત્યારે બાઈ કહે, 'સ્વામિનારાયણ ! તમે કેવા ?'' ત્યારે મહારાજ કહે, ''તેં મારૂં મંદિર લીંપ્યું છે.'' તેથી ત્યારે બાઈ કહે, 'મેં ત્રણ ત્રણ આના દાડી લઈને ગાર કરી છે.' ત્યારે મહારાજ કહે, ''છ છ આના કેમ લીધા નહીં પણ અમારા મંદિરમાં ગાર કરી છે. માટે ચાલો.'' એમ કહીને વિમાનમાં બેસારીને ધામમાં તેડી ગયા. ॥૨૨૯॥

ગામ **ખંભાત**માં સાધુ ઝોળીયે ગયા હતા અને એક પટેલને ઘેર નારાયણ હરે કહીને ઉભા રહ્યા. તે વખતે તે બાઈ ધોળ કરતી હતી. તેણે ક્રોધ કરીને સાધુ સામું ગારવાળું પોતું ઉડાડ્યું અને બોલી જે, 'મારા પીટ્યા મુંડીયા લાગ્યા છે.' પછી તે પોતું સાધુ ઉતારે લઈ ગયા અને તળાવમાં ધોઈને તેના દોરા કાઢીને વાટ્યું કરીને ઠાકોરજી

પાસે દીવા કર્યા. પછી તેણે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેને તેડવા પધાર્યા. ત્યારે તે બાઈ બોલી જે, 'સ્વામિનારાયણ ! તમે કેવા ?' મહારાજ કહે, ''તારા પોતાના દોરાના તો મારી આગળ ઘીના દીવા કર્યા છે. તે પુણ્યે કરીને તેડવા આવ્યા છીએ માટે તૈયાર થા.'' એમ કહી તેને વિમાનમાં બેસારીને ધામમાં તેડી ગયા. ।।૨૩૦।।

મહારાજ **વડતાલ** પધારતા હતા અને ભાલમાં જતાં તરસ્યા બહુ થયા. પછી મહારાજે સુરાખાચરને કહ્યું જે, ''મને તરસ બહુ લાગી છે.'' તે સાંભળી સુરાખાચર બોલ્યા જે, 'મહારાજ ! લ્યો, હું પાણી લાવું.' પછી એક કણબીનો છોકરો છેટે સાંતી હાંકતો હતો. તેને સુરાખાચરે દીઠો અને ઘોડું દોડાવી ત્યાં ગયા. ત્યાં સુરાખાચરને દેખીને છોકરો બળદીયાની ઓથ્યે બેસી ગયો. સુરાખાચરે તેને કહ્યું કે, 'છોકરા! ' ત્યારે છોકરે કહ્યું કે, 'ભાઈસાહેબ ! મને મારશો નહી.' ત્યારે સુરોખાચર બોલ્યા જે, 'મારે તને મારવો નથી. પણ મારે પાણી જોઈએ છીએ, તે આપીશ.' છોકરો કહે કે, 'આજ નવી બતક ભરીને લાવ્યો છું.' પછી તે છોકરાને સાથે લઈને સુરોખાચર પાણીની બતક લેવરાવીને મહારાજની પાસે આવ્યા. અને રસ્તામાં છોકરાને કહ્યું કે, 'તારું પાણી પીઈને મહારાજ બહુ રાજી થાશે. માટે તું કાંઈક માંગ્યજે.' ત્યારે છોકરો કહે, 'શું આપે ?' સુરોખાચર કહે જે, 'માંગીશ, તે આપશે.' છોકરો કહે કે, 'મારે એક સો વિઘાં જમીન છે અને બીજી સો વિઘાં જમીન આપે તો સુખેથી ખેડી ખાઉં.' તેને સુરાખાચરે કહ્યું કે, 'તે તો આંહીંને આંહીં પડ્યું રહેશે માટે તારા જીવનો મોક્ષ માંગજે.' પછી પાણી પીઈને મહારાજ બહુ રાજી થયા. પછી મહારાજ કહે, ''આ કોનું પાણી છે ?'' સુરોખાચર કહે, 'આ છોકરો ઉભો તેનું છે.' પછી તે છોકરાને મહારાજે પાસે બોલાવીને કહ્યું જે, 'છોકરા ! તું વર માગ્ય, ''ત્યારે છોકરે કહ્યું જે, 'મારા જીવનું કલ્યાણ થાય.' ત્યારે મહારાજ કહે, ''તારી સાત પેઢીનું કલ્યાણ થાશે જા.'' એમ પાણીમાં રાજી થયા. ।।૨૩૧।।

ગામ **નાવડા**માં એક બાઈ જ્યારે ત્યાં સાધુ ફરવા આવે ત્યારે તેમનું પાણી ભરી આપતી અને તે ગામમાં **હીરો શેઠ** મંદિર કરાવતા હતા. પછી તે બાઈને સમાધી થઈ અને અક્ષરધામમાં ગઈ ત્યાં અક્ષરધામમાં હીરાશેઠના મહોલ ચણાતા હતા. તેને જોઈને તે બાઈએ મહારાજને પૂછ્યું જે, 'મહારાજ ! આ કોના મહોલ ચણાય છે ?' ત્યારે મહારાજ કહે કે, ''હીરો શેઠ અમારું મંદિર ત્યાં ચણાવે છે. તેમના સારુ અહીંયાં સોનાના મહોલ કરાવીએ છીએ.'' પછી બાઈએ મહારાજને પૂછ્યું કે, 'ક્યારે પૂરા થશે ?' મહારાજ કહે, ''આજથી છ મહિને પૂરા થશે'' પછી તે બાઈ સમાધિમાંથી

બહાર આવી અને હીરા શેઠને તે વાત કરી જે, 'તમે તો અહીંયાં પથ્થરનું મંદિર કરાવો છો અને તમારા સારું ત્યાં સોનાનું મંદિર મહારાજ કરાવે છે અને હીરા, માણેક અને મોતીનાં તોરણ તેમાં બંધાવ્યા છે.' શેઠ કહે, 'મહારાજે કાંઈ કહ્યું છે ?' બાઈ કહે, 'હા, છ મહિને આ મહોલ પુરા થશે' તે સાંભળીને શેઠે તે વાર તિથિ ચોપડીમાં લખી રાખી અને પોતે ચોમાસાના વખતમાં ધંધુકે કામ પ્રસંગે ગયા હતા. ત્યાં પોતાને તાવ આવ્યો પછી તેમણે પોતાના દીકરા ઝીણાભાઈને પૂછ્યું જે, 'ઝીણા ! ઓલી ડોશીએ કહ્યું છે તેમાં કેટલા દિવસ બાકી છે ?' ઝીણા શેઠે ચોપડો જોઈને કહ્યું, 'બાપા ! ત્રણ દિવસ બાકી છે.' પછી પોતે ચોમાસાની ઋતુ હતી તેથી ગાડાં ચાલે નહીં તેથી પાડા ભાડે કરીને પોતાને ઘેર આવ્યા અને છ મહિના પુરા થયા. તે દિવસે શ્રીજીમહારાજ તેડવા પધાર્યા અને ધામમાં લઈ ગયા. ।।૨૩૨।।

ગુજરાતમાં **ગાના** ગામને પાદર શ્રીજીમહારાજ અવેડામાં ઘોડાં પાતા હતા અને વાડીનો ધણી કોસ હાંકતો હતો. તે કોસ જ્યારે બહાર આવ્યો ત્યારે તે બોલ્યો જે, 'આવ્યા રામ.' તે સાંભળી મહારાજ કહે છે, ''તો એમ પણ જો તમે ઓળખો.'' તો એમ કહીને મહારાજ ચાલી નીકળ્યા. ।।૨૩૩।।

**નાવલી** ગામને પાદર શ્રીજીમહારાજ સ્વારોસહિત નીકળ્યા અને ઘોડાંને પાણી પાવા મંડ્યા. ત્યારે એક તરકડી બોલી જે– ''સ્વામિનારાયણ ! નજર રખીઓ'' ત્યારે મહારાજ કહે, ''બહુ સારુ.'' સુરોખાચર બોલ્યા જે, 'શું ખબર રાખશો ?' ત્યારે મહારાજ બોલ્યા જે, ''તમારી સાથે એનું કલ્યાણ કરશું.'' સુરોખાચર બોલ્યા જે, 'અમે ઘરબાર મૂકીને તમારી સાથે ફરીએ છીએ.' મહારાજ કહે કે, ''તેણે મને ભગવાન જાણ્યો તેથી કેમ તમને કોઈને ન કહ્યું જે ખબર રાખજો માટે તમારી સાથે એનું કલ્યાણ કરવું છે.'' ।।૨૩૪।।

**વડોદરા**માં મંદિર પાસે એક બાઈ રહેતી હતી. અને સાધુ કીર્તન બોલતા જે, '*સગપણ હરિવરનું સાચું.*' એ કીર્તનનું પદ તે બાઈ નિરંતર બોલ્યા કરતી હતી. પછી તેને દેહ મેલવા વખત થયો ત્યારે શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા પધાર્યા ત્યારે બાઈ બોલી જે, 'સ્વામિનારાયણ ! તમે કેવા ?' મહારાજ કહે કે, ''તું કહેતી હતી જે, '*સગપણ હરિવરનું સાચું.* તે તે હરિવર તો હું છું તે સગપણે કરીને આવ્યો છું તે તૈયાર થઈ જા.'' પછી વિમાનમાં બેસારીને તેને ધામમાં લઈ ગયા. ।।૨૩૫।।

શ્રીજીમહારાજ **જેતલપુર** યજ્ઞ કરાવતા હતા અને પોતે ઘઉંનો ઢગલો કરીને

સૌને ઘઉં દળવા સારુ દેતા હતા. તે સમે એક વેશ્યાએ મહારાજ પાસે આવીને કહ્યું જે, 'મહારાજ ! મને ઘઉં આપો.' મહારાજ કહે, ''તું એક મણ ઘઉં દળી દે તો તારું કલ્યાણ કરું.'' પછી તેને એક મણ ઘઉં આપ્યા. મહારાજ કહે, ''તું તારે હાથે દળજે.'' પછી તે પોતાને હાથે એક મણ ઘઉં દળીને મહારાજ પાસે લોટનો ટોપલો ભરીને લાવી અને મહારાજને હાથ દેખાડ્યા જે, 'મારે હાથે ફોડલા પડ્યા છે.' મહારાજ કહે, ''જા તારું કલ્યાણ થઈ ગયું.'' ॥૨૩૬॥

# શ્રીજી મહારાજે જડ વસ્તુમાં ચૈતન્ય મૂક્યું તે વાતો

**ગઢપુર**માં શ્રીજીમહારાજ વિરાજમાન હતા અને **ધ્યાનાનંદ સ્વામી** તથા **સાંખ્યાનંદ સ્વામી** એ બે જણને મહારાજે કહ્યું જે, ''તમે **બોટાદ** જાઓ.'' પછી તે બંને જણે હાથ જોડીને મહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, 'હે મહારાજ ! અમે શી વાતો કરીએ ?' પછી મહારાજ કહે કે, ''મહાપુરુષો! જાઓ. તમારાં વર્તન વાતુ કરશે.'' પછી બંને જણ બોટાદ ગયા અને હાલ જ્યાં મંદિર છે તે ઠેકાણે ઓરડી હતી. ત્યાં ધ્યાન કરીને બેઠા અને એક વખત ભિક્ષાવૃત્તિ કરીને પોતે ભોજન કરતા. એમ કરતાં કરતાં થોડાક દિવસ થયા એટલે ગામમાં ખબર થઈ જે, 'આપણા ગામમાં કેવળીક આવ્યા છે અને ચોવીશે કલાક ધ્યાનમાં બેસી રહે છે.' પછી ગામના કેટલાક ઢુંઢીયા વાણીયા હતા. તે આવી આવીને સંતના ચરણમાં વંદના કરતા હતા જે, 'તમે તો સાક્ષાત્ કેવળીક છો' અને કેટલાક વર્તમાન ધરાવીને સત્સંગી થયા. ॥૨૩૭॥

એક સાધુનું મંડળ ફરવા ચાલ્યું. તેણે શ્રીજીમહારાજને દંડવત કરીને કહ્યું જે, 'મહારાજ ! અમે શી શી વાતો કરીએ ?' તે વખતે મહારાજ જમીને અક્ષરઓરડીમાં વિરાજમાન હતા ને એક હાથમાં રૂમાલ હતો. પછી તે રૂમાલ સંતને આપ્યો અને મહારાજ બોલ્યા જે, ''મહાપુરુષો! આ રૂમાલ વાતો કરશે જાવ.'' પછી સંતે રૂમાલ લઈને સંકેલીને ડાબલીમાં રાખ્યો. પછી જે ગામમાં જાય ત્યાં પ્રથમ કીર્તન ભક્તિ કરે. ત્યાં પછી ગામનાં લોક ભેળાં થાય ત્યારે ડાબલામાંથી રૂમાલ કાઢીને સૌને દર્શન કરાવે જે, 'જુઓ, ભાઈ ! આ રૂમાલ અમને સ્વામિનારાયણ ભગવાને આપ્યો છે માટે તેનાં દર્શન કરો.' દર્શન કરતાં વેંત સૌને સમાધી થઈ જાય અને સૌ અક્ષરધામમાં જાય અને સમાધીમાંથી જાગીને પછી સંતના ચરણમાં પડે અને કહે જે, 'તમે ભગવાનના સંત છો માટે અમને વર્તમાન ધરાવો.' ॥૨૩૮॥

બીજા સાધુનું મંડળ ફરવા ચાલ્યું ત્યારે મહારાજને દંડવત કરી પગે લાગીને બોલ્યા ને કહ્યું જે, 'હે, મહારાજ! અમે શી વાતો કરીએ ?' ત્યારે મહારાજ કહે, 'મહાપુરુષો! લ્યો, આ હાર તે હાર વાતુ કરશે.'' પછી સાધુએ તે હાર લઈને એક ડાબલીમાં નાખ્યો ને ફરવા ગયા. ત્યાં જે ગામમાં જાય ત્યાં પ્રથમ કીર્તન ભક્તિ કરે એટલે ગામનાં સૌ લોક ભેળાં થાય. પછી સંત ડાબલીમાંથી હાર કાઢીને તેનાં સૌને દર્શન કરાવે જે, 'જુઓ, અમને સ્વામિનારાયણ ભગવાને હાર આપ્યો છે. તેનાં સૌ દર્શન કરો.' પછી દર્શન માત્રમાં સૌને સમાધી થઈ જાય અને અક્ષરધામમાં જાય અને

જાગીને સંતને પગે લાગે જે, 'મહારાજ ! તમે ભગવાનના સાધુ છો. માટે અમને વર્તમાન ધરાવો. એમ હાર દ્વારે મહારાજે સમાધિયું કરાવી. ॥૨૩૯॥

વળી એક વખત બીજા સંતનું મંડળ ફરવા ચાલ્યું. તે મહારાજને દંડવત કરીને પગે લાગ્યા ને મહારાજને કહે કે, 'અમે શી વાતો કરીએ ?' ત્યારે મહારાજ કહે, "લ્યો, આ લાકડીનો કટકો. તે કટકો વાતુ કરશે." તે લાકડીનું એક ઠેબું લાલ હતું અને બીજું ઠેબું ધોળું હતું. તે લઈને સંત ફરવા ગયા અને તે જે ગામમાં જાય ત્યાં બધાં લોક ભેળાં થાય. તેની આગળ ભગવાનના મહિમાની વાતો કરે અને પછી તેમને લાકડીનું એક ઠેબું અડાડે એટલે સમાધી થઈ જાય અને બીજું ઠેબું અડાડે ત્યારે જાગે. પછી તે ઉઠી ઉઠીને સંતને પગે લાગે ને કહે જે, 'હે, મહારાજ ! તમે ભગવાનનાં સંત છો. માટે અમને વર્તમાન ધરાવો ને તમારા આશ્રિત કરો.' એમ લાકડામાં ચમત્કાર મેલ્યો. ॥૨૪૦॥

# શ્રીજીમહારાજે માંગેલ વસ્તુ ન આપી તે વાતો

ગામ **ઉમરેઠ**માં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને **નંદુ ઠાકર**ને ત્યાં રસ રોટલીની રસોઈ કરી હતી ને સાથે પાંચસો પરમહંસ હતા. રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીજીમહારાજ થાળ જમ્યા. પછી સંતની પંક્તિ કરી અને મહારાજ સંતને રસ પીરસવા મંડ્યા. પછી મહારાજે કહ્યું જે, ‘‘નંદુભાઈ ! આ રસમાં જો ખાંડ હોય તો મણા ન રહે.’’ ત્યારે નંદુભાઈ કહે કે, ‘મહારાજ ! ખાંડ આપવાનો અહીંયા ધારો નહીં.’ વળી મહારાજે બીજી વાર કહ્યું જે, ‘‘નંદુભાઈ! આ રસમાં જો ખાંડ હોય તો મણા ન રહે.’’ ત્યારે નંદુભાઈ કહે, ‘મહારાજ ! રસમાં ખાંડ આપવાનો અમારે ધારો નહીં.’ મહારાજે બે ચાર વખત ખાંડ આપવાનું કહ્યું અને તે બધો વખત નંદુભાઈએ ના પાડી. પછી સંત જમી રહ્યા કેડે નંદુભાઈ જમવા બેઠા અને જ્યાં રસ જમ્યા ત્યાં તો પોતાને બહુ જ ખાટો લાગ્યો. ત્યારે પોતે વિચાર કર્યો જે, ‘અરેરે ! મહારાજે મને બે ચાર વખત કહ્યું ને મેં ના પાડી માટે આજથી ખાંડ, સાકર તથા ગોળ જીવંતપર્યંત ખાવી નહીં.’ એમ પછી પસ્તાવો થયો માટે સમય ગયા પછી પસ્તાવું તે શા કામનું? પહેલાંથી સમજે તે ડાહ્યો કહેવાય. ।।૨૪૧।।

શ્રીજીમહારાજ દાદાખાચરને પરણાવવા ભટવદર પધારતા હતા. તે વખતે **ગાધકડા**ને પાદર મહારાજ નીસર્યા અને ત્યાંના સૌ હરિજન મહારાજને દર્શને આવ્યા તે ભેળા **નાગજી** કરીને બ્રાહ્મણ હતા. તે પણ દર્શને આવ્યા હતા અને મહારાજ ગામ સોંસરા નીસર્યા ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘નાગજી મહારાજ ! તમારું ઘર ક્યાં છે ?’’ ત્યારે કહે, ‘મહારાજ ! મારું ઘર આગળ છે.’ વળી આઘા જઈને મહારાજે ફરી વાર પૂછ્યું જે, ‘‘તમારું ઘર કેટલેક છેટે છે ?’’ ત્યારે નાગજી કહે, ‘મહારાજ ! મારું ઘર પાછળ રહી ગયું.’ પછી મહારાજ પરબારા રાજુલે પધાર્યા અને નાગજીમહારાજના મનમાં એમ જે, ‘હું મહારાજને મારે ઘેર પધરાવીશ તો મારે પાંચ રૂપિયાનો ખરચ થશે.’ તેમ જાણીને મહારાજને પધરાવ્યા નહીં. પછી તેણે જ્યારે દેહ મેલ્યો ત્યારે શ્રીજીમહારાજ તેને તેડવા પધાર્યા અને મહારાજે કહ્યું જે, ‘‘નાગજી ! તૈયાર થા.’’ નાગજી કહે, ‘મહારાજ ! દીકરાને પરણાવવો છે અને વેવાઈ બહુ વસમો છે. માટે હમણાં મેલી જાઓ તો ઠીક.’’ પછી શ્રીજીમહારાજ પાછા ગયા ને સો વર્ષનાં ટીપણામાં કુંડલીયા કર્યા છે પણ વાસના ટળી નહીં. ।।૨૪૨।।

શ્રીજીમહારાજ દાદાખાચરને પરણાવીને પાછા વળ્યા. તે વખતે ગામ **બાર**

**પટોળીના કાળુભગતે** મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મારે જાન રોકવી છે.' અને જાન રોકવાને માટે તે કાળુભગતે ઘી ખાંડ ગોળ વગેરે તમામ સીધું તૈયાર કરી રાખ્યું હતું. પછી મહારાજે જાણ્યું જે, ''કાળુભગત સાથે હશે તો આપણને જાવા નહીં દે.'' પછી મહારાજે કાળુભગતને કહ્યું જે, ''તમે અહીં રહીને બધો સરસામાન ઠેકાણે પડાવો.'' પછી મહારાજે કાળુભગતને ભટવદર રાખ્યો અને પોતે જાન લઈને બારપટોળી આવ્યા. તે વખતે આખું ગામ મહારાજના દર્શને બહાર નીસર્યું હતું અને કાળુભગતનો ભાઈ લુંભો કરીને હતો. તેણે મહારાજને કહ્યું જે, ભગતે કહ્યું છે જે, 'જાન રોકવી છે.' મહારાજ કહે,'' અમારે રોકાવું નથી અને ગોળ હોય તો લાવો તો બળદને દેવો છે.'' ત્યારે લુંભો કહે જે, 'મહારાજ ! આ ગામડીયા ગામમાં ગોળ ક્યાંથી હોય ?' પછી મહારાજ કહે, ''જય સચ્ચિદાનંદ.'' એમ કહીને મહારાજ બોલ્યા જે, 'આ જમપુરીનો મારગ છે કે બીજો સારો મારગ છે ?' ત્યારે સૌ લોક બોલ્યા જે, 'મહારાજ ! હીંડોરડા ગામનો મારગ સારો છે.' પછી મહારાજ તે મારગે ચાલ્યા અને સૌ લોક પાછા વળ્યા. તેટલામાં કાળુભગત ઘોડીએ સ્વાર થઈ એકદમ આવ્યા અને સૌને પૂછ્યું જે, 'મહારાજ ! ક્યાં ?' લુંભો કહે, 'મહારાજ તો રહ્યા નહીં.' પણ મહારાજે ગોળ માગ્યો તે મેં ના પાડી.' કાળુભગત કહે, 'મર્ય મૂરખ, આખી જાન રોકવી હતી અને ગોળની ના પાડી.' પછી પોતાના નોકરને માથે ગોળનાં ત્રણ માટલાં ચડાવ્યાં અને પોતે એકદમ ઘોડી વેતી મેલીને મહારાજના રથ આડા જઈને ઊભા રહ્યા અને કહ્યું જે, 'મહારાજ ! જાઓ છો ક્યાં ? મારે જાન રોકવી છે.' ભગતને મહારાજે કહ્યું જે, 'જાન મેમાન હોય નહીં.'' ભગત કહે, 'મહારાજ ! આ ગોળ આવ્યો.' મહારાજ કહે, ''એ તો વાત ગઈ.'' પછી કાળુભગતે ગોળ ખાંડ સાકર જીવતપર્યંત ખાધું નહીં. તેનું કારણ જે મહારાજે માગ્યું ને ન આપ્યું. ॥૨૪૩॥

મહારાજ ત્યાંથી ચાલતા ગામ **હીંડોરડે** પધાર્યા અને તે જ ગામમાં આત્માનંદસ્વામીનો ચેલો **લુંભો** કરીને આયર હતો. અને તે અવસ્થાએ બહુજ વૃદ્ધ થયો હતો ને મહારાજ જયારે ગામને પાદર પધાર્યા ત્યારે આખું ગામ દર્શને આવ્યું ત્યારે કોઈકે કહ્યું જે, 'મહારાજ ! આ ગામમાં આત્માનંદસ્વામીનો ચેલો છે.' મહારાજ કહે, ''તેને અહીંયાં બોલાવો.'' પછી તેને ડોળીમાં બેસારીને મહારાજ પાસે લાવ્યા. તે ભગત મહારાજને પગે લાગ્યો ત્યારે મહારાજે કહ્યું જે, ''ભગત ! તમારું નામ શું ?'' ત્યારે ભગત કહે, 'મારું નામ લુંભો.' મહારાજ કહે તમે, ''કોના ચેલા ?'' ત્યારે ભગત કહે, 'હું 'આત્માનંદનો ચેલો.' મહારાજ કહે, ''આત્માનંદસ્વામી કેવા હતા ?'' ત્યારે ભગત કહે, 'તું જેવા હતા.' મહારાજ કહે, ''તે કોનું ભજન કરાવતા ?''

ત્યારે ભગત કહે, 'તારું ભજન કરાવતા.' મહારાજ કહે, ''આત્માનંદસ્વામી કેમ બોલતા ?'' ત્યારે ભગત કહે, 'તારી પેઠે બોલતા.' પછી મહારાજે રાજી થઈને તેને વસ્ત્ર આપ્યાં ને ખોબો ભરીને રૂપિયા આપ્યા. ॥૨૪૪॥

શ્રીજીમહારાજ **મીણાપર** માણકી ઘોડી લેવા સારુ પધાર્યા અને ત્યાં **સુખા ત્રવાડી** કરીને હરિભક્ત બ્રાહ્મણ હતા. પછી સુખે ત્રવાડીએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મારે ઘેર જમવા પધારો.' પછી મહારાજ તેને ઘેર જમવા પધાર્યા ત્યારે સુખા મહારાજે શ્રીજીમહારાજને પીત્તળની થારીમાં પંચ કણકીનો રોટલો પીરસ્યો અને ઉપર ચપટી મીઠું મેલ્યું. પછી મહારાજ જમીને બોલ્યા જે, ''આ તો સુકા ત્રવાડી છે પણ સુખા નહીં. એમ કહીને મહારાજ તેને ઘેરથી દરબારમાં પધાર્યા. ॥૨૪૫॥

ગામ **નાગનેશ**ના **દાદો દયો** તથા **વસ્તો દયો** એ બે ભાઈ હતા. તે શ્રીજીમહારાજ છતાં વખતો વખત શ્રીજીમહારાજને દર્શને ગઢપુર આવતા. પછી મુળજી બ્રહ્મચારીને પુછે જે, 'બ્રહ્મચારી ! આજ કોઈનો થાળ છે ?' ત્યારે બ્રહ્મચારી કહે જે, 'વસ્તાભાઈ ! આજ તો ફલાણા હરિભક્તનો થાળ છે.' એમ ઘણાક વરસ સુધી દર્શન કર્યા પણ શ્રીજીમહારાજનો કોઈ વખતે થાળ કર્યો નહીં. પછી શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા અને પોતાને પસ્તાવો થયો જે, 'આપણે મહારાજને અર્થે થાળ કરી શક્યા નહીં.' પછી રઘુવીરજી મહારાજ ગામડામાં ફરવા પધારેલા અને ગામ રાણપુર મુકામ હતો. પછી ગઢપુરના કોઠારી ભક્તિવલ્લભદાસજીએ રઘુવીરજીમહારાજને કહ્યું જે, 'તમારી આજ્ઞા હોય તો હું નાગનેશ જઈ આવું.' પછી રઘુવીરજીમહારાજની આજ્ઞા લઈને કોઠારી ગામ નાગનેશ ગયા અને ત્યાં સૌ હરિજનોને ભેળા કર્યા અને દાદા દયાને તથા વસ્તા દયાને કહ્યું જે, 'તમારાથી શ્રીજીમહારાજની સેવા થઈ શકી નથી અને આ રઘુવીરજીમહારાજ છે તે શ્રીજીમહારાજના પુત્ર છે માટે તેમને રાજી કરો તો શ્રીજીમહારાજ રાજી થાય.' તે સાંભળી બન્ને ભાઈએ હાથ જોડીને કોઠારીને કહ્યું જે, 'જેમ તમે કહો તેમ કરીએ.' અને બન્ને ભાઈઓ પાસે દસ દસ હજાર રૂપિયાની મુડી હતી. પછી કોઠારીએ બન્ને ભાઈને કહ્યું જે, 'ગઢપુરમાં શ્રીજીમહારાજની મૂર્તિ કરાવી છે. તેનો ખરચ પાંચ હજાર રૂપિયા થયો છે તે આપો અને એક હજાર રૂપિયા રઘુવીરજીમહારાજ પાસે મેલો અને એક હજાર રૂપિયાનું અહીં મંદિર કરાવો અને હજાર રૂપિયાનું સદાવ્રત કરાવો એટલે અહીંયાં જે સંત આવે તેમને પ્રથમ તમારી રસોઈ અપાય.' અને એક એક હજાર રૂપિયા તેની દીકરીઓને અપાવ્યા અને આગલે દિવસે એકાદશી હતી પછી સૌ હરિજનોને કોઠારીએ કહ્યું જે, 'તમે સૌ મળીને

એકાદશીનું ફરાળ કરાવો.' એટલે તેમાં કંદોઈ હરિભક્તોએ કહ્યું જે, 'અમારે પેંડા કરાવી આપવા.' અને કણબીએ કહ્યું જે, 'અમારે દૂધ આપવું.' અને બ્રાહ્મણ હરિભક્ત હતા તેમણે કહ્યું જે, 'અમારે સૌને ત્યાંથી દૂધ વિગેરે ભેગું કરી આપવું.' અને બારસને દિવસે દાદા દયા તથા વસ્તા દયાની રસોઈ કરવી એમ ઠરાવ કરીને કોઠારી પાછા રાણપુર આવ્યા અને નાગનેશથી ગાડાં લઈ સૌ હરિજન મહારાજને દર્શને આવ્યા. પછી રઘુવીરજીમહારાજ ગામ નાગનેશ પધાર્યા અને ત્યાં સંતને એકાદશીનાં ફરાળ કરાવ્યાં અને બારશને દિવસ મોતીયા લાડુની રસોઈ કરાવીને સંતને જમાડ્યા અને સાંજે રઘુવીરજીમહારાજને કોઠારીએ કહ્યું જે, મહારાજ! સોનેરી વસ્ત્ર પહેરો અને હાથીએ બેસીને ગામમમાં પધરામણીએ જવું છે.' પછી કોઠારીએ હરિજનોને ઘેર આગળથી જઈને બધી સગવડતા કરી આપી. પછી રઘુવીરજીમહારાજ હાથીએ બેસીને ગામ સોંસરા નીસર્યા અને જ્યાં દાદા દયાનું ઘર આવ્યું ત્યાં હાથીને બેસાર્યો અને નાનું એવું છાપરૂં હતું. તેમાં એક ખાટલા ઉપર ગોદડું પાથર્યું હતું. તે ઉપર રઘુવીરજીમહારાજને પધરાવ્યા અને એક હજાર રૂપિયાનો થાળ ભરીને રઘુવીરજીમહારાજને ભેટ કર્યો અને પાંચ હજાર રૂપિયા મહારાજની મૂર્તિ કરાવી તેમાં આપ્યા. અને એક હજાર રૂપિયા હરિકૃષ્ણમહારાજને થાળ માટે આપ્યા. તે લઈને રઘુવીરજી મહારાજ બહુ જ રાજી થયા અને કોઠારીએ કહ્યું જે, 'આ બે ભાઈથી શ્રીજીમહારાજને અર્થે થાળ થઈ શક્યો નથી અને તમો ભગવાનના પુત્ર છો તે તમે રાજી થાઓ તો શ્રીજીમહારાજ રાજી થાય.' પછી મહારાજની આરતી ઉતારી અને રઘુવીરજીમહારાજ તેને બથમાં ઘાલીને મળ્યા અને કહ્યું જે, 'જાઓ હવે, તમારો અક્ષરધામમાં નિવાસ થઈ ગયો જાણવું' અને સાથે જેટલાં માણસ હતાં તે સૌને વસ્ત્ર ઓઢાડ્યાં અને દાદા દયાને ને વસ્તા દયાને રાજી કર્યા. ॥૨૪૬॥

શ્રીજીમહારાજ સાથે **અમરો ભગત** હતા અને મહારાજ ગુજરાતમાં પધાર્યા હતા અને એક ગામમાં મહારાજ રાત રહ્યા હતા. પછી મહારાજે અમરા ભગતને કહ્યું જે, 'ભગત ! મને બહુ ભૂખ લાગી છે તે તમારી પાસે કાંઈ હોય તો બે પૈસાના દાળીયા મગાવીયે અને બ્રહ્મચારી ભેગા થશે ત્યારે તમને પાછું અપાવીશ.'' ત્યારે ભગત બોલ્યા જે, 'મહારાજ ! મારી પાસે કાંઈ નથી.' પણ તે અમરા ભગત પાસે સાડા છ રૂપીયા હતા ને મહારાજે બે ચાર વખત કહ્યું પણ ભગતે ચોખી ના પાડેલી. પછી મહારાજ એક વાણીયાની દુકાનમાં ઉતર્યા હતા અને અમરા ભગત ત્યાં સમી સાંજમાં ઉંઘી ગયા અને મહારાજ જાગ્યા પછી રાતના બાર વાગે વાણીયો દુકાનમાંથી લઘુ શંકા કરવા બહાર નીસર્યો. તે વખતે અમરા ભગતની તરવાર મહારાજે બારસાખના

થડમાં ઉભી કરીને મૂકી ને મહારાજ માથે વસ્ત્ર ઓઢીને સુઈ ગયા. પછી વાણીયો તરવાર લઈને દુકાનમાં ગયો અને તરવારે સાડા છ રૂપિયા બાંધ્યા હતા તે છોડી લઈને તરવાર કોઠીમાં નાંખીને પછી વાણીયો સુઈ ગયો. પછી ઘડીક થયું એટલે અમરો ભગત જાગ્યા અને બૂમ પાડીને કહ્યું જે, 'મહારાજ ! મહારાજ ! તે સાંભળીને મહારાજ તરત જાગ્યા ને કહ્યું જે, ''મારી તરવાર નથી.'' મહારાજ કહે, ''અમને તો ઉંઘ આવી ગઈ.'' ત્યારે ભગત કહે, 'મહારાજ ! મારી તરવાર કોઈક લઈ ગયું.' મહારાજ કહે, ''તરવાર હતી કે બીજું કાંઈ હતું ?'' અમરો ભગત કહે, 'મહારાજ ! સાડા છ રૂપીયા રૂમાલે બાંધ્યા હતા.' ત્યારે મહારાજ કહે, ''મર્ય મૂરખ, મારે બે પૈસાના દાળીયા જોતા હતા તે ન આપ્યા.'' તે સાંભળી અમરો ભગત બહુ દીલગીર થઈ ગયો. પછી મહારાજે શેઠને કહ્યું જે, ''મારી તરવાર લાવોને.'' ત્યારે શેઠ કહે, 'દુકાનમાં ઉતરવા દીધા ત્યારે માથે ચોરી નાંખો છો ?' ત્યારે મહારાજ કહે, ''કોઠીમાં તરવાર નાંખી છે તેમાંથી કાઢી દે અને સાડા છ રૂપિયા હડફામાં નાંખ્યા છે. તેમાંથી કાઢી આપ.'' તે સાંભળી તે વાણીયે તરવાર તથા સાડા છ રૂપીયા આપ્યા. તે લઈને સવારે મહારાજ બીજે ગામ પધાર્યા પણ અમરે ભક્તે મહારાજને બે પૈસાના દાળીયા ન આપ્યા. એવો જીવ લોભી છે. ॥૨૪૭॥

**બામણગામમાં નારુજી** કરીને ગરાસીયા હતા. તે શ્રીજીમહારાજ સાથે ગામોગામ ફરતા હતા પણ શ્રીજીમહારાજને પોતાને ઘેર કોઈ દિવસ પધરાવ્યા નહીં. પછી તેણે દેહ મેલ્યો ત્યારે શ્રીજીમહારાજ વિમાન લઈને તેને તેડવા સારૂ પધાર્યા અને સૌની આગળ નારુજી બોલ્યા જે, 'શ્રીજીમહારાજ તેડવા પધાર્યા છે. તેમની સાથે હું ધામમાં જાઉં છુ'. પછી શ્રીજીમહારાજ તેમને ધામમાં તેડી ગયા અને ત્યાં સંતની તથા પાર્ષદની પંક્તિ કરી અને ઝીણાભાઈ વચ્ચે ને દાદાખાચર વચ્ચે નારુજીને બેસાર્યા. પછી મહારાજે નારુજીનું ભાણું ટાળીને બીજાને પીરસ્યું અને હરે કર્યા. પછી નારુજી બોલ્યા જે, 'મહારાજ ! મારા ભાણામાં પિરસ્યું નથી.' મહારાજ કહે જે, ''તપાસ કર'' જે, તેં ઘેર કોઈ દિવસ સંતની પંક્તિ કરી છે ?' અને નારુજીને ક્ષુધા પણ બરાબર લાગેલી હતી. પછી મહારાજને કહ્યું જે, ''મને ઝટ દેહમાં મેલો.'' આંહીયાં તેનું શબ બાંધતા હતા તેટલામાં નારુજીનું શરીર સચેત થયું. પછી શબને છોડી નાંખ્યું અને ઘેર લઈ ગયા અને બીજે દિવસે બેય આચાર્યને તેડાવવા કાગળ લખીને માણસ મોકલ્યું એટલે અયોધ્યાપ્રસાદજીમહારાજ એકસો માણસો સાથે લઈને બામણગામ પધાર્યા અને રઘુવીરમહારાજ પણ પધાર્યા. ત્યાં આઠ દિવસ સુધી રાખ્યા અને પછી છેલ્લે દિવસે

પૂજા કરી આરતી ઉતારીને સંતને વસ્ત્ર ઓઢાડીને પોતે હાથ જોડીને વિનંતી કરી કે, મહારાજ ! મને અક્ષરધામમાં લઈ ગયા હતા અને ત્યાં મને આવી રીતે દેખાડ્યું. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજને તથા રઘુવીરજીમહારાજને વિનતી કરી કે, ‘તમે ભગવાનના પુત્ર છો. તે મારી ઉપર રાજી થાઓ એટલે મહારાજ મને અક્ષરધામમાં તેડી જાય.’ પછી આચાર્ય મહારાજ તેને બથમાં ઘાલીને મળ્યા ને કહ્યું જે, ‘હવે તમને શ્રીજીમહારાજ સુખેથી અક્ષરધામમાં તેડી જશે.’ પછી થોડા દિવસ કેડે તેણે દેહ મેલ્યો ત્યારે શ્રીજીમહારાજ તેમને ધામમાં તેડી ગયા. ॥૨૪૮॥

# શ્રીજીમહારાજે અભણ પાસે વેદ બોલાવ્યા તે વાતો

એક વખત શ્રીજીમહારાજ ગામ ઉમરેઠ પધાર્યા હતા અને ત્યાં સૌ ખેડાવાલ બ્રાહ્મણો મહારાજ પાસે આવ્યા અને મહારાજને કહ્યું જે,'તમે ભગવાન કહેવાઓ છો. તે કોઈક પાસે વેદ બોલાવો તો ભગવાન ખરા. કેમકે શંકરાચાર્યે પાડાની પુંઠે વેદ બોલાવ્યા હતા.' પછી મહારાજ કહે, ''પાડાની પુંઠે વેદ બોલાય નહીં. અશુદ્ધ થઈ જાય પણ કોઈ નરપશુ જેવો માણસ હશે તેમની પાસે બોલાવ્યા હશે. માટે તમે કોઈ નિરક્ષર માણસ લાવો તો તેની પાસે બોલાવીએ.'' પછી ગામમાંથી એક મુંગા માણસને લઈને ઉભો રાખ્યો. પછી મહારાજે તેના સામી દૃષ્ટિ કરી એટલે તે ચારે વેદ બોલ્યો. તે સાંભળી સૌ બ્રાહ્મણો આશ્ચર્ય પામીને મહારાજના આશ્રિત થયા. ॥૨૪૯॥

ગામ **કારીયાણી**માં શ્રીજીમહારાજ મહારુદ્ર કરતા હતા અને ત્યાં **ચુડા**ના **હરિભટ** તથા **શંભુ શુક્લ** આવ્યા. તેમાં શંભુ શુક્લનું વરુણ કર્યું અને હરિભટનું વરુણ ન કર્યું. ત્યારે મહારાજે કહ્યું જે, ''દામોદર શુક્લ ! આ હરિભટનું વરુણ કેમ ન કર્યું ?'' ત્યારે હરિભટ કહે, 'મહારાજ ! હું તો કાળા અક્ષરને કુવાડે મારૂં છું અને હું તો પારથેશ્વર કરી જાણું છું.' મહારાજ કહે, ''તમે ચારે વેદ ભણ્યા છો ને ?'' એમ કહીને પછી હરિભટને કહ્યું જે, ''બોલો સામવેદ.'' પછી અનુક્રમે ચાર વેદના મંત્ર બોલ્યા. તે સાંભળી મહારાજે કહ્યું જે, ''આવા ભણેલ બ્રાહ્મણ છે. તેનું વરુણ કેમ ન કર્યું ? માટે વરુણ કરો.'' પછી તેનું વરુણ કરીને હોમ કરવા ને મંત્ર જપવા બેસાર્યા. પછી તે યજ્ઞ પુરો થઈ રહ્યા પછી ઘેર ગયા ત્યારે પ્રથમ હતા તેવા નિરક્ષર થઈ રહ્યા અને ગામમાં ભિક્ષાવૃત્તિ કરવા જાય ત્યારે સૌની આગળ વાતુ કરે જે, 'સ્વામિનારાયણે મારી પાસે ચાર વેદ બોલાવ્યા હતા એવા પ્રતાપી ભગવાન છે.' ॥૨૫૦॥

ગામ **બોટાદ**ના **અજોમહારાજ** કરીને શ્રીમાળી બ્રાહ્મણ હતા. તે કારીયાણીએ શ્રીજીમહારાજના દર્શને ગયા. પછી મહારાજે શંભુશુક્લને કહ્યું જે, ''આ અજામહારાજનું વરુણ કરો.'' ત્યારે અજોમહારાજ કહે જે, 'મહારાજ ! હું ભણ્યો નથી.' મહારાજ કહે, ''તમે તો મહામંત્ર ભણ્યા છો ને ?'' અજોમહારાજ કહે, 'હું મહામંત્ર પણ ભણ્યો નથી.' પછી મહારાજ લઘુશંકા કરવા પધાર્યા ત્યારે અજોમહારાજ પાછળ પાછળ ગયા અને કહ્યું જે, 'મહારાજ ! તમે કહો છો કે તું મહામંત્ર ભણ્યો છે ?' ત્યારે મહારાજ કહે, 'તું ભજન કેનું કરે છે ?'' ત્યારે તેણે કહ્યું જે, 'તમારૂં.' મહારાજ કહે, ''શું કરે છે ?'' ત્યારે તેણે કહ્યું જે, 'સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ

! ભજન કરૂં છું.' ત્યારે મહારાજ કહે, ''એથી કોઈ મોટો મહામંત્ર નથી માટે જા જપ કરવા બેસી જા.'' પછી તેનું વરુણ કરાવીને મંત્રનો જાપ કરવા બેસાર્યા. ॥૨૫૧॥

ગામ **મેઘપુર**માં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને લાડકીબાઈનો ભાઈ **કરશનજી** કરીને ભાટ હતો. તે મહારાજ પાસે બેઠો હતો. તે સમે એક ફકીર મહારાજ પાસે આવ્યો. તેને મહારાજે કહ્યું જે, ''તમે કોણ છો ?'' ત્યારે ફકીર કહે, 'હું ખલબલશા છું.' અને પછી તેણે મહારાજને કહ્યું જે, 'તમે ભગવાન કહેવાઓ છો તે જો આ કરશનજી ભાટ પાસે કુરાન બોલાવો તો ભગવાન ખરા.' પછી મહારાજે કરશનની સામું જોઈને કહ્યું જે, 'તમે કોણ છો ?'' ત્યારે કરશનજી કહે, 'હું ખલબલશા છું.' મહારાજ કહે, ''તું ખલબલશા હો તો કુરાન બોલ્ય.'' અને મહારાજે ફકીરને કહ્યું જે, ''તમારી કિતાબ હાથમાં લ્યો.'' પછી ફકીરે કિતાબ હાથમાં લીધી અને કરશનજી કુરાન બોલવા લાગ્યો. તે સાંભળીને ફકીરે મહારાજને હાથ જોડ્યા જે, 'હે મહારાજ ! તમે તો સાક્ષાત્ ખુદા છો ને આ તો ગભરુ છે તે કયા બોલતે હે.' એમ કહીને પગે લાગ્યો. ॥૨૫૨॥

એક વખત ગઢપુરમાં શ્રીજીમહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં બેઠા હતા અને ચારે વેદ મૂર્તિમાન બ્રાહ્મણનું સ્વરૂપ લઈને આવ્યા. પછી તે ચારે જણ ઘેલા નદીમાં સ્નાન કરીને જળના લોટા ગાળીને ભરી લાવ્યા અને શ્રીજીમહારાજની ષોડશોપચારે કરીને પૂજા કરી. પછી ચારે જણાને મહારાજે પૂછ્યું જે, ''તમે ક્યાં રહો છો ને ક્યાં ગયા હતા?'' ત્યારે તેમણે કહ્યું જે, 'અમે કાશીએ ભણવા ગયા હતા.' પછી મહારાજ કહે, ''હમણાં આંહી રોકાઓ.'' ત્યારે તેમણે કહ્યું કે, 'બહુ દિવસથી ઘર મેલ્યું છે તે સારૂ જાશું.' પછી મહારાજે રજા આપી એટલે મહારાજને પગે લાગીને ચારે જણા ચાલ્યા ગયા. પછી મહારાજે સભામાં કહ્યું જે, ''આ ચારે વેદ અમારી પૂજા કરવા સારૂ આવ્યા હતા અને આ સચ્ચિદાનંદસ્વામી છે તે વેદમૂર્તિ છે.'' ત્યારે કોઈએ કહ્યું જે ,'સચ્ચિદાનંદસ્વામી તો કશુંએ ભણ્યા નથી અને કાળા અક્ષરને કુવાડે મારે તેવા છે.' પછી મહારાજ કહે, ''સચ્ચિદાનંદસ્વામી ! વેદ બોલો.'' ત્યારે કોઈ સાધુએ કહ્યું જે, 'સ્વામી ! વેદ બોલશે પણ પ્રમાણ કોણ કરશે ?' ત્યારે મહારાજ કહે, ''આ મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી એ બે જણ પ્રમાણ કરશે.'' પછી શ્રીજીમહારાજે દૃષ્ટિ કરી એટલે સ્વામી ચારે વેદના મંત્ર અનુક્રમે બોલી ગયા. ॥૨૫૩॥

# શ્રીજીમહારાજે કોલ દીધા અને તેડવા આવ્યા તે વાતો

એક દરજી હતો. તેને શ્રીજીમહારાજે કહ્યું જે, ''તું વર્તમાન ધારણ કર.'' ત્યારે તે બોલ્યો જે, 'મને કોલ દ્યો જે, મને તેડવા આવો તો હું વર્તમાન ધારું.' પછી મહારાજ કહે કે, ' જા મારો કોલ છે.' પછી તે વર્તમાન ધારી સત્સંગી થયો અને તે વાસનિક બહુ હતો તેથી તેનાં આવરદાનાં દશબાર વરસ બાકી હતાં ત્યારથી મહારાજે અગાઉથી ચેતવણી આપી અને પછી જ્યારે મહારાજ વિમાન લઈને તેડવા આવ્યા અને કહ્યું જે, ''ભગત ! તૈયાર થા. તને તેડવા આવ્યો છું.'' ત્યારે ભક્ત કહે કે, 'મહારાજ ! હમણાં હું ઘરઘ્યો છું.' તે સાંભળી મહારાજ પાછા ચાલ્યા ગયા. પછી થોડા દિવસ થયા પછી ફરીવાર મહારાજ તેડવા આવ્યા અને કહ્યું જે, ''ભક્ત ! તૈયાર થા.'' ત્યારે તે ભક્તે કહ્યું જે,'મહારાજ! દીકરો આવ્યો છે.' એમ કહીને તે ન ગયો. પછી જ્યારે મહારાજ ત્રીજી વખત તેડવા પધાર્યા ત્યારે ભક્તે કહ્યું જે, 'મહારાજ ! ગગો પેઢી સાચવે તેવો થશે ત્યારે આવીશ.' પછી મહારાજે જાણ્યું જે, ''આ વાસનિક છે માટે નીકળશે નહીં અને મારો કોલ છે તે ખોટો પણ થાય નહીં.'' પછી ત્રણેને મહારાજે ટુંટીયાનો રોગ પ્રેર્યો અને દરજીને દેહ મેલાવીને વિમાનમાં બેસાર્યો. ત્યારે દરજી કહે, 'મહારાજ ! મારો ગગો ક્યાં ?' ત્યારે મહારાજ કહે કે, ''દેખ્ય, આ તારો ગગો.'' વળી દરજી કહે કે, ''મહારાજ ! ગગાની માં ક્યાં ?' ત્યારે મહારાજ કહે કે, ''આ ગગાની માં.'' ત્યારે ગગાનો બાપ બારો નીકળ્યો; એવો જીવ વાસનિક છે. એમ ત્રણેને દેહ મેલાવી મહારાજ તેડી ગયા અને પોતાનો વર સત્ય કર્યો. ॥૨૫૪॥

ગામ **જાંબુડામાં હીરો** કરીને આયર હરિભક્ત હતો. તેને શ્રીજીમહારાજે વર્તમાન ધરાવ્યાં હતાં. પછી તેણે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેડવા પધાર્યા અને સૌને કહ્યું જે, 'મહારાજ ! મને તેડવા આવ્યા છે ને તેમના ભેગો હું ધામમાં જાઉં છું.' પણ પોતાના છોકરામાં બહુ વાસના હતી અને વિમાનમાં બેઠો. પછી મહારાજે તેને પૂછ્યું જે, ''હીરા ! તારે કાંઈ વાસના છે ?'' ત્યારે હીરો કહે, 'મહારાજ ! ઝીણીયાને પરણાવવો છે.' તે સાંભળી મહારાજે તરત તેને વિમાનમાંથી હેઠે નાંખ્યો અને દેહ બાંધ્યું હતું તે સળવળ્યું એટલે તેને છોડી નાંખ્યું અને જાગ્રત થયો. પછી સૌએ પૂછ્યું કે, 'મહારાજ ! તને તેડવા આવ્યા હતા ને? 'ત્યારે હીરા ભગતે કહ્યું જે, 'મારે ઝીણીયાને પરણાવવાની વાસના હતી તેથી મને મૂકીને ગયા.' પછી તે છોકરો વાઢમાં ખડ નીંદવા ગયો હતો. ત્યાં તેને વીંછી કરડ્યો તેથી તે મરણ પામ્યો અને હીરો ભગત પછવાડે ઘણા વરસ જીવ્યો અને બહુ હેરાન થયો. પછી વિહારીલાલજીમહારાજ ત્યાં પધાર્યા હતા. તેમની

પ્રાર્થના કરીને કહ્યું જે, 'તમે મહારાજને કહો એટલે મને તેડી જાય.' પછી વિહારીલાલજી મહારાજે કહ્યું જે, 'જાઓ, તમને હવે શ્રીજીમહારાજ ધામમાં તેડી જશે.' પછી તેના અંત સમે શ્રીજીમહારાજ તેને તેડી ગયા. ।।૨૫૫।।

ગામ **બોટાદ**માં એક સોનીને મહારાજે સમાધિ કરાવી હતી અને તે વીરજા નદીને કાંઠે ગયો. ત્યાં સોનાનો ઓટો જે બેઠક તે ભાળીને તે સોની તેમાંથી ઈંટો ખેંચવા મંડ્યો. તે અહીંયાં ખાટલામાં સૂતો સૂતો હુંકારા કરે પણ ઈંટય નીસરે નહીં. બહુ બળ જ્યારે કર્યું ત્યારે તેનું લુગડું બગડી ગયું. પછી સમાધિમાંથી તે જાગ્યો ત્યારે સૌએ પૂછ્યું જે, 'આ શું થયું ?' ત્યારે તેણે કહ્યું જે, 'સમાધીમાં હું હતો. ત્યાં સોનાની વેદીમાંથી હું ઈંટ્ય કાઢતો હતો. તે નીસરી નહીં તેથી બહુ બળ કરવાથી એમ થયું છે.' જીવને સમાધિમાં જાય તો પણ આ લોકની વાસના મટે નહીં. ।।૨૫૬।।

ગામ **ડભાણ**માં એક ડોશી સત્સંગી હતી. તેણે પોતાના તેર રૂપિયા ઘંટી નીચે દાટ્યા હતા. પછી તે માંદી થઈ ત્યારે શ્રીજીમહારાજ તેને તેડવા પધાર્યા ને ડોશીએ કહ્યું જે, 'મહારાજ ! મારી દીકરીને તેર રૂપિયા સોંપવા દ્યો. ત્યાર પછી આવીશ.' તે સાંભળી મહારાજ ચાલ્યા ગયા અને તે બાઈ ભૂતડી થઈ અને ઘરમાં રહી રૂપિયા તેની દીકરીને પણ દેવાણા નહીં ને ધામમાં પણ જવાણું નહીં. ।।૨૫૭।।

ગામ **ડાંગરવામાં અગરોજી** તથા **અમરોજી** બે કાકો ભત્રીજો ગરાસીયા હતા. પછી અગરાજીને શ્રીજીમહારાજ અંત સમયે તેડવા પધાર્યા અને વિમાનમાં બેસારીને ચાલ્યા પણ પોતાને કૂવામાં તથા વાડીમાં વાસના હતી. તેથી પોતે વિમાનમાંથી ઊતરી ગયા અને પોતાની વાડીએ આવીને રહ્યા. પછી તેમના ભત્રીજા આંબા નીચે ખાટલો ઢાળીને સુતા હતા. તે વખતે અગરોજી સાદ કરવા લાગ્યા જે, 'અમરા ! એ અમરા ! તે સાંભળી અમરે વિચાર કર્યો જે, 'મને કોઈ અમરો કહેતું નથી પણ મારા કાકાના જેવો સાદ છે. તે રખેને આંહીંયાં પાછા આવ્યા હોય ?' પછી તેણે પૂછ્યું જે, 'તમે કોણ છો ?' ત્યારે તેણે કહ્યું કે, 'હું તારો કાકો છું.' ત્યારે અમરો ભક્ત બોલ્યા જે, 'તમે કહેતા હતા જે, મહારાજ તેડવા આવ્યા છે ને તેમની સંગાથે વિમાનમાં બેસીને હું ધામમાં જાઉં છું. એમ કહેતા હતા ને પાછા કેમ આવ્યા ?' ત્યારે તેણે કહ્યું જે, 'મારે વાડીમાં તથા કૂવામાં વાસના હતી. તેથી આંહીં રહ્યો છું.' પછી તેણે કહ્યું જે, 'હવે શું કરવું ?' પછી બન્ને જણે છ મહિના સુધી મહારાજની પ્રાર્થના કરી એટલે તેને ધામમાં તેડી ગયા. માટે કોઈ પદાર્થમાં વાસના રાખવી નહિ. ।।૨૫૮।।

ગામ **રોજકામાં પુરુષોત્તમ ખાખદાસ** કરીને બ્રાહ્મણ હતા. તે પૈસાપાત્ર હતા

પણ પોતાના લગન થયેલ નહીં. તેથી પોતાને મનમાં સંસારની વાસના બહુ જ હતી. પછી સૌ સંબંધીએ મળી તેનું સગપણ જુનાસાવરમાં કર્યું અને લગ્ન કર્યા અગાઉ તેને શરીરે મંદવાડ બહુ થયો અને તેની અવસ્થા પુરતી હતી. તેથી તેણે પૈસા પણ પુરતા ભરી દીધા હતા. પછી પોતાને મંદવાડમાં લવાંન થયું જે, 'ઓહો ! રૂપિયાએ ગયા ને ફેરા પણ ફરવા ન પામ્યો.' તેમ ખાટલામાં આળોટતાં આળોટતાં બોલ્યા કરે. પછી ત્યાં શિવશંકર કરીને ભક્ત હતા. તેમણે વિચાર કર્યો જે, 'આ સારા સત્સંગી છે. તેને અત્યારે આ લવાંન થયું તે ઠીક નહીં. માટે તેનો કાંઈક ઉપાય કરું તો ઠીક'. પછી તે સાબદા થઈ ખંભે ખડીયો લઈ પુરુષોત્તમ પાસે ગયા ને બોલ્યા જે, 'પુરુષોત્તમભાઈ ! જે સ્વામિનારાયણ.' ત્યારે તેણે કહ્યું જે, 'શિવશંકર ! ક્યાંથી આવો છો ?' ત્યારે તે કહે કે, 'હું કાઠીયાવાડમાંથી આવું છું.' ત્યારે પુરુષોત્તમ કહે, 'ત્યાંના કાંઈ ખબર છે ?' શિવશંકર કહે કે, 'તેટલા માટે જ હું પરબારો તમારી પાસે આવ્યો છું પણ તમને નીચા ઉતારે તો કહું.' પછી તેને નીચા ઉતાર્યા અને કહ્યું જે, 'પુરુષોત્તમભાઈ ! ઓલ્યું કર્યું હતું તે મરી ગયું.' ત્યારે પુરુષોત્તમ કહે, 'હેં! ' તે ભેળા તેના પણ પ્રાણ નીસરી ગયાં. ॥૨૫૯॥

ગામ **સાણંદ**માં એક પાટીદાર હતો. તે સત્સંગી હતો પછી તેને શરીરે બહુ મંદવાડ થયો અને બરાબર તમાકુ કાપવાનો સમો હતો. પછી તે ડોસાએ કહ્યું જે, 'હમણાં તમાકુ કાપશો નહીં. કાચી છે.' પણ ડોસાને દિવસે મંદવાડ વધતો ગયો. તેથી છોકરાઓએ જાણ્યું જે, 'ડોસાને મંદવાડ વધતો જાય છે. તે મરી જશે તો તમાકુ કપાશે નહીં. માટે હમણાં કાપી લઈએ તો ઠીક.' પછી છોકરા તમાકુ કાપીને સાંજે ઘેર આવ્યા અને ડોસે પૂછ્યું જે, 'છોકરાઓ ! આજ ક્યાં ગયા હતા ?' ત્યારે કહે, 'બાપા ! તમાકુ કાપવા ગયા હતા.' ત્યારે ડોસો કહે કે, 'અરરર ! કાચી તમાકુ કાપી. તે ભાવ ઓછો આવશે.' એમ પશ્ચાતાપ કરીને દેહ મેલી ગયો અને મરીને ભૂત થયો. ॥૨૬૦॥

એક ગામમાં **જીવોશેઠ** કરીને એક વાણીયો સત્સંગી હતો. તેના શરીરે મંદવાડ બહુ થયો. પછી તેને સંતના દર્શન થવા મંડ્યા ત્યારે તેણે પોતાની ઘરવાળીને બોલાવી જે, 'આંહીં આવ્ય.' ત્યારે ઘરવાળીએ આવીને કહ્યું જે, 'તમારે શું કહેવું છે ? જે કહેવું હોય તે કહો.' ત્યારે જીવોશેઠ કહે કે, 'આ દાંતના બલીયાં છે તે કાઢી નાખ્ય અને લાકડાના પહેર. કેમકે હું મરીશ ત્યારે ભાંગવા પડશે અને દાંતના હશે તો દીકરીને દેવા થશે. માટે લાકડાનાં પહેર. અને મહારાજ મને તેડવા પધારશે.' પછી શ્રીજીમહારાજ પધાર્યા અને વિમાનમાં બેસારી ધામમાં તેડી ગયા. એમ આ જીવને દેહ મેલે ત્યાં સુધી ઘરનુ મમત્વ મટે તેમ નથી. માટે નિર્વાસનિક થાવું. ॥૨૬૧॥

# શ્રીજીમહારાજ તથા સંતનો પક્ષ રાખ્યો તે વાતો

ગામ **બોટાદના નરસિંહ જોશી** કરીને બ્રાહ્મણ હતા. તે ભાવનગર ગયા હતા અને વજેસિંહજી દરબાર પાસે કચેરી ભરાઈને બેઠી હતી. તે વખતે ગામ તતાણાનો મુળુ કરીને ચારણ હતો. તે કચેરીમાં મહારાજનું વાંકુ બોલવા મંડ્યો જે, 'સ્વામિનારાયણ આવા ને સ્વામિનારાયણ આવા.' તે વખતે નરસિંહ જોશી ઉભા થઈને કચેરીમાં બોલ્યા જે, 'બોલમાં. બોલમાં. લેંડા ! સ્વામિનારાયણ તો સાક્ષાત્ ભગવાન છે.' એમ એક ને બે વખત જ્યાં લેંડો કહ્યો ત્યાં તો ચારણ હેઠો બેસી ગયો. પછી દરબાર બોલ્યા જે, 'મુળુ ! સ્વામિનારાયણ તો જોશી કહે છે તેવા ભગવાન છે અને સૂર્ય સામે ધૂળ નાંખીએ તો પોતાની આંખમાં પડે છે. માટે સ્વામિનારાયણનું વાંકું બોલવું તે ધુડ્ય ઉડાડીને પોતાને માથે નાંખવાની છે.' ॥૨૬૨॥

ગામ **લાખણકામાં નાજા જોગીયા** કરીને કાઠી હતા અને ત્યાં સાધુ ગયા હતા પછી તે ગામને કાઠીએ સાધુને મારીને તિરસ્કાર કરીને ગામ બહાર કાઢી મૂક્યા અને નાજા જોગીયા તથા રામ જોગીયા એ બે ભાઈ ખેતીનું કામ કરવા સીમમાં ગયા હતા. તે દિવસના બાર વાગે ઘેર આવ્યા. પછી તેની માતુશ્રી ત્યાં રૂદન કરતાં હતાં. ત્યારે તેમણે પૂછ્યું જે, 'માજી ! શા સારુ રૂવો છો ?' ડોશી કહે, 'તમારા કરતા મારે પેટ પથરા પડ્યા હોત તો સારું. કેમકે મારા સાધુને લાખે ગોવાળીએ મારીને ગામ બહાર કાઢ્યા અને મારા પેટના હો તો મારા સાધુનું વેર લઈને પછી રોટલા જમો.' પછી બન્ને ભાઈ હથીયાર બાંધીને ચોરે ગયા અને સાધુને મારનાર કાઠીને બરછીયે દીધો ને બન્ને ભાઈ ત્યાંથી ભાગ્યા અને પછવાડે વાર ચડી તે આવતાં આવતાં અડતાળા અને લાખણકા વચ્ચે જાળામાં સંતાઈ ગયા. ત્યાં વાર આવી ત્યારે બન્ને ભાઈ મોંઢામાં ઉઘાડી તરવાર લઈને વાર સામા લડવા તૈયાર થયા એટલે વારના માણસોએ જાણ્યું જે, આ બન્ને મરણીયા થયા છે. તે આપણને જરૂર મારશે.' એવું જાણીને વારના માણસો પાછા વળી ગયા અને એ બે ભાઈ અને તેમના માતુશ્રી એ ત્રણે જણાં પછી ગઢપુર આવીને મહારાજની હજુરમાં સેવામાં રહ્યા. ॥૨૬૩॥

ગામ **રેફડાનો મોળદાન રેકડીયો** કરીને કાઠી હતો અને તે ભાવનગર વજેસિંહ દરબાર પાસે ગયો હતો. પછી દરબારે તેને કહ્યું જે, 'મોળદાન ! તું તો હવે ઘરડો થયો.' મોળદાન કહે, 'ના, બાપુ ! હું હજી ઘરડો નથી થયો. તમે કહો તો હું જુનાગઢના કમાડ ઉતારી આવું અને તમે કહો તો હું નગરનાં કમાડ ઉતારી આવું.' ત્યારે વજેસિંહ

દરબારે તેને કહ્યું જે, ‘આ સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે અને તે આ કાઠીયાણીઓ ભેગા રહે છે. માટે તેને કાંઈક કર તો ખરો.’ મોળદાન કહે, ‘બાપુ ! એવું બોલશો નહીં કેમકે તેઓ તો સાક્ષાત્ ભગવાન છે. બીજું કહો તો કરૂં પણ એ તો અગ્નિમાં હાથ ઘાલ્યા જેવું છે.’ તેણે મહારાજનો એટલો પક્ષ રાખ્યો હતો. પછી એક વખત ગામ ચોટીલા પાસે સરવા કરીને ગામ છે ત્યાં લડાઈમાં ગયો અને તે લડાઈમાં પોતે મૃત્યુ પામ્યો. તે વખતે શ્રીજીમહારાજ હાથમાં ઠંડા જળનો ઘડો લઈને અને માથે છત્રી રાખીને મોળદાન પાસે ગયા ને મહારાજે મોળદાનને કહ્યું જે, ‘મોળદાન ! લ્યો પાણી.’’ મોળદાન કહે કે, ‘સ્વામિનારાયણ ! તમે કેવા ?’ મહારાજ કહે કે, ‘‘તેં વજેસિંહ દરબાર પાસે મારો પક્ષ રાખ્યો હતો. તે સારુ તેડવા આવ્યો છું. તે માટે તૈયાર થઈ જા.’’ ॥૨૬૪॥

ગામ **રોજકામાં મસરૂ ગોળ** કરીને રજપુત હતો અને જેરામ બ્રહ્મચારી સુરતથી શ્રીજીમહારાજનો પોશાક લઈને આવતા હતા અને પોતે ચાલ્યા આવતા હતા. ત્યાં બે કોળી બ્રહ્મચારીની પાછળ દોડ્યા. પછી જેરામ બ્રહ્મચારી આગળ અને બે કોળી પાછળ એમ દોડતાં દોડતાં બ્રહ્મચારી તો રજપુત સાંતી હાંકતો હતો તેની પાસે ગયા. ત્યારે રજપુતે પૂછ્યું કે, ‘મહારાજ ! કેમ દોડ્યા આવો છો ?’ ત્યારે બ્રહ્મચારી કહે, ‘ઓલ્યા બે માણસ મને લુંટવા આવે છે અને મારી પાસે સ્વામિનારાયણ ભગવાનનો પોશાક છે.’ ત્યારે રજપુત કહે, ‘મહારાજ ! આંહીયાં બેસો. બીશો નહીં.’ પછી પોતા પાસે તરવાર હતી. તે ઉઘાડી કરીને તે કોળી સામો દોડ્યો અને કહ્યું જે, ‘આવી જાઓ દીકરાઓ ! હું જાતનો રજપુત છું.’ પછી તે કોળી ભાગી ગયા અને બ્રહ્મચારીને સાંતી ઉપર બેસાડીને પોતાને ઘેર લાવ્યો અને રસોઈ કરાવી બ્રહ્મચારીને જમાડ્યા. બીજે દિવસ ગાડું કરીને બ્રહ્મચારીને ભીમનાથ સુધી મૂકી ગયો. પછી ગઢપુર આવીને બ્રહ્મચારીએ મહારાજને તે વાત કરી જે, ‘ગામ રોજકાના મશરુ ગોળે આવી રીતે મારી રક્ષા કરી.’ મહારાજ કહે, ‘‘તે આંહીંયાં દર્શને આવે ત્યારે મને સંભળાવજો.’ પછી તે જ્યારે ગઢપુર આવ્યા ત્યારે બ્રહ્મચારીએ ઓળખાણ પાડી. પછી મહારાજે કહ્યું જે, ‘તેં બ્રહ્મચારીનો પક્ષ રાખ્યો. માટે જા તારું મુક્તાનંદસ્વામીની સાથે કલ્યાણ.’ એમ કહીને મહારાજ બહુજ રાજી થયા. ॥૨૬૫॥

ગામ **વેજળકામાં ભીમ પંડ્યો** કરીને બ્રાહ્મણ હતા અને તે ગામમાં ચુડાનો અધિકારી વહીવટદાર આવ્યો હતો. તે વખતે સિદ્ધાનંદસ્વામી ગામ નાગનેશમાં હતા. એટલે વહીવટદારના મનમાં એમ થયું જે, ‘સ્વામિનારાયણના સાધુને પંડ્યો આંહીંયાં તેડી લાવશે તો મારે ઉતારામાંથી નીકળવું પડશે.’ એમ જાણી ગામના પટેલને બોલાવીને

પોતે કહ્યું જે, 'તું પંડ્યાને કહી આવ્ય જે, સ્વામિનારાયણના સાધુ આંહીંયાં આવશે તો હું ગામને ઝાંપેથી પાછા વાળીશ.' પંડ્યાને ખબર નહોતી જે, 'સ્વામી નાગનેશમાં છે.' પછી તેમણે પોતાના પુત્રને કહ્યું જે, 'નરભેરામ ! ઉઠય, ગાડાં જોડ્ય અને સ્વામીને આંહીં તેડી લાવ્ય. આપણને તો ખબર નહોતી પણ આ વહીવટદારે ખબર કરી માટે તું તથા સાથી બન્ને જણા જઈને સ્વામીને સવારમાં આંહીં તેડી લાવજો.' અને પટેલને કહ્યું જે, 'જા, મેતાને જઈને તું કહેજે હજાર વિઘાં મારી જમીન છે ને હજાર વિઘાં દરબારી જમીન છે. માટે અરધો ઉતારો વાળીને સાફ કરાવજે અને અમને તો ખબર નહોતી પણ તેં કહ્યું ત્યારે જાણ્યું.' અને કહેવું જે, 'સ્વામિનારાયણના સાધુને ગામના ઝાંપામાંથી પાછા ન વાળ્ય તો તારા માવતરમાં ફેર અને જો હું તને લાકડીયે ન દઉં તો મારો બાપ ભાણજી પંડ્યો નહીં ને ન કહે તો તારા ચારે દીકરા મરે.' પછી પટેલે જઈને વાત કરી. ત્યારે વહીવટદારના મનમાં બીક લાગી જે, 'આ બ્રાહ્મણ તો નક્કી લાકડીયે મારશે, માટે ઝટ ગાડું લાવ્ય અને ચુડા ભેળા થઈ જઈએ.' પછી વહીવટદાર વહેલો ઉઠીને ચુડે ગયો અને સવારમાં સિદ્ધાનંદસ્વામી આવ્યા. પછી પંડ્યે પટેલને કહેવરાવ્યું જે, 'ઉતારો વળાવીને સાફ કરાવ્ય.' એટલે પટેલે પંડ્યાને કહ્યું જે, 'ઉતારો તો નવરો જ છે.' કારણ કે વહીવટદાર તો વહેલો ઉઠીને ચુડે ચાલ્યો ગયો છે.' પછી સ્વામીને આઠ દિવસ સુધી રાખ્યાને ગામ કરમડ મેલી આવ્યા અને પોતે ગામ ચુડે ગયા અને ત્યાં બાઈરાજને મળવા ગયા અને બાઈને વાત કરી જે, 'વહીવટદાર આવ્યો હતો. તેણે સાધુનું આવી રીતે અપમાન કર્યું. પછી મેં તેને આવી રીતે કહ્યું હતું.' પછી બાઈ બોલ્યાં જે, 'મારા પીટ્યાને લાકડીયે દેવો હતો ને ?' પછી પંડ્યે બાઈને કહ્યું જે, 'આપણા સાધુને ઉતરવા માટે મંદિર કરવું છે. તો કોઈ સારે ઠેકાણે જગ્યા અપાવો.' પછી તે બાઈએ તે વહીવટદારને બોલાવીને કહ્યું જે, 'પંડ્યા કહે તેટલી જગ્યા આપજે અને મંદિર ચણવાનો ખરચ થાય તે રાજ તરફથી આપજે.' પછી તે ગામમાં મંદિર કરાવ્યું. ॥૨૬૬॥

ગામ **નાગનેશ**માં સાધુ ગયા હતા અને ગામના અમલદારો બધા કુસંગી હતા. પછી સાધુ જ્યારે નહાવા જાય ત્યારે તેમણે કોઈ નિર્લજ બાઈને શીખવાડેલ જે, 'તારે સ્વામિનારાયણના સાધુની પાછળ દોડવું એટલે સાધુ જ્યારે નહાવા નીસરે ત્યારે તે બાઈ તેમની પાછળ દોડે. એટલે સાધુ આડા અવળા વીંખાઈ જાય.' તે તમાશો જોઈને મેતાઓ એક બીજા સામું જોઈ હસે અને સાધુની મશ્કરી કરે. પછી સાધુએ એક દિવસ તે ગામના **મનોરદાસ** કરીને વાણીયા હરિભગત હતા. તેમને વાત કરી જે,

'એક બાઈ અમને હંમેશાં હેરાન કરે છે.' પછી તે વાણીયો આગળથી જાળામાં સંતાઈને બેઠો અને સાધુ જ્યારે નાહવા નીસર્યા ત્યારે તે બાઈ સંતની પાછળ દોડી. ત્યારે વાણીયે પોતાના પગમાંથી જોડો કાઢીને તે બાઈને ખૂબ મારી અને અમલદારોને કહ્યું જે, 'હું વઢવાણ ફરીયાદ કરવા જાઉં છું જે આવી રીતે તમે અધર્મ કરો છો ?' પછી અમલદારોએ હાથે પગે લાગીને વાણીયાને પાછો વાળ્યો. ॥૨૬૭॥

ગામ **પાલીતાણા**માં સાધુ ફરવા ગયા હતા અને ત્યાં ધોબીનો આરો છે ત્યાં નાહવા જતા. પછી ધોબીની સ્ત્રીઓ સાધુની પાછળ દોડે જે, 'લાવો, સ્વામિનારાયણ, તમારા લૂગડાં ધોઈ દઈએ.' એટલે સાધુ છેટા ભાગે અને સૌ ધોબી દાંત કાઢે. એમ ઘણાક દિવસ સાધુને હેરાન કર્યા. પછી એક દિવસ સાધુએ ત્યાંના **ત્રિકમજી રાજગર** બ્રાહ્મણ હતા. તેને વાત કરી જે, 'અમને આવી રીતે ધોબી લોકો તથા ધોબીની સ્ત્રીઓ પાછળ દોડીને ઉપવાસ પડાવે છે ને નિત્યે હેરાન કરે છે.' પછી ત્રિકમજી આગળથી ત્યાં જઈને ગુપ્તપણે બેઠા. ત્યારે જે વખતે સાધુ નાહવા નીસર્યા અને ધોબીની સ્ત્રીયો પાછળ દોડીયું. પછી ત્રિકમજી રાજગર ઉભા થઈને ધોબીને તથા તેમની સ્ત્રીયોને જોડે જોડે ખૂબ મારી અને પછી સાધુ સાથે મંદિરમાં આવ્યા અને ધોબી સૌ પ્રતાપસિંહ રાજા પાસે ગયા અને કહ્યું જે, 'અમને ત્રિકમજીએ બહુજ માર્યા. માટે અમે લૂગડાં ધોવા કાલે નહીં જઈયે.' પછી દરબાર કહે, 'ત્રિકમજીને આંહીં બોલાવો.' તેમના મોટાભાઈ લખભા રાજાના કારભારી હતા. પછી ત્રિકમજી રાજગરને હજુર પાસે બોલાવી ગયા. ત્યારે દરબારે ત્રિકમજીને પૂછ્યું કે, 'ધોબીને કેમ માર્યા ?' ત્યારે ત્રિકમજી કહે, 'માર્યા, કેમ માર્યા શું. મારા સાધુને ઉપવાસ પડાવે છે તે સારુ માર્યા.' દરબાર કહે, 'તે તો ગાંડા છે લુગડું કાઢી નાંખશે.'' ત્યારે ત્રિકમજી કહે, 'હું પણ ગાંડો છું.' એમ કહી પોતાનું પહેરવાનું લુગડું કચેરી વચ્ચે કાઢીને એક કોરે મુકીને ધોબીને જોડે જોડે મારવા મંડ્યો અને કહ્યું જે, 'આમ માર્યા.' પછી સૌ કહેવા લાગ્યા જે, 'હવે ભલો થઈને તારૂં લુગડું પહેર.' પછી તેને રજા આપી એટલે ઘેર ગયો ને ધોબી સાધુને હેરાન કરતા મટ્યા. ॥૨૬૮॥

ગામ **ધારી**માં વાણીયા બે ભાઈ હરિભગત હતા અને બીજા ગામના હરિભગત વાણીયે તે ગામનું માપું રાખ્યું હતું. પછી તેના માપના પૈસા પુરા ન થયા તેથી તેમને જેલમાં બેસાર્યા. પછી ગામના મહાજન તેમને છોડાવવા માટે ગયા. તેમાં એક સત્સંગી વાણીયો સાથે ગયો હતો. પછી પાંચસો રૂપિયાના જામીન થઈને વાણીયાને છોડાવ્યા. તે વખતે સત્સંગી વાણીયો હતો. તે બોલ્યો જે, 'હે સ્વામિનારાયણ ! તમે

પહોંચ્યા ખરા.' ત્યારે મહાજન સૌ બોલ્યા જે, 'આ સત્સંગીના અમો જામીન નથી.' પછી એકને છોડાવીને સૌ ગામમાં આવ્યા અને પેલો સત્સંગી વાણીયો પણ ઘેર ગયો. ત્યારે તેના ભાઈયે પૂછ્યું જે, 'કાં બેયને છોડાવ્યાને?' ત્યારે વાણીયો કહે કે, 'સત્સંગી ઉઠતી વખતે આમ બોલ્યો જે– ''હે સ્વામિનારાયણ તમે પહોંચ્યા ખરા'' એવું સાંભળીને મહાજન તેના જામીન થયા નહીં.' પછી સત્સંગી વાણીયે તેને કહ્યું જે, 'આપણે સત્સંગી બે ભાઈ છીયે તેમ તે આપણો ત્રીજો ભાઈ છે માટે તેના ભાગના અઢીસો રૂપિયા રોકડા લઈ જઈને છોડાવી આવ્ય.' પછી તે પ્રમાણે રૂપિયા આપીને છોડાવીને તેને ઘેર લાવ્યા ને તેને જમાડીને તેને ઘરે જવા દીધો. તે વાતની મહારાજને ખબર પડી તે સાંભળીને મહારાજ બહુ જ રાજી થયા. ॥૨૬૯॥

એક વખત મહારાજ **જુનાગઢ** પધાર્યા હતા અને સાથે કાઠીના સ્વારો પણ ઘણા હતા અને મહારાજને તે શહેરમાં પધારવું હતું. પછી જુનાગઢના નવાબસાહેબને અમલદાર નાગરોએ કહ્યું જે, 'સ્વામિનારાયણ સાથે ઘણાજ શરબંધી કાઠી છે. તે શહેરમાં આવશે તો તોફાન કરશે ને તમારું રાજ્ય લઈ લેશે.' ત્યારે નવાબે કહ્યું જે, 'મારું રાજ્ય લે તો સુખેથી લે પણ તેને શહેરમાં આવવા દ્યો.' પછી નવાબે કહેવરાવ્યું જે, 'હું ખાણું ખાઉં છું. તે ખાઈ રહું ત્યારે મહારાજ પધારે.' પછી મહારાજ સોનેરી વસ્ત્ર પહેરીને માણકી ઘોડી ઉપર વિરાજમાન થયા અને સાથે કાઠીના સ્વારો પણ ઘણાક હતા. પછી જ્યાં રાજમહેલ પાસે આવ્યા ત્યારે કોઈક પ્રેમી ભક્તે ચીભડાની બે કાકડીયો મહારાજને આપી એટલે મહારાજ બન્ને હાથે ચીભડાં જમવા મંડ્યા અને તેનાં બી તો સોનેરી વસ્ત્રો ઉપર પડતાં હતાં અને નવાબ ખુરશી નાંખીને પોતાના મહેલની અગાશી ઉપર મહારાજનાં દર્શન કરવા બેઠો હતો. પછી અમલદારે નવાબને કહ્યું જે, 'જુઓ, સાહેબ ! ભગવાન હોય તો આટલો વિવેક હોય કે નહીં ? જે આટલા માણસ વચ્ચે ચીભડાં ખાય છે.' તે સાંભળીને નવાબે કાજીને પૂછ્યું જે, 'કાજી ! ખુદા કેવા ?' ત્યારે કાજી કહે, 'ખુદા બેપરવાઈ છે. તેને કોની પરવા છે ?' પછી નવાબે કહ્યું જે, 'ખુદા વિના આટલા માણસમાં કોનું મોંઢું ફાટે એમ છે ? માટે સ્વામિનારાયણ તો સાક્ષાત્ ખુદા છે.' એમ મહારાજનો પક્ષ રાખ્યો હતો. ॥૨૭૦॥

એક વખત મહારાજ **કારીયાણી**માં નદીને કાંઠે કોઠો છે. ત્યાં રાત્રીને વખતે મહારાજ પોઢ્યા હતા અને રાત્રીના બાર વાગ્યે ઉભા થઈને મહારાજ બથમાં ઘાલીને મળ્યા અને પોતાનું મુખારવિંદ અવળું કરી ગયા. તે વખતે સુરોખાચર જાગતા હતા. પછી સવારે સુરાખાચરે મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમે આજ અરધી રાતે ઉભા

થઈને મળ્યા અને તમારૂં મુખારવિંદ અવળું કરી દીધું એ શું ?' ત્યારે મહારાજ કહે, "સુરાખાચર ! તે વખતે જુનાગઢના નવાબે દેહ મેલ્યો હતો. તેને અમે તેડવા ગયા હતા પણ તેને દારૂ પાયો હતો એટલે તેનું મોંઢું ગંધાણું. તે સારુ અમે અવળું જોઈ ગયા. કેમકે તેણે અમારો પક્ષ રાખ્યો હતો. તેથી અમે તેને તેડવા ગયા હતા." ॥૨૭૧॥

ગામ **હાથસણી**માં સંત ગયા હતા અને તે ગામના બાવાએ સાધુને મારીને ગામ બહાર કાઢ્યા. પછી તે ગામનો ધણી સત્સંગી હતો. તેને ખબર પડી કે, 'સ્વામિનારાયણના સાધુને બાવાએ માર્યા અને મારીને ગામ બહાર કાઢી મૂક્યા.' તે સાંભળીને તે ગામને ચોરે આવ્યો અને સૌને કહ્યું જે, 'જેણે સ્વામિનારાયણના સાધુને કાઢ્યા હોય તેને મારે ઈનામ આપવું છે.' ત્યારે બાવો બોલ્યો જે, 'બાપુ ! મેં મારીને કાઢી મૂક્યા છે.' દરબાર કહે, 'તું શું કાઢી શકે ?' ત્યારે બાવો કહે, 'હા, બાપુ ! નક્કી કહું છું.' તે સાંભળી દરબારના હાથમાં ઘોડાનું ચોકડું હતું તે બાવાના બરડામાં માર્યું અને ધોલ મારીને કહ્યું જે, 'તારા બાપનું ગામ છે કે મારું ગામ છે ?' પછી ધોલ મારીને કહ્યું જે, 'મારા ગામમાં જો તું રહીશ તો તારો નાશ કરી નાંખીશ.' પછી તે બાવો ગામ છોડીને જતો રહ્યો અને દરબાર સંતને ગામ બહાર નદીએથી ઘરે તેડી લાવ્યા અને રસોઈ કરાવીને બે દિવસ રાખીને સમાગમ કર્યો ને પછી સંતને રજા આપી હતી. એમ સાધુનો પક્ષ રાખ્યો. ॥૨૭૨॥

ગામ **ભુજ**માં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને **હીરજીભાઈ** તથા **સુંદરજીભાઈ**ને ઘેર મહારાજ પણ હતા અને મહારાજને બેસવાને ઠેકાણે ગુમડું થયું હતું. તે મહારાજ મેડી ઉપર રહેતા અને હીરજીભાઈ માંદા હતા. તે વખતે તેમને જોવાને માટે ભૂજનો દીવાન જગજીવન મેતો આવેલો હતો. પછી જગજીવન ખુરશી ઉપર બેઠો. અને સુંદરજીભાઈને પૂછ્યું જે, 'સ્વામિનારાયણ આંહીં છે ?' ત્યારે સુંદરજીભાઈ કહે, 'આંહીં તો નથી.' એમ કહ્યું એટલે મહારાજ મેડેથી દાદરે નીચે ઉતર્યા અને દાદરાના પગથીયા ઉપર બેઠા. તે જોઈ જગજીવન ક્રોધાયમાન થયો અને સુંદરજીભાઈને કહ્યું જે, 'આંહીં છે ને તમે કેમ ના પાડો છો ?' પછી જગજીવને મહારાજને કહ્યું જે, 'તમે લક્ષ્મીજીના પતિ ?' ત્યારે મહારાજ કહે, "હા." ત્યારે કહે, 'તમે રાધિકાજીના પતિ ?' મહારાજ કહે, "હા." તે સાંભળી જગજીવને સુંદરજીભાઈને કહ્યું જે, 'હું ખરો હોઉં તો તારાં ઘર ખોરડાં લુંટાવી લઉં.' પછી મહારાજે સુંદરજીભાઈને કહ્યું કે, 'કેમ સુંદરજીભાઈ! " ત્યારે સુંદરજીભાઈ કહે, 'મહારાજ ! હમણાં ક્યાંઈક આઘા પાછા

થાઓ તો સારુ.' પછી મહારાજે ગંગારામ મલ્લને ખબર કરી. એટલે ગંગારામ મલ્લ મહારાજ પાસે આવ્યા ને તેમને મહારાજે કહ્યું જે, ''જગજીવન મેતે આવી રીતે ઉપાધિ કરી છે માટે તમો અમને રાખશો ?'' તે સાંભળીને ગંગારામ મલ્લ કહે કે, 'અમો એક-એક જણ સો સો જણને મારી નાંખીએ એવા છીએ. માટે સુખેથી અમારે ઘરે પધારો.' પછી મહારાજે જગજીવનને ઘેર કહેવરાવ્યું કે, 'અમારે ગંગારામ મલ્લને ઘરે જાવું છે માટે સીગરામ મોકલજો.' પછી તે બાઈએ જગજીવનને બેસવાનો સીગરામ હતો. તે મહારાજને બેસવા માટે મોકલાવ્યો. અને જગજીવનની હવેલી પાસે થઈને મહારાજે સીગરામ હંકાવ્યો. તે વખતે જગજીવન પોતાની અગાશી ઉપર બેઠો હતો અને સીગરામની આગળ એકસો મલ્લ હતા તે કીર્તન બોલતા બોલતા ચાલતા હતા. તે સાંભળીને જગજીવને પૂછ્યું જે, 'આ કોણ જાય છે ?' ત્યારે કોઈકે કહ્યું કે, 'સ્વામિનારાયણ ગંગારામ મલ્લને ઘરે જાય છે.' ત્યારે જગજીવન બોલ્યો જે, 'આ સીગરામ તો મારો છે તે કોણે મોકલ્યો ?' પછી તેના માણસે કહ્યું જે, 'તમારે ઘેરથી મોકલ્યો છે.' પછી જગજીવનના મનમાં એમ થયું જે, 'આને આપણે જીતી શકશું નહીં અને સૌ મલ્લના હાથમાં ઉઘાડી તરવારો હતી.' તે જોઈને જગજીવન પોતાના મનમાં સમજીને બેસી રહ્યો. ॥૨૭૩॥

એક વખત ગામ **વસો**માં વીશ સાધુ ગયા હતા અને તે ગામમાં ભિક્ષાવૃત્તિ કરવા જતા હતા. પછી કસીયાજીને ખબર પડી જે, 'સ્વામિનારાયણના સાધુ ગામમાં આવ્યા છે. તે ગામ બગાડશે.' એમ જાણીને પોતે પોતાના નોકરોને બોલાવ્યા અને કહ્યું, 'જે સ્વામિનારાયણના સાધુને ગામ બહાર કાઢી મૂકજો.' પછી પોલીસે સંતને કહ્યું જે, 'મહારાજો! ભિક્ષા માગીને ઝટ ગામમાંથી બહાર નીસરી જજો.' પછી સંતે કહ્યું જે, 'બીજા બાવા માગે છે અને અમારામાં શો દોષ છે તે અમને ના પાડો છો ?' તે સાંભળીને પોલીસને દયા આવી જે, 'આપણે આવા સંતને શા વાસ્તે દુઃખવવા પડે ? માટે પગાર ટુટી જાય તો ભલે પણ આવા સાધુને આપણે દુઃખવવા નહીં.' એમ વિચાર કરીને બધા પોલીસ કસીયાજી પાસે ગયા અને કહ્યું જે, ''તેરા પગાર જલ જાય, અતીત માગે, ફકીર માગે, બાવા માગે, અને સ્વામિનારાયણના સાધુએ શું બગાડ્યું છે ? તે બીચારાને કાઢી મૂકવા !' કસીયાજી કહે, 'જાઓ, જાઓ, ભલે માગે. તમે તમારી નોકરી ઉપર જાઓ.' પછી બીજે દિવસે સંત ભિક્ષાવૃત્તિ કરવા નીસર્યા અને તુળશીભાઈને ઘેર જઈને ''નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ'' એમ શબ્દ બોલ્યા. તે વખતે તુળશીભાઈ નાહીને પૂજામાં બેઠા હતા. તે પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો એટલે તુળશીભાઈ બોલ્યા જે, 'આ નારાયણ હરે કોણે કહ્યું ?'તે સાંભળી તેના ચાકરે કહ્યું

જે, 'બાપુ!  કોઈક સાધુ છે.' પછી તુળશીભાઈ કહે, 'તે સાધુને આંહીં બોલાવો.' પછી સંતને મેડી ઉપર બોલાવી ગયા અને તુળશીભાઈએ તેમને પૂછ્યું જે, 'મહારાજ ! તમે કોણ છો અને કેના સંત છો ?' સંત કહે, 'અમે સ્વામિનારાયણના સંત છીએ.' તે સાંભળી તુળશીભાઈના મનમાં ઘાટ સંકલ્પ થાતા હતા તે સમી ગયા. પછી સંતને પૂછ્યું જે, 'તમે કેટલી મૂર્તિઓ છો ?' ત્યારે સંતે કહ્યું જે, 'અમે વીશ સંત છીએ.' પછી માણસ મોકલીને વીશે સંતને પોતાને ઘેર બોલાવ્યા અને બ્રાહ્મણ પાસે રસોઈ કરાવવા માંડી અને સંત સૌ કીર્તન  બોલવા મંડ્યા. કીર્તન સાંભળીને તુળશીભાઈના અંતઃકરણમાં અતિશય શાંતિ થઈ ગઈ. રસોઈનો ઠાકોરજીને થાળ ધરીને પછી જમીને સંત પાછા કીર્તન ભક્તિ કરવા મંડ્યા ને તુળશીભાઈ માળા લઈને બેઠા. તે વખતે કસીયાજીએ ખબર કઢાવી જે, 'સ્વામિનારાયણના મુંડીયા ક્યાં છે ?' પછી તપાસ કરનાર માણસે આવીને કહ્યું જે, 'તુળશીભાઈની મેડી ઉપર કીર્તન બોલે છે.' પછી કસીયાજીએ પોતાના હજુરી માણસને મોકલીને કહેવરાવ્યું જે, 'તુળશીભાઈને કહેવું જે, 'એ મુંડીયાને રજા આપે.' પછી માણસે આવીને કહ્યું જે, 'બાપા ! બાપા ! કશીયાજી બાપુએ કહ્યું છે જે, મુંડીયાને રજા આપે.' તે સાંભળી તુળશીભાઈ બોલ્યા જે, 'આ મુંડીયા તો માથા સાટે છે અને બાપાને જો પેટમાં દુઃખતું હોય તો તે આંહીંયાં આવે.' પછી તે માણસે જઈને સમાચાર કહ્યા જે, 'તુળશી બાપે આવી રીતે સમાચાર કહ્યા છે.' તે સાંભળીને કસીયાજી બોલ્યા જે, 'કોઈ કાંઈપણ બોલશો નહીં કેમકે એમાંથી ક્લેશ થાય ને ઉપાધિ વધે.' ॥૨૭૪॥

ગામ **પંચાળાના ઝીણાભાઈ** હતા. તેને કોઈક હરિભકતે કહ્યું જે, 'રામાનંદસ્વામીનો સત્સંગી માંગરોળમાં વાંઝો કરીને છે તે માંદો છે અને તેની કોઈ ચાકરી કરનારૂં નથી.' પછી ઝીણાભાઈ ગાડું જોડાવીને તેમને તેડવા સારૂ માંગરોળ ગયા. પછી તેને તેડીને પંચાળે લાવ્યા અને ઝીણાભાઈએ પંડે તેની ચાકરી કરી અને સાજો કર્યો. પણ એક દિવસ ઝીણોભાઈ ક્યાંઈક બહાર ગયેલ અને તરસ બહુ લાગેલ એટલે તેણે ઝીણાભાઈની બેનને કહ્યું જે, 'બા ! મને પાણી આપોને. તરસ લાગી છે.' ત્યારે અદીબા બોલ્યાં જે, 'મારા ભાઈ તો આવા ઘણાં માંદા માણસોને લઈને આવશે. હું પાણી પાવાને નવરી નથી.' પછી થોડીક વાર થઈ એટલે ઝીણાભાઈ ઘેર આવ્યા તેમણે પાણી પાયું. પછી તેણે ઝીણાભાઈને વાત કરી જે, 'બા પાસે મેં પાણી માગ્યું. તેમણે મને આ પ્રમાણે જવાબ આપ્યો.' પછી તે હરિભગતની દીકરી બીજે ગામ હતી. તેને ઝીણાભાઈએ બોલાવીને તે હરિભક્તને વસ્ત્ર વિગેરે નવાં સીવડાવી આપીને તેની સાથે ઘરે મોકલ્યો અને પોતે સંબંધીને પૂછ્યા વિના ગઢપુર આવ્યા. પછી સંબંધી સૌ

ઝીણાભાઈને તેડવા આવ્યા પણ ઝીણાભાઈ ઘરે જવાની ના કહેતા; તેથી શ્રીજીમહારાજે સમજાવીને તેમને ઘેર મોકલ્યા અને પોતાની બેન અદીબા સાથે છ માસ સુધી બોલ્યા નહીં. ॥૨૭૫॥

કોઈ એક ગામમાં **મુક્તાનંદસ્વામી** તથા **બ્રહ્માનંદસ્વામી** ગયા હતા અને ત્યાં એક બાવો તેની જગ્યામાં હતો. તે જગ્યામાં એ બન્ને સાધુને લઈ ગયો અને એક ઓરડામાં પુર્યા. બહારથી સાંકળ વાશી દીધી. પછી તે બાવો પોતાનો છરો લઈને ઘસવા લાગ્યો. તે સમે કોઈક ક્ષત્રીય વર્ણ ત્યાં નીકળ્યો. તેણે પૂછ્યું જે, 'બાવાજી ! શું કરો છો ?' બાવે કહ્યું જે, 'સ્વામિનારાયણના સાધુના નાક કાન કાપવાં છે.' તે સાંભળીને તે ક્ષત્રીયે તરત તે બાવાને માર મારીને ઓરડાનું કમાડ ઉઘાડીને સાધુને બહાર કહાઢ્યા અને બ્રહ્માનંદસ્વામી મુક્તાનંદસ્વામીને કહેતા હતા જે, 'સ્વામી ! આપણાં નાક કાન કાપશે ત્યારે આપણે લોકમાં શું મોઢું દેખાડશું ?' ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'આ લોકમાં સંબંધીને માટે કેટલીક વાર નાક કાન કપાવ્યાં હશે પણ આ તો સ્વામિનારાયણને અર્થે છે.' એમ વાત કરતા હતા એટલામાં તે ક્ષત્રીયે સંતને ઓરડામાંથી બહાર કહાઢીને બન્ને સંતને બે ગાઉ સુધી મૂકી આવ્યો ને પગે લાગ્યો જે, 'મારું કલ્યાણ કરજો.' ॥૨૭૬॥

ગામ **વિસનગર**માં **શોભારામ** કરીને નાગર હતો. તે જેટલા સત્સંગી હોય તેને તડકે બેસારતો અને પોતાની બેન ઉદયકુંવર કરીને હતી. તે સત્સંગી હતી. તે પણ સત્સંગી સાથે તડકે બેસતી અને તેનો દીકરો બે વરસનો બળદેવ કરીને હતો. તેને પણ સાથે તડકે બેસારતી અને શોભારામ ન્યાયાધીશની જગ્યા ઉપર હતો. તેથી સૌ સત્સંગીને હેરાન કરતો. પછી પોતાની બેનને દેખીને કહે જે, 'બેન ! તું શા વાસ્તે બેઠી છે ?'ત્યારે ઉદયકુંવર બોલ્યાં જે, 'જા ,જા ,પીટ્યા!  તું ક્યાં મારો ભાઈ છો ? મારા ભાઈ તો બધા આ મારા તડકે બેઠા છે.' પછી તે સૌને ઉઠાડી મેલતો. એમ જ્યારે જ્યારે ઉપાધિ કરે ત્યારે ત્યારે ઉદયકુંવર પોતાના દીકરાને સાથે લઈને સત્સંગીની સાથે રહેતાં. એમ તેણે સત્સંગીનો પક્ષ રાખ્યો હતો. ॥૨૭૭॥

ગઢપુરમાં **હરજી ઠક્કર**ની માતુશ્રી **જાનબાઈ** કરીને હતાં. તે પોતે મહારાજ સારૂ પીથલપર ગામનો ત્યાગ કરીને આવ્યાં હતાં. પછી એક દિવસ મહારાજને નહાવા માટે ઉનામણું જોતું હતું. ત્યારે તેમણે મોટી ત્રાંબાની દેગડી પાણી ઉનું કરવા માટે આપી. તે જોઈ તેમનો દીકરો ધનજી હતો તે બોલ્યો જે, 'મા ! નાનું ઉનામણું આપીએ નહીં ? આવડું મોટું આપ્યું.' તે સાંભળી જાનબાઈ બોલ્યાં જે, 'તું મહારાજની

સેવામાં આડો ફરે છે. માટે આજથી મારે તારું મોંઢું જોવું નથી.' પછી ધનજી ઠક્કર ગઢપુરનો ત્યાગ કરીને તળાજે રહેવા ગયો અને તેમણે ત્યાંજ દેહ મેલ્યો પણ પોતાના સગા દીકરાને બોલાવ્યો નહીં. ॥૨૭૮॥

ગામ **ગુંદાળી**ના બે કાઠી હરિભગત હતા અને તે ગામમાં સાધુ ગયા હતા. પછી ગામધણીએ સાધુને મારીને ગામ બહાર કહાઢી મૂક્યા અને તે બે ભાઈ ખેતીનું કામ કરવા ગયા હતા. તે જ્યારે ઘરે આવ્યા ત્યારે તેની માતુશ્રી રોવા લાગી જે, 'તમે મારા પેટના નહીં. મારા પેટના હો તો મારા સાધુનું વેર લીધા પછી રોટલા ખાઓ. કેમકે ગામધણીએ મારા સાધુને મારીને કહાઢી મેલ્યા છે.' પછી બન્ને જણા હથિયાર બાંધીને ચોરે ગયા અને તે ગામધણીને ત્યાં બરછીયે માર્યો અને પોતે ભાગ્યા. તે પણ આગળ જતા મરાણાં. માટે ખરા ભક્ત હોય તેને આ દેહની ગણતી જ ન હોય. ॥૨૭૯॥

ગઢપુરમાં ગામ ચુડાનો **હરશંકર** કરીને બ્રાહ્મણ આવ્યો હતો. તે પાખંડી હતો. તે સ્વામિનારાયણનો વેશ ધારણ કરીને સૌને ઉપદેશ કરતો હતો. તે ગઢપુરમાં આવ્યો અને તેના કેટલાક સેવક ગઢપુરમાં હતા. તેને કહ્યું જે, 'આપણે ગોપીનાથજીમહારાજના દર્શને જવું છે.' પછી અમરાખાચરને તે વાતની ખબર પડી એટલે તે ઢાલ તરવાર બાંધીને દરવાજે બેઠા અને કોઈક પાસે કહેવરાવ્યું જે, 'તું મંદિરમાં દર્શને આવ્ય અને તારા જો કટકા કરી નાંખું નહીં તો મારો બાપ દાદોખાચર નહીં.' એમ કોઈક સાથે કહેવરાવ્યું અને જો આ ગામમાં રહ્યો તોપણ તારું મોત સમજજે એવું સાંભળીને તે રાત રહીને તે ગામમાંથી ભાગી ગયો અને તેના સેવક હતા તે પણ છાના માના બેસી રહ્યા. ॥૨૮૦॥

# નિશ્ચય સંબંધી વાતો

ગામ **કરિયાણીમાં દાદોખાચર** કરીને ગામધણી હતા અને તે શ્રીજીમહારાજના મળેલા હતા. પછી તે ગામમાં ગામ ખસનો બાવો કનહીરામ કરીને ગયો હતો. તે બાવો આખા ડાયરામાં કંઠી બાંધતો હતો. પછી દાદાખાચરને કંઠી બાંધવા મંડ્યો. ત્યારે દાદાખાચરે પોતાનો પગ લાંબો કર્યો. ત્યારે કનહીરામ કહે, 'બાપુ ! આમ કેમ ?' ત્યારે દાદોખાચર કહે, 'ડોકમાં તો સ્વામિનારાયણની કંઠી છે અને તારા જો ભાગ્ય હોય ને તારા જીવનું કલ્યાણ કરવું હોય તો મારા પગ સુધી તારી કંઠી ક્યાંથી ? અને હું સ્વામિનારાયણનો મળેલો છું.' એમ કહીને પોતે કંઠી નાંખવા દીધી નહીં. ત્યારે બાવો કહે, 'બાપુ ! હું કનહીરામ.' ત્યારે દાદોખાચર કહે, 'હું કારિયાણા ગામનો દાદોખાચર.' પછી બાવો ચાલ્યો ગયો પણ કંઠી પહેરી નહીં. ॥૨૮૧॥

ગામ **ઝીંઝોડામાં હાથીયો માંઝરીયો** કરીને કાઠી હતો. પછી તે ગામનાં લોક સૌ ગંગાજીયે જાવાને તૈયાર થયાં. ત્યારે કેટલાકે કહ્યું જે, 'હાથીયા માંઝરીયા ! ભાતો કરો ભાતો. આપણે સૌ ગંગાજી જાઈએ.' ત્યારે હાથીયો કહે, 'હું તો હમણાં ગંગાજીએ જઈ આવ્યો.' ત્યારે કહે, 'ક્યારે ?' ત્યારે કહે, 'હું હમણે ગઢપુર જઈને ડોળીયાને ને કાબરીયાને (બે બળદ) નવરાવી આવ્યો. તેમાં ડોળીયો તો ધામમાં ગયો ને કાબરીઓ તૈયાર થયો છે.' ત્યારે કોઈકે કહ્યું જે, 'ઘેલામાં તો પાણી સુકાઈ જાય છે.' ત્યારે હાથીયો કહે જે, 'ત્યાંની વેળું કાંઈ સુકાઈ જાય છે ? ત્યાંનો કાંકરો લઈને માથે મેલીયે તો પણ કલ્યાણ થાય. એવો ગઢપુરમાં ઘેલા નદીનો મહિમા છે. જેમ ઢીંચણ સામો ઝીંઝવો ગામને પાદર ડોલતો હોય ને મૂરખ હોય તો વાંઢે ધોળે.' ॥૨૮૨॥

ગામ **મોલડીમાં ઉગો ખુમાણ** કરીને કાઠી હરિભગત હતો. અને ગઢપુરથી એક ચારણ ગયો. ત્યારે તે ચારણે તેને વાત કરી જે, 'ઉગા ખુમાણ ! સ્વામિનારાયણ તો પોતાના સત્સંગીઓને રુદ્રાક્ષનો એક-એક પારો ગળે બંધાવે છે.' ત્યારે ઉગો ખુમાણ કહે, 'ગઢવા ! રુદ્રાક્ષનો પારો તો સારો. પણ સ્વામિનારાયણ કહેશે કે સુકું ખાસડું લઈને શાહરીને ગળે બાંધો તો તે બાંધવું છે પણ સ્વામિનારાયણ તો ભગવાન છે બા.' પછી તે સાંભળીને ગઢવો ચાલતો થયો. ॥૨૮૩॥

ગામ **મીતીયાળામાં રાવત મૈંતરો** કરીને કાઠી હરિભક્ત હતો. તે ગામમાં એક બાવી રહેતી હતી. તે બાઈ કાશીએ ગઈ અને વરસદિવસે પાછી આવી. ત્યારે પોતાની

સાથે આઠ બાવા લેતી આવી હતી. તે નવે જણે આવીને ચોરે પાણીની કાવડ્યું ઉતારી. તે વખતે તે ગામના બધા કાઠીઓ ચોરે બેઠા હતા. તે ઉઠી ઉઠીને માતાના પગમાં પડ્યા પણ રાવત મૈંતરો ઉઠ્યો નહીં. ત્યારે સૌ કાઠી કહેવા લાગ્યા જે, 'રાવત મૈંતરા ! માતાને પગે લાગો માતા આદાં માતા કાશીએ જઈએ આવ્યાં અને સાથે આઠ બાવા લાવ્યા.'રાવત મૈંતરો કહે, 'તમે પગે લાગ્યા તે ઘણું કર્યું.' તો પણ કાઠીએ બહુ આગ્રહ કર્યો એટલે ચોરા પાસે એક ગધેડી ઊભી હતી. તેને રાવત મૈંતરો જઈને પગે લાગ્યો અને કહ્યું જે, 'હે ગધેડીમા ! આ સોળ સંઢી જો સૌનું કલ્યાણ કરે તો તું મારું કરજે. તે જોઈ સૌ કાઠી બોલ્યા જે, 'રાવત મૈંતરા! આ શું કર્યું ?' ત્યાં જઈ કેમ પગે લાગ્યા ?' ત્યારે રાવત મૈંતરો કહે કે, તારી મામાં ને મારી મામાં શો ફેર છે ? તારી માને સોળ પતિ તો મારી માને એક પતિ. આ આઠ સાથે લાવી છે અને આઠ બીજા કર્યા હશે ને માળી માને તો ગધાડો એક જ પતિ. તે સાંભળી કાઠી સૌ બોલતા બંધ થઈ ગયા. આનું નામ નિશ્ચય કહેવાય. ॥૨૮૪॥

ગામ **સમઢીયાળામાં વીરો** કરીને એક કણબી હરિભક્ત હતો. તે ગઢપુર મહારાજને દર્શને આવીને વર્તમાન ધારીને ઘરે ગયો. પછી થોડાક દિવસ થયા કેડે તેનાં ઘરનાં ખોરડાં બળી ગયાં અને પોતે સીમમાં ખેતીનું કામ કરવા ગયા હતા. અને સાંજે જ્યારે ઘેર આવ્યા ત્યારે ગામને ચોરે કાઠી બેઠા હતા. તે કહેવા લાગ્યા જે, 'વીરા ! તારે તો સત્સંગ ફળીભૂત થયો જે, તારાં ઘર ખોરડાં બળી ગયાં.' તે સાંભળીને વીરો પટેલ કહે કે, 'અમારાં પંડ્યનાં પાપ તો સ્વામિનારાયણે મૂકાવ્યાં હતાં પણ અમે ચોરી ચોરીને ઘરમાં જે ભેળું કર્યું હતું તે જો ખાત તો તે પાછાં પાપ અમને વળગત. તે સીમમાં મોળ ઉભા છે અને નવો કાટ લાવીને ખોરડાં નવાં ચણાવશું અને નવા દાણાં ઘરમાં ભરશું. તે સ્વામિનારાયણે અમારાં પાપ તો મૂકાવ્યાં પણ અમારાં ખોરડાનાં પણ પાપ મૂકાવ્યાં. માટે સ્વામિનારાયણ તો ભગવાન છે.' ॥૨૮૫॥

એક વખત **વીરો પટેલ** સીમમાંથી ઘેર આવતા હતા અને કાઠી સૌ ચોરે બેઠા હતા. એટલે કાઠીઓએ વીરા ભગતની મશ્કરી કરી જે, 'વીરા ભગત ! આજ એક ગઢવો ગઢડેથી આવ્યો છે. તે સમાચાર લાવ્યો છે કે, સ્વામિનારાયણ તો ત્રણ બાઈડીઓ લઈને ભાગી ગયા છે.' ત્યારે વીરો પટેલ કહે જે, 'ત્રણજ ?' ત્યારે કાઠી કહે કે, 'કેટલીક લઈ જાય ?' ત્યારે વીરો પટેલ કહે, 'સોળ હજાર એકસો ને આઠ. એટલી લઈ જાય ત્યાં સુધી તો શ્રીકૃષ્ણ ભગવાન કહેવાય અને તેથી વધારે લઈ જાય તો તે થકી મોટા જાણવા.' તે સાંભળી કાઠી બોલ્યા જે, 'વોય માળો વીરો કોઈ વાત સાચી

માનતો નથી.' વીરો પટેલ કહે, 'સાચી હોય તો માનું ને.' ॥૨૮૬॥

એક વખતે તે ગામમાં એક બાવો આવ્યો હતો અને ગામને ચોરે ઉંચા પગ બાંધીને ઉંધે માથે તપ કરતો હતો. તેને જોવા સારુ ગામના સૌ લોક ભેળાં થયાં હતાં. તે સમે વીરો ભગત ક્યાંઈકથી ત્યાં આવી ચડ્યા. ત્યારે કાઠીએ કહ્યું જે, 'વીરા ભગત ! આ બાવાને તમે કેવો મોટો જાણો છો ?' વીરો ભગત કહે, 'ભાઈ ! બહુ મોટા.' કાઠી બોલ્યા જે, 'ના, તમે જેવું જાણતા હો તેવું કહો.' વીરો ભગત કહે કે, 'આ હેઠલો માળ છે તે હેઠે રાખ્યા જેવો છે અને ઉંધે માથે થયો એટલે હેઠેલો માળ ગળે આવ્યો. એવો મોટો. એટલે પુંઠ ને ગળું બેય સરખાં થયાં.' એવું કહીને પોતે ચાલ્યો ગયો પણ માથું નમ્યું નહીં. ॥૨૮૭॥

ગામ **કુંડલામાં ચંપો ખુમાણ** કરીને કાઠી હરિભગત હતા અને તે શરીરે માંદા બહુ થયા હતા. પછી તેમના ભાઈ આલો ખુમાણ હતા. તેમને સૌએ કહ્યું જે, 'ડાક્ટર બોલાવો ને ચાંપાભાઈની નાડી બતાવો.' ત્યારે ચાંપોભાઈ કહે, 'મારે ડાક્ટરનું શું કામ છે ? 'મારે તો સ્વામિનારાયણનું કામ છે.' તોપણ સૌ પરાણે પરાણે ડાક્ટરને લાવ્યા અને ખુરશી નાંખીને ત્યાં ચાંપાભાઈના ઢોલીયા પાસે બેસાર્યા. પછી આલો ખુમાણ બોલ્યા જે, 'મોટાભાઈ ! વૈદ આવ્યા છે. તે હાથ લાંબો કરો.' ત્યારે ચાંપોભાઈ કહે, 'આ હાથ રઘુવીરજીમહારાજ તથા ગોપાળાનંદસ્વામીના હાથમાં આપેલો છે. તે હાથ વૈદના હાથમાં હોય નહીં. તે સાંભળી વૈદને રીસ ચડી તેથી તે જતાં જતાં ઓસરીની કોરેથી પગથીયું ચુકી ગયો ને એ ભોંયે પડી ગયો તેથી તેનું ઢીઢુ ભાંગી ગયું. તેથી ડોળી કરીને ઉપાડીને તેને ઘેર લઈ ગયા. ॥૨૮૮॥

ગામ **વાંકીયામાં મોકોખાચર** કરીને કાઠી હરિભક્ત હતા અને તેમને એવો નિયમ હતો જે, 'પાંચસો માળા ફેરવાય ત્યારે નિયમ પુરું કહેવાય ને વચમાં બોલે તો આગળની ફેરવેલી માળા ખોટી થાય એવો નિયમ હતો.' પછી એક વખત તેઓ સાહેબ જોડે ઘોડે ચડીને સીમમાં ગયા હતા. ત્યાં રસ્તે જતાં એક જનાવર ઉડ્યું અને ઘોડી ભડકી તેથી પોતે ઘોડીયેથી પડી ગયા અને પગનો સાંધો ખડી ગયો. તે વખતે પોતે માળા ફેરવતા હતા. તે લાંકસાહેબ આવીને તેને બોલાવવા લાગ્યા– મોકાખાચર ! એ મોકાખાચર ! પણ મોકોખાચર કાંઈ જવાબ આપે નહીં. તેમની પચીસ માળા પુરી થઈ રહી. ત્યારે બોલ્યા જે, 'મારો પગ ખડી ગયો છે. તે મારાથી ઘોડે બેસાશે નહીં.' લાંકસાહેબ કહે, 'અત્યાર સુધી કેમ બોલ્યા નહીં ?' ત્યારે મોકોખાચર કહે, 'મારે પાંચસો માળ ફેરવ્યાનું નિયમ છે. તે પુરી થાય ત્યારે બોલાય અને જો બહુ

દેશકાળ આવે તો પચીસ માળા પુરી થાય ત્યારે બોલાય. તે પ્રમાણે તેમને જવાબ આપ્યો. તે સાંભળી તે ગામમાંથી ગાડું મંગાવીને તેમાં બેસાડીને ઘેર લઈ ગયા. ॥૨૮૯॥

ગામ **શેલણા ભમોદરા**ના **ઓઘડ ખુમાણ** તથા **વાજસુર ખુમાણ** કરીને સત્સંગી કાઠી હતા. અને તેણે એમ સાંભળ્યું હતું કે, 'ગઢડામાં એભલખાચરની દીકરીઓ દેવીનો અવતાર છે. માટે આપણે તેમને દર્શને જવું. પછી ઓઘડ ખુમાણ તથા વાજસુર ખુમાણ તથા રામ ખુમાણ એ ત્રણે જણા ગઢપુર આવ્યા અને દાદાખાચરના દરબારમાં ઉતર્યા. ત્યાં તેની બહુ આગતા સ્વાગતા કરી અને સારી રીતે પરોણાગત કરીને જમાડ્યા. પછી ત્રણે જણાએ દાદાખાચરને કહ્યું જે, 'અમારે મોટીબાનાં તથા લાડુબાનાં દર્શન કરવાં છે.' દાદાખાચર કહે, 'બહુ સારું.' પણ તેઓ કોઈની સાથે બોલતાં નથી.' પછી વાસુદેવનારાયણને ઓરડે આવ્યા અને ત્રણ ચાકળા નાંખ્યા. તે ઉપર ત્રણે જણા બેઠા અને દાદાખાચર ઓરડાના ઉંબરામાં બેઠા. પછી ઓઘડ ખુમાણ બોલ્યા જે, 'દાદા ! બાને કહો જે, ઓઘડ ખુમાણ, તથા વાજસુર ખુમાણ નારાયણ કહે છે. પછી મોટીબા ઓરડામાંથી બોલ્યાં જે, 'દાદા !ભાઈને કહો કે, જે સ્વામિનારાયણ.' તે સાંભળી ત્રણેનાં સંકલ્પ બંધ થઈ ગયા. ત્યારે તેમના મનમાં એમ થયું જે આ તો સાક્ષાત્ લક્ષ્મીજી તથા રાધીકાજી જેવાં છે. પછી ત્રણે જણા ફળીમાં લીંબડા નીચે આવીને દંડવત કરીને પગે લાગ્યા અને બીજે દિવસે પોતાને ઘેર ગયા. પછી યોગાનંદસ્વામીના સમાગમથી દૃઢ સત્સંગ થયો અને પછી ત્રણે જણા એક વખત ભાવનગર ગયા હતા. ત્યારે ત્યાંના રાજા વજેસિંહજી સાથે તેમને ઘણો સ્નેહ હતો. પછી વજેસિંહજી દરબારે તે વખતે દારૂના શીશા લાવીને પાવા મંડ્યા. ત્યારે તે ત્રણે જણે તરવારો ઉઘાડી કરીને આગળ મૂકી. ત્યારે દરબાર કહે, 'આમ કેમ ?' ત્યારે ત્રણે જણા બોલ્યા જે, 'આ ત્રણેનાં માથાં હેઠાં પડે ત્યારે આ દારુ મોંઢામાં જાય કેમકે અમે સત્સંગી થયા છીએ.' તે સાંભળી દરબારે આગ્રહ પડ્યો મેલ્યો. કેમ જે વજેસિંહ દરબારને સત્સંગનો ગુણ હતો. ॥૨૯૦॥

ગામ **વીકળીયા**નો **પટેલ અરજણ** કરીને કણબી હરિભગત હતો અને તેને સાધુએ વર્તમાન ધરાવ્યાં હતાં. તે સાધુ કાળને યોગે કરીને સત્સંગમાંથી બહાર નીકળી બંડીયા ખાતામાં ભળ્યા હતા. પછી તે બેય સાધુ ગામ વીકળીયે આવ્યા. તે વખતે પટેલ અરજણ ખળામાં દાણાનો પગર સમો કરતા હતા. તેને પહેલાંથી ખબર થઈ હતી કે, 'મને વર્તમાન ધરાવનાર સંત બંડીયામાં ભળી ગયા છે.' પછી તે બે સાધુને

છેટેથી ભાળીને પોતે હાથમાં ખપાળી લીધી ને બોલ્યો જે, 'આંહીં જો આવ્યા તો માથું ભાંગી નાંખીશ.' ત્યારે સાધુ બોલ્યા જે, 'અમારે તમને એક વાત કહેવી છે અને ભગવાન પ્રગટ થયા છે.' ત્યારે ભગત કહે, 'અમારા સ્વામિનારાયણ ભગવાન કહી ગયા છે કે, પોતે વર્તમાન ધરાવનારો આવીને કહે જે, 'સ્વામિનારાયણ ભગવાન નથી. તો તેને કહેવું જે, તારું માથું ફર્યું છે પણ સ્વામિનારાયણ તો ભગવાન છે.' એમ કહીને તેને કાઢી મેલ્યા. ॥૨૯૧॥

ગામ **ચમારડીમાં દેવો કોશીયો** કરીને કણબી હરિભક્ત હતો. અને પ્રથમ તે માધવગરનો ચેલો હતો. પછી માધવગરને ખબર પડી જે, 'દેવો સ્વામિનારાયણનો ભગત થયો છે.' માટે તેની કંઠી તોડાવીએ. પછી માધવગરનો શિષ્ય સચ્ચિદાનંદ કરી સાધુ હતો. તેને કહ્યું જે, 'તું દેવાની કંઠી તોડાવ્ય.' પછી તેણે ચમારડી આવીને દેવાને ઘરે ઉતારો કર્યો અને દેવાને વાતો કરવા લાગ્યો. એમ રાતના બાર વાગ્યા ત્યારે સચ્ચિદાનંદ બોલ્યો જે, 'દેવા ! હવે કંઠી તોડ્ય.' ત્યારે દેવો કહે, 'સ્વામિનારાયણ ભગવાન અને રઘુવીરજીમહારાજ મારા ગુરુ.' પછી રાતના ચાર વાગ્યા સુધી વાતો કરીને બીજીવાર કહ્યું જે, 'દેવા ! કંઠી તોડ્ય.' ત્યારે પણ દેવા ભગતે કહ્યું જે, 'સ્વામિનારાયણ ભગવાન અને રઘુવીરજીમહારાજ મારા ગુરુ.' એવું સાંભળીને ઉદાસ થઈને સચ્ચિદાનંદ ચાલ્યો ગયો. પણ દેવા ભક્તે કંઠી ન તોડી તેનું નામ સત્સંગ કહેવાય. ॥૨૯૨॥

ગામ **મુળધરાઈ**માં **કાનજી** તથા **સુંદરજી** કરીને બે ભાઈ વાણીયા હતા અને તે પ્રથમ રાજ્યકાર્ય કરતા હતા પણ પોતાને સત્સંગ નહોતો. પછી તે બંને ભાઈ ગઢપુર આવ્યા અને રઘુવીરજીમહારાજ તથા સદ્‌ગુરુ સિદ્ધાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદસ્વામીની વાતો સાંભળીને તેઓ થોડાક દિવસ ગઢપુરમાં રહીને ઘેર જવાને તૈયાર થયા અને તેમને જવાને થોડીકવાર હતી તે વખતે કોઠારી ભક્તિવલ્લભદાસજીને દર્શને ગયા. પછી કોઠારીએ તેમને પોતાને આસને બેસારીને વ્યવહારિક વાત કરી જે, 'તમે રઘુવીરજી મહારાજને હાથે વર્તમાન ધરાવ્યાં એ બહુ સારું કર્યું પણ અમૃત જેવું ભોજન જમ્યા હોઈએ ને એક માંખીનો ટાંગો આવ્યો હોય તો છઠ્ઠીનું ધાવણ નીકળી જાય. માટે તમે સત્સંગરુપી અમૃતનું પાન કર્યું છે તે હવે માંખીઓ જાળવજો.' પછી તેઓ રોટલા જમીને સાબદા થઈને ઘરે ગયા. તે વખતે ગામ પછેગામના પ્રશ્નોરાઓને ખબર પડી જે, 'કાનજીભાઈ તથા સુંદરજીભાઈ ગઢડે જઈને સત્સંગી થઈને ઘેર આવ્યા છે. તો આપણે તેની કંઠી તોડાવી નાંખીએ તો ઠીક.' પછી વીશ પ્રશ્નોરા

પછેગામથી સવારમાં મુળધરાઈ આવ્યા. તે વખતે તે કાનજીભાઈ તથા સુંદરજીભાઈ બન્ને જણા પોતાની દુકાને બેઠા બેઠા દાતણ કરતા હતા અને વીશે પ્રશ્નોરા તેમની દુકાને આવીને ઉભા રહ્યા. તે જોઈ કાનજીશેઠ બોલ્યા જે, 'ધન્ય ભાગ્ય. ધન્ય ઘડી. આપણે ગઢપુર જઈને તીરથ કરી આવ્યા અને આપણે ઘેર વીશ બ્રહ્મદેવ પધાર્યા. માટે આપણા પુણ્યનો પાર નહિ.' અને પોતાના માણસને કહ્યું જે, 'વખારે જઈને જગા વળાવી સાફ કરીને પાણી ભરાવીને પંદર શેર ઘી વિગેરે સીધાનો સામાન તૈયાર કરાવો અને શુદ્ધ પાણી ભરાવો.' તે સાંભળી પ્રશ્નોરા બોલ્યા જે, 'કાનજીશેઠ ! શું બોલો છો ? એ તો આ કંઠીઓ ડોકમાંથી તૂટીને જ્યારે બજારમાં હેઠી પડશે ત્યારે રોટલા જમીશું.' કાનજી શેઠ કહે, 'એમ થાય ? અમે શું ભુંડું કર્યું છે ?' બ્રાહ્મણ કહે, 'તમે ભુંડું કર્યું એવું તો કોઈ કરે નહીં.' કાનજીશેઠ કહે, 'વાતો તો ઘણી સાંભળી હતી પણ ચાલતી વખતે કોઠારી ભક્તિવલ્લભદાસજીએ જે વાત કરી છે જે, અમૃત જેવું ભોજન જમ્યા હોઈએ અને તેમાં માંખીનો ટાંગો એક આવે તો ઝેરરૂપ થાય. માટે આ લોકો માંખીના ટાંગારૂપ છે.' પછી તેનો ચાકર જાફરીઓ કરીને મુસલમાન હતો. તેને કહ્યું જે, 'ક્યાં ગયો જાફરીયો ?જા, આ પ્રશ્નોરાને પછેગામનો મારગ બતાવી આવ્ય અને કંઠી તો માથા સાટે છે તે કંઠીઓ તુટે તેમ નથી.' પછી તે વીશે જણા હાથ ખંખેરીને ચાલ્યા ગયા પણ તેમણે કંઠી તોડી નહીં ને ખરેખરા સત્સંગી થયા ને દેવની સેવા ગઢપુરમાં સારી કરી. ॥૨૯૩॥

ગામ **ખોપાળામાં જેઠો માણીયો** કરીને હરિભગત હતો અને તે ચોરે ડાયરામાં બેઠો હતો. ત્યાં એક મોટો સર્પ નીકળ્યો. તે જોઈને સૌ માણસો ઉઠી ઉઠીને ભાગી ગયા. ત્યારે જેઠો ભગત બોલ્યા જે, 'શા માટે ભાગો છો ? કરડવું કાંઈ તેના હાથમાં નથી. કરડવું તો સ્વામિનારાયણના હાથમાં છે.' એમ કહીને પોતે બેસી રહ્યો. પછી સર્પ તેના ખંભા ઉપરથી પગ ઉપર થઈ ચડ્યો. તે વખતે જેઠો ભગત ઉઘાડે શરીરે બેઠો હતો. એટલે સર્પ તેની ડુંટીમાં બે ત્રણ માથાં મારીને ચાલ્યો ગયો પણ જેઠા ભગતે પગ પણ ઊંચો કર્યો નહીં. તે જોઈને સૌ લોક જેઠા ભગતને પગે લાગ્યા ને વખાણ કર્યા જે, 'તું સ્વામિનારાયણનો ભક્ત ખરો.' ॥૨૯૪॥

એક વખત સાધુ ગઢપુરથી **ખોપાળે** ફરવા ગયા હતા અને **જેઠો માણીયો** ઘેર પોતાની ઘરવાળીને કહેતો ગયો જે, સાધુને માટે બોઘરણું ભરીને દૂધ મોકલજે પણ ઘરવાળી બહુ લોભી હતી. તેથી છાશનું બોઘરણું ભરીને મોકલ્યું.' પછી જેઠો માણીયો સીમમાંથી બપોરે પરબારા મંદિરમાં આવ્યા અને સાધુને પગે લાગીને બેઠા. પછી જેઠા

ભગતે સાધુને પૂછ્યું જે, 'સ્વામી ! આપણે ઘરેથી કાંઈ આવ્યું હતું ?' સાધુ કહે, 'હા, જાડી રેડ જેવી છાશનું બોઘરણું ભરીને આવ્યું હતું. તેની કઢી કરીને ઠાકોરજીને જમાડ્યા અને અમે પણ જમ્યા.' તે સાંભળી જેઠો ભગત ઘેર ગયા અને ઘેરથી બે પાડીયું છોડીને પોતે ચાલ્યા. તે ગઢપુરને માર્ગે ભેંશો ચરતી હતી. તેને પણ લઈને પછી ત્યાંથી ગઢડે આવીને મંદિરમાં બાંધી ગયા અને પાછા ખોપાળે જઈને મંદિરમાં સાધુ પાસે જઈને બેઠા. પછી સાંજ વખત થઈ તો પણ ભેંશો ઘેર આવી નહીં ત્યારે તેની ઘરવાળી મંદિરની ખડકીએ આવીને બૂમ પાડવા માંડી અને ભગવાન સોનીને બોલાવ્યા જે, 'તારા કાકાને કહે જે, ભેંશો ઘરે આવી નથી અને પાડીયુંને ક્યાં મેલી આવ્યા છો ?' ભગવાન સોનીએ જેઠા ભગતને પૂછ્યું જે, 'મારી કાકી પુછે છે જે, પાડીયો ક્યાં મેલી આવ્યા અને ભેંશો પણ આવી નથી ?' તે સાંભળીને જેઠા ભગતે કહ્યું જે, 'જા જઈને કહે જે, જેની હતી તેને આપી આવ્યો. હું ખેતર હતો ત્યાં ગોપીનાથજીમહારાજ આવીને કહી ગયા જે, મેં તને ભેંશો આપી છે તે જ્યારે સાધુ આવે ત્યારે સાધુ દૂધ ખાય અને જ્યારે સાધુ ન હોય ત્યારે તારાં છોકરાં દૂધ ખાય. માટે જા જઈને કહે જે, ગોપીનાથજીએ મંગાવી લીધી અને બોઘરણું લઈને સવારે છાશ માંગવા તૈયાર થાજે નીકર છોકરાં છાશ વગરનાં રહેશે. ગોકળ ગાબાણીને ત્યાં દુઝણું છે ત્યાંથી છાશ લાવજે.' એમ કહેવરાવી દીધું પણ પોતે બહાર નિસર્યા નહીં. ॥૨૯૫॥

એક વખત **સદ્‌ગુરુ આનંદાનંદસ્વામી** ખોપાળે પધાર્યા હતા અને ઉનાળાનો વખત હતો. પછી સ્વામીએ જેઠા ભગતને કહ્યું જે, 'જેઠા ! ઉનાળો છે ને ઉકળાટ બહુ થાય છે માટે ક્યાંકથી પવન આવે એવું થાય તો ઠીક. ત્યારે જેઠો ભગત કહે, 'સ્વામી ! તમે નાહવા પધારો એટલે પવન આવે એમ કરું.' પછી સ્વામી નાહવા પધાર્યા અને જેઠા ભગતે મંદિરની પછીત પછવાડે બાંકું પાડ્યું. પછી સ્વામી સ્નાન કરીને આવ્યા અને જોયું ત્યારે જેઠા ભગતને પુછ્યું જે, 'ભગત ! આ શું કર્યું ?' ભગત કહે કે, 'સ્વામી ! બાંકું પાડ્યું ને તમે કહેતા હતા જે પવન આવે તેવું કરો. માટે તમો રહો ત્યાં સુધી રાખશું અને પછી પુરી દેશું.' એવા શૂરવીર હતા. ॥૨૯૬॥

ગામ **કારીયાણીમાં જોઈતોખાચર** કરીને વસ્તાખાચરના દીકરા હતા અને પોતે શ્રીજીમહારાજનાં દર્શન જે જે સ્થળે કરેલ તે સર્વ સ્થળે સવારમાં ઉઠીને જઈને પ્રાર્થના કરતા. અને દિવસના બાર વાગે ત્યારે પોતે રોટલા જમતા ને નવરા થાતા એવા સત્સંગી પોતે હતા. પછી તે ગામમાં એક વખત ભવાયા રમવા આવ્યા હતા. પછી

સૌ તરગાળા દરબાર પાસે આવ્યા. એટલે દરબારને કહ્યું જે, 'બાપુ ! તમે રમત જોવા પધારો તો અમારે શીખ સારી થાય.' ત્યારે દરબાર કહે, 'હું તો સત્સંગી છું તે કોઈ દિવસ જોવા જતો નથી ને જોવાય નહીં.' તો પણ ભવાયા જોરાવરીએ ખાટલો ઉપાડીને લઈ ગયા અને દરબાર બે ઘડી બેસીને તુરત ઘરે આવતા રહ્યા. તે ખબર ત્યાં સાધુ રહેતા હતા તેમના જાણવામાં આવી જે, 'આજ રાતે જોઈતોખાચર ભવાયા જોવા ગયા હતા.' પછી તે સવારે મંદિરમાં દર્શને આવ્યા ત્યારે હરિસેવાદાસ કરીને સાધુ હતા. તેમણે જોઈતાખાચરને ડોકે ઝાલીને મંદિર બહાર કાઢ્યા જે, 'તમે સત્સંગી થઈને ભવાયા કેમ જોયા ?' પછી જોઈતાખાચરે પોતાના પગમાંથી મોજડી કાઢી ને મોંઢામાં લીધી અને સાધુને કહ્યું જે, 'બા! હું તો તમારો કુતરો છું પણ મારાથી મંદિર આવ્યા સિવાય અનાજ લેવાશે નહીં.' પછી તે સાધુ ઘણા શરમાઈ ગયા અને મંદિરના અધિકારીએ તે સાધુની બદલી કરાવી નાંખી. ॥૨૯૭॥

ગામ **કઠલાલ**માં શ્રીજીમહારાજ પધાર્યા હતા. ત્યાં **લક્ષ્મીબા** કરીને બ્રાહ્મણ હતાં. તે સત્સંગી બહુ સારાં હતાં પણ ગામમાં કોઈ સત્સંગી નહોતું અને શ્રીજીમહારાજ ગામ કઠલાલ પધાર્યા. પછી તે બાઈ પાણીનું બોઘરણું ભરીને મહારાજ પાસે ગયાં અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! આ પાણીમાં ચરણારવિંદ બોળી દ્યો. મારે એ પાણીને કુવામાં નાંખવું છે. મારું પીટ્યું ગામ બધું કુસંગી છે તે સત્સંગી થાય.' પછી મહારાજે ચરણારવિંદ બોળી આપ્યું તે જળ લઈને બાઈએ કુવામાં નાંખ્યું તેથી આખું ગામ સત્સંગી થયું. એવું સત્સંગનું બળ બાઈને હતું. ॥૨૯૮॥

ગામ **ગાધકડામાં ગોવિંદ** કરીને એક દરજી હરિભક્ત હતો. પછી સૌ વાતુ કરે જે, 'કલ્યાણ કેમ થાય ?' ત્યારે ગોવિંદ મેરાઈ કહે, 'મારું સીવેલું લુગડું જે પહેરશે અને મારા ગોળાનું પાણી જે પીશે તેનું કલ્યાણ થાશે. માટે કલ્યાણ કલ્યાણ શું કરો છો?' એવો પોતાને સ્વામિનારાયણનો નિશ્ચય હતો. ॥૨૯૯॥

ગામ **ધાણલામાં મુળી ડોશી** કરીને કુંભાર હરિભગત હતી. તેને અંત સમો થયો એટલે શ્રીજીમહારાજ તેને તેડવા પધાર્યા. ત્યારે બાઈએ સૌને કહ્યું જે, 'મને મહારાજ તેડવા આવ્યા છે ને તેમની સાથે હું ધામમાં જાઉં છું. તે વખતે તેમનો પતિ ભગોભગત હાથ જોડીને બોલ્યો જે, 'તું તો ધામમાં ચાલી પણ મને કાંઈ કહેને.' બાઈ કહે, 'તમને શું કહેવું છે ? મારું ભરેલું પાણી અને મારા ઘડેલા રોટલા જેણે ખાધા હશે તેનું કલ્યાણ થાશે અને તમે તો મારા પતિ છો તે તમારા કલ્યાણમાં શું વાંધો છે ?' તે બાઈને આવું નિશ્ચયનું બળ હતું. ॥૩૦૦॥

ગામ **જેતપુર**માં **રામબાઈ** કરીને બ્રાહ્મણી હતાં. તે પોતે મહાભક્તરાજ હતાં અને પૂર્વના સંસ્કારી બહુ હતાં અને પોતે સાસરે ગયાં એટલે સાસરાના પક્ષનાં બધાં કુસંગી હતાં. તેથી બાઈને સત્સંગ મેલાવવાને માટે ઘણો દુરાગ્રહ કર્યો પણ બાઈએ સત્સંગ મૂક્યો નહીં અને રાત્રીયે સુવે ત્યારે તેનો પતિ તેની છાતી ઉપર ખાટલાનો પાયો મૂકીને ઉપર સુતો. પછી તે બાઈ દુઃખથી બહુ કંટાળી ગયાં અને ઉપવાસ કરવા મંડ્યાં. તે વારે શ્રીજીમહારાજે તેને દર્શન દઈને કહ્યું જે, 'તું કાંઈ ચિંતા રાખીશ નહીં.'' પછી ચોમાસાનો વખત હતો અને ભાદર નદીનું પુર બે કાંઠામાં હતું. પછી બાઈ લુગડાં ધોવાનો ભીશ લઈ માથે લુગડાંની પોટલી મેલીને નદીએ આવ્યાં અને શ્રીજીમહારાજ બ્રાહ્મણને વેશે કરીને તે બાઈને તેડવા આવ્યા હતા. પછી તે બાઈ લુગડાંની પોટલી સોતાં ભાદર નદીમાં પડીને સામે કાંઠે ગયાં પણ એકે વસ્ત્ર પલળ્યું નહીં અને ગઢપુર આવીને સાંખ્યયોગી થઈને રહ્યાં. એવાં ખપવાળાં હતાં. ॥૩૦૧॥

ગામ **ઝીંઝાવદર**માં **રામબાઈ** કરીને સથવારાં બાઈ હરિભગત હતાં અને તે અલૈયાખાચર ભેગાં રહેતાં. પછી તે બાઈનો લગ્નસમય થયો ત્યારે સર્વેએ કહ્યું જે, 'રામબાઈનાં લગ્ન કરવાં છે.' ત્યારે રામબાઈ કહે, 'મારે લગ્ન કરવાં નથી.' ત્યારે અલૈયોખાચર કહે, 'એમ થાય નહીં. લગ્ન કરવાં જોઈએ.' રામબાઈ કહે કે, 'તમે કેમ લગ્ન કર્યાં નથી ? અને મને કહો છો.' અલૈયાખાચર કહે, 'આપણે મહારાજને કાગળ લખીએ અને મહારાજ કહે તેમ કરીએ.' પછી કાગળ લખીને ગઢપુર માણસ મોકલ્યું. ત્યારે મહારાજે કહેવરાવ્યું જે, ''પરણીને પ્રભુ ભજવા.'' ત્યારે અલૈયાખાચરે કહ્યું જે, 'રામબાઈ ! પરણીને પ્રભુ ભજવા એવો મહારાજનો કાગળ છે.' પછી તેનું લગ્ન ગામ ખસમાં કર્યું અને ત્યાંથી જાન ઝીંઝાવદર આવી. પછી ફેરા કરતી વખતે સૌએ વરને હાથગરણું કર્યું. ત્યારે રામબાઈએ પોતાના કાનમાંથી અંકોટા કાઢ્યા અને હાથમાંથી બલોયાં કાઢ્યાં અને પોતાના પતિ આગળ મેલ્યાં અને સૌ સાંભળતાં બોલ્યાં જે, 'લ્યો, ભાઈ ! આ હું તમને હાથગરણું કરું છું.'' સૌ કહેવા લાગ્યાં જે, 'રામબાઈ ! આ શું કર્યું ?' ત્યારે રામબાઈ કહે જે, એ મારો ભાઈ છે અને હું તેની બેન છું.' પછી જાન ઘરે ગઈ અને રામબાઈએ પ્રભુ ભજ્યા ને સો વરસનાં થઈને ગામ ચાડામાં દેહ મેલ્યો. ॥૩૦૨॥

ગામ **નાગનેશ**માં **અમરતબાઈ** કરીને એક બ્રાહ્મણી હતાં અને તેમના સાસરામાં કુસંગ બહુ હતો. પછી તે બાઈને બહુ દુઃખ આપતાં. પછી શ્રીજીમહારાજ બ્રાહ્મણનું સ્વરૂપ લઈને રાતના બાર વાગે તે બાઈ પાસે આવ્યા અને ઘરનાં કોઈ માણસ ન જાણે

તેમ શ્રીજીમહારાજ આગળ અને બાઈ શ્વેત વસ્ત્ર પહેરીને પાછળ ચાલી અને ગામને દરવાજે આવ્યાં. ત્યારે દરવાજાના કમાડની બારી એની મેળે ઉઘડી ગઈ ને તે દરવાણીએ દીઠું અને પાછી બારી તેની મેળે પ્રથમ હતી તેવી રીતે વસાઈ ગઈ. પછી તેમનાં સાસરીયાં તે બાઈને ગોતવા નીકળ્યાં અને દરવાજે આવીને દરવાણીને પૂછ્યું જે, 'આંહીંથી કોઈ બાઈ નીકળી છે ?' ત્યારે દરવાણી કહે, 'શ્વેત વસ્ત્ર પહેરીને એક પુરુષ હતો અને તેની પાછળ એક બાઈ હતી. તે બન્ને જણ બારીએથી નીકળી ગયાં ને બારી એની મેળે ઉઘડી ગઈ અને વળી એની મેળે વસાઈ ગઈ તે મેં નજરે ભાળ્યું.' પછી સૌ ઘરે ગયાં અને બાઈએ સ્વામિનારાયણનું ભજન કર્યું. ॥૩૦૩॥

એક વખત શ્રીજીમહારાજ **પછમ** પધાર્યા હતા અને ત્યાં કમીયાળા વચ્ચે તથા પછમ વચ્ચે તલાવડી છે ત્યાં મહારાજ સભા કરીને વિરાજમાન હતા. તે વખતે કમીયાળાથી મોડભાઈ તથા તેમનાં માતુશ્રી તથા તેમની બેન જીજીબા દર્શને આવ્યાં હતાં. પછી તે મહારાજને પગે લાગીને સભામાં બેઠાં. પછી મહારાજે વિશુદ્ધાત્માનંદસ્વામીને કહ્યું જે, 'સ્વામી ! તમારી રામબાઈએ ઘર મેલ્યું.' ત્યારે આલ્યાં જીજીબા જેવડાં હતા ? ત્યારે સ્વામી કહે, ' મારી રામબાઈએ ઘર મેલ્યું ત્યારે નવ વરસની ઉંમર હતી.'' તે સાંભળી જીજીબા બોલ્યાં જે, 'મામા ! સંસાર હરામ છે.' તે સાંભળી તેની મા કહે કે, 'એવું બોલ્યમાં.' ત્યારે જીજીબા કહે કે, 'જોવો, મહારાજે મારા સામી આંગળી કરીને વાત કરી.' પછી તેણે જીવંત પર્યંત બ્રહ્મચર્યવ્રત પાળીને સાંખ્યયોગી રહીને પ્રભુ ભજ્યા પણ સંસાર કર્યો નહીં. ॥૩૦૪॥

ગામ **ઉદેપુર**માં રાજાની રાણી **ઝમકુબાઈ** કરીને હતાં અને તેઓ બાળપણથી સત્સંગી હતાં. પછી તેમનાં પતિ રાણાએ સત્સંગ મેલાવવાને માટે ઘણોજ આગ્રહ કર્યો તથા અભક્ષ વસ્તુ ખવરાવવાને માટે નિરંતર તે દુઃખ દેતો હતો. પછી બાઈનાં મનમાં એમ થયું જે, 'આનાં કરતાં દેહ પાડવો તે સારુ.' તેથી તેણે રાત્રે ત્રીજે માળથી પોતાનું શરીર પડતું મેલ્યું. શ્રીજીમહારાજે તેમને અધરથી ઝીલી લીધાં. પછી મહારાજ તે વખતે બ્રાહ્મણનું સ્વરુપ ધારણ કરીને આગળ ચાલ્યા અને બાઈ પાછળ ચાલ્યાં તે વખતે ગઢના દરવાજા એની મેળે ઉઘડી ગયા. પછી બાઈ રસ્તે જતાં હતાં ત્યાં વણઝારાની પોઠ ચાલી જતી હતી તે આગળ જતાં એક મરેલ ઉંટના હાડકાનું ખોખું પડ્યું હતું. તેમાં બાઈ સંતાઈ ગયાં અને મહેલમાં તપાસ કરતાં બાઈ ક્યાંઈ માલમ પડ્યાં નહીં એટલે રાણી ક્યાં ગયાં  તેમની શોધ કરવા ચારે કોરે સ્વારો દોડ્યા આવ્યા પણ ક્યાંઈ પતો મલ્યો નહીં. પછી ત્રીજે દિવસે તે ખોખાંમાંથી નીકળીને ચાલી નીકળ્યાં

અને રસ્તે જતા એક મોટી નદી આવી. તેમાં શ્રીજીમહારાજ બ્રાહ્મણનું સ્વરુપ ધારણ કરીને આવ્યા અને બાઈને કહ્યું જે, 'તમે ઘણાં દિવસનાં થાકેલાં છો અને અપવિત્ર જગ્યામાં રહ્યાં છો માટે આ નદીમાં સ્નાન કરો અને શુદ્ધ થાઓ.' પછી બાઈ તે નદીમાં લુગડાં ધોઈને સ્નાન કરીને બેઠાં. ત્યારે મહારાજ કહે, "તમારે ચાર ઉપવાસ થયા છે તો આ લ્યો મારી પાસે ચોખી સુખડી છે. તે જમો." પછી જમીને પાણી પીધું ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારે ત્રણ ચાર રાતનો ઉજાગરો છે માટે સુઈ જાઓ. તમારાં લૂગડાં હું સાચવું છું." પછી બાઈને ઊંઘ આવી ગઈ અને શ્રીજીમહારાજે બાઈને કારીયાણીના ઝાંપામાં વડ છે ત્યાં લાવીને મેલ્યાં. પછી મહારાજે બાઈને કહ્યું જે, "બાઈ ! આ ગામમાં સ્વામિનારાયણ છે. ત્યાં તમે જાઓ." પછી બાઈ વસ્તાખાચરના દરબારમાં ગયાં અને ત્યાં મહારાજનાં દર્શન કર્યાં. પછી મહારાજે તેમને ગઢડે મોકલ્યાં. ત્યાં બાઈ દરબારમાં નિરંતર વાળતાં અને શ્રીજીમહારાજ સારુ ઘેલામાંથી નિરંતર પાણી ભરી લાવતાં. પછી એક વખતે મહારાજે મોટીબાને કહ્યું જે, "મોટીબા ! આ દરબાર નિત્યે કોણ વાળે છે ?" ત્યારે મોટીબા કહે કે,' કોઈક ગુજરાતી બાઈ છે. તે વાળે છે.' ત્યારે મહારાજ કહે,' ગુજરાતી બાઈ નથી. એ તો ઉદેપુરના રાણાનાં રાણી છે અને તેની પાછળ તો હજી ગોતવાને માટે વારંટ ફરે છે." પછી તે વખતે ભૂજથી લાધીબાઈ મહારાજને દર્શને આવ્યાં હતાં. તેમને મહારાજે કહ્યું જે, "લાધીબાઈ ! આમને તમારી સાથે ભૂજ તેડી જાઓ અને તેમનું નામ માતાજી કહેજો." પછી તેમને ભૂજ તેડી ગયાં અને બન્ને જણાં એક ઓરડીમાં બેસીને ધ્યાન કરતાં અને શ્રીજીમહારાજ હમેશાં તેમને દર્શન આપતા અને પછી તે બન્ને એક દિવસે સાથે દેહ મેલીને એક ચેહમાં બળ્યાં ને અક્ષરધામમાં ગયાં. એવી રીતે મહારાજે તેમની પ્રજ્ઞા રાખી. ॥૩૦૫॥

ગામ **કુંડળમાં રાઈબાઈ** કરીને કાઠી હતાં અને તેમને મામૈયો પટગર કરીને દીકરો હતો અને શ્રીજીમહારાજે ભાદરેથી પત્ર લખ્યો હતો જે, "સૌ હરિજનો ભગવાં વસ્ત્ર પહેરીને કાશીની જાત્રાએ જાજો." તે પ્રમાણે તે સંત ભેગા મામૈયો પટગર પણ હતા. તે સૌ મળીને જેતલપુર ગયા અને ત્યાં રામદાસભાઈને મળ્યા પછી રામદાસભાઈએ આગ્રહ કરીને કહ્યું જે, 'તમે સૌ મળીને પાછા ભુજ જાઓ.' પછી ભૂજને રસ્તે જતાં મામૈયા પટગર પાછા વળીને ઘેર આવ્યા અને ગામને પાદર આવીને કોઈક માણસ પાસે કહેવરાવ્યું જે, 'રાઈને કહો જે મામૈયો આવ્યો છે.' પછી તે માણસે જઈને રાઈબાઈને કહ્યું જે, 'મામૈયો ગામને પાદર આવેલ છે.' ત્યારે રાઈબાઈ કહે જે, 'પૂછી આવ જે, મહારાજની રજા લઈને આવ્યો છે કે રજા વગર

આવ્યો છે ? જો રજા લઈને આવ્યો હોય તો આવ્ય અને રજા વગર આવ્યો હોય તો તારું મારે કામ નથી.' ત્યારે મામૈયે કહ્યું જે, 'રજા વગર આવ્યો છું.' પછી તે માણસે જઈને તે પ્રમાણે રાઈબાઈને સમાચાર આપ્યા ત્યારે રાઈબાઈએ તેમના બીજા પુત્ર હાથિયાને કહ્યું જે, 'તું બાંધ્ય ઢાલ તરવાર અને હું લઉં સાંબેલું પીટ્યો આવશે તો દરબાર બગાડશે.' પછી મામૈયો ભાગીને તુરખા ગામમાં છ મહીના રહ્યો અને પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કુંડળ રાઈબાઈને સમજાવવા મોકલ્યા. તેથી સમજ્યાં તે પછી મામૈયાને કુંડળ આવવા દીધો. ॥૩૦૬॥

ગામ **કારીયાણી**માં વસ્તાખાચરના ઘરનાં **સીતાબાઈ** કરીને હતાં. તે એક વખત ચોમાસામાં વરસાદની હેલી બહુ થઈ હતી. તે સમે શ્રીજીમહારાજ ગામ સારંગપુરમાં ગયા હતા. અને કારીયાણીમાં સીતાબાઈ ઢોલીયો પાથરીને કીનખાબનો ઓછાડ ઓછાડીને બહુ જ દિલગીર થયાં. ત્યારે વસ્તો ખાચર બોલ્યા જે, 'તમે શા માટે દિલગીર થાઓ છો ?' ત્યારે સીતાબાઈ બોલ્યા જે, 'આવા અનરાધાર વરસાદમાં મહારાજ ક્યાં કોકના કુબામાં સંકોડાઈને બેઠા હશે ?' ત્યારે વસ્તોખાચર કહે કે, 'જેનાં ભાગ્યમાં હશે તેને ઘેર હશે.' તે વખતે શ્રીજીમહારાજ સારંગપુરમાં વાળુ કરવા ઉઠ્યા હતા ને મહારાજ બોલ્યા જે, ''જય સચ્ચિદાનંદ. અમારે અત્યારે કારીયાણી જાવું છે.'' ત્યારે જીવાખાચર વગેરે સૌ કહેવા લાગ્યા જે, 'મહારાજ ! આવો વરસાદ પડે છે ને અંધારી રાત છે. આગળ બે ત્રણ નદીઓ છે માટે શી રીતે જવાશે ?' મહારાજ કહે, ''ગમે તેમ હોય પણ અમારે અત્યારે કારીયાણી જાવું છે.'' પછી મહારાજ ચાલ્યા તેમની પાછળ માતરો ધાધલ ચાલ્યા અને ગામને ઝાંપે ગયા ત્યાં તો કેડ કેડ સામું પાણી હતું. પછી મહારાજ કહે કે, ''માત્રા ! તું મને નહીં પહોંચ્ય. મારો એક પગ સારંગપુરના ઝાપામાં ને એક પગ કારીયાણીના ઝાંપામાં.'' તે સાંભળી માતરો ધાધલ પાછા વળ્યા અને શ્રીજીમહારાજે કારીયાણીમાં જઈ અકસ્માત દર્શન આપ્યાં. તે જાણે તેજનો ગોળો આવ્યો હોય ને શું ? તેવા જણાણા. તે જોઈ વસ્તાખાચર તથા સીતાબાઈ ઉભાં થઈને પગે લાગ્યાં અને મહારાજને કહે કે, 'અહો ! અહો ! મહારાજ ! આવા વરસાદમાં કોરે લુગડે ક્યાંથી પધાર્યા ?' ત્યારે મહારાજ કહે, ''તમે હમણાં કહેતાં નહોતાં જે, આવા હેલાના મહારાજ ક્યાં હશે ? જે હું તમારે ઘેર નથી રહેતો ?'' એમ કહીને મહારાજે કહ્યું જે, ''લાવો મને ભૂખ લાગી છે.'' પછી સીતાબાઈ રસોઈ કરવા મંડ્યા. ત્યારે મહારાજ કહે, ''મારે બપોરના રોટલા જોઈએ.'' પછી કોઠલામાંથી રોટલો લાવીને મહારાજને દૂધ અને રોટલો જમાડ્યા. એમ પ્રેમીને વશ ભગવાન છે. ॥૩૦૭॥

એક વખત મહારાજ **વરતાલ** પધારતા હતા અને રસ્તામાં સૌએ ભાતાં ખાધાં હતાં અને મહારાજ જમ્યા નહીં અને મહારાજ સાથે મોટીબા તથા લાડુબા વિગેરે પાર્ષદ સૌ હતાં. પછી મોટીબાએ વિચાર કર્યો જે, 'આપણે સૌ જમ્યાં પણ મહારાજ જમ્યા નથી માટે મહારાજને માટે ભાત રાંધું.' પછી પોતે કચરાનો ઘડો ફોડીને તેની ઠીબ કરીને તેમાં રેતી ભરીને તેમાં છાણાં ખડકી આઢ કરીને તેના ઉપર ભાત કર્યો અને માથે સઘડી લઈને ગાડાંની પાછળ પાછળ અણવાણે પગે ચાલ્યાં આવતાં હતાં. પછી ગામ વરસડાને પાદર આવ્યા ને મહારાજ ગાડાં ભેળાં થયા. પછી મહારાજે કહ્યું જે, 'લાડુબા ! મને ભૂખ લાગી છે.' લાડુબા કહે, 'મોટીબા ગાડા ઉપરથી હેઠા ઉતરી ગયાં છે માટે તેમને આવવા દ્યો.' એમ વાત કરે છે ત્યાં મોટીબા આવ્યા ને મહારાજે કહ્યું જે, ''મને ભૂખ લાગી છે.'' ત્યારે મોટીબા કહે કે, 'મહારાજ ! તૈયાર છે. લ્યો.'' પછી ચોખા ઘી ને સાકર મહારાજને જમાડ્યા. તે ઠેકાણે ઓટો કર્યો છે. ॥૩૦૮॥

ગામ **જેતલપુર**ના **ગંગામા** કરીને નાગર બ્રાહ્મણ હતાં અને તે આત્માનંદસ્વામીના ભગત હતાં અને શ્રીજીમહારાજને જ્યારે નારાયણ કહેવરાવે ત્યારે કહે જે, 'મારા ભત્રીજાને નારાયણ કહેજો. તેનું કારણ કે હું આત્માનંદસ્વામીની ચેલી અને મહારાજ રામાનંદસ્વામીના ચેલા. તેથી મારા ભત્રીજા થાય.' પછી એક દિવસ રામાનંદસ્વામીએ આવીને દર્શન દઈને ગંગામાને કહ્યું જે,' તું ભત્રીજા! ભત્રીજા ! કેને કહે છે? આ તો સાક્ષાત્ સર્વ અવતારી છે અને હું તો ઉદ્ધવનો અવતાર છું. માટે ભત્રીજ ભત્રીજ કરીશ નહીં.' એમ રામાનંદસ્વામી કહીને અંતર્ધ્યાન થઈ ગયા અને પછી ઘડીક થયું ત્યાં તો સમાચાર આવ્યા જે, 'શ્રીજીમહારાજ પધારે છે.' પછી સામૈયું લઈને સૌ મહારાજની સામા ગયા અને પછી ગામમાં પધાર્યા અને શ્રીજીમહારાજની સારૂ ગંગામાએ થાળ કર્યો. પછી ગંગામાએ મહારાજને પ્રાર્થના કરીને કહ્યું કે, 'મહારાજ ! થાળ જમવા પધારો.' પછી મહારાજ કહે, 'એમ કહો તો ઉઠું કે ઉઠ્ય બાપ દીકરા તો ઉઠું. નહીં તો નહીં ઉઠું.'' ગંગામા કહે કે, 'ઉગમણો સૂર્ય ઉગે છે તે આથમણો ઉગે તો પણ એમ ન કહું. હમણાં જ રામાનંદ સ્વામીએ આવીને મને ઠપકો આપેલ છે..' પછી શ્રીજીમહારાજને થાળ જમાડ્યા અને પૂજા કરી આરતી કરી અને મહારાજને પગે લાગીને થયેલ અપરાધની માફી માંગી. ॥૩૦૯॥

**જેતલપુર**નાં કોટમાં મહારાજ સભા કરીને વિરાજમાન હતા અને ત્યાં ગામડીની એક બાઈ આવી. તેણે મહારાજને છેટેથી વિનંતી કરી જે, 'મહારાજ ! ગંગામાને કહો કે, મને વર્તમાન ધરાવે.' મહારાજ કહે, ''અમે એમ વર્તમાન ન ધરાવીએ. પરણ્યા

એ પતિ ને બીજા ભાઈ બાપ કહે તો વર્તમાન ધરાવીએ.'' ત્યારે બાઈ કહે, 'હું પરણી તે પતિ બીજા ભાઈ બાપ.' મહારાજ કહે, ''એમ કહેનારાં ઘણાં મળે પણ પરણ્યા પતિને જો ભાઈ બાપ કહે તો વર્તમાન ધરાવીએ.'' ત્યારે બાઈ કહે, 'પરણી છું તે પતિ મારો ભાઈ બાપ.' મહારાજ કહે, ''તેમ કહેનારાં પણ ઘણાં મળે પણ ધોળાં વસ્ત્ર પહેરે તો વર્તમાન ધરાવીએ.'' બાઈ કહે, 'લાવો, ધોળાં વસ્ત્ર પહેરું.' મહારાજ કહે, ''માથું મુંડાવે તો વર્તમાન ધરાવીએ.'' બાઈ કહે, 'બોલાવો, વાળંદને માથું મુંડાવું.' આટલાં વાનાં તે બાઈએ કબૂલ કર્યાં. તે વખતે ગામ અમદાવાદના નથુભટ શ્રીજીમહારાજના ઢોલીયા પાસે બેઠા હતા. તેમને મહારાજે કહ્યું જે, ''નથુભટ ! અમારા જુનાં સત્સંગી સારાં કે નવાં ?'' મહારાજ કહે, ''એ બાઈને જેટલું અમે કહ્યું તેટલું તે કરવાની હા પાડી અને તમારી ઘરવાળી મરી ગઈ છે તેથી તમે પંદર દિવસથી ખાધું નથી.'' પછી નથુભટ હાથ જોડીને મહારાજને પગે લાગીને બોલ્યા જે, 'મહારાજ ! મારી ભૂલ ઓળખાવી.' અને તે બાઈને ગંગામા પાસે વર્તમાન ધરાવ્યાં પછી તે સત્સંગી થઈ. ॥૩૧૦॥

ગામ **લાઠીદડ**માં **શામબાઈ** કરીને કડવા કણબી બાઈ હતાં અને તેમના પિતાશ્રી ગુજરી ગયા હતા. પછી તેમના ભાઈએ આખી નાત જમવા માટે તેડાવી હતી અને તે વીસામણના ભગત હતા. તેથી પાલીયાદથી તેણે વીસામણ ભગતને પણ તેડાવ્યો હતો. ત્યારે શામબાઈ કહે કે, 'તેં તારા ગુરુને તેડાવ્યા તો હું મારા ગુરુને તેડાવીશ.' પછી શામબાઈ ગઢપુરથી શ્રીજીમહારાજને લાઠીદડ તેડાવ્યા ને મહારાજ માણકી ઘોડીયે ચડીને પધાર્યા ને પરબારા તેને ઘેર પધાર્યા. પછી મહારાજ ઘોડીયેથી હેઠા ઉતરીને સુખડીની વખાર ભરી હતી ત્યાં પધાર્યા. ત્યાં મહારાજે સુખડીનું દડબું હાથમાં લઈને બોલ્યા જે, 'ખાણાં એ જાડાંને પહેરણાં એ જાડાં.' પછી એક ચણા જેટલી સુખડી લઈને પોતાના મોઢામાં મેલી અને બીજી ઢગલામાં પાછી નાંખી. પછી બીજે દિવસ સવારમાં ઉગમણે ઝાંપે ખીજડા નીચે ગાડા ઉપર મોટું તપેલું પાણીનું ભરાવીને મહારાજ વિરાજમાન થયા. તે વખતે આખી ઝાલાવાડના કણબી ખરચે આવેલા હતા. તે સૌ મહારાજ પાસે આવીને કહેવા લાગ્યા જે, 'મહારાજ ! અમને વર્તમાન ધરાવો.' પછી મહારાજ ગાડા ઉપર ઉભા થઈને હાથમાં તાંસળી ભરીને પાણી ઉડાડવા મંડ્યા અને મહારાજે કહ્યું જે, 'આ જળનો છાંટો જેને ઉડે તે સૌને વર્તમાન જાણજો.'' ॥૩૧૧॥

એક દિવસ શ્રીજીમહારાજ ગામ **લાઠીદડ** પધાર્યા હતા અને શામબાઈની

ભત્રીજી **ફુલીબા** કરીને હતી. તે નિત્ય શામબાઈને કહ્યા હતા જે, 'ફઈબા ! મહારાજ આવે તો મારે થાળ કરીને જમાડવા છે.' પછી તેણે શામબાઈને કહ્યું જે, 'આજ હું સીધું લાવું.' પછી રાત્રીયે તે બાઈ પોતાને ઘેર ગઈ. ત્યારે તેની માએ કહ્યું જે, 'અત્યારે કેમ ઘેર આવી ?' ફુલીબા કહે કે,' મા ! મારો ઓઢવાનો પછેડો ભૂલી ગઈ છું. તે લેવા આવી છું.' પછી ફુલીબાઈએ અંધારે કોઠલામાંથી ઘી ગોળ લીધાં અને માટલીમાંથી લોટ લીધો. તેનો ખડખડાટ સાંભળીને તેની મા બોલી જે,'શું ખખડાવે છે ?' ત્યારે ફુલીબા કહે, 'મા ! પછેડો હાથ આવતો નથી.' પછી તે બાઈ ઘી ગોળ ને લોટ લઈને શામબાઈ પાસે આવ્યાં. પછી ફુલીબાઈ પુડલા ઉતારતાં જાય ત્યારે શામબાઈ બોલ્યાં જે,' ઉઠ્ય, ઉઠ્ય, તને ક્યાં આવડે છે ? કાચા પુડલા મહારાજને ખવરાવે છે તે મહારાજને પેટમાં દુખશે.' પછી શામબાઈએ આખો પુડલો ઉતારીને મહારાજના ભાણામાં મૂક્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, ''શામબાઈ ! ઓલ્યા કટકા જેવા મીઠા લાગતા હતા તેવા આ મીઠા નથી લાગતા.'' પછી જળપાન કરાવ્યું અને શ્રીજીમહારાજ રાત્રે પોઢી ગયા. ॥૩૧૨॥

ગામ **રતનપુરમાં જસમત** કરીને એક કણબી હરિભગત હતો અને તે નવા સત્સંગી થયા હતા પણ પોતાને પૂર્વનો સંસ્કાર જબરો હતો. તેથી એકાંતિકપણાને પામ્યા હતા. પછી એક દિવસ તે સુતા હતા અને તેમના દીકરાને તાવ આવતો હતો. તે વખતે શ્રીજીમહારાજ માણકી ઘોડીયે ચડીને આવ્યા અને જસમત પટેલને મહારાજે જગાડ્યા અને કહ્યું જે, 'શું સુતો છે ? તારા દીકરાને તેડવા માટે હું આવ્યો છું.' ત્યારે જસમત પટેલ કહે, 'મારાં ધન્ય ભાગ્ય અને ધન્ય ઘડી હું કણબી વરણ તે ભગવાન મારે ઘેર ક્યાંથી ? માટે સુખેથી મારા દીકરાને તેડી જાઓ.' ત્યારે મહારાજ કહે, ''આજથી પંદરમે દિવસ તારા બીજા દીકરાને પણ તેડી જાશું.'' એમ કહીને મહારાજ તે દીકરાને તેડીને પધાર્યા અને પટેલે સૌને કહ્યું જે, 'કોઈ રોશો નહીં કેમકે મારો દીકરો ભગવાનના ધામમાં ગયો છે.' પછી તેને અગ્નિસંસ્કાર કરીને આવ્યા. ત્યારે પોતે સાકર મંગાવીને વહેંચી અને પંદર દિવસ થયા ત્યારે તેવી રીતે બીજા દીકરાને પણ તેડી ગયા તોય પણ મનમાં જરાય શંકા થઈ નહીં. માટે ભગવાનનો મહિમા જાણે તેને સંશય ન થાય. ॥૩૧૩॥

ગામ **કુંડળમાં રાઈબાઈ** હતાં. તે શ્રીજીમહારાજ જ્યારે ઘેરથી નીકળ્યા અને વનમાં સાત વરસ ફર્યા અને જે જે લીલા કરી તે રાઈબાઈ દેખતાં. પછી એક દિવસ શ્રીજીમહારાજે સૌ કાઠીઓને કહ્યું જે, ''તમે બધે ગામ ધાડાં પાડો પણ આંસોદર

ગામમાં જાશો નહીં કેમકે તે આત્માનંદસ્વામીનું ગામ છે. ત્યાં તમે જાશો તો જીતશો નહીં.'' પછી એક દિવસ કાઠીઓ ભેગા થઈને આંસોદર ગામ ભાંગવા ગયા. તેમાં કુંડળનો હાથીયો પટગર હતો તે મરાણો અને શ્રીજીમહારાજે રાઈબાઈને દર્શન આપ્યાં જે, ''હાથીયો મરાણો છે અને ઘોડી કાલે સવારે અહીં આવશે ને હું તેને ધામમાં તેડી ગયો છું.'' પછી બીજે દિવસે સવારમાં ગામ આંસોદરથી ઘોડી કુંડળ આવી. તે વખતે રાઈબાઈએ ઉઠીને ઘોડીના ભામણાં લીધાં અને ઘોડીને કહ્યું જે, 'ભલે પંખાળી ભલ્યે. તું મારા હાથીયાને અક્ષરધામમાં મેલીને આવી.' પછી ગામ નસીતપરમાં તેમના ભાઈ માંચોખાચર કરીને હતા તે કાણે આવ્યા. પછી રાઈબાઈ તેમને ડેલે જઈને ઊભાં જે, 'ભાઈ ! શા માટે રુવો છો ? હાથીયો તો ભગવાનના ધામમાં ગયો છે.' એમ કહીને તેને છાનાં રાખ્યા. ॥૩૧૪॥

ગામ **સુંદરીયાણા**માં **કમરબાઈ** કરીને વાણીયણ બાઈ હતી અને તેનો દીકરો પીતાંબર કરીને હતો. તે દેહ મેલી ગયો હતો. પછી તે બાઈ નિરંતર રોયા કરતી અને બોલે જે, 'મારો પીતાંબર રે...હે મારો પીતાંબર...' એમ નિરંતર કલ્પાંત કરતી. પછી એક દિવસ શ્રીજીમહારાજ તે પીતાંબરને તેડીને પધાર્યા અને કમરબાઈને કહ્યું જે, ''કમર... શું પીતાંબર પીતાંબર કરી રહી છે ? પીતાંબરને તો હું તેડી ગયો છું. લે દેખ આ તારો પીતાંબર.' તેને જોઈને બાઈ બહુ રાજી થઈ અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! હવે હું નહીં રોઉં.' પછી સવારમાં તેના મોટા દીકરાની વહુએ કહ્યું જે, 'ઉઠો, બાઈજી ! મોઢું વાળીએ.' ત્યારે બાઈજી કહે કે, 'તું મોઢું વાળ્ય. મારો દીકરો તો ભગવાનના ધામમાં ગયો છે. તે મોંઢું વાળવું નથી.' ॥૩૧૫॥

ગામ **કારીયાણી**માં **પુરીબાઈ** કરીને કડવા કણબી હતાં. તેનો દીકરો મુળજી કરીને હતો અને ગામ કેરીયામાં ભગુ પટેલના બાપનું ખરચ હતું. તે સૌ ગાડાં જોડાવીને કેરીયે આવતાં હતાં. તે રસ્તે આવતાં એક નદી પાડલીયો કરીને આવે છે. તેમાં સૌએ બળદીયાને પાણી પાયું અને મુળજીનું ગાડું સૌની પાછળ રહી ગયું. પછી મુળજી જ્યાં ગાડું જોડવા જાય છે એટલામાં બળદીયે ઝોંટ મારી તેથી મુળજી પડી ગયો અને ડોકમાં રાશ આવી ગઈ હતી તેથી ઢરડાઈ દેહ મેલી ગયો. તેને શ્રીજીમહારાજ અક્ષરધામમાં તેડી ગયા પણ પુરી ડોશી નિરંતર રોયા કરતી જે, 'મારો મુળજીરે મારો મુળજીરે...' એમ કલ્પાંત કરતી. પછી શ્રીજીમહારાજ મુળજીને સાથે લઈને હાથીયે બેસારીને કારીયાણીએ પધાર્યા અને પુરી ડોશીને કહ્યું જે,' પુરી... શું મુળજી મુળજી કરી રહી છે લે ને આ તારો મુળજી તેં તો એક ફૂલ અને વેઢ્ય એ બેજ પહેરાવ્યાં હતાં

અને જો અમે તેને સુંડલી એક ઘરેણાં પહેરાવ્યાં છે અને રુપમાં કામદેવ જેવો થઈ રહ્યો છે.' પછી મુળજી કહે, 'મા ! હું તો મહારાજના ધામમાં ગયો છું. હવે રોઈશ માં.' પછી તે બાઈ રાજી થઈને મહારાજને પગે લાગી તેટલામાં મહારાજ અદશ્ય થઈ ગયા. ॥૩૧૬॥

ગામ **વડોદરા**માં **શામબાઈ** કરીને એક હરિભગત હતાં. તે નિરંતર શ્રીજીમહારાજનું ધ્યાન કરતાં અને શ્રીજીમહારાજ તેને જમવા માટે પ્રસાદીની થાળી આપતા તો પણ તે બાઈને એક દિવસ મનમાં એમ થયું જે, 'મને એક મહીનાનું ભેગું સીધું આપે તો સારૂં.' પછી મહારાજે એક મહીનાનું સીધું આપ્યું. પછી બાઈએ સંકલ્પ કર્યો જે, 'જીવંતપર્યંતનું આપે તો સારું કે જેથી નિરાંતે ધ્યાન કર્યા કરું.' પછી મહારાજે સયાજીરાવને દર્શન આપ્યાં જે અમુક ઠેકાણે એક બાઈ મારું ધ્યાન કરે છે તેને જીવંતપર્યંત અન્ન અને વસ્ત્ર પુરાં પાડજો. પછી સિયાજીરાવે માણસ મોકલીને ખબર કઢાવી અને તેને જીવંતપર્યંત અન્ન વસ્ત્રનું ચાલતું ધોરણ બાંધી આપ્યું. ॥૩૧૭॥

ગામ **ડાંગરવા**માં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને ત્યાં **જતન ફઈ** કરીને એક કણબી બાઈ ભક્ત હતાં અને ગામ **વડેહવાના પટેલ ગોવિંદ** હતા. તે પણ મહારાજને તેડવા માટે આવ્યા હતા અને સાથે પરમહંસ હતા. પછી મહારાજ કહે, ''અમને જે દહીં દૂધમાં તાણો કાઢે તેને ઘેર જઈયે.'' ત્યારે જતન બાઈ કહે, 'મહારાજ ! તમારા સાધુને હું દહીં દૂધમાં તાણી કાઢું.' મહારાજ કહે કે, ''જો ખુટે તો તારા હેકારા કરાવું.' ત્યારે જતનબાઈ કહે કે, 'જો વધે તો હું તમારા હેકારા કરાવું.' પછી જતન ફઈએ ફરતે ગામડેથી દૂધ ભેગું કરાવ્યું અને તેની મોટી કચરાની ગોળીયો ભરીને મેળવ્યું અને સવારમાં ફરતા ગામનું તથા ગામનું દૂધ ભેગું કરાવ્યું અને પછી રસોઈ કરાવીને સંતની પંક્તી કરાવી. પછી મહારાજ પંક્તીમાં દહીં દૂધ ફેરવવા મંડ્યા. તે ક્યાંઈ ધાર ખેંચે નહીં. તે જોઈ જતન ફઈ બોલ્યાં જે, 'મહારાજ! ઢોળવા સારું ભેગું કર્યું નથી પણ સાધુને જમાડવા ભેગું કર્યું છે તમે જાણો કે ઢોળીને બગાડું ને ખુટાડું.' પછી મહારાજ દહીંનું દોણું લેવા પધાર્યા. ત્યારે જતન ફઈએ દોણાનો કાંઠો ઝાલી રાખ્યો અને મહારાજને કહ્યું જે, 'ઢોળવા નહીં દઉં.' એમ બન્ને જણ ખેંચતાણ કરતાં દોણું ફુટી ગયું. તે જતન ફઈના હાથમાં એક કાંઠો રહ્યો અને મહારાજ બીજું દોણું લઈને પીરસવા મંડ્યા અને જતન ફઈએ બીજી ચાર ગોળીયું દહીં તથા દૂધની મહારાજથી છાની રાખી હતી. પછી મહારાજ કહે, 'જતન ! હવે જો તારા હેકારા કરાવું કે ? ''જતન ફઈ કહે, 'જુઓ, આ ચાર ગોળીયો ભરેલી છે.'' પછી મહારાજ કહે,

"જતન ! કાંઈ વર માગ." પછી જતન ફઈ કહે, 'મહારાજ ! મારે ઘરે મરે તેનું કલ્યાણ થાશે.' ને "આજથી તારે ઘરેથી દહીં દૂધ નહીં ખૂટે." એમ કહી મહારાજ રાજી થયા. ॥૩૧૮॥

એક વખત શ્રીજીમહારાજ **ડાંગરવે** પધાર્યા હતા અને **જતન ફઈ**એ થાળ કર્યો હતો. તે મહારાજ જમવા બેઠા હતા અને મહારાજને પીરસીને બહાર જતનબાઈ હાથ ધોવા આવ્યાં. તે વખતે જતન ફઈના બાપ બોલ્યા જે, 'બાપ! દીકરી ! જતન ! મહારાજ જો જાતા હોય તો જાવા દેજે. હવે બોઈ એટલું રહ્યું છે.' પછી જતન ફઈ બહારથી ઘરમાં ગયાં. તેને મહારાજે પૂછ્યું કે, "તમારો બાપ શું કહે છે ?" જતન ફઈ કહે, "મહારાજ ! મારો બાપ કહે છે જે, મહારાજ જતા હોય તો જવા દઈશ નહીં.' પછી મહારાજ થાળ જમીને બહાર પધાર્યા અને ગોવિંદ પટેલને મહારાજે પૂછ્યું જે, "પટેલ ! શું કહેતા હતા ?" પટેલ કહે, 'મહારાજ ! જતનને હું કહેતો હતો જે મહારાજ જતા હોય તો રોકીશ નહીં. હવે બોઈ તેટલું રહ્યું છે.' પછી મહારાજ કહે, "ચાલો, તમારા કોઠીયારાના ઓરડામાં જોઈએ કેટલાંક દાણા છે?" પછી મહારાજ ને ગોવિંદ પટેલ અને જતન ફઈ એ ત્રણે જણાં ત્યાં ગયાં. તેમાં સાત કોઠીયો મોટી ખાલી પડી હતી. તે સાતેને મહારાજે સોટી અડાડી અને મહારાજે કહ્યું જે," આ ભરી છે. આ ભરી છે." એમ સોટી અડાડીને કહ્યું. પછી જ્યાં જુવે ત્યાંતો સાતે કોઠીયો ડાંગરની ભરેલી હતી. ॥૩૧૯॥

એક વખત મહારાજ **ડાંગરવે** પધાર્યા હતા અને **જતન ફઈ**ને ઘેર મહારાજ ઉતર્યા હતા અને જતન ફઈએ મહારાજને પગે લાગીને થાળ કર્યો ને મહારાજને જમાડ્યા. પછી મહારાજને ઢોલીયા ઉપર વિરાજમાન કર્યા. પછી જતન ફઈ મહારાજને પગે લાગીને બોલ્યાં જે, 'મહારાજ ! મારો ધોરી મરી ગયો. મારો ધર્મદાસ મરી ગયો.' એમ બે ચારનાં નામ લઈ દિલગીર થઈ ગયાં. ત્યારે મહારાજ કહે, "જતન! ... મારા ફલાણા સાધુ મરી ગયા. મારા ફલાણા સાધુ મરી ગયા." એમ મહારાજે કહ્યું. ત્યારે જતનબા કહે, 'મારાને તો તમે લઈ ગયા છો પણ તમારા સાધુને હું ક્યાં લઈ ગઈ છું. તે તમે મારી સાથે રડવા બેઠા. મહારાજ કહે, "તારાનો ખરખરો ને મારાનો તો ખરખરો નહીંને ?" એમ કહીને જતન ફઈનો શોક મહારાજે ટાળ્યો. ॥૩૨૦॥

એક વખત મહારાજ **ડાંગરવે** પધાર્યા હતા અને **જતન ફઈ**ને ઘેર ઉતર્યા હતા. અને જતન ફઈ કડદો કરતાં હતાં અને ઢોરને છોડવાની વખત થઈ હતી. પછી

મહારાજ કહે, ''જતન ! ઢોરને છોડવાની વખત થઈ છે.'' જતન ફઈ કહે કે,' મહારાજ ! હું કડદો (ધાન) હલાવું છું.' મહારાજ કહે, ''લાવ્ય, તારો કડદો, હું હલાવું અને તું ઢોરને છોડ્ય.'' પછી મહારાજ કડદો હલાવવા બેઠા અને જતન ફઈ ઢોરાં પાદરા મેલવા ગયાં પછી જતન ફઈ ઘેર આવ્યાં તેને મહારાજ કહે, ''જતન ! જોને કડદો મળ્યો કે નહી ?'' જતન ફઈ કહે,' મહારાજ ! કડદો ચડ્યો કે ન ચડ્યો પણ મારું કામ તો થઈ ગયું કેમકે જે જમશે તેનું કલ્યાણ થાશે.' એમ કહીને સૌ જમવા બેઠા અને મહારાજે પ્રસાદી સૌને આપી. ॥૩૨૧॥

એક વખત **અયોધ્યાપ્રસાદજીમહારાજ ડાંગરવે** પધાર્યા હતા. પછી આચાર્ય મહારાજે જતન ફઈને કહ્યું કે, 'આ દોણું મહારાજની પ્રસાદીનું છે તે મને આપો તો હું સોનામાં મઢાવીને શૈય્યામાં પધરાવું.' જતન ફઈ કહે કે, 'મહારાજ! એ દોણાનું તો મારે ધ્યાન થાય છે બીજું કાંઈક માંગો તે આપું પણ તે વાત કરશો નહીં.' ॥૩૨૨॥

ગામ **લાંગણોજ**માં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને **અમૃતબાઈ** કણબી સત્સંગી હતાં. તેને ઘેર મહારાજ પધાર્યા હતા. પછી અમૃતબાઈએ મહારાજને જમવાને માટે બહુજ આગ્રહ કર્યો પણ મહારાજ કહે, ''અમારે જમવા રોકાવું નથી.'' પછી શ્રીજીમહારાજ રાતે અમૃતબાઈની વાડીયે આંબા નીચે જઈને રાત રહ્યા. તેની અમૃતબાઈને ખબર પડી ત્યારે વહેલો થાળ કરીને ચાર વાગે મહારાજ પાસે ગયાં. અને છેટેથી બુમ પાડી જે, 'એ મારા આંબા નીચે કોણ ઉતર્યું છે ?' પછી મહારાજ કહે, ''એ તો અમે છીએ.'' અમૃતબાઈ કહે, 'અમે કોણ વળી ?' ત્યારે ડુંગરજી કહે, 'એ તો મહારાજ છે.' પછી અમૃતબાઈ ત્યાં ગયાં તેને મહારાજે પૂછ્યું જે, 'અમૃત ! અત્યારે ક્યાં જાય છે ?'' અમૃત કહે 'મહારાજ ! મારા સાથીને ભાત દેવા જાઉં છું.' મહારાજ કહે, 'દેખાડ, તારું ભાત કેવું છે ?' પછી ટોપલો હેઠો મેલીને માંહીથી સેવ કાઢી અને દૂધ કાઢ્યું અને સાકરની તાંસળી ભરીને લાવ્યાં હતાં અને ઘીનો લોટો વગેરે કાઢ્યાં. ત્યારે મહારાજ કહે કે, ''અમૃત ! તારો સાથી આવું ખાય છે ?'' અમૃતબાઈ કહે, ''મારો સાથી બહુ સ્વાદીયો છે. તેને સારું સારું ખાવાનું જોઈએ.'' મહારાજ કહે,'' તારા સાથી તો અમે છીએ માટે લાવ્ય. અમને પીરશ.'' પછી મહારાજ જમવા બેઠા અને અમૃતબાઈએ મહારાજને સેવ પીરસી અને પછી ઘી પીરસ્યું અને સાકરને બદલે લોટની તાંસળી ભરી ગયાં હતાં. તેમાંથી બે દોથા લોટના નાંખ્યા. તેને ચોળીને મહારાજ બે ગ્રાસ જમ્યા પછી મહારાજ કહે, ''અમૃત ! દૂધ પણ ભેળું નાંખ્ય.'' પછી મહારાજ કહે, ''હવે રાખ્ય.'' ત્યારે ડુંગરજી બોલ્યા જે, ''મહારાજ

! નાંખવા દ્યોને પછવાડે હું છું ને ?' પછી વળી એક દોથો લોટ નાંખ્યો. પછી મહારાજે થોડું જમીને થાળી ડુંગરજી ભણી હડસેલી મેલીને કહ્યું જે, 'ડુંગરજી ! લે પ્રસાદી.' ડુંગરજી કહે, 'બહુ સારુ.' મહારાજ ! લાવો.' પછી ડુંગરજી જમવા બેઠા. તે બકારીયું ખાવા મંડ્યા. એ બોલ્યા જે, મહારાજ ! આ તો ભાવતું નથી અને કહો તો ભોંમાં ભંડારૂં.' મહારાજ કહે "નો ખા તો તારે માથે થપેડુ." અમૃત બાઈ કહે, "આ શું ?' સેવ સાકર ને દૂધ છે તેમાં ડુંગરજીભાઈ બાકરીયું ખાય છે ? પછી જ્યાં જુએ ત્યાં તો તાંસળીમાં બાજરાનો લોટ ભરેલો દીઠો. તે જોઈ અમૃતબાઈ બોલી જે, 'અરર! મહારાજ! હું તો સાકરને બદલે લોટ લાવી છું.' પછી મહારાજે ડુંગરજીને કહ્યું જે, 'ખા, ડુંગરજી ! ખા, થાળ જમતાં બહુ સારું લાગ્યું હતું કેમ ?" મહારાજ કહે, "નો ખા તો તારે માથે થપેડું." પછી ડુંગરજી જમવું પડ્યું મુકીને પાણી પીઈને મહારાજ સાથે બીજે ગામ ગયા. ॥૩૨૩॥

ગામ **સેંજળ**માં **માણસીયો ખુમાણ** કરીને કાઠી હતા. તેને યોગાનંદસ્વામીનો સમાગમ થયો અને પછી સત્સંગી થયા અને ઘરે લાલજી રાખ્યા પછી લાલજીને થાળ કરવા સારુ એક બ્રાહ્મણને રાખ્યો હતો. તે થાળ લાલજીને ધરાય ત્યાર પછી ઘરના માણસથી જમાય. એવું તેમને નિયમ હતું અને પોતે જમવા બેસે ત્યારે અંજવાળે જઈને પોતાની થાળીમાં જુએ જે તેમાં કસ્તર બસ્તર હોય તો નાંખી દે અને રસોઈ કરનાર બ્રાહ્મણને ઠપકો દે. પછી પોતે એકાંતિક સત્સંગી થયા. ॥૩૨૪॥

ગામ **લીંબડી**માં **સગરામ** કરીને વાઘરી હરિભગત હતો અને તે વરસો વરસ એક કૂતરો પાળીને લીંબડીના દરબારને આપતો. પછી તેને પૂર્વના કોઈ સારા સંસ્કારને યોગે કરીને સત્સંગ થયો અને તેને એવું સમજાવ્યું જે, તું રાજાને કુતરો આપે છે તે કુતરો જે પાપ કરે તે તને લાગે. પછી તે સત્સંગી થયો. પછી કુતરો દેવા ન ગયો ત્યારે રાજાએ તેને લીંબડીયે તેડાવ્યો અને પોતાના સિંહાસન પાસે ઉભો રાખ્યો ને પૂછ્યું જે, 'સગરામ ! કુતરો કેમ ન લાવ્યો ? ત્યારે સગરામ કહે કે, 'બાપુ ! હું હવે સ્વામિનારાયણનો થયો.' તે સાંભળી દરબાર કહે, 'તેં સ્વામિનારાયણમાં શો પરચો ભાળ્યો ?' ત્યારે સગરામ કહે, 'બીજું તો કાંઈ નહીં પણ તમારા સિંહાસન પાસે આવીને ઉભો રાખ્યો એજ મોટો પરચો મેં ભાળ્યો. આટલા વરસ સુધી મેં તમને કુતરા આપ્યા પણ કોઈ વખત મેં આપનું મોંઢું દીઠું નહોતું અને અત્યારે મને સમીપમાં બોલાવી લીધો.' એ સાંભળી દરબાર કહે, 'તારો સત્સંગ ખરો.' ને રાજા રાજી થયો. ॥૩૨૫॥

ગામ **વરતાલ**માં **જોબન પગી** હતા અને પોતાની દીકરીઓને તેડીને ગઢપુર આવતા હતા. પછી ભીમનાથની નદીમાં પાણી પીતા હતા. ત્યાં તેને કોઈ કુસંગીએ પૂછ્યું જે, 'ક્યાં જાઓ છો ?' ત્યારે જોબન પગી કહે, 'ગઢડે સ્વામિનારાયણને દર્શને જાઉં છું.' ત્યારે કુસંગી કહે, 'સ્વામિનારાયણ તો વરતાલના જોબન પગીની બે દીકરીઓને લઈને ભાગી ગયા છે. તેની વાંસે વારંટ નીકળ્યું છે.' જોબન પગી કહે, 'હૈયું ફોડ્યમાં. મારું નામ જોબનપગી ને હું વરતાલનો રહેવાસી છું અને આ સાથે તે મારે બે દીકરીઓ છે.' પછી તે કુસંગી ચાલ્યો ગયો અને જોબન પગીએ ગઢપુર આવી મહારાજનાં દર્શન કર્યાં. ।।૩૨૬।।

એક વખત ગઢડે **બંધીયા**ના કણબી ગોળ વેચવા આવ્યા હતા અને તેઓ દરબારમાં મહારાજને દર્શને આવ્યા. પછી મહારાજે પૂછ્યું જે, 'ક્યાં રહેવું પટેલીયો ?'' પટેલ કહે, 'મહારાજ ! અમારે બંધીયે રહેવુ.' મહારાજ કહે, ''**ડોસોભાઈ** સુખી છે ને ?'' કણબી કહે, 'હા,' પછી મહારાજ કહે, ''ડોસોભાઈ તો કથનમાત્ર વહેવારમાં રહ્યા છે.'' ત્યારે કણબી કહે, 'મહારાજ ! અમે તો વ્યવહારમાં ગળા સુધી ખુંત્યા છીએ અને ડોસાભાઈ તો ચોટલી સુધી ખુંત્યા છે.' મહારાજ કહે કે, ''ડોસોભાઈ તો અમારી આજ્ઞાએ કરીને સંસારમાં કથનમાત્ર રહ્યા છે.'' તો પણ પટેલીયાએ માન્યું નહીં. પછી મહારાજ કહે, ''ડોસાભાઈ સાધુ થાય તો તમે સત્સંગી થાશો ?'' પછી મહારાજે પત્ર લખીને ભગુજીને બંધીયે મોકલ્યા અને પત્રમાં લખ્યું જે, 'આ પત્ર વાંચીને તુરત ચાલી નીકળજો.' તે વખતે ડોસાભાઈએ ગામનું (માપું) રાખ્યું હતું. તે વાઢે ગોળ જોખવા ગયા હતા. પછી ભગુજી ઊંટ ઉપર બેસીને બંધીયે ગયા અને ઘેર પૂછ્યું જે, 'ડોસાભાઈ ક્યાં છે ?' ઘરનાં માણસોએ કહ્યું જે, 'વાઢમાં ગોળ તોલવા ગયા છે.' પછી ભગુજી ઊંટ ઉપર બેસી વાઢે ગયા ને ભગુજીને દેખીને ડોસોભાઈ સામા આવ્યા અને કાગળ વાંચ્યો. પછી વાઢના ધણીને ડોસોભાઈ કહે, 'હવે જય સ્વામિનારાયણ છે. મારાથી હવે ત્યાં નહીં અવાય.' ત્યારે વાઢનો ધણી કહે, 'ધારણ કેટલી થઈ ?'ડોસાભાઈ કહે, 'અઠાવીશ.' એમ કહીને ચાલી નીકળ્યા અને ભગુજી સાથે ગઢપુર આવ્યા અને મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજે પટેલીયોને કહ્યું જે, ''આ ડોસાભાઈ સાધુ થાય છે તમે સત્સંગી થાશો ?'' પટેલીયો કહે, 'ના, મહારાજ! અમારાથી સત્સંગી થવાય નહીં.' ।।૩૨૭।।

એક વખત **પેટલાદ**ના **કસીયાજી**એ જોબન પગીને બોલાવ્યા ને કહ્યું જે, 'સ્વામિનારાયણ ગધાડાની ગાય કરે છે તે સાચું ?' ત્યારે જોબન પગી કહે, 'હા, હું

ગધાડા જેવો તે સ્વામિનારાયણે મને એક માળા આપી છે. તેથી સ્વામિનારાયણનું ભજન કરું છું અને નિકર ધોળે દહાડે પેટલાદના કમાડ ઉતારી જાઉં તો પણ તમારાથી મારું નામ લેવાતું નહીં અને મારા શરીરમાં રૂંવાડાં છે તેટલા તીરના ઘા છે પણ સ્વામિનારાયણે મને વર્તમાન ધરાવ્યાં છે ત્યારથી હવે કોઈની સળી પણ લેતો નથી. તે મને ગાય જેવો કરી દીધો.' તે સાંભળીને કસીયાજી બોલ્યા જે, 'તું ખરો સત્સંગી થયો જોબન.' ॥૩૨૮॥

ગામ **બંધીયામાં ડોસોભાઈ** કરીને એક વાણીયા હતા અને તે રામાનંદ સ્વામીના સત્સંગી હતા. પછી શ્રીજીમહારાજ ત્યાં પધાર્યા હતા અને ડોસાભાઈની માને કહ્યું જે, 'મને એક દીકરો આપ.' ડોશી કહે, 'મારે આ ચાર દીકરા છે. તેમાંથી તમે કહો તેને હું સેવામાં આપું.' મહારાજ કહે, 'આ તારા ડોસાને આપ્ય.'' પછી ડોશીએ ડોસાભાઈને મહારાજની સેવામાં મેલ્યા અને રાતના બાર વાગ્યા ત્યારે મહારાજ કે, ''ઉઠ્ય, તેં રામાનંદસ્વામીની આજ્ઞા લોપી છે. તે કાશીએ જઈને આવ તો રાખું.'' પછી ડોસોભાઈ સવારમાં ઉઠીને કાશીને રસ્તે ચાલતા થયા. તે વાતની તેની માને ખબર પડી જે, 'ડોસાને મહારાજે કાશીએ મોકલ્યો.' પછી ડોશી પચાસ રૂપિયા લઈને મહારાજ પાસે આવ્યાં અને મહારાજને કહ્યું જે, 'વાણીયાનો દીકરો છે. તે રસ્તામાં શું ખાશે ?' પછી મહારાજ કહે, ''તારે કંઈ દેવું છે ?'' ત્યારે ડોશી કહે, 'પચાસ રૂપિયા લાવી છું. તે આપવા છે.' પછી મહારાજે મુળુજીને બોલાવ્યા અને કહ્યું જે, ''આ રૂપિયા ડોસાને આપી આવો અને કહેજો કે, 'તું ચાલતો થા અને તમે ત્યાં ઉભા રહેજો.' પછી મુળુજી ઘોડે ચડીને ગામને સીમાડે ભેગા થયા. પછી મુળુજીને ભાળીને ડોસોભાઈ ઉભા રહ્યા. મુળુજી કહે લે, 'આ પચાસ રૂપિયા તારી માએ મોકલ્યા છે.' ત્યારે ડોસોભાઈ કહે, 'મારી માએ મોકલ્યા હોય તો નથી લેવા.' ત્યારે મુળુજી કહે, 'મહારાજે આપ્યા છે.' ત્યારે ડોસોભાઈ કહે કે, 'મહારાજે કાંઈ કહ્યું છે ?' ત્યારે મુળુજી કહે કે, 'હા, તું ચાલતો થા અને મને કહ્યું છે કે, તું ઉભો રહેજે.' પછી ડોસોભાઈ ચાલતા થયા અને મુળુજી ઘોડાની સરક ઝાલીને ઉભા રહ્યા. પછી સાંજ પડી પણ મુળુજી આવ્યા નહીં ત્યારે મહારાજ કહે, ''મુળુભાઈ કેટલેક ગયા હશે? તે હજી સુધી આવ્યા નહીં ? ''પછી સીમમાંથી માણસો આવ્યાં. તેણે મહારાજને કહ્યું જે, 'મુળુજી તો ગામને સીમાડે ઘોડાની સરક ઝાલીને ઉભા છે.' મહારાજ કહે, ''જાઓ, મુળુજીને બોલાવી લાવો.'' પછી માણસ જઈને બોલાવી લાવ્યા ત્યારે કહે ''મુળુજી ! ક્યાં સુધી ઉભા રહેત ?'' મુળુજી કહે, 'મહારાજ ! તમે કહેત ત્યાં સુધી ઉભો રહેત.' અને ડોસોભાઈ જેતલપુરમાં રામદાસ ભાઈને મળ્યા પછી રામદાસભાઈ કહે, 'પાછા વળો. તમારે

કાશીની જાત્રા પુરી થઈ રહી.' ને પછી મહારાજ પાસે આવ્યા. ॥૩૨૯॥

ગામ **બંધીયામાં બોદો કમાનગર** કરીને હરિભગત હતા અને તે રામાનંદસ્વામીના સત્સંગી હતા. પછી શ્રીજીમહારાજ ત્યાં પધાર્યા અને સભા કરીને વિરાજમાન હતા. તે સભામાં બોદા કમાનગર બેઠા હતા. તેને મહારાજે કહ્યું જે, 'ઉઠ્ય, તેં રામાનંદસ્વામીની આજ્ઞા લોપી છે. તેથી તું વિમુખ છે.'' પછી બોદો કમાનગર કહે કે, 'મહારાજ! મને કેમે કરીને રાખો.' ત્યારે મહારાજ કહે, ''હા, તું ડોશીના લુગડાં પહેર અને કેડે હોકો બાંધ્ય અને આખા ગામની પ્રદક્ષિણા કરી આવ્ય.' પછી તેણે તે પ્રમાણે ડોશીનાં લુગડાં પહેરીને અને કેડે હોકો બાંધીને ગામ ફરતો આંટો મારીને મહારાજ પાસે આવ્યા અને મહારાજને પગે લાગ્યા અને કહ્યું જે, 'મહારાજ ! આમ કેમ કરો છો ?' ત્યારે મહારાજ કહે, 'હું તારી પરીક્ષા જોઉં છું જે તું કેટલાકમાં છે'. ॥૩૩૦॥

ગામ **લંગાળામાં દાનભગત** કરીને આયર ભગત હતા. તે ઘરનાં બન્ને માણસ સાંખ્યયોગ પાળતાં હતાં. પછી તેની ઘરવાળીને સર્પ કરડ્યો. ત્યારે સર્વેએ કહ્યું જે, 'સર્પને ઉતરાવીએ.' ત્યારે બાઈ કહે, 'મારે ઉતરાવવો નથી.' પછી સ્વામિનારાયણનું ભજન કરવા લાગ્યાં એટલે સર્પ એની મેળે ઉતરી ગયો. ॥૩૩૧॥

**ભેંશજાળ**માં **ચાંદાબા** કરીને ગરાસીયા હરિભગત હતાં અને તેઓ પરપુરુષ સામું જોતાં નહીં. એક વખત તેઓ ઓસરીની કોરે બેઠાં હતાં. ત્યાંથી ચકરી આવી તે પડી ગયાં ને હાથ ખડી ગયો. પછી સૌએ કહ્યું જે, 'હાથ ચડાવનારાને તેડી આવો.' ત્યારે ચાંદાબા કહે, 'જો મને પરપુરુષ અડે તો મારો દેહ પડી જાય.' પછી રાત્રીના બાર વાગે શ્રીજીમહારાજ દિવ્યસ્વરુપે પધાર્યા અને ચાંદાબાનો હાથ ઝાલીને મહારાજે ચડાવી દીધો અને ચાંદાબા બોલ્યા જે, 'નહીં, મહારાજ ! ' મહારાજ કહે, ''નહીં શું ? હાથ દુઃખે ને ?''એમ કહી હાથ ચડાવીને મહારાજ અદશ્ય થઈ ગયા. પછી સવારે સૌ જોવા આવ્યાં ત્યાં તો હાથ જેવો હાથ દીઠો અને ચાંદાબાએ સૌને કહ્યું જે, 'શ્રીજીમહારાજે રાત્રે આવીને મારો હાથ ચડાવી દીધો.' ॥૩૩૨॥

એક વખત મહારાજ **ભેંશજાળ** પધાર્યા હતા અને ગરાસીયા બાઈઓને ઓઝલ હતી તેથી મહારાજને કહેવરાવ્યું જે, 'મહારાજ ! અમારે તમારાં દર્શન શી રીતે થાય ?' ત્યારે મહારાજે કહેવરાવ્યું જે, ''રાત્રે સૌ સુઈ જાય ત્યારે આવજો.'' પછી રાત્રીના બાર વાગે બાઈઓ સૌ જે ઘરમાં મહારાજ ઉતર્યા હતા તેની પછીતે ફાંકું પાડીને સૌ

અંદર પેઠાં અને મુળજી બ્રહ્મચારી તથા નાજા જોગીયા વગેરે સૌ મહારાજ પાસે સુતા હતા. તેને મહારાજે એવી ઉંઘ મેલી જે, 'કોઈ જાગ્યા નહીં.' પછી સૌ દર્શન કરીને ચાલ્યાં તે વખતે ચાંદાબાએ કહ્યું જે, 'મહારાજ ! અમને કંઈક પ્રસાદીની વસ્તુ આપો.' પછી મહારાજે ચોરસાનું ગોદડું ઓઢ્યું હતું તે તેને આપ્યું અને તેઓ સૌ ગયા. પછી મહારાજ બોલ્યા જે, "અમારું ગોદડું ચોર લઈ ગયા. ગોદડું ચોર લઈ ગયા અને અમને મારી નાંખે તો પણ આ જાગે નહીં." તે સાંભળીને મુળજી બ્રહ્મચારી જાગીને બોલ્યા જે, 'કોઈને તમે આપી દીધું હશે અને દાનેશ્વરીના દીકરા થયા હશો. એ ગોદડું કોઈકનું હું માગી લાવ્યો છું તેને શું જવાબ દઈશ ?' ॥૩૩૩॥

ગામ **ગાંફમાં વસ્તો રાવળ** કરીને સારા સત્સંગી હતા અને શ્રીજીમહારાજે સૌને કહેલ જે, "મને નારદજી જેવો કે શુકજી જેવો કહેવો પણ એથી મોટો કહેવો નહીં." પછી એક વખત ગાંફના રાજા ભાગવતની કથા કરાવતા હતા અને સત્સંગી ને કુસંગી સાંભળવા જતા હતા અને વસ્તો રાવળ પણ કથા સાંભળવા સૌની પહેલા જઈ આગળ બેસતા હતા. પછી પોતાને છીંક આવે ત્યારે સ્વામિનારાયણનું નામ લે અને બગાસુ આવે ત્યારે પણ સ્વામિનારાયણનું નામ લે. પછી એક દિવસ દરબારે સૌ સત્સંગીને કહ્યું જે, 'વસ્તો રાવળ ભાગવતની કથા સાંભળે છે અને છીંક આવે કે બગાસું આવે ત્યારે સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહે છે. માટે તમે સૌ પુછો જે, રામચંદ્રજી થયા તેમણે સમુદ્ર ઉપર પાળ બાંધી અને રાવણ આદિક રાક્ષસને માર્યા અને શ્રીકૃષ્ણ ભગવાન થઈ ગયા તેમણે કંસાદિક રાક્ષસને માર્યા અને શ્રી ગોવર્ધન પર્વત તોળ્યો તેણે કરીને ભગવાન કહેવાય છે પણ આ સ્વામિનારાયણે એવું શું ચરિત્ર કર્યું છે જે, ભગવાન કહો છો ?'ત્યારે વસ્તો રાવળ કહે, 'તમને ખબર નહીં રામે તથા કૃષ્ણે જે જે ચરિત્ર કર્યા તે સ્વામિનારાયણે આજ્ઞા કરી તેટલું જ કર્યું છે પણ તેથી વિશેષ કર્યું નથી.' ત્યારે મનુભા દરબાર બોલ્યા જે,' લ્યો, જુઓ. રાવળજીએ તો સૌના કારણ સ્વામિનારાયણને કહ્યા.' પછી સર્વે હરિભક્તે રાવળજીને કહ્યું જે, 'મહારાજે ના પાડી છે. તે તમે કેમ સર્વોપરી કહ્યા ?' ત્યારે વસ્તો રાવળ કહે જે, 'હું તો મહારાજને જેવા જાણું છું તેવા કહીશ.' ત્યારે હરિભક્ત કહે, 'તમે વિમુખ છો માટે મંદિર આવશો નહીં.' વસ્તો રાવળ કે, 'મારે મંદિર આવ્યા વગર રહેવાશે નહીં.' પછી થોડાક દિવસ થયા. તે વારે શ્રીજીમહારાજ વરતાલ પધારતા હતા. તે ગાંફને પાદર આવ્યા અને સૌ હરિજન મહારાજની પાસે જઈને પગે લાગ્યા અને વસ્તો રાવળ છેટે ઉભા રહીને પગે લાગ્યા. ત્યારે મહારાજ કહે, "રાવળજી ! ઓરા આવોને." ત્યારે હરિભક્તો કહે જે, 'મહારાજ ! અમે તેમને વિમુખ કર્યા છે.' મહારાજ કહે કે, "વર્તમાનમાંથી કાંઈ

ચુક્યા કે શું ? ''ત્યારે હરિભક્તો કહે, 'ના, મહારાજ ! તે વર્તમાનમાંથી તો કાંઈ ચૂક્યા નથી પણ આમ બોલ્યા.' મહારાજ કહે, ''શું બોલ્યા ?'' પછી ઉપરની વાત કહી સંભળાવી. પછી મહારાજ માણકી ઘોડીયેથી હેઠા ઉતર્યા અને વસ્તા રાવળને પાસે બોલાવ્યા અને મહારાજે મળીને તેનો વાસો થાબડ્યો ને બોલ્યા જે, ''કહેજે, કહેજે, કહેજે જા. એ મને સર્વોપરી જાણે છે તે સર્વોપરી જ કહે અને તમે એવો જાણતા નથી.'' પછી સૌ હરિજન બોલ્યા જે, 'મહારાજને સર્વોપરી જાણવાથી જ તેઓ રાજી થાય છે.' ॥૩૩૪॥

ગામ **નાવલીમાં કસીયાજી** કરીને પાટીદાર હતા અને તેને એવો નિયમ હતો જે, 'પોતાને ઘેર જે કોઈ મેમાન થાય તેને પાંચ વાર સ્વામિનારાયણ કહેવરાવ્યા પછી અન્ન જળ આપતા.' આ વાતની ગામ પેટલાદના કસીયાજીને ખબર પડી જે, 'નાવલીના કસીયાજીને આવી ટેક છે માટે આપણે તેની ટેક મુકાવવી.' પછી તે નાવલી આવીને કસીયાજીને ઘેર ઉતર્યા ત્યારે કસીયાજીએ સૌને કહેલ જે, 'પાંચ વાર સ્વામિનારાયણ કહ્યા વિના કોઈ જળનો લોટો લાવશો નહીં.' પછી તેમને ઢોલીયો ઢાળીને ઉપર બેસાર્યા અને વાત કરવા લાગ્યા જે, 'અમુક ઠેકાણે જગ્યાનો તકરાર છે.' કસીયાજી કહે, 'તેને પડખે કોણ છે સ્વામિનારાયણ ?' ને એમ પાંચ વાર સ્વામિનારાયણનું નામ લીધું ત્યારે નાવલીના કસીયાજી બોલ્યા જે, 'છોકરીઓ ! પાણીનો લોટો લાવો.' તે સાંભળીને પેટલાદના કસીયાજી બોલ્યા જે, 'અલ્યા તેં મારી ટેક ત્રોડાવી.' ત્યારે નાવલીના કસીયાજી કહે, 'બાપુ ! તમારી તો ખોટી ટેક છે અને મારી તો સાચી છે તે પરમેશ્વર સત્ય જ રાખશે.' ॥૩૩૫॥

ગામ **માંગરોળમાં આણંદજી સુતાર** હતા. તેને મહારાજે કહ્યું જે, ''આણંદજી ! ગળામાં લાકડાના ટાચકાની માળા નાંખીને આખા ગામમાં ફરી આવ્ય તો સત્સંગમાં રાખું.'' પછી તેણે ગળામાં ટાચકાની માળા પહેરીને આખા ગામમાં ફરી આવ્યા ને પછી મહારાજને પગે લાગીને બોલ્યા જે, 'મહારાજ ! આમ કેમ કરો છો ?' મહારાજ કહે, ''તારી દઢતા જોઉં છું જે તું કેટલાકમાં છો ?'' એમ ભક્તની દઢતા જોતા હતા. ॥૩૩૬॥

એક વખત શ્રીજીમહારાજ **કચ્છ**માં પધારતા હતા અને સાથે મુક્તાનંદ સ્વામી આદિક સંત હતા અને સુરાખાચર આદિક પાર્ષદ હતા. પછી મહારાજે રસ્તે જતાં જતાં વાત કરી જે, ''મોર્યે પરોક્ષ ભગત થઈ ગયા તેમણે આવી રીતે પરીક્ષા આપી જે, મોરધ્વજે કરવત મેલાવ્યું, હરિશ્ચંદ્ર રાજા શ્વપચને ઘેર વેચાણા અને ચેળૈયો

ખાણીયામાં ખંડાયો; એમ આજ એવા કોઈ મારા હરિભગત પરીક્ષા આપે એવા હશે ?'' તે સાંભળી ગામ દદુકાના ગોડજી ગરાસીયા બોલ્યા જે, 'મહારાજ ! લાવો, હું પરીક્ષા આપું.' ક્યારેક વાત એમ કરતાં થોડેક ચાલ્યાં. ત્યાં ઉજડ ગામ આવ્યું. ત્યાં મહારાજ બોલ્યા જે, ''ક્યાં ગયા ગોડજી ? બેસ આ કુબામાં અને ક્યાં ગયા ભગુજી ? ફરતા કાંટા વીંટીને આને સળગાવો. પછી ગોડજી ઘોડેથી હેઠે ઉતરીને કુબામાં પેઠા અને ભગુજી કાંટા વીંટીને ચકમક પાડતા હતા. એટલામાં મુક્તાનંદસ્વામીની ગાડી પાછળ હતી તે મહારાજ ભેગા થયા. સ્વામી કહે, 'મહારાજ ! કેમ ખોટી થયા ?' મહારાજ કહે, ''ગોડજીને કુબામાં ઘાલ્યો છે. તે કુબો સળગાવવો છે.'' ગોડજી કહે,' સળગાવો સળગાવો શું કરો છો ? બહારથી અગ્નિ મેલો નહિંતર લાવો તો હું માંહીથી અગ્નિ મેલું.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'ગોડજીભાઈ ! બહાર નીસરો. તમારી પરીક્ષા પુરી થઈ ચુકી.' પછી કુબામાંથી બહાર કાઢ્યા. ॥૩૩૭॥

ગામ **મેંનપરમાં દેવજી ભગત** હતા અને કૃપાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી ત્યાં ફરવા ગયા હતા. પછી દેવજી ભગત સ્વામી પાસે વાતુ સાંભળવા બેઠા અને રાતના દશ વાગ્યા એટલે સ્વામી બોલ્યા જે, 'હવે, ઘેર જાઓ.' ત્યારે ભગત કહે જે, 'સ્વામી ! તમે થાક્યા પાક્યા સુઈ જાઓ અને હું ઘરે જાઉં.' સ્વામી કહે, 'ઘરે જઈને શું કરશો ? ભગત કહે, 'વાળુની થાળી ઢાંકીને મેલી હશે અને ઘરનાં સૌ સુઈ ગયાં હશે. તે હું ઘરે જઈ દીવો કરીને જોઈશ અને પછી વાળુ કરીને વાડીયે જાઈશ. ત્યાં જઈને પાંચસોં માળા નિયમની ફેરવીશ અને પછી ઉંઘને કહીશ જે, આવ્ય. તે આવશે તો ઠીક. નહીં તો પછી સવાર સુધી માળા ફેરવીશ.' પછી કૃપાનંદસ્વામી બોલ્યા જે, 'સાંભળો, ગુણાતીતાનંદસ્વામી ! આ ભક્તની શ્રદ્ધા કેવી છે?' ॥૩૩૮॥

એક વખત **દેવજી ભગત**નો દીકરો દેહ મેલી ગયો અને તેને ખરખરે સૌ લોક આવવા મંડ્યાં. પછી પોતે પોતાની વાડીયે જઈને બેઠા અને ઘરવાળીને ઘીનો ઘડો ભરીને ગઢપુર મોકલ્યાં. બાઈ ગઢપુર આવીને લિંબડા નીચે જઈને મહારાજને પગે લાગ્યાં. ત્યારે મહારાજ બોલ્યા જે, ''ભગત ! સુખી છે ?'' બાઈ કહે, 'મહારાજ ! ભગત તો સુખી હતા અને હવે વધારે સુખીયા કર્યાં.' મહારાજ કહે, ''એમ કેમ ?'' ત્યારે બાઈ કહે, 'એક દીકરો તમે દીધો હતો તેની ઉપાધિ હતી. તેને તમે ધામમાં તેડી ગયા.' પછી તે વખતે મહારાજ થાળ જમતા હતા ને ઘીનો ઘડો લઈને મહારાજની પાસે મેલ્યો જે, તેમાંથી મહારાજ ઘી પોતાને હાથે જમવા લાગ્યા. પછી મહારાજ બોલ્યા જે, ''તમે સૌ માથા મુંડાવીને બેઠી છો અને દાદાખાચરની એક વેંત જેવડી દીકરી મરી ગઈ. જેની વાંસે ઘણા રોયા કરો છો અને મને દૂધ પાવું પણ ભૂલી ગયાં.''

એમ મોટીબા તથા લાડુબાને સંભળાવ્યું અને આને એક દીકરો હતો તે ધામમાં ગયો તો પણ શોક ન પાળ્યો અને અમને જમવા સારુ ઘીનો ઘડો લાવ્યાં છે અને ભક્ત વાડીએ જઈને બેઠો. ॥૩૩૯॥

ગામ **લંગાલામાં માંડણ** કરીને હરિભગત હતો અને તે ગામમાં સાધુ ફરવા ગયા હતા. પછી તેને બીજે ગામ જવું હતું એટલે માંડણ ભગત ગાડું જોડીને તેને મેલવા માટે ગયો અને આગળ રસ્તે ખડનાં ગાડાં જતાં હતાં ને ખડના બે પુળા તેમાંથી પડેલા. તે સાધુએ ઉતરીને લઈને ગાડામાં નાંખ્યા ત્યારે માંડણ ભગત બોલ્યા જે,' સ્વામી ! આને શું કરશો ?' સાધુ કહે, 'આપણે કાળુ ભાર નદીમાં નહાશું. ત્યારે બળદીયાને ખવરાવવા કામ આવશે.' માંડણ ભગત કહે, 'સ્વામી ! ખડ ગાડીમાંથી નાંખી દ્યો પછી હું ગાડું હાંકીશ અને જુઓ આ ગુંજામાં પૈસા લાવ્યો છું. તે ગામમાંથી ખડ લાવીને મારા બળદીયાને ખવરાવીશ અને મને આનંદ બ્રહ્મચારીએ વર્તમાન ધરાવ્યાં છે. તે દિવસથી મેં કોઈની ખડની સળી પણ લીધી નથી.' પછી સાધુએ ખડ નીચે નાંખી દીધું ત્યારે ગાડું હાંક્યું. ॥૩૪૦॥

એક વખત **માંડણ ભગત** પોતે ગાડું જોડીને પોતાને ખેતર જતા હતા અને ગાડા ઉપર તેની સ્ત્રી બેઠી હતી. તે રસ્તામાં કોઈનું સુતરનું નાડું પડ્યું હતું. પછી બાઈયે હેઠે ઉતરીને તે નાડું લીધું. તે જોઈ માંડણ ભગત બોલ્યા જે, 'તે શું લીધું ?' બાઈ કહે, 'કાંઈ નહીં.' ભગત કહે, 'સાચું બોલ નહિંતર પાટુએ મારીને હેઠે નાંખુ છું.' બાઈ કહે, 'એક નાડું પડ્યું હતું તે લીધું.' ભગત કહે, 'નાંખી દે નહિંતર તારા હાથનું અન્ન જળ હરામ છે.' પછી નાડું નાંખી દીધા પછી ગાડું હાંકીને ખેતર ગયા. ॥૩૪૧॥

ગામ **પીપરલામાં કાનો ભગત** કરીને પલેવાળ બ્રાહ્મણ હતા અને તે ખેતર ગયા હતા. પછી તેની સ્ત્રી બપોરે ભાત લઈને ખેતર જતી હતી અને તેની સાથે તેનો એક નાનો છોકરો હતો તેણે વેન કર્યું જે, 'મા ! મને એક સાંઠો ભાંગી દે.' પછી બાઈએ કોઈકના ખેતરમાંથી જારનું એક રાડું ભાંગીને છોકરાને આપ્યું. પછી ખેતર ગઈ ત્યાં કાના ભગતે પૂછ્યું જે, 'તું પણે વાંકી કેમ વળી હતી ?' બાઈ કહે કે, 'વાલીએ સાંઠાનું વેન કર્યું હતું તેથી જારનું એક રાડું ભાંગીને આપ્યું હતું.' ભગત કહે જે, 'વાલીયો કહેશે કે, તું કુવામાં પડ્ય તો તું કેમ પડતી નથી ? માટે તારા હાથનું ખાય તે હરામ ખાય અને એક ઉપવાસ કર તો તારા હાથનું ખાઉં.' અને તે દિવસે ભગતે તેના હાથનું ખાધું નહીં અને બીજે દિવસે ઉપવાસ કર્યો ત્યાર પછી ખાધું. ॥૩૪૨॥

એક દિવસ **કાનો ભગત** મંદિર ગયા હતા અને ત્યાં કોઈ હરિભગત મગની ફળીયું લાવ્યો હતો. પછી મંદિરમાં વહેંચતા વધી પછી તે કાના ભગતને આપી. તે લઈને ભગત ઘેર ગયા ત્યારે તેની ઘરવાળી બોલી જે, 'આપણા ખેતરમાં મગફળી નથી. ત્યારે તમે આ કેનું ખાતર પાડીને લાવ્યા ?' તે સાંભળી કાનો ભગત એકદમ મંદિર જઈ તે મગફળીવાળાને તેડીને ઘરે આવ્યા ને બોલ્યા જે, 'આ તારી કાકી કહે છે જે તેં કેનું ખાતર પાડ્યું ?' પછી તે હરિભગત બોલ્યો જે, 'કાકી ! એ તો હું મારે ખેતરથી લાવ્યો છું.' ત્યારે બાઈ કહે, 'ઠીક.' ॥૩૪૩॥

એક કણબી **ગોપાળ** કરીને હતો અને તેની સ્ત્રી કુસંગી હતી. પછી તે ખેતીનું કામ કરવા ગયો હતો. ત્યાં તે બાઈ બપોરે ભાત લઈને ગઈ ત્યારે ગોપાળ ભગતે કહ્યું જે, 'તું સ્વામિનારાયણ કહે તો રોટલો ખાઉં.' બાઈ કહે, 'હું કાંઈ કહેતી નથી.' તેથી ભગતે પોતાના પગમાંથી જોડો કાઢીને બાઈના માથામાં મારવા લાગ્યો અને કહ્યું જે, 'કહે સ્વામિનારાયણ.' એમ કહી પાંચ સાત ખાસડાં માર્યા. ત્યારે બાઈ કહે, 'સ્વામિનારાયણ.' એમ પાંચ સાત વખત કહ્યું ત્યારે ભગત ખાસડાં મારતો રહી ગયો. પછી તે બાઈની બુદ્ધિ સારી થવાથી વર્તમાન ધારીને સત્સંગી થઈને પુન્યમે પુન્યમે ગઢડે આવતી. ॥૩૪૪॥

ગામ **લોયામાં ઘેલો ભગત** કરીને કોળી હતા. તે અગણોતેરા કાળમાં વરવા માટે બન્ને સ્ત્રીપુરુષ ઘરેથી ચાલ્યાં. તે ચાલતાં ચાલતાં સુરત ગયાં. ત્યાં અશ્વિનીકુમારને આરે સડક ઉપર કોઈકનો (સોનાનો) તોડો પડ્યો હતો. તે જોઈ ઘેલા ભગતે તેના ઉપર ધૂળ વાળી અને તેની સ્ત્રી પાછળ ચાલી આવતી હતી. તે ભેળી થઈ ત્યારે પૂછ્યું જે, 'તમે ત્યાં શું કામ ઉભા રહ્યા હતા ?' ભગત કહે, 'ત્યાં સોનાનો તોડો પડ્યો હતો. તેમાં તારું મન લોભાય નહિ તેટલા સારુ ધૂળ વાળી.' બાઈ કહે, 'તમારો પગ વિષ્ટાવાળો થયો ને? પડી ચીજ સામું આપણાથી જોવાય જ કેમ ? માટે તમારો પગ ધોઈ નાંખો.' તેટલી વારમાં કોઈ સ્વાર આવ્યો અને પૂછ્યું જે, 'આટલામાં રસ્તામાં કાંઈ પડ્યું છે ?' ભગત કહે, 'હા, એક સોનાનો તોડો પડ્યો છે તેના ઉપર મેં ધૂળ વાળી છે.' ત્યારે સ્વાર કહે, 'ચાલો, મને દેખાડો.' પછી તેને તે તોડો દેખાડ્યો અને પછી તેને શેઠને ઘેર તેડી ગયો ને વાત કરી. ત્યારે શેઠ કહે, 'તમે કેવાં છો અને ક્યાં રહો છો ?' પછી ભગત કહે, 'અમે કાઠીયાવાડમાં રહીયે છીએ અને કોળી છીએ અને સ્વામિનારાયણના સત્સંગી છીએ અને ત્યાં દુકાળ પડ્યો છે તેથી વસવા સારુ અહીંયાં આવ્યાં છીએ.' પછી તે બન્ને જણને શેઠે પોતાને ઘેર રાખ્યાં અને દુકાળ ઉતર્યો ત્યારે તેને અન્ન વસ્ત્રાદિક સારી રીતે દઈ ઘરે મોકલ્યાં. ॥૩૪૫॥

# બિનસત્સંગી સામે દ્રઢ ટેક રાખી તે વાતો

ગામ **હળીયાદ**માં **માવજી** કરીને હરિભગત હતો અને તેના ઘરનું માણસ બહુ કુસંગી હતું. તેણી જ્યારે ભાત લઈને ખેતર જાય ત્યારે ઉપર ડુંગળીનો ગાંઠીયો મેલીને જાય અને પાણીના ગોળામાં પણ ડુંગળી નાંખે અને એક વખત ત્યાં ધર્માનંદસ્વામી પધાર્યા હતા. પછી માવજી ભગતે પોતાને ઘેર સ્વામીને રસોઈ કરાવવા સારુ તેડી ગયા ને એક ઘરમાં સાધુ રસોઈ કરતા હતા. ત્યાં તે બાઈ આડી જઈને ઉભી રહી અને સાધુને કહ્યું જે, 'મારો પીટ્યો હવે ક્યાંથી નીકળશે ?' તેટલામાં માવજી ભગતે આવીને બાવડે ઝાલીને તેને ઘરમાં ઘાલી. પછી સાધુ ત્યાંથી સીધુ લઈને તેની વાડીયે ગયા અને ત્યાં રોટલા કરતા હતા. ત્યાં બાઈ પહોંચી અને સાધુને કહ્યું જે, 'એ મારો પીટ્યો મુંડીયો તમે તો માવજીડાનો કેડ ન મૂક્યો પણ હું મારા પીટયા માવજીડાનું ઘર ભાંગીને જાઉં છું.' પછી ધર્માનંદસ્વામીએ માવજીને કહ્યું જે, 'જા, બાઈને પાછી વાળ્ય. અમે તો આ ચાલ્યા.' પછી માવજી ભગત જઈને બાઈને પાછી વાળી આવ્યો અને સાધુ બીજી વાડીયે જઈને જમ્યા અને પછી માવજી ભગતને દેહ મેલવાનો સમય થયો ત્યારે તે બોલ્યા કે, 'મહારાજ મને તેડવા આવ્યા છે અને હું ધામમાં જાઉં છું.' ત્યારે તે બાઈ બોલી જે, 'હું તમને મહીનાનું પાણી આપું છું.' માવજી ભગત કહે, 'તારું પાણી દે કોઈક ઢેઢને. મેં તારૂં પાણી ઘણું પીધું.' એમ કહી પોતે દેહ મૂકી મહારાજના ધામમાં ગયા. ॥૩૪૬॥

માવજી ભગતનો દીકરો **પાંચો** કરીને હતો. તે સત્સંગી થયો અને તેની મા કુસંગી હતી એટલે અણગળ પાણી ભરતી. વળી તેથી તે છોકરો ગોળા ફોડી નાંખતો અને રાંધ્યાના વાસણ પણ ફોડી નાંખતો. એમ ઘણા દિવસ રંજાડ કરી તેથી તે બાઈ કાયર થઈને છોકરાને કહ્યું જે, 'તું કહે તેમ કરૂં.' ત્યારે છોકરો કહે, 'સત્સંગી થા તો તારા હાથનું ખાઉં.' પછી તે બાઈ ગઢપુર આવીને બાઈઓ પાસે વર્તમાન ધારીને સત્સંગી થઈ. ॥૩૪૭॥

ગામ **કંથારીયા**માં **જીવો** કરીને કણબી હતો અને તે સત્સંગી સારા હતા અને તેની ઘરવાળી બહુ કુસંગી હતી અને ગામ પછેગામના હરિજન છગનભાઈ તથા કેવળરામ ભટ્ટ તથા સુતાર કાળા વિગેરે સૌ વડતાલ જવા તૈયાર થયા અને ગામ કંથારીયે આવ્યા અને જીવાભગતને કહ્યું જે, 'ભાતું કરો. વડતાલ જઈએ.' ભગતે ઘરવાળીને કહ્યું જે, 'ભાતું કરી દે. મારે વડતાલ જાવું છે.' ત્યારે ઘરવાળીએ કહ્યું કે,

'જવું હોય તો ચાલ્યો જા. હું ભાતું નહીં કરી દઉં.' પછી સૌ હરિજનને કહ્યું જે, 'તમે ઘડીક બેસો તો હું ભાતું કરી લઉં.' પછી ભગતે ચુલો લગાડીને તાવડામાં ગોળ તથા ઘી નાંખીને માંહે લોટ નાંખીને સુખડી કરીને ડબો ભરી લીધો. પછી ચાલતી વખતે પટારામાંથી રૂપીયા લીધા અને ચાલ્યા ત્યારે બાઈ કાકડા મોળીને બોલી જે, 'જાજે પીટ્યા હલુરનો જાતડો જાજે ને વલતડો વલીશ નહીં.' પછી ભગતે પાદર ગયા પછી સૌ હરિભગતને કહ્યું જે, 'તમે આંહીં બેસો તો હું ઘરે જઈ સંદેશો કહી આવું.' જીવો ભગત ઘરે આવ્યા ત્યારે તે બાઈ છાણાં થાપતી હતી. તે સામી આવી અને તે ભગતને જોઈને બોલી જે, 'ભગત ! કેમ પાછા આવ્યા ?' ભગત કહે, 'તને કહેવા આવ્યો છું જે, તારાં બોલ જોતાં તો આ ગામનો ઝાંપો અને તારું મોંઢું એ બે જોયા જેવું નથી પણ હું છું નકટો. તેથી પંદર દિવસે પાછો આવીશ હો ફિકર રાખીશ નહીં.' પછી તે બાઈ સત્સંગી થઈ અને પુનમે પુનમે ગઢપુર દર્શને જતી હતી. ॥૩૪૮॥

ગામ **શેડુભાર**માં સાધુ મંદિર કરાવવા ગયા હતા અને એક દિવસ સાધુ ઝોળી માગવા જવા તૈયાર થયા ત્યારે **શવદાસ** કરીને પટેલ હતો. તે બોલ્યા જે, 'સ્વામી ! હમણાં ઝોળીએ જાવું રહેવા દ્યો. હું ઘરે જઈ આવું. અને ઘરવાળી જો આઘી પાછી હશે તો લોટની સુંડલી ભરીને લાવીશ.' પછી તે ઘરે ગયો ત્યારે તેની ઘરવાળી છાણાં થાપતી હતી અને શવદાસ પટેલ ઘરમાં જઈ ઘંટીના ગાળા ઉપર લોટની ટોપલી પડી હતી. તે લઈને ભાગ્યા અને તેની સ્ત્રી પાછળ દોડી અને કેડીયાની ચાળ ઝાલી રાખી અને કહ્યું જે, 'ક્યાં લોટ લઈને જાઓ છો ?' એમ કહીને કેડીયાની ચાળ તાણી. તે ટૂટી જવાથી બાઈના હાથમાં રહી ને બાઈને આંચકો લાગ્યો તે પડી ગઈ ને ભગત લોટની સુંડલી લઈને મંદિરમાં આવ્યા અને સાધુને કહ્યું જે, 'લ્યો સ્વામી ! કેડીયાની ચાળ તો ટૂટી ગઈ પણ લોટ લાવ્યે રહ્યો છું.' ॥૩૪૯॥

ગામ **મેંકડામાં ઠારણ સોની** કરીને હરિભગત હતો અને તેની ઘરવાળી બહુ જ કુસંગી હતી. તે સાધુને કોઈ દિવસ રસોઈ આપવા દેતી નહીં. પછી ત્યાં સુધી ગયા ત્યારે ઠારણ સોનીએ કોઈ બીજી બાઈ પાસે ઘઉં દળાવવા આપ્યા અને ઠારણ સોનીની ઘરવાળી પાણી ભરવા ગઈ હતી અને જેને ઘઉં દળવા આપ્યા હતા તે પણ પાણી ભરવા ગઈ હતી. તેને ઉતાવળ કરતી જોઈને ઠારણ સોનીની સ્ત્રી બોલી જે, 'કેમ બહુ ઉતાવળ કરો છો ?' ત્યારે બાઈ કહે, 'સાધુ આવ્યા છે. તેના સારૂ ઠારણ સોની ઘઉં દળવા આપી ગયા છે.' સોનીની સ્ત્રી બોલી જે, 'વોય મારો પીટ્યો મારાથી છાનું દઈ આવ્યો છે કે શું ? પણ જો હું ખરી હોઉં તો સાધુને ખાવા ન દઉં.' પછી તે બાઈ પાણીનું

બેડું લઈને ઘરે ગઈ ને ઘરમાં નાકે દોરડું બાંધીને ગળે ફાંસો ખાધો. તેટલામાં તેનો દીકરો ઘેર પાણી પીવા આવ્યો હતો. તેણે ઘરની સાંકળ વાસેલી જોઈને પાટુ મારીને કમાડ ખેડવ્યું. ત્યાં તો તેની માને ગળે ફાંસો નાંખેલો જોઈને એકદમ તેના બાપ પાસે દોડી ગયો અને કહ્યું જે, ‘બાપા ! બાપા ! મારી માએ ગળે ફાંસો ખાધો છે.’ પછી ઠારણ સોનીએ આવીને રાંઢવું કાપીને હેઠી ઉતારી અને ડોકમાંથી ગાળો કાઢી નાંખીને પૂછ્યું જે, ‘રાંડ ! આ શું કર્યું ?’ બાઈ કહે, ‘મારા પીટ્યા મારાથી છાનો લોટ આપ્ય જ કેમ ?’ ॥૩૫૦॥

ગામ **ઉમરાલીમાં રાજાભાઈ** કરીને હરિભગત હતો અને એક વાણીયો સત્સંગી હતો. તેને રાજાભાઈએ કહી રાખેલું જે, ‘આપણા ગામમાં સાધુ આવે ત્યારે આપણે ઘરેથી સીધું લાવીને જમાડવા.’ પછી એક દિવસ રાજાભાઈ ખેતી કરવા ગયા હતા અને પાછળથી સાધુ આવ્યા હતા. પછી વાણીયો રાજાભાઈને ઘેર ગયો અને બાઈને કહ્યું જે, ‘સાધુ આવ્યા છે તે આટલા ઘઉં દળી આપો.’ ત્યારે બાઈ બોલી જે, ‘એવા સાધુ તો ઘણાય આવશે અને મારે નાનો છોકરો છે તે નવરાશ નથી.’ પછી વાણીયે દુકાનેથી સીધું લઈને સાધુને રસોઈ કરાવીને જમાડ્યા ને સાધુ ઠાકોરને જમાડી પોતે જમી બીજે ગામ સાધુ ગયા. પછી સાંજે રાજાભાઈ ખેતી કરીને ઘેર આવ્યા અને મંદિરમાં આરતી કરી ધુન્ય કરીને બેય જણા બેઠા. પછી વાણીયે કહ્યું જે, ‘રાજાભાઈ ! સાધુએ નારાયણ કહ્યા છે.’ રાજાભાઈએ કહ્યું જે, ‘સાધુ ક્યાં છે ?’ વાણીયો કહે, ‘એ તો જમીને બીજે ગામ ગયા.’ પછી વાણીયે રાજાભાઈને વાત કરી જે, ‘ઘરમાં રહેવું અને ઘરનું માણસ સત્સંગી નહીં એ કાંઈ નહીં.’ ત્યારે રાજાભાઈ કહે, ‘શું થયું ?’ પછી વાણીયો કહે, ‘તમારે ઘર ઘઉં દળાવવા ગયો ત્યારે ઘરનું માણસ આમ બોલ્યું જે, ‘પોતે સત્સંગી થયા છે તે એવા સાધુ તો ઘણાય આવશે.’ એમ કહીને લોટ દળી દીધો નહીં.’ પછી રાજાભાઈ કહે, ‘તું એક કાગળ લખ્ય.’ પછી રાજાભાઈએ કાગળ લખાવ્યો. તેમાં પોતાની ઘરવાળીનું નામ લખ્યું અને માંહે હકીકત લખી જે, ‘તમારો ભાઈ બહુ માંદો છે તેથી આ કાગળ વાંચીને ઘડી એક ઉભા રહેશો નહીં.’ પછી રાજાભાઈએ કહ્યું જે, ‘સવારમાં હું સાંતીને તૈયાર કરતો હોઉં ત્યારે તું એ કાગળ લઈને આવજે.’ પછી મંદિરમાંથી રાત્રીએ પોતે ઘેર ગયા અને તેમણે પોતાની માને વાત કરી જે, મા આપણે આ રુપાનું ઘરાણું છે તે બહુ સાચવવું પડે છે માટે જો સોનાનું હોય તો એક જણું સાચવે.’ તે સાંભળીને રાજાભાઈની ઘરવાળી બોલી જે, ‘હા, તમે ઠીક કહો છો  બધું સોનાનું કરાવું તો હું એકલી સાચવું.’ રાજાભાઈ કહે, ‘સવારમાં

સોની બોલાવીએ.' બાઈ કહે, 'મારા કાનમાં વેડલા છે તેને પણ સોનાનાં કરાવીએ.' પછી રાત્રે સૌ સુઈ રહ્યા અને સવારે નાહી ધોઈ પૂજા કરીને સાંતીડું તૈયાર કરતા હતા. તે વખતે વાણીયો કાગળ લઈને આવ્યો અને છેટેથી બોલ્યો જે, 'રાજાભાઈ ઘરે છે ?' ત્યારે રાજાભાઈ કહે, 'હા, કેમ ? છે.' શેઠ કહે, 'તમારે સાસરેથી કાગળ આવ્યો છે.' રાજાભાઈ કહે, 'વાંચ જોઈએ શું છે ?' તે વખતે રાજાભાઈની ઘરવાળી રોટલા ઘડતી હતી અને વાણીયે ઉંચે સાદેથી કાગળ વાંચ્યો. તે સાંભળી બાઈ ઘરમાંથી બહાર આવી ને કહ્યું જે, 'કાગળ વાંચો. માંહે શું લખ્યું છે ?' વાણીયે વાંચ્યું જે, 'તમારા ભાઈ બહુ માંદા છે માટે આ કાગળ સાંભળી અપીત પાણી અહીં પીજો.' રાજાભાઈ કહે કે, 'હું જાઉં ?' ત્યારે બાઈ કહે, 'તમારું ક્યાં નામ છે ? મારું નામ છે.' રાજાભાઈ કહે, 'તારે નાનાં છોકરાં તે ગાડું જોઈએ ને ?' બાઈ કહે, 'મારે ગાડું જોઈતું નથી. હું તો ચાલીને જઈશ.' પછી રાજાભાઈ કહે, 'આપણે રાત્રે ઘરેણાં કરાવ્યાનો ઠરાવ કર્યો છે તે તું જા તો પછવાડે કોણ કરાવે ?' પછી બાઈ બોલી જે, 'આ લ્યો આ કાનના વેડલા તમારી મેળે કરાવજો.' પછી બે રોટલા પછેડામાં બાંધીને છોકરાંને કાખમાં તેડીને ચાલતી થઈ. અને રાજાભાઈએ તેની માને કહ્યું જે, 'મા! સંસાર હરામ છે. મારે તો ગઢપુર જવું છે.' તેની મા કહે, 'ભાઈ ! હું પણ તારી સાથે આવું.' અને બાઈ તો પોતાને પીર પહોંચી. તે જોઈ તેની મા બોલી જે, 'બેન ! તું કેવી ?' ત્યારે બાઈ કહે કે, આંહીંથી આવો કાગળ આવ્યો છે. તે સાંભળીને તેની મા બોલી જે, કોઈક અદાવદીયે આવો ખોટો કાગળ લખ્યો અને ભાઈને મુવો વાંચ્યો અને તું ઘણે દહાડે આવી છે તેથી એકાદ મહીનો તને નહીં જવા દઈએ અને અહીંયાં રાજાભાઈએ ઘરમાં જેટલી સામગ્રી હતી તેટલી ગાડામાં ભરી અને ઘરે તાળું વાંસીને કુંચી તથા ખેતરની ચોપડી તેના ભાઈઓને આપી અને કહ્યું જે, હું તો ગઢડે સાધુ થાવા જાઉં છું અને આ કુંચી તથા ખેતરની ચોપડી છોકરાની મા આવે તો આપજો; એમ કહીને તેની માને ગાડામાં બેસારીને ગઢડે આવ્યા અને શ્રીજીમહારાજને કહ્યું જે, 'મને સાધુ કરો અને મારી મા છે તે તમો કહો ત્યાં રહે.' પછી મહારાજ કહે, ''રાજાભાઈ ! તમારે સાધુ થાવું છે કે અમે કહીયે તેમ કરવું છે ?'' ત્યારે રાજાભાઈ કહે, 'મહારાજ ! તમે કહો તેમ કરવું છે.' મહારાજ કહે, ''તમારી મા તે મોટીબાની સેવામાં રહે અને તમે પર્વતભાઈનાં છોકરાં મોટા થાય ત્યાં સુધી પર્વતભાઈનું સાંતી હાંકો.'' પછી તેઓ અગત્રાઈમાં આવીને સાંતી હાંકવા મંડ્યા અને રાજાભાઈના છોકરાં પણ તે ગામમાં રહેવા આવ્યાં હતાં. તે જ્યારે પોતાનો દીકરો સામે મળે ત્યારે અવળું જોઈ જતા. પછી પર્વતભાઈ કહે, 'રાજાભાઈ ! ચાલો મહારાજના દર્શને જઈએ.' ત્યારે રાજાભાઈ કહે કે, 'મહારાજ

કહે કે રાજાભાઈ દર્શન કરવા આવે ત્યારે દર્શને આવીશ. નીકર પર્વતભાઈનું સાંતી ખોટી થાય.' ॥૩૫૧॥

ગામ **માનકુવાના મુળજી** તથા **કૃષ્ણજી** એ બે ભાઈઓ બ્રાહ્મણ હતા અને તે સાધુ થવાને માટે ચાલ્યા. તે વખતે તે બન્ને જણની સ્ત્રીઓ તેમની પાછળ ચાલી અને બહુ દુરાગ્રહ કરવા મંડીયું. ત્યારે બન્ને જણે વિચાર કર્યો જે, 'આપણને આ નીરાંતે પ્રભુ ભજવા દેશે નહીં. અને કહ્યું, 'અમે તારા કામના નથી જે, લ્યો આ તમારા ચોર.' પછી તે બન્ને બાઈઓ નિરાશ થઈ પોતાને ઘરે પાછી આવી અને બન્ને જણા પોતાની મેળે સાધુ થઈને ગઢપુર આવ્યા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. પછી મહારાજે તિરસ્કાર કરીને કહ્યું જે, 'આ કોના સાધુ છે ? અહીંથી તેમને કાઢી મેલો.' પછી બન્ને જણા ઘેલાને સામે કાંઠે શંકરની દેરીએ રાત રહ્યા અને રાતે મૂર્તિના કીર્તન બોલવા મંડ્યા. તે સાંભળવાને માટે શ્રીજીમહારાજ રાત બધી ગંગાજળીયા કુવાને કાંઠે બેસી રહ્યા. પછી મહારાજે કહ્યું જે, 'આ કોણ કીર્તન બોલે છે ?' પછી નાજા જોગીયાએ કહ્યું જે, 'મહારાજ ! તમે જે બે સાધુને કાઢી મેલ્યા તે છે.' પછી મહારાજ કહે, 'તેને બોલાવો.'' પછી તેઓને બોલાવ્યા ત્યારે મહારાજે દીક્ષા આપીને સાધુ કર્યા. પછી પોતાની પાસે રાખ્યા. ॥૩૫૨॥

# જુદા જુદા ગામની વાતો

ગામ **ભુજના સુંદરજીભાઈ** તેમણે મહારાજને કહ્યું જે, 'તમોએ રાંક રાંક મુંડ્યા છે પણ કોઈ ગામેતી મુંડ્યો નથી.' તે ઉપરથી મહારાજે કાગળ લખીને સુરોખાચર, સોમલોખાચર, માંચો ખાચર વગેરે કાઠીઓને સાધુ થવાની આજ્ઞા કરી અને સૌ સાધુ થઈ થઈને મહારાજ પાસે ભુજ ગયા ને ભુજ જતી વખતે બોટાદમાંથી એક રાજગરનું ગાડું ભાડે કર્યું હતું અને ચાલતી વખતે કચ્છ દેશનાં ગાડાં બોટાદ આવ્યાં હતાં તેની ખબર કાઠીઓને પડી જે, 'આ કચ્છ દેશનાં ગાડાં છે તે સસ્તે ભાડે આપણને લઈ જશે માટે આ ગાડાવાળાને પાછો વાળીયે.' ત્યારે ગાડાવાળો કહે, 'ઠાલું હાંકી આવું પણ પાછો વળું નહીં નીકર મને ઠરાવેલું બધું ભાડું આપો.' એમ રકઝક કરતાં માતરા ધાધલે રાજગરને ધોલ મારી અને કહ્યું જે, 'ગધીના ! પાછો વળયસ કે બીજી ઠઠાડું ?' રાજગર કહે, 'વોય, માળા આ તો કાઠાં દેખાય છે.' માતરો ધાધલ કહે, 'આ બધાય કાઠી છે. તું જાણીશમાં જે ભગવાં પહેર્યાં છે માટે સાધુડા ?' તે જોઈ કચ્છના ગાડાવાળા બોલ્યા જે, 'આપણે આને નહીં બેસારીયે તો આપણાં પણ આવા હાલ થાશે.' પછી ગાડાવાળા બોલ્યા જે, 'મહારાજો ! આવો, એક-એક જણ બેસી જાઓ.' પછી ગામ વવાણીએ જઈને સૌ વહાણમાં બેસીને સામે કાંઠે જતા હતા અને વહાણમાં સ્વામિનારાયણનું ભજન કરતા હતા. ત્યારે વહાણના ખેવટ બોલ્યા જે, 'આ તો માળા સ્વામિનારાયણીયા છે.' એમ કેટલોક વખત નિંદાના શબ્દ બોલ્યા. પછી સુરોખાચર બોલ્યા જે, 'ધીરજ રાખો. બોલશો નહીં.' પછી બંદર આવ્યું ત્યારે માતરો ધાધલ ઉભા થઈને ખારવાને ખૂબ પ્રહાર કર્યા અને પછી સૌ વહાણમાંથી કુદી કુદીને નીચે ઉતરી ગયા. પછી સૌ ભુજ ગયા. તે વખતે શ્રીજીમહારાજે હરિજનોને કહ્યું જે, 'ચાલો, નવા સંત આવ્યા છે તે સામા જઈએ.'' પછી મહારાજે વેશ બદલો કર્યો. એક કચ્છી ધોતીયું પહેર્યું અને કચ્છી અંગરખું પહેર્યું. કચ્છી જાડું લુગડું માથે બાંધ્યું અને ડોકમાં મોટી બે ચાર માળાઓ પહેરીયું અને હાથમાં રફલ લીધી અને સાધુને પડખે થઈને નીસર્યા અને બોલ્યા જે, 'ભક્તો ! રામ રામ.' ત્યારે સાધુએ કહ્યું જે, 'રામ બા રામ.' પણ કોઈએ મહારાજને ઓળખ્યા નહીં. પછી મહારાજે બે ચાર વખત રામ રામ કર્યા એટલે કોઈકે ઓળખ્યા જે, 'આ તો મહારાજ છે.' પછી દંડવત કરીને મહારાજને પગે લાગ્યા અને સભા કરીને વિરાજમાન થયા. પછી મહારાજ બોલ્યા જે, 'અમે કેવા શોભીએ છીએ ?' પછી કાઠી કહે કે, 'મહારાજ ! તમે તો મોટા ભગત જેવા લાગો છો.' મહારાજ કહે ''કે ભગતના હાથમાં રફલ હોય ?'' સાધુ કહે, 'તમે તો મોટા

જમાદાર જેવા લાગો છો મહારાજ કહે, ''જમાદારના ગળામાં માળા હોય ?'' પછી સૌ ગામમાં આવ્યા અને સૌને જમાડ્યા. પછી મહારાજે સૌ હરિજનને કહ્યું જે, 'આ બધા ગામેતી છે અને અમારી આજ્ઞાએ કરીને સૌ સાધુ થઈને આવ્યા છે.' પછી થોડા દિવસ રાખીને સૌને રજા આપી જે, ''અમારે વચને કરીને જેમ ત્યાગી થયા છો તેમ અમારી આજ્ઞાએ કરીને સૌ પાછા ઘરે જાઓ.'' તે આજ્ઞા પાળીને સૌ ઘરે આવ્યા ને સાંખ્યયોગી રહ્યા અને એક માંચા ભગતને મહારાજે સાથે રાખ્યા હતા. પછી મહારાજ કહે, ''વાટનાં વિઘન કહો.'' પછી મહારાજ કહે, ''ઓલ્યા રાજગરને શા સારુ ધોલ મારી ?'' ત્યારે માતરો ધાધલ કહે, 'ગધીનો પાછો નહોતો વળતો.' ત્યારે મહારાજ કહે, '' ઓલ્યા ખારવાને શા સારુ માર્યા ?''ત્યારે માતરો ધાધલ કહે, 'મહારાજ ! ભણે તમારું વાંકો બોલતો હતો.' પછી મહારાજ બહુ રાજી થયા ને સૌને સમજાવીને ઘરે મોકલ્યા ને ભુજના હરિજન સૌ રાજી થયા જે, 'આ તો બધાય આજ્ઞા પરાયણ છે.' ॥૩૫૩॥

એક વખત **ભુજ**ના રાજાનું ખાંડું હાલાર દેશમાં આવતું હતું. પછી સુંદરજીભાઈએ **ભૂજ**ના મંદિરમાં જઈને પૂછ્યું જે, 'મહારાજ ક્યાં છે ?' ત્યારે કોઈએ કહ્યું જે, 'મહારાજ તો સરધારમાં છે.' પછી જગજીવનને સુંદરજીભાઈએ કહ્યું જે, 'તમે આજ્ઞા આપો તો ખાંડા સાથે હું જાઉં.' પછી જગજીવનને કહ્યું જે, 'તમે ખાંડા સાથે જાઓ ને હું રાજ સાચવું.' પછી ખાંડુ જે ગામ જતું હતું ત્યાં આવ્યું અને ત્યાં ગામના હરિભગતોને પૂછ્યું જે, 'મહારાજ અહીંયાં છે ?' ત્યારે તેમણે કહ્યું જે, 'અહીંથી નજીક ગામ છે ત્યાં છે.' પછી સુંદરજીભાઈએ સૌને કહ્યું જે,' મારે શંકરની માનતા છે અને અહીંથી ત્રણ ગાઉ ગામ છે. ત્યાં તે શંકર છે માટે હું દર્શન કરીને તુરત પાછો આવીશ.' ત્યારે સૌએ કહ્યું જે, 'તમારી સાથે સગરામ અને પાંચ માણસ આવે ?' ત્યારે સુંદરજીભાઈએ વિચાર્યું જે, 'માણસ સાથે આવે તો તેઓ વાત કરે જે, ત્યાં તો સ્વામિનારાયણ હતા પણ શંકર નહોતા માટે એકલા જવું તેજ ઠીક છે.' પછી તેમણે કહ્યું જે, 'મારે એવી માનતા છે જે પગપાળા ચાલીને જવું તે જ ઠીક છે.' પછી સુંદરજીભાઈ સવારમાં વહેલા ઉઠીને સરધાર ગયા. તે વખતે શ્રીજીમહારાજ એક ઓરડામાં સભા કરીને વિરાજમાન હતા અને સુંદરજીભાઈએ જઈને મહારાજને દંડવત કર્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, ''કોણ એ ?...'' ત્યારે સુંદરજીભાઈ બોલ્યા જે, 'એ તો તમારો દાસ.' ત્યારે મહારાજ કહે, ''દાસ હોય તો કહીએ તેમ કરે તે દાસ. પણ કહીએ ઉગમણો અને જાય આથમણો એ દાસ નહીં '' ત્યારે સુંદરજીભાઈ કહે, 'જેમ તમે કહો તેમ તૈયાર છું.' ત્યારે મહારાજ કહે, ''થાઓ સાધુ !'' પછી

વાળંદને બોલાવ્યો અને હજામત કરાવવા બેસાર્યા અને દાઢી તથા મુછ તથા ચોટલી સહિત મુંડાવી નાંખ્યું. પછી ભગવી ચાદર મહારાજે ઓઢાડી અને મહારાજે કહ્યું જે, ''મુક્તાનંદસ્વામીનાં દર્શન કરી આવો.'' પછી તે સૌ સાધુ જે જગ્યામાં ઉતર્યા હતા ત્યાં સુંદરજીભાઈ મુક્તાનંદસ્વામીને દંડવત કરીને પગે લાગ્યા. ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ શું કર્યું ?' સુંદરજીભાઈ કહે, 'સાધુ થયો. કેમકે મહારાજ કહે તેમ કરીએ તો કલ્યાણ થાય. કાંઈ અમથું કલ્યાણ થાય નહીં ?' પછી સ્વામી સુંદરજીભાઈનો હાથ ઝાલીને મહારાજ પાસે આવ્યા. પછી સ્વામીએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! આ શું કર્યું ?' મહારાજ કે, ''સુંદરજીભાઈને સાધુ કર્યા.'' સ્વામી કહે કે, 'કાઠીઓને મુંડ્યા છે તે કાઠીયાવાડમાં તો અમારો રોટલો ટાળ્યો અને કચ્છમાં અમારો રોટલો હતો તે જગજીવનને ખબર પડશે જે સુંદરજીભાઈને સાધુ કર્યા તો અમને ગોતી ગોતીને મારશે.' ત્યારે મહારાજ કહે, 'કેમ કરશું ?' સ્વામી કહે કે, 'પાછાં ધોળાં વસ્ત્ર પહેરાવો.' પછી મહારાજે ધોળાં વસ્ત્ર પહેરાવ્યાં અને દાઢી મૂછ ને ચોટલીએ મુંડ્યાં હતાં તે નવાં કાંઈ જલદી આવે નહીં. પછી તેવે વેશે જે ગામ ખાંડુ હતું ત્યાં ગયા. પછી સૌ કહેવા લાગ્યાં જે, 'આ શું અપશુકન મોટેરા થઈને કર્યા ?' પછી સુંદરજીભાઈ કહે, 'શંકર પાસે ગયો અને પુજારીએ કહ્યું જે, હજામત કરાવ્યા વગર તમારી માનતા પુરી નહીં થાય અને વાળંદ એવો અબુઝ હતો. તે ચોટલી સહિત કાઢી નાંખી.' એમ ઉત્તર દઈને સમજાવ્યા. ॥૩૫૪॥

એક વખત **નાજા જોગીયા** જસદણ ગયા હતા. ત્યાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરતા હતા. તે સાંભળી જસદણના વાજસુરખાચર બોલ્યા જે, 'નાજા ! સ્વામિનારાયણ સ્વામિનારાયણ કાણું ભણતોસે?' નાજા જોગીયા કહે, 'બાપુ ! સ્વામિનારાયણ ભગવાન છે. તેમનું ભજન કરું છું.' દરબાર કહે, 'સ્વામિનારાયણ ભગવાન છે ?' નાજા જોગીયા કહે, 'હા.' દરબાર કહે કે,' તેઓ ક્યાં હશે ?' નાજા જોગીયા કહે, 'તે તો કાંઈ ખબર નથી.' દરબાર કહે, 'કાલે સવારમાં જો ન આવે તો તારા પગની ઘુંટીયું ભાંગી નાંખું.' તે વખતે શ્રીજીમહારાજ તથા મુળજી બ્રહ્મચારી બન્ને જણ વડનગર વિસનગર હતા. પછી મહારાજ તેમનો સંકલ્પ જાણીને ત્યાંથી ચાલ્યા તે સાંજ વખતે વઢવાણ પહોંચ્યા અને ચોમાસાને લીધે ભોગાવામાં બે કાંઠે પુર આવેલું હતું. પછી મહારાજ કહે, ''બ્રહ્મચારી ! તમે મને નહીં પહોંચો માટે આ દેરીમાં બેસો.'' ત્યારે બ્રહ્મચારી કહે, 'મહારાજ ! આટલી બધી ઉતાવળ છે ?' મહારાજ કહે, ''બ્રહ્મચારી ! કાલ્ય સવારમાં મારે જસદણ જવું છે ને જો ન જાઉં તો નાજા જોગીયાના ઢીંચણ ત્યાંનો રાજા ભાંગી નાખે.'' પછી મહારાજ ભોગાવો ઉતરીને

વઢવાણ શહેરની બજારમાં નીસર્યા. તે વખતે એક શેઠ ભાણજી મેતો પોતાની મેડી ઉપર બેઠો હતો અને મહારાજની મૂર્તિમાંથી તેજની કિરણો છુટતી હતી અને બજારમાં પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો હતો. પછી શેઠે માણસ મોકલીને મહારાજને પોતાને ઘરે બોલાવ્યા પછી શેઠે મહારાજને પૂછ્યું કે, 'ક્યાંથી પધારો છો ?' પછી મહારાજ કહે, "વડનગર-વિસનગરથી આવીએ છીએ." ત્યારે શેઠ કહે તે,' વાત સત્ય ન હોય. કેમકે આવો ભોગાવો બે કાંઠે ચાલ્યો જાય છે તે જાનવર પણ ઉતરી શકે નહીં.' ત્યારે મહારાજ કહે, "તમને વિશ્વાસ ન હોય તો અમારા ગુરુ સામે કાંઠે શંકરની દેરીમાં બેઠા છે. તેને બોલાવો." પછી શેઠે ત્રાપા બાંધીને બ્રહ્મચારીને ત્યાં તેડાવ્યા અને બ્રહ્મચારી તે શેઠને ઘરે આવ્યા અને શેઠની ઘરવાળી મછીયાવ ગામની હતી. તેમણે બ્રહ્મચારીને ઓળખ્યા જે, 'આ તો મુળજી બ્રહ્મચારી છે અને આ તો મહારાજ છે.' પછી સૌ મહારાજને પગે લાગ્યા અને બ્રહ્મચારીને ત્યાં મેલીને મહારાજ ચાલ્યા. તે સવારના ચાર વાગે જસદણ પહોંચ્યા. નાજા જોગીયાએ મહારાજનાં દર્શન કરીને દંડવત કરી પગે લાગ્યા. પછી મહારાજ બોલ્યા જે, "નાજા ! જા. દરબારને ખબર કર જે, સ્વામિનારાયણ આવ્યા." પછી નાજા જોગીયાએ દરબારમાં જઈ દરબારને જગાડીને કહ્યું જે, 'બાપુ ! બાપુ ! સ્વામિનારાયણ પધાર્યા.' દરબાર કહે, 'આવ્યા ?' ત્યારે કહે, 'હા.' પછી મહારાજ તેમના દરબારમાં પધારતા હતા. તે રસ્તે જતાં જેલખાનું આવ્યું. તેમાં ચોર લોકો બધા રાડયું નાંખતા હતા. મહારાજ તે સાંભળી બોલ્યા જે, "નાજા ! આ શું રોકલ થાય છે ?" નાજા જોગીયા કહે, 'મહારાજ ! આ રાજ્યમાં જે ચોરી કરે તેના રાજા ઢીંચણ ભાંગી નાખે છે તે સૌનાં સંબંધી રોકલ કરે છે.' મહારાજ કહે કે, "આવો પાપી રાજા છે ?" ત્યારે મહારાજ કહે, "આપણે પાછા વળો." ત્યારે નાજો જોગીયો કહે કે, 'પાછા વળશો તો મારા પણ આવા જ હાલ છે.' પછી મહારાજ દરબારમાં પધાર્યા અને દરબાર ઉઠીને મહારાજને પગે લાગીને બોલ્યો જે, 'મહારાજ ! તમે ભગવાન ખરા ને નાજાની પ્રતિજ્ઞા રાખી.' પછી મહારાજ કહે કે, "અમારે તમને નિયમ દેવા છે જે ચોરને આવો દંડ ન દેવો." પછી રાજા કહે, 'મહારાજ ! મારી વસ્તી કોળીયુંની છે તે જો આમ ન કરું તો કાંઈ રહેવા દે નહીં.' પછી મહારાજને વચને કરીને દૈહિક દંડ દેવો બંધ રાખ્યો. ॥૩૫૫॥

એક વખત **સુરોખાચર** જસદણ ગયા હતા અને ત્યાંના રાજાએ એકાંતવાસમાં તેમને ઉતારો આપ્યો હતો. તે વખતે જસદણના રાજાએ વિચાર કર્યો જે, 'સુરાખાચર સ્વામિનારાયણના ભક્ત છે. માટે આજ મારે તેની પરીક્ષા લેવી.' એવું ધારીને એક નિર્લજ્જ સ્ત્રીને બોલાવીને કહ્યું જે, 'તું સુરાખાચરને આજ ધર્મમાંથી પાડ્ય.' પછી તે

બાઈ રાત્રિના બાર વાગ્યે સુરોખાચર જે ઘરમાં ઉતર્યા હતા ત્યાં ગઈ અને ખડકીએ જઈને બૂમ પાડવા માંડી જે, 'દરબાર! એ દરબાર ! મારો દીકરો બહુ માંદો છે અને ઘરમાં ઓસડ છે તે મારે લેવું છે માટે ખડકી ઉઘાડો.' પછી સુરાખાચરે જઈને ખડકી ઉઘાડી અને બાઈ ઘરમાં જઈને નિર્વસ્ત્ર થઈને ઉભી રહી. ત્યારે સુરાખાચરે તરવાર કાઢીને તેનો ચોટલો ઝાલીને તરવાર તેને ગળે અડાડીને કહ્યું જે, 'બોલ્ય, રાંડ ! કોણે શીખવ્યું છે ?' પછી બાઈ બોલી જે, 'મને દરબારે શીખવીને મોકલી છે.' પછી સુરોખાચર તેને તે વખતે સ્વાર થઈને ચાલી નીસર્યા અને શ્રીજીમહારાજ ગઢપુરમાં સભા કરીને બેઠા હતા ત્યાં વાત કરી જે, "અમારા એવા ભક્ત છે જે એકાંતમાં સ્ત્રીનો જોગ થયો તોપણ લેવાણા નહીં." ત્યારે સૌએ પૂછ્યું જે, 'આવા તમારા ભક્ત કોણ છે ?' મહારાજ કહે, "હમણાં દેખાડું." એમ વાત કરે છે ત્યાં તો સુરોખાચર આવ્યા અને ઘોડી ઉપરથી ઉતરીને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. પછી મહારાજ બોલ્યા જે, "જુઓ, આ અમારા ખરા ભક્ત. તેમને એકાંતમાં સ્ત્રીનો જોગ થયો પણ લેવાણા નહીં તે આ આવ્યા છે તે." ॥૩૫૬॥

એક વખત શ્રીજીમહારાજ **પીપળીયા** ગામના પાદરમાં વિરાજમાન હતા અને બોટાદથી મોના જોશીને હરિભક્તોએ મહારાજને તેડવા મોકલ્યા હતા. પછી તેઓ ગામ પીપળીયે આવ્યા અને મહારાજને પગે લાગીને બોલ્યા જે, 'મહારાજ ! અદે ભગે ગોદડે હમીરે જે નારાયણ કહ્યા છે અને તમને ત્યાં તેડાવ્યા છે.' એમ કહીને તે બોલ્યો જે, 'મહારાજ ! તમે ત્યાં આવજો અને હું પધારૂં છું.' મહારાજ કહે, 'દેવ ! તમે પધારો અને અમે આવશું.' વળી મહારાજને કહે જે, 'મહારાજ ! અદે ભગે કહ્યું છે જે, જરૂર ને જરૂર આવજો.' એમ કહીને પછી ચાલ્યા અને આઘા જઈને પાછા આવ્યા અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મને સમાધિ કરાવો.' ત્યારે મહારાજ કહે, 'દેવ ! તમે સમાધિમાં જ બોલો છો.' પછી મહારાજને પૂછ્યું જે, 'હે મહારાજ, આ ટુંટીયું ક્યારે જાશે ?' ત્યારે મહારાજ કહે, "દેવ ! તમારા દેહનો અંત આવશે ત્યારે જાશે." પછી બોટાદ આવીને ભગા શેઠને વાત કરી ત્યારે ભગો શેઠ કહે, 'એમ શા સારુ પૂછ્યું ?' બ્રાહ્મણનો હેતુ એવો હતો કે, 'તિલક ટોપી ને ટુંટીયું એ ત્રણે સાથે આવ્યું છે અને સાથે જશે." પછી છ મહીને તેણે દેહ મેલ્યો અને તેમના દેહનો અંત આવ્યો. ॥૩૫૭॥

શ્રીજીમહારાજ ગામ કારીયાણીયે પધારતા હતા અને **લાઠીદડ** ગામને પાદર નીકળ્યા. તે વખતે સૌ હરિજન ખળામાં ખળાનું કામ કરતા હતા. તે મહારાજના સ્વાર ભાળીને હાથમાં ખંપાળીયું લઈને મહારાજને દર્શને દોડ્યા. તે જોઈ મહારાજ બોલ્યા

જે, ''આ લોકો મારશે કે શું ?'' પછી મહારાજે માણકી ઘોડી દોડાવી મેલી અને કણબી સૌ સીમાડા સુધી ગયા પણ મહારાજ ભેગા થયા નહીં તેથી સૌ પાછા વળ્યા. ॥૩૫૮॥

શ્રીજીમહારાજ ગામ **બરવાળે** પધાર્યા હતા અને ત્યાં ધર્મશાળામાં ઉતારો કર્યો. તે વખતે તે ધર્મશાળાનો રખવાળ આવ્યો અને બોલ્યો જે, 'અહીંયાં કેના કહેવાથી ઉતર્યા છો ?' પછી મહારાજે સુરાખાચરને કહ્યું જે, 'સુરાખાચર ! આપણે શિક્ષાપત્રી કરી અને આપણે લોપી. કેમકે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો કર્યો. માટે સૌ તૈયાર થઈ જાઓ.' પછી ત્યાંથી બીજી જગ્યામાં જઈને ઉતર્યા. ॥૩૫૯॥

એક વખત શ્રીજીમહારાજ ગામ **પોલારપર** પધાર્યા હતા. અને ત્યાં મહારાજ થાળ જમીને ચાલ્યા. તે વખતે ગામના રહીશ હરિજન સૌ મહારાજને વળાવવા સારૂ આવ્યા હતા અને તેમના ભેગો એક પૈસાપાત્ર વાણીયો હતો અને એક સંત પ્રભુદાસ કરીને મહારાજ સાથે હતા. તે મહારાજને પડખે ચડીને મહારાજને બે ચાર વાર કહ્યું જે, 'મહારાજ ! આ શેઠ બહુ પૈસાવાળા છે.' પણ મહારાજ કાંઈ જવાબ આપે નહીં. પછી બહુ વખત કહ્યું ત્યારે મહારાજ બોલ્યા જે, ''પૈસાપાત્ર હોય તો બટકાં ભર બટકાં.'' પછી તે સાધુ બોલતા બંધ થયા અને સૌ હરિજન પાછા વળ્યા. ॥૩૬૦॥

શ્રીજીમહારાજ **ભીમનાથ** પધાર્યા હતા અને સાથે ભગા શેઠ હતા અને હીરો કરીને મહારાજનો કોઠારી પણ હતો. પછી મહારાજે પોલારપરને ઝાંપે જઈને કાઠીઓ પાસે બંધુકોના અવાજ કરાવ્યા. તે સાંભળી બાવે તપાસ કરાવ્યો જે, 'કોણ આવે છે ?'અને જ્યાં જોવે ત્યાં તો મહારાજને ભાળ્યા જે, 'આ તો સ્વામિનારાયણ આવે છે. પછી બાવે મહારાજનો ઉતારો કરાવ્યો ને મહારાજ શંકરના દર્શન કરવા જ્યારે ચાલ્યા ત્યારે હીરો વાણીયો બોલ્યો જે, 'મહારાજ! મારી પાસે પચીસ રૂપિયા છે.' પછી મહારાજ બોલ્યા જે, ''હીરા ! એકસો ને પાંચ રૂપિયા લાવ્ય. મારે શંકરને મેલવા છે.'' પછી ભગા શેઠે મહારાજને રૂપિયા આપ્યા. તે શંકરને પારે મેલ્યા પછી મહારાજે મહંતને કહ્યું જે, ''અમારે રુદ્રી કરાવવા સારુ એકસો ને આઠ બ્રાહ્મણ બેસાડવા છે અને તેને પૂજા માટે પાથરણાં આચમની લોટા વિગેરે મંગાવો અને ફરતા ગામથી સવારમાં બ્રાહ્મણોને બોલાવો.'' પછી તમામ સામાન મંગાવ્યો ને બ્રાહ્મણોને બાવે બોલાવ્યા અને હીરો શેઠ મહારાજને કહ્યા કરે જે, ''તમે આટલો બધો ખરચ કરો છો પણ મારી પાસે કાંઈ નથી.'' પછી ભગા શેઠે મહંતને કહ્યું જે, 'આ હીરો જેટલું માંગે તેટલું મારે ખાતે માંડીને આપજો.' પછી મહારાજ કહે, ''રુદ્રી પુરી થઈ

રહે અને ચોરાસી કરવી છે.'' પછી બાવે ફરતા ગામના બ્રાહ્મણોને બોલાવ્યા અને રુદ્રીનો હોમ કરાવ્યો. પછી જ્યારે બ્રાહ્મણ જમવા બેઠા ત્યારે મહારાજે કાઠીઓને કહ્યું જે, ''ચાલજો.'' સૌ પછી સૌ ઘોડેસ્વાર થઈને મહારાજની સાથે ચાલી નીકળ્યા અને હીરો વાણીયો જઈને મહારાજની આડો ફર્યો જે, ''મહારાજ ! દશ હજારનો ઉપાડ કર્યો છે અને ક્યાં જાઓ છો ?'' પછી મહારાજ બોલ્યા જે, ''ઘોડાં દોડાવે નહીં તેનો બાપ હીરો. '' અને ભગો શેઠ પણ મહારાજ સાથે ચાલી નીકળ્યા. પછી હીરો શેઠ નીલકા નદીને કાંઠે બહાવરો થઈને ફરતો હતો. ત્યાં એક શેઠ વેલ્યમાં બેસીને નીસર્યો. તેણે હીરાને પૂછ્યું જે, 'તું કોણ છો ? અને કેમ ગાંડાની પેઠે ફરે છે ?' હીરો કહે કે, 'સાહેબ ! હું વાણીયો છું અને આંહીંયાં સ્વામિનારાયણ આવ્યા હતા ને દશ હજાર રૂપિયાનો ખરચ કરીને ચાલ્યા ગયા. ત્યારે શેઠ કહે, 'તારે શું જોઈએ છીએ ? રૂપિયા જોતા હોય તો આ રહ્યા.'' એમ કહીને હજાર હજાર રૂપિયાની દશ કોથળીયો વેલ્યમાંથી હેઠી નંખાવી ને જ્યાં જુવે ત્યાં તો વેલ બેલ્ય કાંઈમળે પછી ? તે હીરે બાવાના માણસને બોલાવીને તેની પાસે રૂપિયા ઉપડાવીને મહંતને આપ્યા. તેની પહોંચ હીરે લખાવી લીધી. પછી બ્રાહ્મણ જમતા હતા ત્યાં ગયો અને કેટલુંક કાચું સીધું વધ્યું હતું. તે મહંત પાસે લઈને શંકરને અર્પણ કર્યું. પછી પોતે ઘોડીયે બેસીને રાતના બે વાગ્યે કુંડળ આવ્યો. તે વખતે શ્રીજીમહારાજ લઘુશંકા કરવા ઉઠ્યા હતા. તે હીરાને જોઈને મહારાજ બોલ્યા જે, 'કોણ એ ?' હીરો કહે, 'મહારાજ ! એ તો હું હીરો.' મહારાજ કહે, 'તું અત્યારે કેવો ? ક્યાં ગયો હતો ?'' હીરો કહે, 'મહારાજ ! શું ક્યાં ગયો હતો એમ પુછો છો ? તમે ભીમનાથ પધાર્યા હતા. ત્યાં મહંત પાસેથી દસ હજાર રૂપિયાનો ઉપાડ કર્યો હતો.' મહારાજ કહે, ''સાચે કહેં. હીરા ! તેનું શું થયું ?'' હીરો કહે, 'એક શેઠ આવ્યો હતો. તેમણે આપ્યા.' ત્યારે મહારાજ કહે, ''મર, આ ફેરે તેણે અમારું કામ કર્યું તે ભલે કર્યું.'' ॥૩૬૧॥

પછી ત્યાંથી મહારાજ **ઝીંઝર** પધાર્યા અને **ખોડાભાઈ**ને ઘરે ઉતર્યા. પછી મહારાજ કહે, ''ખોડાભાઈ ! રીંગણાંના ઓળા હોય તો જમીએ.'' ખોડોભાઈ કહે, 'લ્યો, મહારાજ ! રીંગણા લઈ આવું.' પછી ગામમાં એક કોળીએ રીંગણાંની વાડી કરી હતી. ત્યાં ખોડોભાઈ અરધો રૂપિયો લઈને રીંગણાં લેવા ગયા અને વાડીવાળાને કહ્યું જે, 'મને બે રીંગણા આપ્ય અને હું તને તેના બે આના આપું.' વાડીવાળો કહે, 'આઠ આના આપો તો પણ મારે તમને રીંગણાં દેવાં નથી.' ખોડોભાઈ કહે, 'આઠ આના લે પણ બે રીંગણાં આપ્ય.' પછી કહે, 'એક રૂપિયો આપો તોપણ ન આપું. પછી વાડીવાળાની ઘરવાળી બોલી જે, 'બાપુ ! બે રીંગણાં આપોને.' એમ કહીને તેણે

બે રીંગણાં આપ્યાં. તે ખોડોભાઈ લાવ્યાને મુળજી બ્રહ્મચારીએ ઓળો કરીને મહારાજને થાળ કરીને જમાડ્યા. પછી મહારાજ બોલ્યા જે, 'ખોડાભાઈ ! આજથી તમો વહેવારે સુખીયા થશો કેમકે પૂર્વે તમે સેવકરામ નામે સાધુ હતા અને મેં તમારી ચાકરી કરી હતી પણ તમે મને પાશેર અનાજ આપ્યું નહોતું. તે પ્રતાપે કરીને આવી સ્થિતિ છે.'' ॥૩૬૨॥

એક વખત શ્રીજીમહારાજ **જુનાગઢ** પધાર્યા હતા અને સાથે સખામંડળ પણ હતું. પછી સૌ સખા ગુરુ દત્તાત્રેયને પગલે દર્શને ગયા હતા અને ખોડાભાઈને નિદ્રા આવી તે સુઈ રહ્યા. પછી સૌ દર્શન કરીને આવ્યા. ત્યારે ખોડોભાઈ બહુ પશ્ચાતાપ કરવા લાગ્યા અને કહ્યું જે, 'મને જગાડ્યો નહીં. મારે પગલાંનાં દર્શન કરવાં હતાં.' પછી મહારાજ કહે, ''તમારે પગલાંનાં દર્શન કરવાં હતાં કે મૂર્તિમાનનાં ?'' ત્યારે ખોડાભાઈ કહે, 'મૂર્તિમાન હોય તો પગલાંનું શું કામ છે ?'' ત્યારે મહારાજ કહે, ''ગઢપુરમાં શામળીયા ચૈતન્યાનંદસ્વામી છે. તે દત્તાત્રેયનો અવતાર છે.'' પછી ગઢપુર આવીને ચૈતન્યાનંદસ્વામીનાં દર્શન કર્યાં. ॥૩૬૩॥

એક વખત મહારાજ **કુંડળ**થી ચાલ્યા ત્યારે **રાઈબાઈ** કહે, 'મહારાજ ! ભાતું લેતા જાઓ.' પછી ભાતનો ડબો મહારાજે નાજા જોગીયાને આપ્યો અને દહીંની દોણી ભરીને રાઈબાઈએ આપી. તે મહારાજે ગોવિંદસ્વામીને અપાવી. પછી ગોવિંદસ્વામી વિગેરે સંત ખરડને પાદર જઈને એક તળાવની ઉગમણી પાળે દેરી છે ત્યાં ઉતર્યા. પછી મહારાજ ભાતું જમવા બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, ''નાજા ! ગોરસની દોણી કોને આપી છે ?'' નાજો જોગીયો કહે, 'મહારાજ ! ગોવિંદસ્વામીને આપી છે પણ તેઓ ક્યાં હશે ?' એમ જ્યાં વાત કરે છે ત્યાં તો ગોવિંદસ્વામીએ તળાવની પાળે ચડીને જોયું એટલે છેટેથી મહારાજનાં દર્શન થયાં. પછી સ્વામી દહીંની દોણી લઈને મહારાજ પાસે આવ્યા. પછી મહારાજે સૌને અરધો અરધો રોટલો અને ગોરસ આપ્યું. તે વખતે ત્યાંના ગરાસીયાના છોકરા રમતા હતા. તે બોલ્યા જે, 'મહારાજ ! અમને પ્રસાદી આપોને ! 'પછી મહારાજ કહે, 'તમારે ઘરે ઘણા રોટલા છે. લાવોને પ્રસાદી કરી આપું.'' પછી છોકરા ઘરે જઈને રોટલા લઈ આવ્યા. તેને મહારાજે પ્રસાદી કરીને પાછા આપ્યા. ॥૩૬૪॥

એક વખત મહારાજ **ખરડ** પધાર્યા હતા અને તળાવમાં ખીચડી કરી હતી. પછી એક સંતને સંકલ્પ થયો જે, 'આજ ખીચડી ને ઘી ખૂબ જમશું અને ખીચડી થોડી હતી. તેથી મહારાજ ઘી ખૂબ પીરસતા હતા.' પછી જે સંતે સંકલ્પ કર્યો હતો. તેની

પાસે મહારાજ પીરસતા પીરસતા આવ્યા અને સંતને જરાક ઘી આપ્યું. પછી મહારાજ ઉગમણી પાળે સભા કરીને વિરાજમાન થયા. તે વખતે નારદજી તથા તુંબરૂ એ બંન્ને જણ મહારાજને રાજી કરવા ગાયન કરવા આવ્યા હતા. તે ગાયન કરીને કચરાની બબે માણ્યું ફુટી ગઈ. પછી મહારાજને રાજી કરી અદશ્ય થઈ ગયા. પછી મુક્તાનંદસ્વામી કહે, 'મહારાજ ! એ કોણ હતું ?' પછી મહારાજ કહે, ''નારદજીને તુંબરુ એ બેય અમને રાજી કરવાને સારુ આવ્યા હતા. તે રાજી કરીને ચાલ્યા ગયા.'' એમ કેટલાક દેવો પણ દિવ્યસ્વરુપે આવતા હતા. ॥૩૬૫॥

એક વખત ગામ **ખરડ**માં ગરાસીયાને ત્યાં મુળજી બ્રહ્મચારીએ થાળ કર્યો. ત્યાં શ્રીજીમહારાજ જમવા બેઠા અને બોલ્યા જે, ''દૂધ હોય તો જમીએ.'' ત્યારે હરિભગત કહે, 'મહારાજ...!  અત્યારે ઢોરાં બધાંય સીમમાં ચરવા ગયા છે.' અને મહારાજે દૂધનો સંકલ્પ કર્યો ત્યાં તો વગડામાંથી એક ગોરહેલ કરીને ગાય હતી. તે દોડી અને તેની પાછળ ભરવાડ પણ દોડ્યો આવ્યો. અને તે ગાય ડેલાની બારીમાંથી ફળીમાં આવી. ત્યારે મહારાજ બોલ્યા જે, ''આ ગાય આવી. દોવો.'' અને પાછળ ભરવાડ આવીને બોલ્યો જે, 'બાપુ ! બાપુ ! ગાયને ગમે તેમ હોય પણ હું દોડી દોડીને થાક્યો પણ પાછી વળી નહીં. પછી તેણે કહ્યું જે,મહારાજે દૂધનો સંકલ્પ કર્યો હતો તેથી તે ગાય આવી છે. પછી ગાયને દોહીને શ્રીજીમહારાજને દૂધ જમાડ્યું અને ગાય શ્રીજીમહારાજને અર્પણ કરી. ॥૩૬૬॥

પછી મહારાજ ગામ **રોજકે** પધાર્યા હતા અને ત્યાં ગામને પાદર છોકરાં રમતાં હતાં તેમાં દેવાઈત ગઢવીનો દીકરો **કરણો** કરીને હતો. તેને શ્રીજીમહારાજે વર્તમાન ધરાવ્યાં. તે જોઈ એક છોકરો દેવાઈત ગઢવી પાસે ગયો અને કહ્યું જે, 'બાપુ ! બાપુ ! કરણાને સ્વામિનારાયણે પાડ્યો.' તે સાંભળી દેવાઈત ગઢવી પાદર આવ્યો અને પોતાના પુત્રને બાથમાં ઘાલીને પૂછવા માંડ્યો જે, 'બાપ ! કરણા ! તને સ્વામિનારાયણે પાડ્યો એ વાત સાચી ? અને તને કાંઈ માથું કે પેટમાં દુ:ખે છે ?' છોકરો કહે, 'ના, ના, મને તો મહારાજે વર્તમાન ધરાવ્યાં અને સત્સંગી કર્યો.' પછી દેવાઈત ગઢવી પણ સત્સંગી થયો. ॥૩૬૭॥

શ્રીજીમહારાજ **રોજકા**ને પાદર રાત રહ્યા હતા અને સાથે સંત તથા પાર્ષદ હતા અને કરશનજી કરીને મહારાજના કોઠારી પણ હતા. તેની સાથે મગદળનો ડબો ભરેલો હતો. તે રાત્રીયે કુતરાં આવીને ખાઈ ગયા. પછી તે સવારમાં જાગીને પાળાને ખીજવા માંડ્યો જે, 'તમે મારો મગદળ ખાઈ ગયા.' એમ તાણી તાણીને રાડ્યો

પાડવા માંડ્યો અને શ્રીજીમહારાજ પોઢી ગયા હતા. પછી નિષ્કુળાનંદસ્વામી કિર્તન બોલ્યા જે–

*'તારી અખીયામાં ઝાઝી રીસ રે તને મગદલ ભાવે;*
*ચોર નહીં એ તો શ્વાન જ જાણે પાલાને મ ખીજે મ ખીજે'*

એ આખું કિર્તન બનાવીને બોલ્યા. ॥૩૬૮॥

પછી ત્યાંથી સાબદા થઈને ગામ **ગાંફ** પધાર્યા અને તે ગામના પાદરમાં ઘોડાં પાતા હતા. તે વખતે **ગોવિંદ પટેલ** બળદ પાવા આવ્યો હતો, તેણે મહારાજને આગ્રહ કર્યો ત્યારે મહારાજ કહે, ''અમારે દરબારમાં ઉતરવું છે.'' પટેલ કહે, 'ના, મહારાજ ! આજ તો મારા મેમાન થાઓ.' પછી તેણે મહારાજને પોતાને ઘેર પધરાવીને ઘોડાને ગમાણે બંધાવ્યાં ને ઘાસ નંખાવ્યું અને મહારાજને ઢોલીયો ઢળાવીને ઉપર ગોદડું પાથરી આપ્યું. પછી ઘરમાં જઈને ઘરવાળીને કહ્યું જે, 'મહારાજ ! પધાર્યા છે. તેમને માટે લાપશી કર.' તે સાંભળી બાઈ હાથમાં લાકડાનો ડંડીકો લઈને પાછળ દોડી અને કહ્યું જે, 'મારા પીટ્યા તું તો અસુર્યા આવા કેટલાક લઈને આવીશ.' તે રકઝક બધી મહારાજે સાંભળી. પછી પટેલ મહારાજના ઢોલીયા પાસે બેસી ગયા. ત્યારે મહારાજે પૂછ્યું જે, 'કેમ છે પટેલ ?' પટેલ કહે, 'મહારાજ! ઘરનું માણસ કલોગું છે.' પછી મહારાજ ઢોલીયેથી ઉતરીને ઘરમાં પધાર્યા અને બોલ્યા જે, 'અહોહો! આ તો કેશવ પટેલની દીકરી તે અમારી દીકરી. પછી તેની સાત પેઢીનાં નામ કહી સંભળાવ્યાં.'' તે સાંભળી બાઈ બોલી જે, 'અહો ! આ તો મારા બાપ ઘરે આવ્યા અને મારો પીટ્યો મારા બાપ પાસે મારું વાંકું બોલ્યો જે, 'ઘરનું માણસ કલોગું છે.' પછી તેની હેતવાળી બે ચાર બાઈઓ હતી. તેને બોલાવીને કંસાર વિગેરે રસોઈ કરાવીને મહારાજ તથા પાર્ષદ વિગેરેને જમાડ્યા અને પટારા ઉઘાડીને નવાં ગાદલાં તથા નવાં ગોદડાં કાઢીને મહારાજ તથા સખાને પાથરી આપ્યાં અને વાળંદને બોલાવીને સારી રીતે ચાકરી કરાવી. પછી મહારાજ સવારે ચાલવા તૈયાર થયા. ત્યારે બાઈ બોલી જે, 'મહારાજ ! જમ્યા વગર ચાલવા નહીં દઉં.' મહારાજ કહે, ''બાપ ! દીકરી ! અમારાથી રોકાવાય એમ નથી.'' પછી બાઈ બોલી જે, 'મહારાજ ! જ્યારે અહીંયા પધારો ત્યારે મારે ઘરે પધારજો.' મહારાજ કહે, 'બહુ સારુ.'' પછી બાઈ કહે, 'મહારાજ ! પટેલ તો મારો પીટ્યો ઘર લજામણો છે તે મારું વાંકું બોલ્યો.' એટલે ઉભા ઉભા સાંભળીને મનમાં વિચાર કર્યો જે, 'ઘરલજામણો તો થયો પણ મહારાજનો સત્કાર તો થયો.' પછી સૌ હરિજન મહારાજને વળાવવા આવ્યા. તેમને મહારાજે પાછા વાળ્યા પણ પટેલ પાછો

વળ્યો નહીં. પછી મહારાજ બોલ્યા જે, ‘‘પટેલ ! હવે પાછા વળો. આ ફેર તો જેમ તેમ કરીને પાર પાડ્યું પણ વખત વગરનું આવું કામ કોઈ દિવસ કરશો નહીં.’’ પછી પટેલ પાછા વળ્યા. ॥૩૬૯॥

ગામ **ખરડ**ને પાદર શ્રીજીમહારાજ તથા મુળજી બ્રહ્મચારી સવારના પહોરમાં નીસર્યા. તે વખતે આકાશમાંથી હજારો છોકરાં આવ્યાં. તેને મહારાજે કમંડલમાંથી પાણી છાંટ્યું. તે વિમાનમાં બેસીને દેવલોકમાં ગયાં. તે જોઈ મુળજી બ્રહ્મચારીએ પૂછ્યું જે, ‘એ કોણ હતાં ?’ મહારાજ કહે, ‘‘શ્રીકૃષ્ણને ભરોસે પુતનાએ વ્રજમાં બાળક માર્યા હતાં તે અમારે દર્શને આવ્યાં હતાં. તે બધાંને દેવલોકમાં મોકલ્યાં ને પછી સત્સંગમાં જન્મ લઈને અક્ષરધામને પામશે.’’ ॥૩૭૦॥

શ્રીજીમહારાજ **ગાંફ**માં પધાર્યા હતા અને સાથે સંત હતા ને ત્યાં **વસ્તા રાવળ**ને ઘરે રસોઈ કરાવી હતી. પછી મહારાજ થાળ જમીને સંતને પીરસવા મંડ્યા. તે વખતે વસ્તા રાવળની મા તેણે દોણા ઉપરથી દહીંની તર કાઢી કાઢીને એક મોટું દોણું ભર્યું. પછી મહારાજ બોલ્યા જે, ‘‘લાવો, ડોશી ! દોણાં.’’ પછી ડોશી મહારાજને દોણું આપવા માંડ્યાં. એમ પીરસતાં પીરસતાં મહારાજે બધું દહીં ખુટાડી દીધું. પછી મહારાજ કહે, ‘લાવો ડોશી ! ઓલ્યું દોણું ’’ પછી તે તરનું દોણું ભર્યું હતું તે મહારાજને આપ્યું. પછી મહારાજ કહે, ‘‘રાખો, ડોશી !’’ પછી તે બાઈને સત્સંગ થયો અને એકસો રૂપિયા લઈને ડોશી ગઢપુર રસોઈ દેવા આવ્યાં. ત્યારે મહારાજે સભામાં વાત કરી જે, ‘‘આ ડોશીએ દહીંની તર ઉતારી લઈને એક દોણું ભરી રાખ્યું હતું તેના ધણી સો રૂપિયા લઈને રસોઈ દેવા આવ્યાં છે.’’ તે સાંભળી ડોશી બોલી જે, ‘મહારાજ ! તે દહાડે હું તમારો મહિમા સમજતી નહોતી.’ ॥૩૭૧॥

મહારાજ ગાંફથી **પચ્છમ** પધાર્યા અને ત્યાં **જાદવજી** કરીને ત્રવાડી બ્રાહ્મણ હતા. તે માંદા હતા. તેને જોવાને માટે મહારાજ તેને ઘરે પધાર્યા. પછી પાણીનો કળશીયો ભરીને લાવ્યા ને મહારાજને કહે, ‘મહારાજ ! આમાં ચરણારવિંદ બોળી દ્યો.’ મહારાજ કહે, ‘‘અમે બ્રાહ્મણને ચરણારવિંદ બોળી આપતા નથી.’’ પછી હાથનો અંગુઠો બોળી આપ્યો અને મહારાજ ચાલી નીકળ્યા. તે પછમને સીમાડે જઈને મહારાજે ઘોડીને પાછી વાળી અને પછમ સામું મોંઢું કરીને ઉભી રાખી. પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, ‘મહારાજ ! કેમ ઉભા રહ્યા ?’ મહારાજ કહે, ‘‘જાદવજી ત્રવાડીએ અત્યારે દેહ મેલ્યો. તેને અક્ષરધામમાં મેલ્યા.’’ અને જાદવજી ત્રવાડી ત્યાં બોલ્યા જે, ‘શ્રીજીમહારાજ મને માણકી ઘોડી ઉપર ચડીને તેડવા પધાર્યા છે.’ એમ

કહીને દેહ મેલ્યો. ॥૩૭૨॥

ત્યાંથી મહારાજ **કમીયાળા** પધાર્યા અને હરિજનોએ શીરાની રસોઈ કરાવી હતી. તે જમતાં જમતાં સંતને ચોકે શીરો થઈ રહ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘જાઓ, બ્રહ્મચારીને ચોકે જઈને પુછી જુઓ.’’ તે વખતે આનંદસ્વામી તથા વાસુદેવસ્વામી મહારાજની સાથે હતા. તે બંને જણે શીરો કર્યો હતો અને ઘરમાં ધુમાડો બહુ થયો. તેથી શીરો કાચા પાકાની ખબર ન રહી. પછી પાણી નાંખીને તરત હેઠે ઉતાર્યો અને મહારાજે પૂછ્યું જે, ‘‘આનંદબ્રહ્મચારી ! શીરો છે ?’’ બ્રહ્મચારી કહે, ‘હા, મહારાજ ! માંખણ જેવા બે તાંસ ભર્યા છે.’ પછી બેઉ જણ ઉપાડીને શીરો મહારાજ પાસે લઈ ગયા અને મહારાજે હાથમાં લઈને જોતાં કાચો લાગ્યો. પછી મહારાજ બોલ્યા જે, ‘‘તાવડા માંડો. તાવડા માંડો આ તો બ્રાહ્મણના કર્યા બ્રાહ્મણ ખાય કે ભેંસ ખાય.’’ એમ મહારાજે કહ્યું અને બીજો શીરો કરીને સંતને જમાડ્યા. ॥૩૭૩॥

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે ભોળાદ અને બોરુ વચ્ચે એક ઓઝાકુઈ આવે છે. ત્યાં ખીજડો છે તે ઉપર સંતોએ પોતાની ભીની ચાદરો કરીને નાંખી અને છાંયે મહારાજને પધરાવ્યા. પછી થોડીક વાર થઈ એટલે મહારાજ લઘુશંકા કરવા પધાર્યા. તે મહારાજના પગ તાપમાં દાઝવા મંડ્યા. પછી મહારાજ બોલ્યા જે, ‘‘આવા પગ બળણામાં મારા સાધુ ઉઘાડે પગે ચાલે છે.’’ પછી પોતાની પછેડી હતી તે ફાડી ફાડીને સંતને પગે બાંધવા આપી. પછી સુરોખાચર તથા સોમલાખાચર વિગેરે પાર્ષદોએ પોતાનાં વસ્ત્ર ફાડીને સંતોને પગે બાંધવા આપ્યાં. ॥૩૭૪॥

એક વખત મહારાજ **બોરુ**ને પાદર પધાર્યા અને ત્યાંના તળાવમાં સૌ હરિજન સાથે સ્નાન કરવા પધાર્યા. ત્યારે અમદાવાદવાળા દામોદરભાઈ બોલ્યા જે, ‘એ હરિભક્ત ! તમારા ઉતારા સાચવજો નહીંતર ચોર લઈ જશે.’ પછી મહારાજ નાહીને તળાવને કાંઠે દેરી છે ત્યાં પધાર્યા અને દામોદરને કહ્યું જે, ‘‘તમે શું કહેતા હતા ?’’ દામોદરભાઈ કહે, ‘મહારાજ ! તમારા ઉતારા સાચવજો એમ હરિભક્તોને કહેતો હતો.’ મહારાજ કહે, ‘‘આ તો બધાય અક્ષરના મુક્તો છે અને હરિભક્ત તો હવે થાશે.’’ તે એવી રીતે દામોદરભાઈને મહારાજે વાત કરી. ॥૩૭૫॥

એક વખત મહારાજ **બોરુ**ને પાદર તળાવની પાળે દેરી છે. ત્યાં સવારમાં નિત્યવિધિ કરવા બેઠા હતા. તે વખતે મયારામ ભટ્ટ તથા પર્વતભાઈ વગેરે દોઢસો માણસનો સંઘ ત્યાં આવ્યો અને મહારાજને પગે લાગીને પર્વતભાઈ બોલ્યા જે,

'મહારાજ ! તમે કહો તે તમને હું આપું.' તે સાંભળી મહારાજ બોલ્યા જે, ''અનંત કોટી બ્રહ્માંડ છે તે મારે આધારે છે. હવે તે બહાર હોય તો તે મને આપો.'' ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, 'તમે કહો તેમ કરું.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''અમારાં પાંચ શુકન પાળો તો તમારું કલ્યાણ.'' પર્વત ભાઈ બોલ્યા, 'તે સૌ પાળતા હોય તો તમે શું પળાવત ?' મહારાજ કહે, ''હું તેમને છુટી મેલત જે ન પાળે તેનું કલ્યાણ.'' તે ઉપર મહારાજે વાત કરી જે, ''પરશુરામ થઈ ગયા તેમણે ક્ષત્રીને મારીને લોહીના કુંડ કર્યા અને કહ્યું જે, ''આમાં જે નહાય તેનું કલ્યાણ.'' પછી જેણે માન્યું તેનું કલ્યાણ કર્યું.' તેમ મહારાજ કહે જે, ''જો પાળતા હોય તો હું તેને છુટી મેલત જે ન પાળે તેનું કલ્યાણ. આતો નથી પાળતા તે મારે પળાવવા છે.'' ॥૩૭૬॥

પછી મહારાજ ગામ **વાંરણે** પધાર્યા અને ત્યાં પ્રશ્નોરા બ્રાહ્મણ **પુતળીબાઈ** હતાં અને તેને ઘરે રાત્રે મહારાજ ખીચડી જમવા પધાર્યા ને પાટલા ઉપર બેસારીને ખીચડીને દૂધ પીરસ્યું. પછી મહારાજ જમતાં જમતાં મનુષ્ય ચરિત્ર કરવા લાગ્યા જે, 'થોડીક ખીચડી જમણી કોર કાઢે ને થોડીક ખીચડી ડાબી કોર કાઢી નાંખે.' તે જોઈ ડોશી બોલ્યાં જે, 'મહારાજ ! તમને ખીચડી જમતાં આવડતી નથી તો કલ્યાણ શી રીતે કરશો ?' મહારાજ કહે, 'પુતળીબાઈ ! કલ્યાણ તો હું આમ કરું.' એમ કહીને મહારાજે હાથની ચપટી વજાડી તે ભેળી પુતળી ડોસીને સમાધિ થઈ અને અક્ષરધામમાં ગયાં અને ત્યાં દિવ્ય સિંહાસન ઉપર મહારાજને બેઠેલા દીઠા. પછી મહારાજ કહે, ''પુતળી... હું કલ્યાણ કરું એવો ખરો કે નહીં ?'' પુતળીબાઈ કહે, 'મહારાજ ! મારું તો શું પણ અનેક જીવનાં કલ્યાણ કરો એવા તમે છો.' પછી ડોશી સમાધિમાંથી બહાર આવીને જુએ છે તો ત્યાં મહારાજને ખીચડી જમતા જોયા. પછી પુતળીડોસી મહારાજના પગમાં પડીને પગે લાગી. ॥૩૭૭॥

પછી મહારાજ ગામ **વટામણ** પધાર્યા અને ત્યાં **રતનજીબાપુ**ની ઘરવાળીનું તેરમું હતું. પછી મહારાજ ત્યાં જમીને ચાલ્યા. તેમને સૌ હરિજનો વળાવવા ગયા. તેમને મહારાજે પાછા વાળ્યા પણ રતનજી બાપુને મહારાજે કહ્યું નહીં જે, ''તમે પાછા વળો. પછી આગલે ગામ મુકામ કર્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, ''રતનજી બાપુ ! તમે આવ્યા છો કે શું ?'' રતનજી બાપુ કહે, 'તમે સૌને પાછા વળવાનું કહ્યું અને મને કહ્યું નહીં જે, તું પાછો વળ્ય.' મહારાજ કહે, ''હવે...'' રતનજી બાપુ કહે, 'જેમ તમે કહો તેમ કરું.' પછી રતનજી બાપુ ત્યાગી થઈને મહારાજ ભેળા રહ્યા અને પોતે તો ત્રણ લુગડાં ભેર આવ્યા હતા તોપણ પોતાનાં મનમાં એમ થયું નહીં જે, પછવાડે ઘરે કેમ થયું હશે ! એવા નિશ્ચયવાળા હતા. ॥૩૭૮॥

એક વખત શ્રીજીમહારાજ ગામ **વસો** પધાર્યા હતા. ત્યાં તળાવની પાળ ઉપર દેરી છે. ત્યાં વિરાજમાન થયા હતા. તે ઠેકાણે વેદીયા બ્રાહ્મણ આવીને વેદ બોલ્યા. ત્યારે શ્રીજીમહારાજ રાજી થઈને પોતાને માથે સોનેરી નવઘરું બાંધ્યું હતું તે આપ્યું અને કેડેય ભારે રેંટો બાંધ્યો હતો તે છોડીને આપ્યો અને કેડીયું ઉતારીને દીધું. પછી કોટમાં પાંચસો રૂપિયાની ઉતરી હતી તે આપવા મંડ્યા ત્યારે સુરોખાચર બોલ્યા જે, 'મહારાજ ! તે મારી છે.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''તારી હોય તો લે. નહિંતર બ્રાહ્મણને આપી દઉં છું.'' એમ બ્રાહ્મણ ઉપર પ્રસન્ન થઈને પોતાનાં વસ્ત્રાદિક અલંકાર આપ્યાં. ॥૩૭૯॥

મહારાજ **વડતાલમાં** રામપ્રતાપભાઈના બંગલામાં વિરાજમાન હતા અને પોતે કળશીયે જઈ આવીને સ્નાન કરવા બેઠા. તે વખતે ખળખળીયાવાળી ચોકડીમાંથી નીચે પાણી પડતું હતું. તેને નાળવે કોળીના છોકરાં નહાતાં હતાં અને બોલતાં હતાં. પછી શ્રીજીમહારાજે મુળજી બ્રહ્મચારીને કહ્યું જે, 'બ્રહ્મચારી ! આ કોલાહોલ શેનો થાય છે ?'' બ્રહ્મચારી કહે, 'મહારાજ ! કોળીનાં છોકરાં તમારી પ્રસાદીના પાણીમાં નહાય છે.' મહારાજ કહે, ''તેઓ ચક્રવર્તી તો થઈ રહ્યાં અને જો મહિમા જાણીને નહાયાં હોત તો અક્ષરધામની પ્રાપ્તિ થાત.'' ॥૩૮૦॥

મહારાજ લક્ષ્મીનારાયણ દેવનું મંદિર કરાવતા હતા અને સાધુનાં ગારાળાં શરીર હોય તેને મળતા હતા. તેમાં કેટલાકને ખબર પડી જે, 'જેનાં ગારાળાં શરીર હોય તેને મહારાજ મળે છે.' પછી કેટલાક ગારો ચોપડીને આવ્યા. પછી મહારાજ બોલ્યા જે, ''એટલે રહેજ્યો. હું તમને ઓળખું છું.'' એમ કહીને તેને છેટે રાખ્યા. ॥૩૮૧॥

એક વખત મહારાજ સભામાં વિરાજમાન હતા અને પછી પોતે બોલ્યા જે, 'કેટલાકને સંકલ્પ થાતા હશે જે મહારાજ ઈંટો ઉપડાવે છે, પથરા ઉપડાવે છે ને ગારા ઉપડાવે છે પણ તમે મને શેણે કરીને રાજી કરશો ? અને આ સેવા કરો છો તેણે કરીને હું રાજી થાઉં છું, મળું છું, પ્રસાદી આપું છું અને હું ધારૂં તો પૃથ્વીમાંથી સાવ સોનાનાં મંદિર કાઢું. જેમ કોઈક ભગવાન છે તેણે મેરુ પર્વત સાવ સોનાનો કર્યો છે તેમ.'' મહારાજ કહે, ''હું ભગવાન છું. તે સોનાના મંદિર કાઢું પણ તમે મને શાને કરીને રાજી કરશો ?'' ॥૩૮૨॥

મહારાજ લક્ષ્મીનારાયણ દેવનું મંદિર કરાવતા હતા અને બોરડી નીચે એક મોટો પથ્થર હતો. તે ઉપર આઠવડી ધાબળી પાથરીને વિરાજમાન હતા. પછી હરે થયું

એટલે સૌ સંત તથા કડીયા જમવા ગયા. પછી **રતનો** કરીને કડીયો હતો. તેણે ઘણા દિવસથી સંકલ્પ કરેલ જે, 'ક્યારેક મહારાજને એકાંત મળે તો મારે પૂછવું છે.' પછી તે વખતે તેણે મહારાજને પૂછ્યું જે, 'મહારાજ ! અત્યારે અક્ષરધામમાં શ્રીજીમહારાજ શું કરતા હશે ?' મહારાજ કહે, ''રતના! અત્યારે અક્ષરધામમાં બોરડી નીચે મોટું બેલું છે. તે ઉપર આઠવડી ધાબળી કરીને પાથરી ને તે ઉપર ભગવાન વિરાજમાન છે. અને લક્ષ્મીનારાયણ દેવનાં મંદિર કરાવે છે.'' રતનો કહે, ''મહારાજ ! હું તો અક્ષરધામનું પૂછું છું.' ત્યારે મહારાજ કહે, ''રતના ! મેં અક્ષરધામની વાત કરી છે.'' એમ બે ચાર વાર પૂછ્યું પણ મહારાજે એ જ ઉત્તર આપ્યો. પછી માણસની હરફર થઈ એટલે રતનો કડીયો પથરા ઘડવા મંડ્યો અને પછી રાત્રીયે મુક્તાનંદસ્વામીને આસને રતના કડીયાએ જઈને વાત કરી જે, 'મેં મહારાજને પૂછ્યું ત્યારે મહારાજે મને આવો જવાબ આપ્યો.' પછી સ્વામી બોલ્યા જે, 'રતના ! આંહીં છે તેજ અક્ષરધામમાં છે અને અક્ષરધામમાં છે તેજ અહીં છે. એમાં જરા ફેર નથી.' ત્યારે રતનો કડીયો સમજ્યો. ॥૩૮૩॥

અને **વરતાલમાં** રઘુવીરજીમહારાજનાં બહેન **ફુલઝરી** કરીને આવ્યાં હતાં અને તેમને સાસરા પક્ષવાળા તેડવા આવ્યા હતા. ત્યારે મહારાજે આજ્ઞા કરી જે, ''બાપ ! દીકરી ! ફુલઝરી ! દેશમાં જાઓ'' પણ તેમને મહારાજને વિષે અતિશય પ્રેમલક્ષણા ભક્તિ હતી. તેથી બહુજ દિલગીરી કરવા લાગ્યાં.' પછી મહારાજ તેમને વળાવવાને માટે સંત સહિત ચાલ્યા. તે ચાલતાં ચાલતાં જોળનો ચરો છે ત્યાં સુધી પધાર્યા. પછી મહારાજ બોલ્યા જે, ''બાપ ! દીકરી! ગાડીમાં બેસ.'' તે સાંભળીને બાઈ ચીસો પાડવા માંડી. પછી મહારાજે તેને તેડીને ગાડીમાં બેસારી. પછી તેનો વિલાપ સાંભળીને મહારાજના નેત્રમાં જળ આવી ગયાં. પછી મહારાજ પ્રત્યે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ ! સંસારની માયા બહુ દુસ્તર છે.' મહારાજ કહે, ''સ્વામી ! મારે વિષે તેને પ્રેમ કેટલો છે ? તે જોઈને મને નેત્રમાં જળ આવ્યાં.'' તેને વળાવીને સૌ પાછા વડતાલમાં આવ્યા. ॥૩૮૪॥

**વડતાલમાં** એક સ્ત્રી અને એક પુરુષ હરિજન હતાં. તેઓ વહેવારે બહુજ દુર્બળ હતાં. પછી પોતે બન્ને જણાએ વિચાર કર્યો જે, 'કાંઈક સારું અનાજ આવે તો આપણે થાળ કરીને મહારાજને જમાડીએ પણ કોઈ દિવસ સારું અનાજ આવ્યું નહીં.' પછી બન્ને જણે વિચાર કર્યો જે, ''આપણા પ્રારબ્ધમાં હશે તે મળી રહ્યું. માટે કોદરાનો રોટલો અને કડલીની ભાજી કરીને મહારાજને જમાડીએ કેમકે વિદુરજીની

ભાજી ભગવાન જમ્યા છે તે આપણો ભાવ હશે તો મહારાજ જમશે. પછી બન્ને સ્ત્રી-પુરુષ એક થાળીમાં રોટલો અને કડલીની ભાજી લીધી ને પછી મહારાજ પાસે સભામાં જઈ ઉભાં રહ્યાં. પછી મહારાજે હાથોહાથ થાળી લઈને ભાજી તથા રોટલો જમવા મંડ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામી ઉભા થઈને બોલ્યા જે, 'મહારાજ ! એકલા એકલા જમો છો તે પેટમાં દુઃખશે.' મહારાજ કહે, 'સ્વામી ! આ રોટલો પેટમાં દુઃખે તેવો નથી.'' એમ કહીને સ્વામીને પ્રસાદી આપી અને મહારાજ જળપાન કરીને વિરાજમાન થયા. ||૩૮૫||

અને તે વખતે બીજા ગામના હરિજન દર્શને આવ્યા હતા. તેમણે વિચાર કર્યો જે, 'આપણે મહારાજને માટે થાળ કરીએ પણ કોઈ દિવસ મહારાજે ભાળ્યું ન હોય અને કાને સાંભળ્યું ન હોય તેવાં પકવાન કરીએ અને આપણને ખૂબ વખાણે.' એમ જાણીને પોતે થાળ કર્યો અને સૌ થાળ તૈયાર કરીને મહારાજને જમવાને માટે બોલાવવા આવ્યા પણ મહારાજ તો સામું પણ જુએ નહીં. પછી મુળજી બ્રહ્મચારીએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! આ હરિજન થાળ લાવ્યા છે તે જમવા પધારો.' મહારાજ કહે, 'બ્રહ્મચારી ! અમે હમણાં જમ્યા છીએ. તે પેટમાં ભૂખ નથી.'' પછી બ્રહ્મચારી કહે, 'મહારાજ ! તેઓએ રાત બધી દાખડે કરીને તમારે માટે થાળ કર્યો છે.' પછી બ્રહ્મચારીનો બહુ આગ્રહ જોઈને મહારાજ જમવા પધાર્યા અને બાજોટ ઉપર વિરાજમાન થયા અને મહારાજ આગળ બધા પકવાનના થાળ ધર્યા. પછી મહારાજ તેમાંથી ભાતનો એક ગ્રાસ જમીને હાથ ધોઈને ઉઠી નીકળ્યા પણ બીજા પકવાન સામું જોયું નહીં; એમ ભગવાન ભાવના ભૂખ્યા છે. ||૩૮૬||

શ્રીજીમહારાજ **વડતાલમાં** સભા કરીને વિરાજમાન હતા અને એક બાઈએ પોતાને ઘરે મહારાજ માટે થાળ કર્યો હતો. તે ઢાંકીને મહારાજને બોલાવા આવી. તે વખતે મુળજી બ્રહ્મચારીએ કહ્યું જે, 'બોલમાં બોલમાં દુતી! મહારાજ વાતુ કરે છે.' તે સાંભળીને બાઈ ડોશીની સભામાં બેસી ગઈ. તે વાતની ડુંગરજી ભગતને ખબર પડી જે, 'ડોશી ! મહારાજ સારુ થાળ કરીને આવી છે. માટે તેને ત્યાં હું જમી આવું.' પછી ડુંગરજી ભગત જઈને થાળ જમી આવ્યા અને પાછા મહારાજ પાસે આવીને ઉભા રહ્યા; પછી બ્રહ્મચારી બોલ્યા જે, 'મહારાજ ! પેલી ડોશી ક્યારની આવીને બેઠી છે.' મહારાજ કહે, 'ચાલો, ડોશી ! થાળ જમવા આવીએ.'' પછી ડોશી એકદમ ઉતાવળી ઉતાવળી ઘરે ગઈ અને જઈને જુએ ત્યાં તો વાસણમાં કાંઈ ન મળે. પછી ઘરની ખડકીએ આવીને બાઈએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! હું ત્યાં બેસી રહી

ત્યાં તો કુતરો થાળ ખાઈ ગયો.' મહારાજ કહે, "ચાલો, કુતરો ખાય એવા કુતરાને હું ઓળખું." પછી મહારાજે જઈને જોયું અને બોલ્યા જે, "હેં ડુંગરજી ! આ તે બે પગા કુતરાએ ખાધું હશે કે ચાર પગા કુતરાએ ખાધું હશે ?" ડુંગરજી કહે, 'મહારાજ ! મને શી ખબર ?' મહારાજ કહે, "હમણાં તું ખાઈને આવ્યો અને મને શી ખબર એમ કેમ કહે છે ?" ડુંગરજી કહે, 'મહારાજ ! મારા પેટમાં તો ભૂખે ગલુડીયાં બોલતાં હતાં અને તમારે માટે તો હમણાં ડોશી થાળ કરશે પણ મારે માટે કોણ કરત ?' પછી ડોશીએ બીજો થાળ કરીને મહારાજને જમાડ્યા. ॥૩૮૭॥

એક વખત શ્રીજીમહારાજ સભામાં વિરાજમાન હતા અને કોઈ સત્સંગી બાઈ નાળીયેરનો મોટો ગોટો લાવી. પછી સભાથી છેટે ઉભી રહીને બોલી જે, 'ભગત ! આ નાળીયેર મહારાજ પાસે મેલો.' પછી ડુંગરજી ભગત નાળીયેર લેવા ગયા. તે અરધો ગોટો ભાગીને પોતાની કેડમાં કોસ્યો અને અરધો ગોટો મહારાજ પાસે મેલ્યો. તે જોઈ બાઈ બોલી જે, 'એ ભાઈ ! એને કહો કે, બધો ગોટો નાળીયેર મહારાજ પાસે મેલે. અને તમારે જોતું હશે તો હું બીજું લાવી દઈશ.' ત્યારે મહારાજ બોલ્યા જે, "ડુંગરજી ! ઓલી ડોશી શું કહે છે ?" ડુંગરજી કહે, 'મહારાજ ! હું તો સારો તે એટલો અરધો ગોટો મેલ્યો નીકર દેવને તો ત્રણ શેશું જોઈએ.' એમ કહીને મહારાજને રાજી કર્યા પછી ઉભા ઉભા ખાઈ ગયા. ॥૩૮૮॥

મહારાજ **વડતાલમાં** સભા કરીને વિરાજમાન હતા અને કોઈક પરગામનો હરિભગત હતો. તેણે મહારાજની આગળ બશેર ચોળાફળી મેલી. ત્યારે મહારાજ બોલ્યા જે, 'ભગત ! તમારા ખેતરમાં બહુ સારી ચોળાફળી થઈ છે." ત્યારે તે બોલ્યો જે, 'ના, મહારાજ ! હું રસ્તામાં ચાલ્યો આવતો હતો. તે કોઈકના ખેતરમાંથી લાવ્યો છું.' મહારાજ કહે, 'ઉપાડ, તારી ચોળાફળી. ચોરી કરીને તારે મને ખવરાવવી છે ને ? માટે જ્યાંથી લાવ્યો ત્યાં પાછી નાંખી આવ્ય." પછી મહારાજે તેની પાસે ચોળાફળી ઉપડાવીને જ્યાંથી લાવ્યો હતો ત્યાં પાછી મોકલાવી દીધી. માટે ચોરી કરીને દાન ન કરવું. ॥૩૮૯॥

ગામ **વડતાલમાં** ચોક વચ્ચે બે ઓટા છે. ત્યાં બે ઢોલીયા ઉપર બે ગાદી નંખાવીને અયોધ્યાપ્રસાદજીમહારાજ તથા રઘુવીરજી મહારાજને બેસાર્યા અને બન્ને ભાઈઓને બસો બસો રૂપિયાની શાલો ઓઢાડીને ડોકમાં સોનાના દોરા પહેરાવ્યા. પછી મહારાજે નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને બોલાવ્યા અને કહ્યું જે, "નરનારાયણદેશના હરિભક્ત હોય તેમની પાસે અયોધ્યાપ્રસાદજીમહારાજની પૂજા

કરાવો.'' એમ નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને મહારાજે ભલામણ કરી. પછી હરિમંડપ ઉપર પોતે ગાદી તકીયો નંખાવીને પોતે બેવેશમાં વિરાજમાન થયા. અને બન્ને દેશના હરિજનો પાસે બન્ને આચાર્યની પૂજા કરાવી. તે જોઈને મહારાજ અતિશય પ્રસન્ન થયા ને પોતાનો પ્રતાપ બેય આચાર્યમાં મેલ્યો. ॥૩૯૦॥

એક વખત શ્રીજીમહારાજ **આણંદ** પધાર્યા હતા અને ત્યાં ગામને પાદર નીસર્યા એટલે ગામનાં કેટલાક દ્વેષી માણસ હતાં. તેમણે છોકરાઓ પાસે મહારાજ ઉપર ધુળ નંખાવી. તે સમે મહારાજ સાથે સુરોખાચર તથા સોમલોખાચર વગેરે કાઠી હતા અને દાદાખાચરના નોકર મારવાડા પણ સાથે હતા. પછી તે સૌ હથિયાર ઉગામીને લોકને મારવા દોડ્યા. પછી શ્રીજીમહારાજે સૌને પોતાના સોગન દીધા જે, ''કોઈને આંગળી અડાડો તો તમને મારા સમ છે.'' પછી શ્રીજીમહારાજ વડતાલ પધાર્યા અને સભા કરીને બોલ્યા જે, ''અત્યારે આપણે કેવા શાંતિથી બેઠા છીએ અને જો કોઈને માર પછાડ કરી હોત તો આપણે અત્યારે સાબરમતી ઉતરવી પડત. માટે સૌએ ક્ષમા રાખવી એ મોટો ધર્મ છે.'' એમ વાત કરી. ॥૩૯૧॥

**કાનમ દેશ**માં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને ત્યાં મહી નદીને કાંઠે એક ગામ હતું. ત્યાં એક હરિજન રહેતો હતો. તે વહેવારે બહુ દુર્બળ હતો. તેને ઘેર શ્રીજીમહારાજ પધાર્યા. તે વખતે તે હરિજન ખેતી કરીને ઘેર આવ્યો અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યો અને બોલ્યો જે, 'મહારાજ ! આજ મારે ઘેર મેમાનગતિ કરો. જુઓ, આ ભદવામાં ચીણો ભર્યો છે અને આ ભદવામાં બાવટો ભર્યો છે અને આ ભદવામાં બાજરી ભરી છે. તેમાંથી ઘોડાને પાવરા અપાવો.' પછી કાઠી સૌ બોલ્યા જે, 'ગટકડું બાજરાનું ભર્યું છે તેના પાવરા કેમ ભરાવાય ? જો ને માળો મૂરખ કેવો છે ?'એમ વાત કરે છે ત્યાં તેનો છોકરો આવ્યો. તે બોલ્યો જે, 'બાપા ! બાપા ! મને ક્યાંઈક વેચી આવો અને મહારાજની મેમાનગતિ કરો. તેવામાં તેની સ્ત્રી બહારથી આવી. તે થાળી તથા તાંસળી લઈને ચાલી. ત્યારે મહારાજ બોલ્યા જે, 'ક્યાં ચાલી ?' ત્યારે બાઈ બોલી જે, 'મારો સાડલો વેચીને તમારી મેમાનગતિ કરવી છે.' તેને મહારાજે પાછી બોલાવી અને પછી મહારાજ બે બાપ દીકરાને તેના ઘરમાં બોલાવીને મળ્યા અને બોલ્યા જે, ''આજથી તમારું દાળદરપણું ગયું.'' ને તે પૈસાપાત્ર થયો. ॥૩૯૨॥

એક વખત શ્રીજીમહારાજ **સુરત** પધાર્યા હતા અને ત્યાં મસ્તુ બાગમાં ઉતર્યા હતા. પછી ત્યાંના નવાબે મહારાજને માટે બે માટલીઓ મોકલી હતી. તેમાં એક

માટલીમાં એક મોટો સર્પ પકડીને નંખાવ્યો અને બીજી માટલીમાં મરડીયા કાંકરા ભરાવ્યા. પછી બન્નેનાં મોંઢાં બંધાવીને ગોવિંદરામ કરીને બ્રાહ્મણ હતા તેની સાથે મોકલ્યું અને તેની સાથે બીજાં કેટલાંક માણસો પણ મોકલ્યાં હતાં અને કહ્યું જે, 'સ્વામિનારાયણને આ ભેટ આપજો.' પછી મહારાજ પાસે આવીને સૌ પગે લાગ્યા અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! આ નવાબે આપને માટે ભેટ મોકલી છે.' પછી મહારાજે માટલી છોડાવીને જે માટલીમાં મરડીયા પાણા ભર્યા હતા. તેમાં સાકર જોવામાં આવી અને જેમાં સર્પ હતો તેમાં ખાંડ ભરેલી જોઈ. પછી મહારાજે આખી સભાને માટલીમાંથી મુઠીયે મુઠીયે સાકર આપી અને એકમાંથી સૌને મુઠીયે મુઠીયે ખાંડ આપી તોપણ માટલીઓ એમને એમ ભરી રહી. પછી મહારાજે તેનાં મોંઢાં બંધાવીને ગોવિંદરામને કહ્યું જે, ''આ લ્યો. આ નવાબને પાછી ભેટ આપજો અને તમે જો મોંઢાં છોડો તો જોઈને છોડજો.'' એમ મહારાજે કહ્યું. પછી ગોવિંદરામ બન્ને માટલીયો લઈને નવાબ પાસે ગયા અને સૌએ વાત કરી જે, 'આવી રીતે સ્વામિનારાયણે કર્યું.' તે સાંભળીને નવાબ આશ્ચર્ય પામ્યો અને નવાબ સારુ સાકરની તથા ખાંડની પ્રસાદી પણ મોકલી હતી. પછી જ્યાં માટલીયોનાં મોંઢાં છોડ્યાં ત્યાં એકમાં સર્પ અને એકમાં મરડીયા પાણા નીકળ્યા. ॥૩૯૩॥

શ્રીજીમહારાજ સુરત પાસે **ઉધના** ગામ છે ત્યાં પધાર્યા હતા. પછી સૌ હરિજન મહારાજને દર્શને ચાલ્યા. તેમાં કેટલાક પાસે બરફી તથા પેંડા વિગેરે મેવાની ભેટ લઈને ગયા અને એક હરિજને પોતાના ખીસામાં હાથ ઘાલ્યો પણ ખાલી જોયો. પછી પોતાનાં પગરખાં મોચીને ત્યાં મૂકીને તેના પૈસા લીધા અને તેની બરફી લઈને શ્રીજીમહારાજને ભેટ મૂકી. તેવા પ્રેમી હરિજન હતા. તે હાલ વર્તમાન કાળમાં પણ તેવા જ પ્રેમી છે. ॥૩૯૪॥

**વડતાલ**માં શ્રીજીમહારાજ સભામાં વિરાજમાન હતા અને ગામ ખંભાતનાં બ્રાહ્મણ બાઈ પોતાનાં પુત્ર કૃષ્ણરામને સાથે લઈને દર્શને આવ્યાં હતાં. પછી શ્રીજીમહારાજને પગે લગાડવા ગયાં એટલે પોતાના દીકરાનું માથું મહારાજની પાટ સાથે ભટકાણું. તે જોઈને મહારાજ બોલ્યા જે, ''જુઓ ને કેવો પ્રેમ છે ' છોકરાંના માથાં સોત અમને અર્પણ કરે છે.'' એમ કહી મહારાજ રાજી થયા. પછી તે બ્રાહ્મણ એકાંતિક ભક્ત થયા હતા. ॥૩૯૫॥

શ્રીજીમહારાજ **ડભાણ** યજ્ઞ કરવા પધારતા હતા અને વડતાલમાં **જોબન પગી** તથા **તખાં પગી**ને ખબર પડી જે, 'સ્વામિનારાયણ ડભાણ આવ્યા છે અને તેમની

સાથે ઘોડાં બહુ સારાં લાવ્યાં છે. માટે રાત્રે આપણે તેમનાં ઘોડાં લઈ આવવાં.' એમ પરિયાણ કરીને પાંચ સાત જણા ડભાણ ગયા. પછી રાત્રે જ્યાં ઘોડાં ચોરવા જાય ત્યાં તો તમામ ઘોડાની સરકો ઝાલીને મહારાજ ઉભેલા એટલે લેવાનો લાગ ફાવ્યો નહીં. પછી હરિજનનાં પોટલાં પડ્યાં હતાં અને ત્યાં લેવા જાય તો પોટલે પોટલે મહારાજને દેખે. એમ ત્રણ રાત ને ત્રણ દિવસ સુધી ફર્યા પણ ક્યાંય લેવાનો લાગ મળ્યો નહીં. પછી શ્રીજીમહારાજને પગે લાગીને બોલ્યા જે, 'મહારાજ ! અમને વર્તમાન ધરાવો કેમકે તમે સાક્ષાત્ ભગવાન છો અને અમે આવી રીતના સંકલ્પે આવ્યા હતા.' પછી તેમને વર્તમાન ધરાવીને સત્સંગી કર્યા. પછી તેઓ એકાંતિક ભક્ત થયા; એમ મહારાજે ચમત્કાર જણાવ્યો. ॥૩૯૬॥

મહારાજ ગામ **ઘોડાસરને** પાદર થઈને **ડભાણ** જતા હતા. તે વખતે ઘોડાસરના રાજાનો દીકરો ગામને પાદર છોકરાં ભેગો રમતો હતો. તેણે મહારાજને ભાળીને કહ્યું જે, 'બાપો આવ્યા, બાપો આવ્યા,' મહારાજ કહે, ''બાપો તો પાછળ આવે છે.'' પછી ઘડીક થયું ત્યાં મુળજી બ્રહ્મચારી ખંભે ખડીયો લઈને આવ્યા. તે ખંભે મોટો સામાનનો ખડીયો ભરેલો ને હાથમાં મોટી લાકડી હતી અને પોતાની દાઢી મોટી બહુ હતી. તે જોઈ છોકરા બોલ્યાં જે, ''બાપો આવ્યા, બાપો આવ્યા.'' બ્રહ્મચારી કહે, 'બાપો તો આગળ ગયા તે. અને હું તો એમનો બ્રહ્મચારી છું.' પછી છોકરો ઘોડે ચઢીને મહારાજ ભેળો થયો અને મહારાજને કહ્યું જે, 'ઉભા રહો. તમે બાપો છો ને કેમ ના પાડો છો ? અને આ ઘોડી ઉપર ચઢો.' પછી મહારાજ ઘોડી ઉપર ચઢીને ઘોડીને કુંડાળે નાંખી. તે એક પછેડીવામાં લાવ્યા. પછી મહારાજ ડભાણ પધાર્યા તે ખબર તે રાજાની માને પડી જે, 'મારા દીકરાને સ્વામિનારાયણ ડભાણ તેડી ગયા છે તે સાધુ કરી નાંખશે.' એમ જાણીને રાત્રીયે બાઈ પાલખીમાં બેસીને ડભાણ ગયાં અને સાથે બે દીવીયું બળતી હતી. ચોપદાર પણ સાથે હતો. પછી સભા નજીક બાઈ ગયાં એટલે ચોપદાર છડી બોલ્યો ત્યારે મહારાજ કહે, ''આ કોણ આવે છે ?''ત્યારે રાજાનો કુંવર બોલ્યો જે, 'મહારાજ ! મારી માં આવતાં હોય એવું લાગે છે. કેમકે હું તેને પૂછ્યા વિના આવ્યો છું.' બાઈએ એવો સંકલ્પ કર્યો હતો જે, 'હું સ્વામિનારાયણ ભગવાન પાસે જાઉં અને જમણા કાનની બુટ્ટી ઉપર તલ દેખાડે તો ભગવાન ખરા.' પછી તે બાઈ સભા નજીક આવી એટલે સાધુ ઉઠી ઉઠીને ભાગવા મંડ્યા ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા 'મહારાજ, ઉઠો, ઉઠો, અમને ઉપવાસ પડાવશે.' પછી બાઈ બોલી જે, 'મહારાજ ! બેસી રહો. હું પણ તમ જેવી છું.' બાઈ જાણે જે, 'આ બધાય રાંડેલા ભેળા થયા છે અને હું પણ રાંડેલી છું.' પછી મહારાજ સામા ઉઠીને બાઈ પાસે ગયા. મહારાજે દીવી મંગાવી અને

બોલ્યા જે, 'બાઈ ! જોને મારી કાનની બુટ્ટીએ કાંઈ થયું છે ?'' પછી મહારાજની જમણી બુટ્ટીએ તલ જોઈને બાઈ બોલી જે, ''મારા દીકરાએ ભગવાન ઓળખ્યા.' એમ કહીને તે વર્તમાન ધારીને સત્સંગી થઈ. ॥૩૯૭॥

શ્રીજીમહારાજે ગામ ડભાણ યજ્ઞ કર્યો હતો ત્યારે ગામોગામ કંકોત્રીઓ ફેરવી અને ગામ **રોહીસાળાના લક્ષ્મીરામ** કરીને બ્રાહ્મણ હતા અને **આણંદજી** કરીને વાણીયા હતા. તે બન્ને જણ ડભાણ જવાને તૈયાર થયા પણ લક્ષ્મીરામ ઘરનાં બહુજ દુર્બળ હતા. તેમનો મિત્ર એક ભરવાડ હાજો ગમારો કરીને હતો. તેને કહ્યું જે, 'મારે સ્વામિનારાયણને દર્શને જવું છે તો તું મને કાંઈ આપીશ ?' ભરવાડ કહે, 'મારી પાસે બીજું તો કાંઈ નથી પણ મારી ઘરવાળીનાં બાર રૂપિયાના રૂપાના કડલાં છે. તે કહે તો આપું.' પછી તે કડલાં આણંદજી કોઠારીને ત્યાં મૂકીને સાત રૂપિયા લીધા. પછી તે બન્ને જણા ડભાણ ગયા. ત્યાં શ્રીજીમહારાજને દંડવત કરીને પગે લાગીને સાત રૂપિયા ભેટ મૂકી. પછી મહારાજે તે રૂપિયા હાથમાં લઈને ઉછાળ્યા અને મહારાજ બોલ્યા જે, 'આ બ્રાહ્મણના નિર્ગુણ દ્રવ્ય આવ્યા તે ડભાણનો યજ્ઞ પુરો થઈ રહ્યો.'' પછી તે યજ્ઞની સમાપ્તિ થઈ ત્યાં સુધી રહ્યા અને પછી ઘરે આવ્યા અને ઘરે આવીને લક્ષ્મીરામભાઈએ આણંદજીભાઈને ચાંદલો કર્યો તે દક્ષિણાનો એક રૂપિયો આપ્યો. પછી તે રૂપિયાના મરચાનાં બી લઈને તેનો હવેજ કરીને વેચ્યો. તેમાંથી નફો થયો અને તેમ વેપાર કરતાં કરતાં શ્રીજીમહારાજની કૃપાથી સાઠ હજાર રૂપિયાના આસામી થયા અને તેણે ગઢપુરમાં શ્રીગોપીનાથજીમહારાજની ઘણીક સેવા કરેલી છે. એમ મહારાજની શ્રદ્ધાપૂર્વક સેવા થોડી કરી પણ દારિદ્રપણું ગયું. ॥૩૯૮॥

શ્રીજીમહારાજે **ડભાણ** યજ્ઞ કર્યો ત્યારે ઘણાક હરિજનોને ઘણેક ઠેકાણે મહારાજે દર્શન આપેલું અને પોતાનાં ઐશ્વર્ય વડે તે યજ્ઞ પુરો કર્યો. યજ્ઞનો જ્યારે પ્રારંભ કર્યો ત્યારે ખંભાતથી એક ગાઉ છેટું મોટા બંગલા જેવું એક છપર કર્યું અને ત્યાં તમામ સામાન ઘી, ગોળ, ખાંડ, ચોખા, દાળ, ઘઉં વિગેરેના મોટા મોટા ગંજ કરેલા અને ફરતા ગામના લોકને ભાડે બોલાવીને તમામ સામાન ડભાણ મોકલતા અને પોતે શેઠનું સ્વરુપ ધારણ કરીને કેટલાક નોકરોની સાથે ત્યાં રહેતા. પછી એક વખત મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! આ ગાડાવાળાને ભાડું તથા ખાવાનું કાંઈ આપતા નથી. તેનું કેમ થાય છે ?' ત્યારે મહારાજ કહે, ''સ્વામી ! આપણે તો જે સામાન આવે તે ઉતારી લેવો અને તેની પહોંચ તેને લખી આપવી અને બીજો ખરચ તો ત્યાં શેઠ છે તેણે માથે રાખેલ છે માટે તેની ચિંતા આપણે રાખવી નહીં.'' ॥૩૯૯॥

અને **કચ્છ** દેશનાં હરિજન મહારાજને દર્શને આવેલ હતા. તે થોડાક દિવસ ડભાણમાં રહીને પોતાને ઘેર જવાને તૈયાર થયા. ત્યારે મહારાજ કહે,'' તમે જાઓ અને તમારાં સંબંધીઓને મોકલજો.'' એમ રજા લઈને ઘરે જવા રવાના થયા. તે દેવળીયા ગામને પાદર સવારના ચાર વાગે નીકળ્યા. તે વખતે સંત બધા નહાવા આવ્યા હતા તેમાં નહાતા નહાતા સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભજન કરતા હતા. તે સાંભળીને હરિજન આવીને પગે લાગ્યા ત્યારે સંતે પૂછ્યું જે, 'ક્યાંથી આવ્યા ?' ત્યારે હરિજને કહ્યું જે, 'અમે ડભાણ મહારાજને દર્શને ગયા હતા અને ડભાણ મહારાજ મોટો યજ્ઞ કરાવે છે.' સંત કહે, 'મહારાજ તો એક માસ થયાં આંહીંયાં છે અને નિત્યાનંદસ્વામી ભાગવતની કથા કરે છે.' પછી તે હરિજન સંત સાથે ગામમાં ગયા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. ત્યારે મહારાજ કહે, 'ભક્તો ! ક્યાંથી આવો છો ?'' હરિજન કહે, 'અમે ડભાણ ગયા હતા.' મહારાજ કહે, ''ડભાણ શું છે ?'' ત્યારે હરિજન કહે, 'મહારાજ ! તમે ત્યાં એક લાખ બ્રાહ્મણ ભેગા કર્યા છે.' અને એક મોટો મંચ કર્યો છે તે ઉપર હંમેશા વિરાજમાન થાઓ છો. તમે અમને રજા આપતી વખતે આજ્ઞા કરી છે જે, તમે ઘરે જાઓ અને તમારા સંબંધીને મોકલજો.' મહારાજ કહે, ''એક માસ થયાં તો અમે આંહીંયાં છીએ અને ભાગવતની માસિક પારાયણ થાય છે.'' એમ વાત કરે છે ત્યાં તો ગામ ધમડકેથી કંકોતરી લઈને બ્રાહ્મણ આવ્યો જે, ''મહારાજ ત્યાં ભાગવતની સપ્તાહ કરાવે છે માટે સૌ તેનો લાભ લેવા આવજો.'' પછી તે સાંભળીને સૌ હરિજન આશ્ચર્ય પામ્યા અને ત્યાંથી મહારાજની રજા લઈને દેશમાં ગયા. એમ અનેક ઠેકાણે દિવ્ય સ્વરૂપે દર્શન આપતા હતા. ॥૪૦૦॥

ગામ **વડનગર**ના વિપ્ર **મોતીરામ** કરીને હતા. તે ડભાણના યજ્ઞમાં દર્શને આવ્યા હતા. તે યજ્ઞ પુરો થઈ રહ્યા પછી પોતાને ઘરે ગયા અને પોતાના કાકા શોભારામને મળવા ગયા. ત્યારે શોભારામ બોલ્યા જે, 'મોતીરામ ! કેમ દેખાતો નહોતો ?ક્યાં ગયો હતો ?' ત્યારે મોતીરામ કહે, 'કાકા ! હું ડભાણ ગયો હતો.' શોભારામ કહે, 'ડભાણ શું હતું ?' મોતીરામ કહે, 'સ્વામિનારાયણે યજ્ઞ કર્યો. તેમાં એક લાખ બ્રાહ્મણ ભેગા કર્યા હતા અને એકહજાર બ્રાહ્મણ વરુણીમાં વરાવ્યા હતા અને પરનાળે અખંડ ધારાએ ઘી કુંડમાં હોમાતા હતા.' તે સાંભળીને શોભારામ બોલ્યો જે, 'સ્વામિનારાયણનો યજ્ઞ પુરો થયો ?' મોતીરામ કહે, 'હા, કાકા! પુરો થયો.' ત્યારે શોભારામ બોલ્યો જે, ''જા ભાઈ જા હું નહીં નીકર તો છેલી બાકી કુંડમાં પડીને પણ એનું ભુંડું દેખાડત.' એમ કહીને ગાદી ઉપર હાથ પછાડ્યો અને બોલ્યો જે, 'મોતીરામ ! જો તારા સ્વામિનારાયણ

ભગવાન હોય તો હું આઠ દહાડામાં આંધળો થાઉં.' પછી તે આઠ દહાડાને બદલે ચાર દહાડામાં આંધળો થયો. પછી મોતીરામને કહ્યું જે, 'બાપ ! મોતીરામ ! તું સ્વામિનારાયણની પ્રાર્થના કર તો હું દેખતો થાઉં.' ત્યારે મોતીરામ કહે, 'કાકા ! તમે તો આંધળા જ સારા.' એમ જે આસુરી જીવ હોય તે અવળું જ માંગે. ॥૪૦૧॥

ગામ **મહેમદાવાદના દુલભજી અને બેચર** બે હરિજન હતા. તે બેઉને અણબનાવ હતો. પછી તેમને એક કરવાને માટે શ્રીજીમહારાજ ત્યાં પધાર્યા હતા. પછી મહારાજે બેચરભાઈને કહ્યું જે, ''અમે કહીએ તેમ કરશો ?'' બેચરભાઈ કહે, 'હા, મહારાજ.' પછી મહારાજ કહે, ''તમે દુલભજીના જોડા લ્યો અને દુલભજી તમારી પાઘડી લ્યે. પછી બન્ને જણા સાથે બજાર વચ્ચે ચાલો,'' પછી મહારાજે દુલભરામને કહ્યું જે, ''તમે બેચરભાઈની પાઘડી લ્યો અને તે તમારા જોડા લ્યે.'' તે સાંભળી દુલભરામ બોલ્યા જે, 'હું જ્યારે બેચરની પાઘડી લઉં ત્યારે થઈ રહ્યું ને ? પછી મારી આબરુ શી ?' આ સાંભળીને શ્રીજીમહારાજ કુરાજી થઈ ગયા અને ત્યાંથી ચાલી નીકળ્યા. જ્યારે શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા. તે પછી તેઓ બન્ને જણા એક થયા પણ મહારાજના કહેવે કરીને એક ન થયા તે ન થયા. ॥૪૦૨॥

મહારાજ **અસલાલીને** પાદર સભા કરીને બેઠા હતા અને ત્યાં મહારાજે ચાર સદ્‌ગુરુઓને બોલાવ્યા. મુક્તાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી તથા ચૈતન્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી; એ ચાર સદ્‌ગુરુને બોલાવીને કહ્યું જે, ''તમો નરનારાયણ તથા લક્ષ્મીનારાયણદેવનું ધ્યાન કરો.'' ત્યારે તે ચારે જણા બોલ્યા જે, 'મહારાજ ! ધ્યાન તો તમારું થાય. બીજા દેવનું ધ્યાન થાય નહીં.' મહારાજ કહે, ''તમે અમારું માનતા નથી તો સભામાંથી બહાર જઈને છેટે બેસો.'' પછી એક આંબો હતો. તે નીચે જઈને ચારે જણા બેઠા. તે વખતે વેણીભાઈ ગામમાંથી દર્શને આવ્યા. તેમણે મહારાજને પૂછ્યું જે, 'ઓલ્યા ચાર સદ્‌ગુરુ છે તે છેટે જઈને કેમ બેઠા છે ?' મહારાજ કહે, ''તેમને સભામાંથી બહાર કર્યા છે.'' વેણીભાઈ કહે, 'કે શા સારુ ?' મહારાજ કહે, ''અમે કહ્યું તે અમારું માન્યું નહીં.'' પછી વેણીભાઈ બોલ્યા જે, 'અપરાધ થોડો ને દંડ ઝાઝો.' પછી મહારાજ કહે, ''તેમને અહીં બોલાવી લાવો.'' પછી તેઓ તેમને સભામાં બોલાવી લાવ્યા અને મહારાજ પ્રસન્ન થયા જે, ''તમે ચારે જણા ખરા જે અમારૂં પણ માન્યું નહીં.'' ॥૪૦૩॥

**વડતાલ**માં શ્રીજીમહારાજ સભા કરીને વિરાજમાન હતા અને મહારાજે કહ્યું જે, ''તમે સૌ લક્ષ્મીનારાયણદેવનું ધ્યાન કરો.'' ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે,

'મહારાજ ! ધ્યાન તો તમારૂં જ થાય. બીજાનું ધ્યાન થાય નહીં.' તે સમે એક સંત સભામાંથી ઉઠીને ઉભા થઈને બોલ્યા જે, 'હે મહારાજ ! તમે કહો તો હું લક્ષ્મીનારાયણદેવનું ધ્યાન કરું.' પછી મહારાજ બોલ્યા જે, ''મહાપુરુષ ! અમે તમને નથી કહેતા.'' તે વખતે તત્વાનંદસ્વામી સભામાંથી ઉભા થયા અને બોલ્યા જે, 'બેટીકા બાપ ! ધ્યાન તો તેરા હોગા દુસરાકા નાહીં.' આ સાંભળી મહારાજ બહુ રાજી થયા. એમ મહારાજ અનેક સંતો તથા હરિજનોની પરીક્ષા લેતા હતા. ॥૪૦૪॥

શ્રીજીમહારાજ **જેતલપુરમાં** મહોલમાં વિરાજમાન હતા અને ગોખમાં બેઠા બેઠા શેરડી જમતા હતા. તે જમીને કુચા હેઠે નાંખતા હતા. તે મોટા અખંડાનંદસ્વામી મહારાજની પ્રસાદીના આ કુચા લઈને ચૂસતા હતા. તે જોઈ મહારાજ બોલ્યા જે, ''ગધાડા હોય તે કુચા ખાય.'' ત્યારે અખંડાનંદસ્વામી બોલ્યા જે ગધી હોસો ખાતી હૈ. આ દેહ ગધાડા જેવું છે તે ખાય છે.' એમ સ્વામી બોલ્યા એટલે મહારાજ બહુજ રાજી થઈને પ્રસાદીનાં માદલીઆં સ્વામીને આપ્યાં. ॥૪૦૫॥

મહારાજ એક વખત મહોલમાં વિરાજમાન હતા અને બ્રહ્મા વિષ્ણુ ને શંકર ત્રણે દિવ્યસ્વરૂપે તેજના ગોળારુપે ત્યાં ઉતર્યા અને પછી વિમાનમાંથી ઉતરીને નોખે નોખે સ્વરૂપે થઈને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. એમ શ્રીજીમહારાજે તે મહોલમાં ઘણાં આશ્ચર્ય જણાવ્યાં હતાં. ॥૪૦૬॥

એક વખત શ્રીજીમહારાજ **જેતલપુર** ગામમાં પધાર્યા હતા. ત્યારે સાધુએ ચંદનનાં બે તપેલાં ઘસીને ભર્યાં હતાં. તે મહારાજને આખે શરીરે ચરચ્યું હતું. પછી ગામને પાદર ઉભા ઉભા સંત પાસે હાથની આંગળીઓ ફાટી જાય એવી રીતે ધુન્ય કરાવી. તે સમે એક હરિજને મહારાજને માથે છત્રી ધરી હતી. તે છત્રી લઈને મહારાજે ભાંગી નાંખી અને હરિજનને ઘરે ત્યાંથી જમવા પધાર્યા પણ તે જગ્યા બહુ સાંકડી હતી. તેથી સંતને ત્યાં ઉભા ઉભા જમાડ્યા. પછી મહારાજ ત્યાંથી દેવસરોવર પધાર્યા. ત્યાં સંતે મહારાજ ઉપરથી ચંદન ઉતારી લીધું અને પછી શ્વેત વસ્ત્ર પહેરીને મહોલમાં વિરાજમાન થયા એવું તે સરોવર પ્રસાદીનું છે. ॥૪૦૭॥

એક વખત શ્રીજીમહારાજ **અમદાવાદ** પધાર્યા હતા અને ભદ્રકાળી પાસે નીકળ્યા. તે સમે ભદ્રકાળીમાં રોઝો ઘોડો બાંધ્યો હતો તે હણહણ્યો એટલે મહારાજે તેનો શબ્દ સાંભળ્યો. પછી મહારાજ કહે, ''આ રોઝો ઘોડો હણહણ્યો માટે ચાલો ત્યાં જઈએ.'' પછી મહારાજ ભદ્રકાળીમાં પધાર્યા અને સખાસહિત રોઝા ઘોડા પાસે ગયા. પછી મહારાજે તેના ચાબુકને કહ્યું જે, 'આ ઘોડાની પછાડી છોડી નાંખ્ય. આંખ્યના ડબલાં

પણ છોડી નાંખ્ય.'' પછી ચાબુક બોલ્યો જે, મહારાજ ! આવો હાથી જેવડો ઘોડો છે તેની પછાડી છોડાય નહીં. કેમકે કોઈકનું નુકશાન કરે.' ત્યારે મહારાજ કહે, ''નુકશાન કરે તે અમારે માથે.'' પછી ચાબુકે ઘોડાની પછાડી અને ડાબલાં છોડી નાંખ્યાં. પછી શ્રીજીમહારાજની મૂર્તિ સામું જોઈને રોઝા ઘોડાની આંખ્યમાંથી આંસુની ધાર ચાલી નીકળી. તે જોઈને મહારાજ બોલ્યા જે, ''રોઝો ઘોડો હવે ઝાઝા દિવસ રહેશે નહીં.'' એમ કહીને ત્યાંથી ચાલી નીકળ્યા. ॥૪૦૮॥

શ્રીજીમહારાજ **અમદાવાદમાં** દરિયાખાનના ઘુમ્મટે સ્વારો સહિત પધાર્યા હતા અને ત્યાં દુર્યોધનનો નાનો ભાઈ વિકર્ણ જે પૂર્વે મુસલમાનનો રાજા થયો હતો અને જે વખતે સભામાં દ્રોપદીજીનાં ચીર તાણ્યા હતાં તે વખતે તેણે પાંડવોને પક્ષ રાખ્યો હતો. તે મરીને મુસલમાનનો રાજા થયો હતો. તે રાજા અધોગતિને પામ્યો હતો. પછી જ્યારે ત્યાં મહારાજ પધાર્યા ત્યારે તેણે આવીને માણકીની સરક ઝાલીને પગે લાગ્યો અને કારભારી તથા છડીદાર તથા ચમરવાળો છતરવાળો વગેરે સૌ આવીને મહારાજને પગે લાગ્યા. પછી સૌ સ્વારે કહ્યું જે, 'મહારાજ ! આ કોણ છે ?' ત્યારે મહારાજ કહે, ''દુર્યોધનનો નાનો ભાઈ વિકર્ણ. તેણે દ્રોપદીજીનો સભામાં પક્ષ રાખ્યો હતો. તે પુણ્યે કરીને તેને અમારો યોગ થયો અને તે હવે સત્સંગમાં જન્મ લેશે ને અમારો આશ્રિત થઈને અમારા ધામને પામશે.'' એમ પક્ષ રાખ્યાનો એવો પ્રતાપ છે. ॥૪૦૯॥

**અમદાવાદ** દરીયાખાનના ઘુમટમાં સંત રહેતા હતા અને તેમાં કેટલાક સંત વિદ્યાભ્યાસ કરતા હતા. તે ગામમાં શાળાએ જઈને પાઠ લઈ આવતા અને સૌ અહીંયાં આવી પાઠ ગોખતા. પછી તે જગ્યામાં કોઈ મોટો શાસ્ત્રી મરી ગયેલો. તે અધોગતિને પામ્યો હતો. તે પેલા જીવતા શાસ્ત્રીના જેવું રૂપ ધારણ કરીને સંતને નિત્ય પાઠ આપતા. પછી એક દિવસ પેલા જીવતા શાસ્ત્રીએ પૂછ્યું જે, 'મહાપુરુષો ! તમે ફરી કેમ પૂછવા આવતા નથી ? અને પાઠ તો શુદ્ધ અને સત્ય બોલો છો.' ત્યારે સંત કહે, 'તમે નિરંતર રાત્રે ત્યાં પાઠ શીખવવાને પધારો છો ને ?' તે સાંભળી તે શાસ્ત્રી વિચારમાં પડ્યા અને સાધુને કહ્યું જે, 'મહારાજ ! તમે બીશો નહીં ને ?' સાધુ કહે, 'અમે સ્વામિનારાયણનું ભજન કરીએ છીએ એટલે અમારી પાસે કોઈ આવી શકે નહીં.' પછી શાસ્ત્રી કહે, 'એક મોટો વિદ્વાન શાસ્ત્રી અગાઉ ગુજરી ગયો છે. તે અધોગતિને પામ્યો છે. તે તમોને શીખવાડવા સારુ આવતો હશે.' પછી રાત્રી થઈ ત્યારે સાધુને પાઠ શીખડાવવા તે શાસ્ત્રી આવ્યો. પછી સંતે તેને પૂછ્યું જે, 'તમે કોણ છો ?' ત્યારે શાસ્ત્રીએ પોતાના પૂર્વની બધી વાત કહી દેખાડી. તેથી સંત તેને

મુક્તાનંદસ્વામી પાસે લઈ ગયા ને સ્વામીએ શ્રીજીમહારાજના મહિમાની વાતો કરીને તેને ભૂતયોનીમાંથી મુક્ત કરાવીને બદ્રિકાશ્રમમાં મોકલ્યો. એવો સ્વામિનારાયણનો પ્રતાપ છે. ॥૪૧૦॥

શ્રીજીમહારાજ ખંભાતથી ચાલ્યા. તે રસ્તામાં **અશ્વત્થામા** મળ્યો અને માથા ઉપર એક ભીનું લુગડું ઢાંક્યું હતું અને હાથમાં જળની લોટી લઈને મહારાજ પાસે આવીને ઉભો રહ્યો. પછી મહારાજને કહે, 'મહારાજ ! આ જળમાં તમારું ચરણારવિંદ બોળી દ્યો.' પછી મહારાજે માણકી ઘોડીએ બેઠાં બેઠાં ચરણારવિંદ બોળી આપ્યું. તે જળ ઉભાં ઊભાં પી ગયો એટલે પાછળથી વાયરો તથા વંટોલીયો કરીને ધૂળ ઉડાડી. ત્યારે સુરોખાચર કહે, 'મહારાજ ! એ કોણ હતો ?' ત્યારે મહારાજ કહે, ''અશ્વત્થામા હતો અને તેણે આ ધૂળ ઉડાડી કેમકે તેને પાંડવ સાથે વૈર છે.'' ॥૪૧૧॥

એક વખત શ્રીજીમહારાજ **સીંજીવાડે** પધાર્યા હતા અને **જગરુપ બારોટ**ને ઘરે પુત્રનો જન્મ થયો હતો અને તે જગરૂપબારોટે બહુ જ આગ્રહ કરીને મહારાજને પોતાને ઘરે પધરાવ્યા અને ખાટલી ઉપર જન્મેલા છોકરાને સુવાડ્યો હતો અને તેનાં એકે અવયવ દેખાતાં નહોતાં. પછી મહારાજ બોલ્યા જે, ''જગરુપ બારોટ ! આ ખાટલી ઉપર માંખીઓ કેમ બહુ ઉડે છે ?'' ત્યારે જગરુપ બારોટના ઘરવાળાં બોલ્યાં, 'તમે એક દીકરો સેવા કરવા આપ્યો છે ને ?' મહારાજ કહે, ''અમે એવો આપીયે નહીં. અમે આપીએ તે એવો હોય નહીં.'' ત્યારે બાઈ બોલી જે, 'તમારા વિના બીજો કોણ આપે ?' પછી મહારાજ કહે, ''લાવો, અમારી પાસે.'' પછી મહારાજે તે બાળક (રુંઢ મુંઢ હતું તે) ના હાથ પગ તાણીને બહાર કહાઢ્યા અને બે હાથ ઝાલીને તાણીને ડોક બહાર કાઢી. પછી મહારાજ બોલ્યા જે, ''લ્યો, આ અમારો આપેલો અને આનું નામ પ્રભુદાસ પાડજો.'' ॥૪૧૨॥

મહારાજ ગામ **ઈહરવાડે** પધાર્યા હતા. ત્યાં એક હરિભક્તને ઘરે ઉતર્યા હતા. તેણે કોઈ બાઈને ઘરે રાખેલી હતી. પછી મહારાજે કહ્યું જે, ''આને રજા દે તો અમે રાત રહીયે.'' ત્યારે તે કહે, 'ના, મહારાજ ! તે તો મારી બહેન છે. મારી ભેળી રહે છે.' મહારાજ કહે, ''તારી બહેન નથી. અને તેને રજા આપ્ય અને તું મને શું જાણે છે ?'' ત્યારે તે કહે, 'મહારાજ ! તમે તો ભગવાન છો.' મહારાજ કહે, ''જો અમને ભગવાન જાણતો હોય તો તેને રજા આપ્ય નીકર અમે ચાલી નીકળશું.'' એમ મહારાજે કહ્યું પણ તેણે રજા ન આપી. તેથી મહારાજ ચાલી નીકળ્યા અને બીજે દિવસે એ બન્ને જણાનો ફજેતો થયો તે ગામમાંથી ભાગી ગયો પણ મહારાજનું કહ્યું માન્યું નહીં.

॥૪૧૩॥

એક વખત મહારાજ **વિજાપુર** પધાર્યા હતા અને ત્યાં વડની નીચે સભા કરીને બેઠા હતા અને ગામમાંથી કેટલાંક માણસ મહારાજને દર્શને આવ્યાં હતાં. તે વખતે મહારાજે વડ ઉપર જેટલાં ચકલાં બેઠાં હતાં. તેને સમાધિ કરાવી એટલે તે બધાંય વૃક્ષ ઉપરથી નીચે પડ્યાં અને સૌ જોઈને આશ્ચર્ય પામ્યાં જે, 'આ શું ? બધાંય ચકલાં ઉધાં પડ્યાં છે,' અને મહારાજ સભામાં વાતો કરતા હતા. પછી મહારાજે બધાયનો કળાહોળ સાંભળીને હાથમાં રૂમાલ હતો. તે ઊંચો કર્યો એટલે સૌની સમાધિ ઉતરી ગઈ અને બધાં ચકલાં ઉડી ઉડીને વૃક્ષ ઉપર જઈને બેઠાં. તે જોઈને સૌ આશ્ચર્ય પામ્યા. ॥૪૧૪॥

એક વખત શ્રીજીમહારાજ **વિજાપુર** પધાર્યા હતા. તે વખતે **વજીબાઈનો** ભત્રીજો પરણતો હતો અને તેનો ગોત્રેડો ભર્યો હતો. પછી મહારાજે ગામને પાદર આવીને કહેવરાવ્યું જે, ''વજીબાઈને કહેજો જે, તમારા સ્વામિનારાયણ ગામને પાદર આવ્યા છે.'' તે વખતે વજીબાઈ ગોત્રડો ભરીને ચોરે પહોંચ્યાં હતાં. ત્યાં માણસે પડખે ચડીને કહ્યું જે, 'વજીબાઈ!  તમારા સ્વામિનારાયણ પાદર આવ્યા છે.' તે સાંભળી વજીબાઈ ચુંદડી તથા મોડિયો પોતાના પતિ ઉપર ઉડાડી નાંખીને ચાલી નીસર્યા અને જઈને મહારાજને પગે લાગ્યાં. પછી મહારાજ કહે, ''વજીબાઈ ! નવાં વસ્ત્ર કેમ પહેર્યાં છે ?'' વજીબાઈ કહે, 'મહારાજ ! મારો ભત્રીજો પરણે છે તેને ગોત્રેડો ભર્યો હતો.'' મહારાજ કહે, ''ક્યાં ગોત્રીડો ?'' વજીબાઈ કહે, 'એ તો ચોરા પાસે મારા પતિને માથે મૂકી દીધો. ગોત્રેડો તો પોરે ભરશું પણ તમે ક્યારે પધારો ? ' પછી મહારાજને પોતાને ઘરે પધરાવ્યા અને થાળ કરીને જમાડ્યા. ॥૪૧૫॥

મહારાજે **ઉંઝામાં** સમૈયો કર્યો હતો ત્યાં **વજી ફઈ** તથા **જતન ફઈ** વિગેરે દર્શને આવ્યાં હતાં. પછી વજી ફઈએ કહ્યું જે, 'મહારાજ ! ફુલડોલનો સમૈયો કરવા વિજાપુર પધારજો.' મહારાજ કહે, ''વજીબાઈ !...ત્રણે વાનાં ભેળાં થાય તે શોભે નહીં.'' વજીબાઈ કહે, 'શું ?' મહારાજ કહે કે, ''એક તો હોળીનું પરબ તે ઉતરતુ અને બીજું સ્ત્રીજાતિ પણ ઉતરતી અને ત્રીજું તમારી જ્ઞાતિ (સતવારા તે) પણ ઉતરતી ; એમ ત્રણે વાનાં ભેળાં થાય તો શોભે નહીં.'' એમ કહીને મહારાજ હસ્યા. ॥૪૧૬॥

ગામ **ઉંઝામાં ઉદેકુંવર** કરીને એક બ્રાહ્મણ બાઈ હતી. તેને મહારાજે દર્શન દઈને કહ્યું જે, ''તારે ફરાળ કરીને રહેવું.'' પછી તે બાઈ નિત્ય એક શીંગોડું ખાઈને રહેતાં અને શ્રીજીમહારાજ તેમને નિત્ય દર્શન આપતા. તેણે કરીને ખટ ઉર્મિ વ્યાપતી નહીં. એવાં મુક્ત હતાં. તે જીવત પર્યંત એમને એમ રહ્યું. ॥૪૧૭॥

ગામ **દેવળીયામાં** ગરાસણી બાઈ હતાં. તેમને શ્રીજીમહારાજે દર્શન દઈને કહેલું જે, ‘‘તમારે અન્ન જળ તેર વરસ સુધી લેવું નહીં.'' પછી તે બાઈએ તેર વરસ સુધી અન્ન જળ લીધાં નહીં અને છપૈયાની યાત્રા કરી આવ્યાં અને દિવસ તથા રાત્રી થઈને એક હજાર માળા ફેરવતા. પછી શ્રીજીમહારાજના ધામમાં પધાર્યા. ।।૪૧૮।।

એક વખત મહારાજ **મેઉ** ગામમાં પધાર્યા અને **ભુખણ ભાવસારે** તાણ કરી જે, ‘મહારાજ ! મારે ઘરે પધારો.' મહારાજ કહે, ‘‘તારે ઘરે સુતક છે તે નહીં આવીએ.'' ત્યારે ભુખણ ભાવસાર બોલ્યા જે, ‘મહારાજ ! જમ્યે સુતક. પાણી પીધ્યે સુતક. પણ ખાટલે બેઠચે કાંઈ સુતક છે ?' તોય મહારાજ કહે, ‘‘ના, નહીં આવીએ,'' પછી મહારાજ તેને ઘરે પધાર્યા અને ઢોલીયા ઉપર વિરાજમાન થયા. પછી ભુખણભાઈ બોલ્યા જે, ‘મહારાજ ! બ્રહ્મા બહુ ભુલકણો છે.' મહારાજ કહે, ‘‘બ્રહ્મા ભૂલે નહિં પણ જીવ ભૂલે.'' મહારાજ કહે, ‘‘અમે એક વાર બ્રહ્માને આજ્ઞા કરી છે તે કોઈ દિવસ ભૂલ આવી નથી.'' પછી ભૂખણદાસ ઘરમાં ગયા અને પોતાની સ્ત્રીને કહ્યું જે, ‘લાવ, એ બાળક.' બાઈ કહે, ‘બોલોમાં. બોલોમાં. છ વાહાનો ટેટો મહારાજ પાસે લઈ જવાય નહીં.' ભુખણદાસ કહે, ‘લાવ્યને, હવે વાહાનો કરનારો જ ઘરે આવ્યો છે.' પછી સુપડામાં સુવાડીને મહારાજ પાસે લઈને આવ્યા અને મહારાજને કહ્યું જે, ‘જુઓ, મહારાજ ! બ્રહ્મા ભૂલ્યો છે કે નહીં ? આને મારે દીકરો કે દીકરી શું કહેવું ?' પછી મહારાજે દૃષ્ટિ કરી એટલે શરીરના અવયવ બધાં બહાર નીસર્યાં. પછી મહારાજ બોલ્યા જે, ‘‘આ તો દીકરી છે અને અમે જ્યાં હશું ત્યાં ઘીના ઘડા ભરીને લાવશે અને આનું નામ જમના પાડજો.'' પછી તે મોટાં થયાં ત્યારે ઘીનો ઘડો ભરીને નારદીપુરના નાનોભાઈ દોઢસો માણસનો સંઘ લઈને આવ્યા. તેની સાથે ગઢપુર આવ્યાં પછી મહારાજ સભામાં બોલ્યા જે, ‘‘જુઓ, ભાઈ ભુખણદાસ કહેતા જે, બ્રહ્મા ભૂલ્યો છે પણ આ બાઈ અમારા સારુ ઘીનો ઘડો ભરીને લાવ્યાં છે.'' ને તે એકાંતિક ભક્ત થયાં હતાં. ।।૪૧૯।।

એક વખત મહારાજ **મેઉ** પધાર્યા હતા અને **ભુખણ ભાવસારે** મહારાજને આગ્રહ કર્યો જે, ‘મહારાજ ! મારે ઘરે રસોઈ કરાવું.' મહારાજ કહે, ‘‘દાળ રોટલા કરાવ્ય તો આવીએ.'' પછી ઘરે જઈને દૂધપાક કરાવ્યો અને માલપુડા કરાવ્યા. પછી મહારાજને જમવા માટે બોલાવવા આવ્યા અને મહારાજ જમવા બેઠા ત્યારે દૂધપાક તથા માલપુડા મહારાજનાં થાળમાં પીરસ્યા. ત્યારે મહારાજ કહે, ‘‘ ભુખણ ભગત ! આ શું કર્યું ? '' ભગત કહે, ‘મહારાજ, ! તમે કહેતા હતા જે, દાળ રોટલા કરજો.

તે આ દાળ અને આ રોટલા કર્યા છે.' પછી મહારાજને થાળ જમાડીને સંતની પંક્તિ કરી અને સંતને જમાડ્યા ને તેમને ઘરે એક મોટો પથરો છે તે ઉપર મહારાજ બેસતા. અને સૌ ભાવસાર સોરંગી ખાંડતા. તે વખતે ભાવસાર સૌ પં પં પં એમ બોલે. તે વખતે મહારાજ પણ તેમની સાથે પં પં પં એમ કરીને બોલતા. ॥૪૨૦॥

મહારાજ **લાંગણોજ** પધાર્યા હતા અને સાથે બસો સંત હતા અને ગામમાં બ્રાહ્મણોની ચોરાસી હતી. તે ભેળી સંતની પણ રસોઈ કરી હતી. પછી બ્રાહ્મણોએ વિચાર્યું કે, 'આપણે પ્રથમ જમી લેવું ને પછી સાધુ જાણે.' પછી મહારાજે તેમનો સંકલ્પ જાણીને બોલ્યા જે, "બ્રાહ્મણ ! સંતને જમ્યા વગર રાખશે માટે પહેલાં સંતને જમાડી લીધા હોય તો ઠીક." અને બ્રાહ્મણોએ આખી રાત બધી રસોઈ કરીને તૈયાર કરી હતી. પછી સંત ચાર વાગ્યે ઉઠીને નહાવા ચાલ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, "મહાપુરુષો ! ક્યારેય શેરાના દાતણ કર્યા છે ?" ત્યારે સંત કહે, "ના, મહારાજ. શેરાના દાતણ કર્યા નથી.' મહારાજ કહે, "આજ તો શેરાના દાતણ કરો." પછી હરિજનના ફળીયામાં સંતની પંક્તિ કરી અને મહારાજે સંતને શીરો પીરસીને ખૂબ જમાડ્યા. પછી મહારાજ કહે, "મહાપુરુષો ! હવે દાતણ લઈને નહાવા જાઓ." અને પછી બ્રાહ્મણની ચોરાશીમાં ટુટો આવ્યો તે ફરી રસોઈ કરીને બ્રાહ્મણ જમ્યા. એમ મહારાજે બ્રાહ્મણોને સંકલ્પ જાણીને સંતોને જમાડી લીધા. પછી તે સૌ બ્રાહ્મણો મહારાજને પગે લાગ્યા. ॥૪૨૧॥

શ્રીજીમહારાજ **અડાલજ** પધાર્યા હતા અને ત્યાં મોટી વાવ છે તેની પાસે ઉતર્યા હતા અને નિષ્કુળાનંદસ્વામીએ વાવમાં જઈને શીલાલેખ વાંચ્યો. તેમાં લખેલ જે, 'આ વાવ મેં જે કરાવી છે તે મેં મારા પૈસાની છત્યે દેખાડવા સારુ તથા મારા વખાણ થાવા સારુ કરાવી નથી પણ આમાં કોઈક મોટા પુરુષ આવીને નહાય તો મારું કલ્યાણ થાય એટલા સારુ કરાવી છે અને બીજો ખરચ તો હું લખી શકતી નથી પણ ગાડાના ઊંગામણના એરડીયાના લાખ રૂપિયા થયા છે. તે લેખ વાંચીને નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને વાત કરે જે, ' હે મહારાજ ! આ વાવ્યમાં તો આવી રીતનો લેખ છે.' પછી મહારાજે સૌ સંતને આજ્ઞા કરી જે, "તમે નહાવો." અને પોતે પણ નહાયા. અને ત્યાં સૌએ ભાતાં ખાધાં અને જળ પણ તે વાવનું પીધું. પછી મહારાજ બોલ્યા જે, "આ સ્ત્રીપુરુષ સત્સંગમાં જન્મ લેશે." તે બાઈએ પેટલાદ પાસે ધર્મજ ગામ છે ત્યાં ગરાસીયાને ઘરે જન્મ લીધો અને કુશળ કુંવરબાઈ કરીને થયાં અને તેમના પતિ હતા તે સુંદરીયાણાના હેમરાજશા કરીને વાણીયા થયા અને તે શ્રીજીમહારાજને માટે નાત બહાર રહ્યા અને તેમનો પરિવાર હજી સુધી સત્સંગી અર્થે નાત બહાર છે. ॥૪૨૨॥

એક વખત શ્રીજીમહારાજ ગામ **હળવદ** પધાર્યા હતા અને ત્યાં મંદિરમાં હાલ પાટ્ય છે તે દેવને ઘેર હતી. તે ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન હતા. પછી સૌ હરિજનોએ વિચાર કર્યો જે, 'આપણે એક દુકાનેથી સાકર લઈને મહારાજને ભેટ ધરીએ.' પછી સૌ સાકર લાવીને મહારાજને ભેટ મૂકવા મંડ્યા અને મહારાજ તે પાટ ઉપર બેસીને જમવા મંડ્યા તે ત્રણ મણ સાકર ત્યાં પાટે બેઠા બેઠા જમી ગયા. તે જોઈને સૌ આશ્ચર્ય પામ્યા. તે પાટ હાલ ત્યાંના મંદિરમાં છે. ॥૪૨૩॥

કચ્છ દેશમાં ગામ **ખોખરી** છે ત્યાં રામાનંદસ્વામી પધાર્યા હતા. અને સ્વામી ત્યાંથી ચાલ્યા ત્યારે બધાય હરિજન બહુ દિલગીર થઈ ગયા અને બોલ્યા જે, 'સ્વામી ! તમો પાછા ક્યારે પધારશો ?' ત્યારે સ્વામી કહે, 'તમારે ઘેર ભગવાન પધારશે અને આ લીંબડી નીચે ઉભા રહેશે અને આ ઓટા ઉપર તમે ગાદી તકીયો નાંખશો તે ઉપર બેસશે અને તમે કહેશો તેટલો થાળ જમશે. તેને તમે ભગવાન જાણજો.' પછી થોડા દિવસ પછી શ્રીજીમહારાજ તેને ઘેર પધાર્યા અને **લીબડી** નીચે જઈને ઉભા રહ્યા. પછી હરિભક્તોએ ઓટા ઉપર ગાદી તકીયો નાંખ્યો. તે ઉપર વિરાજમાન થયા અને તેઓએ કહ્યું તેટલો થાળ જમ્યા. પછી તેમણે રામાનંદસ્વામીની કહેલી વાત બધી કહી દેખાડી એમ મહારાજે પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો. ॥૪૨૪॥

શ્રીજીમહારાજ **ભૂજમાં** પધાર્યા હતા અને સૌ હરિજનને સાથે લઈને હમીર તળાવે નહાવા જતા હતા. ત્યાં રસ્તામાં એંશી ખાખી પંચધુણી તાપતા હતા. પછી હરિજનોએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! આ બહુ તપસ્વી છે. તેને જમાડ્યા હોય તો બહુજ પુન્ય થાય.' ત્યારે મહારાજ કહે, ''જાઓ અને મોતીયા જલેબી લઈ આવો.'' પછી હરિભક્તોએ ગામમાં જઈને ચાર ટોપલા જલેબીના ને ચાર ટોપલા મોતીયા લાડુના લાવ્યા ને મહારાજ પાસે લાવીને મેલ્યા અને મહારાજ છેટે બેઠા હતા. પછી મહારાજ કહે, ''જાઓ, એના મહંતને પૂછી આવો જે, સ્વામિનારાયણ તમને મોતીયા જલેબી જમાડે છે તે તમે જમશો ?'' પછી હરિભક્તોએ જઈને મહંતને પૂછ્યું જે, 'તમે જમશો?' ત્યારે મહંત કહે, 'એ નુગરાનું અમે ન જમીએ.' એમ કહીને મહારાજની ઘણીક નિંદા કરી. તે સાંભળીને મહારાજને આવીને કહ્યું જે, 'મહારાજ ! મહંત તો ના પાડે છે.' ત્યારે મહારાજ કહે, ''તેના ભંડારી પાસે લઈ જાઓ.'' પછી ભંડારી પાસે જઈને કહ્યું જે, 'તમને સ્વામિનારાયણ મોતીયા જલેબી જમાડે છે.' ત્યારે ભંડારી બોલ્યો જે, 'બહુ સારુ. લાવો.' ત્યારે મહંત કહે, 'આંહી નહીં. એનું ખવાય નહીં. તે તો નુગરા હે. મોચી હે.' એમ તેઓ બોલાચાલી કરવા માંડ્યા. પછી મહારાજને

હરિજનોએ તે વાત કરી અને બોલ્યા જે, 'તેમાં બે તડાં પડ્યાં છે એટલે ભંડારી કહે કે, લાવો. ને મહંત કહે નહીં.' તેથી મહારાજ કહે, 'જાઓ, આ બધું ભંડારી પાસે જઈને મેલજો.'' તે પ્રમાણે ભંડારી પાસે ટોપલા મૂક્યા. તે તેના ચેલા લઈને ચાલ્યા. તે વખતે મહંત ઉભો થયો અને ટોપલાની મના કરવા મંડ્યો. તે વખતે તે એક બીજાને ખૂબ બોલાચાલી થઈ અને ત્યાં લાકડાના ફાચરા બાળવા માટે પડ્યા હતા. તે એક બીજા લઈને સામ સામા ઉપરા ઉપર મારવા મંડ્યા. તે લોહી લોહાણ થઈ ગયા. તે જોઈ હરિજન બોલ્યા જે, 'વોય વોય આ તો ત્યાગી નહીં પણ આ તો ખુંટીયા છે.' અને ભંડારીની કોર ઝાઝા થયા. તેથી મહંતની કોર થોડા રહ્યા. પછી ટોપલા લઈ મહારાજ પાસે આવ્યા. પછી મહારાજ કહે, ''ચાલો, મહારાજના ઢોરને ખવરાવીયે.'' પછી જ્યાં ધર્મશાળામાં ગયા. ત્યાં તો ઢોર પણ વગડામાં ચરવા ગયા હતાં. પછી મહારાજ ચાલ્યા તે મલ્લશાળા પાસે નીકળ્યા તેમાં મલ્લકુસ્તી કરતા હતા. તેના થપાટાની ગર્જના થાતી હતી. તે સાંભળીને મહારાજ બોલ્યા જે, ''આ શું થાય છે ?'' ત્યારે હરિજન કહે, 'મહારાજ ! આ મલ્લ રમે છે અને ત્યાં મલ્લનો અખાડો છે.' ત્યારે મહારાજ કહે, ''ચાલો આપણે જોવા જઈએ.'' પછી મહારાજ મલ્લના અખાડામાં પધાર્યા અને ગંગારામ મલ્લ બેઠા હતા. તેને કહ્યું જે, ''તમે કેમ રમતા નથી ?'' ગંગારામ કહે, 'સો સો ગાઉમાં મારો બરોબરીઓ કોઈ નથી.' એમ કહ્યું એટલે મહારાજે કહ્યું, ''ઝાલો મારો હાથ.'' ત્યારે ગંગારામ મલ્લ કહે, 'મહારાજ ! રહેવા દ્યો. સો નાળીયેર તો હું મુઠીયે ભાંગી નાંખું છું અને આ તમારા મુઠી જેટલાં હાડકાં છે તે ગોત્યાં નહીં જડે !' પછી ગંગારામ મલ્લે મહારાજનો હાથ પકડ્યો અને મહારાજે આંચકો મારીને હાથ ખેંચી લીધો. તે જોઈને ગંગારામ મલ્લને ઘણીજ ગ્લાનિ થઈ. પછી મહારાજ કહે, ''લાવો, તમારો હાથ.'' પછી મહારાજે ગંગારામ મલ્લનો હાથ ઝાલ્યો. તે મલ્લની આંગળીયે લોહીના ટશીયા આવ્યા એટલો ભીસ્યો અને શ્રીકૃષ્ણરૂપે દર્શન દીધાં. પછી ગંગારામ મલ્લ શ્રીજીમહારાજના પગમાં પડ્યા અને મહારાજને કહ્યું જે, 'તમે તો સાક્ષાત્ ભગવાન છો અને અમે સૌ રામાનંદસ્વામીના આશ્રિત છીએ પણ આજથી તમારા આશ્રિત જાણજો.' પછી જલેબી મોતીયાના ટોપલા હતા. તે મલ્લને જમાડ્યા ને પછી મંદિરમાં પધાર્યા. ॥૪૨૫॥

કચ્છમાં **રીંગણીયું** કરીને ગામ છે ત્યાં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને રામજી કરીને સુતાર હરિભક્ત હતો તેને મહારાજે કહ્યું જે, ''અમે ભગવાન નથી.'' સુતાર કહે, 'ના, તમે ભગવાન છો.' પણ મહારાજે ના પાડી અને પછી મહારાજે તેને આજ્ઞા

કરી જે, 'આ માણકી ઘોડીને પાઈ આવ્ય.'' પછી તે તળાવમાં ઘોડી પાવા માટે ગયો એટલે ઘોડી અને રામજી એ બન્ને જણાં તળાવમાં ઊંડા પાણીમાં ઉતરી ગયાં. તે વખતે મહારાજે દિવ્યસ્વરૂપે આવીને બન્નેને બહાર કાઢ્યાં. પછી રામજી ઘોડી લઈને મહારાજ પાસે આવ્યો અને ઘોડીની સરક મહારાજ સામી ઉગામીને ઉભો રહ્યો અને કહ્યું જે, 'કહો ભગવાન નહીં તો મારું છું.' એમ ખરેખરા રૂપમાં આવીને સરકનું બેવડું મારવા તૈયાર થયો. ત્યારે મહારાજ બોલ્યા જે, ''અમે ભગવાન. ભગવાન. ભગવાન.'' ત્યારે રામજી બોલ્યા જે, 'હેં માર તો ચૌદમું રતન છે ને ? ભગવાન કહેવરાવ્યા કે નહીં ?' એમ કેટલાક તો એવાય ભક્ત હતા જે પારણે ભગવાન કહેવરાવ્યા. ॥૪૨૬॥

મહારાજ **અળૌયા** ગામમાં વિરાજમાન હતા અને નારણજી સુતારને ઘેર લીંબડા નીચે સભા કરીને વિરાજમાન હતા અને એક થંભ ઉભો કરીને મોદીયું બાંધ્યું હતું. તે વખતે નિષ્કુળાનંદસ્વામીનો સાળો લાલજી સુતારને તેડવા આવ્યો હતો. તેણે આવીને મહારાજને કહ્યું જે, 'મારા બનેવીને કેમ સાધુ કર્યો ?' ત્યારે મહારાજ કહે, ''મેં ક્યાં સાધુ કર્યો છે ? તારી બહેન કુહાડે કુટાવતી હતી. તેમાં સાધુ થયો.'' તે વખતે લાકડાનો થંભ ઝાલીને ઉભો હતો એટલે મહારાજે તેના સામી દૃષ્ટિ કરી. પછી તે થરથર કંપવા લાગ્યો. તે વખતે લીંબડાને થડ મકોડાની હાર થંભી રહી હતી. તે જોઈને મહારાજ બોલ્યા જે, ''આ મંકોડા પણ અમારી વાતો સાંભળવાને થંભી ગયા છે પણ આ મૂરખ મનુષ્યને ખબર નથી.'' એમ એ સુતારને મહારાજે કહ્યું એટલે તે મહારાજના પગમાં પડ્યો ને વર્તમાન ધારીને સત્સંગી થયો. ॥૪૨૭॥

એક વખત શ્રીજીમહારાજ વરતાલ પધારતા હતા અને રાત્રીયે અંધારું થઈ ગયું અને ધોલેરા પાસે **કાદીપુર** કરીને ગામ છે ત્યાં ગલતાનની ગાદીના બાવા રહેતા હતા. પછી મહારાજે કાઠીયોને કહ્યું જે, ''તમે કોઈ બોલો નહીં તો શીરોપુરી જમાડું.'' કાઠી કહે, 'જાઓ,મહારાજ ! નહીં બોલીએ.' વળી મહારાજ કહે કે, 'કોઈ સ્વામિનારાયણનું નામ લેશો નહીં.' પછી મહારાજ તે બાવાની જગ્યાએ દરવાજે જઈને બોલ્યા જે, ''મહંતજી ! કમાડ ખોલો.'' તે વખતે એક બાવે આવીને કમાડ ખોલ્યું અને પૂછ્યું જે, 'કોણ હે ?' ત્યારે મહારાજ કહે, ''ગલતાનકી ગાદીકા મહંત હે !'' તે સાંભળીને સૌ બાવા દોડ્યા આવ્યા અને દરવાજો ઉઘાડીને મહારાજને જગ્યામાં તેડી ગયા અને ઘોડાં બંધાવ્યાં અને સંતે મહારાજને ઢોલીયો ઢાળી દીધો અને સર્વે સખાને પણ ઢોલીયા ઢાળી દીધા. પછી ચાર પાંચ બાવા શીરો પુરી વગેરે રસોઈ કરવા મંડ્યા અને એક મહંત હતો તે હાથ જોડીને મહારાજ પાસે બેઠો. પછી મહારાજ અંતર્યામીપણે કહેવા લાગ્યા

જે, ''અમોએ સાધુ કર્યાનું લખ્યું હતું તે તમોએ સાધુ કર્યા કે નહીં ?'' મહંત કહે, 'હા, મહારાજ ! આ કરશનદાસજી અને વસનદાસજી એ બે સાધુ કર્યા.' તે સાંભળી એ બે સાધુ મહારાજના પગમાં આવીને પડ્યા. વળી મહારાજ કહે, ''તમે એક હજાર રૂપિયાની હુંડી બીડી હતી ને વડોદરામાં અમને પહોંચી હતી.'' મહંત કહે, 'ઠીક, મહારાજ !' પછી રસોઈ તૈયાર થઈ એટલે સૌને સારી રીતે જમાડ્યા અને પછી સૌ સુઈ ગયા. પછી તે સૌ બાવાએ ચાકરી પણ સારી રીતે કરી. પછી મહારાજ સૌને મર્મમાં સમજાવતા જાય જે ખબડદાર... પછી સવારે ચાલવાને માટે તૈયાર થયા. ત્યારે મહંત બહુ આગ્રહ કરવા લાગ્યો એટલે મહારાજ બોલ્યા જે, ''રહેવાય એમ નથી. અમારે દ્વારકા પરસવા જવું છે.'' પછી પ્રથમ મહારાજ માણકી ઘોડી ઉપર સવાર થયા અને પછી કાઠી સૌ સ્વાર થવા મંડ્યા. તે વખતે સુરોખાચર બોલ્યા જે, 'જય સ્વામિનારાયણ.' ત્યારે બાવા બોલ્યા જે, ' વોય માળા આ તો સ્વામિનારાયણીયા છે પણ આપણા મહંત નહીં.' પછી હાથમાં ધોકા લઈને બાવા સૌ કાઠી વાંસે થયા. પછી મહારાજે કહ્યું જે, ''સુરાખાચર! હવે પાછા વળો.'' અને ચોમાસું હતું એટલે ઘોડાં સૌનાં ગારામાં ખુંતવા મંડ્યા. પછી સુરાખાચરે ઘોડી પાછી વાળીને સરક ઝાલીને ફરી વળ્યા એટલે બાવા સૌ પાછા વળ્યા. એમ બાવાને રાજી કર્યા ને ચાલ્યા ગયા. ॥૪૨૮॥

એક વખત મહારાજ રસ્તે ચાલ્યા જતા હતા અને વગડામાં એક બાવો કોપીનભર મુનિવ્રત ધારણ કરીને બેઠો હતો તે વખતે કાઠીએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમે કહો તો આ મુનિને બોલાવીએ.' ત્યારે મહારાજ કહે, ''બેસી રહેવા દ્યોને. શા માટે હેરાન કરો છો ?'' સુરોખાચર કહે, 'ના મહારાજ ! ઘડીક તમે આઘા ઉભા રહો.' પછી સુરોખાચર ને માતરો ધાધલ બાવા પાસે ગયા અને સુરાખાચરે કહ્યું જે, 'માતરા ! મારે ભીમનાથની પાંચ રૂપિયાની માનતા છે ને આ સાક્ષાત્ ભીમનાથ આદો છે પણ બાવા પાસે લુગડો નથી. નહીં તો લુગડે બાંધીને ચાલ્યા જઈએ પણ જો બાવો મોઢો ફાડે તો મોઢામાં મેલીયે.' એમ કહીને બાવાની પ્રદક્ષિણા ફરવા મંડ્યા અને હાથમાં રૂપિયા ખખડાવતા જાય. પછી બાવે વિચાર કર્યો જે, 'લાવ્યને મોઢું ફાડું.' પછી બાવે મોઢું ફાડ્યું અને પાછળથી સુરાખાચરે ધુળની મુઠી ભરી લીધી હતી. તે બાવે મોઢું ફાડ્યું હતું એટલે તેના મોઢામાં નાંખી. પછી કાઠી સૌ બોલ્યા જે, 'મુનિ બોલ્યો. મુનિ બોલ્યો.' એમ તેની મશ્કરી કરીને ચાલ્યા ગયા. એમ કેટલાકનાં કપટ ઉઘાડાં કરતા. ॥૪૨૯॥

એક વખત મહારાજ **સુરત** પધારતા હતા. ત્યાં એક બાવો રસ્તે મળ્યો અને મહારાજને આડો ફરીને ઉભો રહ્યો અને મહારાજને કહ્યું જે ''ક્યું મત ચલાયે ''

મહારાજ કહે, ''બાવાજી ! અમે મત નથી ચલાવ્યો. ઓલ્યો પાછળ જાડો ચાલ્યો આવે તેણે મત ચલાવ્યો છે માટે ત્યાં જાઓ.'' પછી મહારાજે સુરાખાચરને કહ્યું જે, ''સુરાખાચર, આ બાવાને જવાબ દેતા આવજો.'' પછી સુરોખાચર કહે, 'બહુ સારુ, મહારાજ !' પછી સુરાખાચરે બાવાને કહ્યું જે, 'આવો બાવાજી! એમણે ક્યાં મત ચલાવ્યો છે ? મત તો મેં ચલાવ્યો છે.' એમ કહીને સુરોખાચર ઘોડેથી હેઠા ઉતર્યા અને હાથમાં ઘોડાની સરકનું બેવડું ઝાલ્યું અને બાવાની દાઢી ઝાલીને બરડામાં બેવડું માર્યું એટલે બાવો પડી ગયો અને કહ્યું જે, 'ગધીના ! આમ મત ચલાવ્યો.' પછી બાવો ઉભો થઈને એસી તેસી કરવા લાગ્યો એટલે સુરાખાચરે ફરી દાઢી ઝાલીને પછાડ્યો. તે બાવાના પગનો રાંધો ખડી ગયો. પછી બાવો બોલ્યો જે, 'તેરી ગૌવાં હે.' સુરોખાચર કહે, 'આમ પહેલુ બોલવું હતું.' પછી સ્વાર થઈને મહારાજ ભેળા થઈ ગયા ને બાવો રસ્તામાં પડ્યો હતો. ॥૪૩૦॥

અને ત્યાંથી મહારાજને **બુવે** પધારવું હતું. પછી મહારાજે કાઠીઓને ખાવા માટે મમરાની ઝોળીયું ભરાવી હતી. પછી એક ગામને પાદર ગયા તે વખતે નાંગમાલો બોલ્યો જે, 'એ... ખામી આ મમરાનો મારગ કીસે જાસે ? મમરાનો મારગ ?' ત્યારે સુરોખાચર કહે, 'મમરાનો મારગ તો તારો મોઢો છે પણ બુવાનો મારગ પૂછ બુવાનો. પછી બુવાનો મારગ પૂછીને બુવે પધાર્યા અને ત્યાં કાનદાસને ઘરે ઉતરીને રાત રહ્યા અને ત્યાં થાળ જમીને સુરત પધાર્યા. ॥૪૩૧॥

પછી ત્યાંથી મહારાજ જ્યારે **સુરત** પધાર્યા ત્યારે નવાબે પોતાની કચેરીમાં મહારાજની પધરામણી કરી અને એક મોટું સિંહાસન હતું તે ઉપર મહારાજને પધરાવ્યા અને સખાને માટે ચડા ઉતરીની ખુરશીઓ ગોઠવી હતી. પછી કાઠીયો સૌ ખુરશીયો ઉપર બેસવા મંડ્યા. તે વખતે ખુરશીયો કહકહવા મંડી. ત્યારે છડીદાર બોલ્યો જે, 'અદબસે બેઠનાં અદબસે બેઠનાં''એમ બોલવા લાગ્યો. ત્યારે કાઠી સૌ બોલ્યા જે, મહારાજ ! આ કાણું ભણતોસે જે, ગદબસેં બેઠનાં ગદબસેં બેઠનાં.' પછી મહારાજે ઈશારો કર્યો એટલે સૌ બેસી ગયા ને પછી અત્તરદાની લઈને અત્તર ફેરવ્યું. એટલે કોઈએ હાથમાં લીધું અને કોઈએ લુગડામાં લીધું અને કેટલાકે મોઢે ભુસ્યું અને ઝીણાભાઈ હતા તેણે એક રુમાલ ધર્યો અને તેમાં લીધું અને પોતે કચેરીની રીતે ખુરશી ઉપર બેઠા. તે જોઈ નવાબ બોલ્યો જે, 'મહારાજ ! કચેરીકે બેઠનેવાલે તો એહી એક હે. કોણ ?ઝીણાભાઈ.' ત્યારે મહારાજ કહે, ''આ સૌ ગામેતી છે પણ જંગલી લોક છે. તેને કચેરીમાં બેસવાનો અભ્યાસ નો હોય.'' ॥૪૩૨॥

# શ્રીજીમહારાજે જેની જેની રક્ષા કરી તે વાતો

**ગાંફ** ગામના હરિજન હતા. તે વરતાલ સમૈયો કરવા જવા માટે તૈયાર થયા ત્યારે બીજા હરિજનોએ કહ્યું જે, 'ઘઉંની મોસમ છે માટે અમે નહીં આવીએ અને મહારાજને અમારા નારાયણ કહેજો.' પછી બે જણા શુરવીર હતા. તેણે કહ્યું, 'અમારું તો મહારાજ સાચવશે.' એમ કહીને તે બન્ને જણા વરતાલ સમૈયે ગયા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. ત્યારે મહારાજ કહે, "બીજા કેમ આવ્યા નહીં ?" ત્યારે તે હરિજનોએ કહ્યું જે, 'મહારાજ ! તે સૌ પોતાની વાડીમાં ઘઉં સાચવવા રહ્યા છે.' ત્યારે મહારાજ કહે કે, "અમારે તમારા બેની જ ફીકર બીજાની અમારે ફીકર. નહીં." પછી સૌએ ઘઉં સીમમાંથી કાપીને ખળા વાડમાં નાંખ્યા. ત્યાં કોઈકે હોકા ભરવા સારુ દેવતા કર્યો હતો તે પવન બહુ થયો એટલે દેવતા ઊડ્યો તેથી આખી ખળાવાડ બળી ગઈ અને સૌ નિરાશ થઈને ઘરે જઈને બેઠા અને જે વડતાલ ગયા હતા તે સમૈયો કરીને ઘેર આવ્યા પછી તેણે વાત સાંભળી જે આવી રીતે બધી ખળાવાડ સળગી ગઈ. પછી બીજા હરિજન તેમને મળવા આવ્યા. તેમને મહારાજે કહેલા નારાયણ કહ્યા પછી સૌએ કહ્યું જે, 'મહારાજ ! કાંઈ બોલ્યા હતા ?' ત્યારે તેમણે કહ્યું, 'હા, મહારાજે કહ્યું હતું જે, અમારે તો તમારી જ ફીકર પણ ઘરે જે સાચવવા રહ્યા છે તેની ફીકર અમારે નહીં.' પછી તે ખેતરમાંથી બન્ને જણાય ઘઉં કાપી લાવીને ખળાવાડમાં નાંખ્યા અને ઘઉંને ચોખા કરીને ઘરે લઈ ગયા. એમ ભગવાનના થાય તો ભગવાન રક્ષા કરે. ॥૪૩૩॥

અને **ખોખરી** ગામમાં **કરશન બામણીયો** કરીને કણબી હરિભગત હતો અને રાત્રીએ તેના ખેતરમાં ત્રીશ ચોર આવીને કપાસ વીણવા લાગ્યા. પછી શ્રીજીમહારાજે એકરૂપ આવીને ચોરને બહાર કહાઢયા અને ચોરે દરેક જણે મણ મણ કપાસ વીણ્યો હતો. પછી તે ત્રીશે જણને મહારાજે તગડીને કાઢી મૂક્યા અને મહારાજ ઘોડે ચડીને ખેતર ફરતા ફરવા મંડ્યા અને બીજે રૂપે કરશન ભગતને જગાડ્યા અને કહ્યું જે, "શું સુતો છે ? તારા ખેતરમાં ત્રીશ ચોર કપાસ વીણે છે." એમ કહીને મહારાજ અદશ્ય થઈ ગયા અને કરશન ભગત જ્યાં ખેતર જાય ત્યાં તો ત્રીશ ઢગલા કપાસના જોયા અને માણકીએ ચઢીને મહારાજ ખેતર ફરતા આંટા મારતા હતા. તેમને જોઈને દંડવત કરીને પગે લાગ્યો. પછી મહારાજ અદશ્ય થઈ ગયા; એમ ભક્તની રક્ષા કરી. ॥૪૩૪॥

અને **આખા પીપળાના** ગામનો બ્રાહ્મણ હરિભક્ત હતો. તે વડતાલે મહારાજના દર્શન કરવા જવાને માટે તૈયાર થયો ત્યારે તેની મા બોલી જે, 'ખેતરમાં બાજરો સારો પાક્યો છે અને પડખે ભાવરનું ગામ છે તે લઈ જશે માટે ન જાતો.' ત્યારે બ્રાહ્મણ કહે, 'મારે ગયા વિના ચાલે તેમ નથી અને મહારાજને રાખવું હશે તો રાખશે.' પછી તે બ્રાહ્મણ વડતાલ ચાલ્યો ગયો અને પાછળથી ચૌદ ભાવરે રાત્રીએ જઈને તેનો બાજરો લણ્યો અને અનેક જણે બબે મણ ડુંડાં ભેગા કર્યા અને જ્યાં ગાંસડીયો બાંધવા તૈયાર થયા. તે વખતે દસ બાર સ્વાર લઈને મહારાજ ઘોડીયે ચડીને પધાર્યા અને ચૌદે જણાની ગાંસડીયો મેલાવી. પછી તે ચૌદ જણા સવાર સુધી તેમના ચોફાળ લેવાને ઉભા રહ્યા પણ સવાર સુધી મહારાજે સ્વારો સહિત ખેતર ફરતા આંટા માર્યા અને સવારે તે બ્રાહ્મણની માં વીશ દાડીયાં કરીને ખેતર આવી અને ખેતરને શેઢે આવી. ત્યાં તો ચોરાએ બધું લણેલું દીઠું તેથી તે બાઈ રુદન કરવા લાગી. પછી દાડીયાં બોલ્યાં જે, 'શા માટે રુઓ છો ? જે થવાનું હતું તે થયું અને ખેતરમાં તપાસ કરીએ જો સલો કરવા જેવું રહ્યું હોય તો સલો કરીએ.' પછી તે બાઈ ખેતરની માંહેની કોરે ગઈ એટલે ત્યાં ડુંડાની ચૌદે ગાંસડીયો બાંધેલી દીઠી અને તેથી તે બાઈ બહુજ રાજી થઈ અને દાડીયાંને કહ્યું જે, 'આવો. આવો. આ તો કોઈક આવેલું તેથી રહી ગયું છે.' પછી તે ચૌદે ગાંસડીયો લઈને ગાડામાં નાંખી ને ઘરે લઈ ગઈ અને થોડાક દિવસ થયા એટલે તેનો છોકરો વડતાલથી ઘરે આવ્યો. તેની આગળ તેની માએ વાત કરી જે, આવી રીતે થયું અને ચૌદ ચોફાળ આપણે ત્યાં રહ્યા. છોકરો કહે,'ચૌદ ચોફાળ ધોઈને ચૌદ ગોદડાં કર. ઓઢવા થશે.' પછી થોડાક દિવસ થયા ત્યારે મહારાજ ત્યાં પધાર્યા અને ભાવર સૌ ચોરે બેઠા હતા. તે મહારાજને જોઈને બોલ્યા જે, ''આમદભાઈ ! મમુદભાઈ ! આ રાતુવાળા !' પછી મહારાજ ઘોડે બેઠાં બેઠાં બોલ્યા જે, 'હા ભાઈઓ! અમો રાતુવાળા છીએ તમે ઓળખો છો ને !'' પછી સૌ આવીને મહારાજના પગમાં પડ્યા અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમે અમારા ચોફાળ પણ લેવા દીધા નહીં.' મહારાજ કહે, ''તમારા ચોફાળ તો બ્રાહ્મણને અર્પણ કર્યો તે લેવાય નહીં.'' ॥૪૩૫॥

ગામ **સાવદામાં શામદાસ** કરીને નગરશેઠ હતા અને તે રાત્રીયે દુકાનને સાંકળ વાસ્યા વિના ઉપર તાળું વાસીને ઘરે ચાલ્યા ગયા. દુકાનમાં તિજોરી વિગેરે માલ સંપૂર્ણ ભર્યો હતો અને પોતે ઘરે જઈને સુઈ રહ્યા. પછી મહારાજે પોલીસનો વેશ ધરી રાતમાં હાથમાં રફલ લઈને પહેરો ભર્યો અને સામી કંદોઈની દુકાન હતી તે કોઈકને ત્યાં વિવાહ હશે તેના સારુ મીઠાઈ કરતા હતા. પછી તેઓ મહારાજને જોઈ એમ વિચાર કરે જે, 'શેઠની દુકાને કોઈની તિજોરી ઉતરી હશે તેથી પહેરેદાર પહેરો ભર્યા કરે છે.'

પછી સવારના ચાર વાગ્યે મહારાજે જઈને શામદાસને જગાડ્યા અને સાદ કર્યો જે, 'શામદાસ ! એ શામદાસ ! દુકાને સાંકળ વાસ્યા વગર તાળું દીધું છે તે અમારે આખી રાત પહેરો ભરવો પડ્યો છે.'' તે શામદાસની માએ સાંભળ્યું. પછી તેમણે શામદાસને જગાડ્યા અને કહ્યું જે, 'શામદાસ ! એ શામદાસ! ઉઠય ને મહારાજ જેવું કોઈક આવ્યું છે અને કહે છે કે, ''દુકાને તેં સાંકળ દીધા વિના તાળું દીધું છે તે અમારે આખી રાત પહેરો ભરવો પડ્યો છે.' પછી શામદાસ ઉઠીને દુકાને ગયા ત્યારે કંદોઈ બોલ્યા જે, 'શેઠ ! આજ કાંઈ તિજોરી ઉતરી છે કે શું ? રાત બધી રફલ બાંધીને પોલીસ પહેરો ભરતો હતો.' ત્યારે શેઠ કહે, 'તિજોરી તો કાંઈ ઉતરી નથી પણ હું સાંકળ વાસ્યા વગર તાળું દઈને ચાલ્યો ગયો હતો એટલે સ્વામિનારાયણ ભગવાન રાત બધી જાગ્યા અને અત્યારે મને ઘરે આવીને જગાડી ગયા.' તે સાંભળીને કંદોઈ સત્સંગી થયા જે, 'સ્વામિનારાયણ તો ભગવાન ખરા.' ॥૪૩૬॥

ગામ **ઉમરેઠના નંદુ ઠાકર** ગોધરે ગયા હતા. ત્યાંથી તેઓ સાંજ વખતે ચાલ્યા તે ચાલતાં ચાલતાં રાત્રી પડી ગઈ. તે રાત અંધારી હતી તેથી રસ્તો પણ ભૂલી ગયા. પછી પોતાની ઘોડીને એક વૃક્ષને થડે બાંધીને પોતે ત્યાં બેઠા અને પછી મહારાજની સ્મૃતિ કરી. પછી પોતાને સાંભરી આવ્યું જે, 'મહારાજે સભામાં વાત કરી હતી જે, આપત્કાળ પડે ત્યારે મહારાજને સંભારવા તો ભગવાન રક્ષા કરે.' એમ વિચાર કરતા હતા. એટલામાં એક શ્વાન ભસ્યું તેનો શબ્દ સાંભળીને અને છેટેથી એક દીવો દીઠો. જેથી પોતાને વિચાર થયો જે, 'દીવો બળે છે ત્યાં મનુષ્ય હોવું જોઈએ.' પછી તેને આધારે આધારે ત્યાં ગયા અને પૂછ્યું જે, 'ભાઈ! તમે કોણ છો ?' ત્યારે તેમણે કહ્યું જે, 'અમે સરકારી માણસ છીએ.' ત્યારે નંદુભાઈ કહે, 'અમને અહીંયાં રાત રહેવા દેશો ?' ત્યારે તેમણે કહ્યું જે, 'સુખેથી રહોને. અમે માણસની રક્ષા કરવા સારૂજ અહીંયાં રહ્યા છીએ.' તેથી ઘોડી બંધાવીને ખડ નીર્યું અને કહ્યું જે, 'તમારે કાંઈ જમવું છે ?' ત્યારે કહે, 'ના, મારે જમવું નથી.' પછી તેમને ખાટલો ઢાળી દઈને સુવાર્યા અને મહારાજે તેમની પગ ચંપી પણ કરી. પછી સવારનો વખત થયો ત્યારે તેમને જગાડ્યા અને રસ્તો બતાવ્યો. ત્યાં જતાં રસ્તામાં માણસ સામાં મળ્યાં તેમને પૂછ્યું જે, 'આંહીંયાં ચોકીદાર કોઈ રહે છે ?' ત્યારે માણસો કહે કે, 'અહીંયાં તેવી ચોકી કરવાનું થાણું નથી.' તે સાંભળી નંદુભાઈ પાછા વળી તે ઠેકાણે ગયા અને જઈને જોયું ત્યારે ઘોડીની લાદ પડેલી દીઠી અને ખડ નીરેલું દીઠું પણ બીજું કાંઈ દીઠું નહીં. તેથી નંદુભાઈએ જાણ્યું જે, 'નક્કી આ તો શ્રીજીમહારાજ આવેલા.' પછી પોતે ત્યાંથી બારોબાર વડતાલ આવ્યા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. પછી નંદુભાઈ કહે, 'મહારાજ !

મારી દેશકાળમાં રક્ષા કરી તે તો ઠીક પણ તમે જે મારા પગ દાબ્યા એ અપરાધ હું ક્યાં છુટીશ ?' ત્યારે મહારાજ કહે, ''નંદુભાઈ ! ક્યારેક સેવક પગ દાબે અને ક્યારેક ગુરુએ પગ દાબે. તે અપરાધ ન કહેવાય.'' ।।૪૩૭।।

ગામ **રામપરા લાઠી** પાસે ગામમાં **બેહચર પટેલ** કણબી હરિભક્ત હતા અને તે ખેતીનું કામ કરતા અને દશોંદ વીશોંદ ચોખો ધર્માદો આપતા. તેમને એકસો વિઘાંનું ખેતર હતું. તેમાં જુવાર વાવી હતી. તે બહુ સારી પાકી હતી. પછી શ્રીજીમહારાજ સ્વાર સહિત તે ખેતર ફરતા આંટા મારી રક્ષા કરતા હતા. તેને શેઢે એક મુસલમાનનું ખેતર હતું. તે મહારાજને હંમેશાં મુસલમાન જોયા કરતો જે, ખેતર ફરતાં આ કોણ સ્વાર આંટા માર્યા કરે છે ? પછી બેહચર પટેલ સવારે ખેતર ગયા. તેની આગળ મુસલમાન બોલ્યો જે, 'બેહચર પટેલ ! બે સ્વાર શ્વેત વસ્ત્ર પહેરીને નિત્ય અહીંયાં તમારા ખેતર ફરતા શા માટે આંટા માર્યા કરે છે ?' અને મહારાજે બહેચર પટેલને રાતે જઈને કહ્યું હતું જે, ''બહેચર ! તું શા માટે ખેતર જાય છે ? તેં મારો ભાગ કર્યો છે તે સારૂ અમે રખવાળું કરીએ છીએ.'' પછી બેહચર પટેલે મુસલમાનને કહ્યું જે, 'એ તો અમારા સ્વામિનારાયણ ભગવાન તથા ગોપીનાથજીમહારાજ એ બે જણ નિત્ય આવે છે ને મને હમણાં કહી ગયા જે, અમો ખેતર ફરતી ચોકી કરીએ છીએ.' ।।૪૩૮।।

ગામ **હામાપરમાં લાલદાસ** કરીને વાણીયા હતા અને તેણે ઘઉંના ધર્માદાના બે કોથળા ભર્યા હતા અને તેની સાથે બીજા કોથળા પણ ભરેલા પડ્યા હતા. પછી એક દિવસ રાત્રે ચોર આવ્યા અને જ્યાં ધર્માદાના ઘઉંનો કોથળો લેવા જાય ત્યાં માંહેથી ''માં'' એવો શબ્દ થાય. તેથી ચોર છેટા ઉભા રહે એમ બે ચાર વખત લેવા જતી વખતે શબ્દ થયો તો પણ તે ધર્માદાના ઘઉંનો કોથળો લઈ ગયા તે વખતે તેની સ્ત્રીને મહારાજે જઈને દર્શન દીધાં અને કહ્યું જે, ''અમારા ઘઉં તારો ધણી લાવ્યા છે તે પાછા મોકલજે.'' બાઈ કહે, 'તમો કોણ છો ?'ત્યારે મહારાજ કહે, ''હું સ્વામિનારાયણ છું.'' એમ કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી ચોર ઘરે આવ્યા ત્યારે તેની સ્ત્રી કહેવા લાગી જે, 'આ તો સ્વામિનારાયણના ઘઉં છે. તે શા માટે લાવ્યા ? કોથળો પાછો મેલી આવો તે વિના હું રોટલા નહીં ઘડું અને ખાઈશ પણ નહીં.' પછી ચોર તે ઘઉંનો કોથળો લઈ પાછો મેલી આવ્યો ને લાલદાસ શેઠને કહ્યું જે, 'શેઠ ! તમારા ઘઉંનો કોથળો અમે લઈ ગયા હતા અને તમારા સ્વામિનારાયણે આવીને અમારી ઘરવાળીને દર્શન દીધાં. માટે અમે તમારી પાસે માફી માંગીયે છીએ.' એમ કહી ઘરે ગયા અને શેઠ તે ધર્માદાના કોથળા લઈને ગઢપુર નાંખી ગયા. ।।૪૩૯।।

શ્રીજીમહારાજ એક વખત ગામ કરમડ પધાર્યા હતા અને ત્યાં અન્નકૂટનો સમૈયો કર્યો અને સંતની પંક્તિ જમવા માટે થઈ હતી. તે પંક્તિમાં મોતીયા લાડુ લઈને મહારાજ ફરતા હતા. તે વખતે એક કૂતરું તે પંક્તિ વચ્ચે સોસરું પડ્યું. તેને સૌ હડ્ય હડ્ય કરવા મંડ્યા પણ કૂતરું પાછું વળ્યું નહીં અને શ્રીજીમહારાજ સામેથી પીરસીને ચાલ્યા આવતા હતા અને હાથમાં લાડવા હતા. તેનો કુતરાની સામે ઘા કર્યો તે લાગવાથી કુતરું રાડ્ય નાંખીને ભાગી ગયું. પછી મહારાજે કહ્યું જે, ''એને બે લાડવા ખવરાવો.'' પછી પાર્ષદે જઈને બે લાડવા તે કુતરાને ખવરાવ્યા ને કુતરાનો ઉદ્ધાર કર્યો. ।।૪૪૦।।

મહારાજે અગરસિંગજીને કહ્યું જે, ''દરબાર ! અમે મેરાયાં સીંચતાં જોયાં નથી.'' ત્યારે અગરસિંહજી કહે, 'મહારાજ ! અમારે ઓઝલ કહેવાય. તેથી મેરાયાં શી રીતે સીંચાય ?' પણ ફુલીબાને અને તેમને અણબનાવ બહુ હતો તેથી મહારાજને તે બેયને એક કરવાં હતાં. પછી અગરસિંહજીએ મહારાજનો બહુ આગ્રહ જોઈને કહ્યું જે, 'આપ કહેશો તેમ કરીશ.' પછી દીવાળીની રાત્રીયે અગરસિંહજી પાસેથી મહારાજે મેરાયું સીંચાવ્યું અને અગરસિંહજી મેરાયાં સીંચીને એકદમ ચાલ્યા ગયા અને ફુલીબા મહારાજના ચરણારવિંદ ઝાલીને બહુ રોયાં. પછી મહારાજ કહે, ''રુવો માં તમારું જ માનશે.'' પછી અન્નકૂટ કરીને મહારાજ ગઢપુર પધાર્યા અને દરબારમાં જે કાંઈ કામકાજ હોય તે ફુલીબાને પૂછ્યા વિના ન થાય અને અગરસિંહજીને કામ નિમિત્તે પૂછવા આવે તો કહેશે જે, 'દરબારમાં પૂછી આવો ને તે કહે તેમ કરો.' એમ મહારાજને રાજી કર્યા તો સુખીયાં થયાં. ।।૪૪૧।।

શ્રીજીમહારાજ એક વખત **લીંબડી** પધાર્યા હતા અને ત્યાંનો કારભારી હતો. તેણે છોકરાઓ પાસે મહારાજ ઉપર ધુળ ઉડાડાવી ત્યારે મહારાજ કહે, ''આંહીં આ હુતાશણી છે કે શું ?'' પછી કાઠી કહે, 'ના, મહારાજ ! હુતાશણી નથી પણ કારભારીએ ધુળ ઉડાડાવી છે.' અને શ્રીજીમહારાજનો અપરાધ કર્યો તેણે કરીને તેનો અધિકાર ટળી ગયો અને વેજાં લઈને ગામ વેજળકે વેચવા આવ્યો હતો. પછી ભીમ પંડ્યે કહ્યું જે, 'મોદી! આ શું ? આ તમે ઘોડાગાડીના બેસનારા અને તમારે માથે વેજાંની ગાંસડી ?' ત્યારે તે વાણીયો બોલ્યો જે, 'પંડ્યા ! એ તો દસકા ભોગવવાના છે.' ત્યારે પડ્યોં કહે, 'દસકો બસકો જાણતો નહીં. સ્વામિનારાયણ ઉપર ધૂળ નંખાવી તેનું આ ફળ ભોગવો છો.' પછી તે દરિદ્ર અવસ્થા ભોગવીને મરી ગયો. એમ મોટાના અપરાધ કર્યાનું ફળ છે. ।।૪૪૨।।

ગામ **રાણપરમાં ધનેશ્વર ત્રવાડી** હતા. તે શ્રીજીમહારાજને વખતો વખત આગ્રહ કર્યા કરે જે, 'મહારાજ ! મારે ઘરે એક વખત પધારો.' પછી જે વખતે શ્રીજીમહારાજ માણકી ઘોડી લેવા સારુ મીણાપર પધાર્યા હતા. તે વખતે સંધ્યા આરતી વખતે મહારાજ રાણપર પધાર્યા અને ધનેશ્વર ત્રવાડીની ખડકીએ જઈને મહારાજ ઉભા રહ્યા અને સાથે કાઠીના સાત આઠ સ્વર હતા. તે મહારાજને ભાળીને ધનેશ્વર ત્રવાડી ઘરમાં સંતાઈ ગયો. પછી મહારાજે ખડકીયે ઉભા રહીને બે ચાર સાદ કર્યા જે, ''ધનેશ્વર ત્રવાડી ! એ ધનેશ્વર ત્રવાડી ! ''ત્યારે તેનાં ઘરનું માણસ બોલ્યું જે, 'જે બોલાવતા હોય તેને કહો એ તો ઘરે નથી. ગામ ગયા છે.' એવું સાંભળીને મહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા. તે બજારમાં જતાં આલેમીયાં મળ્યા. તેણે મહારાજને કહ્યું જે, 'મહારાજ ! અત્યારે ક્યાં જાઓ છો ? અહીંઆં રોકાઓ.' ત્યારે મહારાજ કહે, ''બડે મીયાં હોત તો રોકાત.'' ત્યારે આલેમીયાં કહે, 'હમ બડેમીયાંકા બેટા હેના ? બડેમીયાં કાંઈ ઘર સાથે લઈ ગયા નથી.' પછી તેણે બહુ આગ્રહ કર્યો પણ મહારાજ રોકાણા નહીં અને ભેંશજાળ જઈને વાળુ કર્યું. એમ વખત આવ્યો ત્યારે ધનેશ્વર ત્રવાડી સંતાઈ ગયા. જીવને લોભ છે તે એવો છે ભગવાનને પણ આપે નહીં. ॥૪૪૩॥

એક વખત મહારાજ મછીયાવ પધાર્યા હતા અને **આદરેજ** અન્નકૂટનો સમૈયો કરવા જવું હતું. પછી મહારાજ બોલ્યા જે, ''ફઈબા ! આદરેજ કાગળ લઈને જાય એવું કોઈ માણસ છે ?'' ત્યારે ફઈબા કહે, 'હા, અમારા ગોરનો ભાણેજ છે તે જશે.' પછી મહારાજે દલસુખરામ (આનંદસ્વામી) ને બોલાવ્યા અને કહ્યું જે, 'દલસુખ ! તું આદરેજ જઈશ ?' ત્યારે હાથ જોડીને જવાની હા પાડી. પછી મહારાજ કહે, ''લે, આ પાંચ રૂપિયા.'' ત્યારે દલસુખરામભાઈ કહે, 'મહારાજ ! મારે તો તમે રાજી થાઓ તેમ કરવું છે અને હું રસ્તામાં ભિક્ષાવૃત્તિ કરીશ.' અને આદરેજ જતાં રસ્તામાં બીક લાગતી હતી તેથી માણસનો સંગાથ કરી આપ્યો એટલે આદરેજ જઈને હરિજનોને કાગળ આપ્યો. તે વાંચીને સૌ રાજી થયા અને અનાજ વગેરે અન્નકૂટ કરવા માટેનો સામાન સુધારવા માંડ્યો અને દલસુખરામભાઈ ત્યાં બે દિવસ રહીને પાછા મછીયાવ આવ્યા. તે વખતે મહારાજ લાંગણોજ પધાર્યા હતા. ત્યાં ગામને ચોરે વિરાજમાન હતા. ત્યાં જઈને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. પછી મહારાજ કહે, ''દલસુખ આવ્યો ?''ત્યારે તેમણે કહ્યું જે, 'હા, મહારાજ !' મહારાજ કહે, ''બધા હરિજન શું કરે છે ?'' ત્યારે દલસુખરામ કહે, 'મહારાજ ! તમારો પત્ર વાંચીને સૌએ માથે ચડાવ્યો અને અન્નકૂટ કરવાની સામગ્રી કરાવે છે.' પછી મહારાજના ઢોલીયા નીચે

શ્રીફળ પડ્યાં હતાં. તેમાંથી એક શ્રીફળ દલસુખભાઈને આપ્યું. તે ચોરાના પગથીયામાં ફોડી અરધું જમી ગયા અને અરધું ગાંઠે બાંધ્યું. પછી મહારાજે કોઈક હરિજનને કહ્યું જે, "આને ઉતારો કરાવો." પછી દલસુખ ઉતારો કરવા ગયા ત્યારે મહારાજ બોલ્યા જે, "સોમલાખાચર ! આ શું ઉતારો કરશે ?" ત્યારે સોમલોખાચર કહે, 'મહારાજ ! આડીમાં બાંગલો ખોસશે અને માંહે તુંબડી ભરાવશે.' પછી ઉતારો કરીને મહારાજ પાસે આવીને ઉભા રહ્યા અને રાતે વાળુ કરીને સૌ સુઈ ગયા. ॥૪૪૪॥

અને બીજે દિવસે સવારમાં ગામને પાદર વડ છે તેની વડવાયું વચ્ચે મોટો ચાકળો નાંખીને મહારાજ વિરાજમાન થયા ને ત્યાં દાતણ કરતા હતા અને મુક્તાનંદસ્વામી પાસે બેઠા હતા અને સંત બધાય નહાઈને પૂજા કરીને મહારાજને પગે લાગીને ઓળા ગામને મારગે ચાલ્યા. તે બબે જણ ભીના વસ્ત્રનો એક-એક છેડો ઝાલીને ચાલતા હતા. પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, 'સ્વામી ! આ પૃથ્વી કેવી શોભે છે ? જાણે ગુલાબનો બગીચો હોય એવાં સંતનાં વસ્ત્ર શોભે છે." પછી એકો જોડાવીને શ્રીજીમહારાજ તથા મુક્તાનંદસ્વામી તેમાં બેઠા અને સ્વાર બધા પાછળ ચાલ્યા અને દલસુખરામ મહારાજના એકાનું ઠાંઠું ઝાલીને ચાલ્યા ત્યારે મહારાજ કહે, "દલસુખ ! ઘરે જા. તારો બાપ ચિંતા કરતા હશે." ત્યારે દલસુખ કહે, 'મહારાજ ! મારા બાપાને કહીને હું આવ્યો છું.' પછી મહારાજ ઓળે પધાર્યા ને સંતને શીરો કરીને જમાડ્યા. ॥૪૪૫॥

એક વખતે મહારાજે વસંત પંચમીનો સમૈયો **મછીયાવે** કર્યો. તે વખતે હીમ પડવાથી તળાવનું પાણી પણ ઠરી ગયું અને કોરા ઘડા પાણીનાં ભરાવીને રાત્રે ફળીયામાં મૂકતા હતા. તે પાણીથી સવારમાં સૌને નવરાવતા અને તળાવના પાણીમાં સૌ સંત જઈને સ્નાન કરતા અને વસંતનો સમૈયો કર્યા પછી મહારાજ ફઈબા ઉપર બહુજ રાજી થયા અને કહ્યું જે, "ફુઈબા ! કંઈક વર માગો." ત્યારે તેમણે મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમારે ઠંડે પાણીયે નહાવું નહીં. નકોરડી એકાદશી કરવી નહીં. અણવાણે પગે ચાલવું નહીં.' એ વગેરે પાંચ વર માગ્યા. પછી મહારાજે કહ્યું જે, "ફુઈબા ! એ વર તમને આપ્યો." એમ મહારાજને ફુઈબાએ પ્રસન્ન કર્યા હતા અને મહારાજે ફુઈબાને લાલજી પૂજવા આપ્યા હતા અને લાલજીનું નામ દામોદર પાડ્યું હતું અને પછી મહારાજ ત્યાંથી બીજે ગામ પધાર્યા. ॥૪૪૬॥

એક વખત મહારાજને ખબર મળ્યા જે, 'ફઈબાના દીકરાની વહુ સાથે ફઈબાને અણબનાવ છે.' તે સાંભળી મહારાજ કહે, "ચાલો, આપણે સંપ કરાવીએ." એટલે

બસો સંત લઈને મહારાજ મછીયાવ પધાર્યા અને સંતોએ શીરાપુરીની રસોઈ આદરી હતી અને મહારાજ ગામ મેલણે પધાર્યા હતા. ત્યાં ફઈબાના દીકરાની વહુ રહેતાં હતાં. તેમને મહારાજે પૂછ્યું જે, ''અમે કહીએ તેમ કરશો ?'' ત્યારે બાઈ કહે, 'મહારાજ ! તમે અને મારી સાસુ મારે માથે ખડનો પુળો મૂકીને જ્યાં વેચો ત્યાં હું વેચાઉં અને જેમ તમે રાજી થાઓ તેમ કરું.' પછી મહારાજ રાજી થયા ને મછીયાવ પધાર્યા. તે વખતે દલસુખરામભાઈ લાલજીની પૂજા કરતા હતા અને ફુઈબા તથા તેની એક દીકરી પાસે બેઠાં હતાં અને મહારાજ ઘોડીયેથી ઉતરીને દાદરે ચડ્યા. પછી દાદરા વચ્ચે મહારાજ ઉભા રહ્યા. તે વખતે ફુઈબા ને તેમની દીકરી તથા દલસુખરામભાઈ એ ત્રણે જણાં મહારાજને પગે લાગ્યાં. પછી મહારાજ કહે, ''ફુઈબા ! અમે કહીએ તેમ કરશો ?'' પછી ફુઈબા બોલ્યાં જે, 'મહારાજ ! તમે કહો તેમ કરું પણ તમને મેલણાંવાળી બાઈએ ભરમાવ્યા છે તે મારાથી ન થાય ' પછી મહારાજ કહે, ''જય સચ્ચિદાનંદ...''એમ કહીને ચાલી નીકળ્યા અને સંતને કહ્યું જે, ''ચાલજો, મહાપુરુષો. '' પછી સંત રસોઈ પડતી મૂકીને બધા ચાલી નીકળ્યા અને બીજે ગામ જઈને જમ્યા. અને બાઈ રથ જોડાવીને મહારાજને પાછા વાળવા માટે ચાલ્યાં. તે વખતે એક ગરાસીયો આડો ફર્યો જે, 'બાઈરાજ! સ્વામિનારાયણ તો ભગવાન છે. તે વેન કરે છે તે હમણાં પાછા આવશે. જાય નહીં.' તે સાંભળી બાઈ પાછાં વળ્યાં. ત્યાર પછી મહારાજ તેમને ઘરે કોઈ વખત પધાર્યા નથી. ॥૪૪૭॥

# કારીયાણીની લીલા

શ્રીજીમહારાજ **કારીયાણીમાં** હાલ જ્યાં બારકોશીયો કુવો છે ત્યાં ઢોલીયો ઢળાવીને વિરાજમાન હતા. પછી મહારાજે માંચાખાચરને કહ્યું જે, ''આંહીયાં પાણી બહુ ઉતાવળા થાય છે.'' પછી તે ઠેકાણે તેમણે કુવો ગળાવવા માંડ્યો. તે વખતે શ્રીજીમહારાજે ભાદરેથી કાગળ લખ્યો હતો જે, 'ભગવાં વસ્ત્ર પહેરીને સૌ ચાલી નીકળજો.' તે કાગળ લઈને વીરદાસ પટેલ માંચાભગત પાસે ગયા. ત્યારે માંચે ભગતે કહ્યું જે, 'વીરદાસ ! કેમ આવ્યો ?' ત્યારે વીરદાસ બોલ્યા જે, 'બાપુ ! મહારાજનો કાગળ આવ્યો છે.' ત્યારે માંચોભગત કહે, 'વાંચ્ય જોઈએ.' પછી કાગળમાં લખેલ જે, પાદર હો તો ગામમાં જશો માં અને ગામમાં હો તો ઘેર જશો માં અને ઘરે હો તો ઘરમાં પેસશોમાં અને આ કાગળ વાંચીને તુરત ચાલી નીકળજો. પછી કાગળ સાંભળીને માંચોભગત બોલ્યો જે, 'વીરદાસ ! ગેરુ લાવ્યો છે ગેરુ ?' ત્યારે કહે, 'ના.' પછી ગામમાંથી કુંભારને ત્યાંથી ગેરુ મંગાવીને લુગડાં ભગવાં કરીને પહેરીને ત્યાંથી ચાલી નીકળ્યા પણ ઘરે ગયા નહીં. ॥૪૪૮॥

શ્રીજીમહારાજ **કારીયાણીમાં** વસ્તાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને ગામ ઉનાના ગણેશશેઠ મહારાજને દર્શને આવ્યા હતા અને મહારાજ પાસે પાંચસો રાળ મૂકીને પગે લાગ્યા. તે વખતે તેમને માથેથી પાઘડી નીચે પડી ગઈ અને માથા ઉપર ચોટલી ન દીઠી. તે જોઈ મહારાજ બોલ્યા જે, ''શેઠ ! કેમ માથે ચોટલી નથી ?'' ત્યારે શેઠ કહે, 'મહારાજ ! અમને ગોત્રેજ નડે છે. તે આખા કુળમાં કોઈને ચોટલી રખાતી નથી.' ત્યારે મહારાજ કહે, ''અમે ગોત્રેજને કહેશું જે તમને નહીં નડે અને ચોટલી રખાવજો.'' તે વખતે તેમની સાથે ભીખો કરીને એક કોળી હતો તે વિચાર કરવા લાગ્યો જે, 'પાંચસો રાળ આગળ મારો અરધો રુપયો શા લેખમાં ?' પછી મહારાજ બોલ્યા જે, ''ભીખા ! શું વિચાર કરે છે ? એના પાંચસો રાળ છે તે તારા અરધા આગળ કાંઈ લેખમાં નથી. માટે તારે અરધો રૂપિયો મેલવો છે તે લાવ્ય મારી પાસે.'' પછી તેનો અરધો રૂપિયો મહારાજે તેની પાસેથી હાથો હાથ લીધો. કેમ કે તેને તે ખરી મહેનતનો હતો. ॥૪૪૯॥

**દીવબંદરના** હરિજન પોશાક લઈને આવ્યા હતા. તેમની ભેળાં **પ્રેમબાઈ** કરીને એક સાંખ્યયોગી બાઈ હતા. તે ફાઉંની ભરીને એક કોથળી લાવ્યાં હતાં અને એક કોથળી ચણાની ભરીને લાવ્યાં હતાં અને તે બાળ રંડા હતાં. તેથી સુવાસણીનો વેશ

રાખ્યો હતો. પછી પોતાના બન્ને હાથ ઢાંકીને મહારાજ આગળ તે કોથળીયો મેલી. ત્યારે મહારાજ કહે, ‘‘પ્રેમબાઈ ! આ શું ?’’ ત્યારે પ્રેમબાઈ કહે, ‘મહારાજ ! આ ફાઉં ને આ ચણા.’ એમ બે ચાર વાર મહારાજે પૂછ્યું એટલે પ્રેમબાઈ ઉતાવળાં થઈ ગયાં અને લાંબો હાથ કરીને કહ્યું જે, ‘આ ફાઉં ને આ ચણા.’ તે વખતે પોતાના હાથમાં પહેરેલાં કંકણ ખખડ્યાં. તે સાંભળીને મહારાજ બોલ્યા જે, ‘‘રાંડી રાંડને ક્યારેય આવો ખખડાટ સાંભળ્યો નહોતો.’’ પછી તે બાઈએ ઉતારે જઈને બધો પોશાક ઉતાર્યો અને વાળંદ પાસે હજામત કરાવીને ધોળાં વસ્ત્ર પહેરીને પછી મહારાજ પાસે પગે લાગવા આવ્યાં. તે જોઈ મહારાજ રાજી થયા. ॥૪૫૦॥

શ્રીજીમહારાજ **કારીયાણીમાં** વિરાજમાન હતા અને દીદીમા વગેરે સૌ ધર્મકુળ દેશમાંથી આવ્યું. તેના સમાચાર સાંભળીને મહારાજ ગામનાં સીમાડા સુધી સામા ગયા હતા અને વાજતે ગાજતે ગામમાં લાવ્યા અને વસ્તાખાચરના દરબારમાં ઉતારો આપ્યો. પછી સવારે **દીદીમાએ** થાળ કર્યો અને અક્ષર ઓરડીની આથમણી ઓરડીમાં મહારાજને જમવા બેસાર્યા. પછી થાળી પીરસીને દીદીમા બોલ્યાં જે, ‘મહારાજ ! તમે નાના હતા અને હું તમને કોળીયા આપીને જમાડતી તે આજ આપણે સૌ સાથે બેસીને જમીએ અને હું તમને જમાડું.’ પછી મહારાજ કહે, ‘‘દીદી ! અમે તો કોઈના ભેળા જમતા નથી. બ્રહ્મચારીના હાથનું જમીએ છીએ અને તમારા ભેળા જમશું નહીં.’’ પછી મહારાજને થાળ પીરસીને દીદીમાએ હાથે કરીને જમાડ્યા. ॥૪૫૧॥

અને **કારીયાણીમાં** હાલ જ્યાં મંદીર છે ત્યાં મહારાજ સભા કરીને બેઠા હતા અને **ગોવિંદ** કરીને એક કણબી પગે લાગવા આવ્યો. તે દર્શન કરીને સભામાં બેઠો. ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘પટેલ ! તમારું નામ શું ?’’ ત્યારે પટેલ બોલ્યા જે, ‘મારું નામ ગોવિંદ.’ એમ બે ચારવાર મહારાજે પૂછ્યું જે, ‘‘પટેલ ! તમારું નામ શું ?’’ ત્યારે તે પટેલ અકળાઈને બોલ્યા જે, ‘આને નામની ખબર નથી અને ભગવાન કરીને બેસાર્યો છે.’ પછી મહારાજે તેના મનના સંકલ્પ કહેવા માંડ્યા અને બોલ્યા જે, ‘‘અનેક કોટી બ્રહ્માંડના જીવ ઈશ્વર તેમને હથેળીમાં જળનાં ટીપાંની પેઠે દેખું છું.’’ એમ કહીને તેના બધા સંકલ્પ કહેવા મંડ્યા. એટલે તે સભામાંથી ઉઠીને ચાલતો થયો અને સભામાં બીજા જે જે બેઠા હતા તેનાં સંકલ્પ મહારાજે કહેવા માંડ્યા ત્યારે મુક્તાનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું જે, ‘મહારાજ ! રાખો અને આમ કહેશો તો કોઈ ઉભું રહેશે નહીં ! માટે દયા રાખો.’ પછી મહારાજ બોલતા બંધ થઈ ગયા. ॥૪૫૨॥

અક્ષર ઓરડીની ઓસરીમાં મહારાજ સભા કરીને વિરાજમાન હતા અને

મહારાજ બોલ્યા જે, ‘‘સૌ સૌની સ્થિતિ કહો.’’ અને બારણાની ઉત્તરાદી સાખે ચાકળો નાંખીને મહારાજ વિરાજમાન હતા અને દક્ષિણાદી સાખે રામદાસભાઈ બેઠા હતા. પછી સૌએ પોતપોતાની સ્થિતિ કહી દેખાડી. તેમાં કોઈ કહે કે, ‘હું એક બ્રહ્માંડને દેખું છું’ અને કોઈકે કહ્યું, ‘હું બે બ્રહ્માંડને દેખું છું.’ એ પ્રમાણે સૌ પોતપોતાની સ્થિતિ કહેવા લાગ્યા. તે સાંભળીને મહારાજ કહે, ‘‘હવે અમે અમારી સ્થિતિ કહીએ તે સાંભળીને જે અનંત કોટી બ્રહ્માંડ અને તેના જીવ અને તેનાં ઈશ્વર તેનાં કર્મ ને તેનાં ફલ તે સર્વેને એકકળાવિચ્છિન જાણું છું. એમ મહારાજે સૌની આગળ વાત કરી દેખાડી. ॥૪૫૩॥

**કારીયાણીમાં** સવારમાં મહારાજ અક્ષર ઓરડીની ઉગમણી ઓસરીમાં ચાકળા ઉપર બેસીને દાતણ કરતા હતા. તે વખતે ગામ ઝમરાળેથી જીવો દવે તથા ગંગારામ દવે બન્ને ભાઈ કારીયાણી આવ્યા અને તેમાં એકને માથે ઘઉંના લોટની ગાંસડી હતી અને બીજા પાસે ઘીનો ડબો તથા ગોળનાં ભીલાં હતાં અને માથા ઉપર રાખીને મહારાજ પાસે બન્ને ભાઈ રોવા લાગ્યા. ત્યારે મુળજી બ્રહ્મચારી બોલ્યા જે, ‘ભાર તો માથેથી હેઠો મેલો. પછી રોજ્યો.’ પછી ઘી ગોળ અને લોટ મહારાજ પાસે મેલ્યાં અને વિનંતી કરી જે, ‘મહારાજ ! આટલે વેરે તમે અમારે ગામ નો પધારો ત્યારે અમારું શું કામ આવ્યું ?’ પછી મહારાજ કહે, ‘‘જાઓ, દવેજી ! તમે કહેશો ત્યારે આવશું.’’ પછી ત્રીજે દહાડે મહારાજ ઝમરાળે પધાર્યા અને પોતાને ઘરે થાળ કરીને મહારાજને જમાડ્યા અને પાંચસો પરમહંસને પણ રસોઈ કરાવીને જમાડ્યા. પછી મહારાજની તથા સંતની પૂજા કરી અને ગંગારામ દવે ગાડું જોડીને તે ઉપર એક સારૂં નવું ગોદડું પાથર્યું અને તે ઉપર મહારાજને બેસાર્યા. પછી કારીયાણી મેલવા આવતા હતા. તેના સારા બળદ જોઈને મહારાજ બોલ્યા જે, ‘‘ગંગારામ ! આ તારા બળદ છે ?’’ ત્યારે ગંગારામ કહે, ‘હા, મહારાજ ! મારા છે.’ મહારાજ કહે, ‘‘અમારી વેલે જોડ્યા જેવા છે.’’ ત્યારે ગંગારામ કહે, ‘મહારાજ ! તમારે જોતા હોય તો ગાડું બળદ અને હું એ ત્રણે કૃષ્ણાર્પણ.’ પછી મહારાજ કહે, ‘‘ભલે બ્રાહ્મણીયા, ભલે, જા તું અમને દઈ ચુક્યો.’’ એમ તેની ઉપર મહારાજ રાજી થયા. પછી મહારાજે રાજી થઈને તેનો બરડો થાબડ્યો. પછી મહારાજને કારીયાણી મેલી આવીને પોતાને ઘરે ગયા. ॥૪૫૪॥

મહારાજ **કારીયાણીમાં** વિરાજમાન હતા અને સાધુનું મંડળ દેશમાંથી ફરીને આવ્યું. તેમાં બે સાધુ બગડ ગામ ગયેલા હતા અને બે સાધુ ખસ ગામ ગયેલા હતા અને બે સાધુ કારીયાણીએ મહારાજ પાસે આવ્યા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘છ સાધુ ગયા હતા અને બેજ કેમ આવ્યા ?’’

ત્યારે સાધુ બોલ્યા જે, 'મહારાજ ! દો ખસ ગયે અને દો બગડ ગયે અને દો આંહીંયાં આયે.'' તે સાંભળીને મહારાજ કહે, ''બે ખસી ગયા અને બે બગડી ગયા ?'' ત્યારે સુરોખાચર કહે, 'ના, મહારાજ ! ખસ અને બગડ બે ગામ છે ત્યાં ગયા હશે.' પછી સંત કહે, 'હા, મહારાજ ! તે તે ગામ ગયેલા છે.' ॥૪૫૫॥

**કારીયાણીમાં** વાડામાં એક આંબલી છે તે નીચે આંબલીના કાતરા પડ્યા હશે. તે એક સાધુએ તેનો આંબલીયો ખાધો. પછી તે સભામાં મહારાજને પુછવા આવ્યા જે, 'મહારાજ ! મેં ચીયા ખાધા તેનું પ્રાયશ્ચિત્ત શું હશે ?' પછી સૌ સાંભળીને જોઈ રહ્યા જે, 'ચીયા તે શું હશે ?' પછી મહારાજ કહે, ''આ સાધુએ પૂછ્યા વિના આંબલીયો ખાધી છે તેનું પ્રાયશ્ચિત્ત પૂછવા આવ્યા છે.'' પછી મહારાજે તેને પાંચ માળા ફેરવવાની આજ્ઞા કરી જે, 'આ તેનું પ્રાયશ્ચિત્ત કરો.' પછી મહારાજ કહે, ''આ હિંદુસ્તાની સાધુ છે. તેણે પૂછ્યા વિના આંબલીયો ખાધી છે તે પૂછવા આવ્યા છે.'' ॥૪૫૬॥

**કારીયાણીમાં** સાત સાધુ માંદા હતા અને શ્રીજીમહારાજ વરતાલ સમૈયો કરવા પધાર્યા હતા અને અચિંત્યાનંદસ્વામીને સેવામાં રાખ્યા હતા અને તે સાતેની સેવા ખરા દીલથી કર્યા. પછી સૌ સાજા થયા અને મહારાજ વરતાલથી પાછા કારીયાણીએ પધાર્યા અને સ્વામી ઉપર બહુ જ રાજી થયા અને તેમને સાત વાર મળ્યા. ॥૪૫૭॥

**વેરાભાઈ** પાર્ષદ હતા. તેમણે વસ્તાખાચરના પાણીયારેથી પૂછ્યા વિના દાતણ લીધું હતું અને પછી મહારાજને પૂછવા આવ્યા જે, 'મહારાજ ! વસ્તાખાચરને પાણીયારેથી મેં પૂછ્યા વિના દાતણ લીધું છે.' ત્યારે મહારાજ કહે, ''તમે ગઢપુર જઈ આવો એટલે તેનું પ્રાયશ્ચિત્ત થઈ રહ્યું.'' પછી તેઓ ગઢપુર આવીને ઘેલા નદીમાં સ્નાન કરીને ગોપીનાથજી મહારાજના દર્શન કરીને પાછા કારીયાણી ગયા. ॥૪૫૮॥

એક વખત કારીયાણીમાં ઓગણીશ સંત માંદા હતા અને શ્રીજીમહારાજે સભામાં કહ્યું જે, ''આ માંદા સાધુની જે સેવા કરે તેને સો સમૈયાનું ફળ આપું.'' પછી ગુણાતીતાનંદસ્વામી ઓગણીશે સાધુની સેવામાં રહ્યા ! બધા સાધુને બહાર જવાનો વ્યાધિ હતો તેથી રાત ને દિવસ ગુણાતીતાનંદસ્વામી તે સંતની સેવામાં હાજર રહેતા. પછી સૌ સારી રીતે સાજા થયા ત્યારે ગુણાતીતાનંદસ્વામી વરતાલ જાવા સારુ તૈયાર થયા. ત્યારે સૌ સંત બોલ્યા જે, 'મહાપુરુષ! અમારા સૌને માટે તમે મહારાજને ભેટજો.' પછી ગુણાતીતાનંદસ્વામીને ઓગણીશ વખત શ્રીજીમહારાજ મળ્યા અને તેમના ઉપર બહુ જ રાજી થયા; એમ માંદાની સેવાથી શ્રીજીમહારાજ બહુ રાજી થાતા. ॥૪૫૯॥

મહારાજ **વસ્તાખાચરના** દરબારમાં ઢોલીયા ઉપર વિરાજમાન હતા અને કેરીયો જમતા હતા. તે વખતે વસ્તાખાચરનો દીકરો **જોઈતોખાચર** ડોકમાં સોનાની ઉતરી પહેરીને પાસે બેઠા હતા. પછી મહારાજે લાંબો હાથ કરીને કહ્યું જે, ''જોઈતા લે કેરી.'' એટલે જોઈતાખાચર મહારાજનો ઢોલીયો ઝાલીને ઉભા થયા. ત્યારે મહારાજ કહે, ''ઉતરી આપ તો કેરી આપું.'' પછી જોઈતાખાચરે ડોકમાંથી ઉતરી કાઢીને મહારાજના હાથમાં આપી અને મહારાજે તે પોતાનાં ઢીંચણની ઉપર પહેરાવવાની પેઠે મેલી. પછી જોઈતાખાચરને કેરી આપી અને શ્રીજીમહારાજે કહ્યું જે, ''જોઈતા ! લે કેરી.'' એટલે તેમણે ફરી લાંબો હાથ કર્યો. ત્યારે મહારાજ કહે, ''આ તારે માથે બાંધ્યાનું આપ્ય તો આપીયે.'' ત્યારે જોઈતાખાચરે માથે સોનેરી નવઘરું બાંધ્યું હતું તે મહારાજને આપ્યું એટલે તેને કેરી દીધી. પછી સભામાં મહારાજે વાત કરી, ''તે આ જીવ બાળક જેવો છે કેમકે આ બાળકને કાંઈ ખબર છે જે આ ઉતરીમાં ગાડે ગાડાં કેરીઓ સમાયેલી છે. તે એક કેરીને બદલે આપી દીધી. તેમ ભગવાનને મેલીને જીવ જ્યાં ત્યાં ભટક્યા કરે છે પણ ભગવાનના શરણેને પામે તો જીવને જનમ મરણ મટી જાય તેમ છે પણ સમજતો નથી.'' ॥૪૬૦॥

મહારાજ **કારીયાણીએ** વિરાજમાન હતા અને ગુજરાતમાંથી બે સાધુ ચાળીશ કેરીનો ટોપલો ભરીને લાવતા હતા. તેઓ ચાલતાં ચાલતાં બોરુ અને ભોળાદ વચ્ચે એક ઓઝાકુઈ છે અને ત્યાં ખીજડા નીચે સંત ટોપલો મૂકીને કુઈએ પાણી પીવા ગયા. તે વખતે એક બાવો આવી ચડ્યો તે કેરીનો ટોપલો જોઈને રાજી થયો જે આ સારું થયું પછી સંત પાણી પીઈને આવ્યા અને બાવાજીને કહ્યું જે, 'બાવાજી ! આઘા ખસો. અમારે ટોપલો લેવો છે.' ત્યારે બાવાજી કહે, 'કયા ટોપલા લેનેવાલે હે ? એ ટોપલા તો હમારા હે. ' સાધુ કહે, 'બાવાજી ! અમારે સ્વામિનારાયણ ભગવાન સારૂ લઈ જવી છે માટે મેલી દ્યો.' બાવો કહે, 'સ્વામિનારાયણ કયા ખાઈ જાને ?' સંત કહે, 'બાવાજી ! તમારે જોતી હોય તો બે કેરી આપીએ પણ ટોપલો એક કોરે મેલો.' બાવો કહે, 'એક કેરી તમને નહીં આપું ચલે જાવ.' પછી સંતે વિચાર કર્યો જે, 'મહારાજની આજ્ઞા નથી નીકર માર મારત પણ આને માર્યા કરતા વિશેષ શિક્ષા થાય તેમ કરીએ.' પછી બે સંત તે બાવાને ઝાલીને તેના માથાનો ફેંટો હતો તે ફાડીને બાવાને ખીજડાના થડ સાથે બાથ ભરાવીને તેના આખાડીલે વીંટી દીધો અને કુઈમાંથી પાણીનાં તુંબડાં કાઢી કાઢીને ખીજડાના મુળીયામાં રેડ્યા અને બે ચાર તુંબડા બાવાના શરીર ઉપર રેડ્યાં પછી ખીજડાના મૂળમાંથી કરોડો મંકોડા નીકળ્યા. તે બાવાને આખે શરીરે ચોંટ્યા તેથી બાવો ચીસો પાડવા મંડ્યો અને સાધુએ કહ્યું જે, 'બાવાજી ! હવે નિરાંતે

કેરીયું જમજ્યો.' એમ કહીને પછી સાધુ ટોપલો લઈને ચાલી નીકળ્યા. તે કારીયાણી આવીને મહારાજને કેરીયું જમાડી અને બાવાને કોઈક મનુષ્ય આવ્યું. તેણે છોડ્યો હતો. ॥૪૬૧॥

બે સાધુ ગુજરાતમાંથી મહારાજ સારુ કેરીયોનો ટોપલો લઈને આવતા હતા અને તે કેરીઓ બગડવા માંડી તેમ તેમ તે કેરીઓને ઠેકાણે પાડવા મંડ્યા. પછી બે કેરીનાં ગોટલાં લઈને તે સાધુ કારીયાણી આવ્યા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. પછી મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમારે માટે કેરીયો લાવતા હતા તે બગડી ગઈ. તેથી નાંખી દીધી.' ત્યારે મહારાજ કહે, 'કાંઈ લાવ્યા છો ?' પછી સંત કહે, 'મહારાજ ! બે ગોટલાં લાવ્યા છીએ.' ત્યારે મહારાજ કહે, ''તેને શેકીને લાવો.'' પછી શેકીને ગોટલાં મહારાજને આપ્યાં. તે જમીને મહારાજ બહુજ રાજી થયા અને મહારાજ કહે, ''આ બે આંબાનું કલ્યાણ થઈ રહ્યું.'' ॥૪૬૨॥

**કારીયાણીમાં** મહારાજ સભામાં બેઠા હતા અને વાત કરી જે, ''પોતાનાં પૂર્વ જન્મનાં માવતર હોય અને ક્યાંઈક માંગી ખાતા હોય અને તે આંહીંયાં આવીને ઉભા રહે તોપણ આપણને દયા આવે નહીં કેમકે તેની આપણને મમતા નથી.'' પછી વીકમશીખાચર બોલ્યા જે, 'મહારાજ ! હું પૂર્વજન્મમાં કોણ હતો ?' ત્યારે મહારાજ કહે, ''તમે પૂર્વ જન્મમાં ખંભાતના સુતાર હતા ને તમારું નામ નારણ હતું અને તમારા બાપનું નામ હીરો હતું અને તમારી માનું નામ પુંજી છે. તમે મરી ગયા પછી તમારી મા રોઈ રોઈને આંધળી થઈ છે અને તમારી હવેલી વાણીયાને ત્યાં ઘરાણે મેલી છે અને તમારી ડોશીને એક છાપરૂં કરી આપ્યું છે તેમાં રહે છે. ''પછી વીકમશીખાચર કહે, 'મને કાંઈક નિશાની મળવી જોઈએ તો હા પડે.' ત્યારે મહારાજ કહે, ''તમારી હવેલીના ઓરડામાં ત્રીજો પાટડો છે. તેમાં પાંચસો રૂપિયાની વાંસળી તમારે બાપે ત્યાં મૂકેલી છે અને ત્યાં ડગળી મારેલી છે. તે દિવસે દીવો લઈને જોશો તો જણાશે.'' પછી વીકમશીખાચર એક માણસને સાથે લઈને ખંભાત ગયા અને શેઠનું ઘર પૂછીને તેને ઘરે ઉતર્યા. પછી તેના છોકરાના હાથમાં પાંચ રૂપિયા આપ્યા. પછી શેઠે સારી રીતે આસના વાસના કરીને જમાડ્યા. પછી રાત્રીએ સૌ ભેળા બેસીને વાતો ચીતો કરવા લાગ્યા. ત્યારે વીકમશીખાચર બોલ્યા જે, 'આ હવેલી કોની છે ?' ત્યારે શેઠ કહે, 'એક સુતાર હતો તેની છે પણ તે મરી ગયો.' ત્યારે વીકમશીખાચર કહે, 'આ ડોશી કોણ છે ?' શેઠ કહે, 'તે સુતારની ઘરવાળી છે અને અમારે જમતાં જે કાંઈ એઠું વધે તે તેને જમવા આપીએ છીએ.' ત્યારે વીકમશીખાચર કહે, 'તેને દીકરો નહોતો ?' ત્યારે શેઠ કહે, 'એક દીકરો તો હતો પણ તેય મરી ગયો.' પછી સવારે વીકમશીખાચરે

શેઠને કહ્યું જે, 'અમારે તમારા ઘરમાં એક નિશાની જોવી છે. ત્યારે શેઠ કહે, 'તમે પરદેશી છો તો તમારે અમારા ઘરની શું નિશાની જોવી છે ?' ત્યારે વીકમશીખાચરે કહ્યું જે, 'અમને એક મોટા પુરુષે નિશાની આપી છે.' પછી સુતારને બોલાવીને ઘરમાં દીવો કરીને એક પાટડો જોયો. ત્યાં તો પાટડાની અંદર ડગળી મારેલી દીઠી અને સુતાર પાસે તે ડગળી કઢાવી. તેમાંથી પાંચસો રૂપિયા નીકળ્યા. પછી વીકમશીખાચર તે રૂપિયા લઈને ડોશી પાસે ગયા અને ડોશીને પૂછ્યું જે, 'ડોશીમા ! તમારું નામ શું ?' ત્યારે ડોશી કહે, 'મારું નામ પુંજી.' ત્યારે વીકમશીખાચર કહે, 'તમે કેવા છો ?' ડોશી કહે, 'અમે સુતાર છીએ.' વીકમશીખાચર કહે, 'તમારે દીકરો બીકરો નથી ?' તે સાંભળીને ડોશી રોવા મંડી અને કહ્યું જે, 'મારે નારણ કરીને નાનો બાળક દીકરો હતો અને તે ઓઢ્યા પહેર્યા જેવડો થયો ત્યારે તે મરી ગયો અને તેનો બાપ પણ મરી ગયો અને હવેલી છે તે વાણીયાને ત્યાં ઘરેણે મૂકી છે અને હું અભાગણી એકલી રહી છું.' એમ કહીને ડોશી રોવા લાગી અને રોતાં રોતાં કહેતી જાય જે, 'અરેરે ! મારો નારણ !' પછી વીકમશીખાચરે ડોશીને છાનાં રાખ્યાં અને કહ્યું જે, 'ડોશીમા! રોશો નહીં આ હું તમારો નારણ છું અને હું કારીયાણી ગામમાં કાઠીને ઘરે જનમ્યો છું અને અને પાંચસો રૂપિયા તમને આપું તે પહોંચે ત્યાં સુધી ખાજો અને તમારી સેવામાં એક બાઈ રાખી દઉં છું તે તમારી સેવા કરશે.' પછી એક શેઠને ત્યાં તે પાંચસો રૂપિયા વ્યાજે મૂક્યા અને તે શેઠને કહ્યું જે, 'આ ડોશીને સારી રીતે સાચવજો.' એવી રીતે તે ડોશીની ભલામણ કરીને પોતે કારીયાણી આવ્યા. અને મહારાજને તમામ વાત કરી દેખાડી જે, 'મહારાજ ! વાત બરાબર મળી રહી.' ॥૪૬૩॥

મહારાજ કારીયાણીમાં વિરાજમાન હતા અને એક ભગતને વર્તમાનમાં કાંઈક ચુક પડી હતી. પછી મહારાજે તેને રજા આપી હતી અને તે ભગત ઝમરાળે ગયો. પછી ત્યાં કાજીની જગ્યા ગામના ઝાંપામાં છે ત્યાં બેઠો બેઠો રોતો હતો. તે વખતે કાજી જગ્યામાંથી બહાર આવ્યો અને પૂછ્યું જે, 'ભગત ! શા માટે રુવો છો ?' ત્યારે ભગત કહે, 'મને સ્વામિનારાયણ ભગવાને રજા આપી છે.' ત્યારે કાજી કહે, 'શા માટે રજા આપી છે ?' ત્યારે ભગત કહે, 'મારે વર્તમાનમાં ફેર પડ્યો તે સારુ.' કાજી કહે, 'ભગવાન હોય તો ગુન્હા માફ કરે. માટે ચાલ્ય. હું તને મેલવા આવું.' પછી કાજી તે ભગતને સાથે લઈને કારીયાણીએ આવ્યો અને શ્રીજીમહારાજ તળાવેથી દરબારમાં પધારતા હતા. પછી કાજી ગામને ઝાંપે ભેળો થયો અને બોલ્યો જે, 'સ્વામિનારાયણ ! ઉભા રહો.' મારે તમને એક પૂછવું છે ?' ત્યારે મહારાજ કહે, ''પૂછવું હોય તો દરબારમાં આવજો.'' પછી કાજી દરબારમાં જઈને મહારાજને પગે લાગ્યો ને પૂછ્યું

જે, 'તમે ખુદા કે નહીં ખુદા .' ત્યારે મહારાજ કહે, ''અમે ખુદા !'' ત્યારે કાજી કહે, 'ખુદા હોય તે જીવના ગુન્હા માફ કરે ને તમે આનો ગુન્હો કેમ માફ ન કર્યો ?' તે ઉપર મહારાજે વાત કરી જે,'' ચોર હોય અને ચોરી કરીને આવ્યો હોય અને તેને પકડીને કોરટમાં ઉભો રાખે ત્યારે તેને ન્યાયાધીશ કહે જે, 'આ તે પ્રથમનો ચોર છે.' ત્યારે તેને ન્યાયાધીશ કહે જે, 'જા, તારો ગુન્હો દરબાર માફ કરે છે.' અને તે ચોર જો ફરીને ચોરી કરે તો પહેલો માફ કરેલો ગુન્હો અને આ બીજી વખતનો મળીને બન્ને ગુન્હાની સજા ભોગવવી પડે.'' તેમ મહારાજ કહે, ''હું ભગવાન છું. તે જ્યારે વર્તમાન ધરાવું ત્યારે અનેક જન્મનાં કર્મ શ્રીસહજાનંદસ્વામીને ચરણે મૂકાવું છું અને તે જીવ જો ફરી પાપ કરે તો પ્રથમ મેલાવ્યા હતાં તે અને આ વખતનું એમ બન્ને ભોગવાવુ.'' પછી કાજીએ પોતાનો કાન ઝાલ્યો અને બોલ્યો જે, 'મહારાજ ! તમે ખરા ખુદા છો. '' પછી તે ભગતને મહારાજને સોંપ્યો અને પોતે મહારાજને પગે લાગીને ભગવાનપણાનો નિશ્ચય કરીને ચાલ્યો ગયો. ॥૪૬૪॥

એક **હીરાદાસ** કરીને સાધુ હતા. તે કાંઈક વાંકમાં આવવાથી શ્રીજીમહારાજે તેને રજા આપી હતી. તે સત્સંગ બહાર ગયો અને જ્યાં જાય ત્યાં ચોરે ઉતરતો અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરતો. પછી બાવા તેને ચીપીયાના તથા ચરપાના ડામ દેતા તો પણ તેણે સ્વામિનારાયણનું ભજન મૂક્યું નહીં. પછી તેણે કારીયાણી આવીને સભામાં પોકાર કર્યો જે, 'મહારાજ ! કાંતો મને રાખો અને નહી તો તમારો નિશ્ચય છે તે કાઢી લ્યો.' પછી મહારાજે મશાલવાળાને પોતાની પાસે બોલાવ્યા અને સૌને બતાવ્યું જે, 'જુઓ, આને શરીરે ચીપીયાના તથા ચરપાના કેટલા ડામ છે ? તે ખમીને પણ એણે મને મેલ્યો નહીં.' પછી મહારાજે સત્સંગમાં તેને રાખ્યો. ॥૪૬૫॥

એક વખત મહારાજ વરતાલ પધારતા હતા અને કારીયાણીને પાદર રાતના બે વાગે નીસર્યા. તે વખતે મહારાજ બોલ્યા જે, ''નાજા ! હે નાજા !'' એમ શબ્દ સાંભળીને અદ્‌ભૂતાનંદસ્વામી આવીને મહારાજને પગે લાગ્યા અને મહારાજ માણકી ઘોડીયે બેઠા હતા. પછી મહારાજ બોલ્યા જે, ''કોણ એ ?'' ત્યારે અદ્‌ભૂતાનંદસ્વામી કહે, ''મહારાજ ! એતો હું.' મહારાજ કહે, ''તમે અત્યારે કેવા ?'' ત્યારે સ્વામી કહે, ''આ બધા ટેકરા દેખાય છે તે બધાય સાધુ સુતા છે.' મહારાજ કહે, 'એમ કેમ સુતા છે ?'' ત્યારે સ્વામી કહે, 'મહારાજ ! બે કોર વેળુની પાર કરીએ અને વચ્ચે ટુંટીયાં વાળીને પડીયે અને એક હાથે કરીને બરડા ઉપર વેળુ દાબી દઈએ. પછી સારી પેઠે દિવસ ચડે ત્યારે બેઠા થઈએ.' તે સાંભળીને મહારાજે કહ્યું જે, ''સૌ ગામમાં રહેજો અને ઓઢવા વસ્ત્ર રાખજો.'' એમ સાધુને આજ્ઞા કરીને ચાલ્યા. ॥૪૬૬॥

એક વખત મહારાજ વરતાલ પધારતા હતા અને **કારીયાણીમાં** રાત રહ્યા. ત્યાં **વસ્તોખાચર** ખોરડાં કરાવતા હતા. પછી મહારાજે કહ્યું જે, ‘‘વસ્તાખાચર ! વરતાલ ચાલો.’’ ત્યારે વસ્તોખાચર બોલ્યા જે, ‘મહારાજ ! ખોરડાં (બાકી છે)ને ચોમાળ આવ્યા છે અને કાટ લેવા સારુ ગાડાં ભાવનગર ગયાં છે ને ખોરડાં પુરાં કરીને પાછળથી હું આવીશ.’ ત્યારે મહારાજ કહે, ‘‘તમે પછી આવી નહી શકો માટે સાથે જ ચાલો. ’’ વસ્તોખાચર કહે, ‘હું જરૂર આવીશ. ’ પછી મહારાજ વરતાલ પધાર્યા અને પછી માવઠું થયું તેથી ખોરડાં અધુરાં રહ્યાં અને મળાણાં નહીં અને ખોરડાનો કરો ફાટ્યો. પછી મહારાજ સમૈયો કરીને કારીયાણી પાછા આવ્યા ત્યારે મહારાજે વસ્તાખાચરને કહ્યું જે, ‘‘તમે આવી શક્યા નહી ને અમે તો સમૈયો કરી આવ્યા.’’ અને કહ્યું જે, ‘લ્યો, આ પાંચસો રૂપિયા આપું અને તમામ હરિજનોમાં દર્શન કરી આવો.’’ પછી વસ્તાખાચરે મહારાજને હાથ જોડ્યા જે, ‘હે, મહારાજ ! હું ક્યાં ગામોગામ દર્શન કરવા જઈશ ? માટે સૌ હરિજનોને તથા સંતને આંહીં તેડાવીને સમૈયો કરો.’ પછી મહારાજે દેશાવરોમાં કાગળ લખીને સંતો તથા હરિજનને તેડાવ્યા અને કારીયાણીમાં અન્નકૂટનો સમૈયો કર્યો. ॥૪૬૭॥

એક વખત મહારાજ મંદિરમાં ઓટો છે. ત્યાં લીંબડો હતો. ત્યાં સભા કરીને વિરાજમાન હતા અને **વીરદાસ પટેલ**ને તેનો સાથી પૂછવા આવ્યો જે, ‘ભાભા ! ભાભા ! સાંતી કયે ખેતર લઈ જઈએ ?’ ત્યારે પટેલ કહે, ‘આપણો બસો વિઘાનો પાંતો છે. તેમાં લઈ જાઓ.’ એમ કહીને પછી સાથીને પાછો બોલાવીને કહ્યું જે, ‘માંહીં બુડ ઠુંઠા છે. તેની સુરત રાખજો નીકર રાંપડીયો ભાંગી નાખશે.’ પછી મહારાજ બોલ્યા જે, ‘‘પટેલ ! તમને બુડ ઠુંઠા છે તેની ખબર શી પડે ?’’ ત્યારે પટેલ કહે, ‘મહારાજ ! જ્યાં જ્યાં બુડ ઠુંઠા હોય ત્યાં અમે ઢેફાની દેરડીયો કરીએ અને જ્યારે આવે ત્યારે કળીયું ઉંચું લઈએ નીકર રાંપડી ભાગી જાય.’ પછી મહારાજે સભામાં વાત કરી જે, ‘‘આ પટેલને બસો વિઘાના ખેતરમાં બુડ ઠુંઠાની ખબર છે અને આપણે પાંચ તસુનું ખેતર છે તેમાં બુડ ઠુંઠાની ખબર નથી.’’ એમ કહીને મહારાજ બોલ્યા જે, ‘‘આપણા અંતઃકરણમાં કામ ક્રોધ લોભ મોહ એ વગેરે બુડ ઠુંઠા છે તેની ખબર નથી.’’ તે ઉપર કેટલીક સવિસ્તાર વાત કરી દેખાડી. ॥૪૬૮॥

મહારાજ સભા કરીને વિરાજમાન હતા. ત્યાં હરિજનોની મહારાજના દર્શને આવેલા. તે મને ચાલવાનું થયું ત્યારે મહારાજને દંડવત કરીને પગે લાગ્યા અને મહારાજને કહ્યું જે, ‘મહારાજ ! અમારી ઉપર દયા રાખજો.’ પછી રજા આપતી વખતે મહારાજ બોલ્યા જે, ‘‘તમે પણ અમારી ઉપર દયા રાખજો.’’ પછી હરિજને ગામને

પાદર જઈને વિચાર કર્યો જે, 'આપણે મહારાજને દયા રાખવાનું કહ્યું તે તો ઠીક. પણ મહારાજે દયા રાખજો એમ કહ્યું તે શું કાંઈ સમજાણું નહીં. માટે ચાલો પાછા જઈએ. મહારાજને પુછી જોઈએ.' તેથી પાછા સૌ મહારાજ પાસે આવીને કહ્યું જે, 'હે મહારાજ ! તમે અમારી ઉપર દયા રાખજો એમ તમે કહ્યું તે શું ? એ સમજાણું નહીં.' પછી મહારાજ બોલ્યા જે, "અંતઃકરણ છે તે અમારે રહેવાનું સ્થાન છે. તેમાં જગતરૂપી ગોટા ઘાલશો નહીં. એ દયા રાખજો." પછી સૌ હરિજન હાથ જોડીને પગે લાગ્યા. ॥૪૬૯॥

મહારાજે **કારીયાણીમાં** દશરાનો સમૈયો કર્યો હતો અને ખીજડી પૂજવાને માટે ગયાં હતા. પછી ત્યાં ખીજડી પૂજીને સખાને કહ્યું જે, "ઘોડાં દોડાવો." પછી સૌ કાઠીયોએ પોતપોતાનાં ઘોડાં દોડાવ્યાં. તેમાં કેટલાકના ઘોડાં મોર્ય થઈ ગયા. તે જોઈ મહારાજે એક બીજાની પ્રશંસા કરીને બહુ રાજી થયા. ॥૪૭૦॥

અને **કારીયાણીમાં વસ્તાખાચરનો** હાથ પાક્યો હતો. પછી ગઢપુરથી નિત્યાનંદસ્વામીને તેમને જોવાને માટે મોકલ્યા અને થોડા દિવસ કેડે ગોપાળાનંદસ્વામીને મોકલ્યા અને પાછળથી મહારાજ પણ પધાર્યા. પછી વસ્તાખાચરે મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમે નિત્યાનંદસ્વામીને મોકલ્યા. તે મારા ઉપર બહુ દયા કરી અને વળી ગોપાળાનંદ સ્વામીને મોકલ્યા તે તો મારી ઉપર અત્યંત દયા કરી.' પછી મહારાજ કહે, "વસ્તાખાચર ! ગોપાળાનંદસ્વામી તો બહુ જ મોટા સાધુ છે." તે સાંભળી વસ્તોખાચર કહે, 'કેવા મોટા છે ?' ત્યારે મહારાજ કહે, "એક અષ્ટાંગયોગ શ્રીકૃષ્ણ ભગવાને સાધ્યો હતો અને એક અષ્ટાંગયોગ ગોપાળાનંદ સ્વામીએ સાધ્યો છે એવા મોટા છે." ત્યારે વસ્તોખાચર બોલ્યા જે, 'મહારાજ ! તમે ?' ત્યારે મહારાજ કહે, "હું સૌનો પ્રેરક પ્રવર્તમાન અને નિયંતા છું." એવી રીતે મહારાજે વસ્તાખાચર આગળ વાત કરી હતી. ॥૪૭૧॥

**કારીયાણીનું** તળાવ ગળાવ્યું ત્યારે એટલા મનુષ્ય ભેગા થયેલા હતાં જે તેમને માટે રાત્રે પંદર મણ બાજરો પલાળતા અને પાંચ મણ તલ તેમાં નાંખીને સવારમાં સૌને ખોબો ખોબો આપતા હતા. એટલા ત્યાગી તથા હરિજન ભેગા થયા હતા. અને તે સૌનું ભજન ખરચ વસ્તોખાચર આપતા હતા ને તલાવ ગળાવતા હતા. ॥૪૭૨॥

મહારાજ **કારીયાણી** હતા અને ગઢપુરમાં **ભાઈ રામદાસજીએ** દેહ ત્યાગ કર્યો હતો. તેમનો દેહ મેલાવવાને માટે મહારાજ કારીયાણીથી ગઢપુર પધાર્યા હતા અને

તેમને દેહ ત્યાગ કરાવીને ઈચ્છારામજી મહારાજના ઓટાની ઉગમણી કોરે અગ્નિસંસ્કાર કરાવીને મહારાજ વિધિ સહિત સ્નાન કરીને ત્યાંથી પરબારા કારીયાણી પધાર્યા હતા અને માંચોખાચર દેહ ત્યાગ કરીને અક્ષરધામમાં ગયા ત્યારે મહારાજ કારીયાણી પધાર્યા હતા અને દેશાંતરના સંબંધી તમામ આવ્યાં હતાં અને હરિજનોને પણ તેડાવ્યા હતા. તેમનું ખરચ મોતીયા સાટા જલેબીનું ખરચ મહારાજે પંડ્યે કર્યું હતું. ।।૪૭૩।।

અને **કારીયાણીમાં** અણગોતેરા કાળમાં ત્રણ મહીના સુધી પાંચસો પરમહંસને વસ્તાખાચરે રાખ્યા હતા અને અન્નવસ્ત્રનું પોતે પુરું કર્યું હતું અને તેમના ઘરમાં એક લાખ રુપીયા અને પાંચસો કળશી દાણા હતા અને સો ગાયું તથા ભેંશો થઈ દુઝણાં ઢોર હતાં તેનું દૂધ તથા દહીં સંતને અર્થે વાપરતા હતા. ।।૪૭૪।।

અને વસ્તાખાચરે જ્યારે દેહ મેલ્યો ત્યારે પોતાના ઘરની દુર્બળ સ્થિતિ હતી તેથી ખરચ કરવાની તાકાત નહોતી. તેથી તેમના મોટા દીકરા **માણસુરખાચર** ગામ લાઠીદડ જેરાજ પટેલ પાસે ગયા અને તેને કહ્યું જે, 'બાપુનું ખરચ કરવું છે ને તેમાં કાંઈક મદદ કરો.' ત્યારે પટેલ કહે, 'તમારી પાસે કાંઈ સાધન નથી માટે શું મદદ કરું ?' પછી તે પાછા કારીયાણી જતા હતા. તે વખતે કારીયાણી અને લાઠીદડ વચ્ચે શ્રીજીમહારાજ કાઠીના સ્વાર સહિત દિવ્યસ્વરુપે આવ્યા અને માણસુરખાચરને કહ્યું જે, ''માણસુર ! અલ્યા વસ્તોખાચર ખરચ વગર જશે ?'' તે સાંભળી માણસુરખાચર દિલગીર થઈ ગયા અને કહ્યું જે, ''મહારાજ મને કોઈ ધીરતું નથી.'' ત્યારે મહારાજ કહે, '' જા, લાઠીદડ. જેરાજ પટેલ પાસે.'' ત્યારે માણસુરખાચર બોલ્યા જે, 'મહારાજ ! હું ત્યાં જઈને આવું છું.' પછી મહારાજે દિવ્યસ્વરૂપે આવીને લાઠીદડ જેરાજ પટેલને દર્શન દઈને કહ્યું જે, ''માણસુરખાચર માગે તે આપજો.'' પછી જેરાજ પટેલે મહારાજને દંડવત કરીને પગે લાગીને કહ્યું જે, 'મહારાજ ! વસ્તાખાચરનું ખરચ હું કરીશ.' તે સાંભળ્યા બાદ મહારાજ અદશ્ય થઈ ગયા એટલી વારમાં માણસુરખાચર ત્યાં આવ્યા. તેમને જેરાજ પટેલે કહ્યું જે, 'તમારે બાપુના ખરચની કાંઈ ચિંતા કરવી નહીં. હું આવીને ખરચ કરી જઈશ.' એમ મહારાજે વસ્તાખાચરનું ખરચ કરાવ્યું. ।।૪૭૫।।

**કારીયાણીના માંચોભગત** એક વખત પોતે કોઈક ગામ ગયા હતા અને તેમનો સંબંધ તેમની મામાની દીકરીને ઘરે કર્યો અને સાકર લઈને વાણીયો પોતાની ડેલીયે વહેંચવા બેઠો હતો અને ઢોલી ઢોલ વગાડતા હતા. તે વખતે માંચોભગત પરગામથી ઘરે આવ્યા અને પૂછ્યું જે, 'આ શું છે ?' ત્યારે કોઈકે કહ્યું જે, 'તમારા મામાને ઘરે

તમારું સગપણ કર્યું છે.' માંચોભગત કહે, 'મામાની દીકરી તો મારે બહેન થાય. તે તો બહેન છે જ પણ જગતમાં જેટલી સ્ત્રીઓ છે તે મારી મા બહેન અને દીકરી છે.' એમ કહીને ઢોલીને ઘરે કાઢી મૂક્યો અને વાણીયાને કહ્યું જે, 'તારી સાકર તારે ઘરે લઈ જા.' એવા તેઓ નિષ્કામી હતા અને જીવન પર્યંત બાળ બ્રહ્મચારી રહ્યા હતા. ॥૪૭૬॥

માંચાભગતને **ભોજો ચારણ** કરીને એક બાળ મિત્ર હતો. તે બન્ને જણ પોતાની ડેલીયે બેઠા હતા. પછી માંચો ભગતે કહ્યું જે, 'ભોજા ! કાં તો તું પ્રભુ ગોતવા જા અને કાં તો હું જાઉં ?' ત્યારે ભોજો ચારણ બોલ્યો જે, 'તમે તો ગામેતી કહેવાઓ છો માટે હું જાઉં.' પછી ભોજો ચારણ પ્રભુ ગોતવા નીકળ્યા. તે લોજમાં મહારાજ ભેળા થયા અને મહારાજનાં દર્શન કરીને પાછા કારીયાણી આવ્યા. તે વખતે માંચો ભગત ગામના ચોરે બેઠા હતા અને ભોજાભાઈને જોઈને માંચો ભગત બોલ્યા જે, 'ભોજુ ! કાંઈક હસ્તે મુખે છો. ' ભોજોભાઈ કહે, 'બાપુ ! ભગવાન મળ્યા. ' તારે માંચોભગત કહે, 'ક્યાં છે ?' ત્યારે ભોજોભાઈ કહે, 'રામાનંદસ્વામી પાસે આવ્યા છે અને સૌને અક્ષરધામની સમાધિયું કરાવે છે.' વગેરે ઐશ્વર્યની ઘણીક વાતો કહી સંભળાવી. ॥૪૭૭॥

થોડાક દિવસ થયા કેડે **માંચાભગતે** વિચાર કર્યો જે, 'આપણે મહારાજને દર્શને જવું.' અને સાબદા થઈને જ્યારે ચાલ્યા ત્યારે વસ્તોખાચર આડા ફર્યા જે, 'બાપુ ! ક્યાં જાઓ છો ? આ બસો વિઘાના ખેતરમાં કપાસ પાક્યો છે. તે ઠેકાણે પાડતા જાઓ.' તેને સાંભળીને માંચોભગત પાછા વળ્યા અને બીજે દિવસ ફરતા ગામોની ગાયો બોલાવીને તે ખેતરનો કપાસ ભેળાવી દીધો. ત્યારે વસ્તોખાચર બોલ્યા જે, 'કાકા ! આ શું કર્યું ?' ત્યારે માંચોખાચર કહે, 'ભા ! એ ઠેકાણે પાડ્યો અને કપાસ વીણાવીને ઘરમાં ભરીને હું મહારાજને દર્શને જાઉં તો પછવાડે સંકલ્પ વિકલ્પ થાય જે, શું ભાવ આવશે ? તે કારણથી કપાસને ઠેકાણે પાડ્યો.' એમ કહીને ત્યાંથી ચાલી નીકળ્યા. તે સરધારમાં મહારાજને મળ્યા અને પછી દર્શન કરીને અમુક દિવસે ઘરે આવ્યા અને જે વખતે માંચોભગત સરધારમાં દર્શને ગયા ત્યારે મહારાજ તળાવની પાળે સભા કરીને વિરાજમાન હતા અને સુરાખાચરે પૂછ્યું જે, 'મહારાજ ! બધાંને સમાધિ કરાવો છો પણ માછલાંને સમાધિ થાય ?' તે વખતે મહારાજના હાથમાં રુમાલ હતો. તે ઊંચો કરીને વીંઝ્યો એટલે તમામ માછલાંને સમાધિ થઈ ગઈ અને તળાવનાં પાણી ઉપર જાણે રૂપું પાથર્યું હોય તેવો દેખાવ થયો. પછી સુરાખાચરે મહારાજની પ્રાર્થના કરી જે, 'મહારાજ ! આ માછલાંને જનાવર ઉપાડી જાશે.' તે સાંભળીને મહારાજે હાથની

ચપટી વજાડી એટલે માછલાં સજીવન થઈને તળાવમાં ચાલ્યાં ગયાં. તે ચમત્કાર જોઈને માંચેખાચરે ગઢપુર આવીને બધી વાત એભલખાચર આદીને કરી. ॥૪૭૮॥

એક વખત **વસ્તોખાચર** ઘર ભંગ થયા હતા પછી તેમણે બીજું ઘર કર્યું. તે વખતે માંચોખાચર તરવાર લઈને મારવા દોડ્યા અને કહ્યું જે, 'તમે વર્તમાન ધરાવ્યા ત્યારે પરણ્યો એ સ્ત્રી અને બીજી મા બહેન કરાવી છે અને વળી ફરી કેમ ઘર કર્યું ?' પછી વસ્તોખાચર ગઢપુર મહારાજ પાસે આવ્યા અને મહારાજને કહ્યું જે, 'મારો કાકો મને તરવાર લઈને મારવા દોડે છે.' પછી મહારાજ ઘોડીયે ચડીને એકદમ કારીયાણી પધાર્યા. તે વખતે માંચોખાચર દરબારમાં લીંબડા નીચે ઓટો છે તે ઉપર બેઠા હતા. તે મહારાજને જોઈને દંડવત કરીને પગે લાગ્યા એટલે મહારાજે તેમને કહ્યું જે, 'તમે વસ્તાખાચરને તરવાર લઈને મારવા કેમ દોડો છો ?' ત્યારે માંચોખાચર કહે, 'મા બહેન કહ્યા પછી ફરી કેમ ઘર કર્યું ?' ત્યારે મહારાજ કહે, ''તે તો ગૃહસ્થ છે તે તો ગમે તેમ કરશે.અને તમને તો સાધુ કર્યા છે.'' તે સાંભળીને માંચોભગત કહે, 'મને જો સાધુ કર્યો હોય તો વસ્તાને ને મારે લેવા દેવા નથી.' પછી મહારાજ કહે, ''લ્યો, આ ભગવાં વસ્ત્ર પહેરો.'' ને અચિંત્યાનંદસ્વામી નામ ધરીને વાળાક દેશમાં સ્વરુપાનંદસ્વામી ભેળા ફરવા મોકલ્યા. ॥૪૭૯॥

અને થોડાક વરસ ગયા કેડે **અચિંત્યાનંદસ્વામીને** શરીરે મંદવાડ થયો હતો અને તેમની સેવામાં છ સાધુ રાખ્યા હતા અને અમદાવાદની આંબલીઓમાં રહ્યા હતા અને જે વખતે મહારાજે નરનારાયણદેવ પધરાવ્યા અને કાંકરીયે તળાવ બ્રાહ્મણોની ચોરાશી કરી ત્યાં તે વખતે મંચ ઉપર મહારાજ વિરાજમાન હતા. તે વખતે અચિંત્યાનંદસ્વામીને ત્યાં લાવ્યા. પછી મહારાજ મંચ ઉપર ઉભા થઈને તાલી પાડીને બોલ્યા જે, ''આ કારીયાણી ગામનો માંચોભગત ગઢેરા હતા અને તે પ્રથમ માર્ગીના પંથમાં હતા અને નિષ્કામી વર્તમાનમાં દઢ હતા અને તે અમારે વચને કરીને સાધુ થયા અને તેમનું એવું પ્રારબ્ધ હતું તે રુંવાડે રુંવાડે જીવડા પડે એવું હતું અને જો અમારું એમણે માન્યું તો તેમનું એવું પ્રારબ્ધ હતું તે ટળી ગયું અને આમને લઈને આખી ઝાલાવાડ સત્સંગી થઈ છે. તે બધાયનું પુન્ય આમને છે.'' એમ મહારાજે ઉભાં ઉભાં સૌ સાંભળે તેમ ઉંચે સાદે વાત કરી હતી. ॥૪૮૦॥

શ્રીજીમહારાજ **કારીયાણીનું** મંદિર છે ત્યાં ઉગમણે ખૂણે ઢોલીયા ઉપર વિરાજમાન હતા અને કોઈકે લાવીને મહારાજ પાસે બાબાસાઈ રૂપિયા બસો ભેટ્ય મેલી. પછી મહારાજે સાધુઓને કહ્યું જે, ''લ્યો આ રૂપિયા.'' ત્યારે સાધુ કહે, 'મહારાજ

! અમારે શું કરવા છે ?' પછી મહારાજે કાઠીઓને કહ્યું જે, "તમે લ્યો." ત્યારે કાઠી કહે, 'અમે શું કરીએ ?' ત્યારે મહારાજ કહે, "અમે પણ શું કરીએ ?" પછી મહારાજે ખોબો ભરીને ઉડાડ્યા તે કેટલાક રૂપિયા ત્યાં કુવો હતો તેમાં નાંખ્યા ને બીજા ઉડાડ્યા તે પડખે એક કોલી પાંચો કરીને હતો. તેનું ખોરડું પડખે હતું. તે ઉપર નાંખ્યા. તે વખતે તેની મા ફળીમાં દાણા સમા કરતી હતી તે ખખડાટ સાંભળીને બોલી જે, 'કયો મારો પીટયો ઘા કરે છે?' ત્યાં તો રૂપિયા દડદડતા તેના દાણામાં પડ્યા. તે જોઈને બાઈ બહુ રાજી થઈ જે, 'આ તો કોઈકે રૂપિયા નાંખ્યા.' પછી તેને દસ રૂપિયા હાથ આવ્યા. તે પ્રતાપે દસ હજાર રૂપિયાનો આસામી થયો. તે રૂપિયા હાલ વડતાલમાં અક્ષરભુવનમાં કાષ્ટની મૂર્તિના સિંહાસનમાં છે. ॥૪૮૧॥

કારીયાણીમાં શ્રીજીમહારાજે તળાવ ગળાવ્યું અને તેમાં **રામકુંડ** અને **ભીમકુંડ** એમ બે કુંડ કરાવ્યા અને તેમાં પોતે ઘણીક વખત નાહેલા છે અને તળાવને કાંઠે ચાળીશ ચોકા બ્રાહ્મણોના કરાવ્યા હતા અને મહારુદ્ર કરાવ્યો હતો. તે વખતે હાલ દેરી પાસે તળાવને કાંઠે આટો છે તે ઠેકાણે સભા કરીને બેઠા હતા. તે વખતે ત્યાં બરવાળેથી બે જનના પૂજ્ય નીકળ્યા હતા. તેણે એવો વિચાર કર્યો જે, 'આપણે સ્વામિનારાયણ સામું જોવું નહીં. કેમકે લાકડા જેવા થઈ જવાય.' તેમાં બે જણા ઉતાવળા ચાલ્યા. તેમાં એક પૂજ્યે મહારાજ સામું જોયું એટલે તેને સમાધિ થઈ ગઈ અને તેણે સમાધિમાં તેના કેટલાક તીર્થંકરો દીઠા. તે જોઈને તેને આશ્ચર્ય થયું અને બીજો પૂજ્ય હતો તે તળાવને ઓલે કાંઠે જઈને ઉભો રહ્યો જે પૂજ્યને સમાધિ થઈ હતી તેની સામું શ્રીજીમહારાજે જોયું એટલે તે સમાધિમાંથી ઉઠીને એકદમ નાઠો. તે જોઈને આખી સભા ખડખડ હસવા મંડી અને તેના લુગડાં તથા રજોણો વગેરે ધૂળ ધૂળ ભર્યાં હતાં અને એમને એમ નાઠો તે પેલા પૂજ્ય ભેગો થઈ ગયો. પછી તેના મનમાં એમ થયું જે, 'સ્વામિનારાયણ જાદુગારા છે.' આ વાત તેણે બીજા પૂજ્યને કરી જે, 'મેં આવી રીતે જોયું.' તે સાંભળીને આશ્ચર્ય પામ્યા. ॥૪૮૨॥

# સારંગપુરની લીલા

એક વખતે **સારંગપુરમાં** શ્રીજીમહારાજે ફુલડોળનો સમૈયો કર્યો હતો અને ત્યાં દેશાંતરના હરિજનો મહારાજના દર્શને આવ્યા હતા. ત્યાં રામાખાચરના દરબારમાં લીંબડા નીચે રંગ રમી રહ્યા ને વાઘાની બાંય ફાટી ગઈ. પછી મહારાજે સૌ બાઈઓને કહ્યું જે, ''તમે અમારી પાસે ગોઠ માંગો.'' પછી કાઠીયાવાડની બાઈયોએ મહારાજ પાસે ખજુર તથા નાળીયેર વિગેરે માંગ્યું. પછી મહારાજે ગુજરાતી બાઈયોને કહ્યું જે, ''હવે તમે માગો.'' પછી જતનફઈ વિગેરે બાઈયોએ હાથ જોડીને કહ્યું જે, 'હે મહારાજ ! અમને તમારી માયા વ્યાપે નહીં અને તમારા ચરિત્રમાં દોષબુદ્ધિ થાય નહીં.' એ વગેરે એવા ઘણાક મોક્ષોપયોગી વર માગ્યા. તે સાંભળી કાઠીયાવાડની બાઈયો પશ્ચાત્તાપ કરવા લાગી જે, 'આપણને માગતાં આવડ્યું નહીં.' ।।૪૮૩।।

મહારાજ રંગે રમીને **નારાયણ કુંડે** નાહવા પધાર્યા હતા અને નાહીને ત્યાંથી પાછા વળ્યા અને ત્યાં ખીજડી નીચે સભા કરીને વિરાજમાન થયા હતા અને ગઢપુરથી **નિષ્કુળાનંદસ્વામી** તથા **ગોવિંદસ્વામી** પુષ્પના શણગાર લઈને ત્યાં આવ્યા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. પછી મહારાજ બોલ્યા જે, ''અમારા સારું શું ભેટ લાવ્યા છો ?'' પછી સ્વામીએ ફુલનો પોશાક ત્યાં પહેરાવ્યો તેથી મહારાજ બહુ જ રાજી થયા અને દરબારમાં પધાર્યા. ।।૪૮૪।।

એક વખત મહારાજ બહાર છત્રી છે ત્યાં સભા કરીને વિરાજમાન હતા. તે સમે **ડંઢાવ્ય** દેશનો સંઘ આવ્યો. તેમની સામે દોઢસો મનુષ્ય હતાં અને જતનફઈ તથા વજીફઈ તથા નારદીપુરના નાનાબાઈ વિગેરે આવેલ હતા. તે સૌ મહારાજને પગે લાગીને બેઠા અને જાનાબાઈ ઘીનો ઘડો ભરીને લાવ્યાં હતાં. તે મહારાજ પાસે મેલ્યો. તે જોઈ મહારાજ બોલ્યા જે, ''જુઓ, ભુખણ ભાવસાર કહેતા હતા જે, બ્રહ્મા ભૂલી ગયો છે પણ આ તો અમારા સારૂ ઘીનો ઘડો ભરીને લાવ્યા.'' એમ મહારાજે સભામાં વાત કરી અને એમ કહ્યું હતું જે, ''આ તો દીકરી છે અને તેનું નામ જાનાં પાડજો અને અમે જ્યાં હશું ત્યાં ઘીનો ઘડો ભરીને લાવશે.'' એ પ્રમાણે થયું. ।।૪૮૫।।

અને છત્રી છે ત્યાં બાવળીયા નીચે મહારાજ ઢોલીયા ઉપર વિરાજમાન હતા અને વસ્ત્રથી ઢીંચણ બાંધીને બેઠા હતા. તે વખતે **વજીબાઈ** મહારાજના સામાં ઉભા રહીને ચરણારવિંદ જોવા મંડ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, ''વજીબાઈ! શું જુઓ છો

? પીંપળે પગ અડ્યા હતા તે છે કે નહીં ?'' પછી વજીબાઈ કહે, 'મહારાજ ! તે તમે હતા ?' ત્યારે મહારાજ કહે, ''મારા વિના તારી ગાળો કોણ ખાય ?'' પછી વજીબાઈ કહે, 'મહારાજ ! તમે ઓટે ઉતર્યા ત્યાં વઢી, ફળીયામાં આવ્યા ત્યાં વઢી અને તમને દૂધ દેતાં વઢી, વાળુ કરાવતાં વઢી અને તમને ખાટલો દેતાં વઢી.' એમ પોતાની ઘણીક ભૂલો મહારાજને કહી દેખાડી. પછી મહારાજે પોતાના ચરણારવિંદમાં સોળે ચિહ્ન દેખાડ્યાં. તે જોઈને વજીફઈ બહુ જ રાજી થયા. ।।૪૮૬।।

છત્રી છે તે ઠેકાણે મહારાજ સભા કરીને વિરાજમાન હતા. ત્યાં સૌ બાઈ ભાઈને મહારાજે હાર પહેરાવ્યા પણ નાનાભાઈ નારદીપુરના હતા. તેમની નાની દીકરીને હાર નો આપ્યો. ત્યારે **જતનફઈએ** કહ્યું જે, 'મહારાજ ! આ નાનાભાઈની દીકરીને હાર નથી આપ્યો.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''તે છોકરીને કાંઈ હાર આપવો નથી.'' તે સાંભળીને સૌ વિચારમાં પડી ગયાં જે, 'મહારાજ ! આ શું બોલ્યા ? હજી તો એ બાલ્યાવસ્થામાં છે.' પછી થોડાક દિવસ રહીને સૌ પોતપોતાને ઘરે ગયાં. અને એક છોડી અવસ્થા થયે કોઈ પરપુરુષને લઈને નાસી ગઈ. તે સાંભળીને સૌ માણસોને મહારાજનાં વચન યાદ આવ્યાં. ।।૪૮૭।।

હાલ છત્રી છે ત્યાં મહારાજ વિરાજમાન હતા તે વખતે બોટાદથી ભગા શેઠ વગેરે હરિજન ત્યાં દર્શને આવ્યા હતા. તેમની સાથે **નરશી જોશી** કરીને બ્રાહ્મણ દર્શને આવ્યા હતા. તેમને મહારાજે કહ્યું જે, ''જોશી ! તમે ભાવનગર વજેસિંહજી દરબારની કચેરીમાં બોલ્યા હતા તે બોલો.'' જોશી કહે, 'કાંઈ નહીં, મહારાજ! ' પછી મહારાજ કહે, ''ના, બધી વાત કહી દેખાડો.'' પછી જોશી બોલ્યા જે, 'મહારાજ ! હું ભાવનગર ગયો હતો અને ત્યાં તતાણા ગામનો મુળુ ચારણ તમારું વાંકુ કચેરીમાં બોલવા લાગ્યો. ત્યારે કચેરીમાં હું ઉભો થઈને બોલ્યો જે, બોલ્યમાં બોલ્યમાં લીંડા સ્વામિનારાયણ તો સાક્ષાત્ ભગવાન છે. એમ મેં એને બે ત્રણવાર લીંડો કહ્યો એટલે તે કચેરીમાં બેસી ગયો. ત્યારે વજેસિંહજી દરબાર બોલ્યા જે, 'મુળુ ! સ્વામિનારાયણ તો જોશી કહે છે તેવા ભગવાન છે અને સૂર્ય સામી ધુળ નાંખીયે તો પોતાની આંખમાં પડે.' તેવું સાંભળીને મહારાજે બોરીનો ચોફાળ ઓઢ્યો હતો તે નરશી જોશીને ઓઢાડ્યો. તે ચોફાળ આજે બોટાદના મંદિરમાં સજામાં દર્શન માટે મૂકેલો છે. ।।૪૮૮।।

મહારાજ બાવળીયા નીચે સભા કરીને વિરાજમાન હતા અને **વાઘાખાચરને** તથા **ભગા ધાધલને** મહારાજે કહ્યું જે, ''તમે બન્ને જણા ઘોડાં દોડાવો અને જોઈયે કોની ઘોડી મોર થાય છે ?'' પછી બન્ને જણે ઘોડાં દોડાવ્યાં તેમાં વાઘાખાચરની ઘોડી

મોર થઈ. ત્યારે મહારાજ બોલ્યા જે, "ભગા ! તારી ઘોડી પાછળ રહી ગઈ." ત્યારે ભગો કહે, 'ના, મહારાજ ! કાંટાની ભાસ્ય આવી. તેથી પાછળ રહી ગઈ.' ત્યારે મહારાજ કહે, "ફરી દોડાવો." પછી બન્ને જણે ફરી દોડાવ્યા તો પણ ભગા ધાધલની ઘોડી પાછળ રહી ગઈ. ત્યારે મહારાજ કહે, "ભગા ! તારી ઘોડી પાછળ રહી ગઈ." ત્યારે ભગો કહે, 'એ તો તેતર ઉડ્યું તેથી ઘોડી પાછળ રહી ગઈ.' મહારાજ કહે, 'ભગો માની છે તે હા પાડતો નથી." ॥૪૮૯॥

એક વખત મહારાજ **સારંગપુર** હોળી પૂજવા ગયા હતા. ત્યાં મહારાજે કાઠીયોને કહ્યું જે, 'તમે ગામ શી રીતે ભાંગો ?" ત્યારે સુરાખાચર બોલ્યા જે, 'મહારાજ ! તમે થાઓ ગામેસા અને અમે થઈયે ગામ ભાંગનારા.' પછી મહારાજ ગામમાં પધાર્યા અને કાઠીએ ગામને પાદરમાં હોકારો કર્યો. તે ગામનાં માણસ સૌ તેણી કોર દોડ્યાં અને ગામ ખાલી થઈ ગયું અને કાઠી સૌ ઉત્તરાદે ઝાંપેથી ગામમાં પેશી ગયા. પછી સુરોખાચર કહે, 'જુઓ, મહારાજ ! અમે આમ ગામ ભાંગીયે.' ॥૪૯૦॥

ગામમાં છત્રી છે ત્યાં સંત તથા હરિજન પાસે ઉભાં ઉભાં સ્વામિનારાયણના નામની ધુન્ય કરાવી અને પછી મહારાજ દરબારમાં પધાર્યા અને ચોમાસામાં એક વખત મહારાજ સારંગપુર પધાર્યા હતા. તે વખતે વરસાદ બહુ વરસતો હતો તેથી સંત ઝોળી માગવા જઈ શક્યા નહીં. પછી સવારમાં કાઠીયોને સાથે લઈને મહારાજ ઝોળી માગવા નીસર્યા તે રોટલા, દહીં, દૂધ વિગેરે જે ઝોળીમાં આવ્યું તે બધું ચોરે એકઠું કર્યું. અને પછી મહારાજ સુતારને ઘરે ઝોળી માગવા ગયા ત્યારે સુતારે દૂધ સાકર નાંખીને કળશીયો ભરી રાખ્યો હતો. તે દીધો એટલે મહારાજ ત્યાં ઊભા ઊભા પીઈ ગયા અને પછી ઘેલા શેઠને ઘરે ગયા. ત્યારે શેઠ કહે, 'મહારાજ ! અમે તો વાણીયા કહેવાઈએ. અને વાસણ હજુ ઉટક્યાં નથી. પણ મારે કેડ દુઃખે છે તે મેથીના લાડુ કરીને માટલી ભરીને રાખ્યા છે તે લ્યો.' એમ કહીને તે માટલી ઝોળીમાં ઠલવી દીધી અને પછી મહારાજે ચોરે સંતની પંક્તિ કરી અને એક નિર્ગુણાનંદ કરીને સાધુ હતા. તેની મા તેને ઘરે તેડી ગયાં હતાં તે બે ત્રણ દિવસના ભુખ્યા હતા. તે પણ પંક્તિ ભેગા જમવા બેસી ગયા. પછી મહારાજ સંતને દહીં પીરસતા હતા તે વખતે તે સંતને દીઠા. તેમને મહારાજે દહીંવાળે હાથે ઠોંટ મારીને કહ્યું જે, "તારી માને મેલીને આંહીંયાં કેમ આવ્યો ?" તેને ગાલે મોવાળામાં દહીં ચોટ્યું. તે લઈને તે ખાવા મંડ્યા. ત્યારે મહારાજ કહે, "ખા, ખા, ખા, તું ભૂખ્યો છે." અને કહ્યું જે, "તારી માની સેવા કરજે." ॥૪૯૧॥

એક વખત **સારંગપુરમાં** મહારાજે આખા ગામને વર્તમાન ધરાવ્યાં. ત્યારે એક

કણબીનો છોકરો બોલ્યો જે, 'મહારાજ ! મારી મા રહી ગઈ.' ત્યારે મહારાજ કહે, "તારી માને બોલાવી લાવ્ય." પછી તે ડોશીને બે જણાએ હાથના આંકડા કરીને તે ઉપર બેસારીને મહારાજ પાસે લાવ્યા. તેને મહારાજે હાથમાં પાણી આપ્યું અને તે ડોશી કાને બહેરી હતી. તે બોલી જે, 'હે મહારાજ !" ત્યારે મહારાજ કહેં, "હેં કરકે હાં કર જા તારું કલ્યાણ થઈ રહ્યું." ॥૪૯૨॥

એક વખત મહારાજે **સારંગપુરમાં** સમૈયો કર્યો હતો અને કાઠીયો ઉપર તથા જીવાખાચર ઉપર બહુ રાજી થયા. પછી મહારાજે કહ્યું જે, "તમે કાંઈક વર માગો." ત્યારે સૌએ કહ્યું જે, "મહારાજ ! અમારા ગામમાં જમ ન આવે.' ત્યારે મહારાજ કહે, "જાવો નહીં આવે." પછી રામખાચર સીમમાંથી આવ્યા. તેણે વાત સાંભળી જે, 'મહારાજ ! પાસે કાઠીયોએ આવી રીતે વર માગ્યો.' ત્યારે તેમણે કહ્યું જે, 'આ તો લોકને સુખ કર્યું અને આપણું મૃત્યુ તો સીમાડે થાય માટે અમારા ગામના સીમાડામાં જમ ન આવે એ વર આપો.' પછી મહારાજે તેવો વર આપ્યો જે, "જાવ, તમારા ગામના સીમાડામાં જમ નહીં આવે." ॥૪૯૩॥

એક વખત મહારાજ **કારીયાણી** હતા અને વડોદરાના **દીવાનજીની** બીક લાગતી હતી. તેથી મહારાજ ભાગીને સારંગપુર આવ્યા અને જીવાખાચરને કહ્યું જે, "અમારે સંતાવું છે. કેમ જે દીવાનજી અમને ઝાલી જાય." પછી જીવાખાચરે ઓરડો ઉઘાડી દીધો. તેમાં મહારાજ પેઠા અને કમાડ સામું જોયું ત્યાં તો સાંકળ ભાળી નહીં. ત્યારે મહારાજ બોલ્યા જે, "અમને મરાવી નાંખવા છે કે શું ? માટે અત્યારે લુવારને બોલાવીને સાંકળ કરાવી દ્યો." પછી લુવારને બોલાવીને સાંકળ કરાવી લીધી અને મહારાજે ઢીંચણે ભીંસ દઈને સાંકળ વાસી. પછી મહારાજ બોલ્યા જે, "હવે દીવાનજીનો ભય નહીં." અને રાત્રે ઢોલીયા ઉપર સુઈ રહ્યા એવી રીતે મનુષ્ય લીલા કરતા. ॥૪૯૪॥

મહારાજ **સારંગપુરમાં** વિરાજમાન હતા અને **મુક્તાનંદસ્વામી** આદિક સાઠ સાધુ કાનમ દેશમાંથી આવ્યા અને સારંગપુરના પાદરમાં આવીને બેઠા હતા. તે વખતે રાઠોડ ધાધલ કળશીયે જવાને નીકળ્યા હતા. તે સંતને જોઈને પગે લાગવા ગયા. પછી મુક્તાનંદસ્વામીએ તેમની સાથે કહેવરાવ્યું જે, 'તમે મહારાજને પૂછી આવો જે, સાઠ સાધુ આવ્યા છે. તેમને દર્શન થાશે ?' પછી તેમણે તે પ્રમાણે મહારાજને વાત કરી જે, 'મુક્તાનંદસ્વામી આદી સાઠ સાધુ તમારે દર્શને આવ્યા છે તે દર્શન થાશે ?' તે સાંભળીને મહારાજે કહ્યું જે, "જાઓ કહો જે દર્શન નહીં થાય." પછી મુક્તાનંદસ્વામીને

કહ્યું જે, ''મહારાજે ના પાડી છે જે દર્શન નહીં થાય.' તે સાંભળી સૌ સંત નિરાશ થયા. ને બહુ દિલગીરી કરવા લાગ્યા અને સૌ પાછા ત્યાંથી ચાલી નીકળ્યા. પછી રાઠોડ ધાધલે મહારાજને કહ્યું જે, 'સાધુ તો બહુ દિલગીર થયા.' ત્યારે મહારાજ કહે, ''ચાલો, આપણે સંતને દર્શન દેવા જઈએ.'' અને સર્વે સંત ગામ સામું પાછું વાળી વાળીને જોતાં જાય ને ચાલ્યા જાય. પછી મહારાજ ઘોડીયે સ્વાર થઈને ગામ બહાર નીસર્યા અને સાધુ પણ આગળ ચાલ્યા. તે હોલીધાર કહેવાય છે ત્યાં ઉભા રહ્યા હતા. ત્યાં મહારાજ પહોંચીને બધા સંતની ફરતી ઘોડી ફેરવીને સંતની પ્રદક્ષિણા કરવા લાગ્યા અને સંત સૌ દંડવત કરવા લાગ્યા. પછી મહારાજ ઘોડી ઉપરથી હેઠા ઉતરીને સંતને દંડવત કરવા લાગ્યા. પછી મહારાજ ઘોડી ઉપરથી હેઠા ઉતરીને સંત સૌ દંડવત કરવા લાગ્યા. એટલે સાધુએ મહારાજને બાથમાં ઘાલીને બેઠા કર્યા અને ધાબળી પાથરી દીધી. તે ઉપર મહારાજ બેઠા અને ફરતા બધાય સંત બેઠા. પછી મહારાજ બોલ્યા જે, ''ધન્ય છે મહાપુરષો ! તમોએ મારે માટે અપમાન સહન કરીને જગતમાં મને પ્રસિદ્ધ કર્યો. માટે આજથી મારું સુખ છે તે હું તમને આપું છું.'' ત્યારે કેટલાક સાધુને સંકલ્પ થયો જે, 'મહારાજે આપણને શું સુખ આપ્યું ? ત્યાં જઈએ ત્યાં મૌડી મૌડી કરે છે.' ત્યારે મહારાજ કહે જે, ''મનના ધાર્યા કરશે તેને મારું સુખ નહીં મળે.'' પછી સંતને ગામમાં લઈ ગયા અને દર્શન સ્પર્શનું સુખ અતિશય આપ્યું. ॥૪૯૫॥

શ્રીજીમહારાજ **વાઘાખાચરને** ઘરે જમવા બેઠા હતા અને અમરોખાચર તથા અમરબાઈ મહારાજ પાસે બેઠાં હતાં. પછી મહારાજ બોલ્યા જે, ''અમરાખાચર ! તમારી ભેંશોનું દૂધ બહુ જ સારું છે. તે લાવો તો જમીએ.'' અમરોખાચર દૂધ લેવા ગયા એટલે તેનાં ઘરનું માણસ આડું ફર્યું જે, 'વાઘાખાચરને ઘરે નહીં આપું. મહારાજને જમવું હોય તો અહીં આવે પણ ત્યાં નહીં.' પછી અમરાખાચરે કહ્યું જે, 'મહારાજ ! દૂધ તો મેળવી દીધું છે.' ત્યારે મહારાજ કહે, ''પારેટ ભેંશનું દહીં બહુ સારું હોય માટે દહીં લાવો.'' પછી અમરાખાચરે દહીંનું દોણું લીધું. તે ઘરના માણસે હાથમાંથી ઝુંટી લીધું. પછી અમરોખાચર બોલ્યા જે, 'જોજે હું જાતનો કાઠી છું.' બાઈ કહે, 'સૂરજ ઉગમણો ઉગે છે તે આથમણો ઉગે તોય પણ ત્યાં નહીં આપું.' પછી અમરાખાચર બોલ્યા જે, 'જા, રાંડ. તું મારી મા બહેન છે. પછી મહારાજ પાસે આવીને કહ્યું જે, 'મહારાજ ! દહીંની તો છાશ કરી નાંખી.' ત્યારે મહારાજ કહે, ''કાંઈ છાસ પણ કરી નથી અને દૂધ મેળવ્યું નથી પણ અમારે કરાવવું હતું તે કરીને આવ્યા.'' ત્યારે અમરાખાચર બોલ્યા જે, ''પણ આજથી ત્રીજે દિવસે બીજી લાવીને બેસારૂં.'' પછી એક સત્સંગી બાઈ સાથે અમરાખાચરને પરણાવ્યા. ॥૪૯૬॥

**જીવાખાચરે** મોટી વાડીયે કુવો કરાવ્યો હતો અને ત્યાં પાણી થાતું નહોતું. પછી થોડુંક પાણી થયું. ત્યારે મહારાજે પાણીની કુંડી ભરાવી અને તે કુંડીમાં પોતે બેઠા અને માંહે ઝાઝી વાર સુધી ડુબકી મારીને શ્વાસ બંધ કર્યો. પછી મહારાજ કહે, ''હવે,ખોદવા માંડો પાણી ઘણાં થાશે.'' પછી થોડુંક ખોદયું ત્યાં તો ઘણું પાણી નીકળ્યું. પછી તેમાં વાઢ કર્યો. તે વાઢ બહુ જ સારો થયો. ॥૪૯૭॥

અને મહારાજ વરતાલ પધાર્યા હતા અને વળતા ગામ **સારંગપુર** આવ્યા ત્યાં મોટી વાડીયે ઉતર્યા. પછી મહારાજે કાઠીયોને કહ્યું જે, ''તમે તો વટળેલા કહેવાઓ માટે આજ તો હું મારે હાથે રસોઈ કરીશ.'' પછી મહારાજે ઘઉંના લોટની બાટીયું હાથે કરી અને બાટીયોને પોતે ફેરવે ત્યારે હાથ દાઝે ત્યારે **સુરોખાચર** બોલ્યા જે, 'મહારાજ! તમે હાથે દાઝો છો અને ફેંકવુ પડે છે માટે તમારી મરજી હોય તો આ બાજરાનાં રાડાં પડ્યાં છે તેનાથી કહો તો અમે ફેરવીએ.' તે સાંભળી મહારાજે કહ્યું જે, ''રાડે ફેરવી હોય તો ફેરવો. તેમાં બાધ નહીં.'' એમ કરતાં કરતાં સુરોખાચર મહારાજને અડી ગયા. પછી મહારાજ કહે, ''જો માળો જાડીયો ! અમને અડીને ભ્રષ્ટ કર્યા.'' પછી સૌ કાઠીયે મળીને તે બાટીયો રોંકી દીધી અને રીંગણાના ઓળા કર્યા. તે વખતે ગામમાંથી અમરબાઈ તથા ઘેલા શેઠનાં ઘરવાળાં વિગેરે કેટલીક બાઈયો મહારાજ માટે થાળ લઈને આવી અને થાળ હેઠો મેલીને મહારાજને પગે લાગ્યાં. પછી મહારાજે કહ્યું જે, ''તમે કીર્તન બોલો તો અમે થાળ જમીયે.'' પછી અમરબાઈ કીર્તન બોલવા મંડ્યા જે **''છોગાળોરે છોગાળો રે છોગા લીધાં હાથે મોરલી મેલી માથે રે છેલ છોગાળો."** મહારાજ કહે, ''મોરલી માથે ને છોગાં હાથે'' એમ કેમ બોલો છો ? ત્યારે અમરબાઈ કહે, 'મહારાજ ! અમે તો આમ શીખ્યા છીએ.' પછી મહારાજ કહે જે, ''આમ બોલો.'' **''છોગાળો રે છોગાળો રે. મોરલી લીધી હાથે, છોગાં મેલ્યાં માથે રે છેલ છોગાળો.''** પછી વળી બોલ્યા જે, ''કોઈને કુતરું તુતકારતાં આવડે છે ?'' ત્યારે ઘેલા શેઠની ઘરવાળી બોલી જે, 'હા, મહારાજ ! મને આવડે છે.' પછી શેઠાણીએ કુતરાને તુત એમ કર્યુ. એટલે સામી વાડીયેથી કુતરું દોડ્યું આવ્યું. મહારાજ કહે, ''શેઠાણી બહુ ડાહ્યાં લાગે છે હો જોને. કુતરૂં તુતકારતાં આવડે છે.'' પછી મહારાજ સખાસહિત ત્યાં થાળ જમીને સૌને પ્રસાદી આપીને પછી ગામમાં પધાર્યા હતા. ॥૪૯૮॥

મહારાજ સારંગપુરથી **કુંડળ** પધારતા હતા અને **અમરબાઈ** વિગેરે નાની નાની બાળકીઓ સૌ વગડામાં બોરાં વીણતાં હતાં. પછી મહારાજ માણકી ઘોડી ઉપર બેઠા હતા. તે ઉભી રાખીને પૂછ્યું જે, ''અમરબાઈ ! શું કરો છો ?'' અમરબાઈ કહે,

'મહારાજ ! તમારા સારું બોરાં વીણું છું.' પછી મહારાજે પોતાના ખેસનો છેડો લટકતો હતો તેની ખોઈ વાળી ને અમરબાઈએ માંહે બોર નાખ્યાં. તે જમીને મહારાજ બોલ્યા જે, ''અમરબાઈ ! બોર બહુ સારા છે.'' પછી મહારાજ કુંડળ પધાર્યા અને સાથે સખા હતા તેને પણ મહારાજે બોર આપ્યાં હતાં. ॥૪૯૯॥

અને મહારાજ **સારંગપુર** પધાર્યા હતા અને વરસાદ બહુ હતો. પછી મહારાજે જીવાખાચરને કહ્યું જે, ''ભુખ બહુ લાગી છે.'' ત્યારે **જીવોખાચર** કહે, 'મહારાજ ! થાળ તૈયાર છે.' પછી ચોમાસું હતું એટલે છાણાં ક્યાંઈ ન મળ્યા. તેથી હીંડોળા ખાટ્યનો પાયો ફાડવા માંડ્યો. તે ધબકારા સાંભળીને મહારાજ ત્યાં પધાર્યા. મહારાજ કહે જે, ''જીવાખાચર! આ શું કરો છો ?'' જીવોખાચર કહે જે, 'મહારાજ ! તમારે માટે થાળ કરવો છે.' ત્યારે મહારાજ કહે કે, ''તેટલા સારુ સાઠ્ય રૂપિયાની ખાટ્ય ફડાય ?'' જીવોખાચર કહે, 'મહારાજ ! તમારાથી શું અધિક છે ?' પછી દેવુંબાઈએ થાળ કરીને મહારાજને જમાડ્યા. ॥૫૦૦॥

એક દિવસ રાત્રીયે મહારાજ પોઢ્યા હતા. તે રાત્રી ચોમાસાની હતી અને વરસાદ બહુ વરસતો હતો અને **રાજગર બ્રાહ્મણનું** ઘર તે વખતે પડી ગયું. પછી બ્રાહ્મણ દોડાદોડ મહારાજ પાસે આવ્યો અને બૂમ મારી જે, 'મહારાજ! મારું ઘર પડી ગયું અને નીચે ઢોર દબાઈ ગયાં.' પછી મહારાજે કાઠીયોને કહ્યું જે, ''ઉઠો. ઉઠો. જાઓ.'' પણ કોઈ કાઠી ઉઠ્યા નહીં. પછી મહારાજ એક ખેસ ભેર તે બ્રાહ્મણને ઘરે ગયા અને જઈને તેના ખોરડાનો મોભ મહારાજે ખંભે લઈને ઉંચો કર્યો અને કાઠી સૌ પાછળથી ગયા અને મહારાજને ખંભે લાકડાનો સળ પડી રહ્યો હતો. પછી મહારાજ કહે, ''ઢોરની વખાર હોય ત્યાં દાતરડું રાખવું.'' એવી રીતે શીખામણ સૌને દીધી ને જો અગ્નિ થયો હોય તો કામ આવે. ॥૫૦૧॥

**સારંગપુરમાં** એક મહીના સુધી બ્રાહ્મણોને જમાડ્યા હતા અને ગામને પાદર ખીજડા છે ત્યાં બ્રાહ્મણના ચોકા થાતા અને સૌ જમ્યા પછી કચરાના રાંધેલા વાસણ ખીજડા ઉપર ચડાવી મૂકતાં પણ તેટલી જગ્યામાં કોઈ જાનવર પણ આવતું નહીં. એમ એક માસ સુધી જમાડ્યા. પછી મહારાજ બોલ્યા જે, ''જીવાખાચર ! અમારે બ્રાહ્મણોને દક્ષિણા આપવી છે.'' તે વખતે **હાજો ગમારો** કરીને એક ભરવાડ હતો તે બોલ્યો જે, ''મહારાજ ! મેં પાંચસો રૂપિયા રાખોળીને દોણું ભરીને દાટ્યા છે.'' તે સાંભળીને મહારાજ બોલ્યા જે, ''લાવ્ય, તારા રૂપિયા બ્રાહ્મણને દક્ષિણા આપીયે.'' પછી તેણે તે રૂપીયા લાવીને મહારાજ પાસે મેલ્યા. પછી મહારાજે સુરાખાચરને તે રૂપિયાની ખોઈ

વળાવી અને નદીમાં બ્રાહ્મણની પંક્તિ કરી. પછી મહારાજે જણ દીઠ એક-એક રૂપિયો આપ્યો અને પછી હાજા ગમારાને કહ્યું જે, ''લે, તારા રૂપિયા.'' પછી હાજા ગમારે રૂપિયા ગણ્યા ત્યાં તો પાંચસો પુરા થયા. તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા. ||૫૦૨||

ગામ બહાર છત્રી છે ત્યાં મહારાજ સભા કરીને ઢોલીયા ઉપર વિરાજમાન હતા અને હાજા ગમારનો ભાઈ નાના ગમારાને સાઠ રૂપિયા મુડી હતી. પછી તેમાંથી ત્રીશ રૂપિયા લઈને મહારાજ પાસે આવ્યો. અને મહારાજને પગે લાગીને એક રૂપિયો મૂક્યો એટલે મહારાજ મુખારવિંદ અવળું કરીને બેઠા. ત્યાં જઈને વળી બે રૂપિયા મૂક્યા. વળી મહારાજ આણીકોર ફરીને બેઠા એટલે તેણી કોર ચાર રૂપિયા મૂક્યા એમ કરતાં કરતાં ત્રીશે રૂપિયા મૂકી દીધા અને પછી ઘરે બીજા રૂપિયા લેવા દોડ્યો એટલે મહારાજ બોલ્યા જે, ''નાના ! ક્યાં જાય છે ?'' ત્યારે નાનો કહે, 'મારે ઘરે બાકી ત્રીશ રૂપિયા પડ્યા છે તે લેવા જાઉં છું. અને કેમે કરતાં ભગવાન મારી સાથે બોલે ? એમ બીજા ત્રીશ રૂપિયા લાવીને તમને બોલાવવા હતા.' પછી તેના ઉપર મહારાજ બહુજ રાજી થયા. ||૫૦૩||

એક વખત મહારાજ છાના રહેતા હતા અને નદીમાં ભારાની પીંપળ કહેવાય છે ત્યાં નાનું એવું નેરું છે ત્યાં મહારાજ છાના રહેતા. એટલે રાઠોડ ધાધલને ખબર પડી જે, 'મહારાજ ! આંહીં છાના રહે છે.' પછી પોતે બળદને હાંકીને ત્યાં ગયા અને બળદને કહેવા લાગ્યા જે, 'હે હે ત્યાં ક્યાં જાય છે ? અહીંયાં તો મહારાજ છાના રહે છે.' પછી મહારાજ કહે જે, ''અહીંયા પણ અમને સુખ આવવા દીધું નહીં.'' ||૫૦૪||

**જીવાખાચરના** ઉત્તરાદાબારના ઓરડાની દક્ષિણાદિ ઓસરીમાં એક માસ સુધી **સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદજીસ્વામીએ** મોટી વાડીયેથી પાણી ભરી લાવીને શ્રીજીમહારાજને થાળ કરીને જમાડ્યા હતા. ||૫૦૫||

# સુરાખાચરની વાતો તથા લોયાની લીલા

એક સમે મહારાજશ્રી **અલાઉ** પધાર્યા હતા. ત્યાં વાણીયાણ બાઈ સત્સંગી હતાં. તે બાઈ મહારાજ સારુ શીરો કરતાં હતાં. પછી મહારાજે જઈને પૂછ્યું જે, ''શેઠાણી ! શું કરો છો ?'' ત્યારે શેઠાણી કહે, 'મહારાજ ! તમારા સારુ શીરો શેકુ છું અને આ સાકરના પાણીનો કળશીયો ભર્યો છે.' તે જોઈને મહારાજે તે કળશીયો લઈને ઉભા પીઈ ગયા અને પછી ઘોડીયે ચડીને ચાલી નીકળ્યા. ।।૫૦૬।।

એક સમે શ્રીજીમહારાજે **લોયા**માં શાક ઉત્સવ કર્યો. તેમાં બાર મણ ઘીનો વઘાર મૂક્યો હતો અને શ્રીજીમહારાજ પંડ્યે શાક હલાવતા હતા. તે સમે ગામ બુવાના **કહાનદાસ** તથા કાશીદાસ વિગેરે દોઢસો માણસનો સંઘ આવ્યો અને કાશીદાસ વિગેરેએ મહારાજને દંડવત કર્યા ને પગે લાગ્યા અને કહાનદાસ તો ઉભા થઈ રહ્યા. તે સમે મહારાજ શાકમાં હવેજ નાંખતા હતા તેથી વસ્ત્ર બધાં પીળાં થઈ ગયાં હતાં અને હવેજની ગરમીથી નાસિકામાં પાણી પણ આવી ગયાં હતાં અને બે થાંભલીઓ વચ્ચે હાથમાં કડબનો પુળો લઈને શાક હલાવતા હતા. તે જોઈને કહાનદાસ બોલ્યા જે, 'તમે સૌ કોને પગે લાગ્યા ?' ત્યારે સૌએ કહ્યું જે, 'આ સ્વામિનારાયણ ભગવાન છે. ' ત્યારે કહાનદાસ બોલ્યા જે, 'આ કોળીના વર જેવાને ભગવાન કહેવાતા હશે ?' પછી તે પાછા ચાલ્યા ત્યારે શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, ''સ્વામી ! ગંગાજીને કાંઠેથી તરસ્યો જાય તે કેવો કહેવાય ?'' ત્યારે સ્વામી કહે, 'મહારાજ ! તે તો મૂરખ કહેવાય.' તે સાંભળીને કહાનદાસે પાછું ફરીને જોયું. તે સમે પોતાને એવું દર્શન થયું જે, રત્નજડિત બાજોઠ છે તે ઉપર શ્રીજીમહારાજ જમવા બેઠા છે. પીળાં રેશમી વસ્ત્ર પહેર્યાં છે ને માથે મોરપીંછનો મુગટ ધારણ કરેલો છે અને સોનાના થાળમાં છત્રીશ પ્રકારનાં ભોજન પીરસેલાં છે અને જાણે લક્ષ્મીજી પીરસે છે; એવાં તેમને દર્શન થયાં. પછી તે દંડવત કરવા લાગ્યા અને કહ્યું જે, 'મહારાજ ! તમે તો સાક્ષાત ભગવાન છો તે મારો અપરાધ માફ કરજો.' ।।૫૦૭।।

મહારાજ **લોયા**માં હતા. તે સમે દેશમાંથી રામપ્રતાપજીભાઈ તથા **ઈચ્છારામજીભાઈ** આવ્યા. તેમાં પ્રથમ ઈચ્છારામજી બે દિવસ અગાઉ આવેલા હતા અને મહારાજ કણબીને ઘરે ઉત્તરાદાબારના ઓરડે ઢોલીયા ઉપર વિરાજમાન હતા. અને સંતને જમવાની પંક્તિ થઈ હતી. તે સમે ઈચ્છારામજીમહારાજ આવ્યા. પછી મુક્તાનંદસ્વામી જમવું પડ્યું મુકીને જળ પીઈને ઈચ્છારામજીનો હાથ ઝાલીને મહારાજ

પાસે તેડી ગયા. સ્વામી કહે, ‘મહારાજ ! ભાઈ આવ્યા !’ ત્યારે મહારાજ કહે, “અમારે તો ભાઈએ નથી અને કોઈએ નથી.” પછી ઈચ્છારામજીમહારાજ બહુ રોવા લાગ્યા. પછી સ્વામી કહે, ‘મહારાજ ! ભાઈને બોલાવો.’ પછી મહારાજ કહે, “ઈચ્છારામ ! છાના રહો.” તેથી છાના રહીને પગે લાગ્યા. પછી મહારાજ કહે, “એમના ઉતારા કરાવો અને રસોઈ કરાવો.” પછી તેમને ઉતારો કરાવીને રસોઈ કરાવીને જમાડ્યા. ॥૫૦૮॥

પછી ત્રીજે દિવસે **રામપ્રતાપજીમહારાજ** આવ્યાના સમાચાર આવ્યા. પછી મહારાજ ગાડાં જોડાવીને ભાઈના સામા પધાર્યા અને ઈચ્છારામજી પણ સાથે સામાં ગયા હતા. તે સમે મહારાજની સાથે પાંચસો પરમહંસ તથા કેટલાક હરિજનો પણ હતા. તે જોઈને રામપ્રતાપભાઈને અતિ આશ્ચર્ય થયું જે, ‘આટલા બધા માણસો આમને માને છે.’ અને એક ગાડા ઉપર રામપ્રતાપજી તથા ઈચ્છારામજી તથા મુક્તાનંદસ્વામી એ ત્રણ જણ બેઠા. પછી ઈચ્છારામજીએ રામપ્રતાપજીને વાત કરી જે, ‘આપા ભાઈ બહોત બડા હે અને હજારો લોક તેને માને છે. આપણા દાદા કહેતા હતા જે, આ લાલજી છે માટે તમે તેને પગે લાગજો.’ પછી રામપ્રતાપજી કહે કે જે, ‘ઈચ્છારામ કયું પગે ન લાગે ? હું પગે લાગીશ.’ પછી મહારાજ આગળથી આવીને મંચ ઉપર વિરાજમાન થયા. પછી રામપ્રતાપજી વિગેરે સૌ ગામમાં દરબારમાં આવ્યા ત્યારે મહારાજ મંચ ઉપરથી ઉતરીને મોટાભાઈના પગમાં પડ્યા અને તુરત પાછા મંચ ઉપર ચડીને બેસી ગયા. પછી ઈચ્છારામજી કહે, ‘ભૂલ ગયા. ભૂલ ગયા જે, મેં તમને આટલું બધું સમજાવ્યા હતા તો પણ તમે મહારાજને પગે લાગ્યા નહીં.’ પછી ભાઈને સભામાં ગાદી તકીયો નંખાવી દીધો. તે ઉપર બેઠા અને મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યા. પણ મહારાજને ઓળખી શક્યા નહીં. પછી મહારાજ બોલ્યા જે, “ભાઈ ! તમે મને ચીભડી નિંદવા લઈ ગયા હતા. તે સાંભરે છે કે ? વળી બોલ્યા જે તમે ગામ ભાંગ્યું હતું અને અમે દહીંનું દોણું લાવ્યા હતા અને તમે વાડમાં પડી ગયા હતા તે અમે કાંટા કાઢ્યા હતા.” એ વિગેરે ઘણીએ વાતોની નિશાનીઓ બતાવી. પછી સાંભળીને ભાઈ મહારાજને ઠપકો દેવા લાગ્યા અને કહ્યું જે, ‘આટલાં આટલાં વરસ થયાં પણ અમને એકે સંદેશો પણ મોકલ્યો નહીં. અમે સૌ કુટુંબ રોઈને થાકી ગયાં.’ તે સાંભળી રહ્યા ને પછી મુક્તાનંદસ્વામી કહે, ‘ભાઈ ! મહારાજના બાલચરિત્રની વાર્તા કરો.’ ત્યારે મહારાજ કહે, “સ્વામી ! તે તો અમારી ભેળા રહ્યા નથી અને સંબંધી ભેળા રહ્યા છે. માટે તેમને અમારી લીલાની ખબર નથી.” એમ શ્રીજીમહારાજે કહ્યું. મહારાજે

તેમનો ઉતારો કરી આપવાની આજ્ઞા કરી ને પછી સૌ ભેળાં રહ્યા. અઠ્યાવીશ વર્ષે મહારાજ ભેળાં થયા. ॥૫૦૯॥

મહારાજ વરતાલ પધારતા હતા અને સાથે **નંદરામભાઈ** તથા **ગોપાળજીમહારાજ** હતા અને બોરુએ ગોપાળજીમહારાજ પોતાના લાલજી ભૂલી ગયા હતા. પછી સામે ગામ મુકામ કર્યો. ત્યારે ગોપાલજીભાઈએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! બોરુને મુકામે મારા લાલજી પડ્યા રહ્યા.' પછી મહારાજ કહે, ''લાવો, આપણો ભાતાનો ડબો.'' તેમાંથી મહારાજ અરધો પેંડો જમ્યા અને પછી કહ્યું કે, ''લ્યો, ગોપાળજી પ્રસાદી.'' પછી ગોપાળજીમહારાજ તો જમવા બેઠા ત્યારે નંદરામજી બોલ્યા જે, 'ગોપાળ ! લાલજી કે ધર્યા વગર ક્યું જમતે હો ?' ત્યારે ગોપાળજીભાઈ કહે, 'લાલજીએ જમીને મને પ્રસાદી આપી. તે હું જમું છું.' ત્યારે નંદરામજી બોલ્યા જે, 'ક્યાં છે લાલજી દેખાડો ?' ત્યારે તેમણે કહ્યું, 'આપણો દાદો કહેતા જે, તમે આમને લાલજી કરીને પુજજો. તે મહારાજે મને પ્રસાદી આપી છે તેથી જમું છું.' ॥૫૧૦॥

અને મહારાજ **લોયા**માં વિરાજમાન હતા અને મહા મહીનામાં **ગ્રહણ** હતું. પછી ગ્રહણ મૂકાઈ રહ્યા પછી ભાદર નદીએ નહાવા સારુ મહારાજ પધાર્યા. તે વખતે ટાઢ બહુ હતી તેથી હરિજનો પાસે સાંઠીયોના ભર મંગાવ્યા હતા અને તાપ કરીને સૌને તપાડ્યા. પછી ગામમાં આવી રસોઈ કરાવીને સંતને સારી પેઠે જમાડ્યા. ॥૫૧૧॥

મહારાજ નાગડકેથી **લોયે** પધારતા હતા અને ગામના ઝાંપામાં **સંઘા પટેલ**ના ઘરનાં ભાત લઈને ખેતર જતાં હતાં તે મળ્યાં. તેમને મહારાજે પૂછ્યું જે, ''પટલાણી ! ક્યાં જાઓ છો ?'' પટલાણી કહે, 'મહારાજ ! દાડીયાનું ભાત લઈને જાઉં છું.' મહારાજ કહે, ''અમને ભૂખ લાગી છે.'' તે સાંભળી પટલાણી પાછા વળીને ઘરે આવ્યાં અને મહારાજને તથા સખાને બાજરાના રોટલા ને અડદની દાળ જમાડ્યા. પછી મહારાજ બહુ પ્રસન્ન થયા. પછી મહારાજ તરત સ્વાર થઈને ગઢપુર પધાર્યા અને ગઢપુરમાં મોટીબાએ મહારાજ માટે થાળ કર્યો. તે જમવા બેઠા. તે જમતા જમતા મહારાજ બોલ્યા જે, ''થાળ તો અમે કાલ્ય લોયે જમ્યા છીએ તેવો તો કોઈ દિવસ જમ્યા નથી.'' પછી બીજે દિવસ ઘણી યુક્તિથી રસોઈ કરીને મહારાજને જમવા બેસાર્યા. ત્યારે વળી મહારાજ બોલ્યા જે, ''લોયે જેવો થાળ જમ્યા છીએ તેવો થાળ તો કોઈ દિવસ જમ્યા નથી.'' પછી મોટીબાએ ગાડું જોડીને લોયે મોકલ્યું ને સંઘ સૌ પટલાણીને કહેવા લાગ્યા જે, 'તમે મહારાજને થાળ કેવા પ્રકારના બનાવીને જમાડ્યા છે ? તે મહારાજ વખતો વખત તમારાં વખાણ કરે છે.' પછી પટલાણી કહે, 'બા ! મેં

તો અડદની ફોતરા સોતી દાળ કરી હતી ને દાડીયા સારૂ ત્રીશ રોટલા કર્યા હતા પણ મારો ભાવ જોઈને મહારાજ રાજી થયા છે બીજું કાંઈ નહીં.' ॥૫૧૨॥

એક વખત મહારાજ **જેતલપુર** પધાર્યા હતા. અને **ગંગામા**ને ઘરે થાળ જમવા બેઠા. ત્યારે જમતાં જમતાં બોલ્યા જે, ''ગંગામાં ! હું જ્યારે અહીં આવું ત્યારે ધરાઈને જમું છું અને ગઢપુરમાં કોઈને રસોઈ આવડતી નથી માટે ત્યાં આવીને લાડુબાને રસોઈ કરતાં શીખવો કેમકે તે કાચું બહુ રાખે છે.'' પછી મહારાજ જમીને ઉતારે પધાર્યા અને ત્યાં થોડાક દિવસ રહીને ગઢપુર પધાર્યા અને ગંગામાને ગાડામાં બેસારીને સાથે તેડવા આવ્યા. પછી લાડુબા જ્યારે રસોઈ કરવા બેઠા ત્યારે ગંગામા સામે ચાકળો નાંખીને બેઠા અને લાડુબાને વારંવાર ટોકવા અને ઠબકો દેવા મંડ્યા જે, 'આંધણ બરોબર મૂકવું. મીઠું મરચું ઘટે એટલું નાંખવું. તમારી રસોઈ કાચી રહે છે. તેથી મહારાજને પેટમાં દુઃખે છે. તેથી ધીરે રહીને રસોઈ કરવી.' એમ ઘણીક વાર ઠપકો દઈને લાડુબાને કહ્યા કર્યું. પછી લાડુબાને રીસ ચડી અને ગંગામાને કહેવા લાગ્યાં જે, 'મહારાજ ભૂખ્યા રહે છે એમ અમને ઘણી વખત કહેલું છે. તો રાંડ તને જ રાંધતાં ક્યાં આવડે છે ? અને મને શીખામણ દેવા આવી છે.' એમ હુંકારે ટુંકારે આવતાં બોલાચાલી થઈ અને વઢી પડ્યાં. તેની મહારાજને ખબર પડી એટલે મહારાજ અક્ષર ઓરડીમાંથી તુરત દોડી આવ્યા અને બોલ્યા જે, ''રાખો,તમને બેયને સારી રસોઈ કરતા આવડે છે.'' પછી બન્ને જણાં છાનામાના બેસી ગયાં અને મહારાજને થાળ જમાડ્યો. ॥૫૧૩॥

મહારાજ સવારના પહોરમાં સભા કરીને વિરાજમાન હતા અને **સુરોખાચર** જરાક મોડા આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, ''આજ કેમ મોડા આવ્યા ?'' સુરોખાચર કહે, ''મહારાજ ! કોક બે બળદ લૈ ગયો.' ત્યારે મહારાજ કહે, ''ત્યારે તો કોસ છૂટ્યો હશે ને ?'' ત્યારે સુરોખાચર કહે, 'હું કોકના ચાર બળદ લઈ આવ્યો છું તે બે કોસ ચાલતા કર્યા છે.' ત્યારે મહારાજ કહે, ''તમે વર્તમાન ચૂક્યા ને ?'' સુરોખાચર કહે, 'મારા બળદીયા લઈ ગયો તેને ઠપકો દ્યોને. પહેલો તે વર્તમાન ચુક્યો. ત્યાર પછી હું ચુક્યો ને.' ॥૫૧૪॥

મહારાજ પાતાળીયે કુવે બાવળીયા નીચે સભા કરીને વિરાજમાન હતા. ત્યાં કોઈક ગામના કણબી આવીને બેઠા. તેણે મહારાજને કહ્યું જે, 'મહારાજ ! આ તમારા સાધુ તો તરી ગયા પણ આ તમારા સત્સંગી કુડીયા કપટીયા છે તે નહીં તરે.' ત્યારે મહારાજ કહે, ''તમને કાંઈ શેઢે સીમે ક્યાંઈ ઘસારો આપ્યો ?'' પટેલ કહે, 'ઘસારો

તો શું આપે ?' મહારાજ કહે, "કેમ ? પટેલ ! તમારા હાથમાં શું છે ?" પટેલ કહે, 'મહારાજ ! મારા હાથમાં પરોણો છે.' ત્યારે મહારાજ કહે, "આ કુવામાં નાખો જોઈએ. તરે છે?" તેથી પટેલે તે કુવામાં નાંખ્યો તે તરવા લાગ્યો. ત્યારે મહારાજ કહે, "પટેલ ! પરોણામાં શું છે ? "પટેલ કહે, 'માંહે લોઢાની આર છે.' મહારાજ કહે, "એકલી આર નાંખો જોઈએ. તરે છે ?" પટેલ કહે, 'મહારાજ ! લોઢું કાંઈ તરે ? ત્યારે મહારાજ કહે, "પટેલ ! તમારે પરોણે જેમ આરને તારી તેમ મારા સંત મારા હરિજનને તારશે." એમ મહારાજે વાત કરી. પછી તે પટેલ મહારાજને પગે લાગીને વખાણ કરવા લાગ્યા જે, 'મહારાજ ! તમોએ ખરી વાત કરી.' પછી મહારાજે તે પટેલને પૂછ્યું જે, "પટેલ ! તમારે કેટલા દીકરા છે ?" ત્યારે પટેલ કહે, 'મારે ચાર દીકરા છે.' મહારાજ કહે, "તમારે બાળપ કોના ઉપર રહે ?" પટેલ કહે, 'મારે નાના દીકરા ઉપર બાળપ રહે.' ત્યારે મહારાજ કહે, "મારા મોટા દીકરા સાધુ અને નાના દીકરા હરિભગત. તેથી પહેલું હરિભક્તનું કલ્યાણ કરીને પછી સાધુનું કરીશ." ॥૫૧૫॥

મહારાજે વાત કરી જે, બે રાજા લડતા હતા. તેમાં સામા પક્ષવાળાના મહાજને વિચાર કર્યો જે, 'આપણા રાજાની જીત થાય તેમ કરવું.' પછી જેટલા ઘાયલ થાય તેને પાટા પીંડી કરાવે અને પુરતો ખોરાક આપે. એમ કરતાં કરતાં પોતાના રાજાની જીત થઈ. ત્યારે રાજાએ વિચાર કર્યો જે, 'આપણા યોદ્ધાઓને શીરપાવ કરવો જોઈએ.' ત્યારે સૌ માણસ બોલ્યા જે, 'પહેલાં મહાજનને શીરપાવ કરો.' પછી દરબાર કહે, 'તેનું કારણ શું ?' ત્યારે લડવૈયા કહે, 'સાહેબ! મહાજને અમારી સહાયતા કરી તેથી અમે જીત્યા છીએ.' પછી રાજાએ મહાજનને બોલાવીને શીરપાવ કર્યો ને પછી યોદ્ધાઓને શીરપાવ કર્યો. તેમ મહારાજ કહે જે, "મહાજનને ઠેકાણે અમારા હરિજન છે. અને યોદ્ધાને ઠેકાણે મારા સંત ને કેમકે હરિજનો સંતને અન્નવસ્ત્રનું પુરું કરે છે. તેણે કરીને સંત અમારું ભજન કરે છે. માટે રાજાએ જેમ પહેલો મહાજનનો સત્કાર કર્યો તેમ મારે પહેલું હરિજનનું કલ્યાણ કરવું છે અને પછી સંતનું કરવું છે." તે સાંભળી કણબી સત્સંગી થયા. ॥૫૧૬॥

મહારાજ **લોયા**માં સભા કરીને વિરાજમાન હતા. ત્યાં એક બાઈ મહારાજને માટે અંગરખું કરાવીને લાવી અને તે મહારાજને પહેરાવ્યું. પછી ડોશીયે હાથ જોડીને મહારાજને કહ્યું જે, 'મારું આ અંગરખું ફાટે ત્યાં સુધી પહેરજો.' પછી મહારાજે તે અંગરખું પહેરીને ખંભા મરોડ્યા એટલે અંગરખું ટુટી ગયું. પછી મહારાજ કહે, "લે, ડોશી ! તારું અંગરખું ફાટી ગયું ત્યાં સુધી પહેર્યું." એમ કહીને મહારાજે તેને પાછું

આપી દીધું. ॥૫૧૭॥

અને શ્રીજીમહારાજ તથા સુરોખાચર તથા શાંતિબાઈ એ ત્રણે જણાં એકાંતમાં બેઠાં હતાં અને **વલુબાઈ** ક્યાંઈક ગામમાંથી આવ્યાં. અને ‘નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ’ એમ બોલ્યાં ત્યારે મહારાજ કહે, “જાઓ, જાઓ સાધુ આવ્યા.” સુરોખાચર કહે, ‘મહારાજ ! એ તો વલુ છે.’ પછી વલુબાઈ મહારાજ પાસે આવ્યાં. ત્યારે મહારાજ બોલ્યા જે, “વલું ! તું આમ કેમ બોલે છે ?” વલુબાઈ કહે, ‘મહારાજ ! હું ભૂખી થાઉં ત્યારે આમ બોલું છું.’ પછી મહારાજે ઉઠીને કોઠલામાંથી રોટલો ને દહીં આપ્યું. ॥૫૧૮॥

અને લોયા અને નાગડકા વચ્ચે **ભૂતી તળાવડી** છે ત્યાં મહારાજ સભા કરીને વિરાજમાન હતા અને **વલુબાઈ** પોતાના જેવડી બાળકીયો સાથે લઈ અને માથે ઠંડા પાણીના ઘડા લઈને મહારાજ પાસે ગયાં. ત્યારે મહારાજે છેટેથી તે બધી બાળકીઓને આવતી દીઠી. ત્યારે મહારાજે સુરાખાચરને પૂછ્યું જે, “ઓલ્યાં કોણ આવે છે ?” સુરોખાચર કહે, ‘મહારાજ ! વલુ હશે.’ મહારાજ કહે, “વલુના મંડળ મોટાં દેખાય છે.” પછી સૌ મહારાજ પાસે આવ્યાં ત્યારે મહારાજે કહ્યું જે, “વલુ ! શું લાવી ?” વલુબાઈ કહે, ‘મહારાજ ! તમારા સારુ ઠંડું પાણી લાવી છું.’ મહારાજ કહે, “દેદો કુટતા આવડે છે ? દેદો કુટો તો હું પાણી પીઉં.” પછી સૌ બાળકીઓએ દેદો કુટ્યો અને મહારાજ રાજી થયા. પછી મહારાજ કહે, “દેદમલ અને જોધમલ બે જોધા થઈ ગયા. તેને આ લોકો કુટે છે ને તેને હિંદુએ મારી નાંખ્યા છે.” ॥૫૧૯॥

અને **સુરોખાચર** ગઢપુર આવ્યા અને ઘોડીની સરક ઝાલીને ઉભા રહ્યા અને મહારાજ સભામાં વાતો કરતા હતા. પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, ‘ભગત ! ઘોડી બાંધો.’ એમ સ્વામીએ બે ચાર વાર કહ્યું પણ ઘોડી બાંધી નહીં અને બોલ્યા જે ‘બા કોને કવે કરીને ઘોડી બાંધાં. ઘરનો ધણી કાંઈ બોલતો નથી.’ પછી મહારાજ બોલ્યા જે, “ભગત! ઘોડી બાંધો ઘોડી.” ત્યારે સુરોખાચર બોલ્યા જે, ‘હવે બાંધુ. બા વ્યાળાનો નક્કી થયો જોગાણનો નક્કી થયો.’ એમ કહીને પછી ઘોડી બાંધી અને પછી મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. ॥૫૨૦॥

મહારાજને કોઈકે વાત કરી જે, ‘**સુરોખાચર** જમતા જમતા બહુ માગે છે અને ઘરનાં માણસને ઉભાંને ઉભાં રાખે છે.’ પછી મહારાજ બોલ્યા જે, “સુરાખાચર ! તમને એક નિયમ દેવો છે.” ત્યારે સુરોખાચર બોલ્યા જે, ‘ભલે મહારાજ.’ મહારાજ કહે, “તમારે જમતાં જમતાં માગવું નહીં.” પછી સુરોખાચર કહે, ‘ઠીક, મહારાજ !

નહીં માગું.' પછી પોતે ઘરે ગયા અને જમવા બેઠા. પછી ઘરના માણસને કહેવા લાગ્યા જે, 'આ પાને દૂધ જોતો હશે. આ પાને દહીં જોતો હશે. આ પાને ઘી જોતો હશે. આ પાને મીઠો મરચો જોતો હશે. આ પાને અથાણો જોતો હશે.' એ આદિક તમામ ચીજ માગીને લે અને પછી જમવા બેસે અને ઘરના મનુષ્યને કહે જે, 'મહારાજે નિયમ આપ્યો છે જે, તારે જમતાં જમતાં માગવું નહીં.' પછી કોઈકે મહારાજને કહ્યું જે, 'મહારાજ ! આ તો બમણું માંગવા લાગ્યા.' પછી તેઓ ગઢપુર મહારાજ પાસે આવ્યા. ત્યાં મહારાજે કહ્યું જે, ''સુરાખાચર ! અમે સાંભળ્યું છે કે તમે બમણું માંગો છો.'' ત્યારે સુરોખાચર બોલ્યા જે, 'મહારાજ ! ઘરના માણસને ભણવો કે ન ભણવો જે, મને મહારાજે નિયમ દીધો છે ને ઘરનાં માણસ અબુધ છે જે આ પાને ખાતાં ખાતાં માગશે નહીં.' ॥૫૨૧॥

એક વાર પોતે લોયેથી ગઢપુર આવ્યા અને અગણોતેરાની સાલમાં પોતાને ત્યાં સાધુ લઈ ગયા હતા. તે સાધુને દૂધનું બોગરણું ભરીને આપતા ને રોટલા કરવા માટે લોટ આપતા. સાથે ઘી ખાંડ પણ આપતાં પણ સંતને નિઃસ્વાદી વર્તમાન હતા. તેથી એક કચરાના માટલામાં પ્રથમ દૂધ નાખે અને પછી માંહે લોટ નાખે અને પછી માંહે ખાંડ અને ઘી નાખે અને હેઠે ખુબ તાપ કરે. પછી લોટ હોય તે હેઠે ચોટી જાય અને બીજો ઉપર જામી જાય. પછી સુરાખાચરને મહારાજે પૂછ્યું જે, ''સુરાખાચર ! સાધુ શું કરે છે ?'' સુરાખાચર કહે, 'મહારાજ ! સાધુ તો અકેકામાં ત્રે ત્રે વાના કરે છે.' મહારાજ કહે, ''ત્રે ત્રે વાના શું ?'' સુરોખાચર કહે, 'મહારાજ ! હેઠે રુડા પુડલા કરે છે અને વચ્ચે રુડી કઢી અને ઉપર સાત પડા રોટલા.'' પછી સુરાખાચરે બધી વાત કહી દેખાડી. ॥૫૨૨॥

**ગઢપુર**માં મહારાજ એક વખત ઉદાસ થઈને બેઠા હતા અને કોઈને બોલાવે નહીં. પછી **સુરોખાચર** આવીને મહારાજને પગે લાગ્યા પણ મહારાજ બોલ્યા નહીં. પછી સુરોખાચર બોલ્યા જે, 'હું સાખી શીખી આવ્યો છું. તે કેની આગળ બોલું બા ?' મહારાજ તો અવળું જોઈને બેઠા છે. બ્રહ્માનંદસ્વામી કહે, 'બોલો તો ખરા. કાને ક્યાં પુંભડાં દીધાં છે ? કાને તો સાંભળવું છે ને !' પછી સુરાખાચર સાખી બોલ્યા જે, નમો સરકારને. નમો સદ્‌ગુરુને. નમો સદ્‌ગુરુના લયાને. નમો રમતા ભમતાને. નમો જાદુજમતાને. નમો રહ્યા રુઠાને. નમો હસના ઠુંઠાને. નમો નાગમાલાના ચુલાને. નમો નાગને નાંગમાલાના; એમ જ્યાં બોલ્યા ત્યાં તો મહારાજ હસી પડ્યા. ॥૫૨૩॥

શ્રીજીમહારાજ **ગઢપુર**માં ઉગમણાબારના ઓરડાની ઓસરીમાં વિરાજમાન

હતા. તે વખતે **સુરાખાચર**ને મહારાજે પૂછ્યું જે, ''ગરાસીયા કેવા ?'' પછી સુરોખાચરે ગરાસીયાની વાત કરી જે, 'મહારાજ ! ગરાસીયા તો બંધાણી બહુ હોય અને એક ગરાસીયો હતો. તે રાત્રે તમાકુ ખાંડવા મંડ્યો. તે ત્યાં ને ત્યાં ઉંઘી ગયો. અને માથાની પાઘડી આગળ પડી ગઈ અને તેમાં બેઠે બેઠે લઘુશંકા કરી ગયો. પછી ઘડીક થયું ત્યાં જાગીને બોલ્યો જે, 'દીપસંગ ! આ બગળો કોણે માર્યો છે ?' ત્યારે કહે, 'બાપુ ! એતો તમારા માથાની પાઘડી છે.' પાઘડી લઈને બંધાણીએ માથે મેલી. ત્યાં તો લઘુશંકાથી નાહી રહ્યો. એવા હોય !! ॥૫૨૪॥

વળી એક બીજી વાત કરી જે, એક બંધાણી ગરાસીયો હતો અને તે લઘુશંકા કરવા બેઠો હતો. તે લઘુશંકા કરતાં કરતાં ડોલા ખાવા મંડ્યો અને તેની દાસી વાશીદું વાળવા આવી એટલે તેના સાવરણાની ઝાપટ પાછળથી વાગી. ત્યારે તે બોલ્યો જે, 'મેઘરાજજી ! આ કઈ ઘોડી પુંછ ઝાટકે છે ?' ત્યારે કહે, 'બાપુ ! એ તો દાસી વાશીદુ વાળે છે.' તેણે કહ્યું જે,'ત્યારે તો ઠીક. તે સાંભળી ઝીણોભાઈ બોલ્યા જે, 'મહારાજ! એવું હોય ?' અમે તો શુરવીર છીયે.' આ વાત ઝીણાભાઈને ને સુરાખાચરને રમુજને માટે મહારાજે કરાવી હતી. મહારાજ તથા બેઠેલા સત્સંગી ખૂબ હસ્યા. ॥૫૨૫॥

મહારાજ ઉદાસ થઈને બેઠા હતા અને **સુરોખાચર** આવ્યા પણ મહારાજ કોઈના સામું જુએ નહીં. પછી સુરાખાચરે ચારણના નેહમાં બાવો રહેતો હતો. તેની વાત કહી દેખાડી જે, ચારણ્યો નિત્ય બાવાને દર્શને જાય ત્યારે સૌ ભેટ લઈને જાય. તે લઈ બાવો રાજી થતો અને એક દિવસ ચારણું ભેટ વિનાની ગઈ. તેને બાવે છેટેથી ભાળીયું જે આજ રાંડો ખાલી હાથે આવે છે. માટે સન્મુખના દર્શન દેવાં નથી. પછી બાવોજી અવળું જોઈને બેઠો. ત્યારે ચારણ્યો બોલી જે, 'બાવલીયા ! સન્મુખકા દર્શન દે.' ત્યારે બાવો બોલ્યો જે, 'રંડી ! ભેટ બેટ તો કુછ લાઈ નહીં હે અને સન્મુખકા દર્શન માંગતી હે. તો કરલે પુંઠકા દર્શન.' એટલે મહારાજ મુખારવિંદ આડો રુમાલ દઈને હસવા મંડ્યા અને ઉદાસી ટાળી.

એક વખત **સુરોખાચર** ગઢપુર આવ્યા. પછી મહારાજે પૂછ્યું જે, ''સુરાખાચર ! ક્યાં જમ્યા છો ?'' સુરોખાચર કહે, 'મહારાજ ! ત્રણ દિવસ થયાં અનાજ કોણે દીઠોસે ?' તે વખતે મહારાજ થાળ જમતા હતા. ત્યારે મહારાજે જમીને ઉઠીને બ્રહ્મચારીને કહ્યું જે, ''બ્રહ્મચારી ! સુરાખાચરને પ્રસાદી આપજો.'' ત્યારે સુરાખાચર બોલ્યા જે, 'આ બ્રહ્મચારી પ્રસાદી આપે તેમાં મારો ઉદર ભરાય ?' પછી મોટો થાળ ભર્યો હતો. તે મહારાજે સુરાખાચરને આપ્યો. ॥૫૨૬॥

**ઝીણાભાઈ**એ કાઠીની બીજી વાત કરી જે, 'કાઠીએ અમારું ગામ ભાંગ્યું અને ભાગ્યા તેની પછવાડે વાર ચડી. પછી એક પગપાળો કાઠી હતો. તે હળેલ જમીનમાં દોડવા મંડ્યો. તેને જોઈને ગરાસીયો બોલ્યો જે, 'ઉભો રહે. ઉભો રહે. આબરુના કાંકરા થાય છે !' કાઠી કહે, 'પાળીયા કરતાં કાકરા સારા ! કેમકે જો હું ઉભો રહું તો મને ઝાટકે ઘો તો ત્યાં મારો પાળીયો કરવો પડે.' એમ ઝીણાભાઈએ કાઠીની ઠેકડી કરી. તે સાંભળીને કાઠી સૌ ચુપ થઈ ગયા. ॥૫૨૭॥

# કરિયાણાની લીલા

એક વખત શ્રીજીમહારાજ વનમાંથી ફરતા ફરતા **શ્રીકરિયાણે** આવ્યા. ત્યાં **કાળા મકવાણા**ને ઘરે ઉતર્યા હતા અને રાતના દશ વાગ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘કાળા મકવાણા ! અમારે જંગલ જવું છે.’’ પછી મહારાજ તેને સાથે લઈને કાળુભાર નદીએ પધાર્યા. તે દિવસે પુનમની રાત્રિ હતી અને મહારાજ જંગલ જઈને આવીને કાળુભાર નદીએ પધાર્યા. તેમાં સ્નાન કરીને એક મોટી શીલા ઉપર વિરાજમાન થયા. પછી મહારાજે કાળા મકવાણાને વાત કરી જે, ‘‘કાળા મકવાણા ! રામચંદ્રજી જ્યારે વનમાં પધાર્યા ત્યારે અહીંથી નીકળ્યા હતા.’’ કાળો મકવાણો કહે, ‘હશે મહારાજ’ મહારાજ કહે,‘‘તારે જોવું છે ?’’ ત્યારે તે કહે, ‘હા !’ પછી રામ લક્ષ્મણ અને સીતાજી એ ત્રણે જણાં વલ્કલ વસ્ત્ર પહેરીને નીસર્યા. પછી વળી મહારાજ બોલ્યા જે, ‘‘પાંડવ જ્યારે વનમાં નીકળ્યા ત્યારે આંહીં થઈને ગયા હતા.’’ કાળો મકવાણો કહે, ‘હશે મહારાજ ! પછી પાંચ પાંડવ ને દ્રૌપદી તેને દેખાડ્યા. પછી વળી મહારાજ બોલ્યા,‘‘જે શ્રીકૃષ્ણ અને બળદેવજી જ્યારે દ્વારકા ગયા ત્યારે આંહીં થઈને નીકળ્યા હતા.’’ તે સાંભળી કાળો ભગત બોલ્યો જે, ‘હશે મહારાજ.’ પછી શ્રીકૃષ્ણ ભગવાન તથા બળદેવજીના દર્શન કરાવ્યા. ॥૫૨૮॥

બીજે દિવસે તે ઠેકાણે મહારાજે **કાળા મકવાણા** આગળ વાત કરી જે, ‘‘પાંડવોએ જ્યારે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે તેમનો ઘોડો અહીં થઈને નીસર્યો હતો.’’ પછી મહારાજે તે યજ્ઞના ઘોડાને હજારો યોદ્ધાસહિત દેખાડ્યો. તે જોઈ કાળા મકવાણાના મનમાં બહુજ આશ્ચર્ય લાગ્યું અને મહારાજને પગે લાગીને બોલ્યા જે, ‘હે મહારાજ ! તમે તો સાક્ષાત્ ભગવાન છો. અને વળી એક દિવસ તે જ ઠેકાણે મહારાજે કાળા મકવાણાને વાત કરી જે, ‘‘રામચંદ્રજીએ જ્યારે અશ્વમેધ યજ્ઞ કર્યો ત્યારે તેમનો ઘોડો પણ અહીં થઈને નીકળ્યો હતો.’’ પછી મહારાજે તે ઘોડો તથા તેમની સાથેનું બધું સૈન્ય દેખાડ્યું એવાં એવાં કેટલાંક ઐશ્વર્ય કાળા મકવાણાને દેખાડ્યાં હતાં. ॥૫૨૯॥

એક વખત મહારાજ **કરિયાણા**માં પધાર્યા હતા. અને ગામમાં કીમીયાવાળો આવ્યો હતો. તે **કાળા મકવાણા**નું ઘરનું માણસ જોવા ગયું હતું. તે જ્યારે સાંજે ઘરે આવ્યા ત્યારે તેમને મહારાજે પૂછ્યું જે, ‘‘આજ ક્યાં ગયાં હતાં ?’’ ત્યારે બાઈ કહે, ‘‘ગામમાં કીમીયાવાળો આવ્યો હતો. તેને જોવા ગઈ હતી.’ મહારાજ કહે, ‘‘તે શું કરે છે?’’ બાઈ કહે, ‘લોઢામાંથી ત્રાંબુ કરે છે ને ત્રાંબામાંથી રૂપું કરે છે અને રૂપાંમાંથી

સોનું કરે છે.' ત્યારે મહારાજ કહે, "તમે તેને કેવા જાણો છો ?" ત્યારે બાઈ કહે કે, "સોનું કરે તે તો બહુ મોટો કહેવાય.' મહારાજ કહે, "તમારા ઘરમાં કાંઈ છે ?" બાઈ કહે, 'હા, અમારા ઘરમાં કોશ અને કોદાળી એ બે વાનાં છે.' મહારાજ કહે, "લાવો અમારી પાસે." પછી કોશ અને કોદાળી લઈને મહારાજ પાસે મેલ્યાં એટલે તેને મહારાજે હાથમાં લઈને ભીંત સામે ઘા કર્યો તેટલામાં તે બન્ને વાનાં સોનાનાં થઈ ગયાં અને સોની પાસે લઈ જઈને કટકા કરાવ્યા તેને જોઈને સોની ગાંડો થઈ ગયો અને સોની કહેવા લાગ્યા જે, 'કાળા મકવાણાને ઘરે કોશ અને કોદાળી સોનાનાં છે.' પછી કાળે મકવાણે મહારાજને હાથ જોડીને કહ્યું જે, 'અમને કોક મારી નાંખશે.' પછી મહારાજ કહે, "લાવો તે બેય વાનાં મારા હાથમાં." પછી મહારાજે તેનો ઘા કર્યો એટલે બેય વાના પ્રથમ જેવા લોઢાના હતાં તેવાં થઈ ગયાં. ॥૫૩૦॥

એક વખત મહારાજ **કાળા મકવાણા**ને ઘરે પધાર્યા હતા અને તે ઘરમાં તેનાં ઘણીક પેઢીના પૂર્વજ બેઠા હતા. તેને જોઈને મહારાજે કહ્યું જે, "આ કોણ છે ?" કાળો મકવાણો કહે, 'અમારા કુળદેવ છે.' મહારાજ કહે, "આ રૂપાની આંખોવાળો કોણ છે ?" કાળો ભગત કહે, 'એ તો અમારો મોટો પૂર્વજ છે.' પછી મહારાજ કહે, "આ બધાયની ભેગી ગાંસડી બાંધો અને કાળુભાર નદીએ આપણે નહાવા જઈએ." પછી તે ગાંસડી લઈને નદીએ ગયા અને સાથે હરિજનો પણ ગયા. પછી મહારાજ કહે ,"એક લુગડું પહેરીને જળમાં લીંટો કરી આવો." પછી તે પ્રમાણે તેણે નદીમાં ઉભે વેને લીંટો કરી આવ્યો. પછી મહારાજ કહે, "આ એક એક હાથમાં લઈને ડૂબકી મારીને જળમાં મેલો." પછી તેણે એક એક કરી મેલવા માંડ્યું એટલે તેઓ સૌ લીંટે જઈને અટકી રહ્યા. પછી રૂપાની આંખ્યોવાળો હતો તેને સૌની પાછળ મેલ્યો. પછી તે બધાંય ચતુર્ભુજ થઈને કાળા મકવાણાને કહેવા લાગ્યાં જે, 'ધન્ય છે કાળા મકવાણા ! ધન્ય છે કાળા મકવાણા ! તેં અમારૂં કલ્યાણ કર્યું'. એમ કહીને સૌ વિમાનમાં બેસીને દેવલોકમાં ગયાં. તે ચમત્કાર જોઈને સૌ આશ્ચર્ય પામ્યા. ॥૫૩૧॥

એક વખત મહારાજ **કરિયાણી**માં હતા અને વડોદરાથી દીવાનજી ત્યાં આવ્યો હતો. પછી મહારાજે **ઉનડખાચર**ને કહ્યું જે, "આપણે સૌ બંદુકોના અવાજ એક સાથે કરો." પછી કોઠા ઉપર ચડીને દશ પંદર શરબંધીને કહ્યું જે, 'તમે સૌ સાથે બંધુકોના અવાજ કરો.' એટલે તે પ્રમાણે અવાજ કરાવ્યા તે સાંભળીને દીવાનજીના મનમાં એમ થયું જે આટલા બધા હજારો શરબંધીયો અવાજ કરનારા કોણ છે ? પછી સૌએ કહ્યું જે, 'એ તો સ્વામિનારાયણ ઉભા છે. ' ને તે દીવાનજી કહે, 'આટલા બધા હજારો છે!'

એમ આશ્ચર્ય પામીને પોતાના મનમાં એમ થયું જે, 'સ્વામિનારાયણ આપણાથી જીતાશે નહીં તેથી તે સીધો કોટડે ગયો. ત્યાં જઈને પીઠાવાળાને વાત કરી જે, 'સ્વામિનારાયણ પાસે હજારો શરબંધી છે.' પીઠાવાળો કહે, 'તેમની સાથે તો છ સાત માણસો રહે છે.' ત્યારે દીવાનજી કહે, 'ના, હજારો શરબંધીના અવાજ મેં સાંભળ્યા છે.' પછી તેની તપાસ કરવા સારુ અસ્વાર મોકલ્યો. તેમણે ગામમાં ખબર પૂછ્યા એટલે ઉનડખાચરે કહ્યું જે, 'મહારાજ સાથે પાંચ સાત મનુષ્ય છે.' પછી તે સ્વારે કોટડે જઈને પીઠાવાળાને વાત કરી. તેથી આશ્ચર્ય પામીને પીઠાવાળો સત્સંગી થયો. ॥૫૩૨॥

કરિયાણે મહારાજ **કાળુભાર નદી**માં સ્નાન કરવા પધાર્યા હતા. તે સ્નાન કરીને નદીને કાંઠે વાંસળી વગાડી. તે સાંભળી બ્રહ્માનંદસ્વામીએ કીર્તન કર્યાં જે,

*આજ ગઈતી કાલંદ્રીને તીર રે ભરવાને પાણી રે,*
*ત્યાં તો જોયા મેં બળભદ્ર વીર રે મોહન દાણી રે".*

એક વખત મહારાજ કાળુભાર નદીએ નહાવા પધાર્યા હતા ને ઉનડખાચરને ખંભે ચડીને ધુબકા મારીને નહાયા છે એમ ઘણીક વખત એવી જળક્રીડા કરેલી છે. ઉનડખાચર કહેતા જે, આ ખંભા ઉપર ચડીને મહારાજે ખૂબ ધુબકા માર્યા છે. ॥૫૩૩॥

એક વખત મહારાજ **કરિયાણે** પધાર્યા હતા અને ચોમાસાનો વખત હતો અને વરસાદનું ટાણું થયું હતું. પછી મહારાજે **મીણબાઈ**ને કહ્યું જે, "અમને ભુખ લાગી છે." પછી મીણબાઈએ ગોળો ફોડીને અંદર રાખ નાંખીને માંહી છાણાં લગાડીને ઉપર તાવડી મેલી અને પોતાને હાથે રોટલો ઘડીને તાવડીમાં નાંખ્યો. પછી તે સગડી માથે લઈને ઘરમાં માંચી ઉપર બેઠાં. તે સમે મહારાજ ઘરમાં પધાર્યા અને પૂછ્યું જે, "મીણબાઈ! આ શું કરો છો ?" મીણબાઈ કહે, 'મહારાજ! ચુલામાં પાણી ભરાણું છે અને તમે ભૂખ્યા થયા છો તે તમારા સારૂ રોટલો કરૂં છું.' ॥૫૩૪॥

એક વખત મહારાજ કાળા મકવાણાને ઘરે વિરાજમાન હતા. તે સમે કોઈક **ચારણબાઈ** આવીને મહારાજને જોઈને બોલી જે, 'સ્વામિનારાયણ તારાં ઘાઘલાં લઉં, તારા ભામણા લઉં તને દોરો બાંધું. તે તને કોઈ પ્રકારનો રોગ થાય નહીં.' તેથી મહારાજે પોતાનો જમણો હાથ લાંબો કર્યો. એટલે તે બાઈએ મહારાજને દોરો બાંધ્યો. તે વખતે પર્વતભાઈ બોલ્યા જે, 'વાહ ! તારાં ભાગ્ય વાહ ! આ તો સાક્ષાત લક્ષ્મીજી તુલ્ય છે.' પછી સુરોખાચર બોલ્યા જે, 'આ તો સોળસંઢી છે.' ત્યારે મહારાજ કહે, "પર્વતભાઈ ! આ સુરોખાચર શું કહે છે ?" પર્વતભાઈ કહે, 'મહારાજ અત્યારે તમે

સાક્ષાત પુરૂષોત્તમ છો. તે તમે લાંબો હાથ કર્યો ને તમને રાખડી બાંધી એટલે લક્ષ્મીજી જેવી થઈ રહી.' મહારાજ કહે, ''પર્વતભાઈને મહિમાનું અંગ છે ને સુરાખાચરને ચારણીના જેવો સ્વભાવ છે.'' ।।૫૩૫।।

એક વખત મહારાજ **કરિયાણા**માં વિરાજમાન હતા અને બદ્રિકાશ્રમમાંથી **સંતદાસજી** આવ્યા. પછી મહારાજે પાર્ષદને વસ્ત્ર લઈને મોકલ્યા ને કહ્યું જે, ''સંતદાસજી આવે છે તે આકાશ માર્ગે ચાલ્યા આવે છે. માટે છેટેથી ભાળો ત્યારે જય સ્વામિનારાયણ કહેજો અને આ વસ્ત્રોના ઘા કરજો. એટલે તે લઈ લેશે.'' પછી તે પાર્ષદે ગામને પાદર જઈ સંતદાસજીને આવતા ભાળ્યા ત્યારે છેટેથી જય સ્વામિનારાયણ કહ્યા અને વસ્ત્ર ફેંક્યું. એટલે સંતદાસજીએ વસ્ત્ર પહેરી લીધું ને દરબારમાં મહારાજ પાસે ગયા ને બદ્રિકાશ્રમની બધી વાત કરી. ।।૫૩૬।।

મહારાજ **કરિયાણા**માં વિરાજમાન હતા. ત્યાં **હીરો વાણીયો** કોઠારી હતો. તેને મહારાજે કહ્યું જે, ''આપણે સમૈયો કરવો છે માટે હું કહું તે પ્રમાણે સામાન લઈ આવો.'' પછી પાંચસો રૂપિયાનો સામાન લાવવાની યાદી કરી આપીને ભાવનગરથી લેવા જવાનું કહ્યું; હીરો કહે, 'મહારાજ ! રૂપિયા વિના સામાન શેનો લાવું ?' ત્યારે મહારાજ કહે, ''સામી ઓરડીમાં જા.'' ઓરડીમાં જતાં જ લક્ષ્મીજી સોનામહોરો તથા રૂપિયા વગેરેના ઢગલા કરીને સાંગા માંચી ઉપર બેઠાં હતાં. ઘીનો દીવો બળતો હતો. 'હીરા ! કેમ આવ્યો ?' એમ લક્ષ્મીજીએ પૂછ્યું. ત્યારે કહે, 'બા રૂપિયા પાંચસો લેવા આવ્યો છું.' ત્યારે કહે, 'આ રહ્યા. લઈ લે.' પછી પાંચસો રૂપિયા લઈ લીધા. પછી તે લઈને મહારાજ પાસે આવ્યો અને જ્યાં પાછું વાળીને જોયું ત્યાં તો કોઢ્યમાં ગાય બાંધેલી દીઠી. પણ લક્ષ્મીજી વિગેરે કાંઈ ન દીઠું. ।।૫૩૭।।

# અલૈયાખાચરની વાતો તથા ઝીંઝાવદરની લીલા

એક વખત મહારાજ **ઝીંઝાવદર** પધાર્યા હતા. અને હૈદ્રાબાદનો કોઈ **જમાદાર** આ દેશમાં આવતો હતો. તે ઝીંઝાવદરના સીમાડામાં આવ્યો એટલે તેના મનના સંકલ્પ બંધ થઈ ગયા. પછી તે ગામની અંદર એક કોસ આવ્યો. એટલે તેને પાછા સંકલ્પ થવા માંડ્યા. પછી પોતાના મનમાં એમ થયું જે, આ ગામમાં કોઈક મોટા પુરુષ હોવા જોઈએ. કેમકે મારા સંકલ્પ બંધ થઈ ગયા હતા. પછી તે પાછો વળીને ઝીંઝાવદર આવ્યો અને ગામની ભાગોળે આવીને કોઈકને પૂછ્યું જે, 'આ ગામમાં કોઈ મોટા પુરુષ છે ?' ત્યારે તે સમે તેને અલૈયાખાચર મળ્યા. તેણે ગામના ચોરામાં એક બાવો દ્વાદશ ટીલાં કરીને બેઠો હતો. તે દેખાડીને કહ્યું જે, 'જમાદાર ! આ મોટા પુરુષ છે.' જમાદાર કહે, 'આ થકી મારા સંકલ્પ બંધ થાય નહીં. માટે બીજા કોઈક હશે ખરા !' પછી તેને મહારાજ પાસે દરબારમાં તેડી ગયા. તે મહારાજનાં દર્શન કરીને પોતાના મનની વૃત્તિ સ્થિર થઈ ગઈ હતી. પછી ઘણીકવાર સુધી મહારાજ સામું જોઈ રહ્યો. તેથી મૂર્તિ મનમાં તદાકાર થઈ ગઈ એટલે મહારાજે પોતાના નેત્રની સાન કરી. પછી તે ચાલી નીકળ્યો. ।।૫૩૮।।

એક વખત શ્રીજીમહારાજ **ઝીંઝાવદર**માં હતા. તે ૧૮૬૮ની સાલમાં ચાસટીયા બહુ પાક્યા હતા. પછી મહારાજ વહેલા ઉઠીને લોકોની વાડીઓમાં છાના માના પેશી જતા અને જુવારનાં કાચાં જારીયા મહારાજ જમતા. વળી તેમને ખોળવાને માટે લોકો ઘણી ઘણી શોધખોળ કરે પણ ક્યાંય પતો જડે નહીં. પછી સૌ લોકોએ અલૈયાખાચર પાસે આવીને અરજ કરી જે, 'દરબાર! એક રાંક સીમમાં આવ્યું છે તે વાડીયુંમાં જારીયાં બધાં ખાઈ જાય છે.' ત્યારે અલૈયોખાચર બોલ્યા જે, 'હું તેનો તપાસ કરાવી તેને પકડીશ'. પછી સૌ લોકો ગયા. પછી અલૈયાખાચર મહારાજની પ્રાર્થના કરે જે, 'હે મહારાજ ! તમે કહો તો હું અહીંયાં જારીયાં લાવીને તમોને પોંક પાડી આપું પણ આ લોકો બોલે છે તે સંભળાતું નથી.' મહારાજ કહે, ''અલૈયાખાચર ! ત્યાં જેવાં મીઠાં લાગે છે તેવા અહીં નથી લાગતાં !'' એમ કહી મહારાજે વાત કરી જે, ''અલૈયાખાચર ! આગળ ઓગણોતેરો કાળ પડશે ને મનુષ્યને જુવાર નહીં મળે'' એમ કહીને પોતે એક મહિના સુધી ત્યાં દરબારમાં શીરાબંધ કોઠો છે. ત્યાં છાના રહ્યા હતા અને માથે જટા વધારી હતી.એમ બધાં ભવિષ્યના ચિહ્‌ન અલૈયાખાચરને જણાવતા હતા જે, આવતા વર્ષમાં સૌ લોકોની આવી સ્થિતિ થાશે અને પોતે માટીના વાસણે જળ

પીતા. પછી ઓગણોતેરા કાળમાં મહારાજના કહેવા પ્રમાણે સૌની એવી સ્થિતિ થઈ હતી. ।।૫૩૯।।

એક વખત મહારાજ અલૈયાખાચરના ભાઈ **જેઠસુરખાચરે** મહારાજને કહ્યું જે, 'મહારાજ ! જેના કુળમાં એક ભક્ત થાય તો તેના ઈકોતેર પરીયાનો ઉદ્ધાર થાય એમ કહ્યું છે. તે અમારા કુળમાં અમારા બાપ દાદા મહાપાપી હતા. તેનો ઉદ્ધાર થયો હશે કે કેમ ?' પછી મહારાજ કહે, ''તમારે જોવું છે ? જોવું હોય તો દેખાડીએ.'' પછી જેઠસુરખાચરને મહારાજે સમાધિ કરાવીને અક્ષરધામમાં મોકલ્યા. ત્યાં તેમના વડવાઓને તેમણે દીઠા. ત્યારે તેમણે કહ્યું જે, 'તમે આંહી કેવા ?' ત્યારે તે સૌ બોલ્યા, 'જે અમારા કુળમાં અલૈયાખાચર સ્વામિનારાયણનો ભક્ત થયો છે તે પ્રતાપે કરીને અમે અહીંયાં આવ્યા છીએ.' જેઠસુરખાચર બોલ્યા જે, 'કાંઈક નિશાની આપો તો સાચું મનાય.' ત્યારે તેમના વડવાઓએ કહ્યું જે, 'તળાવને કાંઠે પીપર છે તેથી નવ હાથ છેટે ઉગમણી બાજુ નવસો રૂપિયાનો રેલો એક દેગડો દાટ્યો છે તે લઈ લેજો.' પછી તેણે સમાધિમાંથી બહાર આવીને મહારાજને કહ્યું જે, 'વડવા ધામમાં તો પહોંચ્યા છે પણ એક નિશાની મળે તો ખરું.' પછી તળાવની પાળે મહારાજ પધાર્યા. ત્યાં ઢોલિયા ઉપર મહારાજ વિરાજમાન થયા અને કહેવા પ્રમાણે તે જગ્યાએ ખોદ્યુ ત્યારે નવસો રૂપિયાનો દેગડો નીકળ્યો. તે રૂપિયા કટાઈ ગયેલા હતા. તે મહારાજ પાસે લાવીને મુક્યા. મહારાજ કહે, ''તમારે તો બે લાભ થયા. એક તો પિતૃ ધામમાં ગયાં તેની ખાત્રી થઈ અને વળી રૂપિયા પણ મળ્યા.'' ।।૫૪૦।।

અલૈયાખાચરનો ચાકર **જેહલો** કરીને હતો. તે અકસ્માત મૃત્યુને પામ્યો. તે વખતે અલૈયોખાચર સીમમાં ગયા હતા અને જેહલાને સ્મશાનમાં લઈ ગયા હતા ત્યાં અલૈયોખાચર જઈ પહોંચ્યા. તે વખતે જેઠસુરખાચર બોલ્યા જે, તું ભણતો હતો જે, સ્વામિનારાયણનું નામ લે તેને મહારાજ તેડવા આવે અને આ તો જેહલે દેહ મેલ્યો તે પુઠયે થઈને જીવ નીકળી ગયો. અમે તો મહારાજને ભાળ્યા નહી. અલૈયાખાચર કહે, 'તે ધામમાં ગયો છે માટે તમારે પરીક્ષા જોવી હોય તો અગ્નિ મેલશો નહીં.' પછી અલૈયાખાચરે સૌને કહ્યું જે, 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ એવી ધુન્ય કરો.' એમ ઘડીક ધુન્ય કરવાથી જેહલો દેહમાંથી બેઠો થયો. તે વખતે અલૈયોખાચર બોલ્યા જે, 'જેહલા ! ક્યાં ગયો હતો ?' ત્યારે તે કહે, હું તો અક્ષરધામમાં ગયો હતો. પછી અલૈયાખાચરે કહ્યુ જે, 'ત્યારે પાછો કેમ આવ્યો ?' ત્યારે તે કહે, 'મહારાજે કહ્યું જે, ''અલૈયાખાચરની પ્રતિજ્ઞા રાખવા માટે જા.'' માટે ધુન્ય કરો. હું પાછો ધામમાં જાઉં છું.' એમ કહીને પાછો ધામમાં ગયો. ।।૫૪૧।।

એક વખત મહારાજ અલૈયાખાચરના દરબારમાં વિરાજમાન હતા. તે સાથે સખા પણ હતા. પછી દૂધપાકની રસોઈ કરાવીને મહારાજ કહે, ''આજ એવું પ્રકરણ ચલાવવું છે જે, પહેલી વસ્તુ ઉપર હાથ પડે તે જમવું.'' પછી સુરોખાચર કહે, ઠીક. મહારાજ પછી સુરાખાચરને એક મોટા થાળમાં પુરિયો-શાક તથા દૂધપાકનો એક મોટો વાટકો ભરીને વચ્ચે મુક્યો અને આખો થાળ ભર્યો હતો. પછી મહારાજે નાજા જોગીયાને કહ્યું જે, ''**સુરાખાચર**ની આંખ્યો દાબો.'' તે પ્રમાણે તેમણે આંખો દાબી અને દૂધપાકનો વાટકો મહારાજે લઈ લીધો અને ગાજરના અથાણાનો વાટકા મેલી દીધો. પછી સુરાખાચર જય સ્વામિનારાયણ કહીને જેવો હાથ મેલવા જાય ત્યાં તો પ્રથમ ગાજર હાથમાં આવ્યાં અને અથાણામાં મીઠું ઘણું હતું. પછી સુરાખાચર કીર્તન બોલ્યા જે, ''ગાજરડાં રે મારાં પૂરવનાં વેરી.'' પછી બે ચાર ગાજર સુરાખાચરે ખાધાં. પછી સૌ કહે, 'મહારાજ ! આનું પેટ છુટી પડશે !' પછી મહારાજે દૂધપાકનો વાટકો મેલ્યો તે જમ્યા. ॥૫૪૧॥

એક વખત **અલૈયોખાચર** પોતાને ઘરે ઢોલીયા ઉપર બેઠા હતા. તે વખતે એક કુંભાર તેમના ખોરડા ઉપર નળીયા ચાળતો હતો. તેને લેવાને જમ આવ્યા તે જમને દેખીને તેણે બુમ પાડીને કહ્યું કે, 'દોડજો બાપુ મારી નાંખ્યો !' પછી કુંભાર લીંબડાની ડાળે ટીંગાળો અને લીંબડાની ડાળ ઉપર જમે પગ મેલ્યો એટલે ડાળ અને કુંભાર એ બન્ને ફળીયામાં પડ્યાં. પછી કુંભાર અલૈયાખાચરના ઢોલિયા નીચે પેસી ગયો અને અલૈયાખાચરને કહ્યું કે, 'ઓલ્યા જમ મને લેવા આવ્યાં છે.' પછી અલૈયાખાચરે હાંકલ મારી એટલે જમ નાસી ગયા. પછી તે કુંભાર સત્સંગી થયો ને જીવ્યો ત્યાં સુધી સાધુની સેવા કરી. ॥૫૪૩॥

એક વખત મહારાજે **અલૈયાખાચર**ને પોતાનો પોશાક પહેરાવીને વાળાંક દેશમાં સ્વરુપાનંદસ્વામીના મંડળમાં વાતુ કરવા મોકલ્યા હતા અને અલૈયાખાચરને તે વખતે સમાધિ પણ થાતી હતી તેવા પોતે બળવાન હતા. ॥૫૪૪॥

એક વખત મહારાજે **ગઢપુર**માં સપ્તઋષિ ગણ્યા તેમાં સુરાખાચરને પ્રથમ ગણ્યા. તે વાતની તેમને ખબર પડી જે, સપ્ત ઋષિમાં સુરાખાચરને પ્રથમ મહારાજે ગણ્યો અને મને ત્રીજો ગણ્યો તે સાંભળી તેમને મૂર્છા આવી ગઈ તેનું કારણ જે સુરો ખાચર તો ગૃહસ્થાશ્રમી છે અને હું તો ત્યાગી છું. કેમકે પોતે ત્યાગીના જેવો જ ધર્મ રાખતા. તે વાતની મહારાજને કોઈકે ખબર કરી જે, અલૈયાખાચરને મૂર્છા આવી છે. પછી મહારાજ બોલ્યા જે, ''અલૈયો તો અલૈયો કહેવાય અને સુરાખાચરને ચાર પાંચ

છોકરા છે માટે તે અલૈયાખાચરની બરોબર નહીં.'' તે વાત કોઈકે અલૈયાખાચરને કરી કે, મહારાજ તમારાં વખાણ કરતાં હતાં અને તમને સપ્તઋષિમાં પહેલા ગણ્યાં એ સાંભળીને અલૈયાખાચરની મૂર્છા ઉતરી ગઈ. ।।૫૪૫।।

ગઢપુરમાં શ્રીજીમહારાજ **ઘેલા**માં જળ જીલવાને ધરે નહાવા પધાર્યા હતા અને કાઠી સૌ સાથે નહાવા ગયા હતા. પછી સૌ ઉંચા ચડીને ધરામાં ધુબકા મારતા હતા. પછી મહારાજ ધરાને કાંઠે બેઠા હતા અને અલૈયાખાચર છેટેથી દોડીને જ્યાં ધુબકો મારવા ગયા. તે વખતે મહારાજે તેમને પાછળથી ધક્કો માર્યો તે આઘા જઈ પડ્યા. તે જોઈ સૌ સખા હસાહસ કરવા લાગ્યા પણ અલૈયાખાચરના મનમાં એમ થયું જે, મહારાજે મારી મશ્કરી કરીને લાજ લીધી; એમ જાણીને તેમને મહારાજનો સહેજ અવગુણ આવ્યો હતો. કેમ જે, તેમનો માની સ્વભાવ હતો. ।।૫૪૬।।

દાદાખાચરની **તાજણ** ઘોડીની વછેરીને ચડાઉ કરવી હતી. તે વખતે મહારાજ દરબારમાં આવીને વિરાજમાન થયા અને સૌને બોલાવ્યા જે, આપણે તાજણ ઘોડીની વછેરીને ચડાઉ કરવી છે તે અસ્વાર સારો કોણ હશે ? પછી સૌએ કહ્યું જે, અલૈયોખાચર અને નાજો જોગીયો એ બે સ્વાર સારા છે. તે વખતે બન્ને જણાં ઘેલામાં પાણીમાં બેસતાં. પછી મહારાજ કહે, ''તેમને ત્યાંથી બોલાવો.'' પછી બન્ને જણાંને બોલાવ્યા ને આવીને મહારાજ પાસે ઉભા રહ્યા ત્યારે મહારાજ કહે, ''આપણે આ વછેરીને ચડાઉ કરવી છે તે તમારા બેમાં સ્વાર વધારે સારો કોણ છે ?'' ત્યારે નાજો જોગીયો કહે કે, 'મહારાજ ! મારે ત્યાં એભલ ખાચરના પ્રતાપથી ટારડી ઘોડી હતી તેથી હું ટારડીનો અસ્વાર છું અને અલૈયાખાચરના બાપુને ઘરે પાડો હતો તે પાડા ઉપર અસ્વાર થયેલા છે.' મહારાજ કહે, ''પાડાવાળો ભુંડો, એ નહીં સારો.'' પછી નાજા જોગીયાને ઘોડાની સેવામાં રાખીને મહારાજે થાળ આપ્યો. પછી અલૈયાખાચર બોલ્યા જે, ભગવાનના ઘરમાં અંધારું જોને અંધારું, જે ઓલ્યો ટારડીની સેવામાં રહ્યો તેને થાળ અને હું ગળા સુધી પાણીમાં બેસી રહું છું તેને કાંઈ નહીં; એમ પોતાના મનમાં થયું. ।।૫૪૭।।

અને મહારાજ ઝીંઝાવદરમાં હતા અને **વ્યાપકાનંદસ્વામી**ને બોટાદથી તેડાવ્યા અને સ્વામી ઝીંઝાવદર આવ્યા. અને મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજે ખીમબાઈને કહ્યું જે, ''ખીમબાઈ! અમારા પ્રભુ આવ્યા છે તેમને માટે થાળ કરજો,'' ખીમબાઈ કહે, 'મહારાજ! તમારા પ્રભુ કોણ છે'?મહારાજ કહે, ''આ વ્યાપકાનંદસ્વામી અમારા પ્રભુ છો પછી રસોઈ થઈ ત્યારે મહારાજે વ્યાપકાનંદસ્વામીને માટે થાળ

પુરાવ્યો અને પોતાની સાથે જમવા બેસાર્યા. પછી મહારાજ બોલ્યા : જે, ''જમો પ્રભુ જમો'' પછી ખીમબા બોલ્યાં જે, 'મહારાજ એમ શા માટે કરો છો '? મહારાજ કહે, ''ખીમબાઈ આ તો મુંવાને જીવતાં કરે છે' પછી સ્વામી બહુ દિલગીર થયા. ત્યારે મહારાજ કહે : ''સ્વામી શું થયું ? વાત કરો'' પછી સ્વામી કહે, ''મહારાજ હું સવારમાં નહાવા ગયો હતો અને દરબારનાં અરધા ઘરમાં સાધુ ઉતરેલા હતા અને અરધા ઘરમાં ઘોડી બાંધી હતી. તે ઘોડી મરી ગઈ તે જોઈને હમીરખાચર રોવા લાગ્યા. તે જોઈને મને દયા આવી અને સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ.... એમ કહીને પાણીની ત્રણ અંજલી છાંટી અને એક જીવ લઈને તેમાં ખોસ દીયા. 'ત્યારે મહારાજ કહે, ''સ્વામી ! કોઈ રાજાનો કુંવર મરી ગયો હશે, તેને જીવતો નહીં કરો તો તમને જેલમાં નાંખશે.'' મહારાજ કહે, ''અમારી આજ્ઞામાં અનંતકોટી બ્રહ્માંડ રહ્યાં છે તોપણ અમે અમારી સામર્થી છુપાવી રાખી છે.'' ।।૫૪૮।।

ત્યાંથી મહારાજ **કુંડળ** પધાર્યા અને **રાઈબાઈ**ને કહ્યું જે, ''રાઈબાઈ ! થાળ કરો. અમારા ભગવાનને જમાડવા છે.'' પછી મહારાજે વ્યાપકાનંદસ્વામીને બતાવ્યા જે આ અમારા ભગવાન છે અને મરેલાં જીવતાં કરે છે. પછી સ્વામીએ બહુ દિલગીર થઈને કહ્યું કે, 'મહારાજ! હું ભૂલી ગયો.' પછી રાઈબાઈ બોલ્યાં : જે, 'મહારાજ ! વ્યાપકાનંદસ્વામી બહુ મોટા સાધુ છે અને એભલખાચરના ગુરુ છે તે એભલખાચર સાંભળશે તો તેમને ખોટું લાગશે.' પછી મહારાજે ગઢપુર જવાની રજા આપી તેથી સ્વામી ગઢપુર આવ્યા. ।।૫૪૯।।

અને કુંડળમાં મહારાજ **જાળીયે ધરે** નહાવા પધાર્યા હતા અને કાઠી સૌ ત્યાં ધુબકા મારી મારીને નહાયા પણ કોઈએ સ્વામિનારાયણનું નામ લીધું નહીં. પછી સૌ નાહીને બહાર નીસર્યા ત્યારે મહારાજ બોલ્યા જે, **સુરાખાચર** ! તમે સૌ લોહીમાં નહાયા.'' ત્યારે સુરોખાચર કહે, 'મહારાજ ! ગંગાજળ જેવું પાણી છે અને તમે લોહી કેમ કહો છો ?' મહારાજ કહે, ''તમે ભગવાનને સંભાર્યા હતા ? ભગવાનને સંભાર્યા વિના નહાયા તે લોહીમાં નહાયા.'' પછી ફરી, સૌ પોતીયાં કરીને સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ.... બોલી બોલીને નહાયા. તે સાંભળીને મહારાજ કહે, ''તમે સૌ ગંગાજીમાં નહાયા.'' ।।૫૫૦।।

અને એક વખત મહારાજ **કુંડળ**ને પાદર રાતના બે વાગે નીસર્યા હતા. પછી મહારાજે સૌને કહેલ જે, ''આપણે કુંડળમાં જાણ કરવું નથી. પછી તે વખતે **રામપટગીર** ઉઠેલ. તે ઉભા થઈને હે સ્વામિનારાયણ ! હે સ્વામિનારાયણ !ભજન કરતા હતા તે

સાંભળીને મહારાજે હુંકારો દીધો જે, હે. ત્યારે સુરોખાચર કહે : ''કહેતા હતા જે નથી બોલવું ને કેમ બોલ્યા ?' ત્યારે મહારાજ કહે, ''મને બોલાવે ત્યારે જવાબ દીધા વગર છુટકો છે ?'' પછી મહારાજ ગામમાં પધાર્યા અને અને સવારે થાળ જમીને ચાલ્યા. ||૫૫૧||

અને મહારાજ કારીયાણીથી **ભાવનગર** પધાર્યા હતા. તે વખતે **પુરીબાઈ**એ મહારાજને ભાતું કરી આપ્યું તે દૂધમાં લોટ બાંધીને ઘઉંના ઢેબરાં કરી આપ્યાં અને ઉપર ખુબ ઘી મૂક્યું. પછી તેનો ડબો ભરીને નાજા જોગીયાને આપ્યો અને જે ઢેબરું મહારાજ સારું કર્યું હતું. તે પ્રેમમાં ને પ્રેમમાં એકજ કોર ચોડવેલું હતું. તે ઉમરાળાને પાદર જઈ નદીમાં જમવા બેઠા. તે વખતે મહારાજે નાજા જોગીયાને કહ્યું, જે ''નાજા જોગીયા ! અમારાં ઢેબરાં લાવો.'' એટલે નાજા જોગીયે સારૂં ચડેલું ઢેબરું હતું તે આપવા માંડ્યું. ત્યારે મહારાજ કહે, ''અમારાં ઢેબરાંને તો અમે ઓળખીએ છીએ.'' પછી તે ઢેબરું લઈને મહારાજ જમ્યા અને પછી ભાવનગર પધાર્યા. અને ત્યાં રૂપાભાઈ તથા રાજાભાઈને ત્યાં ઉતર્યા હતા અને તેમને સાથે લઈને દરબારમાં પધાર્યા. ત્યાં મહારાજને આવતા જાણી વજેસિંહજી દરબાર મહારાજને સન્મુખ આવ્યા. મહારાજ કહે : ''કેમ દરબાર ! ગઢડા મંદિરનો લેખ કરી દેવો છે કે નહીં ? હા કહો છો કે ના, ના કહેતો હો તો બીજા રાજ્યમાં મંદિર કરીએ.'' પછી દરબારે મહારાજને ખુરશી ઉપર પધરાવીને તુરત લેખ કરી આપ્યો અને તેની મહોર છાપ નીચે મારી આપી અને તે લેખ લઈને મહારાજ ગઢડે પધારતા હતા ત્યારે ઉમરાળી નદીમાં આવ્યા ત્યાં ગઢડાના ભાવસાર મળ્યા. તે મહારાજને દંડવત્ કરવા લાગ્યા. તે સમે મહારાજની માણકી ઘોડી થનમન થનમન કરવા લાગી અને નદીને કાંઠે કણબી કોસ હાંકતા હતા. તે બોલ્યા જે, માળા ઉંચા નીચા થાય છે તે ઘોડાં કચરી નાંખશે. પછી તેમને મહારાજે પૂછ્યું, જે ''કેમ મંદિરનું કામ ચાલે છે ?'' સૌ હરિભક્તે કહ્યું જે, 'દિવસે બંધ રાખીયે છીએ ને રાતે કરીએ છીએ.' પછી મહારાજ કહેઃ ''જુઓ અમે મંદિરનો લેખ કરાવીને લાવ્યા.'' પછી મહારાજે ગઢડે આવીને મંદિરનું કામ પ્રસિદ્ધ રીતે ચાલતું કરાવ્યું. ||૫૫૨||

# ગઢાળીના આંબા શેઠની વાતો

**ગઢાળી**ના **આંબાશેઠ**ને એવું નિયમ હતું કે નિત્ય સવારમાં ઉઠીને ચાર વાગે ગઢાળીથી ગઢપુર શ્રીજીમહારાજને પોતાનું લાવેલું દાતણ કરાવતા અને મહારાજના દર્શન કરીને પછી ઘરે જતા. અને બોડકીના ગરાસીયા સાથે પોતાને અણબનાવ હતો. તેથી પોતે તીર કમાન સાથે રાખતા એવી રીતે નિરંતર પોતાનું નિયમ કર્યા પછી વ્યવહારિક કામકાજ કરતા. ॥૫૫૩॥

એક વખત **ગઢાળીથી આંબાશેઠ** ગઢપુર મહારાજના દર્શને આવ્યા એ મહારાજે પોતાનાં દર્શનની બંધી કરી હતી. તે રજા સિવાય કોઈથી દર્શને જવાય નહીં. પછી આંબાશેઠ એક ચોફાળમાં ગોટમોટ થઈને અક્ષરઓરડીની પાસે નીચી વંડી હતી. તે ઉપર થઈને નીચે પડ્યા અને 'ન્યાલકરણ... ન્યાલકરણ....' એમ બોલવા માંડ્યા ત્યારે મહારાજ કહે, ''શું છે ? શું છે ?'' કોઈકે કહ્યું જે, 'આંબો શેઠ તમારાં દર્શન કરવા વંડીયેથી નીચે પડ્યા છે.' પછી મહારાજ કહે કે, ''સૌને બંધી પણ આંબા શેઠને બંધી નહીં, કેમકે આ વાણીયો ક્યારેક હાથ પગ ભાંગશે માટે તમારે કોઈએ તેને મના કરવી નહીં.'' ॥૫૫૪॥

એક વખત **આંબાશેઠ ગઢપુર** મહારાજને દર્શને આવ્યા અને મહારાજને પૂછાવ્યું જે, 'મહારાજને કહો જે, આંબો દર્શને આવે ?' પછી મહારાજે કહ્યું જે, ''ખીજડા આવે લીંબડા આવે અને આંબો શા વાસ્તે ન આવે ?'' પછી આંબાશેઠ મહારાજને દર્શને આવ્યા અને મહારાજને પગે લાગીને તુરત ઘરે ચાલી નીકળ્યા. ॥૫૫૫॥

અને **આંબાશેઠ**ને એક દિવસ વિચાર થયો જે, આપણે મહારાજની બધી સેવા કરી પણ મહારાજને શય્યા આપી નથી. પછી પોતે માથે ઢોલિયો લીધો. તે ઉપર ગાદલું અને ઓછાડ તથા ઓશીકું અને ગાલમશુરીયાં લઈને ગઢપુર આવ્યા. તે વખતે મહારાજ ઉગમણાબારના ઓરડે સભા કરીને વિરાજમાન હતા અને આંબો શેઠ દરબારમાં લીંબડા નીચે આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, ''આંબા શેઠ ! આ ક્યાં જાય છે ?'' આંબાશેઠ કહે, 'મહારાજ ! બ્રહ્મમહોલમાં ઉચાળા જાય છે.' પછી તે ઢોલિયો સભામાં ઢાળીને તે ઉપર ગાદલું પાથરીને તે ઉપર ઓછાડ, ઓશીકું અને ગાલમસુરીયાં મૂકીને પાથરી આપ્યું. તે ઉપર મહારાજ વિરાજમાન થયા ને આંબા શેઠને રાજી કર્યા. ॥૫૫૬॥

એક વખત દરબારમાં દુઝણું નહોતું. પછી મહારાજે **ભગુજી**ને કહ્યું જે, ''તમે ફરતા ગામમાં તપાસ કરો. આપણે એક દુઝણી ભેંશ લાવવી છે.'' પછી ભગુજી તથા બીજા પાળા મળીને રળીયાણું તથા ગુંદાળું થઈ ગઢાળીયે ગયા .ત્યાં ગઢાળીની સીમમાં ભેંશનું ખાડું ચરતું હતું. તેમાં આંબા શેઠની ભેંશ ભગુજીએ જોઈ. તે વખતે ભરવાડ બોલ્યો જે, ભગત ! છેટે રહેજો, નહીં તો જતરડામાં પાણો ઘાલીને હમણાં ઉડાડી મૂકીશ'. ત્યારે ભગુજી કહે, 'અમારે ભેંશ લેવી છે તે જોવા આવ્યા છીએ, તો આ પીતળના સાકળાવાળી ભેંશ કોની છે?' ત્યારે ભરવાડ કહે, 'એ તો વાઘની છે. પછી ભગુજી કહે : ' વાઘ કોણ ? ત્યારે ભરવાડ કહે : 'આંબો શેઠ.' પછી તે ભેંશ જોઈને ગઢપુર આવ્યા અને મહારાજને વાત કરી જે, 'મહારાજ ! ભેંશો તો બધે જોઈ. પણ ગઢાળીમાં આંબા શેઠની ભેંશ જોઈ તે બહુ સારી છે.' પછી મહારાજ કહે, ''આંબો શેઠ તો અહીં નિત્ય દર્શને આવે છે.'' ॥૫૫૭॥

પછી બીજે દિવસે સવારમાં **આંબો શેઠ** ગઢાળીથી મહારાજને દર્શને આવ્યા. પછી દર્શન કરીને વળતી વખતે મોટીબાને 'નારાયણ' કહેવા ગયા. ત્યારે મોટીબા બોલ્યાં જે, 'આંબાભાઈ ! લાલજી દૂધ વગર જમે છે અને દરબારમાં એકે દુઝણું નથી.' શેઠ કહે : કે, 'બા ક્યાંઈક ભેંશ હશે તો તપાસ કરશું.' પછી બીજે દિવસે રાત્રે ભેંશ દોહી નહીં અને સવારમાં ભેંશની ડોકે લુગડું તથા શ્રીફળ બાંધ્યું અને તેના કપાળમાં કંકુનો ચાંદલો કર્યો અને પાડીને પણ એક લુગડું અને શ્રીફળ બાંધ્યું અને તેના કપાળમાં પણ કંકુનો ચાંદલો કર્યો. પછી પોતે રાતના બે વાગે ઉઠીને ભેંશને ચારતા ચારતા ગઢપુર મહારાજના દર્શને આવ્યા. તે વખતે શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં વિરાજમાન હતા. તે મહારાજ દરબાર વચ્ચે આવીને ઉભા રહ્યા. પછી મહારાજ કહે, ''હંમેશા આંબો શેઠ દર્શને આવે છે પણ આજ તો બીજી રીતે આવે છે.'' પછી ભેંશ જોઈને મહારાજ બોલ્યા જે, ''શેઠ ! આ શું ?'' ત્યારે શેઠ કહે, ''મહારાજ ! હું તો શરણે થયો છું. પણ આ ભેંશ શરણે થઈ નહોતી. તે તમારે શરણ આવી છે.'' પછી મહારાજે લાંબો હાથ કરીને ભેંશની મોરી હાથમાં ઝાલી અને શેઠના હાથમાંથી બોગરણું પણ લીધું. પછી મહારાજ કહે, ''શેઠ ! બીજું કાંઈ દુઝણું છે કે નહીં ?'' ત્યારે શેઠ કહે, 'મહારાજ ! એક ગાય છે.' પછી મહારાજ કહે, ''ગાયને જો દેણ દઈએ તો ભેંશના સાટાં વાળે.'' પછી શેઠ કહે, મહારાજ ! તમારૂં વચન ફળે.' પછી ગાય ટંકે દસ શેર દૂધ કાઢવા લાગી. ॥૫૫૮॥

અને પોતે જ્યારે **ગઢાળી**ના મંદિરમાંથી ઘરે જતા. ત્યાં રસ્તામાં પોતાની દીકરીનું

ઘર આવતું. તેનું નામ લઈને પૂછતા જે, 'બાપ દીકરી ધોળી કાંઈ જોશે ?' બાઈ કહેશે, ના, બાપા ! ત્યારે શેઠ કહેશે, 'ન્યાલકરણ.... ન્યાલકરણ.... કર.' પછી પોતાને ઘરે જતા ત્યારે પોતાની ખડકીમાં ગાય બાંધી હોય તેને કાનમાં કહેતા. જે લીલડી ન્યાલકરણ.... ન્યાલકરણ.... કર એમ ગાયને પણ ભજન કરાવતા. તેમણે મહારાજનું નામ ન્યાલકરણ પાડ્યું હતું. ।।૫૫૯।।

અને પોતે **ગઢપુર** મહારાજને તેડવા માટે આવ્યા અને મહારાજને કહ્યું જે, 'ગઢાળી પધારો.' ત્યારે મહારાજે કહ્યું જે,''બહુ સારું, અમે બસો મનુષ્ય લઈને આવશું, માટે તેટલા માણસની રસોઈ તૈયાર કરાવજો.'' પછી શેઠે ઘરે જઈ ને ત્રણસો માણસની રસોઈ મોતીયા લાડુની કરાવી અને મહારાજ ગઢાળી પધાર્યા અને ત્યાં વાજતે ગાજતે સામૈયું કરીને મહારાજને ગામમાં પધરાવ્યા. પછી મહારાજે કહ્યું જે, ''શેઠ ! કેટલા માણસની રસોઈ કરાવી છે ?'' શેઠ કહે, 'ત્રણસો માણસની રસોઈ કરાવી છે.' મહારાજ કહે, ''અમારી સાથે પાંચસો છે.'' પછી શેઠ કહે, 'મારા ઘરમાં દશ મનુષ્ય છે તેને માટે વીસ લાડવા આપો. પછી તમારે ગમે તેમ કરો.' પછી મહારાજે તેને ગણીને વીશ લાડવા આપ્યા અને બધા સંતને તથા હરિજનને અને આખા ગામને મહારાજે જમાડ્યું. તો પણ બસો લાડવા વધ્યા. પછી મહારાજે આંબા શેઠને કહ્યું જે, ''આખું ગામ જમ્યું તો પણ બસો લાડવા વધ્યા છે.'' આંબોશેઠ કહે, ''મહારાજ ! તમે તો ભગવાન છો. તે ગમે તેમ કરો.'' પછી તે વધેલા લાડવા મહારાજે શેઠને પ્રસાદીના કરીને આપ્યા. ।।૫૬૦।।

**આંબા શેઠે** એક વખત મહારાજને જમવા માટે થાળ કરાવ્યો હતો. તે મહારાજ તેમને ઘરે જમવા પધાર્યા ને બોલ્યા જે, ''શેઠ ! મારે લઘુશંકા કરવી છે.'' શેઠ કહે ,'ચાલો, મહારાજ ! ખાળીયો બતાવું.' પછી પોતાના રસોડામાં લઈ ગયા અને કહ્યું જે, 'મહારાજ ! આ ચુલાની આગવણમાં લઘુશંકા કરો.' મહારાજ કહે, ''આમાં થાય નહીં.'' શેઠ કહે, 'કૃષ્ણાવતારમાં કેમ આગવણમાં કળશીયે જતા ?' પછી મહારાજ વાડામાં જઈને લઘુશંકા કરી આવ્યા અને પછી મહારાજ જમવા બેઠા ત્યારે બોલ્યા જે, ''શેઠ ! મારે કોગળા કરવા છે.'' ત્યારે શેઠે પોતાની પાઘડી માથેથી ઉતારીને ધરી અને કહ્યું જે, 'આમાં કોગળા કરો.' મહારાજ કહે, ''પાઘડીમાં કોગળા થાય ?'' શેઠ કહે, 'કૃષ્ણાવતારમાં રાધિકાજીને કેમ પીચકારીઓ મારતા ?' પછી ઘંટીના ગાળામાં મહારાજને કોગળા કરાવ્યા અને પછી મહારાજને જમવા બેસાર્યા. તે થાળ જમી રહ્યા પછી મહારાજની પૂજા કરી. પછી સૌ તૈયાર થઈને ગામ બહાર નીસર્યા ત્યારે મહારાજ કહે,

"ધર્મકુળ ક્યાં ?" પછી સૌ બોલ્યા જે, "અમને ખબર નથી." મહારાજ કહે, "સૌને પાછા વાળો અને જેને જમાડવા હતા તે તો રહી ગયા." પછી ધર્મકુળને રસોઈ કરાવીને જમાડ્યા પછી મહારાજ ગઢપુર પધાર્યા. ॥૫૬૧॥

ગાંફના રાજા દ્વારકા જતા હતા તેમના કારભારી **ગગો વ્યાસ** કરીને હતા. તે ગઢાળીમાં રાત રહ્યા અને સાંજે આંબા શેઠની દુકાને સીધું લેવા ગયા. આંબો શેઠ મોદીખાનું રાખતા હતા એટલે તમામ સામાન તેમની દુકાને મળતો હતો. પછી ગગો વ્યાસ સાથે પાંચ દસ માણસ લઈને તે શેઠની દુકાને સીધું લેવા ગયા અને શેઠ સીધું જોખતા જાય અને 'ન્યાલકરણ.... ન્યાલકરણ....' એમ વારંવાર બોલતા જાય. પછી ગગો વ્યાસ બોલ્યા જે, વાણિયા ! સીધું સમું જોખને.' આંબો શેઠ કહે, 'આ ગઢડામાં ઢીંચણ સમું કલ્યાણ છે અને મૂરખ હોય તે વાંઢેય ઘોઘોળે.' શેઠ કહે, 'અહો ! મને ન્યાલ કરી નાંખ્યો અને હું તો હીંગનો તોલનારો વાણીયો છું.' ગગો વ્યાસ કહે, 'ન્યાલકરણ કોણ છે ?' ત્યારે શેઠ બોલ્યા જે, 'ગઢડામાં સ્વામિનારાયણ ભગવાન છે. તેમણે મને ન્યાલ કરી નાંખ્યો' તે સાંભળી ગગો વ્યાસ બોલ્યા જે, 'સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે ?' ત્યારે શેઠ કહે, 'હા જોને ! મુને ન્યાલ કરી નાંખ્યો.' પછી તેઓ યાત્રા કરી આવીને ઘરે ગયા અને ગાંફમાં નિત્યાનંદસ્વામી પધારેલા હતા. પછી તેમણે મહારાજના ઐશ્વર્યની તથા પ્રતાપની વાતો કરીને ગગા વ્યાસને વર્તમાન ધરાવા લાગ્યા. ત્યારે વ્યાસજી બોલ્યા જે, 'સ્વામી ! તમારે મને વર્તમાન ધરાવવાં હોય તો ધરાવો પણ મને તો ગઢાળીને વાણિયે વર્તમાન ધરાવ્યાં છે. કેમકે હું તેની દુકાને અરધી કલાક બેઠો હતો તેટલામાં તેણે સો વાર ન્યાલકરણ ન્યાલકરણ કર્યું હશે.' પછી નિત્યાનંદ સ્વામીએ તેમને વર્તમાન ધરાવ્યાં ને ગગા વ્યાસને સત્સંગી કર્યા. ॥૫૬૨॥

અને મહારાજ **વરતાલ** પધાર્યા હતા અને સાથે આંબો શેઠ પણ ગયા હતા. ત્યાં ગોમતીજીને કાંઠે મહારાજ સભા કરીને વિરાજમાન હતા. પછી ત્યાંના જોબનપગી તથા સુંદરપગી વિગેરેએ મહારાજને રાજી કરવાને માટે ચાર લોટકા જુદા જુદા રંગનાં કરીને એક કોઠીએ બાંધ્યા. પછી સભા આગળ ઉભા રહીને નિશાન પાડવા મંડ્યા, પણ જે તીર નાંખે તે બધાં આઘાં પાછાં થઈને ચાલ્યા જાય, પણ કોઈથી તે નિશાન પડ્યું નહીં. પછી મહારાજ બોલ્યા જે, "હવે અમારા નિશાન પાડનારાને બોલાવીએ." પછી મહારાજ બોલ્યા જે, "ક્યાં ગયા આંબો પગી ?" પછી આંબો શેઠ મહારાજ આગળ હાથ જોડીને ઉભા રહ્યા. મહારાજ કહે, "શેઠ ! ઓલ્યું નિશાન પાડો." પછી આંબા શેઠે મહારાજની મૂર્તિ ધારીને 'જય ન્યાલકરણ' કહીને બાણ માર્યું. તે બાણ

લોટકે જઈને ચોંટ્યું અને ધડ દઈને તે લોટકો નીચે પડ્યો. પછી પગી સૌ તાકી રહ્યા અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! આ વાણિયે તો અમારી લાજ લીધી.' ।।૫૬૩।।

અને **શેઠ** જ્યારે જમવા બેસતા ત્યારે પોતાના દીકરાને (પાંચ વરસનો દીકરો હતો તેને) નિત્ય તેની મા શેઠ ભેગો જમવા બેસારતી અને રોટલા ઉપર ઘીનો છાંટો હોય તે છોકરો પ્રથમ ખાઈ જાય અને આંબો શેઠ નિત્ય એમ વિચાર કરે જે, આ ગોબરું છોકરું મારા ભેગું ખાવા બેસારે છે માટે તેનો કાંઈક ઉપાય કરું. પછી એક દિવસ શેઠ જમવા બેઠા અને ઉની ઉની કઢીનો વાટકો ભરીને મેલ્યો હતો. પછી શેઠને પીરસીને મા ઘરમાં ગઈ ત્યારે આંબા શેઠે છોકરાનો હાથ ઝાલીને કઢીના વાટકામાં બોળ્યો તેથી છોકરે ચીસ નાંખી. ત્યારે શેઠ બોલ્યા જે, 'હું ગોરધનીયા, હું ગોરધનીયા, મારે મૂરખે ઉની ઉની કઢીમાં હાથ બોળ્યો.' પછી બીજે દિવસે શેઠ જમવા બેઠા. ત્યારે છોકરાની માએ કહ્યું જે, 'જા દાદો જમવા બેઠો.' ત્યારે છોકરો કહે, 'ના, ના, હું નહીં જાઉં.' પછી શેઠ કહે, 'કાલે ઉની ઉની કઢીમાં હાથ નાંખ્યો હતો.' પછી તે છોકરો જમવા બેસતો આળસી ગયો એમ યુક્તિથી કામ કર્યું. ।।૫૬૪।।

# માણાવદરના મયારામ ભટ્ટની વાતો

અને એક વખત **મયારામ ભટ્ટ** ઘર ભંગ થયા પછી સૌ સંબંધીઓ આગ્રહ કરવા લાગ્યા જે, 'ફરી તમારું ઘર કરીએ.' ત્યારે મયારામ ભટ્ટ બોલ્યા જે, 'હું રામાનંદ સ્વામીને પૂછીને પછી જવાબ દઈશ.' પછી મયારામ ભટ્ટ રામાનંદસ્વામીને પૂછવા માટે લોજ ગામે ગયા. તે સમે સ્વામી સભામાં વાતુ કરતા હતા અને મયારામ ભટ્ટ દંડવત કરીને પગે લાગીને સભામાં બેઠા. પછી સ્વામીએ વાત કરતાં કરતાં વાત કરી જે, 'અમારો તો એવો અભિપ્રાય છે જે ત્રણ ફેરા ફર્યા હોય અને ત્રીજે ફેરે જો હું પહોચું તો ચોથો ફેરો ફરવા દઉં નહીં.' પછી મયારામ ભટ્ટે વિચાર કર્યો જે, 'સ્વામીનો તો અભિપ્રાય આવો છે. ત્યારે તેમને હું શી રીતે પૂછું જે, હું ઘર કરું ?' પછી બે દિવસ વાતો સાંભળીને ભટ્ટજી ઘરે ગયા ને જીવતપર્યંત ઘર ન કર્યું. ।।૫૬૫।।

એક વખત **મયારામ ભટ્ટ** તથા **ગોવિંદરામ ભટ્ટ** એ બે ભાઈએ વિચાર કર્યો જે, 'આપણે કાંઈક વેપાર કરીએ.' પછી રાત્રીયે પોતાનું નિયમ પરવારીને વિચાર કરવા બેઠા. પહેલા કહે, 'આપણે અનાજનો વેપાર કરીએ.' ત્યારે કહે, 'એમાં તો હિંસા બહુ થાય.' પછી કહે, 'ઘી વિગેરે રસનો વેપાર કરીએ' ત્યારે કહે, 'તે તો બ્રાહ્મણને નિષેધ છે.' એમ દરેક જાતના વેપારનો ગુણદોષ જોતાં સવારે ચાર વાગ્યા અને કુકડો બોલ્યો ત્યારે મયારામ ભટ્ટે પૂછ્યું જે, 'ગોવિંદરામ ! આ શું થયું ?' ત્યારે ગોવિંદરામ કહે, 'ભાઈ ! ચાર વાગ્યા.' મયારામ ભટ્ટ કહે, 'વેપાર કરવાની હજી તો વાતો કરીએ છીએ ત્યાં આખી રાત પ્રભુ ભૂલ્યા તો માલ ઘરમાં આવીને પડશે ત્યારે તો શું થાશે ? માટે 'અનાજથી વેપાર કરે તેના બાપને માથે પસ્તાળ' એમ નિયમ લીધું. ।।૫૬૬।।

એક વખત કોઈક હરિભક્ત બાઈ પોતાનું પહેરવાનું કડલું ઘરેણે મૂકી ગઈ હતી પણ તેને વરસ બે-વરસ થયાં તે પણ તે બાઈ કડલું લેવા આવી નહીં. પછી **ભટ્ટજી**એ તે કડલાં જેવડું બીજું કડલું કરાવ્યું અને ભટ્ટના મનમાં એમ થયું જે , એક કડલું કહેવાય બે કડલાં જોઈએ તેથી તેટલા જ વજનનું બીજું કડલું કરાવ્યું. પછી તે બાઈ કડલું લેવા આવી. તેણે ભટ્ટજીને કહ્યું જે, ''લ્યો તમારા રૂપિયા અને લાવો મારું કડલુ; પછી ભટ્ટજીએ તે બેય કડલાં લઈને બાઈની પાસે મેલ્યાં. ત્યારે બાઈ કહે, 'મારું તો એક જ કડલું છે.' ભટજી કહે, 'ના, તારા છોકરાના સોગન ખા.' બાઈ કહે, કે, 'મારા છોકરાના સોગન છે જે, મેં તો એક જ કડલું તમોને આપ્યું હતું માટે મારું એક કડલું

છે, તે એક મને પાછું આપો.' પછી તેને તેનું કડલું દીધું તે આવા ધર્મવાળા હતા ને બાઈ પણ ધર્મવાળી હતી તે સત્ય જ બોલી. ॥૫૬૭॥

એક વખત મહારાજ **માણાવદર** પધાર્યા હતા અને સાથે કાઠીયોના સ્વારો હતા અને ભટજીએ સૌને માટે ચોખા રંધાવ્યા પણ તે ચોખામાં કાંકરી વિશેષ હતી. તેથી મહારાજે જાણ્યું જે કાઠીઓ ભટ્ટજીની મશ્કરી કરશે. પછી મહારાજે કાઠીઓને કહ્યું જે, ''આજ એક પ્રકરણ ફેરવવું છે'' કાઠીયો કહે, 'બહુ સારૂ' પછી મહારાજ કહે, ''જમતાં જમતાં દાઢે જડાવે તે વિમુખ.'' પછી સૌ જમવા બેઠા અને દૂધ ચોખા સાકર પીરસ્યું પણ માંહે કાંકરી બહુ આવે પણ જો તેવું બોલે તો વિમુખ ગણાય. પછી સૌ ભજન કરતા કરતા જમી ગયા અને પછી સૌ ઉતારે ગયા, ત્યારે સુરોખાચર બોલ્યા જે, ''મહારાજ ! તમે ભણે પ્રકરણ ઠીક ફેરવ્યું કેમકે ચોખામાં કાંકરી અરધો અરધ હતી.'' પછી મહારાજ કહે, ''તમે ભટજીની મશ્કરી કરો તેવું જાણીને અમે પ્રકરણ ફેરવ્યું હતું.'' ॥૫૬૮॥

એક વખત મહારાજ સારુ **મયારામ ભટ્ટે** થાળ કર્યો હતો અને પોતાના મનમાં એક સંકલ્પ થાય જે હું મહારાજને પ્રથમ જમાડીશ તો મારી બધી રસોઈ અભડાશે અને જો હું પહેલો જમીશ તો કહેશે જે મહારાજને જમાડ્યા પહેલાં જમ્યો. પછી મહારાજે તેમનો સંકલ્પ જાણીને બોલ્યા જે, ''મયારામ ભટ્ટ ! તમે લાલજીને જમાડીને જમી લ્યો.'' ભટ્ટજી કહે, 'ઠીક, મહારાજ !' પછી લાલજીને જમાડીને પોતે જમ્યા. પછી સુરોખાચર બોલ્યા જે, 'મહારાજ ! તમે કહો છો જે ભટ્ટ બહુ સારો ભટ્ટ બહુ સારો, પણ તમને જમાડ્યા વગર જમ્યો.' ત્યાં મહારાજ કહે, ''અમને જમાડીને જમ્યા છે.'' ભટ્ટજી કહે, 'ક્યાં તમને જમાડ્યા છે ?' મહારાજ કહે, ''અમે લાલજીમાં રહીને જમ્યા અને પછી ભટ્ટજી કહે 'અરેરે ! મહારાજે મને અભડાવ્યો.' તે એવા પોતે સંશયવાળા હતા. ॥૫૬૯॥

**આમોદ** ગામમાં **દિનાનાથ ભટ્ટ** કરીને બ્રાહ્મણ હતા. અને તે ઘણા જ સારા સત્સંગી હતા અને સંસ્કૃત કાવ્યમાં બહુ કુશળ હતા, પણ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં મયારામ ભટ્ટનું પ્રથમ નામ નાંખ્યું તેથી પોતાના મનમાં એમ થયું જે હું આવો વિદ્વાન અને મારૂં નામ શિક્ષાપત્રીમાં નહીં અને મયારામ ભટ્ટ તો અભણ છે, છતાં તેમનું નામ કેમ નાંખ્યું ? એવામાં તેમને નિર્વિકલ્પાનંદ કરીને સાધુ મળ્યા અને તે સાધુ સત્સંગમાંથી નીકળી ગયા હતા. પછી તેમણે ભટ્ટજીને મહારાજનો અવગુણ ઘાલ્યો તેથી ભટ્ટજીએ મહારાજને દર્શને આવવાનું બંધ કર્યું. પછી તેમની દીકરી જમના કરીને

હતી. તેને ભૂત વળગ્યું તેને કાઢવાને માટે દીનાનાથ ભટ્ટે પુરાણ માત્ર વાંચ્યાં. તે સાંભળી ભૂત પણ તેટલાં જ પુરાણ બોલે. પછી દીનાનાથ ભટ્ટ કાયર થઈને શ્રીજીમહારાજ પાસે આવ્યા અને મહારાજને હાથ જોડીને કહ્યું જે, ''મહારાજ ! મારે ઘરે પધારો અને મારી દીકરીને ભૂત વળગ્યું છે.' મહારાજ કહે, ''દેવ બ્રાહ્મણને ભૂત કેવું ?'' ભટ્ટજી કહે, 'દેવ બ્રાહ્મણ તોય પણ અનાથ.' પછી મહારાજ કહે, ''મયારામ ભટ્ટને તેડી જાઓ.'' પછી મયારામ ભટ્ટને દીનાનાથ ભટ્ટ તો આમોદ તેડી ગયા અને મયારામ ભટ્ટ સવારમાં નાહીને મહારાજનું ધ્યાન કરવા બેઠા. તે જોઈ ભૂત તુરત નાસી ગયું અને દીનાનાથ ભટ્ટના મનમાં આશ્ચર્ય થયું જે, 'મયારામ ભટ્ટ તો બહુજ મોટા છે.' એમ સમજીને મયારામ ભટ્ટના પગમાં પડ્યા અને પોતાને માન હતું તે ટળી ગયું અને ભટ્ટજીને હાથ જોડ્યા, 'જે મારો અપરાધ માફ કરજો.' ।।૫૭૦।।

**ગઢપુર**માં દાદાખાચરે બ્રાહ્મણની ચોરાશી કરી હતી. પછી **મયારામ ભટ્ટ**ને શ્રીજીમહારાજે કહ્યું જે, ''જાઓ, જોઈ આવો બ્રાહ્મણ શી રીતે રસોઈ કરે છે ?'' પછી મયારામ ભટ્ટ રાજગરને ચોકે જોવા ગયા. તે રાજગર ચોરણા પહેરીને રસોઈ કરતા હતા. પછી મયારામ ભટ્ટે આવીને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! દાદાખાચરના ગોર તો ચોરણો પહેરીને રસોઈ કરે છે.' ત્યારે મહારાજ કહે કે, ''જાઓ જાઓ કો કે અબોટીયાં પહેરીને રસોઈ કરો.'' પછી મયારામ ભટ્ટે જઈને કહ્યું કે, 'મહારાજે કહ્યું છે જે, અબોટીયાં પહેરીને રસોઈ કરો.' પછી સૌએ ચોરણા કાઢીને પાનકોરાની મોટી પછેડીયું પહેરી. પછી મયારામ ભટ્ટે આવીને મહારાજને કહ્યું જે, ''મહારાજ ! દાદાખાચરના ગોરે તો છ છ હાથના કાઢીને બાર બાર હાથનાં પહેર્યા.'' ।।૫૭૧।।

મહારાજ એક વખત **અગત્રાઈ** પધાર્યા હતા અને ગોવિંદરામભાઈના દીકરા **નારણજી**ને ઉપવીત આપવું હતું ને તે બેઉ ભાઈ વિચાર કરતા હતા. પછી મહારાજે કહ્યું જે, ''મયારામ ભટ્ટ ! શું વિચાર કરો છો ?'' ત્યારે ભટજી કહે, 'મહારાજ ! આ નારણજીને જનોઈ દેવી છે.' મહારાજ કહે, ''નારણજી તો ગોવિંદરામનો દીકરો તે અમારો દીકરો ગણાય માટે તેને તો અમે જનોઈ આપશું.'' પછી મહારાજ કહે, ''જનોઈ દે ત્યારે શું કરે ?'' મયારામ ભટ્ટ કહે, 'મહારાજ! તેને ફુલેકે ચડાવે ને ગામમાં ફેરવે. તેને કોઈક નાળીયેરે વધાવે ને કોઈક પૈસે વધાવે કોઈક રૂપિયે વધાવે.' મહારાજ કહે, ''નાળીયેરે ને પૈસે વધાવે. તે નારણજીને વધાવે અને રૂપિયે વધાવે તે અમને વધાવે.'' પછી સાંજે ફુલેકું ચડ્યું ત્યારે માણકી તૈયાર કરાવીને તે ઉપર મહારાજ બેઠા અને ગામનાં હરિજનોને ખબર પડી જે, મહારાજ ફુલેકે ચડ્યા છે અને નારણજીની

મા કળશીયો લઈને લુણ ઉતારવા આવ્યાં ત્યારે મહારાજ કહે, ''પહેલાં મારાં લુણ ઉતારો અને પછી નારણજીનાં.'' પછી મહારાજ પ્રથમ પર્વતભાઈને ઘરે પધાર્યા. ત્યાં મહારાજને બસ્સો રૂપિયે વધાવ્યા. એમ દરેક હરિજનને ઘરે મહારાજ ફુલેકે ફર્યા એમ રૂપિયા એક હજાર કરીને પછી મહારાજ મયારામ ભટ્ટને ઘરે પધાર્યા. પછી મહારાજે ભટ્ટજીને કહ્યું કે, ''લ્યો ભેટ, આ નારણજીની જનોઈના રૂપિયા.'' આજે ત્યાં મોટું શીખરબંધ મંદિર છે.।।૫૭૨।।

એક વખત મહારાજ માણાવદર પધાર્યા હતા અને રાજાની રાણીને મહારાજના દર્શન કરવાં હતાં. તેઓ ઓઝલનાં માણસ હતા તેથી તેમણે મયારામ ભટ્ટને કહ્યું જે, 'ભટજી ! અમને મહારાજનાં દર્શન કરાવો.' પછી મયારામ ભટ્ટે મહારાજને તે વાત કરી જે રાણીને તમારાં દર્શન કરવાં છે. મહારાજ કહે, ''તમારા ગામમાં મોચી છે તેમને આંહીં બોલાવો.''પછી મોચીને મહારાજ પાસે બોલાવી લાવ્યા અને કહ્યું જે, ''તને જોડા શીવતાં આવડે છે ?'' મોચી કહે, 'મહારાજ ! મને તો ઓખાઈ જોડા આવડે છે.' મહારાજ કહે, ''તેવા અમે પહેર્યા નથી.'' પછી ઓખાઈ જોડા સીવીને મોચી લાવ્યો અને મહારાજે ભટજીને કહ્યું જે, ''બાઈને કહેજો જે, ગોખમાં બેસે'' પછી મહારાજે જોડા ચોપડાવીને પહેર્યા અને દરબારને દરવાજેથી ગામને દરવાજે ચાલીને મહારાજ પધાર્યા અને ગામને દરવાજેથી દરબારને દરવાજે પધાર્યા. ત્યારે બાઈએ બારીયે બેઠાં બેઠાં મહારાજના દર્શન કર્યાં. એટલામાં દરબાર બહાર નીસર્યા અને મહારાજને પૂછ્યું જે , 'સ્વામિનારાયણ ! શું કરો છો ?' ત્યારે મહારાજ કહે, ''તમે દરબાર ઘોડાવાળા. તે તમે ઘોડા પળોટો અને અમને આ ગામના મોચીએ જોડા સીવી દીધા છે તે જોડા પળોટીયે છીએ.'' તે સાંભળી દરબાર બહુ રાજી થયા અને તેમને સત્સંગ થયો અને તેમણે પોતાના ચોવીશે ગામમાં માણા, માપ તથા વાઢે મણ ગોળ તથા કન્યાએ કોરી એવો ધર્માદો કરી આપ્યો. પછી ત્યાં મહારાજે લાલજી પધરાવ્યા. ।।૫૭૩।।

# પર્વતભાઈની વાતો તથા અગત્રાઈની લીલા

એક વખત **પર્વતભાઈ** ગામ **લોજ**માં મહારાજના દર્શને ગયા હતા અને ત્યાં અનાજનું સદાવ્રત અપાતું હતું. પછી મહારાજે કહ્યું જે, ''પર્વતભાઈ ! સદાવ્રતમાં દાણાની તંગાશ પડે છે.'' પછી પોતે ઘરે આવ્યા ને જેટલું ઘરમાં અનાજ હતું તે બધું ગાડામાં ભરીને દસ ગાડાં જોડાવીને પોતે લોજ લઈ ગયા. પછી તમામ અનાજ ત્યાં લોજના સદાવ્રતમાં નાંખ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, ''પર્વતભાઈ ! છોકરા સારું કાંઈ રાખ્યું કે બધું અનાજ અહીં લાવ્યા ?'' પર્વતભાઈ કહે, 'મહારાજ ! કણબીના છોકરાં અને કુકડાનાં છોકરાં ભૂખે ન મરે ? એ તો ઉકરડા ઉથામીને પણ પેટ ભરે !' પછી તે ઘરે આવ્યા અને જોયું તો દશે કોઠીયો અનાજની ભરેલી હતી. એમ શ્રીજીમહારાજે કોઠીયોમાં દાણા વધાર્યા. ॥૫૭૪॥

**પર્વતભાઈ** અને તેના ભાઈએ બન્ને ખેતર ખેતી કરવા ગયા હતા અને બપોરે માનસી પૂજા કરવાનો વખત થયો ત્યારે પર્વતભાઈ સાંતી હાંકતા હાંકતા માનસી પૂજા કરતા હતા. તેમાં તમામ ચીજ મહારાજને જમાડી પછી ભાતમાં દહીં પીરસતા હતા એટલે સાંતીના બળદ ધીમે ધીમે ચાલતા હતા. તે જોઈ પાછળથી સાંતીવાળે પરોણાનો ઘોદો માર્યો જે, 'પર્વતભાઈ ! શું ડોલાં ખાઓ છો ?' તે ભેળે હાથમાંથી દહીંની દોણી પડી ગઈ. તે હળ બધું દહીં દહીં થઈ રહ્યું. તે જોઈ તેમના ભાઈ દોડીને આવ્યા અને કહ્યું જે, 'આ શું થયું ? આ દહીં કેવું ?' પર્વતભાઈ કહે કે, 'ભલા માણસ ! હું મહારાજની માનસી પૂજા કરીને તેમને દહીં જમાડતો હતો. તે વખતે તેં પરોણાનો ઘોદો માર્યો એટલે હાથમાંથી દહીંની દોણી પડી ગઈ.' પછી તેમણે કહ્યું જે, 'જ્યારે માનસી પૂજાનો વખત થાય ત્યારે એક સ્થાનકે બેસીને માનસી પૂજા કરવી.' એમ હાથ જોડીને પગે લાગીને કહ્યું જે, 'મારો અપરાધ માફ કરજો.' ॥૫૭૫॥

એક વખત **પર્વતભાઈ** સાંતી હાંકતા હતા અને પોતાના મનમાં એમ થયું જે, 'શાસ્ત્રમાં નૃસિંહાવતાર કહ્યો છે તે કેવો હશે ?' તેવો સંકલ્પ તેમના મનમાં થયો ત્યારે મહારાજે વિચાર કર્યો જે, 'નૃસિંહાવતાર જોવાનો સંકલ્પ કર્યો માટે તે દેખાડવો પડશે અને બીજા અવતારનો સંકલ્પ કરશે તો તે પણ દેખાડવા પડશે માટે ચોવીશે અવતાર દેખાડું.' પછી પર્વતભાઈ સાંતી હાંકતા હતા તેની આગળ ચોવીશે અવતાર ચાલ્યા જાય. તે જોઈ પર્વતભાઈના મનમાં આશ્ચર્ય થયું અને વિચાર્યું જે આ ચોવીશે અવતારના કારણ કોણ હશે ? પછી તે ચોવીસે અવતાર મહારાજના સ્વરુપમાં લીન થયા. પછી

પર્વતભાઈના મનમાં એમ થયું જે શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી અને સર્વ અવતારના કારણ છે અને એવો પોતાના મનમાં દૃઢ નિશ્ચય થયો. ॥૫૭૬॥

અને શ્રીજીમહારાજ વખતો વખત **પર્વતભાઈ**નાં વખાણ કરે જે બધા સત્સંગી છે પણ પર્વતભાઈના જેવો કોઈ પ્રેમી હરિભક્ત નથી. પછી કાઠીયોના મનમાં એમ થયું જે, 'આપણે તેને જોવા જે એ કેવાક પ્રેમી હરિભક્ત છે ?' પછી મહારાજ એક વખત અગત્રાઈ પધાર્યા. તે વખતે સાતે કાઠીના સ્વાર હતા. પછી પર્વતભાઈએ મહારાજને ઢોલિયો ઢાળી દઈને તે ઉપર ગાદલું તથા તકીયો પાથરી દીધાં. તે ઉપર મહારાજ વિરાજમાન થયા અને સૌ કાઠીયોનાં ઘોડાં વાડામાં બંધાવ્યાં અને પર્વતભાઈ મહારાજના ઢોલિયા પાસે બેઠા. પછી મહારાજ કહે,“ પર્વતભાઈ ! અમારી સાથે કાઠીઓ છે તેમનાં ઘોડાંને ખડ તથા ચંદીને માટે કંઈક કરો અને તેમની રસોઈને માટે કંઈક કરો.” ત્યારે પર્વતભાઈ કહે, 'મહારાજ ! ઘરનો ધણી આવે ત્યારે સાથીને શું ?' એમ કહીને બોલ્યા જે, 'જુઓ મહારાજ, આ બે ડબા ઘીનાં ભર્યા છે. આ કોઠીઓ ગોળની ભરી છે. ઘઉંના લોટના ગોળા ભર્યા છે. તે તમે ગમે તેવી રીતે રસોઈ કરાવો અને વાડામાં ખડના કુંદવા છે તે લઈને ઘોડાંને ખડ નંખાવો અને કોઠારીયામાં બાજરાની કોઠીયો ભરી છે તેમાંથી ઘોડાંને પાવરા અપાવો.' કાઠી એક-બીજા વાત કરવા લાગ્યા જે, 'જુઓને કેવા ઢોંગ કરે છે ? જે હું તો સાથી છું એમ પણ કહે છે પણ આપણે ખરા હોઈએ તો તેને ખીજવીએ.' પછી કાઠીએ ઘરમાં જઈને બાજરાની કોઠીનાં સાણાં કાઢી નાંખ્યાં અને પાવરા ભરી ભરીને ઘોડાંને ચડાવ્યા અને વાડામાં કુંદવા ફરતાં ઘોડાંને છુટાં મુકી દીધાં પછી મહારાજ ઘરમાં પધાર્યા .તે બાજરાના ઢગલા જોઈને બોલ્યા જે, 'સુરાખાચર ! આ શું કર્યું ?' સુરોખાચર કહે, 'મહારાજ ! ઘોડાંને પાવરા ચડાવ્યા છે.' મહારાજ કહે, “તમારે ઘરે તમે આમ ચડાવો છો ? આ બાજરો પાછો કોઠીમાં નાંખી દ્યો.” એમ કહીને બાજરો પાછો કોઠીમાં નંખાવ્યો. પછી મહારાજ વાડામાં પધાર્યા તે ખડના કુંદવા ફરતાં ઘોડાં જોઈને મહારાજ બોલ્યા જે ,“સુરાખાચર આ શું કર્યું ?” સુરોખાચર કહે, 'મહારાજ ! ઘોડાં ખડ ખાય છે.' મહારાજ કહે, “ઘોડાંને ખીલે બાંધી દ્યો અને ખડ પાછું ખડકી દ્યો.” પછી પર્વતભાઈએ કંસારની રસોઈ કરાવી અને પ્રથમ મહારાજને થાળ જમાડ્યા. પછી કાઠીયોની પંક્તિ ફળી(આંગણા)માં કરી અને કંસાર પીરસીને મહારાજ ધારે ઘી પીરસતા હતા. તે તાંબડીની ધાર મહારાજ ખેંચે નહીં અને અર્ધું પીરસે અને અરધું ઢોળે. પછી પર્વતભાઈ તાળીયો પાડીને નાચવા લાગ્યા જે, ' અહોહો! અહોહો ! મારે વાલે આવી લીલા ક્યારેય કરી નહોતી.' ત્યારે કાઠી બોલ્યા જે, 'વોય પર્વત વોય તો બીજા ચલાયમાન થાય પણ આ પર્વત ચલાયમાન થાય નહીં

અને મહારાજ વખાણ કરતા હતા તેવા જ આ પર્વતભાઈ છે.' ॥૫૭૭॥

એક વખત **પર્વતભાઈ**નો દીકરો માંદો હતો અને પોતે **ગઢપુર** દર્શને આવ્યા. પછી મહારાજે ઠપકો દઈને કહ્યું જે, ''છોકરાને માંદો ઘરે મૂકીને આંહી દર્શને કેમ આવ્યા ?'' પર્વતભાઈ કહે, 'મહારાજ ! ખાટલાનો પાયો ભાંગ્યો હોય તો ઘરમાં લાકડાં લેવાં જવું પડે અને સુતારની ગરજ પડે અને આ તો છાણમાં કીડા ઘણાંય પડે છે તે મરે તોય શું અને જીવે તોય શું ?' પછી છોકરો સાજો થયો અને મહારાજની રજા લઈને પોતે ગઢપુરથી ઘરે ગયા. ॥૫૭૮॥

એક વખત **પર્વતભાઈ** પોતાના ઘરના માણસ સહિત ગઢપુર શ્રીજીમહારાજને દર્શને આવ્યા હતા અને સાથે મયારામ ભટ્ટ પણ હતા. પછી સાત દિવસ સુધી જમ્યા વિના મહારાજની મૂર્તિ સામું જોઈને બેસી રહ્યા પણ અન્ન કે જળ કાંઈ લીધું નહીં. પછી મહારાજે મયારામ ભટ્ટને કહેવરાવ્યું કે, ''પર્વતભાઈનાં ઘરનાંને પૂછો જે, પર્વતભાઈ રોટલા ક્યાં જમે છે ?'' ત્યારે તેમનાં ઘરનાં માણસે કહ્યું જે, 'સાત દિવસ થયા અહીંયાં આવ્યા નથી. તે મહારાજની પ્રસાદી જમતા હશે.' મહારાજ કહે, ''આંહીં તો જમતા નથી.'' પછી સૌ સાંભળે તેમ શ્રીજીમહારાજે પૂછ્યું જે, ''પર્વતભાઈ! રોટલા ક્યાં જમો છો ?'' પર્વતભાઈ કહે, ''મહારાજ ! આ મૂર્તિ મૂકીને રોટલો શું ભાવે ? હું તો તમારા દર્શનથી જ તૃપ્ત થયો છું.'' જેમ પરીક્ષિત રાજાએ સાત દિવસ સુધી અન્નજળનો ત્યાગ કર્યો હતો તેમ પર્વતભાઈએ સાત દિવસ સુધી અન્નજળનો ત્યાગ કરીને મહારાજની મૂર્તિમાં જ સર્વે રસ સમજતા હતા. ॥૫૭૯॥

એક વખત મહારાજ વરતાલ પધારતા હતા અને ભાલમાં **બોરુ** ગામ છે ત્યાં સવારમાં સ્નાન કરીને તળાવને કાંઠે દેરી છે. તેમાં ઉગમણે મુખે બેસીને શ્રીજીમહારાજ નિત્યવિધિ કરતા હતા અને અહીંયાંથી પર્વતભાઈ તથા મયારામ ભટ્ટ વિગેરે દોઢસો માણસનો સંઘ લઈને મહારાજ ભેળા બોરુને તળાવે ગયા. પછી મહારાજને દંડવત કરીને પગે લાગ્યા અને હાથ જોડીને પર્વતભાઈ બોલ્યા જે, 'હે મહારાજ ! તમે કહો તે હું તમને આપું.' મહારાજ કહે, 'પર્વતભાઈ! અનેક કોટિ બ્રહ્માંડ છે તે મારે આધારે છે અને તે સર્વ બ્રહ્માંડમાં મારું કર્યું જ થાય છે તે બહાર કાંઈ તમારું હોય તે અમોને આપો.' ત્યારે પર્વતભાઈ વિચારમાં પડ્યા. પછી મહારાજને બે હાથ જોડીને કહ્યું જે, 'મહારાજ ! આપ જેમ કહો તેમ કરું.' મહારાજ કહે કે, ''પર્વતભાઈ ! અમારાં આ પાંચ વર્તમાન રાખે તેનાં અમારે કલ્યાણ કરવાં છે.'' પર્વતભાઈ કહે, 'એ પાંચ વર્તમાન અમે સૌ પાળતા ન હોત તો તમે શું પળાવત ?' મહારાજ કહે, ''તો હું તેની છુટી મેલત

જે, એ વર્તમાન ન પાળે તેનું પણ કલ્યાણ.'' ।।૫૮૦।।

પછી તે ઉપર મહારાજે વાત કરી જે, ''આગળ પરશુરામ થઈ ગયા તેમણે એકવીશવાર નક્ષત્રી પૃથ્વી કરી અને ક્ષત્રિના લોહીના કુંડ કર્યા અને પછી પરશુરામે કહ્યું જે, 'આ કુંડમાં નહાય તેનું કલ્યાણ.' પછી જેને વિશ્વાસ આવ્યો તે નહાયા અને તેનું કલ્યાણ કર્યું.'' પછી મહારાજ કહે, ''આ તો સૌ વર્તમાન નથી પાળતા માટે મારે પળાવવું છે'' પછી પર્વતભાઈ મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. ।।૫૮૧।।

**અગત્રાઈ**માં શ્રીજીમહારાજ પર્વતભાઈને ઘરે વિરાજમાન હતા. તે વખતે **ભીમભાઈ** મહારાજ પાસે આવીને બેઠા અને મહારાજને કહ્યું જે, ''મહારાજ ! બાદશાહ જ્યારે ગાદીયે બેસે ત્યારે  કેદી માત્રને છોડી મૂકે. તેમ તમે પુરુષોત્તમ, સર્વ અવતારના અવતારી આ પૃથ્વી ઉપર પધાર્યા અને અનંતકોટી કલ્પથી જીવ નર્કના કુંડમાં પડ્યા છે. માટે તે જીવને છોડાવો તો ઠીક.'' પછી મહારાજે સ્વરુપાનંદસ્વામીને બોલાવ્યા અને કહ્યું જે, ''તમે જમપુરીમાં જાઓ ને ત્યાં જઈને સ્વામિનારાયણનું નામ લઈને શંખ વગાડજો એટલે સર્વે જીવ ચતુર્ભુજ થઈને દેવલોકમાં જાશે.'' પછી સ્વરૂપાનંદ સ્વામી સંયમની પુરીમાં જઈ ત્યાં સ્વામિનારાયણનું નામ લઈને શંખ વગાડ્યો એટલે નર્કના કુંડમાં જેટલા જીવ હતા તે બધા ચર્તુભુજ થઈને વિમાનમાં બેસીને દેવલોકમાં ગયા. તે ઉપર મુક્તાનંદસ્વામીએ કીર્તન કર્યું જે–

*''સરવે નરક કુંડ ખાલી કર્યા, ભૂખ્યા જમગણ રે કર ઘસી પસ્તાય,*

નારાયણ પ્રબળ પ્રતાપ છે.'' ।।૫૮૨।।

મહારાજ **અગત્રાઈ**માં પર્વતભાઈ ઘરે વિરાજમાન હતા. ત્યાં **ભીમભાઈ** આવીને નિશ્વાસ નાંખીને મહારાજ પાસે બેઠા. પછી મહારાજ કહે, ''કેમ ભીમભાઈ ?'' ત્યારે ભીમભાઈ બોલ્યા જે, 'મહારાજ ! અમે કણબી કોણ લેખામાં?' ત્યારે મહારાજ કહે, ''ભીમભાઈ ! આ ફેરે તો કકાનું જ કલ્યાણ કરવું છે.'' તે કણબી કાઠી કાછીયા કોળી વિગેરે સર્વેનું શ્રીજીમહારાજે કલ્યાણ કર્યું. ।।૫૮૩।।

# ચાંદગઢના રણછોડજી બ્રાહ્મણની વાતો

એક વખત ચોમાસાની રાત્રી હતી અને પોતે રાતના બાર વાગ્યે ખાટલા ઉપર બેસીને માળા ફેરવતા હતા અને થોડો થોડો વરસાદ પણ વરસતો હતો. તે વખતે ચોર તેમના ઘરની વંડી ઉતરીને નીચે ઉતરવા ગયો. તે ગારાને લીધે લપટીને ભોંયે પડ્યો. તે ધબાકો સાંભળીને રણછોડજીમહારાજ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરતા તેની પાસે ગયા અને ચોરને કહ્યું જે, 'આવી અંધારી રાત છે અને એકલા આવ્યા ? અને તમે પડ્યા તે તમને વાગ્યું હશે ને ? અને મને કહ્યું હોત તો હું ખડકી ઉઘાડત ને ! આટલી બધી મહેનત કરવી પડી તે અને સવારે હું લોટ માગી આવીશ. તેનો રોટલો કરીને આપણે બે જણ જમશું. માટે જમ્યા વગર જાઓ તો મારા સોગન છે.' પછી ચોરના મનમાં એમ થયું જે, 'આખી રાત ડોઈ તો પણ કાંઈ વળ્યું નહીં.' એમ વિચારીને પછી ત્યાંથી ચાલ્યો ગયો. ॥૫૮૪॥

એક વખત પોતે પરગામ પોતાના વેવાઈને ઘરે ગયા હતા. પછી સવારે નાહીને પોતાની આગળ મૂર્તિનું ઘરું મેલીને માનસી પૂજા કરવા બેઠા. તે વખતે વેવાઈએ મશ્કરી કરી અને પૂજાનું ઘરું સંતાડી દીધું અને તેના ઠેકાણે એક જુનું ખાસડું લઈને મુક્યું. પછી રણછોડજીમહારાજે માનસી પૂજા કરીને આંખો ઉઘાડી અને પોતાની આગળ જુનું ખાસડું જોઈને બોલ્યા જે, 'કોની આંખ્યું ફુટી જે મારા ઈષ્ટદેવ ઉપાડી ગયો ? અને જુનું ખાસડું મેલ્યું ?' પછી જે ધણી ઘરું લઈ ગયો હતો તેની બન્ને આંખ્યો બહાર નીકળી પડી. પછી તે બુમ પાડતો પાડતો રણછોડજીમહારાજ પાસે આવીને પગે લાગ્યો પણ આંખ્યો બહાર નીસરી પડ્યા પછી શો ઉપાય ? એમ ભગવદીનો અપરાધ કર્યાથી તત્કાળ પાપ લાગે છે. ॥૫૮૫॥

# માંગરોળના આણંદજી સુતારની વાતો

એક વખત શ્રીજીમહારાજ **માંગરોળ** પધાર્યા હતા અને સૌ સત્સંગી મહારાજની વાતો સાંભળવાને આવતા અને **આણંદજીભાઈ** પણ રાત બધી મહારાજની વાતો સાંભળતા અને દિવસ બધો ઘરે જઈ સૂઈ રહેતા. પછી એક દિવસ શ્રીજીમહારાજ આણંદજીભાઈને ઘરે પધાર્યા અને તેમની ઘરવાળીનું નામ લઈને મહારાજે કહ્યું જે, ''રાજુબાઈ ! આણંદજીભાઈ ક્યાં છે ?'' રાજુબાઈ કહે, 'મહારાજ ! રાત બધી તમારી વાતો સાંભળે છે અને દિવસ બધો સુઈ રહે છે.' તે સાંભળી મહારાજ તરત પોતાને ઉતારે પધાર્યા અને રાત પડી એટલે આણંદજીભાઈ મહારાજની સન્મુખ આવીને બેઠા ત્યારે મહારાજ કહે, ''ઉપાડ તારું આસન.'' આણંદજીભાઈ કહે, 'કેમ મહારાજ ?' મહારાજ કહે કે, ''રાત બધી વાતો સાંભળી અને દિવસ બધો સુઈ રહે એટલે તારાં છોકરાં ભુખે મરે ને ?'' ત્યારે આણંદજીભાઈ કહે, 'મહારાજ ! તમે કહો તેમ કરું. 'મહારાજ કહે ,''રાત બધી વાતો સાંભળ્ય અને દિવસ બધો કામ કર તો બેસ.'' ત્યારે આણંદજીભાઈ કહે, 'બહુ સારુ મહારાજ.' પછી દિવસ બધો કામ કર્યુ એટલે રાત્રે તેમને ડોલાં આવવા મંડ્યાં. ત્યારે મહારાજ કહે કે, ''આણંદજી ! ડોલાં આવે છે ?'' ત્યારે આણંદજીભાઈ કહે, 'મહારાજ ! કહો તેમ કરું'. મહારાજ કહે, ''ઉભા થાઓ અને ખપડે ચોટલી બાંધો.'' પછી ઉભા ઉભા માળા ફેરવતા હતા તોપણ ડોલાં આવવા મંડ્યાં. પછી મહારાજ કહે કે, ''પાણીના ઘડા ટાઢા ભરેલા હોય તે માથે રેડો.'' પછી ટાઢા પાણીના ઘડા માથા ઉપર રેડ્યા. ।।૫૮૬।।

એક વખત મહારાજ કહે કે, ''**આણંદજી** ! તારી ઘરવાળીનો ત્યાગ કર કાં અમારો ત્યાગ કર.'' આણંદજીભાઈ કહે કે, 'મહારાજ ! ઘરવાળીનો ત્યાગ કરું તો રોટલા કોણ કરી દે ? અને તમારો ત્યાગ કરું તો કલ્યાણ ન થાય !' ત્યારે મહારાજે સૌ હરિભક્તોને કહ્યું જે, ''આણંદજી જ્યારે આવે ત્યારે હાડે કુતરી એમ સૌ કહેજો.'' પછી મહારાજ ત્યાંથી બીજે ગામ પધાર્યા અને આણંદજીભાઈ જ્યારે મંદિરમાં જાય ત્યારે સૌ હરિજન તેમને હાડે કુતરી કરે અને આણંદજીભાઈ ખડકીએ ઉભા રહીને આરતી ધુન્ય કરે અને સૌ હરિજનના જોડા પોતાના લુગડા વતે સાફ કરે. એમ કરતાં કરતાં છ મહિના થયા. પછી મહારાજ ત્યાં પધાર્યા તે વખતે આણંદજીભાઈ મહારાજને દર્શને આવ્યા. ત્યારે સૌ હરિજન હાડે કુતરી હાડે કુતરી કરવા લાગ્યા ત્યારે મહારાજ કહે, ''આ શું છે ? આમ કોને કરો છો ?'' હરિજન કહે, મહારાજ ! આણંદજીભાઈને.' પછી મહારાજ કહે કે, ''આણંદજી !તારે કુતરાનો જન્મ આવે તેમ હતો તે હવે ટળ્યો.''

।।૫૮૭।।

એક દિવસ શ્રીજીમહારાજ **આણંદજીભાઈ**ને ઘરે પધાર્યા અને આણંદજીભાઈની ઘરવાળી કુસંગી હતી. તેને મહારાજે સમાધિ કરાવીને જમપુરીમાં મોકલી. ત્યાં જમદૂતોએ મારી મારીને અધમુઈ કરી દીધી. પછી જમદૂતે કહ્યું જે, 'સ્વામિનારાયણનો આશ્રય કરજે નહીં તો મારી મારીને જીવ કાઢી નાંખશું.' પછી તે બાઈ સમાધિમાંથી બહાર આવીને મહારાજના પગમાં પડી અને પછી વર્તમાન ધાર્યા અને સત્સંગી થઈ અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મને તો જમદૂતને મારી મારીને અધમુઈ કરી દીધી હતી.' ।।૫૮૮।।

એક વખત મહારાજ **માંગરોળ**માં હતા અને **આણંદજીભાઈ** મુંબઈ જવાને માટે તૈયાર થયા અને પછી મહારાજને દર્શને આવ્યા ત્યારે મહારાજ કહે કે, ''આણંદજી ! ક્યાં જાવું છે ?'' આણંદજીભાઈ કહે, 'મહારાજ ! મુંબઈ જવું છે.' મહારાજ કહે,''આજ અમે નાહીને ચાલ્યા આવતા હતા. તે અમને એક પુરુષ શ્વેત વસ્ત્ર પહેરીને સામો મળ્યો તેણે ખરા ઉપાડ જોડા પહેર્યા હતા. પછી અમે તેને પૂછ્યું જે, ''તું કોણ છો ?'' ત્યારે તે કહે, 'હું આણંદજી સંઘાડીયાનું પ્રારબ્ધ છું' ત્યારે અમે કહ્યું જે, ''તું ક્યાં જાય છે ?'' ત્યારે તે કહે, 'હું મુંબઈ જાઉં છું.' પછી અમે તેને પૂછ્યું જે, ''શા સારુ જવું છે ?'' ત્યારે તે કહે, 'આણંદજી સુતાર મુંબઈ જાય છે તેને માટે આગળથી કોદરા તૈયાર કરવા માટે જાઉં છું. કેમકે મુંબઈમાં કોદરા મળે નહીં.' ત્યારે આણંદજીભાઈ કહે, 'મહારાજ ! તમો કહો તેમ કરું.' પછી મહારાજ કહે, ''આંહીં રહો અને આંહીં તમારો નિર્વાહ ચાલશે.'' પછી મહારાજને કહેવે કરીને પોતે માંગરોળમાં રહ્યા. ।।૫૮૯।।

એક દિવસ મહારાજે **આણંદજીભાઈ**ને કહ્યું જે, ''તમને કાંઈ કારીગરી આવડે છે ?'' ત્યારે કહે, 'હા, આવડે છે.' મહારાજ કહે કે, ''એક સારી ખાટ બનાવીને અહીંના નવાબને ભેટ આપો.'' પછી તેણે એક સારી હિંડોળા ખાટ્ય કરી. તેમાં એવી કારીગરી કરી કે, 'તેને કળ ચડાવે એટલે એની મેળાએ ચાલ્યા કરે.' પછી તે ખાટ લઈ નવાબને ભેટ કરવા ગયા. નવાબ તે ખાટ જોઈને બહુ જ ખુશી થયો અને કહ્યું જે, 'આવા કારીગર મારા ગામમાં રહે છે માટે તે જે માગે તે તેને આપો.' અને આણંદજીભાઈને મહારાજે કહેલું જે, 'નવાબ ઈનામ આપવાનું કહે તો જમીન માગજો પણ પૈસા આપે તે લેશો નહીં.' પછી નવાબ કહે, 'આની શી કિંમત ?' ત્યારે આણંદજીભાઈ કહે,' સાહેબ ! તમો રાજી થાઓ તે મારે જોઈએ.' પછી આણંદજીભાઈએ નવાબને કહ્યું જે, 'મારે આશરો રહેવાનો નથી તો થોડીક જમીન

આપો તો મકાન ચણાવી તેમાં રહીને મારો નિર્વાહ કરું.' પછી નવાબે તેના માણસને કહ્યું જે, 'આણંદજી સુતાર કહે તે ઠેકાણે તેને સો સો હાથ ઓરસ ચોરસ જગ્યા ભરી આપજો.' અને શ્રીજીમહારાજે આણંદજીભાઈને કહી રાખેલું જે, 'આ ઠેકાણે જગ્યા માગજો.' પછી આણંદજીભાઈએ કહ્યું જે, 'આ પડતર જગ્યા છે ત્યાં મને આપો.' પછી તે ઠેકાણે તેને જગ્યા ભરી આપી અને પછી તેની ફરતી વાડ્ય કરીને કબજો કરી લીધો. ॥૫૯૦॥

પછી તેમણે મહારાજ પાસે જઈને વાત કરી જે, 'મહારાજ ! તમારા કહેવા પ્રમાણે તે ઠેકાણે મેં જગ્યા માગી લીધી છે. પછી મહારાજ કહે, ''ત્યાં રાતે રાતે પાયો ખોદો.'' પછી મહારાજના કહેવા પ્રમાણે રાતે રાતે પાયો ખોદવા માંડ્યો. તેમાંથી એક મોટું દ્રવ્યનું ચરૂ નીકળ્યું. તે જોઈને મહારાજને તે વાત કરી ત્યારે મહારાજ કહે, ''તમારા ઘરમાં જુનો લોટો કે તાંબડી છે ? જો હોય તો તે ભરીને તે દ્રવ્યની ભેટ કરી આવો.'' પછી જુની એક તાંબડી હતી તેમાં પાંચસો રૂપિયા ભરીને નવાબને ભેટ આપવા ગયા. ત્યારે નવાબ કહે, 'આણંદજી ! આ શું લાવ્યો ?' આણંદજીભાઈ કહે, 'સાહેબ ! તમોએ મને જમીન આપી તેમાંથી આટલું દ્રવ્ય નીકળ્યું છે. તે તમારૂં કહેવાય માટે તમને આપવા સારૂ લાવ્યો છું.' નવાબ કહે, 'નહીં લઉં. તે પાછું લઈ જા. તારી જગ્યામાંથી નીકળ્યું તે તારું ગણાય.' તેથી તે પાછું લાવી મહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજ કહે, ''તેની એક સોનાની ઉતરી ઘડાવીને નવાબના દીકરાની ડોકમાં નાંખી આવ્ય.'' પછી તેવી ઉતરી ઘડાવીને નવાબના દીકરાની ડોકમાં પહેરાવી આવ્યા. પછી નવાબની ઘરવાળી કહે, 'તમે કોણ છો ?' ત્યારે આણંદજી સુતાર કહે, 'બહેન ! હું સુતાર છું અને ગરીબ છું.' બાઈ કહે, 'તારે શું કાંઈ કામ છે ?' આણંદજીભાઈ કહે, 'બહેન ! મને નવાબ સરકારે જમીન આપી છે. તેનો લેખ હજી કરી આપ્યો નથી તો લેખ કરાવી આપો તો ઠીક.' પછી બાઈ કહે, 'આજ બાર વાગ્યે તું અહીંયા આવજે.' પછી નવાબ આવ્યા ત્યારે છોકરાની ડોકમાં ઉતરી ભાળીને બોલ્યા જે, 'આ ક્યાંથી ? કોણ પહેરાવી ગયું ?' બાઈ કહે, 'આણંદજી સુતાર છે. તે મારો ભાઈ છે. તે પહેરાવી ગયો અને તમોએ તેને જમીન આપી છે તેનો લેખ હજુ સુધી કરી આપ્યો નથી તો તરત લેખ કરી આપો.' પછી તે મુજબ આણંદજીભાઈને માણસ મોકલી તેડાવ્યા અને નવાબે તેને તે જગ્યાનો લેખ કરી આપ્યો અને તેમાં લખ્યું જે, 'આકાશથી પાતાળ સુધી તેમાં જે હીરા માણેક કે દ્રવ્ય નીકળે તે તારૂં' એવો લેખ લખી આપીને તે ઉપર મહોર છાપ મારી હતી. તે લેખ લઈને મહારાજ પાસે ગયા અને તે લેખ મહારાજને વંચાવ્યો પછી મહારાજ કહે, ''હવે, ખોદવા માંડો પછી ખોદતાં ખોદતાં તેમાંથી ઘણુંક દ્રવ્ય નીકળ્યું.'' પછી મોટી ત્રણ માળની હવેલી ચણાવી

અને ગામમાં મોટા શ્રીમંત ગણાવા લાગ્યા અને જ્યાં પંચ ભેળું થાય ત્યાં આણંદજીભાઈને પ્રથમ બોલાવી જાય; એમ શ્રીજીમહારાજની આજ્ઞા માની તો સર્વ પ્રકારે સુખીયા થયા. પ્રથમ તે જગ્યા અસલ રજવાડાની હતી એમ ભક્તની રક્ષા કરી. ॥૫૯૧॥

શ્રીજીમહારાજ **માંગરોળ**માં હતા અને **ગોરધનભાઈ**ની હવેલીના ગોખમાં જમવા બેસતા અને સામે એક કુસંગીની હવેલી હતી. તેના ગોખમાં એક બાઈ સામી બેસતી. તે ડોશી છોકરાને બોલાવીને એમ કહેતી જે, 'જો સહજાનંદ બેઠો. જોઈજા હેઠું.' એમ કહીને છોકરાને નીચું જોવરાવતી પણ મહારાજ સામું જોવા દેતી નહીં. ॥૫૯૨॥

માંગરોળમાં કબો કરીને એક વાણીયો હતો. તે ગાંડો થઈ ગયો હતો. પછી છાણ ભેળું કરીને ચોક વચ્ચે બેસતો અને પોતાના હાથમાં વાંસનાં છાબડાં ને ત્રાજવા રાખતો અને પથ્થરનાં કાટલાં રાખતો હતો અને તાણીને સાદ પાડતો જે, 'લ્યો ! કોઈ કસ્તુરી ! લ્યો કોઈ કેસર ! એમ છાબડામાં છાણ નાંખીને રાડ્યો પાડતો. એક વખત મહારાજ ત્યાંથી નીકળ્યા અને કબાને જોઈને બોલ્યા જે, ''આ શું કરે છે ?'' હરિજનો કહે, 'મહારાજ ! કબો વાણિયો છે. તે ગાંડો થઈ ગયો છે અને છાણ ભેગું કરીને કેશર લેવાનો સાદ પડે છે.' તે સાંભળીને મહારાજ બોલ્યા જે, ''બધાય કબા છે ! ભગવાન વિના બીજું જે જે કાંઈ કરો છો તે બધોય છાણનો વેપાર છે.'' એમ મહારાજે હરિજનો આગળ જતા જગત મિથ્યા અને ભગવાન સત્ય એ વાત કરી. ॥૫૯૩॥

**માંગરોળ**માં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને સમાધિનું પ્રકરણ ચલાવ્યું હતું. પછી એક વખત શ્રીજીમહારાજ બજારમાં પધાર્યા અને ચાર હરિજનોએ ચકમો મહારાજ ઉપર ઊંચો કર્યો હતો અને મુક્તાનંદસ્વામી આદિક સાધુ હાથમાં કરતાલો લઈને કીર્તન ગાતા ગાતા આગળ જતા હતા. તે સાંભળીને વેપારીઓ પોતાની દુકાનો બંધ કરવા લાગ્યા અને ત્યાં ભાયાવદરના કણબી પોતાને ત્યાં વિવાહ હતો તેનો સામાન વોરવા ગયા હતા. તે દુકાનો બંધ થયેલી જોઈને કણબી બોલ્યા જે, 'શેઠ ! દુકાનો કેમ બંધ કરી ?' શેઠ કહે, 'અમારે તો આ ગામમાં એક પાપ આવ્યું છે જે આપણી ને એની એક નજર થાય તો લાકડાં જેવા લાકડાં થઈ જઈએ.' કણબી કહે, 'અમને કાંઈક બતાવો તો તે પ્રમાણે કરીએ.' પછી વાણિયો કહે, 'બે ઢીંચણ વચ્ચે માથું રાખીને પછેડી ઉપર ઓઢી જાઓ.' કણબીએ પોતાના સામાનનાં પોટલાં બાંધી લઈને બે ઢીંચણ વચ્ચે માથું રાખીને પછેડીયું ઓઢીને બેસી ગયા. પછી મહારાજ આઘા ગયા ત્યારે વાણિયો બોલ્યો જે, 'જો ઓલ્યા ચકમા હેઠ ચાલ્યો જાય તેની અને આપણી એક નજર થાય તો લાકડાં જેવા લાકડાં થઈ જાઈએ.' તે પુન્યે કરીને કણબીને પાછળથી સત્સંગ થયો. ॥૫૯૪॥

# જીણાભાઈની વાતો તથા પંચાળાની લીલા

એક વખત મહારાજ **પંચાળે** પધાર્યા હતા અને ગઢડેથી રામપ્રતાપભાઈને ઝીણાભાઈ પંચાળે તેડી ગયા હતા. ત્યાં મહારાજ થાળ જમવા બેઠા ત્યારે **બ્રહ્માનંદસ્વામી** તથા સુરોખાચર પાસે બેઠા હતા અને વાત પ્રસંગે વાત જમવાની નીકળી ત્યારે મહારાજ બોલ્યા જે, ''સ્વામી ! પંજાબી બહુ ખાય.'' બ્રહ્માનંદસ્વામી કહે, 'ના મહારાજ ! પુરબીયા બહુ ખાય.' અને મહારાજ કહે, ''પંજાબી બહુ ખાય.'' એમ એક-બીજાનો સંવાદ ચાલ્યો. પછી બ્રહ્માનંદસ્વામીએ ઝીણાભાઈને પૂછ્યું જે, 'રામપ્રતાપજીમહારાજ પધાર્યા છે અને તેમને ખાધે પીધે સારી રીતે સાચવો છો કે નહીં ?' ઝીણાભાઈ કહે કે, 'ભાઈને સવારમાં શેર માંખણ ભેંશનું અને શેર ધોયેલી સાકર એટલું જમાડીયે છીએ અને બપોરે બશેર લોટ એક શેર ઘી અને અર્ધ શેર ચોખા અર્ધ શેર દાળ તથા શેર સાકર આટલું બપોરે જમાડીયે છીએ.' અને સ્વામી કહે, 'સાંજે શું જમાડો છો?' ઝીણોભાઈ કહે, 'સાંજે પાંચ શેર ભેંશના દૂધનો કઢો ને માંહે શેર સાકર એટલું નિરંતર જમાડીયે છીએ તોય પણ ભાઈ કહે કે, પંચાળાકા પાણી બહોત ખરાબ હે જે પાચન થાતું નથી.' પછી સ્વામી કહે, 'જુઓ, મહારાજ ! પંજાબી બહુ ખાય કે પુરબીયા?' તે સાંભળી મહારાજ કાંઈ બોલ્યા નહીં. ॥૫૯૫॥

એક વખત મહારાજે પંચાળામાં નદીને કાંઠે **રાસ ઉત્સવ** કર્યો. તે સમે **રામપ્રતાપજીમહારાજે** બાવળીયા ઉપર માળો ઘાલ્યો હતો અને તે ઉપર પોતે બેસીને મૃદંગ બજાવતા હતા અને રાસ ઉત્સવ પુરો કરી રહ્યા ત્યારે મહારાજ પાસે કોઈક ભગત તીર તથા કમાન લાવ્યા હતા. પછી મહારાજે ભાઈને કહ્યું જે, ''ભાઈ ! લ્યો આ તીર કમાન પુંખે કરી આપો.'' પછી ભાઈએ લઈને બહુ પરિશ્રમ કર્યો પણ તીર પુંખે થયો નહીં અને શરીરે પરસેવો વળી ગયો. પછી મહારાજ કહે કે, ''લાવો, અમારા હાથમાં.'' પછી મહારાજ હાથમાં તે તીર કમાન લઈને તુરત તે તીરને પુંખે કર્યો તે જોઈ રામપ્રતાપજીમહારાજ કોપાયમાન થયા અને બોલ્યા જે, ''જા, ભાઈ ! જા ,એક તો મારા ભાઈ અને વળી બીજા ભગવાન. જો બીજો હોય તો ટાંગ ઝાલીને પછાડું.' એમ કહીને મહારાજને પગે લાગ્યા. ॥૫૯૬॥

મહારાજે **પંચાળા**માં એક વખત ફુલદોલનો ઉત્સવ કર્યો હતો અને પંચાળાના લોકોએ સંતની તથા હરિજનોની બહુ સેવા કરી હતી. પછી મહારાજે રાજી થઈને **ઝીણાભાઈ**ને કહ્યું જે, ''અમારે તમારા આખા ગામને મોતીયા જલેબી જમાડવા છે

કેમકે તેમણે હરિજન તથા અમારી બહુ સેવા કરી છે.'' ત્યારે ઝીણોભાઈ બોલ્યા જે, 'મહારાજ ! અમારા પટેલીયાને પૂછો જે, શું જમવાને રાજી છો ?' એમ કહીને ગામના પટેલીયાને બોલાવ્યા. એટલે આયર પટેલીયા બધા ભેગા થઈને આવ્યા અને મહારાજને કહ્યું જે, 'અમને શા માટે બોલાવ્યા છે ?' ત્યારે મહારાજ બોલ્યા જે, ''અમારા સંત તથા હરિજનોની તમે બહુ સેવા ચાકરી કરી. તેથી અમારે ગામનો ધુમાડો બંધ કરીને સૌને મોતીયા જલેબી જમાડવા છે.'' તે સાંભળીને સૌ પટેલીયા બોલ્યા જે, 'સ્વામિનારાયણ ! તારે જો જમાડવા હોય અને જો શ્રદ્ધા હોય તો તારી મોતડી બોતડી રહેવા દે અને ઘી ચોખા અને ગોળ દળહટ દે.' પછી ઝીણોભાઈ કહે, 'જુઓ, મહારાજ ! અમારા પટેલીયા તો આ જમવે રાજી છે.' પછી ઝીણોભાઈએ માંગરોળથી ગોળના ઘડા મંગાવ્યા અને ચોખા રંધાવ્યા અને પછી સૌને ચોખા પીરસીને ધારે ઘી પીરસી ઉપર ગોળ આપ્યો. તે થાળીયો સૌ મોઢે માંડીને જમ્યા એમ મહારાજે સૌને તૃપ્ત કર્યા. ।।૫૯૭।।

શ્રીજીમહારાજ પંચાળામાં વિરાજમાન હતા અને ગામ **સુત્રેજ**ના **પીતાંબર કુંભાર** કરીને હરિભક્ત હતા તે મહારાજને વખતો વખત કહેતા જે, 'હે મહારાજ ! મને ધ્યાન થાય એવું એક વખત દર્શન આપો.' પછી મહારાજ કહે, ''કોઈક વખત એવું દર્શન આપીશ.'' ।।૫૯૮।।

અને મહારાજ પંચાળે હતા અને **નરવરકોટ**માં છ છ મહીનાના બાળકો ઘોડીયામાં સુતાં સુતાં બોલ્યાં જે,'તમારા જીવનું કલ્યાણ કરવું હોય તો પશ્ચિમ દેશમાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે ત્યાં સૌ જાઓ.' બાળકોના એવા શબ્દો સાંભળી પચાસ જણા પોતાના દેશનો પોશાગ તથા મળીયાગર ચંદન વિગેરે લઈને ગઢડે આવ્યા અને પછી પંચાળે ગયા ત્યાં મહારાજનાં દર્શન કર્યા ત્યારે સૌને સમાધિ થઈ ગઈ. પછી સમાધિમાંથી સૌ જાગીને ગામનાં ચોરામાં જઈને મહારાજ માટે થાળ કર્યા તે પચાશે જણાના થાળ મહારાજ જમ્યા. પછી શ્રીજીમહારાજને તેમના દેશનો આણેલો પોશાગ સર્વે પહેરાવ્યો અને કેશર ચંદને અરચા કરી અને રોઝા ઘોડા ઉપર વિરાજમાન થયા પછી પચાશે જણા આગળ પાછે પગે પાછે પગે ઝાંઝ મૃદંગ લઈને કીર્તન ગાતા જતા તે એમને એમ સુત્રેજ સુધી પધાર્યા. તે વખતે પીતાંબર ભગત નિંભાડો પકવીને બેઠા હતા અને મહારાજે ત્યાં કહ્યું જે, ''પીતાંબર ! કર દર્શન. તું કહેતો હતો જે મને ધ્યાન થાય એવાં દર્શન આપો તે લે આજ તને તને એવાં દર્શન આપ્યાં.'' અને પછી મહારાજ પંચાળે પધાર્યા. ।।૫૯૯।।

જે વખતે મહારાજે **પંચાળા**માં સમૈયો કર્યો તે વખતે ગામ બાબા પર વાંકીયાના પટેલીયા **ભાયાવદર** રહેવા આવ્યા હતા તે પંચાળે મહારાજને દર્શને આવ્યા અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! અમને સમાધિ કરાવો.' મહારાજ કહે, ''જ્યારે સમાધિનું પ્રકરણ હતું ત્યારે તમે બે ઢીંચણ વચ્ચે માથું રાખીને ઉપર પછેડીઓ ઓઢી હતી.'' પછી મહારાજ પાસે વર્તમાન ધારીને સૌ સત્સંગી થયા અને પછી સૌ પોતપોતાને ઘરે ગયા. ॥૬૦૦॥

**પંચાળા**માં શ્રીજીમહારાજ સભા કરીને વિરાજમાન હતા અને બધી સભા નિંદ્રાવશ થઈ હતી. પછી મહારાજ બોલ્યા જે, ''આજે કોને વાતો કર્યાનો વારો છે ?'' સૌએ કહ્યું જે, 'મહારાજ ! જેરામ બ્રહ્મચારીનો વારો છે.' મહારાજ કહે કે, ''જેરામ બ્રહ્મચારી ! સૌની ઉંઘ ઉડે તેવી વાત કરો.'' પછી બ્રહ્મચારીએ તાળી પાડીને સૌને જાગ્રત કર્યા અને બોલ્યા જે, એક ગામમાં ગોવિંદ કરીને એક પટેલ હતો અને તે એક પાકેલ બોરડી હતી. તેને થડ્ય જઈને કળશીયે જવા બેઠો હતો. તે કળશીયે જતો ગયો અને પાકેલ બોર ખાતો ગયો. પછી તે ગામમાં એક બ્રાહ્મણ ભાગવતની પારાયણ કરતો હતો અને પટેલ પણ કથા સાંભળવા માટે ગયા હતા. પછી સાંજે કથાની સમાપ્તિ થઈ ત્યારે બ્રાહ્મણ બોલ્યો જે, 'આજે ગોવિંદના ગુણ ગાયા અને બાકીના ગુણ કાલે ગાશું હાં.' તે સાંભળી ગોવિંદ પટેલને વિચાર થયો જે, 'મેં બોર ખાધું તે બ્રાહ્મણ જાણે છે માટે તેને દબાવ્યો હોય તો સારું.' પછી બીજે દિવસે તે પટેલ કથામાં આવ્યા ત્યારે પોથી ઉપર દસ રૂપિયા મૂક્યા. તે જોઈ બ્રાહ્મણે જાણ્યું જે પટેલ બહુ ભાવિક જણાય છે. પછી બીજે દિવસે પણ કથાની સમાપ્તિ થઈ ત્યારે બોલ્યો જે, 'આજે ગોવિંદના ગુણ ગાયા અને બાકીના ગુણ કાલે ગાશું હાં.' તે સાંભળી પટેલના મનમાં એમ થયું જે, 'બ્રાહ્મણ દસ રૂપિયાથી રીઝયો નહીં .'તેથી ત્રીજે દિવસે કથા સાંભળવા જતી વખતે પોથી ઉપર પચાસ રૂપિયા મેલ્યા તોપણ કથાની સમાપ્તિ વખતે તે જ શબ્દ બોલ્યા કરે. પછી ચોથે દિવસ પટેલ બ્રાહ્મણને તથા તેની સ્ત્રીને વસ્ત્ર વિગેરે સો રૂપિયાનો માલ આપ્યો. તે લઈ બ્રાહ્મણ બહુ રાજી થયો પણ પટેલના મનમાં તો પોતાની વાત છુપાવી રાખવી તે જ સંકલ્પ હતો. પછી કથા થઈ રહી ત્યારે વળી બ્રાહ્મણ બોલ્યો જે, 'આજ ગોવિંદના ગુણ ગાયા ને વળી કાલે ગાશું હાં.' ત્યારે પટેલીયો બોલ્યો જે, ''માળા ભટડા ! દશે ન રીઝ્યો ! પચાશે ન રીઝ્યો, તને લુગડાં આપ્યાં તારી ઘરવાળીને લુગડાં આપ્યાં તો પણ ન રીઝ્યો ? માટે કહે જા હંગતાં બોર ખાધું ખાધું ખાધું આજ કહીશ કાલ્ય કહીશ.'' તે સાંભળી સભા ખડખડ હસવા લાગી અને મહારાજ પણ ઢોલિયા ઉપર આડે પડખે લોટી પડ્યા અને મહારાજ કહે કે, ''બ્રહ્મચારીએ તો સૌની નિંદ્રા ઉડાડી. ॥૬૦૧॥

મહારાજ **પંચાળે** હતા અને રાત્રીયે મહારાજ ઢોલીયા ઉપર પોઢતા. ત્યારે એક કુતરી મહારાજના ઢોલીયા ઉપર નિત્ય બેસતી પણ મહારાજે સૌને કહેલ જે, ''આ કુતરીને જે હાંકશે તેને વિમુખ કરીશ.'' પણ તે નિત્યે મહારાજના વસ્ત્ર ખરાબ કરે. તે હંમેશ ધોવાં પડતાં. પછી એક દિવસ **માતરો ધાધલ** પોતાની સોડમાં ઘોડાનું ચોકડું લઈને સુતા અને પર્વતભાઈ પણ સુતા સુતા જાગતા હતા. પછી કુતરી મહારાજના ઢોલીયા ઉપર બેઠી. તે વખતે માતરે ધાધલે ઉઠીને ઘોડાનું ચોકડું માર્યું અને પોતે છાનામાના સુઈ ગયા અને કુતરીને બહુ વાગ્યું તેથી નિશ્વાસ નાંખીને બહુ રાડો પાડતી હતી. તે સાંભળીને મહારાજ જાગીને બેઠા થયા અને બોલ્યા જે, ''કોણે કુતરીને મારી ? તેને વિમુખ કરું. '' પણ કોઈ બોલે નહીં. પછી પર્વતભાઈ બોલ્યા જે, ''મહારાજ ! માતરાનો શો વાંક ? કુતરીએ કેડ ન મેલ્યો.'' પછી મહારાજ બોલ્યા જે, ''માતરા ! એ માતરા ! તેં કુતરીને મારી ?'' એમ મહારાજે દશ સાદ કર્યા ત્યારે માતરા ધાધલે હુંકારો દીધો. માતરો કહે, ''કમણ જાણે બા'' મહારાજ કે, ''તેં મારીને ?'' માતરો ધાધલ કહે, 'મહારાજ ! તમારાં વસ્ત્ર નિત્ય બગાડે છે તે ધોઈને થાકી ગયા.' પછી તે કુતરી ફરીથી આવતી આળસી ગઈ. ॥૬૦૨॥

**ઝીણાભાઈ** જુનાગઢમાં માંદા થયા હતા અને શ્રીજીમહારાજને ગઢપુરથી દર્શન દેવા તેડાવ્યા હતા. પછી મહારાજ ધર્મકુળ સહિત જુનાગઢ પધાર્યા હતા અને ઝીણાભાઈની મેડી ઉપર મહારાજ ઉતર્યા હતા. પછી એક ખુરશી ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન થયા અને એક ખુરશી ઉપર ઝીણાભાઈને બેસાર્યા અને ઝીણાભાઈની ડાઢીના થોભા મહારાજે છુટા મેલાવ્યા. મહારાજ કહે કે, ''ઝીણાભાઈ ! કાંઈ સંકલ્પ છે ?'' ઝીણાભાઈ કહે, 'હા મહારાજ ! મારી હવેલી છે તે ઠેકાણે મંદિર કરાવજો અને જ્યાં મુળજી બ્રહ્મચારીને અને દાદાખાચરને મેલો ત્યાં મને મેલજો.' મહારાજ કહે, ''હઠીનું કાંઈ કહો છો ?'' ઝીણોભાઈ કહે કે, 'જો હઠી તમારો થાશે તો તમે રાખશો અને તમારો નહીં થાય તો હું ભલામણ કરીશ તોય પણ તમે રાખશો નહીં.' તે વખતે દેવરામભાઈ ઉભા થઈને બોલ્યા જે, 'હે મહારાજ ! મારે ને ઝીણાભાઈને કોલ છે જે હું પહેલો ધામમાં જાઉં તો હું તમને લઈને ઝીણાભાઈને તેડવા આવું અને ઝીણાભાઈ પહેલા જાય તો તમને લઈને મને તેઓ તેડવા આવે.' તે સાંભળી મહારાજ બોલ્યા જે, ''આજથી પંદરમે દિવસે તમે ! ''ત્યારે દેવરામભાઈ બોલ્યા જે, 'મારે તો ગઢપુર દેહ મેલવો છે.' ત્યારે મહારાજ કહે, ''માંડો ચાલવા.'' અને ઝીણાભાઈને અગ્નિસંસ્કાર કરાવવા સારુ મહારાજ દામોદર કુંડ સાથે ગયા હતા અને દેવરામભાઈ ગઢપુર આવીને પંદરમે દિવસે ધામમાં ગયા. ॥૬૦૩॥

# જુદી જુદી વાતો

ગામ **બુરાનપુર**નો સંઘ ગઢપુર દર્શને આવતો હતો. પછી તેમને રસ્તામાં ચોર મળ્યા. તેમણે સૌને લુંટી લીધા. પછી **મોતીરામ** કરીને એક હરિભક્ત હતો તેણે મહારાજ સારુ સોનાનો વેઢ આણ્યો હતો. તે ચોરની બીકે કરીને તે વેઢ જાળમાં નાંખી દીધો. પછી તે ચોરો સર્વ હરિભક્તોને પકડીને એક ગાઉ સુધી લઈ ગયા. પછી શ્રીજીમહારાજ ત્યાં તે વખતે સ્વાર સહિત આવીને ચોર પાસેથી સંઘને મૂકાવ્યો અને ચોરને બાંધીને ખૂબ માર માર્યા. પછી ચોરોએ મહારાજને વિનંતી કરી જે, 'અમે ભૂલી ગયા અને અમારો અપરાધ માફ કરો અને હવે પછી અમે આવું કામ ક્યારેય નહીં કરીએ.' પછી મહારાજે ચોરને મૂકી દીધા અને વસ્તીનાં ગામ આવ્યાં ત્યાં સુધી મહારાજ સંઘની સાથે ચાલ્યા અને મોતીરામે જે વેઢ જાળામાં નાંખી દીધો હતો તે શ્રીજીમહારાજે ત્યાંથી લઈ લીધો હતો. પછી સૌ સંઘનાં માણસો શ્રીજીમહારાજની પૂજા કરવા લાગ્યા ત્યારે મોતીરામના મનમાં એમ સંકલ્પ થયો જે, 'અરેરે ! મેં વેઢને જાળામાં નાંખી દીધો પણ જો રાખ્યો હોત તો અત્યારે મહારાજની પૂજા કરવામાં ઉપયોગી થાત.' પછી મહારાજ બોલ્યા જે, ''મોતીરામ ! શું સંકલ્પ કરો છો ? આ તારો વેઢ કે બીજો ?'' મોતીરામ કહે, 'હા, મહારાજ !' એમ કહીને મહારાજે તેને વેઢ આપ્યો એટલે તેણે મહારાજની પૂજા કરી. ॥૬૦૪॥

**ગોપાળાનંદસ્વામી** મોટે **દેવળીયે** પધાર્યા હતા. ત્યાં બ્રાહ્મણ બેસવા આવ્યા. તેમને સ્વામીએ કહ્યું જે, ''તમારી ઓડક શી ?'' ત્યારે તેમણે કહ્યું જે, 'અમારી ઓડક ગોટાળી.' એમ સ્વામીની મશ્કરી કરી તેથી તેની પ્રજા સૌ બોબડી થવા લાગી તે હજી સુધી એમનું એમ ચાલ્યું આવે છે. ॥૬૦૫॥

ગામ **ચાનગઢ**ના **લાલજીમહારાજ** તથા **આણંદજીમહારાજ** બન્ને ભાઈ ગીરમાં ઉઘરાણી કરવા સારુ ગયા હતા. પછી શિયાળાની રાત્રિ હતી તેથી તેમને બહુ ટાઢ વાવા લાગી. ત્યારે લવજીમહારાજે કહ્યું, 'આણંદજી ! આ ઘર ઉઘાડીને જોને કાંઈ બળતણ છે ?' પછી તેણે ઘર ઉઘાડીને દીવો કરીને જોયું ત્યાં તો ભરવાડના પૂર્વજોનો ફળાનો એક મોટો ઢગલો ભાળ્યો. પછી આણંદજીમહારાજે કહ્યું જે, 'બળતણ તો છે પણ ભરવાડના પૂર્વજનાં ફળાં.' પછી લવજીમહારાજ કહે, કે 'લાવોને તાપીએ.' પછી તે કાષ્ટના કટકા ઘણાક દિવસના જુનાં હતાં તે ભેગાં કરીને અગ્નિમાં મેલતાં ગયાં ત્યારે સ્વામિનારાયણનું નામ લેતા ગયા અને મેલતા એમ આખી રાત તાપણી કરીને તાપ્યા.

પછી સવાર પડી એટલે બે ચાર ફળાં બાકી રહ્યાં અને બન્ને ભાઈઓએ વિચાર કર્યો જે, 'જો ભરવાડને ખબર પડશે તો આપણને હેરાન કરશે. માટે અહીંથી ચાલો.' તે વખતે ભરવાડ સૌ આવ્યા અને કહ્યું જે, 'મહારાજ ! આજ બીજ છે તેથી અહીંયાંથી જવાય નહીં અને જમીને જજો'. પછી બન્ને ભાઈએ કહ્યું જે, 'અમે નદીમાં સ્નાન કરી આવીએ ત્યાં તમે સીધું લાવો.' પછી નાહીને લાલજીમહારાજે કહ્યું જે, ''આણંદજી ! ભરવાડ જ્યારે સીધું લાવે ત્યારે તું ધુણવા માંડજે. એટલે હું તને પૂછીશ. ત્યારે તું કહેજે જે : માતા છું અને અહીંયાં રાત બ્રાહ્મણ રહ્યા તેથી તમારા પૂર્વજો પિતૃ સર્વે દેવલોકમાં ગયા છે.'' પછી નાહીને જ્યારે ઉતારે આવ્યા અને ભરવાડ જ્યારે સીધું લાવીને બેઠા તે વખતે આણંદજીમહારાજ ધૂણવા લાગ્યા. ત્યારે લાલજીમહારાજ બોલ્યા જે, ''તું કોણ છું ?' ત્યારે આણંદજી કહે, 'હું માતા છું.' ત્યારે લવજીમહારાજે કહ્યું જે, 'તું માતા કેવી ?' ત્યારે તેણે કહ્યું જે, 'આ બ્રાહ્મણો આજ રાત્રી અહીંયાં રહ્યા અને આખી રાત સ્વામિનારાયણનું ભજન કર્યું તેથી અમે સૌ તમારા પિતૃ દેવલોકમાં ગયા છીએ.' લવજીમહારાજ કહે, 'આ શું કહે છે ? અહીંયાં તમારી માતાનું કે બીજું કોઈ સ્થાનક છે ?' ત્યારે આણંદજીમહારાજ બોલ્યા જે, 'હવે, ત્રણ બાકી રહેલા છે તે બ્રાહ્મણ ચાલે ત્યારે તેની ગાંઠે બંધાવજો.' પછી ભરવાડે તે ઓરડી ઉઘાડીને જોયું ત્યાં તો ત્રણ ફળાં બાકી રહેલાં દીઠાં અને તેમને પંદર દિવસ સુધી ભરવાડોએ રાક્યા અને જ્યારે ચાલ્યા ત્યારે તે ત્રણ ફળાં હતાં તે તેમને ગાંઠે બંધાવ્યાં. પછી ભરવાડે કહ્યું જે, ''આ બ્રાહ્મણ તો બહુ મોટા. હવે જ્યારે આવો ત્યારે અહીયાં ઉતરજો.'' પછી તેમને એક ગાઉ સુધી સૌ ભરવાડ વળાવવા ગયા. અને બીજે ગામ ગયા ત્યારે લાલજીમહારાજે આણંદજીમહારાજને કહ્યું જે, 'હવે ત્રણ ફળાં ક્યાં સુધી ગાંઠ્યે બાંધી રાખીશ ? આ ખીચડી કરવી છે તેના આડમાં ખડકી નાંખ્ય. એટલે ખીચડી ઝટ ચડી જાય.' એમ શ્રીજીમહારાજના ખરા નિશ્ચયવાળાને કોઈની બીક રહેતી નથી. ॥૬૦૬॥

**ગુણાતીતાનંદસ્વામી** પાસે એક હરિજન આવ્યો. તેણે સ્વામીને કહ્યું જે, 'સ્વામી! હું ઘરભંગ થયો છું. અને બે ઠેકાણે કન્યાઓ છે. તેમાં એક કુસંગીની છે અને એક સત્સંગીની છે. તે તમો કહો ત્યાં સગપણ કરું.' સ્વામી કહે, 'તો બેય કુવા એક કાંટાળો છે અને એક છોબંધ કુવો છે તે કાંટાળા કુવામાં પડે તો કાંઈક જાળું બાળું હાથ આવે. કાંટાળો કુવો તે શું ? તે કુસંગીની દીકરી લાવ તો ત્યારે કાંઈ વાસના ન રહે અને જો સત્સંગીની દીકરી લાવીશ. તે તારી ચાકરી કરશે તેમાં તું બંધાઈ જઈશ.' પછી તેણે કુસંગીને ત્યાં લગ્ન કર્યાં. ॥૬૦૭॥

**શુકસ્વામી** પાસે એક હરિજન સમાગમ કરવા આવ્યો હતો. તેને નિરંતર

પોતાનું ઘરવાળું સ્વપ્નમાં આવવા લાગ્યું. પછી તેણે સ્વામીને પૂછ્યું જે, 'સ્વામી ! હું જ્યારે ઘરે હતો ત્યારે તમે સ્વપ્નામાં આવતા અને જ્યારે અહીં આવ્યો ત્યારે ઘરવાળી સ્વપ્નામાં આવે છે માટે તમે કહો તેમ કરું.' સ્વામી કહે કે, 'ઘરે જ રહે તો હું તો સ્વપ્નામાં આવું. મારી પાસે રહે ને ઘરવાળી સ્વપ્નામાં આવે તે ઠીક નહીં માટે તું ઘરે જ રહે.' મોટા પાસે રહે તો પણ જીવની વાસના ટળે નહીં. ॥૬૦૮॥

એક વખત **શુકસ્વામી** પોતે પૂજા કરવા બેઠા હતા અને પોતાનો આન્હિક વિધિ બધો કરી રહ્યા અને પૂજાનું વિસર્જન પણ કર્યું. પછી પોતાના મનમાં અસંતોષ થયો કે, 'મારે પૂજામાં કાંઈક વિધિ બાકી રહ્યો જણાય છે.' તેથી બીજી વાર પૂજા પધરાવીને પોતાનો વિધિ એટલે દંડવત પ્રદક્ષિણા સંધ્યા ગાયત્રી વિગેરે કર્યાં અને પહેલે ફેરે સ્વામી દંડવત કરવા ભૂલી ગયા હતા અને સ્વામી જ્યારે પૂજા કરવા બેસે ત્યારે

**વંદુ સહજાનંદ રસરુપ અનુપમ સારને રે લોલ,**

એ કીર્તન બોલાવતા હતા. ॥૬૦૯॥

એક વખત શુકસ્વામી મહુવે પધાર્યા હતા અને ત્યાંથી ગામ **ઝીંઝોડા** જે કુંડલા પાસે છે ત્યાં પધાર્યા હતા.ત્યાં બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી હતી. પછી રસોઈની પ્રસાદી જ્યારે હરિભક્તને આપવા માંડી ત્યારે સ્વામી બોલ્યા જે,'હમણાં પ્રસાદી આપશો નહિં.મહુવાના હરિજનો અહીં દર્શને આવે છે.'એમ સ્વામીએ અંતર્યામીપણે વાત કરી. પછી ઘડીક વાર થઈ ત્યાં તો મહુવાના ખીમો શેઠ વિગેરે ગામ ઝીંઝોડે આવ્યા. ત્યાં તેમણે સૌને જમાડ્યા. પછી વધેલી પ્રસાદી રસોઈવાળાને ઘરે મોકલાવી દીધી. ॥૬૧૦॥

અમદાવાદમાં આચાર્યશ્રી **અયોધ્યાપ્રસાદજીમહારાજ** જ્યારે માંદા થયા ત્યારે વરતાલથી ભગવત્પ્રસાદજીમહારાજ તથા સૌ સદ્ગુરુઓ અયોધ્યાપ્રસાદજી મહારાજને જોવા સારું આવ્યા. ત્યારે એક શુકસ્વામી નહોતા પધાર્યા. અયોધ્યાપ્રસાદજીમહારાજે આચાર્યજીમહારાજનો તથા સૌ સદ્ગુરુઓનો સત્કાર સારી રીતે કરાવ્યો અને પછી પૂછ્યું જે, 'શુકમુનિ ક્યાં ?' ત્યારે સૌએ કહ્યું જે, 'શુકમુનિ તો પધાર્યા નહી.' ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે, 'ત્યારે શ્રીજીમહારાજ શેના પધારે ?' પછી તાર કરીને સ્વામીને અમદાવાદ તેડાવ્યા અને મેનામાં બેસીને સ્વામી અમદાવાદ પધાર્યા. બીજે દિવસે ઘેબરની રસોઈ કરાવી અને અયોધ્યાપ્રસાદજી મહારાજ ખુરશી નાંખીને ધર્મકુળની હવેલીમાં પાણીના ટાંકા પાસે વિરાજમાન થયા અને તમામ સદ્ગુરુઓની તથા બ્રહ્મચારીઓની તથા પાર્ષદોની જુદી જુદી પંક્તિઓ કરાવી અને તમામ સદ્ગુરુઓને રૂપાના થાળ અને રૂપાના વાટકામાં જમવાની આજ્ઞા આપી અને બોલ્યા જે, 'તમે

મારા પિતા છતાં બહુ દુઃખ ભોગવ્યું છે માટે આજ તો રૂપાના થાળમાં જમો અને શકરપારા વિગેરે સાત વાનાની રસોઈ કરાવી હતી અને તમામ ધર્મકુળ પંક્તિમાં પીરસતા હતા. પછી જમી રહ્યા કેડે અમદાવાદ દેશના તથા વરતાલ દેશના સાધુ બ્રહ્મચારીના સામસામાં તડ થયાં અને સૌ અષ્ટક બોલવા લાગ્યા. તે બોલતાં બોલતાં દિવસના ચાર વાગ્યા અને નરનારાયણદેવ જાગ્યાનું નગારૂં વાગ્યું. પછી સદ્ગુરુ બ્રહ્મચારી આનંદાનંદસ્વામી બોલ્યા જે, 'બેઉ પક્ષવાળા જીત્યા અને હવે સૌ બોલવું બંધ રાખો.' એમ સ્વામીએ કહ્યું એટલે સૌ બંધ રહ્યા અને પાંચ મણ પતાસાં મંગાવીને એક ચલાખામાં ઢગલો કર્યો. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, ''બ્રહ્મચારી આનંદાનંદસ્વામી સૌને વહેંચી આપો. કેમકે પ્રથમ નરનારાયણદેવ પધરાવ્યા ત્યારે સદ્ગુરુ બ્રહ્મચારી આનંદાનંદસ્વામીને શ્રીજીમહારાજે સેવામાં મેલ્યા હતા.'' પછી સ્વામીએ ખોબે ખોબે સૌને પતાસાં વહેંચી આપ્યાં અને આઠ દશ દિવસ સુધી સૌ સંતને રાખ્યા. ॥૬૧૧॥

અને ગામ **પીપરલગ**ના **ભગાભગત**નાં લગ્ન કર્યાં અને જ્યારે માયરું કરીને ચોરીમાં ફેરા ફરવા મંડ્યા. તેમાં ત્રણ આંટા ફર્યા પછી ચોથો આંટો ફરવા ગયા ત્યાં ચોરીનો છોડવો ઝાલીને બેસી ગયા. ત્યારે સૌ સમજાવવા લાગ્યા જે, 'ભગત ! ઉઠો એક આંટા સારુ શું બેસી ગયા ?' ભગત કહે, 'બાપલીયા ! ત્રણ ત્રણ આંટા ફર્યો.' ત્યારે સૌએ કહ્યું જે ,'ગોર ભાભા ! તમે ભગતને સમજાવો ! ગોર ભાભે કહ્યું જે, 'ભગત ! ઉઠો, એક આંટા સારુ શું ખડ ખાઓ છો ?' ભગોભગત કહે, ગોર ભાભા ! મારે સાટે તમે એક આંટો ફરો પણ મારો છુટકો કરો.' પછી પોતાનાં વસ્ત્ર અને દાગીના વિગેરે ત્યાં ઉતારીને ત્યાંથી પરબારા ચાલી નીકળ્યા અને સાધુ થયા. ॥૬૧૨॥

નિષ્ઠા અને **પીપળાવ**ના **પ્રભાશંકર** કરીને હરિભક્ત બ્રાહ્મણ હતા. તેમનાં લગ્ન કરવાં હતાં અને શ્રીજીમહારાજની ડભાણથી કંકોતરી આવી. પછી પોતે ડભાણ જવા તૈયાર થયા. ત્યારે તેમના પિતાએ કહ્યું જે, 'બાપ પ્રભાશંકર ! ગઈ સાલમાં લગ્ન પાછાં વાળ્યાં હતાં અને આ સાલમાં કાંઈ પાછાં વળાય ?' ત્યારે પ્રભાશંકરભાઈ કહે, બાપા ! લગ્ન તો આવતી સાલમાં થાશે પણ મહારાજ કાંઈ પહોર (આવતી સાલ) યજ્ઞ કરશે ?' એમ કહીને લગ્ન કર્યાં નહીં. ॥૬૧૩॥

ગામ **હળીયાદ**ના **ભગોભગત** હતા. તેમનાં સગાં વહાલાં મળીને કહેવા લાગ્યાં જે, 'તારાં લગ્ન કરવાં છે .'પછી મુળજી બ્રહ્મચારી પાસે આવ્યા અને પૂછ્યું જે, 'હવે કેમ કરવું ?' બ્રહ્મચારી કહે, 'ઉબળ દે ઉબળ. એટલે સૌ તને લગ્ન કરવાનું કહે ત્યારે તારે સાધુ થાવાનું કહેવું' પછી તે સંસારનો ત્યાગ કરીને સાધુ થયા. એવા વૈરાગ્યવાન હતા. ॥૬૧૪॥

# સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીના ચમત્કારની વાતો

**રાગ : પૂર્વછાયો**

*અનુપમ ઈડર દેશમાં, ધન્ય ધન્ય ટોડલા ગામ ।*
*ધન્ય ધન્ય દ્વિજની જાતને, જ્યાં ઉપજ્યા ભક્ત અકામ ॥*
*જોગી પૂરવ જન્મના, જેને વહાલા સંગાથે અતિ વહાલ ।*
*પ્રભુ સંગાથે પ્રગટ્યા, ખરા ભક્ત તે નામ ખુશાલ ॥*

શ્રીજીમહારાજ પ્રગટ વિરાજતા ત્યારે **ગઢપુર**માં સદ્‌ગુરુ **નિષ્કુળાનંદસ્વામી** ભક્તચિંતામણી ગ્રંથ બનાવતા. તે શ્રીજીમહારાજને બતાવતાં મહારાજ કહે કે, ''આમાં યોગીનું પ્રકરણ દાખલ કરો.'' તેથી સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ યોગીન્દ્ર સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદસ્વામીને વિનંતી કરી જે, 'મહારાજ આમ આજ્ઞા કરે છે.' યોગીન્દ્ર ગોપાળાનંદસ્વામી કહે, 'મારું કાંઈ દાખલ કરવું નહીં.' પછી મહારાજને કહ્યું જે, 'યોગી તો ના પાડે છે.' ત્યારે મહારાજ કહે, ''અમે બીજા કવિ પાસે લખાવશું.'' પછી સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ તો તે હકીકત યોગીન્દ્ર સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદસ્વામીને કહી. ત્યારે કહે કે, 'જેમ મહારાજની મરજી હોય તેમ કરો.' તેથી ભક્તચિંતામણીનું પ્રકરણ કર્યું. તે ૧૪૨મું પ્રકરણ જોઈ મહારાજ બહુ જ રાજી થયા. ॥૬૧૫॥

એક સમે **ગોપાળાનંદસ્વામી** ગઢપુરમાં હતા અને **વાળાક** દેશના હરિજન શ્રીજીમહારાજને દર્શને આવ્યા હતા. તેમણે મહારાજને પૂછ્યું જે,' હે મહારાજ ! વરસાદ ક્યારે થશે ?' ત્યારે મહારાજ કહે, ''અમે ટીપણું ભણ્યા નથી અને ટીપણું તો ગોપાળાનંદસ્વામી ભણ્યા છે માટે તેમને પુછો.' પછી હરિજનો ગોપાળાનંદસ્વામી પાસે આવ્યા અને સ્વામીને પૂછ્યું જે, 'સ્વામી ! વરસાદ ક્યારે થશે ?' ત્યારે સ્વામી કહે, 'લ્યો ! ટીપણું મંગાવીએ.' પછી ટીપણુ મંગાવીને જોઈને સ્વામી બોલ્યા જે, 'પરમ દિવસે વરસાદ બહુ થાશે.' પછી સ્વામીને વચને કરીને બહુ વૃષ્ટિ થઈ. ॥૬૧૬॥

એક સમે ગોપાળાનંદસ્વામી ગઢપુરમાં હતા અને ગામ **ભાદરા**ના **રતનો ભગત** મહારાજના દર્શને આવ્યા. ત્યારે સ્વામીએ રતના ભગતને પૂછ્યું જે, 'તમારે સમાધીવાળાને કામવાસના કે શું ? જે ઘરનું મનુષ્ય મરી જાય છે ત્યારે ફરી ઘર કરો છો ?' ત્યારે રતનો ભગત કહે, 'સ્વામી ! વાસના જણાતી તો નથી. પણ એવી ક્રિયા થાય છે ખરી ત્યારે વાસના હશે એમ જણાય છે તે વાસના કેમ ટળે ?' ત્યારે સ્વામી

કહે, 'તમે સમાધિ કરીને અક્ષરધામમાં જાઓ છો ત્યાં મને દેખો છો ?' રતનો ભગત કહે, 'હા, હું ત્યાં તમને દેખું છું.' ત્યારે સ્વામી કહે, 'તમે મને ત્યાં પુછજો.' પછી રતનો ભગત સમાધિ કરીને અક્ષરધામમાં ગયા અને સ્વામીને મહારાજની સેવામાં દીઠા. ત્યારે સ્વામીને રતના ભગતે વાત કરી. ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તમે બહાર વૃત્તિએ કરીને સમાધિને પામ્યા છો. માટે જીવમાં મૂર્તિ ધારો. એટલે કારણ શરીરમાં વાસના છે તે નાશ પામશે.' એટલે જીવમાં જ્યારે મૂર્તિ ધારવા લાગ્યા ત્યારે સ્વામીના કહેવાથી તે કારણશરીરમાં વાસના હતી તે નાશ પામી. ।।૬૧૭।।

એક સમે **ગઢપુર**માં શ્રીજીમહારાજ સભા કરીને વિરાજમાન હતા. પછી હાથમાં હાર લઈને મહારાજ બોલ્યા જે, "લ્યો, **ગુણાતીતાનંદસ્વામી** ! આ હાર તમે પહેરો અને આજથી તમે જુનાગઢના મહંત." સ્વામી કહે, 'ના, મહારાજ ! હું મહંતાઈનો હાર નહીં પહેરું.' પછી મહારાજે બહુ આગ્રહ કર્યો ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા જે, 'આ ગોપાળાનંદસ્વામી વરસદહાડામાં એક મહિનો મને વાતો સંભળાવા સારુ આવે તો હાર પહેરું.' પછી મહારાજે ગોપાળાનંદસ્વામીને પૂછ્યું જે, "કેમ સ્વામી ? પ્રતિ વરસે એક મહિનો જુનાગઢ ગુણાતીતાનંદસ્વામીને વાતુ કરવા જશો ?" પછી સ્વામી કહે કે, 'હા, મહારાજ જેમ તમારી આજ્ઞા હશે તેમ કરીશ.' પછી સ્વામી પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી પ્રતિવરસે એક મહિનો જુનાગઢ ગુણાતીતાનંદસ્વામીને વાતો સંભળાવવા જતા અને જે વરસ ન જવાણું હોય તો બીજે વરસ બે મહિના જઈને રહેતા એમ સ્વામીનો દેહ રહ્યો ત્યાં સુધી પોતે વરસો વરસ જુનાગઢ ગુણાતીતાનંદસ્વામીને દર્શન દેવા સારૂ જતા હતા. ।।૬૧૮।।

એક વખત **ગોપાળાનંદસ્વામી** જુનાગઢમાં હતા અને પાકી રસોઈઓ ચાલતી હતી. પછી કેટલાક હરિજનો ગામમાંથી દૂધ પેંડા લાવીને સ્વામીને સભામાં ભેટ મૂકવા લાગ્યા. પછી સ્વામીએ ઉભા થઈને પેંડાની ફાંટ ભરીને ગામ વાંકીયાના મોકોખાચર સભામાં બેઠા હતા. તેમના ખોળામાં જઈને પેંડાની ફાંટ ઠલવી. પછી સૌ હરિજન છાનામાના કથા-વાર્તા સાંભળવા સારુ સભામાં બેસી ગયા અને જ્યારે સભા ઉઠી ત્યારે સ્વામી આસને પધાર્યા. ત્યારે **પુરૂષાનંદસ્વામી**એ સ્વામીને ઠપકો દઈને કહ્યું જે, "સ્વામી ! તમે આ શું કર્યું ? જે બધા હરિભક્તો તમારે માટે પેંડા લાવ્યા તે ઓલ્યા કાઠીને આપ્યાં તેથી સૌ હરિજનો નારાજ થયા.' પછી સ્વામી કહે કે, 'પુરૂષાનંદ ! તમે કાંઈ સમજ્યા નહીં. આપણે તો પાકી રસોઈ ચાલે છે અને ગામમાંથી પેંડા લાવે તે અશુદ્ધ હોય તે આપણે ઉપયોગમાં આવે નહીં અને હરિજનો મારો સમાગમ કરવા

આવ્યા છે તે પાસે પૈસા હશે તો ગાંઠ્યના રોટલા ખાઈને મારો સમાગમ કરશે માટે આટલેથી જ બંધ રહ્યું.' ત્યારે પુરૂષાનંદસ્વામી કહે, 'હા, સ્વામી ! તમે કર્યું તે ઠીક કર્યું હશે.' ॥૬૧૯॥

એક સમે સ્વામી **જુનાગઢ** પધાર્યા હતા અને પાતપરના બીડમાં ખડ વાઢવા માટે જવું હતું પણ ત્યાં કાંઈ પાણીનું સાધન નહોતું. પછી **મોટા અખંડાનંદસ્વામી**ને ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, 'તમો આ સંત સાથે ઘાસ કપાવવા જાઓ અને ત્યાં સૌની સંભાળ રાખજો.' પછી અખંડાનંદસ્વામી સૌને લઈને ઘાસ કપાવવા સારૂ તે બીડમાં ગયા અને ત્યાં પાણીનું એક નાનું તળાવડું ભર્યું હતું. પછી સ્વામીના કહેવા પ્રમાણે સૌ ત્યાંથી પાણી લાવીને દેહ-ક્રિયા તથા રસોઈ વિગેરેનું કામ કરતા અને ઘાસ વાઢતા. પછી એક દિવસ સૌ સુઈ ગયા હતા અને દિવસમાં બીડમાં ચારે કોર અગ્નિ લાગ્યો. તે વખતે મંદિર ઉપર કડીયા કામ કરતા હતા. તેમણે અગ્નિ જોઈને સ્વામીની પ્રાર્થના કરી જે, 'હે સ્વામિન્ ! સાધુ ઘાસ કાપે છે તે બીડમાં અગ્નિ લાગ્યો છે માટે વરસાદ થાય તો અગ્નિ ઓલાય અને સૌની રક્ષા થાય નહીં તો સૌ બળી મરશે.' પછી સ્વામીએ દૃષ્ટિ કરી એટલે વરસાદ થયો અને અગ્નિ ઓલવાઈ ગયો એમ સૌની રક્ષા કરી. ॥૬૨૦॥

એક વખત સ્વામી **જુનાગઢ**માં હતા અને **બ્રહ્માનંદસ્વામી**ને વાત કરી જે, 'આજ ગઢપુરથી ત્રણ સાધુ આવે છે. તેમણે ગઢપુરમાં મહારાજની પૂજા કરીને છાતીમાં ચરણારવિંદ લીધા છે તે તેમનાં તેમ છાતીમાં દેખાય છે અને મહારાજ થાળ જમતા હતા. તેમાંથી તમારા સારૂ પ્રસાદીના છ વડાં આપ્યા છે તે પરમ દિવસે અહીંયાં આવશે.' પછી ત્રીજે દિવસે તે ત્રણે સાધુ જુનાગઢ પહોંચ્યા અને તે સાધુની છાતીમાં મહારાજે આપેલાં ચરણારવિંદ દેખતાં હતાં. પછી ગોપાળાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તે સાધુને મળીને તે ચરણારવિંદ પોતાની છાતીમાં લીધાં અને સાધુએ આણેલાં છ વડાં તે પણ સ્વામીને પ્રસાદીનાં આપ્યાં. ॥૬૨૧॥

એક સમે ગોપાળાનંદસ્વામી **ગોંડલ** પધાર્યા હતા. ત્યાં **રાઘવજીભાઈ** કરીને હરિભક્ત દરબારના કોઠારી હતા. તેઓ સત્સંગી સારા હતા. પણ તેમને મહારાજને ઓઢવા સારૂ ચોફાળ કરાવવાને આપ્યો હતો. તેના પૈસામાં આઠ આના વધ્યા અને ચોફાળ કરાવીને મહારાજને પુગતો કર્યો અને વધેલા આઠ આના પોતે રાખ્યા. તેમાંથી પોતાના અધિકાર ઉપરથી નીકળી ગયા અને દરિદ્રપણું આવ્યું. પછી સૌ હરિજન સ્વામીને દર્શને આવ્યા ત્યારે સ્વામી બોલ્યા જે, 'સૌ હરિજન આવ્યા ? અને

રાઘવજીભાઈ કેમ દેખાતા નથી ?' ત્યારે કોઈકે કહ્યું જે, 'સ્વામી ! તેમને તો વહેવારે બહુ જ દુઃખ પડ્યું છે. અને સ્ત્રી છોકરાં સૌ નાશ પામી ગયું અને અધિકાર ઉપરથી ઉઠાડી મૂક્યા છે. અને જુવારની ધાણીના લાડવા કરીને વેચે છે આવી સ્થિતિ છે.' ॥૬૨૨॥

ત્યારે સ્વામી બોલ્યા જે, 'તેને મારી પાસે બોલાવો.' પછી હરિજને જઈને રાઘવજીભાઈને સ્વામી પાસે બોલાવી લાવ્યા અને રાઘવજીભાઈનો વેશ જોઈને સ્વામી બોલ્યા જે, 'રાઘવજીભાઈ ! આઠ આનામાં આટલે દરજ્જે આવી ગઈ છે ?' તે સાંભળીને રાઘવજીભાઈ સ્વામી પાસે બહુ દિલગીર થઈ ગયા અને સ્વામીને કહ્યું જે, 'મારી ઉપર કૃપાદૃષ્ટિ કરો.' પછી સ્વામી કહે, 'આજ તમારે વેપારમાં શું આવ્યું છે ?' ત્યારે રાઘવજીભાઈ કહે, 'સ્વામી ! બાર આનાની મુડી છે અને જુવારની ધાણીના લાડવા વેચું છું અને સાંજ પડ્યે શેર જુવાર વધારે આવે છે.' પછી સ્વામી કહે, 'તે શેર જુવાર તમારે હાથે દળીને આંહીં લાવો અને તમો આજ ઉપવાસ કરજો.' પછી રાઘવજીભાઈએ જુવાર દળી તેનો શેર લોટ લાવીને સ્વામી પાસે મૂક્યો. પછી સ્વામીએ સંતને કહ્યું જે, 'આનો રોટલો કરીને ઠાકોરજીને ધરાવો.' પછી તે જુવારનો રોટલો કરીને ઠાકોરજીને ધરાવ્યો.' તેમાંથી અરધો રોટલો સ્વામી જમ્યા અને અરધો રોટલો ચોળીને સૌ સંતને પ્રસાદી વહેંચી આપી. પછી સ્વામીએ રાઘવજીભાઈને કહ્યું જે, 'તમે થોડાક દિવસમાં તમારા અધિકાર ઉપર જાશો.' પછી સ્વામી ત્યાંથી જુનાગઢ પધાર્યા અને થોડા દિવસ થયા એટલે દરબારને ખબર પડી જે, 'આપણા જુના કોઠારી રાઘવજીભાઈ કેમ દેખાતા નથી ?' ત્યારે કોઈકે કહ્યું જે, 'તેમને તો અધિકાર ઉપરથી બહાર કરેલ છે.' પછી દરબાર કહે, 'લાવો, તેમને પાછા તે જ જગ્યા ઉપર દાખલ કરો.' પછી સ્વામીની કૃપાદૃષ્ટિથી તે રાઘવજીભાઈની કોઠારી તરીકે નિમણૂક થઈ. ॥૬૨૩॥

અને **ભાણાભાઈ** કરીને ગરાસીયા હરિભક્ત હતા. તેમણે સ્વામીની પ્રાર્થના કરીને કહ્યું જે, સ્વામી ! મને ગોંડળનું રાજ્ય મળે તો આખા રાજ્યમાં સૌ વસ્તી પાસે સ્વામિનારાયણનું ભજન કરાવું અને સૌની પાસેથી નામ ધર્માદો અપાવું. પછી સ્વામી કહે, 'ભાણાભાઈ ! રાજ્ય તો મળશે પછી આવી સ્થિતિ નહીં રહે !' ત્યારે ભાણાભાઈ કહે, 'ના, સ્વામી ! તમારી કૃપાથી આવી ને આવી સ્થિતિ રહેશે.' પછી થોડાક દિવસ થયા કેડે સ્વામીની દયાથી ભાણાભાઈને ગોંડળનું રાજ્ય મળ્યું અને તે રાજ્યકાર્યમાં એવા લુબ્ધ થઈ ગયા કે પોતપોતાનો નિત્ય નિયમ કરવાની પણ નવરાશ ન મળે તો

વસ્તી પાસે તો ભજન સ્મરણ ક્યાંથી કરાવી શકે ? એવા પોતે રાજ્યને વિષે ચોંટી ગયા હતા માટે અધિકાર એવો છે. ॥૬૨૪॥

અને ગામ **કારીયાણી**માં મહારાજે અઠ્યોતેરામાં **અન્નકૂટ**નો સમૈયો કર્યો હતો અને સૌ સંત તથા હરિજનો આવ્યા હતા. પણ ગોપાળાનંદસ્વામી આવ્યા નહોતા. પછી કોઈકે આવીને કહ્યું કે, 'મહારાજ ! ગોપાળાનંદસ્વામી આવે છે.' ત્યારે મહારાજ કહે, ''સ્વામી કેટલેક છે ? ચાલો સામા જઈએ.'' પછી ઘડીક વાર થઈ એટલે સ્વામી આવ્યા અને મહારાજને દંડવત કરીને મળ્યા. પછી મહારાજે સ્વામીને કહ્યું જે, સ્વામી ! ઉતારા કરી આવો.' પછી સ્વામી ઉતારો કરવા ગયા એટલે વાર લાગી ત્યારે મહારાજે સોમલાખાચરને તેડવા મોકલ્યા જે, જાવ, સ્વામીને બોલાવી લાવો. પછી સ્વામી આવ્યા ત્યારે મહારાજે સ્વામીનો હાથ ઝાલીને અક્ષરઓરડીમાં તેડી ગયા. ॥૬૨૫॥

પછી અક્ષરઓરડીમાં **ઉત્તરાદે ખુણે** શ્રીજીમહારાજને ધાબળી પાથરીને બેસાર્યા તથા **ગોપાળાનંદસ્વામી** પણ બેઠા. તે સમે નિષ્કુળાનંદસ્વામી મહારાજને સ્નાન કરવા માટે ચુનાબંધ કુંડી કરાવતા હતા. તેઓ આવીને મહારાજ પાસે બેઠા. પછી મહારાજે ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, 'સ્વામી ! સુખી છો ને ?'' ત્યારે નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ ! શહેરમાંથી આવે છે તે સુખી તો એવા જ હશે.' તો તે સમે સ્વામી વડોદરેથી આવ્યા હતા. તે વાત મહારાજને ગમી નહીં. પછી મહારાજ બોલ્યા જે, 'એ કાંઈ તમારા જેવા નથી જે એમને શહેર બાધ કરે.' પછી મહારાજ કહે, 'સ્વામી ! ટીપણી મોળી બોલે છે ! ત્યાં જાઓ.' પછી નિષ્કુળાનંદસ્વામીએ જઈને કડીયાને કહ્યું જે, 'ટીપણી ઉતાવળી ટીપો.' એમ કહીને પાછા મહારાજ પાસે બેઠા. ત્યારે મહારાજ કહે, ''સ્વામી ! કડીયા ખોટી થાય છે. '' વળી સ્વામીએ જઈને કડીયાને કહ્યું જે, 'ઉતાવળથી કામ ચલાવો.' એમ કહીને પાછા મહારાજ પાસે આવીને બેઠા અને નિષ્કુળાનંદસ્વામીના મનમાં એમ હતું જે, 'મહારાજને કાંઈક છાની વાત કહેવી છે તે મારે સાંભળવી છે.' ત્યારે ગોપાળાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમારે મને જે કહેવું હોય તે કહો, અને આ ડોસો કેડ નહીં મેલે. ' અને પછી શ્રીજીમહારાજે ગોપાળાનંદસ્વામીને વાત કરી જે, સ્વામી ! આપણે અત્રે આવ્યાનું કારણ તમે જાણો છો ?'' ત્યારે સ્વામી કહે, 'ના, મહારાજ ! હું જાણતો નથી.' મહારાજ કહે, 'તમો આદિક અક્ષરમુક્ત અક્ષરધામમાં બેઠા હતા અને એમ અક્ષરધામમાં વાત કરી જે, ''આ બ્રહ્માંડ ઘણાક કાળથી સરજાણું છે પણ કોઈ જીવ અક્ષરધામમાં આવતા નથી. પછી અમે દત્ત તથા કપિલ આદિક અવતારને મોકલ્યા

તો પણ ત્યાં આવ્યા નહીં ને તેમને ભજીને પણ કોઈ આવ્યું નહીં. પછી ત્રેતાયુગમાં રામચંદ્રજીને મોકલ્યા. તે વખતે દસ હજાર વરસની માણસને આવરદા હતી પણ પોતે અગીયાર હજાર વરસ સુધી રહ્યા પણ પોતે એકાંતિક ધર્મ પ્રવર્તાવી શક્યા નહીં. પછી અમે શ્રીકૃષ્ણને મોકલ્યા. તે પણ કલિયુગમાં સો વરસની આયુષ છતાં પોતે સવાસો વરસ રહ્યા તો પણ એકાંતિક ધર્મ પ્રવર્તાવી શક્યા નહીં.'' ત્યારે તમે બોલ્યા જે, 'હે મહારાજ ! જે જે ધામમાંથી જે જે અવતાર આ પૃથ્વી ઉપર આવે તેને ભજીને તે તે ધામને પામે એ તો જ્યારે તમો પુરૂષોત્તમ આ પૃથ્વી ઉપર પધારો ત્યારે તે જીવ તમને ભજીને અક્ષરધામમાં આવે. ત્યારે અમે કહ્યું જે, ''અમે જ્યારે પૃથ્વી ઉપર આવે તેને ભજીને તે તે ધામને પામે એ તો જ્યારે પૃથ્વી ઉપર પધારીયે ત્યારે તમારે પણ આવવું પડશે.'' ત્યારે તમે કહ્યું જે અમારૂં શું કામ છે ? ત્યારે મહારાજ કહે તમારૂં કામ તો એટલું જે તમે ધર્મ પાળીને ધર્મ પાળતા શીખવો. ભક્તિ કરીને ભક્તિ કરતાં શીખવો ત્યારે તમે બોલ્યા જે મહારાજ તમે પધારશો ત્યારે અમારે પણ આવ્યા વિના છૂટકો છે ? માટે તમારા જેવા અક્ષરમુક્ત લઈને અત્રે આવ્યા છીએ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે સ્વામી આ છ હેતુ માટે આપણે આ પૃથ્વી ઉપર આવ્યા છીએ. પછી મહારાજ કહેઃ—૧. જે જે અવતારને આપણે મોકલ્યા તેમને અક્ષરધામમાં લઈ જવા છે. ૨. તેને ભજીને જે જે જ્યાં જ્યાં ગયા હોય તેમને અક્ષરધામમાં લઈ જવા છે. ૩. ને ભક્તિ ધર્મને એકાંતિક સુખ આપવું. ૪. આ પૃથ્વીને વિષે એકાંતિક ધર્મ પ્રવર્તાવવો. ૫. ને નવા મુમુક્ષુ ઉત્પન્ન કરવા. ૬. અને સર્વ જીવ પ્રાણીમાત્રને વિષે સ્વામિનારાયણની નિષ્ઠા પ્રવર્તાવવી. ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ મહારાજને દંડવત કર્યા અને કહ્યું જે હે મહારાજ આજ વાત જાણી. ત્યારે મહારાજ કહે, ''શું જાણ્યું?'' ત્યારે નિષ્કુળાનંદસ્વામી કહે, 'તમે જ્યારે લોજ પધાર્યા હતા ત્યારે રામાનંદસ્વામીએ સૌ હરિજનો ને કાગળ લખ્યા હતા જે સૌ લોજમાં તપસ્વીના દર્શન કરવા જજો ત્યારે હું ભુજ ગયો હતો. પછી રામાનંદસ્વામીને દંડવત કર્યા ત્યારે રામાનંદસ્વામી અવળું જોઈને બેઠા ત્યારે મેં સન્મુખ જઈને દંડવત કર્યા, ત્યારે સ્વામી કહે, લાલજી ભગત! તમે આંહીંયાં આવ્યા તે બહુ ખોટું કર્યું જે લોજ જઈએ નહીં લોજ ! ત્યારે મેં કહ્યું જે, સ્વામી ! તમે આંહીં છો ને લોજ શું કામ જઈએ ? ત્યારે સ્વામી કહે લોજ તો મોટા તપસ્વી આવ્યા છે ત્યારે મેં કહ્યું જે, કેવા રૂગનાથદાસજી જેવા ? ત્યારે સ્વામી બોલ્યા જે, એની આગળ રૂગનાથદાસ શું ? ત્યારે મેં કહ્યું જે, રામદાસભાઈ જેવા ? ત્યારે સ્વામી કહે, રામદાસ શું એની આગળ ? ત્યારે મેં કહ્યું જે, તમ જેવા ? ત્યારે સ્વામીએ કહ્યું જે હું પણ શું એની આગળ અને બીજા પણ શું ? એ તો બહુ મોટા છે ! એમ

સ્વામીએ કહ્યું તે આજ સમજાણું.' ॥૬૨૬॥

પછી **નિષ્કુળાનંદસ્વામી**એ તે ઉપર **પુરૂષોત્તમપ્રકાશ** નામનો ગ્રંથ કર્યો છે અને તેમાં છેલ્લું કીર્તન કર્યું છે જે, ''આનંદ આપ્યું અતિ ઘણું રે આ સમામાં અલબેલ પુરૂષોત્તમ પ્રગટી રે'' એ કીર્તન સ્વામીએ કર્યું. પછી તે ગ્રંથ ગોપાળાનંદસ્વામીના સાધુને લખવા જોતો હતો. તે નિષ્કુળાનંદસ્વામી પાસે માગ્યો ત્યારે સ્વામી કહે, 'એ ગ્રંથ હું લખવા આપું નહીં.' પછી ગોપાળાનંદસ્વામીએ નિષ્કુળાનંદસ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, 'સ્વામી ! વાત તો મહારાજે મારી પાસે કરી હતી અને તમે તો પરાણે સાંભળી છે માટે ગ્રંથ સાધુને લખવા આપો.' પછી નિષ્કુળાનંદસ્વામીએ તે ગ્રંથ લખવા માટે આપ્યો. ॥૬૨૭॥

**વરતાલ**માં ત્યાંના પાટીદારોએ **ગોપાળાનંદસ્વામી**ની એમ પ્રાર્થના કરી જે, 'હે સ્વામિન્ ! જો એક વરસાદ થાય તો બાજરી તથા તમાકુ આદિક મોલ સારા પાકે માટે કૃપા કરો તો વરસાદ થાય.' પછી બીજે દિવસ ઘણોક વરસાદ થયો અને તે ભેળો વાયરો પણ ઘણો થયો. તે જોઈને ગઢપુરના હરજી ઠકર સ્વામી પાસે બેઠા હતા. તેણે સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! આ વાયરે કરીને મોલ બધાય આડા પડી જશે માટે વાયરો બંધ થાય અને એકલો વરસાદ થાય તો ઠીક.' પછી સ્વામીએ આકાશ સામી દૃષ્ટિ કરી એટલે વાયરો બંધ થઈ ગયો અને એકલો વરસાદ ખૂબ વરસ્યો.' તેથી લોક સૌ રાજી થયાં અને આવીને સ્વામીના ચરણારવિંદમાં સૌ પડ્યા. ॥૬૨૮॥

એક વખત ગોપાળાનંદસ્વામી વરતાલમાં હતા અને વરસાદની બહુ તાણ હતી તેથી ગુજરાતના હરિભક્ત સૌ મળીને સ્વામી પાસે આવ્યા અને સ્વામીની પ્રાર્થના કરી જે, 'હે સ્વામી ! વરસાદ ક્યારે થશે ?' સ્વામી કહે, 'લાવો, મહારાજ ઉપર ગઢપુર કાગળ લખીએ અને પુછાવીએ.' પછી સ્વામીએ મહારાજ ઉપર કાગળ લખીને કાશીદાસને ગઢપુર મોકલ્યા અને મહારાજ તે પત્ર વાંચીને બોલ્યા જે, ''આ કાશીદાસ બહુ જ મોટા હરિજન છે અને ગોપાળાનંદસ્વામીનો પત્ર લઈને વરસાદ લેવા આવ્યા છે. માટે આપણે સર્વે ચાલો ઘેલે નહાવા માટે જઈએ.'' એમ કહીને સર્વેને ભેગા લઈને ચાલ્યા ત્યારે બીજા હરિભક્તોને એમ વિચાર થયો જે, 'ઘેલામાં પાણી નથી. અને મહારાજ નહાશે ક્યાં ?' પછી ઘેલામાં ગયા તે સમે બહુજ વરસાદ થયો અને સર્વેના વસ્ત્ર પલળી ગયા અને મહારાજ ઉપર છત્રી ધરી હતી તે ફાટી ગઈ અને મહારાજ પલળી ગયા અને ઘેલામાં પાણી ઘણું આવ્યું તે જોઈને મહારાજ બોલ્યા જે, 'આ ડોળા પાણીમાં આપણાથી નવાશે નહીં અને આપણને તો વરસાદે નવરાવ્યા માટે

ચાલો પાછા જઈએ.' પછી સૌ હરિજનો સહિત મહારાજ દરબારમાં પધાર્યા એમ સ્વામીને કાગળે કરીને મહારાજે સર્વે દેશમાં વરસાદ કર્યો. ॥૬૨૯॥

એક સમયને વિષે **ગોપાળાનંદસ્વામી** તથા **મુળજી બ્રહ્મચારી** તથા સર્વે સંત સહિત વરતાલ જતા હતા અને ગઢપુરના દાદોખાચર તથા નાંગમાલો વિગેરે હરિજન પણ સ્વામીની સાથે ગઢપુરથી વરતાલ જતા હતા અને ભાલદેશમાં ગયા અને સ્વામી પોતે ગાડીમાં બેઠા હતા અને મુળજી બ્રહ્મચારી ગાડી હાંકતા હતા અને સર્વે સાધુ તથા હરિજન ચાલ્યા આવતા હતા અને માર્ગનો ચીલો પણ ઊંડો હતો અને વગડામાં જતા એક ભારે નાગ વાંસે દોડીને આવ્યો. ત્યારે સ્વામીએ ગાડી ઉભી રખાવી એટલે તે નાગ ગાડી પાસે આવી ફણા ઊંચી કરીને સ્વામીને વારે વારે પગે લાગ્યો ત્યારે સ્વામીએ કહ્યું જે, 'હવે, તમે જાઓ.' એમ કહીને સ્વામીએ ગાડી હંકાવી ત્યારે તે નાગ પણ ભેળો ચાલ્યો ત્યારે સ્વામીએ ગાડી ઉભી રખાવી અને તે નાગ ફેણ ઊંચી કરીને સ્વામીને વારંવાર પગે લાગવા મંડ્યા ત્યારે સ્વામીએ કહ્યું જે, 'હવે, તમે જાઓ ફરી આવશો નહીં.' પછી તે નાગ ચાલ્યો ગયો ભેળા જે સાધુ તથા હરિજન હતા. તેમણે સ્વામીને પૂછ્યું જે, 'સ્વામી ! તે નાગ કોણ હતો ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'શેષજી અમારે દર્શને આવ્યા હતા.' ॥૬૩૦॥

અને **વિજ્ઞાનદાસજી** નામે સાધુ હતા. તેમના મામો કોઈક ગામમાં રહેતા હતા અને તે ખળામાં દાણાના પગરમાં ગાડું હાંકતા હતા તે દિવસના બાર વાગ્યાનો વખત થયો હતો. તે સમે સ્વામિનારાયણના બે સાધુ ત્યાં આવ્યા. ત્યારે તે કણબીએ જાણ્યું જે, 'અમારા ભાણેજના સાધુ છે.' એમ જાણીને તે કણબી સાધુને પગે લાગવા ગયો અને સાધુને પૂછ્યું જે, 'મહારાજ ! બપોરનો વખત થયો છે માટે કાંઈક જમશો ?' ત્યારે સંત કહે, તૈયાર કાંઈ હોય તો લાવો ઠાકોરને જમાડીએ.' પછી તે કણબીએ ઘરે જઈને રોટલા તથા શાક તથા અથાણું લઈ આવ્યો અને સંતને આપ્યા અને સાધુ ઠાકોરજીને જમાડીને પોતે જમ્યા અને પછી બીજે ગામ ગયા. ॥૬૩૧॥

પછી જ્યારે તે કણબીનું મૃત્યુ થયું ત્યારે તેને યમપુરીમાં યમદૂતો લઈ ગયા અને ધર્મરાજાએ તેને પૂછ્યું જે, 'તે કાંઈ ધર્મ પુન્ય કર્યું છે ?' ત્યારે કણબી કહે કે, 'મેં સ્વામિનારાયણના બે સાધુને રોટલા જમાડ્યા છે.' એમ જ્યાં કહ્યું ત્યાં તો તેને તે બે સાધુ દેખાણા. ત્યારે યમરાજા બોલ્યા જે, 'આમને દેવલોકમાં મેલી આવો.' પછી તેને લઈને દેવલોકમાં મેલી આવ્યા. પછી ત્યાં મોટો દેવ થયો અને પછી કોઈકને વિમાનમાં બેસીને અક્ષરધામમાં જતા દીઠો. પછી તેણે દેવને પૂછ્યું જે, "આ વિમાન ક્યાં જાય

છે ?'' ત્યારે દેવે કહ્યું જે, 'એ ભગવાનનો ભક્ત છે માટે તેને તો ભગવાનના અક્ષરધામમાં લઈ જાય છે.' ત્યારે તેણે કહ્યું જે, 'ત્યાં આથી કાંઈ વધારે સુખ છે ?' ત્યારે દેવ કહે 'ભગવાનના ધામ આગળ આ તો પાયખાના જેવું ગણાય.' ત્યારે તેણે કહ્યું જે, 'મારે ત્યાં જવું હોય તો ?' ત્યારે દેવે કહ્યું, 'તારો ભાણેજ વિજ્ઞાનદાસ કરીને સાધુ છે તે ધોલેરાના મંદિરમાં રહે છે માટે તેની ભેળો તું થા તો તને અક્ષરધામમાં મોકલે.' ॥૬૩૨॥

પછી રાત્રી પડી ત્યારે વિમાનમાં બેસીને તે ધોલેરાના મંદિરમાં ગયો અને વિજ્ઞાનદાસનું પૂર્વનું નામ લઈને બોલાવવા મંડ્યો. જે રતના...એ રતના...એમ વારંવાર નામ લઈને બોલાવે પણ વિજ્ઞાનદાસજી કાંઈ જવાબ આપે નહીં. તેમના મનમાં એવી શંકા હતી જે, 'રખેને કોઈ સ્ત્રી બોલાવતી હોય.' એમ છ મહીના વીતી ગયા પછી ધોલેરામાં ગોપાળાનંદસ્વામી પધાર્યા ત્યારે વિજ્ઞાનદાસજીએ ગોપાળાનંદસ્વામીને વાત કરી જે, 'સ્વામી ! મને કોઈક પૂર્વનું નામ લઈને બોલાવે છે પણ હું જવાબ દેતો નથી.' ત્યારે સ્વામી કહે, 'આજ આવે ત્યારે પૂછી જોજ્યો કોણ છે ?' પછી રાત્રી પડી ત્યારે તે દેવ આવીને બોલાવવા મંડ્યો ત્યારે વિજ્ઞાનદાસજી બોલ્યા જે, 'તું કોણ છો જે છ મહીના થયા મારી કેડે પડ્યો છે?' ત્યારે તે દેવ બોલ્યો જે, 'ભા ! હું તારો મામો છું.' સ્વામી કહે, 'મારો મામો કેવો ?' ત્યારે તેણે કહ્યું જે, 'મેં તારા સાધુ જાણીને બે રોટલા આપ્યા હતા તે પુન્યે કરીને હું દેવલોકમાં ગયો છું. માટે મને ભગવાન મેળવ્ય અને અક્ષરધામમાં મોકલ્ય.' ત્યારે વિજ્ઞાનદાસજી કહે, 'જા કાલે આવજો.' પછી વિજ્ઞાનદાસજીએ સવારે તે વાત સ્વામીને કરી ત્યારે કહે આજ નીચે બોલાવીને વર્તમાન ધરાવીને અક્ષરધામમાં મોકલજો અને પછી જ્યારે રાત પડી ત્યારે તે દેવ વિજ્ઞાનદાસજીને બોલાવવા મંડ્યો. ત્યારે વિજ્ઞાનદાસજી કહે, 'આવ્ય હેઠો.' પછી તે વિમાન હેઠું લઈને આવ્યો અને વિજ્ઞાનદાસજીએ તેને વર્તમાન ધરાવીને અક્ષરધામમાં મોકલ્યો. એમ પ્રત્યક્ષના સંતને જમાડ્યાનું પુન્ય છે. ॥૬૩૩॥

એક સમે **ગોપાળાનંદસ્વામી** બોટાદથી ચાલ્યા અને રસ્તે જતાં એક સાધુએ કહ્યું જે, 'સ્વામી ! તમે વરસાદ ઘણી જગ્યાએ કર્યો છે તે વાત સાચી છે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'વરસાદ તો ભગવાનનો કર્યો થાય છે કાંઈ આપણો કર્યો થાતો નથી.' એમ સ્વામીએ કહ્યું ત્યાં તો આકાશમાંથી વરસાદ વરસવા મંડ્યો અને સાધુ પલળવા મંડ્યા. ત્યારે સર્વે સાધુએ સ્વામીને હાથ જોડીને કહ્યું જે, 'સ્વામી ! અમારી પૂજા તથા પુસ્તક પલળી જાશે અને મીણીયા પણ બાંધ્યા નથી માટે વરસાદ બંધ થાય તો સારુ.' ત્યારે

સ્વામી બોલ્યા જે, 'આ ઋતુ વિનાનો વરસાદ ઝાઝો વરસે નહીં એ તો હમણાં રહી જાશે.' એમ સ્વામીએ કહ્યું કે તરત વરસાદ બંધ થઈ ગયો. ॥૬૩૪॥

એક સમયને વિષે સ્વામી **બોટાદ**માં હતા. ત્યાં બીરંજની રસોઈ હતી અને સંતની પંક્તિ જમવા માટે ચોકમાં કરી હતી. તે સમે વરસાદ મોટે ફોરે વરસવા મંડ્યો. અને સાધુ સૌએ સ્વામીની પ્રાર્થના કરી જે, 'સ્વામી ! જમવા માટે પંક્તિ થઈ છે અને વરસાદ મોટે ફોરે આવે છે તે જમવાનું સુખ આવશે નહીં.' પછી સ્વામીએ ચોક વચ્ચે ઉભા રહીને હાથમાં પોતાની લાકડીનો ટેકો દઈને આકાશ સામી દૃષ્ટિ કરી અને બોલ્યા જે, 'હમણા રહે, સંતને જમી રહેવા દે.' એટલે વરસાદ બંધ થઈ ગયો તે સમે ગામ નાગલપુરના પટેલ માવજી તથા પટેલ બહેચર બેય જણા સ્વામીને દર્શને આવ્યા હતા. તેમને સ્વામીએ કહ્યું જે, 'તમે ચાલવા માંડો નીકર ઘરે નહીં પહોંચો.' પછી સ્વામીને પગે લાગીને તે ચાલ્યા. તે નાગરલપુરને સીમાડે પહોંચ્યા ત્યાં તો અપરંપાર વરસાદ પડવા મંડ્યો અને પોતાને ઘરે માંડ માંડ પહોંચ્યા. ॥૬૩૫॥

એક સમે સ્વામી **બોટાદ**માં હતા અને પોતે પૂજા કરીને ઠાકોરજીને તથા સંતને દર્શને નીકળ્યા હતા. તે સમે **શિવલાલભાઈ** પૂજા કરીને સ્વામીને દર્શને ગયા. ત્યારે સ્વામીએ પૂછ્યું જે, 'શિવલાલ ! તમે શું કરતા હતા ?' ત્યારે શિવલાલભાઈ કહે, 'સ્વામી ! તમે આવ્યા ત્યારે હું પૂજા કરતો હતો.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'મેં તો તારી પાસે કાંઈ મહારાજને દેખ્યા નહીં.' ત્યારે શિવલાલભાઈ કહે, 'સ્વામી ! તમે દર્શને નીકળેલા ત્યારે હું પૂજા કરતો હતો અને ના કેમ પાડો છો ?' ત્યારે સ્વામીએ કહ્યું, 'શી રીતે પૂજા કરો છો ?' ત્યારે શિવલાલભાઈ કહે, 'મૂર્તિયો પધરાવીને માળા ફેરવું છું.' ત્યારે સ્વામીયે કહ્યું જે, 'આવાહન તથા વિસર્જન કાંઈ કરો છો કે નહીં ?' ત્યારે શિવલાલભાઈ કહે, 'તે તો મને આવડતું નથી.' પછી સ્વામીએ આવાહન તથા વિસર્જનના શ્લોક શિખવ્યા. ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ગોવિંદ, ઉત્તિષ્ઠ ગરુડધ્વજ ઉત્તિષ્ઠ કમલાકાંત ત્રૈલોક્યે મંકમં કુરુ ॥૧॥ આગચ્છ ભગવન્ દેવ સ્વસ્થાનાત્ પરમેશ્વર અહં પૂજાં કરિષ્યામિ સદાત્વંસન્મુખો ભવ ॥૨॥ વિસર્જન-સ્વસ્થાનંગચ્છ દેવેશ પૂજામાદાય મામકમ્ । ઈષ્ટકામપ્રસિદ્ધયર્થં પુનરાગમનાય ચ ॥ ૧ ॥૬૩૬॥

એક વખત સ્વામી **બોટાદ**માં બેઠા હતા અને ત્યાગી તથા હરિજનોની આગળ સ્વામી બોલ્યા જે, 'કોના ઉદ્યમમાં પાપ નહીં ?' ત્યારે સૌએ કહ્યું જે, 'ખેડુના ઉદ્યમમાં પાપ તથા વેપારીના ઉદ્યમમાં પાપ તથા ભાવસારના ઉદ્યમમાં પાપ પણ દરજીના ઉદ્યમમાં પાપ નહીં. કેમકે તેની સોયથી કાંઈ હિંસા થાય નહીં.' ત્યારે સ્વામી કહે,

'સૌ સાંભળો, જે દરજીના જેવું તો કોઈના ઉદ્યમમાં પાપ જ નથી. કેમકે તે જ્યાંથી સ્ત્રી પુરુષના લુગડાનું પરમાણું લે ત્યારથી તેના ગુહ્ય અંગનું ધ્યાન થાય. માટે દરજીના જેવો તો બીજો કોઈ નીચ ધંધો જ નથી !' તે સમે ત્યાંના દરજી **નારણભાઈ** તથા દરજી **બોઘા ભગત** બેઠા હતા. તેમણે સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! અમારે તેમના શરીરે અડીને માપ ન લેવું અને તેના વસ્ત્ર પ્રમાણે વસ્ત્ર કરી આપવું.' એમ એ બેય જણાએ સ્વામી આગળ નિયમ લીધાં તે જીવંત પર્યંત રાખ્યું. ॥૬૩૭॥

એક સમે સ્વામી **બોટાદ**માં સભા કરીને બેઠા હતા અને સ્વામીએ વાત કરી જે, 'ગરીબ કોણ ?' ત્યારે સૌએ પોતપોતાની સમજણ પ્રમાણે કહ્યું જે, 'અન્ન વસ્ત્ર જેને ન મળે તે ગરીબ કહેવાય.' વળી કોઈકે કહ્યું જે, 'જેને કોઈનો આધાર ન હોય તે પણ ગરીબ કહેવાય.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'તે તો પૂર્વના પાપનાં ફળ ભોગવવાં છે તે ગરીબ ન કહેવાય પણ ખરો ગરીબ કોણ ? જે સમર્થ થકો જરણા કરે તે ખરો ગરીબ કહેવાય.' તે ઉપર સ્વામીએ વાત કરી જે, એક શહેરને પાદર નદીમાં શંકર તથા પાર્વતી એ બેય જણા બેઠાં હતાં. તે સમે એક કઠીયારો લાકડાનો ભારો લઈને નીસર્યો ત્યારે સતીએ કહ્યું જે, 'હે ઈશ ! આ બિચારો ગરીબ છે તેને કાંઈક આપો.' શંકર કહે, 'આ ગરીબ નથી.' સતી કહે, 'આથી ગરીબ કોને જાણવો ? પહેરવા વસ્ત્ર નથી. લાકડાં બાંધવાને દોરડું નથી.' પછી શંકરે તેની પરીક્ષા લેવાને માટે શંકરે પડખે જઈને ભારામાંથી એક જરડું તાણ્યું. તે જોઈ તે કઠીયારે શંકરને કેટલીક અપશબ્દની ગાળ્યો દીધી ત્યારે શંકરે સતીને કહ્યું જે, 'જુવો, આ ગરીબ છે ?' ત્યારે સતી કહે, 'ના. ના.' તે સમયે શહેરમાંથી કોઈક ધનાઢ્ય શેઠીયો પાલખીમાં બેસીને નીસર્યો અને સાથે સો બસો માણસ હતાં તે સમે શંકરે સતીને કહ્યું જે, 'હે સતી ! આ શેઠીયો પાલખીમાં બેસીને નીસર્યો તે જો ગરીબ છે.' તે સમે સતી કહે આટલાં માણસ જેની સેવામાં છે તે ગરીબ કેમ કહેવાય ?' પછી શંકરે પડખે ચડીને એક પથ્થર તેની પાલખીને માર્યો. તે જોઈ શેઠીયો તત્કાલ પાલખીમાંથી નીચે ઉતરી પડ્યો અને શંકરના પગમાં પડ્યો અને શંકરને કહ્યું જે, 'હે મહારાજ હું મહા દેહાભિમાની છું અને તમે મહાત્મા પુરૂષ ચાલ્યા આવો છો ! તેની મને ખબર ન રહી માટે તમે બન્ને જણ પાલખીમાં બેસો અને હું તમારી પાલખી ઉપાડું.' પછી શંકરે સતીને કહ્યું જે, 'દેખ, આ ગરીબ ! કેમકે તે અત્યારે આજ્ઞા કરે તો આ બધાંય માણસ આપણને ચુંથી નાંખે પણ સમર્થ છે છતાં નિર્માની છે.' અને શંકરને તેણે કહ્યું જે મારો અપરાધ માફ કરજો. ॥૬૩૮॥

એક સમે સ્વામીએ બોટાદમાં વાત કરી જે, ''લાલજીની સેવામાં રહે તેને આવી

રીતે પુન્ય છે.' તે ઉપર બે શેઠીયાની સ્વામીએ વાત કરી જે, 'એક શહેરમાં બે શેઠીયા લાલજીની પૂજા કરતા હતા અને બેઉ કરોડોપતિ હતા. પોતે બન્ને જણ જાતે લાલજીની સેવા કરતા. સેવામાં એક શેઠને ઘરે તેના સાસરાના પક્ષના સૌ આવ્યાં અને થોડા દિવસ સૌ ત્યાં રહ્યાં પછી શેઠાણીની માએ શેઠાણીને કહ્યું જે, 'તને ઘણી મોટે ઠેકાણે આપી પણ ત્યારે કોઈ દિવસ સારુ લુગડું પહેરવું નહીં સારાં ઘરેણાં પહેરવાં નહીં ! અને તું અને શેઠ બન્ને લાલજી લાલજી લાલજીને લાલજી કર્યા કરો છો અને આ બીજી દીકરી સાધારણને ઘરે આપી છે તે કેવાં સારાં સારાં દાગીના અને વસ્ત્ર પહેરીને કેવી મજા કરે છે ? અને તું તો દીને રાત સોળામાં ને સોળામાં રહે છે.' એમ નિરંતર તેના સંબંધીઓ કહ્યા કરતા હતા. તેથી બાઈના મનમાં તેની થોડી ઘણી અસર થઈ જે, 'મારી મા તથા મારી બહેન ઠીક કહે છે.' પછી તે સૌ ઘરે ગયાં. કેડે શેઠાણીએ એક દિવસ શેઠને કહ્યું જે, 'આપણે બન્ને જણા દિવસ અને રાત લાલજી લાલજી ને લાલજી કર્યા કરીએ છીએ પણ કાંઈ હાંણ્યા માણ્યાં નહીં. ત્યારે આપણું દ્રવ્ય શા કામનું ?' ત્યારે શેઠે જાણ્યું જે, 'આના માવતર આને શબ્દ ઘાલી ગયાં.' પછી શેઠે કહ્યું જે, 'આમાં તારૂં ને મારૂં રળેલું કાંઈ નથી. આ તો મારા બાપ દાદાનું રળેલું છે.' બાઈ કહે કે, 'હું શું રળવા જાઉં ? દાડીયું કરવા જાઉં ?' શેઠ કહે, 'ના, આપણા લાલજીનું સોનાનું બેડું છે. તે પાણીનું ભરીને સામા શેઠ લાલજીની પૂજા કરે છે તેને ઘરે આપી આવો અને તેના પૈસા બે પૈસા જે આપે તે લઈ આવો.' પછી શેઠાણી પાણીનું બેડું ભરીને સામા શેઠને ઘરે ગયાં. તે સમે શેઠ લાલજીને નવરાવતા હતા તે જોઈ શેઠ તત્કાળ ઉભા થયા અને શેઠાણીને કહ્યું જે, 'અહોહો ! તમે શેઠાણી કેવાં ?' ત્યારે શેઠાણી કહે, 'આ પાણીનું બેડું ઠલવી લ્યો અને તેની કિંમત થાય તે પૈસા મને આપો.' ત્યારે શેઠ બોલ્યા જે, 'તમે મારા લાલજીને વાસ્તે પાણીનું બેડું લાવ્યાં તેનું મૂલ્ય તો મારાથી થાયજ નહીં અને આ મારી ઘર વખરી છે તે સવારથી તે સાંજ સુધી તમારાં જેટલાં માણસો છે તે બધાય આવીને લઈ જાય તો પણ તમે મારા લાલજીના વાસ્તે પાણીનું બેડું લાવ્યાં તેનું મૂલ્ય મારાથી થાય નહીં.' ત્યારે શેઠાણી બોલ્યા જે, 'મારું બેડું નવરૂ કરી આપો અને એવા ઠીકરાં તો મારે ત્યાં ઘણાંય ભર્યા છે.' પછી શેઠે બેડું ખાલી કરીને પાછું આપ્યું. તે લઈને શેઠાણી ઘરે આવ્યાં અને શેઠે ચાર સોની તૈયાર કરી રાખ્યા હતા. પછી શેઠે કહ્યું જે, 'કાં શું આપ્યું ?' રૂપિયો બે રૂપિયા જે આપ્યા હોય તે લાવો.' શેઠાણી કહે, 'શું રૂપિયો બે રૂપિયા તે તો કહે આ મારી બધી ઘરવખરી છે તે લુંટાવી દ્યો પણ તમે મારા લાલજીને વાસ્તે પાણીનું બેડું લાવ્યાં તેનું મૂલ્ય મારાથી થાય નહીં માટે મારે તો કાંઈ જોતું નથી અને મારે તો લાલજીની સેવા કરવી છે. તે

સાંભળીને સોનીને રજા આપી તે સૌ ઘરે ગયા અને શેઠાણી પ્રથમની પેઠે લાલજીની સેવા કરવા વળગી ગયા એમ બોલ્યા જે, 'લાલજીને પાણીનું બેડું પીવા માટે લાવી આપે તેને આટલું પુન્ય થાય છે.' ॥૬૩૯॥

એક સમે સ્વામી ગઢપુરમાં હતા અને ગામ કુંડલાના હરિજન રાઠોડ સ્વામીને દર્શને આવ્યા અને તેમની સાથે **કરશન** કરીને એક વાણિયા હતા. તે નવા સત્સંગી થયા હતા. તે પણ સ્વામીને દર્શને આવ્યા હતા. અને સ્વામી પોતાને આસને મંદિર સામે બીજા ઓરડામાં વિરાજમાન હતા. ત્યાં સૌ આવીને દંડવત કરીને પગે લાગ્યા. પછી સ્વામીયે હરિજનોને પૂછ્યું જે, 'આ કોણ છે ? 'ત્યારે સૌએ કહ્યું જે, 'સ્વામી ! આ વાણિયો નવો હરિભગત થયો છે પણ તેને નાંતની ઉપાધિ બહુ છે.' પછી સ્વામીએ તે કરશનભાઈ પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું જે, 'કરશન ! તું મને મોટો જાણે છે કે નાતને ?' ત્યારે કરશનભાઈ કહે, 'સ્વામી ! તમે મોટા.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'જા નાતમાં તું જ મનાઈશ અને ગામમાં પણ તું જ મનાઈશ અને કાલી રાત તે શું તને કરનારી છે ?' પછી સ્વામીનો આશીર્વાદ લઈને તે ઘરે ગયા. ॥૬૪૦॥

અને **કરશનભાઈ** ગઢપુરથી ઘરે ગયા ત્યારે તેમના સસરા તથા સાસુ સૌ કરશનભાઈને ઘરે આવ્યાં અને કહ્યું જે, 'તમે તમારે ઘરે ને અમે અમારે ઘરે. આજથી તમારે ને અમારે વહેવાર નહીં.' તે વખતે સૌ નાત મળીને એકડા કર્યા હતા જે, 'કરશનની દુકાનેથી કોઈએ કાંઈ માલ લેવો નહીં.' તે કંદોઈનો ધંધો કરતા હતા. પછી કરશનભાઈએ તેના સસરાને કહ્યું જે, 'હજી તો મારા એકડા કર્યા છે. પણ મને કાંઈ નાત બહારચ્ચ મૂક્યો છે?' મને જ્યારે નાત બારો મૂકે ત્યારે સગપણ કર્યાનાં મેં રૂપિયા આપ્યા છે. તે પાછા આપ આપી જજો.' અને કરશનભાઈને સ્વામીનો આર્શીવાદ હતો. તેથી ફરતા ગામના લોકો તેની દુકાનેથી માલ લેતા અને સાંજ વખતે પોતે ભજીયાં તથા ગાંઠીયા લઈને હરિજનોમાં વેચવા નીસરતા એટલે પોતાનો વ્યવહાર સુખેથી ચાલતો હતો. ॥૬૪૧॥

અને તેવા સમામાં ગામ **કુંડલા**નો નગરશેઠ હતો. તેને ત્યાં કોઈક વૃદ્ધ માણસ મરી ગયું એટલે શેઠે વિચાર્યું કે, 'આપણે સાત વાનાનાં પકવાન્ન કરીને આપણે નાતને જમાડવી.' પછી સૌ કંદોઈને ભેગા કર્યા અને કહ્યું જે, 'અમારે ડોશીનું ખરચ કરવું છે તે શું ભાવ લેશો ?' પછી સૌ કંદોઈ એક મત થઈને બોલ્યા જે, 'એક મણ ભારે અમુક પૈસા લેશું.'' ત્યારે શેઠે કહ્યું જે, 'મારે આટલું આપવું નથી.' ત્યારે કંદોઈ કહે, 'અમારે તમને માલ પણ કરી દેવો નથી.' પછી તે શેઠે કરશનભાઈને બોલાવીને કહ્યું જે,

'કરશન ! તને જલેબી તથા સાટા વિગેરે સાતે પકવાન્ન આવડે છે ?' ત્યારે કરશનભાઈ કહે, 'હા, કાકા ! મને આવડે છે તો ખરું ! પણ મારા ઘરમાં તેવા વાસણની તંગાસ છે. માટે મને તેવાં પુરતાં વાસણ તથા મદદગાર સારાં ચાર માણસ આપે તો હું તમને પુરતો માલ બનાવી આપું. મારે કાંઈ કિંમત જોતી નથી.' તે સાંભળી તે શેઠે જોઈએ તેવા વાસણો તથા માણસો સહાયતામાં આપ્યાં અને સમગ્ર માલ તૈયાર કરી આપ્યો અને તેરમાને દિવસે શેઠ નાત જમવાને માટે બોલાવી તે વખતે કરશનભાઈ ઉનાં ઉનાં ભજીયાં લઈ પંગતમાં પીરસવા લાગ્યા. તે જોઈ કેટલાક લોકો હોકારો કરી ઉઠ્યા અને શેઠને કહ્યું જે, 'શેઠ ! આ કરશન કેમ પંગતીમાં આંટા મારે છે ?' ત્યારે શેઠે કહ્યું જે, 'આ તમામ માલ કરશનનો જ કરેલો છે. માટે જમવું હોય તો સુખેથી જમો અને કરશન તો મારા દીકરા તુલ્ય છે.' તે સાંભળી સૌ મુન્ચ બેસી રહ્યા અને સ્વામીની કૃપાદષ્ટિથી કરશનભાઈનો વહેવાર પણ ઘણો વૃદ્ધિ પામ્યો અને નાતમાં તથા ગામમાં તેનું ઘણું માન વધ્યું. તે સદ્‌ગુરુ સ્વામી ગોપાળાનંદજીના પ્રતાપથી થયું. ॥૬૪૨॥

અને **કરશનભાઈ**એ જ્યારે સત્સંગ કર્યો ત્યારે તેમના સંબંધીઓએ કોર્ટમાં ફરીયાદ કરી ને જેલમાં બેસાર્યા અને બે દિવસ સુધી કરશનભાઈને અન્ન જળ કાંઈ લેવા દીધું નહીં અને નાતનો એવો આગ્રહ હતો કે, 'કંઠી તોડ્યા પછી ત્યાંથી ઉઠાડવો.' અને કરશનભાઈએ એવી ટેક લીધી જે, 'નાહીને પૂજા કર્યા પછી અન્નજળ લેવું.' એમ કરતાં કરતાં ત્રણ દિવસ ઉપવાસ થયા. તે સમે ગામ ચાનગઢથી લવજીમહારાજ તથા આણંદજીમહારાજ તે કોર્ટમાં કાંઈ કામ પ્રસંગે ગયા હતા. તેણે કરશનભાઈને ભાળીને બધી હકીકત પૂછી. પછી લવજીમહારાજે ન્યાયાધીશને કહ્યું જે, 'આ છોકરાને ત્રણ ઉપવાસ થયા છે અને તેનો દેહ પડી જશે તો તેનો તમે જવાબ દેશો કે નાત જવાબ દેશે ? કેમકે તે તેના ઈષ્ટદેવના દર્શન કર્યા વગર અન્ન જળ લે તેમ નથી.' તે સાંભળીને ન્યાયાધીશે રાજીનામું લઈને તેને ઉઠાડી મૂક્યા. ॥૬૪૩॥

એક સમે **ગોપાળાનંદસ્વામી** ગઢપુરમાં વિરાજમાન હતા. અને લખુ કંદોઈના દીકરા કલ્યાણભાઈ સ્વામીને દર્શને આવ્યા. તે વખતે **કલ્યાણભાઈ**ના લગ્ન કર્યાં હતાં. તેથી નવાં વસ્ત્ર પહેરેલાં હતાં તે આવીને સ્વામીને પગે લાગીને પાસે બેઠા. પછી ગઢપુરના સાધુ તથા હરિજનોએ સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! આ કલ્યાણભાઈ બહુ જ સારા સત્સંગી છે.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તેને હેત કોની સાથે છે ?' ત્યારે સૌ બોલ્યા જે, 'કરશનજી દવેની સાથે હેત છે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'કરશનજીને કેની સાથે હેત છે ?' ત્યારે સૌએ કહ્યું જે, 'કરશનજીને તો વિધાત્રાનંદસ્વામી સાથે હેત છે.'

ત્યારે સ્વામી બોલ્યા જે, 'ત્યારે તો કલ્યાણ સારો હશે !' એમ પ્રનાળીકા જોઈને સ્વામી રાજી થયા. ॥૬૪૪॥

અને ગઢપુરમાં દાદાખાચરના દીકરા **અમરોખાચર** તેમને સ્વામીને દર્શને લાવ્યા. તેમના સામી સ્વામીએ દૃષ્ટિ માંડીને જોયું અને બોલ્યા જે–"આ તો સાક્ષાત્ અંબરીશ ફરી આવ્યા છે." એમ સ્વામીએ તેના સામી સારી રીતે દૃષ્ટિ માંડીને કહ્યું હતું. પછી સ્વામીના આશીર્વાદથી તેમણે પણ અંબરીષ રાજાના જેવું જ દેવસંબંધી કાર્ય કર્યું છે. ॥૬૪૫॥

અને સ્વામી ગઢપુરમાં હતા અને **કલ્યાણ કંદોઈ** સ્વામીને દર્શને આવ્યા અને દંડવત કરીને પગે લાગ્યા. પછી સ્વામીએ કલ્યાણભાઈની આંખ્ય ઉઘાડીને જોઈ અને બોલ્યા જે, 'ઓળખ્યો, ઓળખ્યો.' એમ કહીને બોલ્યા જે, 'આ જીવ બહુ બળીયો થાશે'. પછી તે સ્વામીના પ્રતાપથી એકાંતિક ભક્ત થયા. ॥૬૪૬॥

ગઢપુરમાં **હરજી ઠકર** છાના અફીણનો વેપાર કરતા હતા. પછી તેમના પિત્રાઈ પ્રેમજી ઠકર તેણે સરકારમાં અરજી કરી જે, 'હરજી ઠકકર અફીણનો છાનો વેપાર કરે છે.' પછી તેના ઉપર વારંટ આવ્યું. અને દિવસે હરજી ઠકર સુતા હતા ત્યાં ગોપાળાનંદસ્વામીએ દિવ્ય સ્વરૂપે આવીને દર્શન દીધાં અને કહ્યું જે, 'શું સુતો છે ? તારા પિત્રાઈએ સરકારમાં અરજી કરી છે તે તારા ઉપર વારંટ આવશે માટે અફીણને આઘું પાછું સંતાડી દે.' પછી હરજી ઠકકરે તે અફીણ બીજા ઘરમાં છાણાંના મોઢવામાં સંતાડી દીધું. પછી વારંટવાળા આવ્યા તેમણે ઘર તપાસ્યું તો પણ કાંઈ પતો લાગ્યો નહીં એમ સ્વામીએ હરજી ઠકરની રક્ષા કરી. ॥૬૪૭॥

**ગઢપુર**માં એક સંતને મહારોગ થયો હતો. તેણે કરીને તેનું આખું શરીર મહાદુર્ગંધીમય થઈ ગયું હતું અને રઘુવીરજીમહારાજ ઉને પધારતા હતા અને સાથે બધા સદ્‌ગુરુઓ પણ હતા. તેઓ સૌ ગઢપુર રાત રહ્યા અને રોગવાળા સંતને ખબર પડી જે, 'ગોપાળાનંદસ્વામી પણ પધાર્યા છે.' પછી તેણે પોતાના સેવકને સ્વામી પાસે મોકલ્યા અને કહ્યું જે, 'સ્વામીને કહેજે જે મારો દેહ ત્યાગ કરાવીને પછી જાય નહીં તો હું આત્મઘાત કરીને દેહ પાડીશ.' પછી તે પ્રમાણે તેના સેવકે સ્વામી પાસે વાત કરી ત્યારે સ્વામી કહે, 'ત્રણ વરસ રહો.' સાધુ કહે,'એક દિવસ પણ પીડાએ કરીને કલ્પ જેવો જાય છે.' ત્યારે સ્વામી કહે, 'છ મહીના રહો તો તમારી કસર માત્ર ટળી જાય.' પણ સંતે હઠ ઝાલ્યો જે, 'એક ઘડી પણ મારાથી આ દેહમાં રહેવાય તેવું નથી અને મારો ખાટલો દરવાજા વચ્ચે નાંખીશ.' પછી સ્વામીએ રઘુવીરજી મહારાજને રવાના

કરીને પોતે પાછળ રહ્યા અને તે સાધુનો દેહ ત્યાગ કરાવ્યો. પછી સ્વામી સભા કરીને બોલ્યા જે 'આને ત્રણ જન્મ લેવા પડશે કેમકે ત્રણ જન્મની કસર ત્રણ દિવસમાં જાત.' એમ સ્વામીએ સૌ સાંભળતાં વાત કરી. ॥૬૪૮॥

**ગઢપુર**માં શ્રીજીમહારાજે સંવત્ ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ને દિવસ સ્વામીને અક્ષરઓરડીમાં બોલાવ્યા અને શ્રીજીમહારાજે સ્વામીને પૂછ્યું જે, 'કેમ સ્વામી !'' ત્યારે સ્વામી કહે, 'મહારાજ ! જેમ તમારી ઈચ્છા, અમારાં પ્રારબ્ધ અમારી પાસે.'' પછી મહારાજ કહે ,''આ બહુ મોટા સાધુ છે અને અક્ષરધામમાં પણ સૌને પુરુષોત્તમનો મહિમા કહે છે. એકરૂપે કરીને સૌને ધરી રહ્યા છે અને બન્ને આચાર્યોને બોલાવીને કહ્યું જે આ બેય આચાર્યના કાંડાં તમને ભળે છે અને મુક્તાનંદસ્વામી આદિક સંતને બોલાવ્યા તથા મુળજી બ્રહ્મચારી આદિક બ્રહ્મચારીને બોલાવ્યા અને ભગુજી આદિક પાર્ષદને બોલાવ્યા અને કહ્યું જે, 'તમે સૌ ગોપાળાનંદસ્વામી કહે તેમ કરજો.' એમ શ્રીજીમહારાજે ધામમાં પધારતી વખતે આખા સત્સંગની સોંપણી ગોપાળાનંદસ્વામીને કરી હતી. પછી શ્રીજીમહારાજ દર્ભ પથરાવીને તે ઉપર વીર આસને વિરાજમાન થયા અને મહારાજ બોલ્યા જે, ''જય સચ્ચિદાનંદ !'' એમ કહીને પોતે ધામમાં પધાર્યા અને બન્ને આચાર્યે શ્રીજીમહારાજને ભોંય ઉપર ઝાલી રાખીને સુવાર્યા. ॥૬૪૯॥

એક વખત **ગોપાળાનંદસ્વામી ઉમરેઠ**માં હતા અને પોતાને શરીરે જ્વર આવ્યો હતો. પછી રઘુવીરજીમહારાજને સ્વામીએ કહ્યું જે, 'આપણે સર્વે વડતાલ ચાલો.' પછી બીજે દિવસ સૌ વડતાલ આવ્યા અને ત્યાં એક દિવસ રહ્યા. તે કેડે સ્વામીએ કહ્યુ જે, 'સર્વે જમી આવો.' પછી સૌ જમીને આવ્યા અને સ્વામી પાસે સૌ બેઠા. પછી સ્વામીને મહારાજના અલૌકિક દર્શન થયાં. તે સમયમાં હજારો શ્રુતિઓ બોલીને સ્વામીએ ઘણીક શ્રીજીમહારાજની સ્તુતિ કરી અને અક્ષરધામમાં પધાર્યા. ॥૬૫૦॥

અને સ્વામી **વડોદરા** પધાર્યા હતા ને મેરાવભાઈના ભાઈ **રાવસાહેબ ગોપાળજી**ને નિંદ્રા ન આવતી અને કાંઈ ખવાય નહીં એવો મહારોગ હતો તે કોઈ ઉપાયે મટ્યો નહીં. તેને ગોપાળાનંદસ્વામીએ કૃપાદષ્ટિયે કરીને ટાળ્યો અને તેમને સુખિયા કર્યા એવો મોટાના રાજીપાનો પ્રતાપ છે. ॥૬૫૧॥

**સુરત**માં કોઈક પારસી સદ્‌ગૃહસ્થ હતો. તેને વૃદ્ધાવસ્થામાં એક પુત્ર થયો હતો. તે છોકરાને જીભ સારી હતી પણ કાંઈ બોલતાં આવડ્યું નહીં. પછી તે પારસીએ ઘણાક ઉપાય કર્યા પણ કાંઈ ફેર પડ્યો નહીં. પછી કોઈક હરિજન સત્સંગી તે પારસીને

મળ્યા. તેણે કહ્યું જે, 'અમારામાં ગોપાળાનંદસ્વામી છે તે બહુ પ્રતાપી છે તેમને મળો.' પછી તે પારસી પોતાના પુત્રને લઈને વડતાલ આવ્યો. તે સમે સ્વામી પૂજા કરતા હતા. પછી તે પારસી અતિશય વિનય કરીને સ્વામીના પગમાં પડ્યો અને છોકરાને પણ પગે લગાડ્યો પછી સ્વામીની સમીપે બેઠા. પછી સ્વામીએ તેના અંતરની જાણીને ઠાકોરજીને અરધું કેળું ધર્યું હતું તે પારસીના છોકરાને આપ્યું ત્યારે તે પારસી બોલ્યો જે, 'બચ્ચા જમી જા.' એટલે તે છોકરો તે કેળું જમીને તરત બોલ્યો જે, 'જય સ્વામિનારાયણ.' પછી તે પારસી બહુ જ રાજી થયો અને સ્વામીની તથા ઠાકોરજીની ઘણીક સેવા કરીને પોતો ઘરે ગયો અને પોતાના મનમાં એમ થયું જે, 'આ ગોપાળાનંદસ્વામી પણ સાક્ષાત્ ભગવાન છે.' એમ સ્વામીને વિષે પારસીના મનમાં ભગવાનપણાનો નિશ્ચય થયો. ॥૬૫૨॥

**વડતાલમાં ગોપાળાનંદસ્વામી** સભામાં બેઠા હતા પછી અંતર્યામીપણે ખંભાતના હરિજન સદાશિવભાઈને સ્વામીએ કહ્યું જે, 'તમારી હવેલી બળી જાય તો તમને કાંઈ ખરખરો થાય ?' ત્યારે સદાશિવ બોલ્યા જે, 'ના, સ્વામી ! મનમાં કાંઈ ખરખરો થાય નહીં કેમકે તમારે યોગે કરીને સાંખ્ય વિચારથી બધુ ખોટું કરી નાખ્યું છે જે દિવસે તેમની હવેલી બળી હતી તે દિવસે તેને સ્વામીયે વાત કરી હતી ને પછી બીજે દિવસે સવારમાં ખંભાતથી મનુષ્ય કાગળ લઈને આવ્યું અને કાગળ વાંચીને બોલ્યા જે,'સ્વામીએ આગળ થી જ હવેલી બાળી મૂકી છે નહીં તો અત્યારે હવેલી સાથે હું પણ મરત, માટે મોટાનો સમાગમ તે જીવને બંધન તોડાવે તેવો છે. ॥૬૫૩॥

**ગોપાળાનંદસ્વામી** ગાડીમાં બેસીને કોઈક ગામ જતા હતા અને બીજા સાધુ ભેળા ચાલ્યા આવતા હતા તે સમે વરસાદ વરસવા મંડ્યો. તે ગાડી ઉપર જળનું ફોરું ન પડે અને બીજા સાધુ સૌ પલળી ગયા. તે જોઈને સૌને ઘણું આશ્ચર્ય થયું એજ મોટાનો પ્રતાપ કહેવાય. ॥૬૫૪॥

અને કોઈ સમે ગોપાળાનંદસ્વામી ભેળા **ભગવદાનંદસ્વામી** હતા. તે એક ગામથી બીજે ગામ જવા સારુ તૈયાર થયા ત્યારે ગોપાળાનંદસ્વામીએ પુરુષાનંદસ્વામીને કહ્યું જે, 'આપણા પુસ્તકને મીણીયાં બાંધજો.' ત્યારે ભગવદાનંદસ્વામી બોલ્યા જે, 'સ્વામી ! વરસાદ પણ નથી અને વાદળાં પણ નથી અને પુસ્તકે મીણીયાં કેમ બંધાવો છો ?' એમ કહીને તેઓ હસ્યા. તો પણ સ્વામીએ મીણીયાં બંધાવ્યાં અને ભગવદાનંદસ્વામીએ ન બાંધ્યા અને ચાલ્યા. પછી વાટમાં વરસાદ થયો. તે ગોપાળાનંદસ્વામીના પુસ્તક ન પલળ્યાં અને ભગવદાનંદસ્વામીના પુસ્તક પલળી ગયાં. તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા.

॥૬૫૫॥

એક સમયને વિષે **ગોપાળાનંદસ્વામી ઉમરેઠ**માં હતા અને ત્યાંના અમલદારે મંદિરના પગથીયાં ખોદી નાંખવાનો હુકમ કર્યો ત્યારે સ્વામીએ ના પાડી એટલે માણસો પાછાં ગયાં. વળી અમલદારે હુકમ કર્યો કે, 'ના પાડનારને આંહીં બોલાવો.' એમ કહીને એક સીપાઈ મોકલ્યો તોપણ સ્વામી ન ગયા. પછી બે સીપાઈને મોકલ્યા તો પણ ન ગયા. પછી એમ હુકમ કર્યો જે, 'ના પાડનારને બાંધીને આંહીંયાં લાવો.' એમ કહીને પાંચ સિપાઈ મોકલ્યા ત્યારે સ્વામી તેની સાથે ત્યાં ગયા. તે સ્વામીને જોઈને અમલદાર ગાદીયેથી ઉઠીને સંતાઈ ગયો. પછી સારા સારા લોકોએ સ્વામીને વિનય કરીને પાછા મંદિરમાં તેડી લાવ્યા. પછી બીજે દિવસે ખેડેથી સાહેબનો હુકમ આવ્યો જે, 'એ અમલદારને કેદ કરીને અહીં લાવો.' પછી તેવી રીતે કેદ કરીને તે અમલદારને ખેડે લઈ ગયા અને તેની કલમ કાપી નાંખી અને તેનાં ઘરનાં માણસો બધાં નાશ પામી ગયા. એમ મોટાના અપરાધથી જીવને કેવું દુઃખ થાય છે ને બેય લોક બગડે છે. માટે ડાહ્યા માણસોએ વિચારીને કામ કરવું. ॥૬૫૬॥

અને **ગઢપુર**માં એક વાણિયાને ભૂત વળગ્યું હતું અને **ગોપાળાનંદસ્વામી** ગઢપુર પધાર્યા હતા પછી તે વાણિયાને સ્વામી પાસે લાવ્યા. પછી સ્વામીએ તેનામાંથી ભૂત કાઢ્યું અને નિયમ ધરાવ્યાં ને પછી એ સાધુ થયો અને તેને સમાધિ થાતી હતી પણ જ્ઞાન વિના સત્સંગમાંથી પાછો ઘરે ગયો. માટે જ્ઞાન છે તે મોટી વાત છે. ॥૬૫૭॥

સ્વામી પ્રથમ ઘરે હતા ત્યારે **ખુશાલભટ્ટ** એવું તેમનું નામ હતું. તેમનો જન્મ સંવત્ ૧૮૩૭ ના મહા સુદ ૮ સોમવારના રોજ થયો હતો. તે દિવસે મોતીરામ ઠાકરના ઘરને વિષે દુંદુભિ વાગતાં હતાં અને દેવો પુષ્પની વૃષ્ટિ કરતા હતા અને આકાશમાં દેવો વિમાનમાં બેસીને જય જય એવા શબ્દ ઉચ્ચારતા હતા. તે સાંભળીને લોકો સૌ આશ્ચર્ય પામતા હતા અને આકાશવાણી થાતી હતી જે, 'મોતી ઠાકરને ઘરે જે પુત્રનો જન્મ થયો છે તે મહા સમર્થ છે અને આ પૃથ્વીને વિષે અધર્મનો ઉચ્છેદ કરશે અને એકાંતિક ધર્મનું સ્થાપન કરશે અને કેટલાકને પોતાનું ઐશ્વર્ય જણાવીને સમાધિયું કરાવશે એવા મહાપ્રતાપી થશે અને તેઓ દીર્ઘકાળ સુધી આ પૃથ્વીને વિષે રહેશે. એમ આકાશમાં શબ્દ થાતા હતા. પછી તેમનાં માતપિતા તે સાંભળીને ઘણાં આનંદમાં આવતા હતા અને ખુશાલભાઈનો જન્મ થયો તે વખતે ઘણાક વિદ્વાન બ્રાહ્મણોને નાના પ્રકારના દાન આપતા હવા અને ભિક્ષુક લોકોને અન્નવસ્ત્ર આપીને તૃપ્ત કરતા હવા અને ગાયો વિગેરે પશુને ઘાસ નાંખીને તૃપ્ત કરાવતા હતા. એવી રીતે સૌને સંતોષ

પમાડ્યા અને સૌ સ્ત્રીયો મંગળગીત ગાતી હતી અને સત્પુરુષનાં મન સૌ આનંદ પામતાં હવા અને અસુરોને ઘણો ત્રાસ ઉત્પન્ન થાતો હવો અને તે વખતે આકાશ અતિશય નિર્મળ થાતો હતો. ||૬૫૮||

પછી તે **ખુશાલભટ્ટ** પોતાના પિતા થકી આઠમે વરસે યજ્ઞોપવીત પામતા હતા. અને અંગે સહિત ચારે વેદ ભણ્યા. વળી તે દેશમાં કેટલાક ચમત્કારો જણાવ્યા અને કેટલાક મતવાદીઓનો પરાજય કર્યો અને પોતે શાસ્ત્રવિધિથી ગૃહસ્થાશ્રમ કર્યો અને પછી પોતે ટોડલા ગામમાં વિદ્યાર્થી ભણાવવા સારુ નિશાળ માંડી હતી. ||૬૫૯||

અને પોતે વિદ્યાર્થી ભણાવતા ત્યારે કેટલાક બાળકોને સમાધીઓ કરાવતા અને અક્ષરાદિક ધામ દેખાડતાં. પછી તે બાળકો સમાધિમાંથી દેહમાં આવીને સૌની આગળ સ્પષ્ટ વાર્તા કરતા જે, 'અમે ગોલોક અને અક્ષરાદિક ધામ દીઠાં એવી રીતે તે બાળકોને સમાધિ કરાવતા હતા અને બ્રહ્મવિદ્યા શીખવતા હતા. ||૬૬૦||

અને તેવા વખતમાં **પાડા** ગામનો બ્રાહ્મણનો એક છોકરો **ખુશાલભટ્ટ** પાસે ભણવા આવતો હતો. તે ખુશાલભટ્ટની કૃપાથી સમાધિવાન થયો હતો. પછી તે છોકરાના બાપે ખુશાલભાઈને આવીને કહ્યું જે, 'તમે મારા છોકરાને બગાડી મૂક્યો માટે મારે ભણાવવો નથી.' એમ કહીને ઘરે લઈ ગયો પછી તે છોકરાને ઘરે સમાધિ થઈ ગઈ. પછી તે બ્રાહ્મણે તેને જગાડવાનો ઘણોક પ્રયાસ કર્યો પણ છોકરો જાગ્યો નહીં. પછી તે બ્રાહ્મણે ખુશાલભાઈ પાસે આવીને પ્રાર્થના કરી જે, 'ખુશાલભાઈ ! ભલો થઈને મારા છોકરાને બેઠો કર.' પછી ખુશાલભાઈએ તેને કહ્યું જે, 'તું ઘરે જઈને તારા છોકરાને કહે જે, 'ખુશાલભાઈએ કહ્યું છે માટે બેઠો થા.' પછી તે બ્રાહ્મણે ત્યાં જઈ છોકરાને કહ્યું જે, 'ખુશાલે કહ્યું છે માટે બેઠો થા,' પછી તે છોકરો બેઠો થયો અને બ્રાહ્મણ આવીને ખુશાલભાઈના પગમાં પડ્યો અને પોતાનો અપરાધ માફ કરાવ્યો. ||૬૬૧||

અને **ટોડલા** ગામને વિષે વીર વિદ્યાવાળા અને જંત્ર મંત્ર જાણનારો એક બ્રહ્મચારી આવ્યો હતો. તે વિષ્ણુ પોતાની પાસે રાખતો હતો. પછી પોતે જેને ઘરે જમવા જાય તેને વિષ્ણુ સોંપતો આવે અને કહેતો આવે જે, 'આ વિષ્ણુને પટારામાં રાખજો પણ મારી સેવાને વશ્ય છે માટે વિષ્ણુ મારી પાસે આવતા રહેશે.' અને તે બ્રહ્મચારીએ વીરની સાધના કરી હતી. એટલે મહાવીર જ્યાં વિષ્ણુ હોય ત્યાંથી બ્રહ્મચારી પાસે લઈ આવતો. તેથી ગામમાં તેની બહુ માનતા ચાલી તેથી આખું ગામ તેને માનવા પૂજવા લાગ્યું. પછી ખુશાલભટે કહ્યું જે, 'બ્રહ્મચારી મહારાજ ! આજ રોજ મારે ત્યાં તમારે

જમવાનું આમંત્રણ છે.' પછી તે બ્રહ્મચારી ખુશાલભાઈને ઘરે જમવા ગયો અને જમીને વિષ્ણુને ખુશાલભાઈને સોંપ્યા ને પછી જ્યારે રાત્રી પડી એટલે વીરે આવીને ઘણા આંટા માર્યા પણ વિષ્ણુને લેવાનો લાગ ફાવ્યો નહીં અને ખુશાલભાઈને જોઈને તે બળવા લાગ્યો. પછી તેણે જઈને બ્રહ્મચારીને કહ્યું જે, 'મારાથી ત્યાં જઈ શકાય તેમ નથી કેમકે ખુશાલભાઈ તો મહાસમર્થ છે.' પછી તે બ્રહ્મચારી તો વહેલો ઉઠીને ગામમાંથી નાસી ગયો. ॥૬૬૨॥

અને ખુશાલભાઈ પોતે **રાધાકૃષ્ણ દેવ**ની પૂજા કરતા હતા. તે પોતે જ્યારે પૂજા કરવા બેસતા તે વખતે દેવની પ્રતિમાઓ ખુશાલભાઈની સન્મુખ આવીને બેસતા. તે જોઈ લોક સૌ આશ્ચર્ય પામતા ને ખુશાલભાઈના ખેતરમાં મહુડાનુ એક ઝાડ હતું. તે બહુ જ કડવું હતું તેથી તેના ફળ કોઈના ઉપયોગમાં આવતાં નહીં. પછી સૌ લોકોએ ખુશાલભાઈની પ્રાર્થના કરી જે, 'તમે આ મૌડાના વૃક્ષને મીઠો કરો.' પછી ખુશાલભાઈ સૌ લોકને સાથે લઈને તે વૃક્ષની નીચે જઈને ઉભા રહ્યા અને વૃક્ષના થડને પોતાના ચરણારવિંદનો સ્પર્શ કર્યો એટલે મૌડો કડવો મટીને મીઠો થયો અને તેનાં ફળ સૌને ઉપયોગમાં આવવા મંડ્યાં. ॥૬૬૩॥

પોતે એક ઓરડામાં બેસીને શ્રીજીમહારાજનું **ધ્યાન** કરતા હતા. તે સમે અતિશય તેજ દેખાણું અને તે તેજમાં ત્રણ કડાકા બ્રહ્માંડ ફાટી જાય એવા થયા અને તે તેજ પણ છ છ જોજન સુધી જણાણું અને તે કડાકા સાંભળીને લોકોના મનમાં ભય અતિશય ઉત્પન્ન થયો અને સૌને એવી બીક લાગી જે, 'આ તે પ્રલય થાશે કે શું ?' પછી સૌ ખુશાલભાઈ પાસે આવીને પ્રાર્થના કરવા લાગ્યા એટલે ખુશાલભાઈએ પોતાની વૃત્તિ સંકેલી લીધી અને તે તેજ બધું પોતાની મૂર્તિમાં સમાઈ ગયું. તે જોઈને સૌને ઘણું આશ્ચર્ય લાગ્યું. એક સમે તે દેશમાં વરસાદ થતો નહોતો. પછી ફરતા ગામના લોકો સર્વેએ આવીને ખુશાલભાઈની ઘણીક પ્રાર્થના કરી જે, 'જો વરસાદ નહીં થાય તો સર્વે મરી જાશું.' એવાં તેમનાં દીનતાનાં વચન સાંભળીને ખુશાલભાઈના મનમાં ઘણીક દયા ઉત્પન્ન થઈ અને શ્રીજીની પ્રાર્થના કરી એટલે આખા દેશમાં જળની વૃષ્ટિ થઈ અને સૌ લોક આવીને ખુશાલભાઈના પગમાં પડ્યા. ॥૬૬૪॥

તે દેશમાં **શામળાજી**નું એક મંદિર છે. ત્યાં પોતે જ્યારે જાય ત્યારે શામળાજી સન્મુખ ચાલીને આવીને ખુશાલભાઈને મળે તે જોઈને સર્વે લોકને આશ્ચર્ય લાગે જે આ શું ? એમ કેટલાક વખત લોકોને આશ્ચર્ય દેખાડ્યું હતું. એવા કેટલાક ચમત્કાર જણાવ્યા હતા. ॥૬૬૫॥

અને ત્યાં એક **ત્રિવેણી નદી** છે. તેમાં ખુશાલભાઈ નહાવા જતા અને કેટલીક વખત ત્યાં મેળો પણ ભરાતો. પછી ખુશાલભાઈ જ્યારે તે નદીમાં સ્નાન કરવા ઉતરે તે વખતે હજારો ભૂત આવીને ખુશાલભાઈની પ્રાર્થના કરે જે, 'હે ખુશાલભાઈ ! તમે અમારો મોક્ષ કરો કેમકે તમારા નહાયેલા જળનો અમારે સ્પર્શ થયો એટલે અમારો મોક્ષ થાય તેમ કરો.' એવી તેમની બહુ જ પ્રાર્થના સાંભળીને ખુશાલભાઈએ કૃપાદૃષ્ટિ કરીને તે ભૂતોને દેવલોકમાં મોકલ્યાં હતાં ને ભૂતનો ઉદ્ધાર કર્યો. એવા સમર્થ હતા. ॥૬૬૬॥

શ્રીજીમહારાજ બ્રાહ્મણનું સ્વરુપ ધારણ કરીને **ખુશાલભાઈ**ને તેડવા માટે ટોડલા ગામે ગયા હતા. તે મહારાજ સાથે પોતે ચાલ્યા ત્યારે તેમની દીકરી **અનોપબા** કરીને હતાં. તેમને માથે હાથ મેલ્યો અને આશીર્વાદ આપ્યો અને કહ્યું કે, 'તમારે વચને કરીને લોકોને સમાધિ થાશે.' એમ તેમને આશીર્વાદ આપ્યો હતો. પછી અનોપબાને વચને કરીને ઘણાક લોકોને સમાધિ થાતી હતી. ॥૬૬૭॥

અને પોતે જ્યારે ઘરેથી ચાલ્યા ત્યારે તેમના પિતાશ્રી **મોતી ઠાકર**ને આખે શરીરે ધાધર હતી. અને ખુશાલભાઈએ ચાલતી વખતે તેમને શરીરે હાથ ફેરવ્યો એટલે બધી ધાધર સમી ગઈ અને શરીર નિરોગી થયું અને તેમને કહ્યું જે, 'તમને ઈડરના રાજા ગોરપદું આપશે.' અને તેમને આશીર્વાદ દઈને મહારાજની સાથે ઘરેથી ચાલી નીકળ્યા અને પોતે જે વખતે ઘરેથી ચાલ્યા ત્યારે રસ્તામાં ટાંપાટુંપા નામે એક ગામ આવ્યું. તે ગામનો પટેલ કાનો કરીને હતો. તેને ખુશાલભાઈ સાથે ઘણો સ્નેહ હતો અને તે ગામને પાદર બેઠો હતો. પછી ખુશાલભાઈએ કહ્યું જે, 'કાના પટેલ ! ક્યાં સુધી ઘરમાં રહેશો ? ભગવાન પ્રગટ થયા છે.' ત્યારે કાનો પટેલ કહે, 'ચાલો, તમારી સાથે આવું.' તેમ કહીને તે જ વખતે ત્યાંથી કાનો પટેલ ખુશાલભાઈની સાથે ચાલી નીકળ્યો અને થોડેક છેટે ગયા ત્યારે કાના પટેલે ખુશાલભાઈને કહ્યું જે, 'ખુશાલભાઈ ! મારે અફીણનું બંધાણ છે ને ડાબલી ઘરે પડી રહી.' ખુશાલભાઈ કહે, 'જ્યારે અફીણ લેવાનો વખત થાય ત્યારે મને કહેજો.' પછી તેને જ્યારે અફીણનો વખત થયો. ત્યારે બોલ્યો જે, 'ખુશાલભાઈ ! મારે અફીણ ઉતરી ગયું છે.' પછી ખુશાલભાઈએ વનસ્પતિના બે પાંદડાં ચોળીને આપ્યાં એટલે ચાવી ગયા ને કાના પટેલને અફીણનું બંધાણ હતું તે ટળી ગયું અને પછી મહારાજ પાસે આવી સાધુ થયા અને કાનડાનંદસ્વામી એવું નામ પાડ્યું. ॥૬૬૮॥

અને ખુશાલભાઈ ત્યાંથી ચાલ્યા અને માણસે આવીને નરસીરામભાઈને ઘરે

રાત રહ્યા. તેમની માતુશ્રી **પાનાબાઈ**એ ખીચડી ને કઢી કરીને રાત્રે ખુશાલભાઈને જમાડ્યા હતા. પછી ત્યાંથી પોતે વહેલા ઉઠીને ચાલ્યા. તે શ્રીજીમહારાજ ભેળા જેતલપુરમાં થયા. તે વખતે શ્રીજીમહારાજને દંડવત કરીને પગે લાગ્યા. તેમને મહારાજે કહ્યું જે, 'આવ્યા ખુશાલભટ્ટ ? ત્યારે ખુશાલભટ્ટ કહે, 'હા, મહારાજ ! ' ત્યારે મહારાજ કહે, 'જાઓ ઉતારા કરી આવો.' એમ મહારાજે કહ્યું તો પણ મહારાજ પાસે ખુશાલભટ્ટ તો ઉભા જ હતા. ॥૬૬૯॥

તેવા સમામાં કોઈક ગામના ગરાસીયા મહારાજ પાસે દર્શને આવ્યા હતા. તેમની મહારાજે ઘણીય બરદાશ કરાવી અને ઉતારા તથા પાગરણ વિગેરેની સગવડ કરી આપવાની સૌને ભલામણ કરી અને પછી ખુશાલભટ્ટ તથા તે ગરાસીયા સૌ સૌને ઉતારે ગયા. ત્યારે પાછળથી **મુક્તાનંદસ્વામી**એ મહારાજને કહ્યું, 'મહારાજ ! તમે ખુશાલભાઈને કહ્યું જે, 'આવ્યા ખુશાલભટ્ટ ?' ત્યારે તેમણે કહ્યું કે, હા, ત્યારે તમે કહ્યું કે જાવ ઉતારા કરી આવો અને આ ગરાસીયા હરિભક્ત આવ્યા. તેમની તમે બહુ બરદાશ રખાવી તે જોઈને ખુશાલભાઈને ખોટું નહીં લાગ્યું હોય ' ત્યારે મહારાજ કહે, 'સ્વામી ! ખુશાલભાઈ મને ઓળખે છે અને ખુશાલભાઈને હું ઓળખું છું.' એવી રીતે સ્વામીને મહારાજે કહ્યું. અર્થાત્ અમે બે તો સ્વામી-સેવક છીએ જુદા નથી. ॥૬૭૦॥

**ખુશાલભાઈ**ને શ્રીજીમહારાજે થોડાક દિવસ પાસે રાખ્યા અને પછી તેમને વડોદરે જવાની મહારાજે આજ્ઞા કરી. પછી તે ખુશાલભાઈ વડોદરે ગયા અને સદાશિવ નામે બ્રાહ્મણને ઘરે પોતે ઉતર્યા હતા. ત્યાં એક માસ સુધી તેને ઘરે જમ્યા અને પોતે જ્યારે જમવા બેસે ત્યારે શ્રીજીમહારાજ સદાશિવને ઘરે જમવા પધારતા. તે થાળમાં જે જે પકવાન્ન ધર્યા હોય તે સર્વે ઓછાં થાય. તે સદાશિવ તથા તેની સ્ત્રી બન્ને જણાં દેખતાં. એમ એક માસ સુધી ખુશાલભાઈની પ્રીતિએ કરીને શ્રીજીમહારાજ સદાશિવને ઘરે દિવ્ય સ્વરુપે કરીને જમ્યા હતા. ॥૬૭૧॥

**ખુશાલભાઈ** વડોદરામાં જે વખતે હતા તે વખતે કેટલાક માણસોને સમાધિ કરાવતા હતા. પછી એક વખત સયાજીરાવના કાકા ખુશાલભાઈને દર્શને આવ્યા હતા. ત્યાં ઘડીક ખુશાલભાઈની વાતો સાંભળીને પછી ઘરે જવાની રજા લીધી. તે વખતે ખુશાલભાઈએ લાલજી આગળ મેવો ધર્યો હતો. તે મેવાનો પડીયો લઈને સયાજીરાવના કાકાને આપ્યો. પછી તેમણે ઘરે જઈને તે પડીયો ટેબલ પર મૂક્યો અને પોતે કોઈ કાર્ય પ્રસંગે બહાર ગયા. તેવામાં તેમના નાનાં નાનાં બાળકોએ તે પ્રસાદીનો મેવો ખાધો એટલે સૌને સમાધિ થઈ ગઈ. તેવામાં તેઓ ગામમાંથી ઘરે આવ્યા ને જુએ છે તો સૌ

છોકરા નિંદ્રાવશ દીઠાં. પછી સૌને બોલાવીને કહ્યું જે, 'આ શું થયું છે ?' પછી તપાસ કરતાં કરતાં માલુમ પડ્યું જે, ખુશાલભાઈએ આપેલો મેવો છોકરાંએ ખાધો છે તેથી સમાધિ થઈ ગઈ છે.' પછી ખુશાલભાઈએ તે છોકરાને પૂછ્યું જે, 'તમો સૌ ક્યાં ક્યાં ગયાં હતાં ?' તે સાંભળીને બાલક સૌ બોલ્યાં જે, 'અમો તો નિર્વિકલ્પ સમાધિમાં ગયાં હતાં ને અક્ષરધામમાં શ્રીસ્વામિનારાયણ દિવ્ય સિંહાસન ઉપર બેઠા છે અને આ બાળ યોગીંદ્ર ભગવાં અંચલ પહેરીને સ્વામિનારાયણની સેવામાં ઉભા છે.' તે સાંભળીને સૌ આશ્ચર્ય પામ્યાં અને ત્યાં જે જે અલૌકિક ચમત્કાર જોયા. તે સઘળું કહી દેખાડ્યું. ॥૬૭૨॥

અને પછી તે વાતની **સયાજીરાવ**ને ખબર પડી જે, 'ખુશાલભાઈ કરીને મહા સમર્થ વિપ્ર આંહીં આવેલ છે અને તેમના દર્શન તથા સ્પર્શથી માણસને સમાધિ થાય છે.' પછી તે વાતને સત્ય કરવા માટે તેમનું કારભારી મંડળ નારુપંત નાના વિગેરેને મોકલ્યા અને સૌએ ખુશાલભાઈ પાસે આવીને તેમની વાતો સત્ય કરવા માટે સાંભળી અને તે વાતોમાં સૌને એટલો ચમત્કાર જણાવ્યો કે, 'ખુશાલભાઈના કહેવાથી સમાધિ થાય છે તે સત્ય છે.' એમ સૌના હૃદયમાં વિશ્વાસપૂર્વક નિશ્ચય થયો. પછી સૌએ જઈને સયાજીરાવને કહ્યું જે, 'આ બધું સત્ય છે એમાં જરાય સંશય જેવું નથી.' ॥૬૭૩॥

પછી ત્યાંથી ખુશાલભાઈ ગઢપુર શ્રીજીમહારાજ પાસે આવ્યા અને ગઢપુરમાં શ્રીજીમહારાજને **ભારતનું પુસ્તક** જોઈતું હતું. તે પુસ્તક **ભાવનગર**માં બ્રાહ્મણને ઘરે હતું. તે લેવાને માટે પ્રાગજી દવે વિગેરેને ત્રણ વખત ભાવનગર મોકલેલા. પણ બ્રાહ્મણે પુસ્તક આપ્યું નહીં અને સામી ગાળો દેવા મંડ્યો. પછી સૌ મહારાજ પાસે ગઢપુર પાછા આવ્યા હતા. ॥૬૭૪॥

અને મહારાજે સભામાં કહ્યું જે, 'અમારે ભારતનું પુસ્તક અવશ્ય લાવવું છે માટે **ખુશાલભાઈ** તમે પુસ્તક લેવા જાઓ.' ત્યારે લક્ષ્મીરામ બોલ્યા જે, 'મહારાજ ! ખુશાલભાઈને અમથો શા માટે આંટો ખવરાવો છો ? એ બ્રાહ્મણ પુસ્તક નહીં આપે. મહારાજ કહે કે, ''ખુશાલભાઈ ગયા વગર પુસ્તક મળશે નહીં ?'' પછી મહારાજે ખુશાલભાઈની સાથે જવાને માટે લક્ષ્મીરામને તૈયાર કર્યો. તે ચાલતાં ચાલતાં રેવા ગામમાં વાણિયાને ઘરે રાત રહ્યા પછી તે વાણિયે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેડવા આવ્યા. ત્યારે વાણિયો કહે, 'તમે કેવા ?' ત્યારે મહારાજ કહે, 'તારે ઘરે ખુશાલભાઈ રાત રહ્યા હતા તે પુન્યે તેડવા આવ્યા છીએ.' પછી ત્યાંથી ચાલ્યા તે વરતેજ ગામમાં

રાત રહ્યા. ત્યાં બજારમાં ચાલ્યા જતા હતા. તે વખતે એક શેઠ પોતાને ઘરે મેડી ઉપર બેઠો હતો. તેણે ખુશાલભાઈની મૂર્તિમાંથી તેજ નીકળતું દીઠું. પછી તે વાણિયે પોતાનું માણસ મોકલીને ખુશાલભાઈને પોતાને ઘરે બોલાવ્યા અને ઉતારો કરાવ્યો. પછી શેઠ ખુશાલભાઈ પાસે વાતો સાંભળવા બેઠો. તે વખતે ખુશાલભાઈએ તેને સમાધિ કરાવી દીધી. તે જોઈ તેનાં ઘરનાં માણસો સૌ ભય પામ્યાં જે, 'શેઠને અચાનક આ શું થઈ ગયું ?' પછી ઘડીક વારે શેઠ તો સમાધિમાંથી જાગ્યા અને ખુશાલભાઈને પૂછ્યું જે, 'મહારાજ ! કાંઈ જમશો ?' ત્યારે ખુશાલભાઈ કહે કે, 'મારે તો જમવું નથી અને આ બ્રાહ્મણને રસોઈ કરાવીને જમાડો.' પછી લક્ષ્મીરામને સીધું આપ્યું. તેની રસોઈ કરીને પોતે જમ્યા. ||૬૭૫||

પછી ત્યાંથી સવારમાં વહેલા ઉઠીને ભાવનગર ગયા અને મોતી તળાવે ન્હાવા માટે રોકાયા ત્યારે **લક્ષ્મીરામે** ખુશાલભાઈને કહ્યું જે, 'ખુશાલભાઈ ! ઓલ્યા શેઠને દેખાડ્યું તેવું બ્રાહ્મણને દેખાડશો તો પુસ્તક આપશે.' ત્યારે ખુશાલભાઈ કહે, 'તારે જોવું છે ?' ત્યારે લક્ષ્મીરામ કહે, 'હા.' ખુશાલભાઈ કહે, 'આંખો વીંચ્ય' પછી તેણે પલાંઠી વાળીને આંખો વીંચ્યી એટલે માયાના અંધકારમાં ઉતારી દીધો અને ત્યાં એટલી બધી મુંઝવણ થઈ જે, 'કેટલાક યુગથી હું આ અંધકારમાં પડ્યો છું. 'પછી ખુશાલભાઈએ દૃષ્ટિ કરી એટલે બહાર આવ્યા ત્યારે લક્ષ્મીરામ બોલ્યા જે, 'તે બ્રાહ્મણને આવો ચમત્કાર બતાવો તો ઠીક.' એમ કહીને તેઓ બન્ને જણા નિત્યનિયમ કરીને ભાવનગરમાં ગયા. ||૬૭૬||

અને ત્યાં ઝીણા શ્રીમાળીને ઘરે ઉતર્યા અને બીજે દિવસ સવારમાં **ઝીણો શ્રીમાળી** તથા એક ઝીણો માળી કરીને હરિભક્ત હતો તેમને સાથે લઈને તે બ્રાહ્મણને ઘરે ગયા. તે વખતે તે કાશીરામ બ્રાહ્મણ લાલજીની પૂજા કરતો હતો. પછી ખુશાલભાઈને ભાળીને તે બ્રાહ્મણ લક્ષ્મીરામને ગાળો દેવા મંડ્યો જે, 'તારે લાજ શરમ નથી. જે આવાને આવા લઈને ચાલ્યો આવે છે ?' એમ કહીને કેટલીક ગાળો દીધી. પછી લાલજી તેની પૂજામાંથી ખુશાલભાઈની સામી કોર ફરીને બેઠા. ત્યારે તે બ્રાહ્મણે લાલજીને પોતાની સન્મુખ કર્યા તો પણ ફરી વાર લાલજી ખુશાલભાઈ સન્મુખ થઈ ગયા. એમ બે ચારવાર લાલજીને ફેરવ્યા પણ લાલજી તો ખુશાલભાઈ તરફ મુખ કરીને બેસે અને બ્રાહ્મણ કેટલાક અપશબ્દ બોલતો હતો. પછી ખુશાલભાઈએ તે બ્રાહ્મણને કહ્યું જે, 'તમે ગાળો શું કરવા દ્યો છો ? અમારે પુસ્તક જોતું નથી.' પછી ખુશાલભાઈ ત્યાંથી ઉઠીને ઝીણા શ્રીમાળીને ઘરે જઈને રોટલા જમ્યા અને રાત્રીના

બાર વાગ્યા એટલે બે યમદૂતોએ આવીને તે બ્રાહ્મણને માર મારવા માંડ્યો અને કહ્યું જે, 'ખુશાલભાઈને પુસ્તક આપજે નીકર તને મારી મારીને તારો જીવ કાઢી નાંખશું.' પછી બીજે દિવસે સવારમાં ખુશાલભાઈ તથા લક્ષ્મીરામ અને ઝીણો શ્રીમાળી સૌ પુસ્તકવાળા બ્રાહ્મણને ઘરે ગયા. ત્યારે બ્રાહ્મણ જેમ તેમ બોલવા મંડ્યો ત્યારે ખુશાલભાઈ કહે, 'અમારે તમારું પુસ્તક જોતું નથી એ તો આજ અહીંયાં રાત રહેશું.' ત્યારે બ્રાહ્મણ કહે, 'હું તમને પુસ્તક આપું ખરો પણ મને તેના જામીન આપો અને તેના બદલામાં ત્રણસો રૂપિયાનું ઘરણું તેના ખોળામાં નાંખ્યું અને એક માસમાં તેનું પુસ્તક પાછું આપવું તેવો ઠરાવ કર્યો. પછી પુસ્તકનો પોઠીયો ભરીને ખુશાલભાઈ ગઢપુર આવ્યા અને મહારાજને સભામાં તે પુસ્તક આપ્યું. પછી મહારાજે એક પીળું શેલું ઓઢ્યું હતું તે ખુશાલભાઈને ઓઢાડ્યું ત્યારે ખુશાલભાઈ કહે, 'મહારાજ ! આ તો લક્ષ્મીરામનો દાખડો છે અને તેણે ખૂબ ગાળો ખાધી છે માટે તેને આ શેલું આપો.' પછી મહારાજે કહ્યું જે, 'કેમ લક્ષ્મીરામ કેવા છે ખુશાલભટ્ટ ?' ત્યારે લક્ષ્મીરામ કહે, 'મહારાજ ! આ તો ચીંથરે વીંટ્યુ રતન છે !' પછી મહારાજે સૌલૈયા સંતને બોલાવીને તે પુસ્તક લખવા આપ્યું ને એક માસ અગાઉ તે પુરૂં શુદ્ધ લખાવીને તપાસી અસલ પુસ્તક ભાવનગર પાછું મોકલી દીધું. ॥૬૭૭॥

અને ખુશાલભાઈને શ્રીજીમહારાજે દીક્ષા આપી અને **ગોપાળાનંદસ્વામી** નામ ધારણ કર્યું. પછી પોતે દેશ પરદેશ કેટલાક ગામોમાં ફરીને લોકોને ચમત્કાર જણાવતા હતા. તે ઐશ્વર્ય પ્રતાપ જોઈ કેટલાકને શ્રીજીમહારાજનો આશ્રય થયો ને સત્સંગી થયા. ॥૬૭૮॥

એક વખત સ્વામી **ઉમરેઠ** ગામ પધાર્યા હતા અને ત્યાંના સત્સંગી બ્રાહ્મણે કોઈકનું ઘર ઘરાણે રાખ્યું હતું. પછી તે બ્રાહ્મણ દેહ મૂકી ગયો અને થોડાક વરસ થયા કેડે તે ઘરધણીએ તે બ્રાહ્મણના છોકરાને કહ્યું જે, 'તારા રૂપિયા લે અને મારૂં ખત પાછું આપ્ય.' પછી છોકરે તેનો લેખ ઘરમાં ગોત્યો પણ હાથ આવ્યો નહીં. પછી તે છોકરો સ્વામી પાસે મંદિરમાં આવ્યો અને સ્વામીને કહ્યું જે ઘરનો ધણી લેખ માગે છે પણ લેખ ક્યાંઈ જડતો નથી અને મારે બાપે ક્યાંઈક મેલ્યો હશે તે તો દેહ મેલી ગયા છે. પછી સ્વામીએ એક સંતને સમાધિ કરાવીને અક્ષરધામમાં મોકલ્યા પણ તે બ્રાહ્મણને ત્યાં દીઠો નહીં. પછી તે સંત સમાધિમાંથી પાછા આવ્યા અને સ્વામીને કહ્યું જે, 'તે બ્રાહ્મણ અક્ષરધામમાં તો નથી.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તેને કોની સાથે હેત હતું ?' ત્યારે કોઈકે કહ્યું જે, 'તેમને તો અમોઘાનંદસ્વામી સાથે હેત હતું.' ત્યારે સ્વામી કહે,

'તેઓ શેનો અભ્યાસ કરતા હતા ?' પછી સૌએ કહ્યું જે, 'તે તો રામકથાનો અભ્યાસ કરતા હતા.' ત્યારે સ્વામી કહે, 'તમો સમાધી કરીને વૈકુંઠમાં જાઓ.' પછી સ્વામીએ તે બ્રાહ્મણના છોકરાને સમાધિ કરાવી અને તે વૈકુંઠમાં ગયો. ત્યાં રામચંદ્રજી સિંહાસન ઉપર બેઠેલા અને અમોઘાનંદસ્વામી રામકથા વાંચતા હતા. પછી છોકરે ત્યાં તેના બેઠેલા બાપને પૂછ્યું જે, 'ઘરનો લેખ ક્યાં મૂક્યો છે ? તે ઘરનો ધણી માગે છે.' ત્યારે બ્રાહ્મણ કહે, 'ઘરમાં પાટડામાં ડગલી મારીને તેમાં મેલ્યો છે.' પછી છોકરે સમાધિમાંથી આવીને સભામાં તે બધી વાત કરી અને ઘરે જઈને સુતારને બોલાવીને પાટડામાંથી લેખ કઢાવ્યો. તે લઈને ઘરનાં ધણીને આપ્યો. એને સ્વામીએ સૌને સભામાં વાત કરી જે, 'ઉપાસનામાં કસર રહેશે તો લોકાંતરમાં રહેવું પડશે માટે ઉપાસના શુદ્ધ રાખજો.' ॥૬૭૯॥

સ્વામી **ઉમરેઠ**ના મંદિરમાં બેઠા બેઠા પુજા કરતા હતા. તે એક હરિજન જનોઈ કરવા માટે સુતરનો ફાળકો લાવ્યો. તે ફાળકો લઈને સ્વામીએ પૂજાની મૂર્તિને પહેરાવ્યો. તે વખતે કેશવદાસ કરીને સાધુ ભંડારમાં રોટલા કરતા હતા. તેને સમાધિ થઈ અને સમાધિમાં ખડખડ હસવા લાગ્યા. તે જોઈ બીજા સાધુએ પૂછ્યું જે, 'કેશવદાસજી ! કેમ હસો છો ?' ત્યારે કેશવદાસ બોલ્યા જે, 'અક્ષરધામમાં શ્રીજીમહારાજની ડોકમાં ગોપાળાનંદસ્વામીએ સુતરનો ફાળકો પહેરાવ્યો છે. તે જોઈને મને હસવું આવે છે.' એમ આહીંની ને અક્ષરધામની સ્વામીએ એકતા બતાવી. ॥૬૮૦॥

સ્વામી **ઉમરેઠ** ગામમાં હતા. ત્યાં સૂત્રભાષ્યનું પુસ્તક પુરું થયું અને બોટાદના **શિવલાલભાઈ** પણ ત્યાં હતા. પછી સ્વામીએ શિવલાલભાઈને કહ્યું જે, 'શિવલાલ ! સૂત્ર ભાષ્યનું પુસ્તક પુરું થયું માટે આજ એ પુસ્તકની પૂજા કરવી છે.' ત્યારે શિવલાલભાઈ કહે, 'આજ રોજ મારી રસોઈ કરો અને પુસ્તકની હું પૂજા કરું !' પછી પુસ્તકની પડખે શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવી અને શિવલાલભાઈએ પુસ્તકની પૂજા કરી અને મહારાજની મૂર્તિને રાતી શાલ ઓઢાડી અને પછી આરતી ઉતારીને પછી સૌ સંતની કેશરચંદને કરીને પૂજા કરીને સૌ સંતને વસ્ત્ર ઓઢાડ્યાં. પછી સ્વામીએ કેશવદાસને સમાધિ કરાવીને કહ્યું જે, 'અક્ષરધામમાં જોઈ આવો જે સૌ સંતની પૂજા થઈ ગઈ ?' પછી કેશવદાસજી સમાધિ કરીને અક્ષરધામમાં ગયા અને શ્રીજીમહારાજના કપાળમાં અરચા, કંઠમાં ગુલાબનો હાર અને ખંભે વસ્ત્ર જોયાં અને લાલ શાલ ઓઢેલી અને તમામ મુક્તના કપાળમાં અરચા કંઠમાં હાર અને ખંભે વસ્ત્ર જોયાં. પણ એક મુક્તાનંદસ્વામી પૂજા કર્યા વગર રહી ગયેલા જોયા. પછી તેમણે સમાધિમાંથી

બહાર આવીને સ્વામીને કહ્યું જે, 'તમામ મુક્તની પૂજા થઈ ગઈ છે. પણ એક મુક્તાનંદસ્વામી પૂજા કર્યા વગર રહી ગયા છે.' પછી સ્વામી કહે, 'શતાનંદસ્વામી ન્હાવા ગયા હતા.' ત્યાંથી આવ્યા પછી તેમની પૂજા કરીને કેશવદાસને ફરી અક્ષરધામમાં મોકલ્યા અને ત્યાંથી આવીને કહ્યું જે, 'હવે મુક્તાનંદસ્વામીની પૂજા થઈ છે. 'તેમ સદ્‌ગુરુને તથા શ્રીજીને જે જે અર્પણ કરે છે તે અક્ષરધામમાં પહોંચે છે. ॥૬૮૧॥

ગામ **વસો**માં ગોપાળાનંદસ્વામી હતા અને પોતા પાસે પછે ગામના **પોચો ભટ્ટ** તથા બોરુના **ભાણજી વ્યાસ** એ બે જણા વિદ્યાભ્યાસ કરતા હતા. પછી પોચા ભટ્ટે એક દિવસ સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! આ જમ જમ એમ કહે છે તે વાત ખોટી છે. કેમકે એ તો જેમ લોકમાં છોકરાને બીવરાવે જે જો બાઘડો આવ્યો તેમ દુનિયાને બીવરાવાને માટે છે.' ત્યારે સ્વામી કહે, પોચા ! જમ સત્ય છે. ખોટા નથી.' ત્યારે પોચો ભટ્ટ કહે, 'ના, સ્વામી ! એ મનાય નહિ.' પછી સ્વામી કહે, 'આ ગામમાં કોઈ માંદુ છે ?' ત્યારે પોચો ભટ્ટ કહે, 'હા, એક ડોસી માંદી છે.' પછી તે બે જણ દીવે બેસીને વિદ્યાભ્યાસ કરતા હતા અને સ્વામીએ આવીને કહ્યું જે, 'પોચા ! જો જમ જાય.' એમ કહ્યું એટલે બન્ને જણાની દૃષ્ટિ ત્યાં પહોંચી ગઈ અને તેમના મોટા વિકરાળરૂપ જોઈને બન્ને જણાને લઘુ અને ઝાડો થઈ ગયાં. પછી સ્વામીએ આવીને સાદ કર્યો જે, 'પોચા ! એ પોચા ! ત્યારે બે જણ જાગીને બોલ્યા જે, 'સ્વામી છેટા રહેજો, અમારાં પોતીયાં બગડી ગયાં છે.' સ્વામી કહે, 'જમ સાચા કે ખોટા ?' ત્યારે બન્ને જણે હાથ જોડીને કહ્યું જે, 'સ્વામી ! જમ તો સત્ય છે. ભાળ્યા ભેળાં પ્રાણ જતાં રહે એવા છે.' ॥૬૮૨॥

એક વખત **વસો**માં ગોપાળાનંદસ્વામી હતા અને કારીયાણીના **વસ્તોખાચર** ત્યાં સ્વામીના દર્શન કરવા ગયા હતા. પછી વસ્તાખાચરે સ્વામીને પૂછ્યું જે, 'સ્વામી! અગણોતેરા કાળમાં મારા ઘરમાં એક લાખ રૂપિયાને પાંચસો કળશી અનાજ હતું. અને પચાસ ભેંશો દુઝણી હતી અને શ્રીજીમહારાજ તથા પાંચસો પરમહંસ મારે ઘરે રહેતા. અને કોઈ વાતની કચાસ નહોતી અને આજ ઘરમાં કશુંયે નથી એનું કારણ શું ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'વસ્તાખાચર! શ્રીજીમહારાજ જ્યારે ઘરેથી નીસર્યા અને સરજુ નદીને આ કાંઠે આવ્યા. ત્યારે દેવ માત્રે તથા તીરથ માત્રે આવીને મહારાજની પ્રાર્થના કરી જે, 'મહારાજ ! અમારાં સ્થાનમાં પધારો.' દેવ કહે, 'મહારાજ ! અમારા સ્થાનમાં પધારો.' પછી મહારાજે તમામ તીર્થને તથા દેવને કહ્યું જે, 'હું તમારે ત્યાં આવીશ.' ॥૬૮૩॥

પછી દશ દીગપાળ મહારાજ સાથે ચાલ્યા પણ મહારાજે કાંઈ કહેતાં કાંઈ તેનું

અંગીકાર કર્યું નહીં અને શરીર સુકવી નાંખ્યું. પછી દશે દિગપાળ થાકીને સૌ સૌને સ્થાનકે ગયા. પછી જ્યારે શ્રીજીમહારાજ સત્સંગમાં પધાર્યા અને મોટા મોટા યજ્ઞ કર્યા તે સર્વે દ્રવ્ય દશે દિગપાળે મોકલ્યું હતું અને તમારા ઘરમાં તથા દાદાખાચરના ઘરમાં તથા ઝીણાભાઈના ઘરમાં તથા સુરાખાચરના ઘરમાં તથા વડતાલના જોબનપગીના ઘરમાં જે જે સમૃદ્ધિ હતી તે સહુ દશ દિગપાળની હતી તે જ્યાં સુધી શ્રીજી મહારાજ આ પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી સૌના ઘરમાં દ્રવ્ય રહ્યુ અને તમારી પ્રજા પણ ધર્મમાં ન રહી એટલે જેનું હતું તે ખેંચી ગયા. તેમાં તમારું કાંઈ નહોતું. એમ વસોમાં વસ્તાખાચરને ગોપાળાનંદસ્વામીએ વાત કરી હતી. ||૬૮૪||

એક વખત શ્રીજીમહારાજ **વડતાલ**માં સભા કરીને વિરાજમાન હતા અને ઓટાથી હેઠે સાધુ હરિજનની સભા ભરાઈને બેઠી હતી અને ફણેણી ગામનો સુતાર હરિભક્ત શ્રીજીમહારાજના દર્શન કરતો હતો. તે મહારાજની મૂર્તિમાંથી તેજના કિરણો નીકળે તેમ મંદિર તથા ધર્મશાળા કાંઈ દેખાય નહીં અને એકલું તેજ દેખાય. અને તે તેજના સમૂહમાં તેજોમય મૂર્તિ શ્રીજીમહારાજ જણાય અને ચારે કોરે તેજોમય અનંત કોટી મુક્તોની સભા જણાય. તે જોઈને તે હરિભક્ત અહો અહો એમ વારંવાર બોલે. તે સાંભળીને શ્રીજીમહારાજ પોતાની તર્જની આંગળી પોતાની નાસિકાએ અડાડે ત્યારે તે ભક્ત છાનો રહી જાય. એમ ઘણીક વાર થયું તે સર્વે સભા સાંભળે અને શ્રીજીમહારાજ પોતાની આંગળી નાસિકાએ અડાડે તે પણ દેખાય. પણ કોઈ યથાર્થ સમજી શકે નહીં. પછી શ્રીજીમહારાજને તેડવા આવ્યા તેની સાથે જમવા પધાર્યા અને તે સભામાં નારુપંત નાના બેઠા હતા તેમણે ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, 'ઓલ્યા હરિભક્તને બોલાવો.' ને પછી સાધુએ જઈને તે હરિભક્તને બોલાવી લાવ્યા. ત્યારે તેમણે પૂર્વે કહી તે બધી વાત કહી દેખાડી. ||૬૮૫||

એક સમે ગોપાળાનંદસ્વામીએ એમ વાર્તા કરી જે આ **નારુપંત નાના**એ શ્રીજીમહારાજની ઘણીક સેવા કરી છે. તેણે કરીને શ્રીજીમહારાજે તેમને એવા કર્યા કે સો જન્મે કરીને પણ આવા શુદ્ધ થાત નહીં. એવા શુદ્ધ કરી નાંખ્યા. એમ મોટાની સેવા કર્યાનું ફળ છે. ||૬૮૬||

એક સમે શ્રીજીમહારાજે **ગઢપુર**માં અક્ષરઓરડીમાં મુક્તાનંદસ્વામી તથા શુકમુનિ તથા મુળજી બ્રહ્મચારી તથા રતનજીભાઈ તથા મીયાજીભાઈ આગળ વાત કરી જે, 'આ ગોપાળાનંદસ્વામી છે તે મૂળ અક્ષરનો અવતાર છે !' અને વળી છેલ્લા પ્રકરણના ૨૧મા વચનામૃતમાં પણ આ વાત છે. તે શુદ્ધ સંપ્રદાયે કરીને જો સમજે તો

સમજાય નહીં તો ન સમજાય અને વળી તે સ્વામી કેવા હતા ? તો સર્વ ક્રિયામાં નિરંતર શ્રીજીમહારાજને દેખતા અને સર્વે જીવોને વિષે રહ્યા જે પુરુષોત્તમ નારાયણ તેમને પણ પ્રત્યક્ષ એટલે ફાનસમાં જેમ દીવો દેખાય છે તેમ દેખતા હતા એવા સમર્થ હતા. ||૬૮૭||

ગોપાળાનંદસ્વામીએ વાત કરી જે, 'આજ આપણા સત્સંગમાં એવી સ્થિતિવાળા સંત છે જે આંહીંયાં સર્વે ક્રિયામાં મહારાજને અક્ષરધામમાં નિરંતર દેખે છે.' એમ કહીને **વિજ્ઞાનદાસજી**ને બોલાવ્યા ને તે આવીને સ્વામીને પગે લાગીને પાસે બેઠા ત્યારે સ્વામીએ કહ્યું જે, 'વિજ્ઞાનદાસજી ! એ વિજ્ઞાનદાસજી ! એમ ત્રણ વાર બોલાવ્યા ત્યારે વિજ્ઞાનદાસજી બોલ્યા જે, 'હેં મહારાજ ! પછી સ્વામી કહે, 'વાણિયાની વણથળીની વાર્તા કરો.' ત્યારે તે બોલ્યા જે, 'રાઘવજી સોનીની સ્ત્રીએ દેહ મેલ્યો. તેને મહારાજ તેડવા જતા હતા અને હું ગામને પાદર ઉભો હતો. પછી મને મહારાજનાં દર્શન થયાં એટલે હું જઈને મહારાજને પગે લાગ્યો. પછી મહારાજે મને રથમાં બેસારીને રથ હાંક્યો. અને મને તે હાટમાં બેસાર્યો અને મને કહ્યું જે, 'વળતી વખતે તને તેડતા જશું.' પછી શ્રીજીમહારાજ રાઘવજીભાઈની સ્ત્રીને તેડીને પાછા ગયા અને તે સ્ત્રીની સારું ખાંપણ લાવીને દુકાનમાં મૂક્યું હતું તે લેવા સારુ બેચર શ્રીમાળીએ દુકાન ઉઘાડી અને માંહે ગયા એટલે અંધારામાં મારી સાથે ભટકાણા ત્યારે તે બોલ્યા જે, 'કોણ એ ?' ત્યારે મેં કહ્યું જે, 'એ તો હું રતનો ભક્ત.' ત્યારે તે બોલ્યા જે, 'તમે અહીં ક્યાંથી ?' ત્યારે મેં કહ્યું જે, 'મહારાજ ! રાઘવજીભાઈની ઘરવાળીને તેડવા આવ્યા છે. તે અને મને પોતાના ભેળો તેડી લાવ્યા છે અને અહીંયાં મૂકી ગયા છે.' એમ કહીને બોલ્યા જે, 'મહારાજ કહે વળતી વખતે તને તેડી જાશું.' ત્યારે બેચરભાઈ કહે, 'શ્રીજીમહારાજ તો બાઈને તેડીને પધાર્યા. એ સાંભળીને હું દુકાન બહાર નીકળીને તે બાઈને દેન દેવા સૌની સાથે ગયો અને ત્યાંથી પરબારો ઘરે ગયો. ||૬૮૮||

સ્વામીએ વળી વિજ્ઞાનદાસને કહ્યું જે, 'ઓલ્યા છોકરાની વાત કરો.' ત્યારે તેમણે વાત કરી જે, 'મેં એક છોકરાને વર્તમાન ધરાવીને સત્સંગી કર્યો હતો. પછી તે છોકરો માંદો થયો અને ચાર લાંઘણું થયા પછી તે ભૂખ્યો ને ભૂખ્યો મરી ગયો. તે છોકરાની મા રોતાં રોતાં બોલી જે, 'અરેરે ! ચાર લાંઘણ કરીને મારો દીકરો ભુખ્યો ને ભુખ્યો મરી ગયો. તે ક્યાં ખાશે ?' પછી તે છોકરો આવીને બોલ્યો જે, 'મા ! હું તો કાંઈ ભૂખ્યો નથી ! અને મહારાજે મને સાકરના લાડવા ખવરાવ્યા છે.' તે શબ્દ સાંભળીને બહાર જોયું ત્યાં તો સુવર્ણના રથ ઉપર શ્રીજીમહારાજ ભેળો બેઠેલો દીઠો

અને હાથમાં તેને સાકરના ધોળા સફેદ લાડુ જમવા આપેલા તે પણ જોયા એવાં દર્શન થયાં પછી તે છોકરાએ તેની માને કહ્યું જે, 'મા સ્વામિનારાયણ ભગવાન છે તેમનો તમે આશરો કરશો તો તમારું કલ્યાણ થાશે.' એમ કહીને છોકરો અદશ્ય થઈ ગયો. ॥૬૮૯॥

અને **વડતાલ**માં સ્વામી હતા અને એક હરિજને આવીને સ્વામીની પ્રાર્થના કરીને કહ્યું જે, 'સ્વામી ! હું વહેવારે બહુ દુર્બળ છું. માટે કાંઈક કૃપા કરો તો કાંઈક સુખ થાય અને સુખેથી ભજન થાય.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'કેટલું દ્રવ્ય હોય તો તારે સંતોષ થાય ?' ત્યારે તેણે કહ્યું જે, 'દશ હજાર રૂપિયા હોય તો ઠીક. ત્યારે સ્વામી કહે, 'પછી નહીં વધે હો' ત્યારે ભક્તે કહ્યું જે, 'લાખ રૂપિયાનો સંકલ્પ કરો.' ત્યારે સ્વામી કહે, 'પછી તેથી નહીં વધે' ત્યારે તે હરિભક્ત કહે, 'દશ લાખનો સંકલ્પ કરો.' સ્વામી કહે, ત્યારે જો દશ લાખ રૂપિયા થાય તો તું માળા ફેરવ ખરો ? માટે ઘરે જા અને જેમ છે તેમ રહેશે' માટે મોટા રાજી થાય તો પણ જીવને સંતોષ ન થાય. સાખી-*આશા ઉંડી ખાડ પહાડથી થાય નહીં પુરી; હેમ મેરુસમ હોય તો પણ રહે અધુરી.* ॥૬૯૦॥

એક સમે સ્વામી **વડોદરા**માં હતા. ત્યાં તૈલંગદેશનો મહાવિદ્વાન શાસ્ત્રી આવ્યો હતો. અને કાશી વિગેરે સર્વે સ્થળેથી પોતાનો દિગ્વિજય કરીને આવતો હતો અને વડોદરાના શાસ્ત્રી ઉપર કાશીના શાસ્ત્રીઓએ માણસ મોકલેલું જે, 'આ શાસ્ત્રી સાથે સભા કરશો નહીં અને સભા કરશો તો તમે જીતશો નહીં. માટે તે માગે તેટલી દક્ષિણા તેને આપજો એમ આગળથી ચેતવણી તેને આપી હતી. પછી તે શાસ્ત્રી વડોદરે આવ્યો એટલે વડોદરાના સર્વે શાસ્ત્રીએ વિચાર કર્યો જે, 'આપણે તો તેમની સાથે સભા કરવી નથી પણ અહીંયાં સ્વામિનારાયણના સાધુ ગોપાળાનંદસ્વામી બહુ જ સમર્થ છે. તેમની સાથે સભા કરે તો આ શાસ્ત્રીનો ગર્વ ઉતરે. તે વિના આનો ગર્વ કોઈ ઉતારે તેવો નથી.' એમ વિચારીને સર્વે શાસ્ત્રી ગોપાળાનંદસ્વામી પાસે આવ્યા. ત્યારે સ્વામીએ સૌનો આદરસત્કાર કરાવીને યોગ્યતા પ્રમાણે સૌને બેસાર્યા પછી સ્વામીએ કહ્યું જે, 'શાસ્ત્રીઓ! સૌને એક સાથે મળીને આવવાનું કારણ શું ?' ત્યારે સૌ શાસ્ત્રી બોલ્યા કે, 'સ્વામી ! એક તૈલંગ દેશનો શાસ્ત્રી ચૌદ વિદ્યાનો ભણેલો આવ્યો છે. તે એમ બોલે છે જે કોઈ વિદ્વાનને મારી સાથે કોઈ સભા કરે ? કોઈ સભા કરે ? એમ બોલે છે. તે અમારાથી તેમની આગળ તમારું નામ લેવાઈ ગયું છે ને અમે તો તમારી સાથે સભા કરીએ તેમ નથી અને તમે કહો તેટલી દક્ષિણા આપીએ પણ અહીંયાં સ્વામિનારાયણના સાધુ ગોપાળાનંદ કરીને છે. તેમની સાથે સભા કરો તો સારુ એટલા

માટે અમે તમોને પૂછવા આવ્યા છીએ.' પછી સ્વામી કહે, 'બહુ સારું કહો શાસ્ત્રીને સભા કરે.' પછી સભાનું નક્કી કરીને પાછા તે શાસ્ત્રી પાસે ગયા અને તેને કહ્યું જે, 'અહીંયાં ગોપાળાનંદ કરીને સ્વામિનારાયણ સાધુ છે અને સિયાજીરાવ પણ તેમને માને છે. તેમને જ ભાળે છે માટે તેમની સાથે સભા કરો તો સારુ.' ત્યારે શાસ્ત્રીએ કહ્યું જે, 'બહુ સારુ.' પછી ત્રીજે દિવસે સભા કરવાનો ઠરાવ કર્યો અને દેવગઢમાં સભા કરી. પછી જે વખતે સભાનો સમય થયો ત્યારે સ્વામીએ સૌ સંતને કહ્યું જે, 'શાસ્ત્રી આવે ત્યારે કોઈ ઉભા થશો નહીં.' ને તે શાસ્ત્રી હાથી ઉપર બેઠો હતો અને આગળ ઘીની મશાલો બળતી હતી અને પોતાના તમામ વિદ્યાર્થી પૂર્વ પક્ષ કરતા આવે. એવી રીતે ઠાઠ માઠ થઈને તે શાસ્ત્રી આવ્યો. પછી સ્વામીને જોઈને અને તેમનાં દર્શન કરીને તે શાસ્ત્રી ગાદી તકીયા ઉપર બેઠો અને સ્વામીએ તેમને બધા કુશળ સમાચાર પૂછ્યા પછી સ્વામી બોલ્યા જે, 'આ સભામાં મધ્યસ્થ કોણ શાસ્ત્રી બાવા ?' ત્યારે ગામના શાસ્ત્રી બોલ્યા જે, 'ત્રિભોવનદાસ શેઠ અને મણકી શેઠ એ આ ગામના બે નગર શેઠીયા છે તે મધ્યસ્થ.' ત્યારે સ્વામી કહે, 'તે તો કાપીયા વ્યાજમાં સમજે પણ શાસ્ત્રના અર્થમાં તેઓ કાંઈ સમજે નહીં માટે વિદ્વાન હોય તે મધ્યસ્થ ગણાય.' પછી સૌ બોલ્યા જે, 'કૃષ્ણરામ શાસ્ત્રી અને ધીરજરામ શાસ્ત્રી એ બેને મધ્યસ્થ ઠરાવીએ.' પછી સ્વામીએ શાસ્ત્રીને કહ્યું જે, 'શાસ્ત્રી બાવા ! ઉચ્ચારણ કરો' અને ગોપાળાનંદસ્વામી સાથે ભગવદાનંદસ્વામી તથા કપીલેશ્વરાનંદસ્વામી વિગેરે વિદ્વાન સાધુ સાથે હતા પણ આવેલ શાસ્ત્રી તો સ્વામીને ભાળીને સિંહને ભાળીને શિયાળ જેમ દબાઈ જાય તેમ દબાઈ ગયો. પછી શાસ્ત્રી બોલ્યા જે, 'મહાપુરુષ ! પ્રથમ તમે ઉચ્ચારણ કરો.' પછી સ્વામી વેદની પચીશ શ્રુતિઓ બોલ્યા અને બોલ્યા જે, 'શાસ્ત્રીબાવા આના અર્થ કરો.' ત્યારે શાસ્ત્રી બોલ્યા જે, 'મહાત્મા પુરુષ ! તમે અર્થ કરો.' પછી સ્વામીએ એકેક શ્રુતિના ત્રણ ત્રણ પ્રકારે અર્થ કર્યા. તે સાંભળીને શાસ્ત્રીબાવો પોતાના આસન ઉપરથી ઉઠીને સ્વામીના ચરણારવિંદમાં પડ્યો અને સ્વામીને કહ્યું જે, 'આપ તો સાક્ષાત્કાર વેદમૂર્તિ છો અને હું તો આપની આગળ પતંગીયા જેવો છું અને તમે તો સાક્ષાત્ શ્રી કૃષ્ણ જેવા છે. ' ત્યારે સ્વામી બોલ્યા જે, 'મારા જેવા તો પાંચસેં સંત સ્વામિનારાયણે કર્યા છે અને હું તો સર્વેનો દાસ છું.' એવું સાંભળીને તે સ્વામીનો આશ્રિત થઈને ગયો. ॥૬૯૧॥

એક સમે સ્વામી **વડોદરા**માં હતા અને જયોતિષના ભણેલા શાસ્ત્રીઓ ભેળા થયા હતા અને પુનમનું ગ્રહણ થવાનું હતું. તે વખતે ત્યાં **કૃષ્ણરામશાસ્ત્રી** ગયા હતા. તેમાં એક બીજાને સંવાદ થયો અને જયોતિષવાળાએ કહ્યું જે, 'આ પુનમનું ગ્રહણ છે.'

ત્યારે કૃષ્ણરામ બોલ્યા જે, 'ગ્રહણ થવાનું નથી.' ત્યારે જ્યોતિષવાળા શાસ્ત્રી બોલ્યા જે, 'ગ્રહણ ન થાય તો અમારા માથાં ડુલ કરીયે અને જો થાય તો તમારું માથું ડુલ કરીયે.' એમ એક બીજાએ માથાના હોડ બકીને સોગન ખાધા. પછી બીજે દિવસે સઘળા શાસ્ત્રીઓ મળીને જયોતિષના પુસ્તક લઈને સ્વામી પાસે આવ્યા અને સ્વામીને વાત કરી જે, 'સ્વામી ! આ જયોતિષશાસ્ત્ર જોતાં આ પુનમનું ગ્રહણ થાય તેમ છે અને કૃષ્ણરામશાસ્ત્રી ના પાડે છે અને તેમણે પોતાનું મસ્તક ડુલ કર્યું છે.' તે સાંભળી સ્વામી બોલ્યા જે, 'શાસ્ત્રીજી ! આ ખંડમાં તો ગ્રહણ નહીં દેખાય પણ બીજા ખંડમાં દેખાશે માટે આપણે કાંઈ પાળવાનો સંભવ નથી.' ત્યારે સૌ શાસ્ત્રી બોલ્યા જે, 'સ્વામી! તમે પણ મોટા મહાત્મા થઈને આમ કેમ બોલો છો ?' ત્યારે સ્વામી કહે, 'મેં કહ્યું તે સત્ય છે.' તે વખતે કૃષ્ણરામ શાસ્ત્રીનો દીકરો તે સભામાં બેઠો હતો. તેણે જઈને તેના પિતાને કહ્યું જે, 'સ્વામીએ સૌ શાસ્ત્રીઓને ગ્રહણ થવાની ના પાડી છે જે આ ખંડમાં ગ્રહણ નહીં દેખાય. અને કૃષ્ણરામ શાસ્ત્રી બોલ્યા જે, 'પાણી લાવ્ય પાણી, નાહીને પૂજા કરું.' પછી પૂજા કરી સ્વામીને દર્શને ગયા. ત્યારે સ્વામી કહે જે, 'કૃષ્ણરામ ! ક્યારેય પણ આવું લેવું નહીં. કેમકે તમારે માટે મારે આ ગ્રહણને ફેરવવું પડ્યું.' પછી સ્વામીને પગે લાગીને ઘરે ગયા અને રોટલા જમ્યા અને જે વખતે ગ્રહણ થવાનું હતું. તે વખતે સૌ શાસ્ત્રીઓ પોતાનાં વસ્ત્ર ઉતારીને સભામાં બેઠા અને દુરબીન માંડીને ચારે દિશાઓમાં તપાસ કર્યો પણ ક્યાંઈ ગ્રહણ દેખાણું નહીં અને પછી સૌ સૌને ઘરે ગયા અને થોડા દિવસ પછી સ્વામી વરતાલ પધાર્યા. ત્યારે નિત્યાનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામીને ઠપકો આપીને કહ્યું જે, 'તમોએ આ શું કર્યું ? ગ્રહણ થાતું અટકાવ્યું ! લાખો રૂપિયાના શહેરમાં દાન થાત !' ત્યારે સ્વામી કહે, 'ગ્રહણ તો ફરી થશે પણ કૃષ્ણરામનું મોઢું કાંઈ ફરી ભાળત ?' માટે મોટા પુરુષનો પ્રતાપ આવો છે તે જીવ જાણી શકે નહીં. ।।૬૯૨।।

એક સમે સ્વામી **વડોદરા**માં બેઠા હતા તે સમે **સિયાજીરાવ** સ્વામીને દર્શને આવ્યા. ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તમે લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરી આવો અને પછી બેસો.' તેઓ લક્ષ્મીનારાયણ દેવને દર્શને ગયા. તે સમે લક્ષ્મીજીએ પોતાની ડોકમાંથી હાર કાઢીને સિયાજીરાવને પેરાવ્યો. પછી સભામાં આવ્યા ત્યારે સ્વામીએ કહ્યું જે, 'લક્ષ્મીજી તમારા ઉપર ઘણા પ્રસન્ન છે.' અને સાથે સૌ માણસ હતા તેઓ જોઈને બહુ આશ્ચર્ય પામ્યા. ।।૬૯૩।।

વડોદરામાં સ્વામી સભામાં બેઠા હતા તે સમે એક **રતીરામ** કરીને શાસ્ત્રી આવ્યો. તે સ્વામી પાસે બેસીને કીર્તન બોલ્યો જે—

*"સંત પારસ ચંદન બાવના કામધેનુ કલ્પતરુ સાર સમાગમ સંતનો"*

એ પદ સાંભળીને સ્વામી બોલ્યા જે,'સંતનું વચન એ પારસમણિ છે અને રાજા છે તે પ્રત્યક્ષ પારસમણિ કહેવાય.' પછી તે વખતે સિયાજીરાવ સભામાં બેઠા હતા. તેમને સ્વામીએ કહ્યું જે, 'આ શાસ્ત્રીને રાજી કરો અને તમે તો પારસમણિ કહેવાઓ અને શાસ્ત્રી એ તો લોઢાને ઠેકાણે છે.' પછી સ્વામીએ તે શાસ્ત્રીને કહ્યું જે, 'ગામમાંથી લોઢાની એક લોઢી લઈ આવો.' પછી શાસ્ત્રીએ લોઢી લાવીને સિયાજીરાવને અડાડી. ત્યારે સ્વામીએ સિયાજીરાવને કહ્યું જે, 'આ લોઢી ભારોભાર સોનું શાસ્ત્રીને આપો કેમકે તમે પારસમણિ છો તે આ લોઢું તમને અડ્યું તેનું સોનું થવું જોઈએ.' તે લોઢી વજનમાં દસ શેર હતી. પછી દસ શેર સોનાની લોઢી કરાવીને શાસ્ત્રીને આપી એમ સ્વામીએ શાસ્ત્રીનું દારિદ્ર કાપ્યું. ॥૬૯૪॥

એક સમે સ્વામી **વડોદરા**માં વિરાજમાન હતા. ત્યાં એક હરિજન આવીને લક્ષ્મીનારાયણદેવની પ્રાર્થના કરવા લાગ્યો. અને તેના માથાના તથા દાઢીના શ્વેત વાળ ભાળીને સ્વામી બોલ્યા જે, 'આવો ડોસા !' ત્યારે તે બોલ્યો જે, 'સ્વામી ! તમે મોટા સાધુ થઈને આમ કેમ બોલો છો ?' ત્યારે સ્વામી કહે, 'તારું માથું ધોળું ભાળીને ડોસો કહ્યો.' ત્યારે તે કહે, 'હું તો પોચ કપાળો છું. એટલે ધોળા વાળ વહેલા આવ્યા છે પણ મારી અવસ્થા નાની છે.' તે સાંભળી સભામાં સૌ હસવા લાગ્યા. ॥૬૯૫॥

એક સમે સ્વામી વડોદરામાં વિરાજમાન હતા. ત્યાં એક હરિજન આવીને લક્ષ્મીનારાયણદેવની પ્રાર્થના કરવા લાગ્યો જે, 'કામ ક્રોધાદિક દોષથી મારી રક્ષા કરજો.' તે સાંભળીને દયા આવી જે, 'આ બિચારો બહુ દુઃખિયો છે. તે દેવની આગળ પ્રાર્થના કરે છે તે તેના દોષ ટળે તો સારૂ.' એમ સ્વામી બોલ્યા. તે સાંભળી તે હરિજન સ્વામી પાસે આવ્યો જે, 'હે સ્વામી ! મારા ગઈ સાલમાં લગ્ન થયાં છે !' સ્વામી કહે, 'તું પ્રાર્થના કરતો હતો. તે સાંભળી મને દયા આવી અને તારા વિકાર ટાળી નાંખત.' ॥૬૯૬॥

વડોદરામાં સ્વામી એક સમે સભા કરીને બેઠા હતા અને સ્વામીનો વિદ્યાર્થી **મંગળજી** કરીને બ્રાહ્મણ હતો. તેને સારસ્વત તથા પંચકાવ્ય સ્વામીએ ભણાવ્યાં હતાં અને ભાગવત પણ સ્વામીએ ભણાવ્યું હતું. પછી તે પોતાને ઘરે ગયો અને સ્વામીની કૃપાથી તેને કાંઈક અધિકાર મળ્યો છે. તે એક વખત વડોદરામાં સ્વામીને દર્શને આવ્યો. તે વખતે સ્વામી પાસે સિયાજીરાવ વિગેરે સૌ સભામાં બેઠા હતા. પછી સ્વામીએ મંગળજીભાઈને કહ્યું જે– "આવ્ય મંગળ" તે સાંભળી તેના મનમાં બહુ જ

ખોટું લાગ્યું જે, 'હું આવો મોટો અધિકારી છું ને મારી પાછળ બે સિપાઈઓ ચાલે છે અને સ્વામીએ મને આવ્ય મંગળ કહ્યું.' પછી તે સભામાંથી ઉઠ્યા ત્યારે પુરુષાનંદસ્વામીને એકાંતમાં મળીને કહ્યું જે, 'સ્વામી ! મોટા તો બહુ છે, પણ બોલવાનો વિવેક નથી જે હું આવો મોટો અધિકારી છું તેને ''આવ્ય મંગળ'' કહ્યું.' ત્યારે પુરુષાનંદસ્વામી કહે, 'હું સ્વામીને કહીશ.' એટલે સ્વામી તમને સારી રીતે બોલાવશે.'' પછી સ્વામી સભામાંથી ઉઠીને આસને આવ્યા ત્યારે પુરુષાનંદસ્વામીએ કહ્યું જે, 'તમે મંગળજીભાઈને ''આવ્ય મંગળ'' કહ્યું તે સારું લાગ્યું નહીં અને તે મોટા અધિકારી થયા છે.' સ્વામી કહે, 'કાલ આવશે ત્યારે મંગળજીભાઈ કહીશું.' પછી બીજે દિવસે સભામાં આવ્યા ત્યારે સ્વામી બોલ્યા જે, 'આવો, મંગળજીભાઈ.' તે સાંભળી ઘણો જ પ્રસન્ન થયો. પછી સભા ઊઠી ત્યારે મંગળજીનો હાથ ઝાલીને સ્વામી એક કોરે લઈ ગયા અને કહ્યું, 'મંગળજીભાઈ ! હું તમારો વિદ્યાગુરુ ખરો કે નહીં ?' ત્યારે કહે, 'હા, વળી.' સ્વામી કહે, 'હું બ્રાહ્મણ તે જગત્ ગુરૂ ખરો કે નહી,' ત્યારે તે કહે, 'હા, પછી સ્વામી કહે, 'હું મારી મોટપ્ય સામું જોઉં તો તને મંગળીયો પણ ન કહું.' પછી થોડાક દિવસ થયા એટલે અધિકાર ટળી ગયો અને મંગળીયો થઈ ગયો. એમ મોટા આગળ માન રાખવાથી પોતાનું અનિષ્ટ થાય પણ જીવને ખબર નથી. ॥૬૯૭॥

એક દિવસ સ્વામી **ખેડા** ગામમાં હતા અને સભા કરીને બેઠા હતા. તે વખતે સ્વામીએ **નિત્યાનંદસ્વામી**ને કહ્યું જે, 'કાંઈક ઉપદ્રવ જેવું જણાય છે.' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'આપણે તો જેમ ઈશ્વરની ઈચ્છા હશે તેમ થાશે.' પછી ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, 'આપણે પણ ઝપાટામાં આવશું.' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'આપણે પણ જગતમાં છીએ ને ! 'પછી ડભાણ થઈને વરતાલ ગયા. ત્યાં રાત્રીના દશ વાગ્યા તે વખતે ગોપાળાનંદસ્વામી એમ બોલ્યા જે, 'કોઈ ગૃહસ્થ અહીંયાં હોય તો તેને બહાર કાઢી મેલો.' એમ કહીને બોલ્યા જે, 'અહીંયાં ધર્મશાળાની પછવાડે પાંચ રાંડું ઉભી છે તે એમ વિચાર કરે છે કે પહેલાં મંદિરમાં જશું કે પહેલા ગામમાં જશું ?' ત્યારે તેમાંથી એક બોલી જે, 'મંદિરમાં તો એક બાવો બહુ વસમો છે. તે કનડે.' એમ કહીને બે ભોઈવાડામાં ગઈ અને ત્રણ કોળીવાડામાં ગઈ. પછી ગામમાં કોગળીયાનો ભારે ઉપદ્રવ થયો. પછી ગામના લોકોએ મળીને ઝાંપે માતા પાસે એક પાડો માર્યો એટલે ઉલટો કોગળીયાનો રોગ વૃદ્ધિ પામ્યો. પછી ગામનાં સર્વ લોક મળીને ગોપાળાનંદસ્વામી પાસે આવીને પ્રાર્થના કરીને કહ્યું જે, 'હે સ્વામી ! અમે તો સર્વે મરી જાશું.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'અહીંયાં સાક્ષાત્ લક્ષ્મીનારાયણ દેવ વિરાજમાન છે તથા રઘુવીરજી મહારાજ પણ છે અને નિત્યાનંદ સ્વામી જેવા સંત છે.

અને હનુમાનજી વિગેરે દેવો પણ વિરાજમાન છે તેમને મેલીને માતા આગળ પાડો માર્યો એટલે સર્વે મરવાના જ છો.' ત્યારે પાટીદારોએ કહ્યું જે, 'બાપજી ! ભુલી ગયા અને હવે જેમ તેમ કહો તેમ કરીએ અને દયા કરો.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'જાઓ બ્રાહ્મણની ચોરાશી કરો અને હનુમાનજીની રૂદ્રી કરાવો.' પછી તેમણે સૌએ તેવી રીતે કર્યું એટલે રોગ નિવૃત્તિ પામી ગયો. ॥૬૯૮॥

સ્વામી એક વખત **વડોદરા**માં હતા અને દિવાનજી યજ્ઞ કરતો હતો. પછી તેની પૂર્ણાહુતિ કરી તે દિવસે સ્વામીએ એમ સંકલ્પ કર્યો જે, 'આ મહારાજનો દ્રોહી છે માટે તેનો યજ્ઞ નિર્વિઘ્ન થાય તે ઠીક નહીં અને જો વરસાદ થાય તો તેનો યજ્ઞ વિંખાઈ જાય.' પછી અતિશય વરસાદ થયો. તેથી યજ્ઞ નિર્વિઘ્ન થયો નહીં. ॥૬૯૯॥

સ્વામી એક વખત વડોદરે હતા ને વરસાદ વરસ્યો નહોતો. તેથી પ્રજા સર્વે પીડાણી. પછી સર્વે હરિજન સ્વામી પાસે આવ્યા ને પ્રાર્થના કરી જે, 'સ્વામી ! દયા કરીને વરસાદ કરો તો જીવીએ નિકર સર્વ મરી જાશું. ત્યારે સ્વામીએ સંકલ્પ કર્યો. તે ત્રણ દિ ને ત્રણ રાત વરસાદ થયો. ॥૭૦૦॥

અને એક સમયમાં **ગોપાળાનંદસ્વામી** પુનમની રાત્રીએ ચંદ્રમાનું મંડળ જોઈને અને તેની શીતળતા જોઈને તે મંડળમાં મહારાજની મૂર્તિ ધારી અને પ્રતિલોમવૃત્તિ કરીને મહારાજની મૂર્તિ સહિત ચંદ્ર મંડળને ખેંચ્યું કે બાર હજાર જોજન ચંદ્રમંડળ તત્કાળ ખેંચાઈ આવ્યું તેમાંથી મહારાજ સ્વામીની પાસ આવીને તુરત બોલ્યા જે, 'તમારે શું અજાણ્યું છે ? તે આ ચંદ્રમાનું મંડળ ખેંચ્યું ! માટે તેને સ્થિર રહેવા દ્યો.' પછી સ્વામીએ વૃત્તિ પાછી ખેંચી એટલે તત્કાળ ચંદ્રમંડળ પોતાને ઠેકાણે ગયું. ॥૭૦૧॥

મહારાજ જ્યારે દેહોત્સવ કરવા તૈયાર થયા તેની પહેલા સર્વેએ પૂછ્યું જે, 'મહારાજ ! અમને શી આજ્ઞા કરો છો ?' પછી મહારાજે જેને જેમ ઘટે તેમ તેમ મોટા સદ્‌ગુરુ સાથે જોડાવાનું કહ્યું. પછી હરજી ઠક્કરે મહારાજને પૂછ્યું ત્યારે મહારાજે કહ્યું જે, 'તમારે ગોપાળાનંદસ્વામીનો સમાગમ રાખવો.' પછી સ્વામી પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી છ મહિના સ્વામીનો સમાગમ કરતા અને છ મહિના ઘરનો વ્યવહાર કરતા. ॥૭૦૨॥

એક સમય ગઢપુરમાં **સચ્ચિદાનંદસ્વામી**એ ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, 'સ્વામી! તમને મહારાજ વારંવાર બોલાવે છે અને પૂછે છે. તે તમારૂં હૈયું ભલું હાથ રહે છે અને મને તો એટલું બોલાવે તો હું તો ગાંડો થઈ જાઉં. ત્યારે સ્વામી કહે,

'અમારા હૈયાં કાંઈ તમારા જેવાં પોચાં નહીં જે હાથ ન રહે.' ॥૭૦૩॥

સ્વામી **વડોદરા**માં હતા અને સાથે સાઠ સાધુ હતા અને ત્યાં ત્રણ મહિના સુધી રહ્યા અને નિરંતર પાકી રસોયું ચાલતી હતી. ઘોડા ગાડીએ બેસી બેસીને સ્વામી ગામમાં જમવા પધારતા હતા. એમ ત્રણ મહિના સુધી સૌ સંતને જમાડ્યા અને પછી વડતાલ જવાને તૈયાર થયા અને ચાલીને ગામ **કરાળી**માં આવીને રાત રહ્યા. પછી સવારે સ્વામીએ સાધુને કહ્યું જે, 'આપણે વડોદરામાં ગાડીએ બેસીને હરિજનને ઘરે જમવા જતા હતા. તે તો શ્રીજીમહારાજનો પ્રતાપ અને મહારાજને પ્રારબ્ધે જમતા હતા.' પછી સાધુને દેખાડવાને માટે સ્વામી બોલ્યા જે, 'આજ તો આપણાં પ્રારબ્ધ અજમાવીએ.' એમ કહીને સ્વામીએ ચાર સાધુને ગામમાં ઝોળી ફેરવવા મોકલ્યાં ત્યારે ગામમાંથી ખોરી જારનો દશ શેર લોટ મળ્યો તે લાવીને સાધુએ સ્વામી પાસે મેલ્યો. ત્યારે સ્વામીએ સૌને કહ્યું જે, 'જુવો, આપણા નસીબમાં તો ખોરી જાર છે માટે હવે સૌ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ધુન્ય કરીને ભજનમાં બેસો અને જો મહારાજના પ્રારબ્ધમાં હોય તો આપણને આપે.' એમ કહીને સૌ સંતે ભજનમાં બેસાર્યા એટલામાં ગામ આણંદના પાટીદાર બાવજીભાઈ તે ગામમાં આવ્યા ને ગામની ભાગોળે ઘોડી ઉભી રાખીને ત્યાં બાળક રમતાં હતાં તેને ભાળ્યાં તેને પૂછ્યું જે, 'છોકર્યો ! આ ધર્મશાળામાં કોણ છે ? 'ત્યારે છોકરાં બોલ્યાં જે, 'એ તો ગઈ કાલે સાંજે સ્વામિનારાયણના મુંડીયા આવેલા છે તે બોલે છે.' તે સાંભળીને બાવાજીભાઈ ત્યાં ગયા. ત્યાં તો ગોપાળાનંદસ્વામીને દીઠા. એટલે પોતે તરત જ ઘોડી ઉપરથી નીચે ઉતર્યા અને સ્વામીને દંડવત કરીને પગે લાગ્યા અને સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! રસોઈને માટે શું કર્યું છે ?' પછી સ્વામીએ ઝોળી માંહેનો આટો દેખાડ્યો. તે જોઈ બાવોજીભાઈ બોલ્યા જે, 'આ તમારા માટે હોય નહીં.' એમ કહે છે તેટલામાં તો તે બાવાજીભાઈના વેવાઈ ગામમાં હતા. તેઓ તેમને તેડવા આવ્યા અને ઘરે તેડી જવા માટે સૌએ બહુ આગ્રહ કર્યો ત્યારે બાવાજીભાઈ બોલ્યા જે, 'આ સાધુ જમ્યા પછી મારાથી જમાશે. માટે આ સાઠ સંત છે તેમના સારુ એક મણ આટો અને તે પ્રમાણે સાકર ઘી દાળ ચોખા વિગેરે સામાન મગાવો અને બે રસોયા બોલાવો. અને સંત જમ્યા પછી હું જમીશ.' ત્યારે તેના સંબંધી બોલ્યા જે, 'સંત તો અમારા મેમાન કહેવાય. માટે અમારા તરફથી સંતને રસોઈ આપશું.' પછી રસોયા બોલાવીને રસોઈ કરાવીને સંતને જમાડ્યા અને બાવાજીભાઈ વિગેરે પોતાના સંબંધી સર્વે સ્વામીની પ્રસાદી જમ્યા પછી સ્વામીએ સૌ સંતને કહ્યું જે, 'આપણા પ્રારબ્ધમાં તો પહેલાં લોટ આવ્યો હતો તે છે. પણ જ્યારે મહારાજ આવ્યા ત્યારે આપણે સૌ પાકી રસોઈ જમ્યા.'

એમ શ્રીજીમહારાજના પ્રતાપથી માન અને સત્કાર થાય છે. માટે સૌને શ્રીજીમહારાજનું બળ રાખવું. ॥૭૦૪॥

એક સમે સ્વામી **વડોદરા**માં હતા અને **મહોરાલ ભાઉ**ને ઉંઘ આવતી નહોતી પછી તેમણે સ્વામી પાસે આવીને પ્રાર્થના કરીને કહ્યું જે, 'મને બાર વરસ થયા નિંદ્રા આવતી નથી માટે દયા કરો તો સારૂં થાય.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'આ કૃષ્ણરામ શાસ્ત્રી તમારૂં વૈદું કરશે એટલે તમને નિંદ્રા આવશે.' તે ગયા કેડે કૃષ્ણરામે સ્વામીને કહ્યું જે, 'સ્વામી! હું ક્યાં વૈદુ ભણ્યો છું ?' ત્યારે સ્વામી કહે, 'તારે ભણ્યાનું શું કામ છે ? હું આપું તે ઓસડ. તું તેને ખવરાવજે એટલે તેનો રોગ નાશ પામશે અને તારી જીવાઈ ચાલશે.' પછી સ્વામીએ અઢી તીખાં અને અઢી તુળશીનાં પાન લઈને કૃષ્ણરામને પડીકું વાળીને આપ્યું. અને સ્વામીએ કહ્યું જે, 'સ્વામિનારાયણનું નામ લઈને તેને ખવરાવજે એટલે તેને નિંદ્રા આવી જશે.' પછી કૃષ્ણરામે તે પડીકું આપ્યું. તે ખાઈ ગયા અને તુરત નિંદ્રાવશ થઈ ગયા. તે સાંજના ચાર વાગે નિંદ્રામાંથી જાગ્યા. પછી બીજે દિવસે કૃષ્ણરામને બોલાવીને તેને જીવાઈ બાંધી આપી. ॥૭૦૫॥

સ્વામી વડોદરામાં હતા અને **કૃષ્ણરામશાસ્ત્રી**ના દીકરાના લગ્ન કર્યા હતાં અને જેઠ માસ હતો. ત્યારે વરસાદ વરસવા મંડ્યો એટલે ક્યાંઈ ગાડાં ભાડે મળ્યાં નહીં. પછી સ્વામી પાસે મંદિરમાં આવ્યા અને તેમણે સ્વામીની પ્રાર્થના કરી જે, 'સ્વામી ! લગ્નનો દિવસ નજીક આવ્યો છે અને ગાડાં મળતાં નથી.' પછી સ્વામી કહે, 'તમે બહાર નીસરો એટલે ગાડાં મળશે.' પછી કૃષ્ણરામ સ્વામીને પગે લાગીને મંદિર બહાર નીસર્યા. ત્યાં તો મંદિરને ડેલે ભાડાતુ ઉભા હતા તે બોલ્યા જે, 'ભાઈઓ ! કોઈને ગાડાં ભાડે કરવાં છે ?' ત્યારે કૃષ્ણરામ બોલ્યા જે, 'હા, મારે જાન માટે ગાડાં ભાડે કરવાં છે.' પછી સવારમાં જાન જોડીને ચાલતાં મહી નદીને કાંઠે આવ્યાં. એટલામાં કેટલાક લોક સામા મળ્યા અને બોલ્યાં જે, 'ગાડાં લઈને ક્યાં જાઓ છો ? ત્યાં તો મહી નદી બે કાંઠે ચાલી જાય છે અને અમે સૌ પાછાં વળ્યાં છીએ.' અને કૃષ્ણરામને તો સ્વામીનો સંપૂર્ણ વિશ્વાસ હતો તેથી ગાડાં ચાલતાં રાખ્યાં અને નદીને કાંઠે ગયા. અને જ્યાં જુએ ત્યાં તો બન્ને તરફ પાણીમાં રસ્તો નજરે પડ્યો એટલે તે મારગે નદીમાં ગાડાં ચાલતાં હતા અને ચાલતાં માણસો પણ સામે કાંઠે ગયાં. પછી સૌએ સામે કાંઠે જઈને પાછું વાળીને જોયું ત્યાં તો મહી નદી બે કાંઠામાં ચાલી જતી જોઈ. તે જોઈને સૌના મનમાં આશ્ચર્ય થયું. અને ગાડાંને બે પડખે વરસાદ વરસ્યા કરે એવી રીતે લગ્ન કરીને ઘરે આવ્યા અને પછી મંદિરમાં જઈને સ્વામીની પ્રાર્થના કરીને કહ્યું જે, 'હે સ્વામી ! તમારા પ્રતાપથી લગ્ન કરીને નિર્વિઘ્નપણે ઘરે આવ્યા પણ કોઈ

જાતની અડચણ આવી નહીં.' ॥૭૦૬॥

વડોદરામાં **નાથ ભગત** હતા તેમણે નારુપંતને દુઝણી ભેંશ વેચાતી આપી હતી. શા માટે જે નારુપંત નાના સત્સંગી છે અને આપણે પણ સત્સંગી છીએ. એટલે તે આપણી જીવંત પર્યંત ખબર રાખશે અને આપણે સુખેથી ભજન કરશું એમ જાણીને દુઝણી ભેંશ આપી હતી પણ નારુપંત નાના તો ક્યાંથી જાણે જે ભેંશ ક્યાંથી લાવ્યા ? ને કોણે આપી છે? તે તો જાણતા નહોતા પણ ભેંશ વેચાતી લઈ જનાર માણસે પૈસા પણ આપ્યા નહીં અને નાથ ભગતને ભજનમાં વિઘ્ન આવવા માંડ્યું. પછી તેમણે ગોપાળાનંદસ્વામીને તે વાત કરી જે, 'અમે દીવાનસાહેબને ભેંશ આપી છે પણ નારુપંત તરફથી રૂપિયા મળ્યા નહીં અને તેને લઈને ઘરમાં તાવડી પોરા ખાય તેવી સ્થિતિ થઈ છે.' પછી સ્વામીએ કહ્યું જે, 'નારુપંત નાના મારે દર્શને આવે ત્યારે તમે મંદિરને દરવાજે ઉભા રહેજો.' પછી દીવાન એક વખત સ્વામીને દર્શને આવ્યા. ત્યારે નાથ ભગત દીવાનને ચાલતી વખતે દરવાજા બહાર જઈને ઉભા રહ્યા અને જે વખતે દીવાન દરવાજે નીકળ્યા ત્યારે નાથભગતે હાથ જોડીને કહ્યું જે, 'સાહેબ ! મારી ભેંશના રૂપિયા મને મળ્યા નથી.' તે સાંભળી નારુપંત નાનાને ક્રોધ ચડ્યો જે, 'હું વડોદરાનો દીવાન છું અને ભેંશના રૂપિયાની આહીં ઉઘરાણી.' એ જાણી પોતાના પગમાં પગરખું પહેર્યું હતું તેના સામી જ્યાં દૃષ્ટિ કરી અને પગમાંથી પગરખું કાઢવા જાય છે તેટલામાં સભામાંથી સ્વામીએ માંકારો કર્યો. પછી તે વેળા દીવાનસાહેબ ચાલી નીકળ્યા તે ભગવદીના અપરાધે કરીને સિયાજીરાવને કેદ કરવાની પાંચ જણે સહીઓ કરી હતી. તે ભેળી તેમણે પણ સહી કરી. અને તે ચીઠી સિયાજીરાવના હાથમાં આવી અને નારુપંત નાનાને બોલાવીને કહ્યું જે, 'તું આ કપટમાં છો ?' ત્યારે તેમણે કહ્યું જે, 'હું કાંઈ પણ જાણતો નથી.' પછી તેના હાથ અક્ષર બતાવ્યા. પછી સિયાજીરાવે હુકમ કર્યો જે, 'જાવ, નારુપંત નાનાને હાથીને પગે બાંધીને બજાર વચ્ચે ઢસડજો.' તે સાંભળી નારુપંતના છોકરાં સ્વામી પાસે આવ્યાં અને સૌ કલ્પાંત કરવા લાગ્યા. ત્યારે સ્વામીએ કહ્યું જે, 'હાથીને પગે તો નહીં બાંધે પણ દેશપાર કરશે.' પછી સિયાજીરાવે નારુપંતને કહ્યું જે, 'તેં મને સ્વામિનારાયણ ભગવાન મેળવ્યા છે માટે તને દેશપાર કરૂં છું અને બીજાને દેહાંત દંડ આપ્યો.' તેમાં પોતાની રાણીને જીવતી ભીંતમાં ચણી દીધી અને બીજાને લીલા કાંટામાં બાળ્યા. એવી રીતે શિક્ષા કરી હતી. ॥૭૦૭॥

એક સમે **વડોદરા**માં ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી તથા શુકમુનિ વગેરે ગયા હતા. અને એક દિવસ **નિષ્કુળાનંદ સ્વામી** ઉપવાસી હતા અને સવારમાં ઉઠીને પોતે સ્નાન કરવા ગયા હતા. પછી સૌ સદ્‌ગુરુએ પોતાના સેવકોને કહ્યું જે,

'**નિષ્કુળાનંદસ્વામી** ઉપવાસી છે માટે સૌ એક એક પડીયો બરફીનો તેમને આસને મેલી આવો એટલે પોતે પૂજા કરીને પારણું કરશે.' પછી નિષ્કુળાનંદસ્વામી નહાઈને આવ્યા અને પોતાને આસને પાંચ બરફીના પડીયા ઢાંકેલા હતા તે જોયા અને સ્વામી બોલ્યા જે, 'મોરારચરણદાસ ! આ શું ઢાંકેલું છે જોને ?' પછી તેમણે જોઈને કહ્યું જે, 'સ્વામી ! તમે ઉપવાસી છો માટે સદ્‌ગુરુઓએ તમને પારણું કરવા માટે બરફીના તથા પેંડાના પડીયા મોકલ્યા છે.' તે જોઈને સ્વામીએ કહેડ કમર તરત બાંધી અને સાબદા થયા અને સભામાં જઈને દંડવત કર્યા. ત્યારે ગોપાળાનંદસ્વામીએ પૂછ્યું જે, 'સ્વામી ! આમ કેમ છે ?' ત્યારે નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, 'હું રજા લઉં છું.' ત્યારે સ્વામીએ પૂછ્યું જે, 'તેનું કારણ શું છે ?' પછી નિષ્કુળાનંદસ્વામીએ સભામાં બેસીને સૌને વાત કરી જે, 'એક ગામમાં એક ડોશી રહેતી હતી અને એક રાજાનો કુંવર હતો. તે કુંવરને ડોશીની સાથે બાળપણથી સ્નેહ હતો. ને તે કુંવર ડોશીને નિત્ય કહેતો જે, 'ડોશીમા ! મારા જેવું કાંઈ કામકાજ હોય તો કહેજો.' ત્યારે ડોશી કહે ઠીક દીકરા ! કોઈક વખત વાત.' એવા સમયમાં તે ડોશી પાણીનું બેડું ભરવા ગઈ હતી તે વખતે તે ડોશીના ઘરનું બારણું ઉઘાડું પડયું રહેલું. તે વખતે એક કુતરી તેના છાપરામાં પેસી ગઈ અને ઘંટીનું થાળું ચાટતી હતી અને ડોશી પાણી ભરીને આવી તે વખતે ડોશીયે બેડું હેઠું મેલીને કુતરીને હડે હડે કર્યું પણ તોય કુતરી હુંકારા કરીને સામી થઈ ત્યારે ડોશીયે કહ્યું જે, 'ઉભી રહે, રાંડ! હમણાં રાજાના કુંવરને બોલાવું છું. પછી તારી વાત.' ડોશી એકદમ ઉતાવળી ઉતાવળી રાજાના કુંવર પાસે જઈને ઉભી રહી. ત્યારે રાજાના કુંવરે પૂછ્યું જે, 'ડોશી મા ! કેમ આવ્યાં ?' ત્યારે ડોશી કહે, 'મારા ઘરમાં કુતરી પેસી ગઈ છે તે નીકળતી નથી.' તરત કુંવરે તે સાંભળીને હુકમ કર્યો જે, 'જાઓ, તોપુ માંડો અને કુબો ઉડાવી ધો.' પછી તોપવાળા માણસે આવીને તોપ માંડી તે કુતરી સહિત કુબાને ઉડાવી દીધો.' તેમ નિષ્કુળાનંદસ્વામી કહે, 'તમે સૌ રાજાના કુંવરને ઠેકાણે છો અને પેલી ડોશીને ઠેકાણે હું છું અને મારે ભૂખરૂપી કુતરી પેટમાં પેઠી છે. માટે એક તોપે ડોશીનો કુબો ઉડી ગયો તેમ મારા કુબા ઉપર પાંચ તોપો માંડીયું છે. તે મારો કુબો રહેશે ખરો ? ઉડી જાશે !' પછી ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, 'જાઓ, તમારી મેળે રોટલો કરો અને સુખેથી જમો અને નિશ્ચિંત રહો.' ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ કેડ્ય છોડી. ॥૭૦૮॥

એક સમે સ્વામી **વડોદરા**માં હતા અને સાથે પચાસ સાધુ હતા. અને નિરંતર દૂધપાક પુરીની રસોઈઓ ચાલતી હતી. પછી કેટલીક વખત સ્વામીએ દૂધપાકની રસોઈની મનાઈ કરેલી છતાં સૌ તેને તે રસોઈયું કરાવતાં અને સ્વામી નિષેધ કરે જે,

'દુકાનનું દૂધ શુદ્ધ ન હોય ! માટે કોઈ હરિજન દૂધ લાવશો નહીં.' તોપણ એક હરિજન સવારમાં દૂધના દેગડાં ભરીને લાવ્યો. તે જોઈ સ્વામી સભામાંથી ઉભા થઈને દૂધનો દેગડો લઈને લઘુશંકાના ખાળીયામાં રેડી દીધો. પછી સૌ દૂધ લાવતા અટકી ગયા અને બીજે દિવસે સ્વામીએ પોતાના સેવક પુરુષાનંદસ્વામીને કહ્યું જે, 'કેમ પુરૂષાનંદ! આજ કોઈ કેમ દૂધ લાવતું નથી ? ત્યારે પુરૂષાનંદસ્વામી કહે, 'સ્વામી ! ખાળીયે ઢોળી નાંખવા કોણ લાવે ?' સ્વામી કહે, 'હું પ્રથમથી જ ના પાડતો હતો. પણ મારું માન્યું નહીં.' તેથી એમ કરવું પડ્યું. ।।૭૦૯।।

એક સમે સ્વામી વરતાલમાં હતા અને **ઝોળ** ગામના શાસ્ત્રી **રાજારામ** તથા શાસ્ત્રી **ભોળાનાથ** તેમના વિદ્યાર્થી હતા. તે ભિક્ષાવૃત્તિ કરીને અભ્યાસ કરતા હતા. પછી શાસ્ત્રીએ સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! ભિક્ષા પુરી મળતી નથી.' ત્યારે સ્વામી કહે, 'કે આટો શેમાં રાખો છો ?' ત્યારે વિદ્યાર્થીઓએ કહ્યું કે, 'માટલીમાં રાખીએ છીએ.' ત્યારે સ્વામી કહે, 'કે તે માટલી ભોમાં ડાટો અને તેનું મોઢું ઉઘાડું રાખવું અને તેમાંથી કાચલીથી લોટ કાઢવો.' પછી સૌ વિદ્યાર્થીઓએ માટલી પૃથ્વીમાં ડાટી અને સ્વામીના કહેવા પ્રમાણે તેમાંથી કાચલીથી લોટ કાઢીને નિર્વાહ ચલાવવા લાગ્યા. એમ કરતાં કરતાં ઘણાક માસ થયા તો પણ માટલીમાં તેમનો તેમ આટો ભર્યો રહેતો. એવા સમયમાં એક માતર ગામનો વિદ્યાર્થી કુસંગી હતો. તે આવીને સૌ વિદ્યાર્થીના સાંભળતાં બોલ્યો જે, 'ગોપાળાનંદ શું કરે એમ છે ?' એમ કહીને માટલી ભોંયમાંથી બહાર કાઢી નાખી. પછી બીજે દિવસે તે માટલીમાંથી આટો થઈ રહ્યો. પછી સૌ વિદ્યાર્થીઓએ પેલા માતરવાળા વિદ્યાર્થીને તિરસ્કાર કરીને શાળામાંથી કાઢી મૂક્યો. ।।૭૧૦।।

એક વખતે સ્વામી વરતાલથી **નાપા** ગામ પધાર્યા હતા ને ત્યાં થોડાક દિવસ રહીને પાછા વરતાલ પધારવા તૈયાર થયા. તે વખતે સૌ હરિજન સ્વામીને વળાવવા સારૂ આવ્યા હતા. પછી સ્વામીએ સૌને ઉભા રાખીને રજા આપી ને પેલા બે ભાઈ બારોટ બોલ્યા જે, 'સ્વામી ! અમારે એકેને પુત્ર નથી.' તે વખતે સ્વામીએ ખેતરમાંથી એક તાંદળજાનું ડાળખું ત્રોડીને આપ્યું જે, 'લે, આ તારે પુત્ર.' ત્યારે તે હરિભગત બોલ્યા જે, 'સ્વામી ! આ તો બે ડાળખાં છે.' ત્યારે સ્વામી કહે, 'તારે બે પુત્ર થશે.' પછી સ્વામીના આશીર્વાદથી તેને બે પુત્ર થયા ને બન્ને એકાંતિક ભક્ત થયા. ।।૭૧૧।।

એક સમે સ્વામી વરતાલમાં હતા. અને **ઝોળ** ગામનો પાટીદાર ભક્ત **ભુલો સ્વામી**ને દર્શને આવ્યો હતો. ત્યારે સ્વામીએ ભુલા ભગતને કહ્યું જે, 'તમારા ગામમાં મંદિર નથી ?' ત્યારે ભુલો ભગત કહે, 'મારૂં ગામ સ્વામી મુસલમાનનું છે. ત્યાં મંદિર

કરવા કેમ દે ?' ત્યારે સ્વામી કહે, 'તેનો શો ભાર છે ? ચાલ હું તારી સાથે આવું અને તું આજે ત્યાં જઈને ઈંટો તથા ચુનો વિગેરે તૈયાર કર્યા અને પછી મારી પાસે આવજે.' પછી ભુલો ભગત ઘરે જઈને ઈંટો તથા ચુનો વગેરે સામાન તૈયાર કરીને સ્વામીને તેડવા માટે ગાડું લઈને આવ્યા. પછી સ્વામી પોતાની સાથે સાઠ સીત્તેર માણસ લઈને તથા કડીયા વિગેરેને પણ સાથે લઈને સ્વામી ઝોળ પધાર્યા અને ગામને પાદર જઈને દેરો નાંખ્યો. પછી સ્વામી ભુલા ભગત સાથે જગ્યા જોવા નીકળ્યા અને જે જગ્યા ગામધણીની હતી તે જગ્યામાં સ્વામીએ મંદિરનો પાયો ચીતરી દીધો. ત્યારે ભુલે ભગતે કહ્યું જે, ' સ્વામી ! આ તો ગામધણીની જગ્યા છે.' ત્યારે સ્વામી કહે, 'તારે શી ચિંતા છે ? તારે તો હું કહું તેમ કરવું છે ને ?' પછી સ્વામીની આજ્ઞા પ્રમાણે સૌ સંત તથા પાર્ષદ તથા હરિજન વિગેરે પાયો ખોદવા લાગ્યા. તેના ખબર ગામધણીએ સાંભળીને પોતે સાથે પાંચ સાત બૈરાં લઈને તથા કેટલાક મુસલમાનોને લઈને સ્વામીની પાસે આવ્યો અને સ્વામીને કહેવા લાગ્યો જે, 'આ કોના કહેવાથી જગ્યા કરો છો ?' ત્યારે સ્વામી કહે કે, 'મને કોણ કહે ? હું મારી સત્તાથી કરાવું છું !' ગામધણી કહે, 'મારી જગ્યા છે.' સ્વામી કહે, 'ભલે તારી જગ્યા હોય !' પછી મુસલમાને એ બાઈઓને કહ્યું જે, 'જાઓ, સાધુને ઉપવાસ પડાવો.' પછી બૈરાંએ સાધુ પાસે ગયાં. તેવો જ એક મોટો નાગ નીસર્યો અને સૌ આઘા પાછાં નાસી ગયાં. અને ગામધણીની છોકરીને તે નાગ કરડ્યો. તેને ઉપાડીને સૌ દાટવા ગયાં. અને દાટીને જારથ કરીને ઘરે આવ્યા પછી આવીને વિચાર કર્યો જે, 'આપણા ગામમાં સ્વામિનારાયણનું મંદિર હોય નહીં કેમકે ત્યાં તો નગારાં વાગે તથા ઝાલરૂં વાગે તે સાંભળીને આપણી કબરોમાંથી સૌ બેઠાં થાય.' તેવો વિચાર કરીને વળી સૌ જ્યાં મંદિર થાતું હતું ત્યાં આવ્યા અને તેમણે મળીને મંદિરનું ચાલતું કામ અટકાવવા લાગ્યા. તે વખતે ભુરીયો નાગ નીકળ્યો અને તેને ભાળી સૌ ભાગ્યા અને ગામધણીની પાછળ ભુરીયો નાગ દોડીને ફેણો મારવા લાગ્યો તેથી તેના હાથમાંથી હોકો પડી ગયો અને પોતે પણ પડી ગયો અને તેના છોકરાને તે ભુરીયો નાગ કરડ્યો. પછી તે જગ્યાનો ધણી સ્વામી પાસે આવીને બહુ દિલગીર થયો અને સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! ભલા થઈને મારા છોકરાને જીવતો કરો.' સ્વામી કહે, 'જો જગ્યાને કાંઈ પણ અડચણ ન કરે તો છોકરો બેઠો થાય.' પછી તેણે સ્વામી પાસે સોગંદ ખાધા કે, 'જો હું આંહીં પાછો આવું તો હીંદવાણે ગાય અને મુસલમાને સુવર.' એવી રીતે સોગંદ ખાઈને સ્વામીના પગમાં પડ્યો અને પ્રાર્થના કરીને કહ્યું જે, 'મારો દીકરો જીવતો થાય તેવી કૃપા કરો.' પછી સ્વામીએ કહ્યું જે, 'જગ્યાનો લેખ કરી આપ તો છોકરો જીવતો થાય.' પછી તેણે જગ્યાનો લેખ કરીને

આપ્યો અને સ્વામીએ તેનો છોકરો જીવતો કર્યો. પછી સ્વામી વરતાલ જવાને માટે તૈયાર થયા. તે વખતે ભુલા ભગતે સ્વામીને કહ્યું જે, 'સ્વામી! તમે પધારો છો પણ આ લોકો મંદિર પુરૂં થાવા નહીં દે.' પછી સ્વામી કહે, 'તારી રક્ષામાં આ ભુરીયો નાગ છે. અને તને કોઈ જાતની અડચણ આવવા નહીં દે.' એમ કહીને સ્વામી વરતાલ પધાર્યા અને વાંસેથી તે મુસલમાનની મતિ ફરી તે જગ્યાનો અટકાવ કરવા આવ્યો. એટલે ભુરીયો નાગ નીકળીને તે મુસલમાનની વાંસે દોડ્યો ને મુસલમાનને ફેણ્યો મારવા મંડ્યો તેથી તે મુસલમાન પડી ગયો ને હોકો ફુટી ગયો. તે જોઈને મુસલમાન બોલ્યો જે, 'ભુલા ! તારા ભુરીયાને વાર્ય, ભુરીયાને વાર્ય, ભુરીયાને વાર્ય.' પછી ભુલો ભગત બોલ્યો જે, 'હટ ભુરીયા, હટ ભુરીયા.' ત્યારે ભુરીયો પાછો વળ્યો અને ભુરીયા નાગને મંદિરની ચોકીમાં રાખ્યો. તે હજી સુધી છે. ।।૭૧૨।।

એક વખત **બ્રહ્માનંદસ્વામી** જુનાગઢ મંદિર કરવા ગયા હતા. અને ત્યાં ચુનાની ભઠી નાંખી હતી અને ગામમાં સંપ્રદાયનો દ્વેષી એક બાવો રહેતો હતો અને તે જંત્ર મંત્ર વિગેરે પ્રયોગ જાણતો હતો. તેણે કરીને તે અગ્નિ ભઠીને લાગવા ન દેતો આથી બ્રહ્માનંદસ્વામી બહુ જ કંટાળી ગયા હતા. તેવા સમામાં ગોપાળાનંદસ્વામી જુનાગઢ પધાર્યા અને બ્રહ્માનંદસ્વામી વાત કરી જે, 'સ્વામી ! સત્સંગનો દ્વેષી એક બાવો છે. તે ભઠીને અગ્નિ લાવવા દેતો નથી.' એવાં પ્રાર્થનાના વચન સાંભળીને ગોપાળાનંદ સ્વામી પોતાની સાથે સાધુ તથા હરિજનોને લઈને જે ઠેકાણે ભઠી હતી ત્યાં ઘોડા ગાડીમાં બેસીને પધાર્યા. પછી સ્વામી ત્યાં દૂધ મંગાવીને ફરતી દૂધની ત્રણ ધારાવાડી દીધી. અને સ્વામી બોલ્યા જે, 'ચેત. ચેત. ચેત.' એમ ત્રણ વખત જ્યાં બોલ્યા તે વખતે ભઠીમાં અગ્નિ પ્રદીપ્ત થયો. જેમ અગ્નિમાં ઘી હોમે અને અગ્નિ પ્રદીપ્ત થાય તેવી રીતે સ્વામીના ચેતનાના શબ્દ ઉચ્ચારણ થતા ચારે કોરે અગ્નિ ફેલાઈ ગયો. તે જોઈને તે બાવાને બાવાના કેટલાક શિષ્ય તે જોવા માટે આવ્યા હતા. તેમણે જઈને બાવાને કહ્યું કે, 'ભઠી સળગાવી દીધી.' ત્યારે બાવે કહ્યું જે, 'કોણ છે ? ગોપાળાનંદસ્વામી આવ્યા છે ?' ત્યારે તેના સેવકોએ કહ્યું કે, 'હા, ગોપાળાનંદ કરીને સાધુ આવ્યા છે.' બાવો માથું નીચું કરીને બોલ્યો જે, 'તેમની આગળ મારું કશું જોર ચાલે તેમ નથી.' પછી તે બાવો નીચું માથું કરી બેસી રહ્યો અને તેના શિષ્ય સૌ ઢીલા થઈ ગયા. ।।૭૧૩।।

એક વખત સ્વામી **જુનાગઢ** પધાર્યા હતા અને ત્યાં મંદિરનું કામ ચાલતું હતું. તે સમયમાં મંદિર ઉપર પાણી ચડાવવા માટે કંપો બાંધવો હતો. પણ કોઈને કંપો બાંધતા આવડે નહીં અને **શિવાનંદ** કરીને એક સાધુ હતા તેમને કંપો બાંધતાં આવડતો

હતો. પણ બીજા કોઈને આવડે નહીં. પછી સ્વામીએ શિવાનંદને બે ચાર વખત કહેવરાવ્યું જે, 'તમે કંપો બાંધવા આવો અને ત્યાં સુધી સૌ મનુષ્ય ખોટી થાય છે પણ જનાર મનુષ્યને તે સાધુ જવાબ આપે નહીં.' તે કહે જે, મારે આવવું નથી' અને સ્વામીને કહેજો જે, 'અમથા અમારી પાસે માણસને શું કરવા મોકલો છો ?' પછી સ્વામીએ બીજાને પૂછયું જે, 'તેને કેની સાથે હેત છે ? ત્યારે કોઈકે કહ્યું જે, 'ફલાણા સાધુ સાથે હેત છે.' અને તે સાધુ તે વખતે ત્યાં જ ઉભા હતા. પછી સ્વામીએ તેને કહ્યું જે, 'તમારા ભાઈબંધને કહો કે કંપો બાંધે.' સાધુએ સ્વામીને કહ્યું જે, 'બહુ સારું સ્વામી ! તમે રાજી થાઓ તેમ કરે અને તે કામ તો મારૂં જ છે.' પછી તે સાધુએ શિવાનંદસ્વામીને જઈને લાત મારી ને કહ્યું જે, ઉઠય, ઉઠય, માળા ભરડા ! બધું માણસ ખોટી થઈ રહ્યું છે ને શું બેશી રહ્યો છો ?' એમ કહીને ઠોટ મારી ત્યારે શિવાનંદસ્વામી બોલ્યા જે, 'જા, જા, મારા ડુચા ! તું શું મને કહીશ ? હું તો મારી મેળે બાંધીશ.' એમ કહીને કંપો બાંધવા ચડી ગયા અને એક બીજાએ અરસ પરસ લાતો મારીને દાંત કાઢ્યા એમ ભાઈબંધના કહેવાથી કંપો બાંધ્યો પણ સ્વામીના કહેવાથી ન બાંધ્યો. ॥૭૧૪॥

એક સાધુને મુક્તાનંદસ્વામી વિગેરે સદ્‌ગુરુઓએ કહ્યું જે, સ્વામી ! તમે ગોપાળાનંદસ્વામી ભેગા ફરવા જાઓ.' ત્યારે સાધુએ કહ્યું જે, 'મારો શો વાંક છે તે કહો જે મને ગોપાળાનંદસ્વામી ભેગો ફરવા જવાની આજ્ઞા કરો છો ?' પછી સૌએ કહ્યું જે, 'તમારો નીચ સ્વભાવ છે તે શાંત કરવા માટે.' પછી તે સાધુ સ્વામી સાથે ફરવા ન ગયા અને તે દોષે કરીને સત્સંગમાંથી ગયા. ॥૭૧૫॥

અને **બ્રહ્માનંદસ્વામી**એ મુળીનું મંદીર કરાવ્યું હતું. તેમાં મૂર્તિઓ પધરાવવાનું મુહૂર્ત જોવરાવ્યું એટલે મહા સુદ પાંચમનું આવ્યું. પછી સૌએ વિચાર કર્યો જે, 'ગોપાળાનંદસ્વામીના હાથથી મૂર્તિઓ પધરાવીયે.' પછી ગોપાળાનંદસ્વામીને તેડવા માટે મહાનુભાવાનંદસ્વામી વિગેરે સંતને ગઢપુર મોકલ્યા અને અયોધ્યાપ્રસાદજી મહારાજનો પત્ર તથા બ્રહ્માનંદસ્વામીનો પત્ર ગોપાળાનંદસ્વામીને આપ્યો. તે વાંચીને સ્વામીએ સૌને કહ્યું, 'મારે ધોલેરે મૂર્તિઓ પધરાવવાનું મુહૂર્ત પણ તે દિવસે જ છે માટે મારાથી મુળીયે અવાશે નહીં. અને બ્રહ્માનંદસ્વામી સુખેથી તેમના હાથથી દેવને પધરાવે.' એમ ગોપાળાનંદસ્વામીએ આવેલા સંતને પત્ર લખી આપ્યો. ॥૭૧૬॥

પછી સાધુએ **મુળી**એ જઈને બ્રહ્માનંદસ્વામીને તે પત્ર આપ્યો તે વાંચીને તુરત પોતે ગાડી જોડાવીને ગઢપુર પધાર્યા અને ગોપાળાનંદસ્વામીની પ્રાર્થના કરીને કહ્યું જે, 'સ્વામી ! ગમે તેમ થાય તો પણ મુળીયે આવ્યા વગર ચાલે તેમ નથી અને હું તમારા

વગર દેવની પ્રતિષ્ઠા કરીશ નહિં માટે કૃપા કરીને એક રાત ત્યાં પધારો અને હું ડાંગ ચોકી કરીને એક રાતમાં તમોને ધોલેરા પહોંચતા કરીશ. માટે આપ કૃપા કરીને મુળી પધારો.' પછી ગોપાળાનંદસ્વામી પોતાના કેટલાક સંત સાથે મુળીયે પધાર્યા. પછી સ્વામીએ ત્યાં જઈને બ્રહ્માનંદસ્વામીને કહ્યું કે, 'પકવાનનું કેમ છે ?' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે કે, 'મોતીયા લાડુ કરેલ છે.' ત્યારે સ્વામી કહે, 'માનભોગ જો કર્યો હોત તો ઠીક ! કેમકે તરત તાવડા ચાલતા કરાય.' પછી સૌ સંત બોલ્યા જે, 'સ્વામી ! લાડુનો ઓરડો ભર્યો છે.' પછી જે વખતે દેવની પ્રતિષ્ઠા કરી રહ્યા અને સૌને જમવા માટે હરે થયા. તે વખતે આખી ઝાલાવાડના બ્રાહ્મણો તથા હરિજનો સૌ દર્શન કરવા માટે આવેલા હતા. એક તો દેવની પ્રતિષ્ઠાનો ઉત્સવ અને વસંતપંચમીનો સમૈયો અને વળી ગોપાળાનંદસ્વામી જેવા સદ્‌ગુરુ પધારેલા અને અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ પધારેલા. તે સર્વેના દર્શન વિગેરેનો લાભ લેવા દેશ દેશના હરિજનો આવેલા હતા. એ જે વખતે હરે થયા અને બ્રાહ્મણો તથા હરિજનોની પંક્તિ જમવા બેઠી તે વખતે પહેલી પંક્તિ થતાં જ પકવાનની તાણ જણાણી તેવા જ મહાનુભાવાનંદસ્વામી આદિક સંત બ્રહ્માનંદસ્વામી પાસે આવી પહોચ્યા અને સ્વામીને એક કોર બોલાવીને કહ્યું જે, 'પકવાન ખુટવા આવ્યું છે.' પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'એ તો યોગીનું કામ છે.' પછી બ્રહ્માનંદસ્વામી ગોપાળાનંદસ્વામીને સાથે લઈને જે ઓરડામાં પકવાન ભર્યું હતું તે ઓરડામાં પધાર્યા અને સૌ જુવે તો લાડવા આશરે વીશેક મણ હતા. પછી ગોપાળાનંદસ્વામી કહે, 'પકવાન ઉઘાડા ન રખાય ! ઢાંકી રાખો અને આપણા લાલજી લાવો.' પછી સ્વામીના લાલજી લાવીને ખુરશી ઉપર પધરાવ્યા અને પોતે પણ ઢોલણી નાંખીને ત્યાંજ બેઠા. પછી સ્વામીએ આજ્ઞા કરી જે, 'હવે, તમો સૌ પીરસવા માંડો અને કોઈને ભુખ્યા જવા દેશો નહીં.' પછી દેતાં દેતાં રાતના બાર વાગ્યા સુધી સૌને જમાડ્યા અને સ્વામિનારાયણના નામની જય બોલાવી અને પછી મોદીયું ઉઘાડીને જોયું ત્યારે પ્રથમ લાડવાનો જેવડો ઢગલો હતો તેવડો ઢગલો જોવામાં આવ્યો. પછી તે જોઈને સૌ સ્વામીના પગમાં પડ્યા અને સ્વામીને કહ્યું જે, 'તમે જો ન પધાર્યા હોત તો લાજ રહેત નહીં.' પછી ગોપાળાનંદસ્વામી બીજે દિવસે ચાલવાને તૈયાર થયા ત્યારે બ્રહ્માનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું જે, 'સ્વામી ! તમે દેવતો પધરાવ્યા પણ આ ખાર ભૂમિમાં કાંઈ ફળ ફુલ થાય નહીં.' પછી સ્વામીયે કહ્યું જે, 'આ વાડીમાં દાડમ વાવો બહુજ સારા થશે.' પછી સ્વામીના કહેવાથી ત્યાં દાડમ વવરાવ્યાં. તે એકેક શેરનું દાડમ થવા માંડ્યું અને સ્વામી કહે, 'દેવને જમાડજો પણ બીજાને આપશો નહીં.' ॥૭૧૭॥

એક વખત મુળીથી દાડમનો ઘોડો ભરીને લખમણરાય પુરબીયા હતા. તે વડોદરે સિયાજીરાવને ભેટ કરવાને માટે તેમને મોકલાવ્યા. પણ લખમણરાય તે દાડમ લઈને વડતાલ આવ્યા તે આવીને મંદિરમાં ઉતર્યા. ત્યાં બદ્રીનાથજી મહારાજ કાંઈક માંદા જેવાં હશે તેમણે કહ્યું જે, 'મારે દાડમ જોઈએ છીએ.' ત્યારે કોઈકે ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, 'લખમણરાય ! મુળીથી દાડમનો ઘોડો ભરીને વડોદરે સિયાજીરાવને ભેટ કરવા જાય છે.' પછી સ્વામીએ એક માણસ લખમણરાય પાસે મોકલીને બે દાડમ મગાવ્યાં. તે માણસે લખમણરાયને કહ્યું જે, 'ગોપાળાનંદસ્વામીએ બે દાડમ મંગાવ્યા છે અને બદ્રીનાથજીમહારાજ માંદા છે. તેમના સારુ જોઈએ છીએ.' ત્યારે લખમણરાય બોલ્યા જે, 'આ દાડમ કાંઈ બદ્રીનાથ સારુ નથી લાવ્યો. એ તો સિયાજીરાવને ભેટ કરવા માટે લઈ જવાં છે, માટે એમાંથી અપાય નહીં.' એ પ્રમાણે માણસે આવીને ગોપાળાનંદસ્વામીને લખમણરાયનો જવાબ આપ્યો. તે સાંભળીને સ્વામી બોલ્યા જે, બહુ સારૂ, મર હવે સૌ દાડમ ખાય. તે બગીચો આખોય સુકાઈ ગયો. ॥૭૧૮॥

અને સ્વામી ધોલેરે પછી મૂર્તિની પ્રતિષ્ઠા કરવા માટે પધાર્યા. તે વખતે સૌ દેવના સ્થાપન કર્યા હતાં. ત્યારે ગામ રોજકાના શિવશંકર ભટ્ટ તેમણે સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! આ સ્થાપન ઉપર સૌ દેવ આવેલા હશે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'હા, સૌ દેવ માત્ર આવી ગયા છે.' ત્યારે શિવશંકર ભટ્ટ કહે, 'તેની શી પરીક્ષા થાય ?' પછી સ્વામીએ વિજ્ઞાનદાસજીને સમાધિ કરાવીને કહ્યું જે, 'જાવ સૌ સૌને સ્થાનકે દેવ આવ્યા છે ?' પછી વિજ્ઞાનદાસજી સમાધિ કરીને સૌ દેવનાં દર્શન કરીને પછી પાછા આવ્યા. અને સ્વામીને સભામાં વાત કરી જે, સૌ દેવ પોતપોતાને સ્થાનકે બેઠા છે.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'શંકર પણ આવ્યા છે ?' ત્યારે વિજ્ઞાનદાસજીએ કહ્યું કે, 'હા, શંકર પણ આવ્યા છે.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તેમણે કેવાં વસ્ત્ર ધારણ કર્યા છે ?' પછી વિજ્ઞાનદાસજીએ કહ્યું જે, 'શ્વેત વસ્ત્ર ધારણ કર્યા છે અને ડોકમાં તુળસીની કંઠી છે તિલક છે જનોઈ છે માથે શિખા છે તથા હાથે છાપું છે. એવી રીતના શંકર છે.'પછી સ્વામીએ કહ્યું. જે, 'સમાધિ કરીને પુછી આવો જે આ તમોએ ક્યારે ભાગવતી દીક્ષા લીધી.' ત્યારે વિજ્ઞાનદાસજીયે ફરી સમાધિમાં જઈને પૂછ્યું ત્યારે શંકરે કહ્યું જે, 'શ્રીજીમહારાજને મેં વનમાં મીઠું અને સાથવો આપ્યો. તે વખતે ભાગવતી દીક્ષા લીધી છે તે સમાચાર સભામાં આવીને સ્વામી આગળ તે વાત કરી પછી શિવશંકર ભટ્ટ બોલ્યા જે, 'સ્વામી ! મહારાજે ઘણા દિવસે જમવાનો સંકલ્પ કર્યો ત્યારે શંકરને મીઠું ને સાથવો એ બે વાનાંજ મળ્યાં ? બીજું કોઈ મિષ્ટાન્ન મલ્યું નહીં હોય ? ' ત્યારે

સ્વામીયે કહ્યું જે, 'મહારાજે તપે કરીને શરીર સુકવી નાંખ્યું હતું બીજું કાંઈ જમે તેમ નહોતું. માટે મીઠું ને સાથવો આપ્યાં.' ॥૭૧૯॥

એક સમે સ્વામી ધોલેરામાં હતા અને સાથે સાઠ સાધુ હતા. અને ધોલેરામાં સારંગપુરથી કપાસના ગાડાં ભરીને આવ્યાં હતાં. તે હરિજનો સૌ મંદિરમાં સ્વામીને દર્શને આવ્યા. તેમને સ્વામીને કહ્યું જે, 'તમે ક્યારે ચાલવાના છો ?' પછી સૌએ કહ્યું જે, 'આજ રાતે બે વાગે ચાલશું.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'અમારે સૌને સારંગપુર આવવું છે.' ત્યારે ગાડાવાળાએ કહ્યું જે, સુખેથી પધારો અમારા ગાડાં ખાલી છે માટે સૌને બેસારીશું.' પછી સ્વામી કહે, 'અમે સૌ રાતના બે વાગે આવશું.' એ સાંભળી ગાડાવાળા હા પાડીને વંડામાં ગયા અને તે વંડાવાળો માણસ સત્સંગનો દ્વેષી હતો તેણે ગાડાવાળાને કહ્યું જે, 'તમે સૌ ક્યાં ગયા હતા ?' ત્યારે ગાડાવાળાએ કહ્યું, 'અમે સૌ સ્વામિનારાયણના મંદિરમાં દર્શને ગયા હતા અને સ્વામિનારાયણના સાધુને સારંગપુરમાં દર્શને ગયા હતા. અને સ્વામિનારાયણના સાધુને સારંગપુર આવવું છે તે તેડી જાશું.' એ સાંભળી વંડાવાળો બોલ્યો જે, 'સ્વામિનારાયણના મંદિરમાં તો ટુંટીયાનો રોગ આવ્યો છે. તે કેટલાક સાધુને રોગ થયેલ છે માટે તમો જો ગાડામાં સાધુને બેસારશો તો તમને પણ રોગ વળગશે. માટે અત્યારે જ અહીંથી ચાલી નીકળો.' એમ કહીને ગાડાવાળાને તેને તે વખતે રજા આપી અને ગાડાવાળા પણ રોગના ભયથી ગાડાં જોડીને રસ્તે પડી ગયા. ॥૭૨૦॥

પછી રાતના એક વાગે સ્વામી ધોલેરાના મંદિરમાં સર્વે સાધુને સાથે લઈને ચાલ્યા અને કેટલાક હરિજન વળાવાને પણ આવેલા હતા. પછી જે વંડામાં ગાડાવાળા ઉતર્યા હતા તે વંડામાં તેમનું નામ લઈને બોલાવ્યા જે, 'સારંગપુરના ગાડાવાળા છે?' ત્યારે વંડાવાળા માણસે કહ્યું જે, 'તે તો ચાલ્યા ગયા છે.' પછી સ્વામી કુરાજી થઈને બોલ્યા જે, 'આવી ખોટી નીતિવાળાને અન્ન વસ્ત્ર ક્યાંથી મળે ?' એવું વચન બોલ્યા, તે દિવસથી તે લોકોને ત્રણે વાનાની તાણ પડવા લાગી ; એમ કુસંગીનું માન્યું તો દુઃખી થયા. ॥૭૨૧॥

**સારંગપુર**માં એક દિવસ **વાઘાખાચર** વિગેરેએ ગોપાળાનંદ સ્વામીની પ્રાર્થના કરીને કહ્યું જે, 'સ્વામી ! આમાં અમારો શો અપરાધ છે ? જે તેની સાથે અમો પણ દુઃખી થઈએ છીએ.' પછી સ્વામીએ કહ્યું જે, 'જ્યાં સુધી તમારી જમીન તે વાવશે ત્યાં સુધી તમો પણ તેની સાથે દુઃખી થશો. માટે આજથી ઘર ખેડ કરાવો તો તમો વ્યવહારે સુખીયા થાશો.' પછી સૌએ તે લોકો પાસેથી જમીન લઈને ઘર ખેડ કરાવવા માંડી

અને સ્વામીના આશીર્વાદથી પછી સૌ સુખીયા થયા. ॥૭૨૨॥

**ગઢપુરમાં પુરુષાનંદસ્વામી** સાથે ગોપાળાનંદસ્વામી સવારે ચાર વાગે નિરંતર ઘેલે નહાવા જતા હતા. પછી પુરુષાનંદસ્વામીએ એક વખત સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! તમે વૃદ્ધ છો અને ક્યારેક પડી જાશો તો શરીરનું જોખમ થાશે માટે હું તમને મંદિરમાં ઘેલા નદીનું જળ લાવીને ઉના જળથી નવરાવું.' પછી સ્વામીએ કહ્યું જે, 'પુરુષાનંદ ! ખળખળીયે તો બધાય ધામના મુક્ત નહાવા આવે છે. ' પછી તે વાત પુરુષાનંદસ્વામીના માન્યામાં બરાબર આવી નહીં. પછી એક દિવસે વહેલા ચાર વાગે નહાવા ગયા એટલે ખળખળીયે શ્વેતદ્વીપના અનંતમુક્ત નાહી નાહીને ચાલ્યા જતા હતા. તેને પુરુષાનંદસ્વામીએ પૂછ્યું જે, 'તમે કોણ છો ?' ત્યારે શ્વેતમુક્તે કહ્યું જે, 'અમે તો શ્વેતદ્વીપના મુક્ત છીએ અને અહીંથી જળના કમુંડલ ભરીને ત્યાં વાસુદેવ ભગવાનને અભિષેક કરીએ છીએ.' પછી પુરુષાનંદસ્વામી નાહીને મંદિરમાં આવ્યા ત્યારે સ્વામીએ અંતર્યામીપણે કહ્યું જે, 'કેમ પુરુષાનંદ ! આજ શ્વેતમુક્ત દીઠા કે ?' પુરુષાનંદસ્વામી કહે, 'હા, સૌ ધામના મુક્ત સ્નાન કરવા આવે છે.' એમ સ્વામીએ ઘેલાનો મહિમા દેખાડ્યો. ॥૭૨૩॥

એક સમે સ્વામી ગામ **ઝમરાળે** પધાર્યા હતા અને ત્યાં **પ્રાગજી દવે** કરીને બ્રાહ્મણ રહેતો હતો. તે શંકરનો ઉપાસક હતો તે કપાળમાં ત્રિપુંડ કરીને સ્વામીને દર્શને આવ્યો. ત્યારે સ્વામીએ તેનું માથું ઝાલીને કપાળે હાથ ફેરવ્યો ને બોલ્યા જે, 'આ ભમરો ક્યાં સુધી રાખીશ ? ભુંશી નાંખ્યને. ' એમ કહીને તેના કપાળમાંથી ત્રિપુંડ ભુંશી નાંખ્યું. પછી તે સ્વામીની કૃપા દષ્ટિથી દસ હજાર રૂપિયાનો આસામી થયો અને સ્વામી પાસે વર્તમાન ધારીને સત્સંગી થયો અને સ્વામીના પગમાં પડીને ઘરે ગયો. ॥૭૨૪॥

એક વખત **રઘુવીરજીમહારાજ** ગામ **ઉને** પધારતા હતા ને ત્યાં જતાં ડુંગર ગામને પાદર મુકામ કર્યો હતો ને નિત્યાનંદસ્વામી વિગેરે સદ્‌ગુરુ ભેગા હતા. પછી નિત્યાનંદસ્વામીએ રઘુવીરજીમહારાજને કહ્યું જે, 'અમે સાથે નહીં આવીએ. કેમ જે ગાદીવાળાં તથા સાંખ્યયોગી બૈરા તથા ત્યાગી સાધુ તથા પાળા સૌ સાથે ચાલે તે સારૂં નહીં.' એમ રઘુવીરજીમહારાજને નિત્યાનંદસ્વામીયે કહ્યું. પછી રઘુવીરજીમહારાજે ગોપાળાનંદસ્વામીને બોલાવ્યા અને તેમની આગળ તે વાત કરી જે, 'નિત્યાનંદસ્વામી આવી રીતે સાથે આવવાની ના પાડે છે જે કાં તો ગાદીવાળાં નહીં ને કાં તો અમે નહીં તો તેનું કેમ કરવું ?' પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, 'શ્રીજીમહારાજ સારા વાનાં

કરશે.' પછી રાતના બે વાગે નિત્યાનંદસ્વામીએ જાગૃત થઈને સૌ સંતને જગાડ્યા અને સૌને કહ્યું જે, 'ગાદીવાળાં આગળથી જાય અને તેમની રક્ષા માટે દસ પાર્ષદ સાથે જાય અને ત્યાગી સૌને તેમની પછવાડે એક કોસ રહેવું. એમ સૌને આજ્ઞા કરી એટલે સૌ તૈયાર થઈ ગયા અને ગાદીવાળાં આગળથી ચાલ્યાં અને પછી રઘુવીરજીમહારાજ તથા સૌ સંત ચાલ્યા અને પછી રઘુવીરજીમહારાજે ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, 'સ્વામી ! તમે ન હોત તો અત્યારે શું થાત ? અને નિત્યાનંદસ્વામીને કોઈથી કાંઈ કહી શકાત નહીં.' પછી ગોપાળાનંદસ્વામી કહે કે, 'નિત્યાનંદસ્વામી બહુ સમર્થ છે અને શ્રીજીમહારાજે તેમનામાં પ્રેરણા કરી એટલે બહુ સારૂ થયું.' ॥૭૨૫॥

ગઢપુરમાં **ગોપાળાનંદસ્વામી** હતા અને **હરજી ઠક્કર**ને લઘુશંકા બંધ થઈ ગઈ હતી. તે વખતે તેમના દીકરા મનજી ઠક્કરે તથા બીજા સંબંધીઓએ કેટલાક ઉપચારો કર્યા. અને વૈદને પણ બોલાવ્યા. પણ કાંઈ ટાંકી લાગી નહીં ત્યારે હરજી ઠક્કરે પોતાના દીકરા મનજીભાઈને કહ્યું જે, 'બીજે જ્યાં ત્યાં જવું રહેવા દે અને ગોપાળાનંદસ્વામી પાસે જા.' પછી મનજી ઠક્કર ગોપાળાનંદસ્વામી પાસે આવીને રડવા લાગ્યા. ત્યારે સ્વામી બોલ્યા જે, 'શા માટે રડે છે ?' ત્યારે મનજી ઠક્કર કહે, 'સ્વામી ! મારા બાપાને લઘુશંકા બંધ થઈ ગઈ છે તે દેહ રહે તેમ નથી ! 'પછી સ્વામીએ કહ્યું કે જે, 'જા મગની ફાડ જેટલી ફટકડી અને મગની ફાડ જેટલી ખાંડ એ બે ભેગાં કરીને આપજે. એટલે લઘુશંકા ઉતરશે.' પછી મનજી ઠક્કરે ઘરે જઈને સ્વામીના કહેવા પ્રમાણે દવા આપી. તે ખાતાં વેત લઘુશંકા ઉતરી એમ મોટાનું વચન છે તે મોટું ઔષધ છે. ॥૭૨૬॥

ઈડરના રાજાને સ્વામીએ કહ્યું હતું જે, 'તમે માણસાના રાજા **બાલુભાઈ**ની દીકરી સાથે લગ્ન કરજો અને તમારે દીકરો થશે.' પછી તેમણે સ્વામીના કહેવા પ્રમાણે માણસાના રાજાની કુંવરી સાથે પરણ્યા અને પછી તેને સ્વામીના વચને કરીને દીકરો થયો. ॥૭૨૭॥

અને ગામ **ઝમરાળાના ગંગારામ દવે**ને શ્રીજીમહારાજે બ્રહ્મચારીની દીક્ષા આપી અને જ્ઞાનસ્વરુપાનંદ નામ પાડ્યું અને પછી તેઓ ગોપાળાનંદસ્વામીને દર્શને ગયા ત્યારે સ્વામીએ પૂછ્યું જે, 'શું નામ પાડ્યું ?' ત્યારે કહે, 'મારૂ નામ જ્ઞાનસ્વરૂપાનંદ પાડ્યું.' ત્યારે સ્વામી કહે, 'આને જ્ઞાનનો છાંટો ક્યાં છે ? આને તો ધર્મ પ્રધાન છે. માટે ધર્મસ્વરુપાનંદ નામ પાડો.' પછી ધર્મસ્વરુપાનંદ નામ પાડ્યું. ॥૭૨૮॥

અને ગામ **વેજળકાના ભીમ પંડ્યો** કરીને બ્રાહ્મણ હતા. તે અમદાવાદ જ્યારે છપન ભોગ થયો હતો તે વખતે ત્યાં દર્શને ગયા હતા. પછી ત્યાં સ્વામીને દંડવત કરીને

પગે લાગ્યા અને વાત કરી જે, 'મને દેવાનંદસ્વામીએ શ્રાપ આપ્યો છે.' ત્યારે સ્વામી કહે, 'શા કારણથી શ્રાપ આપ્યો છે ?' ભીમ પંડ્યો કહે, 'અમારું સીમાડાનું ગામ છે ને ત્યાં દેવાનંદસ્વામી ધર્માદો લેવા આવ્યા હતા ત્યારે મેં કહ્યું જે, 'અમે તો ગઢપુરમાં ગોપીનાથજીમહારાજને ધર્માદો આપશું પણ અમદાવાદ નહીં આપીયે.' એટલે સ્વામીને ક્રોધ ચડ્યો જે, 'જા, તારા વંશ જાશે.' ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, 'તું મને મોટો જાણે છે કે દેવાનંદસ્વામીને ?' ત્યારે ભીમ પંડ્યે હાથ જોડીને કહ્યું જે, 'સ્વામી ! હું તો તમને મોટા જાણું છું. ' પછી સ્વામી કહે, 'જા તારે ત્રણ દીકરા થાશે.' પછી તેને સ્વામીના કહેવા પ્રમાણે ત્રણ દીકરા થયા તેમાં એકનો વંશ રહ્યો ને બે નિર્વંશ ગયા. એમ મહારાજે બેય સંતનાં વચન રાખ્યાં. ।।૭૨૯।।

અને ગામ **ખરડમાં ગોવિંદજી** કરીને બ્રાહ્મણ હતા અને તે જગન્નાથજીના ઉપાસક હતા. પછી પોતે બે વખત જગન્નાથજીની યાત્રા કરી આવ્યા અને ત્રીજી વખત જ્યારે જગન્નાથજી ગયા ત્યારે પોતાના મનમાં એમ વિચાર થયો જે, 'મારું કલ્યાણ થાશે કે નહીં થાય ? માટે તેની મારે પરીક્ષા કરવી.' પછી પોતે અનશન વ્રત લઈને પોતે જગન્નાથજીના દેરામાં ધાબા ઉપર જઈને બેઠા. પછી બીજે ઉપવાસે જગન્નાથજીએ રાત્રે બ્રાહ્મણને વેષ આવીને દર્શન દીધાં અને કહ્યું જે, 'તારું કલ્યાણ કરવું હોય તો સ્વામિનારાયણના સાધુ ગોપાળાનંદ કરીને છે તેને મળ્ય તો તારું કલ્યાણ થશે ! અને અમથો અહીંયાં શા માટે મરે છે ?' ત્યારે ગોવિંદજીમહારાજ કહે, 'તમે કોણ છો ?' ત્યારે તેમણે કહ્યું જે, 'હું જગન્નાથજી છું.' ત્યારે ગોવિંદજી કહે, 'તેની શી પરીક્ષા થાય જે તમે જગન્નાથજી છો ?' ત્યારે જગન્નાથજી કહે, 'આ કાષ્ટની મૂર્તિમાં હું પ્રવેશ કરું તો તું એમ જાણજે જે હું જગન્નાથજી છું અને હું અને ગોપાળાનંદ જુદા નથી. વળી તું ગોપાળાનંદસ્વામી પાસે જા અને તેને એમ કહે જે તારૂં જગન્નાથજીએ કલ્યાણ ન કર્યું ? અને મારી પાસે મોકલ્યો એમ કહે તો તું જાણજે જે અમે બન્ને એક છીએ.' પછી તે બ્રાહ્મણ જગન્નાથજીને પગે લાગીને સવારમાં નાહી ધોઈ પારણાં કરીને ઘર તરફ આવવા ચાલી નીસર્યો અને થોડા દિવસમાં પોતાને ગામ આવ્યો અને ગામના હરિજનોને પૂછ્યું જે, 'તમારામાં કોઈ મોટા સાધુ ગોપાળાનંદ કરીને છે ?' ત્યારે હરિભક્તો કહે, 'તે તો બહુ મોટા સાધુ છે.' હરિભક્ત કહે 'તમારે શું કામ છે ?' ત્યારે તે કહે, 'હું અત્યારે જાત્રા કરીને આવ્યો છું. તે દર્શન કરવાં છે.' પણ ઓલી વાત કોઈને કહી નહીં. ।।૭૩૦।।

પછી થોડા દિવસ થયા એટલે ગોપાળાનંદસ્વામી **વડતાલ** પધારતા હતા. તે સવારમાં ખરડ ગામને પાદર નીસર્યા પછી ઘણાક હરિજન સ્વામીના દર્શન કરવા

પાદર ગયા પણ ગોવિંદજી મહારાજને કોઈએ ખબર આપ્યા નહીં અને **ગોવિંદજીમહારાજે** હરિજનોને કહેલ જે, 'સ્વામી ! જ્યારે આવે ત્યારે મને ખબર કરજો.' પછી સૌ હરિજનો પ્રેમ પ્રેમમાં ભૂલી ગયા ને સૌ વળાવીને જ્યારે પાછા ગામમાં આવ્યા ત્યારે ગોવિંદજીમહારાજને ખબર પડ્યા જે, 'ગોપાળાનંદસ્વામી ગામને પાદર આવ્યા છે.' તે પછી તેણે સૌ હરિભક્તને ઠપકો દીધો, 'જે ભલા માણસો મેં તમને કીધેલ હતું અને મને ખબર કેમ ન કર્યા ?' ત્યારે હરિજનો કહે, 'અમે ભૂલી ગયા છીયે પણ તમારે દર્શન કરવા હોય તો હજી ગામને પાદર ચાલ્યા જાય છે.' પછી પોતાના ભત્રીજા બહેચર દવે તથા દામોદર દવે બન્ને જણાનો હાથ ઝાલીને પોતે સ્વામીના દર્શન કરવા ચાલી નીકળ્યા અને ગામ બહાર જઈને બુમ પાડી જે, 'એ ગોપાળાનંદ ઉભો રહે. ગોપાળાનંદ ઉભો રહે.' એમ બે ચાર વખત ઉંચે સ્વરે સાદ કર્યો. ત્યારે બોટાદવાળા ભગા શેઠ ગાડીમાં સ્વામી પાસે બેઠા હતા તેમણે સ્વામીને કહ્યું જે, સ્વામી ! કોઈક ડોસો સાદ પાડતો આવે છે.' ત્યારે સ્વામી કહે, 'હાંકો ગાડી, એ તો આફુરો આવશે. એ તો ત્રણ વખત જગન્નાથપુરી જઈ આવ્યો છે.' પછી ઉગમણે પાદર સ્વામીએ ગાડી ઉભી રખાવી. પછી ત્યાં ગોવિંદજીમહારાજે જઈને સ્વામીના ચરણારવિંદ ઝાલ્યાં પછી સ્વામી બોલ્યા જે, 'ગોવિંદજીમહારાજ ! તમારું જગન્નાથજીએ કલ્યાણ ન કર્યું ? તે મારી પાસે મોકલ્યા ?' ત્યારે ગોવિંદજીમહારાજ કહે, 'તું ને જગન્નાથજી જુદા નથી ?' સ્વામી કહે, 'હું તો જગન્નાથજીનો દાસ છું. 'ગોવિંદજીમહારાજ કહે, 'બોલ્ય માં તું જ સાક્ષાત જગન્નાથજીમહારાજ છે' તે સાંભળી ભગો શેઠ તે બ્રાહ્મણ સામું જોઈ રહ્યા જે આ શું બોલે છે ?' પછી સ્વામી કહે, 'દેવ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ કહીને પાંચ માળા ફેરવજો.' ત્યારે તે બોલ્યા જે, 'હું સ્વામિનારાયણને ઓળખતો નથી. હું તો તને ઓળખું છું તે તારું ભજન કરીશ.' પછી સ્વામી કહે, 'મારું ભજન થાય નહીં.' પછી તેણે સ્વામીને હાથે નિયમ ધાર્યા અને ઘરે ગયો અને નિત્ય ગોપાળાનંદ ગોપાળાનંદ એવા નામની પાંચ માળા ફેરવતો. પછી જ્યારે તેનો દેહ મેલવાનો વખત થયો ત્યારે તેના સંબંધીઓએ ભોંય લેવા તૈયારી કરી. ત્યારે ગોવિંદજી દવે બોલ્યા જે, 'છોકરાઓ હજી વાર છે. હજી મારો ગોપાળાનંદ આવ્યો નથી.' પછી ઘડીક થયું. એટલે સ્વામીએ દર્શન દીધા ત્યારે ગોવિંદજી મહારાજે સૌને કહ્યું જે 'છોકરાઓ ઘીનો દીવો કરો અને આ મારો ગોપાળાનંદ આવ્યો છે.' એમ કહીને બોલ્યો જે, 'ભલે ગોપાળાનંદ ! ભલે આવ્યો ખરો ! 'એમ વાત કહીને પોતાના સંબંધીને કહ્યું જે, 'સૌ ગોપાળાનંદ... ગોપાળાનંદ... એમ ભજન કરજો અને હું ભગવાનના ધામમાં જાઉં છું. ॥૭૩૧॥

અને **રોજકા** ગામમાં એક વખત ગોપાળાનંદસ્વામી પધાર્યા હતા. અને સૌ હરિજનો સ્વામીને દર્શને આવ્યા. અને **શિવશંકર ભટ્ટ** જરાક મોડા આવ્યા. ત્યારે સ્વામીએ તેમને કહ્યું જે, 'કેમ, શિવશંકર મોડો આવ્યો ?' ત્યારે શિવશંકર ભટ્ટ કહે, 'સ્વામી ! હું જનમંગળના પાઠ કરું છું.' સ્વામી કહે, 'શા માટે પાઠ કરો છો ?' ત્યારે શિવશંકર કહે, 'પુત્ર નથી તે માટે.' સ્વામી કહે, 'કેટલા પાઠ કરવા છે ?' ત્યારે શિવશંકર ભટ કહે કે, 'એક લક્ષ કરવા છે.' સ્વામી કહે, 'સવા લાખ પાઠ કર્ય તો પણ તારે દીકરો નહીં થાય. ' ત્યારે શિવશંકર કહે, 'કેમ કરું ?' ત્યારે સ્વામી કહે, 'તારો ભાઈ વિઠ્ઠલ છે. તેને આ પાઠનું ફળ આપ્ય તેથી તેને દીકરો થાશે ! તે તારી ચાકરી કરશે !' પછી વિઠ્ઠલ ભટ્ટને બોલાવીને પોતાના પાઠનું ફળ સ્વામી પાસે તેને કૃષ્ણાર્પણ કરાવ્યું. તેથી તેને દીકરો થયો. તેણે શિવશંકર ભટ્ટની ચાકરી કરી. ॥૭૩૨॥

એક વખત રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદસ્વામી **રોજકા** પધાર્યા હતા. ત્યાં એક બ્રાહ્મણનો દીકરો માંદો હતો. તેને જોવા સારૂ સ્વામીને પોતાને ઘરે તેડી ગયો. પછી સ્વામીએ ત્યાં જઈને તેના ખાટલા પાસે ઉભા રહીને માથું ધુણાવ્યું અને પછી સૌ પાછા મંદિરમાં આવ્યા પછી ચાલતી વખતે તે બ્રાહ્મણે સ્વામીને પૂછ્યું કે, 'સ્વામી ! તમે છોકરા સામું જોઈને માથું કેમ ધુણાવ્યું ?' ત્યારે સ્વામી કહે કે, 'તારે ઘરે કોઈ રહેતું હતું ?' ત્યારે તેણે કહ્યું કે, 'એક સંત રહેતા હતા.' ત્યારે સ્વામીએ કહ્યું કે, 'તું ઘરે નહોતો અને તે સંતે દેહ મેલ્યો તેની તારામાં વાસના રહી હતી. તેથી તે તારો દીકરો થયો છે. માટે અમે આંહીંથી ગામને સીમાડે જશું ત્યારે તે દેહ મેલી દેશે.' પછી સ્વામી ગયા પછી તે છોકરો દેહ મેલી ગયો. ॥૭૩૩॥

અને ગામ **ભોળાદ**માં સ્વામી પધાર્યા હતા અને ત્યાં ગામના પટેલ એક હરિજન બ્રાહ્મણ કથા કરતા હતા. તેને કહ્યું જે, 'જો તારે કથા કરવી હોય તો કંઠી તોડી નાંખ્ય.' ત્યારે બ્રાહ્મણ કહે, 'કંઠી તો મારા માથા સાટે છે.' ત્યારે પટેલ કહે, 'તો અમારે તારી પાસે કથા કરાવવી નથી.' એમ કહીને રજા દીધી. પછી તે વાત કોઈક હરિજને ગોપાળાનંદસ્વામીને કહી. તે વખતે તે ગામનો પટેલ પણ સ્વામી પાસે બેઠો હતો. પછી સ્વામીએ કહ્યું જે, 'પટેલ ! તમે વ્યાસજીનું અપમાન કેમ કર્યું ? કથા કરનાર વ્યાસજી કહેવાય ! માટે તમે બ્રાહ્મણનું અપમાન નથી કર્યું પણ વ્યાસજીનું અપમાન કર્યું છે ! માટે તમને એક જમ તેડવા આવશે.' ત્યારે પટેલ કહે, 'એક જમને તો હું મારી નાખીશ.' ત્યારે સ્વામી કહે,'બે જમ આવશે ' પટેલ કહે, 'એકને હું મારીશ અને એકને મારો ભાઈ મારશે.' ત્યારે સ્વામી કહે, 'ચાર આવશે ચાર !' ત્યારે પટેલ કહે, 'બેને હું મારીશ અને બેને મારો ભાઈ મારશે.' પછી સ્વામી કહે, 'જા, આઠ જમ

તેડવા આવશે.' પછી થોડા દિવસ થયા કેડે તેનું ભવિષ્ય આવીને ઊભું રહ્યું. તે વખતે ગામના બૈરાં તલાવે પાણી ભરતાં હતાં. તેણે છેટેથી જમને ભાળ્યા એટલે તેમને માથેથી પાણીનાં બેડાં પડી ગયાં અને સૌ ચીસો પાડવા લાગ્યાં અને સૌને મૂર્છા આવી ગઈ. પછી તે યમદૂતે રજપુતને ઘરે જઈને કહ્યું જે, 'અમે આવ્યા છીએ. તારે મારવા હોય તો માર્ય ? પછી યમના દૂત તેને એક ગાઉ સુધી તેની સ્થૂળ દેહ સોતો ઢરડી ગયા. તે આખા ગામના માણસે ભાળ્યો અને પછી સીમાડે તેના દેહને પડતું મેલીને પછી જમપુરીમાં લઈ ગયા. એમ મોટાના અપમાનથી જીવને નર્કમાં જવું પડે છે. ॥૭૩૪॥

અને એક સમે સ્વામી ગામ **વારણે** પધાર્યા હતા. ને ત્યાંના હરિજનો સૌ સ્વામીને દર્શને આવ્યા. તે ભેળો એક પ્રશ્નોરો બ્રાહ્મણ મોઢે મોહરીયું બાંધીને દર્શને આવ્યો હતો. તેને સ્વામીએ પૂછ્યું જે, 'મોહરીયું કેમ વાળ્યું છે ? ડાઢ બાઢ દુઃખે છે કે શું ?' ત્યારે બ્રાહ્મણ કહે, 'ના સ્વામી ! એક છોકરું છે. તેને હું બક્કી લેવા ગયો એટલે તેણે ઘોડીયામાં સુતાં સુતાં ઠોંટ મારી તેથી મોઢું સુજી ગયું છે.' પછી સ્વામી તેને ઘરે પધાર્યા. ત્યાં ઢોલિયા ઉપર સ્વામીને પધરાવ્યા પછી છોકરાને જોઈને સ્વામી બોલ્યા જે, 'આ તો ઓલ્યો ધુંધળી મલ્લ છે. પાપી ડટણ સો પટણ કર્યું તે તું અહીયાં હરિભક્તને ઘરે ક્યાંથી આવ્યો ? ચાલ્યો જા અહીંથી. એમ સ્વામીએ કહ્યું પછી સ્વામી પાદર ગયા. ત્યાં પછવાડેથી એ છોકરો દેહ મેલી ગયો. ॥૭૩૫॥

અને ગામ માણસાના **નરસીરામભાઈ** અમદાવાદમાં હેમાભાઈ હઠીભાઈને ત્યાં મુનીમ હતા. તેઓ વરતાલમાં લક્ષ્મીનારાયણ દેવના દર્શન માટે ગયા. પછી પોતે વિચાર કર્યો જે, 'આંહી મને કોઈ ઓળખશે નહીં.' પછી ત્રણ ચાર સારાં કપડાં પહેર્યા અને માથે સારી અમદાવાદી પાઘડી બાંધી અને પોતાની સાથે બે માણસ લીધાં. તેમને બે સાકરના તાંસ ભરીને આપ્યા. પછી સભામાં આવીને દંડવત કરીને પગે લાગ્યા. અને સાકર ભરેલો તાસ એક રઘુવીરજીમહારાજની ગાદી ઉપર મેલ્યો અને એક તાસમાંથી મોટા પડીયા ભરીને મોટા સદ્‌ગુરૂઓ આગળ મેલ્યા. તેમાં પહેલો પડીયો ગોપાળાનંદ સ્વામી પાસે જઈને મેલ્યો. પછી સ્વામીએ નરસીરામભાઈને જોઈને કહ્યું જે, 'કોણ એ નરસીરામ કે ? પાનનો દીકરો !' સ્વામી કહે, 'જ્યારે હું ઘરેથી ચાલ્યો ત્યારે તારે ઘરે રાત રહ્યો હતો અને તારી માએ મને ખીચડી અને કઢી કરીને જમાડ્યાં હતાં. માટે તું તો મારો ભાણેજ કહેવાય.' ત્યારે નરસીરામભાઈએ વિચાર કર્યો જે, 'અહો! આ તો સ્વામી મારી માને સોત ઓળખે છે ! અને મેં તો જાણ્યું જે મને કોણ ઓળખશે ?' પછી સ્વામી કહે કે, 'આપણે આસને આવજે.' પછી સાકરનાં પડા સૌ સદ્‌ગુરુઓને વહેંચી આપ્યા. ને પછી લક્ષ્મીનારાયણ દેવની આરતી થઈ. ત્યાં સૌ

દર્શને ગયા અને પછી બધા સંતના દર્શન કરીને નરસીરામભાઈ ગોપાળાનંદસ્વામીને આસને ગયા. ત્યાં દંડવત કરીને પગે લાગીને પાસે બેઠા. પછી સ્વામીએ બધાય સમાચાર પૂછ્યા અને કહ્યું જે, 'નરસીરામ ! તારા લગ્ન કર્યા છે કે શું જે આ બધાં સારાં લુગડાં પહેર્યાં છે તથા દાગીના પહેર્યા છે ?' નરસીરામભાઈ કહે, 'ના, સ્વામી ! ત્યારે સ્વામી કહે, 'આ સીનાળવેડા શા માટે કર્યા છે ?' એટલે તરત ત્યાંથી ઉઠીને પોતાને ઉતારે ગયા અને પોતાની વસ્ત્ર અલંકારાદિક સર્વે ઉતારી નાંખીને સાદા વસ્ત્ર પહેર્યા અને માથે એક નાનો ફેંટો બાંધ્યો અને પછી ગોપાળાનંદસ્વામી પાસે આવીને બેઠા ત્યારે સ્વામીએ કહ્યું જે, 'આમ કેમ કર્યું ?' ત્યારે નરસીરામભાઈએ બે હાથ જોડીને કહ્યું જે, 'સ્વામી! આપની કૃપા.' સ્વામી કહે, 'જા, તને કોઈ દોષ નહીં પરાભવ કરે !' તે સાંભળીને નરસીરામભાઈના અંતઃકરણમાંથી દોષ માત્ર ટળી ગયા અને શુદ્ધ અંતઃકરણ થઈ ગયું ! અને પોતાના ગામમાં મંદિર કરાવ્યું અને પોતાનું સર્વસ્વ દેવને અર્પણ કર્યું ને પોતે એકાંતિકપણાને પામીને અક્ષરધામમાં ગયા. એમ મોટાની દયાથી જીવ નિર્દોષ થાય છે. ॥૭૩૬॥

એક વખત ગોપાળાનંદસ્વામી વડતાલમાં હતા અને **અક્ષરાનંદસ્વામી** મંદિરના મહંત હતા અને રઘુવીરજી મહારાજ કોઈ કામ પ્રસંગ આવેલ. તેથી તેમણે અક્ષરાનંદસ્વામીને બોલાવીને કહ્યું જે, 'અમારે એક સગરામ જોઈએ છીએ.' ત્યારે અક્ષરાનંદસ્વામી બોલ્યા જે, 'હમણાં બળદ નવરા નથી.' એમ જવાબ દઈને પોતાને આસને ગયા. પછી રઘુવીરજીમહારાજે ગોપાળાનંદસ્વામીને વાત કરી જે સ્વામી આવી રીતે વાત થઈ છે તે વખતે ગોપાળાનંદસ્વામીને જુનાગઢ જવું હતું. પછી સ્વામીએ અક્ષરાનંદસ્વામીને કહ્યું જે, 'તમે મારી સાથે જુનાગઢ ચાલો.' ત્યારે અક્ષરાનંદસ્વામી કહે કે, 'મારે મંદિરનું કામ છે તેથી ઘડીની નવરાશ નથી.' સ્વામી કહે કે, 'મંદિરનું કામ એક માસ સુધી બીજાને સોંપીને ચાલો મારી સાથે તમારે આવ્યા વગર છુટકો નથી 'ને અક્ષરાનંદસ્વામીના મનમાં એવું હતું જે, 'આ મંદિરનો ધણીરણી હું છું અને આચાર્ય તે તો મારી આગળ શું ગણતીમાં ? મને તો શ્રીજીમહારાજે મહંતાઈ આપી છે; એમ પોતાના મનમાં અભિમાન હતું.' પછી ગોપાળાનંદસ્વામી પોતાની સાથે જુનાગઢ તેડી ગયા. પછી સ્વામીએ ત્યાગીના ધર્મની વાતો કરી ને અક્ષરાનંદસ્વામીના મનમાં જ મોહ હતો તે સર્વે ટાળી નાંખ્યો અને પરમ એકાંતિક કર્યા અને પોતાનાં મનમાં એમ થયું જે આપણે તો શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું તે જ આપણો ધર્મ છે અને આ બધો વહેવાર તો આચાર્યનો ગણાય પણ આપણે તો આચાર્ય જેટલી આજ્ઞા કરે તેમ વર્તવું તેજ આપણો ધર્મ છે તેટલી જ ક્રિયા કરાય અને તમામ જાતનો

મોહ પોતાના અંતઃકરણમાંથી નિવૃત્તિ પામી ગયો. પછી ગામ પોલારપરને પાદર મુકામ કર્યો ત્યાં સવારમાં પૂજા કરીને ગોપાળાનંદસ્વામીને દર્શને ગયા અને સ્વામીને દંડવત કરીને પગે લાગીને કહ્યું જે, 'સ્વામી ! હું આજ સત્સંગી થયો કેમકે તમે જો ન મળ્યા હોત તો કસર માત્ર રહી જાત.' એમ કહીને સ્વામીને પગે લાગ્યા માટે સમજણ વિના મોહ ટળે નહીં. ॥૭૩૭॥

અને વડતાલમાં ચૈતન્યાનંદસ્વામીના શિષ્ય **બાળમુકુંદાનંદ** સ્વામી હતા. તે પોતે નિરંતર ગોપાળાનંદસ્વામીનો સમાગમ કરવા જતા. પછી એક વખત ચૈતન્યાનંદસ્વામીએ કહ્યું જે, 'તું રાત્રે હમેશાં કેમ મોડો આવે છે ? અને ક્યાં જાય છે ?' ત્યારે બાળમુકુંદાનંદસ્વામી કહે કે, 'સ્વામી ! હું તો ગોપાળાનંદસ્વામીને આસને વાતો સાંભળવા જાઉં છું' ત્યારે ચૈતન્યાનંદસ્વામી બોલ્યા જે, 'વળી ત્યાં કેવી વાતો થાય છે ?' ત્યારે બાલમુકુંદાનંદસ્વામી કહે, 'ત્યાં તો મોટા મોટા સદ્‌ગુરુ વાતો સાંભળવા આવે છે.' ત્યારે બાળમુકુંદાનંદસ્વામી કહે કે, 'સ્વામી ! તમે પણ જો એક વખત ગોપાળાનંદસ્વામીની વાત સાંભળો તો તમને પણ નિરંતર ત્યાં આવવાનું મન થાય.' ચૈતન્યાનંદસ્વામી કહે કે, 'મારાથી ત્યાં અવાય નહીં. ' એમ કરતાં કરતાં કેટલાક દિવસ થયા પછી બાળમુકુંદાનંદસ્વામીને કહે કે, 'ચાલો ! આજ તો હું પણ સ્વામીની વાતો સાંભળવા આવું. જોઈએ સ્વામી કેવીક વાતો કરે છે.' પછી બાળમુકુંદાનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામી પાસે અગાઉથી એક માણસ મોકલીને કહેવરાવ્યું જે, 'ચૈતન્યાનંદસ્વામી ! તમારે આસને વાતો સાંભળવા આવે છે. 'સ્વામીએ તરત મોટી ગાદી તકીયો નખાવી તૈયાર કર્યો અને ચૈતન્યાનંદસ્વામી આવ્યા ત્યારે સ્વામીયે તેને ગાદી તકીયે બેસાર્યા અને પછી પુરૂષોત્તમપણાની કેટલીક વાતો કરી તથા અવતાર અવતારીના ભેદની કેટલીક વાતો કરીને તે સાંભળીને ચૈતન્યાનંદસ્વામી તો મનમાં ઘણાક પ્રસન્ન થયા અને પછી પોતાને આસને આવ્યા અને બાળમુકુંદાનંદસ્વામીને કહ્યું જે, 'હું હવે નિરંતર સ્વામીની વાતો સાંભળવા આવીશ.' અને કેટલીક વાતનો પ્રસંગ આવે ત્યારે ગોપાળાનંદ સ્વામી સંસ્કૃત પુસ્તક લઈને ચૈતન્યાનંદસ્વામીને પુછવા જતા જે, 'આ શ્રીજીમહારાજે શું કહ્યું છે ? માટે આપના મુખથી સમજાવો.' પછી કેટલાક દિવસ કેડે ચૈતન્યાનંદસ્વામીએ ગોપાળાનંદ સ્વામીને હાથ જોડીને કહ્યું કે, 'તમે મને મળ્યા ન હોત તો મારે સમજણમાં ઘણી કસર રહી જાત. ' કેમકે પોતાનાં મનમાં એમ હતું જે મને શ્રીજીમહારાજે તમામ આજ્ઞા આપી છે. તો હવે મારે શું કરવાનું બાકી છે ? એમ પોતાને અભિમાન હતું. તે ગોપાળાનંદસ્વામીના સમાગમથી ટળી ગયું અને પોતે પરમ સાધુતા ગ્રહણ કરી અને પોતાને સુવાનો ઢોલિયો તથા નોખી રસોઈ કરવી

વગેરે બધાનો ત્યાગ કરીને સૌની સાથે પથારી કરીને પંક્તિમાં જમવું એવી રીતે કર્યું. તે ગોપાળાનંદસ્વામીના પ્રતાપથી થયું. ॥૭૩૮॥

અમદાવાદમાં **સર્વનિવાસાનંદસ્વામી** હતા. તેમને પચાસ સાધુ ભેગા રહેતા અને દશ પાળા પોતે ફરવા જતા ત્યારે સાથે ચાલતા તથા સીગરામ વિગેરે વાહન પોતાને સ્વાધીન હતાં. તો પણ પોતાના મનમાં એક દિવસ એમ વિચાર થયો જે, ‘જ્યાં સુધી ગોપાળાનંદસ્વામીનો સમાગમ કર્યો નથી. ત્યાં સુધી આપણી કસર ટળશે નહીં.’ એમ વિચાર કરીને એક વખત અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે હાથ જોડીને બોલ્યા જે, ‘મારે વરતાલ ગોપાળાનંદસ્વામીનો સમાગમ કરવા જવું છે.’ ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, ‘સ્વામી ! તમારામાં શું ન્યૂનતા છે તે ત્યાં જવું ?’ પછી સર્વનિવાસાનંદસ્વામી બોલ્યા જે, મહારાજ ! જ્યાં સુધી ગોપાળાનંદસ્વામીનો સમાગમ નથી કર્યો ત્યાં સુધી શ્રીજીમહારાજની ઉપાસના તથા સત્સંગની પ્રથા તથા દૃઢતા થાય નહીં માટે હું આપને વિનતિ કરીને કહું છું કે મને સમાગમ કરવા જવાની રજા આપો.’ પછી પોતાની પાસે સાઠ જોડય ચરણારવિંદ હતાં તથા શ્રીજીની કેટલીક પ્રસાદીની ચીજો હતી. તે બધું અયોધ્યાપ્રસાદજી મહારાજને અર્પણ કર્યું. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, ‘સ્વામી ! તમારે જવું હોય તો ભલે પધારો હું રાજી છું. પણ આ તમારી પૂજા તમારા સેવકોને જેમ ઘટે તેમ વહેંચી આપો.’ પછી સ્વામીયે પોતાના સેવકોને યોગ્યતા પ્રમાણે પૂજા વહેંચી આપી. અને બાકીની જે પૂજા રહી તે અયોધ્યાપ્રસાદજી મહારાજને કૃષ્ણાર્પણ કરી અને પોતે એક સેવકને સાથે લઈને વડતાલ ગોપાળાનંદસ્વામીનો સમાગમ કરવા ગયા. એવી રીતે મોટા હોય તે મોટાનો મહિમા સમજે જેમ હીરે કરીને જ હીરાને પરીક્ષા થાય તેમ મોટા હોય તે જ મોટાની મોટપ જાણે. ॥૭૩૯॥

એક વખત ગોપાળાનંદસ્વામી સારંગપુર પધાર્યા હતા. અને ત્યાંના **રાઠોડ ધાધલ** કરી કાઠી હતા. તેમને એક વીસ વરસનો દીકરો હતો પણ વ્યવહાર સંબંધી તે છોકરો કાંઈ કામ કરે નહીં અને રાઠોડ ધાંધલ પણ વૃદ્ધ થયા હતા. તેને એક ગાય દુઝણી હતી તે ગાયના વાછડાને છોડી મેલે ને પોતે છેટે જઈને ઉભો રહે ને એમ બોલે જે, કોકની ગાયને વાછડો ધાવે છે.’ એમ કહીને છેટે ઉભો રહે પછી રાઠોડ ધાંધલ ધીરે ધીરે જઈને વાછડાને ખીલે બાંધે એમ કેટલીક વખત કરે અને ઘરમાં રંજાડ પણ કેટલીક કરે. પછી રાઠોડ ધાંધલ કાયર થઈ ગયા. એવા સમામાં ગોપાળાનંદસ્વામી ત્યાં પધાર્યા પછી રાઠોડ ધાંધલે સ્વામીની પ્રાર્થના કરીને એમ કહ્યું કે, ‘સ્વામી ! આ છોકરો વીસ વરસનો થયો છે પણ ઘરનું કાંઈ કામકાજ કરતો નથી.’ સ્વામીએ કહ્યું

કે, 'તેને મારી પાસે લાવો.' પછી તે છોકરાને સ્વામી પાસે લાવ્યા ત્યારે છોકરા સામે જોઈને રાઠોડ ધાંધલને કહ્યું જે, 'આ તો પૂર્વનો તમારો સાથી હતો તેને તમોએ પગાર આપેલો નથી. તેથી તે પગાર લેવા આવ્યો છે. તે પગાર પુરો થઈ રહ્યો છે અને થોડા દિવસ કેડે ગુજરી જશે.' તેથી તે પ્રમાણે થોડા દિવસ કેડે તે છોકરો દેહ મેલી ગયો. ॥૭૪૦॥

એક સમે સ્વામી **સારંગપુર** પધાર્યા હતા અને **વાઘાખાચરે** સ્વામીની બહુ પ્રાર્થના કરી જે, 'સ્વામી ! અમે વહેવારે બહુ દુર્બળ છીએ અને પ્રસાદીનું ગામ જાણીને દેશી પરદેશી સંત તથા હરિજન બહુ દર્શને આવે છે. તેમને સીધું આપવા માટે ઘણીક અગવડતા પડે છે. માટે કૃપા કરીને અમને સુખીયા કરો તો સારું.' સ્વામી કહે કે, 'લ્યો ! તમને એક ભાઈ કરી આપું એટલે તમારે કશી વાતની અગવડતા નહીં રહે.' એમ કહીને સ્વામીએ બોટાદના કડીયા કાનાને બોલાવીને કહ્યું જે, 'તું એક હનુમાનજી ઘડી આપ્ય.' ત્યારે કડીયે કહ્યું જે, 'સ્વામી ! મને ચીતરતાં આવડતું નથી.' પછી સ્વામી કહે, 'લાવ્ય, હું ચીતરી આપું.' પછી સ્વામીએ હનુમાનજીની પ્રતિમા ચીતરી આપી. પછી કડીયે પ્રતિમા તૈયાર કરી ત્યારે સ્વામીએ પધરાવવા માટે સર્વે સામાન તૈયાર કરાવ્યો અને વેદોક્ત વિધિથી પોતાને હાથે જ હનુમાનજીની પ્રતિષ્ઠા કરાવી અને જે વખતે હનુમાનજી પધરાવતા હતા. તે વખતે સ્વામી પોતાની જેષ્ઠિકાનો ટેકો પોતાની દાઢી સાથે દઈને હનુમાનજીની પ્રતિમા થર થર ધ્રુજવા લાગી અને સ્વામીને એવો સંકલ્પ હતો જે, મૂર્તિમાન હનુમાનજી કામ કરવા પધારે એટલું ઐશ્વર્ય મેલવું,' તે વખતે ગામ ધોલેરાના પુંજાભાઈ ગરાસીયા તથા ગામ બોટાદના શેઠ ભગા વિગેરે હરિજન પાસે ઉભા હતા. તે સૌએ મળીને સ્વામીની પ્રાર્થના કરી જે, 'સ્વામી ! હનુમાનજીમાં એટલું ઐશ્વર્ય મેલશો તો ગઢપુર ગોપીનાથજીમહારાજ પાસે કોણ જાશે ? અને ધોલેરે મદનમોહનજીમહારાજ પાસે કોણ જાશે ?' પછી સ્વામીએ પોતાની વૃત્તિ ખેંચી લીધી અને પછી શુકમુનિ પાસે હનુમાનજીની આરતી ઉતરાવી અને કેટલુંક ઐશ્વર્ય હનુમાનજીમાં ગોપાળાનંદસ્વામીએ મૂક્યું તે આજ સૌને પ્રત્યક્ષ જણાય છે ! અને જેના પધરાવેલા દેવમાં આટલો પ્રતાપ છે તો તે પધરાવનાર પુરુષમાં કેટલો પ્રતાપ હશે ? અને જે વખતે હનુમાનજીને પધરાવ્યા તે વખતે ગોવિંદાનંદસ્વામી સ્નાન કરવા ગયા હતા. તે આવ્યા ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, 'હનુમાનજીનાં દર્શન કરી આવો.' પછી હનુમાનજીને પગે લાગવા ગયા. તે બેસીને પગે લાગ્યા. ત્યારે હનુમાનજીએ ગોવિંદાનંદસ્વામીના હાથ ઝાલ્યા અને કહ્યું જે, 'તમારે મને બેસીને પગે ન લાગવું કેમ કે તમે ગોપાળાનંદસ્વામીના સેવક છો અને હું પણ ગોપાળાનંદ સ્વામીનો સેવક છું

માટે આપણે બન્ને ગુરુભાઈ કહેવાઈએ !' એ પ્રમાણે હનુમાનજીએ પ્રત્યક્ષપણે ગોવિંદસ્વામી સાથે વાત કરી અને પછી ગોપાળાનંદસ્વામીએ વાઘાખાચરને કહ્યું જે, 'તમારે હનુમાનજીની માનતા કરાવવી.' ॥૭૪૧॥

પછી **વાઘાખાચર** બધા માણસો પાસે માનતા કરાવવા લાગ્યા. તેમાં ધજા અને નાળીયેર એ બે વાનાં આવતાં તે નાળીયેર ફોડીને છોકરાં શેશુ ખાઈ જાય અને ધજાઓ ભેગી થાય. તેની પોટલી બાંધે પછી વાઘાખાચર વરતાલ ગોપાળાનંદસ્વામી પાસે ગયા અને સ્વામીને સભામાં કહ્યું જે, 'સ્વામી ! તમોએ હનુમાનજી તે પધરાવ્યા પણ નાળીયેરના કાચલાનો મોટો ગંજ થયો છે અને ધજાઓ ભેળી થઈ છે. પછી સ્વામી કહે કે, 'હવે તમારે પૈસાની માનતા કરાવવી અને હજુ હનુમાનજી નાનાં છે તે મોટા થશે ત્યારે બહુ પ્રતાપી થશે ?' એમ વાઘાખાચરને સ્વામીએ બધી વાત કરી. ॥૭૪૨॥

જે વખતે સારંગપુરમાં હનુમાનજીની પ્રતિષ્ઠા કરી તે વખતે ગોપાળાનંદસ્વામીને **બોટાદ**ના હરિજનોએ કહ્યું જે, 'અમારૂં ગામ પણ પ્રસાદીનું છે માટે અમને કાંઈક આલંબનકારી આપો.' પછી સૌ હરિજનના આગ્રહથી સ્વામી બોટાદ પધાર્યા અને સ્વામીએ કહ્યું જે, 'તમને શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવી આપું. તે હનુમાનજી કરતાં વિશેષ કામ કરશે.' પછી ગોપાળાનંદ સ્વામીએ બોટાદના મંદિરમાં ઓટો કરીને ચરણારવિંદ પધરાવી આપ્યાં અને સૌ કોઈ માનતા કરતા તેનું કામ સિદ્ધ થઈ જતું. પછી કેટલાક વરસ થયા પછી સૌ હરિજનોએ મળીને વિચાર કર્યો જે, આ ચરણારવિંદ સિંહાસનમાં પધરાવ્યા હોય તો ઠીક. ' પછી ત્યાંથી ઉત્થાપન કરીને સિંહાસનમાં પધરાવ્યાં એટલે તેમનો ચમત્કાર બંધ થઈ ગયો. હાલમાં તે જ ઠેકાણે પધરાવ્યા છે. ॥૭૪૩॥

એક વખત રઘુવીરજીમહારાજ તથા **ગોપાળાનંદસ્વામી** વિગેરે સદ્ગુરુ ગામ મહુવેથી ચાલ્યા તે ગામ માઢીયે આવ્યા ને ત્યાં મુકામ કર્યો અને પટવા કરીને પાસે એક ગામ છે ત્યાં બ્રાહ્મણ રહેતો. તે વૈદ હતો ને સત્સંગનો બહુ જ દ્વેષી હતો ને માઢીયા તથા પઢીયારકાના હરિજનોને બહુ હેરાન કરતો હતો. તે હરિજનો દુર્બળ સ્થિતિના હતા. તેથી તે બ્રાહ્મણને કાંઈ કહી શકતા નહીં પછી સૌ હરિજનોએ સ્વામીની પ્રાર્થના કરી જે, 'સ્વામી ! આ પટવા ગામમાં એક બ્રાહ્મણ વૈદ છે. તે સત્સંગનો બહુ જ દ્વેષી છે. અને અમને સૌને બહુ હેરાન કરે છે માટે તેને કાંઈક ચમત્કાર બતાવો તો અમને સુખ આવે નહીં, તો અમને હેરાન કર્યા કરશે.' પછી સ્વામી કહે, 'બહુ સારુ તેને જઈને કહો જે ગોપાળાનંદસ્વામી માંદા છે. તેની નાડી જોવા બોલાવે છે.' પછી એક

હરિજને જઈને તેને કહ્યું કે, 'અમારા એક સાધુ માંદા છે. તેની નાડી જોવા બોલાવે છે.' પછી એક હરિજને જઈને તેને કહ્યું કે, 'અમારા એક સાધુ માંદા છે. તેની નાડી જોવાને માટે તમે આવો.' ત્યારે તે વૈદે કહ્યું જે, 'અમુક ફી હોય તો આવું.' ત્યારે હરિજન કહે, 'તમે રાજી થશો તે આપશું.' પછી તે ઘોડે બેસીને પોતાની વૈદકની પેટી સાથે લઈને જ્યાં આચાર્યમહારાજનો મુકામ હતો ત્યાં આવ્યો. પછી તેને ગોપાળાનંદસ્વામી પાસે લઈ ગયા. એટલે સ્વામીએ કહ્યું જે, 'વૈદરાજ ! મારે શરીરે બહુ કસર રહ્યા કરે છે. માટે મારી નાડી જુઓ શું રોગ છે ?' પછી વૈદે સ્વામીનો હાથ ઝાલીને નાડી પરીક્ષા કરી પણ ક્યાંઈ નાડી હાથમાં આવી નહીં. પછી આખા શરીરમાં જે જે નાડીનાં સ્થાનકો હતા તે તમામ ઠેકાણે તપાસ કરીને જોયું પણ નાડી ક્યાંઈ હાથમાં આવી નહીં. પછી તે બ્રાહ્મણ બોલ્યો જે, 'મહારાજ ! તમારા શરીરમાં નાડી જણાતી નથી. અને તમો મારી સાથે વાતચીત કરો છો માટે આપ તો કોઈ મહાત્મા પુરુષ છો એમ જણાય છે. મેં તમારા સત્સંગીઓનો ઘણો ઘણો દ્વેષ કર્યો છે તે હું આજથી તમારી પાસે માફી માગું છું. અને મને તમારો કરીને જાણજ્યો.' એમ ગોપાળાનંદસ્વામીએ તેને ચમત્કાર જણાવીને આશ્રિત કર્યો. ॥૭૧૪॥

અને ગામ **સુંદરીયાણા**માં **હેમરાજ** શેઠ કરીને વણિક રહેતા હતા. તે વૈષ્ણવધર્મમાં આગેવાન હતા અને પોતાની નાતમાં પણ આગેવાન ગણાતા હતા. તેમને પૂર્વના સંસ્કારોએ કરીને ગોપાળાનંદસ્વામીનો યોગ થયો અને પોતે રાજવૈદ હતા. પછી એક વખત ગોપાળાનંદસ્વામી ગઢપુરથી વડતાલ પધારતા હતા. તે વચમાં સુંદરીયાણે મુકામ કર્યો તે વખતે ગામનાં હરિજનો તથા હેમરાજશાના બે પુત્રો નામે પુંજાશા તથા બનાશા તે સૌ સ્વામીને દર્શને આવ્યા. પછી પુંજા શેઠને સ્વામીએ કહ્યું જે, 'મને જીરણ તાવ રહ્યા કરે છે માટે તમારા પિતાશ્રી વૈદકમાં બહુ વખણાય છે. માટે તેમને મારી નાડી જોવા બોલાવો.' પછી પુંજો શેઠ ઘરે ગયા અને પોતાના પિતાને કહ્યું જે, 'બાપા ! સ્વામિનારાયણના સાધુને તાવ આવે છે તે તેમની નાડી જોવા માટે તમને બોલાવે છે.' પછી હેમરાજ શેઠ તેમના દીકરાની સાથે મંદિરમાં આવ્યા. તેમને સ્વામીએ આદર સત્કાર કરીને બેસાર્યા. પછી સ્વામીએ હેમરાજશાને કહ્યું જે, 'શેઠ ! જુઓને મને જીર્ણ તાવ આવ્યા કરે છે તે મારી નાડી જુઓ.' શેઠે સ્વામીનો હાથ પોતાના હાથમાં લઈને નાડી જોઈ પણ હાથમાં નાડી ક્યાંઈ ચાલતી જણાતી નથી. તે જોઈને પછી આખા શરીરમાં નાડીનાં જ્યાં જ્યાં સ્થાનક હતાં ત્યાં ત્યાં નાડીનો બધે તપાસ કર્યો પણ નાડી ક્યાંઈ હાથ આવી નહીં અને સ્વામી તો શેઠ સાથે વાતો કરતા હતા. પછી શેઠે વિચાર કર્યો જે, 'આ મહાત્મા સાધુએ નાડી જોવા માટે મને બોલાવેલ નથી અને આતો કોઈક

મોટા યોગેશ્વર છે કેમકે નાડી છાંડ્યા પછી મનુષ્યની શરીરની સ્થિતિ શીતળ થઈ જાય. આ તો જેમ સાજું માણસ સાવચેતીથી વાતો કરે તેમ મારી સાથે વાતચીત કરે છે માટે આ મહાત્મા પુરુષ મારે માટે જ એટલે મને દર્શન દેવાને અર્થે પધાર્યા છે અને મન ભવસાગરમાંથી તારવાને માટે આવ્યા હોય ને શું ?' એમ પોતાના મન સાથે વિચાર કરીને સ્વામીની ઘણી ઘણી વંદના કરીને બોલ્યા જે, 'સ્વામી ! તમોએ મને નાડી જોવા માટે બોલાવેલ નથી પણ આપનું ઐશ્વર્ય જોવા બોલાવેલ છે માટે તમારો આશ્રિત કરો.' એમ કહીને સ્વામીને હાથે વર્તમાન ધારીને આખું કુટુંબ શ્રીજીને શરણે થયું અને શ્રીજીના તેઓ અનન્ય એકાંતિક ભક્ત થયા અને નાત તથા કુટુંબનો ત્યાગ કરીને પોતાના શિરને સાટે સત્સંગ રાખ્યો. તે હજી સુધી તેમના વંશજો નાત કુટુંબનો ત્યાગ કરીને સત્સંગમાં દઢપણે રહેલ છે. એવી રીતે સ્વામીની કૃપાથી સત્સંગમાં સુખીયા રહેલા છે. ॥૭૪૫॥

શ્રીજીમહારાજને દેહ મુકવા આડા બે ત્રણ દિવસ રહ્યા હતા ત્યારે પોતે રાત્રીએ બોલ્યા જે, 'મારી પાસે કોણ કોણ છે ?'' ત્યારે શુકમુનિ કહે, 'રતનજી બાપુ તથા મુળજી બ્રહ્મચારી અને હું એ ત્રણ જણ છીએ.' ત્યારે મહારાજે શુકમુનિને કહ્યું જે, 'મુક્તાનંદસ્વામીને બોલાવી લાવો. બીજા કોઈને સાથે આવવા દેશો નહીં.' પછી શુકમુનિ મુક્તાનંદસ્વામીને મહારાજ પાસે બોલાવીને લાવ્યા અને તેઓ મહારાજ પાસે આવીને બેઠા. પછી મહારાજ કહે, 'અમે કહીએ તેમ કરશો ?' ત્યારે મુક્તાનંદસ્વામી કહે, 'હા મહારાજ ! જેમ તમે કહેશો તેમ કરીશ અને જેની આજ્ઞામાં રાખશો તેમની આજ્ઞામાં રહેશું.' પછી મહારાજ કહે કે, 'ઝાલો મારા પગ.' પછી મુક્તાનંદસ્વામીએ મહારાજના ચરણારવિંદ ઝાલ્યાં. પછી મહારાજ કહે, ''હાથી તો નાંગળ્યા'' પછી મહારાજે શુકમુનીને પૂછ્યું : હું કહું તેમ કરશો ?'' પછી શુકમુનિ કાંઈ બોલ્યા નહીં પછી મહારાજે તેમને બે ત્રણ વાર પૂછ્યું. ત્યારે શુકમુનિ કહે, 'હા. પછી મહારાજ કહે કે ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં સૌ રહેજો. ત્યારે શુકમુનિ કહે કે, 'મહારાજ ! મેં પ્રથમ આવું જાણ્યું નહોતું અને હું તો ગોપાળાનંદસ્વામીનો જ સાધુ છું !' પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, 'ગોપાળાનંદસ્વામી બહુજ મોટા સાધુ છે અને મૂળ અક્ષર છે ! અને અક્ષરધામમાં તેઓ સર્વેને ધરી રહ્યા છે અને એક રુપે પુરુષોત્તમનો મહિમા સર્વેને કહે છે અને એક રુપે પુરુષોતમ નારાયણની સેવામાં રહ્યા છે અને એક રુપે અહીંયાં આવ્યા છે ' ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, મહારાજ ! આતો બહુ મોટા ! અને તમોએ આટલા દિવસ સુધી અમોને કેમ વાત કરી નહીં? ત્યારે મહારાજ કહે, ''કેટલાક જુના જુનાને ઠીક ન પડે તે સારું ન કહ્યું. પણ તે તો બહુ મોટા છે.' ॥૭૪૬॥

એક સમે રઘુવીરજીમહારાજ તથા ગોપાળાનંદસ્વામી વિગેરે સદ્‌ગુરુઓ **સુરત** પધાર્યા હતા. ત્યાં સંત તથા હરિજનો રાત્રે પોતા પાસે બેઠા હતા. તે સમે શ્રીજીમહારાજ એક હરિજનને તેડવા માટે પધાર્યા ત્યારે તે હરિજન બોલ્યો જે, 'મહારાજ ! મારાં છોકરાં નાનાં છે. તે હમણાં નહીં આવું.' ત્યારે મહારાજે કહ્યું જે, ''તારી આયુષ્ય થઈ રહી છે. તે માટે તને તેડી જવો છે.' પછી તેને કોઈકે કહ્યું જે, 'છોકરાની શી ચિંતા રાખે છે? મહારાજ સાથે ધામમાં જા.' પછી તે મહારાજ સાથે ધામમાં ગયો. તે વાત મંદિરમાં ગોપાળાનંદસ્વામીએ કહી જે, 'ઓલ્યા હરિભક્તને મહારાજ તેડવા આવ્યા છે ને તે જાતો નથી તેને મહારાજ પરાણે તેડી ગયા.' ॥૭૪૭॥

અને તે સમે **રામજીભગત** કરીને હરિભક્ત સ્વામી પાસે બેઠા હતા. તેણે સ્વામીને પૂછ્યું જે, 'તમારી મોટપ કહો.' પછી સ્વામીએ વાત કરી જે, 'અનંત કોટી બ્રહ્માંડના જીવને તેની ક્રિયા તથા તેનાં ફળ તેને હથેળીમાં જળનું ટીપું દેખે તેમ હું દેખું છું.' એવી રીતે કહી દેખાડ્યું. તે સાંભળી સૌ સંત તથા હરિજન બહુજ આશ્ચર્ય પામ્યા. ॥૭૪૮॥

એક સમે રઘુવીરજીમહારાજ તથા સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી **સુરત** પધાર્યા હતા. અને સુરતના અરદેશરજી પારસી નિત્ય સભામાં આવીને બેસતા ને રઘુવીરજીમહારાજને ઉભા ઉભા નમસ્કાર કરે અને ગોપાળાનંદસ્વામીને દંડવત કરીને ચરણમાં જઈને પગે પડે. પછી એક દિવસે નિત્યાનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામીને વાત કરી જે, 'આ અરદેશરજીની ભુલ આજે ઓળખાવો તો સારું. કેમકે રઘુવીરજીમહારાજને તેઓ ઉભા ઉભા પગે લાગે છે અને આપને પગમાં પડે છે માટે તે અયોગ્ય ગણાય.' પછી ગોપાળાનંદસ્વામીએ કહ્યું કે, 'કાલે સવારમાં વાત.' પછી બીજે દિવસે સવારમાં કથાનો સમય થયો. તે વખતે અરદેશરજી સભામાં આવ્યા અને સૌને પગે લાગીને બેઠા. તે સમે ગોપાળાનંદસ્વામીએ કેશવદાસજીને સમાધિ કરાવી. તે જોઈને અરદેશરજીને ઘણું જ આશ્ચર્ય લાગ્યું. પછી સ્વામીએ કહ્યું જે, 'આ સાધુને ઉપાડીને અહીંથી લઈ જાઓ. કથામાં વિઘ્ન થાય છે.' પછી તેમને લઈ જઈને ઓરડામાં સુવાડ્યા અને બે ત્રણ દિવસ થયા તોપણ જાગ્યા નહીં.' પછી અરદેશરજીએ સ્વામીની પ્રાર્થના કરી જે, સ્વામી ! કાંતો સાધુને જગાડો અગર તો અગ્નિસંસ્કાર કરાવો.' પછી સ્વામી કહે, 'તેને સભામાં લાવો.' પછી ચાર જણા જઈને કેશવદાસજીને ઉપાડીને સભામાં લાવ્યા. તે સમે ગોપાળાનંદસ્વામીએ બે ત્રણ વાર કેશવદાસ એ કેશવદાસ એમ કહીને બોલાવ્યા પણ બોલ્યા નહીં. ત્યારે સ્વામી કહે, 'તે તો આચાર્ય મહારાજનું કામ છે. આપણું કામ નહીં.' ત્યારે અરદેશરજી

કહે, સ્વામી ! તમારાથી કોણ મોટું છે ?' ત્યારે સ્વામી કહે, 'શ્રીજીમહારાજે રઘુવીરજી મહારાજને પોતાની ગાદીએ બેસાર્યા છે પણ કાંઈ મને બેસાર્યો નથી.' એમ કહીને સ્વામીએ રઘુવીરજી મહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, 'મહારાજ ! આ સાધુ ત્રણ ત્રણ દિવસથી પડ્યા છે તેણે અન્ન તથા જળ કાંઈ પણ લીધું નથી અને દિશા તથા લઘુ પણ બંધ છે. માટે તમે કૃપા કરીને તેને જગાડો તો તે જાગે.' પછી રઘુવીરજીમહારાજે પાટ ઉપર બેઠા બેઠા ધીમે ધીમે ત્રણ વાર સાદ કર્યા જે, 'કેશવદાસ, એ કેશવદાસ.' એમ ત્રણ વાર જ્યાં કહ્યું એટલે કેશવદાસ તરત ઉઠીને રઘુવીરજી મહારાજના ચરણમાં જઈને પગે લાગ્યા. તે વખતે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, 'કેશવદાસ ! શું દેખો છો ?' કેશવદાસ કહે કે, 'શ્રીજીમહારાજ રઘુવીરજી મહારાજને ખોળામાં લઈને બેઠા છે એમ હું દેખું છું.' તે સાંભળી અરદેશરજીએ પોતાની પાઘડી હાથમાં લઈને રઘુવીરજી મહારાજના ચરણમાં મૂકીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. ત્યાર પછી પોતે રઘુવીરજીમહારાજ પાસે બબે કલાક બેસવા મંડ્યા. એટલે રઘુવીરજીમહારાજનો મહિમા યથાર્થ સમજવા લાગ્યા. એમ ગોપાળાનંદસ્વામીએ અરદેશરજીની ભૂલ ઓળખાવી. ॥૭૪૯॥

અને એક સમે **ગોપાળાનંદસ્વામી**ને **વરતાલ**માં મંદવાડ આવ્યો હતો. અને એકવીસ લાંઘણો થઈ હતી અને રઘુવીરજીમહારાજ સ્વામીને જોવા માટે ગયા અને સ્વામીએ ખાટલીને ઓશીકે ખુરશી નાંખી અપાવી. તે ઉપર બેઠા પછી પોતે બહુ જ દિલગીર થયા અને નેત્રમાંથી જળ વહેવા લાગ્યું. પછી સ્વામીને પગે લાગીને પોતાને આસને પધાર્યા. પછી શ્રીજીમહારાજે આવીને સ્વામીને કહ્યું જે, 'તમોએ રામચંદ્રજીને કુરાજી કર્યા. માટે હાલ તમોને નહીં તેડી જઈએ અને જ્યારે રામચંદ્રજી રાજી થઈને કહેશે ત્યારે તેડી જાશું !' પછી સ્વામીએ જિષ્ણુદાસજીને કહ્યું જે, 'સાકરની રાબ કરો પીવી છે.' કેમકે શ્રીજીમહારાજનો ઠપકો મળ્યો પછી જિષ્ણુદાસજીએ રાબ કરી. તે સ્વામીએ પીધી ને સાજા થયા. ॥૭૫૦॥

એક સમે **ગઢપુર**માં ગોપાળાનંદસ્વામી વિરાજમાન હતા, અને બ્રહ્માનંદ સ્વામીના સેવકો સ્વામીને દર્શને આવ્યા પછી તે સ્વામીને આસને દર્શને ગયા. પછી તે સંતોએ સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! જો શ્રીજીમહારાજ આ પૃથ્વી ઉપર વધારે રહ્યા હોત તો ઘણાક જીવોને સમાસ થાત.' જ્યારે સ્વામી કહે, 'એ તો શ્રીજીની જેમ ઈચ્છા.' પછી વળી કહ્યું જે, 'મુક્તાનંદસ્વામી રહ્યા હોત તો પણ ઘણાક જીવોને સમાસ થાત.' ત્યારે સ્વામી કહે, 'જો મુક્તાનંદસ્વામી રહ્યા હોત તો કોઈ બીજા મંદિરમાં રહેત નહીં અને

સૌ સ્વામી પાસે સમાગમ કરવા આવત. ' પછી સાધુએ કહ્યું જે, 'જો બ્રહ્માનંદસ્વામીને રાખ્યા હોત તો ઠીક.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'બ્રહ્માનંદસ્વામી એક તરફી ખેંચવા લાગ્યા એટલે શ્રીજીમહારાજ તેમને ધામમાં તેડી ગયા.' તે સાંભળીને સાધુઓને ક્રોધ આવ્યો. અને સ્વામીને કહ્યું જે, 'તમો શા કારણથી રહ્યા છો ?તમે કેમ જાતા નથી ?' ત્યારે સ્વામી કહે જે, 'હું જે કારણથી રહ્યો છું તે આગળ ખબર પડશે. ' એમ સ્વામીએ ઉત્તર આપ્યો. માટે ગુરુનો પક્ષ લઈને મોટાનો અપરાધ થયા પછી સ્વામીએ દેવનો તથા આચાર્યનો વ્યવહાર જુદો પાડ્યો તથા સર્વોપરી સ્વામિનારાયણની નિષ્ઠા પ્રવર્તાવી. ॥૭૫૧॥

એક સમે કારીયાણીમાં વસ્તાખાચરનો હાથ પાક્યો હતો અને ગઢપુરથી નિત્યાનંદસ્વામીને જોવા મોકલ્યા હતા. ત્યાર પછી ગોપાળાનંદસ્વામીને મોકલ્યા અને પછી થોડાક દિવસ થયા કેડે શ્રીજીમહારાજ પંડે પધાર્યા અને વસ્તાખાચરે શ્રીજીમહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, 'મહારાજ ! તમોએ નિત્યાનંદસ્વામીને આગળથી મોકલ્યા તે બહુ સારું કર્યું અને પછી તરત ગોપાળાનંદસ્વામીને મોકલ્યા તે તો મારા ઉપર અત્યંત કૃપા કરી.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''વસ્તાખાચર ! ગોપાળાનંદસ્વામી તો બહુ જ મોટા સાધુ છે. ' એમ કહીને બોલ્યા જે, 'એક અષ્ટાંગયોગ શ્રીકૃષ્ણ ભગવાને સાધ્યો હતો અને એક અષ્ટાંગયોગ ગોપાળાનંદસ્વામીએ સાધ્યો છે.' અને વળી કહ્યું જે, 'તે તો બહુ જ મોટા છે !' ત્યારે વસ્તોખાચર બોલ્યા જે, 'મહારાજ ! તમે કેવા મોટા ?' ત્યારે મહારાજ કહે કે, 'હું તો સૌને પ્રેરક, પ્રવર્તક અને નિયામક છું. વળી સર્વ અવતારોનો અવતારી છું. '' એમ શ્રીજીમહારાજે વસ્તાખાચર આગળ વાત કરી હતી. ॥૭૫૨॥

**વડોદરા**માં દક્ષિણી બ્રાહ્મણ આપાશાસ્ત્રી હતા. તેમની પાસે ઘણાક વિદ્યાર્થી ભણતા હતા. તેમાં એક **ત્રંબકનાથ** નામે બ્રાહ્મણ વિદ્યાર્થીને વિદ્યા ઓછી આવડે તેથી કરીને તે શાસ્ત્રી તેનો બહુ તિરસ્કાર કર્યા કરતા. પછી તે ત્રંબકનાથ ઉદાસ થઈ ગયા અને સવારના પહોરમાં લક્ષ્મીનારાયણના મંદિરમાં આવ્યા. અને ત્યાં સભામાં બેઠા પછી તે સભામાં ગોપાળાનંદસ્વામી બેઠા હતા અને જ્યારે દેવની આરતી થઈ રહી ત્યારે સ્વામીએ ત્રંબકનાથને પૂછ્યું જે, 'કેમ સુખી છો ને ?' ત્યારે તેણે કહ્યું જે, 'મહારાજ ! મને વિદ્યા આવડતી નથી તે મોટું દુઃખ છે.' ત્યારે સ્વામીએ કહ્યું કે, 'તમને વિદ્યા આવડે તો બન્ને ગાદીવાળા આચાર્યનો પક્ષ રાખશો ?' ત્યારે તે બ્રાહ્મણ બોલ્યા જે, 'શ્લોક– ''અખાતીહી તડાગે ચ'' ખોદ્યા વિનાનું તળાવ તેમાં મગરે પ્રવેશ કર્યો અને દીકરો જન્મ્યો નથી ને નામ પાડ્યું ! તે ક્યાંથી બને ?' ત્યારે સ્વામી કહે,

'તમારા વિદ્યા ગુરુ પાસે જાઓ અને ત્યાં જઈને કહો કે મારી પરીક્ષા લ્યો.' ત્યારે ગુરુએ જણાવ્યું જે, 'આને કાંઈ આવડતું નથી. માટે કઠણમાં કઠણ શ્લોક પુછું.' પછી પાંચમી માઘકાવ્ય તેના વંદેરાના શ્લોક છે તેમાંથી એક શ્લોક પૂછ્યો. તેની અન્વય પદ કહીને તે શ્લોકના પાંચ અર્થ કરી આપ્યા. તે જોઈ શાસ્ત્રીએ પૂછ્યું જે, 'તમને ગોપાળાનંદસ્વામી મળ્યા કે શું ?' ત્યારે ત્રંબકનાથ કહે, 'હા.' ત્યારે શાસ્ત્રી બોલ્યા જે, 'હવે તમે જગતજીવ પંડિત થઈ રહ્યા અને હવે તમે મારી પાસે ભણો છો તે કેવળ મને જશ દેવાને માટે નહીં, હવે તો ઉલટા મને ભણાવો તેવા વિદ્યાવાન થયા છો.' આનું નામ કૃપાસાધ્ય કહેવાય. ॥૭૫૩॥

વડોદરામાં દક્ષિણી બ્રાહ્મણ **રાવસાહેબ** હતા. તેને બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો અને તે બ્રાહ્મણ કાશી વિગેરે સર્વે તીર્થમાં ફર્યો અને જે જે મહાન પુરુષો કહેવાય તેને પણ મળ્યો. તે પાછા વડોદરે પોતાને ઘરે આવ્યા ત્યારે ગાયકવાડ સરકારે કહ્યું જે, 'તમે ગોપાળાનંદસ્વામીને મળો તો તે તમને તમારા દુઃખથી મુક્ત કરશે.' પછી તેઓ વડોદરામાં ગોપાળાનંદસ્વામીને મળ્યા અને તેમને પોતાના દુઃખની વાત કરી જે, 'મને બાર વરસથી નિંદ્રા આવતી નથી. તેમ ખાવાપીવાનું પણ સુખ નથી' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'આજે રાત્રે તમે જમીને સુઈ જાજ્યો. તો નિંદ્રા સારી આવશે અને મનુષ્યને કહેવું જે કોઈએ મને જગાડવો નહીં.' એમ કહીને તેઓ વાળું કરીને સુતા તે દિવસના આઠ વાગે ઉઠ્યા પછી નાહી ધોઈ પવિત્ર થઈને સ્વામીને દર્શને આવ્યા અને સ્વામીને પગે લાગીને કહ્યું જે, સ્વામી ! તમારા વચનથી આજ બાર વરસે સારી નિંદ્રા આવી અને સુખેથી વાળુ પણ કર્યું હતું. માટે હવે તમો બધા સંતને ઉત્તમ રસોઈ કરીને જમાડવા છે.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તમો કંસારની એક રસોઈ આપો.' ત્યારે તેમણે કંસારની રસોઈ આપી. પછી સ્વામીએ તેમને કહ્યું કે, 'આજ સાંજે પાંચ વાગે તમે સભામાં આવજો.' તે પ્રમાણે તેઓ સાંજે સભામાં આવ્યા. ને સિયાજીરાવ પણ તે સમયે ત્યાં દર્શને આવ્યા હતા અને સ્વામીની આગળ બેઠા. તે વખતે સ્વામીએ દક્ષિણી બ્રાહ્મણને કહ્યું જે, 'તમે તમારી દષ્ટિ મારી દષ્ટિ સાથે મેળવો.' ત્યારે તેણે સ્વામીની દષ્ટિ સાથે પોતાની દષ્ટિ મેળવી. પછી સ્વામી બોલ્યા જે, 'બ્રહ્મરાક્ષસ ઘણોજ હઠીલો છે.' એમ કહીને સ્વામીએ એક દષ્ટિ કરીને તેના સામું જોયું. ત્યાં તો તે બ્રહ્મરાક્ષસે એકદમ કાળી ચીસ નાંખી અને ભાગ્યો અને બ્રાહ્મણના કાનમાંથી તથા આંખમાંથી તથા નાક વિગેરેમાંથી ધુમાડાના ગોટે ગોટા નીકળ્યા. તે સભામાં સર્વેએ જોયું. પછી બ્રહ્મરાક્ષસ નાઠો તે એક વૃક્ષની ડાળ ભાંગી ગઈ. તે જોઈને સૌ આશ્ચર્ય પામ્યા. પછી તે દક્ષિણી બ્રાહ્મણ ત્યાં લક્ષ્મીનારાયણદેવની પ્રતિમા છે. તેને દર્શને ગયા અને

નારાયણની પ્રતિમાના હાથમાં એક હાર પહેરાવ્યો હતો અને બીજો હાર લક્ષ્મીજીના હાથમાં ધરાવ્યો હતો. પછી સ્વામીએ કહ્યું જે, 'જાઓ લક્ષ્મીનારાયણદેવને પગે લાગો.' પછી ઉઠીને દેવે પગે લાગ્યો. અને નારાયણની મૂર્તિના હાથમાં જે હાર હતો તે નારાયણે તે બ્રાહ્મણને પહેરાવ્યો એટલે પછી દેવને પગે લાગીને સ્વામી પાસે આવીને બેઠા. ॥૭૫૪॥

પછી સ્વામીએ સિયાજીરાવને કહ્યું જે, 'તમે દેવને પગે લાગવા જાઓ.' ત્યારે તેઓ પણ ઉભા થઈને દેવને પગે લાગવા ગયા ત્યારે લક્ષ્મીજીના હાથમાં જે હાર હતો તે લક્ષ્મીજીએ સિયાજીરાવને પહેરાવ્યો એટલે તેઓ પણ ત્યાંથી પાછા આવીને સ્વામી પાસે બેઠા. ત્યારે સ્વામી બોલ્યા જે, 'લક્ષ્મીજીએ હાર આપ્યો ?' ત્યારે સિયાજીરાવે કહ્યું જે, 'હા ત્યારે સ્વામી કહે, 'આવા દેવ ક્યાંઈ છે ?' ત્યારે સિયાજીરાવ બોલ્યા, 'વડોદરામાં કે મારા રાજ્યમાં કે બીજે કોઈ ઠેકાણે આવા દેવ દીઠા નથી !' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તેવા દેવની સેવા કાયમ થાય તેવો ઉપાય તેમ કરો.' ત્યારે સિયાજીરાવે કહ્યું જે,' બાર મહીને છસો રૂપિયાની સેવા હું કરીશ.' તે સાંભળીને સ્વામી રાજી થયા. પછી મહીરાવભાઈએ મરકન દેશમાંથી આરસ મંગાવીને સારા કારીગર પાસે ગોપાળાનંદસ્વામીની મૂર્તિ કરાવવી એવો ઠરાવ કર્યો. પછી તેવું સાંભળીને સ્વામીએ ના કહી જે, 'મારી મૂર્તિ હોય નહીં.' એમ કહીને કરાવવાની ના પાડી. ॥૭૫૫॥

એક સમે **મેઘપુર**નો બ્રાહ્મણ **શુકદેવજી** જુનાગઢ મંદિરમાં ગોપાળાનંદસ્વામીના દર્શને ગયો. ત્યાં સ્વામીએ તેને પૂછ્યું જે, 'આખાના નરશીદવે શું કરે છે ?' ત્યારે શુકદેવ કહે, 'તે તો માંદા છે.' ત્યારે સ્વામી કહે, 'આ ફૂલનો હાર નરશીદવેને પહેરાવજો. તેઓ આ હાર પહેરશે તે ઘડીયે શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા આવશે અને તરત ધામમાં જાશે.' તે શુકદેવ બ્રાહ્મણ વિમુખ જેવો હતો તે પરચો જોઈને સત્સંગી થયો. ॥૭૫૬॥

એક સમે **ગોપાળાનંદસ્વામી** પીંપલાણેથી આખે જાતા ને ભેગા **નરશીદવે** તથા તેનો દીકરો મકન તથા કાનજી તથા આખાના બીજા બ્રાહ્મણો મકન તથા કાનજીની સાથે હતા. તે નદીને કાંઠે વાઢ આવ્યો ત્યારે નરશીદવેએ કહ્યું જે, સ્વામી ! પાણી વિના આ વાઢ સુકાય છે. તે જો સારો વરસાદ થાય તો ઠીક.' ત્યારે ગોપાળાનંદસ્વામી કહે કે, 'મહારાજને પ્રતાપે થાય તો ખરો.' પછી નરશીદવે બોલ્યા જે, 'તમે કૃપા કરો તો થાય અને મારો વાઢ સારો થાય અને ગોળ સારો પાકે તો અમે કરજમાંથી નીકળી જઈએ.' પછી ગોપાળાનંદસ્વામીએ ધ્યાન કરીને વાદળ સામું જોયું. ત્યાં તો એક વાદળીમાંથી

ગાજ્યો અને વિજળી થઈ અને વાઢના ક્યારા ભરાઈને છલકાઈ ગયા અને નદીમાં બે કાંઠામાં પૂર આવ્યું એવો વરસાદ વરસ્યો; એવો ગોપાળાનંદસ્વામીએ પરચો આપ્યો. ॥૭૫૭॥

એક સમે ગોપાળાનંદસ્વામી **ગોંડળ** પધાર્યા હતા અને હરિજન સૌ સ્વામીને દર્શને આવ્યા. તે ભેળો એક લુવાર પોતાના દીકરાને તેડીને દર્શને આવ્યો હતો. તે હરિભગતે સ્વામીને વાત કરી જે, 'સ્વામી ! આ છોકરો તેની માને ધાવતો નથી.' પછી સ્વામીએ તેની સામી દૃષ્ટિ માંડીને જોયું અને બોલ્યા જે, 'આ તો તારો બાપ છે. તે તારે વિષે હેત હતું. તે તારો દીકરો થયો છે અને તેને મૃત્યુ વખતે એવો સંકલ્પ રહેલો જે દીકરાની વહુએ મારી બહુ ચાકરી કરી. પણ તેને દીકરો નથી. તે સંકલ્પથી તારો દીકરો થયો છે તે શેનો ધાવશે ?' એમ સ્વામીએ કહ્યું અને થોડાક દિવસ પછી તે છોકરો દેહ મેલી ગયો. ॥૭૫૮॥

એક વખત સ્વામી **ભરૂચ**નું મંદિર કરવા પધાર્યા હતા અને વૈશાખ સુદી ૧૪ નૃસિંહ ચતુર્દશી હતી. તે દિવસે મંદીરનો આરંભ કરવા માંડ્યો ને પછી **રામજી ભગતે** ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, 'સ્વામી ! જો થોડોક વરસાદ થાય તો આપણા કુવામાં પાણી થાય અને કારખાનાનું કામ ચાલે. ત્યારે સ્વામી કહે કે, 'રામજી વરસાદ જો થાય તો મંદિરના તાક ફાટી જાય.' ત્યારે રામજી ભગત કહે, 'સ્વામી ! જો થોડોક વરસાદ થાય તો તો ન ફાટે.' પછી સ્વામીએ ધ્યાન કરીને વૃત્તિ અંતરમાં પાછી વાળી ગયા અને એક પહોર સુધી રહ્યા. ત્યાં સુધી વરસાદ વરસ્યો અને ઈંદ્રાધાર પાણી પડવા લાગ્યું. તે જોઈને સંતે આકળા થઈને સ્વામીને કહ્યું કે, 'હે સ્વામી ! મંદિરના ઘુમટને વિઘ્ન થાશે.' એમ સંતે કહ્યું ત્યારે રામજી ભગત કહે, 'સ્વામી ! હવે ઘણો વરસાદ થયો. અને કુવામાં પાણી પણ ઘણું થયું.' ત્યારે સ્વામી કહે કે, 'બંધ રાખો.' એટલે વરસાદ રહી ગયો. ॥૭૫૯॥

સ્વામી ભરુચથી ચાલ્યા અને વરસાદને કહ્યું કે, 'હવે, અમારા ઉપર વરસજે.' ત્યારે મેઘ વરસવા મંડ્યો અને અંકલેશ્વર જઈને રાત રહ્યા. ત્યાં એક વાણિયો સાધુને રસોઈ દેવા આવ્યો અને કહ્યું જે, 'મારે તમને જમાડવા છે.' ત્યારે સ્વામી કહે, 'અમારે સુરત જવાની ઉતાવળ છે. તે રોકાશું નહીં અને તમારે તાણ હોય તો દાળીયા લાવો.' ત્યારે તે વાણિયો દાળીયા લાવ્યો ને સ્વામી આગળ મેલ્યા. પછી સ્વામીએ સૌને એકેક શેર દાળિયા પોતાને હાથે આપ્યા અને સવારે ત્યાંથી ચાલી નીસર્યા. તે સુરતના માર્ગમાં એક તળાવડી આવી તેમાં નાહ્યા ને દાળીયા મહારાજને ધરીને સૌ

જમ્યા. પછી એ સર્વે સંતને સ્વામીએ એમ કહ્યું જે, 'સહુ એમ કહો જે આ વાણિયાનું કલ્યાણ થાશે અને સાત ગાઉ ચાલશું.' ત્યાં સુધી વરસાદ વરસશે. શા માટે જે આપણે ભરુચમાં વદાડ કર્યો છે. જે અમે ચાલીએ ત્યારે વરસજે તે માટે સર્વે પુસ્તક વિગેરેને મિણીયાં બાંધીને ચાલજો.' એમ કહીને ત્યાંથી ચાલ્યા અને વરસાદ વરસવા માંડ્યો અને તે સાત ગાઉ સુધી વરસ્યો પછી રહી ગયો અને સુરતમાં પધાર્યા તે રાત્રે બેઠા હતા ત્યાં રામજીભગત આવ્યા. તેને સ્વામી કહે, 'બેસો, એક વાત કહેવી છે.' ત્યારે રામજીભગત કહે, 'કહો, સ્વામી !' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ ગામના હરિભગત વાણિયાનો કાકો છે તેને મહારાજ અને સંત તેડવા આવ્યા છે. તેમને વાણીયો કહે કે, 'મારે મારા દીકરાને પરણાવવો છે, તે હમણાં નહીં આવું.' પણ મહારાજ પરાણે તેડી જાશે તેથી હમણાં પોકરાણ પડશે.' એમ બોલ્યા એટલે થોડીક વારમાં પોકરાણ પડ્યું. ॥૭૬૦॥

એક વખત સ્વામી સંતની સભા કરીને ગઢપુરમાં બેઠા હતા. તે સમે સ્વામીએ સૌ સંતોનો અભિપ્રાય જાણવા માટે વાત કરી જે, 'આપણે સૌ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત છીએ અને કોઈને ફરી જન્મ લેવાની ઈચ્છા તો નથી પણ શ્રીજીમહારાજ આપણને આજ્ઞા કરે તો કેવે ઠેકાણે જન્મ લેવો ? તે સૌ નિષ્કપટ ભાવથી કહેજો.' પછી સૌ સંતે પોતપોતાની સમજણ પ્રમાણે કહ્યું. તેનું કારણ જે મોટે ઠેકાણે જન્મ લઈને સૌને સ્વામિનારાયણનું ભજન કરાવવું. (કેટલાકે રજવાડામાં જન્મ લેવાનું કહ્યું. કેટલાકે શેઠ શાહુકારને ત્યાં જન્મ લેવાનું કહ્યું) એ અભિપ્રાયથી સૌએ કહ્યું. પછી સ્વામી કહે કે, 'જ્યારે તમે રજવાડામાં જન્મ લ્યો અગર શેઠ શાહુકારને ત્યાં જન્મ લ્યો ત્યારે આવી સ્થિતિ રહે નહીં !' અને વળી સ્વામીએ કહ્યું જે, 'મને શ્રીજીમહારાજ આજ્ઞા કરે નહીં ને કદાપિ જો આજ્ઞા કરે તે તમે જન્મ લ્યો તો સારો સત્સંગી ગરીબ બ્રાહ્મણ હોય ને કન્યા ન મળે તે ઘરે જન્મ લઉં અને એકાંતિક ધર્મ સિદ્ધ કરીને પાછો અક્ષરધામમાં જાઉં.' ॥૭૬૧॥

**ગઢપુર**માં અક્ષરઓરડીમાં શ્રીજીમહારાજે વાત કરી જે, 'ભગવાનના ભક્તને ધ્યાન કરવું તથા માનસી પૂજા કરવી તથા ભજન કરવું તથા સર્વ ક્રિયા કરવી તથા સર્વકાળમાં નિરંતર પોતાને આત્મસત્તારૂપ અને બ્રહ્મરુપ માનવું અને અક્ષર સંઘાતે પોતાને એકતા કરીને તેજ પુંજને વિષે શ્રીપુરુષોત્તમ શ્રીજીમહારાજની મૂર્તિ ધાર્યા કરવી અને એનું અનુસંધાન કર્યા કરવું પણ આ વાત ભુલવી નહીં અને સત્તારુપ અને નિર્વયવ અને અલીંગ પોતાનું સ્વરુપ માનીને તેમાં ભગવાનની મૂર્તિ ધારીને ભજ્યા કરવું.' અને પછી ગોપાળાનંદસ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે, 'હે મહારાજ! તમારી

મૂર્તિ ભુલી જવાશે તો ?' ત્યારે શ્રીજીમહારાજના નેત્ર સજળ થયાં અને ગદગદ કંઠે થઈને એમ બોલ્યા જે, 'એવી રીતે ભગવાનની મૂર્તિમાં જોડાય તો ભગવાનની મૂર્તિને ભુલી જશે ? નહીં જ ભૂલાય.'' એમ મહારાજના વચનને સાંભળીને સ્વામી કહે કે, 'એ વચન મારા અંતઃકરણમાં ખુંચી રહ્યું છે. અને સદાય એમ જ વરતાય છે અને વચનામૃતનો પૂર્વાપર અભિપ્રાય જોતાં તો ઠેકઠેકાણે એ જ સિદ્ધાંત છે અને સત્સંગિજીવનમાં પણ મહારાજનો એ જ મત પડ્યો છે.' ॥૭૬૨॥

**વરતાલ**માં જ્યારે લક્ષ્મીનારાયણ દેવનું મંદિર થાતું હતું. ત્યારે કસીયાજી નામે અમીન પાટીદાર પેટલાદના હતા અને તે ગાયકવાડ સરકારના મહાલ ઈજારે રાખતા હતા. અને કોઈને ગાંઠે એવા નહોતા. તેઓ એવા સત્તાવાન પુરુષ હતા. પણ દ્વેષ બુદ્ધિને લીધે તેને સ્વામિનારાયણનું આવું મોટું મંદિર થાય તે રુચતું નહોતું. તેથી તે અનેક ઉપાધિઓ તથા અંતરાયો કરાવ્યા કરતા હતા. પછી એક વખત તેમનું કોઈક માણસ વરતાલે સભામાં આવેલા. તેને કસીયાજીભાઈના ખબર પૂછીને શ્રીહરિ એમ બોલ્યા, 'જે હિંદુનું મંદિર જોઈને રાજી ન થાય તે હિંદુ ન કહેવાય.' આ વાત તેણે કસીયાજીની આગળ કરી જે સ્વામિનારાયણે આમ કહ્યું તેથી તેને વિશેષ દ્વેષ થયો. પછી તેણે પ્રત્યક્ષપણે વિરોધ કરવા માંડ્યો અને મંદિરના સર્વે સામાનનાં દાણ લેવાનું ઠરાવ્યું તથા બીજી પણ ઘણીક અડચણો નાંખવા માંડી આ હરકતો દૂર કરવાની જરૂર પડી એટલે કસીયાજીભાઈ પાસે કોઈને મેલવાની શ્રીહરિએ ઈચ્છા જણાવી. પછી સૌનો મત એવો થયો જે, 'ત્યાં ગોપાળાનંદસ્વામીને મોકલવા.' પછી શ્રીહરિએ ગોપાળાનંદસ્વામીને તથા દાદાખાચરને ત્યાં મોકલવાની આજ્ઞા કરી. તેથી તે બન્ને જણા પેટલાદ ગયા અને ઉતારો કરીને કસીયાજીભાઈ પાસે ગયા અને પહેલેથી ખબર કઢાવી. તે પછી સ્વામી તેની કચેરીમાં પેઠા અને કચેરીમાં ચારે તરફ ગાદી તકીયાનો ઠાઠ ખુબ હતો. સ્વામી કસીયાજી તરફ ચાલ્યા. કસીયાજીભાઈની નજર સ્વામી તરફ ઠરી રહી હતી પણ સ્વામી સીધા ચાલતા જોઈ તેમની બાજુની ગાદી ઉપર જઈને બેઠા અને સ્વામીની અલૌકિક પ્રતિભા જોઈને કસીયાજીભાઈ સ્તબ્ધ બની ગયા. તેમની અંતર વૃત્તિઓ સંકેલાઈને જેમ સિંહને ભાળીને શિયાળ દબાઈ જાય તેમ દબાઈ ગયા. અને તેમની સાથે મીરસાહેબ બેઠા હતા તે તરફ ચાલ્યા. કસીયાજીની નજર સ્વામી તરફ ઠરી રહી હતી. પણ સ્વામી સીધા ચાલતા જોઈ કસીયાજી તથા મીરસાહેબની સ્થિતિ સ્તબ્ધ થઈ ગઈ. પછી થોડીવારે મીરસાહેબે સ્વામીને વિનયથી આગમનનું કારણ પૂછ્યું. ત્યારે સ્વામીએ ઉત્તર આપતાં જણાવ્યું જે, અમારા મંદિરના સામાનનું દાણ માફી કરાવવા આવ્યા છીએ.' આ સાંભળીને કસીયાજીભાઈએ અણગમતો

જવાબ આપ્યો અને કહ્યું જે, 'અમે કેટલુંક દાણ માફી કરીયે ?' સ્વામી કહે, 'મંદિર થાય ત્યાં સુધી.' તે સાંભળી કસીયાજીભાઈ તેનો ઉત્તર આપવાની હિંમત કરી શક્યા નહીં. ત્યારે કસીયાજી કહે, 'તમે સાંજે આવજો' સ્વામી કહે કે, 'અમે સાંજે નહીં આવીયે. તમે સાંજે પોઢી જાઓ એટલે અમારે ફોગટ આંટો થાય. વળી કોઈ સ્ત્રી અડી જાય તો અમારે ઉપવાસ પડે.' એમ સ્વામી આકરા થઈને બોલ્યા એટલે કસીયાજી કાંઈ બોલી શક્યા નહીં ઢીલા પડી ગયા. પછી મીરસાહેબે સલાહ આપી એટલે તુરત દાણ માફીનો પાકો દસ્તાવેજ કરી આપ્યો. તે લઈને સ્વામી વરતાલ પધાર્યા. ॥૭૬૩॥

એક વખત કસીયાજીભાઈએ વરતાલ મંદિરમાંથી એક મોટો આરસનો પત્થર મોકલવાનો હુકમ લખી મોકલ્યો. તે લેવા માટે ગાડું મોકલ્યું દેવની સંસ્થા ઉપર એવો અવિચારી રાજસી હુકમ વાંચી આચાર્ય શ્રીરઘુવીરજીમહારાજ વિગેરે સૌ નાખુશે થયા છતાં મોટા માણસનું અપમાન ન કરવા ખાતર દેવના મંદિરમાંથી એક પથર કાઢી આપ્યો. આ વાત ગોપાળાનંદસ્વામીએ જાણી એટલે સ્વામીનું અંતર બહુ જ કચવાણું અને તે સમયથી પેટલાદમાં કસીયાજીભાઈના શરીરે અકસ્માત એટલો દાહ થવા માંડ્યો કે તેથી તે બહુ જ ગભરાયા. એણે ઘણા ઘણા શીત ઉપચાર કર્યા પણ દાહ શમ્યો નહીં. પછી કોઈકે શંકા કરી જે, 'તમે વરતાલથી દેવનો પત્થર હુકમ કરીને લાવ્યા છો તેથી કોઈ મોટા પુરુષ નારાજ થયા હોયને શું ?' તે સાંભળીને કસીયાજીભાઈને આ શંકા સાચી જણાણી. કેમકે તેઓ જાણતા હતા જે, 'સ્વામિનારાયણના શિષ્યો સત્પુરુષો છે અને તેઓ કચવાય તો બન્ને લોક બગાડે.' એમ જાણી તેમણે મંગાવેલ આરસનો પત્થર ગાડે ચડાવીને પાછો વરતાલ મોકલ્યો. વરતાલમાં કસીયાજીભાઈના માણસોએ આવીને બનેલી બધી વાત જણાવી. પછી તેને સૌએ ગોપાળાનંદસ્વામી પાસે જવાનું કહ્યું એટલે કે માણસે સ્વામી પાસે આવીને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી અને સ્વામીને કહ્યું જે, 'અમે તમારો લઈ ગયેલો પત્થર પાછો લાવ્યા છીએ.' એટલે સ્વામીએ આજ્ઞા કરી જે, 'તમે જે ઠેકાણેથી પત્થર લીધેલ હતો તે ઠેકાણે પાછો મૂકી આવો.' પછી તે માણસે તે પ્રમાણે આરસનો પત્થર મૂક્યો અને સ્વામીની પ્રાર્થના કરીને પછી ચાલતો થયો અને તે જ દિવસથી કસીયાજીના શરીરના દાહની પીડા મટી ગઈ. ॥૭૬૪॥

એક વખત સ્વામી **સારંગપુર**થી ચાલ્યા અને રસ્તે આવતાં વરસાદ બહુ થયેલો. જેથી કીચડ બહુ હતો. સંત સર્વે ગાડેથી નીચે ઉતરી ચાલતા થયા. અરે ! સ્વામી પણ ગાડામાંથી નીચે ઉતરી પગપાળા ચાલ્યા. ચાલતાં ચાલતાં સ્વામી ગઢપુર પધાર્યા અને પોતાનું શરીર બહુ જ કોમળ. તેથી પરિશ્રમ ઘણો જ પડ્યો. પછી સ્વામી રાત્રે આસને

સુતા. તે વખતે એક સંત સ્વામીની સેવા કરવા મંડ્યા. સ્વામીને બહુ જ પરિશ્રમ પડેલો. તેથી નિંદ્રાવશ થઈ ગયા અને સંત તો એમને એમ સ્વામીનું શરીર દાબતા જ રહ્યા. સંતના મનમાં એમ વિચાર થયો જે, 'જો હું સ્વામીનું શરીર દાબતો રહી જઈશ તો સ્વામી જાગી જશે.' એમ જાણીને આખી રાત દાબ્યા કર્યું અને રાત્રીના ચાર વાગ્યે સ્વામી જાગૃત થયા અને જોયું તો સંતને સેવા કરતા જોયા. પછી સ્વામી બોલ્યા જે, 'મહાપુરૂષ ! ફરી આવ્યા કે શું ? સંત કહે, 'ના મહારાજ ! હું તો રાત્રીનો જ આપની સેવામાં હાજર રહેલો છું. કેમકે તમારું શરીર કોમળ અને વૃદ્ધ છે. તેથી ઘણો પરિશ્રમ પડ્યો છે એમ જાણીને હું આખી રાત આપની સેવામાં રહ્યો છું.' તે સાંભળી સ્વામી બહુ રાજી થયા અને સંતને કહ્યું જે, 'મહાપુરુષ ! તમારી જે ઈચ્છા હોય તે મારી પાસેથી વર માંગો. ' સંત પણ બહુ મુમુક્ષુ હતા તેણે જાણ્યું જે, 'સ્વામી! જેવા મારા ઉપર પ્રસન્ન થયા માટે મારા દોષ ટળે તે જ માગવું.' એમ જાણીને સંતે સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! મારે સ્વપ્નનો ઉપવાસ વારંવાર પડે છે. માટે મારી ઉપર કૃપા કરો કે એ દોષ ટળી જાય.' સ્વામીએ રાજી જઈને કહ્યું કે, 'જાઓ, મહાપુરુષ ! હવેથી તમને એ દોષ નડી શકશે નહીં.' એમ સ્વામીએ રાજી થઈને તે સંતને વર આપ્યો. ॥૭૬૫॥

સ્વામી **જુનાગઢ** પધાર્યા હતા અને ત્યાં એક **બ્રહ્મજ્ઞાની સ્વામી** પાસે બેસવા આવ્યો હતો. તેને સ્વામીએ કેટલીક વાતો કરી. ત્યારે તે બોલ્યો જે, 'હું તો બ્રહ્મ છું.' સ્વામી કહે, 'ભાઈ ! બ્રહ્મ થાવું ઘણું કઠણ છે. એકે ઈન્દ્રિયનો વહેવાર જ્યારે ન થાય ત્યારે તે બ્રહ્મપણાને પામે પણ જ્યાં સુધી અહંભાવ છે ત્યાં સુધી બ્રહ્મ થવાય નહીં.' એમ ઘણું સમજાવ્યો પણ તે બ્રાહ્મણ માન્યો નહીં. તે વખતે સ્વામી સાથે ગઢપુરના હરજી ઠક્કર બેઠા હતા. તેણે તે બ્રાહ્મણને કહ્યું જે, 'હું સાચો બ્રહ્મ છું અને જો તું સાચો બ્રહ્મ હો તો મને તારા મોઢામાં થુંકવા દે નહીં. તો તું બ્રહ્મ ખોટો.' પછી તે બ્રહ્મજ્ઞાની ઉઠીને ભાગી ગયો અને હરજી ઠક્કરે તેને જીત્યો તે જોઈને સ્વામી બહુ જ રાજી થયા. ॥૭૬૬॥

# સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીની વાતો

એક સમે મહારાજે **મુક્તાનંદસ્વામી**ને **અમદાવાદ** જવાની આજ્ઞા કરી. ત્યારે સ્વામી બોલ્યા જે, 'મહારાજ ! અમો પ્રથમ ત્યાં દશ સાધુ ગયા હતા ત્યારે ઝોળીનું પુરું થતું નહોતું.' ત્યારે મહારાજ કહે કે, 'પચાસ સાધુ જાઓ.' સ્વામી કહે કે, 'દશનું પુરું નહોતું થાતું.' મહારાજ કહે, 'સો સો સાધુ જાઓ.' પછી વળી મહારાજ બોલ્યા જે, 'બસો સાધુ જાઓ અને દરીયાખાનના ઘુમટમાં ઉતરજો.' પછી મહારાજની આજ્ઞા લઈને પચાસ સાધુ લઈને સ્વામી અમદાવાદ ગયા અને શહેરમાં ભિક્ષાવૃત્તિ કરી આવતા અને ત્યાં શ્રીજીમહારાજનું ભજન કરતા અને કેટલાક વિદ્યાભ્યાસ પણ કરતા. તે વખતે શહેરમાં એક મોટો શેઠીયો લુવાણો દેહ મૂકી ગયો હતો. તેને અગ્નિસંસ્કાર કરવા માટે ત્યાં સૌ આવ્યા હતા. તેમાં કેટલાક તો સાધુ પાસે બેસવા આવ્યા અને બ્રહ્મજ્ઞાનની વાતો કરવા મંડ્યા. ત્યારે સાધુએ કહ્યું જે, 'બ્રહ્મ થાવું તો બહુ કઠણ છે !' ત્યારે સૌએ કહ્યું જે, 'અમે બ્રહ્મ છીએ.' પછી તેમણે કોઈ વાતે માન્યુ નહીં. ત્યારે તે સમયમાં ત્યાં એક આંબલીમાંથી મોટો સર્પ નીચે પડ્યો. તે સર્પને જોઈને તે બધા બ્રહ્મજ્ઞાની ચાલી નીસર્યા અને સંત તો સૌ ધ્યાનમાં બેઠા હતા. પછી તે સર્પ તે સંતની સભામાં કેટલાકના પગ ઉપર થઈને કેટલાકના ખંભા ઉપર થઈને ચાલ્યો પણ સંત તો એમને એમ સ્થિર બેસી રહ્યા. તે જોઈ સૌ લોક આશ્ચર્ય પામ્યા અને સર્પ પણ અદશ્ય થઈ ગયો. પછી સૌ લોક આવીને સંતના પગમાં પડ્યા જે, 'મહારાજ ! સાચા બ્રહ્મ તો તમે જ છો. ને અમે તો બ્રહ્મ કોદાળ છીએ. માટે આજથી અમારી સૌની રસોઈઓ લ્યો. અને અમારું કલ્યાણ કરો.' પછી એમ એક માસ સુધી પાકી રસોઈયું ચાલીયું. એમ શ્રીજીમહારાજે સંતની રક્ષા કરી. ॥૭૬૭॥

**અમદાવાદ**માં **મુક્તાનંદસ્વામી** પાસે ત્યાંના શાસ્ત્રી બેસવા આવ્યા હતા. તેમણે સ્વામીને પૂછ્યું જે, 'સ્વામી! તમે ગીતા ભાગવતની વાતો કરો છો ને અમે પણ ગીતા ભાગવતની વાતો કરીએ છીએ. તેમાં તમારી વાતે કરીને કેટલાક જીવોનો મોક્ષ થાય છે અને અમારી વાતે કરીને કોઈ જીવનો ઉદ્ધાર થતો નથી. તેનું કારણ શું ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તમને ખોટું ન લાગે તો કહું.' ત્યારે શાસ્ત્રી બોલ્યા જે, 'ના, મહારાજ ! જેમ હોય તેમ કહો,' પછી સ્વામી કહે, 'તમે જે વાત કરો છો તે તમારા હૃદયમાં માયાના વિકારો ભરેલા છે અને તેમાંથી જે શબ્દ નીકળે છે તે જેમ શેકેલ અનાજ હોય તેવા નીકળે છે. કેમકે શેકેલ અનાજ વાવીયે તો ઉગે નહીં. તેમ તમારી

વાત તેવી છે માટે કોઈને લાગે નહીં. વળી તમારે સ્વાર્થબુદ્ધિ છે અને અમે જે વાત કહીએ તે અમારા હૃદયમાં ભગવાનની મૂર્તિ ધારીયે અને સામાના હૃદયમાં ભગવાનની મૂર્તિ ધારીયે અને પછી વાત કરીયે એટલે તેના હૃદયમાં પ્રવેશ કરે. જેમ ઉનાળાના તાપે કરીને તપેલું પાણી હોય અને તે ગંગાજીના ધરામાં જઈને પડે અને જેમ શાંતિ પામે તેમજ અમારા મુખમાંથી નીકળેલા જે શબ્દ તેણ કરીને તેના ત્રિવિધિનાં તાપ નાશ પામે છે.' પછી સૌ શાસ્ત્રી હાથ જોડીને પગે લાગીને સ્વામીને તેની હા પાડી જે, 'સ્વામી ! તમે યથાર્થ ઉત્તર કર્યો.' ॥૭૬૮॥

એક સમે વડોદરાના **રામચંદ્ર** વૈદ ડાકોરનાથજી ગયા હતા અને તેઓ ડાકોરનાથના મુખ્ય ભક્ત હતા અને પોતાને એવો સંકલ્પ થયો, 'મારૂં કલ્યાણ થાશે કે નહીં થાય ? તેની પરીક્ષા મારે ડાકોરનાથજી પાસેથી કરવી.' પછી તેઓ ડાકોરનાથજીના દેરા ઉપર જઈને રાત્રે બેઠા અને એવો સંકલ્પ કર્યો જે, 'જો મને ડાકોરનાથ મૂર્તિમાન આવીને કહે જે તારું કલ્યાણ થાશે કે નહીં થાય ત્યાર પછી અન્ન જળ લેવું.' પછી રાત્રે ડાકોરનાથ આવીને વિપ્રનું સ્વરૂપ ધારણ કરીને રામચંદ્ર વૈદ પાસે આવ્યા અને બોલ્યા જે, 'તારા જીવનો મોક્ષ કરવો હોય તો અમદાવામાં સ્વામિનારાયણના સાધુ મુક્તાનંદ કરીને છે. તેમને જઈને મળો તો તે તારૂં કલ્યાણ કરશે.' પછી વૈદે કહ્યું કે, 'તમે કોણ છો ?' ત્યારે ડાકોરનાથ કહે કે, 'હું ડાકોરનાથ પંડ્યે છું !' ત્યારે વૈદે કહ્યું કે, 'તેની મને શી રીતે પરીક્ષા થાય ?' ત્યારે ડાકોરનાથ બોલ્યા જે, 'આ મૂર્તિમાં હું પ્રવેશ કરૂં તો તારે જાણવું જે ડાકોરનાથ છે અને બીજી નિશાની એ જે આવતી કાલે દિવસના બાર વાગ્યે મારી પછવાડે પૂજારી જે કામ કરે છે તે તમારા દેખવામાં આવશે તો જાણજો જે ડાકોરનાથ કહી ગયા છે.' પછી પોતે બીજે દિવસે બાર વાગ્યે મંદિરમાં છાનામાના રહ્યા અને પછી પૂજારીઓને વ્યભિચાર કરતા જોયા. પછી પૂજારીની બદલી કરીને બીજા સારા પૂજારી રાખ્યા અને પોતાની સાથે પોતાનાં ઘરવાળાં હતાં તેને કહ્યું જે, 'મારે અમદાવાદ કામ પ્રસંગને લીધે જવાનું છે માટે તમે સૌ ઘરે જાઓ.' એમ કહીને તેમને વડોદરે મોકલ્યા અને પોતે એકલા અમદાવાદ આવ્યા. ત્યાં હેમાભાઈ હઠીભાઈને ઘરે ઉતારો કર્યો. પછી તેમણે ઘણોજ આદર સત્કાર કરીને રાખ્યા. પછી તેમને વૈદરાજે પૂછ્યું જે, 'અહીંયાં સ્વામિનારાયણના સાધુ મુક્તાનંદસ્વામી કરીને છે ?' ત્યારે કહે, 'હા,' અહીંયાં ભિક્ષા કરવા માટે આવે છે અને આ નવા વાસમાં ઉતરેલા છે.' પછી વૈદે કહ્યું જે, 'મારે તેમનાં દર્શન કરવાની જરૂર છે.' પછી પોતાની સાથે બે ચાર માણસો લઈને પોતે ગાડીમાં બેસીને સ્વામીને દર્શને ગયા. સ્વામીએ વૈદને આવતા ભાળીને સૌ સંતને કહ્યું જે, 'વૈદરાજને અને

દિવાનને સ્નેહ છે. માટે તે જો મહારાજના સમાચાર પૂછે તો તમે સૌ ઉત્તર આપજો. કેમકે દિવાનજી મહારાજનો દ્રોહી છે. માટે વૈદરાજને કદાચ તેણે મોકલ્યા હોય.' પછી વૈદ આવીને સ્વામીને પગે લાગ્યા અને આસન નખાવી દીધું. તે ઉપર બેસાર્યા અને સ્વામીએ તેની આગળ નીતિની કેટલીક વાતો પણ કરી. પછી રામચંદ્ર વૈદે સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! મહારાજ ક્યાં વિરાજે છે ?' પછી કેટલાક સાધુ બોલ્યા જે, 'અમને બરાબર ખબર નથી.' પછી વળી વૈદ બીજે દિવસ સ્વામીને દર્શને આવ્યા અને પછી સ્વામીએ ઘણીક વાતો કરીને વૈદને સંતોષ પમાડ્યા. એટલે વૈદ હાથ જોડીને બોલ્યા જે, 'સ્વામી ! હું કાંઈ કપટભાવથી આવ્યો નથી. મને તો ડાકોરનાથે દર્શન દઈને કહ્યું છે જે, 'તારા જીવનો મોક્ષ કરવો હોય તો સ્વામિનારાયણના સાધુ મુક્તાનંદસ્વામીને મળ.' એટલે હું તમારે દર્શને આવ્યો છું. અને આજથી હું તમારો આશ્રિત છું. માટે દયા કરીને મહારાજ જે ગામમાં હોય તે મને બતાવો એટલે હું મહારાજને દર્શને જાઉં.' પછી સ્વામીએ કહ્યું જે, 'મહારાજ તો હાલ ગઢપુરમાં વિરાજે છે.' ॥૭૬૯॥

પછી **રામચંદ્ર વૈદ** ગઢપુર આવતાં નિંગાળા અને ઉગામેડી વચ્ચે એક ખીજડો છે ત્યાં ગાડું છોડીને બેઠા હતા. તે વખતે શ્રીજીમહારાજ દિવ્ય સ્વરુપે દશવીશ પાર્ષદ લઈ સ્વાર સાથે સામા મળ્યા. અને મહારાજની પાછળ એક પાર્ષદ રહી ગયા હતા. તેમને રામચંદ્ર વૈદે પૂછ્યું જે, 'આ કોણ જાય છે?' ત્યારે પાર્ષદ કહે, 'એ તો સ્વામિનારાયણ છે. તે કારીયાણીએ જાય છે.'ત્યારે રામચંદ્ર વૈદે ગાડાવાળાને કહ્યું જે, 'આપણે ગાડું જોડો અને કારીયાણીએ જઈએ.' ત્યારે પાર્ષદે કહ્યું જે, 'તમે એમને નહીં પહોંચો અને તે તો હમણાં પાછા આવશે.' ત્યારે રામચંદ્ર વૈદે પાર્ષદને કહ્યું જે, 'તમે મહારાજને કહેજ્યો જે, 'વડોદરાવાલા રામચંદ્ર વૈદ તમારે દર્શને આવે છે.' પછી તેઓ ગાડું જોડાવીને ગઢપુર આવ્યા. ત્યાં તો શ્રીજીમહારાજ દરબારમાં સભા કરીને વિરાજમાન હતા. ત્યાં વૈદરાજ આવીને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા અને વિનતિ કરીને કહ્યું જે, 'મહારાજ ! તમોએ મો માટે બહુ દાખડો કર્યો કેમકે કારીયાણીથી તત્કાળ આંહીં પધાર્યા.' મહારાજ કહે કે, 'અમે તો કારીયાણી ગયા નથી.' ત્યારે વૈદરાજે કહ્યું જે, 'તમે નીંગાળા વચ્ચે પાર્ષદો સહિત મને મળ્યા હતા,' એમ રામચંદ્ર વૈદને નિશ્ચય કરાવવાને માટે અલૌકિક દર્શન દીધું અને મહારાજને હાથે નિયમ ધરાવીને એકાંતિક ભક્ત થયા. ॥૭૭૦॥

એક સમે મુક્તાનંદસ્વામી **નડીયાદ**માં હતા અને શ્રીજીમહારાજ પણ ત્યાં વિરાજમાન હતા. પછી કેટલાક માણસો શ્રીજીમહારાજની વાતો સાંભળીને પછી મુક્તાનંદસ્વામી પાસે બેસવા આવ્યા. તેમને સ્વામીએ ઘણીક વાતો કરી. તેને સાંભળીને

સૌ પ્રસન્ન થયા અને સ્વામીને વિનંતીપૂર્વક કહ્યું જે, 'સ્વામી ! તમે વાતો કરી. તે અમે સૌ તત્કાળ સમજી શક્યા અને મહારાજે વાતો કરી તે અમારાથી બરાબર સમજાણી નહીં' ત્યારે સ્વામી બોલ્યા જે, 'હું ચાલીસ વરસથી દીક્ષા લઈને તેમના ભેગો ફરું છું. તો પણ જેમ છે તેમ મારાથી મહિમા સમજાયો નથી તો તમને ઘડીક કે અધઘડીમાં ક્યાંથી સમજાય ? કેમકે જેના મહિમાને નિગમ નેતિ નેતિ કરીને ગાય છે. તથા ચાર વેદ પણ પાર પામતા નથી અને સહસ્રમુખે શેષજી પણ જેના ગુણનું વર્ણન કરી શકતા નથી. તો તમોને શી રીતે સમજાય ?' એમ સ્વામીએ મહારાજનો ઘણોક મહિમા કહ્યો. તે સાંભળી સૌ પગે લાગીને પોતાને ઘરે ગયા. ॥૭૭૧॥

અને વળી સ્વામીએ એક વાત કરી જે, 'આ જીવ કોઈ દિવસ ભગવાન આગળ તથા સંત આગળ સરળ વરત્યો નથી અને જો સરળ વરત્યો હોય તો ભગવાનના ધામને પામ્યો હોય અને જન્મ મરણ ટળી જાય પણ ભગવાન આગળ તથા સંત આગળ કપટ ભાવે વરત્યો છે.' ॥૭૭૨॥

અને **વરતાલ**માં શ્રીજીમહારાજ સભામાં બેઠા હતા. અને પચાસ ખાખી નાગા ક્રોધના ભર્યા ત્યાં આવ્યા. તેને જોઈને મહારાજે કહ્યું જે, 'મુક્તાનંદસ્વામીને બોલાવી લાવો.' એટલે સ્વામીને બોલાવીને લાવ્યા. તેઓ ખાખીને જોઈને બોલ્યા જે, 'આ તો સાક્ષાત વૈકુંઠનાથના પાર્ષદ છે. કેમકે અમારી રક્ષા કરવા માટે વૈકુંઠનાથે મોકલ્યા હોય ને શું !' એમ ખાખીની બહુ જ પ્રશંસા કરી. તેથી તેમનો ક્રોધ શાંત થઈ ગયો અને બોલ્યા જે, 'અમે તો વાઘ દીપડા જેસા હે ને વૈકુંઠનાથના પાર્ષદ તો તમે છો.' પછી પગે લાગીને ચાલ્યા ગયા. એવી સ્વામીની વાણીમાં મીઠાશ હતી. ॥૭૭૩॥

**ઉમરેઠ**માં મુક્તાનંદસ્વામી પ્રથમ ગયા હતા. અને ત્યાં છ મહિના રહીને સૌ હરિજનોને ઘણીક વાતો કરીને સૌને સંતોષ પમાડ્યા હતા. ત્યાર પછી બીજી વખત નિત્યાનંદસ્વામી પધાર્યા અને તેમણે પણ તેવી જ રીતે હરિજનોને જ્ઞાનવાર્તાઓ કરીને રાજી કર્યા પછી સૌ હરિજનોએ કહ્યું જે, 'સ્વામી ! મુક્તાનંદસ્વામી તો બહુ જ મોટા સાધુ છે.' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'આ બ્રહ્માની સૃષ્ટિમાં તેમના જેવો બીજો હું ક્યાંથી લાવું ?' પછી સૌ હરિજન બોલ્યા જે, 'સ્વામી ! તમે પણ મુક્તાનંદસ્વામી જેવા જ છો.' ॥૭૭૪॥

એક સમે શ્રીજીમહારાજ **મહેમદાવાદ**ને પાદર વિરાજમાન હતા અને ત્યાં સુરતના હરિજનનો એક સંઘ આવ્યો હતો. તે સૌ મહારાજને પગે લાગીને ભેટ મૂકી ને પછી મહારાજની સન્મુખ બેઠા. પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ ! આ સંઘ બહુ

જ છેટેથી આવ્યો છે.' એમ બે ત્રણ વાર કહ્યું ત્યારે મહારાજ કહે, 'હા, 'સ્વામી ! અમો કેટલે છેટેથી આવ્યા છીએ જે લાખ મણ લોઢાનો ગોળો ત્યાંથી પડતો મેલીએ ને વાયરે ઘસાતો ઘસાતો અહીંયાં આવતાં રજ ભેગો રજ થઈ જાય. એટલા અમારા ધામ છેટા છે.' ત્યારે સ્વામી કહે, 'હા, મહારાજ ! આપ તો બહુ જ છેટેથી પધાર્યા છો.' ॥૭૭૫॥

એક સમે સ્વામી ગઢપુરમાં સવારમાં પૂજા કરતા હતા. **ચૈતન્યાનંદસ્વામી** પૂજા કરીને દર્શને નીકળ્યા હતા. તે મુક્તાનંદસ્વામીને આસને પગે લાગવા ગયા. તે સમે મુક્તાનંદસ્વામીએ પોતાની પૂજામાંથી રામાનંદસ્વામીની કોપીનનો આડબંધ દેખાડ્યો. અને કહ્યું જે, 'લ્યો, સ્વામી ! કરો દર્શન. આ રામાનંદસ્વામીની કોપીનનો આડબંધ છે.' ત્યારે ચૈતન્યાનંદસ્વામી આંખ્યું વીંચી ગયા. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, 'સ્વામી ! કેમ આંખો વીંચી ગયા ?' ત્યારે ચૈતન્યાનંદસ્વામી કહે કે, 'મારે તો પતિવ્રતાની ભક્તિ છે પણ વેશ્યાની નથી. ' તે સાંભળી મુક્તાનંદસ્વામીએ પોતા પાસે તાપવા માટે સગડી મેલી હતી. તેમાં તે આડબંધ નાખ્યો તે બળી ગયો. અને પોતાના મનમાં વિચાર કર્યો જે મારામાં આટલી કસર હતી અને તે જ સમે પ્રભાતિ નવી બનાવીને બોલ્યા–

*"છાંડી કે શ્રીકૃષ્ણ દેવ ઓર કી જો કરું સેવ.*
*કાટી ડારો કર મેરો તીખી તરવારસે."* ॥૭૭૬॥

સ્વામી નિત્ય સ્નાન કરતા ત્યારે પરોક્ષ તીર્થ ગંગાજી તથા જમુનાજી તથા સરસ્વતી તથા વેણી તથા પ્રયાગ વિગેરે તીર્થોને સંભારીને નહાતા હતા. તે વખતે તેમના સેવક શાંતાનંદસ્વામી કરીને હતા. તેમણે સ્વામીને કહ્યું જે, 'સ્વામી! શ્રીજીમહારાજ પ્રત્યક્ષ મળ્યા અને તેમના ચરણના પ્રતાપે કરીને જ સર્વે તીર્થ થયાં છે. તો હવે પ્રત્યક્ષ મળ્યા પછી પરોક્ષનું શું કામ છે ? કેમકે પ્રભાતિ તો તમોએ જ બનાવી છે જે–

*"પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા ગીધ ગુણકા કપીવૃંદ કોટી;*
*વૃજ તણી નાર વ્યભિચાર ભાવે તરી પ્રગટ ઉપાસના સૌથી મોટી."*

માટે હવે પરોક્ષ તીર્થનું કાંઈ કામ નથી. માટે હવે તો પ્રત્યક્ષને જ સ્નાન કરતી વખતે સંભારવા. વળી તમોએ આરતીમાં કહ્યું–

*"અડસઠ તીર્થ ચરણે કોટી ગયા કાશી"*

એમ આપના મુખથી શબ્દ નીકળેલા છે.' પછી સ્વામીએ કહ્યું જે, 'તમે ઠીક કહો છો અને મારી ભૂલ છે.' પછી બીજે દિવસે સવારમાં પૂજા કરીને સ્વામી શ્રીજીમહારાજને દર્શને અક્ષરઓરડીમાં ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, 'સ્વામી ! તમોને કાલે શાંતાનંદે ઠપકો આપ્યો ?' સ્વામી કહે, 'હા, મહારાજ ! જેમ છે તેમ મને શાંતાનંદે સમજાવ્યો.' એમ સ્વામીએ શાંતાનંદસ્વામીનો ગુણ ગ્રહણ કર્યો. ॥૭૭૭॥

ગામ **ભેંસજાળ**ના **મોતી ત્રવાડી** કરીને બ્રાહ્મણ હતા અને તેઓ સ્વામીને દર્શને ગઢપુર આવ્યા હતા અને સ્વામીને વિષે તેને ઘણોક પ્રેમ હતો અને પોતાના મનમાં સ્વામીની નિષ્ઠા હતી. પછી તે એક દિવસ સ્વામી પાસે આવીને બેઠા હતા. તે સમે સ્વામીએ શાંતાનંદ સ્વામીને કહ્યું જે, 'અક્ષરઓરડીમાં જોઈ આવો જે, મહારાજ શું કરે છે ?' શાંતાનંદસ્વામી જોવા આવ્યા. તે વખતે શ્રીજીમહારાજ સ્નાન કરતા હતા. તે જોઈ આવીને સ્વામીને કહ્યું જે, 'સ્વામી! મહારાજ તો સ્નાન કરવા બેઠા છે.' તે સમે મોતી ત્રવાડીનો હાથ ઝાલીને સ્વામી મહારાજ પાસે અક્ષરઓરડીમાં આવ્યા. ત્યાં ઉગમણો ખુણો છે. ત્યાં જાંબુડો હતો. તે ઠેકાણે પાણીની ખાળ આવતી હતી. તે જોઈ સ્વામીએ પોતાને માથેથી રુમાલ હેઠો મેલીને મહારાજના સ્નાન કરેલા પ્રસાદીના જળને પોતો માથે ચડાવા મંડ્યા અને મોચી ત્રવાડીને કહ્યું જે, 'તરવાડી ! માથું ધરો માથું.' એમ કહીને સ્વામી પોતાના મસ્તક ઉપર પાણી લેતા ગયા અને બોલતા ગયા જે હર ગંગા હર ગોદાવરી હર સરસ્વતી હર વેણી એમ તીર્થોના નામ લઈને પ્રસાદીનું જળ પોતાના મસ્તક ઉપર ચડાવતા હતા અને અંજલિ ભરીને પોતે પીઈ ગયા અને મોતી ત્રવાડીને કહ્યું જે, 'આ જળ અનંત જન્મના રોગ ટાળે એવું છે.' પછી મોતી ત્રવાડીએ પણ તે જળ પોતાને માથે ચડાવ્યું અને અંજલિ ભરીને પીધું અને ત્રવાડીના મનમાં એમ થયું જે, 'મુક્તાનંદસ્વામી જેવા સંત તે પણ મહારાજનો આટલો બધો મહિમા સમજે છે ! ત્યારે મહારાજ તો કહેવાય મોટા હશે ?' પછી સ્વામી મોતી ત્રવાડીનો હાથ ઝાલીને અક્ષરઓરડીમાં મહારાજ પાસે આવ્યા ત્યાં તો મોતી ત્રવાડીને શ્રીજીમહારાજે અલૌકિક દર્શન દીધાં અને પછી મોતી ત્રવાડી શ્રીજીમહારાજના ચરણમાં પડીને પગે લાગ્યા અને પોતાના ગળામાં રૂદ્રાક્ષની માળા પહેરી હતી. તે તોડીને શ્રીજીમહારાજના ચરણમાં મૂકી અને મહારાજને કહ્યું જે, 'મને વર્તમાન ધરાવો કેમકે મુક્તાનંદસ્વામી જેવા મહાસમર્થ પુરૂષ છે. તે પણ તમારા સ્નાન કરેલા જળને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. માટે હું આજથી આપનો આશ્રિત થયો છું.' એમ કહીને શ્રીજીને હાથે વર્તમાન ધાર્યા અને મુક્તાનંદસ્વામીને દંડવત કરીને પગે લાગ્યો અને કહ્યું જે, 'મારી ભૂલ તમે ઓળખાવી.' ॥૭૭૮॥

એક સમયમાં **શુકમુનિ**ને શ્રીજીમહારાજે સાધુ કર્યા અને મહારાજે કહ્યું કે, 'મુક્તાનંદસ્વામી પાસે જાઓ તમારું નામ પાડશે.' પછી શુકમુનિ સ્વામીને આસને જઈને ચરણમાં મસ્તક મૂકીને પગે લાગ્યા. પછી સ્વામીને આસને જઈને ચરણમાં મસ્તક મૂકીને પગે લાગ્યા. પછી સ્વામીએ પૂછ્યું જે, 'કેમ મહાપુરુષ ! તમોને સાધુ કર્યા ?' ત્યારે કહે, 'હા.' સ્વામી કહે, 'તમારૂં નામ શું પાડ્યું ?' ત્યારે તે બોલ્યા જે, 'નામ પાડવા માટે મહારાજે તમારી પાસે મોકલેલ છે.' તે સાંભળી મુક્તાનંદસ્વામી ઘડીક વાર વિચાર કરીને બોલ્યા જે, 'મહાપુરુષ ! તમારૂં નામ શુકમુનિ.' પછી શુકમુનિ શ્રીજીમહારાજ પાસે અક્ષરઓરડીમાં આવ્યા તેમને મહારાજે પૂછ્યું કે, 'શું નામ પાડ્યું ? ત્યારે તે બોલ્યા જે, 'મારું નામ શુકમુનિ પાડ્યું.' ત્યારે મહારાજ કહે, 'મુક્તાનંદસ્વામી પણ જાણતા દેખાય છે જે પૂર્વે પરીક્ષિતનું કલ્યાણ કર્યું તે જ આ શુકમુનિ શુકજીનો અવતાર છે.' એમ જાણીને સ્વામીએ તમારૂં નામ શુકમુનિ પાડ્યું. ||૭૭૯||

અને શ્રીજીમહારાજ **લોજ**માં હતા અને સ્વામીને કહ્યું જે, 'તમે માંગરોળ જાઓ.' પછી સ્વામી લોજથી માંગરોળ જવા માટે તૈયાર થયા અને મહારાજને સાષ્ટાંગ દંડવત કરીને ચરણમાં મસ્તક મૂકીને પગે લાગ્યા અને શ્રીજીમહારાજને મળ્યા અને ચાલતી વખતે મહારાજ કહે, 'સ્વામી ! પાછા વળો, આ મારા હાથના નખ લેતા જાઓ.' તે સમે સ્વામી પાછા વળીને શ્રીજીમહારાજ પાસે આવ્યા અને પોતાને પૂજા કરવાની ધાબળી હતી. તે પાથરીને તે ઉપર મહારાજને બેસાર્યા. અને પોતાને ઓઢવાનું વસ્ત્ર હતું. તે ઉપર શ્રીજીમહારાજનું ચરણારવિંદ રાખીને હાથ તથા પગના નખ ઉતાર્યા અને પોતાના લુગડાને છેડે તે નખ બાંધી લીધા અને ફરી શ્રીજીમહારાજને દંડવત કરીને મળ્યા અને પાછે પગલે મંદિરની ખડકી બહાર નીસર્યા. તે વખતે સ્વામીએ મહારાજને વિષે અપાર હેત જણાવ્યું. તે જોઈને રામાનંદસ્વામીના કેટલાક સત્સંગી હરિજન ઉભા હતા. તેમના મનમાં એમ થયું જે, 'મુક્તાનંદસ્વામી જેવા અડગ નિશ્ચય વાળા તે પણ ડગી ગયા કેમકે તેમણે નીલકંઠને વિષે કોટીગણું હેત જણાવ્યું. માટે હવે છેલ્લી બાકીના રામ રામ કરીયે.' એમ સૌ વિચાર કરીને સ્વામીને વળાવવા ચાલ્યા. પછી લોજને સીમાડે ગયા. ત્યારે સૌ બોલ્યા જે, 'સ્વામી ! હવે છેલ્લી બાકીના જય સ્વામિનારાયણ છે.' ત્યારે સ્વામી કહે, 'છેલ્લી બાકીના એમ કેમ કહો છો ?' ત્યારે આણંદજીભાઈ તથા પર્વતભાઈ બોલ્યા જે, 'તમે મેરુ પર્વત જેવા ડગ્યા ત્યારે હવે બીજાનો શો ભાર? તમે રામાનંદસ્વામી કરતાં આ નીલકંઠને વિષે અપાર હેત જણાવ્યું.' પછી તે ઠેકાણે પોતાની ધાબળીને પાથરી અને એક મોટું થોરનું ઝાડ હતું અને છાંયે બેઠા અને સ્વામીએ સૌની આગળ વાત કરી જે, 'રામાનંદસ્વામીએ જ્યારે દેહ મેલ્યો અને

તેમની ઉત્તરક્રિયા કર્યા પછી મને ભુજ મોકલ્યો હતો. અને અહીંયાં સમાધિનું પ્રકરણ ચલાવ્યું હતું. તે વખતે મયારામ ભટ મને ભુજ તેડવા આવ્યા હતા. પછી ત્યાંથી આવીને મેં મહારાજને ઘણો જ ઠપકો દીધો અને સમાધિવાળા બધાને પૂછ્યું ત્યારે સૌએ કહ્યું જે, 'સમાધિ સાચી છે પણ ખોટી નથી.' તો પણ મારા મનમાં શાંતિ થઈ નહીં અને મેં મહારાજને ઘણી ઘણી રીતે ઠપકા રુપે કહ્યું.' પછી અમે સૌ કાલવાણીયે સ્નાન કરવા સારુ ગયા હતા. તે વખતે રામાનંદસ્વામીએ દિવ્ય સ્વરુપે આવીને મને ઘણોક ઠપકો દીધો અને કહ્યું જે ,'મુક્તાનંદજી ! કેમ માનતા નથી ? અને હું તમને અગાઉથી કહેતો જે, હું તો ડુગડુગી વગાડું છુ. અને વેશનો ભજવનારો વાંસે આવશે અને જેમ ભંડોરુ કાંતવું હોય અને તેમાંથી એક પૂણી કાંતે તેમ ભડોરુ કાંતનારા પણ આવશે અને જેમ રમત કરવી હોય અને પડવાળે તેમ મેં તો પડવાળ્યું છે એમ રામાનંદસ્વામીએ મને ઘણોક ઠપકો દઈને કહ્યું જે, 'આ સાક્ષાત્ પુરૂષોત્તમ નારાયણ છે અને હું તો ઉધવાનો અવતાર છું !' એમ મને ઘણીક વાતો કરી. ઘણી ઘણી રીતે રામાનંદસ્વામી સમજાવીને ગયા એટલે મારે મહારાજને વિષે નિષ્ઠા થઈ. પછી સૌ હરિજને તથા સંતે કહ્યું જે જો સ્વામિનારાયણ ભગવાન ન હોય તો તમારે માથે બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ. ત્યારે સ્વામી કહે કે, 'હા, જો સ્વામિનારાયણ ભગવાન ન હોય તો મારે માથે બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ.' એ સાંભળીને સૌને મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય થયો જે,' મુક્તાનંદસ્વામી જેવા સંત પુરુષ સમ ખાય છે માટે સ્વામિનારાયણ ભગવાન છે.' એમ નિશ્ચય કરીને સૌ સ્વામીને પગે લાગીને સૌ પોતે પોતાના ઘરે ગયા અને સ્વામી માંગરોળ ગયા. ॥૭૮૦॥

અને જે વખતે શ્રીજીમહારાજ તથા મુક્તાનંદસ્વામી **કાળવાણી**માં સ્નાન કરવા ગયા હતા અને મહારાજ સ્નાન કરીને બેઠા હતા અને મુક્તાનંદસ્વામી છેટે જંગલ ગયા હતા. તે સમે રામાનંદસ્વામી દિવ્ય સ્વરુપે આવ્યા અને મુક્તાનંદ સ્વામીને બેસારીને બહુ ઠપકો આપ્યો જે, 'મુક્તાનંદજી ! કેમ માનતા નથી ? અને હું તમને કહેતો હતો જે હું તો ડુગડુગી વગાડું છું ને વેશના ભજવનારા આવશે અને ભડોરુ કાંતવું હોય ને મેં તો પુંણી કાંતી અને તેના કાંતનારા આવશે અને રમત કરવી હોય ને પડવાળા તેમ સ્વામી કહે મેં તો પડવાળ્યું છે અને હું તો ઉધવજી છું. અને આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ આવ્યા એમ રામાનંદસ્વામીએ કહ્યું. વળી સ્વામીએ કહ્યું જે જો નહી માનો તો હેરાન થાશો. પછી એમ કહીને રામાનંદસ્વામી અદશ્ય થઈ ગયા અને મુક્તાનંદસ્વામી જંગલ જઈ ચાલ્યા આવતા હતા. પછી છેટેથી સ્વામીને ભાળીને મહારાજ બોલ્યા જે, 'સ્વામી ! કાંઈક હરખ મુખ છો ?' ત્યારે સ્વામી કહે, 'કાંઈ

નહીં.' પછી સૌ સ્નાન કરીને મંદિરમાં આવ્યા અને સ્વામી વાડીમાંથી પુષ્પ વીણી લાવ્યા. તેનો હાર બનાવ્યો અને પોતાને હાથે ચંદન ઉતાર્યું અને પછી રામાનંદસ્વામીનો ગાદી તકીયો પાથરીને મહારાજને વિનંતી કરી જે, 'મહારાજ ! આ ગાદી ઉપર પધારો' મહારાજ કહે, 'ગુરુના આસન ઉપર બેસાય નહીં. 'ત્યારે સ્વામી કહે, 'ગુરુના પણ તમે ગુરુ છો.' પછી મહારાજને તે ગાદી ઉપર વિરાજમાન કર્યા. પછી મુક્તાનંદસ્વામીએ પૂજા કરીને હાર પહેરાવ્યો અને પછી નવી આરતી બનાવતા ગયા અને આરતી ઉતારતા ગયા જે,

*'જય સદ્ગુરુસ્વામી જય સદ્ગુરુસ્વામી,*
*સહજાનંદ દયાલુ બળવંત બહુનામી જય૦'*

એ નવી આરતી બનાવીને ગાઈને દંડવત કરીને પગે લાગ્યા અને પોતાના અપરાધની માફી માંગી.

ગામ લોજથી મુક્તાનંદસ્વામી તથા શ્રીજીમહારાજ ધર્માદો ઉઘરાવવા સારુ ગામ **કાળવાણીચે** ગયા હતા. ત્યાંજ સાંજ વખતે દાણાનો પોઠીયો ભરીને સ્વામીએ કહ્યું જે, 'આ દાણા લોજ મુકી આવો.' ત્યારે મહારાજ પોઠીયાને લઈ લોજ જઈ ત્યાં ઠલવીને રાતના નવ વાગ્યે પાછા કાળવાણીયે પધાર્યા. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'મહારાજ ! બહુ વેલા આવ્યા ?' ત્યારે મહારાજ કહે, 'સ્વામી ! પોઠીયો બહુ ઉતાવળો ચાલ્યો અને વળી મારા મનમાં એમ થયું જે, 'સ્વામી ગૃહસ્થને ઘરે એકલા છે માટે ઝટ જાઉં. 'એમ વિચારીને તુરત આવ્યો.' ॥૭૮૨॥

શ્રીજીમહારાજ એક વખત **ગઢપુર**માં હતા અને મુક્તાનંદસ્વામી ઘણા દિવસથી ગામડામાં ફરવા ગયા હતા. પછી પોતાના મનમાં એમ વિચાર થયો જે, 'મહારાજના દર્શન કર્યાને બહુ દિવસ થયા છે. માટે એક સંતને સાથે લઈને ગઢપુર જઈ મહારાજના દર્શન કરી આવું એમ વિચાર કરીને એક જોડીયો લઈને પોતે ગઢપુર આવ્યા અને સવારે નહાઈ ધોઈ પૂજા કરીને દરબારમાં આવ્યા. તે વખતે નારાયણ હરે કહીને સ્વામીએ ઝોળી માગી અને દરબારમાં ઉભા રહ્યા અને મહારાજનાં છેટેથી દર્શન થયા. પછી મહારાજ પાસે સોમલોખાચર તેડી ગયા. તે વખતે મહારાજે તેમની આગળ બહુ દિલગીરી બતાવી. અને મનુષ્ય ચેષ્ટા કરીને બોલ્યા જે, "સ્વામી ! તમારૂં તો કલ્યાણ થાશે ને મારૂં કલ્યાણ નહીં થાય અને હું તો આ દરબારમાં રહીને બંધાઈ ગયો છું અને તમો તો રામાનંદસ્વામી છતાં જેવા ત્યાગ વૈરાગવાન હતા તેવાને તેવા હજુ પણ છો." એમ કહીને મહારાજ પોતે બહુ દિલગીર થઈ ગયા. ત્યારે મુક્તાનંદસ્વામીએ

કહ્યું જે, 'મહારાજ ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો. અમને શા માટે મોહ પમાડો છો ?' ત્યારે મહારાજ બોલ્યા જે, ''સ્વામી ! હું પુરૂષોત્તમ નારાયણ શાનો ?'' એમ કહ્યું. એટલે મુક્તાનંદસ્વામી બહુ દિલગીર થયા અને સ્વામીએ જાણ્યું જે, 'આપણે મહારાજની આજ્ઞા વિના દર્શને આવ્યા. તેથી મહારાજે દર્શનનું સુખ આપ્યું નહીં.' ॥૭૮૩॥

એક વખત મુક્તાનંદસ્વામી **સુરત** પધાર્યા હતા. અને ત્યાંના હરિજનોએ મહારાજને ભેટ કરવા સારૂ ત્રણસો રૂપિયા મોકલ્યા હતા અને સ્વામી સાથે હમીરજી કરીને પાળા હતા. તેને અપાવ્યા હતા. પછી સ્વામી ગઢપુર પધાર્યા અને શ્રીજીમહારાજ દરબારમાં સભા કરી વિરાજમાન હતા. તે સમે સ્વામી આવીને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. અને હમીરજીને સાનમાં સમજાવે જે, 'ઓલ્યા રૂપિયા મહારાજ પાસે મેલો.' તે જોઈને મહારાજ બોલ્યા જે, 'સ્વામી ! તમો પણ બગડી ગયા જણાઓ છો જે તમારા હૈયામાં રૂપિયા પેશી ગયા છે.' પછી સ્વામીએ હાથ જોડીને કહ્યું જે, 'હા, મહારાજ ! તમે ઠીક કહો છો.' અને ત્રણસો રૂપિયા હમીરજીએ મહારાજને આપ્યા. ॥૭૮૪॥

એક વખત મુક્તાનંદસ્વામી દેશમાંથી ફરીને **ગઢપુર** આવ્યા અને ઉતારો કરીને પછી મહારાજને દર્શને ગયા. તે વખતે શ્રીજીમહારાજ થાળ જમતા હતા. તે થાળ સ્વામી પાસે મૂક્યો અને સ્વામી ત્યાં જમવા બેઠા. પછી મહારાજ બોલ્યા જે, 'સ્વામી ! હું તો તમારી સાથે વાતો કરવા રહ્યો. તેથી ભુખ્યો રહી ગયો.' એમ કહીને મુક્તાનંદસ્વામી ભેગા જમવા મંડ્યા. એવો મુક્તાનંદસ્વામી સાથે પોતે સ્નેહ જણાવ્યો. ॥૭૮૫॥

મુક્તાનંદસ્વામીના મનમાં ત્રણ સંકલ્પ હતા. તે એક તો શ્રીજીનું તિરોધાન જોવું જે, મહારાજ કેવી રીતે ધામમાં પધારે છે ? અને બીજું ધર્માખ્યાન પુરું કરવું અને ત્રીજું રઘુવીરજી મહારાજને વડોદરે પધરાવવા એ ત્રણ સંકલ્પ હતા. તેથી કરીને પોતાને ક્ષયરોગ હતો પણ શરીર રહ્યું હતું અને મહારાજ સ્વધામ પધાર્યા તે તો જોયું અને બાકીના બે સંકલ્પ નિત્યાનંદ સ્વામીએ પુરા કર્યા. તેમાં ધર્માખ્યાન પુરૂં કર્યું તથા રઘુવીરજી મહારાજને વડોદરામાં પધરાવ્યા. તે કેવી રીતે તો મુક્તાનંદસ્વામી પુસ્તક લખતા હતા અને લખતાં લખતાં હાથમાંથી કલમ પડી ગઈ. પછી ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, સ્વામી ! લોઢાનીએ બેડી અને સોનાનીએ બેડી. માટે હવે સંકલ્પ પડ્યા મેલો.' પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, સ્વામી ! જેમ શ્રીજીમહારાજને વડોદરામાં પધરાવ્યા

તેમ રઘુવીરજીમહારાજને મારે પધરાવવા અને ધર્માખ્યાન અધુરૂં છે તે મારે પુરૂં કરવું.' એવું સાંભળીને નિત્યાનંદસ્વામીને બથમાં ઘાલીને મળ્યા અને પોતાની ડોકમાં ગુલાબનો હાર હતો. તે નિત્યાનંદસ્વામીને પહેરાવ્યો ને કહ્યું જે, 'તમે મારા ખરા સેવક છો.' ॥૭૮૬॥

અને મુક્તાનંદસ્વામી **લોજ**માં હતા અને જે વખતે મહારાજ ત્યાં પધાર્યા તે વખતે જીવરાજશાના વંડામાં સ્વામી રામકથા વાંચવા જતા હતા અને કેટલાક દિવસ ત્યાં કથા વાંચી અને પછી એક દિવસે મહારાજે પૂછ્યું જે, ''સ્વામી! નિત્ય ક્યાં જાઓ છો ?'' ત્યારે સ્વામી કહે કે, 'ગામના લોકો પાસે રામકથા વાંચવા જાઉં છું.' ત્યારે મહારાજ કહે કે, ''કોણ સાંભળવા આવે છે ?'' સ્વામી કહે કે, 'બાઈ ભાઈ સૌ સાંભળે છે.' મહારાજ કહે કે, ''આપણે ત્યાગીથી બાઈઓ પાસે કથા થાય ખરી ?'' પછી સ્વામી વિચારી રહ્યા. પછી બીજે દિવસે કથા કરવા ચાલ્યા ત્યારે સ્વામી કહે, 'આજ છેલ્લી બાકીના સૌને રામ રામ કરી આવું.' પછી સ્વામીએ ત્યાં સાંજે કથાની સમાપ્તિ કરીને સૌને કહ્યું જે, 'હવે છેલ્લી બાકીના રામ રામ છે,' ત્યારે સૌ લોક હાથ જોડીને બોલ્યા જે, 'સ્વામી ! એમ કેમ કહો છો ? 'ત્યારે સ્વામીએ કહ્યું જે, 'નીલકંઠજી આવ્યા છે. તેમણે બંધી કરી છે. માટે હવે મારાથી કથા કરવા આવશે નહીં.' પછી સ્વામી પોતાની જગ્યામાં રામકથા વાંચતા. ત્યાં ભાઈ માણસ કથા સાંભળવા આવતા. ॥૭૮૭॥

અને સ્વામી **લોજ**માં જે જગ્યામાં રહેતા તે જગ્યાને અડીને એક વાળંદનું ઘર હતું. તેની ઓશરીમાં ગોખલો હતો. તે જોઈ મહારાજે પૂછ્યું જે, ''સ્વામી ! આ ગોખલો શેનો છે ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'આપણે સદાવ્રત આપીએ છીએ તે કાંઈ રાંધેલું વધ્યું હોય તે તેને આપવાને માટે અથવા કોઈ વખત કાંઈ રકમ જોતી હોય તો દેવાય લેવાય.' ત્યારે મહારાજ કહે કે, ''આપણી ત્યાગીની જગ્યામાં ગોખલો જોઈએ ? ન જોઈએ.'' એમ કહીને મહારાજે તે ગોખલો પુરાવી દીધો. ॥૭૮૮॥

અને **ગઢપુર**માં મહારાજ વિરાજમાન હતા અને એક વખત ગ્વાલિયર દેશના ગવૈયા આવ્યા હતા. તે ભાવનગર આદિક રજવાડામાંથી પોતે શિરપાવ લઈને આવ્યા હતા અને પછી તેણે સાંભળ્યું જે, 'ગઢપુરમાં સ્વામિનારાયણના સાધુ બહુ હુશિયાર ગવૈયા છે.' એમ જાણીને તેઓ ગઢપુર આવ્યા. તે વખતે શ્રીજીમહારાજ દરબારમાં સભા કરીને બેઠા હતા. ત્યાં આવીને તે ગવૈયા ગાયન કરવા લાગ્યા. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને આજ્ઞા કરી તેથી સ્વામીએ પગે ઘુઘરા બાંધી અને હાથે કડતાળુ

લીધી અને ઉભા થઈને સભામાં સ્વામી મહારાજ આગળ ગાયન કરવા લાગ્યા અને પોતાને પગે કરીને કંકુનો હાથી ચીતરી આપ્યો. તે જોઈ ગવૈયા સૌ આશ્ચર્ય પામ્યા જે, 'આપણી ગાયન વિદ્યા આમની આગળ કાંઈ નહીં.' એમ તેઓનો પરાજય કર્યો. ॥૭૮૯॥

શ્રીજીમહારાજ ગામ **પછમ** પધાર્યા હતા અને સાથે મુક્તાનંદસ્વામી આદિક સંત હતા. તે સમે એક સોની હરિજને મહારાજ પાસે આવીને કહ્યું જે, 'મહારાજ ! આ મારી ઘોડી ઉપર તમે વિરાજો અને મારી ઘોડી પ્રસાદીની કરી આપો.' ત્યારે મહારાજ કહે કે, "મુક્તાનંદસ્વામીને ઘોડી ઉપર બેસારો." પછી સ્વામીને તે ઘોડી ઉપર બેસાર્યા અને કમીયાળા ને પછમ વચ્ચે ઘોડી ભડકી. તેથી સ્વામી પડી ગયા અને એક હાથ જરા મરડાણો. પછી કમીયાળે ઉતારો કરીને બેઠા અને મહારાજ સ્વામી પાસે આવીને બહુ ઉચાટ કરવા લાગ્યા જે, "અમારા ગુરુનો હાથ ભાંગી ગયો અને અમને હાથ ચડાવતા આવડતો નથી." પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'મહારાજ ! મને કાંઈ વાગ્યું નથી. માટે કાંઈ ચિંતા કરશો નહીં. અને તમો વરતાલ સુખેથી પધારો અને હું અહીંયાં રહીશ.' પછી મહારાજ વરતાલ પધાર્યા. ॥૭૯૦॥

ગામ **સાંગાવદર**ને પાદર કુવો હતો. ત્યાં સ્વામી પોતાના હાથ પગ ધોવા બેઠા અને તે કુવાનો ધણી કુસંગી હતો. તેણે આવીને સ્વામીનું માથું ઝાલીને ધક્કો માર્યો એટલે સ્વામી પડી ગયા. અને સ્વામીને કહ્યું જે, 'આંહીં શું બેઠો છે ? મારા બળદીયા ભડક્યા.' પછી સ્વામી ત્યાંથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહીને ચાલી નીકળ્યા અને તે અપરાધે કરીને તે કણબી ઘઉંની વાડીમાં પાણી વાળતો હતો. ત્યાં ચોરે આવીને અઢાર ઝાટકા માર્યા. તેથી તે ત્યાં ને ત્યાં મરી ગયો એમ મોટાના અપરાધનું ફળ મળ્યું. ॥૭૯૧॥

એક સમે શ્રીજીમહારાજ તથા મુક્તાનંદસ્વામી વગેરે સંત **કાલવાણી**ની નદીએ નહાવા ગયા હતા. ત્યાં સ્વામી પોતાની પાસે તુંબડી મૂકીને ધ્યાન કરવા બેઠા હતા પણ પોતાના મનમાં એમ સંકલ્પ થયા કરતો જે, 'રખેને તુંબડી ઉપર કાગડો બેસે ને તુંબડી બગાડે !' પછી મહારાજે આવીને કહ્યું જે, "સ્વામી ! કોનાં ધ્યાન કરો છો ? તુંબડીનાં ધ્યાન કરો છો કે ?" ત્યારે સ્વામી કહે, 'હા, 'મહારાજ ! મનમાં તેનો સંકલ્પ થતો હતો ખરો.' ॥૭૯૨॥

એક વખત મુક્તાનંદસ્વામી **ગઢપુર**માં સ્નાન કરતા હતા. અને નાહીને પોતાનું પહેરેલું ભીનું વસ્ત્ર હેઠે ઉતાર્યું અને કોરૂં વસ્ત્ર પહેર્યું. તે વખતે ગામ સારંગપુરના **પુંજા**

**ભગત** કરીને કુંભાર હતા. તે સ્વામીનું ભીનું ધોતીયું લેવા ગયા. ત્યારે સ્વામી બોલ્યા જે, 'પુંજા ! સાંખ્યયોગી છો કે કર્મયોગી ?' પુંજો કહે કે, 'સ્વામી ! છું તો કર્મયોગી !' ત્યારે સ્વામી કહે, 'મારે ધોતીયે અડીશ નહીં.' પછી પુંજાભગતના મનમાં એમ થયું જે, 'હજી હું સ્વામીના ધોતીયાને અડવા યોગ નથી થયો ! માટે આજથી સંસાર હરામ છે !' એમ કહીને પોતે સંસારનો ત્યાગ કરીને ત્યાગી થયા. ။૭૯૩။

અને મહારાજે સ્વામીને વાત કરી જે, 'સ્વામી ! તમે તમારી મોટપને જાણો છો ?' ત્યારે સ્વામી કહે ,'ના, મહારાજ ! હું જાણતો નથી' ત્યારે મહારાજ કહે કે, 'અલ્પ જેવો જીવ હોય અને તમે એમ સંકલ્પ કરો જે આ જીવ ઠેઠચ અક્ષરધામમાં જાય તો તે જીવ અક્ષરધામમાં જઈ પુગે ! એવું તમારા સંકલ્પમાં બળ છે અને તમારી મોટપ તો અપાર છે.' મહારાજ કહે કે, 'સ્વામી ! એક તમારે મારો યોગ છે અને એક અક્ષરના મુક્તને મારો યોગ છે. બીજા કોઈને મારો યોગ નથી.'' ။૭૯૪။

સ્વામી જ્યારે ત્યાગી થવા આવ્યા તે સમે **રામાનંદસ્વામી**એ તેમની પરીક્ષા લેવા સ્વામીને કહ્યું જે, 'આ ખેડુનાં લુગડાં છે. તે પહેરીને સાંતી હાંકવા જાઓ.' તે વખતે સ્વામી ખેડુનાં વસ્ત્ર પહેરીને સાંતી હાંકવા તૈયાર થયા.' ત્યારે રામાનંદસ્વામીએ જાણ્યું જે, 'આ તો બહુ ખપવાળા છે ને મોક્ષભાગી છે.' એમ જાણીને કહ્યું જે, 'મુકુંદદાસજી ! પાછા આવો.' પછી પાછા આવીને સ્વામી પાસે બેઠા. ။૭૯૫။

એક વખત શ્રીજીમહારાજ પોતાની સાથે સંત લઈને રણને કાંઠે **સરકારપર** કરીને ગામ છે ત્યાં પધાર્યા હતા. પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, 'તમે સૌ નહાઓ ધૂઓ અને હું ગામમાં ઝોળી માગી આવું.' પછી એક વાણિયાને ઘરે ઝોળી માગવા ગયા. તે સમે વાણિયણ ઘઉંની રોટલી કરતી હતી. તેની નજર ચુકાવીને મહારાજ તેની કરેલી છ રોટલી લઈને ભાગ્યા. તે જ્યાં સાધુ ઉતર્યા હતા ત્યાં આવ્યા અને વાણિયા સૌ ભેળા થયા અને કહેવા લાગ્યા જે, 'બાવો અમારું રસોડું અભડાવી ગયો.' પછી તેનો તપાસ કરવાને માટે સૌ લોક જ્યાં સંત ઉતર્યા હતા ત્યાં આવ્યા. અને મહારાજ તો માથે વસ્ત્ર ઓઢીને ધ્યાન કરવા બેસી ગયા. પછી વાણિયા આવીને કહેવા લાગ્યા જે, 'તમારો બાવો અમારૂં રસોડું અભડાવી ગયો અને છ રોટલી લઈને નાસી આવ્યો છે.' ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'તે તો ગાંડો છે અને તમારી કેટલી રોટલી લાવ્યો છે ?' ત્યારે વાણિયા કહે, 'અમારી છ રોટલી લાવ્યો છે.' ત્યારે સ્વામી કહે, 'હું તમને છ મોતીયા લાડુ આપું તો ?' વાણીયા કહે, 'છ હોય ?' સ્વામી કહે, 'આઠ આપું.' પછી વાણિયા તે લાડવા લઈને ઘરે ગયા અને મહારાજ ધ્યાનમાંથી

બેઠા થઈ ને સૌ સંત સદાવ્રતના દાલીયા કાઢીને જમવા બેઠા. પછી મહારાજ કહે, ‘લ્યો સ્વામી ! હું છ રોટલી લાવ્યો છું તે ચોળીને દાળીયામાં નાંખીયે.’ અને સૌ સંત જમ્યા અને અહીંયાં સૌ વાણિયાને ઠપકો દેવા લાગ્યા જે, ‘બાવો બિચારો ભુખ્યો થયો હશે ત્યારે તારી રોટલી લીધી હશે અને તું તેના લાડવા લાવ્યો ?’ અને અહીં સંત જમ્યા અને વાણિયાને શરીરે બળતરા ચાલી. પછી વાણિયો બોલ્યો જે, ‘ચાલો, આપણે સૌ તે બાવાને જમાડીયે.’ તે વખતે ત્યાં એક ભરવાડ આવ્યો. તેણે કહ્યું કે, ‘તમો રસોઈ આપો અને હું બળતણ આપું.’ તે પ્રમાણે ભરવાડ છાણાની ગાંસડી બાંધીને તે સંત બેઠા હતા તે ઠેકાણે આવતો હતો. ત્યારે સંતે કહ્યું જે, ‘આંહીં સમશાન છે કે શું ? છાણાંની ગાંસડીઓ આ તરફ આવે છે.’ એમ જ્યાં વાત કરે છે ત્યાં કેટલાક માણસોને માથે રસોઈનો સામાન લઈને સૌ સંત પાસે આવ્યા. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, ‘મહારાજે કોઈકમાં પ્રવેશ કર્યો કે શું ?’ ત્યારે મહારાજ કહે, ‘સ્વામી ! અહીંયાંથી ભૂખ્યા ક્યાં જઈએ ?’ પછી મહારાજ આગળ થઈને સૌને કહેવા લાગ્યા જે, ‘આ સામાન આંહીં મેલો આ સામાન આંહીં મેલો.’ પછી વાણિયા મહારાજને જોઈને બોલ્યા જે, ‘મહારાજ!  તું બાવા જેવો જણાય છે પણ બાવો નથી પણ ભગવાન છો !’ પછી સૌ સંતને જમાડ્યા અને વાણિયા બે ભાઈ સાધુ થઈને મહારાજ ભેગા ચાલી નીકળ્યા. ॥૭૯૬॥

શ્રીજીમહારાજ પરમહંસો સહિત દેવળીયે પધાર્યા હતા અને **દેવળીયા**ને પાદર મહારાજ હજામત કરાવા બેઠા તે મહારાજને બહુ વસમું લાગ્યું તેથી અર્ધું વતુ કર્યું એટલે બોલ્યા જે, ‘રાખ્ય, રાખ્ય, અમારા સંઘ વહ્યા જાય છે. તેમના ભેગું થવું છે.’ તેથી વતુ પડતું મૂકાવી દીધું. પછી અખુભા બોલ્યા જે, ‘મહારાજ ! મારા ગામનો વાળંદ સારો છે. તેને તેડી આવું.’ પછી તેને તેડવા ગયા અને વાળંદની કોથળી પોતાને ખંભે ભરાવી અને પોતે ઘોડેસ્વાર થઈને વાળંદને કોથળી પોતાને ખંભે ભરાવી અને પોતે ઘોડેસ્વાર થઈને વાળંદને ઘોડાને પેઘડે વળગાડ્યો અને ચાલ્યા અને મહારાજ ત્યાં તળાવડીને કાંઠે હજામત કરાવવા બેઠા. પછી મુક્તાનંદસ્વામી કહે કે, ‘મહારાજ ! આ કેવો છે ?’ ત્યારે મહારાજ કહે, ‘સ્વામી ! ત્યાં દેહનું જોખમ થાય એમ હતું અને અહીંયાં જીવનું જોખમ થાય તેવું છે. માટે તમે અમદાવાદ હજામત કરાવજો.’ પછી મહારાજ કહે જે, ‘નિર્માન મૂર્તિ જોવી હોય તો આ અખુભાને જોવોને. માનની મૂર્તિ જોવી હોય તો આ પૂર્ણાનંદસ્વામી.’’ ત્યારે પૂર્ણાનંદસ્વામી કહે, ‘મહારાજ ! તમે ઠીક કહો છો.’ તે પૂર્ણાનંદસ્વામીનો ગરાસ જાતો હતો. પછી ધોળાં લુગડાં પહેરીને ઘરે ગયા ને લાંકસાહેબના ઘોડાનું ચોકડું ઝાલ્યું ને બોલ્યા જે, ‘લાંક ! તારા રાજ્યમાં અંધારું

કેમ?' ત્યારે લાંકસાહેબ કહે, 'ગજા ! મારા રાજ્યમાં અંધારું છે કે તારા રાજ્યમાં ? તું હાથીએથી ઉતરીને ગધાડે બેઠો.' ત્યારે ગજો ગઢવી સમજી ગયા. ॥૭૯૭॥

શ્રીજીમહારાજ **અમદાવાદ** પધાર્યા હતા. ત્યાં મહારાજે પાંચસો પરમહંસને કહ્યું જે, "તમે સૌ ઉઘાડે માથે બજાર વચ્ચે ચાલો " અને મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "તમારે માથે રુમાલ રાખજો. કેમકે તમને ઝેર દીધું છે તે તાપથી તમારું માથું દુઃખવા આવે." પછી સૌ સંત શેહરની બજારમાં ઉઘાડે માથે નીસર્યા. પછી ગામના સૌ લોક બોલવા લાગ્યા જે, 'આ બધાય મુંડીયા તો સ્વામિનારાયણના પણ આ એક માથે બાંધ્યું તે સ્વામિનારાયણનો નહીં.' તે સાંભળીને સ્વામીએ રુમાલ માથેથી ઉતારીને હાથમાં લીધો. પછી ગામ બહાર આવ્યા પછી મહારાજે પૂછ્યું જે, "સ્વામી ! કેમ રુમાલ હાથમાં લીધો ?" ત્યારે સ્વામી કહે, 'મહારાજ ! જ્યારે હું તમારો હઉં ત્યારે રુમાલ માથે રાખું ના.' ॥૭૯૮॥

મુક્તાનંદસ્વામી **ગઢપુર**માં હતા ત્યારે તેમનાં બેન **ધનબાઈ** ગઢપુર આવ્યાં હતાં તેઓ દરબારમાં રામકથા વાંચતાં હતાં તે સાંભળીને મુક્તાનંદસ્વામીએ શાંતાનંદસ્વામીને કહ્યું જે, 'આ કોણ વાંચે છે ?' ત્યારે તેમણે કહ્યું જે, 'ધનબાઈ આવ્યાં છે.' સ્વામી કહે કે, 'માર્ગીમાં સારાં હોય નહીં માટે તેમને રજા આપો.' એમ કહીને સ્વામીએ કીર્તન લખીને મોકલ્યું જે "મોહનને ગમવાને ઈચ્છો માનની ત્યાગો સર્વે જુઠી મનની ટેક જો" એ ચાર કીર્તન નવાં બનાવીને સ્વામીએ મોકલ્યાં અને મોટીબાને હાથે વર્તમાન ધારીને સત્સંગી થયાં. ॥૭૯૯॥

એક વખત શ્રીજીમહારાજ **સારંગપુર**માં વિરાજમાન હતા અને રાતના બાર વાગે જીવાખાચરના દરબારમાં આંબલી નીચે ઉઘાડી તરવાર કરીને મહારાજ તરવાર સમજતા હતા અને ચોમાસાની રાત હતી. તે વિજળી થાય ત્યારે તરવાર દેખાય. તે જોઈ મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! અંધારી રાત છે ને તરવાર તમને વાગી જશે.' પછી મહારાજે ઢોલિયે બેસીને વાત કરી જે, 'સ્વામી ! અત્યારે દિલ્લી લીધી. કેમકે તમારી રક્ષા માટે રાજા આવે છે. તેની સહાયતામાં અમે ગયા હતા." એમ મહારાજે સ્વામી પાસે વાત કરી. ॥૮૦૦॥

શ્રીજીમહારાજ **ગઢપુર** અક્ષરઓરડીમાં વિરાજમાન હતા. ને સાધુનું મંડળ ફરવા ચાલ્યું એટલે મુક્તાનંદસ્વામીને શ્રીજીમહારાજે પૂછ્યું જે, 'સ્વામી ! આ સંત કેવા છે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "સ્ત્રીધનમાં ફેર પડે તેવા નથી.' એમ તેમને દરેકમાંથી ગુણ લેવાનો સ્વભાવ હતો. તે સાંભળીને મહારાજ બહુ જ રાજી થયા.

॥૮૦૧॥

**અમદાવાદ**માં બ્રાહ્મણોએ મુક્તાનંદસ્વામીને પૂછ્યું જે, 'સ્વામી ! શુકજીએ સાત દિવસ સુધી કથા કરીને પરીક્ષિત રાજાનું કલ્યાણ કર્યું અને આજ બ્રાહ્મણો તો ઘરોઘર ભાગવત વાંચે છે તો પણ કોઈનું કલ્યાણ થાતું નથી.'' ત્યારે સ્વામી કહે, 'શુકજી જેવા વાંચનારા હોય અને પરીક્ષિત જેવા સાંભળનારા હોય તો કલ્યાણ થાય. કેમકે પરીક્ષિતે સાત દિવસ સુધી અન્ન જળનો ત્યાગ કર્યો હતો અને ભગવાનમાં જ વૃત્તિ લાગી રહી હતી અને આજ તો સૌ પૈસાને લોભે કરીને કથા કરે છે એટલે શું કલ્યાણ થાય ?' એમ સ્વામીએ વાત કરી. ॥૮૦૨॥

મુક્તાનંદસ્વામીએ તે ઉપર એક રાજાની વાત કરી જે, 'એક રાજાને ત્યાં **જયમંગલ** નામનો હાથી હતો. પછી તે રાજાને જ્યારે લડાઈમાં ચડવું હોય ત્યારે હાથીના દંતશૂળ ઉપર હથિયાર બાંધે અને તે હાથી સેના સામો કરે.' પછી તે રાજાનો હાથી જય કરીને પાછો આવતો. પછી જ્યારે તે હાથી મૃત્યુને પામ્યો ત્યારે રાજાએ તેના દંતશૂળ રાખી મૂક્યા. પછી જ્યારે લડવા જવું હોય ત્યારે તે દંતશૂળ સાથે હથિયાર બાંધે પણ દંતશૂળ કાંઈ હાથીના જેવું કામ કરી શકે ? કેમકે તે સામર્થી તો જયમંગલ સાથે ગઈ. તેમજ સ્વામી કહે, 'જ્યારે શુકજી જેવા સમર્થ પુરુષ હોય તો જ કલ્યાણ થાય નીકર પછી દંતશૂળ જેવું થાય.' ॥૮૦૩॥

**અમદાવાદ**માં શ્રીજીમહારાજ નથુભટને ઘરે ઢોલિયા ઉપર વિરાજમાન હતા. પછી મહારાજે મુક્તાનંદસ્વામીનો હાથ લઈને પોતાની છાતીએ અડાડ્યો ને સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! આ મૂર્તિને ભજીને અનંત અક્ષરમુક્ત થયા છે.'' એમ શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું ત્યારે મુક્તાનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું જે,' હા, મહારાજ! તમે સત્ય કહો છો.' ॥૮૦૪॥

શ્રીજીમહારાજ **વરતાલ** પધારતા હતા અને ગાડીમાં મુક્તાનંદસ્વામી બેઠા હતા. મહારાજ માણકીએ ચઢીને ગાડાને પડખે ચાલ્યા આવતા હતા. પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'મહારાજ ! આ માણકીએ શું તપ કર્યું હશે ?' ત્યારે મહારાજ કહે, ''સ્વામી! તમે ને માણકીએ સાથે તપ કર્યું છે.'' એમ મહારાજે સ્વામીને કહ્યું. ॥૮૦૫॥

એક વખત મુક્તાનંદસ્વામીને આસને **ગઢપુર**માં ગોપાળાનંદસ્વામી પધાર્યા. પછી સ્વામીને પોતાના આસન ઉપર બેસાર્યા ને મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'સ્વામી! તમો કહો તેમ હું કરું.' ત્યારે ગોપાળાનંદસ્વામી કહે કે, 'તમે તો મહારાજના પણ ગુરુ કહેવાઓ.' મુક્તાનંદસ્વામી કહે કે, 'મને મહારાજે ભલામણ કરી છે અને આ શુકમુનિ

સાક્ષી છે તે કહેલું જે ગોપાળાનંદસ્વામી કહે તેમ કરજો.' તે સાંભળીને ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, 'સ્વામી ! હવે તમારો દેહ નહીં રહે ! માટે તમારી પૂજા તથા પુસ્તક જે હોય તે દેવને તથા આચાર્યને તથા તમારા સેવકને આપવું હોય તે વહેંચી આપો.' પછી સ્વામીએ ત્યાં જ પોતાની પૂજા પુસ્તક વિગેરે સર્વે પદાર્થ મંગાવ્યો અને ગોપાળાનંદસ્વામીને હાથે તેની વ્યવસ્થા કરાવી. અને હાલારી સંવત્ ૧૮૮૭ના અષાડ સુદ ૧૦ના રોજ સ્વામી ગઢપુરમાં ધામમાં પધાર્યા. ॥૮૦૬॥

એક વખત શ્રીજીમહારાજ **ગઢપુર**માં અક્ષરઓરડીમાં રમુજ કરતા હતા અને મુક્તાનંદસ્વામી મહારાજને દર્શને ત્યાં ગયા. તે અગાઉ કોઈકે મહારાજને કહ્યું જે, 'મુક્તાનંદસ્વામી આવે છે.' તે વખતે મહારાજ રમુજ કરવી બંધ રાખીને બીજી વાતચીત કરવા લાગ્યા અને મુક્તાનંદસ્વામીને પોતાના ઢોલિયાની થડમાં ગાદી તકીયો નંખાવીને બેસાર્યા એમ શ્રીજીમહારાજ મુક્તાનંદસ્વામીની મરજાદ રાખતા. ॥૮૦૭॥

**ગઢપુર**માં એક વખત શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને સભામાં આજ્ઞા કરી જે, ''સ્વામી ! આ જ તો તમે વાતો કરો.'' પછી મુક્તાનંદસ્વામીએ શ્રીજીમહારાજના મહિમાની તથા ગઢપુરના મહિમાની અલૌકિક વાર્તા કરવા માંડી. તે સાંભળી ઓલ્યા પક્ષના કેટલાક સંત તથા હરિજન આવી આવીને આણીકોર બેઠા. પછી બ્રહ્માનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને હાથ જોડીને કહ્યું જે, 'સ્વામી ! તમારે તો દર્શન દેવાં પણ વાતો કરવી નહીં. કેમકે તમારી વાતો સાંભળીને કોઈ બીજે જશે જ નહીં. તમારા સમાગમ માટે તમારી પાસે રહેશે. માટે તમારે તો દયા રાખવી પણ વાતો ન કરવી.' એવું સાંભળીને મુક્તાનંદસ્વામીએ વાતો કરવી બંધ રાખી. ॥૮૦૮॥

મુક્તાનંદસ્વામીને એક સેવક હતો. તે સ્વામીને માટે રસોઈ કરતો હતો. પણ પોતે લહિયા હતા તેથી અનાજ જોયા વિના રાંધતા. પછી એક દિવસ મુક્તાનંદસ્વામીનું પેટ ચડી આવ્યું પછી ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી જોવા માટે ગયા. પછી ત્યાં સ્વામીના રસોયાને બોલાવ્યો અને કહ્યું જે, 'મહાપુરૂષ ! સ્વામીને માટે ખીચડી કે રોટલા કરવા તે વગેરેનું અનાજ સારી રીતે સુધારીને રાંધવું કેમકે ખીચડીમાં ઉંદરની લીંડીયું હશે તેથી સ્વામીને આફરો ચડ્યો છે.' ત્યારે સંતે જવાબ આપ્યો કે, 'હું અનાજનો સુધારો કરવા રહું તો લખું ક્યારે ? માટે હું તો જેમ થાય છે તેમ કરીશ.' પછી ગોપાળાનંદસ્વામીએ એક **અનોપમાનંદ** કરીને સંત હતા. તેમને બોલાવ્યા અને પૂછ્યું જે, 'મહાપુરુષ! તમને કાંઈ રસોઈ આવડે છે ?' ત્યારે અનોપમાનંદસ્વામી કહે, 'હા, મને બાજરાનો રોટલો અને ખીચડી એ બે વાનાં આવડે છે.' ત્યારે

ગોપાળાનંદસ્વામી કહે, 'સ્વામીની માટે તે જ રાંધવાનું છે.' એમ કહીને મુક્તાનંદસ્વામીની સેવામાં તેને રાખ્યા. ॥૮૦૯॥

મુક્તાનંદસ્વામી **ગઢપુર** અક્ષરઓરડીમાં મહારાજને દરસે ગયા હતા. ત્યાં મહારાજ સ્નાન કરવા બેઠા હતા. પછી અનોપમાનંદ સ્વામીને કહ્યું જે, 'મહાપુરુષ ! પાણીનું ઉનામણીયું લાવો.' પછી બે હાથે ઝાલી ઉનામણીયું મહારાજ પાસે મેલ્યું અને પોતાના બન્ને હાથ દાઝ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, 'સ્વામી ! આમને અક્કલનું છેટું દેખાય છે.'' ॥૮૧૦॥

મુક્તાનંદસ્વામી **સુરત**માં હતા ત્યાં નિરંતર પાકી રસોઈયું ચાલતી હતી. પછી સ્વામીએ હરિજનોને કહ્યું જે, 'એક દિવસ કાચી રસોઈ આપો અને એક દિવસ પાકી રસોઈ આપો.' સ્વામીના કહેવા પ્રમાણે હરિજનો રસોઈયું લાવવા મંડ્યા. પછી કેટલાક સંતોએ મળીને શ્રીજીમહારાજને વરતાલ કાગળ લખ્યો જે, 'મહારાજ ! અહીંયાં તો મુક્તાનંદસ્વામીએ જમવાની બંધી કરી છે.' પછી થોડા દિવસ કેડે સ્વામી વરતાલ પધાર્યા અને શ્રીજીમહારાજને સભામાં દંડવત કરીને પગે લાગ્યા ને બેઠા પછી મહારાજે પૂછ્યું જે, ''સ્વામી ! રસોઈ પાણીનું કેમ કરતા હતા ?'' ત્યારે સ્વામી કહે, 'મહારાજ! એક દિવસ કાચી રસોઈ લેતો અને એક દિવસ પાકી રસોઈ લેતો.' મહારાજ કહે કે, ''પાકી રસોઈ લ્યો ત્યારે શું વિચાર કરતા ?'' ત્યારે સ્વામી કહે, 'જ્યારે પાકી રસોઈ લઉં ત્યારે એમ વિચાર કરતો જે આવા સંત જમશે તો હરિજનનું કલ્યાણ થાશે અને જ્યારે કાચી રસોઈ લઉં ત્યારે એમ વિચાર કરતો જે સંતને માટે નિરંતર પાકી રસોઈ લેશું તો સંતમાં આળસ અને પ્રમાદ વધશે અને સુખેથી ભજન સ્મરણ થશે નહીં એમ વિચારીને કાચી રસોઈ લેતો.' પછી મહારાજ સભામાં બોલ્યા જે, ''આ કાગળના લખનારનો અભિપ્રાય કેવો છે અને મુક્તાનંદસ્વામીનો અભિપ્રાય કેવો છે ?'' તે ઉપર મહારાજે ઘણીક વાત કરી. ॥૮૧૧॥

સ્વામી **સુરત**માં હતા અને સાથે સાઠ સિતેર સાધુ હતા. પછી તેમાં એક નાના સાધુ હતા તેમના મનમાં સંકલ્પ રહેતો જે, 'મારા માબાપ કુસંગી રહે અને મરીને નર્કમાં જાય તે ઠીક નહીં. માટે હું ઘરે જઈને તેમને સત્સંગી કરીને પછી હું અહીયાં આવું.' પણ તે સંતને મુક્તાનંદસ્વામી સાથે ઘણો સ્નેહ હતો તેથી વિચાર થયો જે, 'પ્રથમ હું મુક્તાનંદસ્વામીને પૂછીને પછી જાઉં.' પછી તેણે સ્વામીને તે વાત કરી ત્યારે સ્વામી બોલ્યા જે, 'મહાપુરુષ ! તમે સંકલ્પ કર્યો તે બહુ સારો છે. પણ આપણા અહીંયાં નિરંતર સિતેર સીધાં ભરાય છે અને તમે જાશો તો ઓગણોતેર રહેશે અને

શહેરમાં વાત ચાલશે જે, 'સ્વામિનારાયણનો સાધુ ઘરે ગયો.' માટે જ્યારે આપણે અહીંથી નીકળીયે ત્યારે તમો તમારે ગામ સુખેથી જાજ્યો. અને તમારા માવતરને સત્સંગ કરાવીને પછી સુખેથી આવજો.' પછી તે સંતને સ્વામીએ વાતો કરી કરીને તેના સંકલ્પ માત્ર ટાળી નાખ્યા અને દેહના સંબંધીને ખોટા કરી દેખાડ્યા. પછી જ્યારે સુરતથી ચાલ્યા ને તે ગામનો રસ્તો આવ્યો ત્યારે સ્વામીએ કહ્યું જે, 'મહાપુરુષ ! તમારે ગામ જાવું હોય તો આ રસ્તેથી જાઓ.' પછી સંતે હાથ જોડ્યા જે, 'સ્વામી ! હવે મને કુવામાં શા માટે નાંખો છો ? મારે તમારી સેવા કરવી છે.' ॥૮૧૨॥

અને એક ગામમાં મુકતાનંદસ્વામી સભા કરીને બેઠા હતા અને કેટલાક સંત તે વખતે નાહીને આવ્યા. તેમાં એક સંતે ઓસરીની કોર ઉપર પગ ધોયા અને મોદીયું પલળ્યું ત્યારે સ્વામીએ કહ્યું જે, 'મહાપુરુષ ! પગ ધોવાને માટે તાસ મગાવું ?' પછી તે સાધુને સ્વામી ઉપર એટલો ક્રોધ ચડ્યો જે, 'સ્વામીનું ભવિષ્ય કરવું.' પછી એક દિવસ રાત્રીએ તે સાધુએ બહુ સનો લીધો ને સ્વામીને કહ્યું જે, 'મારે નાહવા જાવું છે તે તમો મારી સાથે નાહવા ચાલો.' સ્વામી કહે, 'મહાપુરુષ ! આપણાથી અત્યારે બહાર જવાય નહીં અને પાયખાનું છે ત્યાં જાઓ.' પણ તે સાધુએ બહુજ સનો લીધો જે, 'અત્યારે તમે જ મારી સાથે બહાર આવો.' પછી સ્વામીએ તેને કેટલાક ત્યાગીના ધર્મની વાત કહી દેખાડી અને તેને ક્રોધ ચડ્યો હતો તે સ્વામીની વાતોથી શાંત પામ્યો. પછી બીજે દિવસે તે સાધુએ આવીને સ્વામીને દંડવત કર્યા અને બોલ્યા જે, 'સ્વામી ! મારી મતિ એવી બગડી ગઈ હતી જે રાત્રે તમને નાહવા તેડી જઈને તમને ત્યાં કુવામાં નાખી દેવા હતા. પણ તમોએ મને સમજાવ્યો તે સારૂં કર્યું.' ॥૮૧૩॥

મુક્તાનંદસ્વામી જ્યારે ઘરેથી નીસર્યા ત્યારે પોતાનાં બહેન ધનબાઈ તથા તેમના ઘરના મનુષ્ય એ બન્ને જણાં સ્વામીની પાછળ ચાલ્યાં અને ત્રણ દિવસ અને ત્રણ રાત્રી સ્વામી ફર્યા પણ બન્નેએ કેડ મેલ્યો નહીં. પછી સ્વામીએ વિચાર કર્યો જે, 'આ તો મારો કેડ નહીં મેલે. માટે ગાંડો થાઉં તો ઠીક.' પછી પોતે એક કોપીન વાળીને લીંબડાના વૃક્ષ ઉપર ચડી ગયા અને બોલવા મંડ્યા જે "રામ ઘટાઘટ મૌડી ફુલી રામ ઘટાઘટ મૌડી ફુલી" એમને એમ વારંવાર બોલવા મંડ્યા પછી તેમની બહેને જાણ્યું જે, 'આ તો ગાંડો થઈ ગયો. માટે ચાલો આપણે ઘરે જઈએ.' પછી બન્ને જણા નિરાશ થઈને પોતાને ઘરે ગયાં. પછી મુક્તનંદસ્વામી મુળદાસને જઈને મળ્યા. ત્યારે મુળદાસ બોલ્યા જે, 'મુકુંદદાસજી ! તમારા ભવાડા બહુ સંભળાય છે.' ત્યારે મુકુંદદાસજી કહે કે, 'મારે સંસારમાં રહેવું નથી અને પ્રગટ ભગવાન મળે ત્યાં જવું છે. માટે મને મારી કામવાસના જીતાય એવા સાધુ બતાવો.' ॥૮૧૪॥

પછી મુળદાસ બોલ્યા જે, 'ધ્રાંગધ્રામાં રામમહોલમાં જાઓ અને ત્યાં કાશીદાસ બહુ જ મોટા સાધુ છે.' પછી સ્વામી ત્યાંથી ધ્રાંગધ્રા ગયા અને ત્યાં કાશીરામદાસજીની સેવા એક માસ સુધી કરી. પછી સ્વામીએ હાથ જોડીને કહ્યું જે, 'ગુરુજી ! મારે કામવાસના જીતાય અને પ્રગટ ભગવાનને મળાય એવો ઉપાય બતાવો.' ત્યારે તેણે કહ્યું જે, 'મારે પાંચ સાત ચેલીયું છે અને મારા ચેલાને પણ પાંચ સાત ચેલીયું છે અને મોરબીમાં કલ્યાણદાસ કરીને બહુ મોટા સંત છે ત્યાં જાઓ.' પછી સ્વામી ત્યાંથી મોરબી ગયા અને ત્યાંના મહંતની એક માસ સુધી સેવા કરીને હાથ જોડીને પૂછ્યું જે, 'ગુરુજી ! કામવાસના જીતાય અને પ્રગટ ભગવાન મળે એવો ઉપાય બતાવો.' ત્યારે મહંત કહે કે, 'બાપ! મુકુંદદાસજી ! બ્રહ્મમાં ભેદ હોય નહીં. બ્રહ્મ તો બધું એક જ કહેવાય.' ત્યારે સ્વામીએ વિચાર કર્યો જે, 'ઓલ્યાને તો પાંચ સાતે જ શેઢો હતો અને આને તો મા બહેન ને દીકરી પણ સરખાં જ છે.' પછી તેણે કહ્યું જે, 'વાંકાનેરમાં કલ્યાણદાસ બહુ મોટા સંત છે. ત્યાં તમે જાઓ.' પછી સ્વામી વાંકાનેર ગયા. અને ત્યાંના મહંતને મળ્યા ને મહંતને પીતળની કોપીન પીતળનો આડબંધ અને કેડે પિતળનું તાળું હતું. તેની કુંચી પણ બીજા માણસ પાસે રહે. તે જોઈને સ્વામી બહુ રાજી થયા જે, આ બહુ મોટા પુરુષ દેખાય છે. પછી એક માસ સુધી સેવા કરીને હાથ જોડીને તેમને પૂછ્યુ જે, 'ગુરુજી ! કામવાસના જીતાય અને પ્રગટ ભગવાન મળે એવા સંત બતાવો. ત્યારે મહંત બોલ્યો જે, 'હું ચાલીશ વરસ પહેલાં ઉજ્જન જતો હતો અને ખાત્રજ ગામને પાદર એક બાઈને મેં પૂછ્યું જે ફલાણા ગામનો માર્ગ ક્યાં થઈને જશે ? ત્યારે તે બાઈએ હાથનું લટકું કરીને મને માર્ગ બતાવ્યો છે. તે હાથનું લટકું મારા અંતઃકરણમાં પેઠું છે. તે હજુ નીરસતું નથી તો તને આવા પુરુષ ક્યાંથી બતાવું ?' પછી સ્વામીએ જાણ્યું જે, 'આને ઉપરનો જાબદો બહુ સારો છે પણ માંહે તો સાવ પોલો છે.' પછી તેણે કહ્યું કે, 'સરધારમાં તુળસીદાસ કરીને બહુ મોટા સાધુ છે.' પછી સ્વામી ત્યાંથી સરધારમાં ગયા અને ત્યાં તુળસીદાસજીને મળ્યા ને તુળસીદાસજી સ્વામીને જોઈને બહુ રાજી થયા જે, 'આ જો આંહીંયા રહે તો સારૂં.' ॥૮૧૫॥

પછી મુક્તાનંદસ્વામીએ પણ વિચાર કર્યો જે, હું ઘણેક ઠેકાણે ફર્યો માટે હવે તો આંહીંજ રહું અને તુળસીદાસ મરશે ત્યારે પછી સારી રીતે ધર્મ પ્રવર્તાવશું.' એમ જાણીને સ્વામી ત્યાં રહ્યા અને તુળસીદાસ પણ વિચાર કરતા જે, મને કોઈ સારો શિષ્ય મળે તો આ મારો દ્વારો તેમને સોંપી દઉં. કેમકે મારૂં શરીર વૃદ્ધ થયું છે.' પછી તુળશીદાસે પોતાનો લાખ રૂપિયાનો દ્વારો મુક્તાનંદસ્વામીને લખી આપ્યો અને પોતે બહુજ સુકંઠી હતા અને દ્વારામાં રામકથા વાંચતા.' એટલે સૌ લોક સાંભળવાને માટે

ભેગાં થતાં અને તે ગામમાં રામાનંદસ્વામીના સત્સંગી હતા. તે સાંભળવા જતા નહીં. પછી એક દિવસ તળાવે સૌ નાહવાને ભેગા થયા. ત્યારે સ્વામીએ કહ્યું જે, 'સૌ લોક રામકથા સાંભળવા આવે છે અને તમો કેમ નથી આવતા ?' ત્યારે તેઓ બોલ્યા જે, 'અમે તો રામાનંદસ્વામીના ભક્ત છીએ.' મુક્તાનંદસ્વામી કહે, 'રામાનંદસ્વામી કેવા છે ? તુળસીદાસ જેવા છે ?' ત્યારે હરિભક્ત બોલ્યા જે, 'તુળસીદાસ તો રામાનંદસ્વામીના પગની રજ જેવો પણ નહીં. એ તો બહુ મોટા છે અને ભગવાન છે.' સ્વામીએ કહ્યું જે, 'રામાનંદસ્વામી અહીંયાં ક્યારેય આવે છે ?' ત્યારે તેમણે કહ્યું જે, 'હા, ચોમાસામાં આવે છે.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તમારા ગુરુ જ્યારે આવે ત્યારે મને સંભળાવજો.' પછી ચોમાસું આવ્યું ત્યારે રામાનંદસ્વામી સરધાર પધાર્યા પછી તેમના ભક્તોએ કહ્યું જે, 'મુકુંદદાસજી ! અમારા ગુરુ રામાનંદસ્વામી અહીંયાં પધાર્યા છે તેની વાતુ સાંભળવા આવજો.' ॥૮૧૬॥

પછી મુક્તાનંદસ્વામી રાત્રે રામાનંદસ્વામીની સરધારમાં વાતુ સાંભળવા ગયા અને તે વાતો સાંભળીને શાંતિ પામી ગયા. પછી પોતે વિચાર કર્યો જે, 'હું જેને ગોતતો હતો તે જ આ પુરૂષ છે.' પછી હરિજનોને કહ્યું જે, 'સ્વામી રામાનંદજી જ્યાં સુધી રહે ત્યાં સુધી અમારે દ્વારેથી પાકું સીધું લઈ જવું.' પછી બીજે દિવસે રાત્રીએ સ્વામી વાતો સાંભળવા ત્યાં ગયા અને કથા વાર્તા થઈ રહ્યા પછી રામાનંદસ્વામી લઘુશંકા કરવા ઉઠ્યા. પછી રામાનંદસ્વામીએ હરિજનોને પૂછ્યું જે, 'આ કોણ ? આ કોણ ?' પછી હરિજનોએ ઓળખાણ પાડી જે, 'સ્વામી ! આ તુલસીદાસજીના સેવક છે અને રામકથા બહુજ સારી વાંચી જાણે છે ને બહુજ સુકંઠી છે' પછી સ્વામીએ કહ્યું જે, 'તમારે આંહીંયાં આવવું નહીં કેમકે આટલામાં તુળસીદાસજીનું જોર છે. તે અમારા સેવકને ઉપાધિ કરે.' ॥૮૧૭॥

પછી ત્રીજે દિવસે હરિજનોની સાથે રાત્રીએ કથા વારતા સાંભળવા ગયા અને સ્વામી ન જાણે તેમ એક કોરે ફળીયામાં ખોરડાના નેવા નીચે જઈને બેઠા અને જરા જરા વરસાદ પણ વરસતો હતો. તેથી નેવાનું પાણી પણ પોતાના શરીર ઉપર પડતું હતું. પછી રાત્રીયે કથા વાર્તા કરીને ઉઠ્યા ત્યારે સ્વામી લઘુ કરવા પધાર્યા. પછી મુકુંદદાસજીને જોઈને બોલ્યા જે, 'આંહીં વરસતા મેહમાં કેમ બેઠા છો ?' પછી સ્વામી લઘુ કરીને ઓરડામાં પધાર્યા ત્યારે મુકુંદદાસજીને સાથે તેડી ગયા. પછી મુકુંદદાસજીએ પોતાની સવિસ્તર બધી વાત કરી દેખાડી જે, 'હું આટલે ઠેકાણે ફર્યો તો પણ મને ક્યાંય શાંતિ થઈ નહીં અને તમારે દર્શને કરીને મને શાંતિ થઈ છે.' પછી સ્વામીયે જાણ્યું જે, 'આ

તો બહુ મોક્ષભાગી છે.' એટલે સ્વામીએ કહ્યું જે, 'હવે સુખેથી આવજો.' પછી સ્વામી ત્યાં એક માસ સુધી રહ્યા અને ચાલ્યા ત્યારે મુકુંદદાસજી પણ કેડ બાંધીને સાથે ચાલવા તૈયાર થયા. પછી સ્વામીએ કહ્યું જે, 'અમારાથી એમ તમને રખાય નહીં પણ તમારા ગુરુ જો કાગળ લખી આપે તો રાખીયે.' ॥૮૧૮॥

પછી રામાનંદસ્વામી ત્યાંથી બીજે ગામ પધાર્યા અને મુકુંદદાસજી પોતાની જગ્યામાં સદાવ્રત આપતા હતા. પછી પોતે વિચાર કર્યો જે, 'આને ઉદાસ કર્યા વગર આપણને રજા આપશે નહીં પણ વચનથી તેને ઉદાસ ન કરવો.' પછી મુકુંદદાસજીએ કેટલીક ધાબળીયો મંગાવી તથા કેટલાક લુગડાના તાકા મંગાવ્યા અને લોટા વિગેરે કેટલાક વાસણો પણ મંગાવ્યા પણ જે કોઈ તીર્થવાસી આવે તેને શિરાપુરીનું સીધું આપે તથા ધાબળી તથા લુગડાં તથા વાસણ વિગેરે દરેક ચીજ આપવા મંડ્યા. તે જોઈ તુળસીદાસજીનો અગાઉનો એક ચેલો હતો. તેણે જઈને તુળસીદાસને કહ્યું જે, 'ગુરુજી ! મુકુંદદાસજી તો શીરાપુરીના સીધાં આપે છે અને લુગડાં તથા વાસણ વિગેરે છુટે હાથે આપે છે અને કોઈને કોઈ ચીજની ના પાડતા નથી.' પછી તુળસીદાસે મુકુંદદાસજીને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું જે, 'બાપ ! મુકુંદદાસજી આપણે તો રામ રોટીનું સદાવ્રત છે પણ કાંઈ શીરાપુરીનું સદાવ્રત નથી.' તેમ કાંઈ વાસણો આપવાં લુગડાં આપવાં ધાબળી આપવી તેનું કાંઈ સદાવ્રત નથી.' ત્યારે મુકુંદદાસજી બોલ્યા જે, 'ગુરુજી ! સાધુનો માલ છે અને સાધુ જમે છે તેમાં આપણું શું છે ?' ત્યારે તુળસીદાસ કહે, 'આમ આપવાથી આપણો કોઠાર પહોંચે નહીં ?' ત્યારે મુકુંદદાસજી કહે કે "જ્યારે કોઠાર નવરા થાશે ત્યારે તીર્થ કરવા જાશું" તે સાંભળી તુળસીદાસજી કહે કે,'તારી જો એવી મતિ હોય તો અહીંથી ચાલવા માંડ્ય. કેમકે રામાનંદસ્વામી આવ્યા પછી તારૂં માથું ફર્યું છે.' પછી મુકુંદદાસજી કહે, 'મને કાગળ લખી આપો તો જાઉં, નહીં તો નહીં જાઉં.' પછી તુળસીદાસે કાગળ લખી આપ્યો જે, 'મુકુંદદાસજીને જેને રાખવો હોય તે સુખેથી રાખજો. મારે ને મુકુંદદાસજીને લેવા દેવા નથી.' એવો કાગળ લઈને પછી રામાનંદસ્વામી પાસે બંધીયે ગયા. પછી રામાનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને દીક્ષા આપીને પોતાની સેવામાં રાખ્યા અને બધા શિષ્યોમાં સૌથી મોટેરા કર્યા. ॥૮૧૯॥

# લીંબલીના પીતાંબરભાઈ લુવાણાની વાતો

ગામ **લીંબલીમાં પીતાંબર** કરીને લુવાણ હતો. તે સત્સંગી હતો પણ વ્યભિચારી હતો. પછી ત્યાં શ્રીજીમહારાજ પધાર્યા અને મહારાજને કહ્યું જે, 'મારે સાંખ્યયોગ રાખવો છે.' ત્યારે મહારાજ કહે, ''પીતાંબર ! સાંખ્યયોગ રહેવા દે અને સૌ વહેવાર કરે છે. તે રીતે વહેવાર કર.'' તોય પણ હઠ કરીને મહારાજને કહ્યું જે, 'ના, મહારાજ! તમે નહીં કહો તોય રાખીશ.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''બહુ સારૂ રાખ્ય.'' પછી મહારાજ ત્યાંથી ડભાણ પધાર્યા અને પીતાંબરભાઈને ગામમાં કોઈ બાઈ હશે. તેની સાથે સ્નેહ થયેલ. એટલે રાતે તેની દુકાને સુવા જાય અને તે બાઈ રાતે ત્યાં આવે. પછી તેની ઘરવાળીએ એક દિવસ ખબર રાખીને બહારથી દુકાનની સાંકળ વસાવી ને તાળું દીધું. પછી દિવસના દશ વાગ્યા એટલે બાઈએ કોઈક પાસે તાળું ઉઘડાવ્યું અને બેઉ જણાને બહાર કાઢ્યા એટલે પીતાંબરભાઈની વાત ગામમાં છતી થઈ. તેથી પોતે ભાગીને શ્રીજીમહારાજ ડભાણ હતા ત્યાં ગયા. પછી પીતાંબરભાઈને ભાળીને મહારાજ બેઠા હતા તે બોલ્યા જે, ''માર્ગ કરો માર્ગ કરો પીતાંબરભાઈ અણીશુદ્ધ સાંખ્યયોગ પાળીને આવે છે.'' પછી પીતાંબર દંડવત કરીને મહારાજના પગમાં પડ્યો ને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! હું ભૂલી ગયો. મહારાજ કહે, ''હું તો કહેતો હતો જે તારે સાંખ્યયોગ નહીં રહે ને રહેવા દે તો પણ તેં માન્યું નહીં !'' માટે મોટા પાસે કેટલાક કપટ રાખે તો પણ ઉઘાડું પડ્યા વગર રહે નહીં. ॥૮૨૦॥

# હાટીના માળીયાના મુળજીભાઈ લુવાણા ની વાતો

ગામ **મેઘપુરમાં** શ્રીજીમહારાજે છ મહિનાની ચોરાશી બ્રાહ્મણોની કરી તે વખતે ગામ **હાટીના માળીયાનો મૂળજી** કરીને લુવાણો હતો. તે ભરાડી ચોર હતો. પછી કેટલાક ચોરને સાથે લઈને મેઘપુર આવ્યો અને તેને એવો સંકલ્પ હતો જે,' સ્વામિનારાયણ ભેગા કાઠીનાં ઘોડાં બહુ જ સારાં છે. તે આપણે લઈ જવાં.' પછી ત્યાં રાતે જ્યાં ઘોડાં લેવા જાય ત્યાં તો ઘોડે ઘોડે મહારાજને દેખે. પછી વિચાર કર્યો જે, 'હવે ઘોડાં નહીં લેવાય. પણ આ બધો સંઘ આવ્યો છે તેના પોટલાં લેવાં.' પછી જ્યાં પોટલાં લેવા ગયા ત્યાં પોટલે પોટલે મહારાજને દેખે. પછી ત્રીજે દિવસે આવીને સવારમાં મહારાજને પગે પડ્યો ને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મને વર્તમાન ધરાવો તમે ભગવાન છો.' ત્યારે મહારાજ કહે, ''તું ભરાડી ચોર છે તે તારે વર્તમાન નહીં રહે.'' ત્યારે મૂળજી કહે, 'ના, મહારાજ ! હું રાખીશ.' પછી મહારાજે વર્તમાન ધરાવ્યા તે ભગત થઈને મહારાજની આગળ કામકાજ કરવા લાગ્યો. તેવામાં કોઈક ગામની બે બાઈઓ મહારાજને દર્શને આવી હતી. તેમાં એકની પાસે રૂપીયાનો ડબો હતો ને બીજીની પાસે ઘરેણાનો ડબો હતો. તે બાઈએ બન્ને ડબા મહારાજ પાસે મૂક્યા. પછી મહારાજે ઉઘાડીને જોયા અને મૂળજીભાઈ પાસે બેઠા હતા. પછી મહારાજ બોલ્યા જે, 'આ ડબા હમણાં તમે ઘરે લઈ જાઓ ને અમારે જોશે ત્યારે મંગાવશું.'' તે જોઈને મૂળજીભાઈનું મન ચલાયમાન થયું. અને બાઈઓને કહ્યું જે, 'મહારાજ ઠીક કહે છે. હમણાં ઘરે લઈ જાઓ ને મહારાજ જ્યારે માંગે ત્યારે લાવજો.' પછી મૂળજીભાઈએ બાઈઓના નામ ઠામ ગામ પૂછી લીધાં ને બાઈઓના ડબા પાછા આપ્યા અને મહારાજ ત્યાંથી ડભાણ પધાર્યા અને મૂળજીભાઈ તે બાઈઓને ગામ ગયા. મૂળજીભાઈને આવ્યા જાણીને, બાઈએ ઘણી આસના વાસના કરી અને લાપશી કરી. મૂળજીભાઈને જમવા બેસાડ્યા ને જમતાં જમતાં મૂળજીભાઈ બોલ્યા જે, ઓલ્યા ડબા છે તે ઠાવકા રાખજો કેમકે, મહારાજ અચાનક માગે તો દેવા થાય.' ત્યારે બાઈઓ બોલી જે, 'આ ચુલાની આવગણમાં દાટ્યા છે. બીજે ક્યાંઈ નથી.' ત્યારે મૂળજી બોલ્યો જે, 'તે ઠીક મને કહ્યું. બીજા કોઈને કહેશો નહીં.' બાઈઓ કહે, 'બીજાને કાંઈ વાત કરીયે ? આ તો તમે મહારાજ પાસે મોટેરા છો એટલે તમને વાત કરીએ.' પછી રાત્રે સૌ સુતા ત્યારે મૂળજીભાઈએ કેટલીક મહારાજની લીલાની વાત કરી અને બાઈયો તો પહેલી ઉંઘે સુઈ ગયાં અને મૂળજીભાઈ રસોડામાં જઈ ચુલાની

આવગણમાંથી બેઉ ડબા કાઢીને ખડીયામાં નાંખીને ચાલી નીસર્યા. તે સવાર પડી તેટલામાં પાંચ સાત ગાઉ નીકળી ગયા. અહીંયાં બાઈયો સવારમાં જાગીને જુએ ત્યાં તો મૂળજીભાઈને ભાળ્યા નહીં અને ઘરમાં જુએ ત્યાં તો આગવણમાં ઢીંચણ જેટલો ખાડો ભાળ્યો. પછી બેઉ બાઈયું બહુ પશ્ચાત્તાપ કરવા લાગી જે, હવે શું કરવું ? વાત બહાર પાડીએ તો માણસ કહેશે રાંડો અરધી રાત સુધી ગપ્પા મારતીયું હતી અને અત્યારે ચોરી તેને માથે નાંખે છે. માટે જે થયું તે ખરું ! પણ તે મહારાજને આપશે.' અહીંયાં મૂળજીને મહારાજ કાઠીના સ્વારો સહિત સામા મળ્યા અને મૂળજી મહારાજને ભાળીને છેટે ચાલ્યો. પછી મહારાજે મૂળજીને કહ્યું જે, 'મૂળજી ! ઓરો ઓરો ક્યાં જાસ ?'' પછી મૂળજી બોલ્યા જે, 'મહારાજ ! મારે ઉતાવળ છે.' મહારાજ કહે, ''તારે ઉતાવળ શું છે ?'' એમ કહીને મહારાજે મૂળજીના ખંભેથી ખડીયો ખેંચી લીધો અને ખડીયામાંથી બેઈ ડબા કાઢીને જોયા. પછી મહારાજ બોલ્યા જે, 'આમાં કાંઈ ખાઈયે તેવું નથી.'' પછી બેઉ ડબા વાસી મૂળજીનો ખડીયો પાછો આપ્યો. પછી મહારાજ બોલ્યા જે, ''મૂળજી ! ભૂખ લાગી છે.'' મૂળજી થરથર ધ્રુજતો હતો જે, 'બાપલીયા મને મહારાજે ના પાડી હતી જે તારે વર્તમાન નહીં રહે ને હું ચોરી કરીને ચાલ્યો ને આ તો સામા મળ્યા.' પછી મહારાજે બશેર બરફી આપી. પછી મહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી મૂળજીના મનમાં વિચાર થયો જે, 'આ તો ખાતર ઉપર દીવો કર્યો જે નિશાની આપી.' પછી મૂળજી પાછો વળી તે બાઈઓને ગામ ગયો અને જતી વખતે સાંજે પહોંચ્યો. બાઈઓ મૂળજીને ભાળીને બોલવા લાગી જે, 'મૂળજીભાઈ આવ્યા... મૂળજીભાઈ આવ્યા...' તે પહેલી બાઈઓને કહે, 'મૂવો મૂળજી આ તમારા ડબા અને તમારે ડબે તો મને વર્તમાન ચુકવ્યા.' પછી ત્યાંથી મૂળજીભાઈ ચાલ્યા. તે આઠ દહાડે ડભાણ પહોંચ્યા. પછી મહારાજ તાળી પાડીને બોલ્યા જે, ''માર્ગ કરો માર્ગ કરો મૂળજીભાઈ અણીશુદ્ધ વર્તમાન પાળીને આવે છે.'' પછી મૂળજી મહારાજને પગે લાગીને બોલ્યો જે, 'મહારાજ ! તમે ના પાડી હતી. પણ મારાથી રહેવાણું નહિ.'' માટે જીવ છે તે લપટાણો છે તેનું ઠેકાણું રહેવું કઠણ છે ! ॥૮૨૧॥

# સદ્ગુરુ મોટા ગોવિંદાનંદસ્વામીની વાતો

પ્રથમ પોતે બહુ વૈરાગ્યવંત હતા અને પોતાના મનમાં એમ થયું જે, 'મારે જ્યાં ભગવાન હોય ત્યાં મળવું.' એમ વિચાર કરીને પોતે ઘરેથી ચાલી નીકળ્યા. તે રસ્તે ચાલતાં ચાલતાં કોઈક રાજાની દાસી હશે તે ઘણુંક દ્રવ્ય તથા દાગીનાઓ લઈને ત્યાંથી નીકળી ગયેલી. તે ગોવિંદસ્વામીને રસ્તામાં ભેગી થઈ. તે ગોવિંદસ્વામીનું સ્વરુપ જોઈને તેને મોહ થયો અને કહ્યું જે, 'તમે મારા પતિ અને હું તમારી સ્ત્રી ને મારી પાસે જે દ્રવ્ય છે તે તમને અર્પણ કરું છું.' પછી સ્વામીને વિચાર થયો જે, 'શાસ્ત્રમાં કહ્યું છે જે પ્રભુ ભજવા જાય તેને સિદ્ધિઓ આડી આવે છે માટે નક્કી આ કોઈ માયા છે.' એમ પોતાનાં મનમાં વિચાર કર્યો. પછી ચાલતાં ચાલતાં અરણ્યમાં એક નદી આવી. પછી સ્વામીએ તે બાઈને કહ્યું જે, 'તું અહીંયાં બેસ અને હું બહિભૂર્મિ જઈ આવું.' એમ કહીને પોતાની પાસે એક વસ્ત્ર હતું તે તેને આપ્યું. અને પોતે ચાલી નીકળ્યા અને તે બાઈ તો બેઠી બેઠી વાટ જોતી હતી પણ ત્યાં કોઈ આવ્યું નહીં. એટલે થોડીક વાર વાટ જોઈને તે પણ ચાલી ગઈ અને સ્વામી આવીને ગઢપુરમાં શ્રીજીમહારાજને મળ્યા. અને પોતે સાધુ થયા. ॥૮૨૨॥

સ્વામી બહુધા કરીને **જેતલપુર** તથા **ગામડી** તથા **વસઈ** એ ત્રણ ગામમાં રહેતા હતા. અને તે ગામના હરિજનોને સ્વામીને વિષે ભગવાનપણાની બુદ્ધિ હતી અને સ્વામી પણ તે ત્રણે ગામમાં બંધનને પામ્યા હતા. પછી તેમનું બંધન ટાળવાને માટે શ્રીજીમહારાજે ત્રણ રાત ને ત્રણ દિવસ સુધી ક્યાંઈ ગામ જ આવવા દીધું નહીં અને સ્વામીને ગાંડા જેવા કરી મૂક્યા એટલે જે, 'લોક આવીને કહે જે ગોવિંદસ્વામી જય સ્વામિનારાયણ, ત્યારે તેને કહે હાઉ હાઉ.' એમ કરતા પછી લોકે જાણ્યું જે, 'આ તો ગાંડા થઈ ગયા.' એમ શ્રીજીમહારાજે તેમનું બંધન ટાળ્યું. ॥૮૨૩॥

**શ્રીજીમહારાજે ભાદરે**થી કાગળ લખ્યો હતો. તેમાં મહારાજે લખેલું જે, ''તમો તથા નાનાભાઈ થઈને યજ્ઞનો સામાન કરાવજો અને અમારાથી જો અવાશે તો આવશું.'' અને એક કાગળ અમદાવાદ સંતો ઉપર લખી મોકલ્યો જે, ''ગોવિંદસ્વામી યજ્ઞ કરાવે છે તે તમોને તેડાવે તો જજો નહીં.'' બેઠા હરિગુણ ગાજ્યો પછી યજ્ઞનો સામાન પુરો કરાવીને ગોવિંદસ્વામી તથા નાનાભાઈએ યજ્ઞ કરાવ્યો તેમાંથી બે હજાર રૂપિયા વધ્યા પછી બન્ને જણે વિચાર કર્યો જે આપણે ક્યારેક મહારાજને કામ પડે ત્યારે આપવા પણ

અમથા ન આપવા. કેમકે મહારાજ અમથા વાપરી નાંખે. એમ જાણીને નાનાભાઈને ત્યાં તે રૂપિયા મૂક્યા હતા. પછી સૌ સંઘને સાથે લઈને ગોવિંદસ્વામી મહારાજના દર્શન કરવા ગઢપુર આવ્યા અને સભામાં મહારાજને દંડવત્ કરીને પગે લાગ્યા અને સૌ સભામાં બેઠા. પછી ગોવિંદસ્વામીએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમે પધાર્યા નહીં. અને અમે છ મહીના દાખડો કરીને યજ્ઞ કર્યો.' મહારાજ કહે, ''સ્વામી ! એવા યજ્ઞ તો અમે ચાલતા કરીએ.'' ત્યારે સ્વામીને સંકલ્પ થયો જે, 'ભગવાન તો ખરા પણ નાના ખરા ને !' પછી મહારાજે સભામાં પૂછ્યું જે, ''સ્વામી ! યજ્ઞ કર્યો તેમાં કાંઈ વધ્યું ?' સ્વામી કહે, 'ના, મહારાજ ! દરની માટી દરમાં સાઈ ગઈ પણ કાંઈ વધ્યું નહીં.' એમ મહારાજે બે ત્રણ વાર પૂછ્યું. તો પણ સ્વામીએ તો ના ને ના કહી. પછી સભામાંથી પર્વતભાઈની દસ વરસની દીકરી ઉભી થઈ અને બોલી જે, 'ગોવિંદસ્વામી ! તમે નાનાભાઈને ઘરે બે હજાર રૂપિયા મેલ્યા છે અને મહારાજ ક્યારના પૂછે છે ને ના કેમ પાડો છો ?' ત્યારે મહારાજ કહે, ''ગોવિંદસ્વામી ! ઓલી છોડી શું કહે છે ?' ત્યારે ગોવિંદસ્વામી કહે જે, 'એ છોડી ક્યાં કહે છે ? એ તો તમે કહો છો.' પછી સ્વામીએ કહ્યું જે, હા, મહારાજ ! નાનાભાઈને ઘરે બે હજાર રૂપિયા મૂકેલા છે. ॥૮૨૪॥

# સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદસ્વામીની વાતો

એક સમે **શ્રીજીમહારાજ** ગામ **કુંડળ**માં વિરાજમાન હતા અને **લાડુ બારોટ** ભાવનગરના રાજા પાસેથી શીરપાવ લઈને કુંડળ આવ્યા અને ત્યાં અમરા પટગરને ઘરે ઘોડી બાંધી અને ખાટલો પાથરી દઈને તે ઉપર લાડુ બારોટને બેસાર્યા. તે સમે શ્રીજીમહારાજ જમીને ઢોલીયા ઉપર પોઢ્યા હતા અને પોતાના ચરણારવિંદ ઉઘાડા રાખ્યાં હતાં પછી લાડુ બારોટ બોલ્યા જે, 'રાઈબાઈ ! આ કોણ સુતું છે ?' ત્યારે રાઈબાઈ કહે, 'એ તો અમારા બાવોજી છે.' લાડુ બારોટ કહે, 'બાવોજી આવા હોય નહીં !' એમ કહ્યું એટલે મહારાજે મુખારવિંદ ઉઘાડું કર્યું. મહારાજ કહે, "લાડુ બારોટ ! તમે કેવા ?" લાડુ બારોટ કહે, 'અહો ! આ તો મહારાજ ! તમે કેવા ?' ત્યારે મહારાજ કહે, "હમણાં હું આહીં આવ્યો છું." પછી વાતચીત કરતાં કરતાં મહારાજે કહ્યું જે, "લાડુ બારોટ ! અમારે તો બહુ ઉપાધિ છે." ત્યારે લાડુ બારોટ કહે, 'મહારાજ ! તમે તો ભગવાન છો અને વળી તમારે ઉપાધિ શી હોય ?' ત્યારે મહારાજ કહે કે, "ગઢડામાં એભલખાચરની દીકરી મોટીબાને આ મામૈયા પટગરને વેરે પરણાવ્યાં છે પણ તે અહીં આવતાં નથી." ત્યારે લાડુ બારોટ કહે, 'એમાં તે શું ? મહારાજ ! બાઈને સમજાવવી તેમાં શું મોટી વાત છે ? એ તો હું સમજાવું.' ત્યારે મહારાજ કહે, 'તમે જો સમજાવો તો બહુ ભારે કામ થાય અને અમારી ઉપાધિ માત્ર ટળી જાય." ॥૮૨૫॥

પછી ત્યાંથી લાડુ બારોટ મહારાજને પગે લાગીને ચાલ્યા તે સવારમાં ગઢડે આવ્યા અને એભલખાચરના દરબારમાં ઘોડી બાંધી અને એભલખાચરે લાડુ બારોટની બહુ આગતા સ્વાગતા કરી અને બહુ સત્કાર કર્યો. અને પછી રોટલા જમીને લાડુ બારોટ બોલ્યા જે, 'મારે તમારી દીકરીઓ પાસે ઘડીવાર બેસવું છે અને વાતચીત કરવી છે.' એભલખાચર કહે, 'તે તો કોઈ પુરુષ સાથે વાતચીત કરતાં નથી.' તેમ કોઈ પુરુષને પોતાનું મુખ દેખાડતાં નથી એવો ધર્મ પાળે છે. લાડુ બારોટ કહે, 'હું ઓસરીમાં બેસું અને બાઈયો સૌ ઓરડામાં બેસે.' પછી લાડુ બારોટને ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીમાં ચાકળો નાંખી આપ્યો. તે ઉપર બેઠા. તે સમે ગામના કેટલાક લોક પણ ભેળા થયા હતાં. પછી લાડુ બારોટે વારતા કરવા માંડી. તેમાં કેટલીક રસ શ્રૃંગારની પણ વાતો કરી અને દેવયાની આદિક સતીયોની પણ કેટલીક વાતો કહી સંભળાવી અને પોતે વારતામાં એવો રસ મેલ્યો જે, 'ગમે તેવો હોય તે પણ ગળી જાય.' અને

ત્યાં દૃષ્ટાંતો આપી આપીને ઘણીક વખત વાતો કરી. બાઈયો પણ ઓરડામાં બેઠાં હતાં. તેઓ સાંભળીને એમ વિચાર કરવા લાગ્યાં જે, 'ક્યારે આ બોલતા બંધ થાય ? અને આપણે તેમને સામો ઉપદેશ સંભળાવીયે.' પછી લાડુ બારોટનું વાક્ચાતુર્ય સાંભળીને સૌ લોક આશ્ચર્ય પામ્યા જે, 'આ તો બૃહસ્પતિ છે કે શું એમ સૌના મનમાં થયું.' ॥૮૨૬॥

પછી વાસુદેવનારાયણના ઓરડામાંથી લાડુબાએ કહેવરાવ્યું જે, 'બાપુ ! લાડુ બારોટને કહો જે તમોએ જે જે દૃષ્ટાંતો દઈ દઈને વાતો કરી તે અમોએ સાંભળી ને અમે જે આ દેહ ધર્યો છે તે કાંઈ વિષય ભોગવવાને માટે ધર્યો નથી અને અમારે તો આ દેહે કરીને બ્રહ્મચર્ય વ્રત પાળીને પ્રભુના પદને પામવું છે અને અમારાં જેવાં અનેક પ્રભુને રસ્તે ચાલે તેવા કરવા છે. એમ કહીને લાડુબા બોલ્યા જે, 'વિષયનો જીવ હોય તેને તો વિષય જ સારા લાગે કેમકે તેણે ભગવાનના સુખનો અનુભવ કર્યો જ નથી અને જેમ ગીંગો હોય તેને વિષ્ટા સારી લાગે અને ભમરાને તે ઉત્તમ પુષ્પનો સુગંધ સારો લાગે. અને ગર્દભ જો સાકર ખાય તો મૃત્યુ પામે અને હય ખારેકથી મૃત્યુ પામે. ખીર શ્વાનના પેટમાં રહે જ નહીં અને ખાખરાની ખીલકોડીને આંબાનો રસ સારો લાગે જ નહીં. 'તેમ જે વિષયી જીવ છે તે તો વિષયના જ વખાણ કરે પણ જેણે પ્રભુનો રસ ચાખ્યો છે તેને તો વિષય ગમેજ નહીં.' તેમ કેટલાક વિષયના નિષેધ કરી દેખાડ્યા અને વિષયને ભોગવવે કરીને યમયાતના ભોગવવી પડે છે તથા લખચોરાશીમાં ફરવું પડે છે. વિગેરે કેટલીક વિષયના નિષેધની વાતો લાડુબાએ લાડુબારોટને કહી દેખાડી. તે સાંભળીને લાડુ બારોટ તો ઘણાજ વિચારમાં પડી ગયા જે, 'આમની આગળ મારૂં ડહાપણ કામ આવે એવું નથી. અને આ તો મહા સતીયો હોય તેવી છે ! અને મહારાજે મને આંહીં જ્ઞાન કહેવા મોકલ્યો નથી પણ જ્ઞાન સાંભળવા મોકલ્યો છે.' પછી પોતાના મનમાં વિચાર થયો જે, 'આપણે પણ સંસારનો ત્યાગ કરી દેવો. ને પ્રભુને શરણે થાવું.' પછી પોતે ઉઠીને છેટેથી બાયોને પગે લાગ્યા. અને કહેવરાવ્યું જે, 'મેં અજ્ઞાનથી જે જે શબ્દ તમને કહ્યા હોય તેની હું માફી માગું છું. અને તમે તો સાક્ષાત્ યોગમાયાનો અવતાર છો. એમ કહીને પછી પોતાને ઉતારે ગયા. ॥૮૨૭॥

પછી બીજે દિવસે સવારમાં સૌની રજા લઈને **લાડુ બારોટ કુંડળ** ગયા અને ત્યાં શ્રીજીમહારાજને દંડવત કરીને પગે લાગ્યા. અને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમે તો મને જ્ઞાન આપવા ક્યાં મોકલ્યો હતો ? તમે તો મને જ્ઞાન લેવા મોકલ્યો હતો.' એમ કહીને પગે લાગ્યા. 'કેમકે તે બાઈયો તો કોઈ રીતે ચળાયમાન થાય તેવી

નથી જેમ શ્રીકૃષ્ણભગવાને વ્રજમાં ગોપીયું પાસે ઉદ્ધવજીને મોકલ્યા હતા અને ત્યાં ગોપીયુંની વાણી સાંભળીને ઉદ્ધવજીને જેમ વૈરાગ્ય થયો હતો તેમજ મને પણ બાઈયોની વાણી સાંભળીને આ સંસારમાંથી વૈરાગ્ય થયો છે. અને આ જીવન તો તમારી સેવામાંજ ગાળવું એવો દઢ નિશ્ચય કર્યો છે'. પછી પોતાના વસ્ત્રાલંકારાદિક ઉતારીને મહારાજ પાસે મેલ્યાં અને મહારાજને કહ્યું જે, 'મને દીક્ષા આપો.' પછી પોતાની સાથે માણસ હતો તેને પોતાની ઘોડી વિગેરે આપી તેને પોતાને ઘરે મોકલ્યો અને પોતે મહારાજ સાથે ગઢપુર આવ્યા. અને મહારાજે દીક્ષા આપીને **શ્રીરંગ** નામ પાડ્યુ. ॥૮૨૮॥

પછી ઘરે પોતાના **માતા પિતા** વિગેરે સંબંધીને ખબર પડી જે, '**લાડુ બારોટ** તો દીક્ષા લઈને સ્વામિનારાયણની સેવામાં રહ્યા છે.' એવા સમાચાર સાંભળીને સૌ સંબંધીઓ મળીને ગઢપુરમાં આવ્યા અને સ્વામીને પોતાને ઘરે લઈ જવાને માટે બહુ આગ્રહ કર્યો. કેમકે પોતે રજવાડામાં બહુ જ પ્રસિદ્ધિ પામ્યા હતા. તેથી પોતાની જ્ઞાતિમાં સૌને એમ હતું જે, 'આપણી જ્ઞાતિમાં આ એક સૂર્ય સમાન રત્ન પાક્યું છે.' એમ જાણીને ઘરે લઈ જવાને સૌએ બહુ જ આગ્રહ કર્યો. પછી સ્વામી સભામાં એક નવું કીર્તન કરીને બોલ્યા જે, ''સગપણ હરિવરનું સાચું બીજું સર્વે ક્ષણભંગુર કાચું રે સ૦'' તેમાં શૂરાનું અને સતીના દૃષ્ટાંત આપ્યાં તથા હાથીનું દૃષ્ટાંત આપીને ચારે કીર્તન બનાવીને સભામાં સંભળાવ્યાં. પછી સૌએ જાણ્યું જે, 'હવે, આમાં આપણું ચાલે તેમ નથી. કારણ કે સાધારણ માણસ હોય તેને સમજાવી શકીએ પણ આ તો મહાશીઘ્રકવિ અને નીતિશાસ્ત્રમાં પણ કુશળ અને બૃહસ્પતિના જેવી બુદ્ધિ છે તેની આગળ અલ્પ જીવ શું કરી શકે ?' પછી સૌ નિરાશ થઈ પોતપોતાને ઘરે ગયા અને સ્વામી શ્રીજીની સેવામાં રહ્યા. ॥૮૨૯॥

એક સમે શ્રીજીમહારાજ **કરીયાણા**માં વિરાજમાન હતા. ત્યાં **બ્રહ્માનંદસ્વામી** ફરતા ફરતા આવ્યા અને એક કણબીની વાડીએ ઉતર્યા. ત્યાં એક કણબીનો છોકરો ઘઉંની વાડીનો કોસ હાંકતો હતો. તેને સ્વામીએ કહ્યું જે, 'તું ગામમાં સ્વામિનારાયણને કહી આવ જે બ્રહ્માનંદસ્વામી દર્શને આવ્યા છે તે આંહીં દર્શને આવે ?' છોકરો કહે કે, 'મારો કોસ ખોટી થાય.' ત્યારે સ્વામી કહે કે, 'લાવ્ય, તારો કોસ હું હાંકું.' છોકરો કહે, 'તમને કોસ હાંકતા આવડતો હોય તો સાધુ શા સારુ થાઓ ?' પછી બ્રહ્માનંદસ્વામી કહે, 'લાવ્ય તો ખરો, હું કોસ હાંકી જોઉં તે તું જો.' પછી સ્વામીએ બે ત્રણ કોસ કાઢ્યા. તે જોઈ છોકરો ગામમાં ગયો અને મહારાજને પૂછ્યું જે, 'બ્રહ્માનંદસ્વામી તમારે દર્શને આવ્યા છે તે આવે ?' ત્યારે મહારાજ કહે, ''ના, બંધી છે.'' અને તે છોકરો તે

સમાચાર લઈને જ્યાં વાડીએ આવ્યો. ત્યાં તો આખી વાડીના ક્યારા સ્વામીના પ્રતાપથી બધા પાણીના ભરેલા જોઈ છોકરો બહુ રાજી થયો જે, 'સાધુ તો બહુ મોટા ! જે ઘડીકમાં આખી વાડી પાઈ દીધી !' પછી છોકરાએ સ્વામીને કહ્યું જે, 'મહારાજે તો ના પાડી છે.' પછી સ્વામીએ કાગળના કટકામાં કીર્તન લખીને તે છોકરાને આપ્યું જે,

સુણો ચતુર સુજાણ, એમ ન ઘટે રે તમને દીનાનાથજી ॥
મારા પ્રાણના આધાર ॥ જેમ રાખો તેમ રહીયે વચનને સાથજી ॥ટેક॥
અમે તમ કારણ સહિયાં મેણાં ॥ નાથ નિરખવાને સુણવા વેણાં ॥
અમે તૃપ્ત નવ કીધાં નેણાં રે ॥ સુણો ચતુર ॥૨॥
પેલાં પ્રીતી કરીતી શિદ આગે ॥ દૂધ દેખાડીને માર્યા ડાંગે ॥
પછી તેને કેવું વશમું લાગે રે ॥સુણો૦ ॥૩॥
અમે લોકલાજ કુળની લોપી ॥ અમે કહેવાયાં ગીરધરનાં ગોપી ॥
અમે તમ કારણ પહેરી ટોપી રે ॥ સુણો૦ ॥૪॥
કંઈ દયા આવે તો દર્શન દેજો ॥ નહીં તો અખંડ અંતરમાં રહેજો ॥
એમ શ્રીરંગના સ્વામીને કહેજો ॥સુણો૦ ॥૫॥

એ કીર્તન લખીને તે છોકરા સાથે મોકલ્યું. તે છોકરો લઈને મહારાજ પાસે ગયો. પછી મહારાજે છોકરા સાથે કહેવરાવ્યું જે, 'સ્વામીને કહેજે સુખેથી દર્શને આવે.' પછી સ્વામી મહારાજના દર્શને ગામમાં ગયા અને મહારાજને દંડવત્ કરીને પગે લાગ્યા અને મહારાજ સ્વામી ઉપર બહુ રાજી થયા. ॥૮૩૦॥

ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં શાક વિગેરે કાંઈ ચીજ જોતી હોય તે બ્રહ્માનંદસ્વામી આજ્ઞા કરે ત્યારે લવાય. પણ સ્વામીની આજ્ઞા સિવાય કોઈ કાંઈ ચીજ લાવી શકે નહીં એવો મહારાજે ઠરાવ કરેલો હતો. ॥૮૩૧॥

**શ્રીજીમહારાજ** સ્વધામ પધાર્યા અને **બ્રહ્માનંદસ્વામી જુનાગઢ** હતા અને તે સમે અહીંયાં શ્રીજીએ દેહ ત્યાગ કર્યો. તે વખતે જુનાગઢના મંદિરની પદ્મશીલા ચડાવતા હતા. તે દોર તુટ્યો અને શીલા નીચે પડી અને દત્તાત્રેયના દોરનો ઘંટ તૂટીને નીચે પડ્યો અને દામોદરનું દેવાલય ફાટયું વિગેરે અપશુકનો જોઈને બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, 'આજ નક્કી કાંઈ અનિષ્ટ સાંભળશું.' કેમકે પોતે જ્યારે ગઢપુરથી ચાલ્યા ત્યારે મહારાજે કહ્યું હતું જે, 'ગુરુના મંદિર સારા થાય છે કે શિષ્યના ?' અને મહારાજના મનમાં એમ હતું જે, "જો બ્રહ્માનંદસ્વામી આંહીં હશે તો મને ધામમાં જાવા નહીં દે !' એમ જાણીને સ્વામીને જુનાગઢ મોકલ્યા હતા. અને પછી દિવસ બાર વાગ્યા અને

હરેનો વખત થયો ત્યાં ભગુજી ઉંટ લઈને પહોંચ્યા અને કાગળ લઈને સ્વામી પાસે નાંખ્યો અને ભગુજીને ભાળીને સ્વામી લમણે હાથ દઈને પૃથ્વી ઉપર બેસી ગયા અને તે કાગળ વાંચીને સૌ દીલગીર થઈ ગયા અને સૌ શોકાતુર થઈ ગયા અને અન્ન જળનો ત્યાગ કર્યો. પછી બીજાને ત્યાં રાખીને પોતે ભગુજી સાથે ઘોડીયે બેસીને ગઢપુર આવ્યા અને શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા હતા. તેથી પોતે રુદન કરી કરીને પોતાની આંખો સુજી ગઈ હતી. પછી પોતે પરબારા ગોપીનાથજીમહારાજને દર્શને આવ્યા અને ઠાકોરજીની સન્મુખ ઉભા રહીને કીર્તન બોલ્યા જે *"પાતળીયે હર્યા પ્રાણરે બેની મારાં પાતળીયે હર્યા પ્રાણરે"* એ જ્યાં એક પદ બોલ્યાં ત્યાં તો ગોપીનાથજી મહારાજના સ્વરુપમાંથી લાંબા હાથ કરીને મોગરાનો મોટો હાર સ્વામીને પહેરાવ્યો અને બાથમાં ઘાલીને મળ્યા. ત્યારે સ્વામી બોલ્યા જે, 'હાશ ! મારો બાપ મને મેલીને ગયા નથી. આંહીં બિરાજે છે.' અને પછી સ્વામીને માથે હાથ મેલ્યા. ॥૮૩૨॥

સ્વામીને આવ્યા સાંભળીને સૌ સદ્‌ગુરુ ભેળા થઈને ધર્મશાળામાં સભા કરીને બેઠા હતા. પછી સ્વામી મંદિરમાંથી સાધુની ધર્મશાળામાં પધાર્યા અને **મુક્તાનંદસ્વામી** તથા **ગોપાળાનંદ સ્વામી** વિગેરે સદ્‌ગુરુને ઠપકો દઈને કહ્યું જે, 'તમોએ મને ખબર કેમ કરી નહીં ? કેમકે ઉંટ નિત્યે સીતેર ગાઉ ચાલે છે તો હું ઊંટે બેસીને આંહીં આવત અને મહારાજને અગ્નિ સંસ્કાર તમે શા સારુ કર્યો ? કેમકે હું ધામમાંથી આંહીં પાછા લાવત !' એમ કહીને સૌ ઘણોક ઠપકો દીધો. પછી મહારાજની ઉત્તરક્રિયા કરતાં સુધી રહીને પાછા જુનાગઢ ગયા. ॥૮૩૩॥

એક વખત **બ્રહ્માનંદસ્વામી** માંદા થયા હતા. પછી સૌએ શ્રીજીમહારાજને કહ્યું જે, 'મહારાજ ! સ્વામી જેવા સદ્‌ગુરૂ સત્સંગમાં હોય તો ઘણોક સમાસ થાય. માટે તેમને શરીરે સારૂ થાય તેમ કરો.' પછી મહારાજ કહે કે, "બ્રહ્માનંદસ્વામીની આયુષ્ય પુરી થઈ રહી છે." તેથી સૌ સંત તથા હરિજન અને બાઈયો બોલી જે, 'અમે સૌ થોડી થોડી આવરદા આપીએ.' પછી સ્વામીને શરીરે સારૂ થયું અને એક વખત બ્રહ્માનંદસ્વામીના સાધુ હતા. તે કાંઈક મુંઝવણને લીધે મુક્તાનંદસ્વામી ભેગા ગયા. પછી બ્રહ્માનંદસ્વામી તેથી કરીને ત્રણ દિવસ સુધી મુક્તાનંદસ્વામીને દર્શને ગયા નહીં. તે વાતની મહારાજને ખબર પડી. પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે, "સ્વામી! તમે ત્રણ દિવસથી મુક્તાનંદસ્વામીને દર્શને ગયા નથી ? "ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ ! એમાં મારો શો વાંક છે ? તેમાં તો તમારો વાંક છે જે', 'હું માંદો હતો અને સૌની આવરદા તમોએ મને આપી છે.' તે ત્રણ દિવસની કોઈ ડોસીની આવરદા

ભોગવી હશે ! તેથી સ્વામીને દર્શને કેમ જવાય ?' પછી મહારાજ કહે, "સ્વામી ! આવા સાધુ તો હું સાંજે પચાશ કરી આપું ! પણ કાંઈ મુક્તાનંદ થાય !" પછી સાધુને બ્રહ્માનંદસ્વામી પાસે પાછો મોકલાવ્યો. ॥૮૩૪॥

એક વખત શ્રીજીમહારાજે સૌ સંતને શાલીગ્રામ પૂજવા આપ્યા હતા અને બ્રહ્માનંદસ્વામીને એક મોટા શાલીગ્રામ આપ્યા. ત્યારે સ્વામી બોલ્યા જે, "મહારાજ ! મારે તો ઠીક થયું. જે આ પખતા છે તે એક કોરે ચંદન ઘસીશ અને એક કોરે ચંદન ચડાવીશ." પછી મહારાજ બોલ્યા જે, "પોતાની જાતીનો સ્વભાવ મેલ્યો નહીં." એમ કહીને મશ્કરી કરી. ॥૮૩૫॥

એક વખત મહારાજે પ્રકરણ ફેરવ્યું ને સૌને શણના ટાટ પહેરાવ્યાં. પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ! આ ઠીક કર્યું. કેમ કે જેને શરીરે ધાધર હશે તેને ખંજવાળવું નહીં પડે.' ॥૮૩૬॥

એક વખત શ્રીજીમહારાજે આજ્ઞા કરી જે, "સૌએ ત્રણ હાથનો કટવેડો રાખવો.' અને બ્રહ્માનંદસ્વામીનું શરીર પુષ્ટ હતું. તેથી તેમણે ચાર હાથનો રાખેલો હતો. પછી કોઈક સાધુએ કહ્યું જે, 'મહાપુરુષ ! તમે આજ્ઞા કેમ લોપી ? ત્રણ હાથ રાખવાનો છે અને ચાર હાથ રાખ્યો ?' પછી સ્વામીએ એક હાથ ફાડીને નાંખી દીધો. ॥૮૩૭॥

શ્રીજીમહારાજે આજ્ઞા કરેલી જે, "સૌએ એકીલા ફરવું અને કોઈનો સાદ સંભળાય નહીં એવી જગ્યામાં રહેવું અને એક ઠેકાણે બે દિવસ રહેવું નહીં." એમ મહારાજે આજ્ઞા કરીને સૌને ફરવા મોકલ્યા હતા. પછી **બ્રહ્માનંદસ્વામી બોટાદ** ગયા અને **ભગાશેઠ**ને ખબર પડી જે, "સ્વામી વાડીયોમાં રહે છે." પછી શેઠ સવારમાં દૂધનો લોટો ભરીને એક થાળીમાં શાક તથા રોટલો લઈને સ્વામી પાસે જતા. પછી સ્વામીને જમાડીને પછી સ્વામીની વાતો સાંભળવા ભગાશેઠ બેસતા. પછી ચાલે ત્યારે સ્વામી કહે કે, 'કાલે પૂર્વ દિશામાં અમુક ઠેકાણે આવજો.' એમ સ્વામીને હંમેશા જમાડવા જતા. ॥૮૩૮॥

એક સમે મહારાજે આજ્ઞા કરી જે, "તમે જુનાગઢનું મંદિર કરવા જાઓ." પછી સ્વામી જુનાગઢનું મંદિર કરવા પધાર્યા. પણ પોતા પાસે કાંઈ સિલક નહીં. પછી મહારાજને કાગળ લખી માણસ સાથે ગઢડે મોકલ્યો. તેમાં એમ લખેલું જે, 'તમે અહીં પધારો તો વંડો વાળીયે.' પછી મહારાજે કાગળ વાંચીને ગામ **બારપટોળીના કાળુ વાવડીયા**ને દર્શન દીધાં ને કહ્યું જે, "તારા ઘરમાં જેટલા રાળ હોય તેટલાં

બ્રહ્માનંદસ્વામીને જુનાગઢ આપી આવજે.'' પછી તે કાળો ભગત પોતાના ઘરમાં હજાર રાળ હતાં. તે ગાડું ભરીને જુનાગઢ સ્વામીને આપી આવ્યા અને સ્વામીને કહ્યું જે, 'મહારાજે મને દર્શન દઈને કહ્યું જે, તારા ઘરમાં જેટલા રાળ હોય તે જુનાગઢ બ્રહ્માનંદ સ્વામીને આપી આવજે. પછી સ્વામીને તે રાળ આપીને પાછા ઘરે આવ્યા અને પટારા ઉઘાડીને જુએ ત્યાં તો પટારો રાળનો ભરેલો દીઠો. તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા એમ શ્રીજીમહારાજે કાળુભગતને પરચો આપ્યો. ॥૮૩૯॥

સ્વામી જ્યારે **જુનાગઢ** મંદિર કરવા પધાર્યા હતા. ત્યારે જુનાગઢના નવાબને સ્વામી સાથે ઘણો સ્નેહ થયો અને સ્વામી તથા નવાબ બન્ને જણ સાથે ઘોડી ફેરવવા જતા. પછી એક દિવસ નવાબે સ્વામીને કહ્યું જે, 'તમે મારૂં કવિત કરો તો તમને એક ગામ આપું.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'જ્યાં સુધી મને સ્વામિનારાયણ નહોતા મળ્યા ત્યાં સુધી હું જીવનું કવિત કરતો. પછી સ્વામિનારાયણ મળ્યા ત્યાર પછી હું જીવનું કવિત કરતો નથી !' સ્વામી કહે કે, એમ ગામ શું પાંચ ગામ આપો તો પણ જીવનું કવિત હું હવે ન કરું !' પછી નવાબે કહ્યું જે, 'તમે તો મોટા સમર્થ પુરૂષ છો ! નહીં તો સ્ત્રી અને દ્રવ્યમાં કોણ ન લોભાય !' એમ કહી નવાબ સ્વામીના ચરણમાં પડ્યો. ॥૮૪૦॥

અને જે વખતે સ્વામી જુનાગઢનું મંદિર કરાવતા હતા. તે વખતે ત્યાંનો કોઈ મોટો અમલદાર **રંગીલદાસ** કરીને મોટો નાગર હતો. અને તે નાગર સત્સંગનો બહુ જ દ્વેષી હતો. તે વખતમાં તે વડોદરા ગયેલો હતો. પછી અહીંયાં નાગરવાડામાં સ્વામીએ મંદિરનો પાયો નાંખ્યો હતો. તે જોઈ કેટલાક દ્વેષી લોક બળી ઉઠ્યા. અને પછી અમલદારો ભેગા થઈને કાગળ લખીને રંગીલદાસ ઉપર માણસ મોકલ્યું અને પછી રંગીલદાસે લખ્યું જે, 'હું ત્યાં આવું તેટલી વાર છે ! કેમકે ગમે તેટલા પથરા ખડકે પણ એક કાંકરો પણ હું રહેવા દઈશ નહીં. તો એમ જાણજો જે મારું નામ રંગીલદાસ !' પછી તે કાગળ લઈને માણસ પાછું જુનાગઢ આવ્યું. તે કાગળને વાંચીને સૌ રાજી થયા. ત્યાંના એક સત્સંગી નાગર બ્રાહ્મણ હતા. તેણે આવીને બ્રહ્માનંદસ્વામીને વાત કરી જે, 'સ્વામી ! વડોદરેથી આવી રીતનો કાગળ આવ્યો છે.' ત્યારે સ્વામી કહે, 'તેની ક્યાં આપણે ચિંતા છે ? એની તો મહારાજને ચિંતા છે !' પછી થોડા દિવસ કેડે તે રંગીલદાસ વડોદરાથી જુનાગઢ આવ્યો. તે વખતે રંગીલદાસને ઘોડેથી ઉતારીને ગાડીમાં બેસારતા હતા. પછી સૌએ પ્રાર્થના કરી જે, 'ભાઈ ! તમો ઘોડેથી ઉતરીને ચાર ઘોડાની ગાડીમાં બેસો.' પછી તે ઘોડેથી નીચે ઉતરતો હતો તે વખતે તેને માણસ પેઘડું

ઝાલીને ઉભો હતો તે પોતાના હાથમાં ફલાવાળી રફલ લઈને ઉભો હતો. પછી રંગીલદાસને ઘોડેથી નીચે ઉતરતાં વાયુની ચક્રી આવવાથી તે ફળાવાળી રફલ ઉપર પડ્યો. તેથી તેનું ફળુ તેના હૃદયમાં પેસી ગયું તેથી તે ત્યાં જ મૃત્યુને પામ્યો અને જેટલી સામગ્રી તેના સત્કાર માટે મોકલી હતી. તેનો સંકેલો કરી લીધો. પછી તેને ઉપાડીને ગાડીમાં નાખ્યો અને નાગર બ્રાહ્મણ પણ સામો સામૈયે ગયો હતો. તે એકદમ પોતાની ઘોડી દોડાવી જ્યાં બ્રહ્માનંદસ્વામી હતા ત્યાં આવ્યો. અને સ્વામીને એકાંતે લઈ જઈને કહ્યું જે, 'રંગીલદાસનું તો આવી રીતે ભવિષ્ય થયું.' તે સાંભળીને સ્વામી સાખી બોલ્યા જે–

*''સંત સંતાપે જાત હે રાજકુળ અરુ વંશ,*
*ત્રણ્યે ટીળ તન દેખીયા રાવણ કૌરવ ને કંસ''*

પછી સ્વામી બોલ્યા જે, ''જેણે જેણે ભગવાન તથા સંતનો દ્રોહ કર્યો છે. તે કોઈનો વંશ રહ્યો નથી માટે ભગવાન ને સંત રાજી થયા તેનું બેય લોકમાં કલ્યાણ થાય છે.'' ॥૮૪૧॥

એક સમે શ્રીજીમહારાજ **અક્ષરઓરડી**માં વિરાજમાન હતા અને બ્રહ્માનંદસ્વામી પાસે બેઠા હતા. અને વરસાદે બહુ તાણ્યું હતું પછી સૌ હરિજનોએ આવીને મહારાજની બહુ પ્રાર્થના કરી જે, 'મહારાજ ! વરસાદ થાય તો સારું !' ત્યારે મહારાજ કહે કે, ''**બ્રહ્માનંદસ્વામી** મલ્હાર રાગ ગાય તો વરસાદ થાય !'' પછી સ્વામીએ મહારાજ પાસે બેસીને મલ્હાર રાગ ગાયો એટલે વરસાદ વરસવા લાગ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, ''બ્રહ્માનંદસ્વામીએ મલ્હાર રાગ ગાયો તેથી વરસાદ થયો.'' ॥૮૪૨॥

શ્રીજીમહારાજે બ્રહ્માનંદસ્વામીને આજ્ઞા કરી હતી જે, ''તમે **મુળી**નું મંદિર કરાવજો.'' અને મહારાજ તો સ્વધામ પધાર્યા ત્યાર પછી સ્વામી મુળીનું મંદિર કરવા ત્યાં ગયા અને પોતાની સાથે છ સાધુ હતા અને એક ઉમો ભગત હતા. અને ઉમા ભગતની ઝોળીમાં છ રૂપિયા હતા. પછી સ્વામીએ મુળીયે જઈ ચોક વચ્ચે લીંબડો છે તેની ડાળખીએ ઝોળીયો ભરાવી અને મંદિરના પથરા કાઢવા માટે પોતે કેટલીક જગ્યાએ ફર્યા. પછી શ્રીજીમહારાજ બ્રાહ્મણનું સ્વરુપ ધારણ કરીને ખાટડીને સીમાડે જઈ સ્વામીને કહ્યું જે, 'આ ઠેકાણે પથરો સારો છે અને આ ઠેકાણે એક જુની વાવ છે તે ખોદાવજો. ત્યાં પાણી સારું નીકળશે.'' પછી તે ઠેકાણે વિપ્રનું સ્વરુપ અદશ્ય થઈ ગયું. પછી સ્વામી પ્રથમ વાવ ખોદાવી અને પછી પાણા કાઢવાનું શરુ કરાવ્યું. ॥૮૪૩॥

પછી મુળીમાં સ્વામી મંદિરનું કામ શરુ કરીને પોતાના સંત સાથે લઈને ગામ **હળવદ** પધાર્યા. ત્યાં સૌ હરિજનોને રાતે ભેળા કરીને કહ્યું જે, 'આપણે મુળીનું મંદિર કરવું છે માટે સૌ સૌની શ્રદ્ધા પ્રમાણે સેવા કરો.' એટલે તે જ રાત્રે ખરડો કર્યો. જેમાં ત્રણ હજાર રૂપિયા થયા.' પછી હરિજનોએ આગ્રહ કર્યો જે, 'સ્વામી ! કાલે જમીને પધારજો.' ત્યારે સ્વામી કહે, 'જો હું જમવા રોકાઉં તો દરરોજ બસો રૂપિયાનું ખરચ ચડે છે.' ત્યારે હરિજનોએ હાથ જોડ્યા જે, 'બસો રૂપિયા લ્યો. પણ જમ્યા વગર જવાય નહીં !' પછી સ્વામી જમીને ચાલવા તૈયાર થયા ત્યારે હરિજનોએ કહ્યું જે, 'સ્વામી ! ઘરમાં પગલાં કરવા પધારો.' ત્યારે સ્વામી કહે, 'ઘરમાં પગલાં કરવાના એકસો રૂપિયા બેસે !' ત્યારે હરિજનોએ હા કહી. એટલે સ્વામી ઘરમાં પગલાં કરવા પધાર્યા. પછી હરિજનોએ કહ્યું જે, 'સ્વામી ! પટારા ઉપર હાથ મેલો.' સ્વામી કહે, 'પટારા ઉપર હાથ મેલ્યાના પચાસ રૂપિયા જોઈએ !' એમ દરેક જણને ઘરે પધરામણી કરીને સ્વામી પાંચ હજાર રૂપિયા લઈને મુળીએ પધાર્યા ને મંદિરનું કામ શીઘ્રપણે ચલાવ્યું. ॥૮૪૪॥

શ્રીજીમહારાજ **વડતાલ**માં ઉગમણે ઝાંપે દેરી છે ત્યાં સભા કરીને વિરાજમાન હતા. પછી મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, 'આપણે લક્ષ્મીનારાયણદેવના આવાં મંદિર કરાવવાં.' પછી સ્વામીએ ત્રણ શિખરનો પાયો નંખાવ્યો. પછી સ્વામીએ કાગળ લખીને એક માણસ ગઢડે મોકલ્યો. ને ગઢડેથી મહારાજને પધારવા લખ્યું ને લખેલ જે, 'એક દિવસ અહીંયાં વડતાલ પધારો તો સારું.' પછી મહારાજે ગઢપુરથી સાખી લખીને મોકલી જે—

*"અપની પહોંચ બીચારકે કર્તવ્ય કીજે દોડ,*
*એસા પાવ પસારીયે જૈસી લાંબી સોડ."*

પછી તે કાગળ લઈને તે માણસ પાછો વડતાલ ગયો અને કાગળ વાંચીને સ્વામીએ બીજી સાખી નીચે મુજબ લખી માણસ ગઢપુર મોકલ્યો—

*"સાહેબ સરીખા શેઠીયા બસત નગરકે માંહી,*
*તીનકા ઘરમાં કહાં કમી જાકી હુંડી ચલત નવખંડમાંહી."*

સ્વામીએ લખ્યું કે, 'મેં વિચારીને કર્યું છે કેમકે તમારા જેવા શેઠ જોઈને આ કામ આદર્યું છે ! માટે તમો આંહીં પધારો.' ॥૮૪૫॥

પછી શ્રીજીમહારાજ ગઢપુરથી **વડતાલ** પધાર્યા. અને સમૈયામાં હજારો હરિજનો

મહારાજના દર્શન કરવા આવેલા હતા અને જે વખતે સૌ હરિજન મહારાજને ભેટ કરવા લાગ્યા. ત્યારે સ્વામીએ એક પોતાનો પાળો મહારાજ પાસે રાખ્યો જે, 'જેટલી ભેટ આવે તેટલી લઈ લેવી.' પણ મહારાજને પાળે સ્વામીના પાળાને ભેટ લેવા દીધી નહીં .પછી સ્વામીએ તે પાળાને એકાંતે બોલાવીને ખૂબ ધમકી આપી. પછી તેણે જઈને મહારાજને વાત કરી જે, 'સ્વામીએ આ રીતે મને ધમકી આપી.' મહારાજ બીજે દિવસે સાબદા થઈને ચાલી નીકળ્યા. અને સૌ સંત તથા હરિજન મહારાજને વળાવવા સારૂ સાથે ગયા. ત્યાં મહારાજે મંદિરના વ્યવહારની ભલામણ મોટા અક્ષરાનંદસ્વામીને કરી. પછી સૌને પાછા વાળ્યા પણ બ્રહ્માનંદસ્વામીને કહ્યું નહીં જે તમે પાછા વળો. પછી ગામ મેળવ્યા આવીને રાત રહ્યા. ત્યારે મહારાજે સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! તમે આંહીંયા સુધી આવ્યા છો ?' ત્યારે સ્વામી કહે, 'તમે સૌને પાછા વાળ્યા પણ મને કહ્યું નહીં જે તું પાછો વળ્ય.' પછી સ્વામી વડતાલ જાવાને માટે તૈયાર થયા ત્યારે મહારાજ બોલ્યા જે, ''સ્વામી ! તમારું ત્યાં શું છે ?'' ત્યારે સ્વામી કહે, 'મારું ત્યાં પત્તર તથા તુંબડું અને પૂજા એ ત્રણ વાનાં છે.' ત્યારે મહારાજ કહે, ''લાવો, આપણી પૂજા'' એટલે તે પૂજામાંથી ત્રણ મૂર્તિયો આપી અને બીજા સંત પાસેથી પત્તર તથા તુંબડી અપાવી. તેથી સ્વામી સમજી ગયા કે મેં પાળાને ધમકી દીધેલી તેનો આ પ્રતાપ છે. પછી મહારાજ કહે કે, ''સ્વામી !તમે તો એક મંદિર જેવાં એક-એક કીર્તન કરો છો. માટે મારી સાથે રહો.'' પછી બ્રહ્માનંદસ્વામીએ રાતમાં ચાર કીર્તન કરીને બોલ્યા અને સવારમાં ઉઠીને પ્રભાતી બોલ્યાં. જે–

*''અધમ ઉદ્ધારણ અવિનાશી તારા બિરુદ તણી બલીહારી રે''*

એ પ્રભાતી નવી બનાવીને બોલ્યા. ॥૮૪૬॥

સ્વામી એક વખત **ભાલ** દેશમાં જતા હતા અને ઘઉંના પોંકનો વખત હતો અને કણબીના છોકરાં ખેતરમાં ઘઉંનો પોંક પાડતા હતા. પછી સ્વામીએ કહ્યું જે, 'છોકરાઓ ! કેમ પોંક આપશો ?' છોકરા કહે, 'તમને પોંક આપવાથી શું થાય ?' ત્યારે સ્વામી કહે, 'તમારું કલ્યાણ કરું ! જ્યારે તમને મરવા વખત થાય ત્યારે મારી ફાંદય સંભારજો!' પછી છોકરાએ સ્વામીને પોંક આપ્યો અને તે છોકરા જ્યારે વૃદ્ધ થયા અને તેમનું ભવિષ્ય આવી રહ્યું ત્યારે સ્વામીએ દર્શન દીધાં. પછી તે છોકરાં બોલ્યા જે, 'ભલે ફાંદવાળા ભલે મને તેડવા આવ્યો !' એમ કહીને દેહ મેલીને સ્વામી સાથે ધામમાં ગયા. ॥૮૪૭॥

ગામ **ધ્રાંગધ્રા**માં સ્વામી પત્થર લેવા ગયા હતા અને ત્યાંના સોનીએ સ્વામીને

પોતાને ઘરે જમાડ્યા. પછી સ્વામીએ કહ્યું જે, 'તું વર્તમાન ધાર અને હું તને અંતકાળે તેડવા આવીશ.' પછી તેને વર્તમાન ધરાવ્યાં અને તેનો અંત સમો થયો ત્યારે શ્રીજીમહારાજને તેડીને સ્વામી તેને લેવા પધાર્યા. પછી તે સોની બોલ્યો જે, 'આ બ્રહ્માનંદસ્વામી સ્વામિનારાયણને લઈને મને તેડવા આવ્યા છે અને તેમની સાથે હું ધામમાં જાઉં છું.' ॥૮૪૮॥

એક સમે સાધુ ધ્રાંગધ્રેથી **મેથાણ** જતા હતા. પછી રસ્તે જતાં વેરાજી મળ્યા. તે પોતાના હથિયાર હેઠાં મેલીને સાધુને લુંટવા મંડ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'તમને લુંટતાં આવડતું નથી. કેમકે તારા હથિયાર હેઠાં મૂકીને લુંટે છે તે અમારામાંથી કોઈકને શૂરાતન આવ્યું તો તે વર્તમાન ચુકશે.' પછી તે વેરાજીએ હથિયાર હાથમાં લઈને સંતને લૂંટી લીધાં. ॥૮૪૯॥

એક સમે શ્રીજીમહારાજ **અક્ષરઓરડી**માં વિરાજમાન હતા. ત્યાં બ્રહ્માનંદસ્વામી દર્શને ગયા પછી મહારાજને પગે લાગીને બોલ્યા જે, 'મહારાજ...દયા કરો.' મહારાજ કહે, "અમો કેટલી દયા કરીએ કેમકે અષ્ટાવરણના અધિપતિ મને રોકવા લાગ્યા પણ હું ક્યાંઈ રોકાણો નહીં અને તમારા પંચભૂતના લોચા ભેળો આવીને પડ્યો" ત્યારે સ્વામી કહે, 'મહારાજ ! અમારે માયાનું આવરણ તે સમજાય નહીં.' પછી મહારાજે પછેડી ઓઢી હતી. તે ઉતારીને હેઠી મેલી અને મહારાજે કહ્યું જે, "કરો દર્શન હવે માયાનું આવરણ છે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, 'મહારાજ ! આવી દયા તો અમે જાણી નહોતી !' ॥૮૫૦॥

શ્રીજીમહારાજ ગઢપુરમાં અક્ષરઓરડીમાંથી **સાધુની ધર્મશાળા**માં પધાર્યા. પછી મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "તમે કેવા સત્સંગી થયા છો ?" ત્યારે સ્વામી કહે કે, 'મહારાજ ! અમે તો ખરેખરા સત્સંગી થયા છીએ.' ત્યારે મહારાજ કહે, "તમે ખરેખરા સત્સંગી થયા હો તો કહો અમે અક્ષરઓરડીમાં શું કરતા હતા ?" પછી સ્વામી કહે , 'ના, મહારાજ ! અમે એવા સત્સંગી તો નથી થયા.' પછી મહારાજ કહે, "અમારા એવા સત્સંગી તો પર્વતભાઈ તથા ગોરધનભાઈ તથા વશરામ ભગત તથા સચ્ચિદાનંદસ્વામી વિગેરે અમારા ખરેખરા સત્સંગી છે તે અહીંયા જે જે લીલા કરીએ તે ત્યાં બેઠા થકા દેખે છે." ॥૮૫૧॥

એક સમે શ્રીજીમહારાજ ગઢપુરમાં અક્ષરઓરડીમાં માથે વસ્ત્ર ઓઢીને ધ્યાન કરતા હતા. તે સમે બ્રહ્માનંદસ્વામી મહારાજને દર્શને આવ્યા અને મહારાજને કહેવા લાગ્યા જે, 'મહારાજ એ મહારાજ તમે ધ્યાન કરો છો તે તમને ભગવાનની મૂર્તિ

દેખાય છે ? અમને તો નથી દેખાતી !' પછી મહારાજ બોલ્યા જે, ''આ અમને ધ્યાન કરવા નહીં દે.'' એમ કહીને મહારાજે મુખારવિંદ ઉઘાડું કર્યું. ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'હવે, અમને ભગવાનની મૂર્તિ દેખાણી.' એમ કહીને મહારાજને રાજી કર્યા. ॥૮૫૨॥

શ્રીજીમહારાજ ગઢપુરમાં **રાધા વાવે** વિરાજમાન હતા અને ત્યાં સુરતનો સંઘ આવ્યો. તે પોશાક તથા રૂપાની વાંસળી લાવ્યા હતા. પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ ! તમે કૃષ્ણાવતારમાં વાંસળી વગાડતા. તે આવડે છે કે ભૂલી ગયા છો ?' ત્યારે મહારાજ કહે કે, ''આવડે છે.'' ત્યારે સ્વામી કહે, 'આવડતી હોય તો વગાડો તો સાંભળીયે.' પછી મહારાજે વાંસળી વગાડી. તે ઘેલા નદીનું પાણી સ્થિર થઈ ગયું અને ગાયો ચરતી હતી તે ચરતી બંધ થઈ ગઈ.

*''વાલે વગાડી છે વાંસળી રે કાલીંદ્રીને તીર,*
*જોને સખી જમુના તણાં રે વહેતાં થંભ્યાં નીર, હો બેની.*
*ધેનુ તરણ ભુલી ગઈ રે વચ્છા ભુલ્યાં ખીર.''* ॥૮૫૩॥

એક સમે શ્રીજીમહારાજ **અક્ષરઓરડી**માં વિરાજમાન હતા ત્યાં બ્રહ્માનંદસ્વામી મહારાજને દર્શને ગયા. પછી મહારાજના ચરણમાં મસ્તક મૂકીને રુદન કરવા લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, ''સ્વામી શા માટે રૂદન કરો છો ?'' સ્વામી કહે, 'મહારાજ! તમે સર્વ અવતારના અવતારી છો છતાં અમારે તમને સંતાડીને ગાવા પડે છે.' મહારાજ બોલ્યા જે, ''સ્વામી ! તમે જેમ સમજતા હો તેમ ગાઓ.'' ॥૮૫૪॥

# સદ્‌ગુરુ મુળજી બ્રહ્મચારી ની વાતો

એક વખત શ્રીજીમહારાજ તથા મુળજી બ્રહ્મચારી કચ્છ દેશમાં જતા હતા ત્યાં રસ્તે જતાં ચોર મળ્યા. ત્યારે બ્રહ્મચારીએ જાણ્યું જે, 'આ લુંટી જાશે માટે મારી પાસે અરધો રૂપિયો છે તે સંતાડી રાખું. કેમકે મહારાજ ક્યાંઈક માગે ત્યારે શું આપીશ?' એમ જાણીને જોડાની સખતળી નીચે તે અર્ધો રૂપિયો ઘાલી દીધો. પછી ચોર બ્રહ્મચારીને લુંટવા માંડ્યા અને લુંટીને ચાલ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, "બધું સંભાળીને લીધું? આ અમારી ભેળો છે તે કપટી છે. અર્ધો રૂપિયો હતો તે જોડામાં સંતાડ્યો છે." પછી ચોર પાછા વળીને બ્રહ્મચારીને ધક્કો મારીને જોડા કઢાવ્યા અને તેમાંથી અર્ધો રૂપિયો હતો તે કાઢી લીધો. ત્યારે બ્રહ્મચારીએ મહારાજને કહ્યું જે, 'ખાઓ મારો અંગુઠો ! મેં તો તમારા સારુ રાખ્યો હતો ! પણ વળી ભારે દાનેશ્વરીના દીકરા થયા જે અમારી ભેળો કપટી છે.' એમ બ્રહ્મચારીએ જ્યારે કહ્યું. ત્યાં તો મહારાજે ચોરને ચતુર્ભુજ રૂપે દરશન દીધું. ત્યારે ચોર બોલ્યા જે, 'આ તો આપણે ભગવાનને લુંટ્યા.' પછી ચોર મહારાજના પગમાં પડ્યા અને બધો સામાન પાછો આપ્યો. અને એક જણે મહારાજને ખંધોલે બેસાર્યા. અને એક જણે બ્રહ્મચારી પાસેનો ખડીયો ઉપાડ્યો અને સામે ગામ મેલી ગયા. ॥૮૫૫॥

એક વખત મહારાજ તથા બ્રહ્મચારી રસ્તે ચાલ્યા જતા હતા અને પડખે ભરવાડો ગાયો ચારતા હતા. અને ભરવાડ્યો દૂધ વેચીને ચાલી આવતી હતી. પછી મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, "બ્રહ્મચારી ! તમને માર ખવરાવું તો ?" બ્રહ્મચારી કહે, 'મહારાજ! માર ખવરાવવામાં શું વળશે ? લાડવા ખવરાવોને તો પેટ ભરાય.' પછી મહારાજ આગળ ઉતાવળા ચાલીને ભરવાડ્યો ભેગા થયા અને કહ્યું જે, "બાઈયુ ! ઓલ્યો બાવો મને પરાણે લઈ જાય છે તે મેલવોને." અને મહારાજે અર્ધું વસ્ત્ર પહેર્યું હતું અને અર્ધું ઓઢ્યું હતું એવે વેશે ગયા હતા. પછી ભરવાડ્યોએ પોતાના પતિને સાદ કર્યો. એટલે સૌ દોડીને આવ્યા. ત્યારે સૌએ કહ્યુ જે, 'આ નાની બાળક બાઈ છે તેને ઓલ્યો ઘરડો ઠાઠ બાવો લઈ જાય છે ! માટે તે થકી તેની રક્ષા કરો.' પછી ભરવાડે જઈને બ્રહ્મચારી ઉપર લાકડીયું તોળીયું ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'દોડજો, મહારાજ! મને માર્યો.' પછી મહારાજે પોતાનું પહેરેલું વસ્ત્ર ખેંચી લીધું. એટલે માંહી કોપીન દેખાણી ત્યારે ભરવાડ્યો બોલી જે, 'વોય આ તો બાવો દેખાય છે.' પછી મહારાજ બ્રહ્મચારી ભેગા થઈ ગયા ને બીજે ગામ ગયા ને ત્યાં બ્રહ્મચારીએ રસોઈ કરીને

મહારાજને જમાડ્યા. ॥૮૫૬॥

એક વખત મહારાજ તથા બ્રહ્મચારી બન્ને જણ ચાલતા દિવસ અસ્ત થવા લાગ્યો અને ગામ પણ બે ચાર ગાઉં છેટે હતું. પછી બ્રહ્મચારી બોલ્યા જે, 'મહારાજ ! અત્યારે અંધારી રાતના આપણે ક્યાં જાશું ? અને જે ગામ જવું છે ત્યાં કોઈ સત્સંગી નથી.' મહારાજ કહે કે,''બ્રહ્મચારી ! ત્યાં તો અમારા એવા ભક્ત છે જે તે તો અમને અહોનિશ સંભાર્યા કરે છે ! અને આપણે ત્યાં જશું ત્યારે તમને ખબર પડશે.'' પછી રાતના નવ વાગે ગામ રોંઢીયે પધાર્યા અને ત્યાં બ્રાહ્મણ અને બ્રાહ્મણીયે બન્ને સ્ત્રી પુરુષ ચોરામાં દેવની પૂજા કરતા હતાં. ત્યાં જઈને તેને ઘરે મહારાજ પધાર્યા અને બ્રાહ્મણે રસોઈ કરીને મહારાજ તથા બ્રહ્મચારીને જમવા બેસાર્યા અને બ્રાહ્મણ મહારાજને પીરસવા બેઠો હતો. પછી મહારાજ અર્ધું જમ્યા ત્યાં તે બ્રાહ્મણને સમાધિ થઈ ગઈ. પછી મહારાજે તે બ્રાહ્મણની સ્ત્રીને બોલાવીને કહ્યું જે, ''બાઈ એ બાઈ તારા પતિને કાંઈક ચોઘડીયું ફરી ગયું છે. માટે તમે અમને પીરસવા આવો.'' ત્યારે બાઈ કહે, 'મહારાજ ! મારો પતિ ઘરમાં છે તેથી મારાથી ત્યાં અવાય નહીં.' ત્યારે મહારાજ કહે, ''એમ કેમ ?'' ત્યારે બાઈ કહે, 'મહારાજ ! અમે હથેવાળો મેળવ્યો એ માફ છે અને અમે બન્ને જણ સાંખ્યયોગ પાળીયે છીએ અને તે મને બહેન સમાન જાણે છે અને હું તેને ભાઈ સમાન જાણું છું.' એમ વાત કરે છે ત્યાં તો તે બ્રાહ્મણ સમાધિમાંથી જાગ્યો. અને તેની સ્ત્રીને કહેવા લાગ્યો કે, 'દોડ, દોડ, આ તો આપણે ઘરે સાક્ષાત્ ભગવાન પધાર્યા છે ! અને આપણે હજાર વરસ થયાં બ્રહ્મચર્ય વ્રત પાળીએ છીએ ! તે પુન્યે કરીને આજ આપણને ભગવાન મળ્યા.' એમ કહીને બન્ને જણા મહારાજના ચરણારવિંદમાં પડ્યા અને મહારાજની ઘણી સ્તુતિ કરી. તે જોઈને બ્રહ્મચારીને ઘણું આશ્ચર્ય થયું ! જે, 'આ શું બોલે છે ?' પછી મહારાજે બન્ને જણાને કહ્યું જે, ''તમારું તપ આજથી સમાપ્ત થઈ રહ્યું માટે હવે સાંખ્યયોગ પાળવો નહીં.'' એમ કહીને મહારાજ તથા બ્રહ્મચારી ત્યાં રાત રહ્યા અને સવારે ચાલી નીસર્યા અને તેના તપની સમાપ્તિ કરી. ॥૮૫૭॥

એક વખત મહારાજ તથા બ્રહ્મચારી ગામ **કાળાતળાવ** પધાર્યા હતા. અને ત્યાં બ્રાહ્મણને ઘરે ઉતર્યા પછી તે બ્રાહ્મણની બાઈએ રસોઈ કરી અને મહારાજ જમવા બેઠા અને બ્રહ્મચારીને ઓસરીમાં જમવા બેસાર્યા. તે વખતે તે બાઈને સમાધિ થઈ અને તેમાં તેને અક્ષરધામ દેખાડ્યું અને તે સો જન્મથી બ્રહ્મચર્ય પાળેલું તે તમામ મહારાજે દેખાડ્યું .પછી તે બાઈ કહે, 'આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. તે આપણને

દર્શન દેવાને અર્થે પધાર્યા અને આપણે સો જન્મ થયાં બ્રહ્મચર્યવ્રત પાળીયે છીએ. તેનું ફળ આજ આપણને પ્રાપ્ત થયું કેમકે ''આ તો સાક્ષાત્ અક્ષરધામના પતિ છે. અને સર્વ અવતારના અવતારી છે.'' પછી બન્ને જણાં મહારાજના ચરણમાં પડ્યાં ને ઘણીક સ્તુતિ મહારાજની કરી. ॥૮૫૮॥

એક વખત શ્રીજીમહારાજ **કંથકોટ** પધાર્યા હતા. અને ત્યાં **કચરો** કરીને એક લુવાણો હરિભક્ત હતો અને તેને ઘરે મહારાજ પધાર્યા. પછી મહારાજે તેને કહ્યું જે, ''બ્રહ્મચારી આવે તો માનીશ નહીં !'' ત્યારે કચરે કહ્યું જે, 'ઠીક, મહારાજ ! નહીં માનું.' પછી રાતના ચાર વાગ્યા ત્યારે બ્રહ્મચારી આવ્યા અને કચરાને સાદ કરીને પૂછ્યું જે, 'આંહીં મહારાજ પધાર્યા છે ?' ત્યારે કચરો કહે, 'ના, ના, આંહીં તો મહારાજ આવ્યા નથી.' ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'મને મેલીને ક્યાં જતા રહ્યા ?' પછી બ્રહ્મચારી ત્યાંથી ચાલતા થયા અને પછી સવાર પડી ત્યારે કચરાને મહારાજે કહ્યું જે, ''મને ભૂખ લાગી છે.'' ત્યારે ત્યારે કચરે મહારાજને કહ્યું જે, 'હું રોટલો કરું ત્યાં સુધી તમે દુકાને બેસીને ઘરાકને સાચવો.' પછી કચરો રોટલો કરવા ગયો અને મહારાજ તેની દુકાને બકાલું વેચવા બેઠા. પછી કોઈક બાઈ બકાલું લેવા આવી. તેને મહારાજે ત્રાજવામાં જોખીને રીંગણા બરાબર આપ્યાં ત્યારે બાઈ બોલી જે, 'બાવાજી ! આ કાંઈ ઘી છે તે બરાબર આપો છો ? કચરોભાઈ તો બે પીંહટાં વધારે આપે છે.' મહારાજ કહે, ''લેવું હોય તો લે. ત્રણ ગાઉથી લાવીએ છીએ તે ઘોડાને ભાઠું પડી ગયું છે.'' તે બધી વાત કચરો રોટલા ઘડતાં સાંભળતો હતો. તેના મનમાં એમ થયું જે, 'જખમારે ! મહારાજ વધારે આપે તેમ નથી !' પછી રોટલા તૈયાર થયા એટલે મહારાજ જમવા પધાર્યા અને બીજે દિવસે મહારાજ ત્યાંથી બીજે ગામ પધાર્યા. ત્યાં બ્રહ્મચારી ભેગા થયા. ॥૮૫૯॥

એક વખત શ્રીજીમહારાજ તથા બ્રહ્મચારી **કંથકોટ** પધાર્યા હતા. ત્યાં કચરે લુવાણે ઘરઘરણું કરીને સ્ત્રી આણી હતી તેને પોતે નિરંતર વાર્તા કર્યા કરે જે, 'મારા ગુરુ આવે તેમને માનવા અને પૂજવા અને હું તો સ્વામિનારાયણનો ભક્ત છું.' પછી ત્યાં શ્રીજીમહારાજ તથા મુળજી બ્રહ્મચારી પધાર્યા. તે વખતે કંથકોટના રાજાએ કાગળ લખીને શ્રીજીમહારાજને તેડાવ્યા હતા જે, 'તમો આંહીંયાં પધારો.' પછી મહારાજ કંથકોટ પધાર્યા અને કચરા ભગતને ઘરે રાત રહ્યા. તે વખતે કચરે તેની સ્ત્રીને કહ્યું જે, 'જો, આ હું તને કહેતો હતો તે મારા ગુરુ આવ્યા.' પછી બાઈ પોતાનો સાડલો લઈને વેપારીની દુકાને ગઈ અને વેપારીને કહ્યું જે, ' આ મારો સાડલો રાખો અને મને

ઘી ને સાકર આપો.' વેપારી કહે કે, 'તારો સાડલો વેચાવે એવો કોણ છે ?' ત્યારે બાઈ કહે, 'અમારે રાંકને હાથ રતન જડ્યું છે !' પછી સાડલો ઘરાણે મૂકીને ઘી સાકર વિગેરે સીધાનો સામાન લાવી અને બ્રહ્મચારીએ રસોઈ કરી. પછી મહારાજ તથા બ્રહ્મચારી એ બન્ને જણ જમ્યા અને બાકીની પ્રસાદી કચરા ભગતને આપી. તે બન્ને જમ્યા અને મહારાજ તેને ઘરે રાત રહ્યા પછી સવારે મહારાજે કચરાને કહ્યું જે, ''તું દરબારને ખબર કર જે મહારાજ પધાર્યા છે.'' પછી કચરે દરબારમાં જઈને રાજાને વાત કરી જે, 'મહારાજ મારે ઘરે ગઈ કાલે પધાર્યા છે.' ત્યારે દરબાર કહે, 'મહારાજ તારે ઘરે જમ્યા શું ?' કચરો કહે, 'મને જે લોટ દાળ મળ્યાં તે મહારાજને જમાડ્યા.' પછી રાજા પોતાની સવારી સહિત પાલખી લઈને કચરાને ઘરે મહારાજને તેડવા માટે આવ્યા. અને મહારાજને કહ્યું, 'મહારાજ ! આ પાલખીમાં બેસો' પછી મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, ''તમે પાલખીમાં બેસો'' બ્રહ્મચારી કહે, 'મહારાજ ! તમે બેસો.' મહારાજ કહે, ''આપણે બન્ને જણા બેસીએ.'' બ્રહ્મચારી કહે, 'બે જણને ભોઈ ઉપાડી શકે નહીં.' પછી મહારાજને પાલખીમાં બેસાર્યા ને વાજતે ગાજતે દરબારમાં હીંડોળા ખાટ ઉપર પધરાવી. રાજાએ આરતી ઉતારી. પછી દરબારે મહારાજને વાત કરી જે, 'મહારાજ ! તમારે કહેવે કરીને મેં દીકરી રાજાને આપી હતી ને તે રાજા મરી ગયો અને દીકરી ત્યાંથી ઘણુંક દ્રવ્ય લઈને આંહીં આવી છે. કેમકે પ્રથમ તે રાજા ઉપર મારવાડના રાજાએ ચડાઈ કરી હતી જે કાં તો તારી દીકરી મને આપ્ય નીકર તારું રાજ્ય લઈ લઈશ. પછી કંથકોટના રાજાએ મહારાજ ઉપર કાગળ લખીને મહારાજને માણસ મોકલ્યું જે મહારાજ મારે આવી રીતનો દેશકાળ આવ્યો છે તે તમો કહો તેમ કરું. પછી મહારાજે કાગળ લખી મોકલ્યો જે તારી દીકરી આપજે પણ રાજ્ય જવા દઈશ નહીં ! પછી તે મારવાડના રાજાએ પોતાની દીકરી પરણાવી હતી તે દીકરી વિધવા થઈને ઘરે આવી ત્યાર પછી તેણે મહારાજને તેડાવ્યા પછી મહારાજને વાત કરી જે આ બધું દ્રવ્ય છે તેનું શું કરવું ? ત્યારે મહારાજ કહે, ''આ તો આસુરી માયા છે તે બ્રાહ્મણે દક્ષિણા દઈ દ્યો.'' પછી બ્રાહ્મણોને બોલાવીને મહારાજે તેમને ઘણીક દક્ષિણાઓ અપાવી અને મહારાજને વસ્ત્ર તથા અલંકાર પહેરાવ્યા. પછી મહારાજ કહે, ''અમારે કચરાને ઘેર જવું છે.'' પછી પાલખીમાં બેસારીને વાજતે ગાજતે કચરાને ઘરે લઈ ગયા પછી પાલખીને ખડકીએ ઉભી રાખીને મહારાજે કચરાની ઘરવાળીને બહાર બોલાવી અને દશે આંગળીયેથી વેઢ વીંટીયો કાઢીને તે બાઈને આપી અને મહારાજ સૌ સાંભળતા બોલ્યા જે આ લે અને તારો સાડલો વાણિયાને ત્યાંથી છોડાવી લાવ્ય. શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને તેમને દાગીના આપ્યા. તેને પ્રાપ્ત કરીને કચરો ભગત બહુ આસામી

થયો અને મહારાજ તથા બ્રહ્મચારી બીજે ગામ પધાર્યા. ॥૮૬૦॥

એક સમે મહારાજ વરતાલ સભા કરીને બેઠા હતા અને મહારાજને તરશ બહુ લાગી હતી અને મુળજી બ્રહ્મચારી મંદિરની પ્રદક્ષિણા ઉપર બેઠા હતા. પછી મહારાજે સાદ કર્યો જે, ''બ્રહ્મચારી ! મને તરસ લાગી છે.'' તે સાંભળીને બ્રહ્મચારીએ પ્રદક્ષિણા ઉપરથી પોતાનું શરીર ચોકમાં પડતું મેલ્યું અને ઉતાવળા ઉતાવળા જઈને ઠંડા પાણીનો લોટો ભરીને મહારાજ પાસે લાવ્યા. પછી મહારાજ બોલ્યા જે, ''આ બ્રહ્મચારીને પોતાના દેહની પણ ખબર નથી જે હું આંહીંયાંથી પડીશ તો મુને વાગશે પણ તેમને એક જ એવું અનુસંધાન છે જે રખેને મહારાજને પાણી પાતાં વાર લાગે !'' પછી મહારાજ સભામાં બોલ્યા જે, ''બ્રહ્મચારીને મારા ઉપર એવું હેત છે કે પોતાના દેહની પણ ગણતી નથી.'' ॥૮૬૧॥

એક સમે મહારાજ **ગઢપુર**માં સભા કરીને બેઠા હતા. પછી મહારાજ બોલ્યા જે, ''મુક્તાનંદસ્વામી ! બ્રહ્માનંદસ્વામી ! આ મુળજી બ્રહ્મચારી છે તે મને પાણી વખતે પાણી નહીં થાળ વખતે થાળ નહીં ને ધર્મકુળ આવ્યું છે તે ત્યાંને ત્યાં પડ્યા રહે છે.'' ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, 'મહારાજ ! કહો તો બ્રહ્મચારીને બોલાવીએ અને ઠપકો આપીએ.' પછી એક માણસને બ્રહ્મચારીને તેડવા મોકલ્યા તેને મહારાજે કહ્યું જે, ''બ્રહ્મચારીને કહેજે જે મારે પીવા માટે પાણીનો લોટો ભરતા આવે.'' પછી તે માણસે બ્રહ્મચારીને જઈને કહ્યું જે, 'પાણીનો લોટો લઈને મહારાજ તમને સભામાં બોલાવે છે.' પછી એક હાથે પાણીનો લોટો લીધો અને બીજા હાથની કાખમાં બદ્રીનાથને બેસાર્યા અને આંગળીયે સીતારામજી મહારાજને વળગાડ્યા અને પાણીનો લોટો લઈને સભામાં આવ્યા. તે આવીને મહારાજને જળનો લોટો આપ્યો જે, 'લ્યો કૃપાનાથ ! લ્યો, પાણી.' પછી મહારાજને પાણી પાઈને તુરંત ચાલી નીસર્યા. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, 'બ્રહ્મચારી ! ઉભા રહો, ઉભા રહો,' ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'શું છે વળી શું ?' પછી સ્વામી કહે, 'મહારાજને પાણી વખતે પાણી નહીં અને થાળ વખતે થાળ નહીં અને ધર્મકુળ આવ્યું છે તે ત્યાં ને ત્યાં પડ્યા રહો છો ?' ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'વળી આનું તો લાખુ જણાં કરશે ! પણ આ બિચારા ગરીબ પરદેશી એ મને ઓળખે ને હું એને ઓળખું તે એનું કોણ કરશે ?' એમ કહીને ચાલી નીસર્યા. પછી મહારાજ કહે, ''સ્વામી ! બ્રહ્મચારી બહુ ડાહ્યા છે. કેમકે જેમ સંસારમાં કોઈકના માવતરને રાજી કરવા હોય તો છોકરાનું રાખે એટલે માવતર રાજી થાય !'' તેમ મહારાજ કહે, ''હું બ્રહ્મચારી ઉપર બહુ જ રાજી છું અને આ ધર્મકુળ ટક્યું છે તે

બ્રહ્મચારીને લઈને ટક્યુ છે.'' ॥૮૬૨॥

એક વખત શ્રીજીમહારાજ **ગઢપુર**માં વિરાજમાન હતા. પછી મહારાજે બ્રહ્મચારીને બોલાવીને કહ્યું જે, ''તમે ગુજરાતમાં જાઓ.'' બ્રહ્મચારી કહે, 'બહુ સારૂ, કૃપાનાથ ! આ ચાલ્યો !' એમ કહીને પોતે ધર્મકુળમાં ગયા અને દીદીમાને જઈને કહ્યું જે, 'દીદીમા ! મહારાજ ગુજરાતમાં મોકલે છે.' ત્યારે દીદીમાએ મહારાજને કહેવરાવ્યું જે, 'બ્રહ્મચારી ગુજરાતમાં જતા હોય તો અમને ગાડું કરી આપો એટલે અમે દેશમાં જઈએ.' પછી તે માણસે સભામાં આવીને મહારાજને કહ્યું જે, 'તમારે ગુજરાતમાં જવું નથી અહીંયા રહો !' પછી બ્રહ્મચારીએ ધર્મકુળમાં જઈને કહ્યું જે, 'માવડીઉં ! મને મહારાજે રાખ્યો છે !' પછી દીદીએ કહેવરાવ્યું જે, 'જાવ મહારાજને કહો જે, 'અમારે દેશમાં હવે જવું નથી.' ॥૮૬૩॥

એક વખત શ્રીજીમહારાજે બ્રહ્મચારીને બોલાવીને કહ્યું જે, ''તમારે ડોશીયો સાથે બોલવું નહીં.'' ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'ઠીક, કૃપાનાથ ! નહીં બોલું.' પછી સવારમાં ઘેલે નહાઈ આવીને દરબાર સોંસરા નીસર્યા. ત્યારે કોઈ બાઈએ કહ્યું જે, 'બ્રહ્મચારી ! આજ મારો થાળ છે.' ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'બોલમાં, બોલમાં, દુત્તી મને મહારાજે ના પાડી છે જે તારે ડોશીયું સાથે બોલવું નહીં.' તે વખતે શ્રીજીમહારાજ ઉગમણાબારના ઓરડાની ઓસરીમાં સભા કરીને વિરાજમાન હતા. પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, ''જુઓને ! સ્વામી ! બ્રહ્મચારી ડોશીયો સાથે કાંઈ બોલે છે ?' બ્રહ્મચારી તો એમ જાણે છે જે, 'હું ડોશીયો સાથે નથી બોલતો.' ॥૮૬૪॥

**ગઢપુર**માં શ્રીજીમહારાજે સભામાં બ્રહ્મચારીને બોલાવીને કહ્યું જે, ''ડોશીયુંને ના પાડી આવો જે કોઈ ગ્રામ્યકથા કરશો નહીં.'' પછી બ્રહ્મચારીએ બાઈઓની સભામાં જઈને કહ્યું જે, 'મહારાજે ના પાડી છે જે કોઈ રામકથા કરશો નહીં.' તે સાંભળી સૌ બાઈયો વિચારમાં પડી જે, 'રામકથામાં શો બાધ છે જે મહારાજે ના પડાવી?' પછી શ્રીજીમહારાજ થાળ જમવા પધાર્યા ત્યારે લાડુબાએ મહારાજને પૂછ્યું જે, 'હે મહારાજ ! તમે રામકથાની કેમ ના પડાવી ?' ત્યારે મહારાજ કહે, ''અમે તો જાણતા નથી.'' લાડુબા કહે, 'બ્રહ્મચારી આવીને ના પાડી ગયા.' ત્યારે મહારાજ કહે, 'બોલાવો બ્રહ્મચારીને.' પછી બ્રહ્મચારી આવ્યા. તેમને મહારાજે કહ્યું જે, ''મેં તમને ક્યારે રામકથાની ના પાડી છે ? મેં તો ગ્રામ્યકથાની ના પાડી છે.'' ત્યારે બ્રહ્મચારી કહે, 'મારી બલા જાણે ! કઈ તમારી રામકથા ને કઈ તમારી ગ્રામ્યકથા. મેં તો જેવું તમે

કહ્યું એવું આ સૌને કહ્યું.' મહારાજ કહે, કે, ''બ્રહ્મચારીને રામકથાનીએ ખબર નથી અને ગ્રામ્યકથાનીએ ખબર નથી. એને તો બેય સરખું છે.'' એમ કહીને મહારાજ હસ્યા. ॥૮૬૫॥

એક સમે મહારાજે **ગઢપુર**માં સૌ સંતની સભામાં જોડ્યું બાંધવા માંડી. ત્યારે **બ્રહ્માનંદસ્વામી** બોલ્યા જે, 'મહારાજ ! આ મુળજી બ્રહ્મચારીની કોણ જોડ્ય ?' ત્યારે મહારાજ કહે, ''બ્રહ્મચારીની જોડ્ય તો બાંધેલી જ છે.'' બ્રહ્માનંદસ્વામી કહે 'કોણ ?'પછી મહારાજ કહે– ''મુળાનંદ અને સહજાનંદ'' એ જોડ્ય તો બાંધેલી છે. ॥૮૬૬॥

એક વખત શ્રીજીમહારાજે ગઢપુરમાં સભામાં બ્રહ્મચારીને કહ્યું જે, ''બ્રહ્મચારી! હું ન હોઉં ત્યારે તમે ક્યાં રહો ?'' ત્યારે બ્રહ્મચારી કહે, 'જ્યાં ગોપીનાથજી ત્યાં હું.' ગઢપુરમાં શ્રીગોપીનાથનું મંદિર છેવાતું હતું. પછી એક ડોશી હાથમાં અરધો રૂપિયો લઈને આથમણા પગથીયા પાસે ઉભી રહી અને બ્રહ્મચારીને સાદ કરવા મંડી ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'બોલમાં બોલમાં દુત્તી શું મંડી છો ?' ત્યારે બાઈ બોલી જે, 'બ્રહ્મચારી ! આ મંદિર છોવાય છે. તેમાં મારે અરધો રૂપિયો આપવો છે, પછી બ્રહ્મચારી બોલ્યા જે, 'બાપ દીકરી પહેલું કહેવું હતું ને ! હું તને ગોળો તો ન દેત.' પછી બ્રહ્મચારી બોલ્યા જે, 'લાવ, લાવ, જો આ તારા બાપનું મંદિર છોવાય છે તેમાં તારો ભાગ થયો.' ॥૮૬૭॥

ગામ **સળડી**ના ભગત **બહેચર** કરીને હરિભક્ત હતા. તે ગઢપુર દર્શને આવ્યા હતા. પછી તેણે વૈકુંઠ બ્રહ્મચારી પાસે અથાણું માંગ્યું પણ તે બ્રહ્મચારીએ કાંઈ જવાબ આપ્યો નહીં. પછી મુળજી બ્રહ્મચારી ઓરડામાંથી બહાર નીકળ્યા અને બોલ્યા જે, 'કોણ એ બહેચર ?' એમ કહીને પોતે અથાણાની બરણી ઉપાડીને ઓસરીમાં લાવ્યા અને તેને સારી રીતે અથાણું આપ્યું. તે જીવ્યો ત્યાં સુધી મુળજી બ્રહ્મચારીને સંભાર્યા કરતો. ॥૮૬૮॥

એક વખત મુળજી બ્રહ્મચારી રાતે વાળુ કરવા બેઠા હતા. તેમને દહીં ખાટું લાગ્યું ત્યારે શાંતાનંદસ્વામી ઉંઘમાં સુતા હતા. તે બેઠા થઈને માટલીમાંથી અડદની દાળ ચપટી ભરીને આપી. બ્રહ્મચારીએ દહીંમાં નાખીને ચાખીને કહ્યું જે, 'રાખ્ય, ખાટું મટી ગયું.' પછી થોડી પ્રસાદી વધી હતી. તે શાંતાનંદ બ્રહ્મચારીએ ઢાંકી મૂકી હતી. પછી સવારે પરમાનંદ સ્વામી દર્શને આવ્યા તેમને શાંતાનંદસ્વામીએ તે પ્રસાદી આપી. પછી પરમાનંદસ્વામી આસને જઈને જમવા બેઠા એટલે માંહેથી અડદની દાળ નીસરી. પછી પરમાનંદસ્વામીએ શાંતાનંદસ્વામીને પૂછ્યું જે, 'હે શાંતાનંદબ્રહ્મચારી ! દહીંમાં

અડદની દાળ જમે છે ?' ત્યારે શાંતાનંદસ્વામી કહે, 'ના, એ તો બ્રહ્મચારીએ રાત્રે મારી પાસે મીઠુ માગ્યું હતું. તે મેં ઉંઘમાંથી ઉઠીને દાળ આપી હશે.' એવા પોતે બ્રહ્મનિષ્ઠ હતા. ।।૮૬૯।।

એક વખત શ્રીજીમહારાજ થાળ જમતા હતા અને શુકમુનિ આવીને મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજે શુકમુનિને જમીને થાળ આપ્યો. પણ બ્રહ્મચારી એમની સામું જોઈને આંખ્યું તાણવા મંડ્યા એટલે શુકમુનિ છેટે ઉભા રહ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, ''બ્રહ્મચારી ! તમે શુકમુનિને થાળની પ્રસાદી લેવા દ્યો'' ત્યારે બ્રહ્મચારી કહે. 'ઠીક, કૃપાનાથ !' પછી બ્રહ્મચારીએ શુકમુનિને થાળની પ્રસાદી આપી. તે ત્યાં જ બેસીને જમ્યા. ।।૮૭૦।।

એક વખત શ્રીજીમહારાજે બ્રહ્મચારીને રજા આપી હતી. તેથી બ્રહ્મચારી ગુજરાતમાં ચાલ્યા ગયા. ત્યાં વડતાલમાં છ મહિના સુધી રહ્યા પછી ત્યાં કેરીઓ બહુ પાકી હતી એટલે રામદાસભાઈએ કહ્યું જે, 'આ કેરીયો ગઢપુર શ્રીજીમહારાજને કોઈ પહોંચાડે ?' ત્યારે મુળજી બ્રહ્મચારી કહે, 'હા લાવો હું લઈ જાઉં.' પછી એક મણ કેરીનો ટોપલો માથે ઉપાડીને ત્રીજે દિવસે ગઢપુર આવ્યા અને મહારાજ પાસે તે ટોપલો મૂકીને દંડવત કરીને પગે લાગ્યા. તો પણ મહારાજે જય સ્વામિનારાયણ કહ્યા નહીં. તે વખતે એક સુતાર બાઈ મહારાજના દર્શને આવી હતી તેને મહારાજે કહ્યું જે, ''તારે ઘરે બ્રહ્મચારીને તેડી જા ને સીધું આપજે એટલે તેઓ રસોઈ કરીને જમશે.'' પછી સુતારણ બાઈ પોતાને ઘરે બ્રહ્મચારીને તેડી જઈને પાકું સીધું આપ્યું. પણ બ્રહ્મચારી તો ફક્ત બાટીઓ કરીને જમ્યા. અને બીજું સીધું પડતું મેલ્યું ત્યારે સુતારણ બોલી જે, 'બ્રહ્મચારી મહારાજ ! ઘી ગોળ કેમ જમ્યા નહીં ?' ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'મહારાજ ક્યાં ખાવા દે છે ? છ મહિના થયા બંધી કરી છે !' પછી બ્રહ્મચારીએ કહ્યું જે, 'હું સાઠ્ય ગાઉથી એક મણ કેરીનો ટોપલો ભરેલો ઉપાડીને લાવ્યો તો પણ મને ''નારાયણ'' કહ્યા નહીં.' પછી તે બાઈ મહારાજ પાસે જઈને ઠપકો દેવા મંડી જે, 'મહારાજ ! તમે આવા નિર્દય કેમ થયા છો ? જે આ બ્રહ્મચારી આવા ઉનાળાના તાપમાં ઉઘાડા પગે સાઠ્ય ગાઉથી એક મણ કેરીનો ટોપલો ઉપાડીને લાવ્યા તેને તમે નારાયણ પણ કહ્યા નહીં !' પછી બ્રહ્મચારીએ કેરીને ઘોળીને રસ ભરીને વાટકો આગળ મેલ્યો પણ મહારાજ માંહે આંગળી બોળે નહીં અને એકલી રોટલી જમતા હતા. પછી બ્રહ્મચારી બોલ્યા જે, 'ભાઈ કોક કહો તો મહારાજ રસ જમે. મારી સાથે તો નહીં બોલે.' પછી મહારાજે કહ્યું જે, ''બ્રહ્મચારી તમેજ પીરસોને.'' ત્યારે બ્રહ્મચારી કહે, 'હું તો તૈયાર જ બેઠો છું ને.' પછી બ્રહ્મચારીએ મહારાજને રસ પીરસ્યો. તે

જમ્યા પછી મહારાજે બ્રહ્મચારીને સેવામાં રાખ્યા. ॥૮૭૧॥

એક વખત શ્રીજીમહારાજ તથા બ્રહ્મચારી **કચ્છ** દેશમાં જતા હતા અને એક ગામને પાદર વિશ્રાંતિ લેવા બેઠા. પછી બ્રહ્મચારીએ મહારાજને માટે ત્યાં બાટીઓ કરીને ડબામાં ભરી લીધી હતી તે મહારાજથી છાની કરી હતી. કેમકે તે વખતે મહારાજ પોઢી ગયા હતા પછી ત્યાંથી ચાલ્યા અને બીજે ગામ ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, "બ્રહ્મચારી ! મને ભૂખ લાગી છે." ત્યારે બ્રહ્મચારી કહે, 'મહારાજ ! તૈયાર છે.' પછી મહારાજને તળાવને કાંઠે વૃક્ષની નીચે બેસારીને બાટીયોને ઘી ને સાકર જમવા આપ્યાં. તે જમ્યા અને બીજે ગામ ગયા. એમ અહોનિશ શ્રીજીની સેવામાં તત્પર રહેતા. ॥૮૭૨॥

એક વખત **બ્રહ્મચારી વડતાલ** જતા હતા. સાથે દાદોખાચર હતા. તેમનાં મનુષ્ય હતા અને દાદાખાચરના દીકરા બાવોખાચર નાના હતા. તે ભૂખ્યા હતા ને દૂધ સારુ રોતા હતા. પછી બ્રહ્મચારી ગામ વારણામાં પ્રશ્નોરા હરિજનને ઘરે ગયા. ત્યારે હરિજન બાઈ બોલી જે, 'અહો !બ્રહ્મચારી આવ્યા. બ્રહ્મચારી આવ્યા.' ત્યારે બ્રહ્મચારી કહે, 'તારો બાપ ભૂખ્યો છે તે રોવે છે માટે તેના સારુ દૂધ લઈ આવ્ય.' પછી બાઈએ ખીચડી તથા દૂધ બન્ને લાવી આપ્યાં. તે લઈને બ્રહ્મચારી સૌ ઉતર્યા હતા ત્યાં આપી આવ્યા ને પછી પોતે હરિજનને ઘરે ગયા અને તે બાઈને કહે જે, 'લે, હવે તું મને પૂછ્ય જે ક્યાંથી આવ્યા છો ? ને ક્યાં જાઓ છો ? એમ પૂછ્ય.' પછી તે બાઈએ ખાટલી નાંખી આપીને તે ઉપર બ્રહ્મચારીને બેસારી. પછી બધા સમાચાર પૂછીને પછી બ્રહ્મચારીને વાળુ કરાવ્યું. ॥૮૭૩॥

એક વખત ગઢપુરમાં બ્રહ્મચારી ધર્મકુળની જગ્યામાં ગયા અને રઘુવીરજીમહારાજના ગાદીવાળાને કહ્યું જે, પાંચસો રૂપિયા આપો તો દીકરો થાય ! મારે મંદિર છોવરાવવું છે !' પછી ગાદીવાળાએ પાંચસો રૂપિયા આપ્યા તે રૂપિયાની ફાંટ ભરીને ખંભે નાંખી હતી અને ચાલ્યા આવતા હતા ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, 'બ્રહ્મચારીને જાણે ઝોળીમાં દીકરો હોય ને શું ?' બ્રહ્મચારી કહે કે, 'થાય ન થાય તે તો તેનાં નસીબ જાણે પણ મારે તો ગોપીનાથજીનું મંદિર છોવરાઈ રહ્યું.' ॥૮૭૪॥

એક વખત અમૃતબાઈ સમાધિ કરીને અક્ષરધામમાં ગયા હતા. પછી ત્યાં શ્રીજીમહારાજે તેને કહ્યું જે, 'બ્રહ્મચારી! હવે ક્યાં સુધી રહેશે ?' પછી અમૃતબાઈ સમાધિમાંથી બહાર આવ્યાં ત્યારે બ્રહ્મચારી પૂછવા આવ્યા જે, 'તું સમાધિમાં ગઈ

હતી તે કાંઈ સમાચાર લાવી છે ?' ત્યારે અમૃતબાઈ કહે કે, 'મંદિર છોવરાઈ રહ્યું છે ને બ્રહ્મચારી હવે ક્યાં સુધી રહેશે ?' એમ મહારાજે કહ્યું છે. પછી બ્રહ્મચારીએ કહ્યું જે, 'આ બ્રહ્મચારી ચાલ્યો.'પછી આસને પુંજા શેઠને બોલાવ્યા અને ત્રણસો રૂપિયા હતા તે પુંજાશેઠને આપ્યા અને કહ્યુ જે, 'આ ત્રણ થાંભલા છોવરાવવાના બાકી છે તે છોવરાવજો અને આ લ્યો, ત્રણસો રૂપિયા.' પછી અમાસને દિવસે પોતે સવારમાં રેસ લીધો તે વળ્યો નહીં. અને તે દિવસે ગ્રહણ થવાનું હતું તે ગ્રહણ પણ થયું નહીં અને જ્યારે બ્રહ્મચારીને અગ્નિસંસ્કાર કરીને સૌ આવ્યા ત્યાર પછી ગ્રહણ થયું અને જે વખતે બ્રહ્મચારીએ દેહ મેલ્યો તે વખતે લક્ષ્મીવાડીમાં હજારો વિમાન દેખાણાં. ત્યારે વિધાત્રાનંદસ્વામીએ પૂછ્યું જે, 'આટલાં બધા વિમાન છે તે આ શું છે ?' ત્યારે મહારાજ કહે, 'વામનજીને તેડવા આવ્યા છીએ.' ॥૮૭૫॥

એક સમે બ્રહ્મચારી વડતાલ સમૈયો કરવા ગયા હતા અને જેઠ મહિનો આવી ગયો તો પણ બ્રહ્મચારી ગઢપુર આવ્યા નહીં અને મહારાજની તિથિ નજીક આવી હતી. પછી ગોપાળાનંદસ્વામીને આસને દર્શને વડતાલ ગયા તે વખતે સૌ સદ્‌ગુરુ સ્વામી પોતે બેઠા હતા પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, 'આ વરસમાં મહારાજની તિથિ બ્રહ્મચારી આંહીં કરશે.' ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'મારી બલા રાત આંહીં કરે છે હું તો ગઢપુર કરીશ.' અને બોલ્યા જે, 'લાવો, મારી ગાડી.' એટલે રઘુવીરજીમહારાજે ગાડી તૈયાર કરાવી આપી એટલે તેમાં બેસીને શાંતાનંદસ્વામીને સાથે લઈને ગઢપુર આવ્યા અને મહારાજની તિથિ ગઢપુર કરી. ॥૮૭૬॥

એક વખત મુળજી બ્રહ્મચારી તથા વૈકુંઠ બ્રહ્મચારી વડોદરે ગયા હતા ત્યાં ઉત્તરાયણ કરી પછી ત્યાં કેટલાક હરિજનોએ દળના લાડવા તથા તલના લાડવાની બ્રહ્મચારીને ભેટ કરી અને કેટલાક વસ્ત્ર પણ ઓઢાડ્યાં. પછી બીજે દિવસે ત્યાંથી ચાલી નીકળ્યા. તે ચાલતાં ચાલતાં ગામ ખેડાને પાદર આવ્યાં. ત્યાં વૈકુંઠ બ્રહ્મચારીએ કહ્યું જે, 'તમો આ ખેડી નદી ઉતરીને ગાડું છોડજો અને હું ગામમાંથી જઈને બળદીયા સારુ ખડ લઈ આવું.' પછી વૈકુંઠ બ્રહ્મચારી ગામમાં ખડ લેવા ગયા અને મુળજી બ્રહ્મચારી ગાડામાંથી હેઠા ઉતરીને ગાડાને હડસેલીને નદીના પાણીમાંથી બહાર કાઢ્યું પછી ગાડાને ઉભું રાખ્યું ત્યાં બળદીયા મુતર્યા ત્યારે મુળજી બ્રહ્મચારીએ જાણ્યું જે, 'આ તો બળદીયાએ મુતર કર્યું. માટે તેને ખાવા જોઈએ.' પછી મુળજી બ્રહ્મચારીએ પોતાની પાસે દળના લાડવાના ટોપલા ભર્યા હતા તે એક એક ટોપલો બળદીયા આગળ ખાવા મૂક્યો તેમાં કેટલુંક બળદીયે ખાધું અન કેટલુંક ખરાબ કરી નાંખ્યું.

એટલામાં વૈકુંઠ બ્રહ્મચારી ગામમાંથી ખડ તથા કપાસીયા લઈને ચાલ્યા આવતા હતા. તે વૈકુંઠ બ્રહ્મચારીને છેટેથી આવતા જોઈને મુળજી બ્રહ્મચારી બુમ પાડવા લાગ્યા જે, 'ઝટ, ઉતાવળો હાલ. ઝટ ઉતાવળો ચાલ્ય આહીં તારા બાપે મુતર કર્યું !' વૈકુંઠ બ્રહ્મચારી જ્યાં આવીને ત્યાં જુએ ત્યાં તો ભાતાના બન્ને ટોપલા બળદીયા આગળ મૂકેલ ભાળ્યા. એટલે વૈકુંઠ બ્રહ્મચારીએ કહ્યું જે, 'આ તમે શું કર્યું ?' બ્રહ્મચારી કહે કે, 'બળદીયે મુતર કર્યું અને તું ગયો ત્યાં ને ત્યાં રહ્યો.' વૈકુંઠ બ્રહ્મચારી કહે, બળદીયા તો ખડે ખાય અને હવે તમે શું ખાશો ?' પછી બળદીયા પાસેથી બન્ને ટોપલા લઈ લીધા અને ત્યાર પછી ત્યાં ગુરુ શિષ્યને બહુ સંવાદ થયો. પછી ઉપરથી બગડેલ લાડવા કાઢી નાંખ્યા. ને નહાઈ ધોઈને પૂજા કરીને ભાતું જમ્યા. ॥૮૭૭॥

**ગઢપુર**માં ગોપીનાથજીમહારાજનું મંદિર થાતું હતું અને કાનજી શેઠનો દીકરો **વીસો શેઠ** ચુનાનાં તગારાં આપતા હતા તેને એક દિવસ ગોળો ચડ્યો હતો એટલે તે દિવસ તે તગારાં આપવા આવી શક્યા નહીં. પછી કાનજી શેઠ દર્શને આવ્યા. ત્યારે મુળજી બ્રહ્મચારીએ પૂછ્યું જે, 'આજ વીસો તગારાં દેવા કેમ આવ્યો નથી ?' ત્યારે કાનજી શેઠ કહે કે, 'બ્રહ્મચારી મહારાજ ! જો મરે તો વીસો જ મરે !' બ્રહ્મચારી કહે, 'શું થયું છે ?' કાનજી શેઠ કહે, 'ગોળો ચડ્યો છે.' ત્યારે બ્રહ્મચારી કહે, 'વાણિયા તો વેવલાં હોય ! જાવ આડા ધોબા મીઠાનું પાણી પાઈ દ્યો તો સારું થઈ જાશે.' પછી કાનજી શેઠે ઘેર જઈ વીસા શેઠને મીઠાનું પાણી પાયું એટલે ગોળો મટી ગયો ને જીવંત પર્યંત ગોળો ચડ્યો જ નહીં. ॥૮૭૮॥

એક સમે મુળજી બ્રહ્મચારી પોતે ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી પાસે બેઠા હતા. ત્યાં તેમના શિષ્ય શાંતાનંદ સ્વામીને દર્શને ગયા. ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'સ્વામી ! શાંતાનંદ આવ્યો.' એમ બે ચાર વાર કહ્યું એટલે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, 'હા, બ્રહ્મચારી ! આ શાંતાનંદને ભાળ્યો !' સ્વામી કહે કે, 'તમે જેવા શાંતાનંદમાં બંધાણા છો તેવા મહારાજમાં બંધાઓ તો સારું. તો વાંધો રહે નહીં.' ॥૮૭૯॥

એક વખત રઘુવીરજીમહારાજ સાથે સદ્‌ગુરુઓ તથા મુળજી બ્રહ્મચારી ગામ **ઘાણલા** પધાર્યા હતા અને ત્યાંના હરિજનો સૌ બ્રહ્મચારીને દર્શને આવ્યા. તે વખતે બ્રહ્મચારી કહેવા લાગ્યા જે, 'એ શાંતાનંદ...હું ભૂખ્યો મરી ગયો.' ત્યારે શાંતાનંદસ્વામી કહે, 'ગાડું છોડી, સામાન હેઠો ઉતારું ત્યારે આપુંને! ' તે વખતે ત્યાંના હરિજન ભગાભગત વિગેરે બ્રહ્મચારીને દંડવત કરતા હતા તેમને કહ્યું જે, 'એ ભગલા ! આ

બળદીયા બહુ ભૂખ્યા થયા છે. તેના સારુ ગોળ લાવો.' પછી હરિજનો ગામમાંથી ગોળનું ભેલું લાવ્યા. તે જોઈ બ્રહ્મચારી બોલ્યા જે, 'એલા ભગલા ! આવો કઠણ ગોળ બળદીયા ખાઈ શકે ?' પછી શાંતાનંદસ્વામી બોલ્યા જે, 'બ્રહ્મચારી મહારાજ ! બળદીયા તો લાકડાં સુધાં ખાય.' પછી હરિજનોએ ગોળને ભાંગીને કટકા કર્યા. તે બ્રહ્મચારીએ પોતાને હાથે કરીને બળદને ખવરાવ્યો અને પોતાનું જમવાનું ભૂલી ગયા અને રાતે ખીચડી જમ્યા. ॥૮૮૦॥

મહારાજ અને બ્રહ્મચારી જ્યારે રસ્તે ચાલ્યા જતા હોય ત્યારે મહારાજ બોલે જે, 'બ્રહ્મચારી ! મને બહુ થાક લાગ્યો છે.'' ત્યારે બ્રહ્મચારી મહારાજને પોતાને ખંભે બેસારતા એમ કેટલીક વખત મહારાજને પોતાને ખંભે બેસારીને રસ્તામાં ચાલતા ને મહારાજની સાથે એકતા હતી તે ગમે તેવાં મહારાજ ચરિત્ર કરે પણ જરાય શંકા થાય નહીં. ॥૮૮૧॥

એક વખતે બ્રહ્માનંદસ્વામીએ મહારાજને કહ્યું જે : મુળજી બ્રહ્મચારી બહુ ભોળા છે તેની પરીક્ષાને માટે મહારાજે સભામાં બ્રહ્મચારીને કહ્યું જે, ''બ્રહ્મચારી ! તમે વૃદ્ધ થયા. તે રામબાઈ ડોશીને ત્યાં જમો.'' ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'મહારાજ ! હું જ્યારે ત્યાં જમું ત્યારે મારે તેને સીધું દેવું જોઈએ. શાક પાંદડું આપવું જોઈએ અને તે જોઈને લોક શું બોલે ? તે દિવસ મારે ગંગાજળીયો કુવો બુરવો પડે. તે હું ડોશીયુંના હાથનું ખાઉં તો હરામ ખાઉં અને મારા વંશના કોઈ ખાય તો તે પણ હરામ ખાય !' એમ બ્રહ્મચારીએ સમ ખાધા ત્યારે મહારાજ બોલ્યા જે, ''જુઓ, સ્વામી ! આવા બ્રહ્મચારી ભોળા છે !'' ॥૮૮૨॥

મુળજી બ્રહ્મચારી જ્યારે પૂજા કરતા હોય ત્યારે સૌ દર્શને આવે. એટલે બ્રહ્મચારી સૌને કહે, 'જો ઠાઠ જોવો હોય તો વૈકુંઠ પાસે જાઓ અને અહીંયાં તો મહારાજ અને શિક્ષાપત્રી એ બે જ છે. ॥૮૮૩॥

અને બ્રહ્મચારી જ્યારે માનસી પૂજા કરવા બેસતા ત્યારે પ્રત્યક્ષને જમાડતા હોય ને મનુષ્ય બેઠું હોય તે સાંભળે તેમ બોલી બોલીને માનસી પૂજા કરતા અને મહારાજને પૂછતા જે, 'મહારાજ ! શું લેશો ? દૂધપાક લેશો ? પુરી લેશો ? ભજીયાં લેશો કે શાક લેશો ?' એમ પૂછતા જાય અને મહારાજ પણ પ્રત્યક્ષ પોતાના આગળ જમતા દેખાય. ॥૮૮૪॥

મહારાજે એક વખત **પાંચુબાઈ**ને કહ્યું જે, 'અમે તમારી પડોશમાં રહેવા આવશું

!' ત્યારે પાંચુબાઈ કહે, 'બહુ સારું.' એમ શ્રીજીમહારાજે પંચુબાઈને કહેલ અને તુરત ગોપીનાથજીમહારાજને પધરાવ્યા. ॥૮૮૫॥

એક વખત પાંચુબા ગઢપુરમાં બ્રહ્મચારીના ચોકમાં છત્રી છે ત્યાં તેમનો ઓરડો હતો અને તે ઠેકાણે છાશ તાણતાં હતાં પછી મહારાજ અક્ષરઓરડીમાંથી સવારમાં ત્યાં આવ્યા અને પાંચુબાને કહ્યું જે, 'પાંચુબાઈ ! શું કરો છો ?'' પાંચુબાઈ કહે, 'મહારાજ ! છાશમાં કોકની નજર પડી છે તે થાતી નથી.' મહારાજ કહે કે, 'લાવો, હું તાણી દઉં.' પછી મહારાજે હાથમાં નેતરાં લઈને છાશના બે ઝડકા માર્યા અને છાશમાંથી માખણ ઉપર તરી આવ્યું ને મહારાજ બોલ્યા જે, ''પાંચુબાઈ ! લ્યો, આ તમારી છાશ થઈ રહી.'' એમ પાંચુબાને છાશ તાણીને રાજી કર્યા. ॥૮૮૬॥

# સદ્ગુરુ આનંદાનંદ બ્રહ્મચારીની વાતો

જેમને શ્રીજીમહારાજે સનકાદિક કહીને આરતી ઉતારી હતી. એક સમે **મેઉ** ગામને વિષે સદ્ગુરુ **રામાનંદસ્વામી** પધાર્યા હતા અને ત્યાં **બહેચરભાઈ પંચોળી** કરીને એક પવિત્ર બ્રાહ્મણ ને વળી વિદ્વાન અને પૂર્વના મુમુક્ષુ એવા રામાનંદસ્વામીના સેવક તે ગામમાં રહેતા હતા. ત્યાં રામાનંદસ્વામી પધાર્યા અને બહેચરભાઈએ સ્વામીને વિનંતી કરી જે, 'સ્વામી ! કાલે મારે ત્યાં જમવાનું આમંત્રણ કરું છું.' સ્વામીએ પોતાના શુદ્ધ ભક્ત જાણીને આમંત્રણ સ્વીકાર્યું. પછી બીજે દિવસે સવારમાં રસોઈ તૈયાર કરી. બહેચરભાઈ પોતે સ્વામીને તેડવા માટે તેમને ઉતારે ગયા. સ્વામી વાહનમાં બેસી બહેચરભાઈને ઘરે જમવા પધાર્યા. પછી ત્યાં સ્વામીને બાજોટ ઉપર બેસારી ઉષ્ણ જળથી સ્નાન કરાવ્યું. પછી સ્વામીને પીતાંબર પહેરાવી બાજોટ ઉપર જમવા બેસાર્યા. પછી સ્વામી પોતાના શિષ્ય વર્ગ સહિત જમવા બેઠા. તેમને બહેચરભાઈએ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય ચોસ્ય એ ચાર પ્રકારના ભોજન સ્વામીને પીરસ્યા અને ખુબ મનુવાર કરીને સ્વામીને જમાડ્યા. પછી શુદ્ધ આચમન કરાવી પોતાની ઓસરીમાં ગાદી તકીયો નંખાવી તે ઉપર સ્વામીને પધરાવ્યા. પછી ધૂપ દીપ વિગેરે ષોડશોપચારથી સ્વામીની પૂજા કરી દંડવત અને પરિક્રમા કરીને સ્વામીને પાય લાગ્યા. પછી સ્વામી પ્રસન્ન થઈ પોતાના શુદ્ધ ભક્ત જાણી બોલ્યા જે, 'તમારે ઘરે સનંદન નામના સનકાદિક અવતાર લેશે અને તે આ પૃથ્વીને વિષે મહા પ્રખ્યાતિને પામશે અને જીવંત પર્યંત બ્રહ્મચર્યવ્રત પાળીને સ્વામિનારાયણ ભગવાનની સેવા કરશે એવા મહાપ્રતાપી થાશે.' એવાં સ્વામીનાં આશિષવચન સાંભળીને બન્ને દંપતી (સ્ત્રી પુરૂષ) બહુ જ પ્રસન્ન થયાં અને સ્વામી થોડાક દિવસ ત્યાં રહીને ગામડામાં ફરવા પધાર્યા. પછી સંવત્ ૧૮૫૪ના માઘ સુદી પંચમીને દિવસે બહેચરભાઈને ઘરે સદ્ગુરુ રામાનંદસ્વામીના આશીર્વાદથી પુત્ર જનમ્યા. તે વખતે માતાપિતાએ ચૌલ સંસ્કાર કર્યા અને તેમનું નામ દલસુખ ધારણ કર્યું હતું એવા એ પુત્રને જોઈને તેઓ ઘણાં પ્રસન્ન થયાં અને પોતે બાલચંદ્રની પેઠે વૃદ્ધિને પામ્યા અને માતાપિતા પણ પોતાના પુત્રના સદ્ગુણ જોઈને ઘણાંક પ્રસન્ન થાતાં હવાં અને સદ્ગુરુ રામાનંદસ્વામીએ જેવું કહ્યું હતું તેવા જ પુત્રના ગુણ જોઈને ઘણાંક પ્રસન્ન થાતાં હતા. પછી આઠ વરસના થયા ત્યારે વેદોક્ત વિધિથી પિતાએ ઉપવીત સંસ્કાર કરાવ્યું અને બ્રહ્મચારીના ધર્મ કહી સંભળાવ્યા અને પોતાને પણ એવો જ વિચાર હતો જે, 'મારે બ્રહ્મચર્યવ્રત પાળીને વિદ્યાભ્યાસ કરવો છે. 'પછી પોતે ગૃહનો

ત્યાગ કરી સંવત્ ૧૮૬૪ની સાલમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની સેવામાં દાખલ થયા અને પોતે શ્રીસ્વામિનારાયણ થકી ભાગવતી દીક્ષા લઈ આનંદાનંદ નામ ધારણ કર્યું અને કેટલીક વખત સ્વામિનારાયણ ભગવાન સદ્ગુરુ આનંદાનંદ બ્રહ્મચારીને બથમાં ઘાલીને મળ્યા હતા. અને કેટલીક વખત છાતીમાં ચરણારવિંદ આપ્યાં હતા. એક વખત દલસુખરામભાઈ મછીઆવ પોતાના મામા (મુળજી બ્રહ્મચારી) ને ઘરે ભણવા માટે ગયા હતા. તે સમયમાં શ્રીજીમહારાજ મછીઆવ પધારેલા હતા અને દલસુખરામ ગામને પાદર બાળકો ભેળા રમતા હતા ત્યાં શ્રીજીમહારાજ સખા સહિત પધાર્યા. પછી મહારાજ દસસુખરામભાઈનું નામ લઈને બોલાવ્યા. પોતાનું નામ સાંભળી તુરત તેઓ મહારાજ પાસે આવીને પગે લાગ્યા ત્યારે મહારાજ કહે, 'દલસુખ ! ફુઈબાને કહી આવ્ય જે રોટલા લાવે અને રંગાં ફઈને કહે જે માંખણ લાવે.' તે સાંભળી દલસુખભાઈ એકદમ દોડ્યા ગયા અને ફુઈબાને કહ્યું જે, 'મહારાજ! સખાસહિત ગામને પાદર પધાર્યા છે તે રોટલા મગાવ્યા છે.' તે સાંભળીને ફુઈબાએ એક માણસને માથે રોટલાનું તપેલું ભરીને મહારાજ પાસે મોકલ્યા અને પોતે પણ સાથે ગયા પછી દલસુખભાઈ રંગાં ફઈને ઘરે ગયા અને કહ્યું જે, 'મહારાજ સખાસહિત ગામને પાદર પધાર્યા છે તે માંખણ મંગાવે છે.' તેથી રંગાફઈ માંખણનું મોટું તપેલું ભરીને મહારાજ પાસે લઈને ગયા એટલે મહારાજે તળાવની પાળે સખાની પંક્તિ કરીને તેમના રોટલા તથા માંખણ અને દૂધ સૌને જમાડ્યા અને દલસુખભાઈની ઉપર શ્રીજીમહારાજ બહુ જ પ્રસન્ન થઈ ને તેમના માથા ઉપર પોતાના બે હાથ મૂક્યા. ॥૮૮૭॥

એક વખત **દલસુખભાઈ**એ પોતાના માતાપિતાને કહ્યું જે, 'મારે ઘરનો ત્યાગ કરીને શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસે જવું છે અને આજીવન તેમની સેવામાં ગાળવું છે કેમકે મારે સંસારમાં રહેવું નથી.' પછી તેમનું વચન સાંભળીને તેમના માતાપિતા બહુ વિચારમાં પડ્યા જે, 'હજુ બાલ્યાવસ્થામાં આટલો બધો વૈરાગ્ય છે તો રામાનંદસ્વામીના કહેવા પ્રમાણે આ તો સનંદન નામનાં સનકાદિક જરૂર હશે.' પછી પોતાના સંબંધીઓનો ત્યાગ કરીને ગઢપુર આવીને શ્રીસ્વામિનારાયણની સેવામાં રહ્યા. ॥૮૮૮॥

સંવત્ ૧૮૭૮ની સાલમાં **અમદાવાદ** માં નરનારાયણ દેવ પધરાવ્યા અને મોટા આનંદાનંદસ્વામીને ત્યાં અમદાવાદમાં રાખ્યા હતા. પછી પ્રથમ વરસનો અન્નકૂટ આવ્યો ત્યારે મોટા આનંદાનંદસ્વામીએ વિચાર કર્યો જે, 'આ શહેર ગામ છે માટે

બ્રહ્મચારી જો હોય તો સારૂં.' તે સમે શ્રીજીમહારાજ ગામ કારીયાણીમાં વિરાજમાન હતા. ત્યાં અમદાવાદથી મોટા આનંદાનંદસ્વામી આવ્યા ને શ્રીજીમહારાજને વંદના કરી જે, 'અમદાવાદ જેવું શહેર છે માટે ત્યાં બ્રહ્મચારી મોકલો તો સારું.' તે સમે શ્રીજીમહારાજ વસ્તાખાચરના દરબારમાં સભા કરીને વિરાજમાન હતા. પછી મહારાજે સંતની સભા સામું જોયું એટલે સભામાં સદ્‌ગુરુ આનંદાનંદ બ્રહ્મચારી બેઠા હતા. તેમને મહારાજે તર્જની આંગળીની સાને કરીને બોલાવ્યા. પણ સ્વામી કાંઈ સમજી શક્યા નહીં જે મને બોલાવે છે. પછી એક સંત પાસે બેઠા હતા. તેણે કહ્યું જે, 'બ્રહ્મચારી ! તમને મહારાજ બોલાવે છે.' પછી સ્વામી તરત ઉભા થઈને મહારાજ પાસે જઈ હાથ જોડીને ઉભા રહ્યા ત્યારે મહારાજે કહ્યું જે, ''આનંદાનંદ ! અમદાવાદ જશો ?'' ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું જે, મહારાજ તમે જયાં આજ્ઞા કરો ત્યાં જાઉ.' પછી મહારાજ ઉભા થઈને આનંદબ્રહ્મચારીને બાથમાં ઘાલીને મળ્યા અને પોતાની ડોકમાં ચાર ગુલાબનો હાર પહેર્યા હતા તે આનંદબ્રહ્મચારીની ડોકમાં પહેરાવ્યા અને મહારાજે કહ્યું, 'જા, તું એકલો ચાલજે.' પછી મોટા આનંદસ્વામીને બોલાવીને મહારાજે કહ્યું જે, ''આ આનંદબહ્મચારી તમારી સાથે અમદાવાદ આવે છે તે મુળજી બ્રહ્મચારી જેવો છે.'' ॥૮૮૯॥

પછી બીજે દિવસે મોટા આનંદસ્વામી સાથે **આનંદબ્રહ્મચારી** અમદાવાદ ગયા અને ત્યાં સાત મહિના સુધી નરનારાયણ દેવની સેવા કરી અને રૂગનાથ ગોર કરીને બ્રાહ્મણ હતા. તેમને મહારાજે મંદિરની સોંપણી કરી હતી અને રૂગનાથ ગોરના ઘરનાં મનુષ્ય થાળ કરતાં હતાં તે થાળ ધરીને પાછો પોતાની મેળે લઈ જાય અને સ્વામી દેવની સેવા કરતા અને પોતે ચોવીશ કલાકમાં એક વખત જમતા. પછી શ્રીજીમહારાજે લોયામાં જ્યારે શાક ઉત્સવ કર્યો ત્યારે પોતાને વિચાર થયો જે, 'હું પણ લોયે દર્શને જાઉં.' પછી મોટા આનંદસ્વામીની રજા લઈને પોતે ચાલવાને માટે તૈયાર થયા ત્યારે ગોકળચોકશીએ એક હાથ માદરપાટ આણી દીધો અને જે દિવસે સ્વામી લોયે આવ્યા તેની અગાઉથી શ્રીજીમહારાજ પંચાલે પધાર્યા હતા અને ગોપાળાનંદસ્વામીનું મંડળ સવારમાં ગામ પીપરડીએ ગયું હતું. સ્વામીએ લોયે આવીને સંઘા પટેલને પૂછ્યું જે, 'મહારાજ ક્યાં ?' ત્યારે સંઘો ભગત કહે, 'મહારાજ તો પાંચ દિવસ થયાં ગામ પંચાળે પધાર્યા છે અને ગોપાળાનંદસ્વામી આજ પીપરડીયે રાત છે તે દિવસે એકાદશી હતી એટલે સંઘા પટેલે કહ્યું જે 'બ્રહ્મચારી ! કાંઈ ફરાળ કરશો ?' ત્યારે સ્વામી કહે, 'સુખડીનું ફરાળ કરું ?' પછી પોતે સુખડી કરીને ઠાકોરજીને જમાડીને પછી પોતે જમ્યા અને બાકીની સુખડી વધી તે સંઘા પટેલને આપવા માંડી ત્યારે સંઘો પટેલ બોલ્યા

જે,'સ્વામી! કાલે બારસ છે તે તમારે પારણું કરવા થાશે. માટે તમો રાખો.' પછી સુખડીનો લોટો ભરી લીધો. ॥૮૯૦॥

પછી બારસના રોજ સ્વામી વહેલા ઉઠીને ચાલતા થયા અને ગામ **પીપરડીયે** ગોપાળાનંદસ્વામી ભેળા થયા પછી સ્વામીને દંડવત કરીને પગે લાગ્યા અને પછી સ્વામી સાથે ગામ પંચાળે ગયા. ત્યાં પંચાળે જઈને શ્રીજીમહારાજને દંડવત કરીને પગે લાગ્યા ને પ્રથમ મહારાજ ગોપાળાનંદસ્વામીને મળ્યા ને પછી આનંદસ્વામીને મળ્યા અને બાથમાં ઘાલીને મહારાજ બોલ્યા જે, ''આનંદાનંદ ! આવ્યો ?'' ત્યારે સ્વામી કહે, 'હા, મહારાજ.' પછી સભામાં મહારાજે વાત કરી જે, ''આ સાત મહિના સુધી અમદાવાદમાં રહ્યો પણ સ્ત્રી ધનમાં ફેર પડ્યો નહીં માટે આ મુળજી બ્રહ્મચારી જેવો છે.'' એમ કહીને મહારાજ બીજીવાર બથમાં ઘાલીને મળ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી મહારાજે એક ગાલીચો મગાવ્યો અને તે ઉપર ચાર જણને બેસાર્યા. તેમાં એક તો સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદજી, બીજા સદ્‌ગુરુ બ્રહ્મચારી વાસુદેવાનંદજી, ત્રીજા સદ્‌ગુરુ બ્રહ્મચારી વૈકુંઠાનંદજી, ચોથા સદ્‌ગુરુ બ્રહ્મચારી ગોવિંદાનંદજી એ ચાર જણને મહારાજે પોતાના ઢોલિયા સન્મુખ બેસાર્યા અને પછી મહારાજ બોલ્યા જે, 'મુક્તાનંદસ્વામી ! ગોપાળાનંદસ્વામી ! આ ચારે સનકાદિકની જોડ થઈ.'' એમ કહીને મહારાજે તેમની આરતી ઉતારી અને તેમને જોઈને મહારાજ બહુ જ રાજી થયા. ॥૮૯૧॥

એક વખત શ્રીજીમહારાજ જુનાગઢ પધારતા હતા અને ગામ **પીપરડી**ને પાદર શ્રીજીમહારાજ પધાર્યા. ત્યાં મહારાજ બહુ જ તરસ્યા થયા હતા અને **આનંદાનંદસ્વામી** ખંભે લોટો લઈને કુવાને કાંઠે ઉભા હતા ત્યારે મહારાજ બોલ્યા જે, 'બ્રહ્મચારી ! શું ઉભો છે ? પાણી કાઢ્ય પાણી !'' પછી સ્વામીએ લોટો અને અબખોરો ઉટકીને કુવામાંથી પાણી કાઢીને મહારાજને પાયું. તે મહારાજ ચાર અબખોરા પાણી પી ગયા. પછી સૌ સંતે પાણી પાયું અને પછી માણકી ઘોડીને પાણી પાયું. પછી મહારાજ બોલ્યા જે, ''ભલે, આનંદાનંદ ! ભલે તારી જુવાની કામ આવી.'' ॥૮૯૨॥

એક સમે મહારાજ શ્રીવાસુદેવનારાયણને ઓરડે થાળ જમતા હતા અને મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી વિગેરે સદ્‌ગુરુ પાસે બેઠા હતા. પછી મહારાજે પોતાની જનોઈ દેખાડીને સૌને કહ્યું જે, ''આનું સૌને અભિમાન છે.'' પછી ગોપાળાનંદસ્વામી વિગેરે સદ્‌ગુરુઓ શ્રીજીમહારાજની પ્રસાદી લેવા માટે ગયા. પછી મહારાજે સૌને પ્રસાદી આપી. તે વખતે મુળજી બ્રહ્મચારી તથા આનંદાનંદ બ્રહ્મચારી

તે પ્રસાદી લેવા ઉઠ્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે,"તમને તો બ્રહ્મચારી રાખવા છે માટે તમને પ્રસાદી નહીં આપું." પછી મહારાજે તેમને સાકરની પ્રસાદી આપી. ॥૮૯૩॥

શ્રીજીમહારાજ બોટાદથી ચાલ્યા તે ગામ **જોટીંગડા**ને પાદર આવ્યા. ત્યાં આનંદાનંદસ્વામી મહારાજને માટે ઠંડા પાણીનો લોટો તથા અબખોરો ભરીને તૈયાર કરીને રાખ્યો હતો. તે શ્રીજીમહારાજ ત્યાં પધાર્યા ત્યારે ત્યાં આઠવડી ધાબળી પાથરીને તે ઉપર પધરાવ્યા. ત્યાર પછી ઠંડું જળ પાયું. મહારાજ જળ પીઈને બહુ જ પ્રસન્ન થયા. ને માથે હાથ મેલ્યા. ॥૮૯૪॥

**ગઢપુર**માં જ્યારે શ્રી ગોપીનાથજીમહારાજ પધરાવ્યા ત્યારે શ્રીજીમહારાજે **સદ્‌ગુરુ આનંદાનંદ બ્રહ્મચારી**ને સેવામાં રાખ્યા હતા. તે ઘણાક વરસ સુધી સ્વામીએ શ્રીગોપીનાથજીમહારાજની સેવા કરી. શ્રીગોપીનાથજીમહારાજની વસ્ત્ર તથા અલંકાર વિગેરેની હરિજન પાસે ઘણી જ સેવા કરાવી. ॥૮૯૫॥

જુનાગઢ જ્યારે દેવ પધરાવ્યા ત્યારે શ્રીજીમહારાજે ગઢપુર સભામાં કહ્યું જે, "જુનાગઢ જાય તેનો જામીન હું." એમ કહ્યું તે વખતે સદ્‌ગુરુ આનંદાનંદ બ્રહ્મચારી તથા ગુણાતીતાનંદ સ્વામી તથા જોરોભાઈ એ ત્રણે જણ ઉભા થયા ને મહારાજને પગે લાગ્યા. પછી મહારાજે આનંદાનંદસ્વામીને પોતાની પાઘડી પ્રસન્ન થઈને આપી અને ગુણાતીતાનંદસ્વામીને પોતાનો ખેસ આપ્યો અને જોરાભાઈને અંગરખું આપ્યું. એવી રીતે ત્રણેને ત્રણ વસ્ત્ર આપ્યાં. પછી સમાધિવાળા નારાયણદાસ સાબદા થયા અને પછી ત્રણે જણા અક્ષરઓરડીમાં શ્રીજીમહારાજને દર્શને ગયા ત્યારે ગુણાતીતાનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ !આ નારણદાસજી સાથે આવે છે.' તે વખતે શ્રીજીમહારાજ જમીને અક્ષર ઓરડીમાં ટેલતા હતા. પછી મહારાજ પાસે તે વતે કાંઈ વસ્ત્ર નહોતું. એટલે નારાણદાસને પોતાની પાસે બોલાવ્યા અને નારણદાસના પેટ ઉપર મહારાજ હાથ ફેરવીને બોલ્યા જે, "સ્વામી ! આ નારણદાસનું પેટ પ્રસાદીનું કરી દીધું." પછી એ ચારે જણા જુનાગઢ ગયા અને આનંદસ્વામીએ જુનાગઢમાં ઘણાક વરસ સુધી દેવની પૂજા કરી હતી. ॥૮૯૬॥

અને **ધોલેરા**માં જ્યારે **મદનમોહનજીમહારાજ** પધરાવ્યા ત્યારે શ્રીજીમહારાજે આનંદસ્વામી ગઢપુરમાં હતા ત્યાં અક્ષરઓરડીમાં બોલાવીને કહ્યું જે, "તમો ધોલેરે મદનમોહનજીની સેવામાં જાઓ." ત્યારે સ્વામી કહે, "બહુ સારું, મહારાજ ! પણ હું અત્યારે ભણું છું." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમને ભણવાનો જોગ કરી આપશું." પછી મહારાજને મળીને તેઓ ધોલેરે દેવની સેવા કરવા ગયા. એમ શ્રીજીમહારાજ

કેટલીક વખત પ્રસન્ન થઈને મળ્યા હતા તથા કેટલીક વખત છાતીમાં ચરણારવિંદ આપ્યાં હતાં. ॥૮૯૭॥

એક વખત ગઢપુરમાં સ્વામી પોતાને આસને બેઠા હતા. તે વખતે ગામ **ઝાંઝમેર**ના **જેરામ બ્રાહ્મણ** સ્વામીને દર્શને આવ્યા. તે દંડવત કરીને પગે લાગીને સ્વામીની સન્મુખ બેઠા. ત્યારે સ્વામીએ કહ્યું જે, 'જેરામ ! ગામમાં સત્સંગ કરાવ્ય ને!' ત્યારે બ્રાહ્મણે કહ્યું જે, 'સ્વામી ! ગરીબ બ્રાહ્મણનું કોણ માને ?' ત્યારે સ્વામી કહે કે, 'કેમ હોય તો માને ?' ત્યારે બ્રાહ્મણ કહે, 'સ્વામી ! દશ હજાર રૂપિયા હોય તો હમણાં સૌ માને અને સૌને સત્સંગ કરાવું.' પછી સ્વામી કહે, 'જા, તારે દશ હજાર રૂપિયા થાશે.' પછી સ્વામીના વચન પ્રમાણે તેને તેટલા રૂપિયા થયા. અને ગામમાં તેણે સત્સંગ પણ કરાવ્યો. ॥૮૯૮॥

એક વખત સ્વામી **ગજાભાઈ**ની વાવડીએ પધાર્યા હતા અને ત્યાંના દરબાર **નાનભા** હતા. તેમને આંખ્ય નીચે મોટો મસ નીકળ્યો હતો. તે નિરંતર વૃદ્ધિ પામતો હતો. પછી તે દરબાર સ્વામીને દર્શને આવીને પગે લાગ્યા ને બેઠા. પછી સ્વામીએ દૃષ્ટિ માંડીને જોયું.ત્યાં તો તે મસ જોવામાં આવ્યો. તે જોઈ સ્વામીએ કહ્યુ જે,'દરબાર! આ શું છે ?' ત્યારે દરબાર કહે, 'સ્વામી ! એ તો મસ નીકળ્યો છે. તે દિન પ્રતિદિન વધતો જાય છે અને આંખને જોખમ કરે એમ જણાય છે.' પછી સ્વામીએ પોતાની પાસે બોલાવીને મસ ઉપર પોતાની તર્જની આંગળી ફેરવી અને પછી તેઓ ઘરે ગયા. પછી રાત્રે સુતા અને સવારે ઉઠીને જુવે ત્યાં તો મસ ક્યાંઈ જોવામાં આવ્યો નહીં અને મોઢા જેવું મોઢું થઈ ગયું. તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા જે, 'આ શું મસ ક્યાં ગયો ?' ॥૮૯૯॥

ગામ વાવડીના ભગવાન પટેલને કોઈકે વીર વળગાડ્યા હતા. તે તેને અહોનિશ દેખાયા જ કરે. તેની ચિંતાએ કરીને પોતે બહુ જ દુઃખી હતા. પછી તે સ્વામી પાસે આવીને બેઠો. તેને સ્વામીએ પૂછ્યું જે, 'ભગવાન ! કેમ બહુ દુબળો થઈ ગયો છે ?' ત્યારે ભગવાન કહે કે, 'સ્વામી ! મને કોઈકે વીર વળગાડ્યા છે. તે રાત દિવસ દેખાયા જ કરે છે તેથી મને ચિંતા રહ્યા કરે છે. તેથી શરીર સુકાઈ ગયું છે.' પછી સ્વામી કહે, 'આજ રાતે મારી પાસે રહે અને તેના શા ભાર છે તે તારી પાસે આવી શકે ?' પછી તે રાતે સ્વામી પાસે રહ્યા ને રાત્રે બે વીર દેખાણા. ત્યારે ભગવાન કહે, 'ખડકીની બહાર ઉભા છે.' પછી સ્વામીએ બેઠા થઈને હાંક મારી એટલે તે નાસી ગયા અને દેખાતા બંધ થયા ને તે પાકો સત્સંગી થયો. ॥૯૦૦॥

એક વખત સ્વામી **રેવે** પધાર્યા હતા અને ત્યાં આઠ દશ દિવસ રહ્યા. ત્યાં

હરિજનોએ સારી સેવા કરી. પછી સ્વામી બીજે ગામ જતા હતા ત્યારે સૌ હરિજનો સ્વામીને વળાવવા નીકળ્યા. તે વખતે ત્યાંના **શેઠ અમીચંદ** નામે કરીને હતા. તેણે સ્વામીને હાથ જોડીને પૂછ્યું જે, 'સ્વામી ! મારા જેઠાભાઈનું બૈરું બહુ જ બીમાર રહે છે.' તે સાંભળીને સ્વામીએ હાથમાં માળા લઈને કહ્યું જે, 'પાછો વળ્ય પાછો અને તેને ભોંય લીધેલ છે.' ત્યાંતો તેનો દીકરો પછવાડેથી દોડતો આવીને કહ્યું જે, 'બાપા ! ઘરે ચાલો, મારી કાકીને ભોંય લીધી છે.' તે સાંભળીને તે વાણિયો ઘણો જ દિલગીર થઈ ગયો અને ત્યાં લમણે હાથ દઈને પોક મેલીને બેસી ગયો કેમકે બાવીસેં રૂપિયા ખરચીને પરણાવ્યો હતો. ||૯૦૧||

ગામ **ઉમરાળામાં હીરો શેઠ** કરીને વાણિયા હતા અને ફક્ત એક દીકરી હતી બીજી પ્રજા કાંઈ નહોતી અને તે દીકરી પણ બાળપણથી રાંડી હતી. તેથી તે શેઠ બહુ જ કલ્પાંત કરતા હતા અને તે વખતે સ્વામી તેનો ખરખરો કરવા પધાર્યા હતા. તે વખતે તે વાણિયે બહુ જ કલ્પાંત કરવા માંડ્યું ત્યારે સ્વામી કહે, 'શા માટે કલ્પાંત કરો છો? પરમેશ્વરે જે કર્યું હશે તે ઠીક કર્યું હશે ! તારે દીકરો નથી તે આ તારો દીકરો અને તે તમારી બન્ને જણની સેવા કરશે અને તમો બન્નેને તે તારશે એટલું જ નહીં પણ તે બાઈ આખા ગામને તારશે એવાં ભક્ત થાશે.' શેઠે કહ્યું જે, 'સ્વામી! તે કાંઈ ભણેલી નથી.' તે સાંભળીને સ્વામીએ પોતાની પાસે ઉદ્ધવગીતાનું પુસ્તક હતું તે શેઠને આપ્યું ને કહ્યું કે, 'આ પુસ્તક આપજે તે વાંચશે.' ત્યારે શેઠે કહ્યું, 'સ્વામી ! ભણ્યા વિના શું વાંચે ?' સ્વામીએ આશીર્વાદ દઈને કહ્યું જે, 'તું તેને પુસ્તક આપજે એટલે વાંચશે.' હીરાશેઠે તે પુસ્તક લઈને તેની દીકરીને આપ્યું અને તે પુસ્તક તેની દીકરી રળીયાતબા વાંચવા મંડ્યા. તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યાં અને તેણે સ્વામીની આશિષ મુજબ આખા ગામને તાર્યું ને ખુબ સાધુની તથા મંદિરની સેવા કરીને બાઈયુંને મહામુક્ત જેવી બનાવી હતી. ||૯૦૨||

એક વખત સ્વામી **ઉમરાળા**માં મંદિર કરવા પધાર્યા હતા અને ત્યાંના હરિજન બહુ દુબળા હતા અને એક નથુ શ્રીમાળી કરીને શ્રીમંત બ્રાહ્મણ હતો પણ તેને કાંઈ પ્રજા નહોતી અને સૌ હરિજનોએ પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે મંદિરની સેવા કરી. પછી નથુ શ્રીમાળીએ સ્વામીને કહ્યું જે, સ્વામી ! જો મારે દીકરો થાય તો તમે કહો તે સેવા કરૂં.' ત્યારે સ્વામી કહે, 'વધઘટનો ધણી તું થા ને મંદિર પુરું કરાવી આપ્ય તો તારે દીકરો થાય.' પછી તેણે અધુરું મંદિર પુરૂં કરતાં જે ખરચ થયો તે તેણે આપ્યો અને મંદિર પુરું કરાવ્યું. પછી તેને દીકરો થયો. તે અષ્ટવંકો હતો. પછી નથુ શ્રીમાળીએ સ્વામીને

કહ્યું જે, 'સ્વામી ! આ તો આઠવાંકો આવ્યો.' સ્વામી કહે, 'જા, તારે બીજા બે દીકરા સારા થાશે.' પછી સ્વામીનાં વચન પ્રમાણે તેને બીજા બે સારા દીકરા થયા. ।।૯૦૩।।

જે વખતે **ઉમરાળા**ના મંદિરનું કામ ચાલતું હતું અને ત્યાં આથમણી જગ્યામાં એક લીંબડો હતો. તે મંદિર ચણાવતાં અડચણ કરતો. પછી સ્વામીએ કહ્યું જે, 'તેની એક ડાળ પાડી નાખો.' પછી સૌ હરિજનોએ કહ્યું જે, 'સ્વામી! દરબારની રજા સીવાય આપણાથી લીંબડો કપાય નહીં.' ત્યારે સ્વામી કહે કે, 'હું કહું છું ને પાડો અને પૂછશે તો હું જવાબ આપીશ.' પછી પોતે પાસે રહીને એક મોટી ડાળ કપાવી નાંખી. તે વાતની ત્યાંના ન્યાયાધીશને ખબર પડી એટલે એક માણસને મોકલીને કહ્યું જે, 'જે માણસે લીંબડો કપાવ્યો હોય તેને આંહીં બોલાવો.' તે વખતે સ્વામી સોળે હતા. તે પૂજા કરવા બેઠા હતા. ત્યાં દરબારી માણસે આવીને કહ્યું જે, 'આ લીંબડો કોણે કાપ્યો છે ?' ત્યારે સ્વામી કહે, 'મેં કાપ્યો છે.' ત્યારે તે માણસ કહે કે, 'સાહેબ ! તમને બોલાવે છે.' સ્વામી સોળે હતા એટલે તરત ચાંખડીયું પહેરીને બે બ્રહ્મચારીને સાથે લઈને તેને ઉતારે ગયા. તે વખતે તે ન્યાયાધીશ ભાણાભાઈ દાતણ કરતા હતા. તે સ્વામીને દરવાજામાં આવતા ભાળીને એકદમ સામા આવીને દંડવત કર્યા અને સ્વામીને વંદના કરીને કહ્યું જે, 'સ્વામી ! આપ આંહીંયાં શા માટે પધાર્યા ?' ત્યારે સ્વામી કહે, 'મેં લીંબડો કાપ્યો છે એટલા માટે. 'ત્યારે ન્યાયાધીશ કહે, 'સ્વામી! સુખેથી ભલે કાપ્યો !' ન્યાયાધીશ કહે, 'આજે મારો ઠાકોરજીને થાળ છે અને તમે આંહીંયાં પધાર્યા. તે જોઈ મને બહુજ ભીતી લાગી છે. માટે મારી ઉપર કૃપાદૃષ્ટિ રાખજો.' પછી તેણે પાંચ દિવસ સુધી જેટલા માણસ હતા તેને સૌને રસોઈ આપી અને સ્વામીનો આશિર્વાદ લઈને સ્વામીને રજા આપી એટલે સ્વામી મંદિરમાં પધાર્યા. ।।૯૦૪।।

**ઉમરાળા**માં બે બ્રાહ્મણ હતા તે બાલ્યાવસ્થામાં સ્વામી પાસે વિદ્યાભ્યાસ કરતા હતા. તેમાં એકનું નામ **નાનોદયો** અને અને બીજાનું નામ **મોટોદયો** હતું અને મંદિરની સેવામાં સૌ હરિજનો સ્વામીની હાજરીમાં રહેતા. પછી એક દિવસ સ્વામીએ પૂછ્યુ જે, 'મોટો દયો કેમ દેખાતો નથી ?' ત્યારે કોઈકે કહ્યું જે, 'સ્વામી ! મોટાદયો તો બગડી ગયો છે.' ત્યારે સ્વામી કહે, 'જો બગડી ગયો હશે તો તે ઝાઝા દિવસ નહીં રહે.' પછી થોડાક દિવસ થયા ત્યાં તો તેનું ભવિષ્ય થઈ ગયું. ।।૯૦૫।।

ગામ **ઉમરાળામાં જેશંકર** કરીને શ્રીમાળી બ્રાહ્મણ હતા. તેમને પોતાની વૃદ્ધાવસ્થાને લીધે આંખે જખમ થયા હતા. તેઓ એક વખત ગઢડે શ્રીગોપીનાથજીમહારાજને દર્શને આવ્યા હતા. પછી દેવનાં દર્શન કરીને સ્વામીને

આસને દર્શને ગયા. તે મેડે ચડીને સ્વામી પાસે જતા હતા એટલામાં થાંભલે ભટકાણા. ત્યારે સ્વામી બોલ્યા જે, 'જેશંકર ! તું થાંભલે ભટકાછ તે ભાળતો નથી કે શું ?' ત્યારે જેશંકર કહે, 'ના, સ્વામી !' ત્યારે સ્વામી કહે, 'નથી ભાળતો ?' એમ કહીને સ્વામી બોલ્યા જે, 'જા, આજથી જીવતપર્યંત સારી રીતે દેખાશે. પછી તે વખત સ્વામીને દંડવત કરીને પાસે બેઠા અને બોલ્યા જે, 'સ્વામી ! હું તો બધુંય ભાળું છું અને તમારાં દર્શન પણ સારી રીતે થાય છે.' એમ સ્વામીના આશીર્વાદથી જીવંતપર્યંત આંખે દેખાણું. ॥૯૦૬॥

**ગઢાલી**માં સ્વામી મંદિર કરાવવા સારુ પધાર્યા હતા અને ત્યાંના હરિજનોને ભેળા કરીને સ્વામીએ મંદિરનો ખરડો કરવા માટે કહ્યું. ત્યારે હરિજનોએ મળીને કહ્યું જે, 'સ્વામી ! જેમ તમે આજ્ઞા કરો તેમ કરીએ.' તેમાં જેમ જેની શ્રદ્ધા હતી તેમ સ્વામીએ કહ્યા પ્રમાણે સૌએ રૂપિયા નોંધાવીને આંકડો કર્યો અને ત્યાંના શેઠ તારાચંદ ભાવનગર ગયા હતા એટલે સ્વામીએ કહ્યું જે, 'તારાચંદના રૂપિયા એકસો ને પાંચ ભરો.' અને ત્યાંના શેઠ ગોવિંદ આંબા કરીને હતા. તેમને સ્વામીએ પૂછ્યું જે, 'તમારું શું ભરું ? 'ત્યારે શેઠ બોલ્યા જે, 'મારા ત્રણ રૂપિયા.' તે સાંભળી સ્વામી કહે, 'તારા ત્રણ રૂપિયા હોય ?' પછી બહુ કહ્યું ત્યારે કહે, 'મારા પાંચ રૂપિયા ભરો !' સ્વામી કહે, 'જા, તારો એકે રૂપિયો જોતો નથી.' પછી તે રાત્રીએ ઘરે જઈને સુતા એટલે રાતના બાર વાગ્યે બે યમદૂત આવીને દેખાણા. તેને જોઈને પોતે ભયભીત થઈ ગયા. પછી તેનો નોકર નરસીદાસ કરીને વાણિયો હતો. તેને જગાડ્યો અને કહ્યું જે, 'અત્યારે ને અત્યારે ઝટ સ્વામી પાસે ચાલ્ય. પછી બન્ને જણ રાત્રીએ બાર વાગ્યે મંદિરમાં આવ્યા ને ત્યાં સ્વામીને દંડવત કરીને પગે લાગીને કહ્યું જે, 'સ્વામી ! તમે કહો તેટલા રૂપિયા ખરડામાં ભરું પણ આ બે મને દેખાય છે તે દેખાતા બંધ થાય એમ કરો.' સ્વામીએ જરા આકરા થઈને કહ્યું જે, 'જા, તારૂં કાંઈ જોતું નથી.' પછી તેણે હાથ જોડીને કહ્યું જે, 'સ્વામી ! મંદિર ચણવાના ખર્ચમાં વધઘટનો ધણી હું. પણ આ બે જમ દેખાય છે તે દેખાતા બંધ કરો.' પછી રૂપિયા એકસો ને પાંચ ખરડામાં ભર્યા એટલે યમદૂત દેખાતા બંધ થયા. એમ ચમત્કાર જ્યારે દેખાડ્યો ત્યારે માન્યો. ॥૯૦૭॥

**ગઢાલી**માં એક વાણીયણબાઈ બહુ સારા સત્સંગી થયાં હતાં પણ તેમને દૃષ્ટિદોષ હતો જે, 'કોઈ સારું ઢોર કે સારું માણસ ભાળે તેમાં તેની વૃત્તિ ચોટી જતી.' પછી એક દિવસ બ્રહ્મચારી ઝોળીયે ગામમાં ગયા હતા અને તે શેઠને ઘરે ઝોળી માગવા ગયા ત્યારે તે બાઈએ કહેવરાવ્યું જે, 'હું અહીંથી બધું સીધું મોકલાવું છું.' અને સ્વામીને

વાત કરજો જે, 'મારે આવી રીતે દૃષ્ટિ દોષ છે જે મને કાંઈ ખબર નથી પણ મારું નામ લે છે તે નાશ પામે છે. માટે કૃપા કરો.' પછી તેમના દીકરા સાથે બધું સીધું મંદિરમાં મોકલાવ્યું અને બ્રહ્મચારી ઝોળીયે ગયા હતા તે પાછા આવ્યા. તેમને જોઈને સ્વામી બોલ્યા જે, 'કેમ પાછા આવ્યા ?' ત્યારે બ્રહ્મચારી કહે જે, 'આ શેઠનો દીકરો કહે તે સાંભળો.' પછી સ્વામીએ કહ્યું, 'જે, જા, હવે નહીં થાય.' પછી તે બાઈની દેવદૃષ્ટિ હતી તે મટી ગઈ. ॥૯૦૮॥

એક સમે સ્વામી **ગઢાલી** પધાર્યા હતા અને રાતે સંધ્યા આરતી કરતા હતા. પછી ત્યાંનો **ગિરધર** કરીને વાણિયો હરિજન હતો તેને સ્વામીએ પૂછ્યું જે,' ગિરધર! કેમ તું કોઈ દિવસ આરતી વખતે દેખાતો નથી ?' ત્યારે ગિરધર કહે, 'સ્વામી ! આરતી વખતે તો નિત્યે મારે ભેંશ પાવા જવી પડે છે.' ત્યારે સ્વામી કહે, 'મુઈ...તારી ભેંશ. અલ્યા આરતી વખતે ધામમાત્રના મુક્ત ભગવાનને દર્શને આવે અને આરતી વખતે તું ભેંશ પાવા જાછ.' સ્વામીએ મંદિરમાં વાત કરી ત્યાં તો તેને ઘરે ભેંશ મૃત્યુને પામી અને છોકરો એકદમ મંદિરમાં આવ્યો અને તેના બાપને કહ્યું જે, 'બાપા ! બાપા ! ઝટ ઘરે ચાલો અને ભેંશ તો લાંબી થઈને સુતી છે.' ત્યારે ગિરધર કહે કે, હમણાં સ્વામીએ અહીંયાં ભેંશને મુઈ એમ કીધુ અને પછી તે ઘરે ગયો ત્યાં તો ભેંસ ઘરે મરી ગઈ. પછી એણે એવો નિયમ રાખ્યો જે, 'આરતી વખતે ક્યાંય આડું અવળું જાવું નહીં.' ॥૯૦૯॥

એક વખત સ્વામી **ગઢાલી** પધાર્યા હતા અને સૌ હરિજનોએ સ્વામીની પ્રાર્થના કરી જે, 'સ્વામી ! અમારે ઘરે પગલાં કરવા પધારો.' પછી સૌ હરિજનોનો આગ્રહ જોઈને તેમને ઘરે પધારવાની હા પાડી. પછી સૌએ પોતપોતાને ઘરે સ્વામીની પધરામણી કરી અને સૌની શ્રદ્ધા પ્રમાણે વસ્ત્ર ઓઢાડ્યાં તથા દેવની પણ કેટલીક સેવા કરી. પછી આણંદ કરીને ભાવસાર હરિભક્ત હતા તેણે સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! મારે ઘરે પગલાં કરો. પછી સ્વામી તેને ઘરે પધાર્યા અને ઓસરીમાં બેઠા. પછી સ્વામીને એક વસ્ત્ર ઓઢાડ્યું ત્યારે સ્વામીએ કહ્યું જે, 'આણંદ ! તારે પટારો નથી ?' આણંદ ભક્ત કહે, 'સ્વામી ! હું તો ગરીબ છું ! આ પાંચ માણા જારની કોઠી મારા ઘરમાં છે.' પછી સ્વામી કહે, 'ચાલ, તારી કોઠી ઉપર હાથ મેલું.' પછી સ્વામીએ તેની જારની ભરેલી કોઠી ઉપર હાથ મેલ્યો અને કહ્યું જે, 'આનું મોઢું છાંદી દ્યો અને સાણેથી અનાજ કાઢી કાઢીને ખાજો. પછી બે ચાર વરસ સુધી એમ સાણેથી કાઢીને નિર્વાહ કર્યો પછી એક દિવસ ઉપરથી કોઠીનું મોઢું ઉઘાડ્યું એટલે માથા સુધી ભરેલી દીઠી અને પછી છાંદી

દીધી પણ સ્વામીએ મોઢું ઉઘાડવાની ના પાડી હતી તેથી પછી નીકળતું બંધ થઈ ગયું. ॥૯૧૦॥

ગામ **પાટણા**ના શેઠ **જુઠા** કરીને વાણિયા હતા. તેને છ મહિનાથી નિંદ્રા આવતી નહોતી. તેથી તેને ગઢપુર સ્વામી પાસે લાવ્યા. અને ગઢપુરમાં ગોરધનદાસ કરીને તેના સંબંધી વાણિયા હતા. તેમણે સ્વામીને વાત કરી જે, 'સ્વામી ! આ જુઠા શેઠને છ મહીના થયાં નિંદ્રા આવતી નથી.' તેથી સ્વામીએ કહ્યું જે, 'તેને મારી પાસે લાવો.' પછી તેમને સ્વામી પાસે લાવીને બેસાર્યા. પછી સ્વામીએ તેના સામું જોઈ રહીને બે ચાર સાદ કર્યા ત્યારે જરા હુંકાર આપ્યો. તે વખતે સ્વામી જમવા બેઠા હતા. તે જમી રહ્યા પછી પોતાની પ્રસાદીની થાળી જુઠા શેઠને આપી અને જુઠા શેઠને કહ્યું જે, 'આ જમીને આંહીં સુઈ જા.' પછી તે આસને મેડા ઉપર સ્વામીની પ્રસાદી જમીને સુઈ ગયા. તે દિવસના ચાર વાગ્યે જાગ્યા અને તેમને જે રોગ હતો તે ટળી ગયો. ને શ્રીગોપીનાથજીમહારાજની સેવા ઘણી જ સારી કરી. ॥૯૧૧॥

ગામ **કરીયાણાના ખોડાખાચર** કરીને કાઠી હતી. તેને મહાવીર વળગ્યો હતો. તેને કાઢવાને માટે તેણે ઘણા ઘણા ઉપાય કર્યા પણ તે નીસર્યો નહીં. પછી સૌએ કહ્યું જે, 'ગઢડે સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદસ્વામી પાસે લઈ જાઓ.' તે ગાડું જોડાવી ગઢપુર આવ્યા અને ગોપીનાથજી મહારાજનાં દર્શન કરીને તે સ્વામી પાસે આવ્યા અને પાસે બેઠા એટલે મહાવીર ચીસો પાડવા લાગ્યો અને કહ્યું જે, 'હું બળુ છું બળું છું.' એમ કહીને બહુ પ્રાર્થના કરવા લાગ્યો જે 'ડોસા ! મારું દૂધ ચોખા અને સાકર શા માટે ખોટું કરો છો ?' તે વખતે એક જણે ઉભા થઈને ડારો કર્યો જે, 'જાસ નીકર મારું છું.' ત્યારે તે મહાવીર બોલ્યો જે, 'હું તમારા કોઈથી બીતો નથી. હું તો આ એક ડોસાથી બીવું છું.' પછી તેને સ્વામીએ તે કાઠીના શરીરમાંથી બહાર કાઢ્યો અને સોગન ખાઈને ચાલ્યો ગયો. પછી તે કાઠીએ શ્રી ગોપીનાથજીમહારાજની સ્વામીએ કહ્યા પ્રમાણે સેવા કરી. ॥૯૧૨॥

ગામ **લંગાળામાં ગોયો** કરીને આયર હરિભક્ત હતા. તેણે રઘુવીરજીમહારાજને બળદ આપ્યા હતા. પણ તેમના મનમાં એમ સંકલ્પ રહેતો જે, 'મેં રઘુવીરજી મહારાજને બળદ આપ્યા છે તે મહારાજને પહોંચ્યા હશે કે નહીં ?' એમ તેમના મનમાં સંકલ્પ રહ્યા કરતો હતો. પછી એક દિવસ સવારમાં શ્રીજીમહારાજ તેના બળદને રથે જોડીને ગામ લંગાળાને પાદર રંઘોળી નદી છે ત્યાં આવ્યા ને ઉતર્યા અને સાથે કેટલાક સંત તથા પાર્ષદ પણ હતા. તે વખતે તે ગોયા ભગતનો દીકરો પુંજો સાંતી લઈને ખેતર જતો

હતો. તે આનંદસ્વામીનો સેવક હતો. પછી તેને સ્વામી એ નામ દઈને બોલાવ્યો જે, 'પુંજા ! એ પુંજા ! જો આ તારા બળદીયા છે તે મહારાજની વેલ્યે જોડ્યા છે.' અને તારા બાપને કહેજે, 'તેં રઘુવીરજીમહારાજને બળદ આપ્યા છે તે બળદ શ્રીજીમહારાજને પહોંચ્યા છે.' પછી તેણે શ્રીજીમહારાજના તથા સંતના દર્શન કર્યા અને મહારાજને તથા આનંદસ્વામીને પગે લાગ્યો. પછી પોતાને ઘરે જઈને તેના બાપને વાત કરી જે, 'તમે રઘુવીરજીમહારાજને બળદ આપ્યા છે તે બળદને વેલે જોડીને શ્રીજીમહારાજ તથા આનંદબ્રહ્મચારી આંહીંયાં નદીએ પધાર્યા હતા તેમનાં દર્શન કરીને હું આંહીં આવ્યો અને મહારાજે મને કહ્યું જે તું તારા આતાને કહેજે જે તેં રઘુવીરજી મહારાજને બળદ આપ્યા છે તે બળદ મને પહોંચ્યા છે.' પછી પોતાનો સંકલ્પ હતો તે ટળી ગયો. ॥૯૧૩॥

**ખોપાળા** ગામમાં **નારણ સોની** કરીને હરિભક્ત હતા. તેને દીકરીઓ હતી પણ દીકરો નહોતો ! પછી પુત્રને માટે ગામ વીંછીયે તેણે બીજી વખતે લગ્ન કરીને પરણ્યો. પછી તે જાન લઈને ગઢપુર આવ્યો અને ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીને આસને દર્શને ગયા. પછી સ્વામીને દંડવત કરીને પગે લાગ્યા. ત્યારે સ્વામીએ કહ્યું જે, 'નારણ ! નવાં લુગડાં કેમ પહેર્યા છે ?' નારણભાઈ કહે કે, 'સ્વામી ! મારાં લગ્ન કર્યા છે.' ત્યારે સ્વામી કહે, 'હજી પરણ્યો નથી.' નારણભાઈ કહે, 'પરણ્યો તો છું પણ દીકરીઓ છે પણ દીકરો નથી.' સ્વામી કહે, 'પાછો વળ્ય, દીકરો થાશે.' નારણભાઈ કહે, 'સ્વામી ! હવે પાછું ન વળાય.' સ્વામી કહે, 'દીકરો થાય તો શું કર ?' નારણભાઈ કહે, 'સ્વામી! તમ કહો તેમ કરું.' સ્વામી કહે, 'કેટલા રૂપિયા આપ્યા છે ?' ત્યારે નારણભાઈ કહે,' બાવીસો રૂપિયા આપ્યા છે. ત્યારે સ્વામી કહે, 'અરધા રૂપિયા ગોપીનાથજીમહારાજને આપ્ય.' અને તારે દીકરો થાશે. નારણભાઈ કહે, 'એક જ ?' સ્વામી કહે, 'લેને પાંચ થાશે.' નારણભાઈ કહે, 'પહેલો જુનીને થાય.' પછી તેણે અગ્યારસો રૂપિયાનું ઘર ગઢપુરમાં વેચાતું લઈને શ્રીગોપીનાથજીમહારાજને કૃષ્ણાર્પણ કર્યું અને લગ્ન કર્યા. પછી પહેલો પુત્ર જુનીને થયો. એવી રીતે પાંચ પુત્રો સ્વામીના વચનથી તેની બન્ને સ્ત્રીયોને થયા. ॥૯૧૪॥

**ગઢપુર**માં એક હરિભક્ત વાણિયો હતો. તે વહેવારે બહુ દુર્બળ હતો. પછી તેણે સ્વામીની પ્રાર્થના કરી જે, 'મારૂં પ્રારબ્ધ ફરે એવી મારા ઉપર કૃપા કરો.' પછી સ્વામીએ મહારાજની મૂર્તિ ધારીને પ્રાર્થના કરીને તેના નિમિત્તે જનમંગળના પાંચસો પાઠ કર્યા પણ તેનું પ્રારબ્ધ કાંઈ ફર્યું નહીં. પછી સ્વામીએ તેને બોલાવીને કહ્યું,

'એ,પીતાંબર વોરા ! મારા જનમંગળના પાઠથી આ પાણાના બે કટકા થઈ જાય એવા મારા પાઠ છે પણ તારું પ્રારબ્ધ તે પત્થર કરતાં પણ કઠણ છે. તેથી ફરે તેમ જણાતું નથી. માટે જા હું તને આશીર્વાદ દઉં છું કે તું વહેવારે સુખીયો થઈશ.' પછી તે સ્વામીના આશીર્વાદથી વહેવારે સુખીયા થયા. પછી ગોપીનાથજીમહારાજની તથા સદ્‌ગુરૂઓની કેટલીક સેવા કરી. ||૯૧૫||

**ગઢપુર**માં દાદાખાચરને દીકરો **અમરોખાચર** હતા. તેને એક જ દીકરો હતો. તે બાલ્યાવસ્થાથી જ પોતે દેવના દર્શન કર્યા વિના અન્ન જળ લે નહીં અને દૂધ પીવું હોય તો પણ તેમાં પ્રસાદીનું પતાસું નાખે તો જ દૂધ પીવે નિકર દૂધ પણ પીયે નહીં પાંચ વખત હમેશાં દેવને દર્શને આવવું પછી તે પાંચ વરસના થયા ત્યારે તેને શરીરે મંદવાડ આવ્યો અને તે વખતે દાદા ખાચર પણ ઘરે નહોતા. પછી તેમનો મંદવાડ વિશેષ જાણીને મંદિરમાંથી સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદસ્વામી તથા સદ્‌ગુરુ સિદ્ધાનંદસ્વામી વિગેરે જોવા સારૂ તેમને ઘરે ગયા અને ખુરશીઓ નાંખી આપી. તે સદ્‌ગુરુ બેઠા અને બેયના ચરણારવિંદ લઈને બાળકની છાતીમાં આપ્યા. પછી બન્ને જણાં એક દષ્ટિએ તેના સામું જોઈ રહ્યા અને પછી મંદિરમાં આવ્યા અને પછી ઘડીક થયું એટલે તે છોકરો દેહ મેલી ગયો. ત્યારે સૌ સંતોએ તથા હરિજનોએ પૂછ્યું જે, 'એ કોણ હતો.?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'અમુક સંત હતા. તેમને વાસના હતી તેથી દેહ લીધો હતો.' ||૯૧૬||

**ગઢપુર**માં **હરજી લુહાર** બહુ માંદો હતો. પછી તેને ભોંય લેવા વખત થયો તે વખતે તેનો ભાઈ લખો સ્વામી પાસે આવીને બહુ દિલગીર થયો. પછી સ્વામીને કહ્યું, 'જે મારા ભાઈને ભોંય લીધો છે.' તે સાંભળીને સ્વામીએ ગોપીનાથજીમહારાજની પ્રસાદીનું જળ આપીને કહ્યું જે, 'આ પ્રસાદીનું જળ લઈ જઈને પા એટલે સારુ થઈ જશે.' તેથી તે જળ ઘરે લઈ જઈને તેના ભાઈને પાયું અને તુરત તેને આરામ થયો. ||૯૧૭||

એક વખત સ્વામી વરતાલથી ગઢપુર પધારતા હતા અને ગામ **ઉગામેડી**ને પાદર આવ્યા. તે વખતે ત્યાંના હરિજન સૌ સ્વામીને દર્શને આવ્યા અને **રુડો** કરીને એક હરિભક્ત હતો. તેણે સ્વામીને હાથ જોડીને કહ્યું જે, 'સ્વામી! મારો દીકરો બહુ માંદો છે માટે તેને દર્શન દેવા પધારો.' પછી સ્વામી તેને ઘરે જઈને ઢોલિયા ઉપર બેઠા અને માંદા છોકરા સામું જોઈને બોલ્યા જે, 'રુડા ! આને સારું થઈ જશે.' અને ગોપીનાથજીમહારાજ આગળ પચીસ રૂપિયા મૂકજો કેમકે દેવ બહુ બળીયા છે. માટે

તેમનો વિશ્વાસ રાખજો.' પછી થોડેક દિવસે તે છોકરો સાજો થયો ત્યારે માનતાના રૂપિયા પચીસ ગોપીનાથજી મહારાજ આગળ મૂકી ગયા અને પગે લાગીને ઘરે ગયા. ॥૯૧૮॥

ગામ **લાઠીદડ**માં **અમરસી પટેલ** કણબી હરિભક્ત હતા. તેણે એક વાડીમાં કુવો કરાવ્યો હતો તે કુવો વીશ હાથ ઉંડો ખોદયો પણ બીલકુલ પાણી આવ્યું નહીં. તેથી ગામના લોક કહેવા લાગ્યા જે, 'આમાં પાણી નહીં થાય.' તે વખતે સદ્‌ગુરૂ આનંદાનંદસ્વામી તે ગામમાં હતા. પછી તે અમરશી પટેલે મંદિરમાં આવી બ્રહ્મચારી અક્ષરાનંદજીને કહ્યું જે, 'સ્વામીને મારી વાડીયે નાહવા સારુ લઈ જવા છે માટે સાંજે હું ગાડી લઈને આવીશ. કેમકે મેં વાડીમાં કુવો ગળાવ્યો છે પણ તેમાં પાણી આવતું નથી. માટે સ્વામી ત્યાં પધારે અને પાણી થાય એવી કૃપા કરો તો સારુ.' પછી સાંજે ગાડી જોડીને સ્વામીને વાડીયે તેડી ગયો અને કુવાને કાંઠે એક ખાટલો ઢાળી તે ઉપર ગોદડું પાથરીને સ્વામીને બેસાર્યા. પછી સ્વામીએ કહ્યું જે, 'પાણી લાવો મારે જંગલ જવું છે.' પછી બ્રહ્મચારી અક્ષરાનંદજીએ દોરી લોટો લઈને કુવામાં મૂક્યો એટલે લોટો પથરા સાથે અથડાણો તેનો રણકો વાગ્યો. તે સાંભળી સ્વામી બોલ્યા જે, 'લોટો ફુટી જશે.' ત્યારે અમરશી પટેલે હાથ જોડીને કહ્યું જે, 'સ્વામી ! આમાં પાણી થતું નથી.' સ્વામી કહે, 'પાણી નથી.' ત્યારે મને અહીંયાં શા માટે લાવ્યો ?' પટેલ કહે, 'તમે કહો તે હું ગોપીનાથજીમહારાજની સેવા કરું અને આમાં એક કોસનું પાણી થાય તો મારી લાજ રહે એવી કૃપા કરો.' ત્યારે સ્વામી કહે, 'કુવામાંથી એક પાણો લાવો.' પછી કુવામાંથી એક શેરનો પાણો લાવીને સ્વામી પાસે મેલ્યો. પછી સ્વામીએ તે પાણો હાથમાં લઈને જોયો અને બોલ્યા જે, 'અમરશી ! આમાં તો નરું પાણી જ ભર્યું છે !' સ્વામી કહે, 'આ કુવામાં પાણી થાય તો તું શું સેવા કર ?' ત્યારે પટેલ કહે, 'જો એક કોસનું પાણી થાય તો તમો કહો તે હું સેવા કરું.' સ્વામી કહે, 'એક કોસનું નહીં પણ છ કોસનું થાશે.' એમ કહીને સ્વામીએ કહ્યું જે, આ ઉગમણો ખુણો છે ત્યાં લગારેક ખોદો. પછી સ્વામી કુવાને કાંઠે બેઠા હતા અને કુવો ખોદનારે સ્વામીના કહેવા પ્રમાણે તે ઠેકાણે ખોદયું. એટલે પાણીનો મોટો બંબ આવ્યો. પછી સ્વામીએ પટેલને કહ્યું જે, 'તમો ગઢપુર જઈને સંતને મોતીયા જલેબીની રસોઈ આપી આવો. તે પ્રમાણે ગઢપુર આવીને સંતોને રસોઈ આપી ગયા ને કુવામાં હજી પણ તેટલું પાણી અખુટ રહેલું છે. ॥૯૧૯॥

ગામ **ઝમરાળા**માં એક વખત સ્વામી પધાર્યા હતા અને એક બ્રાહ્મણે આવીને

સ્વામીને કહ્યું જે, 'મારે ઘરે કાલે ઠાકોરજીને થાળ કરવાને પધારો.' પછી સવારે સૌ પૂજા પાઠ કરીને તેને ઘરે રસોઈ કરવા ગયા અને સ્વામીને આસન નાખી દીધું. એટલે સ્વામી તો ઓસરીમાં બેઠા ને તે બ્રાહ્મણના માતપિતા બન્ને અધોગતિને પામ્યાં હતાં અને તે બ્રાહ્મણની સ્ત્રી જ્યારે રસોઈ કરવા જાય ત્યારે તે બાઈની આગળ નાગ તથા નાગણી સામા આવે અને કેટલાક પરડોતરાં પણ ઘરમાં ફર્યા કરે તેથી તેનું આખું ઘર કંટાળી ગયું હતું. તેથી તે ઘરમાં તેડી ગયા અને ઘરમાં જઈને છાણાં ભાંગીને જ્યાં આડ કરવા ગયા ત્યાં નાગ તથા નાગણી બન્ને દેખાણાં. પછી બ્રહ્મચારી અક્ષરાનંદજીએ કહ્યું, 'સ્વામી ! અહીંયાં તો નાગ અને નાગણી મોટાં છે.' પછી તે બ્રાહ્મણે હાથ જોડીને સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! હું ઘરે નહોતો અને પછવાડેથી ડોસો ગુજરી ગયા તેથી મારાં બન્ને મા અને બાપ અધોગતિને પામ્યાં છે. તેથી મારી ઘરવાળી જ્યારે રસોઈ કરે છે ત્યારે ત્યાં સામાં આવીને નાગ અને નાગણી લડ્યા કરે છે.' તે સાંભળીને સ્વામીએ પોતાનાં ઠાકોરજીને નવરાવીને તે જળ તેનાં ઘરમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ નામ લઈને છાંટ્યું અને સ્વામીનાં દર્શન તે નાગને તથા નાગણીને થયાં. ત્યારથી દેખાતાં બંધ થઈ ગયાં. અને તેમની સદ્‌ગતિ થઈ. ॥૯૨૦॥

ગામ **ઝમરાળામાં અજો** કરીને એક કણબી હરિભક્ત હતો. તેણે પોતાની વાડીમાં કુવો ગળાવ્યો હતો. પણ તેમાં છાંટો પાણી થયું નહીં. પછી ગાડી જોડીને સ્વામીને પોતાની વાડીમાં તેડી ગયો અને સ્વામીએ તે કુવો જોઈને કહ્યું જે, 'આ કુવામાં પાણી થાય તો શ્રીગોપીનાથજીમહારાજ સારુ બે પીતાંબર કરાવજે.' પછી સ્વામીના કહેવાથી તે કુવામાં પુષ્કળ પાણી થયું. અને પછી તેણે બે પીળાં પીતાંબર લઈને ગોપીનાથજીમહારાજને અર્પણ કર્યા. ॥૯૨૧॥

ગામ **કારીયાણીમાં દલો પટેલ** બહુજ માંદા થયા હતા. અને તેને ભોંય લે એવો મંદવાડ વધી ગયો હતો. પછી સૌ હરિજનોએ કાગળ લખીને એક હરિજન સાથે ગઢપુર સ્વામી પાસે મોકલ્યો પછી તેણે ગઢપુર આવીને તે કાગળ સ્વામીને આપ્યો અને કહ્યું જે, 'સ્વામી ! દલા પટેલનો દેહ રહે તેવું લાગતું નથી. ' પછી સ્વામીએ માળા લઈને જોઈને કહ્યું જે, 'જાઓ, દલા પટેલને અત્યારથી સારું થઈ જાશે. અને અહીંયાં આવીને પછી સંતને જલેબી મોતીયાની રસોઈ આપી જજો.' એ સમાચાર તે હરિજને કારીયાણીમાં જઈને કહ્યા. અને સ્વામી બોલ્યા ત્યારથી જ તેને આરામ થવા લાગ્યો તે જ્યારે બરાબર સુવાણ થઈ ત્યારે ગઢપુર આવીને સંતોને જલેબી ને મોતીયા લાડવાની રસોઈ આપી ગયા. ॥૯૨૨॥

એક વખત સ્વામી **ભાવનગર** પધાર્યા હતા. અને રઘુનાથ ગોરનો દીકરો **હરિશંકર** કરીને હતો. તેને દીકરો નહોતો તેથી તેણે પોતાને ઘરે જમવા માટે સ્વામીને આમંત્રણ કર્યું. બીજે દિવસે પોતાને ઘરે પોતાને હાથે રસોઈ કરીને મંડળ સહિત સ્વામીને પોતાને ઘરે જમવા તેડી ગયો અને તમામ બ્રહ્મચારીઓને સારી રીતે જમાડ્યા અને પછી પૂજા કરીને વસ્ત્ર ઓઢાડ્યાં. તે વખતે રઘુનાથ ગોરના ઘરનાં મનુષ્યે કહ્યું જે, 'હરિશંકર ! તારે જો દીકરો જોતો હોય તો આનંદાનંદસ્વામીના ચરણારવિંદ ધોઈને પી તો તારે દીકરો થાય.' પછી તે દૂધ તથા દહીં તથા મધ તથા ઘી અને સાકર એ પાંચવાને લાવ્યો અને એક તાસ લાવ્યો. ત્યારે સ્વામીએ કહ્યું જે, 'આ શું કરવા લાવ્યો ?' ત્યારે હરિશંકર કહે કે, 'મારી મા કહે છે કે તું સ્વામીના ચરણારવિંદ ધોઈને પી તો તારે દીકરો થાય.' ત્યારે સ્વામી કહે, 'તારી મા હજી છે !' એમ સ્વામી બોલ્યા ત્યારે તે બાઈ ઘરમાં રડવા લાગી અને બોલી જે, 'સ્વામી ! સાત મહિના અમદાવાદમાં રહ્યા પણ તેં ક્યારેય સ્વામીને સારૂ ખાવાનું આપ્યુંનહીં અને તેમની અને મારી ક્યારેય એક દૃષ્ટિ થઈ નથી. માટે એ તો બહુ મોટા સમર્થ પુરુષ છે.' પછી હરિશંકર કહે, 'સ્વામી ! મારી મા બહુ રોવે છે !' સ્વામી કહે, 'શા સારુ રોવે છે ?' ત્યારે તેણે કહ્યું જે, 'મેં અમદાવાદમાં સ્વામીને સારી રીતે ખાવા પીવામાં સાચવ્યા નથી.' સ્વામીએ કહેવરાવ્યું જે, 'તારી માને કહે જે મારું તો તમે બહુ રાખ્યું છે ! અને તારે ત્રણ દીકરા થશે !' એમ સ્વામીના આશીરવચનથી તેને ત્રણ પુત્ર થયા. ॥૯૨૩॥

એક વખત સંવત્ ૧૯૩૩ની સાલમાં સ્વામી **ભાવનગર** પધાર્યા હતા અને ત્રણ માસ સુધી રહ્યા પણ સ્વામીને ત્યાંના હરિજનો ગઢપુર આવવા દે નહીં. પછી એક દિવસ સ્વામી જંગલ જવા પધાર્યા હતા અને રસ્તે જતા છગન ઝીણા કરીને કડવા કણબી ભેળા થયા અને તેઓ સ્વામીને પગે લાગ્યા. પછી છગનભાઈએ સ્વામીને કહ્યું જે, 'મારી રસોઈ લ્યો.' સ્વામી કહે, 'મારે ગઢપુર જવું છે તે તું તારું ગાડું લાવ્ય તો તારી લાખુ રસોઈ માનીશ. જીવનું પ્રારબ્ધ જ્યારે સારું થાય તેમ હોય ત્યારે મોટા પુરુષ કહે તે તરત માને. પછી છગનભાઈએ કહ્યું જે, 'બહુ સારૂ ! સ્વામી તમે રાજી થાશો તેમ કરીશ.' પછી સ્વામી કહે, 'રાતના ચાર વાગે ગાડી લાવજે.' પછી સવારે ચાર વાગે ગાડી લાવીને હાજર થયા અને સ્વામીની સાથે પોતાના પાંચ સાત બ્રહ્મચારી હતા. તેથી સૌને સાથે સાથે લઈને ભાવનગરથી ચાલ્યા અને બળદીયા બહુ દુર્બળ હતા. તેથી સાંજના ચાર વાગે ગામ આંબલે આવ્યા. પછી આંબલાને પાદર નદીને કાંઠે આંબાવાડી છે ત્યાં ગાડી છોડી પછી સ્વામીએ કહ્યું જે, 'આ ગામમાં સત્સંગી બ્રાહ્મણ છે તે બહુ દહાડાથી આગ્રહ કરે છે માટે તેમને ખબર કરો. એટલે સીધું લાવે.' પછી

છગનભાઈએ કહ્યું જે, 'સ્વામી ! હું બધું સીધું સાથે લાવ્યો છું. ફકત ઘી નથી લાવ્યો તે હું ગામમાં જઈને લઈ આવું અને રાંધવાના તપેલાં તથા તાસ વિગેરે વાસણ સાથે લાવ્યો છું. માટે મારા સીધાની રસોઈ કરાવો.' પછી સ્વામીએ આજ્ઞા કરી એટલે છગનભાઈના સીધાની રસોઈ કરી અને છગનભાઈ ગામમાં જઈને ઘી લઈ આવ્યા. પછી ઠાકોરજીને જમાડીને સ્વામી જમવા બેઠા અને બીજા સૌ બ્રહ્મચારીઓને પણ જમાડ્યા અને છગનભાઈ હાથ જોડીને સ્વામી સામા બેઠા હતા પછી સ્વામીએ પૂછ્યું જે, 'છગન ! તમારો વ્યવહાર શી રીતે ચાલે છે ?' ત્યારે છગનભાઈ કહે, 'સ્વામી ! ઘરમાં દશ પંદર મનુષ્ય છે અને સૌ ઉદ્યમ કરીને કમાય તે સાંજે માંડ માંડ પુરું થાય. અને હું આ ગાડી બળદના ભાડાં કરું છું તે સાંજે રૂપિયો દોઢ રૂપિયો કમાઉં. એમ કરીને નિર્વાહ ચલાવીયે છીએ.' પછી સ્વામીએ જમીને પોતાની થાળી પ્રસાદીની છગનભાઈને આપી અને સ્વામીએ રાજી થઈને આશીર્વાદ આપ્યો જે, 'તેં મને અત્યારે જમાડ્યો માટે જા, આજથી તારું દારિદ્ર માત્ર નાશ પામી ગયું અને આજથી તમારૂં ત્રણે ભાઈનું નાતમાં તથા રાજદરબારમાં માન વધશે.' એમ સ્વામીએ આશીર્વાદ દીધો. એટલે થોડા દિવસમાં તેઓ ઘણા જ મોટા આબરુદાર અને સદ્‌ગૃહસ્થ થયા. એવી રીતે મોટાને પ્રસન્ન કર્યા તો તેમનો બેય લોકમાં જય થયો અને તેમના નાના ભાઈ ગિરધરભાઈએ ભાવનગર મંદીરમાં શ્રીજીમહારાજની પ્રતિમા ચાંદીના પત્રામાં તથા આચાર્ય શ્રી રઘુવીરજીમહારાજની પ્રતિમા તથા સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદ સ્વામીની પ્રતિમા પરમ ભગવદી ગિરધરભાઈએ પોતાના ગુરુનો મહિમા જાણીને કરાવી છે અને તેમના ત્રણે ભાઈનું કુટુંબ અદ્યાપિ પર્યંત એમ જ માને છે જે અમારે સુખ સંપત્તિ અને સારો વહેવાર છે તે સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદજીના પ્રતાપથી અને આશીર્વાદથી જ છે. ॥૯૨૪॥

એક વખત સ્વામી ગામ **રોહીશાળે** પધાર્યા હતા અને બળેવનો દિવસ હતો. પછી તે ગામના બ્રાહ્મણ ભગવાનજી કરીને હતા. તે જનોઈઓ પહેરીને સ્વામીની પૂજા કરવા માટે ચંદન તથા પુષ્પના હાર લઈને મંદીરમાં આવ્યા. તે વખતે સ્વામી પૂજા કરવા બેઠા હતા અને ભગવાનજી ત્યાં આવીને સ્વામીને દંડવત કરીને પગે લાગ્યા ને સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! મારે તમારી પૂજા કરવી છે.' ત્યારે સ્વામી કહે કે, 'તું મને કેવો જાણે છે ?' ત્યારે ભગવાનજી કહે કે, 'સ્વામી! તમે સનકાદિક છો અને શ્રીજીમહારાજે તમારી આરતી ઉતારેલી છે.' પછી સ્વામી કહે, 'ચુડાવાળા હરિશંકરને તું કેવો જાણે છે ?' ત્યારે ભગવાનજી હરિશંકરનો સેવક હતો. તેથી સ્વામીએ પૂછ્યું. પછી ભગવાનજીએ કહ્યું જે, 'સ્વામી ! તે તો ભગવાનનો અવતાર છે.' તે સાંભળીને

સ્વામી એકદમ પૂજામાંથી ઉભા થયા અને તેને સ્વામીએ કહ્યું જે, 'આજથી ત્રીજે દહાડે તે મૃત્યુને ન પામે તો હું સ્વામિનારાયણનો બ્રહ્મચારી નહીં.' એમ કહીને સ્વામીએ તેને મેડેથી હેઠે ઉતારી મેલ્યો અને પછી ત્રીજે દિવસે મેલો લઈને કોઈ માણસ ચુડેથી રોહીશાળે આવ્યો. તે વખતે સ્વામી રોહીશાળની નદીમાં સવારમાં નહાવા પધાર્યા હતા. પછી ભગવાનજી આવીને સ્વામીને પગે લાગ્યો અને બોલ્યો જે, 'સ્વામી ! તમારા કહેવા પ્રમાણે હરિશંકરભાઈ મૃત્યુને પામ્યાના ખબર આવ્યા છે.' ॥૯૨૫॥

એક વખત સ્વામી **પછેગામ** પધાર્યા હતા અને ત્યાંના હરિજનો સૌ દર્શને આવ્યા હતા પણ ત્યાં દેવો ભટ્ટ કરીને એક પ્રશ્નોરા બ્રાહ્મણ હતા તે ત્રણ દિવસ સુધી સ્વામીને દર્શને આવ્યા નહીં અને ચોથે દિવસે દર્શને આવ્યા ત્યારે સ્વામીએ પૂછ્યું જે, 'દેવાભટ્ટ ! ક્યાંઈ ગામ ગયા હતા ?' ત્યારે ભટ્ટજી કહે, 'ના બાપજી ! હું તો વંડી ચણતો હતો.' સ્વામી કહે કે, 'હું અહીંયાં આવ્યો તેની ખબર હતી ?' ત્યારે ભટ્ટ કહે, 'હા, બાપજી ! ' સ્વામી કહે, 'મારા આવ્યા પછી તમે જેટલી વંડી ચણી હશે તે પડી જશે.' એમ સ્વામીએ કહ્યું અને ભટ્ટ તો સ્વામી પાસે જ બેઠા હતા. તે વખતે તેમનો દીકરો પરષોત્તમ ઘરેથી દોડતો આવ્યો અને કહ્યું જે, 'બાપા ! બાપા ! આપણી વંડી પડી ગઈ.' ભટજી કહે 'હમણાં સ્વામીએ આશીર્વાદ દીધો એટલે પડી ગઈ.' ॥૯૨૬॥

**પછેગામ**ના ગણેશભટ્ટનો બાપ **ઝંડુભટ્ટ** કરીને હતો. તેમની દીકરી ગામ વારણામાં આપી હતી. તે બાઈ વારણાથી પછેગામ ફક્ત ત્રણ લુગડાં ભેર આવેલી. તે વખતે ઝંડુભટ્ટ ગામને ચોરે બેઠા હતા અને કેટલાક બ્રાહ્મણો પણ ત્યાં હતા. પોતાની દીકરીને એમ ત્રણ વસ્ત્રભેર સાસરેથી આવતી જોઈને ભટ્ટજી બોલ્યા જે, 'કેમ દીકરી ?' આમ ત્રણ વસ્ત્રભેર આવી ?' ત્યારે કોઈકે કહ્યું જે, 'તમારો અવિશ્વાસ તેથી તેના સસરાના પક્ષવાળાએ બધું ઉતારી લીધું હશે.' તે સાંભળીને ભટ્ટને ક્રોધ ચડ્યો જે, 'મેં મારી દીકરીનો ચોખાનો દાણો ગરે પડવા દીધો નથી અને શું હું તેનાં વસ્ત્ર ઘરેણા લઈ લેત ? વળી મને આમ વચન માર્યું?' પછી પોતે ઘરે જઈને ગળે ફાંસો ખાધો. પછી પોતે બ્રહ્મરાક્ષસ થયો અને પોતાના દીકરા ગણેશભટ્ટને વળગ્યો. તેને રાત્રી દિવસ મહાદુઃખ દીધા કરતો હતો. પછી તેને લઈને તે સ્વામી પાસે ગઢપુર આવ્યા અને સ્વામીનાં દર્શન કર્યા એટલે તે બળવા લાગ્યો ત્યારે સ્વામી કહે, 'તું કોણ છે ?' પછી તેણે નામ આપ્યું ત્યારે સ્વામી કહે, 'આંહીં શું છે ? જ્યાં તારું અપમાન કર્યું હોય ત્યાં જાને.' પછી તે વારણામાં ગયો ને ચાળીશ મનુષ્યના ભવિષ્ય કર્યા અને વારણાવાળાને ખબર પડી એટલે તેઓ સૌ મળીને સ્વામી પાસે ગઢપુર આવીને પ્રાર્થના કરી જે, 'એને

વારણે મોકલવાથી અમોને સૌને નિર્વંશ કરી દીધા છે. પછી સ્વામીએ કહ્યું જે, 'તું બદ્રીકાશ્રમમાં ચાલ્યો જા.'પછી તેને એમ કહીને સદ્‌ગતિ આપી. ll૯૨૭ll

એક વખત સ્વામી **સારંગપુર** પધાર્યા હતા ત્યાંના વાણિયાને સારણગાંઠનો રોગ હતો. પછી તેણે આવીને સ્વામીની બહુ પ્રાર્થના કરી અને કહ્યું જે, 'સ્વામી ! આ મારો મોટો રોગ મટી જાય એવી કૃપા કરો,' પછી સ્વામીએ ગોપીનાથજીમહારાજની માનતા કરાવી અને તેનો રોગ મટી ગયો અને સ્વામી તેના ઉપર બહુ રાજી થયા. ll૯૨૮ll

ગામ **બગડ**માં સ્વામી પધાર્યા હતા અને તે ગામના દરબાર **દેસાખાચર** કરીને હતા. તેમણે સ્વામીની પ્રાર્થના કરી જે, 'સ્વામી ! તમો અમારા ગામમાં એક માસ સુધી રહો અને અમને કથાવાર્તા સંભળાવો.' પછી સ્વામી ત્યાં એક માસ રહ્યા અને વેદસ્તુતિની કથા કરી. તે નિરંતર વેદસ્તુતિનું એક ગદ્ય પુરું થાય અને ફરતા ગામના કેટલાક હરિજનો પણ સ્વામીનો સમાગમ કરવા આવ્યા હતા. પછી સ્વામી ચાલવાને માટે તૈયાર થયા ત્યારે દેસાખાચરે દેવની તથા સ્વામીની કેટલીક સેવા કરી તથા કેટલાક નવા સત્સંગી થયા. ll૯૨૯ll

**ગઢપુર**માં સાધુની હવેલીનાં નળીયાં ઉતાર્યા હતાં ને જેઠ માસ ચાલતો હતો અને પડખે એક નવી હેવલી પણ ચણાવેલી તૈયાર થઈ હતી અને તેને પણ નળીયાં ચડ્યાં નહોતાં. તેવા વખતમાં ભાવનગરથી ગગો ઓઝો ગઢપુર આવ્યા હતા અને તે મંદિરમાં ગોપીનાથજી મહારાજના દર્શન કરવા આવ્યા હતા ને કેટલાક અમલદાર અને મનુષ્ય સાથે આવેલ તે મંદિરની ફળીમાં ઉભા હતા. પછી તેમણે કહ્યું જે, 'આ મંદિરમાં કોઈ ડાહ્યું માણસ છે કે નહીં ? કેમકે માથે અષાઢ માસ આવ્યો છે અને એક હવેલી નળીયાં ચડાવ્યાં વગરની પડી છે અને બીજીનાં નળીયાં ઉખેળ્યાં છે !' તે વખતે સ્વામી ફળીયામાં ચાલ્યા જતા હતા ત્યાં ગગો ઓઝો આવીને સ્વામીને પગે લાગ્યા અને સ્વામીને કહ્યું જે, 'આ મંદિરમાં કોઈ ડાહ્યું માણસ છે કે નહીં ? કેમકે માથે ચોમાસું આવ્યું અને વળી બીજી હવેલી ઉખેળી છે ?' ત્યારે સ્વામી કહે, 'ગગા ઓઝા ! વરસાદ કોના હાથમાં છે ? વરસાદ તો સ્વામિનારાયણના હાથમાં છે. તે જ્યારે આ હવેલીને નળીયાં ચડશે ત્યારે વરસાદ થાશે.' પછી આખો અષાઢ માસ કોરો ગયો ને જ્યારે બધી હવેલી ચળાઈ ગઈ ત્યાર પછી વરસાદ થયો અને ગગો ઓઝાએ પણ ભાવનગર ગયા પછી માણસ મોકલીને ખબર કઢાવી જે 'સ્વામિનારાયણની હવેલી પુરી થઈ રહી કે નહીં ?' પછી માણસો આવીને જોઈ ને ત્યાં ગયા પછી ગગા ઓઝાને કહ્યું જે, 'હવેલી તો પુરી થઈ ગઈ ને બન્ને હવેલીને નળીયાં ચડી ગયાં છે.' તે

સાંભળીને ગગા ઓઝાના મનમાં નિશ્ચય થયો જે, 'સ્વામી તો સાક્ષાત્ ત્રિકાળદર્શી છે.' ॥૯૩૦॥

અને સ્વામી અમદાવાદ સમૈયો કરવા પધાર્યા હતા. ત્યાં એક દિવસ રહીને તૈયાર થયા પછી ત્યાંના બ્રહ્મચારી તથા હરિજનો સૌ મળીને કહેવા લાગ્યા જે, 'સ્વામી ! અમારી રસોઈ જમ્યા વગર અહીંથી જવાય નહીં.' સ્વામી કહે, 'મારે રામનૌમી વડતાલ કરવી છે. માટે હું રોકાઈશ નહીં.' પછી પોતાનાં પોટલાં લઈને સૌ બ્રહ્મચારીઓએ ઓસરીની કોર ઉપર મૂક્યાં અને ગાડાવાળો જ્યાં પોતાના બળદીયા લેવા ગયો ત્યાં તો એક બળદીયાનો પગ સુણી ગયો હતો. તેને દોરીને સ્વામી પાસે ચોકમાં લાવ્યા અને સ્વામીને કહ્યું જે, 'આ બળદ ચાલી શકે તેવો નથી.' પછી સૌ તે પોટકાં આસને મેલી આવ્યાં. તે વખતે ગામ સારંગપુરના કાઠી હરિભક્ત મંદિરમાં સ્વામીને દર્શને આવ્યા તેને સ્વામીએ પૂછ્યું જે, 'તમે આંહીં ક્યાંથી ?' ત્યારે કાઠી કહે, 'સ્વામી ! અમારા ગરાસ માટે અમે આંહીં અઢાર વરસ થયાં આંટા મારીએ છીએ પણ તેનો કાંઈ નીવેડો આવતો નથી.' ત્યારે સ્વામી કહે, 'આ બળદનું ઔષધ તમને કરતાં આવડે છે ?' કાઠી કહે કે, 'હા.' ત્યારે સ્વામી કહે કે, 'આજ સારો થાય તો આજ તમારો ગરાસ ઘરે આવે અને કાલ્ય બાળદ સારો થાય તો કાલ્ય તમારો ગરાસ ઘરે આવે.' પછી આંબલી તથા આવળ તથા આંબા હળદર તથા મેંદાલકડી અને સાજી ખાર વિગેરે વાટીને ખુબ ખદરદાવ્યું અને બળદીયાને પગે બાંધ્યું અને બીજે દિવસે સવારમાં બળદીયાને દોરીને સ્વામી પાસે લાવ્યા. સ્વામી બળદને જોઈને રાજી થયા. અને આશીર્વાદ આપ્યો. અને કહ્યું જે, 'જાઓ, આજ બાર વાગ્યે તમારા કામનો ફેંસલો થઈ જશે.' પછી સ્વામીએ જમીને પોતાની પ્રસાદી સૌ કાઠીને આપી. તે વખતે સરકારી મનુષ બોલાવવા આવ્યું જે, 'આંહીં સારંગપુરના કાઠી છે કાઠી ? તેમને સાહેબ બોલાવે છે.' પછી સ્વામીને પગે લાગીને સાહેબને બંગલે ગયા. ત્યાં સાહેબે કાગળ લખી આપ્યો જે, 'જાઓ, સૌ સૌના ગરાસ સુખેથી ખાઓ.' પછી તે સૌ પાછા મંદિરમાં આવીને સ્વામીને પગે લાગ્યા અને બોલ્યા જે, 'સ્વામી ! તમારા આશીર્વાદથી ફેંસલો અમારા લાભમાં થયો. ॥૯૩૧॥

**ગઢપુર**માં સંવત ૧૯૩૫ની સાલમાં શ્રી ઠાકોરજીને જળ ઝીલવા જવું હતું અને વરસાદ બહુ વરસતો હતો પછી કોઠારી ભક્તિવલ્લભદાસજી તથા બ્રહ્મચારી મહારાજ અનંતાનંદજી એ બે જણા સદ્ગુરુ બ્રહ્મચારી આનંદાનંદજી પાસે આવીને પ્રાર્થના કરી જે, 'ઠાકોરજીને જળ ઝીલવા જવું છે અને વરસાદ બિલકુલ રહેતો નથી માટે કેમ કરવું

?' પછી સ્વામીએ કહ્યું જે, 'ઠાકોરજી જળ ઝીલીને આવશે ત્યાં સુધી એક છાંટો નહીં પડે.' પછી ઠાકોજીને ગંગાજીમાં જળ ઝીલાવવા લઈ ગયા અને જળ ઝીલીને સાંજના ચાર વાગ્યે મંદિરમાં પધાર્યા ત્યાર પછી વરસાદ થયો. ॥૯૩૨॥

શ્રીજીમહારાજ એક માસ સુધી **સારંગપુર**માં રહ્યા હતા. તે વખતે બ્રહ્મચારી આનંદાનંદસ્વામીએ મોટી વાડીયેથી પાણી લાવીને જીવાખાચરના દક્ષિણાદાબારના ઓરડાની ઓસરીમાં ઉગમણે શ્રીજીમહારાજ સારુ થાળ બનાવીને એક માસ સુધી જમાડ્યા હતા. ॥૯૩૩॥

સ્વામી વરતાલ પધારતા હતા અને ગામ **વારણા**ને પાદર ગયા. તે વખતે તે ગામમાં મરકીનો રોગ આવેલો હતો અને ગામને પાદર ગાડી છોડાવીને સ્વામી ત્યાં ઉતર્યા હતા. ત્યાં સૌ હરિજન સ્વામીને દર્શને આવ્યા અને પ્રાર્થના કરીને સ્વામીને કહ્યું જે, 'આ ગામમાં મરકીનો રોગ બહુ જ આવ્યો છે અને વૈદ દારૂ પાય છે.' તે સાંભળીને સ્વામીએ શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને કહ્યું જે, 'તમે સૌ ગોપીનાથજીમહારાજને પાંચ પાંચ રૂપિયાનો થાળ કરજો અને જેને દારૂ પાયો હશે તે મરશે.' પછી સ્વામીના આશીર્વાદથી જેટલા જેટલાને રોગ થયો હતો તે સૌ સાજા થયા અને પછી ગઢપુર આવીને સૌ ગોપીનાથજી મહારાજને પાંચ પાંચ રૂપિયાના થાળ કર્યા. ॥૯૩૪॥

એક વખત **ભાવનગર**ના ન્યાયાધીશ **વિદ્યારામભાઈ** આંહીં ગઢપુર આવ્યા હતાઅને સ્વામી પણ પોતાને આસને બેઠા હતા. ત્યાં કોઈક સંતે આવીને વાત કરી જે, 'સ્વામી ! મંદીર ઉપર વિદ્યારામભાઈ આવ્યા છે ને પ્રદિક્ષણામાં બેઠા છે.' તે સાંભળીને સ્વામી સાધુનો હાથ ઝાલીને મંદિર ઉપર આવ્યા તેમને દેખીને વિદ્યારામભાઈ તથા અમલદાર સૌ ઉભા થઈ હાથ જોડીને સ્વામીને પગે લાગ્યા. તે વખતે સ્વામી બોલ્યા જે, 'આમાં વિદ્યારામ કોણ વિદ્યારામ ?' તે સાંભળીને વિદ્યારામભાઈ હાથમાં પાઘડી લઈને સ્વામીને પગે લાગીને બોલ્યા જે, 'મારું નામ વિદ્યારામ.' સ્વામી કહે 'તું જ્ઞાની કે અજ્ઞાની ?' સ્વામી કહે, 'જો તું જ્ઞાની હો તો જ્ઞાની પ્રમાણે વાત કરું અને જો અજ્ઞાની હોય તો અજ્ઞાની પ્રમાણે વાત કરું.' ત્યારે વિદ્યારામભાઈએ હાથ જોડીને સ્વામીને કહ્યું જે, 'બીજા પાસે તો હું જ્ઞાની છું પણ આપ જેવા મહાત્મા પુરુષની આગળ તો હું અજ્ઞાની છું.' પછી સ્વામીને ધાબળી પાથરી આપી તે ઉપર બેઠા અને ગીતા તથા ભાગવતના શ્લોકમાં પ્રમાણ આપી આપીને સ્વામિનારાયણ ભગવાન છે એમ તેમને મોઢે હા પડાવી. પછી વિદ્યારામભાઈ બોલ્યા જે, 'સ્વામી ! આવા ખરા અક્ષર મને

કોઈએ કહ્યા નહોતા !' એમ કહીને પાઘડી ઉતારીને સ્વામીના ચરણમાં પડ્યા. ॥૯૩૫॥

આચાર્યશ્રી **વિહારીલાલજીમહારાજ** ગાદીએ બેઠા પછી **ગઢપુર** પધાર્યા હતા. અને હાલ બ્રહ્મચારીની જગ્યા છે ત્યાં પાંચુબાઈના બે ઓરડા હતા. તેમાં એક ઓરડામાં આનંદાનંદ સ્વામી રહેતા અને તે વખતે વરસાદે તાણ્યું હતું. પછી વિહારી લાલજીમહારાજે સ્વામીને કહ્યું જે, 'વરસાદ કરો.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'તમે ભગવાનના પુત્ર છો અને ભગવાનની ગાદીએ બેઠા છો માટે વરસાદ તો તમે કરો કે હું ?' પછી વિહારીલાલજી મહારાજ બોલ્યા જે, 'મને કાંઈ ભગવાન મળ્યા છે ? અને તમને તો ભગવાન મળ્યા છે. આરતી ઉતારી છે અને સનકાદિક કહ્યા છે. માટે તમો કરો તો થાય. પછી સ્વામી હાથમાં માળા લઈને ફળીયામાં જઈને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ધુન્ય કરવા લાગ્યા એટલે વાદળાં થયાં અને ખૂબ વરસાદ થયો અને ઘેલો નદી બે કાંઠામાં આવ્યો. ॥૯૩૬॥

ગામ **બગડ**માં **દેસાખાચર** કરીને કાઠી હતા. તેમને પ્રાંતસાહેબ સાથે ઘણી જ પ્રીતિ હતી. પછી તેમણે કહ્યું જે 'તમને મારા ગુરુના દર્શન કરાવવાં છે કેમકે તેઓ બહુ સમર્થ પુરુષ છે અને વળી દીર્ઘ દૃષ્ટિવાળા છે.' પછી તેમને તેડીને દેસાખાચર ગઢપુર આવ્યા અને મંદિરના અધિકારીને ખબર કરી અને પાથરણા વિગેરેની સગવડ કરી અને સાહેબને માટે ખુરશી નંખાવી. પછી ગોપીનાથજીમહારાજનાં દર્શન કરાવ્યાં. પછી સૌ સભામાં આવ્યાં તે વખતે સ્વામી સભામાં ગાદી તકિયા ઉપર વિરાજમાન હતા. સ્વામીને ભાળીને સાહેબે પોતાની ટોપી હાથમાં લીધી અને કેટલીક વાર સ્વામીને પગે લાગ્યા પછી પોતે સભામાં મોદીયા ઉપર બેઠા પણ ખુરશી ઉપર બેઠા નહીં. પછી સ્વામીએ શ્રીજીમહારાજના ઐશ્વર્યની કેટલીક વાર્તા શ્લોક બોલીને કરી સાહેબને અર્ધો કલાક બેસવાનું હતું પણ બે કલાક સુધી બેઠા અને ચાલ્યા ત્યારે સ્વામીને પગે લાગ્યા અને દેસાખાચરને કહ્યું જે, 'તમે કહેતા હતા તેવા આ ડોસા બહોત બડા હે. આપણે એક દિવસ રહેવું હતું પણ ત્રણ દિવસ રહેશું. અને કાલ્યથી ડોસાને આસને વાતો સાંભળવા જવું. પણ મહાત્મા પુરુષને અહીંયાં સભામાં તસદી ન આપવી.' એમ ત્રણ દિવસ સુધી રહી સ્વામીની વાતો સાંભળીને સ્વામીને હાથે વર્તમાન ધારીને ઘરે ગયા. ॥૯૩૭॥

# સદ્‌ગુરુ સિદ્ધાનંદસ્વામીની વાતો

સ્વામી પ્રથમ ઘરે હતા ત્યારે પોતાના મનમાં એમ થયું જે, કાં તો ભગવાન મળે ને કાં તો આ દેહ પાડવો.' પછી પોતાના ગામ **મુંઝીયાપર**ને પાદર એક શંકરનું દેવાલય છે અને ગામમાંથી કોઈકની પાસેથી એક છરો વેચાતો લાવ્યા તેને સજાવીને તે શંકરના દેવાલયમાં ગયા અને ત્યાં શંકર ઉપર કમળ પૂજા ખાવાનો વિચાર કર્યો જે, 'કાં તો ભગવાન મળે અગર તો આ શંકર ઉપર કમળ પૂજા ખાવી એમ વિચાર કરે છે ત્યાં આકાશવાણી થઈ જે તારા જીવનો મોક્ષ કરવો હોય તો કાઠીયાવાડમાં ગઢડામાં શ્રીસ્વામિનારાયણ ભગવાન છે તેને મળ્ય, તો તારો મોક્ષ થશે.' એમ ત્રણ વાર આકાશવાણી થઈ. તે સાંભળીને પોતે ઘરે આવ્યા. ॥૯૩૮॥

પછી બીજે દિવસે પોતાના સંબંધીને વાત કર્યા વિના પોતે એકલા જ સવારમાં ચાલી નીકળ્યા. તે પૂછતાં પૂછતાં ગઢપુર આવ્યા. ત્યાં દાદાખાચરના દરબારમાં સભા કરીને શ્રીજીમહારાજ વિરાજમાન હતા. તે સમે શ્રીજીમહારાજને દંડવત કરીને પગે લાગ્યા અને પોતાની વૃત્તિ જેમ ચમકમાં લોહ ચોંટે તેમ ચોંટી ગઈ. પછી થોડા દિવસ મહારાજ ભેળા રહીને મહારાજને કહ્યું જે, 'મહારાજ ! મારે ઘરે કાંઈ મિલકત છે તે લઈને હું પાછો આવીશ.' એમ મહારાજની રજા લઈને તેઓ ઘરે ગયા અને ગામમાં પેઠા તે વખતે ગામને ચોરે ગામના કેટલાક લોકો બેઠાં હતાં અને સ્વામી આનંદમાં ને આનંદમાં બોલવા લાગ્યા જે, 'ભગવાન મળ્યા ! ભગવાન મળ્યા !' ત્યારે તેમના કાકા બોલ્યા જે, 'જ્યારે તને ભગવાન મળ્યા ત્યારે શા પાપે પાછો આવ્યો ?' પછી તે સાંભળીને પોતે ત્યાંથી પાછા ચાલી નીકળ્યા પણ ઘરે ગયા નહીં. ॥૯૩૯॥

અને પોતે જ્યારે ગઢપુર આવ્યા ત્યારે મહારાજના રથે જોડવાના બળદની સેવામાં રાખ્યા હતા અને પોતે મહારાજને રથે જોડવામાં વાહન જાણીને તેની અતિશય સેવા કરતા. તે બળદનું નામ મુંઝીયો તથા પારેવો હતાં તેને સ્વામી કહેતા જે, 'મુંઝીયા! તું મહારાજને કહે જે, સિદ્ધાનંદ મારી બહુ જ સારી રીતે ચાકરી કરે છે એટલે મહારાજ મારા ઉપર રાજી થાય. પછી મહારાજે તેમને સાધુ કરીને સચ્ચિદાનંદસ્વામીની જોડ્ય કરી આપી. ॥૯૪૦॥

એક વખત **રાઘાવાડીયે** વાઢ કર્યો હતો અને તેને પડખે ઘઉંની વાડી કરી હતી. પછી ઘઉં પાકયા એટલે કાપી લીધા પણ સિદ્ધાનંદસ્વામીના મનમાં એમ સંકલ્પ થાય જે, 'એ વાડીમાં સલો પડ્યો છે તે વીણીને શુદ્ધ કરીને પછી તેનો મહારાજને માટે થાળ

કરીયે તો ઠીક. કેમકે આ ઘઉંને આવતાં તો બહુ વાર લાગશે. માટે ઘઉંને દળીને તેના લોટની મહારાજને રોટલી કરીને જમાડીયે.' એમ સંકલ્પ કરીને પોતે ઘઉંની ડુંડીયું વીણતા હતા. તે વખતે પોતાને સમાધિ થઈ ગઈ એટલે વાડીમાં પડ્યા પડ્યા હોકારા કરવા મંડ્યા. તે વખતે વાઢમાં મનુષ્યો કામ કરતા હતા તેમણે બુમો પાડી જે, 'ધોડો સિદ્ધાનંદને દીપડે ઝાલ્યો. ડાઢ્યા છે.' એમ જાણીને સૌ લાકડીયો લઈને આવ્યા. ત્યાં તો સિદ્ધાનંદસ્વામીને સમાધિ થયેલી જોઈ. ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા જે, 'ઉઠ્ય, ઉઠ્ય, તે કરી સેવા એ તો આફરો સચ્ચિદાનંદ કુટશે. 'પછી સિદ્ધાનંદ સ્વામી સમાધિમાંથી જાગ્યા અને સચ્ચિદાનંદ સ્વામીને તે વાત કરી જે, 'મારે આવો સંકલ્પ હતો જે નવા ઘઉંની ઉની ઉની રોટલી કરીને મહારાજને જમાડું તે જાણીએ શ્રીજીમહારાજના સોનાના બાજોઠ ઉપર વિરાજમાન છે અને ત્યાં નવા ઘઉંની રોટલી જમે છે એવાં મારે દર્શન થયાં.' ॥૯૪૧॥

અને પોતે વાઢમાં સેવા કરતા હતા પણ કોઈ દિવસ શેરડીનો સાંઠો પણ ખાતા નહીં અને રાત્રે સારા સારા સાંઠા લઈને શેરડીની પત્રીમાં સંતાડી રાખતા ને સવારમાં ભારો બાંધીને માથે ઉપાડીને શ્રીજીમહારાજ સારૂ લાવતા; એમ ત્રણ માસ સુધી વાઢ ચાલ્યો પણ પોતે તો કોઈ દિવસ શેરડી ચાખી જ નહીં અને નિરંતર દરબારમાં એક ગાડું ભરીને શેરડી ઠલવતા તે સૌ સંતને શ્રીજીમહારાજ વહેંચી આપતા. પછી મહારાજે કહ્યું જે, 'કોઈ શેરડી ખાધા વિનાનું હશે ?'' પછી કોઈકે કહ્યું જે, સચ્ચિદાનંદસ્વામી તથા સિદ્ધાનંદસ્વામી એ બે જણા નથી ખાતા.' પછી મહારાજે પુછ્યું, ''હે,સિદ્ધાનંદ! તમે શેરડી નથી ખાતા ?'' ત્યારે સિદ્ધાનંદસ્વામી બોલ્યા જે, ''મહારાજ ! તલ બાવળમાં શું ખાવું છે ? મોઢું છોલાય.'' પછી મહારાજે કહ્યું જે, ''અમારો પ્રસાદીનો થાળ કોઈ સચ્ચિદાનંદસ્વામીને પહોંચાડે ?'' ત્યારે હરજી ભગતે કહ્યું જે, 'હા, હું લઈ જાઉં.' પછી શ્રીજીમહારાજની પ્રસાદીનો થાળ નિરંતર હરજી ભગત વાડીયે લઈને જતા એટલે પહેલાં સચ્ચિદાનંદસ્વામી મહારાજની મૂર્તિ ધારીને જમવા બેસતા તે વિશેષ જમી જાય.પછી સચ્ચિદાનંદસ્વામીયે હરજી ભગતને કહ્યું જે, 'તારે થાળમાં બે ભાગ નોખા કરી રાખવા કેમકે હું જમી જાઉં છું અને સિદ્ધાનંદ ભૂખ્યો રહે છે.' પછી હરજી ભગત હમેશાં થાળમાં બે ભાગ નોખા પાડી આપતા. ॥૯૪૨॥

એક વખત દરબારમાં શેરડીનું ગાડું આવ્યું હતું. તેમાંથી પરમહંસોને સૌ સૌની મેળે એક એક સાંઠો ખેંચી લેવા આજ્ઞા કરી. પછી સિદ્ધાનંદસ્વામીએ એક પાતળી આંગળી જેવી સીંગી ખેંચી લીધી તે પણ લઈને મહારાજ પાસે મૂકી દીધી. મહારાજે કહ્યું કે, ''કેમ સિદ્ધાનંદ ? તમે નથી જમતા?'' ત્યારે બોલ્યા જે, ''મહારાજ તમે

જમજો.'' ॥૯૪૩॥

એક વખત સિદ્ધાનંદસ્વામી વાડીયેથી ત્રણ અંજીર લઈને દરબારમાં આવ્યા હતા. પછી મહારાજને પગે લાગીને તેમના ઢોલિયા ઉપર મેલ્યાં. પછી મહારાજે સુધારીને બે અંજીર પોતે જમ્યા અને એક અંજીર મુક્તાનંદસ્વામીને આપ્યું ત્યારે સ્વામી બોલ્યા જે, 'મહારાજ ! મને અંજીર ટાઢું પડશે.' પછી મહારાજ કહે કે, 'સ્વામી ! આ અંજીર ટાઢાં પડે તેવા નથી !' પછી મહારાજની પ્રસાદી જાણીને મુક્તાનંદસ્વામી જમી ગયા. ॥૯૪૪॥

એક વખત સિદ્ધાનંદસ્વામી વાડીયેથી પુષ્પ લઈને દરબારમાં આવતા હતા. અને પોતાના મનમાં એક સંકલ્પ થાય જે, 'મને મહારાજ છેટેથી પૂછશે જે કેટલા છે ?' ત્યારે હું કહીશ જે ત્રણ છે.' પછી પુષ્પ લઈને મહારાજની પાસે દરબારમાં આવ્યા ત્યારે છેટેથી મહારાજે પૂછ્યું જે, 'કેટલાં છે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, ''ત્રણ છે.'' પછી પુષ્પ લઈને મહારાજના ઢોલિયા ઉપર મૂક્યાં. ॥૯૪૫॥

એક વખત સિદ્ધાનંદસ્વામી વાડીયેથી મોગરાના પુષ્પનો હાર લઈને આવ્યા અને મહારાજને પહેરાવવા માટે આવ્યા હતા ત્યારે મહારાજે કહ્યું જે, ''આપણા લાલજીની પ્રસાદી કરી લાવો. પછી હું પહેરું.'' ત્યારે સિદ્ધાનંદસ્વામી બોલ્યા જે, 'ભાળ્યા તમારા લાલજી !' પછી મહારાજ કહે, ''એ તો સમાધિવાળા સાધુ છે !'' પછી લાલજીની પ્રસાદીનો હાર કરાવીને શ્રીજીમહારાજે પોતાની ડોકમાં નાંખ્યો. મહારાજને દેવનું પ્રતિપાદન કરવું હતું. ॥૯૪૬॥

સિદ્ધાનંદસ્વામીના મનમાં એમ સંકલ્પ રહેતો જે, 'કઠણમાં કઠણ નિયમ હોય તે મારે રાખવું.' પણ લાજે કરીને મહારાજને પૂછી શકે નહીં. પછી નિયમની એકાદશી આવી અને સંત સૌ નિયમ લેવા મંડ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, 'કઠણમાં કઠણ નિયમ તો ''અમારી મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી તે છે.'' એમ કહીને મહારાજ બોલ્યા જે, ''ત્રણ દિવસ અને ત્રણ રાત અખંડ ભજન કરે તો અખંડ મૂર્તિ દેખાય. ''પછી સિદ્ધાનંદસ્વામીએ મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખીને ત્રણ દિવસ અને ત્રણ રાત ભજન કર્યું એટલે અખંડ મૂર્તિ દેખાણી. ॥૯૪૭॥

એક દિવસ સચ્ચિદાનંદસ્વામીને સિદ્ધાનંદસ્વામીએ પૂછ્યું જે, 'તમારે મહારાજને વિષે બહુ હેત છે. તેનું શું કારણ ?' ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે કે, 'મહારાજ મને જેમ વઢે તેમ મારે બમણું હેત થાય.' પછી સિદ્ધાનંદસ્વામીએ વિચાર કર્યો જે, 'મારે પણ મહારાજ વઢે તેમ કરવું.' પછી પોતે વાડીયે જઈને ગુંદાના પાનનો પડીયો કર્યો

અને થોરનું દૂધ તે પડીયામાં ભર્યું ને પછી પોતે પી ગયા ને સવારમાં શ્રીજીમહારાજ દાતણ કરતા હતા ત્યાં આવીને ઉભા રહ્યા. પછી મહારાજ ખીજવા મંડ્યા જે, ''આ કણબાને સિદ્ધ થાવું છે અને શું કરીને આવ્યો છે તે તો જાણતો નથી.'' પણ મહારાજે નામ પાડ્યું નહીં પછી લાખા ભગત મહારાજ પાસે ઉભા હતા. તેમણે કહ્યું જે, 'સ્વામી! હવે જાઓ' પછી સિદ્ધાનંદસ્વામી પોતાને ઉતારે ગયા. ॥૯૪૮॥

એક વખત મહારાજ કહે કે, ''તમે ગોપાળાનંદસ્વામી કહે તેમ કરજો.'' ત્યારે સિદ્ધાનંદસ્વામી બોલ્યા જે, 'અમે બધાય ગોપાળાનંદસ્વામી કહે તેમ કરશું.' ત્યારે મહારાજ કહે, ''બધાયને ક્યાં કહું છું ? તને એકને જ કહું છું.'' ત્યારે સ્વામી બોલ્યા જે, ''હું ગોપાળાનંદસ્વામી કહે તેમ કરીશ.'' તેવું સાંભળીને શ્રીજીમહારાજ રાજી થયા. ॥૯૪૯॥

એક વખત ઋષભાનંદસ્વામી તથા સિદ્ધાનંદસ્વામી; એ બન્ને જણા **ગઢાળી** ગયા હતા. પછી **હરિભાઈ ભાવસાર** સવારમાં સીધું લાવ્યા અને એક દહીંની બોઘરણીમાં સાકર નાંખીને લાવ્યા. પછી ઠાકોરજીને જમાડીને બન્ને જણે એક એક બાજરાનો રોટલો ને એકેક થાળી દહીં જમ્યા અને બાકીની પ્રસાદી હરિભાઈને આપીને હરિભાઈને કહ્યું જે, 'હરિ! અમારે ટાઢું ધરા જેવું થયું.' ત્યાંથી હરિભાઈ પણ વહેવારે બહુ સુખીયા થયા ને સિદ્ધાનંદસ્વામીના આશીર્વાદથી અદ્યાપી તેના કુટુંબમાં સારી રીતે સુખ શાંતિ વર્તે છે. ॥૯૫૦॥

એક વખત સિદ્ધાનંદસ્વામી માંડવધાર પધાર્યા હતા. ત્યાં પાંચ સાત દિવસ રહ્યા અને પછી હરિજનોને કહ્યું જે, 'મારે અહીંથી **ચારણને સમઢીયાળે** જવું છે.' ત્યારે હરિજન બોલ્યા જે, 'સ્વામી ! ત્યાં કોને ખાવા લોટ છે ? તે જશો.' ત્યારે સ્વામી કહે, 'મારે લોટ દેવા સારૂં જવું છે.' પછી સ્વામી તે સમઢીયાળે પધાર્યા અને ત્યાં પાંચ દિવસ રહ્યા. અને સૌને દશમો ભાગ ધર્માદાનો કાઢવાનું નિયમ આપ્યું. તેથી સૌ વહેવારે સુખીયા થયા. ॥૯૫૧॥

ગામ **લાઠીદડ**માં સિદ્ધાનંદસ્વામી મંદિર કરવા સારૂ ગયા હતા. પછી સૌ હરિજનોએ પોતાની શ્રદ્ધા પ્રમાણે સેવા કરીને સ્વામીને પ્રસન્ન કર્યા અને **જેરાજ પટેલ** કરીને કડવા કણબી હરિભક્ત હતા. તે વહેવારે બહુ દુર્બળ હતા પણ સિદ્ધાનંદસ્વામીને રાજી કરવાને માટે પોતે ખેતીનું કામ પડ્યું મૂક્યું ને ગાડું બળદ અને પોતે; જ્યાં સુધી મંદિર પુરું થયું ત્યાં સુધી એ ત્રણે જણા સેવામાં રહ્યા અને ચોમાસું આવ્યું ત્યારે પોતે કાંઈ વાવેતર કરી શક્યા નહીં. પછી સિદ્ધાનંદસ્વામીએ કહ્યું જે, 'જેરાજ ! વાવણીનો

વખત વહી ગઈ અને તું તો સેવામાં ને સેવામાં જ રહ્યો. માટે હવે શું વાવીશ ?' એમ કહીને સ્વામીએ કહ્યું જે, 'હવે તું તલ વાવ્ય.' પછી સ્વામીના કહેવા પ્રમાણે જેરાજ પટેલે પોતાની બધી જમીનમાં તલ વાવ્યા અને સ્વામીનો આશિર્વાદ થયો એટલે ત્રીશ કળશી તલ થયા અને થોડા વરસમાં તે મોટા આસામી તથા આબરુદાર થયા. એમ સિદ્ધાનંદસ્વામીના આશીર્વાદથી તેનું દારિદ્ર તથા દુઃખ સૌ દૂર ગયું. ॥૯૫૨॥

સ્વામી **લાઠીદડ**માં સભા કરીને બેઠા હતા. પછી એક માવજી કરીને કણબી હરિભક્ત હતો. તેને સ્વામીએ પૂછ્યું જે, 'તારે કેટલું દ્રવ્ય હોય તો રાજી ?' ત્યારે માવજી ભગત કહે, 'સ્વામી ! હું ખૂબ વાપરું અને પાંચસો રૂપિયાની મુડી રહે અને મારે ઘરે એક દુઝણી ભેંશ રહે ને બે બળદ.' સ્વામી કહે, 'જા, તારો સંકલ્પ સત્ય થશે.' પછી તે જીવંત પર્યંત સ્વામીના કહેવા પ્રમાણે વહેવારે સુખીયા થયા અને દેહ મૂકવા ટાણે પાચસોં રૂપિયાની મૂડી હતી તેનું એક ખેતર વેચાતું લઈને ઠાકોરજીને કૃષ્ણાર્પણ કર્યું. ॥૯૫૩॥

અને પછી ત્યાંનો હરિભક્ત પટેલ **ડાહ્યો જાખણીયો** કરીને કણબી હતો. તેને સ્વામીએ પૂછ્યું જે, 'તારે કેટલું દ્રવ્ય હોય તો તું રાજી ?' ત્યારે ડાહ્યો પટેલ કહે, 'સ્વામી ! મારે બે દુઝણી ભેંશો અને ચાર બળદીયા અને એક સારી ઘોડી હોય તો મારે બસ.' પછી સ્વામી કહે, 'જા, તારે તે થાશે.' પછી તેણે એક વરસ આઠ બળદીયા કર્યા. તે વાડયે ખોરડામાં બાંધ્યા હતા તેમાં અગ્નિ થયો તે બે બળદીયા બળી ગયા અને બે બળદીયા કુવામાં પડીને મરી ગયા. પછી તેના મનમાં એમ થયું જે, 'સ્વામી ! પાસે મેં માગ્યું તે કરતાં વિશેષ કર્યું તેનું આ ફળ મળ્યું.' ॥૯૫૪॥

ગામ **લાઠીદડના શામજી** કરીને આચારજ બ્રાહ્મણ હતા. તેઓ સત્સંગી સારા હતા. પછી તેને સ્વામીએ પૂછ્યું જે, 'શામજી ! તું કાંઈ વર માગ્ય.' ત્યારે શામજી કહે, 'સ્વામી ! મારે લોટ ને પાણી એ બે વાનાં રહે.' ત્યારે સ્વામી કહે, 'એ તારે છે જ માટે બીજું કાંઈક માંગ્ય.' ત્યારે તેણે કહ્યું જે, 'વધારે થાય તો ભજન થાય નહીં.' પછી સ્વામી કહે, 'જા, તારે તે રહેશે.' તે પ્રમાણે જીવંત પર્યંત તેની સ્થિતિ રહી. ॥૯૫૫॥

ગામ **લાઠીદડ**માં સ્વામી હતા અને ત્યાં ગામ ખસના રતનશી શેઠ તથા ગામ બગડના મોતી શેઠ તથા ગામ ઢીંકવાળીના માવજી શેઠ; એ ત્રણે જણ એક મત કરીને સ્વામી પાસે લાઠીદડ આવ્યા અને સ્વામીને કહ્યું જે, 'સ્વામી! અમારી ઉપર કૃપા કરો એટલે અમે વહેવારે સુખીયા થઈએ.' પછી સ્વામીએ કહ્યું જે, 'તમે રૂનો વેપાર કરો. તેમાંથી દસમો ભાગ ગોપીનાથજીમહારાજને પહેલો આપવો અને હું તમને ભગા શેઠ

ઉપર બોટાદ કાગળ લખી આપું ને તમને બબે હજાર રૂપિયા ધીરે. પછી સ્વામીએ ભગા શેઠ ઉપર બોટાદ કાગળ લખી આપ્યો જે, 'આ ત્રણે જણને બબે હજાર રૂપિયા આપજો.' પછી ભગા શેઠે સ્વામીના કહેવા પ્રમાણે ત્રણે જણને બબે હજાર રૂપિયા આપ્યા અને સ્વામીના કહેવા પ્રમાણે રૂનો વેપાર કર્યો. સંવત્ ૧૯૨૧ અને સંવત્ ૧૯૨૨ની એ બે સાલમાં રૂનો વેપાર કર્યો. તેથી દરેક જણને પંદર પંદર હજાર રૂપિયા થયા. પછી શેઠના રૂપિયા તરત તેણે પતાવી આપ્યા. પછી ત્રણે જણા સ્વામી પાસે આવ્યા અને સ્વામીને કહ્યું જે, 'તમે કહો તેમ કરીયે.' ત્યારે સ્વામી કહે, 'દશમો ભાગ ગોપીનાથજી મહારાજને આપો અને બીજા દશ દશ હજાર રૂપિયા દાટી મેલો અને બબે હજારનો ગાંધીયાણાનો વેપાર કરો.' તે સાંભળી ત્રણે જણા બોલ્યા જે, 'લ્યો, 'સ્વામી ! અમે ત્રણે જણા વિચાર કરીને આવીએ. પછી ત્રણે જણ વિચાર કરીને બોલ્યા જે, 'આપણે વાણિયાના દીકરે રૂપિયા દટાય નહીં ! કેમકે રૂપીયા તો જેમ ફરે તેમ બમણા થાય અને હવેથી જે કમાઈએ તેમાંથી ધર્માદો કાઢશું અને સ્વામી તો મહારાજા કહેવાય.' પછી ત્રણે જણા સ્વામી પાસે આવ્યા ને સ્વામીને પગે લાગીને બોલ્યા જે, 'સ્વામી! હવેથી જે કમાઈએ તેમાં ધર્માદો કાઢશું પણ આમાંથી નહીં'. ત્યારે સ્વામી બોલ્યા જે, 'ઠીક !' અને ત્રણે જણા બોલ્યા જે, 'અમે વાણિયાના દીકરા તે રૂપિયા પૃથ્વીમાં દટાય નહીં.' અને રૂપિયા તો જેમ ફરે તેમ બમણા થાય અને તમે તો મહારાજા કહેવાઓ તે આશીર્વાદ દીધામાં જાણો પણ વહેવારમાં જાણો નહીં.' તે સાંભળી સ્વામી બોલ્યા જે, 'હું વહેવારમાં તો કાંઈ જાણું નહીં ના ? માટે જાઓ જાઓ તમારી મેળે રળી ખાઓ.' પછી ઘરે જઈ બીજે વરસે રુનો સટ્ટો કર્યો એટલે એક-એક જણને માથે દશ દશ હજાર રૂપિયાનું દેવું થયું અને પોતાને રહેવાનું ગામ મૂકીને બીજે ગામ પરરાજ્યમાં રહેવા ગયા. જો મોટાનું ન માન્યું તો કેવું ફળ મળ્યું ? ॥૯૫૬॥

સિદ્ધાનંદસ્વામી ગામ **કારીયાણી**માં મંદીર કરવા પધાર્યા હતા ને ત્યાંના નથુ પટેલ કરીને એક કણબી હતા. તે બહુ રાજસી પ્રકૃતિના હતા અને તેમના માતુશ્રી બહુ જ સત્સંગી સારાં હતાં. તેમણે સ્વામીને કહેવરાવ્યું જે, 'નથુ ઉપર કૃપા કરો એટલે તે સારો સત્સંગી થાય. અને આ ઘરેથી રાઘવ મોટકો તથા વીરદાસ મોટકો મહારાજનો કાગળ વાંચીને સાધુ થઈને ચાલી નીકળ્યા હતા ! તેને ઠેકાણે આ બહુ જ રાજસી પ્રકૃતિવાળો છે.' પછી સિદ્ધાનંદસ્વામીએ તેની ઉપર કૃપાદૃષ્ટિ કરી એટલે પોતાનો રાજસી વેશ ઉતારી નાંખ્યો અને સાદાં વસ્ત્ર પહેર્યાં અને વચનામૃતનું પુસ્તક લઈને રાતદિવસ મંદિરમાં જ બેસી રહેતા. એમ સ્વામીની કૃપાથી નથુભાઈ પરમ ભગવદી થયા. ॥૯૫૭॥

જે વખતે સિદ્ધાનંદસ્વામી **કારીયાણી**નું મંદિર કરાવતા હતા. તે વખતે તેમના સેવક **રામચરણદાસજી** કરીને સંત હતા. તેમણે મંદિરમાં ઘણી જ સેવા કરી ! પછી શ્રીજીમહારાજ રાત્રીએ આવીને રામચરણદાસજીને બથમાં ઘાલીને મળ્યા. પછી સિદ્ધાનંદસ્વામીએ સવારમાં રામચરણદાસજીને કહ્યું જે, 'આજ તો તને મહારાજ મળ્યા ?' ત્યારે તેમણે સ્વામીને કહ્યું જે, 'હા, સ્વામી !' સ્વામી ! કહે જે, 'સેવા કરે તેના ઉપર શ્રીજીમહારાજ બહુ પ્રસન્ન થાય છે.' ॥૯૫૮॥

ગામ **ઉગામેડી**ના હરિજનોએ સ્વામીને પ્રાર્થના કરી જે, 'અમારે ગામ પધારો અને તમે કહો તે પ્રમાણે મંદિર કરવા જગ્યા આપીયે.' પછી સ્વામી ગઢપુરથી ગાડું જોડાવી ઉગામેડીયે ગયા અને પટેલીયા સૌ આવીને સ્વામીને પગે લાગ્યા અને સારી જગ્યામાં સ્વામીને ઉતારો આપ્યો. પછી સ્વામીને સાથે લઈને પટેલીયા અને હરિજનો સૌ મળીને ગામમાં જગ્યા જોવા માટે ગયા. પછી સ્વામીના કહેવા પ્રમાણે ગામના પટેલીયાઓએ જગ્યા આપી અને સ્વામીએ સૌને આશીર્વાદ આપ્યો ને મંદિર કરાવ્યું. ॥૯૫૯॥

જ્યારે **જીવાખાચર**નું કારજ હતું ત્યારે દેશાંતરોના કાઠી સૌ જીવાખાચરને ખરચે આવ્યા હતા. પછી સૌ કાઠી શ્રીજીમહારાજને દર્શને દરબારમાં આવ્યા અને મહારાજને કહ્યું જે, 'અમને મુક્તાનંદસ્વામીનાં દર્શન કરાવો.' ત્યારે મહારાજ કહે, ''તમારે મુક્તાનંદસ્વામીનાં દર્શન કરવાં છે કે તેથી મોટા હોય તેનાં દર્શન કરવાં છે ?'' પછી શ્રીજીમહારાજ ઉગમણે આરે પોતાના સખા સહિત પધાર્યા અને તેમની ભેગા તે બધા કાઠી પણ ગયા તે વખતે સિદ્ધાનંદસ્વામી હાથમાં હીંહવો લઈને પત્થર કાઢતા હતા. પછી શ્રીજીમહારાજે તે કાઠીયોને કહ્યું જે, ''લોક વહેવારે મુક્તાનંદસ્વામી મોટા છે અને મારી મૂર્તિ રાખવામાં આ મોટા છે !'' પછી ત્યાં સૌ કાઠીઓ જઈને સ્વામીને દંડવત કરીને પગે લાગ્યા. ॥૯૬૦॥

# સદ્‌ગુરુ સચ્ચિદાનંદસ્વામીની વાતો

એક વખત **માંડવધાર**માં હરિજનોએ વાઢ કર્યો હતો અને ત્યાં એંશી બાવાની જમાત આવી હતી ને વાઢે પડાવ કર્યો. પછી તે જમાતના મહંતે કહ્યું જે, 'અમને એંશી કડા ગોળ આપો નહીં તો તમારો ચીંચોડો બંધ કરી દઈશ.' પછી સૌ હરિજન ગઢપુર મહારાજ પાસે આવ્યા અને પગે લાગીને વાત કરી જે, 'એંશી બાવાની જમાત આવી છે અને એંશી કડા ગોળ માગે છે માટે કોઈક મોટા સંતને મોકલો.' પછી મહારાજે સચ્ચિદાનંદસ્વામીને ત્યાં મોકલ્યા. પછી બાવો કહે, 'હું ગોળની કડામાં બેસું.' ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે, 'તું તો ગોળની કડામાં બેશ પણ હું તો ચુલ્યમાં બેસું તો પણ દાઝું નહીં.' એમ કહીને સ્વામીએ ચીંચોડો છોડાવી નંખાવ્યો અને કાચા સુતરની કોકડી મગાવી. તેનો એક છેડો લઈને ચીંચોડાની જાગીએ બાંધ્યો અને એક છેડો પોતાની કેડે બાંધ્યો. પછી સ્વામીએ કહ્યું જે, 'હવે બે જણ ચીંચોડામાં શેરડી ઓરો અને પોતે કાચા તાંતણાથી ચીંચોડો ફેરવવા મંડ્યા. પછી સ્વામી કહે કે, 'આમ જે ચીંચોડો ફેરવે તે ગોળ લે.' પછી બાવા સૌ વહેલા ઉઠીને ચાલ્યા ગયા; એમ બાવાનો પરાજય કરીને પછી ગઢપુર આવીને મહારાજને પગે લાગ્યા. ॥૯૬૧॥

એક વખત સ્વામી ગામ **પીપળીયે** પધાર્યા હતા. ત્યાં મંદિરમાં બે પીંપરનાં ઝાડ હતાં. તેની નીચે ફરતો પત્થરનો ઓટો હતો. તે ઉપર બેસીને સ્વામી ભજન કરતા હતા. તે વખતે પીંપરના થડમાં બે મોટા નાગ રહેતા હતા તે સ્વામી જ્યારે ભજન કરે ત્યારે બન્ને નાગ સ્વામીની ડોકે વિંટાય અને બન્નેની ફેણો માથા ઉપર (શંકરની પેઠે) દેખાય. તે જોઈ ગામના લોકો સૌ આશ્ચર્ય પામતા. પછી સ્વામી જ્યારે ધ્યાનમાંથી જાગે ત્યારે નાગ ઉપરથી ઉતરીને ચાલ્યા જાય; એવો સ્વામીનો પ્રતાપ જોઈને કેટલાક લોકોએ તો સ્વામીને હાથે વર્તમાન ધરાવ્યાં. આખું ગામ સત્સંગી થયું. ॥૯૬૨॥

ગામ **પીપળીયા**ના લુવાર બીજલ પટેલ તથા રણછોડ પટેલ હતા. તેમને સ્વામી કહેતા જે, 'તમે સૌ મારી કૌપીનને નેફે વળગજ્યો એટલે હું તમને સૌને ઢરડીને ધામમાં લઈ જઈશ.' એમ સ્વામી હરિજનો આગળ બળની વાતો કરતા. ॥૯૬૩॥

**પીપળીયા**ના વેલો લુવાર હતા. તે કાંઈક સેવા સારૂ ગઢપુર આવ્યા હતા અને સખપરને પાદર પાડલીયો નદી છે તેને કાંઠે જાળામાં પોતાના જોડા સંતાડીને આવ્યા હતા. પછી તેઓ ગઢપુર પાંચ દશ દિવસ રહ્યા હતા ને તેઓ જ્યારે ચાલ્યા ત્યારે સ્વામી બોલ્યા જે, 'વેલા ! તારા જોડા નદીને કાંઠે જાળામાં મૂકેલા છે તે લેતા જાજો.'

એમ સ્વામીએ અંતર્યામીપણે કહ્યું. ॥૯૬૪॥

એક વખત સ્વામીએ **હરજી ભગત**ને પૂછ્યું જે, 'ભગત... ! મહારાજ મને કેમ તેડવા માટે પધારતા નથી ?' ત્યારે હરજી ભગત કહે, 'સ્વામી ! તમારે માટે મહારાજ વિમાન શણગારે છે.' તે સાંભળીને સ્વામી કહે કે, 'મારે વિમાનનું કાંઈ કામ નથી. મારે તો મહારાજનું કામ છે.' એમ હરજી ભગતને સ્વામીએ વાત કરી ત્યાર પછી થોડાક દિવસ કેડે શ્રીજીમહારાજ તેમને ધામમાં તેડી ગયા. ॥૯૬૫॥

એક વખત સત્સંગના ખપ ઉપર સ્વામીએ વાત કરી જે, 'સત્સંગનો ખપ કેવો રાખવો ? સત્સંગના ગરજુ કેવા થાવું ?' તે ઉપર પોતે વાત કરી જે, 'આ મારા પગ છે તેને ઢીંચણથી અગર કાંડાથી ભાંગી નાંખે અને પછી ઢરડાતો જ્યાં સાધુની એઠવાડ નાંખે છે તે ઠેકાણે ઝોળી પાથરીને બેસું અને કહું જે મહાપુરુષો આ ઝોળીમાં એઠું નાંખો. પછી તે એઠવાડ ખાઈને સત્સંગમાં પડ્યો રહું પણ સત્સંગ ન મેલું કેમકે હાડ ચામડી સત્સંગની છે.' તે ઉપર સ્વામીએ વાત કરી જે,' સંવત ૧૮૬૯ની સાલમાં જ્યારે દુકાળમાં જુનાગઢમાં ગગાભાઈ ગરાસીયાએ બે કોળીના છોકરા રાખ્યા હતા. તેને કાળ ઉતરાવ્યો અને ઉછેરીને મોટા કર્યા પછી તે છોકરા મોટા થયા. તે વખતમાં ગગાભાઈનો દેશકાળ મોળો આવ્યો. પછી તે બન્ને છોકરાઓ મજુરી કરીને ગગાભાઈનું પોષણ કરતા અને પછી તે બન્ને જણા સાંજે જ્યારે ઘરે આવે ત્યારે ગગાભાઈ લાકડી લઈને સામા થાય અને કેટલીક ગાળો ભાંડે તો પણ બન્ને જણા સાંભળીને બેસી રહે. પછી આડોશી પાડોશી કહેવા લાગ્યા જે, 'મૂરખાઓ ! હવે તમે શા માટે આવા તિરસ્કાર સહન કરો છો ? હવે તો તમે તમારી મેળે તમારો નિર્વાહ કરી શકો તેવા થયા છો. 'ત્યારે તે બન્ને જણ કહે કે, 'ભાઈઓ ! ખરી વખતે અમને એણે રાખ્યા છે અને આ અમારી હાડ ચામડી તેની છે માટે અમારો ગમે તેમ તિરસ્કાર કરે તો પણ અમે કૃતઘ્ની નહીં થાઈએ.' તેમ સ્વામી કહે, 'સત્સંગનો ખપ તેવો રાખવો.' ॥૯૬૬॥

શ્રીજીમહારાજ જ્યારે ધરમપુર પધાર્યા ત્યારે સચ્ચિદાનંદ સ્વામીને ગઢપુર મેલી ગયા હતા ને એક માસ સુધી મહારાજ ધરમપુર તરફ રોકાયા હતા. અને મહારાજ ત્યાંની પ્રસાદી આપતા ને સ્વામી આંહીં બેઠા બેઠા ગઢપુરમાં જમતા. પછી એક દિવસ હરજી ઠકકરે પૂછ્યું જે, 'સ્વામી ! તમે કેમ કાંઈ જમતા નથી ?' તે સાંભળી સ્વામી બોલ્યા જે, 'શ્રીજીમહારાજ મને હમેશાં પ્રસાદી આપે છે તે હું જમું છું.' હરજી ઠકકર કહે, 'તે વાત સત્ય મનાય નહીં.' સ્વામી કહે કે, 'હમણાં મને શ્રીજીમહારાજે દહીં તથા ભાતની પ્રસાદી આપી તે હું જમ્યો છું.' એમ કહીને પોતે ઉલટી કરીને દેખાડ્યું ત્યારે

સૌને વિશ્વાસ આવ્યો. એવી શ્રીજીમહારાજ સાથે તેમને એકતા હતી. ॥૯૬૭॥

શાસ્ત્રમાં એમ વાત છે જે, 'જ્યારે રાધિકાજીને શ્રીકૃષ્ણ ભગવાનનો વિયોગ થાય ત્યારે તેમના કપાળનો ચાંદલો શામ થઈ જતો ને સચ્ચિદાનંદસ્વામીને જ્યારે શ્રીજીમહારાજનો વિયોગ થાય ત્યારે રુંવાડે રુંવાડે રુધિર નીસરે એવો શ્રીજીમહારાજને વિષે તેમને પ્રેમ હતો. ॥૯૬૮॥

એક વખત સચ્ચિદાનંદસ્વામી તથા સિદ્ધાનંદસ્વામી ચીરોડી દળતા હતા ત્યાં શ્રીજીમહારાજ પધાર્યા ત્યારે સિદ્ધાનંદસ્વામી કીર્તન બોલ્યા જે–

*''ઘંટીને ઘહરકે રે વાલો મારો આવીયા''*

ત્યારે મહારાજ કહે, ''સ્વામી ! એ તમારું કામ નથી. એ તો બ્રહ્માનંદ સ્વામીને આવડે.'' એમ કહીને શ્રીજીમહારાજ ચાલી નીસર્યા. ॥૯૬૯॥

જે વખતે શ્રીજીમહારાજ સ્વધામ પધારવાને માટે તૈયાર થયા તે વખતે પોતે પોતાનાં દેહનાં નાડી પ્રાણ તોડીને અક્ષરધામમાં ગયા અને ત્યાં મુક્તને કહ્યું જે, 'અહીંયાં મને રાખશો ?' ત્યારે મુક્તોએ કહ્યું જે, 'સુખેથી આવો.' પછી સ્વામી પોતાનાં નાડી પ્રાણ ત્યાગ કરીને અક્ષરધામમાં ગયા અને સિંહાસન નીચે સંતાણા. પછી મહારાજ જ્યારે આંહીંથી પધાર્યા ત્યારે મહારાજે કહ્યું જે, ''આંહીં એક ચોર આવેલો છે ?'' પછી સ્વામીનું શરીર એક જોજન ઉંચું ઉછળવા લાગ્યું. પછી આવીને શ્રીજીમહારાજ પાસે હાથ જોડીને ઉભા રહ્યા. મહારાજે કહ્યું જે, ''દેહમાં જા.'' સ્વામી કહે, 'મહારાજ ! મારાથી હવે દેહમાં રહેવાય તેમ નથી. કેમકે હું નાડી પ્રાણ તોડીને આવ્યો છું.' મહારાજ કહે કે, ''નહીં જા તો હજાર વરસ સુધી સુકા કાષ્ટમાં દેહ (જીવ) ખોસી મેલીશ અને આમને આમ રુધિરનો ભર્યો દરબારમાં જાજે અને સૌને વાત કરજે અને કાલે એકાદશી છે. માટે આજ રાત્રે સૌ જમજો પણ કોઈ ભૂખ્યા રહેશો નહીં!'' એમ કહીને મહાપ્રસાદીનું પાણી પાયું અને કહ્યું જે, 'છ મહિના તો દેહમાં રહેજે.' એમ કહીને મોકલ્યા ને આવ્યા પછી સૌને બધી વાત કરી દેખાડી અને અહીંનું અન્ન જળ પોતાને ભાવતું નહીં. પછી છ મહિને ધામમાં પધાર્યા એવા હેતવાળા હતા.તે ભગવાન વિના ઘડી પણ રહી શકતા નહીં. શ્રીજીમહારાજ કહે, ''સચ્ચિદાનંદસ્વામીના હેતની બલિહારી છે.'' ॥૯૭૦॥

અને પોતે જ્યારે ઘરે હતા ત્યારે ગામમાં મરકી આવી હતી ત્યારે મોટાભાઈએ કહ્યું જે, 'તું મારામાં આવ્ય. બીજે જવું રહેવા દે.' પછી મરકીએ મોટાભાઈના

શરીરમાં પ્રવેશ કર્યો. પછી મોટાભાઈએ પોતાના શરીરની બધી નાડીયું ખેંચી લીધી અને શરીરમાં જઠરાગ્નિ પ્રદીપ્ત કર્યો. એટલે મરકી બળવા લાગી. પછી હાથ જોડીને મોટાભાઈને કહ્યું જે, 'મારી રક્ષા કરો અને હવેથી હું તમારો કોઈ દિવસ છેડ કરીશ નહીં.' એમ જ્યારે બહુ વાર પ્રાર્થના કરી ત્યારે મોટાભાઈએ અગ્નિને શાંત કર્યો અને મરકી ગામમાંથી નાશી ગઈ. ॥૯૭૧॥

એક વખત પોતે **કચ્છ**માં શ્રીજીમહારાજને દર્શને જતા હતા અને વહાણમાં બેઠા. તે ત્રણ દિવસ સુધી વહાણમાં પડ્યા રહ્યા. પછી તેમને સ્મશાનમાં લઈ જઈને અગ્નિસંસ્કાર કરવાનો આદર કર્યો. તે વખતે શ્રીજીમહારાજે આવીને ચિતામાંથી બેઠા કર્યા અને મહારાજે વારંવાર કેટલોક ઠપકો દીધો. એમ શ્રીજીમહારાજે મોટાભાઈની રક્ષા કરી. ॥૯૭૨॥

એક વખત પોતાના સંબંધીઓએ ઘરમાં પુરીને તાળું વાસ્યું હતું અને પગમાં બેડીયો પહેરાવી હતી. પછી શ્રીજીમહારાજે આવીને તેની બેડીયો તોડી નાંખી અને કમાડનાં તાળાં એમનાં એમ દીધાં રહ્યાં અને તેમાંથી શ્રીજીમહારાજ કાઢી ગયા. ॥૯૭૩॥

# સદ્‌ગુરુ ભાયાત્માનંદસ્વામીની વાતો

એક વખત શ્રીજીમહારાજે ગઢપુરમાં સૌ સંતને કહ્યું જે,'' સૌ એક-એક જણ ફરવા જાઓ અને જે મારો આશરો રાખશે તેને મારે ફીકર અને જે બીજાનો આશરો રાખશે તેની મારે ફીકર નહીં.'' એમ કહીને સૌ સંતને ફરવા મોકલ્યા. પછી ભાઈ સ્વામી ગામ ધોરાજી આવ્યા. તે વખતે ચોમાસું હતું તેથી વરસાદ પણ થોડો થોડો વરસતો હતો અને રાત્રી પડી. પછી એક પડી ગયેલ ઘરનું ખંઢેર હતું. તેમાં એક ખુણે બેસીને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભજન કરવા લાગ્યા અને દિવસ બધાના ભૂખ્યા હતા અને રાતના આઠ વાગ્યા સુધી અન્ન જળ મળ્યું નહીં પણ પોતાને શ્રીજીમહારાજનો વિશ્વાસ બહુ હતો. તેથી શ્રીજીમહારાજ રાત્રીએ એક હાથમાં ખીચડી ભરેલી થાળી અને એક કઢીનો વાટકો લઈને છત્રી ઓઢીને આવ્યા અને મહારાજ બોલ્યા જે, ''કોઈ ભૂખ્યું ? કોઈ ભૂખ્યું ?'' ત્યારે સ્વામી બોલ્યા જે, 'હા, હું ભૂખ્યો છું.' ત્યારે મહારાજ કહે કે, ''તમે કોણ છો ?'' ત્યારે મહારાજ કહે કે, ''હું બ્રાહ્મણ છું. માટે તમે લ્યો ભૂખ્યા હો તો જમો.'' પછી ખીચડી ને કઢી આપીને સ્વામીને જમવા બેસાર્યા અને મહારાજે માથે છત્રી ઝાલી રાખી. પછી પાણી પાઈને મહારાજ અદશ્ય થઈ ગયા ! પછી થોડા દિવસ થયા પછી સ્વામી ગઢપુર આવ્યા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. તેમને મહારાજે પૂછ્યું જે,'સ્વામી ! કાંઈ દુઃખ પડ્યું ?' સ્વામી કહે, 'ના મહારાજ ! તમારા પ્રતાપથી કાંઈ દુઃખ નથી પડ્યું.' પછી મહારાજ કહે કે, ''સ્વામી ! ઓલ્યા ખંઢેરમાં રાત્રે બેઠા હતા અને હું ખીચડી ને કઢી લઈને આવ્યો અને તમને જમાડ્યા હતા તે ભૂલી ગયા ?'' સ્વામી કહે, 'હા મહારાજ ! એ તમે હતા ?' ॥૯૭૪॥

શ્રીજીમહારાજ ઉગમણાબારને ઓરડે સભા કરીને વિરાજમાન હતા તે વખતે મહારાજે કહ્યું જે, 'ભુજ કોણ જાશે ?' ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ! તમે આજ્ઞા કરો તે જાય.' પછી મહારાજ બોલ્યા જે, ''આ ભાઈસ્વામી જાય.'' અને કહ્યું જે, ''ત્યાં જઈને રવજી સુતાર ઢોલિયા ઉપર બેઠો છે તેને લાત મારજો.'' એમ શ્રીજીમહારાજે તે ઠેકાણે ઢોલિયા ઉપર બેઠા બેઠા લાત ઉગામી તે ભુજમાં રવજી સુતારને વાગી અને તે ત્યાં ઢોલિયેથી હેઠો પડી ગયો. પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ ! તમારે ભાઈસ્વામીને મોકલવા હોય તો મોકલો પણ ત્યાં તો તેની સમાધિ ટુટી ગઈ છે અને તમોએ આંહીંયાં લાત મારી તે તેને ત્યાં વાગી છે.' પછી

સ્વામીને ભુજ જતા અટકાવ્યા. ॥૯૭૫॥

અને મહારાજે સભામાં વાત કરી જે, “જેણે પોતાના દેહને અર્થે ન માગ્યું હોય તે બોલો.” પછી એક સંત સભામાં ઉભા થઈને બોલ્યા જે, ‘મેં મારા સારૂ કોઈ પાસે નથી માગ્યું.’ ત્યારે મહારાજ કહે, “તમે પીપળીયામાં લુવાર વેલા પાસેથી સોય દોરા માગ્યા હતા ને ?” પછી સાધુએ કહ્યું જે, ‘હા, મહારાજ ! માગ્યા ખરા.’ પછી ભાઈસ્વામી ઉભા થઈને બોલ્યા જે, ‘મારો દેહ ધારીને મેં મારા સારુ કાંઈ માગ્યું નથી.’ ત્યારે મહારાજ કહે કે, ‘તમે ખરા ! તમે કોઈ પાસે નથી માગ્યું.” ॥૯૭૬॥

એક વખત શ્રીજીમહારાજ ગઢપુરમાં સભા કરીને વિરાજમાન હતા ત્યારે મહારાજ બોલ્યા જે, “ખાણગામ કોઈ જાય ?” ત્યારે ભાઈસ્વામીએ કહ્યું જે, ‘હું જાઉં.’ પછી મહારાજ કહે, “લ્યો, હું તમને ચીઠ્ઠી લખી આપું જે, આબુની છાયામાં બ્રહ્માનંદસ્વામીનું ખાણગામ છે.” પછી સ્વામી બોલ્યા જે, ‘ના, મહારાજ ! એમાં ચીઠ્ઠીનું કાંઈ કામ નથી એ તો મને હૈયે રહેશે. જેમ જારની ખાણ, ધુડની ખાણ; તેમ ખાણગામ.’ પણ મહારાજે બહુ બહુ કહ્યું પણ સ્વામીએ ના પાડી. પછી અહીંથી છ સાધુ લઈને ચાલ્યા તે સિદ્ધપુર સુધી ગયા પણ આગળ ક્યાંઈ ભોજનનું પુરું થાય તેવું નહીં. તેથી ચાર સંત પાછા આ દેશમાં આવ્યા અને ગોવિંદસ્વામી તથા ભાઈસ્વામી; એ બે જણ ગયા અને ચાલતાં ચાલતાં આબુનો ડુંગર મેલીને દસ બાર ગાઉ આગળ ચાલ્યા ગયા પણ પોતાને કાંઈ સ્મૃતિ રહી નહીં કે આપે ક્યાં જઈએ છીએ ? પછી એક ગામને પાદર તળાવ હતું ત્યાં વડને નીચે જઈને બેઠા. તે વખતે ગોવિંદસ્વામીને ભાઈસ્વામીએ પૂછ્યું જે, ‘ગોવિંદાનંદ ! આપણે ક્યાં જઈએ છીએ ?’ ત્યારે સ્વામી કહે, ‘તેની મને કાંઈ ખબર નથી.’ તે વખતે કેટલાક બાવા ત્યાં આવ્યા તેમણે કહ્યું જે, ‘મહારાજો ! શું બેઠા છો ?’ આપણે સદાવ્રત અપાય છે ત્યાં ઝટ જાઓ નીકર બંધ થઈ જાશે. પછી બન્ને જણા જઈને સદાવ્રતનો લોટ લઈ આવ્યા અને તે વડ નીચે છાણાં લાવીને આડ ખડક્યો અને વાસણનું સાધન નહીં તેથી પાણી ગળણામાં લોટ બાંધ્યો અને છાણામાં જ્યાં અગ્નિ મૂક્યો અને ધૂમાડો થયો એટલે ઉપર મધ હતું તે ઉડ્યું અને શરીરે માખીયો વળગીયું. તેથી બન્ને જણા દોડીને તલાવના પાણીમાં પડ્યા લોટ કાગડાં કુતરાં ખાઈ ગયાં પછી દિવસ અસ્ત થયો અને પછી ત્યાંથી ચાલી એક ગામને પાદર જઈને બેઠા હતા. ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા અને બહુ પરિશ્રમ પડ્યો હતો તેથી મૃત્યુવત્ થઈ ગયેલા હતા. તે વખતે શ્રીજીમહારાજ હાથમાં સુખડી તથા ગાંઠીયાની થાળી ભરીને આવ્યા અને પૂછ્યું જે, “મહાપુરુષ ! ક્યાં રહેવું ?” સ્વામી કહે કે,

'મહારાજ અમે તો કાઠીયાવાડમાં રહીયે છીએ.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''ક્યાં જવું છે ?'' ત્યારે સ્વામી બોલ્યા જે, 'અમને કાંઈ ખબર રહી નથી.' પછી મહારાજ કહે કે, ''તમે ભૂખ્યા છો માટે જમી લ્યો અને હું પછી તમને ગામ બતાવું.'' પછી બન્ને જણને જમાડીને મહારાજ તેમની પાસે બેસીને ફરતા ગામના નામ લેવા મંડ્યા. ત્યારે મહારાજ કહે કે, ''ખાણગામ ?'' ત્યારે સ્વામી કહે, 'હા, અમારે ત્યાં જવું છે.' ત્યારે મહારાજ કહે, ''ચીઠ્ઠી લખી આપું ?'' સ્વામી કહે, 'હા, લખી આપો તો બહુ સારું!' પછી મહારાજે ચીઠ્ઠી લખી આપી જે આબુની છાયામાં ખાણગામ છે. પછી મહારાજે કહ્યું જે 'મહાપુરુષો ગામ તો પંદરગાઉ પાછળ રહી ગયું ! એમ કહીને ચીઠ્ઠી લખી આપીને અદંશ્ય થઈ ગયા.' પછી તે બેય જણા ખાણગામ ગયા ત્યાં જઈને ત્રણ માસ રહ્યા અને કેટલાકને સત્સંગી કર્યા. પછી છ મહિને ગઢપુર આવ્યા તે વખતે શ્રીજીમહારાજ સભા કરીને દરબારમાં વિરાજમાન હતા. પછી સ્વામીને ભાળીને મહારાજ ઢોલિયા ઉપરથી ઉભા થઈને સામા જઈને બોલ્યા જે, ''આ મારા શૂરવીર ભક્ત આવ્યા, શૂરવીર ભક્ત આવ્યા.'' એમ કહીને મહારાજે એક હાથ ભાઈ સ્વામીને ખંભે મેલ્યો અને બીજો હાથ ગોવિંદસ્વામીને ખંભે મેલ્યો. પછી મહારાજ સભામાં આવ્યાં. ત્યાં બેય જણા દંડવત કરીને મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજ બોલ્યા જે, 'સ્વામી ! ક્યાંઈ દુઃખ પડ્યું હતું ?' ત્યારે સ્વામી કહે, 'ના, મહારાજ!' ત્યારે મહારાજ કહે, ''ત્રણ દિવસ ભૂખ્યા તરસ્યા તળાવમાં પડ્યું રહેવું પડ્યું ને કુતરાં લોટ ખાઈ ગયાં અને પછી મારે જમવાનું લઈને આપવા આવવું પડ્યું હતું અને બોલ્યા જે આંહીંથી ચીઠ્ઠી લઈ ગયા હોત તો મારે ત્યાં આવવું પડત નહીં.' પછી ભાઈસ્વામી કહે, 'મહારાજ ! મારી ભૂલ થઈ.' ને સ્વામી કહેતા જે, 'મેં મહારાજની ક્યારેય આજ્ઞા લોપી નથી પણ આ મરજી હું જાણી શક્યો નહીં.' આમ સ્વામી પંડ્યે વાતો કરતા હતા. ॥૯૭૭॥

સ્વામી દેશમાંથી ફરીને ગઢપુર આવતા હતા. તે ગામ **ઝીંઝાવદર** આવ્યા ત્યાં દિવસ અસ્ત થઈ ગયો અને સ્વામીને થાક પણ બહુ લાગ્યો હતો. તેથી ઝીંઝાવદરને પાદર સ્વામી રાત રહ્યા અને બીજા સંત ગઢપુર આવ્યા અને મહારાજને તેઓ દંડવત કરીને પગે લાગ્યા ત્યારે મહારાજે તેમને પૂછ્યું કે, ''ભાઈસ્વામી ક્યાં ?'' ત્યારે સંતે કહ્યું જે, 'ઝીંઝાવદર રાત રહ્યા છે.' પછી બીજે દિવસે સવારમાં સ્વામી ગઢપુર આવ્યા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. ત્યારે મહારાજ કહે કે, ''સ્વામી ! તમે અલૈયાખાચરનો સમાગમ કરવા રહ્યા હતા કે ?'' સ્વામી કહે કે, 'ના, મહારાજ હું થાકી ગયો હતો તેથી ગામને પાદર રાત રહ્યો હતો અને ગામમાં ગયો નથી.' ત્યારે

મહારાજને શંકા ટળી. ॥૯૭૮॥

કચ્છ દેશમાં રામપર ગામમાં શ્રીજીમહારાજે ભાગવતની પારાયણ કરાવી હતી. ત્યાં સૌ સંત પહોંચ્યા હતા પણ ભાઈસ્વામી જઈ શક્યા નહોતા. પછી જ્યારે સ્વામી મહારાજ ભેળા થયા ત્યારે મહારાજે કહ્યું જે, "સ્વામી ! અમે પારાયણ કરાવી ત્યાં તમે આવી શક્યા નહીં ?" તે સાંભળીને સ્વામી બોલ્યા જે, 'મારાથી ત્યાં પહોચાણું નહીં" માટે તેનું રહસ્ય હોય તે કહો.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'સ્વામી ! મરેલ મકોડો જીવતા મકોડાને તાણી જાય છે; એ દૃષ્ટાંતનું સિદ્ધાંત એ છે જે એક કોર માયાનું ટોળું છે અને બીજી તરફ જીવ છે તે જીવને ભગવાન ભજવા છે પણ માયાનું બળ એવું જબરું છે તે જીવને ભગવાન સન્મુખ થાવા દેતી નથી અને માયાવી કરી નાંખે છે માટે જીવ બ્રહ્મરુપ થઈને ભગવાનના શરણને પામે તો માયાને તરે." ॥૯૭૯॥

એક વખત સ્વામી **સુરત** પધાર્યા હતા. ત્યાં નિરંતર રસ રોટલીની રસોઈયું ચાલતી હતી. પછી એક સંતને કોઈકે કહ્યું કે, 'મહાપુરુષ ! તમને શરીરે સોજા ચડી ગયા છે.' તે સાધુ જરા ભોળા જેવા હશે. તેથી તેમના મનમાં એમ થયું જે મને સોજા ચડી ગયા જણાય છે. પછી વૈદને બોલાવીને નાડી બતાવી અને બે ચાર દિવસ વૈદ આવ્યો ને દવા ખવરાવી ત્યારે સ્વામી બોલ્યા જે, 'અણીડો આ કોથળીયો ક્યાં જાય છે ?' પછી સંત સભામાં બેઠા હતા તેણે સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! વૈદ તો મારી પાસે આવે છે. સ્વામી કહે કે, 'તમને શું થયું છે ?' સંત બોલ્યા જે, 'સૌ સંત કહે, તમને સોઝા ચડી ગયા છે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'મહાપુરૂષ ! હંમેશા રસ રોટલીની રસોઈયું ચાલે છે તે સોજા તો ચડે જ તો.' ॥૯૮૦॥

સ્વામી બહુધા કરીને **વાગડ** ગામમાં રહેતા હતા. ત્યાં ઈંગોરાળાના પટેલ કુંવરજી જાગાણી ગયા હતા. તેને વડોદરે જવું હતું પછી તે વાગડમાં રાત રહ્યા અને અહીંથી કોઠારી ભક્તિવલ્લભદાસજીએ તેને ભલામણનો કાગળ ગઢડાથી લખી આપ્યો હતો જે, 'આ બહુ સારા સત્સંગી છે માટે તેમની સારી રીતે બરદાસ રાખજો.' એમ વાગડના હરિભક્ત ગરાસીયા ઉપર કાગળ લખ્યો હતો. તે કાગળ વાંચીને તેમનો મંદિરમાં ઉતારો કરાવ્યો હતો અને તેની ઘોડી કોઈક હરિજનને ઘરે બંધાવી હતી. તે પટેલને હોકાનું બંધાણ હતું તેથી પોતા સાથે એક વાળંદ હતો અને તેને કહ્યું જે, 'જા, સભામાં જઈને કહે જે, જે પટેલને હોકો ભરવા માટે બાવળની છાલ અગર લાકડાં જોશે.' તે વખતે સૌ હરિજન ધ્યાન કરતા હતા. તે સભામાં જઈને વાળંદ બોલ્યો જે, 'આમ કેમ? સૌ શુન્ય મુન્ય થઈને બેઠા છે ? પટેલને હોકો ભરવાને માટે બાવળની

છાલ જોશે.' તે સાંભળીને હરિજનો બોલી ઉઠ્યા જે, 'કોઠારીએ કાગળ લખ્યો છે જે આ બહુ સારા હરિજન છે તે સારા હરિભક્તને હોકો હોય ? અને અમે તો કોઈ હોકો પીતા નથી ! તેથી બાવળના લાકડા ક્યાંથી હોય ?' તે વાત પટેલે સાંભળી જે, 'કાગળમાં તો મારાં વખાણ લખ્યાં છે અને હોકે તો મને ફજેત કર્યો.' એમ કહીને પોતે હાથમાં હોકો લઈને મંદિરને પગથીયે ગયા. તે હોકાને હાથમાં લઈને પગથીયામાં પછાડ્યો તે કટકે કટકા થઈ ગયા. પછી પોતપોતાને આસને જઈને સુતા અને વાળંદ પગચંપી કરતો હતો અને તે વખતે સ્વામી લઘુશંકા કરવા ઉઠ્યા હતા તેમણે ઉભા રહીને જોયું અને પછી સ્વામી બોલ્યા જે, 'અણીડો આ શું થાય છે ?' પટેલ કહે કે, 'સ્વામી ! જ્યારે વાળંદ મારે પગે પોલા ઢીંકા મારીને પગચંપી કરે ત્યારે મને નિંદ્રા આવે છે.' સ્વામી કહે કે, 'ઢીંકા મારનારો ન રહ્યો તો નિંદ્રા કેમ આવશે ?' પછી તરત પોતે વાળંદને રજા આપીને પોતાને ઘરે મોકલ્યો જે પાછો જા સ્વામીનો આશીર્વાદ થયો. પછી વડોદરેથી ઘરે આવ્યા ત્યાં તો બીજો કણબી ગામની પટલાઈ લાવ્યો. માટે દેવ મંદિરમાં દેવની મર્યાદા રાખવી તથા મોટા સંતની પણ મર્યાદા રાખવી. ॥૯૮૧॥

સ્વામી ગામ **વાગડ**માં સુતા હતા અને કાળે આવીને સ્વામીની ઢોળણી ઉપાડીને ગામ બરવાળે ભરવાડણો છાશ તાણતી હતી તેના નેહમાં મૂકી. સવારમાં જ્યારે સ્વામી જાગ્યા અને જ્યાં જોયું ત્યાં તો પોતાને ખાટલો ભરવાડના નેહમાં દીઠો. પછી હરિભક્તોને બોલાવીને ગાડી કરીને સ્વામી વાગડ પધાર્યા. ॥૯૮૨॥

**સુરત**માં **પ્રજ્ઞાનંદસ્વામી** બેઠા હતા ત્યાં કેટલાક બ્રહ્મજ્ઞાનીઓ બેસવા આવ્યા. તેમણે સ્વામીને વાત કરી જે, 'સ્વામી ! જેમ માટલીમાં મંકોડો પુર્યો હોય અને તેમાં ચારે કોર ભમ્યા કરે પણ તેને ઠરવાનું ઠામ શું ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'સૌ સાંભળો! તે માટલીમાં એક સાકરનો ગાંગડો નાખ્યો હોય તો ત્યાં મંકોડો સ્થિર થાય.' તેમ સ્વામી કહે, 'એ દૃષ્ટાંતનું સિદ્ધાંત તો એ છે જે, આ સંસારરૂપી માટલી છે અને તેમાં જીવરૂપી મંકોડો છે. તે ચારે કોર ભટક્યા જ કરે છે પણ તે સાકરરુપી ભગવાનના ચરણારવિંદમાં ચોટે તો તેના જન્મ મરણ ટળી જાય !' ત્યારે સર્વેએ કહ્યું જે 'સ્વામી! તમે બરોબર ઉત્તર કર્યો. ॥૯૮૩॥

વળી એક જણે પ્રશ્ન કર્યો જે, 'સ્વામી ! આ બ્રહ્માંડ ગાળ્યું તેનો ગાળ ક્યાં નાંખ્યો હશે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ બ્રહ્માંડ કાંઈ ગાળે કરીને નહોતું ભર્યું. આ તો અવિદ્યાએ કરીને ભર્યું હતું. તે વહેંચતા વહેંચતા સૌને વહેંચી દીધી અને જેટલી વધી તેટલી તારા ઘરમાં નાંખી.' એટલે સભામાં સૌ હસવા લાગ્યા અને પ્રશ્ન પુછનારો

શરમાઈ ગયો. ॥૯૮૪॥

**વિશ્વાત્માનંદસ્વામી** ગામડામાં ફરવા ગયા હતા. ત્યાં એક કાઠીને ગામ પોતે ગયા ત્યાં ચોરામાં બ્રાહ્મણ કથા વાંચતો હતો. પછી સ્વામીએ ત્યાં જઈને કાઠીઓને રામ રામ કર્યા અને પૂછ્યું જે, 'ભટ ! આ શું વાંચે છે ?' ત્યારે કાઠી કહે કે, 'સ્વામી ! ભક્તમાળ વાંચે છે.' ત્યારે સ્વામી કહે, 'કઈ ભક્તમાળ ?' ત્યારે કાઠી બોલ્યા જે, 'બા એક જ ભક્તમાળ તો છેને ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'ઘંટમાળ ખોટો ?' કાઠી કહે, 'ખરો બા ! 'સ્વામી કહે કે, 'રેંટમાળ ખોટો ?' કાઠી કહે, 'ખરો બા ! 'સ્વામી કહે, 'સાલેમાળ ખોટો ?' કાઠી કહે, 'ખરો બા ! 'સ્વામી કહે કે, 'ઘુઘરમાળ ખોટો ?' કાઠી કહે કે, 'ખરો બા !' સ્વામી કહે કે, 'વરમાળ ખોટો ?' કાઠી કહે કે, 'ખરો બા ! 'કાઠીયો કહે કે, 'આ સ્વામી તો આટલી બધી માળ જાણે છે અને ભટ તો આ એક જ માળ વાંચે છે માટે ઉઠય તારૂં કામ નથી.' પછી તે ભટને કથા કરતો ઉઠાડી મૂક્યો. માટે જેવા માણસ તેવી વાત કરે તો શોભે. પછી વિશ્વાત્માનંદસ્વામીએ કાઠીને રાજી કર્યા. ॥૯૮૫॥

અને પોતે ત્યાં કેટલાક દિવસ વાતો કરતા રહ્યા. તેવામાં સ્વામી પાસે કેટલાક ઢુંઢીયા વાણિયા બેસવા આવ્યા તેમણે સ્વામીને કહ્યું જે, 'તમે મુમતી કેમ રાખતા નથી. જે વાયકા જીવ મરે ના ?' ત્યારે સ્વામી કહે કે, 'અમે મુમતી રાખીએ છીએ.' ઢુંઢીયા કહે, 'ક્યાં છે ?' સ્વામી કહે કે, 'તમારું મોઢું રામ કૃષ્ણ ગોવિંદ નથી કહેતું તે તમારે મોઢે બાંધી છે ! અને અમારો પશ્ચાત્ ભાગ રામ કૃષ્ણ ગોવિંદ નથી કહેતો તે અમે હેઠે બાંધી છે.' પછી સૌએ કહ્યું જે, 'તમારું મોઢું અને એમનો પશ્ચાત્ ભાગ.' એ બે બરોબર કર્યા પછી ઢુંઢીયા વયા ગયા. ॥૯૮૬॥

વળી ઢુંઢીયે મળીને સ્વામીને પ્રશ્ન પૂછ્યું જે, 'સ્વામી ! શંકરના થાળામાં પીપળો ઉગ્યો હોય તે જો પીપળાને કાઢે તો વિષ્ણુનો અપરાધ થાય અને શંકરનું લીંગ ઉપાડે તો શંકરનો અપરાધ થાય. માટે બેમાંથી કોને કાઢવું ને કોને રાખવું ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'તમારા ગોરજીના માથામાં જીવડા પડ્યા હોય તે જો જીવડા કાઢે તો અનંત જીવડા મરે અને ગોરજીનું માથું કાપે તો ગોરજી મરે માટે ગોરજીનું માથું કાપવું કે જીવડા કાઢવા ?' પછી ઢુંઢીયા સૌ છાનામાના બેસી રહ્યા. ॥૯૮૭॥

# સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીની વાતો

સ્વામી ત્યાગી થવા આવ્યા ત્યારે તેમનાં સગાં સંબંધી સૌ ઘરે તેડી ગયા અને પોતાનાં નાનાં નાનાં બે પુત્ર હતા તે તેમની પાસે બેઠા. ત્યારે સ્વામીએ પોતાની ઘરવાળીને કહ્યું જે, 'આને આંહીંથી લઈ લે. આ તો પાંકડો પાડો છે તે પાટુ મારશે તો ડેફરું ફોડી નાંખશે. આ કાંઈ ભેંશ નથી તે પારસો મૂકશે.' એવું સાંભળીને પછી તે બન્ને છોકરાને ત્યાંથી ઉઠાડી લઈ છેટે બેસાર્યા. કેમ જે આ સંસારમાંથી જ્યારે વૈરાગ્ય થાય ત્યારે સંસારના સુખ ગમે જ નહીં. ॥૯૮૮॥

એક વખત મહારાજ **શેખપાટ** ગયા હતા અને પોતે જે કોડમાં ઘડતા તે કોડમાં એક મોટું રંઘેડું (મોટો પાટલો) નાંખતા હતા અને તે ઉપર શ્રીજીમહારાજ બેસતા અને સ્વામી સામે બેસીને લાકડા ઘસવાનું કામ કરતા. ॥૯૮૯॥

ગઢપુરમાં શ્રીગોપીનાથજીમહારાજનું મંદિર ચણાતું હતું અને રતન કડીયા પાસે સ્વામી પત્થર દેવા માટે રહ્યા હતા. પછી સ્વામીએ એક મોટો પત્થર ખંભે લઈને મંદિર ઉપર ચડાવ્યો અને અહીંયાં હરેનો વખત થયો હતો. પછી રતને કડીયે પાટું મારીને પત્થરો હેઠો પાડી નાંખ્યો. તે જોઈને સ્વામી બોલ્યા જે, 'માળો કુસંગી દેખાય છે ? હું આટલી મહેનત કરીને પત્થર ઉપર લાવ્યો ને તેં પાડી નાંખ્યો. તારે અત્યારે અવકાશ નહોતો તો જમ્યા પછી બેસાડવો હતો.' પછી હરે થયા એટલે સૌ જમવા ગયા. સ્વામી તો જમીને પાછા તે પત્થરાને ખંભે ચડાવીને નીચેથી ઉપર લઈ ગયા અને રતનો કડીયો રીસાઈને પોતાને ઉતારે બેસી રહ્યો. પછી મહારાજને ખબર પડી જે, 'રતનો કડીયો રીંસાણો છે.' પછી મહારાજ બોલ્યા જે, ''રતના કડીયાને આ મંદિરનો જેટલો મમત છે તેટલો નિષ્કુળાનંદસ્વામીને કાંઈ મમત્વ હોય ?'' પછી રતના કડીયાને કોઈકે વાત કરી જે, 'મહારાજ ! તમારાં આવી રીતે વખાણ કરે છે'' અને મહારાજે કહ્યું જે, ''સાધુ તો લંગોટબંધ કહેવાય. તે આજ આહીં ને કાલ ક્યાંઈ ?'' તે સાંભળી રતનો કડીયો તરત કારખાના ઉપર ગયો અને નિષ્કુળાનંદસ્વામી પથર ઉપર ચડાવીને ત્યાં બેઠા હતા અને રતના કડીયાને પાણી ચુનો અને પત્થર વિગેરે જે જોઈએ તે આપવા લાગ્યા. પછી બીજે દિવસે સવારમાં અક્ષરઓરડીમાં સ્વામી મહારાજને દર્શને ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, 'સ્વામી ! તમે રતના કડીયાને મુક્તાનંદસ્વામી જેવો જાણ્યો ? જે એ રીંસ તો મુક્તાનંદસ્વામીને ન ચડે અને બીજાને તો રીંસ ચડે.'' પછી સ્વામી બોલ્યા જે, 'મહારાજ ! એ તો મારી ભૂલ થઈ.' ॥૯૯૦॥

એક વખત સ્વામી સવારમાં ગામ **બોટાદ**ને પાદર નીસર્યા તે વખતે શિવલાલભાઈ વગેરે હરિજનો બહાર કુવે નહાવા આવ્યા હતા. તેમણે સ્વામીને છેટેથી ભાળ્યા અને ત્યાં જઈને ખેંચતાણ કરીને ગામમાં લાવ્યા અને શેઠે બીરંજની રસોઈ કરાવી. પછી ઠાકોરજીને જમાડીને સ્વામી જમવા બેઠા અને શેઠ વિગેરે સૌ સ્વામીના દર્શન કરવા પાસે ઉભા હતા. પછી સ્વામી બોલ્યા જે, 'જમ્ય નિષ્કુળાનંદ જમ્ય ! એમ વારંવાર બોલે ને કહે જે તું મોટાનો મહોબતી તે મહોબત નહીં મેલી શકે ! પણ એક ગ્રાસ પોતાના મોઢામાં મેલ્યો નહીં.' પછી ભગા શેઠે હાથ જોડ્યા જે, 'સ્વામી! તમો રાજી હો તે જમો.' પછી પોતાના સારુ જુવારનો રોટલો કરાવ્યો હતો. તે જમ્યા પણ બીરંજ ઉપર હાથ મૂક્યો નહીં. એવા ત્યાગી ને વૈરાગ્યવાન હતા. ॥૯૯૧॥

સ્વામીને **ધોલેરા**ના મહંત કર્યા હતા. ત્યાં એક દિવસ પોતે સવારમાં પૂજા કરવા બેઠા હતા. તે વખતે પોતાની પૂજામાં લીલવા દ્રાખના પાંચ દાણાં ઠાકોરજીને ધર્યા હતા. તે પ્રસાદી મુખમાં મેલી તે વખતે ત્યાંના ડોસા ન્યાલ શેઠ કરીને બેઠા હતા. તેમણે જાણ્યું જે, 'સ્વામી ! દ્રાખ જમે છે.' પછી તેમણે પોતાના દીકરા મુળજીભાઈને કહ્યું જે, 'લીલવા દ્રાખનો એક સારો પડો લઈ આવ્ય. તે સ્વામીની પૂજામાં ધરવા આપીએ.' મુળજીભાઈએ દ્રાખનો પડો લાવીને સ્વામી પાસે મેલ્યો. ત્યારે સ્વામી બોલ્યા જે, 'મોરારચરણદાસ ! લાવ્ય, મારી પૂજાની ઝોળી લાવ્ય.' ઝોળી મંગાવીને તેમાંથી ડાબલી કાઢી અને પાંચ દાણા દ્રાખના હતા. તે ઘા કરી ફળીમાં નાંખી દીધા. સ્વામી કહે, 'તેં મને મોઢામાં નાંખતાં ભાળ્યો ત્યારે તું લાવ્યો ને ?' એવું સાંભળીને દ્રાખનો પડો પાછો ઉપાડી લીધો. ॥૯૯૨॥

**ધોલેરા**માં કોઈ અમલદાર આવ્યો હતો. તેણે "જનુની જીવો રે ગોપીચંદની" એ કીર્તન સાંભળ્યું. ત્યારે તેણે કહ્યું જે, 'આ કીર્તનના કરનારાને મારે જોવા છે.' પછી ગામના હરિજનો તેમને તેડીને મંદીરમાં લાવ્યા. તે વખતે સ્વામી બેઠા બેઠા પત્થર ઘડતા હતા. તે રજ ઉડીને પોતાના શરીર ઉપર પડી હતી. પછી સૌએ કહ્યું જે, 'જુઓ, કીર્તન કરનારા આ બેઠા ! 'ત્યારે અમલદાર કહે, 'આ હોય નહીં.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'મહેતા ! મણી તો છે પણ રજે ભીંજાણી છે.' પછી તે આવીને સ્વામીના પગમાં પડ્યો ને સ્વામીની વાતો સાંભળીને સ્વામીને હાથે વર્તમાન ધારીને સત્સંગી થયો. ॥૯૯૩॥

નિષ્કુળાનંદસ્વામીના દીકરા ગોવિંદસ્વામી ત્યાગી થવા સારુ ગઢપુર આવ્યા હતા. ત્યારે મહારાજે કહ્યું જે, 'જાઓ, આને રોટલા જમાડો.' પછી દરબારમાં આવ્યા

અને મોટીબાએ ત્રણ રોટલા થાળીમાં મૂકાવ્યા. તેમાં હેઠે ઘઉંનો તેના ઉપર બાજરાનો. તેના ઉપર જુવારનો મૂકેલો. તે થાળી લઈ રામભગત (ગોવિંદસ્વામી) પાસે મૂકી. તે ઉપરનો જુવારનો રોટલો જમી ગયા. પણ નીચેના બે રોટલાને તે અડ્યા નહીં. પછી શ્રીજીમહારાજ જ્યારે થાળ જમવા ગયા ત્યારે મોટીબાએ કહ્યું જે, 'મહારાજ ! આજ ભગત આવ્યા છે. તેની આગળ ત્રણ રોટલા મૂક્યા હતા. તે જુવારનો રોટલો જમી ગયા. પણ ઘઉંના ને બાજરાના રોટલાને જમ્યા નહીં.' પછી મહારાજ કહે, ''સિંહના તો સિંહ જ હોયને ?' એમ મહારાજે પ્રશંસા કરી. ॥૯૯૪॥

**ગોવિંદસ્વામી**નો સ્વભાવ બહુ જ ગરીબ અને સાધુતાવાળો હતો. અને એક વખત ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, 'સ્વામી ! તમારી સાધુતા મને આપો. કેમકે તમારામાં સાધુતાના બધાય ગુણ રહેલા છે.' એમ ગોપાળાનંદસ્વામીએ પણ ગોવિંદાનંદસ્વામીની પ્રશંસા કરી. ॥૯૯૫॥

ગઢપુરમાં **નૃસિંહાનંદસ્વામી** હતા. તે લખુ કંદોઈ પાસે પાશેર ગાંઠીયા અગર પેંડા નિરંતર મગાવ્યા કરતા અને પોતે ઠાકોરને જમાડીને કોઈ સારો ત્યાગી અને કોઈ સારો હરિજન આવે તેને જમાડી દેતા પણ પોતે જમતા નહીં. પછી પોતાના સેવકે કહ્યું જે, 'સ્વામી ! તમે જમતા નથી અને બીજાને આપી દ્યો છો અને લખુ કંદોઈ બિચારો ગરીબ છે.' ત્યારે સ્વામી કહે, 'નારણવલ્લભદાસ ! મારે લખુને ગરીબ નથી રહેવા દેવો. મારે લખુને લોંઠકો કરવો છે.' પછી સ્વામીના આશીર્વાદથી તે લખુ કંદોઈ મોટા આસામી થયા. મોટા પુરૂષની સેવાનું ફળ બેઉ લોક સુધારે એવું છે. ॥૯૯૬॥

સુંદરીયાણાના **પુંજા શેઠ** ગઢપુરના કોઠારી હતા. તે નિત્ય પુજા કરીને નૃસિંહાનંદસ્વામીને દર્શને જાય. ત્યારે સ્વામી નિરંતર કહે જે, 'પુંજાશેઠ ! એક નવા સેવક લાવો.' ત્યારે પુંજા શેઠ કહે કે, 'કોઈક એવો સારો મનુષ્ય આવશે ત્યારે તમારી સેવામાં મેલીશ.' પછી પુંજા શેઠે એક દિવસ સ્વામી આગળ વાત કરી જે, 'સ્વામી ! એક ગામમાં એક કારભારી હતો. તે ગામમાં જે મનુષ્ય મરે તેના પાંચ રૂપિયા દંડ લીધા પછી તેને બાળવા દેતો. પછી સૌ લોક તેના જુલમથી બહુ કંટાળી ગયા. જે, 'આ પાપ આપણા ગામમાંથી ક્યારે ટળે અને નવો આવે તો ઠીક.' પછી તેની બદલી થઈ ને નવો કારભારી આવ્યો. તેવામાં એક મોટા કુટુંબવાળો કણબી હશે તેની ડોસી મરી ગઈ. પછી સૌએ વિચાર કર્યો જે, 'આપણે કારભારીને પૂછવું જોઈએ અને પછી બાળવા લઈ જઈએ.' પછી તો સૌ મળીને કારભારીને પૂછવા ગયા જે, 'અમારે ડોસી મરી ગયાં છે. તેમને બાળવા લઈ જવાં છે તે કેમ કરીએ ?' ત્યારે કારભારી કહે કે,

'કેમ પુછવા આવવું પડ્યું ?' ત્યારે સૌએ કહ્યું જે, 'જુનો કારભારી હતો તે પાંચ રૂપિયા લીધા પછી બાળવાની રજા આપતો.' ત્યારે નવો કારભારી બોલ્યો જે, 'જાવ વિચારીને કહેશું.' એમ કરતાં આખી રાત વહી ગઈ અને સૌ ભૂખ્યાં તરસ્યાં પડ્યાં રહ્યાં. પછી સવારે પાંચ જણા મળીને કારભારી પાસે જઈને કહ્યું જે, 'સાહેબ ! ગઈ કાલ્યની ડોસી મરી ગઈ છે અને ત્યારથી સૌ માણસ ભૂખ્યું છે.' તે વખતે ભાઈ પૂજામાં બેઠા હતા એટલે તેના હજુરીએ કહ્યું જે, 'ઘડીક ખમીને આવજો. એમ કરતાં દિવસના દશ વાગ્યા પછી ફરીને સૌ મળીને પુછવા ગયા ત્યારે કારભારી બોલ્યા જે, 'મરનાર માણસને ઉંધું નાંખવું અને પુંઠ્યમાં સાંઠો ઘાલવો અને પાંચ રૂપિયા દંડ લેવો !' ત્યાર પછી તેને અગ્નિસંસ્કાર કરવા દેવો. એવો હુકમ કર્યો તે સાંભળીને આખા ગામમાં કોલાહલ થઈ રહ્યું જે, 'જુનો સારો જુનો સારો !' તેમ શેઠ કહે, 'સ્વામી ! નવો સેવક આવશે તે આમ કરશે.' સ્વામી કહે, 'નહીં નહીં. મારે જુના સારા.' ॥૯૯૭॥

ગામ **હાથસળી**ના **કાનજી ભગત** કરીને મહાવિર્યાનંદસ્વામી થયા હતા. તે પ્રથમ ઘરે હતા ત્યારે બે રોટલા ગાંઠયે બાંધીને પ્રભુને ગોતવા નીસર્યા હતા અને ગોતતાં ગોતતાં શ્રીજીમહારાજ ભેળા ગઢપુરમાં થયા અને પછી મહારાજના સ્વરુપનો નિશ્ચય કરીને પોતે ત્યાગી થયા ને મહાવિર્યાનંદસ્વામી નામ પડ્યું. તે જ્યારે ધ્યાન કરતા ત્યારે તેમના સેવકે પૂછ્યું જે, 'સ્વામી ! તમે કોનું ધ્યાન કરો છો?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'ભા ! તારી માનું ધ્યાન કરું છું.' એ તો દૃષ્ટાંત પણ તેનું સિદ્ધાંત તો એ છે જે આ સંસારમાં જે કોઈ જીવ પ્રાણી માત્ર છે તે બધાંય માયાનું ધ્યાન કરે છે પણ કોઈ પ્રભુમાં ચોટતું નથી. ॥૯૯૮॥

ગામ જાળીયા તથા ઉપલેટા વિગેરે ગામના હરિજનો ગઢપુર દર્શન કરવા આવવાને તૈયાર થયા અને પછી જુનાગઢ **ગુણાતીતાનંદસ્વામી**ને પગે લાગવા ગયા અને સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! અમો સૌ ગઢપુર દર્શને જઈએ છીએ.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'ગઢપુર જાઓ તો વિધાત્રાનંદસ્વામી પાસે જાજ્યો અને તેમને મારા નારાયણ કહેજ્યો.' પછી સૌ હરિજનો ગઢપુર આવ્યા અને ગોપીનાથજીમહારાજનાં દર્શન કરીને વાડીયે વિધાત્રાનંદસ્વામીને દર્શને ગયા અને ગુણાતીતાનંદસ્વામીના નારાયણ કહ્યા અને કહ્યું જે, 'અમને સ્વામીએ તમારી પાસે બેસવાનું કહ્યું છે. માટે અમને વાતો કરો.' ॥૯૯૯॥

પછી સ્વામીએ વાત કરી જે ''વર રાખજો વર'' તે ઉપર સ્વામીએ વાત કરી જે, 'એક શેઠ હતો. તેણે પોતાના દીકરાના લગ્ન કર્યા તેની જાનમાં જુવાનીયા જુવાનીયા લઈ જવાને આમંત્રણ કર્યાં. પછી સૌ ઘોડાગાડીયો જોડાવીને તૈયાર થયા અને જાન

ગામ બહાર નીસરી. પછી ચાલતાં બે ચાર ગાઉ ગયા એટલે વર લઘુશંકા કરાણો થયો. પછી વરની ઘોડાગાડી ઉભી રાખી અને સૌ પડખેથી ગાડીયો તારવી તારવીને ચાલ્યા ગયા. પછી વર જ્યારે લઘુશંકા કરીને ઉઠ્યો એટલે કોઈ માણસ ભાળ્યું નહીં. ફક્ત પોતાની એક જ ગાડી રહેલી. પછી વર બોલ્યો જે, 'આ બધાય ક્યાં ગયા ?' ત્યારે કોઈકે કહ્યું જે, 'તે તો સૌ આગળ ચાલ્યું ગયું.' ત્યારે વર કહે, 'મારે માટે સૌ જાય છે ને ! અને મને તો પડતો મેલ્યો. માટે મારી ગાડી પાછી વાળો. મારે જવું નથી.' પછી વર તો ઘરે આવીને બેઠો અને જાનૈયા સૌ સામે ગામ ગયા અને ચૈત્ર વૈશાખનો તડકો પણ હતો. તેથી સૌને તરસ પણ બહુ લાગી હતી અને વરના સસરા તરફથી સાકરના ઠંડા પાણી તૈયાર કર્યાં હતાં. પછી સૌ બોલ્યા જે, 'વરને લાવો ! પહેલું તેમને પાણી પાઈએ !' અને વર તો ઘરે આવીને બેઠેલો. પછી જાનૈયા સૌ જેવા ગયા હતા તેવા જ સૌ પાછા આવ્યા તેમ સ્વામી કહે, 'વરને ઠેકાણે ભગવાન રાખજો. જો ભગવાન હશે તો સઘળું ફળીભૂત થશે ! નહીં તો જેમ "ખાટલે મોટી ખોટ્ય તે પ્રથમ પાયો નહીં" "પુત્ર વિનાનું પારણું" "વર વિનાની જાન" "મીઠા વિનાનું ભોજન" "મણમાં આઠ પાંનશેરીની ભૂલ્ય" તે જેમ બધું ફીકું લાગે તેમ ભગવાન વગર બીજું બધું નકારું છે.' ॥૧૦૦૦॥

સ્વામીએ એક બીજી વાત કરી જે, 'એક કબાડી હતો. તે મધનો ઘડો લઈને શહેરમાં વેચવા ગયો અને તેની સાથે એક સાવજીયો પાળેલો કુતરો હતો. પછી તે કબાડી એક શેઠની દુકાને મધનો ઘડો લઈને બેઠો. પછી શેઠે મધની પરીક્ષા કરવા માટે કાગળ ઉપર એક મધનું ટીપું મેલ્યું. તે ટીપાં ઉપર માખી આવીને બેઠી. તે જોઈને તે માંખીના સાવજે આવીને માંખીને પકડી. માંખીના સાવજને ગરોળીએ પકડ્યો. ગરોળીને બિલાડીએ પકડી. અને બિલાડીને ભાળીને વાઘરીના કુતરે તલપ મારીને બિલાડીને પકડી. તે જોઈ શેઠને રીસ ચડી જે, 'મારા ઘણા વરસની પાળેલી બિલાડીને કુતરાએ મારી. 'એમ જાણીને પોતે કોથળામાં પાંચ શેરી નાંખીને કુતરા સામો ઘા કર્યો. તેથી તે કુતરાને માથામાં પાંચશેરી લાગવાથી મરી ગયો. તે જોઈ કબાડીને રીસ ચડી તેથી તેણે શેઠને કુહાડી મારી તે શેઠ મરી ગયો. પછી શેઠના સંબંધીઓને રીસ ચડી એટલે તેમણે કબાડીને મારી નાંખ્યો.' તેમ સ્વામી કહે કે, 'એક મધના ટીપામાંથી સાત જણાનાં મૃત્યુ થયાં. તેમ મધને ઠેકાણે વિષય છે તેના સારૂં જીવ પ્રાણી માત્ર માથા કપાવે છે ને મૃત્યુને પામે છે.' ॥૧૦૦૧॥

# સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીની વાતો

એક વખત શ્રીજીમહારાજ ગામ **ભાદરે** પધાર્યા હતા. ત્યાંના હરિજનોએ આગ્રહ કરીને મહારાજને રોક્યા. પછી સૌ હરિભક્તોએ મહારાજની પ્રાર્થના કરી જે, 'અહીંયાં તમે એક માસ સુધી રહો અને અમોએ સર્વેએ રાખડીયો બાંધી છે તે વારાફરતી છોડવી છે.' પછી સૌ હરિજનોએ એવો ઠરાવ કર્યો જે, 'જેને ઘરે રસોઈ હોય તેને ઘરે સૌ હરિજન ભેગા થઈને જમે.' અને મુળજી બ્રહ્મચારી તથા ગુણાતીતાનંદસ્વામીએ બન્ને જણ રસોઈ કરવા જતા હતા. પછી એક દિવસ પટેલ હીરાભાઈને ત્યાં રસોઈનો વારો આવ્યો તેથી તેમણે ઘરે જઈને તેમની ઘરવાળીને કહ્યું જે, 'કાલે આપણે ત્યાં મહારાજ જમવા પધારશે.' પછી બાઈ બોલી જે, 'મારે ઘરે સ્વામિનારાયણ નહીં. કેમકે મારી ને તેની એક નજર થાય તો હું લાકડાં જેવું લાકડું થઈ જાઉં. માટે તમે ગમે ત્યાં જમાડો.' પછી હીરાભાઈએ બાઈને બહુ જ સમજાવી પણ તે તો સમજી નહીં. પછી હીરાભાઈએ મહારાજને વાત કરી જે, 'મહારાજ ! મારા ઘરનું માણસ સમજતું નથી.' પછી મહારાજે મુળજી બ્રહ્મચારી તથા ગુણાતીતાનંદસ્વામીને સમજાવવા મોકલ્યા. પછી મુળજી બ્રહ્મચારીએ જઈને કહ્યું જે, 'બા, હું અને આ મુળજી; એ બન્ને જણા રસોઈ કરવા આવીયે છીયે અને મહારાજ તો જમતી વખતે આવશે. માટે મહારાજ જ્યારે જમવા પધારે ત્યારે તમારે ઘરમાં જઈને માંહીની સાંકળ દઈને બેસવું.' તે સાંભળી બાઈ કહે, 'તો તો ઠીક.' પછી રસોઈ તૈયાર થયા પછી જ્યારે મહારાજને આવવાનો વખત થયો ત્યારે તે બાઈ ઓસરીમાં રસોડું હતું તેમાં સાંકળ દઈને પેસી ગઈ. પછી મહારાજે સૌ હરિજનની ઓસરીમાં પંક્તિ કરી અને તેમને મહારાજ પીરસવા લાગ્યા. પછી મહારાજનો સ્વર સાંભળીને બાઈના મનમાં એમ થયું જે, 'મહારાજનો સ્વર બહુ મીઠો છે માટે લાવ્યને જોઉં કેવાક છે.' પછી મહારાજ પીરસીને સન્મુખ ચાલ્યા આવતા હતા ત્યારે તે બાઈએ જાળીયામાંથી મહારાજની સામું જોયું એટલે મહારાજની મૂર્તિમાં તે બાઈની વૃત્તિ બંધાઈ ગઈ ને તેને મૂર્તિ દેખાવા લાગી. ત્યારે તે બાઈએ જાણ્યું જે, 'મને સહજાનંદ વળગ્યા.' પછી મહારાજ તો જમીને ઉતારે પધાર્યા અને રાત્રીએ તે બાઈએ હીરાભાઈને કહ્યું જે, 'મને સહજાનંદ વળગ્યો. માટે ડાકલાં બેસારો.' પછી હીરાભાઈએ તેને બહુ સમજાવી પણ સમજી નહીં અને રાત બધી રકઝક કરી. પછી સવારે હીરાભાઈએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમો એ રાંડને ક્યાં દેખાઓ છો ? મને દેખાઓને.' પછી મહારાજ કહે, ''જાઓ, હવે નહીં દેખાય.' પછી તે બાઈને મહારાજ દેખાતા આળસી ગયા ને થોડાક દિવસ પછી તેને

સત્સંગ થયો ને ફરીને મહારાજ ભાદરે પધાર્યા ત્યારે તેણે પોતાને ઘરે થાળ કરીને મહારાજને જમવા પધરાવ્યા ને તે બાઈ મહારાજની સન્મુખ બેસીને બોલી જે, 'હે મહારાજ ! તમે મને પ્રથમ દેખાતા હતા તેવા ને તેવા દેખાઓ ?' ત્યારે મહારાજ કહે કે, "તે દિવસ તો તેં અમને ભૂત ઠરાવ્યા હતા." એમ પાત્ર વિના પ્રભુ દેખાય તો પણ વિપરીતપણું થાય. ।।૧૦૦૨।।

ભાદરા ને નિષ્કુળાનંદસ્વામીના ગામ શેખપાટને સાત ગાઉનું છેટું હતું તે જ્યારે સ્વામી પોતે ઘરે હતા ત્યારે બન્ને જણા બાળ સ્નેહી હતા એટલે તે બન્ને જણા પોતપોતાના ગામથી ત્રણ ત્રણ ગાઉ સામા આવીને રાત્રીએ ભેગા થાય અને મહારાજના મહિમાની વાતો કરીને સૌ સૌના ગામે ચાલ્યા જતા અને કેટલાક મુમુક્ષુજનો પણ તે સ્થળે વાતો સાંભળવા આવતા. ।।૧૦૦૩।।

ગામ બાબાપર **વાંકીયાના વેજનાથ** કરીને બ્રાહ્મણ હતા. તે વહેવારે બહુ દુર્બળ હતા. તેને સ્વામીએ કહ્યું જે, 'વેજનાથ ! તારે મારા સારુ વર્ષ દહાડે એક કળશી બાજરો આપવો. પછી દર વરસે વેજનાથમહારાજ એક કળશી બાજરો સ્વામીને માટે આપતા અને દશાંશ વીશાંશ જુદો કાઢતા. પછી સ્વામીની કૃપાથી તેઓ વહેવારે બહુ સુખીયા થયા અને લોકમાં બહુ પ્રસિદ્ધિ ને પ્રશંસાને પામ્યા માટે મોટાના આશીર્વાદનો પ્રતાપ આવો છે ! ।।૧૦૦૪।।

જુનાગઢમાં સાધુની ધર્મશાળાનો પાયો પુરાતો હતો અને કાળવા નદીમાંથી મોટા મોટા પત્થર રેંકડે ચડાવીને લાવતા હતા અને સ્વામી ત્યાં ધાબળી નંખાવીને બેઠા હતા અને પત્થરને રેંકડી ઉપર ચડાવીને પાયામાં નાંખતા ત્યારે સ્વામી બોલે જે, 'હરામ ! હરામ !' તે વખતે બોટાદના શિવલાલભાઈ સ્વામી પાસે બેઠા હતા તેણે સ્વામીને પૂછ્યું જે, 'સ્વામી ! આમાં શી ખાધાની ચીજ છે તે તમે હરામ હરામ કરો છો ?' ત્યારે સ્વામી કહે, 'શિવલાલ ! તેં બાર લાખ દાટ્યા છે તે તારે કાઢવા હરામ છે અને મારે પાયામાંથી આ કાળવાના પાણા કાઢવા હરામ છે.' પછી સ્વામીએ ફરીને કહ્યું જે, 'શિવલાલ ! તારે ઘરે જ્યારે કઢી કરવી હોય ત્યારે છાશ-ચણાનો લોટ અને હળદર હોય તો પીળી થાય પણ કાંઈ સોનું નાંખે પીળી થાય ? તેમ મારે જ્યારે કઢી કરવી હોય તો છાશ ચણાનો લોટ અને હળદર હોય તો પીળી થાય.' એમ સ્વામીએ દૃષ્ટાંત દઈને વાત કરી. ।।૧૦૦૫।।

જુનાગઢના મંદીરમાંથી બે બળદ કોઈક લઈ ગયું હતું. તેનો તપાસ કરવા માટે સ્વામી વારંવાર પાર્ષદને કહેતા જે, 'બળદની શોધ કરવા માટે જાઓ.' તે વખતે એક

સંત સભામાંથી ઉઠીને સ્વામીને કહેવા લાગ્યા જે, 'સ્વામી ! માળા ફેરવોને બળદ બળદ શું કરો છો ?' પછી સ્વામીએ કાંઈ જવાબ આપ્યો નહીં અને તે સાધુ લૈયા હતા પછી તેની લખવાની કલમ કોઈકે ભાંગી નાંખી પછી તે સંત રોવા લાગ્યા. જે મારી કલમ કોઈકે ભાંગી નાંખી તે હવે હતી તેવી નહીં થાય ! અને મારે એ એક જ કલમે પુસ્તક લખવું હતું. એમ કહીને બહુજ કલ્પાંત કરવા લાગ્યા. પછી સ્વામીએ કહ્યું જે, 'મહાપુરુષ ! કલમમાં તે શું રુવો છો ?' પછી તે સંત પોતાની મેળે સમજી ગયા અને કહે કે બળદ માટે મને ઠપકો દેતા હતા ત્યારે કલમ માટે કેમ રૂવો છો ? એમ પોતાનું આવ્યું ત્યાં રોવા લાગ્યા. ॥૧૦૦૬॥

એક વખત સ્વામી **જુનાગઢ**માં સભામાં બેઠા હતા અને ત્યાં કોઈ ગઢવી આવીને સ્વામીનું નામ લઈને વખાણ કરવા લાગ્યો. પછી તે ગઢવી સાંભળે તેમ સ્વામી બોલ્યા જે, 'અલ્યા ! સાવરણો લાવો. મારા ભાગનું વાશીદું વાળવાનું બાકી છે. તે વાળવું છે.' તે સાંભળીને ચારણ બોલ્યો જે, 'સ્વામી ! મને કાંઈ નીવાજે એમ લાગતું નથી. કેમકે સાવરણો લઈને પોતે જ વાળવા લાગ્યા છે તે મને શું દેશે ?' એમ જાણીને ચારણ ચાલતો થયો. ॥૧૦૦૭॥

એક વખત સ્વામીએ **વેરાભાઈ**ને કહ્યું જે, 'તમે બન્ને જણાં જઈને કોઈક ગામમાંથી સારી ગાયો વેચાતી લઈ આવો.' પછી વેરોભાઈ ગાયો લેવા માટે ગામડામાં ગયા. પછી એક ભરવાડને ત્યાંથી બે ગાયો વેચાતી લીધી. તે વખતે ભરવાડ્ય પાણી ભરવા ગઈ હતી અને વેરોભાઈ ગાયો લઈને ચાલ્યા. પછી તે ગાયો તે બાઈને રસ્તામાં સામી મળી તે બાઈએ કહ્યું જે, 'ભગત ! એ મારી ગાયો ઝોકમાં પાછી લાવો. તે સાંભળીને વેરોભાઈ ગાયો લઈને પાછા ઝોકમાં આવ્યા. પછી બાઈએ પાણીનું બેડું હેઠું મૂકીને તે ગાયોને પગે લાગીને બોલી જે, 'માવડીયું ! સિંગડે પૂછડે પગે કોઈને મારશો નહીં ! અને ટાણે ટચકે જ્યારે દોવા માગે ત્યારે દોવા દેજો પણ નોંઝણું માગશો નહીં અને આ ઝોકની ગાયોએ ક્યારેય પગ ઉંચો કર્યો નથી ! અને આ ઝોકની ક્યારેય લાજ લેશો નહીં.' એમ કહીને ગાયોને પગે લાગીને ભગતને કહ્યું જે, 'હવે લઈ જાઓ.' પછી વેરોભાઈ ગાયો લઈને જુનાગઢ આવ્યા અને સ્વામીને સભામાં બધી વાત કરી. પછી સ્વામીએ કહ્યું જે, 'જુઓ, ભાઈ ! ભરવાડ્યને પણ પોતાની ઝોકની આટલી લાજ છે. તો આપણે તો સ્વામિનારાયણની ઝોકના છીએ. માટે આપણે પણ સ્વામિનારાયણની લાજ રાખવી.' તે ઉપર સ્વામી સાખી બોલ્યા જે,

*'લાજે લુગડ પહેરીએ લાજે દીજે જાન,*
*લાજ વિનાના માનવી તેના લાંબા લાંબા કાન.'*

માટે સ્વામી કહે જેને લાજ નહીં તે તો મનુષ્ય જ ન કહેવાય. માટે લાજ રાખવી. ॥૧૦૦૮॥

એક વખત સ્વામી વડતાલ પધારતા હતા અને ગામ **બીલખે** પધાર્યા અને સાથે દોઢસો બસો માણસો હતા. પછી સ્વામીને ભાળીને જગ્યાનો મહંત બાવો સંતાઈ ગયો. પછી સ્વામી તે બાવા પાસે ગયા. ને સ્વામીને ભાળીને તે બાવો ઘરમાંથી બહાર આવીને સ્વામીને પગે લાગ્યો. બાવો કહે કે, 'મહારાજ ! સીધાની કાંઈ તાણ્ય નથી. પણ કોઈ રાંધનાર નથી.' ત્યારે સ્વામી કહે, 'લાવો, અમારા સાધુ પાક શેકી આપશે.' ત્યારે બોટાદવાળા શિવલાલભાઈ સાથે હતા. તે બોલ્યા જે, 'સ્વામી ! હું સાથે છું તે સદાવ્રત ન લેવાય. મારું ખોટું દેખાય.' સ્વામી કહે, 'મારે તો તેનું કલ્યાણ કરવું છે ને તારું તો સાધુ જમે જ છે તો, પછી બાવે સીધું આપ્યું. તેની સાધુ પાસે સુખડી કરાવી અને શેર શેરનો એક એક લાડવો વાળ્યો. પછી સ્વામીએ બાવાજીને કહ્યું કે, 'તમારે હાથે કરીને સૌને એક એક લાડવો આપો. પછી સ્વામીની આજ્ઞા પ્રમાણે બાવાજીએ સૌ સંતને એક એક લાડવો દીધો અને સ્વામીએ પણ લાંબો હાથ કરીને તેની પાસેથી એક લાડવો લીધો પછી તેના દેવાલયમાં સ્વામી જમવા બેઠા અને જમતા જમતા ત્રણ ઠેકાણે ફર્યા. ત્યારે શિવલાલભાઈએ કહ્યું જે, 'સ્વામી ! આમ કેમ કરો છો ?' એક ઠેકાણે બેસીને જમોને !' ત્યારે સ્વામી બોલ્યા જે, 'શિવલાલ ! હું જ્યાં જ્યાં બેઠો ત્યાં ત્યાં સર્વે ઠેકાણે તીર્થ થયાં અને અહીંયાં જે આવશે તેને બીજબળ થાશે અને આગળ જે તીર્થ થયાં છે તે મોટા પુરુષ થકી થયાં છે.' ॥૧૦૦૯॥

અને કૃપાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી વિગેરે સાઠ્ય સંત ગામ **જુનાસાવર** પધાર્યા હતા અને તે ગામનો ધણી ઉગો ખુમાણ કરીને સત્સંગનો દ્વેષી હતો. તેણે છોકરા પાસે સાધુનો તિરસ્કાર કરાવીને ગામ બહાર કાઢ્યા. પછી સૌ સંત ગામને પાદર ખારી નદી છે તેમાં જઈને બેઠા અને તે ગામમાં સત્સંગી એક બ્રાહ્મણ રહેતા હતા. તે લોટ દાળ લઈને સાધુ પાસે નદીયે ગયો અને તેની રસોઈ કરીને સાધુ ત્યાં જમ્યા અને બ્રાહ્મણને આશીર્વાદ આપ્યો. પછી સ્વામીએ તે બ્રાહ્મણને પૂછ્યું જે, 'આ કાઠીને દીકરો છે કે નહીં ?' ત્યારે તે બ્રાહ્મણ કહે કે, 'મહારાજ ! આવા પાપીને દીકરો ક્યાંથી હોય ? થાય છે ને મરી જાય છે.' પછી કૃપાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી બોલ્યા જે, 'આપણે સૌ એવો આશીર્વાદ આપો કે તેને ઘરે દીકરો થાય. અને જીવતો રહે અને તેને ઘરે આપણો ઉતારો થાય; એવો સૌ આશીર્વાદ આપો.' પછી થોડા દિવસ થયા એટલે તેને દીકરો થયો અને તે પાંચ વરસનો થયો ત્યાર પછી ત્યાં સ્વામી પધાર્યા

પછી તે છોકરે તેના બાપને કહ્યું જે, બાપુ આ સાધુને આપણે ઘર તેડી જઈને જમાડીયે એમ બહુ બાળહઠ કર્યો ! પછી ઉગોખુમાણ તેના છોકરાને તેડીને સ્વામી પાસે આવ્યા. અને સ્વામીને પગે લાગીને વિનંતી કરી જે, મહારાજ ! મારે ઘરે જમવા પધારો. હું બ્રાહ્મણ પાસે રસોઈ કરાવું છું.' પછી સ્વામી તેને ઘરે પધાર્યા અને બ્રાહ્મણ પાસે રસોઈ કરાવીને સૌ સંતને જમાડ્યા. પછી સ્વામીએ કહ્યું જે, 'ઉગાખુમાણ ! તમોએ અમને આ ગામમાંથી મારીને બહાર કાઢ્યા હતા તે વખતે અમોએ આશીર્વાદ આપ્યો હતો જે, 'તમારે દીકરો થાય ને તે જીવતો રહે અને તમારે ઘરે અમારા ઉતારા થાય; એવા આશીર્વાદના પ્રતાપથી તમને આ પુત્ર થયેલ છે. આમનું નામ જીવણો ખુમાણ પાડજો.' પછી ઉગોખુમાણ પોતાના પરિવાર સહિત નિયમ ધારીને શ્રીજીમહારાજના આશ્રિત થયા. ||૧૦૧૦||

કૃપાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી ગામ **પાણવી** જતા હતા ને ગામ **રોહીશાળા**ને પાદર નદીમાં રાત રહ્યા. પછી બન્ને જણે વિચાર કર્યો જે, 'આપણે જો ગામમાં જશું તો આણંદજી કોઠારી ને લક્ષ્મીરામ રોકશે. માટે આપણને સુખે ધ્યાન ભજન નહીં કરવા દે માટે નદીને કાંઠે વડ છે અને પાસે પાણીનો ધરો પણ ભરેલો છે માટે અહીંયાં રાત રહીયે. પછી બન્ને જણા ત્યાં રાત રહ્યા અને ત્યાં એક બોઘો અલગોતર કરીને ભરવાડ હતો. તેણે પોતાને બકરા રાખવાની ઝોક કરી હતી. પછી બકરાંને ઝોકમાં રાતે પુરીને પછી રાફડીયા બોલવા લાગ્યો. ત્યારે કૃપાનંદસ્વામી બોલ્યા. જે ગુણાતીતાનંદજી ! આપણે આંહીં રાત રહ્યા પણ આ ભરવાડ આપણને ધ્યાન કરવા નહીં દે અને આવા અક્ષરપતિ પુરુષોત્તમ પ્રગટ થયા અને હજી આવા રાફડીયા બોલે એવા જીવ છે ? માટે આપણે સંકલ્પ કરો જે, એને એકેય રાફડીયો ન આવડે અને તે સત્સંગી થાય; એમ સ્વામીએ જ્યાં સંકલ્પ કર્યો તેટલામાં તે ભરવાડને એકેય રાફડીયો યાદ આવ્યો નહીં અને તે ભરવાડે રાત બધી આંટા મારી મારીને કાઢી. પછી સવાર પડી ત્યાં તો બે સંતનાં દર્શન થયાં પછી તે ભરવાડ આવીને સ્વામીને પગે લાગ્યો અને કહ્યું જે, 'તમે ભગવાનના સંત ખરા ! 'સ્વામી કહે કે, 'તેં કેમ જાણ્યું?' ત્યારે ભરવાડ કહે કે, 'ત્રણ દિવસ અને ત્રણ રાત હું બોલું તો પણ રાફડીયા ખુટે નહીં. પછી સ્વામી કહે, 'ભાઈ ! તું જ્યારે રાફડીયા બોલવા મંડ્યો ત્યારે અમે સંકલ્પ કર્યો હતો જે તને એકે રાફડીયો ન આવડે ને તું સત્સંગી થા.' પછી તે ભરવાડ તે વખતે સ્વામી પાસે વર્તમાન ધારીને સત્સંગી થયો. ||૧૦૧૧||

અને પછી સ્વામી ત્યાંથી ચાલ્યા તે ગામ **પાણવીયે** પધાર્યા અને ગામ પાણવીના

**પુંજો ડોડીયો** કરીને એક રજપુત ભક્ત હતા. તેણે એવો સંકલ્પ કર્યો હતો જે, 'કાં તો ભગવાન મળે અને કાં તો મરું અને આ દેહ પાડવો.' એવો સંકલ્પ કરીને નાના ગોપનાથ પાસે નકલંક મહાદેવ છે ત્યાં જઈને લિંગને બાથ ભરીને બેઠા અને સમુદ્રની વેળ્ય આવી એટલે તેમને ઠેલીને બહાર કાઢી નાંખ્યા. પછી પોતે વિચાર કર્યો જે, 'હવે તો આવતા પાણીયે પડવું.' તે વખતે આકાશવાણી થઈ જે, 'અમથો આંહીં શા માટે મરે છે ? સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે. તેના સંત તને મળશે. માટે તું તારે ઘરે જા.' એમ ત્રણ વખત આકાશવાણી થઈ. પછી પુંજો ભગત ઘરે આવ્યા ત્યારે સવારમાં પોતે સાંતી લઈને ખેતર જાતા હતા અને ગામને અવેડે બળદને પાણી પાતા હતા ત્યાં સ્વામીનાં દર્શન થયાં એટલે તે દોડીને સ્વામી પાસે આવ્યો અને કહ્યું જે, 'મને ભગવાન મેળવો.' પછી સ્વામીને પોતાને ઘરે લઈ ગયા ને રસોઈ કરાવીને જમાડ્યા ને સ્વામીએ મહારાજના પ્રતાપ ઐશ્વર્યની વાતુ કરી પછી તેને વર્તમાન ધરાવીને સત્સંગી કર્યા અને પોતે એકાંતિક ભક્ત થયા. ||૧૦૧૨||

અને પુંજા ભગતની દીકરી હતી તેમને પોતે ઉપદેશ કર્યો જે, 'ચોરાશી લાખવાર પતિ કર્યા છે ! અને આ જન્મે કરીને તો બ્રહ્મચર્ય વ્રત પાળીને પ્રભુને શરણે થા ! એમ પોતાની પુત્રીને ઉપદેશ દઈને સાંખ્યયોગી કરી અને તે બાઈના પતિને કહ્યું જે, 'ચોરાશી લાખ વાર તેં સ્ત્રીઓ ભોગવીયું છે અને સ્ત્રીના દેહ ધરીધરીને પુરુષ ભોગવ્યા છે અને જમપુરી તથા લખ ચોરાશી ફરી ફરીને જીવને મહામુશીબતે આ મનુષ્ય દેહ મળ્યો છે તો આ દેહે કરીને ભગવાનને શરણે થાવું અને જીવનું કલ્યાણ કરવું.' એમ ઉપદેશ આપીને પોતાના જમાઈને પણ ત્યાગી કર્યા. ||૧૦૧૩||

અને શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા પછી ભગુજી ગઢપુરથી ભાલમાં ખડ લેવા સારુ જતા હતા જે, 'મહારાજના કારજ ઉપર સત્સંગીઓ આવે તેનાં ઘોડાં તથા બળદ સારુ ખડ લેવા જતા હતા ને ગામ **પાણવી**ને પાદર ભગુજી વિગેરે બે પાળા અવેડે ઊંટને પાણી પાતા હતા. ત્યાં પુંજાભાઈ આવ્યા તેણે કહ્યું જે, 'ભગુજી ! આમ ઉદાસ કેમ જણાઓ છો ?' ત્યારે ભગુજી કહે, 'પુંજાભાઈ ! શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા.' તે સાંભળીને પુંજો ભાઈ બોલ્યા જે, 'હેં શું કહો છો ?' ભગુજી કહે, 'હા, મહારાજ અક્ષરધામમાં પધાર્યા. તે સાંભળીને પુંજાભાઈના શરીરમાં લોહી તથા માંસ સુકાઈ ગયાં અને શરીર કાળું મશ થઈ ગયું. પછી તેઓ ગઢપુર આવીને મહારાજના તેરમા સુધી સેવા કરી અને અન્ન તથા જળનો ત્યાગ કરી દીધો. અને મહારાજના તેરમાને દિવસે અક્ષરધામમાં ગયા. ||૧૦૧૪||

શ્રીજીમહારાજ ગામ **કારીયાણી** પધાર્યા હતા અને ગામ પાણવીના પુંજાભાઈએ વસ્તાખાચરને કહેલ જે, 'શ્રીજીમહારાજ જ્યારે અહીં પધારે ત્યારે મને ખબર કરજો.' પછી ઝમરાળેથી ગંગારામ દવે ભિક્ષાવૃત્તિ કરવા કારીયાણી આવ્યા હતા. તેમને વસ્તાખાચરે કહ્યું જે, 'તમને દરબારમાંથી લોટની તાંબડી ભરી આપીએ અને ગામ પાણવી જઈને પુંજા ડોડીયાને ખબર કરો જે મહારાજ કારીયાણી પધાર્યા છે.' પછી ગંગારામભાઈ પોતાને ઘરે લોટની ભરેલી તાંબડી મેલીને એકદમ ગામ પાણવી ગયા તે વખતે પુંજાભાઈ ખેતરમાં સાંતી હાકતા હતા. તેમને છેટેથી સાદ કરીને કહ્યું જે, એ...પુંજાભાઈ...હે...કારીયાણીએ શ્રીજીમહારાજ પધાર્યા છે.' તે સાંભળીને સાંતીડું પુંજાભાઈએ બળદીયા સહિત ગામને મારગે ચડાવી મૂક્યું અને પોતે એકદમ દોડ્યા. તે કારીયાણી આવ્યા અને શ્રીજીમહારાજ કારીયાણીથી સાબદા થઈને સારંગપુર પધાર્યા હતા ને પુંજાભાઈએ દરબારમાં આવીને વસ્તાખાચરને પૂછ્યું જે, 'બાપુ ! મહારાજ ક્યાં ?' વસ્તોખાચર કહે કે, 'મહારાજ ! તો સારંગપુર પધાર્યા.' તે સાંભળીને ભૂખ્યાને તરસ્યા એકદમ સારંગપુરને માર્ગે દોડ્યા ને શ્રીજીમહારાજ કારીયાણીથી ચાલ્યા. તે વચ્ચે ગામ સજેલી વજેલી વચ્ચે એક ખીજડો છે તેને છાંયે મહારાજને ઘોડીની દળી પાથરીને બેસાર્યા અને નાજા જોગીયાને મહારાજ હર વખત કહ્યા કરે જે, "નાજા...તરશ છીપતી નથી. " નાજે જોગીયે પણ મહારાજને બે ચાર વખત જળપાન કરાવ્યું તો પણ મહારાજ બોલ્યા જે, "નાજા...તરશ છીપતી નથી". પછી મહારાજે ખીજડા ઉપર ચડીને કારીયાણીના મારગ સામું જોયું અને પુંજા ડોડીયાને છેટેથી ભાળ્યા પછી મહારાજ નીચે ઉતરીને હાથમાં ઠંડા જળની બતક લઈને પુંજાભાઈના સામા ચાલ્યા અને તેમને ઠંડું પાણી પાઈને ખીજડાને છાંયે બેસાર્યા. પછી મહારાજ બોલ્યા જે, "નાજા...હવે મારી તરશ છીપી !" એમ પ્રેમીભક્ત સાથે પોતે એકતા જણાવી. ॥૧૦૧૫॥

સ્વામી ગુણાતીતાનંદજી તથા કૃપાનંદસ્વામી; બન્ને જણા **લાખીયાણી**યે પધાર્યા અને તે ગામમાં કંગાલદાસ તથા ગરીબદાસ બે બાવા રહેતા હતા. પછી સ્વામીને આવ્યા સાંભળીને ગરીબદાસે ગુણાતીતાનંદસ્વામીના હાથ ઉપર ધોકો માર્યો. તેથી સ્વામીને હાથે સોજો ચડી ગયો અને પછી ત્યાંથી સ્વામી ગામ ઝમરાળે ગયા. ત્યાં પાંચો ચારોલો કરીને એક કોળી હરિભક્ત હતો તેણે સ્વામીને પૂછ્યું જે, 'સ્વામી ! હાથે શું થયું ?' સ્વામી કહે કે, 'કંગાલદાસે લાખેણીમાં ધોકો માર્યો તેથી હાથ સુજી ગયો છે.' તે સાંભળી પાંચોભગત પોતાની સાથે ચાર સુંવાળીયા કોળી લઈને રાત્રે ગામ લાખીયાણીએ ગયો અને જે જગ્યામાં કંગાલદાસ સુતો હતો ત્યાંથી ખાટલા સહિત ઉપાડ્યો અને ગામથી દોઢ ગાઉ વાવ્ય છે ત્યાં લઈ ગયા અને ખાટલા સાથે બાંધીને

ખૂબ પ્રહાર કર્યો. કંગાલદાસ પૂછવા લાગ્યો જે, 'બાપુ ! તમે કોણ છો ?' પાંચોભગત કહે કે, 'અમે સ્વામિનારાયણના જમ છીએ. અમને સ્વામિનારાયણે આજ્ઞા કરી છે જે, મારા સંતને જે મારે તેને મારજો.' એમ કહીને મારીમારીને મૃત્યુ પારાયણ કરી મેલ્યો. પછી ખાટલો ઉંધો નાંખીને તે ઉપર એક મોટી કાંટાની ઘાંસી ચડાવી અને પછી તેઓ ચાલી નીકળ્યા. પછી સવાર પડી ત્યારે એક રજપુત સાંતી લઈને ખેતર જતો હતો. તે વાવમાં પાણી ભરવા ગયો અને કંગાલદાસ ખાટલામાં પડ્યો પડ્યો ઉંકારા કરતો હતો. તે સાંભળી રજપુતના મનમાં એમ થયું જે, 'આ તે શું બોલે છે ?' પછી તે વાવમાંથી બહાર નીસરીને આસપાસ જોયું ત્યાં તો એક મોટી કાંટાની ઘાંસી દેખાણી અને તેની નીચે ખાટલો દીઠો પછી તેની પાસે જઈને પૂછ્યું જે, 'તું કોણ છું ?' ત્યારે કંગાલદાસ કહે, 'બાપુ ! હું લાખેણીનો બાવો કંગાલદાસ છું !' રજપુત બોલ્યો જે, 'આવું કોણે કર્યું ?' કંગાલદાસ કહે 'બાપુ ! પાંચો ચોરાળો કરી ગયો છે. માટે મને અહીંથી કાઢ્ય.' રજપુત કહે, 'તને જો કાઢું અને તેને જો ખબર પડે તો મારા પણ આવા હાલ તે કરે.' એમ કહીને સાંતી લઈને તે તો ખેતર ગયો. પછી ગામમાં ખબર પડી જે, 'કંગાલદાસને પાંચે ચારોળે કોખરી વાવ્યે લઈ જઈને બાંધ્યો છે અને મૃત્યુ પારાયણ કર્યો છે.' પછી ગામના લોક ખાટલો લઈને ત્યાં ગયા અને ખાટલામાં સુવારીને તેડી ગયા. ॥૧૦૧૬॥

**ઝમરાળા**માં મંદિર કરાવવું હતું તેથી ધંધુકેથી દસ આરબ આવ્યા ને તેણે મંદિરનો અટકાવ કર્યો જે, 'મંદિરનો પાયો નાંખવા નહીં દઈએ કેમકે સરકારનો હુકમ નથી.' તે સાંભળી પાંચોભગત રફલ લઈને આવ્યા અને બોલ્યા જે-સાખી-

*''દીન ભગત દવે અરધો ભગત લાખો,*
*પુરો ભગત પાંચો તે તમારી નજર પડે ત્યાં પાયો નાંખો.''*

અને પોતે રફલ લઈ આરબ સામો થયો અને કહ્યું જે, 'મતારાં ! દશેના પ્રાણ જાશે. માટે અહીંથી જીવતા ચાલ્યા જાઓ.' તે સાંભળી આરબ ચાલ્યા ગયા ને ઝમરાળામાં પાંચે ભગતે મંદિર કરાવ્યું. ॥૧૦૧૭॥

શ્રીજીમહારાજ **સમઢીયાળે** પધાર્યા હતા અને ચોમાસાનો વખત હતો તેથી વરસાદ વરસતો હતો ને નદીયે પાણી પણ આવ્યું હતું. પછી પાંચોભગત ઝમરાળેથી સમઢીયાળે ગયા ને શ્રીજીમહારાજને પોતાને ખંધોલે બેસારીને ઝમરાળે તેડી લાવ્યા એવા તેઓ શૂરવીર તથા પ્રેમી ભક્ત હતા. ॥૧૦૧૮॥

શ્રીજીમહારાજ કારીયાણીમાં વિરાજમાન હતા ને ત્યાં કોઈક ભક્તજને આવીને શ્રીજીમહારાજ આગળ રૂપિયાની ભેટ મૂકી. પછી મહારાજે સૌ કાઠીયોને કહ્યું જે, 'જેને જોઈએ તે આ રૂપિયા લ્યો.' પછી સૌ કહેવા લાગ્યા જે, 'મહારાજ ! અમારે રૂપિયાને શું કરવા છે?'' ત્યારે મહારાજ કહે જે, ''અમારે પણ શું કરવા છે ? ''એમ કહીને મહારાજે તે રૂપિયાનો ખોબો ભરીને ઉડાડ્યા. તે પાંચાભગતનું ખોરડું નજીકમાં હતું ત્યાં તેના ખોરડા ઉપર તે રૂપિયા પડ્યા. તે વખતે પાંચાભગતના માતુશ્રી તે ફળીમાં બેઠાં બેઠાં દળણું કરતાં હતાં. તે રૂપિયાનો ખડખડાટ સાંભળીને ડોશી બોલ્યાં જે, 'મારા ખોરડા ઉપર કોણ ઘા કરે છે ?' ત્યાં તો રૂપિયા દડતા દડતા તે બાઈ દળણું કરતી હતી ત્યાં આવીને પડ્યા. તે રૂપિયાને જોઈ તે બાઈ રાજી થઈને વીણી લીધા. ત્યાર પછી તેને પ્રતાપે દસ હજાર રૂપિયાના આસામી થયા. ॥૧૦૧૯॥

ગુણાતીતાનંદસ્વામી વરતાલ જતા હતા ને રસ્તે જતાં રાતમાં ભુલા પડ્યા ને સૌ સંત જ્યાં ત્યાં આડાઅવળા વિંખાઈ ગયા. તે વખતે એક ભરવાડ ત્યાં આવી ચડ્યો ને તે સ્વામીના ગાડા પાસે ગયો ને સ્વામીને કહ્યું જે, 'તમે તો ભુલા પડી ગયા છો. ચાલો હું તમને રસ્તે ચડાવું.' પછી તે ગાડી આગળ ચાલીને ગાડીને રસ્તે ચડાવીને બોલ્યો જે, 'સ્વામી ! મેં તો તમને ગામને રસ્તે ચડાવ્યા પણ મને કાંઈ રસ્તો દેખાડો છો ?' ત્યારે સ્વામી કહે, 'જા, તું સ્વામિનારાયણનું ભજન કરજે અને અંતકાળે હું તને તેડવા આવીશ.' ॥૧૦૨૦॥

એક વખત સ્વામી વરતાલ જતા હતા અને સ્વામી ગાડીમાં બેઠા હતા અને શિવલાલભાઈ સાથે ગાડીમાં બેઠા હતા. તે વખતે એક મોટો સર્પ દોડીને ગાડી ઉપર ચડી ગયો. ત્યારે સ્વામી કહે કે ''હત તેરી હું'' એટલે સર્પ તુરત ગાડીએથી નીચે ઉતરી ગયો. પછી શિવલાલભાઈએ પુછયું જે, 'સ્વામી ! એ કોણ હતું ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'કાળ હતો. તે આજ્ઞા માગવા આવ્યો હતો જે હું દેશમાં પ્રવર્તુ પણ હજુ અમારા સરખા મોટા પુરુષો છે ત્યાં સુધી નહીં પછી પ્રવર્તશે.' ॥૧૦૨૧॥

અને **માવો ભગત** સ્વામીનો સમાગમ કરવા ગયા હતા ને તે ચાલ્યા ત્યારે સ્વામીએ કહ્યું જે, 'તમારે નદી આવે ત્યાં નહાવું ને ધોરીયો આવે ત્યાં પગ ધોવા.' ત્યારે માવો ભગત કહે કે, 'એમ કેમ ?' સ્વામી કહે, 'તમે જ્યાં નહાશો અને પગ ધોશો ત્યાં તીર્થ થાશે અને તે ઠેકાણે જે આવીને નહાશે તથા પાણી પીશે તેનું કલ્યાણ થાશે.' વળી સ્વામીએ કહ્યું જે, 'તમે કૃષ્ણાવતાર વારીના ભક્ત છો.' એમ સ્વામીએ માવા ભગતને કહ્યું. ॥૧૦૨૨॥

માવો ભગત ત્રિપુટી બોલતા જે ગીંગો, ધીંગો, અને ભગરો ।। પગાળાં, પેટાળાં, અને પાંખળા એ ત્રિપુટી. માવો ભગત બોલતા એટલે ગીંગો એટલે વાંઢો તે ગોળીયું વાળ્યા જ કરે અને ધીંગો એટલે ગૃહસ્થ અને ભમરો તે સાધુ તે સંસારનો ત્યાગ કરીને પ્રભુના શરણને પામ્યા. વળી પેટાળાં એટલે વાંઢા તે દિવસ અને રાત પેટ વલુરા કર્યા જ કરે. પગાળાં એટલે ગૃહસ્થ અને પાંખાળા સાધુ તે સંસારનો ત્યાગ કરીને પ્રભુમાં રહીને પ્રભુના શરણને પામ્યા. વળી ધીંગો એટલે ગૃહસ્થ તે અરધો પાણીમાં અને અરધો બહાર રહે એમ માવો ભક્ત ત્રિપુટી બોલતા. ।।૧૦૨૩।।

એક વખત રઘુવીરજીમહારાજ સાથે સ્વામી વરતાલ જતા હતા અને ગામ **વાગડ**ને પાદર નદીમાં મુકામ કર્યો હતો અને ધર્મસ્વરૂપાનંદ બ્રહ્મચારી કીર્તન બોલતા હતા જે ''જનુની જીવો રે ગોપીચંદની'' પછી ગુણાતીતાનંદસ્વામી બોલ્યા જે, 'ઋષિ ! કાંઈ નિશાન છે કે આકાશમાં ભડકા છે ?' બ્રહ્મચારી બોલ્યા જે, 'આ સામા શિવલાલભાઈ બેઠા તેમના સામું નિશાન છે.' સ્વામી કહે કે, 'આ તો બાર લાખનો આસામી છે અને તેના બાપનો એ એક જ દીકરો છે. તેના સામું તમે નિશાન માંડ્યું ?' ।।૧૦૨૪।।

એક વખત સ્વામી બોટાદ પધાર્યા હતા અને ત્યાંથી ચાલ્યા ને **નાગળપર** આવ્યા ને ત્યાં ખળાવાડમાં ધાબળી પાથરી આપી તે ઉપર સ્વામી બેઠા ને તે ગામમાં કડવા કણબીની સત્તાવીશ જાનો આવી હતી. પછી તે સત્તાવીશે વરને લાવીને સ્વામીને પગે લગાડ્યા. પણ સ્વામીએ આંખ્ય ઉંચી કરીને કોઈના સામું જોયું નહીં અને સ્વામિનારાયણનું ભજન કરતાં કરતાં સૌને માથે હાથ મેલ્યા. ।।૧૦૨૫।।

સ્વામી જુનાગઢમાં બહુ માંદા થયા હતા ને વરતાલથી રઘુવીરજીમહારાજ પણ સ્વામીને જોવા માટે જુનાગઢ પધાર્યા હતા અને આસપાસના ગામના હરિજનો સ્વામીને દર્શને આવેલા હતા ને એક ગામનો આયર ભગત સ્વામીને દર્શને આવેલ હશે તેણે પોતાને ગામ જઈને ત્યાંના હરિજનોને વાત કરી જે, 'જુનાગઢમાં ગુણાતીતાનંદસ્વામી બહુ માંદા છે.' તે સાંભળીને એક સત્સંગી બાઈ હતી તે સ્વામીના શરીરે મંદવાડ આવ્યાની વાત જાણી બહુ શોક કરવા લાગી અને પોતાનો પતિ વાડીયે હતો. તેને ભાતનો વખત વિતી ગયો તેથી ભાત મોડું લઈને ગઈ. પછી તે આયર ભગતે પુછયું જે, 'આજ ભાત મોડું કેમ લાવી ?' બાઈ કહે, 'તમારા ભાઈ જુનાગઢથી આવ્યા અને તે ખબર લાવ્યા જે સ્વામી બહુ જ માંદા છે.' તે હકીકત સાંભળવા રહી.' તે સાંભળીને તે આયર ઘઉંની વાડીમાં પાણી વાળતો હતો. તે ગારાળે હાથે તથા ગારોળે પગે ત્યાંથી

એકદમ ચાલી નીકળ્યો. તે જુનાગઢ જઈ મંદિરમાં ગયો અને સ્વામીના ઢોલિયા ફરતા કેટલાક ત્યાગી તથા હરિજનો વિટાઈને બેઠા હતા ને રઘુવીરજીમહારાજ પણ ખુરશી નાંખીને પાસે બેઠા હતા. ત્યાં સભા સોંસરો થઈ સ્વામીના ઢોલિયા પાસે ગયો ને સ્વામીના પગ ઝાલીને સ્વામીને સચેત કર્યા અને બોલ્યો જે, 'સ્વામી...એ સ્વામી...તમને કેમ છે ?' તે સાંભળીને સ્વામીએ આંખ ઉઘાડી અને કહ્યું જે, 'ભગત ! મને સારૂં છે.' અને બોલ્યા જે, 'ભગત ! તમે ક્યાંથી આવો છો ?' ભગત કહે, 'સ્વામી ! હું તો વાડીયેથી બારોબાર આવ્યો છું. મેં તમારા મંદવાડની વાત સાંભળવાથી ત્યાંથી પરબારો આવ્યો છું.' સ્વામી કહે કે, 'ભગત ! કાંઈ ખાધું ?' ભગત કહે કે, 'સ્વામી ! કહે તો ખાઉં ને કહેતો જાઉં !' પછી સ્વામીએ સાધુને આજ્ઞા કરી જે, 'આને રોટલો ખવરાવો.' પછી રઘુવીરજીમહારાજ તે જોઈ આશ્ચર્ય પામ્યા અને સ્વામીએ કહ્યું જે, 'ભગત ! આ રઘુવીરજીમહારાજ પધાર્યા છે.' એમ સાંભળી પછી તે રઘુવીરજીમહારાજને પગે લાગ્યો. પછી સ્વામી કહે, 'હવે ઘરે જાઓ.' એટલે તે ભગત સ્વામીની રજા લઈ ઘરે ગયો. ।।૧૦૨૬।।

એક વખત સ્વામી ગઢપુરથી જુનાગઢ પધારતા હતા ને સાથે અચિંત્યાનંદ બ્રહ્મચારી પણ હતા. તથા બીજા સંત તથા પાર્ષદ મળીને દોઢસો બસો મનુષ્ય હતું ને ચાલતાં ચાલતાં ગિરનાર પર્વતની નજીકમાં ગયા. ત્યાં એક **ખીમો વાઘ** કરીને આયર ભગત હતો જે જુનાગઢથી બાજરાના પાડા ભરીને ચાલ્યો આવતો હતો ને રસ્તામાં સ્વામીને ભાળીને પગે લાગ્યો. ને સ્વામીની ગાડી ઉભી રખાવીને બોલ્યો જે, 'સ્વામી ! મારા નેહમાં પધારો.' સ્વામી કહે કે, 'ભગત ! ત્યાં ગાડાં ચાલે નહીં અને આ સાથે બ્રહ્મચારી છે માટે ત્યાં નહીં અવાય.' ભગત કહે કે, 'એક પાડા ઉપર તું બેસ અને એક પાડા ઉપર બ્રહ્મચારી બેસે પણ ત્યાં આવ્યા વગર છુટકો નથી.' પછી બહુ આગ્રહ કરીને ગાડા આડો સુતો પછી સ્વામીએ ભગતને સમજાવ્યો જે, 'ચાલ્ય, અમે તમારા નેહમાં આવશું.' એમ કહીને બીજાં મનુષ્યને જુનાગઢ મોકલ્યાં અને પોતે થોડા માણસ લઈ નેહમાં પધાર્યા ને તેને ઘેર સ્વામીનો ઉતારો કરીને પધરાવ્યા. પછી ખીમા વાઘે પાંચ હજાર રાળનો તાંસ ભરીને સ્વામીની આગળ ઢગલો કર્યો. તે જોઈને સ્વામી બોલ્યા જે, 'ખીમા વાઘ ! આ શું છે ?' ખીમો વાઘ કહે કે, 'સ્વામી ! તું મારે ઘરે આવ્યો તે તારે અર્થે કાંઉ કરાં ને કાંઉ ન કરાં ?' પછી સ્વામી કહે 'આ રાળ તમારી પાસે રાખો અને અમો જુનાગઢ જાશું ત્યારે લેતા જાશું.' પછી ત્યાં અઠવાડીયું એક સ્વામીને રાખીને નિરંતર દૂધપાક તથા બાજરાના રોટલા જમાડતા ને તે નેહનું નામ કનકઈ માતા કનકઈ નદીને કનકઈ નેહ. પછી જ્યારે સ્વામી જુનાગઢ પધાર્યા ત્યારે ખીમા

વાઘ સાથે પાડા ઉપર બેસીને લઈ ગયા. ॥૧૦૨૭॥

સ્વામી **ગોંડળ** પધાર્યા હતા ત્યાં એક **લવજી** કરીને દરજી હમેશાં મંદીર વાળતો હતો. તે એક બાઈને વિષે આસક્ત હતો અને તેને એવો સંકલ્પ હતો જે, 'આ બાઈનો પતિ મરી જાય ને તે બાઈ મારા ઘરમાં આવીને બેસે.' એવા સંકલ્પથી નિરંતર દેવમંદિર વાળીને દેવની આગળ પ્રાર્થના કરતો હતો. પછી સ્વામી બોલ્યા જે, 'લવીઆ ! તું મંદિર તો વાળછ પણ સારા સંકલ્પ કરજે અવળા કરીશમાં !' પછી છ મહિના જ્યાં મંદિર વાળ્યું એટલે તે બાઈનો પતિ દરજી મરી ગયો અને તે બાઈને પોતે પોતાના ઘરમાં બેસારી અને મંદિર વાળતો બંધ થઈ ગયો. પછી સ્વામી જ્યારે બીજે વખતે ગોંડલ પધાર્યા ત્યારે સ્વામીએ કહ્યું જે, 'કેમ લવીયો ! હવે મંદિર વાળવા નથી આવતો ?' તે સાંભળીને સૌએ કહ્યું જે, 'ના, સ્વામી ! નથી આવતો.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'તેનો સંકલ્પ સિદ્ધ થયો એટલે હવે શા માટે મંદિર વાળે ?' ॥૧૦૨૮॥

**કારીયાણી**માં ઓગણીશ સંત માંદા હતા ને શ્રીજીમહારાજને રામનવમીના સમૈયા ઉપર વરતાલ પધારવું હતું. પછી મહારાજ બોલ્યા જે, ''આ સાધુની સેવામાં જે રહે તેને સો સમૈયાનું ફળ આપું.' પછી ગુણાતીતાનંદસ્વામી તે ઓગણીશે સાધુની સેવામાં રહ્યા ને રાતને દિવસ ઉભે પગે રહીને સંતની સારી રીતે સેવા કરી. પછી સૌ સંત જ્યારે સાજા થયા પછી સ્વામીએ સૌને કહ્યું જે, 'તમે કહો તો હું વરતાલ જાઉં.' પછી સૌ સંતે રાજી થઈને કહ્યું જે, 'તમે સુખેથી જાઓ.' અને સ્વામીને કહ્યું જે, 'અમારી બધાની વતી મહારાજને ભેટજો.' પછી સ્વામી વરતાલ ગયા ને મહારાજ બહુ રાજી થયા અને શ્રીજીમહારાજ સ્વામીને ઓગણીશ વાર મળ્યા. ॥૧૦૨૯॥

રઘુવીરજીમહારાજ એક વખત **જામનગર** પધાર્યા હતા અને શહેર બજારે થઈને નીસર્યા પણ કોઈ સાધુની દૃષ્ટિ ઉંચી ભાળી નહીં તે જોઈ ગામની બાઈઓ બોલી જે, 'આ તો ભગવાનના સાધુ છે આપણા સાધુ નહીં અને આપણા હોય તો આપણા સામું જુવે.' પછી સ્વામીએ તે શબ્દ સાંભળ્યો અને ગામ બહાર આવીને મુકામ કર્યો અને સભા કરીને સૌ બેઠા. પછી સ્વામી બોલ્યા જે, 'મહારાજ ! એક સભા તો જીત્યા.' ત્યારે રઘુવીરજી મહારાજ કહે, 'હજી આવીને ઉતારા કર્યા નથી ત્યાં કઈ સભા જીત્યા ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આપણે આંહીં આવ્યા ત્યારે બજારમાં બાઈયો વાતો કરતી જે, 'આ આપણા સાધુ નહીં આ તો ભગવાનના સાધુ છે. કેમકે આપણા હોય તો આપણા સામું જુવેને.' ॥૧૦૩૦॥

એક ગામમાં કોઈક કણબી હતો તેને નાનપણથી સ્વામીના સાથે સ્નેહ હતો

અને તે વરસ એંશીનો થયેલ. પછી સ્વામી તેને ગામ પધાર્યા હતા અને સૌ હરિજનોએ સ્વામીની પ્રાર્થના કરી જે, 'સ્વામી ! ઓલ્યો કણબી બહુ જ માંદો છે માટે તેને જોવા પધારો.' પછી સ્વામી તેને જોવા સારુ તેને ઘેર ગયા તે કણબીને એક કોઢીયામાં ખાટલો નાંખી દીધેલો હતો અને પાસે પાણીનો ઘડો ભરીને મૂક્યો હતો. ત્યાં સ્વામીને ઢોલિયો નાંખી દીધો તે ઉપર સ્વામી બેઠા. ત્યારે સ્વામી કહે કે, 'ડોસા ! વર્તમાન ધારો.' ત્યારે તે કહે કે, 'ઠીક, ધરાવો.' પછી સ્વામીએ હાથમાં જળ લેવરાવ્યું અને કહ્યું જે 'દારુ, માટી ચોરીને છીનાળી.' એ જ્યાં બોલ્યા ત્યાં પેલા કણબીએ ખાટલામાં પડ્યા પડ્યા હુંકારો કર્યો જે, 'હા, સ્વામી! આમાંથી રહું તો છીનાળીનું નહીં !' ॥૧૦૩૧॥

# આંબા ગામના દેવશીભગતની વાતો

પ્રથમ તે **પીઠવાજાળ**માં રહેતા હતા અને પોતાના કુટુંબમાં પોતે બાલ્યાવસ્થાથી સત્સંગી થયા હતા પણ પોતાના માતપિતા વગેરે સૌ કુટુંબી તેને બહુ જ વાર દુઃખ આપતા તો પણ તેણે સત્સંગનો ત્યાગ કર્યો નહીં એવા સમામાં પીઠવાજાળના હરિજનો ગઢપુર શ્રીજીમહારાજના દર્શન કરવા જવાને તૈયાર થયા. ત્યારે દેવશીભક્તે તેમની માને કહ્યું કે, 'મા ! મને ભાતું કરી આપ્ય. મારે ગઢડે જવું છે.' તેની માએ કહ્યું જે, 'તારે જવું હોય તો જા પણ કોઈ ભાતું કરી આપે તેમ નથી.' પછી તે હરિજનોની સાથે ગઢપુર શ્રીજીમહારાજને દર્શને આવ્યા અને બેચાર પાંચ દિવસ ગઢપુર રહ્યા અને ચાલતી વખતે શ્રીજીમહારાજને દર્શને સૌ ગયા અને રજા લઈને સૌ હરિજન ચાલતા થયા પણ દેવશીભગત તો હાથ જોડીને મહારાજ સન્મુખ ઉભા રહ્યા. તે વખતે શ્રીજીમહારાજ અક્ષરઓરડીની પછવાડે ઉગમણે ખુણે ઓસરી ઉપર દાતણ કરતા હતા અને લાખોભગત મહારાજને દાતણ કરાવતા હતા. પછી દેવશીભગત મહારાજની પ્રાર્થના કરીને બોલ્યા જે, 'મહારાજ ! અમારા કુટુંબના ચાલીશ મનુષ્યમાં હું એકલો સત્સંગી છું.' તે સાંભળી મહારાજ બોલ્યા જે, ''જાઓ, ભગત ! તમારી ભેળા ભગવાન છે. તે તમારી રક્ષા કરશે.' પછી લખાભગતે કહ્યું જે, 'ભગત ! જાઓ તમારું કામ થઈ ગયું. અને તમારો સંઘાથ આઘો પહોંચી જશે.' પછી દેવશીભગત મહારાજને પગે લાગીને ચાલતા થયા. ॥૧૦૩૨॥

પછી ચાલ્યા તે ઘેલાને સામે કાંઠે ગયા ત્યાં તો શ્રીજીમહારાજ શ્વેત વસ્ત્ર પહેરીને દેવશીભગતની આગળ દેખાણા. તે આગળ મહારાજ અને પાછળ ભગત એમ ઉતાવળા ચાલ્યા જાય. તે જોઈ સંઘના મનુષ્યે પુછયું જે, 'દેવશી ! કેમ બહુ ઉતાવળો ચાલે છે ?' ત્યારે દેવશીભક્ત કહે, 'જુઓ ! આ શ્રીજીમહારાજ ચાલ્યા જાય છે !' પછી દામનગર જઈ રાત રહ્યા અને સવારે ચાલ્યા ત્યારે પણ મહારાજની મૂર્તિ આગળ ને પોતે પાછળ ! પછી બીજે દિવસે સાંજે તેઓ પોતાને ગામ પહોંચ્યા અને શ્રીજીમહારાજ તેના ઘરના બારણાંની સાખે વિરાજમાન થયા અને દેવશીભગત ઘરે ગયા ત્યાં તો તેની મા તેની સામી દોડીને આવીને બોલી જે, 'મારો દેવશી આવ્યો ? મારો દેવશી આવ્યો ? એમ કહીને દુખણાં લીધાં અને ઘરનાં તમામ વાસણ કાઢી નાંખીને નવાં વાસણો લાવીને કંસાર રાંધીને દેવશીભગતને જમાડ્યા ત્યાર પછી આખું કુટુંબ સત્સંગી થયું ને ભગતને જીવંતપર્યંત શ્રીજીમહારાજની મૂર્તિ દેખાણી. ॥૧૦૩૩॥

ગામ **તરકતલાવ**નો લુવાર સત્સંગી હતો. તેણે પોતાના ગામમાં મંદિર કરાવ્યું અને તે મંદિરના પાયાનો કરો વાણિયાના ફળીયામાં પડતો હતો. પછી મંદિર બંધાઈ રહ્યા પછી વાણિયે કહ્યું જે, 'આ તારા મંદિરનું મોતીયું બે હાથ કાપી નાંખ્ય.' પછી લુવારે કહ્યું જે, 'મારું માથું કપાય પણ મોતીયું કપાય નહીં.' પછી વાણિયે જોરાવારીયે કરીને મંદિરનું મોતીયું પોતાને હાથે કરીને કાપી નાંખ્યું. પછી તે કટકો લઈને લુવારે પોતાના પટારામાં મેલ્યો અને ગામ આંબે જઈ તે લુવારે દેવશીભગતને કહ્યું જે, 'ભાભા ! વાણિયે મંદિરનું મોતીયું કાપી નાંખ્યું.' દેવશીભગત કહે, 'તારું ક્યાં કાપ્યું છે ? એતો ભગવાનનું કાપ્યું છે. તે ભગવાન તેનો તપાસ કરશે ?' પછી થોડાક દિવસ થયા પછી વૈશાખ માસની ગણેશચોથ આવી તે દિવસે વાણિયે વિચાર કર્યો જે, 'આજ મારે ગણપતિની પરીક્ષા લેવી !' પછી ગણપતિને નવરાવીને પાટલા ઉપર પધરાવ્યા અને આગળ લાડુ વિગેરેનું નૈવેદ ધર્યું અને પોતાના બારણાની સાંકળ દઈને સ્ત્રી પુરુષે વિચાર કર્યો જે, 'ગણપતિ સાચા હોય તો આપણો હાથ ઝાલે ! ત્યારે ખરા.' એમ કહીને પોતાના ત્રણ નાના દીકરા હતા. તેના મસ્તક તરવારે કરીને કાપી નાંખ્યા અને પછી પોતાની સ્ત્રીનું મસ્તક કાપ્યું. પછી પોતાની બે દીકરીઓનાં પણ મસ્તક તેવી રીતે કાપી નાખ્યાં. પછી રુધીરે કરીને કાગળમાં ચીઠી લખી જે ''આ કામ મેં મારે હાથે કર્યું છે શા માટે જે ગણપતિની પરીક્ષા લેવા સારુ અને છેલ્લી બાકી પોતે પણ પેટ તરવાર નાંખીને મરી ગયો. એમ ભગવાનનો તથા ભગવદીનો અપરાધ કર્યો હતો. તેથી એક સાથે સાત મનુષ્યનું મૃત્યું થયું. ॥૧૦૩૪॥

અને દેવશીભગત પોતાને ખેતર દાડીયાં કરીને કપાસ નિંદાવવા ગયા હતા. અને પોતાનો દીકરો ઘરે માંદો હતો. તેને શ્રીજીમહારાજ તેડવા પધાર્યા અને તેડીને જ્યારે ચાલ્યા ત્યારે દેવશીભગતને ખેતરમાં મહારાજનાં દર્શન થયાં અને સૌ સાંભળતા દેવશીભગત બોલ્યા જે, 'મહારાજ ! રેઢે ઘરે કામ કરીને ચાલ્યા કે ?' ત્યારે દાડીયા સૌ બોલ્યા જે, 'ભાભા ! શું કહો છો?' ભાભો કહે કે, 'શ્રીજીમહારાજ કલાને ધામમાં તેડીને ગયા.' એમ વાત કરે છે ત્યાં તો ઘરેથી તેમનો દીકરો દોડ્યો આવ્યો ને છેટેથી બોલ્યો જે, 'ભાભા ! દોડો મારો બાપો દેહ મેલી ગયા.' ભાભો કહે કે, 'હમણાં જ મહારાજ તેને તેડીને અહીંથી ગયા.' એમ કહીને પછી પોતે ઘરે ગયા. ॥૧૦૩૫॥

ગામ બાબાપર **વાંકીયા**નો કણબી **દેવરાજ** કરીને હરિભગત હતો તેને શ્રીજીમહારાજે આવીને કહ્યું જે, 'આજથી એક મહિને તને તેડવા આવશું.' તે સાંભળીને તે ઘણો જ રાજી થયો. પણ પછી બે દિવસ થયા પછી પોતાને વિચાર થયો જે, 'અરેરે ! આ બધું મેલીને મારે જવું પડશે ?' એમ જાણીને પોતે અન્ન જળનો ત્યાગ કરી દીધો

અને પછી ગાડું જોડાવીને પોતાનાં માતાપિતા તથા સ્ત્રીને સાથે લઈને ગામ આંબે દેવશીભક્ત પાસે આવ્યો અને ભાભાને પગે લાગીને કહ્યું જે, 'ભાભા ! મેં આઠ દિવસથી અન્ન ખાધું નથી માટે તમો કહો તો હું ગઢપુર રસોઈ આપું અને કહો તો જુનાગઢ રસોઈ આપું પણ મહારાજ હમણાં મને મેલી જાય.' ભાભો કહે, 'બહુ સારુ.' તારે સાટે જો તારો બાપ જાય તો તને મેલી જાય.' દેવરાજ કહે, 'હા, એ ઠીક !' મારો આતો વૃદ્ધ થયા છે.' પછી તેણે તેના બાપને પુછયું જે, 'જો તમે મારે સાટે જાઓ તો મહારાજ મને તેડી ન જાય.' ત્યારે તેનો બાપ બોલ્યો જે, 'મારે ને તારે શું લેવા દેવા છે ? તું તો પરણીને તરત નોખો થયો છે અને વળી કોઈ કોઈને સાટે જાય ? એ તો માથે પડી તે ભોગવે ! પછી ભાભા પાસે જઈને કહ્યું જે, 'મારો બાપ તો આવો ઉત્તર આપે છે !' તે પછી ભાભે કહ્યું જે, 'તારી મા જો જાય તો તને મેલી જાય.' પછી તેણે તેની માને કહ્યું જે, 'મા ! તમે મારે સાટે જાઓ તો મહારાજ મને મેલી જાય.' ત્યારે તેની મા બોલી જે, 'ગાંડો થયો કે શું ? હું એક સાડલો ફાડીશ તે સારૂ મારું મોત બગાડીશ ?' તારી ઘરવાળીએ મને કોઈ દિવસ પાણીનું બેડું ભરી દીધું છે ? અને બે ભેંશો દુઝે છે ! પણ કોઈ દિવસ લોટી દૂધ આપ્યું છે ? તે હું અત્યારે તારે સાટે જાઉં?' પછી તેણે ભાભાને તે વાત કરી જે, 'મારી મા તો આમ કહે છે.' ત્યારે ભાભો કહે, 'તારી ઘરવાળી જો જાય તો તને મેલી જાય. તે તારી અર્ધાંગના કહેવાય.' પછી દેવરાજે તેની ઘરવાળીને કહ્યું જે, 'તું મારે સાટે ધામમાં જા તો મને મહારાજ મેલી જાય અને હું સાટે બીજું ઘરવાળું કરીશ અને છોકરાં સાચવીશ.' ત્યારે તે બાઈ બોલી જે, 'મુઆં તમારાં છોકરાં હું તો તમારા તેરમા સુધી જ રહેવાની છું.' પછી હું તો તારે ઘરે જ રહેવાની નથી ! પછી તે ઉદાસ થઈને ભાભા પાસે આવ્યો અને બધી વાત તેમને કરી. ભાભો કહે જે, 'તપાસ્ય ! આમાં તારું કોઈ છે ?' પછી તેને ભાભે કહ્યું જે, 'ગઢપુર જઈને રસોઈ દેજે એટલે મહારાજ તને તેડવા નહીં આવે.' ॥૧૦૩૬॥

**આંબા** ગામમાં **મેઘજી** કરીને કણબી હતો. તેને દેહ મેલવા આડા આઠ દિવસ હતા ત્યારે મહારાજે દેવશીભગતને દર્શન દઈને કહ્યું જે, 'આજથી આઠમે દિવસે મેઘજીને તેડવા આવશું.' તે વાત ભગતે મેઘજીને કરી જે, 'આજથી આઠમે દિવસે મહારાજ તને તેડવા આવશે.' પછી આઠ દિવસ થયા એટલે મહારાજે તેના માતાપિતાને દર્શન દઈને કહ્યું જે 'અમે મેઘજીને તેડવા આવ્યા છીએ. તેના માતાપિતા બહુ સારાં સત્સંગી હતાં.' તેથી તેમણે મહારાજને કહ્યું જે, 'સુખેથી તેડી જાઓ તમો ધામમાં તેડી જાઓ તેમાં તો અમે રાજી થયાં છીએ.' જીવને ઘરની વાસના આવી છે. ॥૧૦૩૭॥

**આંબા** ગામમાં **બોઘો** કરીને કણબી હરિભગત હતો. તેને દેવશીભગતે ઉપદેશ

કરીને ગઢપુર ત્યાગી થવા મોકલ્યો એટલે તે રાતનો ચાલ્યો તે સવારમાં ગઢપુર પહોંચ્યો અને મંદિરમાં ઉતારો કરીને વાડીયે નહાવા જતો હતો. તે વખતે કોઠારી ભક્તિવલ્લભદાસજીએ કહ્યું જે, બોઘાભગત ! વાડીયેથી પુષ્પનો પડો લેતા આવજો.' પછી તે વાડીના દરબારમાં પેઠો કે પોતાનો દીકરો સાંભર્યો એટલે ત્યાંથી બારોબાર ચાલી નીકળ્યો ને રાતના દસ વાગ્યે ગામ આંબે પહોંચ્યો ને સવારમાં દેવશીભગત જંગલ જાતા હતા ત્યાં ગામને પાદર બોઘા ભગતને ભાળ્યો. ત્યારે દેવશીભગત બોલ્યા જે, 'બોઘા ! આંહીં કેવો ? ત્યારે બોઘો કહે કે, 'ભગત ! હું ગઢડે ગયો હતો પણ વાડીયે જાતાં રામકો સાંભર્યો એટલે ત્યાંથી બારોબાર અહીંયાં આવ્યો છું અને પૂજા પણ ત્યાં પડી રહી છે !' પછી થોડા વરસ થયાં એટલે તેને ખેતર સલો કરવા મોકલ્યો. તે ખેતરમાંથી ડુંડાં થોડાંક લાવ્યો તે જોઈને તેની ઘરવાળી તથા છોકરો બોલ્યાં જે, 'સવારનો ગયો હતો અને આટલાં જ લાવ્યો ?' એમ કહીને તેની ઘરવાળીએ ઝાલી રાખ્યો ને છોકરે ત્રણ લાકડી મારી ! એટલે તે રોતો રોતો દેવશીભગત પાસે આવ્યો. ત્યારે ભગતે કહ્યું, 'તું ગઢડે ન રહ્યો તેનું તને આ ફળ મળ્યું !' પછી બોઘા ભક્તે મંદિરમાં મારી પાસે બધી વાત કરી ને મેં પછી રોટલો ખવરાવ્યો. ॥૧૦૩૮॥

**ભરબીડ** ગામમાં લુવારનો ગુરૂ મારગીના પંથમાં હતો તે મેઘજી લુહારને ઘરે રહેતો હતો. પછી તે લુહારનો ગુરુ તે લુહારની સ્ત્રીને લઈને ચાલ્યો ગયો. તેને ખોળવાને માટે તે લુહાર પછવાડે નીકળ્યો પણ ક્યાંઈ પતો મળ્યો નહીં. પછી ખોળતાં ખોળતાં ગામ આંબાને પાદર શેત્રુંજી નદીમાં તેનો ગુરુ તથા તેની સ્ત્રી બેઠાં હતાં. તે વખતે તે લુહાર ત્યાં ભેળો થયો અને લાકડી ઉગામીને તેના ગુરૂને કહેવા લાગ્યો જે, 'શું કરું ? આ તો ગાયે રતન ગળ્યું ને ! જો બીજો હોય તો રાઈ રાઈ જેટલા કટકા કરી નાંખું !' તે વખતે દેવશીભગત નદીયે નહાવા ગયા હતા તેમણે પુછયું જે, 'અલ્યા મેઘજી ! શું છે ?' મેઘજી કહે કે, 'ભાભા ! આ તો ગાયે રત્ન ગળ્યું !' ભાભો કહે કે, 'શું ?' લુવાર કહે કે, 'આ મારો ગુરુ, તે આ મારી ઘરવાળીને છ મહિના થયાં લઈને નાસી ગયો હતો. તે આજ હાથ આવ્યો.' તે સાંભળી દેવશીભગત બોલ્યા જે 'આ ગાય નહીં આ તો આખલો છે ! માટે દે ધડેલામાં ! નહીં તો વળી બીજું રતન ગળશે !'' તેમ અસત્ ગુરુનો વિશ્વાસ કરે તો આમ થાય. ॥૧૦૩૯॥

# લોકની બુદ્ધિ તથા જાડ્યતા ઉપર રમુજની વાતો

એક શેઠ હતો તે બીજા શેઠને લાખો રૂપિયા ધીરતો હતો. એમ ઘણાક દિવસ એક બીજાને વહેવાર ચાલ્યો. પછી એક દિવસ શેઠને વિચાર થયો જે, ‘હું આ શામળશેઠને લાખો રૂપિયા ધીરૂં છું પણ તેનો ઓછાડ કેવો છે તેનો મારે તપાસ કરવો જોઈએ નહીં તો કોઈ દિવસ મારા લાખો રૂપિયાને ટાઢા કરશે. એમ વિચાર કરીને પોતાના દીકરાને બોલાવીને કહ્યું જે, ‘હું છ મહિનાની મુસાફરી કરવા માટે જાઉં છું.’ પછી પોતે જે શેઠને રૂપિયા ધીરતો હતો તેને પણ માણસ મોકલીને અગાઉથી ખબર આપ્યા જે, ‘અમુક દિવસે શેઠ તમારે ત્યાં આવશે.’ પછી પેલે શેઠે પોતાની જેટલી સાહેબી હતી તે તમામનો દેખાવ કર્યો અને શેઠ જ્યારે તેને ગામ ગયા ત્યારે વાજતે ગાજતે સામૈયું કર્યું અને પોતાને ઘરે તેડી ગયો. એક બે દિવસ શેઠ રહ્યા અને કેટલાક પ્રકારની આગતા સ્વાગતા પણ કરી. તે જોઈને શેઠના મનમાં એમ થયું જે, ‘આપણું કાંઈ ખોટું થાય તેમ નથી.’ પછી એક દિવસ પોતે જમીને હીંડોળા ખાટે હીંચકતા હતા. ત્યારે શેઠે કહ્યું જે, ‘તમારે જેટલા રૂપિયા જોઈએ તેટલા સુખેથી મંગાવી લેજો.’ એમ જ્યાં વાત કરે છે તેટલામાં શેઠનો ગુમાસ્તો આવ્યો અને શેઠને કહ્યું જે, ‘શેઠ આ ખોડા ઢોરનો ધર્માદો કયા ચોપડામાં જમે કરવો છે ?’ ત્યારે શેઠે કહ્યું જે, આપણે ધર્માદાનો ચોપડો છે તેમાં નોંધો.’ પછી પેલા શેઠે પૂછ્યું જે, ‘ધર્માદો તમારે ઘરે રહે છે ?’ ’ શેઠ કહે, હા, આખા શહેરનો ધર્માદો મારે ત્યાં રહે છે.’ ખોડા ઢોરનો, પારેવાનો, ગાયોનો, બાવાનો, અતીતનો, વિષ્ણુનો, શંકરનો, સર્વેનો ધર્માદો મારે ત્યાં રહે છે તે સાંભળીને શેઠે વિચાર કર્યો જે, ‘આને જ્યારે ધર્માદો ખવાશે ત્યારે આનો વહેવાર નક્કી તૂટી જાશે અને તે દિવસે મારા રૂપિયા પણ ટાઢા થશે.’ પછી બીજે દિવસે જમીને બન્ને શેઠ હીંડોળા પર હીંચકતા હતા ત્યારે શેઠે કહ્યું જે, ‘શેઠ ,જ્યારે તમારે હુંડી લખવી હોય ત્યારે અગાઉથી મને લખી જણાવજો.’ તે સાંભળીને શેઠના મનમાં શંકા થઈ જે, ‘ગઈ કાલે મને આમ કહેતો હતો આજ આમ બોલે છે તેનું કારણ શું ?’ પછી સોગંદ દઈને પૂછ્યું જે, ‘આમ, તમે કહ્યું, ‘તેનું કારણ શું ?’ શેઠ કહે, ‘વખતે હું ન હોઉં અને તમારી હુંડી પાછી ફરે તે ઠીક નહીં.’ પછી શેઠે બહુ બહુ આગ્રહ કરીને પૂછ્યું જે, ‘મને નક્કી કહો.’ પછી શેઠ કહે, ‘તમારે ઘેર ધર્માદો રહે છે જ્યારે તેનું વ્યાજ તમારાથી ખવાશે ત્યારે તમારે દીવાળું કાઢવાનો વખત આવશે.’ પછી શેઠે પ્રતિજ્ઞા લીધી જે, ‘આજથી હવે મારે ધર્માદો ન રાખવો.’ સાખી–

“કાચો પારો ને બ્રહ્મરૂપ શિવનિર્માલ્ય જે ખાય,

ઈશ્વર કહે પાર્વતીને જડ મૂળથી જાય.' ॥૧૦૪૦॥

એક શેઠ હતો તે નિરંતર પોતાના ઈષ્ટદેવનો ધર્માદો કાઢતો હતો. પછી એક દિવસ તે શેઠ કોઈ મોટા શહેરમાંથી પાંચ દશ હજાર રૂપિયાનું કાપડ વિગેરે માલ વહાણમાં ભરીને આ કાંઠે લાવ્યો અને તે નજીકના ગામમાં કોઈ પોતાની પીછાનવાળો કોઈક વાણિયો રહેતો હતો. શેઠે વિચાર કર્યો જે, 'મારું ગામ અહીંથી પાંચ દશ ગાઉ દૂર છે અને આ શેઠ મારા સ્નેહી છે માટે આ માલ તેને ત્યાં ભલે રહ્યો, કેમકે તે મારો વિશ્વાસપાત્ર છે.' પછી તે વાણિયાને કહ્યું કે, 'આ મારો માલ છે તે તું તારે ત્યાં પાંચ દિવસ સાચવીને રાખજે.' વાણિયે રાજી થઈને કહ્યું જે, 'બહુ સારૂં તમારે જોઈએ ત્યારે સુખેથી લઈ જજો અને મારૂં ઘર છે તે તમારૂં જ ઘર છે.' શેઠે પણ કેટલીક દેખરેખમાં પોતાનો માલ સોંપી પોતાને ઘરે ગયો. અહીંયાં વાણિયાની મતિ બગડી તેથી તે શેઠનો માલ બીજે ઠેકાણે મૂકીને રાત્રે પોતાની દુકાનમાં અગ્નિ લગાડ્યો અને બૂમો પાડી રોવા લાગ્યો જે, 'દોડો દોડો.' મારી દુકાનમાં અગ્નિ થયો ને એકદમ બુંગીયો ઢોલ સાંભળીને માણસો ભેગાં થઈ ગયાં અને દુકાનને ઓલવી નાંખી. વાણિયો બહુ કલ્પાંત કરવા મંડી ગયો જે, 'મારૂં બળી ગયું તે તો ખેર પણ મારા શેઠનો વીશ હજાર રૂપિયાનો માલ બળી ગયો. તેને હું શું જવાબ આપીશ ? 'સૌ માણસો કહેવા લાગ્યા જે, 'આ છાની વાત ક્યાં છે ? અને અગ્નિ કોઈની મહોબત રાખે તેવું છે ? માટે ભવિષ્યમાં જે થવાનું હતું તે થઈ રહ્યું હવે કલ્પાંત કરવાથી કાંઈ પાછું આવે તેમ નથી અને અમે સૌ સાક્ષી છીએ.' પછી બીજે દિવસે તે વાણિયે માણસ મોકલીને તે વાણિયાને તેડાવ્યો. પછી તે શેઠે કાગળ વાંચીને પોતાના મનમાં નિશ્ચય કર્યો જે, 'ગમે તેમ થાય પણ મારૂં બળે નહીં.' પછી તે શેઠ જ્યારે આ ગામે આવ્યો ત્યારે વાણિયો બહુ કલ્પાંત કરવા લાગ્યો. ત્યારે શેઠે કહ્યું જે, 'શેઠ ! શા માટે કલ્પાંત કરો છો. માલ બળ્યો તો મારો બળ્યો છે તેમાં તમારે શું ?' વાણિયો કહે જે, 'મારે ને તમારે ઘણો જુનો નાતો અને મારે માથે આ નામોશી આવી ?' શેઠ કહે, 'જેમ થયું તેમ થયું હવે તે કાંઈ પાછું નહીં આવે.' તો પણ શેઠ તો અતિશય દિલગીરી કરવા લાગ્યા પછી રોટલા જમી રહ્યા. કેડે કાપડવાળા શેઠે કોરટમાં જઈને ફરીયાદી કરી જે, 'સાહેબ ! મારો માલ બળ્યો નથી !' કોરટવાળા અમલદાર કહે જે, 'તેની દુકાન બધી બળી ગઈ છે. તે અમે સૌ જાણીયે છીએ.' વાણિયો કહે, 'ગમે તેમ કરો પણ મારો માલ બળે નહીં, અને ત્રીજે ઠેકાણે હોવો જોઈએ.' તે સાંભળી ન્યાયાધીશે કહ્યું જે, 'તેની શી પરીક્ષા થાય જે તમારો માલ બળ્યો નથી.' શેઠ કહે કે, 'તેની પાઘડી અને મારી પાઘડીને વળ દઈ તેનો કાકડો કરાવો અને તેને તેલમાં પલાળીને સળગાવો અને તેમાંથી જો મારી પાઘડી રહે તો એમ જાણજ્યો જે મારો

માલ છે બળ્યો નથી.' પછી સૌએ મળીને તેમ ઠરાવ કર્યો જે, 'શેઠ કહે છે તે સત્ય છે.' પછી બેઉની પાઘડીયો ભેળી કરીને વળ દઈને કાકડો કરીને અગ્નિમાં સળગાવી તે વળે વળે પેલા વાણિયાની પાઘડી બળી ગઈ અને કાપડવાળા શેઠની પાઘડી અનામત રહી. તે જોઈને સૌને આશ્ચર્ય થયું જે, 'આ શું ?' શેઠે કહ્યું જે, 'ભાઈઓ ! સૌ સાંભળો ! હું વૈષ્ણવ છું. એટલે રોજનો ધર્માદો સાંજે મારાં ઈષ્ટ દેવને અર્પણ કરું છું. સાંજ પડે જે રકમ કમાઉ તેમાંથી દસમો ભાગ મારા ઈષ્ટદેવને અર્પણ કરું છું માટે મારું કોઈ રીતે કાંઈ બળે નહીં.' પછી ન્યાયાધીશે પોલીસ મોકલીને તે વાણિયા પાસેથી શેઠનો માલ સ્વાધીન કરાવ્યો અને તેને સજા કરી અને તેની ઘરવખરી બળી ગઈ તે તેને લાભ થયો અને બેઆબરૂ થયો માટે ધર્મ છે ત્યાં જ જય છે. માટે સૌએ સત્ય બોલવું અને સત્ય ક્રિયા કરવી અને પોતાના ઈષ્ટદેવની દશોંદ વીશોંદ કાઢવી તો તેના ઉપર ભગવાન સહાયભૂત રહે છે પણ ઉપલે ડોળે ભગવાન રીઝે તેમ નથી. ॥૧૦૪૧॥

પંઢરપુરમાં એક મોટો નગરશેઠ હતો. તે બસો માણસનો સંઘ લઈને કાશીયે જાત્રા કરવા સારૂ ચાલ્યો ને તમામ માણસનો ખરચ પોતાને માથે રાખ્યો હતો. પછી જતાં જતાં જ્યાં કાશી દશબાર કોશ દૂર રહી એટલે એક ગામને પાદર પોતે મુકામ કરીને રહ્યો અને રાત્રીએ જ્યાં સૂતો હતો ત્યાં ગંગાજીએ આવીને તેને દર્શન દઈને કહ્યું જે, 'તું બસો માણસનો સંઘ લઈને ભલે કાશીએ આવ્યા પણ તીર્થયાત્રાનું ફળ તને નહિં મળે.' વાણિયે કહ્યું, 'કાં માતાજી ! કેમ નહિં મળે ?' ગંગાજી કહે, 'તારી ભેળો પુંડરીક નામે બ્રાહ્મણ છે અને તે બન્ને દંપતી પુરુષ પોતાના માતપિતાને બહુ જ સંતાપે છે માટે તેને રજા આપ્ય તો તને યાત્રાનું ફળ મળશે.' પછી એમ કહીને ગંગાજી અદશ્ય થયાં. પછી સવારના પહોરમાં શેઠીયો નાહી ધોઈને તે દિવસે સૌ સંઘને પોતે સીધું આપવા બેઠો. નિરંતર તો પોતાના ગુમાસ્તા સીધું આપતા પણ આજ તો પેલા બ્રાહ્મણની પરીક્ષા કરવા માટે શેઠ પંડ્યે પોતે સીધું આપવા બેઠા. સીધું આપતા જાય અને સૌનાં નામ નોંધતા જાય એમ કરતાં કરતાં પુંડરીક બ્રાહ્મણ સીધું લેવા આવ્યો તેને શેઠે પૂછ્યું જે, 'તમે કેટલા જણ છો ?' ત્યારે બ્રાહ્મણે કહ્યું જે, 'અમે સ્ત્રીપુરુષ બન્ને જણ છીયે.' શેઠે તેને સારી રીતે બે જણાનું સીધું આપ્યું અને કહ્યું, 'જમીને તમે મારી પાસે આવજો.' પછી પુંડરીક જમીને શેઠ પાસે આવ્યો. શેઠે કહ્યું જે, 'હું તમોને ઘરે પહોંચો ત્યાં સુધીનો ખરચ આપું અને તમે બન્ને જણા ઘરે પાછા જાઓ.' બ્રાહ્મણ કહે કે, 'અમારો વાંક શો છે ? તે પ્રથમ અમારો દોષ અમને સંભળાવો પછી અમે પાછા જઈએ.' શેઠ કહે કે, 'આજ રાત્રે ગંગાજીએ મને દર્શન દઈને કહ્યું જે, 'તારી સાથે પુંડરીક નામનો બ્રાહ્મણ છે તે મહાપાપી છે, કેમકે તે

બન્ને જણાં તેના માતપિતાને બહુ દુઃખ આપે છે માટે તે જો આવશે તો તને યાત્રાનું ફળ નહીં મળે માટે તમે પાછા ઘરે જાઓ.' શેઠે પૂછ્યું જે, 'તમારે માતપિતા છે ?' બ્રાહ્મણે કહ્યું, 'હા, મારા માતપિતા હૈયાત છે.' શેઠે કહ્યું, 'જાઓ તમારાં માતપિતાની ચાકરી કરો.' પછી તેઓ બન્ને જણા ઘરે આવીને માબાપની ચાકરી એવી કરવા લાગ્યાં કે, 'જે વસ્તુ માબાપ માગે તે વસ્તુ હાજર કરે.' એમ કરતાં કરતાં કેટલાંક વરસ વીતી ગયાં પછી એક દિવસ તે બ્રાહ્મણ પોતાના પિતાને જળથી મર્દન કરાવીને સ્નાન કરાવતો હતો. તે વખતે ભગવાન તેની પરીક્ષા જોવા માટે બ્રાહ્મણને વેશે આવીને ઉભા રહ્યા. તે વખતે પુંડરીકે પોતાના પિતાને નવરાવતાં નવરાવતાં એક હાથે ઈંટનો ઘા કરીને નાંખ્યો. તે ઈંટ્ય સોનાની થઈ ગઈ. તે ઉપર પંઢરપુરમાં ભગવાન સોનાની ઈંટ્ય ઉપર ઉભા છે એમ માતપિતાની સેવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. માટે સૌએ માતપિતા તથા ભગવાનરુપ ગુરુનું અપમાન કરવું નહીં. કેમકે, 'તે પણ પોતાના ઈષ્ટદેવ છે ને તીર્થરૂપ છે.' ॥૧૦૪૨॥

એક બ્રાહ્મણ હતો. તે એક ગામમાં ભાગવતની કથા કરતો હતો પણ પોતે વ્યભિચારી બહુ હતો ને એક સ્ત્રી સાથે પોતાને ખરેખરો સંબંધ થઈ ગયેલ. બાઈ પણ નિરંતર કથા સાંભળવાને જતી હતી. બ્રાહ્મણ પણ પોતાના મુખસ્વાદથી કેટલીક રસિક વાતો પણ કથાના પ્રસંગમાં કહેતો જતો. ભોળા માણસો વિશ્વાસ લાવી સાંભળ્યા જ કરતાં હતાં. ભાગવતનો પંચમસ્કંધ જ્યારે વાંચવામાં આવ્યો અને તેનો છવીશમો અધ્યાય જ્યારે વાંચ્યો. તેમાં યમપુરીનું તમામ વર્ણન આવ્યું અને પારકી સ્ત્રીનો જે સંગ કરે છે તેને યમદુતો સીસું ઉનું કરી મુખમાં રેડે છે અને લોઢાની સ્ત્રી તપાવીને લાલચોળ કરાવીને તેની સાથે આલિંગન વિગેરે કેટલુંક કુકર્મ કર્યાના ફળનું કેટલુંક વર્ણન આવ્યું. તે સાંભળી પેલી બાઈના મનમાં એમ થયું જે, 'વોય મારો પીટ્યો ભાગવતમાં આવી વાતો છે અને મારી સાથે આવા ભૂંડાં કામ કરવા આવે છે.' બાઈ સાંજ વખતે કથા સાંભળીને પોતાને ઘરે રાંધણું કરવા ગઈ. બ્રાહ્મણ પણ સાંજની કથા સમાપ્ત કરીને તે બાઈને ઘરે બેસવા ગયો. બાઈએ બ્રાહ્મણને કહ્યું જે, 'મહારાજ ! આવું પાપ છે અને તમે આવા ભુંડાં કામો કરો છો ?' તે સાંભળીને મને ઘણો ત્રાસ થયો છે.' બ્રાહ્મણ બોલ્યો જે, 'તમે ક્યારે હતા ?' બાઈ કહે કે, 'હું સાંજ સુધી હતી અને પછી રાંધણું કરવા આવી.' પછી બ્રાહ્મણ કહે, 'અરે પછી તમે નહોતા.' બ્રાહ્મણ કહે, 'તે પછી બધાં લોક મળીને ભગવાન પાસે અરજી કરવાં ગયાં જે આવું પાપ છે ત્યારે તમારે સ્ત્રીઓ સરજાવવાનું શું કામ હતું ?' પછી લોકની અરજી સાંભળીને ભગવાનને રીસ ચડી તેથી જમપુરીને ખોદીને સમુદ્રમાં નાંખી દીધી અને ત્યાં તો ખળા જેવું કરી મેલ્યું કાંઈ ન મળે.' બાઈ બિચારી ભોળી હતી તેથી જાણ્યું જે, 'મહારાજ ! સત્ય

કહે છે.' બ્રાહ્મણ જ્યાં સુધી રહ્યો ત્યાં સુધી તે જ રસ્તે રસ્તે ચાલ્યો. માટે કથા સાંભળવી તે શુદ્ધ બ્રાહ્મણ સત્સંગી હોય તેના મુખ થકી સાંભળવી પણ વિમુખ જીવના મુખ થકી કથા કે વાર્તા સાંભળવી નહીં. નિરંતર રાત્રિયે નિત્ય નિયમ બોલીએ છીએ તેમાં આવે છે કે **વિમુખ જીવકે વદનસેં કથા સુણી ન જાય ॥** કેમકે પોતે જો વિમુખ હતો તે લોકમાં અવળું સમજાવ્યાનું કરે. ॥૧૦૪૩॥

એક બ્રાહ્મણ હતો તે પણ એક ગામમાં ભાગવતની કથા કરતો હતો. તે પણ ધર્મભ્રષ્ટ હતો અને નિરંતર પોતે કથા કરીને અધર્મ કરતો હતો અને વાતોએ કરીને કેટલાક વિશ્વાસુ માણસોને ભરમાવતો હતો. પણ પોતાના મનમાં એમ જાણતો જે, 'હું વ્યભિચાર અને અધર્મ કરું છું તેનું ફળ મારે યમપુરીમાં નિશ્ચે ભોગવવું પડશે.' એમ પોતાના મનમાં સમજતો હતો પણ ઈંદ્રિયોનો વેગ બહુ જ બળવાન છે.' તેથી તેને ઘસડીને તેને તે ક્રિયા કરાવે છે કેમકે ઈંદ્રિયો સાથે જ્યારે મન ભળે ત્યારે ગમે તેવો ડાહ્યો માણસ હોય તો પણ તેનું મન સ્થિર થઈ શકે નહીં. પછી તે બ્રાહ્મણ એક મહિના સુધી કથા કરીને જ્યારે પોતાને ઘરે જવા ચાલ્યો. ત્યારે સૌ ગામનાં લોકો ભટ્ટજીને વળાવવા સારૂ ગયા. ભટ્ટજીએ સૌને સોગંદ આપી બળાત્કારે પાછા વાળ્યા પણ પોતાની હેતવાળી જે બાઈ હતી તે પાછી વળે નહીં. પછી ભટ્ટે કહ્યું જે, 'બાઈ ! હવે તમે ઉભા રહો.' બાઈએ આંખ્યમાં આંસુ લાવીને ગળગળી વાણીથી કહ્યું જે, 'મહારાજ! આપણે હવે ક્યારે ભેગા થઈશું ?' બ્રાહ્મણ બોલ્યો જે, 'જો ગીતા ને ભાગવત સત્ય હશે તો કુંભીપાકમાં ભેગાં થાશું થાશું ને થાશું નહીં તો કાંઈ કહેતો નથી.' માટે હવે ઘણી થઈ. પાછાં વળો.' પછી બાઈ પોતાને ઘરે ગઈ અને બ્રાહ્મણ પોતાને રસ્તે પડ્યો. માટે જાણતો થકો જો પાપ કરે તો તેને બમણી સજ્યા પડે માટે કોઈએ જાણી જોઈને પાપ કરવું નહીં કેમકે તેનું ફળ તેને જરૂર ભોગવવું પડે છે. ॥૧૦૪૪॥

એક બ્રાહ્મણ હતો તે કોળીના ગામમાં કથા કરવા ગયો. અને ત્યાં નિરંતર રામાયણની કથા કરતો હતો. તે સાંભળવાને માટે આખું ગામ એકઠું મળતું અને તેમાં જ્યારે સીતાજીના હરણ થયાની વાત આવી ત્યારે સૌ લોકે એમ જાણ્યું કે, 'સીતાજી મનુષ્ય મટીને હરણીયું થઈ ગયાં.' એમ ઘણાંક દિવસ કથા કરીને બ્રાહ્મણે સૌ લોકોને રાજી કર્યા લોકોએ પણ બ્રાહ્મણને દક્ષિણા આપીને રાજી કર્યો. પછી પોતે પોતાને ઘરે જવાને તૈયાર થયો. તે વખતે આખા ગામના લોક બ્રાહ્મણને વળાવવા માટે ગામને પાદર સુધીથી આવ્યાં બ્રાહ્મણે સૌને સોગંદ દઈને ત્યાં ઉભાં રાખ્યાં પછી એક જણ બોલ્યો જે, 'મહારાજ ! તમે કથા કરી તેમાં એમ આવ્યું જે સીતાનું હરણ થયું તે પાછી માણસ થઈ કે હરણી ને હરણી રહી?' ત્યારે બ્રાહ્મણ કહે, 'હરણ એટલે શું? તો રાવણ તેને લઈ ગયો.

તેનું નામ હરણ પણ સીતાજી કાંઈ હરણી થઈ ગઈ નથી.' ત્યારે વળી બીજો બોલ્યો જે, 'બ્રાહ્મણ ! તું ઉભો રહે ઉભો રહે. તેં કથા કરી તેમાં રામ રાક્ષસ કે રાવણ રાક્ષસ ?' બ્રાહ્મણ પોતાના મનમાં વિચારીને બોલ્યો જે, 'ભાઈ ! રામ રાક્ષસ નહીં અને રાવણ પણ રાક્ષસ નહીં પણ તુંને હું બન્ને રાક્ષસ. મેં તારી આગળ કથા કરી તેમાં તું કાંઈ સમજ્યો નહીં.' પછી બ્રાહ્મણ સાખી બોલ્યા સાખી–

*''કીધું કાંઈ ને સમજ્યો કશું, આંખ્યનું કાજળ લઈને કપાળે ઘસ્યું''*

કેમકે અજ્ઞાની માણસ પાસે કથા કરવી તે આવું છે. ॥૧૦૪૫॥

એક બ્રાહ્મણ હતો તે કોઈ ગામમાં રામાયણની કથા વાંચતો હતો. તે કેવળ મુખસ્વાદથી જ વાતો કરતો હતો પણ તેને શાસ્ત્રનો બિલકુલ વિશ્વાસ નહોતો અને કેટલાક લોકો રામાયણની કથા સાંભળવા હંમેશા એકઠા થાતાં. તેમાં એક દિવસ કોઈક પરગામની ભરવાડયો દૂધ વેચવા આવી હતી. તે બ્રાહ્મણની કથા સાંભળવા ત્યાં ઘડીક ઉભી રહી. તે વખતે રામચંદ્રજી જ્યારે સમુદ્રની પાજ બાંધીને લંકામાં પધાર્યા છે તે વાત આવી જે, 'વાંદરાઓ રામનું નામ લઈ લઈને પથ્થરને પાણીમાં મેલે એટલે પથ્થર પાણી ઉપર સ્થિર થાય.' તે સાંભળી તે ભરવાડ્યોના મનમાં એમ થયું જે, 'રામ નામે પથરા તર્યા તો આપણે શા માટે ન તરીયે ? કેમકે આપણે જવા આવવાનો રસ્તો ઘણો જ કઠણ છે અને નિરંતર વહાણવાળાની વાટ જોવી પડે છે. માટે આપણે પણ રામનામથી પાણી ઉપર ચાલી જાશું.' તે ભરવાડ્યું ઘણીજ નિર્મળ મનવાળી હતી. તેથી પોતાના મનમાં રામનામનો વિશ્વાસ આવતો હતો તેથી ભરવાડ્યો નિરંતર સમુદ્રની ખાડી ઉપર ચાલીને નિરંતર દૂધ વેચીને પોતાને ઘરે જતી હતી અને પછી એક દિવસે બ્રાહ્મણે તેને પૂછ્યું જે, 'બાઈઓ, તમે શી રીતે જાઓ છો ? કેમકે તમારે વચ્ચે એક માઈલની ખાડી છે.' બાઈઓ કહે કે, 'અમને તમારી કથામાંથી એવું હાથ આવ્યું છે જે પાણી ઉપર ચાલીને જઈએ છીએ ને આવીએ છીએ.' બ્રાહ્મણ કહે, 'શું ?' ભરવાડ્યું કહે, 'તમે કથા વાંચતા હતા તેમાં એમ આવ્યું જે, 'રામ નામે પથરા તર્યા તો અમે શા માટે ન તરીયે ?' તે માટે અમે રામ રામ કરતીયું ખાડી ઉપર ચાલીયે છીએ અને તે પ્રમાણે પાછી આવીયે છીએ.' બ્રાહ્મણે વિચાર કર્યો જે, 'આને તો બે જ અક્ષર હાથ આવ્યા છે અને મારી પાસે તો આખું રામાયણનું પુસ્તક છે માટે મારે પણ વહાણનું શું કામ છે ?' પછી બ્રાહ્મણ કથા કરીને ઘરે ચાલ્યો ત્યારે સૌ લોક વળાવવા માટે ગયા. બ્રાહ્મણે તે સૌને પાછા વાળ્યા પછી કેટલાક માણસે કહ્યું જે, 'વહાણ વગર ખાડીમાં શી રીતે જઈ શકશો મહારાજ ?' બ્રાહ્મણ કહે, 'મારી પાસે એક મંત્ર છે તો હું ચાલ્યો જઈશ.' પણ પોતાના મનમાં રામનામનો બિલકુલ વિશ્વાસ નહોતો.

પછી માથે પુસ્તક લઈને ખાડીમાં જ્યાં ચાલવા જાય ત્યાં બે ત્રણ ડગલા ચાલ્યો ત્યાં તો તે ખાડીમાં બુડીને મરી ગયો કેમકે તેને રામનામનો બિલકુલ વિશ્વાસ નહોતો. માટે ભગવાનનો વિશ્વાસ હોય તો માણસો ભવસાગર તરી શકે છે નહીં તો સંસારસાગર તરવો મહામુશ્કેલ છે સાખી–

*રામ રામ સબ કહત હે, દિલ સત્ય કહે ન કોય ॥*
*(એક વાર દિલ સત્ય કહે, તો કોટી યજ્ઞ ફળ હોય ॥*
*મથુરા શબ્દ અમુલ્ય હે, આદ્ય અંત જપ લે ॥*
*સો જાકું મુખમે નહીં, તાકુ વચલો દે ॥)*

જેના મોઢામાં રામનામ એવો શબ્દ નથી તો તેના મોઢામાં તો થુંકવું માટે સૌએ રામનું ભજન કરવું. ॥૧૦૪૬॥

એક ગામમાં મહાભારતની કથા વંચાતી હતી. ત્યાં સાસુ વહુ કથા સાંભળવા જતાં તેમાં દ્રૌપદીજીના વિવાહના સ્વયંવરની વાત આવી જે, 'દ્રૌપદીજીએ પાંચ પતિ કર્યા તો પણ સતી કહેવાણી.' તે વાત સાંભળીને વહુના મનમાં એમ થયું જે, 'દ્રૌપદીજીએ પાંચ પતિ કર્યા તો પણ સતી કહેવાણા. માટે આપણે પણ પાંચ પતિ કરીએ ત્યાં સુધી (દ્રૌપદીજી જેવા) કહેવાઈએ.' પછી કથાને અંત્યે સાસુ ઉઠચાં ત્યારે સાસુએ કહ્યું જે, 'વહુબા ! કથામાં કાંઈ સમજ્યાં ?' વહુ કહે, 'હા, બાઈજી ! પાંચ પતિ કરીયે ત્યાં સુધી તો દ્રૌપદીજી જેવાં સતી કહેવાઈએ. એથી જો વધારે પતિ કરીયે તો તેમનાથી પણ મોટાં વધારે સતી કહેવાઈયે.' માટે અજ્ઞાની માણસને કથા સાંભળવા લઈ જઈએ તો વહુના જેવું ઉલટું સમજીને પાપવૃત્તિમાં પડે. ॥૧૦૪૭॥

એક ગામમાં એક બ્રાહ્મણ કથા કરતો હતો. ત્યાં આખા ગામનાં માણસો કથા સાંભળવા જતા. તે ભેળો એક સુરદાસ પણ હમેશાં કથા સાંભળવાને આવતો હતો. સુરદાસને કાંઈ કથામાં બેસવાને માર્ગ નહીં મળવાથી એક અગોચર જેવો ખુણો હતો ત્યાં હમેશાં બેસતો. પછી સુરદાસને ગંદકીવાળી જગ્યામાં મચ્છર બહુ કરડતાં. પછી સુરદાસ વિચાર કરે જે, 'કથા ક્યારે પુરી થાય ? અને મારો છૂટકો થાય ?' એમ કરતાં કરતાં સાંજે કથાની સમાપ્તિ થઈ ત્યારે કથા વાંચનાર ભટ્ટ બોલ્યો જે, 'સુરદાસજી !' ત્યારે સુરદાસ બોલ્યો જે, 'ભટ્ટજી મહારાજ ! ભટ્ટ કહે, 'કથા ઉઠી.' સુરદાસ કહે, 'પાપ છૂટી.' મહારાજ મોકળા ફરશું.' તેમ જેને અંતઃકરણમાં સુખ શાંતિ ન હોય તેને કથામાં રસ આવતો નથી. કેમકે અંતરના દોષ મચ્છર ને ડાંસ જેવા છે તે સુખ આવવા દેતા નથી. ॥૧૦૪૮॥

એક ગામમાં ભાગવતની કથા થાતી હતી. પછી બે ભાઈબંધ હતા. તેઓમાં એક વક્તા સારો હતો. તેને નિરંતર કથાનો રસ એવો આવતો કે, 'જાણે ત્યાં જ નિરંતર બેસી રહેવાનું મન થાય.' જ્ઞાનમાર્ગ પૂરો સમજતો હતો પછી તેના મનમાં એમ થયું જે, 'આવો હરિરસ વંચાય છે માટે મારા ભાઈબંધને એક વખત કથા સાંભળવા તેડી લાવું તો તેને હરિરસ સારો લાગવાથી પછી પોતાની મેળે નિરંતર કથા સાંભળવા આવશે.' એમ વિચારીને પોતાના ભાઈબંધને કહ્યું જે, 'આજ તો તું હરિરસ સાંભળવાને ચાલ્ય.' તેનો ભાઈબંધ બોલ્યો જે, 'હરિરસ કેવો હશે ?' જ્ઞાનીએ કહ્યું જે, 'હરિરસ મીઠો અમૃત જેવો દૂધ જેવો હોય.' પછી તેને કથા સાંભળવા માટે લઈ ગયો એટલે તે તો એક થાંભલાને ઓઠીંગણ દઈને એક કોરે બેઠો કથા સાંભળતા સાંભળતા નિંદ્રાવશ થઈ ગયો. તેવામાં એક મોટો કૂતરો આવીને ઉંચો પગ કરીને તેના મોઢામાં મૂતર્યો અને ઘડીક વાર થઈ રહી એટલે નિંદ્રામાંથી જાગ્યો અને થુથુ કરવા માંડ્યો. પછી કથા થઈ રહી એટલે તેને ભાઈબંધે પૂછ્યું જે, 'કેમ ભાઈ ! હરિરસ કેવો મજાનો ? પેલો મૂરખ બોલ્યો જે, 'તારો હરિરસ ખારો ધુંધવા જેવો.' પછી બીજે દિવસ કથા સાંભળવા તેને તેડી ગયો અને તે જ સ્થાનકે બેસાર્યો ત્યારે પણ તે નિંદ્રાવશ થઈ ગયો. પછી પેલો જ્ઞાની સાકરની ચપટી ભરીને તેના મોઢામાં નાંખી આવ્યો. પછી ઘડીક વાર થઈ અને કથાની સમાપ્તિ થઈ ત્યારે તે જાગ્યો અને તેના ભાઈબંધે પૂછ્યું જે ,'કેમ ભાઈ ! હરિરસ કેવો લાગ્યો ?' પછી પેલો મૂરખ બોલ્યો જે, 'આજ તો હરીરસ બહુ ગળ્યો લાગ્યો.' તેમ જેને જ્ઞાન છે તેને હરિરસની ખબર પડે છે તે હરીરસ કયો? તો જે પરમાત્માની કથા સાંભળવામાં પોતાનું ચિત્ત એક લીન થઈ જાય ને અજ્ઞાની માણસને ઉપર પ્રમાણે હરિરસ લાગે. ||૧૦૪૯||

એક ગામમાં ભાગવતની કથા વંચાતી હતી. ત્યાં આખા ગામના માણસ કથા સાંભળવા આવતાં હતાં. બંધાણી કાઠી પણ હમેશાં સાંભળવા આવતો. બંધાણી આદમી અને વળી અફીણ ઉતરી ગયેલું છે તેથી બેઠાં બેઠાં ડોલાં ખાતો હતો. તે વખતે તેના ચાકરે આવીને તેને જગાડ્યો અને બોલ્યો જે, 'બાપુ ! બાપુ ! ચાલો રોટલા જમવા.' કાઠી એકદમ ઝબકીને જાગ્યો ને બોલ્યો જે 'સાકર ગો કે નથી ગો ?' ત્યારે સૌએ કહ્યું જે, 'બાપુ ! આ તો ભાગવત વંચાય છે.' ત્યારે કાઠીયે કહ્યું જે, 'ટાઢો પહોર થાય ત્યારે રોંઢડીયે જાજે.' તેમ સાખી—

*'હાથમાં માળા અને મનમાં મેળ, કહે અખો એ સરવે ફેળ'*

તેમ કથા વારતા સાંભળે અને મન વિષયમાં ભમે તે કથા કાંઈ પાર કરે નહીં. ||૧૦૫૦||

એક કાઠી તે મરવા સૂતો હતો પછી તેને છોકરે આવીને કહ્યું જે, 'બાપુ ! બાપુ !

તમને એક ગાયનું દાન હું આપું છું.' કાઠી મરતાં મરતાં એમ બોલ્યો જે, 'તારા છોરડાં છાશ વગર રહે તે મને ન ગોઠે. હું તો આગળ નાગતંબુરનો નેહ આવે છે. તેમાંથી એક ધોળું લઈશ.' તેમ આ જીવ પણ મરતાં મરતાં પણ ખાતર પાડે તેવો છે પણ એમ નથી જાણતો કે યમરાજા પાસે જઈને ઉભો રાખશે તે વખતે શરીરના બંધે બંધ છુટી જશે. માટે ધર્મ છે તે જ જીવને પરલોકમાં સહાયતારુપ છે. ॥૧૦૫૧॥

એક કાઠીને ઘરે ગાય મરવા સુતી. તે વખતે કાઠીએ વિચાર કર્યો જે, 'આપણે આ ગાયનું દાન કરીએ.' પછી પોતાના ગોરનું ઘર પોતાના ઘરને અડીને હતું. તેથી ઓસરીમાં ઉભો રહીને ગોરને સાદ કર્યો એટલે ગોરે હોંકારો આપ્યો. કાઠીયે કહ્યું જે, 'મારે આ ગાયનું દાન કરવું છે. માટે ઝટ અહીંયાં આવ્ય.' ત્યારે ગોર કહે, 'બાપુ ! હું રોટલા જમું છું.' કાઠી કહે, 'તારી મા ! મરૂ જાતીસે.' પછી કાઠીએ ગાયનું પુંછડું વંડી નીચે ખાળ હતી તે સોંસરુ કાઢ્યું અને બ્રાહ્મણને ગાય કૃષ્ણાર્પણ કરીને જ્યાં ગોર કાઠીને ઘરે આવ્યો. ત્યાં તો ગાય મરી ગયેલી દીઠી. પછી તેનું ઢરડામણ ઉલટું ગોરને આપવું પડ્યું. માટે અંતકાલીયા દાન કરે તે કાંઈ પરલોકમાં સહાય કરે નહીં. માટે કોઈએ કાઠીના જેવું દાન કરવુ નહીં. ॥૧૦૫૨॥

એક કાઠીએ એક નિયમ લીધું જે, 'મારે ઘઉંનું પદાર્થ ખાવું નહીં.' પછી થોડાક દિવસ થયા એટલે કોઈનું કારજ આવ્યું અને સાટાજલેબી વિગેરે પકવાન્ન પંગતમાં પીરસવા મંડ્યા. ત્યારે નિયમવાળો કાઠી બોલ્યો જે, 'માત્રા ! આ શું આવે છે ?' માત્રો કહે, 'બાપુ ! આ સાટા અને જલેબી આવે છે.' કાઠી કહે, 'તે શેનું થાય ?' માત્રો કહે, 'ઘઉંનું થાય. કાઠી કહે, 'ઘઉંની તો હું બાધા ભણતો છું.' એમ જ્યાં વાત કરે છે ત્યાં તો પીરસનારો માણસ નજીક આવ્યો ત્યારે કાઠી બોલ્યો જે, 'આપણે તો ચોખેની બાધા. બા' એમ કહીને સાટા જલેબી ખાધાં. પછી બીજે દિવસે દૂધ ચોખા ને સાકર જમવાના હતા ત્યારે કાઠીએ પૂછ્યું જે, 'માત્રા ! આ શું છે ? શું આવે છે ?' માત્રો કહે, 'બાપુ! એતો દૂધ ચોખા ને સાકર છે.' ત્યારે કાઠી બોલ્યો જે, 'આપણે તો ઘઉંનો ને ઘઉંનો નિયમ ગધીનો હોય તે નિયમ ફેરવે. બા 'એમ કહીને તે દિવસ દૂધ ચોખા ને સાકર જમ્યો. માટે કોઈને કાઠીના જેવું નિયમ રાખવું નહીં અને નિયમ રાખવું તો ઠેઠ પાર ઉતારે તેવું રાખવું. ॥૧૦૫૩॥

એક ગામમાં કાઠીની નાતને જમવાની પંક્તિ થઈ હતી. પછી સૌને જમવાને માટે તાંસળીયો આવી પણ એક કાઠીને તાંસળી આવી નહીં અને પોતે જે જગ્યાએ જમવા બેઠો હતો તે જગ્યાએ પોતાની આગળ પથ્થરનો ખાંડણીયો અનાજ ખાંડવાનો હતો. તે પીરસનારો પોતાની પાસે પીરસવા આવ્યો. ત્યારે કાઠી બોલ્યો જે, 'ભણે મોસે તે આ

નિઘામાં આપ્ય (ખંડણીયામાં) પછી પીરસનારો ખાંડણીમાં પીરસીને ચાલ્યો ગયો. કાઠીએ જાણ્યું જે, 'હું વાસણ માંગવા રહીશ તો ભૂખ્યો રહીશ.' માટે જે વખતે જે પાત્ર મળ્યું તેમાં સંતોષ રાખીને નિર્વાહ કરી લેવો. ॥૧૦૫૪॥

એક પેથો કરીને ભરવાડ હતો. તેનો બાપ મરી ગયો હતો. પછી તેના બાપનું શ્રાદ્ધ સરાવવા માટે તેની માએ કહ્યું જે, 'ગોર સાથે નદીએ તારા બાપનું શ્રાદ્ધ સરાવવા જા.' ગોર કહે કે, 'પેલો પેથીયો સરાવવા આવ્યો હતો. તે હું કહું છું તેમ કરતો નથી.' તેની માએ પછી તેને ખૂબ ઠપકો દઈને કહ્યું જે, 'પીટ્યા ! જા ગોર કહે તેમ કરજે.' પછી ગોર હાથમાં જગતો છાણાનો રોઢો લઈને નદીએ ગયા. પછી ગોરે કહ્યું જે, 'પેથા પોતીઉં...ત્યારે પેથો બોલ્યો જે, 'પેથા! પોતીઉં...'એમ બે ચાર વાર ગોરે કહ્યું, તો પણ પેથે તેને સામો જવાબ આપ્યો. પછી ગોરને રીસ ચડી એટલે પેથાને ધોલ મારી. પેથે જાણ્યું કે, હવે મારા બાપનું સરાવણું ચાલ્યું.' પેથે ઉપાડીને ગોરને ધોલ મારી. ગોરને રીસ ચડી એટલે પેથાને નીચે પાડીને ઉપર ચડી બેઠો પછી પેથે ગોરને ધક્કો મારીને ગોરને હેઠા નાંખીને તેના ઉપર પોતે ચડી બેઠો. ગોરની નીચે બરાબર ઝગતો છાણાનો રોઢો આવ્યો. તેથી ગોર ઘણા ઉછાળા મારે પણ પેથો ગોર ઉપરથી હેઠો ઉતરે નહીં. પછી ગોરે કહ્યું જે, 'રાખ્ય પેથા ! હવે તારા બાપનું સરાવણું થઈ રહ્યું.' ત્યારે પેથો ગોર ઉપરથી હેઠો ઉતર્યો અને ગોર માંડ માંડ ઘરે ગયો. તેમ મૂરખની સાથે કામ કરવું તેનું પરીણામ આવું આવે. ॥૧૦૫૫॥

એક ગામમાં અમે ફરવા ગયા હતા. ત્યાં કેટલાક માણસો કથા વાર્તા સાંભળવા આવ્યા હતા. તેમાં એક જણાનું મોઢું દાઝી ગયેલું જોઈ મેં પૂછ્યું જે, 'ભાઈ ! તારે મોઢે શું થયું છે ?' ત્યારે તેણે કહ્યું જે, 'મહારાજ ! હું હુતાશણીનું પરબ જોવા ગયો હતો. તે સૌ તો જોઈને ઘરે પાછા ચાલ્યા આવ્યા પણ હું તો રાફડીયા સાંભળવા રહ્યો હતો. તે વખતે કોઈકે મને મોઢા ઉપર જગતો રોઢો માર્યો છે. તેણે કરીને મોઢું દાઝી ગયું છે.' તેમ આ જીવ એવો અવળો છે કે જગતા રોઢા ખાવા હોય ત્યાં જવા તૈયાર થાય પણ પરમેશ્વરની વાર્તા સાંભળવી હોય ત્યાં આળસ તથા નિંદ્રા આવે. ॥૧૦૫૬॥

એક ગામમાં એક ગરાસીયો હતો. તે મૃત્યુને પામ્યો એટલે તેનો તમામ સામાન સજ્યામાં કલ્પીને ગોરને આપ્યો. ગોર પણ લોભને લીધે એટલા સામાનથી સંતોષ ન પામ્યો. ગોરના મનમાં અભિલાષા રહી જે, 'જ્યાં સુધી સામાન સહિત ઘોડી નથી લીધી ત્યાં સુધી કાંઈ ન કર્યું. માટે ગમે તેમ યુક્તિ કરીને તેની ઘોડી સામાન સહિત લેવી.' પછી એક દિવસ તો ગોર ગરાસીયાના દીકરાને આશીર્વાદ આપીને તેની પાસે બેઠો અને સમાચાર કહ્યા જે, 'આજ તો સ્વપ્નામાં મને બાપુ દેખાણા અને બાપુએ મને કહ્યું જે, મને

બધુંએ પહોંચ્યું પણ એક ઘોડી વિના મારે હરવા ફરવાની બહુ અડચણ પડે છે માટે તું જઈને કહે જે, 'મને સામાન સહિત ઘોડી મોકલો.' પછી ગરાસીયાના દીકરે સવારના પહોરમાં વિધિ સહિત ગોર પાસે વિધિ કરાવીને સામાન સહિત ઘોડી ગોરને આપી. તે જોઈ તેના પડોશમાં રહેનાર બીજા બ્રાહ્મણને ઈર્ષા આવી જે, 'માળે આણે તો ઘોડી સુદ્ધાંત પણ લીધી.' કારણ કે બ્રાહ્મણની જાત સહજ સ્વભાવે અદેખી છે તેણે પણ એક યુક્તિ શોધી કાઢી. પછી એ બ્રાહ્મણ સવારમાં ઉઠી ગરાસીયાના દીકરા પાસે ગયો અને કહ્યું જે, 'આજ તો મને બાપુ દેખાણા પણ તેમના પેટમાં દુઃખાવો બહુ જ થયો છે. તે બાપુએ મને કહ્યું જે મને બધું પહોંચ્યું અને ઘોડી પણ પહોંચી પણ પેટમાં દુખાવો બહુ જ રહે છે તે જો ગોરને કોશના ડામ દ્યો તો મારા પેટમાં દુખતું મટે.' પછી સવારમાં ગોરને બોલાવીને કોશના ડામ દીધા. કેમકે જો ગોર ડામ ન ખાય તો ઉપલી વાત ખોટી પડે માટે બ્રાહ્મણની ઈર્ષ્યાએ કરીને ગોરને ડામ ખાવા પડ્યા. કેમકે આ લોકમાં જે સુકૃત કરે છે અથવા દુષ્કૃત કરે છે તેનું ફળ પરલોકમાં ભોગવે છે. માટે દાન પુણ્ય કરવું તે તો સત્પાત્ર જોઈને કરવું. ॥૧૦૫૭॥

એક બ્રાહ્મણ એક ગામમાં રામાયણની કથા કરતો હતો ત્યાં ભરવાડ નિત્ય સાંભળવા આવતો. પણ ભરવાડ બિચારો જાડી બુદ્ધિવાળો હતો. તેથી પોતાના મનમાં એમ નિશ્ચય કર્યો જે, 'આ બ્રાહ્મણ બિચારો માંદો છે અને રાડ્યો પાડે છે પણ આ બધા બેઠાં છે. તે કોઈ રોગ ઓળખતા નથી. આ તો આપણા પટેલના પાડાને સાકરડો રોગ હતો તેવો રોગ છે. તે બ્રાહ્મણ બિચારો રાડ્યો પાડી પાડીને મરી જાશે અને હું પણ વૈદ છું તે એનો રોગ જાણું છું. માટે તેને જો દાતરડાના ડામ દીધા હોય તો તેનો રોગ મટી જાય. પછી કથા થઈ રહી, ત્યારે ભરવાડે બ્રાહ્મણને કહ્યું જે, 'મહારાજ! આજ સાંજે મારે ઘરે આવજો.' બ્રાહ્મણે જાણ્યું જે, 'ભરવાડ ! બહુ જ ભાવીક છે તે આપણને ધાબળો બાબળો આપશે તે સુખેથી શિયાળામાં ઓઢવા થાશે. પછી કથા કરીને સાંજે બ્રાહ્મણ ભરવાડને ઘરે ગયો. ભરવાડે બ્રાહ્મણને ખાટલો નાંખીને તે ઉપર ગોદડું પાથરીને તે ઉપર બ્રાહ્મણને બેસાર્યો અને ઘરમાં જઈને બે દાતરડાં ચુલામાં મેલી આવ્યો અને પછી પોતાના ભાઈનું ઘર પડખે હતું. તેને સાદ કરીને બોલાવ્યો જે, 'એ...વાહા...હે...આંહીં...આવ...આંહીં...થોડુંક પરમારથનું કામ છે. બ્રાહ્મણે જાણ્યું જે, 'એના ભાઈ પાસેથી પણ કાંઈક અપાવશે.' પછી ઘરમાં જઈને ઉના કરેલાં બે દાતરડાં લાવ્યો અને બે ભાઈયોએ થઈને બ્રાહ્મણને આડો પાડ્યો અને પછી જ્યારે ડામ દેવા મંડ્યા ત્યારે બ્રાહ્મણ ઉંકારા કરવા મંડ્યો. ત્યારે ભરવાડ બોલ્યો જે, 'મહારાજ ! પરમારથનું કામ છે અને તેના ભાઈને પણ કહેતો જાય જે ખબરદાર

ખુબ તાણીને ઝાલજે.' પછી પાંચ છ ડામ દઈને બ્રાહ્મણને છોડી મેલ્યો. માટે મૂરખ માણસને સમજણ બહુ જ ઓછી હોય છે. તેથી તેને કશી પણ હિતની વાત કરવી નહીં અને લોભે કરીને જો તેમાં લલચાય તો ઉપરની વાત પ્રમાણે દુઃખી થાવું પડે છે. ॥૧૦૫૮॥

એક માણસ માંદો હશે તેને જોવા સારૂ વૈદને બોલાવ્યો. વૈદે જોઈને કહ્યું જે, 'આને પેટમાં ગાંઠ્ય છે. માટે ડામ દીધા હોય તો ઠીક.' પછી તેને સુવારીને રાખના એંધાણ જ્યાં કરવા માંડ્યા ત્યાં તો રોગીષ્ટ માણસ બોલ્યો જે, 'રામ...રામ...'ત્યારે વૈદ બોલ્યો જે, 'આ તો રાખના છે અને રામના તો હજુ ભાઠીમાં છે.' તેમ આ દુનિયામાં જે પોતાના મન ધાર્યા પાપ કર્મ કરે છે અને શાસ્ત્ર પોકારીને કહે છે તોપણ માનતા નથી પણ પરલોકમાં જરૂર તેના કર્મ કરેલાંનું ફળ ભોગવવું પડે છે માટે સૌએ શુભ કામ કરવું. ॥૧૦૫૯॥

ઠવી ગામમાં એક વાઘો કરીને ભરવાડ હતો. તે નિરંતર દરબારમાં ભેંશો દોવાને આવતો ભરવાડ લોકોને સહેજ એવી ટેવ હોય છે જે બારે માસ તેને ખંભે ધાબળો હોય કેમકે, તેને આભૂષણરુપ માને છે. પછી એક દિવસ સવારમાં ભેંશો દોવાને માટે આવ્યો. ત્યારે દાન ખુમાણે પૂછ્યું જે, 'વાઘા ! આજ કેમ ધાબળો ઓઢ્યો નથી ?' ત્યારે વાઘો કહે, 'બાપુ ! કાલે તેલીયા બાવા મળ્યા હતા. તેને ઓઢાડ્યો.' દરબાર કહે, 'ઠીક કર્યું. આપણા ગામને સીમાડે વાઘરી પડ્યાં છે તે બધાચોમાસાના જીવડા મારવા ન જઈ શકતા. તે હવે તારો ધાબળો ઓઢીને સુખેથી જીવ મારશે અને તેનું બધું પુણ્ય તારે આવશે.' વાઘો કહે, 'બાપુ ! એવું હોય નહીં આ તો તેલીયો રાજા હતો.' દરબાર કહે, 'તું ન માન્ય તો જા જોઈ આવ્ય.' પછી સવારમાં ખંભે લાકડી લઈને જ્યાં જાય ત્યાં તો જેને પોતે ધાબળો આપ્યો હતો. તે વાઘરી ધાબળો ઓઢીને જીવડાં મારીને ચાલ્યો આવતો હતો. ભરવાડે જઈને તેને એક ડાંગ વાઘરીના હાથ ઉપર મારી કે તરત તેની કાખમાંથી બે ચાર મરેલાં જીવડાં નીચે પડ્યાં. પછી ભરવાડે ધાબળો ખેંચી લીધો અને ગામમાં આવીને દરબારને વાત કરી જે, 'બાપુ ! તમે કહેતા હતા તેમજ થયું.' માટે દાન કરવું તો સુપાત્રને કરવું પણ વેશ જોઈને ભરમાવું નહીં. ॥૧૦૬૦॥

એક ગુરુ ને એક શિષ્ય હતા. પછી ગુરુએ શિષ્યને કહ્યું જે, 'આ દીવો ઠારી નાંખ્ય.' શિષ્યે ઉત્તર આપ્યો જે, 'આંખ્યો વીંચી જાઓ.' ગુરુએ કહ્યું જે, 'જોઈએ વરસાદ કેવોક આવે છે ?' શિષ્ય કહે, 'બહારથી બિલાડી આવે છે. તેના ઉપર હાથ ફેરવી જુઓ. જો વરસાદ આવતો હશે તો ભીની હશે.' ગુરુએ કહ્યું કે, 'ખડકી વાશી આવ્ય.' ત્યારે શિષ્ય કહે કે, 'બે કામ મેં કર્યા. હવે એક કામ તમે કરો.' તે કામ પંડ્યે પોતે ગયા વિના થાય તેમ નહોતું. માટે જેનો શિષ્ય અથવા દીકરો તે જો પ્રત્યુત્તર આપતો હોય તો તેને

મળરૂપ કહ્યો છે. માટે પુત્ર તથા શિષ્યે માબાપ તથા ગુરુની આજ્ઞા તુરત માનીને તે કાર્ય કરવું તો જ તેમાં માણસાઈ કહેવાય. ||૧૦૬૧||

ગુરુ અને શિષ્ય એ બે જણા હતા. ને ગુરુ અવસ્થાવાન હતા. પછી ગુરુએ પોતાના શિષ્યને કહ્યું જે, 'બાપ ! શિષ્ય મારી કેડ્ય ઉપર પગ દેને.' શિષ્ય કહે જે, 'ગુરુજી ! તમારી કેડ્ય ઉપર શે દેવાય ?' ત્યારે ગુરુએ કહ્યું કે, 'મારી જીભ ઉપર પગ તેં દીધો અને કેડ્ય ઉપર પગ ન દે તો તારા ભોગ કેમકે, ગુરુએ વચન કહ્યું અને તેની ના પાડી તે તેની જીભ ઉપર પગ મૂક્યો કહેવાય.' માટે માવતર ગમે તેવા ગરીબ સ્થિતિમાં હોય તો પણ તેની સેવા કરવી તે સારા પુત્રનો ધર્મ છે અને ગુરુ પણ સદ્‌ઉપદેશ કરીને સારો બોધ આપે છે અને અજ્ઞાનરૂપી અંધકારથી દૂર કરે છે. માટે ગુરુના ઉપકારનો બદલો વળે તેમ નથી. ગુરુની આજ્ઞા માન્ય કરવી તે શિષ્યનો ધર્મ છે. ||૧૦૬૨||

વસનદાસ અને કરશનદાસ બે બાવા હતા. તે બન્ને જણ પોતાની જગ્યામાં સુતા હતા અને અંધારી રાત્રી હતી. એટલે તેની જગ્યામાં ચોર પેઠા અને ચોર ચારે કોર ફાંફાં મારવા માંડ્યા. ત્યાં તો કરશનદાસ ઉપર હાથ ફેરવ્યો એટલે કરશનદાસ બોલ્યો જે, 'વસનદાસ ! 'ત્યારે વસનદાસ બોલ્યો જે, 'શું કહે છે કરશનદાસ ?' કરશનદાસ કહે, 'મારા ઉપર કોઈક હાથ ફેરવે છે.' ત્યારે વસનદાસ બોલ્યો જે, 'એને કહેજે મારા ઉપર પણ હાથ ફેરવે તો મચ્છર હઠે.' ચોરે હાથ ફેરવ્યો એટલે લંગોટી હાથમાં આવી. એટલે ચોરે જાણ્યું જે, 'આપણે આખી રાત ડોઈ પણ આમાં કાંઈ દી વળ્યો નહીં. એમ જાણીને ચાલ્યો ગયો. ||૧૦૬૩||

બે નાગા બાવા હતા. તે રસ્તે ચાલ્યા આવતા હતા અને માર્ગમાં એક સોહો સ્વાર મળ્યા. પછી બાવા બીજે ગામ આવીને વાત કરવા લાગ્યા જે, 'અમે તો સો ઘોડા વચ્ચે કુલા કુટતા ચાલ્યા આવ્યા પણ અમારું કોઈએ નામ લીધું નહીં. એ તો દૃષ્ટાંત છે પણ તેનો સિદ્ધાંત એ છે જે જેની પાસે ધર્મરૂપી દ્રવ્ય છે તેને લુંટવાનો ભય છે કેમકે રખેને આ સંસારમાં કોઈ આપત્તિ આવે, એવી રીતે બીક રહે છે. જેમ ઉજળાં વસ્ત્ર પહેર્યા હોય તેને ડાઘ પડે તે સૌ પૂછે જે, આ તમારે ક્યાં ડાઘ પડ્યો ? પણ ઘાંચીને કોઈ પૂછે નહીં જે તમારે આ ડાઘ ક્યાં પડ્યા ? કેમકે તેને તો નિરંતર ડાઘા પડે તેમાં રહેવાનું છે. તેમ જેને લાજ નથી તેને શું ? સાખી—

*"લાજે લુગડ પહેરીયે, લાજે દીજે દાન,*
*લાજ વિનાના માનવી,તેના લાંબા લાંબા કાન."* ||૧૦૬૪||

એક પુરુષ હશે. તેણે સોળ ઘર કર્યા તો પણ તેનો વહેવાર ઠેઠ સુધી પાર પડ્યો

નહીં. પછી તેણે કોઈક પોતાના જેવી નિર્લજ બાઈ હશે તેને પોતાના ઘરમાં લાવીને બેસારી. તે માણસ એવો હતો કે જે, 'સ્ત્રી ઘરમાં બેસારે તેને એક સાડલાભેર લાવતો અને તે જ્યારે જાય ત્યારે તેનો સાડલો ખેંચી લેતો.' પછી એક દિવસ પોતે રાજીપામાં આવીને બાઈને કહ્યું જે, 'ઘુમોરે મારી ઘુમણી રાણી, આ સાડલે મેં સોળમી આણી.' ત્યારે બાઈ બોલી જે, 'આવો રે મારા લાડકડા આવો આસોત, મારે અઢારમું ઘરખી—'પરણ્યા નહીં પહટ્યા નહીં માથે ઘાલ્યો નહીં મોડભાં ભરીને ભેળા થયા. આડોડે આડોડે' જેમ ગધેડાનું મુખ કુતરે ચાટ્યું. તે બેમાંથી કોણ અભડાય? માટે આ દુનિયામાં કેટલાક માણસો આવી જાતનાં પણ હોય છે. પુરુષ કહે, 'જોને મારા હાથ ઠંઠા.' ત્યારે બાઈ કહે, 'જોવોને મારું નાક બુંઠું.' ॥૧૦૬૫॥

ખાંભડા ગામમાં એક કણબીની દીકરી હતી. તે બાલ્યાવસ્થામાં વિધવા થઈ હતી. પછી તેના બાપે તેને કહ્યું જે, 'બાપ ! દીકરી ! તું કહે ત્યાં તને ઘરઘાવું ?' બાઈ કહે, 'બાપા ! આ એંઢાણીયે મેં રામા શિલોડીયાનું પાણી ભર્યું છે. તે હવે બીજાનું પાણી નહીં ભરું. કેમકે તેને તેવી લાજ હતી.' માટે આ દુનિયામાં કેટલાક સમજુ માણસો લાજવાળા હોય છે તે પોતાની એબ કોઈને દેખાડતા નથી. જેમ કોઈક કણબી હશે અને તેણે બાળપણથી જ કળશીયે જવા સારુ એક લોટકો રાખેલો. પછી ઘણાંક વરસ થયાં એટલે કોઈકે તે લોટકો ફોડી નાંખ્યો ત્યારે તે ભાભો રોવા લાગ્યો ત્યારે કોઈકે પૂછ્યું જે, 'ભાભા શા સારુ રુવો છો ?' ભાભે કહ્યું જે, 'આ એક લોટકે મારી એબ દેખી હતી પણ હવે મારે બીજો લોટકો લેવો પડશે તેથી મારી એબ ઉઘાડી પડી જાશે' એમ કેટલાક ધર્મવાળા માણસો એવા પણ આ દુનિયામાં હોય છે. ॥૧૦૬૬॥

એક કણબી ભાભો હશે તે મરવા સુતો. પછી સૌ કુટુંબનાં તથા ગામનાં માણસો ભેગાં થયાં. ભાભાને કહ્યું જે, 'ભાભા ! તમારા જીવને ગત્ય કરજો.' ભાભે કહ્યું, 'શું ગત્ય કરું ? ધુડ્ય ? બે મોટાં દુઃખ લઈને જાઉં છું.' સૌ કહેવા લાગ્યાં જે, 'ભાભા ! તમારે ઘરે દીકરાને ઘરે દીકરા છે અને દુઃખ શું છે ?' ત્યારે ભાભો કહે, 'આ હાથે કરીને ક્યારેય આરદ્રાના વાવણા કર્યા નહીં. ટગાવી ટગાવીને મે થાય એક તો એ મોટું દુઃખ !' ત્યારે સૌએ કહ્યું જે, 'બીજું મોટું ક્યું દુઃખ હતું ?' ભાભો કહે, 'ક્યારેય એક ઘોડીયે ખળું લેવાણું નહીં ! ઘડીક હેઠે અને ઘડીક ઉપરય ! પણ ક્યારેય-સ-વા-વાયો નહીં !' પછી દીકરાની ઘરવાળીયે આવીને કહ્યું જે, 'ભાભા ! હું તમારી વાંસે ધરો રહીશ !' ત્યારે ભાભો કહે, 'મેં પડતાળીને કહાડી છે અને હજી ખેતરમાં ધરો રહી.' પણ વહુયે તો ધરો સાતમ રહેવાનું કહ્યું હતું. પછી ભાભો એમ ત્રીજું દુઃખ લઈને જમપુરીમાં સીધાવ્યા. માટે સૌ ડાહ્યા

માણસોએ વિચારવું જે, આ દુનિયામાં સર્વેને ખોટું કરી મેલીને એક દિવસ નિકળવું પડશે પણ ગમે તેટલી સંપત્તિ હશે તે બધી અહીં ને અહીં રહેવાની છે માટે કોઈ પણ તે અજ્ઞાની ભાભાની પેઠે ત્રણ દુઃખ લઈને જશો નહીં. ॥૧૦૬૭॥

એક કણબી ભાભો હશે. તે અહોનિશ ગામને સીમાડે વાડી હતી. ત્યાં જ નિવાસ કરીને રહેતો હતો અને બારે માસ તેને ત્યાં જ રહેવું ગમતું હતું. એમ કરતાં કરતાં પોતાની આખી જિંદગી ત્યાં જ ગાળી. પછી એક દિવસ કોઈક શેઠીયો પોતાની સાથે પચીસ પચાસ માણસ લઈને દ્વારકાની જાત્રા કરતા જાતો હતો. પછી તેણે તે વાડીયે આવીને મુકામ કર્યો. કેમકે વાડીયે ઝાડની છાયા અને કુવાનું શીતળ જળ જોઈને સૌને એમ થયું જે, 'આજ રાતવાસો અહીંયા જ રહેવું.' પછી સૌએ તે વાડીયે મુકામ કર્યો ને વાડીયે ઝાડની છાયા તથા જળે મુસાફરીનો થાક ઉતર્યો અને ભાભે પણ તીર્થવાસી સૌની ખડપુલાથી સારી રીતે બરદાસ કરી. યાત્રાળુ સૌ રાત્રે વાળુ કરવા બેઠા. ત્યારે ભાભાને પણ મેશુબ તથા બુંદીના લાડુની થાળી ભરીને ખાવા આપી. ભાભે દેહ ધરીને કોઈ દિવસ એવો ખોરાક લીધેલો નહીં તેથી ખૂબ આનંદથી જમ્યો. કેમ કે તેના નશીબમાં તો કેવળ જુવાર માતાનો રોટલો અને મરચાંનું અથાણું હતું. પણ કોઈક દિવસ ગળ્યું ચીકણું કે સ્નિગ્ધ ભોજન જમવામાં આવેલું નહીં. કેમકે આ દુનિયામાં કેટલાક માણસોને એવું જ જ્ઞાન હોય છે જે ઘી સાકર ખાઈયે તેનો એક મોઢાને સ્વાદ છે અને મરચાં વિગેરે તીખું તમતમું ખાઈએ તો બેયને ખબર પડે. કેમકે ખાય ત્યારે મોઢું બળે અને જંગલ જાય ત્યારે પુંઠ્ય બળે એવી સમજણવાળા કેટલાક જાડા લોક પણ હોય છે. પછી ભાભાને તે યાત્રાવાળાએ કહ્યું જે, 'ભાભા ! તમે અમારી સાથે દ્વારકા યાત્રા કરવા આવશો ? ચાલો અમે તમને ભાતું પોતું વિગેરે આપશું અને વળતી વખતે અહીંયાં પાછા તમને મૂકતા જશું.' ભાભાને વિચાર થયો જે, 'આવો ખોરાક મળશે અને વળી દ્વારકા જોશું.' પછી સંઘ બધો સમી સાંજમાં ત્યાંથી ગાડાં જોડીને રસ્તે પડ્યો અને ભાભો પણ સંઘ ભેગો દ્વારકા ગયો. અહીંયાં ભાભાનો એક ભાઈબંધ પોતાના જેવો જ હતો તે નિરંતર બન્ને જણા સાથે રહેતા અને હુક્કા ગગડાવતા. પછી જે રાત્રે સંઘ ચાલ્યો તે રાત્રે ભાભાનો ભાઈબંધ ઝુંપડીમાં સુતો હશે તેવામાં હોક્કામાંથી દેવતા ઉડવાથી કડબની ઝુંપડી એકદમ આગ લાગી અને તે ભાભાનો ભાઈબંધ બળી મુઓ. સવારે ભાભાના છોકરાએ આવીને ત્યાં તપાસ કર્યો ત્યાં તો ડોસાને મરેલો દીઠો. પછી ભાભાના દીકરાએ તેનો અગ્નિસંસ્કાર કર્યો અને બીજે દિવસે પોતાના તમામ સંબંધીને કાગળ લખી જણાવ્યું જે, 'ભાભો અમુક દિવસે સ્વર્ગવાસી થયા છે. તો તેના ઉત્તર કારજ ઉપર સૌને આવવું.' છોકરે પણ વિચાર કર્યો જે, 'આપણું બહોળું કુટુંબ છે અને આપણો

ભાભો વૃદ્ધ હતા માટે તેનું ઉજળું ખરચ કરવું.' ભાભો પણ કોઈને કહ્યા વિના દ્વારકા ગયેલા હતા તેથી સૌને ભાભો સ્વર્ગવાસી થયા જેવું જ લાગ્યું બરોબર ભાભાના બારમાને દિવસ કેટલાંક માણસો ખરચ ખાવા માટે ભરાણાં હતાં અને દ્વારકાનો સંઘ પણ તે જ દિવસે ભાભાને વાડીયે મેલીને ચાલતો થયો. ભાભે પણ વાડીયે આવીને જોયું ત્યાં તો પોતાનું છાપરું બળી ગયેલું દીઠું. ભાભે મનમાં વિચાર કર્યો જે, 'હશે જે થયું તે ખરું હવે સવારે ઘરે જાશું.' તીર્થવાસીએ ભાભાને ખોરાક આપ્યો હતો તેથી વાળુની ચિંતા નહોતી નહીતર દોડીને ઘરે જાય પછી ભાભો વાડીયે એક કોરે જઈને બેઠો તેવામાં મેમાનનાં ગાડાં આવેલાં તેના બળદના માટે તેના સાથી ખડ લેવા આવ્યા હતા. તે આવેલા માણસો કડબના ભારા બાંધવા મંડ્યા. ત્યાં તો ભાભો બોલ્યા જે, 'કોણ ?' એ ભાભાનો સાદ ઓળખ્યો. તેથી તેઓ એકદમ ભાગ્યા અને ઘરે જઈને પટેલને વાત કરી જે, 'ભાભો તો વાડીયે આવેલ છે અને ભાભાનું આહીં કારજ થાય છે.' પછી પટેલે હવાલદારને કહ્યું જે, 'તું ઘોડેસ્વાર થઈને જાને તપાસ કર્યુ જે શું છે ?' પછી હવાલદાર સ્વાર થઈને જાતે વાડીયે ગયો. ત્યાં તો ભાભો ઉભા થઈને બોલ્યા જે, 'કોણ એ ?' તે સાંભળી હવાલદારને ભય લાગ્યો એટલે તે એકદમ ઘોડીને ઘરભણી દબાવી મૂકી. ઘોડાની ડમચી છુટી ગઈ હતી તેથી હવાલદારના બરડામાં તડીંગ તડીંગ વાગતી હતી. હવાલદારે જાણ્યું જે, 'ભાભો પછવાડેથી સરપટાં મારતાં આવે છે.' હવાલદારે જઈને પટેલને કહ્યું જે, 'વાત સાચી છે અને ભાભો મને અહીંયાં સુધી સરપટાં મારતાં આવ્યા છે.' ભાભે વિચાર કર્યો જે, 'મને ભાળીને સૌ ભાગે છે તેનું શું કારણ હશે ? માટે પાણીયારીને કુવે જઈને બેસું.' પછી ભાભો પાણીયારીને કુવે આવીને બેઠા ત્યાં તો મેમાન માટે કેટલીક બાઈઓ ત્યાં કુવે પાણી ભરવા આવી હતી. ત્યાં તેણે ભાભાને જોઈને પૂછ્યું, 'કોણ એ ?' ભાભો બોલ્યો જે, 'એ તો હું ભાભો.' તે સાંભળીને કેટલીક બાઈઓનાં બેડાં માથે ચડાવેલા હતાં તે ભય લાગવાથી પડીને ફૂટી ગયાં અને કેટલીક બાઈઓ ખાલી બેઠાં પડ્યાં મૂકીને એકદમ ગામમાં નાસી ગઈ. અને ઘરે જઈને પટેલને વાત કરી જે, 'ભાભો તો પાણીયારીને કુવે આવ્યા છે.' પટેલ કહે, 'ભાભે તો બધે ઠેકાણે ફજેત કર્યા. માટે ચાલો મશાલો કરો અને ફાનસો કરો' ત્યાં તો ભાભે વિચાર કર્યો જે, 'હવે તો એક કોરે જઈને બેસું. કેમકે મને જોઈને સૌ નાસે છે.' પછી ભાભો કુવેથી થોડેક છેટે જઈને બેઠો હતો. ત્યાં તો કેટલીક મશાલો અને ફાનસો લઈને કેટલાક માણસો આવ્યાં તેઓ છેટેથી ભાભાને જોઈને વાંસડાથી ઘોદા મારવા લાગ્યાં. ત્યારે ભાભો બોલ્યો કે, 'મૂરખો ! મને શા સારુ ઘોદા મારો છો ?' પછી ભાભાનો દીકરો તેની પાસે ગયો અને ભાભાને ઓળખ્યો. છોકરે કહ્યું જે, 'ભાભા ! તમે ક્યાં ગયાં હતા ?' ભાભો કહે કે, 'હું તો સંઘ ભેળો દ્વારકાની જાત્રા કરવા ગયો હતો તે

આજ આવ્યો છું.' છોકરો કહે, 'તમારી ઝુંપડીમાં બળી મુવું તે કોણ હતું ?' ભાભો કહે, 'તે તો ઓલ્યા ગામનો કોળી મારો ભાઈબંધ હતો. તે નિત્ય મારી પાસે હોકો પીવા આવતો.' પછી ભાભાને ઘરે લઈ ગયા અને ભાભે દ્વારકાની બધી વાતચીત કરી. પછી પટેલે સૌને કહ્યું જે, 'ભાઈઓ ! મારા ભાભા દ્વારકાની યાત્રા કરી આવ્યા ને આ ભાભાની પછવાડે જગતીયું કર્યું છે !' માટે જો ક્રિયાને વશ થઈને પ્રભુને નહીં ભજે તો સગાં સંબંધી જીવતાં ભૂત કરશે ! અને જીવતાં વાંસડાના ઘોદા મારશે. માટે સૌએ પોતાના મનમાં વિચારીને વાસનાનો ત્યાગ કરીને પ્રભુને શરણે થાવું. ||૧૦૬૮||

ગામ **દામનગર**માં **ગોવિંદ** કરીને એક કણબી હતો. તેને સત્સંગ નહોતો પણ **દેવશીભગત** તથા **જુઠો ભગત** એ બે જણા શ્રીજીમહારાજના મળેલા હરિભક્ત હતા. તેમની સાથે પોતાને સ્નેહ હતો. પછી તે ગોવિંદભક્તને બહુ મંદવાડ થયો અને તેને બે યમદૂત દેખાણા તે જોઈને પોતાને બીક લાગી એટલે બૂમો પાડીને કહ્યું જે, 'દોડ દેવશી ! મને માર્યો.' એમ જ્યાં કહ્યું ત્યાં તો યમદૂત બીઈને છેટે ભાગી ગયા અને ગોવિંદભગત સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરવા લાગ્યા. દેવશી ભગત પોતાની વાડીયે કોશ હાંકતા હતા તેને માણસ મોકલીને ઘરે તેડાવ્યા અને ગોવિંદભગતે કહ્યું જે, 'તું ન આવ્યો હોત તો મને જમ લઈ જાત. માટે વર્તમાન ધરાવીને સત્સંગી કર' અને આજ તેનું આખું કુટુંબ પણ સત્સંગી છે માટે એકાંતિક હરિભક્ત સાથે જો હેત હતું તો યમદૂત થકી મૂકાણા. ||૧૦૬૯||

ગામ **દામનગર**નો કણબી હતો. તે કાશીયે યાત્રા કરવા ગયો હતો. પછી ગંગાજીમાં નાહ્યો ત્યાં પોતાને ટાઢ ચડી અને જરા તાવ આવ્યો. પછી તેણે માનતા કરી જે, 'જો હું હીમે કીમે ઘરે પહોંચીશ તો દામનગરીયા પીરને સવા માણાનો મળીંદો કરીશ. પછી દામનગરનું પાણી પીઈશ.' એવી માનતા કાશીમાં ગંગાજીનાં કાંઠા ઉપર બેસીને કરી. પછી તે ઘરે આવ્યો અને સૌ તેને સામૈયું કરીને ગામને પાદર લાવ્યા એટલે ત્યાં સૌ ઝાડવા નીચે બેઠા. તે વખતે ગોવિંદભગત કળશીયે જતા હતા. તેણે પૂછ્યું જે, 'કેમ સૌ આંહીંયાં બેઠાં છો ?' ત્યારે કાશીયેથી આવેલા માણસે ઉત્તર આપ્યો જે, 'ભાભા ! મેં કાશીમાં માનતા કરી છે જે, હું ઘરે સાજો સારો જઈશ તો દામનગરીયા પીરને સવામાણાનો મળીંદો કરવાની માનતા કરી છે. તે પૂરી કર્યા પછી હું દામનગરનું પાણી પીઈશ. એમ બાધા લીધી છે.' પછી ગોવિંદ પટેલ બોલ્યા જે, 'મૂરખ્યા ! દામનગરીયો પીર તો આંહીંયાં ગામના ઝાંપામાં જ મુઓ છે અને કાશીયે જીવડા મારતાં મારતાં તારા બાપનું છોલાવા ગયો હતો ? આ તો ઘાંચી વોરો મરી ગયો હતો તેને કોઈ દાટતું નહોતું. તેથી મેં પાંચ રૂપિયા આપીને દટાવ્યો છે અને તેની ઉપર ગામે દેરી કરાવી છે માટે છાનેમાનો ઘર

ભેગો થઈ જા.' પછી સૌ લોક મળીને ઘર ભેગાં થઈ ગયા માટે પોતાને દેવની અગર તીર્થની આસ્થા હોય તો જ તીર્થ કરવા જવું પણ તીર્થે જઈને આવી માનતા કરે તેને તીર્થ ફળીભૂત થાય નહિ.॥૧૦૭૦॥

ગામ **હાથસણી**નો કોળી કાશીયે ગયો હતો. ત્યાં જઈને માનતા કરી જે, 'હું સાજો સારો ઘરે આવીશ ત્યારે નોંધણીયા પીરને પધરાવીશ.' પછી તે કાશીયેથી ઘરે આવ્યો અને નદીના કાંઠે પથ્થરનો ઓટો કરીને એક મોટા ગૃહસ્થના ઘરનો ખાંડણીયો ભાંગલ હશે તેને લાવીને તે ઓટા વચ્ચે બેસતો કર્યો. તે વખતે અમો નદીએ નહાવા જતા હતા. પછી તેને પૂછ્યું જે, 'ભગત ! આ શું કરો છો ?' કોળીએ કહ્યું જે, 'મહારાજ ! હું કાશીયે ગયો હતો ત્યાં માનતા કરી છે જે જો હું સાજો સારો ઘરે જઈશ તો હું એક નોંધણીયો પીર પધરાવીશ.' માટે જેને આસ્થા નથી કે જેને તીર્થનો વિશ્વાસ નથી તો તીર્થને કાંઠે રહે તો પણ નકામું છે માટે વિશ્વાસ રાખીને તીર્થ કરજો તો જ ફળીભૂત થશે, નહીં તો માછલાં પાણીમાં રહે છે. ॥૧૦૭૧॥

ગામ **વેળાવદર**ના કણબીના વીસ છોકરા દ્વારીકા ગયા હતા ત્યાં તેમણે માનતા કરી જે, 'જો અમો હીમે ખીમે ઘરે પહોંચીશું તો પીઠડ માતાને એક-એક નાળીયેર વધેરીશું ! પછી તેઓ દ્વારકાથી ઘરે આવ્યા અને ગામને ઝાંપે આવીને સૌ બેઠા. પછી સૌના સગાં વહાલાં તેમને મળવા માટે આવ્યાં. અને ગામને ઝાંપે આવીને સૌ બેઠા અને ગામમાં લઈ જવાને સૌએ આગ્રહ કર્યો ત્યારે તીર્થવાસી બોલ્યા જે, 'પીઠડમાતાને એક એક નાળીયેર વધેર્યા પછી ગામનું પાણી પીવાશે ! ત્યાર પછી ગામમાં અવાશે.' તે વખતે રુડોભાઈ બળદીયા પાવા ગયા હતા. તેમણે પૂછ્યું જે, 'છોકરાઓ ! આંહીં કેમ બેઠા છે ?' પછી સૌએ વાત કહી દેખાડી. ત્યારે રુડો ભાભો બોલ્યા જે, 'મૂરખ્યો ! પીઠડમાતા તો ગામને ઝાંપેજ હતી. તે દ્વારકા તમારા બાપનું છોલાવા ગયા હતા ? માટે સૌ જાઓ ગામમાં મંદિરમાં જઈ હનુમાનજી પાસે એક-એક નાળીયેર વધેરજો.' પછી સૌને ગામમાં મોકલ્યા અને તેમણે મંદિરમાં જઈ હનુમાનજીની આગળ એક-એક શ્રીફળ વધેર્યુ. ॥૧૦૭૨॥

એક કોળી ભક્ત હતો, તે કાશીયે ગયો હતો. તેણે ગંગાજીમાં જઈને નિયમ લીધું જે, 'મારે સાકરકોળું ખાવું નહીં.' પછી તે ઘરે આવીને કોઈનું ઘરવાળું લઈને જતો રહ્યો. પછી તેની શોધ કરવાને માટે કેટલાક કોળી વિગેરે વાંસે ફરતા હતા. પછી એક ગામમાં તે બે જણાં હાથમાં તંબુરા લઈને ભજન ગાતાં હતાં. ત્યાં પેલી બાઈનો પતિ તથા બીજા સંબંધીઓ ગોતતા ગોતતા જઈ પહોંચ્યા અને તેમણે તંબુરો તેના હાથમાંથી લઈને તે

ગીગાભગતના વાંસામાં પાંચ સાત તંબુરા માર્યા ને તંબુરો ભાંગી ગયો. માટે આવા માણસો કાશીયે જઈ આવે છે તે તો જેમ ગધાડાને ગંગાજીમાં નવરાવે તેવાં છે. ||૧૦૭૩||

એક કોળી અને વાણિયે મળીને વાઢ ભેળો વાવ્યો હતો. પછી ચીંચોડો માંડ્યો ત્યારે ગોળનાં ભેલાં જામવા માંડ્યા નહીં. ત્યારે વાણિયો આકુળ વ્યાકુળ થવા માંડ્યો અને કોળીને હિંસા કરવાનો સહેજે જ સ્વભાવ હોય છે. પછી કોળી ધુણીને બોલ્યો જે, 'ગોળનાં ભેલા જમાવવા હોય તો અમારી માતાને એક પાડો ચડાવો તો ગોળનાં ભેલાં જામશે.' પછી સૌ કોળીએ વાણિયાને કહ્યું જે, 'માતા પાડો માગે છે.' વાણિયે કહ્યું જે, 'તેમાં હું કાંઈ ન જાણું અને માતા જે માગે તે આપો. અને ગોળનાં ભેલાં જામે તેમ કરો.' માટે કેટલાક મનુષ્ય પરબારી હિંસા કરાવે તેવાં પણ હોય પણ મિથ્યા બોલવાથી કેટલું પાપ છે તે ઉપર એક વાત છે જે, એક શહેરમાં એક નગરશેઠે સદાવ્રત બંધાવ્યું હતું. અને ત્યાં કોઈ ધર્મશાળામાં પરદેશી બ્રાહ્મણ આવીને ઉતર્યો હતો. પછી તે બ્રાહ્મણ તે સદાવ્રત લેવા ગયો. શેઠે તેને પાકું સીધું અપાવ્યું. એટલે તે બ્રાહ્મણ થાળીમાં ઉઘાડું સીધું લઈને ચાલ્યો આવતો હતો. તે વખતે એક સમળી એક સર્પ લઈને ઊંચે ઉડતી હતી તે સર્પની લાળ તે બ્રાહ્મણના સીધામાં પડી. પછી બ્રાહ્મણ તો રસોઈ કરીને જમ્યો અને પછી સુઈ ગયો એટલે તે સર્પનું ઝેર ચડવાથી મૃત્યુ પામ્યો. પછી ધર્મશાળાના રખવાળે શેઠને જઈને ખબર કરી. જે કોઈ પરદેશી બ્રાહ્મણ ધર્મશાળામાં મરી ગયો છે.' પછી શેઠે ચાર બ્રાહ્મણ મોકલીને તેનો અગ્નિસંસ્કાર કરાવ્યો. હવે યમપુરીમાં ધર્મરાજાના પાપ-પુણ્યના હિસાબી મહેતાજી ચિત્રગુપ્ત હાથમાં કલમ લઈને વિચાર કરે છે જે, 'આ બ્રાહ્મણની હત્યા કોને માથે નાંખવી ? કેમ કે શેઠે તો તેને ભાવથી સીધું આપ્યું અને સમળા પણ પક્ષી છે અને સર્પ પણ મરેલ છે.' એમ વિચાર કરે છે તેટલામાં અગ્નિસંસ્કાર કરવા ગયેલ. તેમાંથી એક જણ બોલી ઉઠ્યો જે, 'આ શેઠને ક્યાં પૈસાની ખોટ્ય છે તે આ બ્રાહ્મણને માર્યો ?' એમ જ્યાં બોલ્યો ત્યાં તો ચિત્રગુપ્તે બોલનારના માથે બ્રહ્મહત્યા ઠરાવી. કેમ કે કોઈને માથે જુઠું કલંક દેવું તે બ્રહ્મહત્યા જેવું પાપ છે માટે બોલવું તે વિચારીને બોલવું. ||૧૦૭૪||

ગામ **ભેરાઈ** સમુદરને કાંઠે છે. ત્યાંના આયરોની પચીસ પચાસ ભેંસો ચોર લઈ ગયા હતા. તેને શોધવાને માટે ભેંશોના ધણી સૌ બહાર ગામ જવા નીસર્યા અને ત્યાં ત્રણ ગાઉને તરભેટે એક મલાડ કરીને માતા છે તેની માનતા કરી જે, 'હે મલાડ માતા..! જો અમારી ભેંશો હાથ આવશે તો અમો તમોને લોળીયો પાડો ચડાવશું' અને જે ચોર ભેંશો ચોરી ગયેલ તેણે પણ એવી માનતા કરેલી જે, 'હે મલાડ માતા..!અમે ભેંશો ચોરીને લાવ્યા છીએ અને તે જો અમને પચી જશે તો આ લોળીયા પાડાને તમને ચડાવશું.' અને

લોળીયો પાડો પણ તે ભેંશોના ખાડુ ભેળો જ હતો. માટે કેટલાક માણસોને એવાં સંકટ આવે છે તે બેઈ કોરથી જેમ પાડાની માનતા કરી હતી તેવું થાય છે. પછી નહીં ઘરનો નહીં બારનો. ॥૧૦૭૫॥

એક ભરવાડ અને એક કોળી મળીને ઘઉંની વાડી ભેળી કરી હતી અને તે બન્ને જણા કુવો ખોદવા ગયા. પછી ભરવાડે કોળીને કહ્યું જે, 'તું કુવો ખોદ્ય અને હું ગામમાં સુતારને ત્યાં જઈને ગરેડી કરાવી આવું.' એમ કહીને તે આઘેરોક ચાલ્યો. પછી આઘે જઈને સાદ કર્યો અને કહ્યું જે, 'એ ઉકા...હે...ઉકા એ...'સામો જવાબ આપ્યો જે, 'શું કહે છે ?' વાહો ભરવાડ કહે, 'હું ગરેડી કરાવવા જાઉં છું. તે આવ્યો કે ન આવ્યો પણ તું જો ઘઉંનું ખળું કરે તો ઢોરે કરજે.' ઉકો કહે, 'એમ કેમ ?' વાહો કહે, 'મેહ આવે તો તણાય નહીં માટે હજુ કુવો ખોદ્યો નથી.' ત્યાં તો ખળું ઢોરે કરવા વિચાર કર્યો. માટે જો પ્રભુ નહીં ભજે તો ઢોરે ખળુ કર્યા જેવું થાશે. ॥૧૦૭૬॥

એક ગામમાં એક કાઠીયાણી હતી. તે કણબણો સાથે પરગામ કાણ્યે ગઈ હતી. પછી સૌ ઘરમાં ગુડો વળાવવાને બેઠાં અને કાઠીયાણીએ ત્યાં પીતળનો કળશીયો પડ્યો હતો. તે છાની રીતે બગલમાં મારી લીધો અને સૌ જ્યારે ગુડો વળાવી રહ્યા અને સૌએ ઘડીક મોઢેથી ખરખરો કર્યો અને પછી સૌ ઘરે આવ્યા અને કાઠીયાણીએ એમ જાણ્યું જે, 'ગુડો વળાવવા જવું એમાં લાભ છે.' પછી કણબણોને કહ્યું જે, 'પટલાણી ! જ્યારે કાણ્યે જવું હોય ત્યારે મને બોલાવજો. હું સાથે આવીશ.' પછી કોઈક દિવસ બીજે ગામ કણબણોને કાણે જવું હતું. તેથી તેમણે કહ્યું જે, 'ફુઈ ! ચાલો કાણે જવું છે.' તે સાંભળીને ફુઈ પણ કણબણોની સાથે કાણે ચાલ્યાં અને સામે ગામ જઈને સૌ રોવા કકળવા મંડ્યા અને ત્યાં મરનાર માણસને ઘરે ગયાં ત્યાં ફુઈએ ચારે કોર નજર કરી પણ કાંઈ પદાર્થ નજરે ચડ્યું નહીં એમ કરતાં એક કોઠીમાં ખાટલાનું વાણ નાંખેલ તેનું દોરડું કોઠીના સાંકણાથી બહાર દેખાતું હતું. તે ફુઈની નજરમાં આવ્યું અને પછી કોઠીના થડમાં જઈને બેઠી અને સૌ બાઈઓ રોતી છાની રહી ગઈ અને ફુઈ તો રોતાં જાય અને ખાટલાના વહાણનો ઢગલો ખોળામાં કરતાં જાય. તેનું કાંઈ સરું આવ્યું નહીં પછી રોતાં રોતાં બોલ્યાં જે, 'કાલે જઈતી કાણ્ય કલ હું દો કોટું આદી, આજ મારે હસવું ને હાણ સરું ન આવે સીંદરા.' એમ કાઠીયાણીને સીંદરાનું સરુ આવ્યું નહીં. માટે પ્રભુ ભજ્યા વિના સંસારરુપી સીંદરાનું સરું આવે તેમ નથી. ત્યારે બીજી બાઈ બોલી જે, 'ફુઈ ! એવું દુઃખ હોય તો દાંતે કરીને કાપીએ. એમ સમશામાં બીજીએ સમજાવી એટલે ફુઈએ દાંતે કરીને દોરડું કાપી નાંખ્યું માટે કેટલાક આવાં માણસો થાય છે. જે કાણે જાય તો પણ ચોરી કરવી. ॥૧૦૭૭॥

એક ગામમાં કણબણો કાણ્યે ગઈ હતી અને પોતાના ગામની નજીકમાં તે ગામ હતું પણ પછી સૌ બાઈઓએ વિચાર કર્યો જે, 'ગુડા વળાવતા આવશું અને વળતી વખતે ખડની ગાંસડીયું પણ લેતા આવશું.' એમ જાણીને સૌએ દાતરડા તથા પછેડા સાથે લીધા અને જ્યાં સામે ગામ ગયાં ત્યાં તો તેના સંબંધીના છોકરાં સામાં આવ્યાં. તેમને પછેડાની ગાંસડી બાંધી આપી અને દાતરડા પોતાની કેડ્યમાં ખોસ્યાં અને જો પછેડા સાથે દાતરડાં આપે તો સૌને એમ જણાય જે, 'આ તો ખડ લેવા આવ્યાં છે આ કાંઈ ગુડો વળાવવા આવ્યા નથી.' પછી નાનું મરણ હતું તે તો સૌ છાજીયાં લેવા લાગ્યાં ત્યારે તે જોઈ એકા બીજી સમશામાં કહેવા લાગી જે, 'હાથા ઢાંકો હાય હાય હાથા ઢાંકો હાય હાય.' એમ એક બીજી પરસ્પર બોલવા લાગી માટે ત્યાં સુધી હાથા ઉઘાડા ન થયા હોય ત્યાં સુધી સારું લાગે પણ હાથા ઉઘાડા થયા પછી સૌનો ભરમ ભાંગી જાય. હાથા એટલે ધર્મ નિયમ સારા ન પાળતો હોય ને ઉપર દેખાવ સારો પણ જ્યારે તેને દેશકાળ આવે ત્યારે ઉઘાડું થાય. ॥૧૦૭૮॥

ગુજરાતમાં મોટા અમીનો મરી જાય છે ત્યારે કુટવાને માટે લંઘીઓને બોલાવે છે. તે લંઘીઓ કેવું કુટે છે તે નીચે પ્રમાણે અને તેને તુવેરની દાળ આપીને કુટવા લઈ જાય છે. તેમાં કોઈએ એક મણ, બે મણ. વખત પ્રમાણે ઠરાવ કરીને કુટવા લઈ જાય છે તે કુટતાં કુટતાં એમ બોલે જે, 'નહીં લઉં સલેલીયા નહીં લઉં દળેલીયા લેશું રાતી ગલોલીયો ઓશ... ઓશ...' એમ બોલતી જાય પણ છાતીયે હાથ પણ અડાડે નહીં તેનું કહેવાનું હારદ એ છે કે અમે તુવેરદાળ સળેલી નહી લઈએ અને ભરડેલી પણ નહીં લઈએ અને રાતી ગલોલ જેવી લેશું.' માટે આ જગત આ લંઘીના જેવું સ્વારથીયું છે માટે સમજુ માણસને સંસારમાં આસક્તિ કરવી તે વિચારીને કરવી કેમકે કોઈ કોઈનું સગું નથી. ॥૧૦૭૯॥

એક કણબીનો દીકરો માંદો હતો. તેને જોવાને તેનાં સંબંધીઓ તેને ઘરે આવતાં હતાં. અને તેને એક વૃદ્ધ ડોશી હતી. તેને સૌએ કહ્યું જે, 'ડોશીમા ! તારો ખાટલો ફળીમાં રાખો. 'પછી છોકરાને જોઈને માણસો ડોશીમા પાસે આવ્યાં અને ડોશીને કહે કે, 'જો તમે જાઓ તો ભાગ્યશાળી ગણાઓ અને છોકરો રહે તો સારૂં.' ડોશી કહે, 'અરેરે ! મને માગ્યાં મોત ક્યાંથી મળે ?' ત્યાં કેટલીક બાઈઓ બોલી જે, 'ડોશીમા ! તમને જમનાં તેડાં ક્યાંથી હોય ?' ડોશીયે પૂછ્યું જે, 'જમ કેવા હોય ?' ત્યારે બીજી બાઈ બોલી જે, 'જમતો પાડા જેવા હોય.' ત્યારે ડોશીના મનમાં ઠસાઈ ગયું જે, 'જમતો જરૂર પાડા જેવા હશે.' એમ કરતાં કરતાં છોકરાને મંદવાડ વધ્યો અને છોકરાનો ખાટલો ઓસરીમાંથી

ઘરમાં લીધો. ઘરનાં માણસો સૌ છોકરાને વિંટીને રાતને વખતે બેઠાં હતાં તેવામાં પટેલનો પાડો બાંધ્યો હતો. તે છુટી ગયો અને ડોશીને ખાટલે માથું ઘસવા લાગ્યો. ડોશીએ માથેથી ઉપાડીને જોયું ત્યાં તો પાડો દેખાણો એટલે ડોશી માથે ગોદડું ઓઢી ગઈ અને બોલવા લાગી જે, 'જમરાજ ! હું તો સાજી છું ને માંદાનો ખાટલો તો ઘરમાં છે.' એમ કરતાં કરતાં પાડો બીજે કાંધે જ્યાં ખંજોળવા માંડ્યો. ત્યાં તો પાડાનું શીંગડું ડોશીના ખાટલાની પાંગત્યમાં ભરાણું. તેથી ડોશીનો ખાટલો ઊંચો થયો. ત્યારે ડોશી તાણીને બોલી જે, 'જમરાજ ! હું તો સાજી છું ને માંદાનો ખાટલો તો ઘરમાં છે.' એમ ઉતાવળી બોલવા લાગી એટલે સૌ ઘરમાંથી બહારય આવ્યાં અને ડોશીને પૂછ્યું જે, 'ડોશીમાં ! શું છે ? ડોશીમા કહે જે, 'જમરાજ આવ્યા છે. પછી સૌ કહે જે, 'આતો પટેલનો પાડો છે.' માટે સૌ ભાઈઓ વિચારીને જોજ્યો જે ખરો વખત આવે ત્યારે માંદાનો ખાટલો ઘરમાં બતાવે એવાં છે. કેમકે જીવને પોતાના દેહથી કશુંય પ્રિય નથી. ॥૧૦૮૦॥

એક માણસ હતો. તેની વૃદ્ધાવસ્થા થઈ ત્યારે તેની કોઈ ચાકરી કરતું નહોતું તેને ચાર દીકરા હતા તો પણ પોતે ભૂખ્યે મરતો હતો. પછી તેને કોઈક મહાત્મા સંત મળ્યા તેણે કહ્યું જે, 'ડોસા ! તમારી પાસે કાંઈ મરણ મુડી છે ?' ડોસો કહે જે, 'મહારાજ ! મારી પાસે મરણ મુડી શું હોય ? ફક્ત પાંચ રૂપિયા છે.' સંત કહે જે, 'લાવો.' તે મારી પાસે અને એક મોટો કચરાનો ભંભો લાવો.' પછી અધમણ રેતી માય તેવો ભંભો લાવ્યા. પછી સંતે તેમાં રેતી ભરમાવીને તેના મોઢા ઉપર પાંચ રૂપિયા મેલ્યા અને તે ઉપર કોડીયું ઢાંક્યું. પછી છોકરાં તથા બૈરાં સૌ લાણી કરવા વગડે ગયા હતા અને દીકરાની વહુઓ ઘરે હતી. પછી ડોસે ચારે વહુઓને બોલાવીને કહ્યું જે, 'બાપ દીકરા તમે સૌ આંહીં આવો ને આ ખડ હેઠે મારી મરણ મુડીનો ભંભો મૂક્યો છે તે લેવો છે. તે સાંભળીને ચારે વહુઓ દોડીને ડોસા પાસે આવીયું અને ભાભો પણ બથમાં ભંભો ઘાલીને બેઠો હતો. પછી ભાભે કહ્યું જે, 'ભા ! એક ચલાખો લાવીને માંહે ભંભો મેલો અને મારા ખાટલા નીચે ખાડો ગાળીને તે ત્યાં ભંભો દાટો.' પછી ચારે દીકરાની વહુવો ભેળી થઈ એટલે ભાભાએ ભંભાના મોઢા ઉપરથી કોડીયું ઉંચુ કર્યું એટલે ચારે જણીઓની દષ્ટીએ રૂપિયા દેખાણા. તે જોઈ ચારે જણી બોલી જે, 'ઓ...હો...હો...ભાભા પાસે તો અણગણ માયા છે.' પછી ચારે જણીઓએ ભંભો ઉપાડીને ઓસરીમાં ખાડો ખોદ્યો અને તેમાં જાળવીને ભંભો ગોઠવ્યો પછી ભાભો બોલ્યો જે, 'ભા ! આ જે માયા છે તે કાંઈ મારે સાથે લઈ જવી નથી ! પણ મારી ચાકરી કરે તેને મારે આપવી છે અને તમને ચારે જણીયું ને સો સો રૂપિયાનાં કડલાં અને સો સો રૂપિયાની કાંબીયું એમ ચાર જણીયું ને બસો બસો રૂપિયા દેવા છે.' પછી

સાંજ પડી એટલે ચારે છોકરા ખેતી કરીને ઘરે આવ્યા. ત્યારે મોટા છોકરાની વહુએ ચારે જણાને વાત કરી જે, 'ભાભા પાસે તો અણગણ માયા છે અને અમો ચારે જણીઓએ માંડ માંડ મળીને ભંભો ઉપાડ્યો. એટલી બધી માયા છે અને ભંભા ઉપર કોડીયું હતું. તે ભાભે ઊંચું કર્યું તેમાં રૂપિયા મથોમથ ભરેલા છે. તે અમોએ નજરે જોયું. પછી મેં કહ્યું જે, 'માયા ઉપર કોડીયું ઢંકાય નહીં. છાલીયું ઢંકાય.' પછી મેં આપણું છાલીયું ઢાંક્યું છે. અમને ચારે જણીયુંને સો સો રૂપિયાના કડલાં ને સો સો રૂપિયાની કાંબીઓ કરાવી દેવાનું કહ્યું છે.' પછી એ ચારે જણીઓ એકબીજાથી છાનાં કોઈ ભાભાને દૂધ પાઈ જાય, તો કોઈ સાકરનો શીરો આપી જાય એમ ખાતા ખાતા ભાભો રાભડીયા જેવો થઈ ગયો. પછી જ્યારે પોતાનો મૃત્યુકાળ પાસે આવ્યો ત્યારે ચારે દીકરાઓને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું જે, 'આ ચારે જણીઓએ મારી ચાકરી બહુ કરી છે. માટે એ ચારને બસો બસો રૂપિયા આપજો ખરચનું તો હું કાંઈ કહેતો નથી. એ તો તમારી આબરુ પ્રમાણે કરજો.' એમ કહીને ડોસો તો સ્વર્ગવાસી થયા ત્યારે તેને રાતું લુગડું ઓઢાડીને શબને લઈ ગયા પછી ભાભાની પાછળ મોતૈયા જલેબીનું ઉજળું કારજ કર્યું અને મેમાન પરોણા જ્યારે પોતાને ઘરે ગયા ત્યારે જે વાણિયાના રૂપિયા ઉપાડ્યા હતા તે વાણિયે આવીને કહ્યું જે, 'પટેલ ! હવે ભાભાનું કારજ પણ વીતી ગયું અને મેમાન પરોણા પણ ઘરે ગયા માટે મારૂં નામુ સમજીને ચુકાવો કરી આપો તો ઠીક.' પછી પટેલ કહે કે, 'શેઠ ! કાલે તમારો ચુકાવો કરી આપશું.' પછી રાત્રીયે ચારે ભાઈઓ તથા ચારે વહુઓ એમ બધા ભેળા થઈને જે ઠેકાણે ભંભો દાટ્યો હતો તે ઠેકાણેથી ખોદીને બહાર કાઢ્યો અને ચારે જણા માંડ માંડ ઉપાડીને ઘરમાં લઈ ગયા પછી ઘરમાં લઈ જઈને દાતરડે કરીને જ્યાં રૂપિયા કાઢવા મંડ્યા ત્યાં તો મોટી વહુ બોલી જે, 'જે એમ રૂપિયા કઢાય ? અને આઠસો રૂપિયા તો અમને ચાર જણીયું ને આપવાના છે.' ત્યારે પટેલ કહે, 'લ્યો, એને ફોડીયે.' અને પટલાણી કહે, 'ફોડો તો ખડખડાટ થાય. તો અડખે પડખેના સૌ સાંભળે. માટે લ્યો બે ગાદલાં પાથરીયે અને તે ઉપર ભંભો મેલીયે એટલે ખડખડાટ ઓછો થાય.' પછી ગાદલાં પાથરીને તે ઉપર ભંભો મેલ્યો. પછી કોશથી જ્યાં ધીમે રહીને ઠીબડી ઉતારી ત્યાં તો માંહેથી રેતીનો ઢગલો થયો. તે જોઈને ચારે ભાઈઓ હુકળી ઉઠ્યા અલ્યા આ તો કપટ એમ એકબીજા લડવા મંડ્યા જે, 'તારી ઓસરીમાં ખાટલો હતો તું લઈ ગયો.' અને ચાર વહુઓ લડવા માંડી જે, 'ઓલી કહે તું લઈ ગઈને ઓલી કહે તું લઈ ગઈ.' માટે આજની પ્રજા એવી છે કે કાંઈક ધુર્તપણું હોય તો જ સેવા કરે પણ માબાપનો મહિમા જાણીને વૃદ્ધપણામાં સેવા કરે તેવાં નથી. કેમકે અત્યારનો જમાનો એવો છે કે પોતાના સાળાનો જેટલો વિશ્વાસ તેટલો સગા ભાઈનો પણ વિશ્વાસ નહીં. ।।૧૦૮૧।।

એક ગામમાં બે ભાઈ રહેતા હતા. તેને અરસપરસ અણબનાવ ઘણો જ થયો. તેથી એક ભાઈ કંટાળીને બીજે ગામ રહેવા ગયો અને તેને એક વૃદ્ધ ડોસો હતો. તેના ખાવા પીવાના વારા કર્યા હતા જે, 'એક માસ સુધી તે ડોસો મોટાને ઘરે રોટલા ખાય અને એક માસ સુધી નાનાને ઘરે ખાય' એમ કરતાં જ્યારે ડોસાનો મહિનો પુરો થઈ રહ્યો ત્યારે તેનો છોકરો ગાડા ઉપર રાડાં નાંખીને ડોસાને તે ઉપર બેસારીને તેના ભાઈને ઘર ઝાંપે જઈને ગાડું ઉલાળીને ડોસાને નીચે ઉતારીને પરબાર્યો ચાલ્યો ગયો. પછી છોકરાએ આવીને ડોસાને ખંખેરીને ઉભો કર્યો અને ફળીયામાં ખાટલો નાંખીને તે ઉપર બેસાર્યો. પછી તે બાઈ પાણી ભરવા ગઈ ત્યારે ગામમાં બૈરાં સૌ કહેવા લાગ્યા જે, 'અરેરે ! બળ્યા તમારા અબોલા જોને આ તમારો દેર આવ્યો તે ભાભાને ઝાંપે ગાડામાંથી ઉલાળીને નાંખી દઈને ચાલ્યો ગયો.' એમ બાઈને સૌ ઠપકો દેવા લાગ્યાં. એટલે તે બાઈ શરમાઈ ગઈ. પછી સાંજે તેનો ધણી ખેતરથી ઘરે આવ્યો ત્યારે તેની સ્ત્રી કહેવા લાગી જે, 'મારે તો ગામમાં મોઢું દેખાડાય તેવું રહ્યું નથી.' કણબી કહે, 'શું છે ?' બાઈ કહે કે, 'તમારો ભાઈ આવ્યા હતા. તે ભાભાને ઝાંપે ગાડું ઉલાળીને નાંખીને વયા ગયા.' કણબી કહે, 'અરે રાંડ ! એમાં શું મુંઝાય છે ? આપણે કાલ્ય મહિનો પુરો થશે તે જો હું ખરો હોઉં તો ગામને ઝાંપે ભાભાને નાંખી આવીશ. માટે એમાં શું મુંઝાસ' માટે આજના છોકરાં બાપને બાપ કહે તેવાં નથી તે ઉપર એક વાત છે. ॥૧૦૮૨॥

કોઈક ગામમાં એક ખેડું હશે પછી. તે બાપ દીકરો ગાડું જોડીને પરગામ જતા હશે. ડોસો બીચારો ઘરથી જ રળ્યાનું રાસ ! પણ કાંઈ સારાં કપડાં પહેરવા કે મોજ શોખ માણવી, તેની પોતાને બિલકુલ ખબર જ નહીં અને છોકરો તો લુગડાનો ઠાઠમાઠ આસપાસના પટેલીયાનો સોબતી હતો. ને રસ્તે જતાં પોતાના ભાઈબંધનું ગામ આવ્યું. ત્યારે ડોસાને કહ્યું જે, 'તમે આ બધાં ગાડાં છુટ્યાં છે ત્યાં આપણું ગાડું છોડીને બળદીયાને ખડ ખવરાવો અને આ ગામમાં મારો ભાઈબંધ રહે છે તેને હું મળી આવું.' ભાભો ગાડું છોડીને પાદર બેઠો અને છોકરો ગામમાં ગયો. તે વખત પોતાના ભાઈબંધને ઘરે ઢગ્ય આવી હતી અને તેની જમવાની પંક્તિ ફળીયામાં બેઠી હતી. તે વખતે આ પટેલ પોતાના ભાઈબંધને રામરામ કરીને મળ્યો. પટેલ કહે કે, 'મારે જવું છે.' તેનો ભાઈબંધ કહે કે, 'જમ્યા વગર જાઓ તો મારા સોગંદ છે.' પછી ઘરધણીયે કહ્યું જે, 'કોણ, કોણ છો ?' પટેલ કહે કે, 'ગાડે મારો સાથી છે.' ઘરધણી કહે, 'નાતે કેવો છે ?' પટેલ કહે કે, 'કણબી છે.' પછી તેનો સાથી કણબી હતો. તેને બોલાવીને ઘરધણીયે જુવાર માતાનો એક રોટલો અને ઉપર બે મરચાં આપીને કહ્યું જે, 'જા ગામને પાદર ગાડાં છુટ્યાં છે ત્યાં પટેલનો

સાથી છે તેને રોટલો અને મરચાં આપી આવ્ય. ને સાથીને કહેજે જે, 'પટેલને તો ત્યાં રોક્યા છે.' પછી તે તો હાથમાં રોટલો અને અને ઉપર બે મરચાં લઈને ઉપર એક મેલા લુગડાનો કટકો ઢાંકીને જ્યાં ગાડાં છુટ્યાં હતાં ત્યાં જઈને બુમ મારી જે, 'ફલાણા ગામના પટેલનું ગાડું ક્યાં છે ?' ત્યારે ડોસો ઉભો થઈને બોલ્યો જે, 'આ રહ્યું ! કેમ છે ?' ત્યારે સાથી બોલ્યો જે, 'અમારા પટેલને ત્યાં ઢગ્ય આવી છે એટલે પટેલને જમવાને માટે રોક્યા છે.' અને પટેલે કહ્યું છે જે, 'મારે ગાડે મારો સાથી છે માટે રોટલો પહોંચાડો. તે સાંભળી ડોસાના રુંવાડે રુવાડાં અવળાં થઈ ગયાં. અને બોલ્યો જે, 'ભાઈ ! હું વૃદ્ધ છું અને મોઢામાં દાંત નથી. તે છાશ હશે તો મારે ચોળીને ખવાશે. માટે ચાલ્ય હું તારી સાથે આવું.' પછી બીજા ગાડાવાળાને પોતાના ગાડાની ભલામણ કરીને તે ડોસો સાથે સાથે ગામમાં ગયો. તે વખતે બધી પંક્તિ જમવા બેઠી હતી અને એક બીજાને તાણ કરી કરીને સૌ જમાડતા હતા. તે વખતે ડોસો પંક્તિ વચ્ચે જઈને ઉભો ઉભો બોલ્યો જે, 'અલ્યા! ગધાડીના હું તે તારો સાથી છું કે હું તે તારી માનો સાંઢ છું બોલ્ય ? તે સાંભળીને આખી પંક્તિ સ્થિર થઈ ગઈ. માટે આજનાં છોકરાં તો પોતાના માવતરને સાથી કરે તેવાં છે. ॥૧૦૮૩॥

એક ખેડુ હતો. તેણે પોતાના છોકરાને કહેલ જે, 'બાપ ! દીકરા ! તારો પગ ક્યાંઈક ઉંચો નીચે પડે તો મને કહેજે એટલે હું વેળાસર ચેતવણીમાં રહું.' પછી એક દિવસ છોકરો ખેતરથી કડબનો ભારો માથે ઉપાડીને ચાલ્યો આવતો હશે અને ખેતરને શેઢે એક ખાડો હશે તેમાં તેનો પગ પડ્યો. પછી તેણે ઘરે આવીને પોતાના બાપને કહોડ્યમાં લઈ જઈને કહ્યું જે, 'દાદા ! આજ મારો પગ ઉંચો નીચો પડ્યો ! પટેલે કહ્યું જે, 'બોલીશમાં ....મને કહ્યું તે કહ્યું પણ બીજે ક્યાંઈ વાત કરીશમાં.' પટેલે પોતાની ઘરવાળીને કહ્યું જે, 'થોડાં ધીમાં ઢેબરાં કરય.' પછી થોડાં ઘણાં ઢેબરાં કર્યા અને કાંઈક રોકડ તથા દાગીના હશે તે એક ડબામાં ભરીને બાંધી લીધા તે વિગેરે બીજો સામાન હશે તે ગાડામાં ભર્યો અને ઘરને બારણે તાળું વાસીને બસો બસો રૂપિયાના ગોઢલા હતા. તે ગાડે જોડીને સમી સાંજના ચાલી નીકળ્યા. પટેલના મનમાં એમ ભીતી હતી જે, 'છોકરો કોઈકના ઘરમાં ગયો હશે તે વાતની જો રાજાને ખબર પડશે તો મને દંડશે.' એવા અભિપ્રાયથી પટેલ સમી સાંજનો ચાલી નીકળ્યો. પછી પાંચ સાત ગાઉ ગયા અને સવાર પડી ત્યાં એક નદી આવી ત્યાં વિશ્રાંતિ લેવા ગાડું છોડીને દાતણ પાણી કર્યા પછી છોકરાને એક કોરે લઈ જઈને તેના બાપે પૂછ્યું જે, 'બાપ ! દીકરા ! તારો કોને ઘરે ઉંચો નીચો પગ પડ્યો ?' છોકરો કહે કે, 'ઘેર વળી ક્યાં આપણા ખેતરને શેઢે ખાડો છે ને ત્યાં અને મારે માથે કડબનો ભારો હતો તે વખતે તે ખાડામાં મારો પગ પડ્યો.' પટેલ કહે, 'ઠીક કાંઈ બોલીશ

નહીં.' પછી ત્યાં બળદને ખડ ખવરાવીને ત્રણે જણાંએ ત્યાં ઢેબરાં ખાધાં. પછી ગાડું જોડીને જ્યારે પાછાં વળ્યાં ત્યારે પટલાણીએ પૂછ્યું જે, 'તમે સમી સાંજનું ગાડું જોડીને ક્યાં જતા હતા ? વળી છોકરાને એક કોરે લઈ જઈને શું પૂછ્યું ? અને વળી આંહીંથી પાછા વળ્યા. તેમાં હું કાંઈ સમજી શકી નહીં.' તેથી પટેલ કહે, 'આ છોકરો નાનો હતો ત્યારે મેં બાધા રાખી હતી જે ઓરીથી અછબડાથી શીળીથી જો છોકરો સાજો સારો રહેશે તો હું વીશ ગાઉનું ધફફડ કરીશ. તે આ ધફફડ માન્યું હતું તે માનતા પુરી કરી.' તેમ આ દુનિયામાં કેટલાક જીવો આવીને ધફફડ કર્યા જેવું કામ કરશે અને કેટલાક તો પોતાના જીવનું કલ્યાણ કરશે. છોકરાને પણ બિલકુલ વહેવાર સંબંધી ખબર નહોતી જે, 'ધર્મ શું છે ને અધર્મ શું ?' એમ તદ્દન અજાણ હતો. ॥૧૦૮૪॥

એક શેઠ હતો. તેણે હવેલી કરાવી. તે સાત વરસ પૂરા થયાં ત્યારે માંડ માંડ પૂરી થઈ. અને તેની થાંભલીની કુંભીઓમાં એવું નકશી કામ કરાવ્યું જે, એક-એક કુંભી તૈયાર કરતાં ત્રણ ત્રણ મહિના લાગ્યા અને જ્યારે હવેલી પૂરી થઈ અને જે દિવસે વાસ્તુ લેવું હતું તે વખતે શેઠ મૃત્યુનો પામ્યો. શેઠની એવી વૃત્તિ હતી જે, 'વચલી થાંભલીની કુંભીએ બેસીને મારે દાતણ કરવું.' પણ તે વાત તો કાંઈ સત્ય થઈ નહીં અને વાસના રહી ગઈ જે ઓહો કુંભીએ ન બેસાણું એમ કરતા કરતા મરી ગયો. તેથી કુતરીને પેટ જન્મ લેવો પડ્યો. પછી તે કુતરીના ગલબો મોટો થયો એટલે નિરંતર ઓસરીની કોર ઉપર ચડીને કુંભીને ઓઠીંગણ દઈને બેસતો અને ઓસરીની કોર પણ લાલ લાલ કરી મેલતો. પછી પોતાની દીકરાની વહુને રીસ ચડી જે, 'મારો પીટ્યો નાનપણથી જ કુંભીનો કેડો મેલતો નથી અને ઓસરીની કોર પણ લાલ લાલ કરીને બગાડી મેલી.' એમ કહીને લુગડાં ધોયાનો ધોકો હતો તે કુતરાની કેડ ઉપર માર્યો. કુતરાને વાગ્યું તેથી વૌ-વૌ કરતો વરસતા મેમાં બહારય શેરીમાં જઈને ઉભો રહ્યો. પણ કાંઈ વહુ જાણે છે જે મારો સાસરો કુંભી સાચવવા આવ્યા છે. માટે જો વાસના રહેશે તો કુતરાના જેવો જન્મ લેવો પડશે અને વહુ ધોકા મારશે તે માટે સૌએ વિચારીને અસદ્ વાસનાનો ત્યાગ કરવો. ॥૧૦૮૫॥

એક બ્રાહ્મણ હતો. તેણે ટેલ નાંખીને બે હજાર રૂપિયા ભેગા કર્યા હતા. પછી તેણે એક શેઠની દુકાને અનામત રાખવા મૂક્યા અને એક ઘરડી ડોશીને સાક્ષી રાખી પછી તે પરદેશમાં રળવા ગયો. પછી તે થોડા વરસે તે શહેરમાં પાછો આવ્યો ને આવીને શેઠને કહ્યું જે, 'મારા રૂપિયા લાવો.' શેઠે એકદમ ધમકી મારીને કહ્યું જે, 'રૂપિયા કેવા રૂપિયા ? કોણ છો તું ?' બ્રાહ્મણ બોલ્યો જે, 'ઓલી ડોશી સાક્ષી છે તેને બોલાવું.' પછી બ્રાહ્મણ ડોશીને તેડીને વાણિયા પાસે લાવ્યો. તે ડોશીને ભાળીને વાણિયે ભ્રકુટી ચડાવીને ધમકી

દેવા માંડી. પછી ડોશીએ કાન આડા હાથ દીધા જે, 'ભા! હું જાણતી નથી અને વાણિયાને પેટ દીકરો નહોતો તેથી બ્રાહ્મણે વિચાર કર્યો જે, 'મારા રૂપિયા ઓળવ્યા છે પણ તે રૂપીયા હું લઉં તો ખરો.' પછી કાશીયે જઈને કમળ પૂજા ખાધી અને શેઠને ઘરે દીકરો થયો. છોકરો બાર વરસનો થયો અને ઓલી ડોશી પણ મૃત્યુને પામી અને તે એક મોટા શેઠને ત્યાં જન્મી. પછી શેઠના દીકરાનાં લગ્ન તે દીકરી સાથે કર્યા અને લગ્ન કર્યા પછી છોકરો તુરત માંદો પડ્યો એટલે શેઠાણીએ માનતા કરી જે, 'છોકરો જો સાજો થશે તો બે હજાર રૂપીયાનું બ્રાહ્મણને પુન્ય કરીશું.' એવો સંકલ્પ કર્યો ત્યાંજ છોકરો સાજો થયો અને મહીનો પંદર દીવસ સાજો રહ્યો અને વળી પાછો માંદો પડ્યો. પછી શેઠાણી શેઠને કહેવા લાગી જે, 'તમે દાન કરો છો તે કચવાતા કચવાતા કરો છો. એટલે માણકો ક્યાંથી સાજો થાય ?' પછી શેઠે કહ્યું જે, 'હે પરમેશ્વર ! આમાંથી છોકરો જો બેઠો થશે તો દશ હજાર રૂપીયાનું પુન્ય કરીશ.' પછી વળી તુરતજ છોકરાને આરામ આવ્યો અને મા...મા કરવા લાગ્યો એમ કરતાં કરતાં બે ચાર વખત તેવીજ રીતે માંદો થયો પછી છેલ્લી વારે માંદો થયો ત્યારે શેઠ તથા શેઠાણીએ સંકલ્પ કર્યો જે, 'હે પરમેશ્વર! આમાંથી જો છોકરો બેઠો થશે તો દશ હજાર રૂપિયાનું પુન્ય કરીશ.' પછી વળી તુરત જ તે છોકરાને આરામ આવ્યો અને મા...મા...કરવા લાગ્યો એમ કરતા કરતા બે ચાર વખત તેવી જ રીતે માંદો થયો. છેલ્લી વારે માંદો થયો શેઠ તથા શેઠાણીએ સંકલ્પ કર્યો જે, 'હે ભગવાન ! આમાંથી છોકરો જો જીવતો રહેશે તો આ હવેલી બ્રાહ્મણને કૃષ્ણાર્પણ કરીને હાથે પગે નીકળીને બીજે રહેવા જઈશું.' પછી બ્રાહ્મણને બધું કૃષ્ણાર્પણ કરીને હાથે પગે નીકળીને બીજે ઘરે રહેવા ગયાં. પછી પાંચ સાત દિવસ સાજો રહીને વળી ફરીને માંદો થયો. ત્યારે શેઠ તથા શેઠાણી તેના ખાટલા પાસે જઈને બેઠા અને દિલગીરી કરવા મંડ્યા જે, 'બાપ...દીકરા તને કેમ છે ?' છોકરો બોલ્યો જે, 'દીકરો દીકરો કોને કહે છ' ત્યારે શેઠે કહ્યું જે, 'તું કોણ ?' ત્યારે છોકરો બોલ્યો જે, 'હું ઓલ્યો રૂપિયાવાળો બ્રાહ્મણ !' છોકરો બોકરો કાંઈ જાણીશ નહીં. ત્યારે શેઠ બોલ્યો જે, 'તું તો તે બ્રાહ્મણ પણ ઓલી દશ વરસની રાંડી એ કોણ ?' ત્યારે છોકરો બોલ્યો જે, 'કાન આડા હાથ દીધા હતા તે ડોશી.' માટે આ દુનિયામાં પુત્ર અથવા પુત્રીઓ લેણું લેવા અથવા દેણું દેવા આવે છે અને કેટલાક વૈરભાવે પણ આવે છે એટલે જીવે ત્યાં સુધી માવતરને દુઃખ જ દીધા કરે. ॥૧૦૮૬॥

એક શેઠ હતો. તેણે રમુજની ખાતર તેની સ્ત્રીને કહ્યું જે, 'આજ તો મને એવું સ્વપ્નું આવ્યું જે જાણે હું મુંઝાણો કે કાંઈ કહ્યાની વાત નહીં.' શેઠાણી કહે, 'એવું તે શું સ્વપ્નું આવ્યું તે મુંઝાઈ ગયા ?' શેઠ કહે કે, 'એ કહ્યા જેવું નથી.' શેઠાણીયે બહુ આગ્રહ

કર્યો અને પોતાના દીકરાના સોગંદ આપ્યા જે, 'કહો નહી તો આ છોકરાના સમ છે.' ત્યારે શેઠે કહ્યું જે, 'જાણે હું રાંડ્યો !' ત્યારે શેઠાણી કહે કે, 'ઘણી ખમા તમને રાંડું ને હું શા સારું તમે રાંડો !' તેમ આ દુનિયામાં સ્નેહ સૌને આવો છે તે મરવું સારું લાગે નહીં પણ મોત આવ્યે છુટકો નહીં એટલે પરાણે જાવું પડે. ॥૧૦૮૭॥

એક ઋષિમહારાજ હતા. તે અહોનિશ ભાગવત, ગીતા વિગેરે સચ્છાસ્ત્રની પારાયણ કર્યા કરતા હતા. ઋષિની કથા કહેવાની કહેણી તથા તેનું વર્ણન જોઈને આસપાસના ઘણાંક માણસો કથા સાંભળવા આવતાં હતાં અને તેમના આશ્રમની પાસે એક છોકરો તથા તેની મા રહેતાં હતાં. ઋષિને એવો નિયમ હતો જે, 'કોઈ સ્ત્રી જાતિ તો પોતાના આશ્રમમાં આવી શકે જ નહીં. પુરુષ માત્ર કથા સાંભળવા આવી શકે.' તેનો એવો નિયમ હતો ને છોકરો તથા તેની મા ઋષિની જગ્યાની આસપાસ બધે વાળી ચોળીને સાફ રાખતાં હતાં. પછી છોકરે ઋષિને કહ્યું જે, 'ઋષિમહારાજ! મારી મા બહુજ ભગવદિ છે અને તેને તમારી કથા સાંભળવાની બહુ જ પ્રીતિ છે માટે તમો આજ્ઞા કરો તો મારી મા એક કોરે એક ખૂણે બેસીને કથા સાંભળે.' ઋષિ કહે, 'ગમે તેમ હોય પણ તારી મા મારા આશ્રમમાં નહીં.' પછી છોકરે ઋષિની બહુ બહુ પ્રાર્થના કરી એટલે ઋષિએ કહ્યું કે, 'તારી મા તો નહીં પણ તારી માનું કપડું લાવીને હું જે પાટ ઉપર બેસીને હું કથા કરું છું તે પાટ્યને માથે વાંસડો છે તે ઉપર નાંખ્ય.' પછી છોકરે તે પ્રમાણે તેની માનું કાપડું લાવીને જે પાટ્ય ઉપર ઋષિ બેસીને કથા કરતા હતા તે વાંસડા ઉપર તે કાપડું ટીંગાડ્યું. એટલે સૌ લોક કથા સંભળવાને માટે એકઠાં થયાં અને ઋષિને પ્રણામ કરીને સૌ કથા સાંભળવા બેઠા. ઋષિ હંમેશની માફક કથારુપી અમૃત વરસાવવા લાગ્યા. પણ કોઈનું ચિત્ત કથામાં લાગ્યું નહીં અને સૌ કપડાં સામું જોઈ જોઈને નવા નવા તર્ક કરવા લાગ્યા જે, 'આવા મહાત્મા ઋષિ છે અને તેને ત્યાં આવું લુગડું ક્યાંથી આવ્યું હશે ? આ તે રાતે ઋષિના આશ્રમમાં કોઈ આવતું હશે તે ભૂલી ગયું હશે કે ઋષિ ક્યાંય રાતમાં જતા હશે. તે ભૂલ્ય ભૂલ્યમાં સાથે લઈ આવ્યા હશે.' પછી ઋષિએ તાળી પાડીને કહ્યું જે, 'ભાઈઓ ! આજ કેમ સૌનાં વ્યગ્ર ચિત્ત છે.' શ્રોતા સૌ બોલ્યા જે, 'મહારાજ ! કાંઈ નહીં.' પછી ઋષિએ સોગંદ દઈને પૂછ્યું. પછી સૌએ કહ્યું જે, 'મહારાજ ! આ લૂગડું તમારે ત્યાં ક્યાંથી ?' પછી ઋષિએ છોકરાને ઉભો કર્યો જે, 'દેખ્ય આ વેંતનું લુગડું અહીંયા આવીને પડ્યું છે ત્યાંજ સૌનાં ચિત્ત જુદા જુદા પ્રકારનાં થઈ ગયાં પણ તારી મા મૂર્તિમાન આવીને બેસે તો શું થાય ?' માટે જે ઠેકાણે જેનો પ્રવેશ ન હોય તે ઠેકાણે તેનો પ્રવેશ થાય તો માણસોનો તર્ક-વિતર્ક થાય જ. કેમકે તે પદાર્થ જ એવું છે માટે છેટે રહે સુખ છે. ॥૧૦૮૮॥

એક ઋષિ હતા. તેમણે ભારે બગીચો કર્યો હતો. ઋષિ પોતાનો આશ્રમ શૂન્ય મેલીને બે ચાર મહીના યાત્રાએ ગયા હતા. તેવામાં તે ગામના રાજાના કુંવરે તે ઋષિનું આશ્રમ પોતાના માણસો પાસે ભાંગી તોડી નંખાવ્યો. ઋષિ પણ પોતાની યાત્રા પૂરી કરીને પોતાના આશ્રમ તરફ આવતા હતા. તેવામાં તેમને પાસેના ગામના માણસોથી જાણવામાં આવ્યું જે, તમારો આશ્રમ રાજાના કુંવરે ભાંગીને છિન્નભિન્ન કરી નાંખ્યો છે તે સાંભળી ઋષિને રુંવાડે રુંવાડે ક્રોધ ઉત્પન્ન થયો અને પોતાના મનમાં એમ થયું જે, ‘હું ખરો તો શ્રાપ દઈને તેને બાળી નાંખું..’ તે વાતની રાજાને ખબર પડી જે, ‘ઋષિ ક્રોધના ભર્યા આવે છે તે શ્રાપ દઈને સૌને બાળી નાંખશે.’ તેથી રાજાએ ઢંઢેરો પીટાવીને ગામના તમામ માણસોને ભેગા કર્યા અને કહ્યું જે,‘ આ ઋષિને કોઈ શાંત પાડે.’ જેમ દાવાનળ સળગતો હોય તેમાં જઈને ઓલવવાની કોણ હિંમત કરે ? તેવામાં એક ચાંડાળી હતી તે બોલી જે, ‘હું જઈને ઋષિને શાંત કરું.’ પછી રાજાએ કહ્યું જે, ‘તું મોઢેથી માંગ્ય તે તને આપું.’ પછી ચાંડાળી ઋષિ જે રસ્તેથી આવતા હતા તે રસ્તે સામી ચાલી. ઋષિને એવો ક્રોધ ચડ્યો હતો જે તેની આગળ રાસવા રાસવા ધુડ ઉડતી આવતી હતી. તે ચાંડાળી ગામને સીમાડે ઋષિને ભેગી થઈ. ત્યાં તો રસ્તામાં ઋષિના પગ ઝાલીને વળગી પડી. ઋષિ બૂમ પાડીને કહેવા લાગ્યા જે, ‘અરે રંડી ! તું કોણ છો ?’ ત્યારે ચાંડાળી બોલી જે, ‘હું તો તમારી ઘરવાળી છું. તે શેની મેલું ? અને આટલા દહાડાથી ક્યાં ગામ હતા ? ઘરે છોકરાં ભૂખ્યે મરી ગયાં ! આજ સુધી ઘરે આવ્યા નહીં આવું કરવું હતું ત્યારે મને લાવવાનો શો ખપ હતો ?’ ઋષિ તો તેના શબ્દને સાંભળીને શાંત શાંત થઈ ગયા અને પોતાના મનમાં એમ થયું જે, ‘ગામના લોક જાણશે તો મારી સૌ મશ્કરી કરશે જે, આવો ધર્મવાળો ઋષિ જણાય છે અને આ ક્યાંથી ?’ અને ઋષિને આખે શરીરે પરસેવો વળી ગયો હતો. પછી ચાંડાળી છેટે જઈને ઉભી રહીને બોલી જે, ‘મહારાજ ! તમે બીશો નહીં હું તમારી ઘરવાળી નથી પણ તમારામાં જે ક્રોધ આવ્યો હતો તેની ઘરવાળી છું માટે હવે નહાઈ ધોઈને શુદ્ધ થાઓ.’ પછી ઋષિ નાહી ધોઈને શુદ્ધ થઈને પોતાના આશ્રમ તરફ પધાર્યા. ત્યારે રાજાએ પ્રથમ તો ઋષિનું સામૈયું કરીને પોતાના મહેલમાં લઈ ગયો અને પછી ઋષિનો આશ્રમ સાફસુફ કરાવીને ઋષિને ત્યાં વાસ કરાવ્યો. માટે માણસના દેહમાં જ્યારે ક્રોધ આવે છે ત્યારે તેને કોઈ જાતનું ભાન રહેતું નથી. કેમ કે ક્રોધનું નામ જ વિરુપ છે. ॥૧૦૮૯॥

એક વાણિયો સંત પાસે બેસવા ગયો ત્યારે સંતે કહ્યું જે, ‘શેઠ ! હવે જંજાલ થોડી થોડી ઘટાડતા જઈ તીર્થયાત્રા તથા સંત સમાગમ કરો, તો ઠીક.’ વાણિયો કહે, ‘મહારાજ ! મારે ઘરે પતિવ્રતા સ્ત્રી છે તે મારા વિજોગથી ભૂખ વેઠી તરફડી મરે.’ ગુરુ કહે, ‘તમે પરીક્ષા કરો. મધ્યાહ્ને શબાસન કરો કે તુરંત જણાઈ આવશે.’ પછી મધ્યાહ્ને ગુરુના શીખવ્યા

મુજબ વાણિયે શબાસન કર્યું. એટલે વાણિયાની સ્ત્રીએ તપાસ કરતાં મરેલ શરીર માલૂમ પડતાં તે સ્ત્રીએ વિચાર કર્યો જે, 'જાણે હું કુહડ જેવી આળસુ સ્ત્રી છું. ભૂખી છું. રસોઈ પણ કરી નથી અત્યારે રોકકળ કરીશ તો મહાજન ભેગું થશે ક્રિયા બધી થઈ રહેતાં મારે કોરો કડાક ઉપવાસ થશે. માટે લાવ્ય કાંઈક ટાઢું શીળું ખાઈ લઉં. હાડલામાં જારનો ઠુમરો ટાઢો પડ્યો હતો તેમાં છાશ નાંખી ઉખેડીને પીઈ ગઈ. પછી વિચાર કર્યો જે, 'વાણિયા પાસે કાંઈ જોખમ હોય તો તપાસ કરું.' પછી તપાસ કરતાં કાંઈ માલૂમ પડ્યું નહી રુપાનું દાંતનું માળખું તેમાં સોનાની રેખો માલૂમ પડી, પછી પાણો લઈ તે કાઢવા લાગી એટલે વાણિયો બોલ્યો, 'રાખ્ય, તારું પતિવ્રત પુરું થઈ રહ્યું.' પછી તે વાણિયો સંત મહાત્માને શરણે ગયો. ॥૧૦૯૦॥

એક ભરવાડને ત્યાં લગ્નમાં બ્રાહ્મણ ગોરપદું કરવા ગયો. ત્યાં ઘી ના વાસણ ભરવાડને ત્યાં ભરેલાં ભાળ્યા એટલે બ્રાહ્મણ મંત્ર બોલીને તેની સ્ત્રીને સમસ્યા કરવા લાગ્યો, 'ઘી ચોરો, ઘી ચોરો, સ્વાહા,' ત્યારે બ્રાહ્મણની સ્ત્રીએ બધી ભરવાડયો વિગેરે બાઈયોને ગીત ગવરાવ્યા જે–

*'ઘીવડલાં ચોર્યાની ઘણી ખાંત્યરે ઘીવડલાં શેમાં ચોરીયે કરી,'*

બ્રાહ્મણ ફરી સમસ્યા મંત્ર બોલવા મંડ્યો–'કોઠી ઉપર્ય કોરી ગાગર સ્વાહા,' ભરવાડના છોકરાં જાગ્યાં ને બોલ્યાં જે, 'ગોર શું કહે છે ?' ભરવાડ કહે, 'એ તો મંત્ર જપે છે સુઈ જાઓ છાનાંમાનાં.' ગોરની સ્ત્રીએ પાછાં ગીત ગવરાવ્યા જે–

*'કોરી તે ગાગર્ય ઘીવડલાં પીઈ જાયરે ઘીવડલાં શેમાં ચોરીયેરે ।*
*ઘીવડલાં ચોર્યાની ઘણી ખાંત્ય રે ઘીવડલાં શેમાં ચોરીયેરે ॥'*

ત્યારે બ્રાહ્મણે સમસ્યા મંત્ર કહ્યો જે-'જે આવે તે તારા બાપનું, જે આવે તે તારા બાપનું સ્વાહા, સ્વાહા,...'ગોરાણી કહ્યા મુજબ ઉપાડી ગઈ. આવી ખળતાઈ વધી પડી છે માટે ભોળાં લોકને સમજાવીને ધન ઠગી જાય. ॥૧૦૯૧॥

એક વાણિયો હતો. તે બહુ જ લોભી હતો પણ લોક લાજે ફક્ત કથાવાર્તામાં આવતો. તે કથાની પૂર્ણાહુતિ વખતે વાણિયે ફક્ત સવા આનો કથા ઉપર મૂક્યો. વ્યાસજીએ વાણિયાના બહુ જ વખાણ કરીને ઘડીક બેસવા કહ્યું. શ્રોતા સૌ વિસર્જન થયા પછી વ્યાસજીએ તે વાણિયાને કહ્યું જે, 'શેઠીયા ! આજથી ત્રીજે દિવસે તારૂં મોત છે. માટે ચેતવું હોય તો ચેત્યજે' વાણિયે પંચાવન કરોડય રૂપિયા ભેળા કર્યા હતા. છપ્પન કરોડ પુરા થાય તો છપ્પન ઉપર દેવના ભેર વાગે તેના વળખા મારતો બહુ શોકાતુર થઈ ગયો પણ હવે ત્રણ દિનમાં એક કરોડ રૂપિયા આવે ને છપ્પન કરોડ પૂરા થાય ને પછી મરી

જવાના શોકમાં ગળગળો થઈ ગયો. ઝાડો પેશાબ છુટી ગયાં. વ્યાધિ ને ત્રિદોષ શરુ થઈ ગયા. હવે પેલા ગુરુ તે વાણિયાને જોવા પધારતાં બોલ્યા જે, 'શેઠીયા ! એક સ્વર્ગલોકમાં શીવવાની સોય મળતી નથી માટે આ લ્યો લઈ જાઓ.' વાણિયો કહે કે ,'મારું શરીર બાળી મૂકશે ત્યારે હું કેમ કરીને સોય લઈ જઉં ?' ગુરુ કહે, 'તારા પંચાવન કરોડની ગાંસડી ભેળી સોય એક લઈ જજે.' વાણિયાને ગુરુના શબ્દ હાડે હાડ લાગી ગયા જે, 'આમાંથી પ્રભુ બચાવે તો ઠીક.' પછી તે વાણિયો સાજો થયો તાજી તીક્ષ્ણ ધાર...અડતામાં અળગું કરે, લેશ ન રહે સંસાર...વજ્જર લાગ્યાં કોઈ વીરના. પંચાવન કરોડ ધર્માદામાં વાપરી નાંખ્યા. ઈંદ્રનું ઈંદ્રાસન ડોલવા માંડ્યું. ભગવાન પાસે ફરીયાદે ઈંદ્ર આવતાં ભગવાન તથા અર્જુન ત્યાં પધારી વાણિયાને ત્યાં બ્રહ્મભોજનમાંથી વધેલ લાડુ જમ્યા ને વાણિયાને ઔષધિ આપતાં વાણિયામાં હુશીયારી આવતાં આત્મા પરમાત્માનો સાક્ષાત્કાર થયો. ને સંત સમાગમ કરી બ્રહ્મધામને પામ્યો. આવું સંત સમાગમનું ફળ છે. માટે મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે જે, 'નિત્ય સાધુનો સમાગમ કરવો.' ||૧૦૯૨||

આ દુનિયામાં સોબત હંમેશાં સારી રાખવી. જ્યારે ઉજળે લુગડે મરીયે ત્યારે શાબાશી કહેવાય. એક મહાત્મા હતા. તેની પાસે એક બાઈએ આવીને પૂછ્યું જે, 'બાવાજી ! તમારી દાઢી ધોળી કે મારા વાછરડાનું પૂછડું ધોળું ?' બાવાજી કહે, 'પછી કહીશ.' બાવાજીએ તો મંદવાડ ગ્રહણ કર્યો. સાધ્ય બેસાધ્ય થવા માંડતા બાઈએ પૂછ્યું જે, 'બાવાજી ! હવે તમે છેલ્લે વખતે મને તમારી દાઢી ધોળી કે વાછડાનું પૂછડું ધોળું ?' આનો જવાબ દેતા જાઓ.' બાવા કહે, 'પછી કહીશ.' થોડાક સમયે બાવાજી તો વૈકુંઠવાસી થતા વાજતે ગાજતે પાલખીમાં પધરાવી અગ્નિસંસ્કાર કરવા લઈ જતાં પાલખી બાઈએ અટકાવી હઠ લઈ કહ્યું જે, 'બાવાજી ! હવે જવાબ દેતા જાઓ.' બાવાએ હાથમાં માળા હતી. તે બાઈને આપીને કહ્યું જે, 'બેટા ! હવે હું ઉજળે લુગડે જાઉં છું.' માટે છેલ્લા શ્વાસ સુધી કોઈ જાતનું માથે વિઘ્ન આવવા દેવું નહીં તે ખરા ગુરૂના લક્ષણ છે તે દાઢી ઉજળી કહેવાય. ||૧૦૯૩||

એક ઋષિના આશ્રમમાં એક કુતરો રહેતો હતો. તે ઋષિની એઠ્ય ખાય ને ઋષિની પર્ણકુટીની ચોકી કરતો હતો.તેવામાં એક દીપડો આવ્યો. તેથી તે બીનો ને ઋષિની પાટ નીચે પેશી ગયો. ઋષિએ જાણ્યું જે, 'આ દીપડાથી બીનો છે માટે.' કુતરાને કહ્યું જે, 'જા, બચ્ચા દીપડા હો જા.' જો એમ કરતાં કેસરી સિંહ આવ્યો. તેનાથી બીઈને વળી કુતરો ઋષિના આશ્રમમાં પેશી ગયો. ઋષિએ કહ્યું જે, 'જા, બચ્ચા કેસરી સિંહ હો જા.' એમ કરતાં મોટો સર્ભ્ર આવ્યો. તેથી સિંહ બીઈને ઋષિની પાટ નીચે પેશી ગયો. પછી ઋષિએ

તેને સર્પ્ર બનાવી દીધો. એટલે તે તો નિર્ભયપણે વનમાં જે મળે તેનો આહાર કરવા માંડ્યો અને પશુ પક્ષી સર્વનું માંસ ભક્ષણ કરવા લાગ્યો. પછી, એક દિવસ તેણે વિચાર કર્યો જે, 'બધાયનું માંસ ભક્ષણ કર્યું પણ ઋષિનું માંસ નથી ખાધું. તો તેમનું માંસ કેવું હશે ?' એમ મનમાં વિચાર કરીને જ્યાં ઋષિના આશ્રમમાં આવ્યો. ત્યાં ઋષિએ તેના મનની વૃત્તિ જાણીને શ્રાપ આપ્યો જે, 'જા બચ્ચા કુતા હોજા.' પછી કુતરો થઈને ભહ ભહ ભહ એમ ભસવા લાગ્યો. માટે મોટા કૃપા કરે તો તે જીવ જીરવી શકે નહીં અને પાછો શ્વાનયોનીને પામ્યો. ॥૧૦૯૪॥

એક ઋષિના આશ્રમમાં ઉંદરડો રહેતો હતો. તે આશ્રમમાં કોઈક પુરાતની આગળ પૈસાવાળો થઈ ગયેલ હશે તેણે સોના મહોરનો લોટકો દાટેલ. તે ઉપર ઉંદરડે માળો કર્યો હતો અને રાત્રે કૂદી કૂદીને ઋષિની કોપીન તથા અલફીયું ફાડી નાંખતો હતો. ઋષિયે તેને માટે ઘણા ઘણા ઉપાય કર્યા પણ તેનું નિવારણ થયું નહીં. પછી ઋષિયે તેના દરનો તપાસ કરતાં જે ઠેકાણે તેનું દર હતું ત્યાં ખોદીને જોયું એટલે સોના મહોરનો લોટકો મલ્યો. તે કાઢી લઈને તેમાં મૃત્તિકા ભરી તેની ઉપર તેનો માળો હતો તેમ ગોઠવી દીધો અને દર છાંદીને તેનું હતું એવું કરી દીધું. પછી રાત્રી પડી ત્યારે ઉંદરડો ભોંય ઉપર માંડ માંડ ચાલવા મંડ્યો પણ ઠેકડા મારવાનું જોર રહ્યું નહીં માટે દ્રવ્યનું જોર એવું છે જે, 'જીવ પ્રાણીમાત્રને તેનો કેફ ચડે છે જેમ સો રૂપિયે સવાશેર દારૂનો કેફ ચડે છે.' ॥૧૦૯૫॥

એક શહેરમાં એંશી વરસનો ડોસો અને ડોસી રહેતાં હતાં. તે બન્ને જણાં પોતાના ઘરની ઓસરી ઉપર બેસીને હાંસી મશ્કરી કરતાં અને એક બીજાને મર્મ શબ્દ બોલતા અને તેની નજીકમાં રાજાને રહેવાનો બંગલો હતો. રાજા ગોખમાં બેઠો બેઠો વિચાર કરે છે જે, 'આ એંશી એંશી વરસનાં ડોસો અને ડોશી કેવા વિનોદ કરે છે ? માટે જાઓ તે બન્ને જણાંને મારી પાસે બોલાવી લાવો.' પછી રાજાના માણસોએ જઈને તેમને કહ્યું જે, 'તમને રાજા બોલાવે છે.' પછી ડોસે જારની મુઠી ભરી લીધી. અને ડોસીએ રાખની મુઠી ભરી લીધી અને બન્ને જણાં રાજા પાસે જઈ ઉભાં રહ્યાં. રાજાએ કહ્યું જે, 'તમે બે જણાં વિનોદ કેમ કરતાં હતાં ?' તે સાંભળી ડોસાએ જારની મુઠી બતાવી અને કહ્યું જે, 'સાહેબ ! મને મુઠી જાર મળે ત્યાં સુધી મને કામ વાસના ટળે તેમ નથી.' ડોસીએ રાખની મુઠી ભરી હતી તે બતાવીને કહ્યું જે, 'હું રાખ થાઉં ત્યાં સુધી મારો કામ બળે તેમ નથી.' માટે વાસના છે તે આવી બળવાન છે. ॥૧૦૯૬॥

મદાપરીને ખાળે માણસો વહાણમાં બેસવા ગયા હતા. તેમાં હોડીયામાં ત્રીસ માણસો બેસી શકે તેવું વહાણ હતું પણ ત્યાં કોઈ સ્વરૂપવાન બાઈ વહાણમાં બેસવા આવી હતી

એટલે તેમાં આસક્ત થઈને સાઠ માણસો વહાણમાં બેઠા ત્યારે ખલાસી બોલ્યો જે, 'ભાઈઓ ! આ તો ત્રીસ માણસ બેસી શકે તેવું વહાણ છે ? (પણ કામવાસનાએ કરીને સાઠ માણસો બેઠાં), પછી દરીયામાં એક ગાઉ વહાણ જ્યાં ગયું ત્યાં તો એક કોરે વજન વધારે થયું તેથી વહાણ સમુદ્રમાં ડુબી ગયું. એમ સાઠ પુરુષ ને પેલી એક સ્ત્રી; એ બધાંય યમપુરીમાં ગયા. માટે વાસના છે તે અપમૃત્યુને કરાવે છે. માટે આપણે જોઈએ છીએ જે, કેટલાકનાં માથાં કાપે છે. ॥૧૦૯૭॥

એક કારીગર હશે તેણે જરીની લોબડી વણી. તેમાં વણતાં વણતાં ત્રણ મણ તો સાકર ખાઈ ગયો. કારણ કે, પોતાની બોલી મીઠી થાય તેટલા સારુ. પછી તે લોબડી લઈને બાદશાહને ભેટ કરવા ગયો. ત્યારે બાદશાહે લોબડી જોઈને કહ્યું જે, 'આને લાખ રૂપિયા આપો.' ત્યારે લવે કહ્યું જે, 'સાહેબ ! એક વાર તેને પુછો તો ખરા જે આ શા કામમાં આવે ?' પછી તે વણનારને બાદશાહે પુછ્યું જે, 'તું આ લોબડી લાવયો તે શા કામમાં આવે ?' ત્યારે વણકર બોલ્યો જે, 'સાહેબ ! તમે જ્યારે મરો ત્યારે તમારી કબર ઉપર ઢાંકવા માટે કામ આવે તે પણ થાય કે ન થાય તે તમારા તકદીર. મેં તો માપ વિના કરી છે.' તે સાંભળીને બાદશાહે કહ્યું જે, 'જાઓ સાળાને તોપને ભડાકે ઉડાડો.'માટે બોલી છે તે બંધાવે ને બોલી છે તે છોડાવે. સાખી–

*"સબ ધનકો ધન બચન હે, બચન રત્નકી ખાન,*

*તુલસી ત્રણ્ય લોકકી સંપત્તિ, રહી બચન બીચમાંહી"* ॥૧૦૯૮॥

એક વખત લવાનો ભાઈ બાદશાહ પાસે બેઠો હતો. બાદશાહે જાણ્યું જે, 'લવાનો ભાઈ લવાના જેવો ચતુર હશે.'અને ચોમાસાની ઋતુ હતી એટલે ચકલાં ચકચક કરતાં અને ધૂળ ઉડાડતાં હતાં. તે જોઈને બાદશાહે પૂછ્યું જે, 'લવાભાઈ ! આ ચકલાં શું કહે છે ?' ત્યારે તે બોલ્યો જે, 'સાહેબ ! તે કહે છે જે, તમારું રાજ્ય ધૂળધાણી થઈ જાશે.' તે સાંભળી બાદશાહે હુકમ કર્યો જે, 'જાવ, સાલાને આને જેલમાં પુરી દ્યો.' તેથી તેને જેલમાં પુરી દીધો અને સખ્ત મજુરી કરવાનો હુકમ કરી દીધો. ॥૧૦૯૯॥

પછી બીજે દિવસ બાદશાહ પાસે લવો બેઠો હતો અને ચકલાં પણ ચકમક કરતાં હતાં અને ધૂળ ઉડાડતાં તે જોઈને બાદશાહે પૂછ્યું જે, 'લવા ! આ ચકલાં શું કહે છે ?' લવો કહે, 'સાહેબ ! ચકલાં એમ કહે છે જે, હવે ચોમાસું આવ્યું અને ખેડુત સૌ અનાજ પૃથ્વીમાં વાવેતર કરવા નાંખશે માટે ખાવિંદ અમે શું ખાશું ?' એમ કહીને તમારા કદમની રજ માથે ચડાવે છે.' તે સાંભળી બાદશાહે કહ્યું જે, 'લવા માંગ્ય.' લવો કહે, 'મારા ભાઈને કાલે જેલમાં પુર્યો છે તેને બહાર કાઢો અને અનાજના કોઠારીને હુકમ કરો જે

જ્યાં સુધી દિવાળી આવે ત્યાં સુધી તમામ પક્ષીઓને અનાજ નાંખવું.' ॥૧૧૦૦॥

એક દિવસ બાદશાહ લવાને પૂછ્યું જે, 'લવા ! તારે ને મારે કેવું હેત ?' લવો કહે, 'સાહેબ ! પ્રાણ માગો તો પ્રાણ આપું એવું તમારી સાથે હેત છે.' પછી બાદશાહે કહ્યું જે, 'તારી ને મારી દાઢી સાથે સળગતી હોય તો પહેલી કેની બુઝાવ ?' લવો કહે, 'સાહેબ ! મારી દાઢીના બે મસરકા મારીને પછી સારો દિવસ તમારી બુઝાવું.' તેમ પોતાની દાઢીને બે મસરકા મારે તે સારો ગણાય. જેમ સુવાંગ વાઢ હોય અને તેમાંથી કોસ જોડીને સોળ સયારું કળથીનુ ખેતર હોય તેમાં કોસ જોડે તે કેવો ડાહ્યો ? માટે પોતાના જીવનું સાર્થક ન કરે અને સંબંધીઓનું જ પોષણ કરવામાં વખત ગાળે તે કળશીના ખેતરમાં કોસ જોડ્યા જેવું છે. ॥૧૧૦૧॥

એક દિવસ બાદશાહે કહ્યું જે, 'હું દાદરે ચડું અને મને ગાળ દેવી નહીં અને મને દાંત કઢાવવા. ને જો દાંત ન કઢાવ્ય તો ઘાણીયે ઘાલીને તેલ કાઢું.' પછી બાદશાહે એકદમ જ્યાં દાદરે ચડવા માંડ્યું. ત્યાં લવાએ પાછળથી હોકોટો મારીને કહ્યું જે, 'ગયો ને મારા દીકરાનો.' તે સાંભળી બાદશાહને હસવું આવ્યું પછી લવાને કહ્યું જે, 'મને તે દીકરો કહ્યો !' લવો કહે, 'ના, સાહેબ ! તમે જ્યારે મને ઘાણીયે ઘાલીને તેલ કાઢો ત્યારે તો હું મારા દીકરાનો જ ગયો હતો ને !' એમ કહીને શબ્દ પાછો વાળી લીધો. ॥૧૧૦૨॥

બાદશાહે એક બિલાડી પાળી હતી. તેના માથા ઉપર દિવાનું કોડીયું મૂકીને બાદશાહ હંમેશાં કુરાન વાંચતા. પછી એક દિવસ બાદશાહે લવાને કહ્યું, 'લવા ! ''સંગ બડા કે સ્વભાવ'' ?' લવો કહે કે, 'સ્વભાવ બડા.' બાદશાહ કહે, 'નહીં સંગ બડા. જો આ બિલાડીને મારો સંગ થયો છે તો માથા ઉપર દીવો મૂકીને કેવી બેઠી છે?' તો પણ લવે કહ્યું જે, 'સાહેબ ! સ્વભાવ બડા.' પછી એક દિવસ લવો રાત્રીયે બે ત્રણ ઉંદરડીના બચ્ચાં ઝાલીને લાવ્યો અને જ્યારે બાદશાહ કુરાન વાંચતા હતા ત્યારે લવે ધીમે રહીને એક બચ્ચું બહાર કાઢ્યું. તે જોઈને બિલાડીએ કાન ઉંચા કર્યા અને ઘડીક થયું એટલે બીજું બચ્ચું કાઢ્યું. તેને જોઈને બિલાડી રુંવાડે રુંવાડે ચલાયમાન થઈ અને જેવું ત્રીજું બચ્ચું કાઢ્યું. ત્યાં તો ઠેકડો મારીને કોડીયું કુરાન ઉપર નાંખીને ઉંદરડાને પકડ્યું. તે જોઈ લવે કહ્યું કે, 'કાં સાહેબ ! સંગ બડા કે સ્વભાવ ?' પછી બાદશાહ બોલ્યો નહીં. માટે કારણ શરીરમાં સ્વભાવ હોય તે ટળે નહીં. ॥૧૧૦૩॥

બાદશાહે લવાને કહ્યું જે, 'વરસાદનું જાણતો હોય તેને મારી પાસે લાવ્ય.' પછી લવો જેટલા જોતિષનાં જાણતા હતાં તેને લાવીને બાદશાહની આગળ ખડાં કર્યા. બાદશાહ સામું જોઈને નીચું ઘાલી ગયો અને લવાને પૂછયું જે, 'આ કોણ ?' લવે કહ્યું જે, 'સાહેબ

! આ મે ને જાણનારા.' બાદશાહ કહે, 'આવા હોય ?' લવો કહે, 'પરમેશ્વરના ઘરની વાત તો એક પરમેશ્વર જ જાણે છે પણ બીજું કોઈ જાણી શકતું નથી. કેમ કે પંચાગમાં લખે છે તેમાં પણ લખે છે જે **'ઈશ્વરો ગતિ'** એમ તેને પણ લખવું પડે છે માટે પરમેશ્વરના સાક્ષાત્પણાને પામ્યો હોય તે જ પરમેશ્વરની મરજી જાણી શકે.' ॥૧૧૦૪॥

એક વખત બાદશાહે લવાને કહ્યું, 'આ ચાર વાના લાવ્ય. એક તો છે ને છે, એક નથી ને નથી, એક છે ને નથી, એક નથી ને છે, એ ચાર વાના મને લાવી આપ.' પછી લવો શહેરમાં જઈને ચારે કોર તપાસ કરતો એક મોટો શેઠ કરોડોપતિ હશે તેને ઘરે અહોનિશ અગ્નિહોત્ર પણ ચાલી રહ્યો હતો અને વેદીયા બ્રાહ્મણ પણ અગ્નિમાં ઘી હોમીને સ્વાહા ! સ્વાહા ! એવા શબ્દ કરી રહ્યા હતા ને બ્રહ્મભોજન થતાં હતાં. તેને ઘોડા ગાડીમાં બેસારીને સાથે લીધો. વળી એક બીજો શેઠ કરોડપતિ હશે તેણે જન્મ ધરીને કોઈ બ્રાહ્મણ તથા અતિથિને પૈસાભાર અન્ન આપેલ નહીં, એવો કંજુસ હતો. તેને પણ સાથે લીધો અને રસ્તે જતાં એક મહાત્મા તપશ્ચર્યા કરતા હતા તેમને પણ સાથે લીધા અને આગળ જતાં એક કઠીયારો લાકડાનો ભારો લઈને ઉભો હતો તેને લઈને આગળ કર્યો. એ ચાર જણાને બાદશાહ આગળ રજુ કર્યા. બાદશાહે કહ્યું જે, 'લવા ! આ કોણ ?' લવાએ કહ્યું જે, 'આ છે છે ને છે. આ શેઠે પૂર્વે બહુ પુણ્યદાન કરેલ છે તે પ્રતાપે કરીને અત્યારે તેની કરોડો રૂપિયાની આબરૂ છે અને અત્યારે તેને ઘરે પણ બ્રાહ્મણો અગ્નિહોત્ર કરે છે અને ઘરને આંગણે ધર્મની ધજા બાંધી છે અને રાત દિવસ દીયતાં ! દીયતા એવા શબ્દ થઈ રહ્યા છે. માટે તેને આજ છે અને આગલા જન્મમાં છે.' બાદશાહે કહ્યું જે આ ખરો ! પછી કંજુસ શેઠને દેખાડ્યો અને કહ્યું જે, 'આ છે ને નથી કેમકે તેણે પૂર્વે દાન પુણ્ય કર્યું છે તો આ જન્મે મળ્યું છે અને આ જન્મે કરતો નથી તેથી આગળ મળશે નહીં.' તે સાંભળીને બાદશાહે કહ્યું જે, 'અચ્છા.' પછી યોગીને ઉભા રાખીને લવે કહ્યું જે, 'સાહેબ આ નથી ને છે. આની પાસે અત્યારે તુળસીની માળા અને ગોપીચન્દન; એ બે વાનાં છે, પણ જો પરમાત્માનું ભજન કરે છે તો અંતે પરમાત્માના ધામની પ્રાપ્તિ થશે.' પછી લવે કઠીયારાને ઉભો રાખ્યો. ત્યારે બાદશાહે કહ્યું, 'આ કોણ ?' લવે કહ્યું જે, 'સાહેબ ! આને નથી નથી ને નથી. આણે પૂર્વે કાંઈ દાન પુણ્ય કરેલ નથી તો આજ ભારા બાંધવા દોરડું અને પહેરવા વસ્ત્ર પણ નથી અને હજી કાંઈ કરતો પણ નથી તો આગળ પણ કાંઈ નહીં મળે, માટે નથી નથી ને નથી.' તે જાણીને બાદશાહ બહુ રાજી થયો. માટે ભાઈયો ! પરમેશ્વર મનુષ્યને ત્રણ દેહનું જ્ઞાન આપે છે પણ જીવ સમજી શકતો નથી. ॥૧૧૦૫॥

એક કઠિયારો હતો. તે નિરંતર લાકડાનો ભારો લઈને રાજાના મહેલ સામે બેસતો.

તેના ભુંડા હવાલ જોઈને રાજાના મનમાં એમ થાય જે, 'આ શે પુણ્યે જીવતો હશે ?' અને તે કઠીયારો વનમાંથી ચંદનનાં લાકડાં લાવતો હતો.પછી તેણે કોઈને પૂછ્યું જે, 'આ ચંદનનો ભારો મારે શા કામમાં આવે ?' ત્યારે તેણે કહ્યું જે, 'આ રાજા મરે ત્યારે તેને બાળવાના કામમાં આવે.' કઠિયારો નિરંતર વિચાર કરે જે, 'આ રાજા ક્યારે મરે ? અને ક્યારે મારાં લાકડાં ખપે ?' એમ એક બીજા પોતાનાં મનમાં સંકલ્પ કરીને મરવાનું ધારે છે. એમ વિચાર કરતાં કરતાં તે રાજાના માથામાં દુઃખાવો બહુ થવા માંડ્યો અને ઘણાં ઔષધ કર્યાં પણ તે દુઃખાવો મટ્યો નહીં. પછી વૈદે કહ્યું જે, 'બાવના ચંદનનું જો તમે દાતણ કરો તો તમારા માથાનું દરદ જાય.' પછી તપાસ કરતાં કરતાં તેજ કઠિયારો હાથ આવ્યો. અને પૂછ્યું જે, 'તું વગડામાં લાકડા લેવા જાય છે ત્યાં બાવના ચંદન છે ?' ત્યારે તેણે કહ્યું જે, 'હા.' પછી તે માણસે કહ્યું જે, 'અમારા રાજાનું માથું દુઃખે છે માટે તારે હંમેશા મળિયાગર ચંદનનું એક દાતણ લઈને આવવું.' પછી તે કઠીયારે બીજે દિવસે વહેલો ઉઠીને ચંદનનું દાતણ લઈને તુરત રાજાના હાથમાં આપ્યું. રાજાએ દાતણ કર્યું ને તુરત માથાનો દુઃખાવો મંદ પડી ગયો. એટલે રાજાએ તુરત તેને વીસ રૂપિયા ઈનામમાં આપ્યા. પછી રાજાએ કહ્યું જે, 'તારે હંમેશા એક દાતણ લાવીને મને હાથોહાથ આપવું.' પછી નિરંતર કઠીયારો દાતણ લાવીને રાજાને આપતો અને રાજાએ તે કઠીયારાની રોજી નિરંતર ચાલુ કરી આપી અને રાજાનો માથાનો દુઃખાવો મટી ગયો અને શાંતિ શાંતિ થઈ ગઈ. પછી કઠીયારો પ્રભુ આગળ નિરંતર પ્રાર્થના કરે જે 'હે ભગવાન ! મારા રાજાને સો વરસના કરજો.' અને રાજા પણ નિરંતર સવારમાં દાતણ કરીને પ્રભુ પાસે પ્રાર્થના કરે' જે, 'હે પ્રભુ ! આ કઠીયારાની સો વરસની આવરદા કરજો. જો તે નહીં હોય તો મને દાતણ કોણ લાવી આપશે ?' એમ એક બીજાનું હિત ઈચ્છવા લાગ્યા. ॥૧૧૦૬॥

ચાર યુગ હતા. તે ભગવાન પાસે ગયા. તેમાં કલિયુગનો ભગવાને બહુ જ સત્કાર કર્યો. તે જોઈ ત્રણે યુગના મનમાં આશ્ચર્ય થયું જે, 'આ મહા અધમ કહેવાય અને તેનો ભગવાને બહુ જ સત્કાર કર્યો તે શું ?' પછી કલિયુગ બોલ્યો જે, 'મારામાં ત્રણ વાનાં છે. ૧ દયા ૨ દાન ને ૩ દમ એ ત્રણ વાનાં છે. કેમકે, એક ગણું દાન કરે તેને સહસ્ર ગણું પુણ્ય મળે છે અને ઈંદ્રિઓનું દમન કરે એટલે વ્રત ઉપવાસ કરે અને દયા એટલે કેટલાક માણસો એક બીજા જીવ ઉપર દયા કરવાવાળા હોય છે.'॥૧૧૦૭॥

પછી કલિયુગ બોલ્યો જે, 'મારામાં એવો એક ગુણ છે જે જેવું તમારા મનમાં તેવું મારા મનમાં હોય.' તેની પરીક્ષા જોવા માટે એ ચારે ભાઈ એક વડના વૃક્ષ નીચે બેઠા. તેની પાસે એક વાવ હતી. ત્યાં ચાર ચોર રાજાનો ખજાનો ફાડીને દ્રવ્ય લઈને આવ્યા હતા. તે ચારે જણાએ વિચાર કર્યો જે, 'આપણે દસ પંદર ગાઉ દૂર આવ્યા છીએ અને

આપણી પાસે દ્રવ્ય ઘણું છે અને પાણી પીવાને માટે વાવ સારી છે અને વડનો છાંયો પણ સારો છે માટે આંહીંયાં વિશ્રાંતિ લઈએ અને કાંઈક ખોરાક ખાઈએ.' એમ વિચાર કરીને એ ચારે જણા તે વડના વૃક્ષ તળે બેઠા. પછી બે જણાને ગામમાં સુખડું લેવા મોકલ્યા. પછી જનારા બન્ને જણાએ વિચાર કર્યો જે, 'તે બે જણાંને માટે ઝેર નાંખીને લાડવા કરાવવા અને આપણા માટે જુદા સાર લાડવા કરાવવા.' અહીંયાં જે બેઠા હતા તેણે પણ એવો વિચાર કર્યો જે, 'તે બે જણા ભાતું લઈને આવે તેને પાણી ભરવા વાવમાં મોકલવા અને પાછળથી તેમને ગોળીયો મારીને મારી નાંખવા એટલે બધું દ્રવ્ય આપણને રહેશે.' ખોરાક લેવા જાનારે વિચાર કર્યો જે, ' તેમના માટે જે લાડુ બનાવવા તેમાં ઘી, સાકર વિશેષ નાંખવું અને તે ખાશે એટલે મરી જાશે અને દ્રવ્ય બધું આપણે બન્નેને રહેશે.' તેમણે પણ આવો વિચાર કર્યો. પછી ખોરાક લઈને તે બે જણા આવ્યા. તેમને પેલા બે જણાએ કહ્યું જે, 'તમે ખોરાક આંહીંથી મેલીને ઉભે પગે વાવમાંથી પાણી ભરી આવો. પછી બન્ને જણાઓ વાવમાં પાણી ભરવા ગયા તેવામાંજ પાછળથી બંદુકની ગોળીએ કરીને તેમને મારી નાંખ્યા. પછી તે બન્ને જણા ખાવા બેઠા અને ભાતું જુવે તો અરધાક લાડવામાં ઘી સાકર વધારે માલુમ પડ્યું. પછી બન્ને જણાએ વિચાર કર્યો જે, 'જુવોને, માળા કેવા લુચ્ચા છે ? પોતાના સારુ વધારે ઘી નાંખીને લાડવા કરાવ્યા છે. માટે લાવો આપણે પ્રથમ તે ખાઈએ.' પછી બન્ને જણાએ તે લાડવા ખાધા કે તુરત મૃત્યુ પામ્યા. તે જોઈ ત્રણે યુગ આશ્ચર્ય પામ્યા. ॥૧૧૦૮॥

એક શહેરને પાદર નદીમાં ચારે યુગ જઈને બેઠા હતા. ત્યાં એક વિધવા ડોશી હશે તેનો છોકરો મરી ગયો અને તે ડોશીએ એક શેઠીયાને ત્યાં પોતાના રૂપિયા થાપણ મુકેલા. તે રૂપિયા લેવા માટે થોડીક મુદત વિત્યા પછી તે ડોશી તે શેઠીયાને ત્યાં ગઈ. ડોશીયે કહ્યું જે, 'શેઠ ! મેં તમારે ત્યાં થાપણ મૂકી છે તો તે રૂપિયા પાછા લાવો.' શેઠે કહ્યું જે, 'જા, રાંડ ! તારા રૂપિયા કેવા ? ખોટું બોલે છે ?' ડોશી કહે કે, 'જો હું ખોટું બોલતી હઉં તો મારો દીકરો ફાટી મરે.'તે સોગન ખાધા તેટલામાં ડોશીનો એકનો એક દીકરો હતો તે મરી ગયો. તે છોકરાને અગ્નિસંસ્કાર કરવા જ્યાં લઈ ગયા ત્યાં ડોશી એકલી ઉભી ઉભી નદીમાં કલ્પાંત કરતી હતી. તે સ્થળે કળીયુગ બ્રાહ્મણનું સ્વરુપ ધરીને ગયો અને ડોશીને પૂછ્યું જે, 'ડોશી ! કેમ રુવો છો ?' ડોશી કહે, 'ભાઈ ! આ ગામમાં શેઠીયાને ઘરે મેં પાંચસો રૂપિયાની થાપણ મેલી હતી અને મેં સાચા સોગન ખાધા. એટલે મારો દીકરો મરી ગયો.' ત્યારે કળીયુગ બોલ્યો જે, 'અત્યારે તો મારું રાજ્ય છે માટે જા તું જઈને શેઠને કહે જે, 'મારા હજાર રૂપીયા તારે ત્યાં છે તે આપ નહીં તો હું ફરીયાદ કરું છું.' પછી

ડોશીયે શેઠને જઈને કહ્યું, એટલે પછી શેઠને બીક લાગી જે, 'આ તો રાંડ લાજ લેશે.' એમ જાણીને તેના પાંચસો રૂપિયા આપી દીધા અને છોકરો સ્મશાનમાં લઈ ગયા હતા ત્યાંથી બેઠો થયો. માટે કળીયુગમાં ગમે તેવા નીચ કર્મ કરતો હોય તો પણ બહુ જ વાચાળ હોય અને બહુ ખટપટીયો હોય અને એક બીજાને માથે ખોટી ખોટી આપત્તિઓ આપતો હોય તે જ સંપ્રદાયમાં અને સંસારમાં હુશીયાર ગણાય. ॥૧૧૦૯॥

એક ડોશી હતી તે પાંચસો રૂપિયાનું ઘરેણું લઈને ચાલી જતી હતી. તેને રસ્તે જતાં એક ઉંટવાળો મળ્યો. તેને ડોશીયે કહ્યું જે, 'ભાઈ ! મારી પાસે બોજો છે તે તમે ઊંટ ઉપર લેશો તો હું ધીમે ધીમે ચાલીને તમારી ભેળી થઈ જઈશ.' ઊંટવાળે કહ્યું જે, 'ડોશીમા ! તમે ચાલ્યે અમને પહોંચો નહીં. માટે તમારો ભાર તમારી પાસે ભલે રહ્યો.' આગળ જતાં ઊંટવાળે વિચાર કર્યો જે, 'ડોશીનું પોટકું લીધું હોત તો બસો ચારસો નો માલ મળત અને એ લઈને આપણે ચાલતા થાત.' ડોશીએ પણ વિચાર કર્યો જે, 'પોટકું આપ્યું હોત તો મારી બધી કમાણી જાત. માટે હવે કહે તો પણ દેવું નથી.' એટલામાં ઊંટવાળો બેસીને વાટ જોતો હતો. તેના ભેગી ડોશી થઈ ઊંટવાળો કહે જે, 'ડોશીમા ! લાવો તમારો ભાર ઉપાડવા અમો લઈએ.' ત્યારે ડોશી કહે કે, 'ના, ના, મને ના પાડી ગયો છે.' ઊંટવાળો કહે કે, 'કોણ ના પાડી ગયું છે ?' ડોશી કહે, 'તમને જે કહી ગયું તે મને ના પાડી ગયુ છે જે માગે તો પણ પોટકું આપીશ નહીં.' ॥૧૧૧૦॥

એક દિવસ કાઠીને છોકરે કહ્યું જે, 'બાપુ ! બાપુ ! અમારે તુળસીશ્યામ જવું છે, તે ભાતો કરી દ્યો.' તે સાંભળી ડોસો બોલ્યો જે, 'અરેરે ! અમેં તુળસીશ્યામ જતા પણ ક્યારેય ભાતો કર્યો નથી. ત્યાં જઈયે અને ડુસા સુતા હોય તેને ઓશીકેથી ખડીયો ખેંચી લઈયે એ આપણો ભાતો બા પણ આજનાં છોકરાં તો બહુ મોળાં થયાં.' ॥૧૧૧૧॥

ગામ વસ્તડીના અમરચંદ શેઠ તથા કમીયાળાના મોડભાઈ બન્ને જણ ભેળા થયા અને એક બીજાના કુટુંબના સમાચાર પૂછ્યા. મોડભાઈએ કહ્યું જે, 'શેઠ ! બાળ ગોપાળ સૌ ખુશી છે ને ? તમારે દીકરા કેટલા ?' અમરચંદ શેઠ કહે, 'મારે ત્રણ દીકરા.' મોડભાઈ કહે, 'તેઓ મજામાં છે ?' શેઠ કહે, 'બે પાછા થયા છે ને એક માંદો થયો છે.' તે સાંભળી મોડભાઈ ખરખરો કરવા લાગ્યા જે, 'અરર ! બહુ ખોટું થયું.' ત્યારે અમરચંદ શેઠ બોલ્યા જે, 'પાછા થયા એટલે શું ? બે છોકરાને પરણાવ્યા તે નોખા થાય છે. તે મને કળશીયો પાણી પાય તેમ નથી અને નાના છોકરાનું સગપણ કર્યું છે એટલે તે માંદો છે કેમકે તેને પરણાવું એટલી વાર છે.' તેમ સંસારમાં જ્યાં સુધી સ્વાર્થ હોય ત્યાં સુધી સગાસંબંધી સૌ હેત રાખે. ॥૧૧૧૨॥

ગામ **લાઠીદડ**માં **માધો મેરાઈ** હતા. ત્યાં **રઘુવીરજીમહારાજ** પધાર્યા હતા. પછી સૌ હરિજન આચાર્યજી મહારાજને ગામ બહાર વળાવવા આવ્યા. ત્યારે રઘુવીરજીમહારાજે કહ્યું જે, 'માધા મેરાઈ ! હવે કલ્યાણ અર્થે કરો ખૂબ રળ્યા ખપ્યા છો.' ત્યારે ભક્તિવલ્લભદાસજી કોઠારી ગઢડાવાળા સાથે હતા તેમણે મરમ કર્યો જે, 'મહારાજ ! આટલા દિવસ રામજી અર્થે કર્યું અને હવે કલ્યાણ અર્થે મંડ્યા છે. કેમકે રામજી અને કલ્યાણ એ બે માધા મેરાઈના દીકરા છે.' રામજી ભેળા રહેતા ત્યારે તો મંદિરમાં આવીને દીવો દીવેટ કરતા અને હવે કલ્યાણ ભેળા રહે છે તે રાતના દશ વાગ્યા સુધી શિવણું શિવે છે અને સાધુ નિત્ય નિયમ કરીને સૂઈ જાય છે ત્યારે દર્શને આવે છે. તે સાંભળી રઘુવીરજીમહારાજ હસવા લાગ્યા. ॥૧૧૧૩॥

ગામ **પીપરલાના પલેવાળ** ગોદાવરીની જાત્રા કરવા ગયા હતા અને ત્યાં બન્ને જણાને મરકીનો રોગ થયો અને તે બન્ને જણા હરિભક્ત હતા. તેમાં એક જણે તો સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! એમ ભજન કરતાં કરતાં દેહ મેલ્યો અને એક તો એમ બોલ્યા કરતો જે, 'છોકરાઓ ! મને મારી વાડીયે રાણીયા વડ હેઠે લઈ જાઓ ઓ...હો...રાણીયો વડ છેટે રહ્યો !' એમ કલ્પાંત કરતાં કરતાં ગોદાવરીને કાંઠે દેહ મેલ્યો. તે ભૂત થઈને પોતાની વાડીયે રાણીયો વડ છે તેમાં જઈને રહ્યો. માટે તીર્થે ગયો તો પણ મન તો રાણીયા વડે રહ્યું. ॥૧૧૧૪॥

એક બાવો હતો. તેને તુંબડામાં બહુ હેત હતું. તે તુંબડાનું નામ ગંગાજળીયો પાડેલું અને તે સાધુ બહુ જ માંદા થયા અને મૃત્યુ સમો થયો. પછી તેના સેવકો પાસે બેઠા બેઠા ભજન કરવા લાગ્યા ત્યારે તે સાધુ પુરુષ બોલ્યો જે, 'અહો ! મારો ગંગાજળીયો ક્યાં ?' એમ ગંગાજળીયાનું સ્મરણ કરતાં કરતાં દેહ મેલ્યો અને ભૂત થઈને તુંબડામાં રહ્યો. ॥૧૧૧૫॥

**વરતાલ**માં એક **રેવનદાસ** કરીને ભક્ત હતો. તેણે ઘણા વરસ સુધી પરોળીયાનું કામ કરેલું. પછી તેને મંદવાડ થયો એટલે **સાધુ સંત** તેને જોવા ગયા અને કહે જે, 'રેવનદાસ ! જય સ્વામિનારાયણ.' ત્યારે રેવનદાસ કહે, 'કોણ એ ગોમતીબા કે ?' વળી બીજો કહે જે, 'ભગત ! જય સ્વામિનારાયણ' ત્યારે વળી કહે જે, 'ગંગાબા કે ?' એમ ક્રિયામાં અભિનિવેશ થઈ ગયેલો. તેમાં ને તેમાં દેહ મેલ્યો માટે દરેક ક્રિયામાં ભગવાન પ્રધાન રાખવા. ॥૧૧૧૬॥

એક જણની સ્ત્રી મરી ગઈ પછી તેનો સાડલો લઈને ગામમાં ફરે જે જુઓ આ મારી ઘરવાળીનો સાડલો, એમ ઘરે ઘરે દેખાડતો ફરે અને ગાંડો થઈ ગયો. માટે કોઈ

સાથે રાંડતું નથી માટે કાંતો પહેલાં મરે બાઈને કાંતો મરે ભાઈ.તે પ્રથમથી જ નિર્ધાર કરી રાખવો જે બેમાંથી એક પ્રથમ રાંડશું. ॥૧૧૧૭॥

**સ.ગુ. બ્ર. અક્ષરાનંદ સ્વામી** પાસે વાત કરી. કોઈક ગામમાં બ્રાહ્મણ રહેતો હતો. તેની સ્ત્રીને સર્પ કરડ્યો એટલે તે મૃત્યુને પામી તેને અગ્નિસંસ્કાર કરી આવ્યા. પછી તે બ્રાહ્મણ સવારમાં તેને રાખને ઢગલે બેઠો અને માથે પછેડી ઓઢીને રોવા લાગ્યો. એમ બે ચાર દિવસ સુધી રાખને ઢગલે જઈને રોયા કરતો. પછી તેના બાપે મારી પાસે આવી વાત કરીને કહ્યું જે, ‘છોકરો રાખના ઢગલા પાસે જઈને રોયા કરે છે. ત્યારે મેં કહ્યું જે, ‘રાખની ગાંસડી બાંધીને કુવામાં નાંખી દ્યો.’ તેમ કરવાથી તે સ્થાનકે જતો આળસી ગયો. ॥૧૧૧૮॥

એક વાણિયો હતો અને તેને લિંબડી પરણાવ્યો હતો. પછી તે બાઈને તેને પીયર તેડી ગયા અને ત્યાં રોગ થવાથી તે મરી ગઈ. પછી તેનો મેલો આવ્યો અને સૌએ સ્નાન કાઢ્યું. પછી જેની સ્ત્રી હતી તે વાણિયાના મનમાં એમ થયા કરે જે, ‘આ તો ખોટી વાત છે.’ પછી અમો તેને ગામ ગયા અને અમો તેને ઘરે રસોઈ કરવા ગયા ત્યારે તેણે કહ્યું જે, ‘સ્વામી ! કાગળે સ્નાન કર્યાં છે પણ ખરી વાત મને જણાતી નથી.’ ત્યારે મેં કહ્યું જે, ‘રેલવેનું સાધન છે માટે ગાડીયે બેસીને પંડે જઈને ખાત્રી કરી આવો.’ અને તે બાઈને માથે નાંખવાના તેલનું કચોળું હતું તે અમને બતાવ્યું કે, ‘જુઓ આ તેનું કચકડાનું કચોળું છે.’ તે અમે લઈને આઢમાં નાંખીને બાળી નાંખવા માંડ્યું. ત્યારે કહે જે, ના ના તેમ કરશો તો મારો જીવ નીકળી જાશે. કેમકે, આને જ્યારે હું ભાળું છું ત્યારે તે મને સાંભરે છે. ॥૧૧૧૯॥

એક ગામમાં અમે ફરવા ગયા હતા. પછી હરિજનોએ રાત્રીયે રસોઈ કરવાનો બહુ આગ્રહ કર્યો. તેમાં એક જણે વિશેષ આગ્રહ કરીને આવતે દિવસે પોતાને ત્યાં રસોઈ કરવાનો ઠરાવ કર્યો અને રાત્રે દશ અગ્યાર સુધી કથા વારતા સાંભળ્યા કરી અને ઘરે જઈને સાથી પાસે ગાડું જોડાવીને ગામ પાળીયાદના દરબારી બીડમાં જઈને ખડનો ભર ભર્યો. પછી દરબારી પોલીસ આવ્યો. તે ગાડું બળદ અને સાથી તથા ભાભો એ બધાયને પાળીયાદ ભેગા કર્યા. પછી અમે તો સવારમાં ન્હાઈ ધોઈ પૂજા પાઠ કરીને સિધાની વાટ જોઈને બેઠા હતા. ત્યાં તો તે ગામનો પટેલ કેશવ કરીને હતો તે આવ્યો. તેણે કહ્યું જે, ‘સ્વામી ! ઠાકોરજીના થાળને માટે કેમ છે ?’ ત્યારે મેં કહ્યું જે, ‘પરમો ભાભો રાત્રે કહી ગયા છે તે લાવશે.’ ત્યારે પટેલ બોલ્યા જે, ‘ભાભો તો ગાડું બળદ તથા સાથી સાથે કોરટમાં પોંચી ગયા છે.’ પછી કેશવ પટેલ સીધું લાવ્યા તેની રસોઈ કરી ઠાકોરજીને

જમાડ્યા. સાખી–

*"દિવસે દિવસે ઠાક દુવારો ને રાત્યે રાત્યે ખાતરિયો." ॥૧૧૨૦॥*

એક કણબી **હરિભક્ત** હતો તેને વાડીયે બળદીયાને છાયા માટે માંડવો કરવો હતો અને ઉપર વાઢની પતરી નાંખવી હતી. પછી કોઈ હરિભક્તનો વાઢ ફરતો હતો ત્યાં રાત્રીયે ગાડું લઈને ગયા અને વાઢવાળાને કહ્યું જે, 'મારે માંડવા ઉપર છાંયો કરવા સારુ પતરી જોઈએ છીએ.' પછી વાઢવાળાએ કહ્યું જે, 'ભાભા ! તમારે જોઈએ તેટલી તમારી મેળે લઈ જાઓ.' કેમકે પતરી લેવા જનાર હરિભક્ત હતો અને વાઢવાળો પણ હરિભક્ત હતો. પછી સાથીને ગાડા ઉપર રાખ્યો અને ભાભો બથે બથે પતરી નાંખવા લાગ્યો. તેને પડખે એક કુંડીની શેરડીનો ઢગલો કર્યો હતો. તે શેરડી પણ ગાડામાં ભરી દીધી. પછી ગાડું જોડીને પોતાની વાડીયે ગયો અને ચીંચોડો ફરતો હતો એટલે તેણે શેરડીનો ઢગલો કર્યો હતો. તેની કુંડી ભરવાનો વારો આવ્યો. પછી જ્યાં શેરડી લેવા જાય છે ત્યાં તો કાંઈ મળે નહીં. પછી એક બીજાને પૂછતાં ખબર પડી જે, 'ફલાણો ભાભો અહીંયાં પતરી ભરવા આવ્યા હતા. માટે ત્યાં તપાસ કરો.' પછી બે ત્રણ જણા તે ભાભાની વાડીમાં ગયા અને ભાભો પણ ગાડું છોડીને નિરાંતે સુતા હતા. ત્યાં જઈને વાઢવાળાએ કહ્યું જે, 'ભાભા ! એ ભાભા ! તમે પતરી ભરી ત્યાં એક કુંડી ભરાય એટલી શેરડીનો ઢગલો હતો. તે ત્યાં નથી.' ત્યારે ભાભો કહે કે, 'સાથીને પૂછી જુઓ મને ખબર નથી.' સાથી પણ સુતો સુતો જાગતો હતો. તે સાંભળીને બોલ્યો જે, 'ભાભા ! એમાં મારો શો વાંક છે ? તમે બથે બથે આપી ને મેં ગાડામાં નાંખી છે.' પછી વાઢવાળે કહ્યું જે, 'તમે હરિભક્ત છો ને અમે પણ હરિભક્ત છીએ. માટે ગાડું લઈને વાઢે આવીને ઠલવી જાઓ.' પછી ગાડું લઈને વાઢે શેરડી નાંખી આવ્યા. માટે કોઈક પણ આપણો વિશ્વાસ કરે તો વિશ્વાસ પ્રમાણે કામ કરવું, તો તેમાં પોતાની આબરુ રહે. ॥૧૧૨૧॥

એક જણ હતો. તે દરબારી બાવળ હશે તેમાંથી ગાડામાં ભરાવવાના આઠ વાઠોલીયા કાપ્યાં. તેની મહેતાજીને ખબર પડી એટલે એક-એક વાઠોલીયાંના પાંચ પાંચ રૂપિયા દંડ કર્યો અને તેના ચાલીશ રૂપિયા આપ્યા. પછી તેને દરબારમાંથી ઉઠવા દીધો. માટે શિક્ષાપત્રીમાં કહ્યું છે જે, 'કાષ્ઠ પુષ્પ ફળ ફુલ વિગેરે તે તેના ધણીને પૂછ્યા વિના લેવા નહીં.' ॥૧૧૨૨॥

એક જણ હતો તેણે દરબારી બીડમાંથી બાર પુળા ખડનાં લીધાં. પછી સિપાઈ આવીને તેને તે ખડના ભારા સાથે દરબારમાં લઈ ગયો. પછી મહંતે તેનો દંડ કર્યો જે, 'એક-એક પુળે પાંચ પાંચ રૂપિયા દંડના ભરવા.' તેથી સાઠ રૂપિયા દંડના આપ્યા. પછી

તેને ઘેર જવા દીધો. માટે જીવને હરામ ચસકો પડે છે તે દંડ ભરે, માર ખાય, તો પણ તે ક્રિયા કર્યા વિના રહેવાય નહીં પણ સાઠ રૂપિયાનું ઘાસ લીધું હોત તો કેટલું બધું આવત ? એક તો પરમેશ્વરની આજ્ઞા લોપી અને લોકમાં અપકીર્તિ થઈ. ॥૧૧૨૩॥

એક ગામમાં દુદો કરીને મેરાઈ હતો. તે પરગામ સીવવાને માટે ગયો હતો. પછી સાંજ વખતે ઘરે આવતો હતો એટલે રસ્તામાં દરબારી બીડમાં લીલો ઝીંઝવો ભાળ્યો. તેથી તેના મનમાં એમ થયું જે, 'લેને, બકરી સારુ ફાંટ ભરતો જાઉં.' પણ પોતા પાસે દાતરડાનું સાધન નહોતું તેથી પોતાના ખીસામાંથી કાતર કાઢીને ખડ કાપવા મંડ્યો. કેમકે દરજીની કાતર સહેજ લાંબી હોય છે તેથી તે પણ દાતરડાનું કામ કરી શકે ખરી ! પછી પોતાનો સામાન હેઠો મેલીને કાતરે કાતરે કરીને ખડ કાપવા મંડ્યો અને બોલતો જાય જે, 'વાહ દુદીયા ! વાહ વાહ દુદીયા વાહ, તારી કાતર વાહ એમ બોલતો જાય ને ખડ કાપતો જાય.' એટલામાં દરબારી માણસ આવ્યો. તેણે બે પરોણા ઉભા મેરના વાંસામાં માર્યા. ત્યારે દરજી બોલ્યો જે, 'એ તો હું બકરી સારું લઉં છું' રખવાળ કહે કે, 'આંહીં દરબારી બીડમાંથી ?' પછી લુગડાં ખંખેરીને દુદોભાઈ ઘરે આવ્યો અને બે પરોણા ખાધા તે લાભના લીધા, માટે પારકી વસ્તુ પૂછ્યા વિના લેવાથી આવું પરિણામ આવે. ॥૧૧૨૪॥

વળા ગામમાં અજો કરીને કણબી હતો તેને કાંઈક ઉતાવળું કામ હશે તેથી ગામ ફરતી દરબારે કાંટાની વાડ કરી હતી તેનું એક ખણીયું કાપીને તે બહાર નીસર્યો. પછી તેને દરબારી માણસોએ પકડીને કોરટમાં લઈ ગયા ત્યારે ન્યાયાધીશે આજ્ઞા કરી જે, 'આને લઈ જાવ. પાંચ ફટકા મારો.' તે સાંભળીને પટેલ બોલ્યો જે, 'હે સ્વામિનારાયણ !' ત્યારે ન્યાયાધીશ કહે, 'તું સ્વામિનારાયણનો છો ?' પટેલ કહે, 'હા, સાહેબ !' ત્યારે ન્યાયાધીશ કહે કે, 'સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં લખી ગયા છે કે ચોર માર્ગે કરીને પેસવું નહીં અને નિસરવું નહીં એ આજ્ઞા તેં કેમ તોડી ?' ત્યારે તેણે કહ્યું જે, 'સાહેબ ! મારાથી ભૂલ થઈ.' પછી ન્યાયાધીશે કહ્યું જે, 'જા તારો ગુન્હો દરબાર માફ કરે છે.' ॥૧૧૨૫॥

એક ગામમાં એક જણ હતો. તેની ઘરવાળીને તેની સાસુ સાથે અણબનાવ હતો. કણબી પણ સ્ત્રીવશ હતો. પછી તેની સ્ત્રીએ કહ્યું જે, 'આ રાંડને મારી નખાય તો મને સુખ થાય.' પછી સ્ત્રીના કહેવે કરીને તેની મા વૃદ્ધ હતી તેને કહોડ્યમાં લઈ જઈને સાળા બનેવીએ ઠેકાણે પાડી. પછી ખડની ગાંસડીમાં તેને બાંધીને ગાડા ઉપર નાંખીને રાત્રે એ ગામથી બે ત્રણ ગાઉ છેટે જઈને એક નાનું નહેરું હશે તેમાં દાટી આવ્યો. તે વખતમાં તેને ઘરે કપાસ લોઢવાના ચરખા ફરતા હતા તેમાંથી એક જણે છાની ખબર રાખી જે, 'આણે આવી રીતે ડોશીનું કામ કરેલ છે.' પછી ચરખો ફેરવનારો તે માણસ ગાડાંની પછવાડે

પછવાડે અંધારે ગયો હતો. તેણે બધું નજરે જોયું હતું. પછી ડોશીને દાટીને ઘરે આવ્યા પછી તે ડોશીને ઉતાવળથી જેવી તેવી રીતે દાટેલી તેથી જાનવરોએ તેની લાશને બહાર કાઢી. ગામમાં અને દરબારમાં તે વાત ફેલાણી અને ખબર પડી ગઈ તેથી દરબારે તેને બોલાવીને કહ્યું જે, 'તારી મા ક્યાં છે ?' ત્યારે તેણે કહ્યું જે, 'મારી મા ગામ ગયેલ છે.' પછી દરબારે તે શબ તેને દેખાડ્યું. અને કહ્યું જે, 'આ કોણ છે ?' પછી તેણે કહ્યું જે, 'આ તો મારી મા છે.' પછી દરબારે તેને ગાંઠીયાની અને પેંડાની ઝોળી ભરાવીને ડોકમાં મૂકી અને ડોશીના શબની ગાંસડી બાંધીને તેને માથે મૂકાવી અને ગામમાં ફરવાનું કર્યું. આગળ ઢોલ વાગે અને ચૌટો આવે ત્યાં લાશની ગાંસડી હેઠી મેલાવીને તેને દરબારી માણસો કહે જે, 'તારી મા તને ગાંઠીયા અને પેંડા ખવરાવે છે તે જો ન ખાય તો તેને ફટકા મારે.' માટે સ્ત્રીને વશ થઈને કોઈએ અયોગ્ય આચરણ કરવું નહીં અને જો કરે તો પાપ છાનું રહે નહીં. ॥૧૧૨૬॥

અને તે માણસ જ્યારે ઘરડો થયો ત્યારે છોકરાને પૂછ્યા વિના ભાલમાં ખડ લેવાને જતો હતો અને સાથે બસો રૂપિયા લીધા હતા અને આગળ ઘેલડી નદી હતી ત્યાં કેટલાક છોકરાં ઢોર ચારતાં હતાં અને ભાભો જ્યારે લુગડાં ઉતારીને ઘેલડી નદી ઉતરવા તૈયાર થયો. ત્યારે છોકરાઓએ કહ્યું જે, 'ભાભા ! આવતી વેળ્ય છે અને પાણી બહુ છે.' ભાભો કહે, 'તમે આજ કાલ્યના છોકરા શું સમજો ? અહીંયાં ચાલીને મેં સીતેર વરસ કાઢ્યાં છે !' છોકરાં કહે, 'બહુ સારુ, પડો.' પછી પોતાનાં પહેરવાનાં લુગડાં ઉતારીને તેમાં બસો રૂપિયા મૂકીને પોતીયા ભર ઉતરવા મંડ્યો અને ઘેલડી નદીમાં જ્યાં બે ચાર ડગલા ચાલ્યો ત્યાં આગળ એક મોટો ફોડો આવ્યો. તેમાં ભાભો રબ લઈને ઉતરી પડ્યો. અને તે ગોત્યો પણ જડ્યો નહીં અને તેના લુગડાની પોટલી તરતી તરતી બે ત્રણ ગાઉ નીસરી. પછી તેના છોકરાએ તેના દિવસ ગણીને ખરચ કર્યું. સાખી—

*"જેવું ઈચ્છે અવરનું, તેવું આપનું થાય ।*
*ન માનો તો કરી જુવો, જેથી તે જણાય.* ॥૧૧૨૭॥

એક ગામમાં એક કણબી હતો તેને પત્યનો રોગ થયો હતો. પછી તેના સંબંધીઓએ વિચાર કર્યો જે, 'આ ડોસાને કાંઈક ઠેકાણે પાડ્યો હોય તો ઠીક.' પછી તેને છોકરે કહ્યું જે, 'ભાભા ! ભાવનગર વૈદ્ય છે. ત્યા તમને ઓસડ કરવા તેડી જઈએ.' ડોસો કહે, 'બહુ સારુ.' પછી ગાડામાં ખડ નાંખીને તે ઉપર ગોદડા બે ગાભા નાંખીને ડોસાને ગાડામાં બેસાડ્યો અને ભાવનગરની ખાડીમાં લઈ ગયા. ત્યારે સડકેથી ગાડું હેઠું ઉતર્યું ત્યારે ડોસો બોલ્યો જે, 'ભા ! આમ ક્યાં લઈ જાઓ છો ?' છોકરો કહે કે, 'દાદા ! વૈદ ખાળે

ઉતર્યો છે.' પછી ત્યાં ખારા પાણીનો કીચડ આવ્યો ત્યાં ગાડું ઉલાળીને ડોસાને હેઠે ઉતાર્યો ને હેઠે નાંખી દીધો. ડોસો કહે, 'ક્યાં વૈદ ?' છોકરો કહે, 'આ વૈદ.' પછી પાવડે કરીને ગારામાં ખાડો કરીને ડોસા ઉપર ગોદડાના બે ગાભા નાંખ્યા. ત્યારે ડોસો બોલ્યો જે, 'ભલા થઈને મને જીવતો મેલો અને હું તમને મોઢું દેખાડીશ નહીં અને આપણું ઘોડાનું ઠાણીયું છે ત્યાં મેં ત્રીશ હજાર રૂપિયા દાટ્યા છે અને મને જીવતો મેલો. 'છોકરા કહે, 'દાદા ! રામ રામ કરો.' પછી ડોસાને દાટીને ઘરે આવ્યા માટે આ દુનીયા તો કેવળ સ્વાર્થી છે જ્યાં સુધી  શરીર નિરોગી હોય ત્યાં સુધી સૌ સ્નેહ રાખે પણ જ્યારે રોગ થાય ત્યારે ડોસાના જેવી દશા થાય. ॥૧૧૨૮॥

એક ડોસો હતો. તેને ચાર દીકરા હતા. પછી જ્યારે દીકરાને જુદા કર્યા. તે સૌની મેળે સૌનો વ્યવહાર ચલાવતા પણ ડોસો વહેલો ઉઠીને છોકરાના બૈરાંને ગાળો દેતો જે, 'ઉઠો, રાંડો ! તમારાં વહાલાં સગાં મરે, હજી શું સુતીયું છો ?' અને કેટલાક અપશબ્દ પણ વાપરતો. પછી છોકરાની ઘરવાળીયે માનતા કરી જે, 'આ પીટ્યો ડોસો જો મરે તો હનુમાનજીને બે બે નાળીયેર વધેરશું અને ઘીના દીવા કરીશું.' પછી સાથી ભાલમાં ખડ ભરવા ગયા તેની સાથે ડોસો ગયો. વળતી વખતે ડોસો ખડના ભરોટા ઉપર બેઠો અને સડકે ચાલતા ઢાળ આવ્યો એટલે સાથીયે ગાડાં દોડાવ્યાં. સૌની પાછળ ગાડાં ઉપર ભાભો બેઠો હતો. તે ભરોટાં ઉપરથી પડી ગયો અને હાથ પગ ભાંગ્યા અને સાથી જાણતા હતા જે, 'ભાભો પડી ગયો છે તોય પણ ગાડાં હાંકીને ઘરે ચાલ્યા આવ્યા.' પછી ભાભાનાં છોકરાંએ સાથીને પૂછ્યું જે, 'ભાભો ! ક્યાં ગયા ?' સાથી બોલ્યા જે, 'અમને ખબર નથી.' પછી ખબર પડી તેથી ભાભાને ગાડું જોડીને તેડવા ગયા ને ભાભાને તેડીને ઘરે આવ્યા. પછી તે વ્યાધિમાં ડોસો મરી ગયો. માટે જો બોલી સારી હોય તો સૌને સ્નેહ રહે અને ચાકરી પણ કરે, નહીં તો આ સાખી વાળું થાય–

*દાદો દેખે દુઃખ ઉપજે, ને સંભારે સુખ જાય,*
*જે શેરીયે દાદો વિચરે, તે શેરી ઉજ્જડ થાય.*

માટે કડવા બોલાં ન થાવું પણ મીઠા બોલા થાવું. ॥૧૧૨૯॥

**દેવકા** ગામમાં એક આયર હશે તે નિરંતર પોતાના દીકરાની ઘરવાળીયુંને ગાળો દેતો જે, 'ઉઠો, ઉઠો, રાંડો ! બાવળા કુતરાની વવું.' એમ હમેશાં ગાળું દેતો. માટે જે જેનું કામ હોય તે તેને ખટકો હોય પણ જીવને સ્વભાવ પડ્યો હોય તે રહી શકે નહીં અને ન માને ત્યારે દુઃખીયો થાય. ॥૧૧૩૦॥

એક ખેડું હતો તેને એકજ દીકરો હતો. તે પોતાના દીકરાને કહે જે, 'બાપ ! વશરામ

! બળદિયાને નિરણ કરને.' ત્યારે છોકરો બોલે જે, 'ડોસાજી ! પડ્યા રહો પડ્યા.' પછી તેણે મારી પાસે વિનંતી કરી જે, 'સ્વામી ! આ મારો છોકરો મને ડોસાજી કહે છે.' પછી તે ડોસો મરણ પામ્યો અને છોકરાનો છોકરો થયો. તેને જ્યારે કામ બતાવે ત્યારે તેનો છોકરો જવાબ આપે જે, 'ટણપાજી ! પડ્યા રહો ! એ તો જેમ થતું હશે તેમ થશે.' પછી તેણે પણ મારી પાસે આવીને ફરીયાદ કરી જે, 'સ્વામી આ મારો છોકરો મને ટણપોજી કહે છે.' ત્યારે મેં કહ્યું જે, 'તું તારા ડોસાને શું કહેતો ?' ત્યારે કહે, 'હું ડોસાજી.' ત્યારે મેં કહ્યું જે, 'તે તને ટણપોજી કહે તો.' લોકમાં કહેવત છે જે **'વાળ્યાં હોય તેના વાળજો અને ઠાર્યાં હોય તેનાં ઠારજો.'** માટે માવતર તથા ગુરુની અનુવૃત્તિમાં રહે તો જ બેય લોકમાં શ્રેય થાય. ॥૧૧૩૧॥

ગામ સમઢીયાળાના આયર તુળશીશ્યામ જાત્રા કરવા ગયા હતા. પછી ત્યાંના મહંતને તથા સૌ બાવાને બધા આયર પગે લાગવા ગયા. પછી પગે લાગીને સૌ બાવા પાસે બેઠા. બાવો કશુંએ ભણેલ ગણેલ નહીં અને જે આવે તેને અફીણના કસુંબા પાય અને હોકા પાય પણ શાસ્ત્રનું કશુંએ જ્ઞાન નહીં. પછી બાવે કહ્યું જે, 'તમારે મને પૂછવું હોય તે કાંઈ પૂછો.' ત્યારે હરિભક્ત કહે, 'અમે શું તમને પૂછીયે !' અને આ તો બધાય સંતના સમાગમથી સત્યાસત્ય જાણનારા હતા. તેથી તેમણે બાવાજીને કહ્યું જે, 'મહારાજજી ! તમે તો અમારા ગુરુ હૈ અને અમે તો છોટા ખર હૈ.' ત્યારે હરિભક્તોએ કહ્યું જે, 'મહારાજજી ! તમે તો મોટા ખર જેવા છો. ત્યારે બાવોજી બોલ્યાજે, મોટા ખર તો અમારા ગુરૂ હૈ અને હમ તોખર હૈ ત્યારે હરિભક્તોએ કહ્યું જે, મહારાજજી છોટા ખર તોય તમે !' માટે શાસ્ત્રનું શ્રવણ તથા સંતના સમાગમ વિના મનુષ્યનો ધર્મ આવતો નથી. ॥૧૧૩૨॥

આંબા ગામમાં લાખો સાવલીયો કરીને એક કણબી રહેતો હતો. તે જળઝીલણીના સમૈયામાં ગઢડે દર્શને આવ્યો હતો, અને ત્રીજે માળ સૌ હરિજનો સાથે રાત્રે તે સુતો હતો. પછી રાત્રીમાં તેને સ્વપ્નું આવ્યું જે, 'મારી પાદરની વાડીમાં ગધેડાં પડ્યાં છે અને બાજરો વિગેરે ખાય છે એમ જાણીને ઊંઘમાંથી એકદમ બેઠો થઈને રાડો પાડવા મંડ્યો જે, 'હે...હે...મારે સાળે ભગવાનીયે ગધેડા રેઢાં મૂક્યાં છે તે મારી બધી વાડી ખાઈ ગયાં.' એમ જાણીને તાણીને બૂમો પાડવા લાગ્યો. એટલે તે સમૈયાનાં માણસો જાગી ગયાં અને પૂછ્યું જે, 'શું છે ? લાખા, શું છે ?' લાખે કહ્યું જે, 'મેં જાણ્યું. જે ગધેડાં વાડીમાં પડ્યાં છે.' માટે તીર્થે જાય તો પણ ખેતીવાડી અને ગધેડાં પણ સાથે લેતો જાય માટે તીર્થે જવું ત્યારે સંસારની ઉપાધિ ઘરે મેલીને જવું. ॥૧૧૩૩॥

એક ગામમાં બે શેરીમાં બે કુતરા રહેતા હતા. તેમાં સ્ત્રી પુરૂષને અણબનાવ બહુ રહેતો. તેથી જ્યારે બેઉ જણા કલેશ કરે ત્યારે પુરૂષ કહે જે, 'રાંડ ! તને કાળીયા કુતરાને પરણાવું.' એમ નિરંતર કજીયામાં ગાળો દીધા કરે અને તે વાત કુતરો હમેશાં સાંભળતો એટલે કુતરાના મનમાં એમ થયું જે, 'મારે પરણેતર આની સાથે થશે.' એમ જાણી ત્યાંને ત્યાં નિરંતર બેસી રહે. પણ ખાવાનું બિલકુલ મળે નહીં તેથી સાવ સુકાઈ ગયો. પછી એક દિવસ બીજી શેરીનો કુતરો આવ્યો ને એને મળ્યો તેણે કહ્યું જે, 'આંહીં ખાવાનું મળતું નથી.' 'ત્યારે ચાલને મારી સાથે ખૂબ ખાવાનું મળે છે અને મજા છે.' પછી તેણે કહ્યું જે, 'તારે ત્યાં પરણેતર છે ? મારે અહીંયાં પરણેતર છે.' પહેલે કુતરે પૂછ્યું જે, 'શું ?' ત્યારે આણે કહ્યું જે, 'આ બે સ્ત્રી પુરુષ વઢે છે ત્યારે પુરુષ કહે છે જે ''તને કાળીયા કુતરા સાથે પરણાવું'' માટે વાસના છે તે આવી છે. ॥૧૧૩૪॥

એક ગામમાં સ્ત્રીપુરુષ લડતા હતાં તે પુરુષે કહ્યું જે, 'રાંડ ! તું પાંશરી ચાલતી નથી તે તને બ્રાહ્મણને દઉં ?' તે વખતે બ્રાહ્મણ તેને ત્યાં ભિક્ષા માગવાને ગયો હતો. તેણે લાંબો હાથ કરીને કહ્યું જે, 'લાવો હું લઈ જાઉં.' ત્યારે પેલો પુરુષ બોલ્યો જે, 'મૂરખ ! એતો કહેવાનું હોય પણ દેવાનું હોય ?' માટે કેટલાક તો વાટ જોઈને ઉભા હોય. ॥૧૧૩૫॥

એક રાજા હતો તે મરવા તૈયાર થયો. પછી તેનો જીવ જાય નહીં ત્યારે તેના કુંવરે કહ્યું જે, 'બાપુ ! તમારો જીવ કેમ જતો નથી ?' રાજા કહે કે, 'બાર દીકરા ! મેં આ રાજ્યનું સુખ ભોગવ્યું છે ને હું મરીને બાબળો ભૂંડ થઈશ એટલે મને ત્યાં કેમ ગોઠશે ? એમ જાણીને મારો જીવ જતો નથી. માટે તું મને મારી નાખજે.' કુંવર કહે, 'શી ખાતરી થાય ? કે તમે આવ્યા છો ?' રાજા કહે, 'મારા ચાર પગ ધોળા થાશે અને કપાળમાં ધોળું ટીલું થાશે, એવો હું ભુંડ થાઈશ.' પછી તે રાજા મરીને બાવળો ભૂંડ થયો. **અંતે યા મતિ સા ગતિ ભવેત્** અને કેટલીક ભુંડણીયોના ટોળામાં પોતે એકલો જ રહે તેને કેટલાંક બચ્ચાં પણ થયાં પછી એક દિવસ તે કુંવર સવારી લઈને નીકળ્યો. તેણે ભુંડનું ટોળું ભાળ્યું તેથી તેને સ્મૃતિ આવી જે, 'મારે બાપે કહ્યું હતું જે હું મરીને મોટો બાવળો ભુંડ થઈશ.' પછી સવારીને ત્યાં રાખીને હાથમાં ખડગ લઈને ત્યાં મારવા જાય છે. ત્યાં તો ભુંડને વાચા ઉપજી જે, 'માં...મને મારીશ માં. રાજા કહે, 'કાં ?' ભુંડ કહે કે તું જ્યારે નહોતો ત્યારે મેં પાણા એટલા દેવ કર્યા ત્યારે માંડ માંડ તું એક કુંવર અવતરેલો હતો અને આ તો વગર માનતાએ જોને આટલા બધાં છે અને હજી બે ત્રણ ગર્ભણીયું છે તેને પણ દશ વીશ પચીશ બચ્ચાં થાશે.' માટે એ કરતાં અહીંયાં મારે વધારે સુખ છે કેમકે જીવ જે જે યોનિમાં જાય તે તે યોનીમાં બંધન પામે છે. ॥૧૧૩૬॥

એક ગામને પાદર નારદજી નીકળ્યા ત્યાં ભુંડનું ટોળું ફરતું હતું. પછી નારદજીએ કહ્યું જે, 'ઓ સુવરી ! સ્વર્ગમાં આવવું છે ?' સુવરી બોલી જે, 'સ્વર્ગમાં શું છે ?' નારદજી બોલ્યા જે, 'સ્વર્ગમાં ભારે ભારે વિમાન બેસવાના અને હિરા માણેક જડેલા એવા ભારે ભારે મહોલ રહેવાના અને સાચાં મોતીના તોરણ બાંધેલા અને ભારે ભારે બાગબગીચાઓ તેમાં નાના પ્રકારના પુષ્પની સુગંધ બહેકી રહી છે અને સોનાનાં આરાવાળાં મોટાં મોટાં જળાશયો છે અને તેમાં નિરંતર રહેવાનું છે.' તે સાંભળી સુવરી બોલી જે, 'ત્યાં પાયખાના છે ?' નારદજી કહે જે, 'અરે ! રાંડ ! ત્યાં પાયખાનાં હોય ?' ત્યારે સુવરી બોલી જે, 'ત્યારે તો મારે ત્યાં આવવું નથી. કેમકે પાયખાના વિના તો આ મારો બધો પરિવાર નાશ થઈ જાય અને તારે તો મારું સત્યાનાશ કાઢવું છે કે શું ?' કેમકે જેને જે વાતની ખબર નથી તેને તે વાતનો મહિમા હોય નહીં. ।।૧૧૩૭।।

એક જન્માંધ હતો તે રોટલા જમવા બેઠો પછી તેને કહ્યું જે, 'ભાઈ ! દૂધ લઈશ ?' ત્યારે તેણે કહ્યું જે, 'દૂધ કેવું હોય ?' ત્યારે બીજે કહ્યું જે, 'ધોળું બગલાની પાંખ જેવું હોય ?' ત્યારે આંધળે કહ્યું જે, 'બગલો કેવો હોય ?' પછી ઓલ્યે વાંકો હાથ કરીને તે ઉપર આંધળાનો હાથ ફેરવાવ્યો. તે જોઈને આંધળો બોલ્યો જે, 'આવું વાંકું ચુંકું તો મારે ગળે ન ઉતરે.' પણ દૂધ કાંઈ વાંકું ચુંકું નહોતું પણ તેને અનુભવ નહોતો એટલે બિચારો શું જાણે ? ।।૧૧૩૮।।

બે ફકીર હતા. તે એક ઓડવો ગાળીને નિરંતર નિમાજ પઢતા હતા પણ બે જણા વચ્ચે પહેરવાનું એક જ લુગડું હતું તેથી પેલો નિમાજ પઢીને નીસરે અને લુગડું આપે ત્યારે બીજો નિમાજ પઢવા જાય. તેવામાં ત્યાં નારદજી નીકળ્યા.તેને સાદ કરીને કહ્યું જે, 'એ એબીશા નારદજી ! ક્યાં જાઓ છો ? નારદજી કહે, 'હું ભગવાન પાસે જાઉં છું.' ત્યારે તેણે કહ્યું જે, 'અમારો સંદેશો લઈ જશો ?' ખુદાને કહેજો જે, 'ઓલ્યા બે ફકીર છે તે બે વચ્ચે એક જ લુગડું છે. તેને બીજું લુગડું મોકલે. તો બન્ને જણાં પહેરીયે ને સાથે નિમાજ પઢીયે.' પછી નારદજી જ્યાં આઘા ગયા ત્યાં એક બીજો ફકીર મળ્યો તેણે કહ્યું જે, 'મહારાજ ! ક્યાં જાઓ છો ?' નારદજી કહે, 'હું ખુદા પાસે જાઉં છું.' ત્યારે તેણે કહ્યું જે, 'ખુદાને કહેજો જે સવામણ મળીંદો તો તમે મેલો છો પણ તેથી મારૂં થાતું નથી. માટે જો બીજો સવામણ મળીંદો મોકલો તો ઠીક.' નારદજી ભગવાન પાસે ગયા અને ત્યાં કેટલાંક કૌતુક જોવામાં આવ્યા. તેથી બન્ને ફકીરના સંદેશા કહેવાનું નારદજી ભૂલી ગયા અને જ્યાં પેલા ફકીરની નજીક વળતે ફેર નીકળ્યા ત્યારે તેણે કહ્યું જે, '' કાં ? ખુદાએ શું કહ્યું ? નારદજી કહે કે, '' હુ તો ત્યાં ગયો ત્યાં તો કેટલાક કૌતુક જોવામાં આવ્યાં તેથી તમારો

સંદેશો કહેવાનું ભુલી ગયો. ત્યારે ફકીરે પૂછયું જે, “ ત્યાં શું જોવામાં આવ્યું ?” નારદજી કહે કે સોયના નાકામાંથી હજારો હાથી ચાલ્યા જાય અને ચાલ્યા આવે પણ કોઈ હાથી સામ સામે ભટકાય નહીં તે સાંભળી ફકીર બોલ્યો “જે આવાં શાં ગલંદા મારો છો ?” એમ જયાં કહ્યું ત્યાં પવન બહુ થયો તેમાં તેનું પહેરવાનું એક લુગડું હતું તે પણ ઉડી ગયું અને બન્ને જણા નગ્ન થઈ રહ્યાં પછી જયાં આઘા ગયા ત્યાં બીજો ફકીર બોલ્યો જે “કાં નારદજી ખુદાએ શું કહ્યું?” નારદજીએ ઉપર પ્રમાણે વાત કહી સંભળાવી તે સાંભળી ફકીર બોલ્યા “એમાં તે શું આશ્ચર્ય?” સોયના નાકામાં તો હાથી ચાલ્યા જાય ને ચાલ્યા આવે તો પણ ભટકાય નહીં પણ મોટા મોટા પર્વતે પર્વતો ચાલ્યા જાય ને ચાલ્યા આવે તોય પણ ભટકાય નહીં માટે ખુદા કરે તે શું ન થાય ? ખુદા ચાય સો કરે ! પછી સવામણ મળીંદો હતો અને બીજો સવામણ મળીંદો આવવા લાગ્યો માટે જો ભગવાન ઉપર વિશ્વાસ હોય તો પણ ગમે તેવું કાર્ય હોય તે આપણાથી ન થાય તેવું હોય તો પણ તે ભગવાનનાં વિશ્વાસ ઉપર રાખીને કરીએ તો બની શકે છે માટે જે કામ કરવું તેમાં પરમેશ્વરને પહેલાં સંભારવા, માટે ભગવાનનો વિશ્વાસ જોઈએ. ॥૧૧૩૯॥

એક ચકલી હતી તે મેરુના શિખર ઉપર જઈને બેઠી અને ત્યાં તેણે એવો વિચાર કર્યો જે, ‘ભગવાન અહીં મને પાણી પાય તો મારે પીવું, નહીં તો ન પીવું.’ પછી ભગવાને એવી માયા રચી જે તેના પેટ સુધી પાણી દેખાયું ચકલી કહે હું વાંકી ન વળું મારી ચાંચ બુડે ત્યાં સુધી પાણી જોઈએ. તે ઉપરથી ભગવાને તેની ચાંચે બુડે ત્યાં સુધી પાણી કર્યું અને ભગવાને મેરુ પર્વતના શિખર ઉપર ચકલીને પાણી પાયું. માટે જો તેને ટેક હતી તો ભગવાને તેની પ્રતિજ્ઞા રાખી માટે આપણે પણ જો સાચી રીતે ટેક હોય તો ભગવાન તે ટેકને ફળીભૂત કરે. ॥૧૧૪૦॥

એક વખત રાધિકાજીએ ભગવાનને કહ્યું જે, ‘તમે વિશ્વંભર છો ?’ ત્યારે ભગવાન કહે, ‘હા.’ રાધિકાજી કહે, ‘અત્યારે કોઈ ભૂખ્યું નહીં હોય ને ?’ ભગવાન કહે, ‘ના, અત્યારે કોઈ જીવ પ્રાણી માત્ર ભૂખ્યું નથી.’ એમ કહીને રાધિકાજીએ એક ડાબલીમાં કીડી પુરેલી. તે ડાબલીમાં પોતાના કપાળમાંથી ચોખાનો દાણો પડી ગયેલો તેની પોતાને ખબર રહી નહીં અને કીડી પણ ડાબલીમાં બેઠી બેઠી ચોખાનો દાણો ખાતી હતી. પછી ડાબલી લાવીને ભગવાનને દેખાડી ડાબલી ઉઘાડીને ભગવાનને કહ્યું કે, ‘જુઓ, આ કીડી ભૂખી છે ?’ ત્યાં તો કીડી ચોખાનો દાણો ખાતી હતી. ભગવાને કહ્યું કે, ‘જુઓ, કયાં ભૂખી છે ?’ માટે ભગવાનમાં એવી અપાર શક્તિ છે જે કીડીના પગમાં નેપુર વાગે તેબી સાહેબ સુનતા હે ! માટે ભગવાનથી કોઈ વાત અજાણી નથી. ॥૧૧૪૧॥

ગરૂડજીયે એક પોપટ પાળ્યો હતો. તેને પાંજરામાં રાખીને પોતાની પાસે રાખતા હતા. તેવામાં ધર્મરાજા તેમના આશ્રમમાં થઈને નીસર્યા. પછી પોપટને જોઈને ધર્મરાજાને હસવું આવ્યું જે વિધાતા તે પણ ખોટું લખે છે. કેમકે આજ દિવસના બાર વાગ્યે આ પોપટનું મૃત્યુ મેરુ પર્વતના શિખર ઉપર થવાનું છે. પછી ગરૂડજીને શંકા ઉત્પન્ન થઈ જે, 'ધર્મરાજા મારા પોપટ સામું જોઈને હસ્યા. માટે તેમાં કાંઈક કપટ છે ? એમ જાણીને પોપટને મેરુ પર્વતના શિખર ઉપર મૂકી આવ્યા અને પછી ધર્મરાજાની પાસે યમપુરીમાં ગયા. ધર્મે ઘણો ગરુડજીનો આદર સત્કાર કર્યો અને તેમને આવવાનું કારણ પૂછ્યું .ત્યારે ગરુડજી બોલ્યા જે, 'તમે મારા પોપટ સામું જોઈને કેમ હસ્યા હતા ?' પછી ધર્મે કહ્યું જે, 'વિધાતા પણ ખોટું લખે છે કેમકે આજ રોજ દિવસના બાર વાગે તે પોપટનું મૃત્યુ મેરુ પર્વતના શિખર ઉપર છે અને તે પોપટ તો તમારી પાસે પાંજરામાં છે.' ગરુડજી કહે, 'હું તે પોપટને મેરુ પર્વતના શિખર ઉપર મૂકીને આંહીં આવ્યો છું ? ત્યારે ધર્મરાજા કહે કે, તે તો ત્યાં મરી ગયો માટે ભાવી છે તે બળવાન છે, કેમકે જ્યાં જેનું ભવિષ્ય હોય ત્યાં તેને ખેંચીને લઈ જાય છે. ॥૧૧૪૨॥

પછી ગરુડજીએ પૂછ્યું જે, 'મારું મૃત્યુ ક્યારે છે ?' ત્યારે ધર્મે કહ્યું જે, 'હું અત્યારે જમવા બેઠો છું. તો તમો તે બાબતનું આ ચોપડામાં જુઓ.' ગરૂડજીએ જોતાં જોતાં હાથ આવ્યું કે, જે દિવસ ગરૂડજી આ ચોપડો જુએ તે દિવસે તેમનું મૃત્યુ થશે' એટલે ગરૂડજીનું પણ ત્યાં જ મૃત્યુ થયું. ॥૧૧૪૩॥

ઈંદ્ર રાજા હતા તેને વિચાર થયો જે, 'આ ત્રિલોકની તમામ પ્રજા મને કર ભરે છે અને ઋષિઓ કર ભરતા નથી. માટે મારે ઋષિઓને માથે કર ઠરાવવો ?' એમ વિચાર કરીને પોતે વિમાનમાં બેસીને ઈંદ્રાણીને સાથે લઈને મૃત્યુલોકમાં ફરવા નીકળ્યા. આવતાં આવતાં કોઈક મોટું શહેર હશે. ત્યાં એક નદી હતી ત્યાં શબ બળતું હતું. ત્યાં એક ચાંડાળી ઉભી હતી. તે બળતણ વીણવાને માટે નીસરી હતી. તેણે એક કુતરાનું માંસ લીધું અને માણસના માથાની ખોપરી લીધી અને તેમાં દારુનું આંધણ મેલીને તેને સુકું ખાસડું ઢાંક્યું. તેને જોઈને ઈંદ્ર પૂછ્યું જે, 'હે બાઈ ! તું કોણ છે ?' ચાંડાળી બોલી જે, 'હું ચાંડાળી છું અને આ ચિતાનો અગ્નિ છે અને આ માણસના માથાની ખોપરી છે તેમાં દારૂનું આંધણ મેલીને તેમાં કુતરાનું માંસ રાંધું છું.' ત્યારે ઈંદ્ર રાજાએ કહ્યુ જે, આને અભડાવે એવું બીજું કયું છે ? જે તેની ઉપર સુંકું ખાસડું ઢાંકયું છે. તે સાંભળીને ચાંડાળી બોલી જે,'આને અભડાવે એવા આ પૃથ્વી ઉપર્ય ઘણા છે. એક તો ગાયની આજીવિકા ત્રોડે અને બ્રાહ્મણની આજીવિકા ત્રોડે અને દેવની આજીવિકા ત્રોડે, તેના પગની જો રજ અડે તો આ

મારા છોકરાને ખાધા જેવું રહે નહીં.' તે સાંભળીને ઈંદ્ર રાજા સ્વર્ગમાં ગયા અને ત્યાં જઈને વિચાર કર્યો જે, 'હું જ્યારે ઋષિનો કર લેવા જાઉં છું.' તેવો સંકલ્પ હતો તે પછી માંડી વાળ્યો અને કેટલાક ખેડુ છે તે ગૌચર ખેડે છે તે અને પરંપરાથી બ્રાહ્મણોની આજીવિકા ચાલી આવતી હોય તે ત્રોડે છે તથા પોતાના બાપ દાદાએ દેવની આજીવિકા બાંધી હોય તે પણ ત્રોડી નાંખે છે. માટે તેમણે વિચારવું જોઈએ જે આવા પાપ છે. ॥૧૧૪૪॥

એક કણબી હતો તેના માવતર નાનપણમાં મરી ગયાં હતાં. તેથી પોતે સમજણો થયો ત્યારથી સાથી રહેવા માંડ્યો અને બાર મહીનાનો પગાર આવે તેના દર વરસે ભવાયા રમાડીને દાન કરતો. પછી તે ઘરડો થયો ત્યારે આંધળો થયો અને તે ગામમાં અમે ફરવા ગયા હતા. પછી તેણે પૂછ્યું જે, 'મહારાજ ! હું શે પાપે કરીને આંધળો થયો હઈશ ? કેમકે હું નાનો હતો ત્યારથી સાથી રહી રહીને પેદા કરેલા પૈસામાંથી ભવાયા રમાડ્યા કર્યા છે. પણ એક પૈસો ગાંઠ્યે રાખ્યો નથી. આવું તો મેં પુણ્ય કર્યું છે ! માટે હું શે પાપે આંધળો થયો હઈશ ?' કેટલાક માણસો આને પણ પુણ્ય માને છે જે મેં પુણ્ય કર્યું આમ માને છે પણ એક બ્રાહ્મણ મારવો અને ભવાયા રમાડવા એ બરોબર પાપ છે પણ તે એમ નથી જાણતો જે મેં આખી જીંદગી પાપ જ કર્યું છે ! જેને પુણ્ય પાપની ખબર નથી તેને શું ? ॥૧૧૪૫॥

એક ગામમાં એક પટેલે ભવાયા રમાડ્યા. પછી તેની દીકરી તથા દીકરાની વહુઓ વિગેરે સૌ જોવા ગયા. કેમકે જીવને વિષયમાં રાગ છે અને વળી વિષય મળ્યા પછી તે સૌએ આખી રાત ભવાયા જોયા અને બીજે દિવસે દીકરીયું તથા વહુઓ સૌ ખેતર ખડ લેવા ગયાં. પછી તેમાં મોટા મહોલ હશે તેમાં જઈને પોતાના સાડલા કેડ્યે બાંધ્યા અને પોતાના માથાના કેશ કેટલીકે છુટા મેલ્યા અને ખેતર વચ્ચે ભવાઈ આદરી ને થૈ થૈ કાર કર્યા. તેની સરત તે ખેતરના રખવાળે રાખી અને સાંજે આવીને પટેલને વાત કરી જે, 'ભાભા ! આજ રાતના તમે ભવાયા તો રમાડ્યા હતા પણ આજ ખેતરમાં તમારી દીકરી તથા વહુઓ મળીને સૌ ભવાઈ કરતાં હતાં.' પછી પટેલે નીમ લીધું જે, 'આજથી ભવાયા રમાડે તેના બાપને માથે પસતાળ.' કેમકે આ તો ઘરમાં જ ભવાઈ પેઠી. માટે જીવને ઉતરતું શીખતા વાર લાગતી નથી અને કથાવાર્તા સાંભળવા જાય તો ઉંઘ આવે. ॥૧૧૪૬॥

**ઈંગોરાળા** ગામમાં વહીવટદાર આવ્યા હશે અને ત્યાં ભવાયાનું પેડું પણ રમવા આવેલું તેણે ખોડા પટેલને કહ્યું જે, 'ભાભા ! અમને રમત આપો' ભાભો કહે, 'હું તો સત્સંગી છું તે તમને રમત આપું નહીં.' પછી વહીવટદારે કહ્યું જે, 'જા આજ રાતની રમત અમે આપીયે છીયે.' પછી રાત્રે ભૂંગળા વાગ્યા અને ઢોલકાં વાગ્યાં એટલે ખોડા પટેલનો

દીકરો ભવાન કરીને હતો તેની દશ બાર વરસની અવસ્થા હતી. તેણે કહ્યું જે, 'દાદા મારે ભવાયા જોવા જવું છે.' ભાભો કહે, 'બોલ્યમાં, મૂરખ ! આપણે હરિભક્ત છીએ તે ભવાયા જોવા જવાય નહીં !' તો પણ બાળહઠ લીધી એટલે ભાભે કહ્યું જે, 'જો આ પટારામાં નવાં લુગડાં છે તે પહેરીને જા કેમકે જુના પહેરીને જઈશ એટલે તને કોણ ઓળખશે ?' પછી પટારો ઉઘાડીને છોકરાને માંહી ઉતાર્યો અને પટરાનું ઢાંકણું ઉપરથી દઈ દીધું એટલે છોકરો બાંગુ દેવા માંડ્યો જે, 'દાદા ! ઉઘાડો ઉઘાડો.' પણ પટેલ પટારો ઉઘાડે નહીં. આ રગજગ બધી વહીવટદાર ઓસરીમાં બેઠા બેઠા સાંભળતા હતા. પછી વહીવટદારે કહ્યું જે, 'પટેલ ! છોકરો એક જ છે તે મરી જાશે માટે પટારો ઉઘાડો.' પટેલ કહે, 'મરે તો ઘોળ્યો મરે, પણ ! અમારાં હરિભક્તનાં છોકરાં ભવાયા જોવા જાય ?' પછી વહીવટદારે કહ્યું જે, 'આજથી હવે જે ભવાયા જોવે તેના બાપને માથે પસતાળ છે અને હવે ભલો થઈને છોકરાને પટારામાંથી બહાર કાઢ્ય.' પછી છોકરાને પટારામાંથી બહાર કાઢ્યો અને ભવાયાની રમત બંધ રખાવીને તેમને રજા અપાવી. ।।૧૧૪૭।।

એક ગામમાં ભવાયા રમતા હતા ત્યાં ટેલીયો બ્રાહ્મણ આવ્યો. બ્રાહ્મણ ભવાયા જોવાનો શોખીન હતો પણ તેને બેસવાની જગ્યા મળી નહીં. પછી જે જગ્યાએ ભવાયા રમતા હતા ત્યાં લીંબડાનું એક ઝાડ હતું. તે ઉપર ચડીને પોતાના લુગડાની ઝોળી વાળીને તેમાં જોવા સારુ બેઠો અને પછી જ્યારે ભવાયાનો વેશ આવે ત્યારે બ્રાહ્મણ દાંત કાઢે અને ઝોળીમાં ઊંચો નીચો થાય એમ કરતાં કરતાં રાતના ચાર વાગ્યે લુગડાની ઝોળીની ગાંઠ્યો છૂટી ગઈ તેથી ભવાયાના પટ વચ્ચે પડ્યો અને ત્યાં ને ત્યાં મરી ગયો. પણ આ વેશ સારો કે આ વેશ નરસો એમ કહેવાને જીવતો રહ્યો નહીં. ।।૧૧૪૮।।

બોટાદ ગામમાં ભવાયા રમતા હતા અને એક કોળીનાં વખાણ કર્યાં હશે. તેણે પોતાના પહેરેલાં લુગડાં ચોરણા સહિત ભવાયાને આપી દીધા. પછી ભવાયો બોલ્યો જે, 'આ કોણ દાનેશ્વરીનો દીકરો છે ? જે માયે જણ્યો હોય તેવો ઉભો છે.' પછી તે કોળી પોતાના ઘર ભણી દોડ્યો આવતો હતો અને હું પણ રાત્રીના ચાર વાગ્યે પ્રસાદીની વાવ્ય છે ત્યાં નહાવા જતો હતો. એટલે રાંગળી શેરીમાં બીક લાગે છે. ત્યાં ભેળો થયો એટલે મેં કહ્યું જે, 'કોણ એ... ?'ત્યારે તેણે કહ્યું જે, 'એ તો હું તીટલો.' ત્યારે મેં કહ્યું જે, 'અલ્યા આમ કેમ ઉઘાડો ?' ત્યારે તેણે કહ્યું જે, 'ભવાયા રમે છે તેને મારાં બધાંય લુગડાનું દાન કરી દીધું.' ત્યારે મેં કહ્યું જે, 'મર્ય, મૂરખ ! પેર્યાનું તો રાખવું તું ને એમ કેટલાક નાગા થઈને ચંદરવા બાંધે છે.' ।।૧૧૪૯।।

એક ગામમાં ભવાયા રમતા હતાં ત્યાં એક બ્રાહ્મણ ભવાયા જોવા ગયો હતો.

ભવાયે બ્રાહ્મણના બહુ વખાણ કર્યા જે, 'ભલે પંડ્યા ! ભલે ? એટલે તેણે લુગડાનો આખો તાકો લઈને ભવાયાને આપ્યો અને ઘરે છોકરાને પહેરવા માટે કેડીયું નહોતું. તે મારી પાસે આવ્યો ત્યારે મેં કહ્યું જે, 'મૂરખ ! ચાર હાથ ફાડી લેવુંતું ને, છોકરાને કેડીયું થાત.' ત્યારે તે કહે, 'છોકરો તો નાગો સારો.' માટે કેટલાક આવા પણ દાનેશ્વરી હોય છે જે, "ઘરના છોકરાં ઘંટી ચાટે અને પાડોશીને આટો ॥ સાખી–

પોતાના પુંછલે પડે । પરના કરે કલ્યાણ ॥
પરગંધીલો કેવડો ॥ ભજલી વાળો ભાણ ॥

માટે પહેલું પોતાના બાળકોનું પોષણ કરતાં શીખવું. ॥૧૧૫૦॥

એક ગામમાં ભવાયા રમતા હતા ત્યાં બહુ મોટો ચોક છે. પછી એક ભાભો મંદિરમાંથી ઉઠીને ઘરે જતો હતો તેને વિચાર થયો જે, 'લે ને એક બે વેશ જોતો જાઉં જે કેવાક રમે છે ?' પછી એક ઉંચા પરશાળવાળી દુકાન હશે તેના ખૂણામાં છાની રીતે જઈને બેઠો અને ત્યાં અરધી રાત થઈ. ત્યાં એક મોટો સર્પ નીકળ્યો અને સૌ લોક નાશ ભાગ કરવા લાગ્યા. તેમાં ભાભો કેટલાકની નજરે ચડ્યો ત્યારે સૌ કહેવા લાગ્યા જે, 'ભાભા ! તમે કેવા ?' ભાભો કહે, 'હું આંહીંયાં બેઠો હતો અને ડેડું આવ્યું તે બેસી રહ્યો.' માટે કેટલાક વૃદ્ધ થાય પણ રાગ રહી જાય છે. ॥૧૧૫૧॥

એક ગામમાં ગરાસીયાની બે પાટીયું હતી. તેમાં એક ગરાસીયાની પાટીમાં બીલાડો મરી ગયો હતો અને તે પાટીવાળો ઢેઢ ક્યાંઈક પરગામ ગયેલો હશે તેથી બીલાડીને કોઈ ઢરડનાર નહોતું અને ચોક વચ્ચે મરી ગયેલો હતો તેથી ચોક બધો ગંધાઈ ગયો હતો. પછી ગરાસીયે બીજી પાટીવાળા ઢેઢને બોલાવ્યો અને કહ્યું જે, 'આ બીલાડો ગંધાઈ ઉઠ્યો છે તેને તું બાહર નાંખી આવ્ય.' ઢેઢ બોલ્યો જે, 'ના, બાપુ ! હું નહીં નાંખી આવું. તમારી પાટીવાળો આવે તો મને મારે અને તકરાર થાય.' દરબાર કહે, 'જા ને હું કહું છું ને!' પછી તેના કહેવા ઉપરથી બીલાડાને ગામ બહાર નાંખી આવ્યો અને સાંજ થઈ એટલે બીજી પાટીવાળો ઢેઢ પરગામથી ઘરે આવ્યો તેને કોઈકે કહ્યું જે, 'તારી પાટીમાંથી મરેલો બીલાડો ઢરડીને ટાભલો નાંખી આવ્યો. પછી તેણે જઈને ફરીયાદી કરી જે, 'મારી પાટીમાંથી ટાભલો મરેલ બીલાડો ઢરડે જ કેમ ? અને તેનું કામ ચલાવ્યું. માટે સંસાર વહેવાર છે તે મરેલ બીલાડા જેવો છે તેને કોઈક આગેવાન થઈને ઢરડતો હોય તો ઢરડવા દેવું પણ તેમાં દુઃખ માનવું નહીં. ॥૧૧૫૨॥

બે ભાઈ હતા. તેને એક વાઢના ઓરડાનો વાંધો પડ્યો હતો તેથી કોરટમાં કામ

ચાલ્યું. એક પાવલાના ઓરડા સારુ બે બે હજાર રૂપિયા વકીલ ખાઈ ગયા. માટે આ પણ એક જાતનું અજ્ઞાન છે. વિચારી તો જુઓ બબે હજારનાં મોટા મકાન થઈ રહે પણ જો તે પૈસા ઘરમાં રહ્યા હોત તો સુખેથી છોકરાનો નિર્વાહ ચાલત. ॥૧૧૫૩॥

એક સાધુનું મંડળ ફરવા જતું હતું. પછી આગળ જતાં બે મારગ નોખા પડ્યા ત્યારે એક જણ કહે, 'આ મારગે જાઈએ.' ને એક જણ કહે, 'આ મારગે જાઈએ' પછી સૌ પાછા મંદિરમાં આવ્યા ત્યારે ગુણાતીતાનંદસ્વામી કહે, 'કેમ પાછા આવ્યા ! ત્યારે બેય જણ બોલ્યા જે, 'આ કહે જે આ મારગે જાઈએ ને મેં કહ્યું. જે આ મારગે જાઈએ.' સ્વામી કહે, 'મરો, મૂરખો ! જે મારગે ગયા હોત તે મારગે ગામ આવત.' માટે જીવને ધાર્યું મૂકવું તે મુવા બરાબર છે. ॥૧૧૫૪॥

એક ગામમમાં સાધુ ફરવા ગયા હતા પછી કઢી હલાવવી હતી તેમાં ચાટવો નાંખવો. તેમાં એક કહે, 'આ ઠેબેથી હલાવીયે' અને એક કહે કે, 'આ ઠેબેથી હલાવીએ.' એમ કરતાં કરતાં બોલાચાલી થઈ અને બન્ને જણ ચાટવે ચાટવે વઢી પડ્યા. માટે મૂરખ આગળ નમીને ચાલે તે સુખીયો થાય. ॥૧૧૫૫॥

**આટકોટ** ગામમાં સુતાર હતો તે બેઠો બેઠો ઘડતો હતો. પછી તેણે પોતાની સ્ત્રીને ક્રોધે કરીને લાકડાનો ડંડીકો માર્યો એ તે બાઈને વરામનો વાગ્યો. તેથી બાઈને પણ ક્રોધ ચડ્યો. તેણે વીંધણાનો ઘા કર્યો તે સુતારના ગળામાં વાગ્યો. પછી તે સુતાર પાણી પીયે તો ગળાની બહાર ધાર થાય. પછી ડોક્ટરને બોલાવીને ગળે પટ્ટી મરાવી એક માસ સુધી દવાખાનામાં રાખ્યો અને તેની સ્ત્રીને તેના બાપે રજા આપી એટલે તે તેને પીયર ગઈ. પછી સુતારને માથે પાણી નાંખી ઘરે લાવ્યા. ઘરે આવીને ચારે કોર તપાસ કરવા મંડ્યો પણ પોતાના ઘરનું મનુષ્ય ભાળ્યું નહીં. ત્યારે તેણે તેના બાપને પૂછ્યું જે, 'બાપ ! મારા ઘરનું માણસ કેમ જણાતું નથી ?' તેનો બાપ કહે, 'તેને તો મેં તરત રજા આપી છે તે તેને પીયર ગઈ છે.' છોકરો કહે, 'શા માટે રજા આપી ? વાંક તો મારો હતો.' મેં જ્યારે ડંડીકાનો ઘા કર્યો ત્યારે તેણે વિંધણાનો ઘા કર્યો હતો. માટે તેને માણસ મોકલીને બોલાવી લાવો.' માટે આ દુનિયામાં સંબંધીમાં એવું હેત છે કે ગળું કાપે તોય પણ તેનો અભાવ આવે નહીં. માટે તેવું હેત જો ભગવાન તથા સંત સાથે થાય તો મોક્ષમાં વાંધો આવે નહીં. ॥૧૧૫૬॥

એક અમલદાર હતો. તેણે બીજા ગામના પટેલ ઉપર પત્ર લખીને શેરડીના ત્રીસ સાંઠા મંગાવ્યા ને માણસ કાગળ લઈને બીજે ગામ પટેલ પાસે ગયો. પટેલે લખ્યા પ્રમાણે ત્રીસ સાંઠાનો ભારો બાંધીને તે માણસ સાથે અમલદારને મોકલાવ્યો અને સાથે એક

કાગળ લખીને પણ આપ્યો. પછી તે શેરડીનો ભારો લઈ જનાર માણસે પટેલને પૂછ્યું. જે, 'હું શું કહું ?' પટેલ કહે, 'તારે શું કામ છે ? એ તો કાગળ કહેશે.' પછી માથે ભારો લઈને ચાલતો થયો અને બે ગાઉ ગયો એટલે તેને ભૂખ લાગી તેથી વિચાર કર્યો જે, 'માથે શેરડીનો ભારો છે ને ભૂખ્યા જવું તે ઠીક નહીં. અને પટેલે કહ્યું છે જે કાગળ કહેશે.' પછી એક વોંકળામાં શેરડીનો ભારો હેઠો મેલીને અને કાગળને પહોળો કરીને તેને પૂછવા લાગ્યો. જે, 'લે બોલ્ય. હું આમાંથી પાંચ સાંઠા ખાઉં કે નહીં.' એમ બે ચાર વાર બોલ્યો. પણ કાગળ કાંઈ બોલ્યો નહીં. પછી વિચાર કર્યો જે, 'પટેલ તો ખોટો. કેમકે કાગળ કાંઈ બોલતો નથી.' પછી કાગળને એમને એમ પહોળો રાખીને શેરડી ખાવા લાગ્યો. પોતાના મનમાં એમ જે કાગળ ના પાડશે તો આળસી જઈશ. પછી પાંચ સાંઠા ખાઈને ભારો બાંધીને ચાલતો થયો અને કાગળને પણ ગાંઠયે બાંધી લીધો. પછી સામે ગામ જઈ અમલદારને શેરડીનો ભારો આપ્યો અને કાગળ આપ્યો અને પછી અમલદારે કાગળ વાંચીને કહ્યું જે, 'ગણો કેટલા સાંઠા છે ?' પછી ગણ્યા. ત્યાં તો ત્રીસ સાંઠા લખેલા. તેમાં પચીસ સાંઠા નીકળ્યા અમલદારે કહ્યું જે, 'ઓછા કેમ છે ?' તે માણસ બોલ્યો જે, 'કોણ કહે છે ?' ત્યારે અમલદારે કહ્યું જે, 'કાગળ કહે છે.' પેલો માણસ બોલ્યો જે, 'ઓલ્યા વોંકળામાં કેમ બોલ્યો નહીં ?' અને આંહીં બોલ્યો.' માટે કાગળ તો વખતે બોલશે ? એટલે ગીતા ભાગવત છે તેમાં કહ્યું છે તે પ્રમાણે ધર્મ નિયમ નહીં પાળે તો જમપુરીમાં જાશે. ત્યારે કાગળ બોલશે ! ॥૧૧૫૭॥

એક કણબી હતો. તેણે ચાર દીકરીયુંનાં લગ્ન કર્યાં હતાં. તેના વિવાહ વોરવા માટે ગાડું જોડીને સાબદો થયો ત્યારે કેટલાક તેના સંબંધીઓ કહેવા લાગ્યા જે, 'મારી બે કન્યાનું લાવજો અને બીજો કહે મારી પાંચ કન્યાનું લાવજો.' એમ વીશ જણાના સંદેશા ગાંઠે બાંધ્યા અને ભાવનગર જેવું શહેર હશે. ત્યાં જઈને તે વીશે જણાના વિવાહનો સામાન લઈને ગાડું ભર્યું પણ પોતાની ચાર કન્યાઓનો સામાન લેવાનું ભૂલી ગયો. પછી ગાડું લઈને ઘરે આવ્યો. ત્યારે ગાઠ્યું છોડતો ગયો અને સૌનો સામાન આપતો ગયો. પછી તેની ઘરવાળી બોલી જે, 'બીજાને આપો છો પણ આપણો સામાન ઉતારોને.' ત્યારે કણબી બોલ્યો જે, 'અલ્યા ! એ તો હું ભૂલી ગયો.' બાઈ કહે, 'મર્ય, પીટ્યા ! બીજાનું લાવ્યો અને પોતાનો જ સામાન લાવવાનું ભૂલી ગયો.' તેમ આ જીવ બીજાનું કરવા જાય છે અને પોતાના જીવનું કરવું છે તે ભૂલી જાય છે. ॥૧૧૫૮॥

એક કણબી હતો. તેના ઘરમાં તેની ઘરવાળીનું ઉપરજાણ હતું અને તેનો બાપ મરી ગયો પણ તેનું ખરચ કરવા દેતી નહીં. પછી જ્યારે છોડીયોનો વિવાહ આવ્યો ત્યારે તે કણબી અટકીને બેઠો જે, 'આજ હું સાંતીએ નહીં જાઉં. કેમકે મારા બાપનું ખરચ કરવા

દીધું નથી.' બાઈ કહે જે, 'છોડીયુંના વિવાહ થાય છે તે ભેળા તારા બાપનું કારજ કરીશું પણ સાંતી લઈને ખેતરમાં જાને.' પછી જ્યારે માયરુ કરીને ચોરીયે ચડ્યા ત્યારે એક કોરે બાર પાણીના ઘડા ભરીને મૂક્યા. પછી પટલાણી બોલ્યાં જે, 'જો આ ફેરા ફરે છે તે તો છોડીયોના વિવાહ અને આ કોરા ઘડા પાણીના ભરીને મૂક્યા છે તે તારા બાપનો ઘડહો.' તેમ આ દુનિયામાં એક કોર ચોરીને એક કોર ઘડહો હોય એમ બન્ને સાથે જ ચાલે છે. કેમ કે કુટુંબમાં સંપ હોય તો ચોરી અને કુસંપ હોય તો ઘડહો. ॥૧૧૫૯॥

એક ગામમાં સાધુ ફરવા ગયા હતા. પછી તે ગામનો પટેલ હશે તે હરિભક્ત હતો. તેણે પોતાના છોકરાને સાધુ પાસે બેસાર્યા. પછી તે ગામનો મોટો પટેલ હશે તેણે ઠપકો આપ્યો જે, 'અત્યારે વાવણી વખત છે અને દાડીયા કરીને વાવેતર કરાવે છે અને સાધુ પાસે છોકરા બેસારે છે. માટે તું આવો કેવો ?' હરિભક્તે કહ્યું કે,'પટેલ ! જો છોકરા સાધુ પાસે બેસે તો તેમની જ્ઞાનવાર્તાથી સુધરે અને ચોરી છીનાળી ન કરે.' પછી મોલ મોટા થયા અને પટેલનો દીકરો કોઈ બાઈ માણસ સાથે ધર્મભ્રષ્ટ થયો. તેની રાજાને ખબર પડી એટલે તેનો પાંચસો રૂપિયા દંડ કર્યો. પછી શિયાળાની રાત્રી હતી તેવા વખતમાં બન્ને જણાં તાપતા હતા ત્યારે હરિભક્તે કહ્યું જે, 'પટેલ ! પાંચ મણ દાણા વધારે કે પાંચસો રૂપિયા વધારે ? કેમ કે મારા છોકરા જો સાધુ પાસે બેઠા તો ચોરી છીનાળી કરવા શીખ્યા નહીં અને તમારા છોકરાએ ઘા માર્યો તેથી પાંચસો રૂપિયા દંડ ભરવો પડ્યો.' પછી પટેલ કાંઈ બોલ્યો નહીં. માટે સંતના સમાગમથી જીવને જ્ઞાન આવે છે. ॥૧૧૬૦॥

બે જણા એક ગામમાં રહેતા હતા. તેમાં એક હરિભક્ત હતો અને એક કુસંગી હતો. તે બેયની ઘરવાળીયું મરી ગઈ. પછી હરિભક્ત તો મનમાં સમજી રહ્યો જે, 'કાં તો હું પહેલો જાત ને કાં તો તે પહેલી જાત. પણ કાંઈ બન્ને સાથે જાત નહીં. માટે પ્રભુએ જે કર્યું હશે તે ઠીક જ કર્યું હશે.' એમ સમજીને બેસી રહ્યો અને કુસંગીએ તો રોઈ રોઈને અને કુટી કુટીને છાતી પકવી દીધી. પછી એક દિવસ ધુમાડીયે બન્ને જણા તાપતા હતા. ત્યારે કુસંગીએ સત્સંગીને ઠપકો આપ્યો જે, 'ભલા માણસ ! માણસ જેવું માણસ મરી ગયું અને ઘરે તાળું દેવાણું અને તું કાંઈ રોયો નહીં કકળ્યો નહીં તે તારી આવી કઠણ છાતી કેવી ?' ત્યારે સત્સંગી બોલ્યો જે, 'જો, ભાઈ ! તું રોયો કકળ્યો ને ખાધું નહીં અને છાતી કુટી તે તારે ઘરે જો પાણી ભરતી હોય તો લેને હું દાડીયા કરીને કુટાવું !' પછી કુસંગી બોલ્યા વિના બેસી રહ્યો. ॥૧૧૬૧॥

**વાગડ** ગામમાં ભીખોભાઈ કરીને એક શેઠ હતા તે સદ્ગૃહસ્થ હતા. અને જ્યારે જમવા બેઠા ત્યારે દીકરાની વહુએ થાળી પીરશી. તે રસોઈ ને બે ત્રણ કલાક વીતી ગયેલી

એટલે ઠંડી થઈ ગયેલી. પછી શેઠે કહ્યું જે, 'વહુ ભા ! હું વૃદ્ધ છું અને મારે દાંત નથી માટે ઉનું ઉનું રાખો તો ઠીક.' વહુએ જવાબ આપ્યો જે, 'ઉનું ઉનું ખાવું હોય તો બીજી કરોને !' તે સાભળીને શેઠને ચટકી લાગી એટલે વીશ હજાર રૂપિયા મહુવામાં મોકલીને પોતાનો સંબંધ કરાવ્યો તે વાતની અદ્‌ભુતાનંદસ્વામીને ખબર પડી જે, 'તમારો શિષ્ય કુવે પડવા ચાલ્યો.' એકદમ વડતાલથી વાગડ આવ્યા. પછી સ્વામીએ શેઠને બહુ બહુ સમજાવ્યા ત્યારે તેમણે કહ્યું જે, 'વીશ હજાર રૂપિયા મહુવામાં મોકલ્યા છે અને ત્યાં મારો સંબંધ કર્યો છે.' સ્વામીએ વાતચીત કરીને તેને પરણાવવાનો સંકલ્પ અળસાવ્યો અને તેને બે નોકર રાખી આપ્યા. એક બ્રાહ્મણ રસોયો રાખ્યો. તે શેઠ જ્યારે જમવા બેસે ત્યારે ઉનાં ઉનાં દાળ ભાત રોટલી કરી આપવી તથા તેને જે ખાધાનો સંકલ્પ થાય તે તેને તુરત કરી આપે એવો ઠરાવ કર્યો. અને બીજો માણસ હતો તે નવરાવે ધોવરાવે અને ચાકરી કરે પણ વીશ હજાર રૂપિયા મોકલ્યા તે શી રીતે આવે? પછી તેને માટે ગઢડાના કોઠારી ભીમજીભાઈની સાધના કરી એટલે તેમણે મહુવાના હરિભક્તો દ્વારા રૂપિયા પાછા લેવાનું કર્યું પણ કન્યાના બાપે રૂપિયા ચૌદ હજાર પાછા આપ્યા અને છ હજાર રૂપિયા તો વાગદાનમાં રાખ્યા. પછી તે ચૌદ હજાર રૂપિયા ધર્માદામાં વાપર્યા ને ગઢડા, જુનાગઢ, ધોલેરા, વડતાલ એ ચારે મંદિરમાં ચાંદીના કમાડ કરાવ્યાં. માટે સંસારમાં કોઈ માણસ શબ્દ કહે તે વિચારતા શીખવું. સાખી–

*''શબ્દે માર્યા મરી ગયા, શબ્દે છોડ્યાં રાજ,*
*જેણે શબ્દ વિચારીયાં, તેનાં સરીયાં કાજ''*

માટે શબ્દવેધી થાતાં શીખવું. ॥૧૧૬૨॥

એક ડોશી હતી તે કથા સાંભળવા ગઈ. તે કથામાં એમ આવ્યું જે, 'જોગીનું પતર પૂરે તો દેવનાં વિમાન આવે.'પછી ડોશી કથા સાંભળીને ઘરે આવીને જોગીની વાટ જોવા લાગી. તેવામાં એક મુંડો જોગી થયો હતો. તે તેને ઘરે આવીને ઉભો રહ્યો ત્યારે ડોશીયે કહ્યું જે, 'જોગીરાજ ! આવો આવો એમ' કહીને જોગીને પોતાને ઘરે તેડી જઈને જોગીને ત્રણ દિવસનો ખાટો બોળો હશે. તેનું પતર ભરી દીધું. અને તેને જોગીયે ચાખ્યો ત્યાં તો તાળવે સડાકો આવ્યો. ડોશીએ ફળીમાં ઉભી રહીને ઉંચું જોયું એટલે જોગી બોલ્યો જે, 'ડોશી ! શું જુઓ છો. ?' ત્યારે ડોશી કહે, 'આજ કથામાં આવ્યું તે જોગીનું પતર પુરે તો વિમાન આવે. ! ત્યારે જોગી બોલ્યો જે, 'તારું પુન્ય જોતાં અને મારો જોગ જોતાં તો ઉપર્યથી પથરા પડશે તો તારૂં માથું ફૂટી જાશે. તેં મને ત્રણ દિવસનો ખાટો બોળો આપ્યો અને હું છું જાતનો મુંડો, માટે ઝટ ઘરમાં પેસી જા નીકર પથરા પડશે તો માથું ફુટી જાશે.

! માટે કેટલાકને દાન લેનાર પાત્ર આવાં મળે છે. "જેવો તારો બોળો એવો મારો રોળો." ॥૧૧૬૩॥

સાખી–

*ઉગે ત્યાં બોવે નહીં, બોલે ત્યાં જળ જાય ।*
*તુલસી વાકા પતિતકા, માલ મસ્કરા ખાય ॥*

તે ઉપર એક વાત છે જે - એક ગામમાં વેશ્યા હશે. તે મુંબઈ જેવા શહેરમાં ગઈ હતી. ત્યાં પાંચ દસ વરસ રહી પાંચ પચીસ હજાર રૂપિયા કમાઈને ઘરે આવી. પછી ઘરે આવીને વિચાર કર્યો જે, 'મારે આ પૈસાનો શું ઉપયોગ કરવો ?' પછી ભડવાને બોલાવીને પૂછ્યું જે, મારે દાન પુણ્ય કરવું છે તે શી રીતે કરવું ?' ભડવાએ કહ્યું જે, 'નાત્ય ત્યાં ગત્ય માટે નાત્ય મેળો કરો,' વેશ્યાઓ અને ભડવાઓને તેડાવ્યા અને નાત્ય મેળો કર્યો. તેવામાં તે ગામને પાદર દત્તાત્રેયસ્વામી નીકળ્યા અને ગામને પાદર વૃક્ષ હશે તે નીચે ઉભા રહીને પૂછ્યું જે, 'આ નાનું એવું ગામ છે અને માણસ માતા નથી.' પછી કોઈક કહે જે, 'મહારાજ ! અહીંયાં તો એક વેશ્યાએ નાત્ય મેળો કર્યો છે. તે વેશ્યાનું અને વેશ્યાઓના ભડવાઓને તેડાવ્યા છે ને ભેગા કર્યા છે.' ને સાંજનો વખત હતો તેથી દત્તાત્રેયસ્વામીના મનમાં એમ થયું જે, 'લેને, હું પણ રોંઢો કરતો જાઉં.' પછી જ્યાં તેનું રસોડું હતું ત્યાં ગયા અને જે ઠેકાણે દાળ ભાત ધોઈને પાણી જવાનો એક ખાડો કર્યો હતો ત્યાં જઈને ઉભા રહ્યા અને આસપાસ જોયું એટલે એક નાનો પથરો નજરે પડ્યો. પછી તે પથરો લાવીને તે હોજને કાંઠે ગોઠવ્યો અને પોતાની અળફી ઉતારીને તે કાદવમાં બોળી અને પથરા ઉપર નાંખીને ઝીકું નાંખવા લાગ્યા. તે વખતે વેશ્યા પોતાની હવેલીના ગોખમાં બેઠી હતી ત્યાંથી વેશ્યાએ બૂમ મારી જે, 'એ...બાવલીયા...ગારે ગારો ધોમાં ! ઉજળું નહીં થાય !' એમ ચાર પાંચ વાર કહ્યું પણ ગુરુ દત્તાત્રેયે સામું જોયું નહીં. પછી બાઈ હેઠે આવીને કહેવા લાગી જે, 'બાવલીયા ! પાણી ભેળો થા પાણી ભેળો. ગારે ગારો નહીં ધોવાય તેથી ઉજળું નહીં થાય !' દત્તાત્રેય સ્વામી કહે જે, 'ત્યારે તેં ક્યાં સત્પુરુષને ભેગા કર્યા છે ? તે જો તારું ઉજળું થાશે તો મારું ઉજળું થાશે. તે ઢીચણ સામી ધરો કરીને મહી ગધાડા મળ્યા છે !' તે સાંભળીને વેશ્યાના મનમાં એમ થયું જે, 'આ કોઈ મહાત્માપુરૂષ છે.' પછી બોલાવેલ વેશ્યાઓ તથા ભડવાને કાઢી મેલ્યા અને ગુરૂ દત્તાત્રેયના ઉપદેશથી તેને વૈરાગ્ય થયો. માટે સત્પુરૂષ મળે તો જ વૈરાગ્ય થાય. ॥૧૧૬૪॥

કેટલાક ભાંડ હતા. તે સાધુ થયા હતા પછી તે કોઈક મોટું શહેર હશે ત્યાં ગયા ને વેશ્યાને રહેવાનો વાસ હશે ત્યાં તે વેશ્યાએ જાણ્યું જે, 'આ કોઈ મોટા સાધુ છે તેને

આપણે જમાડીએ તો આપણને પુણ્ય થાય.' એમ જાણીને આઠ નવ દિવસ રાખીને કેળાં, ઘી, ખાંડ વગેરેથી ખૂબ જમાડ્યા અને હમેશાં તેઓ નર્મદાજી નદીમાં નહાઈ આવે પછી તે ભાંડ જ્યારે ચાલ્યા. ત્યારે વેશ્યાઓ બોલી જે, 'મહારાજ ! અમારું કલ્યાણ કરજો.' સાખી–

*નવ દહાડા નરમદામાં નહાયા, ખાધી કેળા ને ખાંડ,*
*તમે જાતની વેશ્યાઓ, અને અમે જાતના ભાંડ*

માટે સાધુમાં તો કેટલાક તો આવા ભાંડ જેવા થાય છે. ॥૧૧૬૫॥

એક ગામમાં ગરાસીયા રહેતા હતા. તે ગામ ભાંગવાને બસોહે માણસે આવીને સીમાડે પડાવ નાંખ્યો. પછી ત્યાંથી બે સ્વાર આવ્યા અને સૌ ગરાસીયાઓને ભેળા કર્યા જે, 'અમને દશ હજાર રૂપિયા આપો અને જો નહીં આપો તો અમે તમારું ગામ ભાંગીશું.' તે સાંભળી સૌ ગરાસીયા ભેળા થઈને પંચાત કરી જે, 'અમારે ને તમારે સારા સારી રહે તેમ કરો.' પછી પંચાત કરતા કરતા પાંચ હજાર રૂપિયા આપવા અને ગામ ન ભાંગવું એવો ઠરાવ કર્યો. પછી એક ગરાસીયાનો દીકરો તે પંચાતમાં હતો અને તે મોડેથી ઘરે આવ્યો એટલે તેના બાપે પૂછ્યું જે, 'બાપ ! અગરસિંહ ! આજ મોડો કેમ આવ્યો ?' ત્યારે તેણે કહ્યું જે, 'બાપુ ! આપણા ગામ ઉપર ધાડ્ય આવી છે. તે દશ હજાર રૂપિયા માગેછે.'ત્યારે તેણે કહ્યું જે, 'પછી શું કર્યું પછી ?' છોકરો કહે કે, 'પાંચ હજાર રૂપિયાનું આપવાનું નકકી કર્યું છે અને ગામ ન ભાંગવું અને ત્યાંથી બે સવાર આવ્યા છે.' મેઘરાજજી કહે, 'સવાર છે કે ગયા ?' ત્યારે છોકરે કહ્યું જે, 'બાપુ! તેમને કસુંબો પાવા રોક્યા છે અને તે રોટલા ખાઈને જશે અને તે વખતે મેઘરાજજી દરબારને તાવ આવતો હતો અને તે બોલ્યા જે, 'અલ્યા ! હું બેઠા પાલ્ય ભરવી છે ? હું શું મરી ગયો છું ?' એમ કહીને એકદમ માથે ફેંટો બાંધીને ચોરે ગયો અને જઈને પૂછ્યું જે, 'કોણ આવ્યું છે ?' ત્યારે ગામના અશક્ત ગરાસીયા બોલ્યા જે, 'બાપુ ! આ બેઠા એ બે જણા આવ્યા છે.' મેઘરાજજીની અવસ્થા વૃદ્ધ હતી. તેથી આંખ્યો આડા હાથ રાખીને તેમને જોયા અને કહ્યું જે, 'હા,' એ જ્યાં હા કહી તે ભેળો તે બન્ને જણાના મોઢા ઉપર એક-એક તમાચો માર્યો. એટલે તે બન્નેના મોઢા સુજી આવ્યા અને કહ્યું જે, 'રાંડ્યનો આવજો. હું ત્યાં સીમાડે આવીને બેઠો છું !' ઓલ્યા બે જણા તો કસુંબો પીવા પણ રહ્યા નહીં અને સવાર થઈને ચાલતા થયા. પછી ત્યાં જઈને વાત કરી જે, 'બધે તો હા પાડી પણ મેઘરાજજી કરીને એક વૃદ્ધ છે તેમણે અમોને એક-એક તમાચો માર્યો. તે જુઓ અમારાં મોઢાં સુજી ગયા છે.' તે સાંભળીને સૌ બોલ્યા જે, 'આપણને આ ગામમાં નહીં ફાવે.' મેઘરાજજી પણ ઘરે જઈ

બખતર પહેરી ઢાલ તરવાર અને બરછી લઈને સામો ચાલ્યો અને તેની સ્ત્રી હતી તે પણ કેડે સાડલો બાંધીને હાથમાં સાંબેલું લીધું અને ગામ વચ્ચે બન્ને જણા નીકળ્યાં. ત્યારે ચોરે બેઠેલા ગરાસીયા સૌ બોલ્યા જે, 'રૂપાળીબા ! તમે ઓઝલનાં માણસ તમે આ શું કર્યું ?' બાઈ કહે, 'પુરુષ તો આ એક જ છે અને તમે તો બધાય રંડવા અને ભડવા છો માટે લાજ કેની કાઢું ? અને ખરો પુરુષ તો આ એક જ સીમાડે મરવા ચાલ્યો.' પછી ધાડવાળા સૌ ગામ તરીને બીજે ત્રીજે ગામ ચાલ્યા ગયા. માટે શૂરવીરપણું રાખે તે પુરુષ કહેવાય માટે સૌને ઈંદ્રિયો અંતઃકરણ વશ કરવા ઉપર શૂરવીરપણું રાખવું. ॥૧૧૬૬॥

એક ગામમાં એક ગરાસીયો હતો તેને બે છોકરાં હતાં. તેમાં નાના છોરાને તેની મા ઘોડીયામાં સુવારીને નહાવા ગઈ હતી. છોકરો ભૂખ્યો થવાથી રોવા લાગ્યો. પછી તેની દાસી કોળણ હતી. તેણે લઈને ધવરાવ્યો એટલામાં તે ગરાસણી નહાઈને આવી. ત્યારે દાસીએ કહ્યું જે, 'બા ! તમે નહાવા ગયાં હતાં અને કુંવર રોવા મંડ્યા હતા. તે મેં ધવરાવ્યા છે' ગરાસણી કહે, 'મર, રાંડ ! તે કાં ધવરાવ્યો ? પછી બાઈએ તે છોકરાના બે ટાંગા ઝાલીને ઉંધે માથે કરીને ખૂબ હિંચોળી તેને વમન કરાવી નાંખ્યું. પછી જ્યારે તે કુંવર મોટા થયા અને તેના ગામ ઉપર ધાડ્ય આવી ત્યારે તેના બાપે કહ્યું જે, 'બાપ ! ગામ ઉપર ધાડ્ય આવી છે. તે ચાલો લડવાને માટે અને ધાડ્ય પાછી હઠાવી મેલીયે.' પછી છોકરાને લઈને તેનો બાપ સામો લડવા ગયો. પછી મોટા છોકરાને આજ્ઞા કરી એટલે તે પ્રથમ લડવા ગયો. તે લડતાં લડતાં ધાડ્યને પાછી હઠાવીને પોતે પણ મૃત્યુ પામ્યો. પછી તેનું ધડ લડ્યું. તે એક ગાઉ સુધી ધડને પાછી હઠાવીને પછી તરવારને વાડે કરીને પોતે પછી પૃથ્વી ઉપર સુતો. ત્યારે તેનો બાપ બોલ્યો જે, 'ખરો ખરો દારીનો.' પછી નાના છોકરાને કહ્યું જે, 'હવે, તારો વારો.' નાનો પણ લડતાં લડતાં કેટલાકનો પરાજય કરીને અને કેટલાકને મરણને શરણ કરીને મોકલ્યા. અને પોતે પણ છેલ્લી બાકી મરાણો અને તેનું ધડ ઘડીક વાર ઝુંઝયું અને પછી જ્યાં તરવાર વાડે કરવા જાય ત્યાં તો અરધી મ્યાનમાં અને અરધી બહાર રહીને પોતે ધબ લઈને ભોંયે પડ્યો તે જોઈ ગરાસીયો બોલ્યો જે, 'ઓય દારીનો અથરો થયો અથરો. મોટો છોકરો મારા પેટનો અને નાનો છોકરો મારા પેટનો નહીં.' એમ જાણીને ઘરે આવીને હાથમાં તરવાર લઈને બાયડીને મારવા દોડ્યો અને બોલ્યો જે, 'મોટો છોકરો તો મારા પેટનો હતો અને નાનો છોકરો તો મારાં પેટનો નહીં. માટે તારામાં કાંઈ બગાડ થયો છે ?' તે સાંભળીને ગરાસણી બોલી જે, 'એક વખત કુંવર જ્યારે નાનો હતો ત્યારે હું નહાવા ગઈ હતી. તે રોતો હશે તે કોળણ દાસીએ ધવરાલેવો હશે. તેની મને જ્યારે ખબર પડી ત્યારે મેં તેને ઉંધે માથે કરીને હિંચોળીને તેના પેટમાંથી

ધાવણનો ફોદે ફોદો કાઢી નાંખ્યો હતો. પણ કોઈક ફોદો રહી ગયો હશે તે અત્યારે નડ્યો. માટે કુસંગરૂપી ફોદો જેમાં રહી જાય તેને અંતઃકાળે નડે છે. ॥૧૧૬૭॥

એક ગામમાં એક મોટો શેઠ હશે તે યાત્રા કરવાને માટે પોતાના નોકર ચાકરને તથા પોતાના કુટુંબના કેટલાક માણસોને સાથે લઈને ગયો હતો અને આગળ ચાલતાં અરણ્યમાં એક મોટું જળાશય આવ્યું ત્યાં પોતે મુકામ નાંખ્યો.અને પોતાની સાથે જેટલાં માણસ હતાં તેને સૌને જુદી જુદી ક્રિયા કરવાને બતાવીને તે વડમાં એક મોટો ભૂત રહેતો હતો અને તે ભૂતની પાસે ઘણુંક દ્રવ્ય હતું. ભૂત પણ બેઠો બેઠો જુએ છે. જેવી જેને શેઠે આજ્ઞા કરી તેવીજ સૌ આજ્ઞા માથે ચડાવીને સોંપેલું કામ તુરત કરવાને માટે ચાલી નીકળ્યા. ભૂતના મનમાં એમ થયું જે, 'વોય માળાનો સંપ...'પછી સૌ જમી કારવીને સુઈ ગયાં અને એક ઢોલીયા ઉપર શેઠ સુતા હતા અને સૌ ઉંઘી ગયા હતા. ને શેઠ સુતા સુતા જાગે છે તેવામાં તે ભૂત આવીને તેની છાતી ઉપર ચડી બેઠો. ત્યારે શેઠ હસ્યો, ત્યારે ભૂત બોલ્યો જે, 'કેમ હસ્યો ?' શેઠ બોલ્યો જે, 'અમે છીયે સંપીલા. તે તને મારીને તારું દ્રવ્ય લઈ જશું.' પછી ભૂત કહે, 'ભલા થઈને મને મારશો નહીં. અને લ્યો આ મારું દ્રવ્ય છે તે તમને આપું પણ મને મારશો નહીં.' પછી તે દ્રવ્યને લઈને પોતે તેનાં ગાડા ભરી આપ્યાં. તે લઈને શેઠ ઘરે આવ્યા. પછી સામો કોઈ બીજો શેઠ રહેતો હશે તેની સ્ત્રીને આ શેઠની સ્ત્રીએ આ બધી ઉપરની હકીકતની વાત કરી. ॥૧૧૬૮॥

પછી તે શેઠાણીએ પોતાના પતિને આ બધી વાત કરી જે આ પ્રમાણે કરીને શેઠ દ્રવ્ય લઈ આવ્યો છે. પછી આ શેઠે પણ દશ વીશ માણસોને લઈને તે જગ્યાએ પડાવ નાંખ્યો અને સૌને બોલાવીને આજ્ઞા કરી જે, 'અમુક અમુક કામ કરી આવો.' છોકરાઓએ તથા નોકરોએ જવાબ આપ્યો જે, 'અમારે તમારી શી ગરજ છે ? તમારી મેળે થાય તેટલું કરો. તમે અમારું શું રાખો છો ને અમારે તમારી શી ગરજ છે !' પેલો ભૂત બેઠો બેઠો બધી હકીકત જુએ છે. પછી જે તે પ્રકારે રસોઈ કરાવી અને સૌ ક્લેશ કરતાં કરતાં જમી રહ્યાં. પછી પેલા શેઠની પેઠે આ શેઠ પણ વડની નીચે પલંગ ઉપર સુતો. પછી ભૂત આવીને તેની છાતી ઉપર ચડી બેઠો. ત્યારે શેઠ બોલ્યો જે અમે છીએ સંપીલા તે તને મારીને તમારું દ્રવ્ય લઈ જાશું તે સાંભળી ભૂતે ઢીંચણ ભર થઈને શેઠના બે ગાલ ઉપર બે તમાચા માર્યા અને કહ્યું જે, 'ભાળ્યો ! તારો સંપ.' પછી શેઠનું મોઢું પણ સુજી ગયુ અને સૌ વીલે મોઢે પાછા ઘરે આવ્યા. માટે માંહે કાંઈ હોય નહીં અને કોઈકનો વાદ લે તો આ શેઠની પેઠે તમાચા ખાવા પડે. સાખી–

*''આનંદ કે પરમાનંદને, સંપત ભલી કે સંપ'' તડ દેખી પથરમાં, જડ ઘાલી દે લંપ''*

માટે પથર એવો કઠણ છે પણ તેમાં જરા તરડ પડી હોય તો તેમાં લાંપડું જડ ઘાલે છે. સાખી—

*“કરવત કુહાડા ને કુટીલ નર, અણબી ચડે બીચડા કાક”*

*સુયા સુહાગા ને સુગર નર, બીચડે ફીર મીલાત્.”* ॥૧૧૬૯॥

એક ગામમાં રાજાનો બગીચો હતો. ત્યાં ગુજરાતમાંથી સાઠચ વાંદરાનું ટોળુ આવ્યું ને તેણે રાજાના બાગને ધુળધાણી કરી નાંખ્યો. અને તે ગામમાં એક રાજાની દાસી અને રાજાનો ઘેટો તે બન્નેને કુસંપ હતો. તે જ્યારે દાસી ત્યાં નીસરે ત્યારે ઘેટાના માથામાં ટોપલો મારતી જાય કાં તો લાકડીનો ડંડીકો મારતી જાય એવી તે સહેજે ટેવ પડી ગઈ હતી. ઘેટો પણ દાસીને કોઈ વખત ખબર ન હોય ત્યારે ઓચિંતાનો આવીને તેને માથું મારીને પાડી નાંખતો. એમ બન્નેને પરસ્પર વૈર હતું. પછી વાંદરાઓએ કહ્યું જે, ‘તપાસ કરો જે આ ગામમાં કોઈને કુસંપ ન હોય તો આ ગામમાં રહીયે.’ પછી તપાસ કરતાં કરતાં દાસી અને ઘેટાને કુસંપ જણાણો. પછી વાંદરાએ જઈને વાત કરી જે, ‘આખા ગામમાં સંપ છે પણ એક દાસીને અને એક રાજાના ઘેટાનો કુસંપ છે.’ ત્યારે વૃદ્ધ વાંદરાએ કહ્યું જે, ‘આપણે અહીંયાં રહેવું નથી.’ ત્યારે જુવાનીયા બોલ્યા જે, ‘તમારે જાવું હોય તો જાઓ અમારે તો આ સુંદર બગીચો અને જળાશય છે તે મેલવાં નથી.’ તેથી વૃદ્ધ વાંદરા તો બીજે ગામ ચાલ્યા ગયાં અને જુવાનીયા બધાય ત્યાં જ રહ્યા. પછી એક દિવસ રાજાની ઘોડશાળ પાસે દસ બાર ગાડા ખડના આવીને છુટ્યાં હતાં. ત્યાં દાસી છાણનો ટોપલો લઈને નાંખવા ગઈ એટલે ગાડાવાળા બોલ્યા જે, ‘બાઈ ! અમારે હોકા ભરવા છે તે દેવતા લાવી આપ્ય તો એક-એક પૈસો આપીયે.’ પછી બાઈ કહે, ‘બહુ સારૂં. હું દેવતા લઈ આવું.’ તે વખતે કોઈક લુવારે ગાડાનાં પાટા ચડાવ્યા હશે. તેમાંથી એક મોટી સગડી દેવતાની ભરીને માથે લઈને દોડી જતી હશે અને ઘેટો પણ એક કોર ઊભો હતો તે દોડીને બાઈને માથું માર્યું એટલે બાઈ પડી ગઈ અને દેવતા ચારે કોર ઉડ્યો. તે ખડનાં ગાડાં સળગ્યાં અને પાસે દરબારની ઘોડશાળ સળગી અને કેટલાંક ઘોડાં દાઝી ગયાં અને કેટલાક મરી ગયાં અને કેટલાક નીસર્યા અને પછી રાજાએ ડોક્ટરને બોલાવીને કહ્યું જે, ‘આ દાઝેલા ઘોડાં જલદી સાજાં થાય તેમ કરો.’ પછી ડોક્ટરે કહ્યું જે, ‘એનો ઈલમ તો ગુજરાતમાં મળે અહીંયાં ન મળે !’ રાજા કહે, ‘શું જોઈએ ?’ ડોક્ટર કહે, ‘વાંદરાનો મલમ જોઈએ. મલમ ચોપડીયે તો રોઠાં વળી જાય.’ તે સાંભળીને કેટલાક બોલી ઊઠ્યા જે, ‘આપણી વાડીમાં એક મહીના થયા કેટલાક વાંદરા આવ્યાં છે. તેમણે વાડી બધી ભાંગી નાંખી છે.’ પછી રાજાએ હુકમ કર્યો જે, ‘જાઓ એ બધાંય વાંદરાને બંદુકે મારીને

અહીં લાવો.' પછી રાજાના માણસો જઈને તમામ વાંદરાને મારી નાંખ્યા અને તેનો મલમ કરાવ્યો ને ઘોડાને ચોપડ્યો માટે જો કુસંપ હતો અને ત્યાં રહ્યા તો તેનો મલમ થયો. માટે કુસંપે કરીને ગોળાના પાણી સુકાય. ॥૧૧૭૦॥

એક રાજા હતો તેને એક મૂરખજી કરીને ભાઈબંધ હતો. તે જ્યારે રાજા પાસે આવે ત્યારે રાજા કહે, 'આવો, મૂરખજી !' એમ કરતાં કરતાં રાજાને કોઈકે સોનાની સોટી ભેટ કરી હતી. તે સોટી લઈને જ્યારે રાજાએ મૂરખજીને આપી ત્યારે મૂરખજી કહે કે, 'સાહેબ ! આને શું કરું ?' રાજા કહે, 'તારા જેવો મૂરખ હોય તેને આપજે.' પછી રાજા માંદો થયો અને સૌ જોવા ગયા. પણ મૂરખજી જોવા ગયો નહીં. પછી સૌએ કહ્યું જે, 'દરબારસાહેબ ! માંદા છે તે તમે જોવા કેમ ગયા નહીં ?' પછી મૂરખજીએ કહ્યું જે, 'જવાય છે.' પછી જ્યારે રાજાને આખર વખત થઈ ત્યારે રાજાને મૂરખજી જોવા ગયા ત્યારે રાજા બોલ્યા જે, 'મૂરખજી ! અમે તો ચાલ્યા.' ત્યારે મૂરખજી કહે, 'ક્યાં ? ત્યારે રાજા કહે તે તો કાંઈ ખબર નથી.' ત્યારે મૂરખજી કહે, 'તમે રાજ્યમાં જ્યારે ફરવા નીસરતા ત્યારે અગાઉથી ખબર આપતા જે, આ ગામે ફલાણે દિવસે જવું છે અને ત્યાં આટલા દિવસ મુકામ કરવાનો છે એમ દરેક ગામે અગાઉથી ખબર આપતા માટે આનો કાંઈક ઠરાવ કર્યો હશેના ?' એમ કહીને કહ્યું જે, 'આ લ્યો, સોટી લેતા જાઓ.' ત્યારે રાજા બોલ્યો જે, 'આ મારું દેહ પડ્યું રહેશે તો સોટી શી રીતે લઈ જાઉં ?' ત્યારે મૂરખ કહે, 'તમે કહ્યું હતું જે તારા જેવો મૂરખ હોય તેને જ સોટી આપજે. માટે મારા જેવો મૂરખ તો તું જ છો ! ને આટલું રાજ્ય મળ્યું અને કોઈ પુણ્યદાન કરી શક્યો નહીં. માટે તારા જેવો કોઈ મૂરખ નહીં પછી રાજાને ઘણો પશ્ચાત્તાપ થયો પણ શું કરે ? હાથમાં કાંઈ રહ્યું નહીં માટે હાથે એ સાથે. ॥૧૧૭૧॥

એક રાજા હતો. તે જ્યારે મરવા સુતો ત્યારે પોતાના અમલદારને બોલાવીને કહ્યું જે, 'મને જ્યારે કાઢો ત્યારે મારા હાથ ટટળતા મેલજો તેનું કારણ જે, 'હું ખાલી હાથે આવ્યો છું અને ખાલી હાથે જાઉં છું અને આવ્યો ત્યારે પાંચ શેર માંસનો લોચો લઈને આવ્યો હતો એમ સૌને સૂચના આપી.' માટે સૌને વિચારવાનું છે જે સત્પાત્રને દાન પુણ્ય કર્યું હશે તો સાથે આવશે નહીંતર પછી પરલોકમાં હાથ ઘસી પસ્તાવું પડશે,માટે ડાહ્યા માણસોએ પરલોકનું ભાતું અવશ્ય કરવું. ॥૧૧૭૨॥

એક વાણિયો હતો. તે બહુ કંજુસ હતો પણ તેના ઘરનું મનુષ્ય બહુ વિવેકી હતું. તેથી પોતાના આંગણે જે કોઈ મે'માન આવે તેને ઘટીત સત્કાર કરીને ખાધા પીધા વિના જવા દે નહીં. કેમકે બાઈ જાણતી હતી જે, આપણે જ્યાંરે પરગામ જાશું ત્યારે ભાતું જોશે.

એમ જાણીને તે પરદેશી આવે તેને વાણિયાથી છાની રીતે પણ બરદાશ રાખતી. પછી એક દિવસ વાણિયાને ગામ જવું પડ્યું તેથી તેણે ઘરવાળીને કહ્યું જે, 'મને ભાતું કરી આપ.' બાઈ કહે કે, 'ભાતું તો આગળ મોકલ્યું છે માટે જાઓ.' પછી વાણિયો ગામ ગયો એટલે જ્યાં જાય ત્યાં તો સૌ આદરસત્કાર કરે. માટે સૌએ આગલા ભાતાની ટેવણી રાખવી. ॥૧૧૭૩॥

એક વાણીયો હતો તે બહુ જ કંજુસ હતો. તે ગામતરે જવાને નીકળ્યો અને બે ત્રણ ગાઉ ગયો એટલે પોતાને વિચાર થયો જે, 'ઘરવાળી ક્યાંક દીવો આંગળીયે સંકોરશે તો દીવેલ આંગળીયે ચોંટશે માટે લેને કહી આવું જે દીવો સંકોરય તો સળીયે કરીને સંકોરજે.' પછી જ્યારે પાછો વળ્યો ત્યાં જ પોતાના જોડા પોતાની બગલમાં મારી લીધા અને પછી ઘરે આવ્યો અને ઘરવાળીએ કહ્યું જે, 'કેમ પાછા આવ્યા ?' વાણિયો કહે કે, 'તને કહેવા આવ્યો છું જે દીવો સંકોરાય તો સળીયે સંકોરજે.' બાઈ કહે, 'તમે પાછા આવ્યા તે તમારા જોડા ઘસાણા હશે ના ?' વાણિયો કહે, 'એ તો હું બગલમાં મારીને આવ્યો છું !' માટે કેટલાક માણસો આવા લોભી હોય છે. ॥૧૧૭૪॥

એક વાણિયાના ઘરમાં હમેંશા ચોર આવતો. તેથી વાણિયાએ જાણ્યું જે, યુક્તિ કરીને આને પકડવો. પછી કોઈ વાદી ગામમાં આવ્યો હશે. તેની પાસેથી એક ઠાકરીયો વીંછી લીધો અને તેને એક ડાબલીમાં પૂર્યો અને પોતાની સ્ત્રી સાથે સંકેત કરીને મેલ્યો જે હું પુછું ત્યારે આ પ્રમાણે તારે બોલવું. પછી તે વીંછીને ગોળા ઢાંકણામાં મેલ્યો ને જ્યારે ચોર આવ્યો ત્યારે વાણિયો બોલ્યો જે, 'સાંભળે છે કે ?' શેઠાણી કહે, 'શું છે ? પડ્યા રહોને ! તમને તો અત્યારે પણ સુખ નથી.' વાણિયો કે, 'ઓલ્યો બસો રૂપિયાનો સોનાનો વેઢ ક્યાં મૂક્યો છે ?' શેઠાણી કહે, 'ગોળ ઢાંકણામાં ડબલો મેલ્યો છે.' શેઠ કહે મર્ય, રાંડ ! ત્યાં મેલાય ?' ચોર પણ ઊભો ઊભો સાંભળ્યા કરતો હતો. ચોરે વિચાર્યું જે, 'બીજે હવે ક્યાંઈ ભટકવું નહીં એ ડાબલો જ લઈ લેવો.' પછી ધીમે રહીને તે ડાબલો ગોળા ઢાંકણામાંથી બહાર કહાડ્યો. ચોરે વિચાર કર્યો જે, 'વેઢ એકલો જ લઈ જાઉં અને ડાબલો અહીં મેલી જાઉં.' પછી જ્યાં ડાબલો ઉઘાડીને હાથ માંહે ઘાલ્યો ત્યાં તો વીંછીએ આંકડો માર્યો એટલે ચોરે ચીતકારો કરવા માંડ્યો ત્યારે વાણિયો બોલ્યો જે, 'વેઢ સાંકડો પડ્યો ભા ?' સવારે સોની પાસે જઈને પખતો કરાવીશું. એટલામાં તો ચોરને વીંછીનું ઝેર ચડ્યું એટલે ત્યાં ને ત્યાં મરી ગયો. એમ કેટલાક આવા હોય છે તે વગર હથિયારે આગલાનું મૃત્યુ કરે. ॥૧૧૭૫॥

એક વાણિયો હતો તેના ઘરમાં ચોર પેઠો. વાણિયા બહુ પહોંચેલી જાત હોય છે!

પછી વાણિયો બહુ રાજી થયો અને નાચવા માંડ્યો અને પટારો ઉઘાડીને શેઠ તથા શેઠાણીએ ભારે ભારે લુગડાં પહેરાવ્યા અને ચોર પણ પોતાના મનમાં બહુ રાજી થયો જે, 'આ ઠીક થયું.' પછી સવારમાં પોતાની સાથે લઈ જઈને પોતાની દુકાને ગાદી તકીયા ઉપર બેસાર્યો અને શેઠે જઈને કોરટમાં ફરીયાદ કરી જે, 'મારે ઘર ફાડીને દીકરો આવ્યો છે. મેં ચોરને પકડ્યો છે.' તેથી ફોજદારે તુરત આવીને પાંચ મોડીયે બાંધીને તુરત કોરટમાં લઈ ગયો. ન્યાયાધીશે કહ્યું જે, 'શેઠ ! આનો શું દંડ કરવો ?' શેઠ કહે એનો બીજો દંડ કાંઈ નહીં સાહેબ એને આંગળી વઢ કરો. પછી તે પ્રમાણે તેને ફાંસીયે દેવા માટે લઈ ગયા ત્યારે ચોર બોલવા મંડ્યો જે, 'બાપા ............સં. સં.' ત્યારે શેઠ બોલ્યો, '.....સાં.....કરકે સું કર.....ચડી ઉતર ભા ચડી ઉતર. ભા ચડી ઉતર' એમ કેટલાક વાણિયા આવા પહોંચેલ હોય છે. ॥૧૧૭૬॥

એક વાણિયાના ઘરમાં ચોર પેઠા. પછી વાણિયે તથા વાણિયણે વિચાર કર્યો જે, 'આપણે તેને આજ ઝાલવો.' પછી દીવો કરીને એક ડાલું ઉંધું વાળ્યું અને તે ઉપર ગોદડું નાંખ્યું એટલે પ્રકાશ દેખાય નહીં. પછી જ્યારે ચોર આવ્યો ત્યારે તે સ્ત્રી-પુરુષ બન્ને વાતો કરવા લાગ્યા જે શેઠ કહે, 'તને ખબર છે ? હું જ્યારે ચોરી કરવા જતો ત્યારે જે લુગડું મેલું તે અંધારું ખાઈ જાય.' ચોર કહે, 'માળાં વાણિયાં કેવી વાતો કરે છે ? લેને હું મારું લુગડું મેલી જોઉં શું થાય છે ? અંધારું ખાઈ જાય છે ?' પછી પોતાનું માથું બાંધવાનું લુગડું મેલ્યું. તે વાણિયે ધીરે રહીને તાણી લીધું. પછી અંગરખું ઉતારીને મેલ્યું. તે પણ તાંણી લીધું પછી પહેર્યાનું હતું તે મેલ્યું એટલે શેઠે ધીમે રહીને તેનાં ત્રણે લૂગડાં લઈ લીધાં.એટલે ચોર નાગો થઈને ઉભો રહ્યો. પછી શેઠાણી બોલ્યાં જે, 'તમારાં બધાંય લુગડાં અંધારું ખાઈ ગયું ત્યારે તમે કેવા શોભતા ?' પછી શેઠે ડાલું ઉંચું કરીને દીવો બતાવ્યો અને શેઠ બોલ્યા જે, 'આ ભમરાળો ઉભો તેવા શોભતા. પછી ચોરને પકડી લીધો અને ફોજદારને સ્વાધીન કર્યો. ॥૧૧૭૭॥

એક ગામમાં કોળીને અને કાઠીને વેર હતું. પછી કોળી વાણિયાની દુકાને બેઠો હતો અને કાઠીએ આવીને કોળીને ઠારચ કર્યો. એટલે ફોજદારે આવીને તમામ સાક્ષીઓનાં નામ લખાવ્યાં. વાણિયાને કહે, 'તારૂં નામ લખાવ.' વાણિયો કહે, 'હું નામ નહીં લખાવું અને કોરટમાં જેમ છે તેમ કહીશ. કેમકે મારી દુકાને બધી ધાધલ થઈ છે તે હું જાણું છું.' કાઠીયે જાણયું જે, 'જો વાણિયો સાક્ષી પુરશે તો માર્યા જઈશું.' પછી કાઠીએ રાત્રે આવીને શેઠને કહ્યું જે, 'શેઠ ! ઉગાર્યે વેરો છે.' શેઠ કહે, 'પાંચસો રૂપિયા હોય તો આ ઘડીએ બચી જાઓ !' કાઠી કહે, 'રૂપિયા નથી દાગીના છે.' વાણિયો કહે, 'દાગીના લાવ્ય.'

પછી કાઠી દાગીના લાવ્યો. તે દાગીના પટારામાં મેલીને વાણિયો બોલ્યો જે, 'ફીકર રાખશો માં. કોળીનો શો ભાર છે ? તમે તમારે સો મણ રુઉની તલાઈમાં સૂઈ રહો.' કાઠી ગયા પછી કોળી મોડેથી આવ્યા ને કહે કે, 'શેઠ ? જેમ છે તેમ કહેવું પડશે અને તમારી દુકાને મરણ થયું છે.' શેઠ કહે, 'જેમ છે તેમ હું કોરટમાં કહીશ જે, કાઠીએ કોળીને મારી નાંખ્યો. પણ જો કાંઈ હોય તો સાક્ષી પૂરું.' કોળી કહે, 'બીજું તો કાંઈ નથી પણ હમણાં પાંચ કળશી ઘઉં વાડીના નવા આવ્યા છે.' વાણિયો કહે, 'આંહીં ઘઉં નાંખી જાઓ. પછી તે કોળી પાંચ કળશી ઘઉં રાત્રે વાણિયાની દુકાનમાં નાંખી આવ્યા.' પછી શેઠ કહે, 'જાવ, સુખેથી મજા કરો.' અને જ્યારે કોરટમાં જુબાની લેવા મંડ્યા ત્યારે જે જે સાક્ષીઓ હતા તે સર્વેએ જાણ્યા પ્રમાણે જુબાની આપી. પછી વાણિયાનું નામ બોલ્યા જે, 'રામચંદ્ર શેઠ !' ત્યારે તે બોલ્યો જે, 'હાજર...'કહીને ન્યાયાધીશ પાસે જઈને ઉભો રહ્યો. ન્યાયાધીશે પૂછ્યું કે, 'શું ધંધો કરો છો ? વાણિયો કહે, 'સાહેબ ! સટર...પટર...!' ન્યાયાધીશ કહે, 'તમારી દુકાને આ શું થયું ?' વાણિયો કહે, 'મારી દુકાને જે થયું તે જેમ છે તેમ કહીશ !' પછી વાણિયો બોલ્યો જે, 'આમથી કાઠી આવ્યા કબકબ્યા અને કોળી આવ્યા ખદખદ્યા અને એક બીજાની જ્યાં ખેંચાણી ત્યાં મારી આંખ્ય વિંચાણી !' એમ કહીને કોરટ વચ્ચે લાંબો થઈને સૂઈ ગયો. પણ એકેના તરફથી સાક્ષી પુરી નહીં. માટે વાણિયા જેવી કોઈ પહોંચેલી જાત નહીં ! વાણિયા કેવા હોય છે તો તેની સાખી–

શાહા ધીરે સાર્દુળ ધીરે, ધીરે મણઝર કાળા,
પણ એક ન ધીરે, વણીક પુત્ર બાવા. ॥૧૧૭૮॥

એક વાણિયો હતો તેને એક છોકરો હતો. પછી તેને વેશ્યાને ત્યાં જઈ મેલી આવ્યો અને વાણિયે કહ્યું જે, 'બા...આ છોકરાને પાવરધો કરો.' વેશ્યા કહે, 'બહુ સારુ, મેલી જા.' પછી અંધારી રાત હતી અને વરસાદ પણ ઝરમર ઝરમર વરસતો હતો. પછી વેશ્યાએ કહ્યું જે, 'આ લે રૂપિયો અને આ ગ્લાસ લઈને જા અત્તર લઈ આવ.' છોકરો કહે, 'મા ! હું વાણિયાનો દીકરો છું તે અંધારે બીઉંના ?' વેશ્યા કહે, 'એમ જાણજે જે, બે સિપાઈ આગળ છે અને બે સિપાઈ પાછળ છે અને વચ્ચે હું ચાલ્યો જાઉં છું. એમ ચિંતવન કરતો કરતો જા.' છોકરો ખડકીએ જઈને પ્યાલામાં મુતર્યો અને લાવીને પ્યાલો વેશ્યા પાસે મેલ્યો. વેશ્યાએ નાકે સુંઘીને જોયું અને બોલી જે, 'પીટ્યા ! આ તો મૂતર છે.' છોકરો કહે, 'તમે એમ જાણીને માથે નાંખો જે આ સુગંધીમાન કેવડાનું અત્તર છે ! એમ જાણીને તેને માથામાં નાંખોને !' ત્યારે વેશ્યા કહે, 'એમ તે નખાતું હશે ?' ત્યારે છોકરો કહે, 'તમે કહેતાં હતાં જે, બે સિપાઈ આગળ છે અને બે સિપાઈ પાછળ છે ?' પછી

સવારે વાણિયો ખબર કાઢવા આવ્યો ત્યારે વેશ્યાએ કહ્યું જે, 'તારા છોકરાને લઈ જા, તારો છોકરો તો પાવરધો જ છે !' એમ કેટલાક તો જન્મથીજ પાવરધા હોય. ॥૧૧૭૯॥

એક વખત સતીએ શંકરને કહ્યું જે, 'તમે બધાયને આપ્યું પણ વાણિયાને કાંઈ આપ્યું નહીં. ત્યારે શંકર કહે, 'વાણિયાને મેં આપ્યું છે એવું તો કોઈને આપ્યું નથી.' તો પણ સતીના માન્યામાં આવ્યું નહીં. પછી શંકરે કહ્યું જે, 'આ એક શેર તલ દાણા છે તે વાણિયાની દુકાનેથી કાળા તલ બદલાવીને ધોળા લઈ આવો.' પછી સતી કાળા તલ લઈને વાણિયાની દુકાને ગયાં અને વાણીયાને કહ્યું જે, 'આ કાળા તલ રાખીને ધોળા આપો.' વાણિયો કહે, 'કાળા તો સોંઘા છે અને ધોળા મોંઘા છે માટે પોણો શેર આવશે.' એમ જ્યાં ચાર વખત ફર્યા ત્યાં તો ખાલી થઈને શંકર પાસે આવ્યા. પછી શંકરે કહ્યું જે, 'કાં મેં વાણિયાને કેવું આપ્યું છે ?' ત્યારે સતી કહે, 'મહારાજ ! તમે વાણિયાને બહુ આપ્યું છે.' એમ વાણિયો એક માણાનો કળશી કઢારો કરે. ॥૧૧૮૦॥

એક વાણિયો હતો તે બહુ જ ગરીબ સ્થિતિનો હતો. પછી સતીએ શંકરને કહ્યું જે, 'મહારાજ ! આને કાંઈક આપો. ત્યારે શંકર કહે, 'એ વાણિયાને આપ્યા જેવું નથી.' પછી સતીએ બહુજ આગ્રહ કર્યો તેથી શંકરે કહ્યું જે, 'જા ભાઈ તારે લાખ રૂપિયા થાશે.' શંકરના કહેવા પ્રમાણે તે થોડાક દિવસમાં લાખ રૂપિયાનો આસામી થયો. ત્યારે વાણિયે વિચાર કર્યો જે, 'આપણે એક સદાવ્રત કરાવવું.' પછી સતીએ કહ્યું જે, 'મહારાજ ! ઓલ્યા વાણિયાનું શું થયું હશે ?' ત્યારે શંકર કહે, 'ચાલો, આપણે જોવા જઈએ.' પછી શંકર તથા સતી; બન્ને વૃદ્ધ ડોસા તથા ડોશી બનીને જે ઠેકાણે સદાવ્રત અપાતું હતું તે ઠેકાણે જઈને ઉભાં રહ્યાં અને રકઝક કરવા મંડ્યા. ત્યારે વાણિયો હવેલીના ગોખમાં બેઠો બેઠો બોલ્યો જે, 'બાવલીયા! શું રકઝક કરો છો? લેવું હોય તો લે નીકર રહેવા દે. હું કાંઈ તારા સારું સદાવ્રત આપતો નથી. હું તો આ મારા મોટા લાંબા નાકને આપું છું !' પછી શંકર બોલ્યા જે, 'સાંભળ, આ તો એના લાંબા નાકને આપે છે ! એ તો આપણા માટે નથી આપતો.' પછી થોડાક દિવસમાં તે મૃત્યુ પામ્યો અને સિંહલદ્વીપમાં હાથી થયો. પછી જન્મ્યો ત્યાંથી આખે શરીરે ખસ નીકળી તેથી જ્યાં વૃક્ષ હોય ત્યાં શરીર તથા સુંઢ ઘસ્યા કરે. એમ કરતાં કરતાં એક ઝાડવાનું લાકડું બેલાખડું હશે તેમાં સુંઢ ઘાલીને ઘસવા લાગ્યો. એટલે સુંઢ્ય સુણી ગઈ અને બેલાખડામાંથી બહાર નીકળી નહીં તેથી મોઢું અધર રાખીને ઉભો રહ્યો. ત્યારે શંકરે કહ્યું જે, 'હે સતી ! પેલા લાંબા નાકવાળાને તમારે જોવો છે ?' ત્યારે સતી કહે, 'ક્યાં છે ?' પછી શંકરે સતીને તેડી જઈને દેખાડ્યો જે, 'જુઓ! પેલો ટીંગાય તે લાંબા નાકવાળો.' માટે દાન પુણ્ય કરવું તે કીર્તિ સારુ કરે તો આવું થાય. ॥૧૧૮૧॥

એક વાણીયો હતો તે ખોરી જારનું સદાવ્રત આપતો. તેને ચાર દીકરા હતા. તેના નાના દીકરાને એક મોટા શેઠની દીકરી વેરે વરાવેલો હતો અને પછી તે બાઈને પોતાના ઘરે તેડી આવ્યા. પણ તે બહુ હોશીયાર માણસ હતી.તેથી ઘરની સર્વેની રીત ભાત જોઈ અને ખોરી જારનું સદાવ્રત અપાતું તે પણ જોયું. પછી બાઈએ રસોયાને કહ્યું જે, 'આજ ખોરી જારનો લોટ લાવીને રોટલો કરજે અને મારા સસરા જ્યારે જમવા આવે ત્યારે તેમની થાળીમાં પીરસજે ને પૂછે તો કહેજે જે, નાની વહુને પૂછી જુઓ.' પછી શેઠ જ્યારે જમવા બેઠા ત્યારે રસોયે ખોરી જારનો રોટલો થાળીમાં પીરસ્યો. એટલે શેઠે જોઈને પૂછ્યું જે, 'આ શું છે ?' રસોયે કહ્યું જે, 'નાની વહુને પૂછી જુઓ.' પછી શેઠે કહ્યું જે, 'વહુ ! આ શું છે ?' ત્યારે નાની વહુ બોલ્યાં જે, 'મારા સસરાને કહો જે, તમો જે સદાવ્રત આપો છો તે જુવારનો રોટલો છે. જો આજથી ખોરી જાર ખાવાનો અભ્યાસ હશે તો આગળ જતાં કઠણ નહીં પડે અને આખરે તમારે તે જ ખાવાનો છે.' તે સાંભળીને શેઠ બોલ્યા જે, 'વહુ ભા ! બહુ બોલકાં જણાઓ છો ?' ત્યારે વહુ બોલ્યાં જે, 'આજ તો તમે ખોરી જારનું સદાવ્રત આપો છો તો આગળ તે જ મળશે.' પછી શેઠ પોતાના મનમાં સમજી ગયો અને ત્યારથી સારૂં અનાજ લાવીને સદાવ્રત આપવા લાગ્યો. કેમકે, 'જેવું દાન કરે તેવું આગળ પામે.' ॥૧૧૮૨॥

ખેડુ જ્યારે વાવેતર કરવા જાય છે ત્યારે ડાબા હાથમાં અનાજની મુઠી ભરે છે અને જમણા હાથમાં એક આરવાળો પરોણો લે છે. તે જ્યારે અનાજ પાકે છે અને લણવા જાય છે ત્યારે જે હાથે કરીને વાવ્યું હોય તે હાથમાં હજાર દાણાનું કણસલું આવે અને જે હાથમાં એક આરવાળો પરોણો હતો તે હાથમાં હજાર કાંકરાવાળું દાંતરડું આવે છે. માટે એકગણું દાન અને સહસ્રગણું પુન્ય. જો એક હાથમાં આરવાળો પરોણો હતો તો તે હાથમાં હજાર કાંકરાવાળું દાંતરડું આવ્યું અને જે હાથે વાવ્યું હતું તો તે હાથમાં હજાર દાણાવાળું કણસલું આવ્યું. માટે જેવું વાવે તેવું લણે. ॥૧૧૮૩॥

એક બ્રાહ્મણ હતો. તે રસ્તે ચાલ્યો આવતો હતો. તેને સામા ચોર મળ્યા અને પોતા પાસે સોનામહોર હતી. તે ચોરની બીકે તે સોનામહોર બ્રાહ્મણ ગળી ગયો. બ્રાહ્મણે જાણ્યું જે, 'જ્યારે કળશીયે જઈશ ત્યારે તે નીકળશે તે ધોઈને લઈ જઈશ,' પછી પોતે એક ધર્મશાળામાં રાત્રે જઈને સુતો ત્યાંજ મૃત્યુને પામ્યો.' પછી મહાજને બ્રાહ્મણોને બોલાવીને અગ્નિસંસ્કાર કરાવ્યો અને સોના મહોર ગળી હતી તેનું એક મોટું ઢીમ સ્મશાનમાં થઈ ગયું હતું.' પછી એક દિવસ રાજા ઘોડે ચડીને ચાલ્યો જતો હતો તેને છેટેથી સોનાનો ઢાળીયો નજરે પડ્યો. રાજાએ ઘોડેથી હેઠા ઉતરીને તે સોનાનું ઢીમ લઈ લીધું અને વિચાર્યું

જે, 'આવું સોનું મારા રાજ્યમાં નથી.' પછી પોતાની માનીતી રાણી હતી. તેને તે સોનાનું ઢીમ આપ્યું. રાણીએ વિચાર્યું જે, 'રાજા છે તે ક્ષણિક વિચારવાળો છે, માટે તેને જો મારી નાંખ્યો હોય તો સોનું આપણે રહે.' પછી રાણીએ કહેવરાવ્યું જે, 'આજ થાળ જમવા આંહી પધારજો.' પછી રાજા જ્યારે ખાવા બેઠો ત્યારે પોતાનું માણસ સાથે હશે તેને પહેલો કોળીયો આપ્યો એટલે તે મરી ગયો. પછી રાજા કોરડો લઈને ઉભો થયો ને રાણીને કહે, 'બોલ્ય, આ શું છે?' ત્યારે તે રાણી બોલી જે, 'મારો વાંક નથી. તમે મને સોનું આપ્યું છે ત્યારથી મારી મતિ ફરી છે.' પછી રાજાએ કહ્યું જે, 'લાવ્ય એ સોનું.' પછી રાણી પાસેથી સોનું લઈને બહાર એક જગ્યામાં બાવો રહેતો હતો તેને આપ્યું. બાવે પણ વિચાર કર્યો જે, 'રાજા છે તે રાવળાં માવળાં કહેવાય. માટે તેને ટુંકો કર્યો હોય તો સોનું આપણી પાસે રહે.' પછી બાવે રાજાને કહ્યું જે, 'સાહેબ ! કાલે આપણે ત્યાં કસુંબા છે.' તે કસુંબા ત્યાં પીવા ગયા ને રાજાએ પોતાના માણસને પ્રથમ અંજળી આપી એટલે તે માણસ તુરત મરી ગયો. પછી રાજા તરવાર ઉઘાડીને જ્યાં બાવાને મારવા જાય છે ત્યાં બાવો બોલ્યો જે, 'એમાં મારો વાંક નથી તમે જ્યારથી સોનું મને આપ્યું છે ત્યારથી મારી મતિ ફરી છે.' પછી રાજાએ તે સોનું બાવા પાસેથી લઈને વિચાર કર્યો જે, 'આ સોનું જેને હું આપું છું તે મારું મૃત્યુ ઉભુ કરે છે. માટે લાવ્યને કુવામાં નાંખું.' પછી એક બાર કોશીયો કુવો હશે તેમાં તે નાંખ્યું પછી સવારે ખેડુ કોસ લઈને કુવે આવ્યા ત્યાં તો કુવો કોઠી જેવો પડેલ અને સોનું માંહે ચળક્યા કરે. ખેડુ સૌ રાજા પાસે આવ્યા અને કહ્યું જે, 'બાપુ ! બાર કોશીયા કુવામાં એક છાંટો પાણી નથી અને માંહે કાંઈક જગમગે છે.' પછી રાજા ઘોડે ચડીને ત્યાં ગયો અને એક માણસને માંહે ઉતારીને માંહેથી તે સોનાને બહાર કઢાવ્યું. ત્યાં તો કુવો પાણીથી ભરાઈ ગયો. પછી સોનાને અરણ્યમાં લઈ જઈને એક મોટો ખાડો ગાળીને તેમાં દાટ્યું. માટે બ્રાહ્મણનું દ્રવ્ય છે તે જ્યાં જાય ત્યાં જડમૂળમાંથી કાઢે એવું છે. ॥૧૧૮૪॥

એક ગામમાં એક પટેલ હશે તેણે ચાર વાનાં રાખ્યાં હતાં. એક ખહુરીયો ઉંટ, એક હરેડી ભેંશ, એક ઘોડું અને એક ઘરડો બળદીયો. એ ચાર વાનાં રાખેલાં હતાં. પછી કોઈએ કહ્યું જે, 'પટેલ ! આમાં તમારી શી શોભા છે? !' પટેલ કહે, 'કોઈક દેશી પરદેશી આવે અને તે પુછી જુએ જે, આ ગામમાં વંડીઓને ક્યાં ક્યાં છાજાં નથી !' ત્યારે સૌ કહે જે પટેલને ઊંટ છે તેણે પાડી નાંખ્યાં છે. તે ત્યારે પરદેશી માણસ જાણે જે ગામમાં પટેલ જબરો દેખાય છે.' ત્યારે કહ્યું, જે આ હરેડી ભેંશ રાખ્યાનું શું કારણ છે ?' પટેલ કહે, 'હું ચોરે બેઠો હોઉં અને કોઈક આવીને કહે જે, પટેલ તમારી ભેંશ મારા ખેતરમાં પડી હતી. ત્યારે હું કહું જે બહુ સારુ, હું દોવા તને કહીશ. ત્યારે પરદેશી માણસ જાણે જે, પટેલને

દશ વીશ ભેંશો હશે તેમાંથી એક ભેંશ કોકના ખેતરમાં પડી હશે.' ત્યારે કહે, 'આ ઘોડામાં શી શોભા છે ? આખો દિવસ હણહણતું હોય તો જાણે જે, 'પટેલને પાંચ દશ ઘોડાં હશે તો હણહણ્યા જ કરે છે.' ત્યારે કહે જે, 'આ પુંછલેલ બળદીયો રાખ્યો છે તેનું શું સમજવું ?' પટેલ કહે, 'એ અમારી શોભા છે. હું ચોરે બેઠો હાઉં અને સાથી આવીને કહે જે પટેલ બળદીયાને ઉભો કરવો છે. ત્યારે દેશી પરદેશી જાણે જે, પટેલને દશ વીશ બળદીયા હશે તેમાંથી એક પુંછલેલ હશે.' માટે કેટલાક માણસો આવામાં પોતાની શોભા માને છે. ॥૧૧૮૫॥

જીવના સ્વભાવ એવા છે જે ઉંટ ઊંચું જોઈને ચાલે છે તે કાંઈ વિમાનની વાટ જુએ છે ? તેને ઉંચું જોઈને ચાલવું એવો જ સ્વભાવ છે. હાથી ધીરે ધીરે ચાલે છે તે શું કાંઈ ભોં ભારે મરે છે ? પણ ધીરે ધીરે ચાલવાનો સ્વભાવ છે. બિલાડી નેવે ને નેવે ફરે છે તે શું નોતરા દેવા ફરે છે ? ઊંદરડાં ગોતવા અને ઠેકાણે પાડવા તે તેનો સ્વભાવ છે. કુતરો ઊંચો પગ લઈને મુતરે છે તે શું કાંઈ કેશરીયો વાઘો પલળે છે ? પણ જ્યાં લોકોનાં દોણાં તપવાને તડકે મૂક્યાં હોય ને જયાં ખાટલો પડ્યો હોય ત્યાં જ મુતરે છે માટે એવો સ્વભાવ છે તે જ્યાં એવું જ હોય ત્યાં જ મુતરે. સાખી–

*કાળપ મૂકે કેશ, મન કાળપ મૂકે નહીં ।*
*વિપરીત થાતા વેશ, વણ જોબન વલખાં કરે.* ॥૧૧૮૬॥

એક સુતારને ઘરે તેના ભાઈબંધ આવ્યા હતા. ત્યારે સુતારે તેની ઘરવાળીને કહ્યું જે, 'તું ડાંગર કાઢીને ખાંડીને ચોખા કાઢ્ય અને હું બજારે જઈને ઘી સાકર વિગેરે લઈ આવું.' અને મે'માનને ફળીયામાં ખાટલો ઢાળીને બેસાર્યા અને પોતે બજારમાં ઘી સાકર લેવા ગયો. બાઈ બેચાર સાંબેલા ભેગા કરીને ડાંગર ખાંડવા બેઠી. ડાંગર ખાંડતી જાય અને રોતી જાય. ત્યારે મે'માને પુછ્યું જે, 'બાઈ ! શા માટે રુવો છો ?' બાઈ કહે કે, 'મને મારો પીટ્યો કહેતો ગયો છે જે બે ચાર સાંબેલાં ભેગાં કરજે અને ચોરેથી હું બે ચાર જણાને લાવું છું તે મારો રોયો એવો ભૂંડો છે તે જે મે'માન આવે તેને સાંબેલે સાંબેલે મારે છે.' ત્યારે મે'માન બોલ્યા જે, 'બાઈ ! અમને કાંઈક રસ્તો બતાવ.' બાઈ કહે, 'તમે જો બજાર તરફ જાશો તો પીટ્યો તમને સામો મળશે માટે વાડામાં છીંડી છે. ત્યાં થઈને નીકળી જાઓ અને તે એવો છે જે સીમાડા સુધી સાંબેલા લઈને પાછળ આવશે માટે મારાથી તે દેખ્યું જાતું નથી.' બાઈના કહેવાથી મે'માન સૌ છીંડીયે થઈને રસ્તે પડ્યા તેટલામાં સુતાર બજારમાંથી ઘી ને સાકર લઈને ઘરે આવ્યો. બાઈને પુછયું જે, 'મે'માન ક્યાં ગયા ?' બાઈ કહે, 'તેણે સાંબેલાં માગ્યાં તે મેં આપ્યાં નહીં તેથી રીસાઈને ચાલ્યા

ગયા. સુતાર કહે, 'મર, રાંડ! સાંબેલાની ક્યાં ખોટ્ય હતી ઘણે દહાડે મારા ભાઈબંધ આવ્યા ત્યારે રાંડ તેં સાંબેલાની ના પાડી.' બાઈ કહે, 'આ પડ્યાં જાઓને વાંસે.' એટલે સુતારે ગામમાંથી બે ચાર જુવાનીયા બોલાવી લાવીને તેમના હાથમાં સાંબેલાં ઉંચાં કરીને બુમો પાડતા જાય જે, 'લેતા જાઓ. લેતા જાઓ.' મે'માન કહે, 'બાઈ બિચારી સારી તે આપણને ચેતવ્યા અને આ તો સાંબેલા લઈને પાછળ આવે છે.' મે'માને પાછું વળીને જોયું એટલે સાંબેલા ઉંચા કરીને પાછળ દોડ્યા આવતા હતા તે દેખાયા. એટલે મે'માન પણ મૂઠીયું વાળીને એકદમ દોડવા લાગ્યા. તેમ આ સંસારને વિષે કેટલાક મતપંથવાળાએ જીવોને સાંબેલા આપ્યાં છે. જે સત્ય વાત છે તે કહેવા જઈએ તો પણ મનાય નહીં. ॥૧૧૮૭॥

એક ગામમાં એંશી આંધળા ગયા હતા તેને કોઈક ધર્મવાળાએ એક-એક તપેલી અને એક-એક ધાબળી આપેલી. પછી તે એંશી જણા ત્યાંથી બીજે ગામ જવા નીકળ્યા. એટલે રસ્તામાં કેટલાક ચોર લોકો ભેગા થયા. તેને ભેળા કરીને કહ્યું કે, 'ભાઈઓ ! તમે બધાય આંધળા છો અને આગળ જતાં બીક લાગે છે માટે તમારી ધાબળીયું તથા તપેલીયું લઈ જાશે માટે લાવો, અમે તમારી તપેલીઓની તથા ધાબળીયોની ગાંસડી બાંધીને અમે તમારા સાથે ચાલીએ અને તમને પાણાની ખોયો વળાવીયે. એટલે જે ચોર આવે તેને પાણા મારજો.' ચોર લોકો તો તપેલીની તથા ધાબળીયોની ગાંસડીયો લઈને ચાલતા થયા. અને આંધળાને આડે રસ્તે ચડાવી મૂક્યા. પછી કોઈ ધર્મવાળો આવીને કહે જે, 'અરે! આંધળાઓ ! આમ ઉવાટે ક્યાં જાઓ છો ? મારગ આણી તરફ રહ્યો.' તે સાંભળી ને બધાય આંધળા તેમના તરફ પાણાના ઘા કરે અને બોલે જે, 'જો, તપેલીઓ લેવા આવ્યા છે.' એમ કહીને એંશીયે જણા પાણાના ઘા કરે એટલે કોઈ માણસ પાસે આવી શકે નહીં. તેમ આંધળાને ઠેકાણે અજ્ઞાનીઓ છે તેને સત્પુરુષ સમજાવે જે ભાઈઓ આ રસ્તે ચાલશો તો તમને જમપુરીનો ભય છે માટે તમે ધર્મને રસ્તે ચાલો તો સ્વર્ગાદિક સુખ અને મોક્ષરૂપી સુખ મળે. તેમ મતપંથવાળાએ જીવને અવળા સમજાવીને પાણાની ગોળીયો વળાવી છે. માટે સદ્ગુરૂ ગમે તેમ સમજાવે પણ માને નહીં અને કહે જે અમારૂં છે તે જ સત્ય છે. ॥૧૧૮૮॥

એક બ્રાહ્મણ હતો તે કાસીદે ગયો હતો. તેને જજમાને દુકાનેથી બશેરક ઉના દાળીયા બંધાવ્યા હતા અને જે ગામ જવું હતું તેની નજીક એક પાણીનું તળાવ હતું. તે આવ્યું તેને કાંઠે ઝાડવા નીચે બેસીને દાળીયાને ગોળ ખાઈ ગયો અને પાણી પીતો ગયો. પછી સામે ગામ જ્યારે ગયો ત્યારે ઘરધણીએ પુછ્યું જે, 'મહારાજ ! રસોઈ કરશો કે જમવા આવશો

?' ઘરધણી કહે, ગામમાં સાત વાનાંની સુખડીની ચોરાસી છે અને અમારે સૌને ત્યાં જ જમવા જવાનું છે.' બ્રાહ્મણે વિચાર કર્યો જે, 'હાથે રસોઈ કરવા કરતાં તૈયાર ભોજન મળે તે બહુ સારું.' બ્રાહ્મણ કહે, 'હું ચોરાશીમાં જમવા આવીશ,' બ્રાહ્મણે દાળીયા બહુ ખાધેલા. તેથી વારે વારે પાણી પીધા કરે અને બ્રાહ્મણ જાણે જે, 'રાતનાં દશ વાગતાં વોરુ હુંકોરું થાશે એટલે ત્યાં સુધીમાં દાળીયા પચી જાશે.' અને સમી સાંજમાં જમવાને માટે તેડવા આવ્યા. એટલે સૌ જમવા માટે ગયા અને ઘરધણીએ મે'માન માટે પડીયો પત્રાવળાં લઈ લીધાં. અને સાતે વાનાંના પકવાન શાક દાળ વિગેરે પીરસાઈ ગયું ત્યારે સૌ જમવા બેઠા અને બ્રાહ્મણ જ્યાં મોઢામાં કોળીયો મેલવા જાય ત્યાં મોંઢામાં બકારી આવે ત્યારે ઘરધણીએ કહ્યું જે, 'જમોને, મહારાજ !' બ્રાહ્મણ કહે, 'ભાઈ ! દાળીયે ઘર ઘાલ્યું છે !' તેમ પંચવિષયે કરીને જેનું અંતઃકરણ દગ્ધ વર્તતું હોય તેને ગમે તેવો સદ્-ઉપદેશ કરે તો પણ તેના હૃદયમાં પેસે નહીં. ॥૧૧૮૯॥

એક વખત શ્રીકૃષ્ણ ભગવાન સુદામાજીને ઘરે મે'માન થયા હતા. પછી સુદામાજીના ઘરનાં રસોઈ કરતાં હતાં. ત્યારે સુદામાજીએ પુછ્યું જે, 'રસોઈને કેટલી વાર છે ? અમે નહાઈ આવીયે.' પછી ઘરવાળીએ કહ્યું જે, 'પાશેર લોટની રોટલી થઈ ગઈ છે અને પાશેરની બાકી છે.' પછી ભગવાન તથા સુદામાની સમુદ્ર ઉપર નહાવા પધાર્યા. પછી સુદામાજીએ કહ્યું જે, 'મહારાજ ! તમારી અકળ કળા મને બતાવો.' પછી ભગવાને કહ્યું જે, 'ભાઈ ! મારી અકળ કળા જોવા જેવી નથી.' તો પણ સુદામાજીએ કહ્યું. તેણે બહુજ આગ્રહ કર્યો. પછી ભગવાન કહે, 'તમે પહેલા નહાવા પડો જોઈએ! તમે કેટલી ઘડી પાણીમાં રહો છો ? હું ગણું છું.' પછી સુદામાજી જ્યાં નહાવા પડ્યા. ત્યાં તો કોઈક મોટો બેટ હશે તેને કાંઠે જઈને નીસર્યા. સુદામાજીએ જઈને પૂછ્યું જે, 'ભાઈ ! આ કયું ગામ ?' ત્યારે સૌએ કહ્યું જે, 'આ સમુદ્રની વચ્ચેનો એક મોટો બેટ છે.' ત્યારે સુદામાજીએ પુછ્યું જે, 'અહીંથી સુદામાપુરી કેટલે રહી ?' એટલે એક શેઠે કહ્યું જે, 'કાલે મારાં વહાણ અહીંથી ગયાં છે તે વીસ વરસે અહીંથી પહોંચશે અને વીસ વરસે ત્યાંથી પાછાં આવશે એટલી સુદામાપુરી દૂર છે.' સુદામાજી કહે, 'મને ચાળીશ વરસ થયાં છે અને હજુ ચાળીશ વરસે તે વહાણ પાછાં આવશે. માટે હવે તો અહીંયાં જ રહું.' પછી એક શેઠે સુદામાજીને રાખીને પોતાની દીકરી પરણાવી અને તેમને પાંચ સાત છોકરાં થયાં. પછી તે શહેરમાં એવો રીવાજ હતો જે, 'પહેલી સ્ત્રી મરે તો પુરુષને સાથે બાળે અને પુરુષ જો પહેલો મરે તો તેની સ્ત્રીને સાથે બાળે. એમ કરતાં કરતાં કોઈક સ્ત્રી મરી ગઈ અને અગ્નિસંસ્કાર કરાવવા સારુ સૌ લોક સ્મશાનમાં ગયા હતા. તેની સાથે સુદામાજી પણ

ભેળા ગયા. પછી જ્યારે તેની ચિતા ખડકી ત્યારે તેના પુરુષને તે સ્ત્રીની ચિતા ભેળો ખડક્યો. તે જોઈ સુદામાજી બોલ્યા જે, 'આ શું ?' સૌએ કહ્યું જે, 'આ શહેરમાં આવી રીત છે.' એમ કરતાં કરતાં કેટલીક મુદતે સુદામાજીની ઘરવાળી મરી ગઈ. પછી સુદામાજીએ જાણ્યું જે, 'ભુંડું થયું. મને પણ ભેળો બાળશે.' પછી પોતે એક કોઠીમાં સંતાઈ ગયા. પછી તેને ખોળીને બહાર કાઢ્યા અને બાઈની સાથે સ્મશાનમાં લઈ ગયા. સુદામાજી ત્રાય ત્રાય થઈ ગયા અને ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યા. પછી સુદામાજી કહે, 'લ્યો, હું નદીમાં નહાઈ આવું પછી આવું.' જ્યાં નદીમાં નહાવા પડ્યા ત્યાં તો સુદામાજી સુદામાપુરીને પાદર નીકળ્યા અને ભગવાનને સમુદ્રને કાંઠે બેઠેલા જોયા. પછી ભગવાને તાળી પાડીને કહ્યું જે, 'એક બે ને સાડા ત્રણ.' ભગવાન કહે, 'સુદામાજી ! તમે તો પાણીમાં કાંઈ ન રહ્યા ' પછી સુદામાજીએ કહ્યું જે, 'મહારાજ ! તમારી અકળ કળા કોઈને બતાવશો નહીં.' એમ કહીને પછી બન્ને જણા ઘરે આવ્યા અને ઘરે આવીને પૂછ્યું જે, 'રસોઈને શી વાર છે ?' બાઈ કહે, 'તમો ગયા પછી નવટાંક લોટની રોટલી કરી છે અને હવે નવટાંક લોટની રહી છે.' માટે ભગવાનની અકળ કળા છે તેને કોઈ જાણી શકતું નથી. ॥૧૧૯૦॥

નારદજી હતા. તેમને એવો વિચાર થયો જે, 'હું કેવો બ્રહ્મચર્ય પાળનારો છું ? અને ભગવાન છે પણ ઘરમાં બંધાઈ ગયા છે. એવો પોતાને ગર્વ આવ્યો હતો.' પછી પોતે દ્વારકામાં ગયા. ભગવાન કહે, 'નારદજી ! રસોઈને થોડી વાર છે. માટે ચાલો આપણે નહાવા જાઈએ.' પછી ગોમતીજીમાં ભગવાન તથા નારદજી નહાવા ગયા અને નારદજી ગોમતીજીમાં નહાવા પડ્યા. તે જાણે કોઈક શહેરમાં ભીલડી થયા અને તેનો પતિ કોઈક મોટો ભીલ થયો અને તેને અડતાળીસ છોકરાં થયાં અને એક છોકરૂં પેટમાં રહ્યું. પછી નહાઈને જ્યારે બહાર નીસર્યા એટલે ભગવાન કહે, 'ચાલો, રસોઈ ઠરી જશે.' પણ નારદજી પોતાની વાત કાંઈ કરે નહીં. અડતાળીસ છોકરાં દ્વારકાના ઝાંપે આવીને ખડાં થયાં. પછી નારદજીએ ભગવાનને કહ્યું જે, 'મહારાજ ! મને પેટમાં બહુ દુઃખે છે.' ભગવાન કહે, 'જાઓ, જંગલ જઈ આવો. હું અહીંયાં બેસું છું.' પછી નાદરજી જ્યાં જંગલ જવા ગયા ત્યાં તો પેટમાંથી પુંઠ્ય દ્વારે છોકરો જન્મ્યો. તે પણ દોડીને અડતાળીશ ઉભાં હતા તે ભેળો ઉભો રહ્યો. પેલાં સૌ કહેવા લાગ્યાં જે, 'આંહીં નહીં. આંહીં નહીં. અમે સૌ નારદજીનાં છીએ અને તું કોનો છે ?' છોકરો કહે, 'હું પણ નારદજીનો છું.' એમ જ્યાં એક બીજા બોલાચાલી કરે છે ત્યાં તો ભગવાન અને નારદજી ત્યાં પધાર્યા. ભગવાન કહે, 'નારદજી ! આ બધાં કોણ છે ?' નારદજી નીચું જોઈને શરમાઈ ગયા. પછી છોકરાંને ભગવાને કહ્યું જે, 'તમે કોનાં છોકરાં છો ?' છોકરાં કહે, 'અમે નારદજીનાં છોકરાં છીએ.'

ભગવાન કહે, 'નારદજી ! આ શું કહે છે ?' પછી નારદજી નીચું જોઈને કાંઈ બોલ્યા નહીં અને ભગવાનને કહ્યું જે, 'મહારાજ ! હવે માફ કરો.' પછી ભગવાને બધાં અડતાળીશે છોકરાંને નોખાં નોખાં વહેંચી આપ્યાં પણ મળમાસરુપી છોકરાંને કોઈએ પેસવા દીધો નહિ. પછી મળમાસે ભગવાનને કહ્યું જે, 'હું મરીશ. હું મરીશ.' પછી ભગવાને કહ્યું જે, 'મારે નામે તારૂં નામ પુરુષોત્તમ માસ.' પછી એમ ઓગણપચાશ ભગવાને ઠેકાણે પાડ્યાં અને ભગવાન તથા નારદજી દ્વારકામાં પધાર્યા. ॥૧૧૯૧॥

એક બ્રાહ્મણ હતો. તે દરજીની કંકોતરીયે ગયો હતો. દરજીએ કાતર દીઠ બબે પૈસા આપ્યા તેથી શીખના તેને બત્રીશ પૈસા થયા. પછી તે લઈને પોતાને ગામ આવવા ચાલ્યો આવતો હતો. અને સાંજના ચાર વાગ્યાનો વખત થયો હતો. ત્યાં એક વાવ્ય રસ્તામાં આવી ત્યાં પાણી પીવાને માટે તેમાં ઉતર્યો. પાણી પીઈને વાવને કાંઠે વૃક્ષ હશે ત્યાં વિશ્રાંતિ લેવા બેઠો. એટલે વાવમાંથી માયા બોલી જે, 'તારા ગામના ફલાણા શેઠને કહે જે, હું તેની માયા છું ને વાવ્યમાં મુંજાઉં છું. માટે મને આંહીંથી લઈ જાય.' બ્રાહ્મણ તે સાંભળીને ઘણો જ રાજી થયો જે, 'બત્રીસ પૈસા તો આવ્યા છે અને વળી શેઠને વધામણી દઈશ તે મારું દાળદર જશે.' બ્રાહ્મણે ગામમાં આવીને બારોબાર શેઠની દુકાને આવીને કહ્યું જે, 'અમુક વાવ્યમાં તમારી માયા છે તે મુંઝાય છે તેને તમે લઈ આવો.' વાણીયો કહે, 'જાવ, પૂછી આવ, દૈવી છો કે આસુરી ? એ દૈવી હોય તો હું લેવા આવું અને આસુરી હોય તો મારે જોઈતી નથી.' બ્રાહ્મણ ખંભે ખડીયો લઈને એકદમ પાછો વાવે આવ્યો અને કહ્યું જે, 'શેઠે પૂછ્યું છે જે તમે દૈવી છો કે આસુરી?' માયા બોલી જે, 'હું તો આસુરી છું.' ત્યારે બ્રાહ્મણ કહે, 'શેઠે ના પાડી છે.' ત્યારે માયા બોલી જે, 'તારે જોઈએ છીએ ?' બ્રાહ્મણ કહે, 'હા,' પછી માયા બહાર આવીને સોનાનું મોટું ઢીમ થઈને પડ્યું. બ્રાહ્મણે વિચાર કર્યો જે, 'બાથમાં ઘાલીને તેને વડના છાંયે લઈ જાઉં. પછી અંધારું થાશે ત્યારે ઘરે લઈ જઈશું.' પછી ઉપર લુગડું ઢાંકીને જ્યાં ઉપાડવા જાય ત્યાં તેના બેય હાથ સોના સાથે ચોંટી ગયા અને બ્રાહ્મણ ઘણો છૂટવાને લથડ બથડ કરે પણ હાથ છૂટે નહીં. પછી બ્રાહ્મણ બોલ્યો જે, 'મેલ રે મેલ ભલી થઈને મેલ્ય માયા.' પણ વાવમાંથી બોલી જે, 'તારી પાસે કાંઈ છે ?' ત્યારે બ્રાહ્મણ બોલ્યો જે, 'કાસીદું કર્યું તેના બત્રીસ પૈસા આવ્યા છે. ત્યારે માયા બોલી જે, 'તે મેલ્ય.' બ્રાહ્મણ કહે, 'મારા હાથ ચોંટ્યા છે તે શી રીતે પૈસા લાવીને મેલું ?' પછી એક હાથ ઉખેડ્યો એટલે પૂજા છોડીને ગૌમુખીમાંથી પૈસા હતા તેટલા મેલ્યા એટલે તે પૈસા તેની સાથે ચોંટી ગયા. પણ બીજો હાથ ઉખડે નહીં પછી બ્રાહ્મણ બોલ્યો જે, 'હવે બીજો હાથ મેલ્યરે મેલ્ય.' માયા કહે, 'હવે કાંઈ છે ?' બ્રાહ્મણ કહે,

'ગોપીચંદનનો પાસો છે.' પછી તે મેલ્યો. તે પણ સોનાની સાથે ચોંટી ગયો. તેથી બ્રાહ્મણના રુંવાડે રુંવાડાં કંપતાં હતાં. પછી જ્યાં બીજો હાથ છૂટો થયો ત્યાં એકદમ મૂઠીયો વાળીને વેતાં મેલ્યાં તે ગામ ભેળો થઈ ગયો. તે વખતે શેઠ પોતાની દુકાને ફાનસ કરીને બેઠા હતા તેણે કહ્યું જે, 'દેવ! ઉભા રહો. ઉભા રહો.' દેવ કહે, 'ઘરે જઈને આવું.' પછી લુગડાં એક કોર મેલીને નહાઈ ધોઈને પછી શેઠ પાસે ગયો. પછી શેઠે કહ્યું કે, 'કેમ થયું ?' બ્રાહ્મણ કહે, 'કાશીદાના બત્રીશ પૈસા ગયા અને ટીલું કર્યાનો ગોપીચંદનનો પાસો હતો તે પણ ગયો.' માટે ત્યારથી કહેવાણું કે ગાંઠ્યનું ગોપીચંદન પણ ગયું. ॥૧૧૯૨॥

અને ચોર હતા. તે એક ગામમાં સાધુ પાસે બેસવા ગયા. સાધુનો ધર્મ છે કે ગમે તેવો પોતાની પાસે બેસવા આવે તેની પાસે ધર્મ સંબંધી વાતો કરે. પછી તેમણે વાતો કરીને કહ્યું જે, 'તમે કાંઈક નીયમ લ્યો.' ચોર કહે, 'મહારાજ ! અમારે ચોરીનો ધંધો તે અમારે નિયમ પળે નહીં.' પછી તેમાં એક ખળ હતો તેણે કહ્યું, 'જાઓ, મહારાજ ! મારે ગાડું ન ખાવું.' એમ સાધુની મશ્કરી કરીને નિયમ લીધું. સાધુ બીચારા બહુજ ભોળા હતા તેથી હા કહી. પછી ચોર ચોરી કરવા ગયા અને કોઈક રાજાનો ખજીનો ફાડીને ઘણુંક દ્રવ્ય લાવ્યા. પછી એક મોટું અરણ્ય હશે ત્યાં આવ્યા અને ત્યાં માતાનું સ્થાન હશે તેમાં કોઈકે માનતા કરેલી તેથી ખાંડનાં રમકડાં તથા ખાંડનું એક ગાડું માતાને પાસે આવી મૂકેલાં. ચોરોએ વિચાર કર્યો જે, 'પરમેશ્વરે દ્રવ્ય પુષ્કળ આપ્યું છે અને ખોરાક પણ આપ્યો.' પાસે કુવો હશે તેમાંથી પાણી ભરીને બેઠા અને સૌએ ત્યાં ખોરાકનો ભાગ પાડ્યો. ત્યાં તો જેણે નિયમ લીધું હતું તેને જ ગાડું ભાગમાં આવ્યું એટલે તેણે કહ્યું જે, 'આપણે ગાડું ખાધાનું નિયમ છે માટે આપણે ખાવું નથી.' પછી સૌએ સંપ કર્યો જે, 'આને બીજું કાંઈ આપવું નહીં અને તેનું નિયમ મૂકાવવું.' પછી સૌએ પોતપોતાનો ભાગ ખાધો અને ઘણાક દિવસથી રમકડાં વિગેરે પડેલાં. તેના ઉપર સર્પ ઘરલ નાંખી ગયેલો. જેથી તે ખાતાં વેંત સૌ મૃત્યુને પામ્યા અને જેણે ગાડું ન ખાધું તે જીવ્યો અને બધું દ્રવ્ય પોતાને રહ્યું. માટે જો મશ્કરીમાં પણ સંતને વચને નિયમ રાખ્યું હતું તે બચી ગયો. ॥૧૧૯૩॥

એક વાણિયો હતો તે સંત પાસે બેસવા આવ્યો. પછી સંતે કહ્યું જે, 'શેઠ ! કાંઈક નિયમ લ્યો.' શેઠ કહે, 'મહારાજ ! મારાથી શું નિયમ રહે ? પણ જાઓ મારે નિત્ય એક મુંડી જોઈને ખાવું.' પછી પોતાના ઘરને પડખે એક વાળંદનું ઘર હતું એટલે સવારમાં જે કોઈ હજામત કરાવી જાય તેનું માથું જોઈને વાણિયો ખાય, એમ કરતાં કરતાં એક દિવસ કોઈક કુંભાર વહેલું વતું કરાવીને ધુડ્ય ખોદવાને માટે ગયો હતો. વાણિયે સવારમાં ઉઠીને વાળંદને પુછ્યું જે, 'કરશન ! આજ કોઈ હજામત કરાવી ગયું ?' વાળંદ કહે, 'આજ

પાંચો કુંભાર હજામત કરાવી ગયો છે.' શેઠે કુંભારને ઘરે જઈને પુછ્યું જે, 'કુંભાર ક્યાં છે ?' ત્યારે ઘરનો માણસે કહ્યું જે, 'એતો ધુડ્ય ખોદવા ગયા છે.' કુંભાર જ્યાં ધુડ્ય ખોદે છે ત્યાં કોઈક જુનો ટીંબો હશે તેમાંથી રૂપિયાની તાંબડી હાથ આવી.' વાણિયો ઠહર...પહર...ઠહર...પહર...કરતો જ્યાં કુંભાર ધુડ્ય ખોદે તે નજીક ગયો. ત્યાં તો કુંભાર ઉઘાડે માથે ઉભો થયો. ત્યારે વાણિયો બોલ્યો જે, 'દીઠી...દીઠી...'કુંભાર જાણે આણે તાંબડી દીઠી. ત્યારે કુંભાર બોલ્યો જે, 'આવો, આવો, શેઠ! આમાં તમારો અરધો ભાગ છે.' શેઠ સાંભળીને તુરત કુંભાર પાસે ગયો અને કુંભારે અરધો અરધ રૂપિયા તાંબડીમાંથી શેઠને આપ્યા. એ માટે જો સંતને વચને કરીને નિયમ લઈને ટેક રાખી તો આટલો લાભ થયો. ||૧૧૯૪||

એક ચોર હતો. તે નિરંતર કંદોઈની દુકાન ફાડીને મગદલ લાવતો અને તે ખાઈને છોકરાં પણ બહુ ખુશી થતાં. અને જ્યારે અજવાળીયું હોય ત્યારે છોકરાં કહે જે, 'બાપા ! મગદળ.' ચોર કહે જે, 'ભા ! અંધારીયું આવવા દે પછી વાત.' એમ કરતાં કરતાં એક દિવસ કોઈક રજપુતનું ઘર ફાડ્યું. રજપુત ત્યાં આવી પહોંચ્યો. તેણે ચોરને બરડામાં ઝટકો માર્યો તેથી ચોર ત્યાંથી એકદમ નાશીને દોડાદોડ પોતાને ઘરે આવ્યો. તે વખત છોકરાં વાટ જોઈને બેઠા હતા. તે ચોરને જોઈને બોલ્યા જે, 'બાપા! મગદળ.' ચોર કહે, 'રાંડ્યનો મગદળ મગદળ શું કરો છો !' જુઓને, આ ભગદળ. માટે પંચવિષયરુપી મગદળનો જે હેવાયો છે પણ કોઈક જો એવો મળ્યો તો ચોરની પેઠે થશે અને બહુ વિષયના હેવાયા હોય તેને કોઈક દહાડે આવી દશા થાય છે. ||૧૧૯૫||

એક ગામમાં એક કોળી ભગત હતો. તેને ઘરે તેનો ગુરુ આવ્યો તે ગુરુની સાથે તેના ત્રીસ ચેલા હતા. બાવાને ભાળીને કોળીના મનમાં ત્રાસ થયો જે, 'અરેરે ! મારે ખાવાનું નથી અને આ ત્રીસ જણાને શું ખવરાવીશ?' એમ વિચાર કરતો ભાવે કભાવે તે ગુરુના પગમાં જઈને પડ્યો. ગુરુએ બધા સમાચાર પુછ્યા ત્યારે કોળી કહે, 'મહારાજ ! હું તો ગરીબ માણસ છું અને દાડી-દપાડી કરીને નિર્વાહ ચલાવું છું.' ગુરુ કહે, 'ગમે તેમ કર પણ દશ વરસે અમે તારે ઘરે આવ્યા છીએ માટે છુટકો નથી.' કોળી ભક્તે જાણ્યું જે, '**હસ્તાએ પરોણો અને રોતાએ પરોણો**.' પછી કોળીએ પોતાના ગુરુને કહ્યું જે, 'મહારાજ ! વાળુને માટે કાંઈક તૈયારી કરાવું ?' ગુરૂએ કહ્યું જે, 'આજ સૌ પાકી રસોઈ જમીને આવ્યા છીયે. માટે કોઈને જમવાની ઈચ્છા નથી પણ સવારની તૈયારી કરાવજો.' પછી સૌ રાત્રે ખાટલા ઢાળીને સુઈ ગયા. અને કોળી ભગતને ઉંઘ આવે નહીં તેથી ઉઠીને ફળીમાં આંટા મારવા માંડ્યો. એટલામાં પોતાના ઘરે આવેલા બાવાના જોડા જોઈને

કોળીયે વિચાર કર્યો જે, 'આ કામ કર્યા જેવું છે.' પછી તે બધાના જોડાની ગાંસડી બાંધીને નજીકમાં એક મોટું ગામ હશે ત્યાં જઈ મોચીને જગાડીને કહ્યું જે, 'આ ત્રીશ જોડ્ય જોડા રાખ્ય અને તેની કિંમત થાય તેટલી આપ્ય.' મોચીએ ગરજ વરતીને કહ્યું જે, 'આ એક એક જોડ્યનો દોઢ દોઢ રૂપિયો આવશે પછી તેની કિંમત લઈને તેનું ઘી, ગોળ, લોટ, દાળ, ભાત વિગેરે લઈને દિવસ ઉગ્યા મોર્ય લાવ્યો અને બાવાજી સવારમાં ઉઠીને સૌ દાતણ પાણી કરીને રસોઈના કામમાં લાગી પડ્યા. પછી શિરો, પુરી, ભજીયા વિગેરે તૈયાર કરીને બપોરે સૌ પંક્તિ કરીને જમવા બેઠા. તે વખતે ગુરુ બોલ્યા જે, 'ભલે, ચેલા ભલે, તેં તાણી તુસીને અમારી મે'માનગતી સારી કરી.' તે વખતે કોળી ભગતે હાથ જોડીને કહ્યું જે, 'મહારાજ ! આમાં મારું કાંઈ નથી. આ તો તમારા ચરણનો પ્રતાપ છે.' એમ ગુરુ જેમ શિષ્યનાં વખાણ કરે ત્યારે તે સેવક પણ તેવો જ ઉત્તર આપે જે, 'હે મહારાજ ! આમાં મારું કાંઈ નથી. તમારા ચરણનો પ્રતાપ છે.' પછી ગુરુએ જમતાં જમતાં શિષ્યોને આજ્ઞા કરી જે, 'આજ સાંજે સામે ગામ જઈને રાત રહેવું છે પણ અહીંયાં રાત રહેવું નથી કેમકે આણે આપણી બહુ જ ચાકરી કરી છે.' પછી જમી રહ્યા ત્યારે સેવકે ગુરુને ચાદર ઓઢાડી. પછી હોકા તથા સાફી વિગેરે પીઈને સૌ રાજી થયા અને સેવકને આશિષ આપી. સેવક તો મનમાં ઘણો જ નારાજ થતો જે, 'આ પાપ અહીંથી ક્યારે ઝટ જાય ?' સેવકે ભાવે કભાવે ગુરુને પગે પાંચ રૂપિયા મેલ્યા. પછી સાંજ વખતે ગુરુએ સૌને કહ્યું જે, 'આપણે ચાલવાની તૈયારી કરો.' એટલે સૌ સાબદા થઈને જ્યારે ચાલવાની તૈયારી કરી ત્યારે પોતાના પહેરવાના ઉપાન(જોડા)ની શોધ કરવા મંડ્યા. ત્યારે કોળી ભગતને પુછ્યું જે, 'અમારા ઉપાન ક્યાં ગયાં ?' ભગતે કહ્યું જે, 'મેં તો તમને જમતી વખતે કહ્યું છે કે તમારા ચરણનો પ્રતાપ છે.' પછી બાવા બહુ જ રકઝક કરવા મંડ્યા ત્યારે કોળી હાથમાં લાકડી લઈને બાવાની સામો થયો જે, 'હું જાતનો કોળી છું. અહીંથી વેળાસર રસ્તે પડો નહીં તો આ લાકડીયે તમારો બરડો હળવો કરીશ.' પછી સૌ બાવા ઉઘાડે પગે ચાલી નીસર્યા અને એકબીજા બાવા બોલવા મંડ્યા જે, 'ઓલ્યા ગામવાળે આપણને જોડા સીવડાવી દીધા ને આણે તો આપણા જોડા વેચીને આપણને ખવરાવ્યું.' માટે સંસારમાં આવા ગુરુ પણ છે તે ચેલા પણ તેને તેવા જ મળે છે. માટે સત્પુરુષ મળે તો જ પરલોકનો રસ્તો બતાવે. ॥૧૧૯૬॥

બે મિત્ર હતા. તે પરદેશમાં રળવાને ગયા હતા. પછી બે, ચાર, પાંચ વરસ સુધી રળીને સારી પેઠે પૈસા કમાણા અને ઘરે આવવાની બન્ને જણે તૈયારી કરી. તેઓ રસ્તે આવતાં એક મોટું જળાશય હશે ત્યાં આવીને એક મોટા વડ નીચે ઉતર્યા. પછી બન્ને જણા

ભાતું ખાઈને વડ નીચે સુતા હતા, તેવામાં એક મોટો સર્પ દોડ્યો આવતો હતો. તે એક જણ જાગતો હતો. તે જોઈને તેણે સર્પને પુછ્યું જે, 'તારે શું છે ? સર્પ કહે, 'આ સુતો તે મારો પૂર્વનો વૈરી છે માટે મારે તેના હડીયાનું લોહી પીવું છે.' પછી પેલે માણસે કહ્યું જે, 'હું તને તેના હડીયાનું લોહી આપું તું એટલે છેટે રહે.' પછી તેણે વડના પાંદડાનો પડીયો કરીને તેની છાતી ઉપર બેસીને છરીયે કરીને ગળાની ચામડી કાપી. તે વખતે સુતેલા માણસે આંખ ઉઘાડીને જોયું તો પોતાના મિત્રને ભાળ્યો એટલે તે આંખ વિંચી ગયો. પછી પડીયામાં રૂધીરમાં પાંચ છાંટા નાંખીને સર્પની પાસે મેલ્યો. સર્પ તે રુધીર પીઈને ચાલતો થયો. પછી પેલે માણસે પટી તેને ગળે બાંધી દીધી અને બન્ને જણા જાગીને પછી રસ્તે પડ્યા. પણ જેનું ગળું કાપ્યું છે તે ધણી આને કાંઈ પૂછતો નથી તેથી પોતાના મિત્રે કહ્યું જે, 'ભાઈ ! તું મને કેમ કાંઈ પૂછતો નથી ?' ત્યારે તે બોલ્યો જે, 'તેં કર્યું હશે તે મારા હિતને અર્થે કર્યું હશે. કેમકે તું મારું અહિત કરે નહીં.' પછી તેણે બધી હકીકત કહી દેખાડી, માટે મિત્ર કયો સાચો ? જે પોતાના મિત્રનું હિત ઈચ્છે તે જ ખરો મિત્ર કહેવાય પણ જેમ વિષનો ઘડો હોય અને તેને મોઢે અમૃત હોય તેવા મિત્રનો કદી પણ વિશ્વાસ કરવો નહીં. કેમકે મોઢેથી જ કેવળ મીઠું બોલીને આગલા માણસને રાજી કરે પણ પાછળથી તો તેનું નિકંદન કાઢી નાંખે એવા મિત્રનો તો સદા ત્યાગ કરવો. ॥૧૧૯૭॥

એક રાજાનો કુંવર હશે તેણે નાનપણમાં અણગળ પાણી પીધું હશે તેથી તેના પેટમાં ચરમીયાનો જમાવ થયો. અને તેમાં એક ચરમ પેટમાં વૃદ્ધિ પામીને મોટો સર્પ જેવડો થયો અને તે કુંવરને જેટલું ખવરાવે તેટલું સર્પ ઉદરમાં રહીને ખાય એટલે કુંવરના શરીરે રુધીર ચડે નહીં. પછી તેને ઘણાક ડાક્ટરો તથા વૈદને બોલાવ્યા પણ કોઈ દવા લાગુ પડે નહીં. પછી રાજાએ દીવાનને કહ્યું જે, 'આને મુસાફરી કરવા માટે ક્યાંક લઈ જવો. કેમકે પાણી બદલો કરવાથી શરીરમાં શક્તિ આવશે.' પછી ચાલતાં ચાલતાં એક અરણ્યમાં એક મોટું જળાશય આવ્યું. ત્યાં પડાવ નાંખીને મુકામ કર્યો. પછી ત્યાં સૌ ખાઈ-પીઈને દિવસે સૂતા હતા. તે વખતે રાજાનો કુંવર ભરનિદ્રામાં હતો તેથી ઉદરનો સર્પ હતો તે બહાર નીકળીને સરોવરની ઠંડી હવા લેતો. તે વખતે ત્યાં સર્પનો એક મોટો રાફડો હતો. તેમાંથી એક મોટો સર્પ નીકળીને તે પણ ઠંડી હવા લેતો. પછી રાફડાનો સર્પ બોલ્યો જે, 'તું રાજાના પેટમાં રહીને દૂધ ચોખા ને સાકર જમે છે પણ જો કોઈક ઈલમી મળશે તો ઝેરકોચલા છાશમાં લઢીને પાશે તો તારા મકોડે મકોડા તુટી જાશે.' ત્યારે ઉદરના સર્પે કહ્યું જે, 'તને જો કોઈ ઈલમી મળશે તો તેલ ઉનું કરીને તારા રાફડામાં રેડશે એટલે તું મરી જઈશ અને તારી માયા છે તે કોઈક લઈ જાશે. તે વખતે દિવાન સુતો સુતો જાગતો

હતો. તેણે બેઉ સર્પના શબ્દ સાંભળીને વિચાર કર્યો જે, 'આ પણ ઠીક થયું.' પછી પોતાના ચાકરને જગાડીને ગામમાંથી ઝેર કોચલા મંગાવીને છાશમાં લઢીને રાજાના કુંવરને પાયા એટલે સર્પ ઉદરમાં હતો તેના મકોડે મકોડા તુટી ગયા અને કુંવરને રેચ લાગ્યો તેથી તે સાજો થયો અને પછી અરધો મણ તેલ ઉનું કરીને સર્પના રાફડામાં રેડ્યું એટલે રાફડાનો સર્પ પણ મરી ગયો અને પછી તેમાં દ્રવ્ય હતું તે કાઢી લીધું. માટે એક બીજાના મર્મ છેદન વચનથી એક બીજાનું મૃત્યુ થાય છે અને ત્રીજો જણ ફાવે છે. ॥૧૧૯૮॥

એક વિદ્વાન બ્રાહ્મણ હતો પણ ઘરની સ્થિતિ દુર્બળ હતી. તેથી પોતે વિચાર કર્યો જે, 'હું અરણ્યમાં ક્યાંક જઈને શંકરનું દેવાલય હોય ત્યાં જઈને ભાગવતની પારાયણ કરૂં. પછી તે બ્રાહ્મણ એક મોટા અરણ્યમાં ગયો અને ત્યાં શંકરનું એક મોટું પુરાતની દેવાલય દીઠું. ત્યાં જઈને કથાનો પ્રારંભ કર્યો. પણ અરણ્યમાં કોઈ મનુષ્ય માત્ર નહીં તેટલામાં ઘડીક કથા વાંચી ત્યાં મોટો પુરાતની મણીધર નાગ રહેતો હતો તે બ્રાહ્મણ પાસે આવીને કથા સાંભળવા બેઠો હતો. બ્રાહ્મણે સાંજે કથાની સમાપ્તિ કરી ત્યારે તે નાગે સોનામહોર તેના પુસ્તક ઉપર મૂકી. તે જોઈ બ્રાહ્મણ બહુ રાજી થયો. એમ નિરંતર બ્રાહ્મણ કથા કરે અને તે સર્પ નિત્ય એક સોનામહોર આપે. એમ કરતાં કરતાં બ્રાહ્મણને કાંઈક કામ પ્રસંગ આવ્યો તેથી પોતે પાંચ સાત દિવસને માટે ગામતરે ગયો. તેથી તેણે પોતાના છોકરાને કહ્યું જે, 'અમુક જગ્યાએ શંકરનું દેવાલય છે. ત્યાં જઈને ભાગવતની કથા કરજે અને ત્યાં એક સર્પ છે તે નિત્ય કથા સાંભળવા આવે છે અને તે કથાની સમાપ્તિને અંતે નિત્ય એક સોનામહોર મેલે છે. તે સાંભળીને બ્રાહ્મણનો છોકરો ત્યાં પુસ્તક છોડીને જ્યાં મંગલાચરણ કરવા મંડ્યો. ત્યાં સર્પે પોતાના રાફડામાંથી આવીને જોયું ત્યાં તો બીજા બ્રાહ્મણને દેખ્યો એટલે સર્પે વિચાર કર્યો જે, 'આ તો કોઈક બીજો બ્રાહ્મણ છે. પણ ચાલ્યને મારે તો કથા સાંભળવી છે ને ! 'એમ જાણીને બ્રાહ્મણની પાસે જઈને બેઠો અને બ્રાહ્મણને છોકરે જાણ્યું જે, 'આ સર્પના મોઢામાં સોનામહોરું ભરી છે માટે એક-એક આપે છે તે કરતાં તેને ઠામ કરૂં એટલે બધી સોનામહોરૂં તરત મળે.' એમ જાણીને પોતાની પાસે એક ધોકો લઈને બેઠો. પછી તે કથા જ્યારે થઈ રહી ત્યારે સર્પે એક સોનામહોર તેના પુસ્તક ઉપર મૂકી. જ્યાં સર્પ સોનામહોર મૂકીને પાછો ફર્યો. ત્યાં બ્રાહ્મણે નાગની મણી ઉપર ધોકો માર્યો એટલે મણી ભાંગી ગયો અને નાગને ક્રોધ થયો. તે બ્રાહ્મણને કરડ્યો એટલે તો બ્રાહ્મણનો છોકરો મરી ગયો અને પુસ્તક હતું તે વાયરે કરીને ઉડી ગયું ને પાનાં ચારે કોર વિંખાઈ ગયાં. પછી પેલો બ્રાહ્મણ ગામથી ઘરે આવ્યો અને પોતાની ઘરવાળીને પુછ્યું જે, 'છોકરો કેમ નથી ? ઘરે આવ્યો નથી કે શું ?' બાઈ કહે, 'તે તો કથા કરવા ગયો છે તે આવ્યો જ

નથી.' પછી તે બ્રાહ્મણ કથા કરવાના સ્થળે ગયો અને જોયું તો પોતાનો દીકરો મૃત્યુને પામેલો અને પુસ્તકનાં પાનાં ચારે કોર વાયરાથી ઊડી ગયા હતા. પછી તે ભેળાં કરીને બ્રાહ્મણ કથા કરવા સારુ બેઠો. તે વખતે સર્પે પોતાના રાફડામાંથી બહાર નીસરીને જોયું તો પેલા બ્રાહ્મણને જોયો એટલે સર્પ બોલ્યો જે, શ્લોક –

*"મણિભંગ મહાકષ્ટં પુત્રહાનિ તથૈવ ચ, ભિન્ને ચિત્તે કુતઃ પ્રીતિઃ વ્યાસપુસ્તકવૈષ્ટિયમ્"*

સર્પ બોલ્યો જે, 'હે બ્રાહ્મણ ! તું જ્યારે મને ભાળીશ ત્યારે તને તારો પુત્ર સાંભરશે ને હું તને જ્યારે ભાળીશ ત્યારે મને મારો મણી સાંભરશે. માટે હે બ્રાહ્મણ! 'વ્યાસ પુસ્તક બાંધીને ઘરે ચાલ્યો જા. કેમકે તારૂં ને મારૂં ચિત્ત હવે ભિન્નપણાને પામી ગયું છે.' માટે નોખા મત પડ્યા પછી ભેગાં થવાં બહુ કઠણ છે. ॥૧૧૯૯॥

એક ઋષિના આશ્રમમાં ઉંદરડી રહેતી હતી. તેથી ઋષિએ તેને સોળ વરસની સ્ત્રી (કન્યા) બનાવી દીધી. પછી ઋષિએ વિચાર કર્યો જે, 'મારે આ કન્યાને મોટામાં મોટા દેવ હોય તેને આપવી. પછી ઋષિએ પોતાના મંત્રના બળેથી સૂર્યનારાયણને પોતાની પાસે બોલાવ્યા. સૂર્યનારાયણે આવીને કહ્યું જે, 'મને શા માટે બોલાવ્યો.' ઋષિ કહે, 'તમને મોટા જાણીને આ કન્યા દેવી છે.' સૂર્ય કહે, 'મારાથી મોટા વાદળાં છે તે મને પણ ઢાંકી દે છે.' પછી ઋષિએ વાદળાંને બોલાવ્યાં વાદળાં કહે, 'અમને શા માટે બોલાવ્યાં?' ઋષિ કહે, 'તમને મોટા જાણીને આ કન્યા દેવી છે.' ત્યારે વાદળાં કહે, 'અમારાથી મોટા વાયુદેવ છે તે અમને પણ વિંખી નાંખે છે.' પછી ઋષિએ મંત્રના બળથી વાયુદેવને બોલાવ્યા. વાયુદેવે આવીને કહ્યું કે, 'મને શા માટે બોલાવ્યો ?' ઋષિ કહે, 'તમને મોટા જાણીને આ કન્યા દેવી છે.' ત્યારે વાયુદેવ કહે, 'મારાથી મોટા પર્વત છે તે અમારાથી ઉડાડ્યા ઉડે તેવા નથી.' પછી પર્વતને બોલાવ્યા તેમણે આવીને ઉપર પ્રમાણે કહ્યું. ને ઋષિયે પણ જવાબ તેવી જ રીતે આપ્યો. ત્યારે પર્વત કહે, 'અમારાથી મોટા ઉંદરડા છે કે અમારામાં મોટાં મોટાં ભોંણ પાડે છે. માટે મોટા જાણીને કન્યા દેવી હોય તો તે ઉંદરને આપો.' કન્યા પણ આ બધાયને જોઈને સંકોચ પામતી હતી અને જ્યારે ઉંદરડા આવ્યા ત્યારે રાજી થઈ. અને ઉંદરડી થઈને ઉંદરડા પાછળ દોડી ગઈ. માટે કર્મની રેખા છે તે બળવાન છે ત્યાં શ્લોક છે જે–

*"સૂર્ય ભર્તાર મિચ્છતિ પરજન્યં પવનં ગિરિ,*
*મૂષકે મૂષકી પ્રાપ્તી કર્મરેખા બલીયસી"* ॥૧૨૦૦॥

એક શહેરમાં એક વિદ્વાન બ્રાહ્મણ જ્યોતિષનો ભણેલો હતો અને તે શહેરમાં એક

નગરશેઠને ઘરે પુત્રનો જન્મ થયો. પછી તેના જન્માક્ષર કરવા સારુ બ્રાહ્મણને તેડવા માટે ગાડી મોકલી હતી. તે ગાડીમાં બેસીને જોશી મહારાજ જાય છે. તેવામાં વિધાત્રા સામી મળી અને બ્રાહ્મણે પૂછ્યું જે, 'તું કોણ છો ?' તેણે કહ્યું જે, 'હું વિધાત્રા છું.' પંડિતજીએ કહ્યું જે, 'તું ક્યાં ગઈ હતી.?' વિધાતા કહે જે, 'હું શેઠને ત્યાં પુત્રનો જન્મ થયો તેના લેખ લખવા ગઈ હતી.' પંડિતજી કહે કે, 'બોલ્યમાં ત્યાં તો હું જન્માક્ષર લેવા જાઉં છું.' ત્યારે વિધાતાએ કહ્યું જે, 'જો હું તેના જન્માક્ષર લઈને આવું છું.' બ્રાહ્મણે કહ્યું જે, 'મારા નસીબમાં શું છે ? તે તું કહે.' પછી વિધાતા બોલી જે, 'તારા નસીબમાં અમુક શહેરમાં જેઠો મોચી છે. તેની દીકરી ગોમતી છે તેના વેરે તારાં લગ્ન થશે.' પંડિતે વિચાર કર્યો જે, 'હું ખરો હોઉં તો તેના લેખ ખોટા કરી આપું.' પછી તે શેઠના ઘરે જઈને છોકરાના જન્માક્ષર લીધા પછી તેના વિધાતાએ કહ્યા હતા. તેવા જ તેના જન્માક્ષર આવ્યા. ॥૧૨૦૧॥

પછી પંડિત પોતાના ઘરે ગયો. પછી પોતાના મનમાં વિચાર કર્યો જે, 'રખેને મારે પણ મોચીની દીકરી સાથે સંબંધ થાય નહીં.' પછી પોતાના માતપિતાને કહ્યું જે, 'મારે કાશીની યાત્રા કરવા સારુ જવું છે.' પછી પોતે એકલો જ યાત્રા કરવા નિમિત્તે ઘરેથી ચાલી નીકળ્યો. તે ચાલતા ચાલતા તે શહેરમાં ગયો અને શહેરમાં પૂછતાં પૂછતાં તે મોચીને ઘરે ગયો. મોચીએ આદર-સત્કાર કરીને ખાટલો નાંખી દઈને બેસાર્યો. મોચીએ કહ્યું જે, 'મહારાજ ! કેવા બ્રાહ્મણ છો ?' બ્રાહ્મણ કહે, 'હું મોચી ગોર છું અને કાશીયે યાત્રા કરવા માટે જાઉં છું.' ત્યારે મોચીએ કહ્યું જે, 'રસોઈ કરવી હોય તો સીધું આપું.' પંડિતજી કહે, 'હું તો એક જ વખત જમું છું. માટે સવારમાં વાત.' પછી રાત્રીએ સૌ એકઠા મળીને વાતચીત કરવા લાગ્યાં ત્યારે પંડિતજી બોલ્યા જે, 'અમારી કોર્ય કન્યાદાન દેવું તેનો અમુક ઠરાવ કરેલ છે.' ત્યારે મોચી બોલ્યા જે, 'અમારી ગોમતી નામે દીકરી છે તે કુંવારી છે અને તેને કોઈ સારે ઠેકાણે સંબંધ કરવો છે.' પંડિતજીના મનમાં વિચાર થયો જે, 'વિધાતાએ જે વાત કરી હતી તે મળતી આવે છે ખરી પણ જો હું ખરો હોઉં તો આ કન્યાનો નાશ કરું.' પછી સવારે પોતે સ્નાન કરવાને માટે ચાલ્યો ત્યારે મોચીને કહ્યું જે, 'મારે કુંવારી કન્યા હોય તેનું પાણી કામ આવશે.' પછી મોચીએ કહ્યું જે, 'આ મારી દીકરી ગોમતી છે. તેને સાથે બેડું લઈને તેડી જાઓ.' પછી મોચીએ તેની દીકરીને કહ્યું જે, 'જા બાપ પાણીનું બેડું ભરી આવ્ય.' અને ચોમાસાનો વખત હતો તેથી નદીમાં પાણી ભરપુર આવ્યું હતું. પછી પંડિતજી પોતે તથા તે કન્યા એ બન્ને સાથે નદીએ ગયાં. પંડિતજીએ કહ્યું જે, 'આગળ ચાલ્ય. આંહીં પાણી સારું નથી.' એમ કહીને ચાલતાં ચાલતાં ગામથી ઘણેક દૂર ગયાં. હવે નદીમાં પાણી બે કાંઠામાં ચાલ્યું જતું હતું. પંડિતજીની મતિ પણ બગડી હતી જે, 'બાઈનો નાશ કરવો છે.' પછી બાઈ જ્યાં પાણીનું બેડું ભરવા નદીમાં

ઉતરી તે વખતે પંડિતજીએ બાઈને સાથળમાં છરી મારીને નદીમાં નાંખી દીધી. તેથી બાઈ નદીમાં તણાતી તણાતી વહી ગઈ. પંડિતજી પણ બારોબાર રસ્તે પડ્યા અને પોતાને ઘરે ગયા પછી તે બાઈ તણાતી તણાતી દશ-વીશ ગાઉ નીકળી ત્યાં એક ઋષિ નદીને કાંઠે સંધ્યા કરતા હતા. બાઈ જેવી પાણીમાં પડી તેવું જ એક લાકડું હાથમાં આવી ગયું હતું. તેને વળગી રહેવાથી તે જીવતી રહી હતી. ઋષિ સંધ્યા કરે છે તેવામાં તે કન્યા ઋષિની પાસે જઈને ઉભી રહી. ઋષિએ પૂછ્યું જે, 'બાઈ ! તું કોણ છો ? અને કેવી જ્ઞાતિ છો ?' બાઈની અવસ્થા દસ-બાર વર્ષની હતી. તેથી વિચાર કર્યો જે, 'હું મારી જ્ઞાતિનું નામ કહીશ તો કોઈ ધડો કરશે નહીં.' તેથી બાઈએ કહ્યું જે, 'હું જાણતી નથી.' તે સાંભળીને ઋષિ તેના આશ્રમમાં તે બાઈને લઈ ગયા અને ઋષિપત્નીને કહ્યું જે, 'આપણે કાંઈ સંતાન નથી તો ગંગાજીએ આપણને કન્યા આપી. માટે આનું નામ ગંગા પાડીએ.' અને પંડિતજીએ સાથળમાં જે છરી મારી હતી. તે બે ત્રણ દિવસ પાણીમાં રહેવાથી ઘા રૂઝાઈ ગયો હતો. તે પછી ઋષિએ ને ઋષિપત્નીએ વિચાર કર્યો જે, 'આ કન્યાને કોઈક વિદ્વાન બ્રાહ્મણ હોય તેને આપવી.' પછી બન્ને દંપતિ તથા કન્યાને સાથે લઈ તે જે શહેરમાં પંડિતજી રહેતા હતા તે જ શહેરમાં અને તેજ પંડીતજીના ઘરે આવ્યા. તે બ્રાહ્મણે ઋષિનો સારો સત્કાર કર્યો અને આવ્યાનું કારણ પૂછ્યું તો ઋષિએ કહ્યું જે, 'આ મારી કન્યા છે અને તમારું ઘર બહુ જ પ્રસિદ્ધ છે અને તમારો પુત્ર બહુ જ વિદ્વાન છે. માટે તેની સાથે કન્યા પરણાવવી છે.' બ્રાહ્મણ તે સાંભળી બહુ રાજી થયો. અને શુભ મુહરત જોઈને ઋષિએ કન્યાદાન આપ્યું. પછી ઋષિએ પોતાની પુત્રીને સતીના ધર્મ બધા કહી સંભળાવ્યા અને પછી ઋષિ તથા ઋષિપત્ની પોતાના આશ્રમમાં પાછા ગયા. ॥૧૨૦૨॥

પછી પંડિતજી પોતાની સ્ત્રી સાથે રહીને વ્યવહાર ચલાવવા લાગ્યા. અને થોડાક વરસ થયાં એટલામાં પંડિતજીને એક બે પુત્ર પણ થઈ ગયા. બાઈ તો જાણતી હતી જે મને છરી મારી નદીમાં નાંખી દઈને ચાલ્યા ગયા હતા તે જ આ પંડિત છે. પણ પંડિતજીના મનમાં એમ હતું જે, 'એ તો નાશ થઈ ગઈ છે અને આ તો ઋષિની પુત્રી છે.' પછી છોકરાં બાલ્યાવસ્થામાં બાળકો સાથે રમવા લાગ્યા. ત્યારે એક બીજાને બોલાવીને કહે છે, 'લાવ... લાવ... વિંગડો લાવ.' ત્યારે બીજો કહે, 'લાવ્ય રાંપી લાવ્ય. ખરપડી લાવ્ય કાળખુટ.' એવા શબ્દો બોલવા લાગ્યા. તેવામાં એક વિદ્વાન બ્રાહ્મણ નાહીને ચાલ્યો આવતો હતો. તેણે તે બાળકોના શબ્દ સાંભળીને વિચાર કર્યો જે, આવો વિદ્વાન પંડિત બ્રાહ્મણ છે અને તેના છોકરાઓ મોચીના છોકરાઓ જેવા શબ્દ બોલે છે. તે આ શું બોલે છે ?' પછી એક દિવસ તે પંડિતજી તે ગંગાજીને કાંઠે તે વિદ્વાન બ્રાહ્મણ ભેગા થયા. ત્યાં બ્રાહ્મણોએ

કહ્યું જે, 'તમારાં ને અમારાં છોકરાં ભેગાં બાલક્રીડા કરે છે તેમાં તમારાં છોકરાઓ મોચીના છોકરાઓ બોલે તેવું બોલે છે તે શું ?' પંડિતજી સાંભળીને મનમાં ઝાંખા પડી ગયા. પછી ઘરે આવીને બાઈને કહ્યું જે, 'રંડી ! છોકરાઓને રેઢાં મૂકે છે કે શું ? અને મોચીના છોકરાં બોલે તેવું શું બોલે છે ?' બાઈ કહે, 'તમે મને નથી ઓળખતા ? તમે મને પાણીમાં નાંખી દીધી હતી તે હું જેઠા મોચીની દીકરી !' પંડિતજી કહે, 'તને તો મેં છરી મારી હતી. બાઈએ સાથળ ઉઘાડો કરીને છરીનો કાપ દેખાડ્યો.' પછી પંડિતજી પોતાના મનમાં સમજી ગયા અને જાણ્યું. જે ભાવિ છે તે બળવાન છે કેમકે ગમે તેમ હોય પણ તેવો યોગ મેળવી આપે. ॥૧૨૦૩॥

એક દિવસ લંકામાં બ્રહ્મા પધાર્યા હતા અને રાવણે બ્રહ્માનો આદર સત્કાર કરીને સિંહાસન ઉપર બેસાડ્યા. તે વખતે બ્રહ્માની સ્તુતિ કરીને રાવણે પૂછ્યું જે, 'મહારાજ ! આ મારી પદારથ નામની દીકરી છે તેનો પતિ કોણ થાશે ?' બ્રહ્માએ વિચાર કરીને કહ્યું જે, 'તારા ઘોડાનો ઠાણીયો જે હુનારથીયો છે તે તેનો પતિ થશે.' રાવણે કહ્યું જે, 'હું દશ માથાવાળો રાવણ અને મારી દીકરીનો પતિ ઘોડાનો ઠાણીયો થાય ? માટે હું જો ખરો હોઉં તો તમારા લેખ ખોટા કરું.' પછી બ્રહ્મા બોલ્યા જે, 'મારા લેખ કદી ખોટા થાય નહીં.' રાવણ કહે, 'મારે તો ખોટા કરવા.' પછી બ્રહ્મા તો સત્ય લોકમાં ગયા અને રાવણે એક ચિઠ્ઠી લખીને હુનારથીયાને આપીને કહ્યું જે, 'આ ચિઠ્ઠીને યમપુરીમાં ધર્મરાજાને આપી આવ.' પછી હુનારથીયો ચિઠ્ઠીને લઈને જ્યાં આગળ જાય છે ત્યાં એક શહેરમાં રાત રહ્યો ત્યાં બ્રહ્મરાક્ષસ મળ્યો. તેણે કહ્યું જે, 'તું ક્યાં જાય છે ?' હુનારથીયે કહ્યું જે, 'હું ધર્મરાજા પાસે જાઉં છું.' ત્યારે કહે,'મારો સંદેશો લેતો જા જે, મારી મુક્તિ ક્યારે થાશે ?' આગળ ચાલતાં એક પ્રેત મળ્યો. તેણે કહ્યું જે, 'મારો સંદેશો લઈ જા જે મારી ગતિ ક્યારે થશે ?' આગળ ચાલતાં સમુદ્રને કાંઠે ગયો ત્યાં એક મોટો મગરમચ્છ મળ્યો. ત્યારે તેણે કહ્યું, 'ક્યાં તારે જવું છે ?' હુનારથીયે કહ્યું જે, 'મારે ધર્મરાજા પાસે જવું છે.' મગર કહે, 'મારો સંદેશો લેતો જા તો હું તે સમુદ્રની પાર ઉતારું.' પછી તેણે પોતાની પીઠ ઉપર બેસારીને પેલી પાર ઉતાર્યો અને મગરે કહ્યું જે, 'તું ધર્મને કહેજે જે, 'ઓલ્યા મગરને પેટ પીડનો રોગ છે તે ક્યારે મટશે ?' પછી યમપુરીમાં જઈને ધર્મને રાવણની ચિઠ્ઠી આપી. ચિઠ્ઠી વાંચીને ધર્મરાજા બહુ રાજી થયા અને કેટલીક પહેરામણી હુનારથીયાને આપી. પછી ચાલતી વખતે હુનારથીએ કહ્યું જે, 'મહારાજ ! આ મગરમચ્છ છે તેને પેટ પીડનો રોગ છે તે શેણે મટે ? 'ધર્મરાજાએ કહ્યું જે, 'પૂર્વે તે બહુ વિદ્વાન હશે પણ તેણે કોઈને વિદ્યાદાન આપ્યું નથી. તે પાપે પીડાય છે અને જો તે કોઈને વિદ્યાદાન આપે તો તેનો રોગ મટે.' વળી પૂછ્યું જે, 'ઓલ્યો બ્રહ્મરાક્ષસ છે તેની શી રીતે ગતિ થાય ?' ધર્મરાજા કહે કે,

'તેણે કન્યાવિક્રય બહુ જ કર્યા છે. તેથી તે પાપે બ્રહ્મરાક્ષસ થયો છે. માટે તેને એક કન્યા છે તેનું જો દાન કરે તો તેની મુક્તિ થાય.' પછી ત્રણેના સંદેશા લઈ પ્રથમ મગર પાસે આવ્યો. જેવી રીતે ધર્મરાજાએ કહ્યું હતું તેવી રીતે કહ્યું. પછી મગરે પોતાની જેટલી વિદ્યા હતી તે બધી હુનારથીયાને શિખવી. ત્યાંથી તે પ્રેત પાસે આવ્યો. તેનો સંદેશો જેવી રીતે ધર્મરાજાએ કહ્યો તેવી રીતે કીધું. તે સાંભળીને પોતા પાસે જેટલું દ્રવ્ય હતું તેટલું બધું હુનારથીયાને આપ્યું. તેથી તેની મુક્તિ થઈ. આગળ ચાલતાં બ્રહ્મરાક્ષસ પાસે આવ્યો. ત્યારે તેણે પૂછ્યું જે, 'શું સમાચાર લાવ્યો?' ત્યારે તેણે કીધું, 'તું તારી દીકરીનું દાન કરે તો મુક્તિ થાય.' પછી બ્રહ્મરાક્ષસે પોતાની દીકરી હુનારથીયાને આપી. હુનારથીયો જે વખતે ધર્મરાજા પાસેથી નીકળ્યો તે વખતે ધર્મે કેટલાંક વાહન (દેવતાઈ) તથા ભારે ભારે સોનેરી લીંબુ તથા પાલ તથા રાવટીયો વિગેરે રાવણને ભેટ આપવા સારુ મોકલી હતી. હુનારથીયો કન્યા પામ્યો, દ્રવ્ય પામ્યો તથા વિદ્યા પામ્યો. અને જે વખત લંકાને પાદર આવ્યો તે વખતે દેશાંતરોના રાજા સ્વયંવર વખતે પડાવ નાંખીને લંકાને પાદર પડ્યા હતા. તેવામાં હુનારથીયો સૌની વચ્ચે તે સાહેબી સાથે વચ્ચે પડાવ નાંખીને રહ્યો. તેની બધી દેવતાઈ સામગ્રી જોઈને બધા રાજાનાં મન ઢીલાં પડી ગયાં જે, 'આ કયા દેશનો રાજા છે ? કેમકે આની આગળ આપણી સાહેબી કશા હિસાબમાં નથી.' પછી સવારમાં જ રાવણ સૌ રાજાની તપાસ કરવા નીકળ્યો. તે જોતાં જ હુનારથીયાની સાહેબી તથા રુપ રંગ જોઈને પોતાના મનમાં એમ થયું જે, 'મારે કન્યા તો આને જ આપવી.' પછી રાવણે તે કન્યા હુનારથીયાને આપી અને પોતાના જમાઈને પોતાના ઘરે રાખ્યો. પછી થોડા દિવસ ગયા બાદ બ્રહ્મા રાવણને ત્યાં પધાર્યા. પછી રાવણે બ્રહ્માને કહ્યું જે, 'કાં, મહારાજ ! તમારા લેખ ખોટા કરી નાંખ્યા કે નહીં ?' બ્રહ્મા કહે, 'મારા લેખ કોઈ દિવસ ખોટા થાય નહીં.' ત્યારે રાવણ કહે, 'ક્યાં હુનારથીયો ? એ તો ક્યાંઈ મરી ગયો.' પછી બ્રહ્માએ કહ્યું જે, 'આને પૂછી તો જો કે આ કોણ છે ?' ત્યારે તેણે કહ્યું જે, 'હું હુનારથીયો તે તમારો ચાકર.' પછી રાવણને ઘણો ક્રોધ ઉત્પન્ન થયો પણ શું કરે ? માટે જે વાત બનવાની હોય તે અવશ્ય બને છે. ॥૧૨૦૪॥

બે હંસ હતા તે માનસરોવરથી ઉડ્યા. અને એક મોટું જળાશય હશે ત્યાં તેની પાળ ઉપર મોટો વડ હતો તે ઉપર આવીને નિવાસ કર્યો પણ વડની નીચે વાઘનો વાસ હતો તેથી ચારે કોર દુર્ગંધ આવે. હંસે વિચાર કર્યો જે, 'જળાશય સારું છે અને છાયા પણ સારી છે પણ આ વાઘને જો ધીમે ધીમે સમજાવીયે તો આપણને રહેવાનું સુખ આવે.' પછી વાઘ જ્યારે વડ નીચે બેસે ત્યારે બન્ને હંસ બોલે જે, 'તમો તો પશુમાત્રના રાજા

કહેવાઓ. માટે સર્વે તમારી પ્રજા કહેવાય. જેમ પુત્રની રક્ષા કરો છો તેમ સર્વ પ્રાણીમાત્રની રક્ષા કરવી જોઈએ પણ તમારે આહાર કરવો હોય તો પોતાને જોઈએ તેટલી જ હિંસા કરવી.' એમ ઘણાક દિવસ ઉપદેશ કરતાં તે વાઘ પોતાને જોઈએ તેટલી જ હિંસા કરે પણ વધારે હિંસા કરે નહીં. પછી હંસે જાણ્યું જે, 'આટલો તો નિયમમાં આવ્યો. પછી હંસે વાઘને કહ્યું જે, 'ઘાસ ખાઈને પોતાના દેહનો નિર્વાહ થઈ શકે.' એમ ઘણાક દિવસ ઉપદેશ કરતાં વાઘના મનમાં એમ થયું જે, 'અહીંયાં આપણે પાપ કરીએ છીયે તેનું ફળ પરલોકમાં ભોગવવું પડશે. માટે ઘાસ ખાઈને રહેવાય તો ઠીક.' એમ વાઘને ધીમે ધીમે હિંસા કરતો અટકાવ્યો અને તે કોઈ જીવ પ્રાણીમાત્રની હિંસા કરે નહીં ને તેનો ત્રાસ રહ્યો નહીં. પછી હંસે વાઘને કહ્યું જે, 'તમને એક ગુરુ કરી દઈએ પછી નજીકમાં એક ગામ હતું. ત્યાં બન્ને હંસ ગયા. ત્યાં જઈને ત્યાં કોઈક બ્રાહ્મણ હશે તેને મળ્યા. તેને કહ્યું જે, 'મહારાજ ! અમારી સાથે ચાલો. તમને એક શિષ્ય સોંપવો છે. બ્રાહ્મણ હંસની સાથે તેને સ્થાનકે ગયો. આગળથી હંસે વાઘને સમજાવ્યો જે, 'આ બ્રાહ્મણ આવે છે તે તમારો ગુરુ છે. તમે ગુરૂ તરીકે માનજો અને તમને ઉપદેશ કરે ત્યારે દક્ષિણા પણ આપજો.' પછી જ્યાં નજીક આવ્યો ત્યાં વાઘ આળસ મરડીને બેઠો થયો એટલે બ્રાહ્મણના મનમાં ત્રાસ ઉત્પન્ન થયો. ત્યારે હંસે કહ્યું જે, 'મહારાજ ! બીશો નહીં અને અમારી સાથે ચાલો.' પછી બ્રાહ્મણને ભાળીને વાઘ પગે લાગ્યો અને તેની પાંચ પ્રદક્ષિણા ફર્યો અને તેના પગની રજ લઈને માથે ચડાવી. પછી વાઘે કેટલાક રાજાઓની હિંસા કરેલી તેના દાગીના લાવીને બ્રાહ્મણને અર્પણ કર્યા. બ્રાહ્મણ દક્ષિણા લઈને ચાલતો થયો. હંસે કહ્યું જે, 'મહારાજ ! તમારે વરસ દહાડે આવીને આ વાઘને ઉપદેશ કરી જવો અને તે પોતાની શ્રદ્ધા પ્રમાણે તમને દક્ષિણા આપશે.' પછી બ્રાહ્મણ પોતે ઘરે ગયો અને થોડા દિવસ હંસ ત્યાં રહીને પાછા ચાલ્યા ગયા. વાઘ તો જેટલું પોતાને જોઈએ તેટલો ઘાસનો ખોરાક ખાઈને સુઈ રહેતો. પછી કાગડા તથા સમળીયો તથા શિયાળીયાં વિગેરે જાનવરોએ ભેગાં થઈને વિચાર કર્યો જે, 'આ વાઘ જેવું જાનવર ઘાસ ખાય છે તે શું ? માટે તેનો તપાસ આપણે કરવો.' પછી સૌ મળીને વાઘને કહેવા લાગ્યા જે, 'તમે તો પશુ પક્ષીના રાજા કહેવાઓ છો અને તમારી પાછળ તો અમારા જેવા હજારોનો નિર્વાહ થાય. માટે તમે ઘાસ ખાઓ છો તે બહુ જ ખોટું કહેવાય.' એમ વારે વારે કેટલીક વખત તેવા શબ્દો કહેવા લાગ્યા તેથી તે વાઘ પ્રથમ હિંસા કરતો તેથી બમણી હિંસા કરવા લાગ્યો. એમ કરતાં પેલો બ્રાહ્મણ એક દિવસ વાઘને ઉપદેશ કરવા આવ્યો પછી તે બ્રાહ્મણને ભાળીને તે વાઘ આળસ મરડીને બેઠો થયો અને બ્રાહ્મણની સામો જઈને પગે લાગ્યો અને અને પાંચ પ્રદક્ષિણા પણ ફર્યો અને તેના પગની રજ લઈને માથે ચડાવી. પછી શિયાળીયાં વિગેરે બોલ્યાં જે, 'આ કોણ છે ?'

ત્યારે વાઘે કહ્યું જે, 'આ મારો ગુરુ છે.' ત્યારે શિયાળીયાં બોલ્યાં જે, 'પાંચ આંટા ફર્યો તથા તેની આગળ આળોટ્યો. વળી ધૂળ લઈને માથે ચડાવી; એ તમે શું કર્યું ? વાઘ કહે, 'એ મારો ગુરૂ છે. તેના પગની રજ માથે ચડાવીયે તો પવિત્ર થઈએ.' ત્યારે શિયાળીયાં બોલ્યા જે, 'રજ માથે ચડાવવાથી પવિત્ર થવાતું હોય તો આખાને આખા ગળી જાઈએ તો કેવા પવિત્ર થઈએ ?' પછી વાઘ બ્રાહ્મણને થાપ મારીને મારી નાંખીને ખાઈ ગયો. ત્યારે શિયાળીયાં વગેરેને શાંતિ થઈ. માટે હંસ જેવા જો સત્પુરૂષ મળ્યા તો પાપ કરતાં અટકાવ્યો ને શિયાળીયાં વિગેરે જેવા અસત્પુરૂષ મળ્યા તો પાપનો વધારો કર્યો માટે હંમેશા સત્પુરૂષનો સંગ કરવો. ॥૧૨૦૫॥

એક બાવો હશે તે વગડામાં ત્રણ ગાઉને તરભેટે રહેતો અને ત્યાં એક વડ વાવ્યો હતો. પછી ત્યાં વનમાં ફરતાં ફરતાં મહારાજ પધાર્યા હતા. પછી મહારાજે બાવાને પૂછ્યું જે, 'બાવાજી અહીંથી ગામ કેટલેક દૂર છે ?' બાવોજી કહે, 'મહારાજ ! તીન કોસ દૂર છે.' મહારાજ કહે, 'ત્યાં ગામમાં રહો તો ?' બાવોજી કહે, 'મેરે બેટે, બડ બોયા હે તીનકું છોડકે જા નાહીં સકતા.' માટે જીવ એવો બદ્ધ છે કે વૃક્ષમાં પણ બંધાઈ જાય છે. ॥૧૨૦૬॥

એક બાવો હતો તે નિરંતર પોતાના શિષ્યોને કહેતો જે, 'હું જ્યારે મરીશ ત્યારે દેવનાં નગારાં વાગશે, માટે તમે સૌ ધ્યાન રાખજો.' પછી તે બાવાનું ભવિષ્ય થયું ત્યારે તેનો જીવ બોરમાં પેશી ગયો. પછી તેને અગ્નિસંસ્કાર કરીને આવ્યા ત્યારે તેના શિષ્યે કહ્યું જે, 'આપણા ગુરુ કહેતા હતા કે હું જ્યારે મરીશ ત્યારે દેવનાં નગારાં વાગશે માટે તે તો કાંઈ વાગ્યાં નહીં.' અને આપણા ગુરુ તો કોઈ દિવસ મિથ્યા બોલે તેવા નહોતા.' પછી એક દિવસ તેનો શિષ્ય તો બોરડી નીચે ખાટલો ઢાળીને સુતો હતો. તેવામાં તેની દષ્ટીએ એક મોટું પાકેલું બોર નજરે પડ્યું. પછી બાવે તે બોરને નીચું પાડીને સુધાર્યું. એટલે તેમાંથી એક મોટી ઈયળ નીકળી અને ત્યાં હેઠી પડી ત્યાં તો તરફડીને મરી ગઈ. તે વખતે દેવનાં નગારાં વાગવા લાગ્યાં. ત્યારે શિષ્યોએ જાણ્યું જે, 'હવે, આપણા ગુરુ સ્વર્ગલોકમાં સિધાવ્યા.' માટે આ જીવ તો બોરમાં બંધાઈ જાય તેવો છે. ॥૧૨૦૭॥

ગીંગાને ને ભમરાને ભાઈબંધાઈ થઈ. પછી ભમરે ગીંગાને કહ્યું જે, 'આજ તો મારા બગીચામાં ચાલ્ય. તને લઈ જાઉં.' ગીંગો કહે કે, 'તારો બગીચો મારા જેવો છે ?' ભમરો કહે, 'મર્ય મૂરખ ! તમારા જેવો તે હોય ? મારા બગીચામાં ગુલાબ, મોગરો, જાઈ, જુઈ વિગેરે કેવાં સુગંધીમાન પુષ્પ છે.' પછી ભમરો ગીંગાને સાથે તેડી ગયો પણ ગીંગો પોતાના નાકમાં વિષ્ટાની ગોળીયો લેતો ગયેલો. તેથી બીલકુલ તેને પુષ્પમાં સુગંધ આવતી નહોતી. પછી ભમરે પૂછ્યું, 'કેમ, ભાઈ ! કેવી સુગંધ છે ?' ગીંગો કહે, 'મારા

જેવી છે.' પછી ભમરાએ પાસે એક સરોવર હતું. તેમાં લઈ જઈને ખૂબ નવરાવ્યો અને સારી પેઠે નાક છીકાવ્યું, પછી મોગરાના પુષ્પ ઉપર લઈ જઈને બેસાડ્યો. ત્યારે તેને સુગંધ સારી લાગી. તેથી ગીંગો બોલ્યો જે, 'ભાઈ ! તારા બગીચાની સુગંધ તો સારો છે.' તેમ આ જીવને સત્પુરુષ ઉપદેશ કરે છે પણ જીવ વિષયરુપી ગોળીઓનો ત્યાગ કરતા નથી અને જ્યારે તેને ખરેખરા સત્પુરુષ મળે અને તેના વિકાર ટળી જાય ત્યારે તેને સંત જે કહે તે વાત ગળે ઉતરી જાય છે.

એક રાજાનું લશ્કર ચાલ્યું જતું હતું. ત્યાં રસ્તામાં એક સુરદાસ બેઠો હતો. તે સૌની આગળ રસ્તે રાજાનાં ગોલાં નીસર્યા. તેણે સુરદાસને કહ્યું જે, 'એ આંધળા ! આ મારગ ક્યાં જશે ?' પછી કારભારી નીકળ્યા તેણે પૂછ્યું જે, 'સુરદાસ ! આ મારગ ક્યાં જશે ?' પછી રાજાની સ્વારી નીકળી તેણે પૂછ્યું જે, 'સુરરાજ ! આ મારગ ક્યાં જશે ?' ત્યારે સુરદાસ બોલ્યો જે, 'આગળ ગોલાં ચાલ્યાં જાય છે. તેની પછી કારભારી ચાલ્યા જાય છે અને સૌની પાછળ રાજા જાય છે. ત્યારે રાજાએ પૂછ્યું જે, 'બાવાજી ! શી રીતે તમે જાણ્યું ?' ત્યારે સુરદાસ બોલ્યો જે, 'તે સૌની બોલી ઉપરથી મેં જાણ્યું છે.' માટે માણસની પરીક્ષા વચન ઉપરથી થાય છે. ॥૧૨૦૯॥

ગામ કથીવદરનો લાખોભાઈ કરીને આયર હતો. મેં તેને પૂછ્યું જે, 'લાખાભાઈ ! કોઈ ગુરૂ કર્યા ગુરૂ ?' લાખોભાઈ કહે, 'હા, આ ડુંગરામાં ભડકણદાસ બાવો રહે છે તેને ગુરૂ કર્યા છે.' પણ જરા ચાલ્ય કડવા તો છે તે શું કે બહાર ચલ્લા છે. પછી તેને મેં વાતો કરીને સત્સંગી કર્યો કેમકે જેનું નામ ભડકણદાસ હોય તે શું સુધારે? ॥૧૨૧૦॥

એક વખત પાંડવો વનમાં ગયા હતા. ત્યાં પાંચે ભાઈ તરસ્યા બહુ જ થયા. પછી ધર્મે નિકુળને પાણી લેવા મોકલ્યો. તે સમે એક મોટું સરોવર હતું. ત્યાં ગયા અને જ્યાં પાણી લેવા ગયા. ત્યાં સરોવરના ધણીયે કહ્યું જે, 'આ ઘોડો ફેરવી આવીને પછી પાણી પી.' નિકુળ ઘોડેસ્વાર થયો એટલે ઘોડો આકાશ મારગે ઉડ્યો અને પૂર્વ દિશામાં ગયો. ત્યાં એક ગાય વીયાણી હતી તે વાછડીને તે ગાય ધાવતી હતી. તે જોઈને નિકુળને બહુ આશ્ચર્ય થયું જે, 'વાછડી ગાયને ધાવે પણ ગાય વાછડીને ધાવે છે તે શું છે ?' પછી તે ઘોડો પાછો ફર્યો ને સરોવરને કાંઠે આવ્યો પછી નિકુળને પૂછ્યું જે, 'તેં શું જોયું ?' નિકુળે બધી વાત કરી. ત્યારે તેણે કહ્યું જે, 'જે તેનો ઉત્તર કર્ય.' નિકુળ કહે, 'મને આવડે નહીં.' ત્યારે તેણે કહ્યું જે, 'આંહી બેસ.' પછી તેને વાર લાગી જાણીને ધર્મે સહદેવને મોકલ્યા. સહદેવ આવ્યા પછી તેને કહ્યું જે, 'આ ઘોડો ફેરવી આવ્યા પછી પાણી પી.' પછી સહદેવ ઘોડા ઉપર સ્વાર થયા એટલે ઘોડો આકાશ માર્ગે ઉડ્યો જે પશ્ચિમ દિશામાં ગયો ત્યાં સહદેવે

એવું જોયું કે, 'નાના પાણ મોટા પાણ સાથે ઘડોઘડ ભટકાય.' તે જોઈ સહદેવને આશ્ચર્ય થયું જે, 'આ શું ?' પછી ઘોડો પાછો સરોવરને કાંઠે આવ્યો. ત્યારે સરોવરના ધણીયે પૂછ્યું, 'તે શું જોયું?' સહદેવ કહે, 'મોટા મોટા પાણા સાથે નાના પણ અથડાતા હતા તે જોયું.' ત્યારે તેણે કહ્યું જે, 'તેનો ઉત્તર કર્ય.' સહદેવ કહે, 'તેનો ઉત્તર મને આવડે નહીં.' ત્યારે કહ્યું જે, 'આંહી બેસ.' પછી તેને આવતાં વાર લાગી. જાણીને ધર્મે અર્જુનને મોકલ્યા. અર્જુન સરોવરમાં પાણી પીવા લાગ્યો તે વખતે કહ્યું જે, 'આ ઘોડો ફેરવી આવીને પછી પાણી પીઓ.' પછી અર્જુન ઘોડે સ્વાર થઈને ઉત્તર દિશામાં ગયા. ત્યાં એક મોટા પર્વત ઉપર હંસ બેઠા બેઠા કાગડાની સ્તુતિ કરે તે જોઈ અર્જુનના મનમાં એમ થયું જે, 'કાગડાની હંસ સ્તુતિ કરે છે તે શું ?' પછી ઘોડા સાથે પોતે આશ્રમમાં આવ્યા અને અર્જુનને પૂછ્યું, 'તે શું જોયું ?' ત્યારે અર્જુને કહ્યું જે, 'હંસ કાગડાની સ્તુતિ કરતા હતા. તે મેં જોયું.' પછી ઘોડા સાથે પોતે આશ્રમમાં આવ્યા અને અર્જુનને પૂછ્યું, ' તે શું જોયું ?' ત્યારે અર્જુને કહ્યું જે, ' હંસ કાગડાની સ્તુતિ કરતા હતા તે મેં જોયું.' તયારે તેણે કહ્યું જે, 'તેનો ઉત્તર કર્ય.' ત્યારે તેણે કહ્યું જે, 'તેનો ઉત્તર મને આવડે નહીં.' ત્યારે તેણે કહ્યું જે, 'આંહી, બેસો.' તેમને આવતાં વાર થઈ એટલે ધર્મે ભીમને મોકલ્યા. તેમણે આવીને તે સરોવરમાં પાણી પીવા માંડ્યું ત્યારે કહ્યું જે, 'આ ઘોડી ફેરવી આવીને પાણી પીવો.' પછી ભીમ ઘોડે સ્વાર થયા. એટલે ઘોડો દક્ષિણ દિશામાં ગયો. ત્યાં ગામને પાદર કુવા ઉપર બાઈયો પાણી ભરતી હતી. તે એક ઘડે કરીને ચાર ઘડા ભર્યા અને ચાર ઘડે એક ઘડો ભરાણો નહીં. તે જોઈ ભીમના મનમાં આશ્ચર્ય થયું જે, 'એક ઘડો ભરાણો નહીં એ શું ?' પછી ઘોડો પાછો ફેરવી તે આશ્રમમાં આવ્યો. પછી ભીમને પૂછ્યું, 'તે શું જોયું ?' ભીમે બધી વાત કરી. ત્યારે તેણે કહ્યું, 'આનો ઉત્તર કર્ય.' પણ ભીમને આવડ્યો નહીં. ॥૧૨૧૧॥

પછી ચારે ભાઈયોને આવતાં વાર લાગી તે જાણી ધર્મ ત્યાં ગયા પછી ધર્મે તે દેવને પૂછ્યું જે, 'તેં મારા ભાઈયોને કેમ બેસાર્યા છે ?' પછી તે દેવ બોલ્યા જે, 'તમારા ભાઈયોને પ્રશ્નના ઉત્તર આવડ્યા નહીં તેથી બેસાર્યા છે.' ત્યારે તે વખતે ધર્મે નિકુળને પૂછ્યું, 'તે શું જોયું ?' નિકુળ કહે, 'ગાય વિયાણી ને તે ગાય વાછડીને ધાવતી હતી.' ધર્મે કહ્યું જે, 'ભાઈ ! હવે કલિયુગ આવશે. તે દીકરીને પૈસે બાપ હશે તે પરણશે. એ ગાય વાછડીને ધાવી કહેવાય.'

પછી સહદેવને પૂછ્યું, 'તેં શું જોયું ?' સહદેવ કહે, 'નાના પાણા મોટા પાણા સાથે અથડાતા હતા.' ધર્મે કહ્યું 'હવે કલિયુગ આવશે ને દીકરો હશે તે પોતાના બાપને ન કહેવાના કઠોર વચન કહીને સંતાપશે. એ નાના પાણા મોટા પાણા સાથે અથડાણા કહેવાય.' ॥૧૨૧૩॥

અર્જુનને કહ્યું, 'તે શું જોયું.' અર્જુન કહે, 'હંસ કાગડાની સ્તુતિ કરતા હતા.' ધર્મે કહ્યું, 'હવે કલિયુગ આવશે ત્યારે બ્રાહ્મણ ઉત્તમ વર્ણ હશે. તે નીચ વર્ણની સ્તુતિ કરશે અને તેની સેવા ચાકરી કરશે. તે હંસે કાગડાની સ્તુતિ કરી કહેવાય.' ॥૧૨૧૪॥

પછી ભીમને પૂછ્યું, 'તેં શું જોયું ?' ભીમે કહ્યું જે, 'એક ગામને પાદર એક બાઈ કુવામાંથી પાણી ભરતી હતી તે એક ઘડે કરીને ચાર ઘડા ભર્યા. પણ ચાર ઘડે કરીને એક ઘડો ભરાણો નહીં.' પછી ધર્મે કહ્યું જે, 'હવે કલિયુગ આવ્યો. તે એક પુરુષને ચાર દીકરા હશે અને તે ચારેને પરણાવશે અને ડોસો જ્યારે ઘરડો થશે ત્યારે તેના ચારે દીકરા તેના ડોસાને ખાવા માટે વારા કરશે કેમકે એક પુરુષે ચારેનું પોષણ કર્યું પણ ચારથી ડોસાનું ભરણ પોષણ થાતું નથી.' એ વિગેરે ઉત્તર સાંભળીને તે દેવ રાજી થયા. અને પછી પાંચે ભાઈઓ પાણી પીઈને પોતપોતાને રસ્તે ચાલતા થયા. ॥૧૨૧૫॥

એક વણઝારો હતો. તેની સાથે એકસો પોઠીયા હતા. તેમાં નવાણું પોઠીયા રાત્રીએ થાકેલા હતા તેથી બેસી ગયા. પણ એક લુલીયું ત્રણ ટંગીયું પોઠીયું હતુ તે બેસે નહીં. પછી વણઝારે પોતાના ચાકરોને હુકમ કરેલો જે, 'ખબરદાર જો કોઈ પોઠીયું આમાંથી આઘું પાછું જાશે તો તમારો પગાર કાપી લઈશ.' પછી નવાણું પોઠીયા તો બેસી ગયા પણ લુલીયું ત્રણ ટાંગીયું પોઠીયું બેસે નહીં. તેથી સૌ નોકરોએ ભેગા થઈને વિચાર કર્યો જે, 'આ લુલીયું ત્રણ ટાંગીયું પોઠીયું છે તે ઠીંગતું ઠીંગતું ક્યાંક જતું રહેશે તો આપણો પગાર કાપી લેશે. માટે આપણે સૌ મળીને તેને હેઠું પાડીને બેસારી દઈયે અને પછી આપણે સૌ સુઈ જઈયે.' પછી ત્રણ પગે ઝાલીને જ્યાં નીચું પાડ્યું ત્યાં તેનો ધબકારો લાગ્યો એટલે નવાણું પોઠીયાં બેઠાં હતાં તે ઉભા થઈ ગયાં હવે એ નવાણું પોઠીયા ક્યારે બેસે અને તેને સૂવાનો વખત મળે એ તો દૃષ્ટાંત છે પણ તેનો સિદ્ધાંત એ છે જે સર્વે ઈંદ્રિયો શાંતિ પામે છે પણ એક મન છે તે લુલીયા પોઠીયા જેવું છે. તેને જે શાંત પમાડે તો સુખેથી પ્રભુ ભજાય અને જો તે મન નિયમમાં ન હોય તો બધી ઈંદ્રિયો ચંચળ થઈ જાય. ॥૧૨૧૬॥

એક મોટું શહેર હશે ત્યાં મોટી મોટી રૂઉની મીલો હશે. ત્યાં કેટલીક ગામની બાઈયો છાણા વિણવા ગઈ હતી. તેમાં એક બાઈ હશે તેને એમ થયું જે, 'આ રૂના ઢગલા છે તે ક્યારે પિંજશે અને ક્યારે કાંતશે.' એમ મનમાં સંકલ્પ કરીને બોલવા લાગી જે "કબ પિંજેગા" "કબ કાંતેગા" "કબ વણેગા" અધધધધ એમ બોલતાં બોલતાં ચિત્ત ભ્રમ થઈ ગયું એમ અહોનીશ તેજ શબ્દ બોલ્યા કરે. પછી તેના દીકરાઓએ કેટલાક વૈદ તથા ડોકટરોને બોલાવ્યા પણ કોઈ કારી ફાવી નહીં અને ડોશી તો તેજ શબ્દ બોલ્યા કરે. પછી કોઈ અનુભવી માણસ મળ્યો. તેણે ડોશીના બોલ ઉપરથી જાણ્યું જે, 'ડોશીયે ક્યાંક

રૂના ઢગલા દીઠા છે તેથી ડોશીને આમ થયું છે.' પછી તેણે ડોશીને એક ઘરમાં પુરીને કહ્યું જે, 'ડોશીમા ! તે ઢગલામાં આગ્ય લાગી તે બધું બળી ગયું.' તે સાંભળીને ડોશી બોલી જે, હેં શું ? બધું બળીને ખાખ થઈ ગયું.' તે સાભળી ડોશીનું ચિત્ત ઠેકાણે આવી ગયું તેમ સાંખ્ય વિચાર શિખવે ત્યારે જ તેનું ચિત્ત ઠેકાણે આવે. ॥૧૨૧૭॥

ખેતો ને ભીમો કચ્છી બે ભાઈ ગઢપુરમાં રહેતા હતા. તે દીવો ઓલવીને રાત્રે દળવા બેઠો ને ઘંટી ફેરવતા જાય પણ ઘંટીમાં બિલકુલ બાજરો નાંખે નહીં. બાજરો પોતાના મોઢામાં નાંખતા જાય ને ઘંટી ફેરવતા જાય. ખેતો જાણે જે, 'ભીમો ઘંટીમાં બાજરો ઓરતો હશે.' ને ભીમો જાણે જે, 'ખેતો ઘંટીમાં બાજરો ઓરતો હશે.' કારણ અંધારે ભળાય નહીં ને ઘંટી તો બન્ને બાળ બ્રહ્મચારી જોરથી ખાલી ઘંટી ઘમઘમાવ્યે ગયા. ને બાજરો મોઢામાં ઓરતા ગયા એટલે બાજરો ખલાસ થતાં સુંડલીમાં હાથ ઘસાણા એટલે બાજરો દળાઈ રહ્યો. એમ ધારી બન્ને બાઈયે ઘંટી બંધ રાખી ને ખેતો બોલ્યો જે, 'ભીમા ! તું પાણી ભરી આવ્યને હું લોટ ઉઘરાવીને દેવતા કરું તે રોટલા કરીયે.' ભીમો બોલ્યો, 'અલ્યા ખેતા ! મેં તો બધો બાજરો મારા મોઢામાં ઓર્યો છે ઘંટીમાં કાંઈ ઓર્યું નથી.' ત્યારે ખેતો બોલ્યો, 'ભીમા ! મેં પણ તારી પેઠે જ કર્યું છે.' તે નાહક ઘંટીના પડ ફેરવ્યા ને તે કાચો બાજરો ખાધેલો પચી ગયો ને ભૂખ્યા નરા લવા થઈ ગયા. તેમ આ જીવ આ રત્ન ચિંતામણી મનુષ્યજન્મ રાત્રીદિવસરુપી ઘંટીના પડમાં પરમાત્માનું ભજન કર્યા સિવાય કેવળ નાશવંત દેહ તથા નાશવંત સગા સંબંધીના ભરણ પોષણમાં અધર્મે ચાલી જિંદગી નકામી ગુમાવી લખ ચોરાશીને પામે છે. ॥૧૨૧૮॥

પરમેશ્વરે તો આપણને દયા કરીને આ જીવાત્માનું મોટે ઘરે સગપણ કર્યું એટલે ભરતખંડમાં સત્સંગના મધ્યમાં મનુષ્યના જન્મમાં સગપણ કર્યું પણ બૈરાંના ગીત પેઠે થયું જે મોટાં મોટાં ઘર જોઈ અમે ફલાણી બા પરણાવ્યા—

*જાણ્યો તો સોનાનો ને નીકળ્યો પીતળનો,*
*જાણ્યો તો લાખનો ને નીકળ્યો કાખનો,*
*જાણ્યો તો હજારનો ને નીકળ્યો બજારનો,*

આ પ્રમાણે પરમાત્માની દયાનો પાર નથી. જીવની અવળાઈનો સાર નથી. ॥૧૨૧૯॥

*કઠણ વચન કહું છું રે કડવા કાંકચ્ચ રુપ,*
*દરદીને ઔષધ દઉ છું રે સુખ થાવા અનુપ,*

*ખરે મને જે ખાવશેરે આવું જે ઔષધ,*

*જીરણ રોગ તેનો જાવશે રે સુખી થાશે સદાય.*

માટે સત્પુરુષો તો ભગવાન ભજવા સત્ય, શૌચ, તપ અને દયા એ ચાર ધર્મના પગ રોપવા પૂરો પ્રયાસ કરે છે પણ માયાથી અવરાયેલ જીવને અવળું જ પડે છે. ||૧૨૨૦||

હંમેશાં જગતને ને ભક્તને વૈર છે,

*જગતડાં કહે છે રે ભગતડાં ભૂંડા છે પણ ભગતડાંના રે મૂળ અતિ ઉંડા છે,*

*જગતડાં કહે છે રે ભગતડાં કાળાં છે પણ ભગતડાં રે પ્રભુજીને બહુ વાલાં છે,*

*જગતડાં કહે છે રે ભગતડાં પાજી છે પણ ભગતડાં ઉપર રે પ્રભુજી રાજી છે,*

*જગતડાં કહે છે રે ભગતડાં દીંગા છે પણ ભગતડાં રે પ્રભુજીરે ત્યાં મોંઘાં છે.* ||૧૨૨૧||

અને કોઈક ગામમાં એક ખેડુ દિવસ બધો ખેતી કરીને સાંજે ઘરે આવ્યો. તે દિવસે તેની સ્ત્રીને વિચાર થયો જે, 'લાવ્યને આજ તો સેવ કરું !' પછી બાઈએ સેવ રાંધીને તેની થાળી ભરીને તેના પતિ આગળ મેલી. આ તો દિવસ બધાનો ભૂખ્યો હતો તેથી આખી સેવની ભરેલી થાળી લુસલુસ ખાઈ ગયો અને બાઈ કાંઈક કામ પ્રસંગે બહાર ગયેલી પછી તે કણબી વાળુ કરીને બહાર નીસર્યો. ત્યારે તેની સ્ત્રીએ પૂછ્યું જે, 'કાં આજ ઠીક પડ્યું ના ?' ત્યારે કણબી કહે, 'એમાં ઠીક શું પડવું તું ? નિત્ય ધાન ખાઉં છું તેમ આજ પણ ધાન ખાધું !' બાઈ કહે જે, 'આજ ધાન ક્યાં હતું ? આજ તો સેવ રાંધી હતી ! ' ખેડુ કહે કે, 'મર્ય રાંડ ! મને વહેલું કહેવું હતું ને ! નીકર ઠીક કરીને ખાત તો ખરો ! જોને થાળી ભરીને સેવ ખાઈ ગયો તો પણ ગળ્યું છે કે ખારું છે કે મીઠું છે તેની કાંઈ ખબર પડી નહીં !' એવો આ જીવને સંસારનો વેગ લાગ્યો છે. ||૧૨૨૨||

બે ભાઈબંધ હતા. તે પરગામ જઈને કોઈકને ઘરે મેમાન થયા પછી તે ઘરધણી બાઈએ સેવ રાંધી અને રાત્રે તે બે જણા જમવા બેઠા. અને બાઈ એક તાંસમાં સેવ ભરીને પીરસવા આવી એટલે તે સેવ એકનાં ભાણામાં લપશી પડી. ત્યારે તે બોલ્યો જે, 'બસ બસ હવે આપણે તો નહીં જોઈએ.' પછી બાઈ રસોડામાં જઈને વિચાર કરવા લાગી કે, 'બીજા પરોણાને મારે શું આપવું ?' ત્યારે પડખે બેઠેલો માણસ કાંઈક વિવેકી હતો એટલે તેણે બાઈને કહ્યું જે, 'બા, મારે સેવની બાધા છે ! માટે ઘરમાં જે હોય તે લાવો.' ત્યારે સેવવાળો બોલ્યો જે, 'હે ભાઈ ! તારે કયે દિવસની બાધા છે ?' ત્યારે તેણે કહ્યું જે, 'હું જ્યારથી તારી સાથે ચાલ્યો ત્યારથી મેં બાધા લીધી છે જે મારે સેવ ન ખાવી !' એમ કહીને

તેણે સમાધાન કર્યું. માટે જ્યાં મેમાન પરોણા થાવું ત્યાં ખાવા પીવામાં તથા બોલવા ચાલવામાં ઘણોક વિવેક રાખવો જોઈએ. ॥૧૨૨૩॥

એક બ્રાહ્મણ હતો. તે પોતાના સગાવહાલાંને ત્યાં મેમાન થયો હશે. પછી તે ઘરધણીએ તેના માટે ચુરમાના આઠ લાડુ કરાવ્યા. પછી તેને જમવા માટે બોલાવ્યો. પછી બ્રાહ્મણ નહાઈ ધોઈને વિષ્ણુને જમાડવા બેઠો. ત્યારે તે ઘરધણી બાઈએ તેના છોકરાને કહ્યું જે, 'આવો તમે મેમાન ભેળા જમી લ્યો.' ત્યારે બ્રાહ્મણ કહે કે, 'છોકરાને શા માટે બોલાવો છો ?' બાઈ કહે, 'તમારા ભેગા જમવા માટે !' બ્રાહ્મણ કહે, 'લાડવા તો આ છે એ જ કે બીજા છે ?' ત્યારે બાઈ કહે, 'તેટલા છે.' ત્યારે બ્રાહ્મણ કહે કે, 'બે તો મને પીરસશો બે લાડુ તમે તાણ્ય કરીને દેશો અને બે લાડુ ઠાકોરજીની પ્રસાદીના અને બે લાડુ હું માગીને લઈશ ! માટે છોકરાને ખવરાવા હોય તો ખવરાવો !' પછી છોકરાઓને બાઈએ ના પાડી જે, 'તમે પાછળથી જમવા આવજો.' માટે વિવેક હોય તો ફરી કોઈ જમવાનું કહે નિકર ફરી કોઈ જમવા બોલાવે નહીં. ॥૧૨૨૪॥

એક બ્રાહ્મણ કોઈકને ત્યાં મેમાન થયો હશે. પછી તેણે પોતાના ખડીયામાંથી નાની નાની ચીંથરીયું કાઢવા માંડી. પછી ધણીયે જાણ્યું જે, 'મહારાજ ! ખડીયામાંથી કાંઈક ઘી સાકર કાઢે છે. તે આપણે લાડુ કરીને જમાડીયે.' એમ કરતાં કરતાં બ્રાહ્મણે દશ વીશ ચીંથરીયો કાઢી. તેમાંથી એક ખસખસની ચીંથરી છોડીને તે ઘરધણીને આપી અને કહ્યું જે, 'લ્યો આમાં જે ઉપયોગ આવે તે કરો !' ઘરધણી સમજી ગયો કે, 'આ તો લાડવા ઉપર ચોપડાય બીજે કામ આવે નહીં.' પછી નહી શ્રદ્ધાયે લાડવા કરવા પડ્યા.॥૧૨૨૫॥

એક બ્રાહ્મણ સંન્યાસી થયો હતો. તે ઘણાક વરસ સુધી કાશી ક્ષેત્રમાં નિવાસ કરીને રહ્યો. પછી પોતાના મનમાં સંસારની વાસના ઉત્પન્ન થઈ તેથી જાણ્યું જે, 'ચાલને મરતાં જીવતાં એક વખત ઘરવાળી તથા છોકરાનાં મોઢાં તો જોઈ આવું !' પછી તે ચાલતાં ચાલતાં પોતાના ગામને પાદર તળાવને કાંઠે વડના વૃક્ષ નીચે દેરો નાંખીને બેઠો. તેવા સમામાં તેની સ્ત્રી તળાવે પાણી ભરવા આવી હતી તેણે નિરીક્ષણ કરીને તે સંન્યાસી બાવાને જોયો એટલે બાઈને માલુમ પડ્યું જે, 'આ તો મારા સ્વામીનાથ છે !' અને સંન્યાસીને પણ બાઈને જોઈને નક્કી થયું જે, 'આ તો મારી સ્ત્રી જણાય છે !' પણ એક બીજાનાં નેણાંનો મેળાપ થયો પણ લોકલજ્જાથી વાત થઈ શકી નહીં કેમકે નોખા પડ્યે બહુ જ વરસ થયેલ પણ વાસનાએ સંયોગ મેળવી દીધો. તેથી બાઈએ ઘરે જઈને પોતાના છોકરાને કહ્યું જે, 'તળાવને કાંઠે સંન્યાસી બાવો ઉતર્યો છે તેને આપણે ઘરે જમવાનું કહી આવ્ય !' અને સંન્યાસી બાવો તો વાટ જોઈને બેઠા હતા જે કોઈક બોલાવા આવે તો ઘરે

જાવું. પછી છોકરે કહ્યું જે, 'મહારાજ ! તમારે મારે ઘરે જમવા આવવાનું મારી માએ આમંત્રણ કર્યું છે !' ત્યાં તો સંન્યાસી બાવો તે સાંભળીને તરત તે છોકરાની સાથે તેને ઘરે પધાર્યા અને ત્યાં જઈને ખીલીયે ખડીયો ભરાવીને ચાકળો નાંખી દીધો તે ઉપર બેઠા. બાઈના ઘરની બહુ જ દુર્બળ સ્થિતિ હતી. તેથી મા દીકરો ઘરમાં વાતચીત કરવા લાગ્યાં જે, 'સંન્યાસી બાવો પધાર્યા છે પણ તેમને શું જમાડશું ?' તે સંન્યાસીએ બહાર બેઠાં બેઠાં બધી વાત સાંભળીને છોકરાને ઘરમાંથી બહાર બોલાવ્યો. પછી પોતાનો ખડીયો ખીલીએથી હેઠો ઉતારીને માંહેથી ઘીની કુડલી કાઢી તથા સાકર કાઢી તથા રવાનો અને મેંદાનો લોટ તથા ઉત્તમ પ્રકારના ચોખા અને તુવેરદાળ તથા નાના પ્રકારનાં મસાલા વિગેરે તમામ ચીજો કાઢીને છોકરાને કહ્યું જે, 'આ તારી માને આપ્ય અને આપણ ત્રણે જણા માટે રસોઈ કરો.' પછી રસોઈ કરીને સંન્યાસી મહારાજને જમવા બેસાર્યા. ત્યારે બાઈએ હાથ જોડ્યા જે, 'મહારાજ જેનો ત્યાગ કરવાનો છે તે તો તમે બધું જ રાખો છો અને મારો શો વાંક છે તે તમે મારો એકનો જ ત્યાગ રાખો છો ?' પછી સંન્યાસી મહારાજ કહે કે, 'ત્યારે તો લ્યો આ રહ્યા !' એમ કહીને પોતાના ભગવા વસ્ત્રનો ત્યાગ કરીને ઘરે રહ્યો માટે વાસના એવી છે. ॥૧૨૨૬॥

એક બ્રાહ્મણ સંન્યાસી થયો હતો. તેણે કોઈક ગામને પાદર જઈને કહ્યું જે, 'આ ગામમાં કોઈ બ્રાહ્મણ છે ?' ત્યારે કોઈએ કહ્યું જે, 'આ ગામમાં બ્રાહ્મણનું એક ઘર છે.' પછી સંન્યાસીએ તેને ઘરે જઈને કોપીન સુકવી એટલે બ્રાહ્મણીએ રસોઈ કરીને સંન્યાસીમહારાજને જમવા બેસાર્યા અને જ્યારે અરધુ જમી રહ્યા ત્યારે બ્રાહ્મણીયે હાથ જોડ્યા જે, 'મહારાજ ! હું છું બ્રાહ્મણી ! અને આ છોકરાનો બાપ મુસલમાન છે ! તેનો આ છોકરો થયેલો છે તે માટે તેને જનોઈ દઉં કે સુન્નત કરાવીએ ?' તે સાંભળી સંન્યાસી વિચારમાં પડ્યો જે, 'તું તો છોકરાને ગમે તો જનોઈ દે અને ગમે તો સુન્નત કરાવ્ય પણ પહેલું મારું કર્ય. મારું જે મેં તારા ઘરનું ખાધું એટલે હું મરું ત્યારે મને બાળે કે દાટે ?' માટે અજાણ્યાને ત્યાં જ્યારે જાવું ત્યારે ખરી ખાત્રી કરીને પછી તેને ત્યાં ઉતારો કરવો *"પહેલો ખર પાણી પીઈને પૂછે ઘર તે પણ ખર, બીજો ખર લગ્ન કરીને જોવે વર તે પણ ખર, ત્રીજો ખર જેઠ મહિને ઉખાળે ઘર તે પણ ખર."* ॥૧૨૨૭॥

એક સંન્યાસી હતો તે કોઈક બાઈ હશે તેને ત્યાં આઠ દિવસે અને દશ દિવસે કોપીન સુકવે અને બાઈ જ્યારે સંન્યાસી આવે ત્યારે સારી કઢી ને રોટલી બનાવીને સંન્યાસીને જમાડતી. પછી સંન્યાસી જ્યારે જમવા બેસે ત્યારે બાઈનાં વખાણ કરે જે, 'અહો માઈ ! તેરી કાંઈ કઢી. અહો માઈ તેરી કાંઈ કઢી !' એમ નિરંતર જ્યારે જ્યારે

જમે ત્યારે કઢીનાં વખાણ કર્યા કરે. પછી બાઈએ જાણ્યું જે, 'સંન્યાસી કઢીમાં બંધાઈ ગયો છે માટે તેને મારે ઘરે આવતો અળસાવી દઉં તો ઠીક !' પછી એક દિવસ તે બાઈએ પોતાની દીકરી સાથે સંકેત કર્યો જે, 'સંન્યાસી જ્યારે જમવા આવે ત્યારે તું મને પુછવા આવજે જે, 'મા...મા... ગણપતીયો ઝાડે ફર્યો છે ઠીબડી ક્યાં મેલી છે ? એમ પૂછજે.' પછી સંન્યાસી જ્યારે જમવા બેઠો ત્યારે તે દીકરી તેની માને પૂછવા લાગી જે, 'મા...મા...મારો ભાઈ ઝાડે ફર્યો છે તે ઠીબડી ક્યાં મૂકી છે ?' ખોરડા ઉપર તો નથી ? તે સાંભળી બાઈ બોલી જે, 'બોલ્યમાં બોલ્યમાં મૂરખી ! આજ કાંઈ બીજું હાથ આવ્યું નહીં તેથી તે ઠીબડીમાં સંન્યાસી સારુ કઢી કાઢી છે !' સાંભળીને સંન્યાસી બકારીઉં ખાવા લાગ્યો અને બહુ જ ઉલટી થઈ ! અને પછી તેને ઘરે આવતો છાંડી ગયો. માટે બંધન પામવામાં પણ આવાં દુઃખ છે. ।।૧૧૨૮।।

એક મુંડો સંન્યાસી થયો હતો તે કોઈક ગામમાં ગયો. તે ગામમાં એક દરજી બ્રાહ્મણ થયો હતો. તેને ઘરે જઈને ઉતારો કર્યો. તે દરજીયે વેચાણ મોચણ લાવીને ઘરમાં બેસારી હતી. તેને એક દીકરો થયો તે ચમારની દીકરીને લાવ્યો પછી સાસુ વહુ ઘરમાં વાતો કરવા લાગ્યાં જે, 'બાઈજી ! તમે રસોઈ કરો !' ત્યારે બાઈજી કહે, 'વહુભા ! તમે રસોઈ કરો.' ત્યારે સાસુ બોલ્યાં જે, 'હું તો મોચણ છું ! તે સંન્યાસી મહારાજ અભડાય !' ત્યારે વહુ બોલી જે, 'હું તો ચમાર છું !' તે સાંભળીને સંન્યાસી બોલ્યો જે, 'હું તો જાતનો મુંડો છું ! માટે તમે ગમે તે રસોઈ કરો !' ત્યારે દરજી બોલ્યો જે, **'ચમાર મોચણ ને મુંડો તેથી દરજી શે ભૂંડો ?'** માટે લ્યો હું રસોઈ કરું. ।।૧૨૨૯।।

એક નફટગર કરીને અતીત બાવો હતો. તે પોતાના શિષ્યને પોતાનો ઠાકોરદ્વારો સોંપીને તીર્થયાત્રા કરવા ગયો હતો. નફટગરે પણ હરદ્વાર જેવા તીર્થમાં જઈ ઘણાંક વરસ સુધી નિવાસ કરીને રહ્યો. આંહીંયાં કોગળીયાના રોગથી તેનો ચેલો મૃત્યુ પામ્યો. તેણે પોતાના ચેલાને ગાદીયે બેસાર્યો હતો તે પણ ગાદી ઉપર થોડા વરસ રહીને તે રોગથી મરણ પામ્યો હતો. તેવામાં નફટગરને વિચાર થયો જે, મારી જગ્યાની ખબર કાઢી આવું. કેમકે લાખ રૂપિયાની ઈસ્કામત સોંપીને હું આવ્યો છું તેની અત્યારે કેવીક સ્થિતિ છે ?' પછી ચાલતાં ચાલતાં ઘણેક દિવસે તે પોતાને ગામ દિવસ અસ્ત પામવા વખતે પહોંચ્યો. તે વખતે જગ્યાનો દરવાજો બંધ કર્યો હતો અને રાત્રી પણ અંધારી હતી. તે વખતે નફટગરે જગ્યાને દરવાજે ઉભા રહીને બૂમ પાડી જે, દરવાજા ખોલો.' ત્યારે તે જગ્યાનો મહંત બોલ્યો જે, 'અત્યારે કોણ છે ?' ત્યારે નફટગર બોલ્યો જે, 'એ તો હું નફટગર આ જગ્યાનો મહંત છું !' તે સાંભળી માંહેથી મહંત હતો તે બોલ્યો જે, આ જગ્યાનો મહંત તો હું છું તું કેવો !' એમ કહીને પોતાના માણસો પાસે ધક્કા મારીને નફટગરને બહાર કાઢ્યો.

પછી તે નફટગર બહાર એક ઓટલો હતો. તે ઉપર રાત વાસો સુઈ રહ્યો. પછી સવાર થઈ એટલે ગામના કેટલાક લોક બહાર નીસર્યા અને તેમાં જુનાં વૃદ્ધ માણસો હશે તેણે નફટગરને ઓળખ્યો. તેમણે પૂછ્યું જે, નફટગર તમે કેવા ?' પછી નફટગર બોલ્યો જે, 'હું તો આટલા વર્ષ હરદ્વારમાં નિવાસ કરીને રહ્યો હતો. ત્યાંથી આંહીંયાં આજ રાત્રે આવ્યો એટલે મને ધક્કા મારીને જગ્યામાંથી બહાર કાઢી મૂક્યો.' પછી નફટગર એક સાખી બોલ્યો જે–

*'નફટ નફટકી ઝાંટમે ભયી ઝાંટ એક ઓર*
*તુલસી આ સંસારમેં નહીં નફટકી ઠોર'*

પછી ગામના સૌ લોક મળીને નફટગરને જગ્યામાં લઈ ગયા અને નવા મહંતને ઓળખાણ પડાવી. ॥૧૨૩૦॥

એક કણબીએ બ્રાહ્મણ જમાડ્યા. તે બ્રાહ્મણ જમી રહ્યા. પછી પટેલને બોલાવ્યા અને પોતાની સન્મુખ તેને બેસાર્યો અને અંતરવાસ પાઘડીનો છેડો નંખાવ્યો. પછી બ્રાહ્મણ બોલ્યો જે, આચમન્ પ્રાણાયામ્યમ્.' તે સાંભળીને પટેલ બ્રાહ્મણ સામો તાક્યો. ત્યારે બ્રાહ્મણ બોલ્યો જે, 'લ્યો પટેલ ! પાણી.' ત્યારે પટેલ બોલ્યો જે, સબળ જાણ્યું દેવ ?' ત્યારે બ્રાહ્મણ બોલ્યો જે, 'તમે જમાડો. ત્યારે અમે હાથ જોડ્યમાં નો જાણીએ.' ત્યારે પટેલ કહે, 'આકાશમાં ગ્રહણ કળો ત્યારે આ ન કળો ? માટે આજ તો પાણી નથી લીધું ! લ્યો વાડામાં જઈને લઈ આવું !' એમ કહીને ગોળામાંથી પાણીનો કળશીયો ભરીને વાડામાં જઈને પુંઠ્ય પખાળી આવ્યો. સાખી–

*''કીધું કાંઈ ને સમજ્યા કશું, આંખ્યનું કાજળ લઈને કપાળે ઘસ્યું.''*
*પાણીનું આચમન લેવાનું કહ્યું ને પુંઠ્ય ધોઈ આવ્યો એવો જીવ છે.* ॥૧૨૩૧॥

એક ખેડુ હતો તે ખેતીનું કામ કરતો. તેને બે ચાર નાનાં નાનાં છોકરાં હતાં એટલે તેને સ્ત્રીને ભાત લઈ જવામાં કોઈક વખત વહેલું મોડું થઈ જતું એટલે ખેડુત તેને વખતો વખત પજવ્યા કરે જે, 'રાંડ ! તું વખતસર ભાત લાવતી નથી.' બાઈ કહે,'મારે નાનાં છોકરાં છે તેને સાચવવાં વળી દુઝણાં ઢોર દોવાં માટે હું શી રીતે પરવારીને આવું ? અને પાણી ભરવું વાશીદું વાળું ત્યાર પછી રોટલા કરું ને ?' એમ બાઈએ ઉત્તર આપ્યો ત્યારે ખેડુએ કહ્યું જે, દાડીયા લઈને આજ તું ખેતર જા અને હું જોઈએ દસ વાગે ભાત લાવું છું કે નહીં ?' બાઈ કહે, 'હા, આજ તમે ઘરે રહો અને હું ખેતર જાઉં.' પછી તે બાઈ દાડીયાં લઈને ખેતર ગઈ અને ખેડુ વહેલો ઉઠીને જ્યાં રોટલા કરવા મંડ્યા ત્યાં એક છોકરું રોવા માંડ્યું જે, 'આતા ! મારે ખાવું છે એને રોટલાનો કડકો આપ્યો.' ત્યાં બીજું છોકરું જાગીને

બોલ્યું જે, 'આતા ! મારે ઝાડે ફરવા જવું છે !' તેને જ્યાં તે ક્રિયા કરાવવા જાય ત્યાં પહેરેલી પોતડી ઘડીયે ઘડીયે છુટી જાય પછી પોતે ખડકીનું કમાડ વાસીને પોતડી કાઢીને ખીલીયે મૂકી અને પછી બધી ક્રિયા કરવા મંડ્યો. કણબીને તો એક જ નિશ્ચય હતો જે, 'દસ વાગે ભાત મારે ખેતર લઈને જવું' પછી ઉતાવળમાં ને ઉતાવળમાં એક સુંડલામાં રોટલા ભર્યા અને એક તપેલામાં શાક ભર્યું અને એક ફાળીયું ખંભે નાંખ્યું અને એક ફાળીયું માથે બાંધ્યું અને માથે શાકનું તપેલું મૂક્યું અને તે ઉપર રોટલાનો સુંડલો મૂકીને ગામને પછવાડે છીડું હશે. ત્યાંથી નીકળીને ખેતર ગયો એટલે રસ્તામાં જે કોઈ માણસ મળે તે અવળું જોઈને ઉભું રહે ! ત્યારે પટેલના મનમાં વિચાર થાય જે, 'હું કોઈ દિવસ બહાર નીસર્યો નથી. તેથી બાઈ માણસો મારો મલાજો રાખે છે !' પછી તે જ્યાં ખેતર ગયો ત્યાં તો તેના ઘરના માણસે છેટેથી ભાળ્યો એટલે જાણ્યું જે, 'આ તો મારો રોયો આવ્યો નાગો !' એમ કહીને તે તેના સામી આવી અને કહ્યું જે, 'આ શું આ ?' પટેલ બોલ્યો જે, 'હેઠે શાક અને ઉપર રોટલા !' બાઈ કહે, 'હેઠું ઉતારો હેઠું !' જ્યાં વાંકો વળીને હેઠું મેલવા જાય ત્યાં તો પોતાને સ્મૃતિ આવી જે, 'હાય ! હાય ! હું તો નાગો છું ને !' ત્યાં તો પોતાનાં અંગ દૃષ્ટીએ પડ્યાં અને બાઈને મારવા માટે દોડ્યો ! અને કહ્યું જે, 'રાંડ ! હવે હું ગામમાં મોઢું શું દેખાડીશ ?' પછી બાઈ બોલી જે, 'નથી દેખાડવાનું તે તો દેખાડ્યું ! અને મોઢાનો શું વાંક છે ?' એમ જે જેની ક્રિયા હોય તે તેથી જ થાય એમાં ઉતાવળા થાય તો આમ થાય ને સૌ હસે. ॥૧૨૩૨॥

ભાંભણ ગામમાં લાલદાસ કરીને એક બાવો હતો. તેનો ગુરુ ફક્કડ હતો અને લાલદાસે સંસાર કર્યો હતો એટલે સાત આઠ છોકરાં થયાં હતાં પણ કોપીન વાળે નહીં. પછી તે લાલદાસની ઘરવાળી જ્યારે પાણી ભરવા જાય ત્યારે ગામના બૈરાં સૌ ઠપકો આપે જે, 'તું તારા ધણીને કહે જે કોપીન તો વાળે.' પછી તે બાઈએ લાલદાસને કહ્યું જે, 'તમે કોપીન વાળો.' ત્યારે લાલદાસ બોલ્યો જે, 'બોલ્યમાં બોલ્યમાં રંડી ! હું મેરા ગુરુકા ધર્મ છોડીશ ?' બાઈ કહે કે તારો ગુરુ તો ફક્કડ હતો ! ને તારે તો સાત આઠ છોકરાં થયાં છે ! અને તારે તો લાલદાસનું લંગર કહેવાય છે ! પછી તે બાવલાને ગામના માણસે પરાણે મારીને કોપીન વસાવી. એમ ગુરુની પરંપરા જાણ્યા વિના ગુરુનો વાદ લ્યે તો મૂરખ કહેવાય ! ॥૧૨૩૩॥

એક કણબી હતો. તે ખેતી કરતો તેને મહાત્મા સંત મળ્યા તેણે કહ્યું જે, 'ભગત ! તમે ભજન કરો ભજન !' પટેલ કહે કે, 'હું શેનું ભજન કરૂં ?' સંત કહે કે, 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભજન કરો.' પટેલ કહે, 'કે મને એ નામ તો આવડે નહીં !' ત્યારે

સંતે કહ્યું કે, 'ગોપાળ ગોપાળ એવું ભજન કરો.' પછી તે એક દિવસ લઘુશંકા કરવા બેઠો એટલે ગોપાળનું નામ ભૂલી ગયો ! પછી તે વિચારમાં પડ્યો જે મને સાધુ શીખવી ગયા તે શું? પછી સંભારતાં સંભારતાં તેને યાદ આવ્યું જે ચોફાળ. પછી તે ચોફાળ ચોફાળ એમ ભજન કરતો જાય અને ખેતરમાં સાંઠીયો ખોદતો જાય. પછી ભગવાને લક્ષ્મીજીને કહ્યું જે, 'મારાં સહસ્ર નામ છે પણ મારે ભગતે મારૂં એક નવું નામ પાડ્યું છે !' લક્ષ્મીજી કહે કે, 'ચાલો મને દેખાડો.' પછી ભગવાન તથા લક્ષ્મીજી બન્ને જણાં ગયાં ને ભગવાન એક મોટો ખાડો હતો તેમાં બેઠા ને લક્ષ્મીજી તે કણબીની પાસે પૂછવા ગયાં અને પૂછ્યું જે, 'તું કોણ છો ?' ત્યારે તેણે કહ્યું જે, 'કણબી છું. તારે શું કામ છે !' લક્ષ્મીજી કહે કે, 'તું કોનું ભજન કરે છે ?' કણબી કહે કે, 'તારા ધણીનું !' લક્ષ્મીજી કહે કે, 'ક્યાં છે મારો ધણી ?' કણબી કહે કે, 'એ ઓલ્યા ખાડામાં બેઠો !' એમ નિષ્કપટપણે ભજન કરતો હતો તો ભગવાન સાક્ષાત્ મળ્યા. ।।૧૨૩૪।।

એક કણબીનો ડોસો હતો તે મરવા સુતો. પછી તેને છોકરે કહ્યું જે, 'બાપા ! રામ કહો રામ.' ત્યારે ડોસો બોલ્યો જે, 'ભા ! તું કહે તું.' પછી છોકરે રામપાતર લાવીને ડોસાને બતાવ્યું અને કહ્યું જે, 'બાપા ! આ શું છે ? ડોસો કહે કે 'એ તો શકોરૂં !' પણ રામપાતર કહ્યું નહીં. કેમ કે રામે તો તેનો બાપ માર્યો હશે ને જો રામપાતર કહે તો રામનું નામ આવે ! પછી છોકરે કહ્યું કે, 'બાપા ! આપણા ખેતરમાં કોળ્યાં હતાં તે શું ?' ડોસો કહે, ' કે એ તો કાળ પુંછાં હતાં પણ હરણીયાં કહ્યાં નહીં !' એટલે જો હરણયાં કહે તો તેમાં હરિનું નામ આવે. માટે જેને આસુરી બુદ્ધિ છે તેને સવળું સુઝે નહીં. ।।૧૨૩૫।।

ગુજરાતના એક કણબીનો ડોસો મરવા સુતો. પછી છોકરે વિચાર કર્યો જે, 'આપણા ડોસાએ આંબાને પાણી પાઈ પાઈને મોટા કર્યા છે માટે સારો આંબો દેવને અગર બ્રાહ્મણને આપીએ.' પછી છોકરે કહ્યું જે, 'બાપા ! તમો વાંસે એક આંબો લક્ષ્મીનારાયણ દેવને આપીશું.' ત્યારે ડોસો બોલ્યો જે, 'નારાયણ ! એમ કહ્યું 'એટલામાં ભગવાન તેડવા આવ્યા નારણ એટલું બોલ્યામાં આટલું પુન્ય થયું તો જાણીને સ્વામિનારાયણનું નામ લે તેના પુન્યનો તો પારજ નહીં. જેમ અજામેળે છોકરાના સ્નેહથી યમદૂતથી ભય પામીને બોલ્યો જે, **'ધાયે નારણીયા.'** એટલું જ્યાં બોલ્યો ત્યાં તો વૈકુંઠનાથના પાર્ષદ આવીને ઉભા રહ્યા ને યમદૂતથી મૂકાવ્યો અને ગુનકાનેરાં એટલો શબ્દ થયો તેટલામાં વિમાન આવ્યાં. માટે અજાણે નામ લે તોપણ સુખને પામે તો મહીમા જાણીને ભજન કરશે તેની વાત શી કરવી? ।।૧૨૩૬।।

ભીંગરાડ ગામમાં એક કણબી માંદો થયો. ત્યાં ગામ નાના રાજકોટના હરિભક્ત

તેને જોવા સારૂ ગયા. પછી હરિભક્તે જઈને કહ્યું જે, 'પટેલ ! જે સ્વામિનારાયણ... 'પટેલ બોલ્યા જે, 'નાકામેળ થયો કે નહીં ?' હરિભક્ત કહે કે, 'પટેલ ! સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરો.' વળી પટેલ બોલ્યા જે, 'નાકામેળ થયો કે નહીં ?' એમ બોલતાં બોલતાં તેનો જીવ નીકળી ગયો પણ નારાયણ નામ લીધું નહીં. ॥૧૨૩૭॥

ગામ ખુંટવડામાં પીતાંબર કરીને વાણિયો હતો. તેણે મરચાંનો વેપાર કર્યો. મરચામાં ખોટ્ય જાય તેવું હતું. પછી તે માંદો થયો. ત્યાં કોઠારી ભક્તિવલ્લભદાસજી તેને જોવા સારૂ ગયા અને કહ્યું જે, 'પીતાંબર શેઠ ! જે સ્વામિનારાયણ ! શેઠ બોલ્યા જે, 'આવો આવો સાથમાં આના બે આના ઓછા હોય તો હોય !' કોઠારી કહે, 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરો !' શેઠ કહે કે, 'બે આના સારુ શીદને પાછા જાઓ છો ? હાથો ઠોકતા જાઓને !' પછી સંત મંદિરમાં આવ્યા અને તે દેહ મેલી ગયો. એવો જીવને મિથ્યા અભિનિવેશ થાય છે. ॥૧૨૩૮॥

ખુંટવડા ગામમાં અમારૂં મંડળ ફરવા ગયું હતું અને ગામમાં હરિજનને ઘરે રસોઈ કરીને જમીને ચાલ્યા આવતા હતા ને પાછળ કુતરાં ભસતાં હતાં. પછી એક બ્રહ્મચારીએ પાછું વળી જોયું એટલે દુકાનમાંથી વેપારી શેઠીયા બોલ્યા જે, 'મહારાજ ! એ કુતરૂં તમને નથી ભસતું !' ત્યારે મેં કહ્યું જે, 'કોણ જાણે કુતરાં ભસામણો વેશ હોય તો ! 'ત્યારે શેઠ બોલ્યો જે, 'તમે તો સ્વામિનારાયણના બ્રહ્મચારી છો તે ન ભસે. એ તો આ બાવો બેઠો બેઠો છરી ઘસે છે તેને ભસે છે ! કેમકે તેનો વેશ શ્વાન ભસે તેવો છે.' ॥૧૨૩૯॥

ગામ માઢીયામાં અમારૂં મંડળ ફરવા ગયું હતું. ત્યાં ભરવાડના ફળીયામાં થઈને નહાવા જવાનો રસ્તો હતો. ભરવાડે સાવજીયો કુતરો પાળ્યો હતો. પછી ભરવાડે કહ્યું જે, 'મહારાજ ! આજ આંહીંથી નીકળ્યા તે ભલે પણ આ કુતરો બહુ કરડકણો છે ! તે જાળવીને ચાલજો.' એટલે મેં કહ્યું જે, 'અમે તો સ્વામિનારાયણના બ્રહ્મચારી છીએ. તે અમને બોલશે નહીં.' પછી પંદરેક દિવસ ત્યાં રહ્યા. અને તે જ રસ્તેથી નહાવા જતા પણ તે કુતરો બિલકુલ સામું જુવે નહીં ! અને પછી તે ગામમાં દૂધરેજના બાવા આવ્યા. તે પણ તેજ રસ્તે થઈને ચાલ્યા. ત્યારે ગોકળી બોલ્યો જે, 'મહારાજ ! આંહીંથી ચાલો છો પણ કુતરો બહુ કરડકણો છે !' બાવા બોલ્યા જે, 'સ્વામિનારાયણના સાધુ કેમ ચાલતા ? તે અમે પણ ચાલશું અમે સાધુ છીયે ને !' એમ કહી ને જ્યાં ફળી સોંસરા થઈને જરાક આઘેરા ગયા ત્યાં તો કુતરો પાછળથી દોડ્યો ! ને એક બાવાની ડોકે વળગ્યો ! ત્યારે બાવો રાડ્ય પાડીને હેઠો પડી ગયો ! પછી ભરવાડ બોલ્યો. જે ''વાય કુતરા વાય'' તું પણ સાધુને ઓળખતો દેખાય છે ! જે આ ભગવાનના અને આ જગતના સાધુ.' માટે ખરા સાધુ તો

સ્વામિનારાયણના. ॥૧૨૪૦॥

એક બ્રાહ્મણ હતો. તેણે એક બાઈને ઘરે રસોઈ કરી હતી. ત્યાં રસોઈ તૈયાર કરીને બ્રાહ્મણે તે બાઈને કહ્યું જે, 'તમે શરત રાખો તો હું કામ પ્રસંગ કરી આવું.' પછી બ્રાહ્મણ જ્યાં લઘુશંકા કરવા ગયો ત્યાં તો કુતરો આવીને રસોડા સોંસરો નીકળી ગયો. બાઈએ ઘણું હાડ્ય હાડ્ય કર્યુ પણ કુતરે તેનું ગણકાર્યું નહીં, પછી બ્રાહ્મણ જ્યારે લઘુશંકા કરીને આવ્યો ત્યારે ડોશીએ કહ્યું જે, 'મહારાજ ! તમે કામ પ્રસંગ કરવા ગયા અને કુતરો તમારા પાક સોંસરો થઈને ચાલ્યો ગયો. તે તમારી રસોઈ અભડાણી !' બ્રાહ્મણ કહે, 'એ કુતરાને મને દેખાડો.' પછી બાઈ તે કુતરાને તુ કરીને બોલાવી લાવી. તે કુતરાને ગળે પાટી બાંધી હતી. પછી બ્રાહ્મણ બોલ્યો જે, 'આ તો ભટુરીયો કુતરો !' પછી બ્રાહ્મણ સાખી બોલ્યો જે–

*ભટુરીયો કુતરો ને ગળે જામશાહી પાટી,*
*અન્નદેવ તો અભડાય નહીં છાશ નાંખી દીયો ખાટી.*

એમ કહીને છાશનો લોટો ઢોળી નાંખ્યો અને લાડવા, દાળ, ભાત, શાક પોતે ટટકાવી ગયો. ॥૧૨૪૧॥

ઘેલાશાના બરવાળામાં એક વાણીયો માંદો હતો. પછી તેને મરવા વખત થઈ ત્યારે તે બોલવા મંડ્યો જે, 'બાપ વેલશી ! બરવાળાનો અવેજ વળ્યો ?' ત્યારે તેનો જવાબ આપ્યો કે, 'હા, કાકા ! હા, વળ્યો !' એમ કરતો કરતો દેહ મેલી ગયો. ॥૧૨૪૨॥

ગામ મેથાણનો કણબી પોતાના ભત્રીજાની જાનમાં ગયો હતો. પછી સૌ લોક ગાણાં ગાય. તેમાં બીજાનાં નામ લઈને ગાય પણ ફટાણાં ગાવામાં વરના કાકાનું કોઈએ નામ લીધું નહીં. તેથી તેને રીસ ચડી. તેથી ઘરે આવતો રહ્યો પછી સૌએ તેને પૂછ્યું જે, 'તમો જાન મોર્ય ઘરે કેમ આવ્યા ?' ત્યારે તેણે કહ્યું, 'શું રહેવું ધુડ્ય જે હું વરનો કાકો અને ફટાણામાં મારું નામ જ લીધું નહીં. તેથી મારે ત્યાં રહેવાનું કામ શું?' એમ જીવને આ સંસારની અસદ્ વાસનાની કેટલી બધી પ્રીતિ છે ? ॥૧૨૪૩॥

એક ખેડુ હતો. તેના ઘરનું માણસ બહુ વસમું હતું. તેને એવો વિચાર જે, 'મારા ધણીને મારી નાંખીને પછી મારે બીજાનું ઘર માંડવું.' પછી એક દિવસ તેણે તેના ધણીને કહ્યું જે, 'આજ તો હું તમારી સાથે ખેતર આવીશ. તેથી બન્ને જણાં સાથે ખેતર ગયાં.' ત્યારે કણબીએ કહ્યું જે, 'આ કુવામાંથી તું પાણી ભરી આવ્ય.' ત્યારે બાઈ બોલી જે, 'મને સીમના કુવાનું પાણી ભરતાં ન આવડે. માટે ચાલો આપણે બન્ને જણાં જઈએ.' પછી સ્ત્રીપુરુષ બન્ને પાણી ભરવા કુવે ગયાં. તે પુરુષ જ્યાં કુવાના કાંઠા ઉપર પાણી સીંચવા મંડ્યો ત્યાં સ્ત્રીએ પાછળથી ધક્કો મારીને કુવામાં નાંખ્યો અને ઉપરથી બે ચાર પાણાં પણ

પડતા મેલ્યા પછી તે બાઈ ઘરે જતી રહી અને તે કણબીને કુવામાં ઝાડનું એક મૂળ હાથમાં આવ્યું હતું તે ઝાલીને કુવાના ભેડા ઉપર ઉભો રહેલો. તે વખતે ત્યાં એક ભરવાડ બકરા પાવા સારુ આવ્યો. તેણે ભરવાડને કહ્યું જે, 'એ બીજલા...! મને કુવામાંથી કાઢ્યને ! 'ત્યારે ભરવાડ કહે કે, 'પટેલ ! તમે કુવામાં શાથી પડી ગયા ?' પટેલ કહે કે, 'હું પાણી ભરવા આવ્યો હતો તે લપસી પડ્યો.' પછી બે ત્રણ જણે થઈને તેને કુવામાંથી બહાર કાઢ્યો અને સાંજે ઘરે ગયો. ત્યાં તો બાઈના મનમાં એમ થયું જે પીટ્યો આ તો જીવતો રહ્યો ! પછી બાઈએ વાળુ કરાવ્યું અને કણબીએ બાઈને કહ્યું જે, 'શરીરે જરા વાગ્યું છે તે લાવ્યને હળદર ભરીયે.' પછી સારી પેઠે શેક કર્યો પણ પટેલ પોતાના મોઢામાંથી બોલ્યો નહીં જે, 'રાંડ ! તેં મને કુવામાં શા માટે નાંખ્યો ?' અને તે સંબંધી કાંઈ પણ વાતચીત કરી નહીં. પછી બાઈએ જાણ્યું જે, 'બીજે જઈશ તો આવો ધણી મળશે નહીં. જોને મેં કુવામાં નાંખી દીધો તો પણ કાંઈ બોલે છે ?' માટે આ ઘરમાં જ પડ્યું રહેવું ઉત્તમ છે ! પછી કાળે કરીને તેને એક છોકરો થયો અને છોકરાનાં લગ્ન કર્યા અને છોકરાની ઘરવાળી જ્યારે પટેલને પગે લાગવા ગઈ. ત્યારે પટેલ બોલ્યો જે, 'બાપ ! દીકરા ! હું તો તમને બીજું કાંઈ નથી કહેતો. પણ બહુ બોલ્યામાં માલ નહીં.' એમ કરતાં બીજી વખત આણું વળીને આવીને પગે લાગવા ગઈ. તે વખતે પણ ભાભે પણ તેજ શીખામણ દીધી. ત્યારે વહુને રીસ ચડી ને કહેવરાવ્યું જે, 'ભાભાને કહો, જે ઓલ્યે વખતે પગે લાગવા ગઈ ત્યારે ભાભે કહ્યું જે, 'બહુ બોલ્યામાં માલ નહીં અને આ ફેરે પણ તેમ જ કીધું છે. તો હું શું બોલી ?' પટેલ કહે, 'તમારી સાસુ ગામ ગયાં છે તે તમને વાત કરુ છું. ત્યારે વહુ કહે કે, 'કહો,' પછી પટેલ કહે કે, 'તમારી સાસુ છે તેણે મને કુવામાં નાંખી દીધો હતો અને તેને બીજું ઘર માંડવું હતું. પણ જો હું ન બોલ્યો તો દીકરો થયો અને તમે વહુ ઘરે આવ્યાં.' વહુએ કહ્યું જે, 'એવું હતું ત્યારે મને વાત કરવી હતી ના ?' પટેલ કહે, 'આ મેં તમને વાત કરી પણ તમે તમારી સાસુને વાત કરશો નહીં.' વહુ કહે, 'હું તે હવે વાત કરું ?' પછી એક દિવસ એ સાસુ વહુ બન્ને જણાંને સામા સામી બોલાચાલી થઈ.' ત્યારે વહુ બોલી જે, 'રાખ્ય ને રાંડ ! બહુ ચોખી શું થાય છે ? મારા સસરાને કુવામાં નાંખી દઈને બીજે ઘર માંડવા જતી હતી તે તું ને ?' પછી તે સાંભળીને સાસુને રીસ ચડી તે કુવે જઈને પડી ને મરી ગઈ. પછી તેને બાળીને ઘરે આવ્યા ને બીજે દિવસે તેના દીકરાની ઘરવાળીને પૂછ્યું, 'વહુ ભા ! તમે તમારી બાઈજીને કાંઈ કહ્યું હતું ?' વહુ કહે, 'હા, તમે જે વાત કહી હતી તે કહીતી. બીજું કાંઈ નથી કહ્યું.' ॥૧૨૪॥

એક ખેડુ હતો તેને ઘરવાળીને ને તેની સાસુને એ બન્નેને અણબનાવ હતો. તેનું કારણ કે છોકરાના સાસરા પક્ષના જ્યારે આવે ત્યારે છોકરાની મા બહુજ કચવાયા કરતી. પછી વહુએ વિચાર કર્યો જે, 'આ રાંડનું સાલ ઘરમાંથી જાય તો હું સુખેથી મારી મા મારી

બહેન વિગેરે આવે છે તેને ખવરાવું ! પીવરાવું ને મજા કરું ! પણ આ રાંડ શે મરે ?' એમ કરતાં કરતાં પટેલ પંદરેક દિવસને ગામતરે ગયો અને તેની ઘરવાળીએ ખેતરપાળની માનતા કરી જે, 'હે ખેતરપાળ ! મારા ગોવિંદાનો જો તાવ ઉતરી જાય તો મારી બાઈજીને તમને ચડાવીશ.' એવી માનતા કરી. પછી પટેલ ગામમાંથી ઘરે આવ્યો અને રાતે વાળુ કરવા બેઠો. ત્યારે સમાચાર પૂછ્યા જે, 'સૌ સુખી છે ને ?' પટલાણી કહે, 'હા, સુખી તો છીએ પણ ગોવિંદાને બહુ તાવ આવતો હતો. તેથી મેં એક માનતા કરી છે તે તમારાથી નહીં થાય !' પટેલ કહે કે, 'એવી શી માનતા કરી છે તે ન થાય ?' પટલાણી કહે, 'તમને કહેવાય તેવી નથી !' પટેલ કહે કે, 'કહેતો ખરી! જો થાશેતો કરશું !' પટલાણી બોલ્યાં જે, 'ગોવિંદાને બહુ તાવ આવ્યો હતો અને ભોંય લીધો હતો !' પછી મેં ખેતરપાળની માનતા કરી જે જો મારો ગોવિંદો આમાંથી બેઠો થાય તો હે ખેતરપાળ! મારી સાસુને તમને ચડાવશું !' તે માનતા કરી કે તરત જેમ દિવામાં દીવેલ પુરે એમ તરત ગોવિંદો બેઠો થયો અને મા મા કહેવા લાગ્યો.' પટેલ કહે કે, 'અરે રાંડ ! એવી માનતા શું કરી ?' પટલાણી કહે કે, 'તારે ભળાવું ખેતરપાળને ! 'ત્યારે પટેલ બોલ્યા જે, 'તેં કર્યું તે ઠીક પણ આપણે જો એકલા જાશું તો મારી માને ભીતિને ભ્રાંતી પડશે ! માટે બ્રાહ્મણને મોકલીને તારી મા અને અને તારી બહેન વિગેરેને બોલાવ્ય એટલે આપણે સૌ નવાં લુગડાં પહેરીને સાથે જવાય. પછી બ્રાહ્મણને મોકલીને તેના પીયેરથી બધાને બોલાવ્યાં અને વાડામાં લઈ જઈને તેની માને વાત કરી જે, 'મેં આવી રીતે માનતા કરી છે.' ડોશી કહે, 'ઠીક કર્યું ટાઢે પાણીયે ખસ જાશે. જ્યારે આવીયે ત્યારે કાળું મોઢું કરે છે.' પછી સૌ નવાં લુગડાં પહેરીને તૈયાર થયાં અને સવા માણું લાપશીનો લોટ પણ સાથે લીધો. પછી સૌને ગાડામાં બેસાર્યા અને ઘરધણીયે ખડના બારામાં એક તરવાર બાંધી લીધી. પછી ગામને સીમાડે ખેતરપાળનું સ્થાનક હતું ત્યાં પહોંચ્યાં. પછી ઘરધણીયે તેના ઘરના મનુષ્યને કહ્યું જે, 'તારી મા અને મારી મા ને ખેતરપાળ પાસે પગે લાગવા મેલ્ય ! અને હું ત્યાં તરવાર લઈને બેસું છું !' પછી વહુએ કહ્યું જે, 'મા ! તું અને મારી સાસુ એ બન્ને પહેલાં ખેતરપાળને પગે લાગી આવો અને ગોવિંદાને માગી લ્યો જે, હે ખેતરપાળ! મારા ગોવિંદાને ગાડયે લુઈને નાંખી દેજો.' પછી બન્ને વેવાણો હાથના આંકડા ભીડીને ખેતરપાળ પાસે ગઈ અને પાછળ ગાણાં ગાવા લાગી જે ''બાઈજી ચડ્યાં ખેતરપાળને સૌ જુવોને લોકો બાઈજી ચડ્યાં ખેતરપાળને'' એમ ગાણાં ગાતા હતાં અને છોકરાના બાપે ધુધકારી મારી ને તેની સાસુનું ગળું તરવારે કરીને કાપી નાંખ્યું ! પછી તે પટેલ બોલ્યો જે ''પાછું વાળી જોને કે બાઈજી તારી કે મારી ?'' મને તો તોરમાં ખબર રહી નથી ! પછી જ્યાં જુવે ત્યાં તો બાઈની માને મારી નાંખી. પછી બાઈ બોલી જે, 'હાય હાય મારા પીટ્યા આ શું કર્યું ?' પટેલ કહે જે, 'બોલીશમાં ''બાઈજી ચડાવવાં હતા ને'' કાંતો તારી બાઈજીને કાંતો મારી બાઈજીને. તે આ તો મારી

બાઈજીને ચડાવ્યાં તેમાં શું બગડી ગયું?' ॥૧૨૪૫॥

એક પટેલ હતો. તેને ચાર દીકરા હતા અને ઘરમાં પટલાણીનું બહુજ ચલણ હતું એમ કરતાં કરતાં પટેલ દેહ મેલી ગયો પણ પટલાણી તો પોતાના પહેલાના રીવાજ પ્રમાણે ઘરનો તમામ કબજો પોતાના હાથમાં રાખતી અને ચારે દીકરાની વહુઓ તેનાથી કંટાળીને ક્લેશ બહુ કર્યા કરતી. પછી મોટે દીકરે કહ્યું જે, 'મા...હવે તમે ઘરનો વહેવાર પડ્યો મેલો અને આ એક લોટની સુંડલી ભરી આપીએ અને આ થાંભળીએ એક ચાકળો નાંખી આપીએ. તે બેઠાં બેઠાં જે લોટીયાં ચપટીયાં આવે તેને લોટ આપો અને નવરાં હો ત્યારે માળા ફેરવવી એમ કરો તો ઘરમાંથી ક્લેશ મટી જાય !' પછી ડોશીયે ઘણાંક દિવસ તે પ્રમાણે કામ કર્યું અને દીકરાની વહુઓ પણ છાશ સિવાય દૂધ કોઈ દિવસ આપતી નહીં. પછી એક દિવસ મોટા દીકરાની વહુને કાંઈક કામ પ્રસંગ આવ્યો તેથી તેણે ડોશીમાને કહ્યું જે, 'બાઈજી ! આજ ભેંશ દોઈ દેશો ?' ડોશી કહે કે, 'કહો તો ભેંશ દોઈ આપું ! કહો તો છાશ કરો છો ત્યારે માંખણની ગોળી સાચવવા બેસું ?'' પછી ડોશીને બોગરણું આપ્યું તે લઈને ભેંશ દોવા ગયાં. પછી ડોશીએ ભેંશ દોહતાં વિચાર કર્યો જે, 'હું દોહીને બોઘરણું આપું એટલી વાર છે ! મને તો છાશ આપશે !' એમ જાણીને એક શેડ્ય બોઘરણામાં નાંખવા મંડી ને એક પોતાના મોઢામાં નાંખવા મંડી ! તેથી આશરે બશેરક દૂધ ઓછું થયું ! તે જોઈ દીકરાની વહુએ વિચાર કર્યો જે, 'આજ દૂધ ઓછું નીકળ્યું તે ભેંશે હાથ ઓળખ્યો હશે ! પણ હશે કાલે વાત !' પછી બીજે દિવસે મોટા દીકરાની વહુએ કહ્યું જે, 'બાઈજી ! ભેંશ દોઈ દ્યો.' બાઈજી ભેંશ દોવા ગયાં !' પછી ચારે દીકરાની વહુ છાનીમાની ઓથ્યે ઉભી રહીને જોવા લાગી એટલે બાઈજીએ પ્રથમની પેઠે ભેંશ દોવા માંડી. જે એક શેડ્ય બોઘરણામાં ને એક શેડ્ય પોતાના મોઢામાં ! એમ ભેંશ દોવી શરૂ કરી ત્યારે વહુવો બોલી જે, 'બાઈજી ! આ શું કરો છો ? એક શેડ્ય મોઢામાં ! અને એક શેડ્ય બોઘરણામાં ? બાઈજી કહે કે, 'હું તો તમારો સાસરો મરી ગયા પછી બેભાન થઈ ગઈ છું ! તે કોણ જાણે બોઘરણામાં શેડ્ય જાય છે કે કોણ જાણે મોઢામાં શેડ્ય જાય છે?' એમ મનુષનો અધિકાર ગયા પછી સર્વ જીવ પ્રાણીમાત્ર બેભાન જેવાં થઈ જાય છે ! પણ જો તેને જ્ઞાની ગુરુ મળે તો સારી સ્થિતિમાં રાખે નિકર દુઃખીયો થાય. ॥૧૨૪૬॥

એક ખેડુ હશે. તે ખેતી કરવા વગડામાં ગયેલો. અને તેની ઘરવાળીને ઘરમાં ચીભડાનું શાક કરવું હતું. તે ચુલે પાટીયામાં વઘાર મેલ્યો પણ દાતરડું હાથ આવે નહીં. પછી મોઢે મોઢે ચીભડાનાં બટકાં કરીને શાક વઘાર્યું અને તેનું ભાત લઈને ખેતર ગઈ ત્યારે તેના ધણીએ પૂછ્યું જે, 'કેમ આજ મોટા ફોડવાનું શાક કર્યું છે ?' ત્યારે બાઈ બોલી જે, 'વઘાર ચુલે મેલ્યો હતો ને દાતરડું હાથ ન આવ્યું તેથી વછડક શાક કર્યું છે !' એમ સત્સંગમાં ન હોય તો આચારવિચારની ખબર ન પડે અને વછડક શાક કરીને ખવરાવે.

॥૧૨૪૭॥

એક ખેડુ હતો. તે અવસ્થા થવાથી વૃદ્ધ થયેલો પણ તેના દીકરાની ઘરવાળી તેને ખાધ્યે પીધ્યે સાચવે નહીં. ડોસો પણ તેનાથી ઘણોક કંટાળી ગયેલો જે, 'ક્યારેક જો રેઢું ઘર મળે તો ખૂબ પેટ ભરીને ખાઉં ! રાંડ કોઈ દિવસ રોટલામાં શાકનો વઘાર તો આપતી નથી.' પછી એક દિવસ દીકરાની વહુએ કહ્યું જે, 'ભાભા ! હું ખેતર ભાત આપવા જાઉં છું તે તમે છોકરાને હીંચોળો ! અને ઘરની ખબર રાખજો.' પછી બાઈ ખેતર ભાત આપવા ગઈ. ત્યારે ડોસો પછવાડેથી ઘર ઉઘાડીને રોટલો મૂકવાનો કોઠો હશે. તેમાં હાથ ઘાલ્યો એટલે તેમાં બાઈએ માથે નાંખવા માટે પાકું તેલ પાડીને વાટ્યકો ભરીને મૂકેલો તે જોતાં જોતાં ડોસાને હાથ આવ્યો. પછી ડોસે વાટકાને બહાર કાઢીને વિચાર કર્યો જે, 'રાંડ ! કોઈ દિવસ શાકનો વઘાર તો આપતી જ નથી અને જોને પોતાના સારુ કેવો આ વઘારનો વાટકો ભરીને મેલ્યો છે ? આજ તો ખરો લાગ આવ્યો છે ! તે રોટલો ચોળીને ખાઈ જાઉં.' પછી તે તેલના વાટકામાં આખો રોટલો ચોળીને ખાઈ ખાઈ ગયો. પછી સાંજે વહુ ભાત આપીને ઘરે આવ્યાં અને માથે નાંખવા સારુ પાકું તેલ મૂક્યું હતું તે ગોતવા માંડ્યું પણ જડ્યું નહીં તેથી ભાભાને પૂછ્યું જે, ભાભા! આ કોઠલામાં ધુપેલ તેલનો વાટકો ભર્યો હતો તે ભાળ્યો ?' ત્યારે ભાભો કહે, 'હા, તેલ હશે કાં કે ? એ તો શાકનો વઘાર હતો તે બંદો તેમાં આખો રોટલો ચોળીને ખાઈ ગયો.' એવી જીવની જાડ્યતા છે જે આ તેલ છે કે ઘી છે. ॥૧૨૪૮॥

એક ખેડુ પોતાને ખેતર ખેતી કરવા ગયેલો અને તેની ઘરવાળી તેના સારુ ભાત લઈને ચાલી. તે વખતે તેને એક મહીના દિવસની વાછડી હશે તેણે મળ કર્યો. તે તેણે ટોપલામાં લઈ લીધો અને ટોપલામાં ભાતનો રોટલો મેલ્યો. પછી ખેતર ભાત લઈને ગઈ. તે વખતે કણબી ઘઉંનું પાણી વાળતો હતો. તેથી બાઈએ કહ્યું જે, 'આ ટોપલામાં ભાત છે તે તમે ખાઓ. ત્યાં સુધી હું પાણી વાળું.' પછી બાઈ પાણી વાળવા મંડી અને પટેલ રોટલો ખાવા બેઠા અને હાથમાં રોટલો લીધો અને ટોપલીમાં વાછડાનો પોદળ દીઠો તે જોઈ પટેલ બોલ્યો જે, 'ઓય રાંડ ! આજ તો ઘણે દહાડે બડઘલીની ભાજી કરીને લાવી છે !' એમ કહીને રોટલાના બટકાં ઉપર ચડાવીને મોઢામાં મેલ્યું એટલે મોળું લાગ્યું. પછી પોતાના મનમાં બોલ્યો જે, 'રાંડે ઘણે દહાડે ભાજી કરી પણ મીઠું નાંખવું ભૂલી ગઈ છે.' એમ કહેતાં કહેતાં આખો રોટલો અને વાછડીનું છાણ બધું ખાઈ ગયો. પછી પાણી પીઈને તેની ઘરવાળી પાસે જઈને ઠપકો દેવા લાગ્યો જે, 'રાંડ! ઘણે દહાડે બડઘલીની ભાજી કરી અને તેમાં મીઠું નાંખવા ભૂલી ગઈ ?' બાઈ કહે કે, 'ક્યાં ભાજી હતી ?' પટેલ કહે, 'ટોપલામાં નીચે રોટલા હેઠે હતીને ?' બાઈ કહે એ, 'તો વાછડીનો

પોદળ હતો. તે હું પાદર આવીને નાંખી દેતાં ભૂલી ગઈ હતી.' પટેલ કહે, 'એ તો હું રોટલા સાથે ખાઈ ગયો.' અને જે થયું તે થયું એમ કહીને પોતાના મનમાં સમજી રહ્યો આ જીવને આવી જાડ્યતા છે. ॥૧૨૪૯॥

એક કણબી હરિભક્ત હતો. તેણે પોતાની સ્ત્રીને કહ્યું જે, 'મારે મંદિર જાવું છે તે જો વાળુ તૈયાર હોય તો લાવ્ય. વાળુ કરતો જાઉં તો ઠીક !' બાઈ કહે કે, 'કઢી કરી છે ઉભરો આવ્યો છે અને ઘડીક બેસો તો બીજો ઉભરો આવે ! એટલે તમને વાળુ કરવા બેસારું !' તે સાંભળીને પટેલને રીસ ચડી જે, 'અરરરર ! ક્યારેય રાંડે હા તો પાડી જ નહીં !' એમ કહીને કઢીનો પાટીયો પોતાને લુગડે ઝાલીને બાઈના માથામાં ફોડ્યો. અને બાઈ દાઝીને મૃત્યુને પામી ! અને પછી પોતે પોતાના બે દીકરા લઈને સાધુ થયા. માટે ક્રોધ કરવો તો તેનું પરિણામ તપાસીને કરવો જે આમાંથી શું પરિણામ આવશે. ॥૧૨૫૦॥

એક માણસ હતો. તે સંત પાસે બેસવા ગયો. સંતનો સ્વભાવ એવો છે કે, 'સંસારનો નિષેધ કરીને તેને ખોટો કરી દેખાડે ને સગા સંબંધીને પણ ખોટાં છે એમ સમજાવે.' પછી તે માણસે કહ્યું જે, 'મહારાજ ! તમે કહો છો તે સત્ય છે ! પણ મારા ઘરનાં માણસને મારી સાથે એવો સ્નેહ છે કે મને જમાડ્યા વિના જમે નહીં ! પાણી પાયા વિના પોતે પાણી પણ પીવે નહીં ! અને ખરેખરી પતિવ્રતા છે !' પછી સંતે કહ્યું જે, 'ભાઈ ! તારે તેની પરીક્ષા કરવી હોય તો તું ઘરના ઉંમરામાં જઈને આંખ્યો ચડાવી જા અને મોઢે ફીણ લાવી દે ! પછી તું તમાસો જોજે !' પછી તે માણસ સંધ્યા વખતે ઘરે જઈને ઘરના ઉંમરા વચ્ચે ફંદ કરીને લાંબો થઈને સુતો અને મોઢામાં ફીણ ફહ ફહ કરતાં ચાલ્યાં જવા લાગ્યાં. તે જોઈને બાઈ તેની પાસે આવીને જોવા લાગી જે, 'અચાનક આ શું થઈ ગયું ?' પછી બાઈએ વિચાર કર્યો જે, 'હું મરણપોક પાડીશ તો ભૂખી રહીશ ! માટે લેને દહીંને ધાન ખાઈ લઉં ! અને પછી મરણપોક પાડું !' પછી બાઈએ કોઠો ઉઘાડીને દહીંનું ગોરસ કાઢીને સારી પેઠે દહીંને ધાન ખાધું અને ઘઉંના લોટમાં ઘી ગોળ નાંખીને કુલેરના મોટા મોટા લાડવા કર્યા અને તેની માટલી ભરીને કોઠલામાં મેલી. પછી બાઈએ વિચાર કર્યો જે, 'જો હું દિવસે ખાઈશ તો માણસ કહેશે જે રાંડને ઘઘરસકો કે શોક નથી માટે તેર દિવસ સુધી અંધારે અંધારે ખાઈ લેશું !' પછી આ બધી હકીકત તેનો ધણી પડ્યો પડ્યો જોઈ રહ્યો હતો ! પછી તે બાઈએ આવીને પોતાના પતિનું માથું પોતાના ખોળામાં મેલ્યું અને બોલી જે સાખી—

*"સ્વર્ગ મટામટ ચાલીયાં કાંઈક કેતડા જાઓજી"*

ત્યારે પેલો માણસ બોલ્યો જે ("દહીં ફદાફદ મારીયાં અને હવે કોઠલામાં હોય તે ખાઓજી") પછી તે બાઈ ઘણું જ શરમાઈ ગઈ ! અને તે પુરુષના મનમાં એમ થયું જે,

'સંત કહે છે તેવો જ સંસાર તો કેવળ સ્વાર્થની જ બાજી છે. એમ સમજીને પોતે પોતાની મેળે વૈરાગ્યનો વેશ લઈ કુટુંબનો ત્યાગ કરીને ચાલી નીકળ્યો. ॥૧૨૫૧॥

એક ગરાસીયો હશે તે સંત પાસે બેસવા ગયો. તેને સંતે સંસારના નિષેધની વાતો કરીને સંસારનું અસારપણું કહી દેખાડ્યું અને માતા પિતા તથા સ્ત્રી છોકરાંઓ સ્વાર્થી છે એમ કેટલાક શબ્દ કહ્યા પણ તે વાત તેને ગળે ઊતરી નહીં અને છેવટ જતાં તેણે કહ્યું જે, 'મહારાજ ! મારા ઘરનું મનુષ્ય તો ખરેખરું પતિવ્રતા છે તે જો હું દેહ મેલું તો તે પોતાનો દેહ રાખે નહીં એવી છે.' પછી સંતે કહ્યું જે, 'આજ તું જઈને તેની પરીક્ષા લે.' પછી તે ઘરે જઈને ઈંધ મુંધ થઈને પડ્યો. અને મોઢામાં ફીણ પણ આવી ગયાં. તે દિવસે તેણે જારનો ઠુંમરો રાંધ્યો હતો. પછી બાઈએ જ્યાં આવીને જોયું ત્યાં તો પોતાનો પતિ મૃત્યુ પામેલો માલુમ પડ્યો અને વિચાર કર્યો જે, 'આને કાંઈક ચોઘડીયું ફરી ગયું છે ! અને આજ જુવારનો ઠુંમરો રાંધ્યો છે તે લેને હું ખાઈ લઉં ! પછી મરણપોક પાડું !' પછી બાઈ ઠુમરોને દહીં ખુબ ખાઈને ધણી પાસે આવી ! અને વિચાર કર્યો જે, 'આના મોઢામાં દાંતમાં સોનાની રેખું છે તે લેને કાઢી લઉં. ' એમ જાણીને પાશેરનો એક પાણો હાથમાં લઈને પોતાના પતિનું મોઢું પહોળું કરીને દાંત પાડવા માંડી. ત્યાં તો તે પુરુષ બોલ્યો જે સાખી–

*''સકળ વંતીનાર તને સત ચડ્યું અપાર તું દહીંને ઠુમરો જાર્ય પણ મારા જીવતાં દાંત કાં પાડ્ય''*

તે સાંભળી તે બાઈ ઘણી જ લજવાઈ ગઈ ! અને તે પુરુષને પછી નક્કી થયું જે, 'સંતે કહ્યું છે તે વાત ખરી છે !' એમ જાણીને પોતે કુટુંબનો ત્યાગ કરીને સંસાર છોડીને વૈરાગ્ય લઈને ચાલી નીકળ્યા. ॥૧૨૫૨॥

એક ગામમાં એક સાધુ હતો. તે વાડીયે નહાવા ગયો હતો. અને તેને એવો નિયમ હતો જે, 'ભીને લુગડે પાંચ માળા ફેરવવી.' પછી તે નહાઈ રહ્યો ત્યારે તેની માળા ઉતારે પડી રહેલી તેથી તેણે કોશીયાને કહ્યું જે, 'ભાઈ ! મારે ઉતારે હું માળા ભૂલી ગયો છું તે લાવી દેને !' કોશીયો કહે કે, 'એવો નિયમવાળો હોય તો હારે લાવવી હતી ને શા માટે ભૂલી ગયો ?' પછી તેણે ઘઉંની વાડીયુંમાંથી બે ડુંડીયું લઈને તેમાંથી એકસોને આઠ દાણા કાઢ્યા અને તેની માળા કરીને પાંચ માળા ફેરવી અને પાંચ દાણા વધ્યા હશે તે પોતાના મોઢામાં નાંખ્યા. પછી તે મરી ગયો ત્યારે તે કણબીના ઘરનો વાછડો થયો પછી તે વાછડો મહિના પંદર દિવસનો થયો અને પટલાણીને એક વખત વાડીયે ભાત આપવા જવું હતું તેથી પોતાની હેતવાળી બાઈ હશે તેને બોલાવીને કહ્યું જે, 'આ મારા વાછડાને ખડ નીરજે અને પાણી પાજે કારણ મારે ભાતનું મોડું થયું છે.' પછી તે બાઈ વાછડાને જ્યારે પાણી

પાવા ગઈ એટલે ઓસરીમાં તલનો મોટો ઢગલો ભાળ્યો તેથી તેમાં તે બાઈનું મન લોભાણું. પછી તે વાછડાને પાણી પાઈને તથા ખડ નીરીને તલનો ટોપલો ભરવા લાગી એટલે વાછડો બોલ્યો જે, 'માં.... ! 'પછી વળી બાઈએ ફરી વાછડાને ખડ નીર્યું અને પાણી પાયું અને તલનો ટોપલો ભરીને જ્યાં ચાલી ત્યાં તો વાછડો તોડાવીને આડો ફર્યો અને ઉભો રહ્યો ને એમ બોલ્યો જે, 'રાંડ! અભાગણી ! સાંભળ્ય મેં આને પુછ્યા વિના તેના ઘઉંના પાંચ દાણા ખાધા છે. તેથી હું તેના ઘરનો વાછડો થયો છું. તેથી તેની વાડીના બે પાંણ પાઈશ ત્યારે મારો છૂટકો થાશે. અને તું તો આ તલનો ટોપલો ભરીને ચાલી તે તારી શી દશા થાશે ?' પછી બાઈ તલનો ટોપલો પાછો મૂકીને પોતાને ઘરે ગઈ અને સાંજે પટલાણી ઘરે આવ્યાં ત્યારે તેની આગળ પછવાડેથી બનેલી બધી વાત કહી જે, 'તલનો ઢગલો ભાળીને મારું મન લોભાણું હતું પણ આ તમારો વાછડો તોડાવીને આડો ફરીને એમ બોલ્યો જે મેં એને પુછ્યા વિના તેના પાંચ ઘઉંના દાણા ખાધા છે તે બે વાડીના પીત પાઈશ ત્યારે મારો છૂટકો થાશે.' પછી સાંજે પટેલ ઘરે આવ્યા ત્યારે પટલાણીએ વાત કરી જે, 'આ વાછડો તો આપણો કોઈક દેણીયાત આવ્યો છે.' માટે બ્રાહ્મણને બોલાવીને તેનો છૂટકો થાય તેમ કરો.' પછી પટેલે સવારમાં બ્રાહ્મણને બોલાવ્યો અને વેદવિધિથી તેનું જે માગણું હતું તે કૃષ્ણાર્પણ કરાવ્યું એટલે વાછડો ઊભો હતો તે ધબ લઈને પડી ગયો અને દેહ ત્યાગ કરીને પરલોકમાં ગયો. ॥૧૨૫૩॥

એક મહાત્મા સંત હતા. તે રસ્તામાં ચાલ્યા જતા હતા. ત્યાં ચાર ખેડુ ખેતીનું કામ કરતા હતા અને સાથે તેનો બાપ પણ કોદાળી લઈને ખેતરમાંથી જાળાં ખોદી કાઢતો. પછી બપોરે સાંતી છોડીને સૌ રોટલા જમવા બેઠા અને સંતરામ ઉપદેશ કરવા લાગ્યા અને આ જગતનું મિથ્યાપણું જણાવવા લાગ્યા. તે સાંભળી ડોસો બોલ્યો જે, 'મહારાજ! ! તમારે આહીંયાં કાંઈ લાંબી ટુંકી વાત કરવી નહીં ! અને મારા છોકરા ખોટી થાય છે.' એમ કહીને ડોસે સંતને કહ્યું જે, 'મહારાજ ! આહીંથી ચાલવા માંડો.' તો પણ સંતે કેટલીક જ્ઞાન ને ઉપદેશની વાતો કરી પણ ડોસે તો તે છોકરાને સાંતી જોડાવીને ઉદ્યમે વળગાડ્યા. ત્યાં તો એક કુંભાર રસ્તેથી આવી ચડ્યો અને સાધુની વાત સાંભળીને તેને વૈરાગ્યની ચટકી લાગી અને તેણે કહ્યું જે, 'મહારાજ ! કણબીનાં છોકરાં ભલે ન આવે પણ હું ઘરે જઈને આ ગધાડીને ખોલકો ને લુગડું મેલી આવું અને તરત તમારી સાથે આવીશ.' કુંભાર ઘરે જવા માટે રસ્તે પડ્યો અને કણબી સૌ ખેતીનું કામ કરવા લાગ્યા. તે વખતે મહાત્મા ઊઠીને એક બાવળીયાનું ઝાડ હતું. તેને બાથ લઈને બૂમ પાડવા લાગ્યો જે, ધોડો, ધોડો, મને બાવળીયે ઝાલી રાખ્યો છે !' તે સાંભળીને ચારે ખેડુ તથા તેનો ડોસો એ પાંચે દોડ્યા આવ્યા અને મહાત્માના હાથ બાવળીયેથી છૂટા કર્યા. પછી કણબી બોલ્યા

જે, 'મહારાજ ! તમને ક્યાં બાવલીયે ઝાલ્યા હતા કે તમે બાવળીયાને ઝાલ્યો હતો ?' તે સાંભળીને સંત બોલ્યા જે, 'તમને ક્યાં વહેવારે ઝાલી રાખ્યા છે ? તમે વહેવારને વળગી રહ્યા છો ! હું જેમ આ બાવળીયાથી છુટો પડ્યો તેમ તમે વહેવારથી છુટા પડો તો પડાય !' એમ કહી એ મહાત્મા તો ત્યાંથી ચાલી નીકળ્યા. ॥૧૨૫૫॥

અને કુંભાર ત્યાંથી ઘરે ગયો અને ઘરવાળીને કહ્યું જે, 'ઝટ કર્ય. મને રોટલો દે. મારે ઘરમાં રહેવું નથી ! સંસાર હરામ કરવો છે !' ઘરવાળી કહે, 'પીટ્યા ! કહે તો ખરો, શી ઉતાવળ છે ?' કુંભાર કહે કે, 'મારે સંસારમાં રહેવું નથી અને સાધુ થઈને ચાલ્યા જવું છે !' કુંભારણ કહે, 'ભલે ઘોળ્યો જા ! લે, આ રોટલો.' કુંભાર ઝોળીમાં રોટલો લઈને પોતાની ખડકી બહાર નીસર્યો. ત્યાં પોતાને વિચાર થયો જે, 'હું તો જાઈશ અને ગધાડીનો ખોલકો નાનો છે અને ઘરવાળી તો કામમાં રોકાશે અને ખોલકો કોઈકના ખેતરમાં પડશે તો એને ત્યાં કોઈક મારશે તો મરી જાશે માટે લાવ્યને સાથે લેતો જાઉં !' પછી ઘરે આવ્યો ત્યારે તેની ઘરવાળી બોલી જે, 'કેમ પાછા આવ્યા ?' કુંભાર કહે કે, 'ખોલકો નાનો છે. તે તારાથી સચવાશે નહીં માટે લાવ્ય હું સાથે લેતો જાઉં.' કુંભારને કહે, 'આ રહ્યો લેતો જાને પીટ્યા !' પછી તે કુંભાર ખોલકો લઈને ગામને ઝાંપે ગયો અને ગામને પાદર જતાં ગામનો કોઈક મોટો પટેલ હશે. તેણે પોતાની કડબની મોટી ગંજી ઉખાળેલી તેનો કુચાનો મોટો ઢગલો ભાળ્યો. તે જોઈને તેના મનમાં એમ થયું જે, 'રાંડ ! ઘરમાં ને ઘરમાં બેસી રહેશે અને આ બે નિભાડા પકવાય તેટલો કુચો પડ્યો છે તે બીજા કુંભાર લઈ જાશે માટે લેને ઘરે કહી આવું.' વળી ખોલકો દોરીને ઝાંપેથી ઘરે આવ્યો. ત્યારે કુંભારણ બોલી જે, 'કેમ, પાછા ઘરે આવ્યા ?' કુંભાર બોલ્યો જે, 'તને કહેવા આવ્યો છું જે, 'પટેલે ગંજી ઉખેળી છે તેનો બે નીભાડા પકવાય તેટલો કુચો પડ્યો છે માટે તે તું લેવા જાજે.' કુંભારણ કહે, 'મર્ય પીટ્યા ! ખોલકા સારુ પાછો આવ્યો. કુચા સારુ પાછો આવ્યો. માટે ઘરે જ મર્ય !' પછી તે ઘરે જ રહ્યો તેમ આ જીવ તુચ્છ વિષ્યમાં બંધાઈને પ્રભુ ભજવાનું ભૂલી જાય અને પોતાના મોક્ષનું સાધન બગાડે. ॥૧૨૫૫॥

એક કુંભાર હતો. તેની સ્ત્રી સાથે તેને ઘરમાં કજીયો થયો. પછી તે રીસાઈને ચાલી નીકળ્યો. તે ગામને પાદર ગયો પણ કોઈ પાછો વાળવા ન આવ્યું ! પછી ગામને પાદર તેનાં ગધાડાં ચરતાં હતાં. તેમાં એક ધોળી ગધાડી હતી તેની ડોકમાં ફાળીયું નાંખીને તેને દોરીને ઘરે આવ્યો અને ફળીયા વચ્ચે ગધાડીને ઉભી રાખીને પોતાની સ્ત્રી પ્રત્યે બોલ્યો જે, 'રાંડ ! જો ને જેટલો આ ધોળીને મારો ખપ છે તેટલો તારે ખપ છે ? જોને મને પાદરથી પાછો ઢરડીને અહીં લાવી. માટે કલેશથી રીસાવું તો કુંભારના જેવું કરવું નહીં પછી તો અઠે દ્વારકા કરવું. ॥૧૨૫૬॥

એક કુંભાર હતો. તેને દીકરો નહોતો પછી તેણે પોતાની ગધાડીના ખોલકાનું નામ મોતીયો પાડ્યું હતું અને તે કુંભાર નિરંતર નિશાળના માસ્તરનું પાણી ભરવા જતો અને માસ્તરના નિશાળિયા કેટલાક ઠોઠ હતા. તેને પોતે રીસ ચડાવીને કહેતો જે, 'અરર ! ફલાણા ગામનાં છોકરાં ગધાડા જેવાં હતાં તે મેં માણસ જેવાં કર્યા ! અને આ તો ગધાડાં જેવાં રહ્યાં.' એમ નિરંતર છોકરાઓને કહેતો. તે સાંભળીને કુંભારના મનમાં એમ થયું જે, 'માસ્તર મારા મોતીયાને ભણાવે તો હું નિશાળે લાવું. માટે લેને હું માસ્તરને પૂછી જોઉં !' પછી માસ્તરને કહ્યું જે, 'માસ્તર ! મારા મોતીયાને તમે ભણાવશો ?' માસ્તર કહે, 'હા, લાવ્યને ભણાવીશ.' માસ્તર જાણે જે, 'છોકરાનું નામ મોતીયો હશે !' પછી માસ્તરે કહ્યું જે, 'છોકરાને ઈકોતરી બોલવા મોકલું !' કુંભાર કહે, 'એમાં હું કાંઈ સમજું નહીં ! તમે કહો તેમ કરીને લાવું !' માસ્તર કહે, 'કપાળમાં કંકુનો ચાંદલો કરજે અને હાથમાં એક નાળીયેર આપજે.' પછી કુંભારે ખોળકાના કપાળમાં એક કંકુનો ચાંદલો કર્યો ને એક ગરણામાં નાળીયેર બાંધીને ખોલકાની ડોકમાં બાંધ્યું અને દોરીને નિશાળે લાવ્યો અને નિશાળને બારણે ઉભો રહીને બોલ્યો જે, 'માસ્તર ! માસ્તર ! આ મારા મોતીયાને ક્યાં બાંધું ?' માસ્તરે બહાર આવીને જોયું ત્યાં તો ખોલકો દીઠો. માસ્તરે જાણ્યું જે, 'કુંભારે માળે મારી મશ્કરી કરી ! માસ્તરે કહ્યું જે, 'બાંધ્ય આ થાંભલીયે !' કુંભાર કહે કે, 'હું ક્યારે આવું ?' માસ્તર કહે કે, 'છ મહિને આવજે !' અને જો છ મહિના મોર્ય આવ્યો તો આ હંગલો કરીને તારી સાથે ચાલી નીકળશે અને ભણતરે કાચો રેશે માટે છ મહિના મોર્ય ડોકાઈશ નહીં અને છ મહિના પછી આવીશ તો ડીફા જેવો થઈને કોરટમા લખવા બેસી જશે.' પછી માસ્તરે કોઈકને બોલાવીને કહ્યું જે,' આને બે ચાર ગાઉ જઈને મેલી આવ્ય.' પછી તે માણસ ખોલકાને બે ચાર ગાઉ દૂર મેલી આવ્યો. ખોલકો તો બીચારો વગડામાં રઝળી રઝળીને મરણ પામ્યો. કુંભાર ઘરે જઈને હમેશાં ગેરુના ચાંદલા કરવા લાગ્યો. ત્રીસ ચાંદલા થાય ત્યારે એક મહિનો થાય એમ કરતાં છ મહિના ઉપર પાંચ દસ દિવસ થઈ ગયા. પછી કુંભારે નિશાળે જઈને માસ્તરને કહ્યું જે, 'માસ્તર ! મારો મોતીયો ક્યાં ?' માસ્તર કહે, 'કે મર્ય મૂરખા ! છ મહિના ઉપર દસ દિવસ થઈ ગયા માટે તે તો ડીફા જેવો થઈને કોરટમાં લખવા બેસી ગયો છે. કુંભાર પછી માસ્તરને કહેવા લાગ્યો જે, 'મેં તો તમને માણસ કરવા સોંપ્યો હતો કે કોરટમાં મોકલવા સોંપ્યો હતો ?' માસ્તર કહે કે, 'એ રહ્યો કોરટમાં જો જાને !' કુંભાર કહે, 'હું શી રીતે ઓળખું?' માસ્તર કહે, 'તું એને કાંઈ આપતો ?' કુંભાર કહે, 'હા, નાનો હતો ત્યારે મઠ આપતો.' માસ્તર કહે કે, 'હાથમા મોરી લઈને અને મઠનું ગુંજાું ભરીને કોરટમાં જા અને ઓથ્યે ઉભો રહીને ગુંજાને થપાટું મારજે એટલે મઠનો હેવાયો હશે તો તરત તારી પાસે આવશે.' પછી કુંભાર તે માસ્તરના કહેવા  પ્રમાણે મઠનું ગુંજાું ભરીને અને હાથમાં મોરી લઈને

કોરટમાં ગયો. દિવસનો એક વાગ્યો હતો એટલે સૌ રોટલા જમવા ગયા હતા અને એક કારકુન કાન ઉપર કલમ ચડાવીને ઓસરીમા આંટા મારતો હતો. પછી કુંભાર ત્યાં કોરટમાં વંડીની ઓથે જઈને ઉભો રહ્યો અને હાથે કરીને ગુંજાું ખખડાવીને તે દોતીયાને બોલાવ્યો. દોતીયે જાણ્યું જે, 'કુંભારનું ગધાડું કોઈકના ખેતરમાં પડ્યું હશે તેટલા માટે તે આંહીંયાં આવેલ હશે અને તે ગધાડાને ડબામાં પુરેલું હશે માટે એક ચિઠ્ઠી લખી આપું અને પાણ પાયલું લઈ લઉં એમ ધારી કુંભાર પાસે ધીરે ધીરે લંપાતો લંપાતો આવ્યો. તેથી કુંભારે જાણ્યું જે, 'આજ મારો મોતીયો અને દોતીયો નજીક આવીને બોલ્યો જે, 'કેમ છે પાંચીયા ?' એમ જ્યાં કહ્યું ત્યાં તો કુંભારે પોતાના હાથમાં મોરી હતી તે દોતીયાની ડોકમાં નાંખી અને બાવડે ઝાલીને પોતાની આગળ કર્યો. તે શોર બકોર સાંભળીને સૌ લોક ભેગાં થઈ ગયાં અને અરસ પરસ એક બીજાને પૂછવા લાગ્યાં જે, 'એલ્યા આ શું છે શું ?' કુંભાર કહે કે, 'આ મારો માતીયો ! મઠનો હેવાયો !' સૌ કહેવા લાગ્યાં જે, 'તારો મોતીયો હોય નહીં. આ તો ફલાણાનો દીકરો છે.' કુંભાર કહે, 'ના, એ નાનો હતો ત્યારે હું એને મઠ ખવરાવતો. તે મઠનો હેવાયો છે તે મઠ દેખાડ્યા એટલે તરત દોડ્યો આવ્યો.' એ તો દૃષ્ટાંત પણ એનું સિદ્ધાંત એ છે જે, 'જગતના જીવ પંચવિષયના હેવાયા છે તે લાજ ખુવે, આબરૂ ખુવે ને દંડ ભરે તો પણ તે મારગે ચાલ્યા વિના રહે નહીં. માટે અવળા સ્વભાવનો ત્યાગ કરીને સત્ મારગે ચાલવું.' ॥૧૨૫૭॥

એક કુંભારને દીકરો નહોતો પછી તેણે ગધાડાના ખોલકાનું નામ રોડોજી પાડ્યું હતું. પછી તે ખોલકો કોઈકના ખેતરમાં મોલ ખાવા ગયો હશે તેથી ખેડુએ ગોફણમાં ઘાલીને પથ્થરનો ઘા કર્યો. તે વાગવાથી મૃત્યુ પામ્યો. પછી બે ચાર દિવસ થયા એટલે કુંભારે તેના સુંવાળા ઉતાર્યા અને કુંભાર નિત્ય અમલદારનું પાણી ભરવા દરબારી ઉતારામાં જતો હતો. તેણે મુછો મુંડાવેલી જોઈ અમલદારે પુછયું જે, ' જેરામા ! કેમ મુછો મુંડાવી ?' જેરામે કહ્યું જે, 'સાહેબ ! રોડોજી પડ્યા.' અમલદારે જાણ્યું જે, 'રોડોજી કોઈક મોટો રાજાનો માનીતો માણસ હશે તેથી કુંભારે મુંડાવ્યું છે તો આપણે પણ મુંડાવવું જોઈએ.' એમ જાણીને તેણે અને તમામ અમલદારોને મુછો મુંડાવી. તે વાતની ગામના પટેલને ખબર પડી એટલે પટેલે પણ મુછો મુંડાવી અને પટેલની પાછળ બીજા દસ વીસ માણસોએ રોડાજીનું સુંવાળું ઉતરાવ્યું. પછી સૌએ મળીને વિચાર કર્યો જે, 'આપણે સૌએ મળીને રાજદરબારમાં રોડાજીનો ખરખરો કરવા માટે જઈએ'. પછી પચીસ પચાસ મનુષ્ય ભેળું થઈને જ્યાં પોતાનો રાજદરબાર હતો ત્યાં હજુર પાસે ખરખરે ગયા અને દરબાર પાસે બેસીને અમલદાર, મહાજન અને ગામના માણસો ખરખરો કરીને દિલગીરી કરવા લાગ્યા અને કહ્યું જે, 'સાહેબ! રોડોજી બહુ સારા હતા. બહુ બુદ્ધિશાળી હતા. અમારે સૌને પૂછવાનું ઠેકાણું હતું.' વિગેરે ઘણાક દિલગીરી ભરેલા શબ્દો કહ્યા તે સાંભળીને

દરબાર બોલ્યા જે, 'રોડોજી કોણ ?' પછી અમલદારે પટેલ સામું જોયું અને પટેલે કુંભાર સામું જોયું અને કુંભારને પુછયું જે, 'જેરામા ! રોડોજી કોણ ?' જેરામો કહે, 'સાહેબ ! મારે દીકરો નહોતો અને મારી ગધાડીને ખોલકો હતો તેનું નામ મેં રોડોજી પાડ્યું હતું. તે મરી ગયો.' તે સાંભળીને સૌ ઘણાં શરમાઈ ગયા. તેમ આ જગત આંધળી ભીંત જેવું છે તે જેમ ગાડર એક ખાડામાં ઉતરે તો બધાંય તેની પાછળ ચાલ્યા કરે તેમ નહીં કરતાં વિવેકી પુરુષોએ વિચાર કરીને ક્રિયા કરવી અને ખરી વાતનો તપાસ કરીને તે પ્રમાણે વર્તવું. ॥૧૨૫૮॥

એક ભરવાડ એક ગામમાં રહેતો હતો. તેને ઘરે તેનાં છોકરાનાં લગ્ન લઈને બ્રાહ્મણ આવ્યો. પછી તેણે પોતાના ભત્રીજાને સાદ કરીને બોલાવ્યો જે, 'એ...વાહા હે સીંધોર લાવ્ય. સીંધોર.' ત્યારે તે વાહો બોલ્યો જે, 'કાકા ! સીંધોરને શું કરવો છે ?' ત્યારે તેણે કહ્યું જે, 'આ બ્રાહ્મણ લગ્ન લઈને આવ્યો છે માટે લગ્ન વધાવવું છે.' ત્યારે તેનો ભત્રીજો બોલ્યો જે, 'કાકા ! સીંધોર ન જોઈએ ! એ તો કંકુ જોઈએ કંકુ !' ત્યારે તે ભરવાડ બોલ્યો જે, 'કંકુ તો તારી કાકીનું નામ છે તે મારાથી કેમ બોલાય ?' એમ કહીને પોતે કંકુનું નામ તો લીધું પણ પોતાના જાણવામાં આવ્યું નહીં. ॥૧૨૫૯॥

એક ગામમાં આલો કરીને ભરવાડ રહેતો હતો. તેને બધું ગામ આલોભાઈ કહીને બોલાવતું. પછી તે એક દિવસ બકરા દોવા બેઠો. ત્યારે તેની ઘરવાળીએ આવીને કહ્યું જે, 'આલીયો બોકડો, આલીયો બોઘરણું,' તે સાંભળીને તે ભરવાડ બોલ્યો જે, 'રાંડ ! અભાગણી ! આખું ગામ મને આલોભાઈ આલોભાઈ કહે છે અને તું આલીયો આલીયો કહે છે. માટે ખબડદાર ! ક્યારેય પણ મને આલાભાઈ વગર બોલાવ્યો છે તો તારી વાત છે ? માટે જ્યારે મને બોલાવ્ય ત્યારે મને આલોભાઈ કહીને બોલાવજે !' ભરવાડ જાતની આવી જાડી બુદ્ધિ છે. તે પોતાની ઘરવાળીને પણ ભાઈ કહીને બોલાવવાની ફરજ પાડી. ॥૧૨૬૦॥

શ્રીજીમહારાજ વડતાલથી ગઢપુર પધારતા હતા અને ભેગા કાઠીના સ્વાર પણ હતા. અને રસ્તામાં એક ભરવાડ બકરાં ચારતો હતો. પછી મહારાજની સાથે જોધો ભરવાડ હતો અને મહારાજે પેલા ભરવાડને કહ્યું જે, 'અમારે વછેરાને દૂધ પાવા સારુ બે ચાર બકરીઓ વેચાતી લેવી છે.' ત્યારે ભરવાડ કહે, 'હા, મહારાજ ! તમારે જોઈએ તેવી ગોતી આપું.' પછી મહારાજે જોધા ભરવાડને કહ્યું જે, 'જા, આમાંથી ચાર સારામાં સારી બકરીયું ગોતી લાવ્ય.' પછી જોધો ઘોડેથી હેઠો ઉતરીને બકરાંના ટોળામાં ગયો અને સારામાં સારી ચાર બકરીઓ ગોતીને બહાર લાવ્યો. તે જોઈ બકરાનો ધણી ભરવાડ બોલ્યો જે, 'મહારાજ ! સોનાની મુઠવાળી તરવારવાળો અને ઉજળાં લુગડાં પહેર્યાં છે

પણ તે અમારી નાતનો જણાય છે ! કેમકે અમારી નાત વિના આવું ડહાપણ હોય નહીં !' મહારાજ કહે, 'તમારી નાત્યમાં બહુ ડહાપણ હોય ? ભરવાડ કહે, 'હા, મહારાજ ! સો નાગર ભેગા કરો પણ તેમાં અમારા જેવું ડહાપણ નહીં ! મહારાજ કહે કે જુઓને પોતાની જાતિનું કેવું અભિમાન છે ? ॥૧૨૬૧॥

એક ભરવાડે પોતાના દીકરાની જાન જોડી પણ તેની ઘરવાળી ઘરકામમાંથી પરવારી નહોતી અને જાન પાદર જઈને ઉભી રહી. ત્યારે બાઈનો પતિ બોલ્યો જે, 'એ...ઘરમાં શું ફાંદા ફુદી કરે છે ? વર તો મહાણે પોગ્યો મહાણે !' એમ કહીને પોતાની ઘરવાળીને બોલાવી લીધી. ॥૧૨૬૨॥

મુળો કરીને એક ભરવાડ હતો તેનાં લગ્ન કર્યાં હતાં. પછી તેની જાન તેના સસરાને ગામ ગઈ અને જ્યારે ચોરીએ ચડવું હતું ત્યારે ગોરે કહ્યું જે, 'મુળો ક્યાં ગયો મુળો ? ચોરીએ ચડાવવો છે.' મુળો જાણે જે, 'ગોર ચડાવશે તેના કરતાં હું મારે હાથે જ ચડું ને !' એમ જાણીને ચોરીના છોડવા ઝાલીને જ્યાં ચડવા જાય ત્યાં ચોરીના છોડનાં માટીનાં વાસણ ભાંગીને હેઠાં પડે. એમ ચારે છોડવાનાં વાસણ ભાંગીને માંડવા ઉપર ચડીને અધર જઈને બેઠો. પછી ગોરે બૂમ પાડી જે, 'મુળો ક્યાં ગયો મુળો ? ચોરીએ ચડાવવો છે.' મુળો કહે, ''આ બંદો ઉંચો સડીને બેઠો. હું તો મારી ઝોકમાં વડલો છે ત્યાં સડી જાઉં છું તો વળી મને બીજો કોણ સોરીએ સડાવશે ?' એવા ડાહ્યા હતાં તો પણ ભાગવતમાં તેનાં નામ લખાઈ ગયાં અને શ્રીકૃષ્ણ ભગવાનને મન, કર્મ અને વચને કરીને રાજી કર્યા. ॥૧૨૬૩॥

એક ગામમાં એક બાવો ચારણના નેહમાં રહેતો હતો અને ચારણના વિવાહ બહુ જ ચાલ્યા. પછી બાવાને પણ વિચાર થયો જે, 'આપણે પણ વિવાહ કર્યો હોય તો ઠીક.' પછી બાવે ચારણોને વાત કરી જે, 'તમારા સૌના વિવાહ થયા અને મારા નહીં ?' ચારણ કહે, 'બહુ સારુ. તમને ફુલેકે ચડાવીએ ને વિવાહ કરીએ.' પછી બાવાજીને સારાં લુગડાં પહેરાવ્યાં અને એક પાડા ઉપર બેસાર્યો અને બાવાના બે પગ સામસામા પાડાના પેટ સાથે બાંધી દીધા. પછી એક બીજો પાડો જેની સાથે આ પાડાનું વેર હતું તેને આ પાડાની પાછળ કર્યો. તે બાવાનો પાડો આગળ અને બીજો પાડો પાછળ એમ દોડતાં દોડતાં બાવો ખસીને પાડાનાં ચાર પગ વચ્ચે આવી ગયો અને પગમાં અથડાવા લાગ્યો અને ચારણ્યો બાવાની પાછળ ગીત ગાવા લાગીઉં જે–

*એક છે ને બીજી થાશે બાવલીયો કેંગાં જાશે,*
*નવા નવલી થાશે બાવલીયો કેંગાં જાશે,*
*જોયા જેવી થાશે બાવલીયો કેંગાં જાશે !*

એમ ગાણાં ગાવા લાગીઉં અને બાવો પાડાના પગ વચ્ચે અથડાઈ અથડાઈને મરી ગયો એમ અસદ્ વાસના છે તે અપમૃત્યુ કરાવે એવી છે પણ જીવ ત્યાગ કરી શકે નહીં. ॥૧૨૬૪॥

એક ગામમાં બાવો રહેતો હતો અને તે ગામમાં લોકોનાં ઘણા જ વિવાહ થયા હતા. પછી બાવાના મનમાં એમ થયું જે, 'આપણે પણ ઘર કર્યું હોય તો સારુ.' એમ સંકલ્પ વિકલ્પ કરતાં રાત્રીએ ગામને પાદર આવીને એક મોટી વાવના મતવાલા ઉપર સુતો. ત્યાં બાવાને રાત્રીમાં સ્વપ્નું આવ્યું જે, 'જાણે મારા લગ્ન થયાં અને તેને દીકરો આવ્યો અને તે છોકરો જાણે પડખામાં સુતો છે તે જાણે જરા ભીંસણમાં આવ્યો એટલે રોવા લાગ્યો.' પછી બાવે કહ્યું જે, 'બચ્ચા ! રો માં.' એમ કહીને બાવો જ્યાં ખસવા જાય ત્યાં તો અંધારી રાતમાં ધબ દઈને તે વાવમાં પડી ગયો અને કોઈક જાળું હાથમાં આવ્યું તેને ઝાલીને ત્યાં આખી રાત બેસી રહ્યો. પછી સવારે કોસ લઈને કોસીયા આવ્યા પછી બાવે બૂમ પાડીને કહ્યું જે, 'બાબુ ! મને કુવામાંથી કાઢો.' કોસીયા કહે કે, 'ખરાબદાસ ! તું આ કુવામાં ક્યાંથી પડ્યો ?' બાવો કહે કે, 'મને બહાર કાઢો તો હું પછી કહું.' પછી કોસમાં બેસારીને બાવાને બહાર કાઢ્યો. પછી બાવે ચોરે જઈને વાત કરી જે, 'બાબુ ! કોઈ વિવાહ મહાલશો નહી વિવાહ તો બહુત દુઃખ દે.' કેમકે આ જીવને સ્વપ્રસૃષ્ટિ ,પણ દુઃખ કરે છે. જેમ બાવાને સ્વપ્રસૃષ્ટિ થઈ તો કુવામાં પડવું પડ્યું. ॥૧૨૬૫॥

એક માણસ મધનો ઘડો ભરીને વેચવા સારુ જતો હતો અને તેની મજુરીના બે આના કરેલા. પછી રસ્તે ચાલતાં વિચાર કરતો જાય જે, 'બે આના આવશે તેની બે બકરીઓ લેશું અને તેનો વિસ્તાર થાશે તે વેચીને ભેંશ લેશું ! અને ભેંશ વેચીને બે બીબીયું કરીશું ! એમાં એક માનીતી ! અને એક અણમાનીતી ! તે હું જ્યારે ડાયરામાં બેઠોં હઈશ ત્યારે માનીતીનો છોકરો આવશે ત્યારે કહેશે જે બાપુ ! ચલો જમવા ! ત્યારે હું કહીશ જે "ચલો ભા ચલો !" અને અણમાનીતીનો બોલાવવા આવશે અને તે જ્યારે કહેશે જે બાપુ ચલો રોટલા જમવા ! ત્યારે હું કહીશ કે "હત તેરી હું" એમ કહીને જ્યાં પગની પાટુ નાંખવા ગયો તે ચાલતાં ચાલતાં પગમાં ઠેસ આવી.' તે મધનો ઘડો માથેથી પડીને ફુટી ગયો. ત્યારે મધનો ધણી બોલ્યો જે, 'અલ્યા મૂર્ખ ! તેં મારો મધનો ઘડો ફોડી નાંખ્યો ?' ત્યારે મુલ્લાં બોલ્યો જે, 'તારો તો ઘડો ભાગ્યો પણ મારું તો આખું ઘર ભાંગી ગયું !' એમ જીવને મનમાં અનેક તુરંગ થાય છે ! તે ઘડીકમાં જગત સૃજાવે અને ઘડીકમાં નાશ પમાડે. કેમકે જેમ મધનો ઘડો ફુટી ગયો તેમ આ ઘડા રુપ દેહ છે તે એક દિવસ નાશ થવાનો જ છે. ॥૧૨૬૬॥

એક મીયાં હતો. તેણે એંશી વરસ સુધી નોકરી કરી અને તેને બે બીબીયો હતી.

તેનું તે ભરણપોષણ કરતો હતો. પછી તેને પેન્શન મળ્યું એટલે ઘરે બેઠાં બેઠાં પોતાનો નિર્વાહ ચલાવતો અને તેને પાંચ છ છોકરાં પણ હતાં. પછી એક દિવસ ચોમાસાની રાત્રીએ મીયાં સુતા સુતા હુક્કો પીતા હતા ને તે મીયાંજીએ પોતાની દાઢી વધારીને મોટી કરી હતી. તે સુતા સુતા ઉંઘનું ઝોલું આવ્યું એટલે હોકાની ચલમ ઉડીને મીયાંની દાઢી ઉપર પડી. તેથી અગ્નિના જોરથી દાઢી એકદમ સળગવા લાગી ત્યારે મીયાં બોલ્યો જે, 'દોડો બીબીજી દોડો બીબીજી દાઢી લાગી.' બીબીજીએ પણ તરત વાટ્યને કોડીયું લઈને દાઢીને અડાડ્યું મીયાં બોલ્યો જે, 'અરે રાંડ ! દાઢી ઓલવ્ય.' બીબી કહે કે, 'હું દીવો કરી લઉં. અંધારામાં હું દેવતા લેવા ક્યાં જાઉં ? માટે તમારી દાઢીથી દીવો સળગાવી લઉં અને પછી જોઉં જે કેટલી દાઢી દાઝી ને કેટલી રહી ! તેને પછી ઓલવું.' તેમ સંબંધી પણ અંત વખતે આવીને રોવા કકળવા માંડે અને સગાં સંબંધી બોલે જે ''અમને ઓળખો છો'' ? ''અમે કદના બાન'' ? એવા એવા શબ્દ બોલીને જીવને વાસનામય કરી નાંખી ભગવાન ભૂલાડે છે પણ મરનાર માણસ એમ ન જાણે કે હું અંધારી રાતનો જે ઠેકાણે જાતાં બીતો હતો તે ઠેકાણે આ બધાય મને એકલો મૂકીને ચાલ્યા આવશે અને આને તો ઘરે અનાજની કોઠીયું ભરીયું છે ને કહે છે જે અમારી શી ગતિ થાશે ? માટે આ દેહે કરીને તો પુન્યદાન કરવાં, ધર્મ નિયમ પાળવા, તીર્થ વ્રત કરવાં તે જ સાથે આવવાનું છે ! અને બાકી બીજી તો સૌ સ્વાર્થની બાજી છે. ॥૧૨૬૭॥

એક બ્રાહ્મણ હતો. તે રાતે ગાય દોવરાવવા માટે ગાયનો કાન ઝાલીને ઉભો હતો અને તેની ઘરવાળી ગાય દોવા બેઠી હતી. તે વખતે ગામમાં કોઈક ઠેકાણે અગ્નિ થયો હશે તે બહુ શોર બકોર થયો અને લોકો બહુ જ બૂમો પાડવા લાગ્યા. તે સાંભળીને તે બ્રાહ્મણે ગાયનો કાન મૂકી દઈને બે કાનમાં આંગળીઓ ઘાલીને બૂમ પાડી. તે ભેળી ગાય ભડકી ને ગાયે પાટુ મારી તે બાઈના હાથમાં બલોયાં હતાં તે ભાંગી ગયાં. પછી બાઈ બોલી જે, પીટ્યા ! હું રંડાણી.' બ્રાહ્મણ કહે, 'તું તો રંડાણી પણ બૂમે બૂમ તો સંધાણી.' તેમ આ સંસારમાં બૂમે બૂમ સાંધે તેવું છે પણ સત્ય અસત્ય કોઈ જોતું નથી. ॥૧૨૬૮॥

એક બ્રાહ્મણને દુજણી ગાય હતી પણ જ્યારે દોવા બેસે ત્યારે પાટુ મારે. એટલે દોવાનું વાસણ ફુટી જાય અને પાટુ દોનાર માણસની છાતીમાં વાગે. પછી બ્રાહ્મણે વિચાર કર્યો જે, આ ગાયને વેચી હોય તો સારું.' પછી તે વેચવાને માટે પરગામ ગયો. પછી ગામને ચોરે ગાયને લઈને જ્યાં બેઠો હતો ત્યાં કોઈક ગાયનું ઘરાક આવ્યું. તેણે પુછ્યું જે, 'મહારાજ ! ગાયને વેચવી છે?' ત્યારે કહે, 'હા !' ઘરાકે પૂછ્યું જે, 'દૂધ કેટલું કાઢે છે ?' બ્રાહ્મણ કહે, 'સવારે દોણું અને સાંજેય દોણું.' લેનાર ધણી કહે, 'માંખણે કેવીક છે ?' બ્રાહ્મણ આગળ એક પથર પડ્યો હતો તે સામી આંગળી કરીને કહ્યું જે, 'દેખ લે પથરા.'

લેનાર કહે કે, 'રાંગડીના ગુણ કેવાક છે ?' બ્રાહ્મણ કહે, રાંગડીના ગુણ તો મારી છાતી જાણે છે કેમ કે જ્યારે દોવા બેસે ત્યારે છાતીમાં પાટુ મારતી !' એમ બ્રાહ્મણે તો સમશાએ બધુંય સમજાવ્યું પણ લેનાર ધણી સમજ્યો નહીં. ॥૧૨૬૯॥

એક રાજા હતો. તે સૂર્યનું ગ્રહણ થયું. તે વખતે હાથીનું દાન લેવાને માટે તેણે બ્રાહ્મણોને ભેળા કર્યા. તે વખતે એક બ્રાહ્મણ આવીને રાજા પાસે ઉભો રહ્યો અને તેણે જ્યાં લાંબા હાથ કર્યા. તે વખતે તેની સ્ત્રીએ ના પાડી જે, 'આ હાથીનું દાન લેવું રહેવા દે.' તો પણ તે દાન બ્રાહ્મણે જોરાવરીથી લીધું પછી તે મૃત્યુને પામ્યો. ત્યાર પછી તે ઉંટ થયો અને માથે સોળ મણનો ભાર ઉપાડતો. તે વખતે ઊંટ બરાડવા માંડ્યો તે સમે તેની સ્ત્રી સામી ઉભી હતી તે બોલી. જે સાખી—

*મત કરગર હે કરલીયા ભાર ભર્યો પંથ દૂર*
*તું લેહંતો ને હું વારતી રાહુ ગળંતે સૂર્ય*

તેમ અધમ દાન લેવાથી પણ જીવની અધોગતિ થાય છે. માટે લોભે કરીને કોઈનું દાન લેવું નહીં. ॥૧૨૭૦॥

અને ભાવનગરમાં તખ્તસિંહજીમહારાજ બેઠા હતા. ત્યાં એક બ્રાહ્મણ જઈને ઉભો રહ્યો. પછી દરબાર બહુજ રાજી થયા અને બ્રાહ્મણને કહ્યું જે, 'માગો, મહારાજ! જે માગો તે આપું.' બ્રાહ્મણ કહે, 'દઈ શકશો ?' પડખે મનુષ્યો બેઠાં હતાં તેમણે કહ્યું જે, 'તખ્તસિંહજી દરબાર જેવા મહારાજ રાજી થયા અને આવું શું બોલે છે ? માટે તારે જે માગવું હોય તે માગ્ય !' પછી બ્રાહ્મણ બોલ્યો જે, 'મારા પગમાં જોડા નથી તે આપો,' પછી પાસે બેઠેલા મનુષ્યે બે રૂપિયા ઉડાડી મૂક્યા. જ્યારે રાજા રાજી થાય તો કોદર્યા માગે એવો જીવ છે તેમ ભગવાન રાજી થાય તો વિષય માગે એવો જીવ છે. ॥૧૨૭૧॥

એક રાજા હતો તે વનમાં ગયો હતો. પછી તેને તરસ બહુ લાગી. પછી તેણે ચારે કોર આસપાસ જોયું ત્યાં તો એક ખેડુ સાંઠીયું ખોદતો હતો તે તરફ પોતાની દૃષ્ટિ પડી અને પોતાને તરસ બહુ જ લાગેલી. પછી તેણે ચારે કોર્ય આસપાસ જોયું તે ખેડુને જોઈને વિચાર કર્યો જે, 'ઓલ્યો માણસ જો મને પાણી પાય તો મારે તેને એક ગામ આપવું.' એમ ધારીને એકદમ ઘોડાને મારી મેલ્યો અને તે ખેડુ પાસે ગયો. ખેડુએ પણ વિચાર કર્યો જે, 'ઓલ્યો ઘોડાવાળો દોડ્યો આવે છે તેને મારે પાણી પાવું નથી.' અને જો જોરાવરીથી પીશે તો છેલ્લી બાકી ઘડો ફોડી નાંખું પણ તેને મારે પાણી પાવું નથી. પછી રાજાએ કહ્યું જે, 'ભાઈ ! મને તરસ બહુ લાગી છે માટે મને પાણી પા.' ખેડુએ કહ્યું કે, 'મારે તને પાણી પાવું નથી. રાજાને તરસ બહુ લાગી હતી તેથી તેણે ના પાડવાથી બળાત્કારે પાણીનો ઘડો પોતાને હાથે લીધો. તે ભેળો ખેડુએ કોદાળી મારીને ઘડો ફોડી નાંખ્યો. પછી રાજાએ તો

એકદમ ઘોડો દોડાવી મૂકી પોતાના દરબાર ભેગો થઈ ગયો અને ઠંડું પાણી પીઈને પોતે પોતાની રાજગાદી ઉપર બેઠો. તે વખતે પોતાને વિચાર થયો જે, 'ઓહો મારું લોક ! તેણે પણ પોતાનો સંકલ્પ સિદ્ધ કર્યો જે મારે રાજાને પાણી નથી પાવું અને છેલ્લી બાકી ઘડો ફોડી નાંખ્યો માટે હુ તો રાજા છું તે મારો સંકલ્પ મિથ્યા કેમ થાય ? માટે તેને ગામ દેવાનો મેં સંકલ્પ કર્યો છે તે ગામ આપવું ને નો આપું તો મારો સંકલ્પ મિથ્યા થાય.' પછી તે કણબીને સ્વાર મોકલીને કચેરીમાં બોલાવ્યો. કણબી રાજાને જોઈને થરથર ધ્રુજવા લાગ્યો. પછી રાજાએ કહ્યું જે, 'તેં તારો સંકલ્પ સિદ્ધ કરીને પણ મને પાણી ન પાયું.' ત્યારે કણબી કહે કે, 'સાહેબ ! મેં તમને ઓળખ્યા નહોતા.' ત્યારે રાજા કહે, 'મેં સંકલ્પ કર્યો છે તે મારે તને ગામ આપવું.' પછી તે કણબીને રાજાએ એક ગામ આપ્યું ને કહ્યું જે, 'નિરંતર તારે કચેરીમાં બેસવા આવવું.' પછી જ્યારે અરસ પરસ વાતુ નીકળે તેમાં કોઈકે પુછયું જે, 'તમે રાજાનું શું કામ કર્યું તે તમને ગામ બક્ષીસ આપ્યું.' ત્યારે કોઈકે કહ્યું જે, 'અમારા બાપદાદાએ રાજાને અરથે માથાં આપેલાં છે. તે બદલ ગરાસ મળેલો છે.' અને જ્યારે પટેલને ગામ મળવાનું પૂછે ત્યારે પટેલ નીચું જોઈને ભોંય ખોતરવા મંડે તેનું કારણ જે તેના ઉપર તો રાજાની કેવળ પ્રસન્નતા જ થઈ પણ કાંઈ સત્કાર્ય કરેલું નહીં તેમ શ્રીજીમહારાજનો એવો સંકલ્પ છે જે એક વખત તો સૌને ધામમાં લઈ જવા એવું પોતાનું બિરુદ છે માટે જો આંહીંયાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરે સિદ્ધ કર્યા હશે અને શુદ્ધ ઉપાસના કરી હશે ને આજ્ઞા પાળી હશે તો તો ભગવાન હસીને અક્ષરધામરૂપી મોજ આપશે અને નહીં તો પછી પટેલની પેઠે નીચું જોઈને બેસી રહેવું પડશે. સાખી—

*"અણીયાળી આંખડલી સૌ કોઈ આંજે, આંજ્યા આંજ્યામાં વેરો,*
*જ્યાં લગી પીયુડો હસીને ન બોલાવે, ત્યાં સુધી આભૂષણ સરવે ડેરો"*

જેમ સીતાજીને વસ્ત્ર આભૂષણ પહેરાવીને વિભિષણ લાવ્યા હતા પણ રામચંદ્રજીએ સામું જોયું નહીં તેમ આ લોકમાં ગમે તેવો ડોળ કરીયે તો પણ તે નકામો છે. ॥૧૨૭૨॥

ધોલેરામાં એક વાણિયો ઘરે કહેતો ગયેલ જે મારા સારુ મુળાની કચુંબર કરજો એમ કહીને તે દુકાને ગયો. પછી બધી રસોઈ તૈયાર કરી પણ મુળાનુ કચુંબર કરવી ભૂલી ગયેલ. વાણિયો બપોરે જ્યારે દુકાનેથી ઘરે આવ્યો ત્યારે લુગડાં ઉતારીને જમવા બેઠો. ત્યાં તો કચુંબર પોતાની નજરે ચડી નહીં. વાણીયો કહે, 'મેં કહ્યું હતું અને મુળાની કચુંબર કેમ કરી નથી ?' એમ કહીને પોતે રીસમાં ને રીસમાં એકદમ ઉઠીને માથે ફાળીયું વીંટીને બજારમાં મૂળા લેવા માટે ગયો અને બે પૈસાના મુળા લઈને ગાંઠચે બાંધીને જ્યાં ચાલ્યો. ત્યાં તો બજારમાં આવતાં પોતાનું પહેરવાનું ધોતીયું પગમાં ભરાણું તેથી પડી ગયો ને મૃત્યુ પામ્યો ને મુળા ગાંઠચે બાંધ્યા રહ્યા. સાખી—

*"માનવ જાણે મેં કરું કરતલ બીજા કોઈ,*
*આરંભ્યા અમથા રહે તો હરિ કરે સો હોય."*

એમ ધાર્યું તો એક ભગવાનનું જ થાય પણ જીવન ધાર્યું થાય નહીં. ॥૧૨૭૩॥

એક વાણિયાને ઘરે સેવ રાંધી હતી પછી પોતે બપોરે ઘરે જમવા ગયો. પછી સેવમાં ગોળ નાંખવા માટે દુકાને ગયો ને દુકાનનું બારણું વાસતી વખતે પોતાનાં લુગડાંનો છેડો કમાડમાં ભરાઈ રહ્યો. તે વખતે ગામમાં મરકીનો રોગ ચાલતો હતો તેથી વાણિયાના મનમાં ભીતિ લાગી જે મારું લુગડું મરકીએ ઝાલ્યું છે એમ જાણીને ભયનો માર્યો બોલવા લાગ્યો જે, 'મરકીમા ! મેલોને.' એમ બે ચાર વખત બોલીને બીક લાગી તે ત્યાંને ત્યાં મૃત્યુને પામ્યો અને સેવ ચુલે રહી ને ગોળ ગાંઠ્ય રહ્યો ને મૃત્યુ અચાનક થયું માટે કાંઈ નિર્ધાર નથી. ॥૧૨૭૪॥

એક વાણિયો કાપડનો વેપાર કરતો હતો તે નિરંતરનો અભિનિવેશ બહુ જ હતો. તેથી પોતાને રાતમાં સ્વપ્નું આવ્યું જે જાણે ઘરાક આવ્યું છે અને તે પાછું જાય છે માટે તેને દુકાનેથી પાછું જવા ન દેવું એમ ધારીને સ્વપ્નામાં બેઠો થઈને બોલ્યો જે, સાડા પાંચ તો સાડા પાંચ પણ ઘરાક પાછું જાય તે મને ન ગોઠે. એમ ધારીને પોતાનો ઓઢવાનો ચોફાળ હતો તેના ઉભા બે લીરા કરી નાંખ્યા. પછી જાગૃત થયો ત્યારે શુદ્ધ આવી જે આ તો મારો ઓઢવાનો ચોફાળ મેં ફાડ્યો. પછી સવારે દરજીને ત્યાં જઈને ચોફાળને ખીલાવવો પડ્યો. એમ જેવો વહેવાર સંબંધી અભિનિવેશ છે તેવો પ્રભુ સંબંધી રાખવો. ॥૧૨૭૫॥

એક ગામમાં તેજપાલશા કરીને વાણિયો હતો અને તે જૈન મતનો હતો. અને તેને મંદવાડ થયો એટલે ગોરજી તેને જોવા માટે ગયા ને તેજપાલશાને ગોરજીને કહ્યું જે, 'તેજપાલશા ! શિયળવ્રત રાખજો ! તેજપાલશા કહે, 'લીલવણીની અગડ.' ગોરજીએ ફરી કહ્યું જે, 'શિયળવ્રત રાખજો તેજપાલશા ! હું તો શીયળવ્રત કહું છું.' તેજપાલશા કહે કે, 'મારે માંખણની અગડ.' પણ એંશી વરસની ઉંમરે પણ શીયળવ્રતની હા કહી નહીં. માટે શિયળવ્રત છે તે જ મનુષ્યને આભૂષણરૂપ છે. પછી ગોરજીએ નિયમ લીધું જે, 'મારે સાવજે ચડ્યાની આખડી ! મારે આભે અડવાની આખડી ! મારે કોશનું દાતણ કરવાની આખડી !' એવાં એવાં તે ગોરજીએ કેટલાંક નિયમ લીધાં કેમકે તે બધી અસંભવિત છે માટે સંભવિત હોય તે પ્રમાણે બોલે તો શોભે. ॥૧૨૭૬॥

એક શહેરમાં કોઈ મોટો શેઠ હશે તેને ત્યાં એક ગોરજી રહેતો હતો. તે ગોરજી મૃત્યુને પામ્યો. એટલે તેનાં તમામ લુગડાં વિગેરે બાંધી રાખ્યાં હતાં એમ કરતાં કરતાં દુકાળ વરસ આવ્યું ને શેઠીયાનું બધું કુટુંબ મૃત્યુને શરણ થયું અને પોતે એક જીવતો રહ્યો ત્યારે પોતાના મનમાં વિચાર થયો જે, 'આપણે તો ગોરજીનો વેશ લઈને કોઈક શેઠને ત્યાં

રહીયે.' પછી તે ગોરજીનો વેશ લઈને બીજે ગામ કોઈક શેઠીયાને ત્યાં રહ્યો અને તેણે ક્યારેય આ દેહે કરીને પરમેશ્વરનું નામ લીધેલું નહીં. પછી તે મૃત્યુ પામીને યમલોકમાં ગયો. પછી ધર્મરાજાએ વિચાર કર્યો જે, 'આ મહાનિર્દય છે માટે તેને યમદૂતનું સ્વરૂપ ધારણ કરાવું.' પછી તેને ધર્મરાજાએ યમદૂત કર્યો. પછી એક સમે પોતે પ્રથમ જે ગામ રહેતો તે ગામને પાદર લાખે વણજારે પોઠીયા લાવીને પડાવ નાંખ્યો હતો અને ત્યાં લાખા વણજારાનું મૃત્યુ દિવસના નવ વાગ્યે હતું તેથી ધર્મરાજાએ તેને આજ્ઞા કરી જે, 'તમે બે જણા તેને લેવા જાઓ.' પછી બે જમ તેને લેવા માટે આવ્યા. તે વખતે પેલો શેઠ જંગલ જવાને માટે આવ્યો હતો ત્યારે જમના મનમાં એમ થયું જે, 'આનું મેં હરામનું ખાધું છે અને કાંઈ ઈશ્વર સ્મરણ કર્યું નથી તેથી હું યમની યોનિને પામ્યો છું.' માટે શેઠને હું ચેતાવું એટલે તે ઈશ્વર ભજન કરે.' પછી તે પ્રથમ તે યમ ગોરજીનું સ્વરૂપ ધારણ કરીને તે શેઠ જ્યારે કળશીયે જઈને ઉઠ્યા ત્યારે તેના સન્મુખ જઈને ઉભો રહ્યો. તેને ભાળીને શેઠને ઘણો જ ત્રાસ ઉત્પન્ન થયો ને બોલ્યો જે, 'વોય વોય બાપલીયા ! ત્યારે ગોરજી બોલ્યો જે, 'શેઠ ! બીશો નહીં. હું તો તમને ચેતાવવાને આવ્યો છું.' પછી વાણિયાને કાંઈક ધીરજ આવી. ગોરજીએ કહ્યું કે, 'મેં તમારું અનીતિનું ખાધું અને કાંઈ ઈશ્વર સ્મરણ કર્યું નહીં તેથી હું યમદૂત થયો છું.' ત્યારે શેઠે કહ્યું જે, 'મને શી ખબર પડે ?' ગોરજી કહે જે, 'આજ નવ વાગે લાખા વણઝારાનું મૃત્યું થવાનું છે. તેને અમે તેડવા માટે બે જણા આવ્યા છીએ.' અને શેઠને કહ્યું જે, 'જો બીજો જમ પેલો બેઠો.' શેઠને ત્યાં આંગળીની નિશાની કરીને બતાવ્યો. ત્યાં તો શેઠની નજર તે ભણી ગઈ અને શેઠને ઘણો જ ત્રાસ ઉત્પન્ન થયો. પછી તે ગોરજી તે જમ પાસે ગયો અને જમે માથે હાથ મેલ્યો એટલે મહામદોન્મત્ત મોટો સાંઢ થઈને પોઠીયાને માથાં મારી મારીને પાડી નાંખવા મંડ્યો. તે જોઈ લાખે વણઝારે પોતાના નોકરોને કહ્યું જે, 'જાઓ તે સાંઢનું ખડગે કરીને માથું કાપી નાંખો સાલાનું.' પછી સૌ ચાકરો તે હુકમ સાંભળી ઉઘાડી તરવારો લઈ સાંઢ સામા દોડ્યા. પણ તેની પાસે જવાની કોઈની હિંમત ચાલે નહીં કેમકે સૌને મરવાની બીક લાગે. પછી લાખો વણઝારો એકદમ બોલ્યો જે, 'મારો પગાર તમે ખાઈ બગાડ્યો.' એમ કહીને પોતે ક્રોધાવેશ થઈને હાથમાં ઉઘાડી તરવાર લઈને એકદમ પોતાના ઢોલીયા ઉપરથી બેઠો થઈ ઉભો થઈને તે સાંઢ સામો દોડ્યો. શેઠ પણ ઉભા ઉભા બધી હકીકત જોયા કરે છે. ઘરે શેઠાણી પણ રસોઈ તૈયાર કરીને શેઠની રાહ જોઈને બેઠાં છે જે, 'હજી શેઠ કેમ ઘરે આવ્યા નહીં ? ક્યાં ગયા ? શું થયું ?' એમ સંકલ્પ વિકલ્પ કરે છે અને ગુમાસ્તાને ચારે કોર દોડાવી મુક્યા જે, 'શેઠ ક્યાં છે ? બોલાવી લાવો. રસોઈ ઠરી જાય છે.' હવે લાખો વણઝારો જ્યાં સાંઢની નજીક ગયો. ત્યાં તો સાંઢે સામી હડી કાઢીને લાખા વણઝારાની છાતીમાં શિંગડું માર્યું ને ચક્કર ચક્કર ફેરવીને ઉડાડી મૂક્યો અને એના જીવને લઈને યમદૂત બન્ને ચાલી નીસર્યા. શેઠ

આ બધું જોઈને ભયને લીધે પોતાનાં બધાં વસ્ત્ર પરસેવાથી પલળી ગયાં. પછી શેઠ ઘરે ગયો અને શેઠાણી કહેવા લાગ્યાં જે, 'અત્યાર સુધી ક્યાં રોકાઈ રહ્યા હતા ? રસોઈ બધી ઠરી ગઈને !' શેઠ કહે, 'કાંઈ નહીં. મને એક વખત નહાઈ લેવા દે. પછી તને વાત કરૂં.' પછી નહાઈને જમીને બધી વાત કરી. પછી લાલજી રાખીને જીવંત પર્યંત શેઠે તથા શેઠાણીએ સેવા કરી. ॥૧૨૭૭॥

લોકમાં કહેવત છે કે "જેના કુળમાં ઉંદરડી મારે તે માણસ મારે." એક શેઠ પોતાની હવેલીને ત્રીજે માળે સુતા હતા અને સવારે જ્યાં ત્યાંથી ઉતરવા જાય ત્યાં તો દાદરે મોટો સર્પ ફેણ ઉંચી કરીને બેઠેલો. તે જોઈને શેઠે બૂમ પાડીને કહ્યું, 'દાદરા ઉપર મોટો સર્પ છે !' તે સાંભળીને સૌ લોક તેને ઝાલવાને માટે ભેગાં થયાં હતાં. તેવામાં એક પોતાની નજીકમાં બીજો શેઠ રહેતો હતો તેની દશ બાર વરસની દીકરી હતી તે પણ તે વખતે જોવા સારુ આવી હતી. તે સર્પને ઝાલવાની કોઈની હિંમત ચાલે નહીં કેમકે દાદરા ઉપર રહ્યો રહ્યો ફુંફાડા મારતો હતો. તેથી સૌ ડરીને છેટે ઉભા રહ્યા. તેવામાં પેલા શેઠની દીકરી ફળીમાં લુગડાં ધોવાનો ધોકો પડ્યો હતો તે લઈને એકદમ દોડી અને દાદરા પાસે જઈને ધોકાનો ઘા કર્યો. તે પગથીયાની ધાર અને ધોકો એ બે વચ્ચે સર્પ આવ્યો તેથી તેના બે કટકા થઈને સર્પ નીચે પડ્યો. તે જોઈને સૌ લોક આશ્ચર્ય પામ્યાં જે, 'નાની વયની બાળકીએ બહુ મોટું કામ કર્યું.' પછી શેઠ નીચે ઉતર્યા અને નહાઈ ધોઈને જ્યારે જમવા બેઠા ત્યારે શેઠાણી બોલ્યાં જે, 'આપણે આપણો દીકરો માણેકચંદ છે તેનો સંબંધ શેઠની દીકરી સાથે કરવો છે કેમકે જેમ તમારી રક્ષા કરી તેમ જ આપણા દીકરાની પણ રક્ષા કરે અને તે દીકરી ન હોત તો અત્યારે મારે રંડાપણ આવત. માટે આપણા દીકરાનું સગપણ તેની સાથે કર્યા પછી હું ખાઈશ.' શેઠ કહે કે, 'બોલમાં રાંડ ! જેવા સર્પના હાલ તેવા જ તારા દીકરાના હાલ જાણજે.' શેઠાણીએ તો બહુ જ સ્ત્રી હઠ લીધી ! અને અનશનવ્રત લઈને બેઠી. પછી શેઠે પોતાની અરૂચી. છતાં તેની સ્ત્રીના કહેવાથી તે શેઠની દીકરી સાથે પોતાના દીકરાનો સંબંધ કર્યો. પછી લગ્ન કર્યાં અને દીકરો પણ બરાબર ઉંમર લાયક થયો એટલે પોતે બે ચાર નોકરો લઈ પરદેશમાં રળવા માટે ગયો અને ત્યાંથી ઘણુંક દ્રવ્ય લઈને એક ગુમાસ્તાને કેટલુંક દ્રવ્ય તથા કેટલુંક નવીન કાપડ આપીને દેશમાં મોકલ્યો. તે ગુમાસ્તો જે વખતે પોતાને ગામ આવ્યો. તે વખતે શેઠ અને શેઠાણી બન્ને કાંઈક દશ પંદર દિવસને ગામતરે પરગામ ગયાં હતાં. ગુમાસ્તે ઘરે આવીને શેઠાણીને પુછયું જે, 'શેઠ! ક્યાં ગયા છે ?' શેઠાણી બોલી જે, 'મારી સાસુ અને મારો સસરો બન્ને પંદર દિવસને ગામતરે ગયાં છે.'પછી શેઠાણીયે કહ્યું જે, 'કાકા ! શેઠ ત્યાં ખુશીમાં છે ?' ગુમાસ્તે કહ્યું જે, 'ત્યાં શેઠ ખુશી મજામાં છે ને ઘણું દ્રવ્ય કમાણા છે અને આ દ્રવ્ય અને કેટલુંક કાપડ આંહીંયાં ઘરે મોકલવા માટે મને મોકલ્યો છે.' પચીશ પચાશ હજારનો માલ જોઈને

બાઈના મનમાં એમ થયું જે, 'આ ગુમાસ્તાને ઠેકાણે પાડ્યો હોય તો આ બધો માલ મારા બાપને ઘરે રહે.' એમ ધારીને શેઠાણી બોલ્યાં જે, 'નંદલાલ કાકા ! તમે રોટલા જમીને અહીંયાં બેસવા માટે આવજો.' ગુમાસ્તો રોટલા જમીને શેઠને ઘરે ગયો અને બેંગી છોડીને તેમાંથી નવી નવી જાતનું કાપડ શેઠાણીને બતાવ્યું. તેમાંથી એક રૂમાલ સરી પડ્યો. તે સરીને પટારા નીચે ગયો તેની બેમાંથી એકે જણાને ખબર રહી નહીં. પછી રાત્રે તે શેઠાણીએ ગુમાસ્તાને વાળુ કરવા માટે બોલાવ્યો અને કાંઈ વાળુમાં ઝેર આપ્યું તેથી ગુમાસ્તો રાતમાં મરણને શરણ થઈ ગયો હતો. શેઠાણીએ રાતમાં છાનાં માણસો બોલાવી ને કોઈ ન જાણે તેમ એક જગ્યાએ ખાડો ગળાવીને દાટી દીધો અને જેટલું દ્રવ્ય તથા કાપડ હતું તે પોતાના પિતાને ત્યાં મોકલી દીધું. શેઠ પણ બે ચાર દિવસ થયા એટલે બંને જણાં ઘરે આવ્યાં. મહીનો પંદર દિવસ થયા એટલે શેઠનો દીકરો પણ પરદેશથી ઘરે આવ્યો અને ગામને પાદર જઈ સામૈયું કરી સત્કાર કર્યો. અને ત્યાં બેઠક કરીને ગામના અમલદારો તથા શેઠીયા વર્ગ વિગેરે મળીને ત્યાં સૌને સાકરનાં પાણી પાયાં ને રાજી કર્યા. તમામ માણસો શેઠની નજરે થયા અને સલામ ભરી પણ પોતે મોકલેલ ગુમાસ્તો નજરે પડ્યો નહીં. તેથી પોતાના મનમાં વહેમ પેઠો જે, 'નક્કી ગુમાસ્તો બધું લઈને ક્યાંઈ જતો રહ્યો.' પછી સામૈયું કરીને ઘરે લાવ્યા અને છોકરે તેના બાપને પૂછયું જે, 'બાપા ! મેં નંદલાલ ગુમાસ્તાને પચાશ હજાર રૂપિયાનો માલ લઈને મોકલ્યો હતો તે કેમ દેખાતો નથી ?' શેઠ કહે કે, 'આંહી તો કોઈ આવ્યું નથી ! ગમે ત્યાં ચાલ્યો ગયો હોય.' શેઠે અને છોકરે જાણ્યું જે, 'બનવાનું હતું અને તેના નસીબનું હશે તે લઈ ગયો.' પછી એક દિવસ પોતે જમીને પાન ખાવાને માટે પટારા ઉપર રકાબી હશે અને તેમાં સુડી વિગેરે હશે તે લેવા સારુ જ્યાં ગયો ત્યાં સુડી પટારા નીચે પડી ગઈ. એટલે તે વાંકો વળીને જ્યાં સુડી લેવા ગયો ત્યાં તો પેલો રુમાલ પડી ગયેલો તે જોવામાં આવ્યો. તે જોઈને શેઠે તેની સ્ત્રીને કહ્યું જે, 'આ રુમાલ મારો મોકલેલો છે માટે તે માણસ અહીંયાં આવેલો હોવો જોઈએ.' પછી બાઈના મનમાં એમ થયું જે, 'આ પીટ્યો નક્કી મારા બાપનું ઘર જપત કરાવશે માટે આને પણ મારી નાંખ્યો હોય તો ઠીક.' એમ ધારી રાત્રે ત્રીજે માળ બન્ને જણાં રહેતાં હતાં ત્યાં એક છરી લઈને સુતી અને પછવાડેની બારીએ દેખાવ કરવા સારુ એક મોટો દોર બાંધ્યો અને ગળુ દાબીને છરીથી તેનો કંઠ કાપી નાંખ્યો અને પછી બૂમ પાડી જે દોડો ચોર આવ્યા ચોર આવ્યા એમ બૂમો સાંભળીને માણસો ભેળાં થઈ ગયાં તે સાંભળી શેઠ બોલ્યા જે, 'રાંડ ! લે આ તારા છોકરાને.' પણ રાંડે મારી નાંખ્યો. શેઠ જ્યાં ઉપર જઈને જુએ ત્યાં તો પોતાનો છોકરો મૃત્યુ પામેલો દીઠો. પછી શેઠે પોતાના મનમાં ધીરજ રાખીને બોલ્યો જે, 'હું ખરો હોઉં તો આ રાંડને છોકરા ભેગી બાળુ !' બાઈએ જાણ્યું જે, 'મને પણ જીવતી રહેવા દેશે નહીં. માટે મારે સતી થાવું. પછી બાઈએ કહ્યું જે, 'હું પતિવ્રતા છું તે મારે

પતિની પાછળ સતી થાવું છે.' પછી શેઠે જાણ્યું જે, 'આને મારે મારવી હતી તેના કરતાં એની મેળે મરે તો ઘોળી જાય.' બાઈએ પોતાના કપડાની બે બાંયુમાં દારૂ ભરી લીધો અને દિવાસળીનું બાકસ પણ સાથે લીધું. અને માથે ચુંદડી ઓઢીને તે ઉપર મોડીયો મેલ્યો અને કોરા પાણીનો ઘડો માથે મેલીને જય અંબે જય અંબે કરતી તે ચાલી નીસરી. આગળ પોતાના પતિની ઠાઠડી અને પાછળ તે બાઈ ચાલી. જ્યાં તેને અગ્નિ સંસ્કાર કરવો હતો ત્યાં ફરતી કાંટાની ગંજીઓ નંખાવી હતી જ્યારે શેઠની ચિતા ખડકી ત્યારે બાઈ પોતાના પતિનું મસ્તક ખોળામાં લઈને બેઠી અને સૌને બહાર ખસેડી મેલ્યા પછી પોતા પાસે દારૂ હતો તે ચિતાને ફરતો ચારે કોર વેરી નાંખ્યો. બાઈએ કહ્યું. જે મારા સાસરાને મારી પાસે મોકલો મારે એક વાત કહેવી છે. સાસરો પણ લોભી અને હૈયાનો ભોળો તેથી જાણ્યું, 'તે લાવ્યને જાઉં. દ્રવ્ય આગળ પાછળ મૂક્યું હશે તો તે બતાવશે.' પછી શેઠે જઈને જ્યાં કાન ધર્યો ત્યાં તો બાઈએ શેઠનું મસ્તક બગલમાં લઈ ધીંસીને દિવાસળીનું બાકસ તૈયાર હતું તે સળગાવીને ઘા કર્યો. એટલે ચિતાની ચારે કોરે અગ્નિ પ્રદીપ્ત થયો અને તે વખતે કેટલાક ઢોલ નગારાં વગાડતાં હતાં. પછી શેઠ પણ તે બન્ને ભેળા સ્વર્ગમાં સિધાવ્યા ! એમ ''જેના કુળમાં ઉંદરડી મારે તેના કુળમાં માણસ મારે'' માટે સ્ત્રી જાતીનો પણ કોઈએ વિશ્વાસ કરવો નહીં. ॥૧૨૭૮॥

''બાંધી મુઠ્ઠી લાખની'' તે ઉપર એક વાણિયાની વાત. એક ગામમાં એક ગરીબ વાણિયો હશે તેની સ્ત્રીને કંઈક ગામમાં નગરશેઠ હશે તેની સાથે સ્નેહ થયેલ. આ વાણિયો બીચારો જાતે બહુજ ગરીબ હતો અને તેનાં ઘરનું માણસ બહુજ દુષ્ટ આચરણવાળું હતું. પછી એક દિવસ કાગડો ઝાલીને તેના ધણીને કહ્યું જે, 'આ લે આ કાગડો લઈને જા. તેના જે લાખ રૂપિયા આપે તેને તું આપજે અને પછી ઘરે આવજે.' એમ કહીને તે કાગડાને બાઈએ પાંજરામાં પુરીને વાણિયાને આપ્યો. તે લઈને વાણિયો તો ફરતો ફરતો એક દિવસ એક મોટું શહેર હશે તેને પાદર નદીને કાંઠે ઉદાસ થઈને બેઠો હતો. ત્યાં કોઈક વેશ્યા પાણી ભરવા માટે આવી તેણે વાણિયાને ઉદાસ જોઈને પુછયું જે, 'ભાઈ ! તું ક્યાં રહે છે ?' વાણિયો કહે કે, 'બહેન ! રહું છું તો અમુક ગામ પણ મારી ઘરવાળીએ આ કાગડો વેચવાને માટે મને મોકલ્યો છે અને કહ્યું છે જે લાખ રૂપિયા આપે તેને આપજે.' વેશ્યાએ જાણ્યું જે, 'આ વાણિયાની સ્ત્રી નક્કી વ્યભિચારણી હશે તેથી તેને કાગડો વેચવા માટે મોકલ્યો છે.' પછી તે વાણિયાને પોતાને ઘરે લઈ ગઈ અને કોઈકને ત્યાં વાણિયાને વાળુ કરાવ્યું અને તે કાગડાને પાંજરું ઉઘાડીને ઉડાડી મૂક્યો. ગાડું ભાડે કરીને તે વાણિયો તથા વેશ્યા બન્ને જણાં પોતાનાં ઘર તરફ ચાલ્યાં. રસ્તે જતાં બાઈયે વાણિયાને શીખવેલ જે, 'તને તારી ઘરવાળી પૂછે જે આ કોણ છે ? ત્યારે તારે કહેવું જે મારી નાની બહેન છે તે મારાં લગ્ન થયાં મોર તેને સાસરે ગઈ હતી તેને આજ ઘણાં વરસ થયાં એટલે હું તેડતો

આવ્યો છું એમ તું તારી બાઈડીને ઉત્તર આપજે.' ચાલતાં ચાલતાં રાત્રીના નવ દશ વાગે પોતાને ઘરે પહોંચ્યાં તે વખતે પેલો નગરશેઠનો દીકરો પણ તે ઘરમાં હતો. પછી વેશ્યા તથા વાણિયો બન્ને જણાં ગાડેથી ઉતરીને જ્યાં એકદમ પોતાનાં ઘરમાં પેસવા જાય ત્યાં બાઈએ ઘર વાસી દઈને તે શેઠના છોકરાને પટારામાં સંતાડી દીધો. તે સુરત બહારથી વેશ્યાએ રાખી હતી જે, 'વાણિયણે શેઠના છોકરાને પટારામાં ઘાલ્યો છે.' પછી શેઠાણીએ કમાડ ઉઘાડ્યું અને બાઈને દીઠી એટલે શેઠાણીએ પોતાના પતીને પૂછયું જે, 'આ કોણ છે ?' વાણિયો કહે કે, 'એ તો મારી બહેન છે અને મારાં લગ્ન થયાં મોર તે પોતાને સાસરે ગઈ હતી માટે હું મળવા તેને લાવ્યો છું.' પછી વેશ્યા તરત પટારા ઉપર જઈને બેઠી. શેઠાણીએ બન્ને સારુ વાળુ ઠારીને કહ્યું જે, 'વાળુ કરવા સારુ હેઠાં આવો.' બાઈ કહે કે, 'હું નાની હતી ત્યારે આ પટારા ઉપર બેસીને વાળુ કરતી.' એમ કહીને પટારા ઉપર બેસીને તેણે વાળુ કર્યું. બાઈએ ખાટલો પાથરીને બોલાવ્યાં કે, 'બહેન ! આ ખાટલા ઉપર સુવા માટે નીચે આવો. બાઈ કહે કે, 'હું નાની હતી તે દિવસે આ પટારા ઉપર જ સૂતી હતી. તેથી હું પટારા ઉપર સુઈશ.' પછી રાત્રીએ પેલા વાણિયાને વેશ્યાએ કહ્યું જે, 'મારે ઘરે હથવાર ભેંશ છે. માટે આ ગાડા સાથે હું સવારમાં જઈશ અને આ પટારો તું મને પહેરામણીમાં આપ્ય.' પછી વાણિયે કહ્યું જે, 'બહુ સારુ.' બહેન એ પટારો તમે લઈ જાઓ.' પ્રથમ રસ્તે આવતાં વેશ્યાએ વાણિયાને કહેલ જે, 'તારા ઘરમાં કાંઈ છે ?' ત્યારે વાણિયે કહેલ જે, 'હા, એક પટારો છે.' વેશ્યા કહે કે, 'હું જ્યારે ત્યાંથી ચાલું ત્યારે મુને હાથઘરણામાં આપજે.' એમ પ્રથમથી જ સંકેત કરી રાખ્યો હતો. પછી શેઠાણી વહેલી ઉઠીને એકદમ પેલા નગરશેઠને ઘરે ગઈ અને તેને કહ્યું જે, 'તમારા દીકરાને મેં પટારામાં સંતાડ્યો છે તેને વાણિયા સાથે જે બાઈ આવી છે તે પટારો લઈ જાય છે.' તે સાંભળીને શેઠ આકુળ-વ્યાકુળ થઈ ગયો અને પોતાનો મોટો મુનીમ હશે તેને બોલાવીને કહ્યું કે, 'જા, આને ઘરે પટારો છે તેની કિંમત એ બાઈ જેટલી માગે તેટલી આપી એ પટારો આપણે ઘરે લાવો.' પછી શેઠના ગુમાસ્તે આવીને તે બાઈને કહ્યું જે, 'આ પટારાને તમે પરદેશમાં ક્યાં લઈ જશો ? અને તેને બદલે તમે કહો તેટલા પૈસા તમને આપીએ.' બાઈ કહે, 'આ તો મારા બાપનું નામ લહેણું છે તે હું નહીં આપું.' ગુમાસ્તો કહે કે, 'બાઈ ! એક હજાર રૂપિયા લ્યો.' પણ પટારો જોઈએ.' બાઈ કહે કે, 'એક હજાર તો શું ? પણ દસ હજાર કહે તો પણ પટારો નહીં આપું.' ગુમાસ્તે કહ્યું જે, 'દસ હજાર રૂપિયા લ્યો. પણ પટારો અમારે જોઈએ.' વેશ્યા કહે કે, 'પચાસ હજાર આપ્ય તો પણ હું પટારો નહીં આપું.' એમ ગુમાસ્તો ચડતાં ચડતાં પચાસ હજાર સુધી ચડ્યો પણ વેશ્યા હા પાડે નહીં. પછી ગુમાસ્તે શેઠને જઈને કહ્યું કે, 'પચાસ હજાર સુધી પણ તે બાઈ આપતી નથી.' શેઠને એ એક જ દીકરો હતો. ઘરમાં કરોડો રૂપિયાની સંપત્તિ હતી તેથી શેઠે ગુમાસ્તાને કહ્યું જે,

'પચાસ હજાર શું એક લાખ રૂપિયા માગે તો આપો.' વેશ્યાએ માણસોને બોલાવીને પટારો ગાડા ઉપર ચડાવરાવ્યો. શેઠના દીકરાએ પણ પટારામાં લઘુ અને ઝાડો બન્ને થઈ ગયેલાં અને પટારો જ્યાં ગાડા ઉપર ચડાવરાવ્યો ત્યાં તો શેઠના માણસો આવીને તાણમતાણ કરવા લાગ્યા અને લાખ રૂપિયાની કિંમતે ગયા. તો પણ વેશ્યાએ હા પાડી નહીં. પછી શેઠે કહ્યું જે, 'સવા લાખ રૂપિયા આપો પણ પટારો ઝટ અહીંયાં લાવો.' પછી સવા લાખ રૂપિયા આપીને પટારો શેઠને ઘરે લઈ ગયા. વેશ્યાએ કહ્યું જે, 'મારે શેઠની મહોબત પહોંચે છે તેથી પટારો આપું છું. નહીંતર મારા બાપનું નામ રાખવા ખાતર પટારો મારે ઘરે લઈ જવો હતો.' પછી એક લાખ રૂપિયા વેશ્યાએ કાગડાવાળા વાણિયાને આપ્યા. અને પચીસ હજાર રૂપિયા પોતે લઈને પોતાને ઘરે ચાલી ગઈ અને વાણિયાને કહેતી ગઈ કે, 'આ રાંડને તારા ઘરમાંથી કાઢી મેલજે અને તું બીજું ઘર કરજે !' શેઠે પણ તે પટારો ઉઘડાવીને છોકરાને પટારામાંથી બહાર કઢાવ્યો. શેઠનો દીકરો પણ સમજી ગયો જે, 'હવે તે રસ્તે ન જવું ને કોઈ દિવસ આવું કામ હવે કરવું નહીં.' સાખી—

*તુલસી સો નર ચતુર હે, રામચરન મેં લીન;*
*પર મન પરધન હરનકુ, વેશ્યા બહોત પ્રવીણ* ॥૧૨૭૯॥

એક બ્રાહ્મણ હતો. તે કાશીએ બાર વરસ સુધી ભણીને ઘરે આવ્યો. આવતાં આવતાં રસ્તામાં કોઈ શહેરને પાદર નદીને કાંઠે આવીને બેઠો હતો. બ્રાહ્મણે વિચાર કર્યો જે, 'આપણે અજાણ ગામમાં કોઈને ઘરે ક્યાં ઉતરશું.' તે સમે કોઈક વેશ્યા પાણી ભરવા માટે આવી હતી. તેણે બ્રાહ્મણને પૂછયું જે, 'મહારાજ ! ક્યાંથી આવો છો ?' બ્રાહ્મણ કહે કે, 'બહેન ! હું બાર વરસ થયા કાશીએ ભણવા ગયો હતો તે હવે ઘરે જાઉં છું. પણ હું અજાણ્યો છું તેથી કાંઈ ઉતરવાનું સાધન નથી.' વેશ્યા કહે કે, 'ચાલ્ય, મારે ઘરે.' વેશ્યા પોતાને ઘરે બ્રાહ્મણને લઈ જઈને એક ગાય બાંધ્યાની ઓરડી હશે તેમાં ઉતારો આપ્યો. કેમકે ''ગૌશાળા મલેચ્છ મંદિરે'' પછી વેશ્યાએ બ્રાહ્મણને પૂછયું જે, 'મહારાજ ! તમે શું શું ભણ્યા છો ?' બ્રાહ્મણ કહે કે, 'બહેન ! હું તો ચૌદ પ્રકારની વિદ્યા ભણ્યો છું.' ! ત્યારે વેશ્યા કહે કે, 'પાપનો બાપ ભણ્યો છે?' બ્રાહ્મણ કહે કે, 'ના, તે હું ભણ્યો નથી.' વેશ્યા કહે કે, 'ફરી ભણવા જા.' પછી બાઈએ ગામમાંથી પાકું સીધું મંગાવી આપીને રસોઈ કરાવી. રસોઈ તૈયાર થઈ એટલે બ્રાહ્મણ પાસે એક ચોખી થાળી પૂરાવીને ગાયના ખીલા પાસે મૂકાવી. પછી બાઈએ ખડકીની સાંકળ વાસીને બ્રાહ્મણને કહ્યું જે, 'મહારાજ ! મારો દીકરો માંદો હતો. તે મેં એક માનતા રાખી છે જે મારે હાથે કરીને એક પવિત્ર બ્રાહ્મણને જમાડવો અને ત્યાર પછી મારાથી ઘી ગોળ ખવાય એવી બાધા રાખી છે.' તે સાંભળી બ્રાહ્મણ કહે કે, 'તમારા હાથનું મારાથી શે ખવાય ? હું અભડાઉં ના ?' વેશ્યાએ પચીશ

રૂપિયાની થોકડી મેલી. બ્રાહ્મણ કહે કે, 'ના, ના.' વેશ્યા કહે કે, 'પચાશ રૂપિયા લે. પણ મારી બાધા છૂટે ને !' બ્રાહ્મણ કહે કે, 'તમે કોઈકને કહી દ્યો.' પછી વેશ્યાએ પચાશ રૂપિયા મેલ્યા તોય બ્રાહ્મણ ડગમગાટ કરવા મંડ્યો. વેશ્યા કહે, 'સો રૂપિયા લે. પણ મારે હાથે કરીને બ્રાહ્મણ જમાડવો છે પછી રૂપિયા જોઈને બ્રાહ્મણની વૃત્તિ ચલાયમાન થઈને વેશ્યાને કહ્યું જે, 'તમે કોઈને વાત કરશો નહીં.' વેશ્યા કહે કે, 'મારી બાધા છુટે ને હું કોઈને વાત કરું ?' પછી બ્રાહ્મણ કહે, 'ઠીક. ત્યારે લ્યો.' પછી વેશ્યા બ્રાહ્મણ સન્મુખ બેસીને હાથમાં કોળીયો લઈને બ્રાહ્મણના મોઢામાં મેલવા ગઈ અને બ્રાહ્મણે જ્યાં મોઢું ફાડ્યું એટલે વેશ્યાએ બ્રાહ્મણના મોઢા ઉપર ઠોટ મારી અને કહ્યું જે, 'પીટ્યા ! સો રૂપિયા સારૂ બ્રાહ્મણની દેહ વટલાવવા તૈયાર થયો ?' આનું નામ ''પાપનો બાપ તે લોભ'' કેમકે લોભે કરીને માણસો સ્વજનનો ત્યાગ કરે છે લોભે કરીને કેટલાક માણસો વટલાઈ જાય છે. પછી વેશ્યાએ કહ્યું જે, 'જા, ફરી નહાઈને બીજું અબોટીયું પહેરીને છેટે થાળી પીરસીને મૂકી છે તે જમી લે. ॥૧૨૮૦॥

એક બ્રાહ્મણ હતો તે વાણિયાની દુકાને રૂપિયા મેલવા ગયો હતો. બ્રાહ્મણે ટેલ નાંખી નાંખીને બે હજાર રુપીયા ભેગા કર્યા હતા અને બ્રાહ્મણને વિચાર થયો જે, આ વાણિયાની દુકાને બે હજાર રૂપિયા મૂકીને પછી ટેલ્ય નાંખવા જાઉં.' જે વખતે બ્રાહ્મણ શેઠની દુકાને રૂપીયા આપવા સારુ ગયો હતો તે વખતે તે ગામનો બાવો તે શેઠની દુકાને ઘી લેવા આવ્યો હતો. બાવો ઘી લઈને એકદમ પોતાને ઘરે ગયો અને વાસણમાં પાશેર ઘી લઈને પાછો શેઠની દુકાને આવ્યો અને શેઠને કહ્યું જે, 'શેઠ ! એ શેઠ ! આ લ્યો તમારું પાશેર ઘી વધારે આવ્યું છે તે મારે ન ખપે.' બ્રાહ્મણે જાણ્યું જે, 'આવો ધર્મવાળો બાવો છે તેને ત્યાં હું મારા રૂપિયા મેલું તો ઠીક. કેમકે જોને પાશેર ઘી ભૂલમાં વધારે આવ્યું તે લઈને તુરત પાછું આપવા આવ્યો !' પછી રુપીયાની ફાંટ ભરીને તે બ્રાહ્મણ તે બાવાની જગ્યામાં ગયો. બ્રાહ્મણે બાવાને કહ્યું 'બાવાજી ! મારે પરદેશમાં રળવા જવું છે તો મારા બે હજાર રૂપિયા તમારે ત્યાં થાપણ તરીકે રાખશો ?' બાવો કહે કે, 'ઉભા રહો હું મારા ગુરુને પૂછી જોઉં.' પછી બાવે પોતાના ગુરુને પૂછ્યું કે, 'ગુરુજી ! આ બ્રાહ્મણ બે હજાર રૂપિયા આપણે ત્યાં અનામત મૂકવા લાવ્યો છે તે રાખું ?' ગુરુજી મહા ઠગ હતા તે કહે કે, 'તારે પચાવવાની સત્તા હોય તો રાખ્ય.' પછી બાવે કહ્યું જે, 'મહારાજ ! આ ભટ્ટીમાં નાંખો.' પછી બ્રાહ્મણે તે રૂપિયાચેતન ભટ્ટીમાં નાંખ્યા અને તે બ્રાહ્મણ પરદેશમાં ટેલ નાંખવા માટે ગયો. બાવે રૂપિયા પચાવવાને માટે પોતાની જગ્યામાં ફેરફાર કર્યો અને પોતાની એક આંખ્ય ફોડી કાણો થયો. પછી થોડાક વરસ થયાં એટલે તે બ્રાહ્મણ રળીને તે શહેરમાં આવ્યો ત્યાં તો બાવાની જગ્યામાં ફેરફાર જણાયો ને બાવો પણ એક આંખે કાણો થયેલો દીઠો. પછી બ્રાહ્મણે કહ્યું જે, 'બાવાજી ! મને મારા રૂપિયા આપો તે લઈને મારે ઘરે

હવે જવું છે.' બાવે એકદમ ભ્રકુટી ચડાવીને કહ્યું કે, 'તું કોણ છો ? રૂપીયા કેવા ?' તેમ કહી બ્રાહ્મણને ધક્કો મારી જગ્યામાંથી બહાર કાઢ્યો અને કહ્યું કે તું કેવો ? હું કેવો ? રૂપિયા કેવા ? એમ તિરસ્કાર કરીને કાઢી મૂક્યો. પછી તે બ્રાહ્મણ ગામને પાદર જઈને નદીને કાંઠે ઉદાસ થઈને બેઠો હતો. તે વખતે એક વેશ્યા પાણી ભરવા આવી હતી તેણે પૂછ્યું જે, 'કેમ, મહારાજ ! ઉદાસ થઈને બેઠા છો ?' તેથી બ્રાહ્મણે પોતાની બધી હકીકત કહી સંભળાવી. વેશ્યા કહે હું, 'ત્યાં બાવાને ઘરે જાઉં છું ને તું પણ ઘડીક રહીને ત્યાં આવજે.' પછી વેશ્યા દશ હજારના દાગીના લઈને બાવાને ઘરે ગઈ અને બાવાજીને કહ્યું જે, 'બાવાજી! મારો દીકરો ઘણા વરસ થયાં પરદેશ ગયો છે તેના કાંઈ સમાચાર નથી માટે મારે તેનો તપાસ કરવા પરદેશમાં જવું છે માટે મારા આ દસ હજાર રૂપિયાના દાગીના છે તે તમો રાખો ને જો હું જીવતી રહીશ ને આવીશ તો મારા ! નીકર તમારે રહ્યા !' એમ કહીને લુગડું પાથરી દાગીના બધા ગણવા માંડી અને ઘરે પોતાની દીકરીને કહેતી આવેલી જે, 'તું બે ઘડી રહીને બાવાની જગ્યામાં આવજે ને આવીને મને એમ કહેજે જે મા મા ''ગણપત બેટા ઘરસે આયા'' ને પેલો બ્રાહ્મણ પણ બાવા પાસે તે વખતે આવીને ઉભો રહ્યો ને બાવાજીને કહ્યું જે, 'બાવાજી ! મારા બે હજાર રૂપીયા આપોને. મારે દેશમા જવું છે.' તે સાંભળી બાવાજીએ તેને તુરત બેહજાર રૂપીયા ગણી આપ્યા. તેનું કારણ જે જો હું બ્રાહ્મણના રૂપિયા નહીં આપું તો આ દસ હજારના દાગીના મારા હાથમાંથી જશે એમ જાણીને તરત તે બ્રાહ્મણને રૂપિયા આપી દીધા એટલે બ્રાહ્મણ રૂપિયાની ફાંટ ભરીને ત્યાં જ ઉભો છે. તેવામાં તે વેશ્યાની દીકરી આવી ને તે બોલી જે મા, મા, ''ગણપત બેટા ઘરસેં' આયા' તે સાંભળીને વેશ્યાએ તમામ દાગીના ભેળા કરીને ઈસ્કોતરામાં નાંખીને તાળું દીધું ને બાવાના ચોકમાં નાચવા મંડી ને બોલી જે ''ગણપત બેટા ઘેરસું આયા, ગણપત બેટા ઘેરસું આયા'' તે ભેળો બ્રાહ્મણ પણ નાચવા મંડ્યો તે ભેળો કાણીયો બાવો પણ નાચવા ને કુદવા મંડ્યો. તે જોઈને તેનો ગુરુ બોલ્યો જે, 'તું શા માટે નાચે છે ? કેમકે બ્રાહ્મણને તો ગયું ધન મળ્યું ને વેશ્યાનો દીકરો ઘરે આવ્યો પણ તારે શો લાભ છે જે તું ભેળો નાચવા મંડ્યો ?' તે સાંભળી કાણીયો બાવો બોલ્યો જે સાખી–

*''થોડા મિલકર બહોતકું ધાયા, એક આંખ્યકા નુકશાન આયા.*
*એવા શા આધીકા પાયા, કે તું ભેળા નાચ નચાયા.''*

એમ તેના ગુરુએ પછવાડેનું વચન સંભળાવ્યું. ॥૧૨૮૧॥

એક ઋષિ હતા તે કોઈક ગામને પાદર ઉતર્યા હતા. ત્યાં કોઈ મનુષ્યે જઈને કહ્યું જે, 'મહારાજ ! મારે ઘરે જમવા પધારો.' ત્યારે ઋષિ બોલ્યા જે, 'હરિ ઈચ્છા.' પછી એકો લાવી તેમાં બેસારીને ઘરે તેડી ગયા. પછી બ્રાહ્મણે કહ્યું જે, 'મહારાજ ! એકેથી હેઠો

ઉતરો.' ઋષિ કહે, 'હરિ ઈચ્છા'. પછી હેઠા ઉતારીને પાટલો નાંખીને તે ઉપર નહાવા બેસાર્યા અને પાસે ત્રાંબાકુંડી જળની ભરીને મૂકી. પછી બ્રાહ્મણે કહ્યું જે, 'મહારાજ ! સ્નાન કરો.' ત્યારે ઋષિ બોલ્યા જે, 'હરિ ઈચ્છા.' પછી અબોટીયું પહેરાવીને પાટલા ઉપર બેસાર્યા અને આગળ પકવાનની થાળી પીરસીને મૂકી. ત્યારે બ્રાહ્મણે કહ્યું જે, 'જમો, મહારાજ ! ત્યારે ઋષિ બોલ્યા જે, 'હરિ ઈચ્છા.' બ્રાહ્મણ કહે, 'હવે શું તારૂં કપાળ હરિ ઈચ્છા ?' મારાથી બન્યું તેટલું મેં કર્યું અને હવે ગળે ઉતારવું તે તમારું કામ છે.' તેમ આ જીવને અમુલ્ય મનુષ્ય દેહ આવ્યો અને સરવે અંગે સાજાં તાજાં રાખ્યાં પણ સંત કહેશે જે ભાઈઓ પ્રભુ ભજજો ત્યારે કહેશે જે પ્રભુ ભજાવે તો ભજીયે માટે હવે કાંઈ પ્રભુનો વાંક નથી. ॥૧૨૮૨॥

એક મોટો નગર શેઠ હશે તે જમવા બેઠા પછી તેને જમતાં જમતાં પરસેવો વળ્યો ત્યારે શેઠાણી બોલ્યા જે, 'શેઠ!  કેમ પરસેવો વળે છે ?' શેઠ કહે, 'રોટલી તોડવીને મોઢામાં મેલવી ને દાળનો સબડકો શાકનો કોળીયો લેવો વળી અથાણું લેવું ને ખાવું આટલો બધો દાખડો કરું તે પરસેવો ન વળે ?' પછી શેઠાણીએ બીજે દિવસે શિરો કર્યો જે, 'શેઠને જમતાં જમતાં દાખડો ન પડે તેટલા માટે બનાવ્યો. પછી બીજે દિવસે શેઠ જમવા બેઠા તો પણ પરસેવો વળવા લાગ્યો ત્યારે શેઠાણી બોલ્યા જે, 'શેઠ મહારાજ ! શિરો જમતાં પરસેવો કેમ વળ્યો ?' ત્યારે શેઠ કહે, 'ગળે કોણ ઉતારે તારો બાપ ?' તેમ આ જીવને બધુંય સારુ લાગે પણ પ્રભુ ભજવાનું કહે ત્યારે પરસેવો વળે. ॥૧૨૮૩॥

હળવદ ગામમાં એક મોચી મરી ગયો. પછી તેની સ્ત્રીએ વિચાર કર્યો જે, 'મારે સતી થાવું છે.' પછી પોતાના પતીની પાછળ સતી થવા માટે નીસરી. પછી માથે ચુંદડી ઓઢીને ઉપર્ય મોડીઓ મેલ્યો ને પાણીનો કોરો ઘડો ભરીને જય અંબે જય અંબે કરતી ચાલી ને જ્યાં અગ્નિસંસ્કાર કરવા ગયા તે ઠેકાણે તલાવ હશે. તે અગ્નિને જોઈને તે તલાવના સાહ્યમાં પેસી ગઈ. પછી સૌ અગ્નિસંસ્કાર કરીને ચાલતા થયા ત્યારે જમના મોચણ બોલી જે, 'ફલાણાભાઈ મારું લુગડું ઓઢવાનું દેજો.' તે સાંભળીને સૌ જોવા લાગ્યા જે, 'આ તો રાંડ બળી નથી.' પછી તે એક લુગડા ભેર નાસીને પોતાના ઘરમાં પેસી ગઈ. પછી ત્યાંથી ઝાલીને સ્મશાનમાં લાવ્યા અને માથામાં લોઢાનો ગજ નાંખીને બાળી દીધી. તેમ આ જીવને સંત પરાણે પ્રભુને માર્ગે ચલાવે છે પણ વખત આવ્યે આડો અવળો થઈ જાય છે. પછી સંત સમજાવીને સદ્‌માર્ગે ચલાવે છે. ॥૧૨૮૪॥

એક ગામમાં એક કોળી હશે તે મર્યો. પછી તેની સ્ત્રી સતી થવાને માટે માથે પાણીનો ઘડો ભરીને લઈને ચાલી. પછી ગામને ઝાંપે જ્યાં નાળીયેર ફોડવાને માટે શબને હેઠું ઉતાર્યું ત્યાંથી તે બાઈ પાછી વળી ત્યારે સૌ કહેવા લાગ્યા જે, 'કેમ પાછી વળી ? ત્યારે

તે બાઈ બોલી જે, તમારી એકવીશ પેઢી સુધી તપાસી જુઓ કોઈ ઝાંપા સુધી આવેલું છે ? અને હું તો ઝાંપા સુધી આવી એટલી સારી ના.' માટે જે વેષ લેવો તે બરાબર ભજવવો નહીં તો વેષ લેવો નહિ. પેલી મોચણની જેમ, પરાણે બાળી તેવું થાય. ॥૧૨૮૫॥

બે ભાઈબંધ હતા તે મુંબઈ ગયા હતા. તેમાં એક તો ત્યાં વેપારી લાઈનમાં ચડી ગયો અને બીજો તો ભાડભુંજામાં રહ્યો તે રાતને દિવસ ચુલામાં બળતણ નાંખ્યા કરે. પછી થોડાક દિવસ થયા બાદ બન્ને જણે વિચાર કર્યો જે ,'ચાલો હવે દેશમાં જઈએ.' પછી બન્ને જણા દેશમાં આવ્યા એટલે સૌ લોક તેમને મળવા આવ્યા અને પૂછ્યું જે, 'મુંબઈ કેવી ?' ત્યારે વેપારી લાઈનવાળો બોલ્યો જે, 'મુંબઈ તો દેવલોક જેવી છે' અને ભાડભુંજામાં હતો તે એમ બોલ્યો જે, 'મુંબઈમાં તો નરા ભાડભુંજા રહે છે.' તેમ જેણે ભગવાનનો મહિમા જાણ્યો નથી તથા સંતનો મહિમા પણ જાણ્યો નથી તેને તો ભાડભુંજા મળ્યા જેવું છે. ॥૧૨૮૬॥

દેવકા ગામનો વહોરો હશે તે મહુવાથી માલ લેવા માટે ગયો પછી બે ગાડા માલના ભરીને દિવસ આથમ્યે મહુવાથી ચાલ્યો. ત્યારે સૌએ કહ્યું જે, 'વ્હોરાજી ! આગળ બિકાળુ છે માટે સવારે જાઓ તો ઠીક.' વ્હોરો કહે, 'હું કોકને લુંટું એવો છું.' પછી રસ્તો આવતાં ચોર મળ્યા અને વ્હોરાને મારીને માલ લઈ ગયા. ત્યારે વ્હોરો બોલ્યો જે, 'માલ ભલે લઈ ગયા પણ ભરતીયું મારા ગજવામાં છે ને માટે શા ભાવે વેચશો ?' ચોર બોલ્યા જે, 'દીકરા ખોટ તે તારે છે કે અમારે ? અમારે તો જે ભાવે વેચવો હશે તે ભાવે વેચશું.' તેમ આવરદા ચાલી જાશે અને માલ લુંટાવા માંડ્યો શું જે આંખે સુઝે નહીં કાને સંભળાય નહીં પગે ચલાય નહીં શરીર થરથર ધ્રુજ્યા કરે પેટમાં અનાજ પચે નહી તે માલ લુંટાણો જાણવો માટે આગળથી ચેતવું પછી પાછળથી પસ્તાવું પડે નહીં. ॥૧૨૮૭॥

સમાપ્ત



આનંદકંદ સહજાનંદના હૃદયકમળમાં તેજ પ્રવાહરૂપે પ્રગટેલી પરાવાણીના સ્પંદનો ગોમતી કાંઠાના આંબાવાડીયાની રજ રજમાં વ્યાપ્ત છે.

નિર્વિકલ્પ સમાધિ કોને કહેવાય ?

ભગવાન કયાં પ્રકારે રાજી થાય ?

મુક્ત કોને કહેવાય ?

સાચો શરણાગત કોને કહેવાય ?

વિગેરે પ્રશ્નોનું રહસ્ય આ પવિત્ર સ્થાનેથી વહાવ્યું છે.

- વરતાલ વચ.૧,૨,૫

:: પ્રકાશક ::

**શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન-વડતાલ.**

મુખ્ય કોઠારીશ્રી શા. સ્વામી શ્રી ધર્મપ્રિયદાસ (બાપુ સ્વામી)

ગુરૂ : પુરાણી સ્વામી ધર્મસ્વરૂપદાસજી

મુ.પો.વડતાલ. તા. નડીયાદ, જી. ખેડા પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)